જૈન ગૂર્જર કવિઓ.

પ્રથમ ભાગ.

[વિક્રમ તેરમા શતકથી તે સત્તરમા શતક સુધીના ગૂજરાતી ભાષાના
જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી.]

'જૂની ગૂજરાતી ભાષાના ઇતિહાસ'ની વિસ્તૃત પ્રસ્તાવના સમેત,

સંગ્રાહક અને સંપ્રયોજક.

મોહનલાલ દલીચંદ દેશાઇ.

બી. એ. એલ્ એલ્. બી.

વકીલ હાઇકોર્ટ, **મુંબઈ.**

[જૈન રાસમાળા પુરવણી, જૈન ઐતિહાસિક રાસમાળા, જિનદેવદર્શન, સામાયિકસૂત્ર, જૈન કાવ્ય પ્રવેશ, નયકર્ણિકા આદિના લેખક-વિવેચક, વિવેકાનંદના પત્રોના અનુવાદક, ગત 'જૈન શ્વે૦ કૉન્ફરન્સ હેરૅલ્ડ' અને ચાલુ 'જૈનયુગ'ના તંત્રી.]

વિ. સં. ૧૯૮૨   વીરાત્ સં. ૨૪૫૨   ઈ. સ. ૧૯૨૬

કિંમત પાંચ રૂપીઆ.

શ્રી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.
સલાપોસ રોડ, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

પ્રકાશક
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ તરફથી
મકનજી જે. મહેતા. બાર. એટ. લૉ.
મોહનલાલ દ. ઝવેરી, સોલિસિટર.
સ્થાનિક જનરલ સેક્રેટરીઓ
૨૦, પાયધુની, મુંબઈ

નિવેદન.

શ્રીમતી જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી જૈન સાહિત્યના ઉદ્ધાર અર્થે મૂળથી પ્રયાસો થયા છે અને તેને અંગે તેણે જૂદા જૂદા ભંડારો-માંના ગ્રંથોની ટીપો કરાવી યા મંગાવી એકત્રિત કરી હતી. સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય માટેની સુચિ 'જૈન ગ્રંથાવલી ' એ નામથી તેણે પ્રકટ કરી છે તે પરથી ઘણો પ્રકાશ પડયો છે.

વિશેષમાં તેણે ગૂજરાતી યા ભાષા સાહિત્યમાટે રા. મનઃસુખલાલ કિરતૂચંદ મહેતાએ પ્રયોજેલી રાસાઓની યાદી-ટીપ ' જૈન રાસમાળા ' એ નામથી પ્રકટ કરી અને ત્યાર પછી તેમાં ન આવેલ એવા બીજા રાસાઓ-ચોપાઇઓની વધુ ટીપ મેં તૈયાર કરેલી તે ' જૈન રાસમાળાની પૂરવણી ' એ નામથી પ્રકટ કરી હતી. આ બંને ટીપમાં નાની ભાષા પદ્ય કૃતિઓ-સ્તવન સઝાય સ્તોત્રાદિ તેમજ ગદ્યકૃતિઓ-બાળાવબોધોની સુચિ આવેલી નથી. શ્રીમતી કૉન્ફરન્સ દેવીએ આ રીતે જૈન રાસમાળાના બે ભાગ ટીપ તરીકે પ્રકટ કરી ગૂર્જર સાહિત્યમાં જૈનોનો મોટો ફાળો હતો એવો ખ્યાલ આપ્યો હતો તે માટે તેને ધન્યવાદ ઘટે છે.

આ ખ્યાલ માત્ર સપાટીપરનો નહિ, પણ ખરેખરો સાચો અને પ્રમાણપૂર્વક આવી શકે તે માટે દરેક રાસ-ચોપાઈ, ફાગ, ઢાળ, સ્તવન, સ્તુતિ, ચોવીશી તેમજ અન્ય પદ્ય કૃતિના રચનારને શબ્દાનુક્રમે લઇને તે દરેકની કૃતિઓનું વિગતવાર વર્ણનાત્મક 'લિસ્ટ'-સૂચી, તેનો પરિચય, તેનો સમય અને કૃતિઓ સંબંધીની માહિતી દરેક ભંડારોની ટીપો મળી તે પરથી-પણ વિશેષે ભંડારોમાંની પ્રતોને જાતે તપાસી તેમાંથી તેના આદિ અને અંતના ભાગો લેખકની પ્રશસ્તિ વગેરે ઉતારી લઈ તે ફેરિસ્ત એક પુસ્તકાકારે પ્રકટ કરાવવા માટે હું એક સંગ્રાહક તરીકે માત્ર પ્રીતિશ્રમની ખાતર આજથી આશરે પંદર વર્ષથી તે માટેનો સંગ્રહ કરતો આવ્યો છું.

આ સર્વ સંગ્રહ કરવામાં અથાગ પરિશ્રમ, પ્રતો જોવા તપાસવામાં ને તેમાંથી ઉતારા કરવામાં પુષ્કળ સમયનો વ્યય મેં એક 'ધૂળધોયા' તરીકે આનંદથી ભોગવ્યો છે. આ સંગ્રહ માટે બીજા સજ્જનો પૈકી મુનિમહારાજો, ભંડારના માલેકો-સંઘો યા સંઘના શેઠો-વિદ્વાનોએ પ્રતો જોવા માટે થોડા સમય માટે મોકલવા રૂપે તેમજ જોઇ જવા માટે સગવડ કરી આપવા રૂપે તેમજ જૂદી જૂદી સહાય અને સલાહરૂપે ટુંકમાં આ સંગ્રહ માટે જે જે અપેક્ષાઓ રહેતી તે પૂરી પાડવા રૂપે કૃપા બતાવી છે તે માટે તે દરેકનો ખરેખર મારાપર, સમાજપર અને સાહિત્યપર ઉપકાર થયો છે.

પહેલાં પ્રથમ જે મુદ્રિત રાસાઓ આદિ બહાર પડેલા તે એકઠા કરી તેમાંથી તેમજ કૉન્ફરન્સ પાસેની આવેલી ટીપો પરથી તૈયાર કરેલી સૂચિઓ પરથી, હકીકત નોંધી લીધી. પછી મેં જાતે પ્રવાસ શરૂ કર્યો. વડોદરા અને અમદાવાદ જઈ આવ્યો. વડોદરામાં પૂજ્ય પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી, મુનિમહારાજ શ્રી ચતુરવિજય-જિનવિજયાદિએ સર્વ પુસ્તકો જોવાની સગવડતા કરી આપી હતી, પરંતુ થોડા દિવસના ફાજલપણાથી પૂરૂં કામ નહોતું થયું તેથી મુનિશ્રી જિનવિજયજીએ પ્રશસ્તિઓ લખી લખાવી મને મોકલાવી આપી હતી. અમદાવાદમાં મુરબ્બી ભાઇશ્રી કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલની ભલામણથી મુનિ શ્રી ગુલાબવિજયજીએ કેટલાક રાસોની પ્રતો જોવા આપી હતી તેમાંથી પ્રશસ્તિઓ તેમની પાસેજ રહી કેટલાક દિવસો અખંડપણે ચાર ચાર કલાકો ગાળી લખી લીધી હતી. સને ૧૯૧૫ માં ઉક્ત પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજીએ મારી દ્વારા સુરતની ગૂજરાતી સાહિત્યપરિષદ્‌ના પ્રદર્શનમાં લગભગ સવાસો ઉપરાંત પ્રતો મોકલી હતી તેનો ઉપયોગ પણ કર્યો. આ વખત સુધી છેવટની પ્રશસ્તિજ નોંધવાનું લક્ષ રહ્યું હતું. ભાવનગર સંઘ તરફથી મુરબ્બી શ્રી કુંવરજી આણંદજીએ પંદર રાસની પ્રતો મોકલાવી હતી. ત્યાર પછી કૉન્ફરન્સદ્વારા બીજા કેટલાક સંઘોને પ્રતો ઉછીની મોકલવા માટે વિનંતિપત્ર લખતાં મોરબીના સંઘ તરફથી કાનજી સંઘ-

વીએ, ગારીઆધરના સંઘે, ધોરાજીમાંના માણેકચંદજીના સંગ્રહીત ભંડારના સેક્રેટરી રા. વનેચંદ પોપટે, ભરૂચના સંઘ તરફથી શેઠ અનોપચંદ મલુકચંદે પ્રતો મોકલાવી હતી. આ બધી પ્રતો જોવાઇ ગયા પછી ને તે સ્થળે મોકલાવી દીધી, પછી અમૃતસર કોંગ્રેસથી આવતાં આગ્રામાં શ્રીયુત દાલચંદજીદ્વારા ત્યાંની અમુક કૃતિઓ મેં જોઇ તપાસી.

સન ૧૯૨૧ માં અકટોબરની છુટીમાં લીંબડીનો મોટો ભંડાર હું જાતે જઈ જોઇ આવ્યો, અને ત્યાં રા. છોટાલાલ હરજીવન પારેખ અને રા. કેશવલાલ લગડીએ સારી મદદ તથા સગવડ મને કરી આપેલી. સન ૧૯૨૩–૨૪ માં પૂનામાં જઈ, મુંબઈસરકારે ખરીદેલી હસ્તલિખિત પ્રતોનો જે સંગ્રહ પહેલાં ડેકકન કૉલેજના મકાનમાં રાખેલો હતો ને પછી સર ભાંડારકર ઇન્સ્ટિટયૂટમાં લઈ જવામાં આવેલો છે તે ત્યાંથી સાક્ષર મુનિશ્રી જિનવિજયજીદ્વારા જોઈ આવ્યો; તેમજ તે મુનિશ્રીએ પાટણના હાલાભાઇ ભંડાર ને સાગર ભંડારમાંના પુસ્તકોની પ્રશસ્તિઓ પોતે ઉતારેલી હતી તે પૂરી પાડી. આ દરમ્યાન વિજયધર્મસૂરિનું ચોમાસું મુંબઇમાં થતાં તેમના પ્રસિદ્ધ શિષ્યો મુનિશ્રી ઇંદ્રવિજયજી તથા મુનિશ્રી વિદ્યાવિજયજીને મેં મારો સંગ્રહ જોવા આપ્યો, અને તેઓશ્રીએ પછી કૃપા કરી પોતાની પાસે તે વખતે જે હસ્તલિખિત પ્રતો હતી તે અને તે ઉપરાંત પંડિત હરગોવિન્દદાસ પાસે ઇડરની બાઇઓનો ભંડાર તથા ઉદયપુરના ભંડારોમાંનાં પુસ્તકોમાંથી તૈયાર કરાવેલ પ્રશસ્તિસંગ્રહ–મને જોવા આપતાં તેનો ઉપયોગ કર્યો. રાજકોટ શ્રી પૂજ્યના અપાસરામાં યતિ નાનચંદ્રજીએ પોતાની પાસેનાં પુસ્તકો બતાવ્યાં.

આ પછી ૧૯૨૪ ના સપ્ટેમ્બરથી આ પુસ્તક અમદાવાદના ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવા ગયું. તેના માલિકના સુપુત્ર રા. પોપટભાઇએ જે મહેનત લીધી છે તે પ્રશંસનીય છે ને તે માટે તેમનો ઉપકાર છે. આ પુસ્તક છપાતું ગયું અને સાથે સાથે બીજા ભંડારોની તેમજ અન્યત્ર જોવા મળ્યે જતી હસ્તલિખિત પ્રતોમાંથી વિશેષ નોંધ કરવાનું પણ ચાલુ રાખવામાં આવ્યું.

મુંબઇમાં માંડવી પરના શ્રી અનંતનાથજી મંદિરના ભંડાર હા. મેનેજર માસ્તર ખીમજી હીરજી લોડાયા, જૈન એસોસિએશન ઑફ ઇંડિયા તથા શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરી હસ્તકનો ભંડાર, સ્વ. યતિ નાનચંદજીના શિષ્ય મોહનલાલજી પાસેનો મુંબઇમાં પાયધુની પરના શ્રી શાંતિનાથજી મંદિરમાં રાખેલ સંગ્રહ તેમજ મુંબઇનો ભુલેશ્વરમાંનો દિગંબર પન્નાલાલ ઐલક સરસ્વતી ભુવનનો સંગ્રહ જોવા મળ્યા. શેઠ જીવણચંદ સાકરચંદે શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર લાયબ્રેરી સુરતથી પ્રતો મંગાવી આપી; જાલોરથી મુનિશ્રી કલ્યાણવિજયજીએ રદ્દી જેવાં છૂટક પાનાંઓ મોકલ્યાં. રાજકોટના દેરાસરમાં પણ તેવાં પાનાંઓ જોવા મળ્યાં.

વિશેષમાં ખાસ નોંધી રાખવા યોગ્ય ઉપયોગી સંગ્રહ ગત વર્ષ એટલે સન ૧૯૨૫ માં જોવા મળ્યા. તે વર્ષની મેની છુટીમા હું વડોદરા ગયો હતો ને ત્યાં પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીના પ્રીતિપૂર્વક સહકારથી પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજીનો, મુનિશ્રી હંસવિજયજીનો, અને વડોદરા સરકારની સેંટ્રલ લાયબ્રેરીનો—એ ત્રણ સંગ્રહમાંનાં ભાષા—પુસ્તકો જોવા મળ્યાં; અને અકટોબરની છુટીમાં અમદાવાદ ગયો હતો ત્યાં વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીના તેવાજ પ્રીતિપૂર્વક સહકારથી ડેહલાના અપાસરાના ભંડારો જોવાની સુંદર તક મળી હતી તેમજ ત્યાંની જૈન શાલાનો નાનો ભંડાર પણ જોયો.

ત્યારપછી આ વર્ષના એપ્રિલ માસમાં મુબાઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાનમાં ભરાયેલ આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌ના અંગેના પ્રદર્શનમાં મૂકવા માટે મેં 'જૈનયુગ'ના તંત્રી તરીકે જૈન હસ્તલિખિત ભાષાનાં પુસ્તકો સર્વે સંઘ, સાધુ, યતિ તેમજ ગૃહસ્થોને વિનતિ[1] કરતાં આવેલાં પુસ્તકો પૈકી ખાનગામવાળા યતિવર્ય શ્રી બાલચંદ્રજીએ, મુંબઇના કચ્છી ગૃહસ્થ શા. વર્ધમાન રામજીએ તેમજ સુરતથી રા.

---

૧. જુઓ જૈનયુગ સં. ૧૯૮૨ ના માઘનો અંક. પૃષ્ટ ૨૦૭.

લક્ષ્મીચંદ સુખલાલે મોકલેલાં પુસ્તકોને પણ જોવાનો લાભ મળ્યો. મુંબઇ-ની વિલ્સન કૉલેજના સસ્કૃતના પ્રોફેસર વેલનકર કે જેઓ સર્વ જૈન પુસ્તકોનું અંગ્રેજીમાં વર્ણનાત્મક કેટલોગ તૈયાર કરે છે તે પૈકી ભાષા-પુસ્તકોની તેમની નોંધો રા. કેશવલાલ પ્રેમચંદ મોદી દ્વારા મળી તેનો અને સીનોર ભંડારમાંનાં પુસ્તકોના આદિ અંત ભાગો મુનિશ્રી અમરવિજ-યજીએ પોતાના વિદ્વાન્ શિષ્ય મુનિ ચતુરવિજય પાસે લખાવી મોકલ્યા તેનો પણ લાભ લીધો. વળી આ વર્ષના મેની છુટીમાં રાજકોટમાં રા. ગોકુળદાસ નાનજી ગાંધી હસ્તકનો મુનિ વિનયવિજયજીનો પુસ્તકભંડાર પણ જોવાની તક મળી હતી.

આ સર્વેમાંથી આ પુસ્તકને ઉપયોગી જે જે મળ્યું તે નોંધી લીધું છે અને આ પુસ્તક છપાતું હતું તેથી તેમાં જેટલું ન આવી શક્યું તેટલું આ પુસ્તકના બીજા ભાગના પરિશિષ્ટમાં મૂકવામાં આવશે. આનું દળ પણ ઘણું સારૂં થયું છે. ટુંકામાં આ પુસ્તકને જેટલું બને તેટલું સંપૂર્ણ કરવાની દરેક જાતની સાવધાની અને મ્હેનત લેવામાં આવી છે અને આવશે.

અનેકની મદદથી આ પુસ્તકમાંનો સંગ્રહ એકત્રિત કરી શક્યો છું અને તેથી તેના યશના ભાગી તે સર્વ સજ્જનોને લેખું છું અને તેમનો દરેકનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું. આવા મહાભારત સંગ્રહ કાર્યમાં એકલપડે એક સાહિત્યસેવક બીજાઓની સહાય સામગ્રી વગર વિશેષ ન કરી શકે એ સ્વાભાવિક છે. એ સર્વ સત્પુરૂષોનો મારા પ્રત્યેના તેમના સદ્ભાવભર્યા પ્રેમ અને વર્ત્તન માટે હું ઋણી છું. એમનું અનુકરણ કરી અન્ય મહાશયો આવા સાહિત્યના કાર્યમાં પોતાથી બની શકે તે સહાય આપી સાહિત્યના ઉદ્ધારના પવિત્ર કાર્યમાં નિમિત્તભૂત બનશે. આવો સંગ્રહ ગમે તેટલી મહેનત છતાં સંપૂર્ણ બની શકે નહિ; છતાં તેને બને તેટલો સપૂર્ણ કરવાની અને તે માટે સામગ્રી પૂરી પાડવાની દરેક સાહિત્યોત્કર્ષકચિંતકની ફરજ છે. હજુ તો ઘણા ભંડારો જોવા બાકી છે. રાજપુતાનામાં જેસલમેર, બીકાનેર, જોધપુર,

આદિ, ને ગૂજરાતમાં પાટણ, ખંભાત, અમદાવાદ આદિ તેમજ અન્ય જૂદા જૂદા ગામોમાં ત્યાં ત્યાંના સંઘહસ્તકના, કેટલાક યતિવર્યો અને શ્રીપૂજ્યો પાસેના, સંવેગી મુનિ મહારાજાઓ પાસેના ભંડારો છે (કે જેની ટીપ માટે જુઓ 'મુદ્રિત જૈનગ્રંથ નામાવલિ' એ પુસ્તકના પ્રથમના પૃ. LV થી LXII પર જ્ઞાન-પુસ્તક ભંડારો.) તેમને મારી ખાસ વિનંતિ છે કે પોતાની પાસેનાં પુસ્તકો જોવા તપાસવાની સગવડ કરી આપવા તેઓ કૃપાવંત થાય.

પહેલાં આ સંગ્રહનું નામ 'જૈન દેશી કવિ નામાવલિ'—જૈન કવિ નામાવલિ આપવાનું મેં ધાર્યું હતું અને આ સંબંધીનો ઉલ્લેખ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડ'ના ફેબ્રુઆરી ૧૯૧૭ ના (માઘ સ. ૧૯૭૩ ના) અંકમાં તેના તંત્રી તરીકે 'તંત્રીની નોંધ' માં પૃ. ૩૯ અને ૪૦ માં મૂકેલી નોંધમાં મેં કર્યો હતો, પરંતુ 'દેશી' નામને બદલે 'ગૂર્જર' કે 'ગૂજરાતી' મૂકવું ઠીક થઇ પડશે અને 'નામાવલિ' એ મૂકતાં આખું નામ લાંબું થાય તે ઠીક નહિ તેથી તે કાઢી નાખી 'જૈન ગૂર્જર કવિઓ' (એટલે ગૂજરાતી ભાષાના જૈન કવિઓ) એ ટુંકું અને અર્થપૂર્ણ નામ રાખવું એવી એક સાક્ષરની સૂચના થતાં તે ટુંકું નામ સ્વીકાર્યું છે. પહેલાં તેની યોજના કવિઓના અક્ષરાનુક્રમ પ્રમાણે ગોઠવી હતી, પરંતુ શતકવાર તેમાંના રચનાસંવત્ પ્રમાણે કવિઓને ગોઠવવાની યોજના કરવાની એક સજ્જને કરેલી સૂચના મહત્ત્વની લાગતાં શતકવાર ગોઠવણ કરી છે.

તેરમા શતક પહેલાંનું ભાષાસાહિત્ય અપભ્રંશ ભાષા (અતિ જૂની ગૂજરાતી ભાષા) નું છે અને જૂની ગૂજરાતીનો—એટલે કે ગૂજરાતીનો જૂનામાં જૂનો આરંભ વિક્રમસંવત્ તેરમાથી થાય છે કારણકે તે સમયની પદ્યકૃતિઓ મળી આવે છે, તેથી તેરમા શતકથી પ્રારંભ કરવામાં આવ્યો છે. સત્તરમા શતક સુધી પહોંચતાં આ સંગ્રહનું કદ ઘણું વધી ગયું તેથી તેટલાનો 'પ્રથમ ભાગ' સ્વીકારી પ્રકટ કર્યો છે, અઢારમા શતકથી બીજો ભાગ મુદ્રિત થતો ચાલુ છે.

આ સંગ્રહની યોજના એ પ્રમાણે રાખી છે કે ૧ કર્ત્તાનું નામ, ૨ તે કયા ગચ્છમાં કેની પરંપરામાં-તે પરંપરાથી કયા મુનિના શિષ્ય છે તે પરિચય, ૩ તેની નીચે રચનાસમયાનુક્રમે કૃતિ, ૪ તે કૃતિનો રચના સમય, ૫ તે સાથે તે રચનાનું સ્થલ, ૬ તેની નીચે તે કૃતિનો આદિ ભાગ, ૭ તે કૃતિનો અંત ભાગ-કવિની પ્રશસ્તિવાળો, ૮ તે પ્રશસ્તિ નીચે તે જે પ્રતમાંથી લીધેલ હોય તે પ્રતના લેખકની પ્રશસ્તિ લખ્યા સાલ લખ્યા ગામ વગેરે, ૯ તે પ્રતિનાં પાનાં અને પંક્તિની સંખ્યા, ૧૦ તે પ્રતિ કયા ભંડારમાં મળે છે તે. ૧૧ પ્રસિદ્ધ થયેલ હોય તો તે કયાં પ્રસિદ્ધ થયેલ છે તે. (તે પ્રસિદ્ધ થયાનું બતાવવા માટે + આ ચિન્હનો ઉપયોગ કૃતિ પાસે કર્યો છે.)

આ ચિન્હ સિવાય આ પુસ્તકમાં વાપરેલાં બીજાં ચિન્હો અને ટૂંકા અક્ષરો સમજવા માટે '**સાંકેતિક અક્ષરોની સમજ**' આ પછી જૂદી મૂકી છે.

પ્રસ્તાવનામાં '**જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ**' એ નામનો નિબંધ લખીને મૂકયો છે. તે લખવામાં સદ્‌ગત ચંદ્રસેન ગુલેરીજી એમ. એ. ના 'પુરાની હિન્દી' એ નામના નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૨ ના અંક ૧ થી ૪ માં આવેલા લેખો, દોધકવૃત્તિ (સંશોધક પં. ભગવાનદાસ હર્ષચંદ્ર પ્ર૦ હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી, પાટણ), સદ્‌ગત પ્રો૦ ગુણેની 'ભવિસયત્ત કહા' (ગા. ઓ. સીરીઝ નં. ૨૦) પરની અંગ્રેજી પ્રસ્તાવના તથા તેમના ઇ. સ. ૧૯૨૨ ના મેથી અકટોબરના વિવિધજ્ઞાનવિસ્તારના અંક માંના મરાઠી ભાષા સંબંધીના લેખો, શ્રીયુત હીરાલાલ જૈનના બે લેખ નામે હિંદી માસિક મનોરમા (જુલાઇ ૧૯૨૪)માંનો ' જૈન સાહિત્યમેં હિન્દી કી જડ ' એ લેખ તેમજ અલ્હાબાદ યુનિવર્સિટી જર્નલમાંનો 'અપભ્રંશ લિટરેચર' નામનો અંગ્રેજી લેખ (પૃ. ૧૫૭ થી ૧૮૪), જૈન સાહિત્ય સંશોધકમાં શ્રીયુત નાથુરામજી પ્રેમીનો લેખ, સદ્‌ગત ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલના લેખો, તેમજ

રાયબહાદુર પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાના રાજપૂતાનેકા ઇતિહાસ પહલાખંડ વગેરેનો આધાર લઇ-કેટલાકમાંથી અનુવાદ કરી, કેટલાકમાંથી સાર લઈ ઉપયુક્ત માહિતીઓ ૩૩૧ પારામાં એકત્રિત કરી છે. તો તે સર્વેનો હું પરમ ઋણી છું. આ નિબંધ સાત વિભાગ અને તેના કુલ ૩૬ પ્રકરણમાં વહેંચેલ છે અને તે 'ગૂજરાતી સાહિત્યના પાયા જૈનોએ નાંખ્યા છે'[૨] એ વસ્તુસ્થિતિ સબળ પ્રમાણથી પૂરવાર કરશે, અને તેમાંથી ભાષાના અભ્યાસીને ઘણું નવીન અને રસપ્રદ જાણવા જેવું મળી આવશે તો હું મારો પરિશ્રમ સફલ થયેલો માનીશ. આ નિબંધની વિષયસૂચી **વિષયાનુક્રમમાં** મૂકી છે. આ પછી વિક્રમ તેરમી સદીના કવિઓ અને તેની કૃતિઓ શરૂ થાય છે અને તે સત્તરમી સદીના કવિઓની કૃતિઓ સુધીમાં આ પ્રથમ ભાગ પૂરો થાય છે. છેવટે **ચાર અનુક્રમણિકાઓ** આપવામાં આવી છે. (૧) કવિઓની, (૨) મોટી કૃતિઓની (૩) નાની કૃતિઓની એ ત્રણ અક્ષરાનુક્રમે અને (૪) સંવત્‌વાર અનુક્રમણિકા જોડવામાં આવી છે કે જેથી કોઇ પણ હકીકત મેળવતાં સુગમતા મળે.

આ પુસ્તક અમદાવાદ છપાયેલ હોવાથી ત્યાંથી પ્રુફ આવતાં એકવાર સુધારી મોકલવામાં આવેલ, તે કારણે પ્રેસની ભૂલો, સ્ખલનાઓ વગેરે થયેલી છે તેનું શુદ્ધિપત્રક આ ભાગનું કદ અતિ અધિક થવાથી આમાં મૂકેલ નથી, બીજા ભાગમાં મૂકાશે. વિદ્વાનો આની અંદરના સુધારા વધારા સૂચવશે તો તેમનો આભાર માનીશ.

આવું પુસ્તક કોઈ સંસ્થાના કે રાજ્યાશ્રય જેવા આશ્રય વગર પ્રકટ ન થઇ શકે. કારણકે આના ગ્રાહક અતિ અલ્પજ હોય, તેથી મુંબઇની જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસે આ પ્રકટ કરવામાં બતાવેલી ઉદારતા અને કાર્યદક્ષતા માટે તેને ધન્યવાદ ઘટે છે. જૈન સાહિત્યના

---

૨. જુઓ સાબરમતી પુ. ૪ અંક ૫-૬ પૃ. ૨૩૬ લેખક રા. શંકરભાઈ સોમાભાઈ પટેલ.

ઉત્કર્ષ માટેનું તેનું આ કાર્ય યશસ્વી રહેશે. આની પ્રથમ આવૃત્તિનો 'કોપીરાઇટ' મેં તેને આપી દીધેલ છે. બીજી આવૃત્તિ થાય કે નહિ એ એક પ્રશ્ન છે.

'જૈનો અને તેમનું સાહિત્ય' એ સંબંધી લખેલો એક વિસ્તૃત નિબંધ, તપા, ખરતર, અંચલ વગેરે ગચ્છોની પટ્ટાવલીઓ, શતકવાર કવિઓની કાવ્યપ્રસાદી વગેરે ઘણી ઉપયુક્ત બાબતો બીજા ભાગમાં મૂકવા વિચાર છે.

હાલતો આ પુસ્તકનો પ્રથમ ભાગ સમસ્ત ગૂજરાત-ગૂજરાત અને બૃહદ્ ગૂજરાતને ચરણે ધર્યો છે તો તે તેની યોગ્ય કદર-પિછાન કરશે એટલી આશાભરી ખાત્રી રાખી વિરમું છું.

મુંબઈ, ૨૬-૬-૨૬.
જ્યેષ્ઠ વદ ૧ શનિવાર,
સં. ૧૯૮૨.

મોહનલાલ દલીચંદ દેશાઈ.

સાંકેતિક અક્ષરોની સમજ.

+ આ ચિન્હ મુદ્રિત—છપાયેલ કૃતિ સૂચવે છે.
? આ પ્રશ્નચિન્હ, શંકા સૂચવે છે.

અનંત.	અનંતનાથજી મંદિર, માંડવી મુંબઇમાંનો ભંડાર.
અમ.	અમદાવાદ.
અં.	અંચલ ગચ્છીય.
આ.	આગમિક,—અચલગચ્છીય.
આં.	આંચલિક.
આ. ક.	શેઠ આણંદજી કલ્યાણજીની પાલીતાણાની પેઢીમાં જે સ્વ૦ અંબાલાલ ચુનીલાલનો જ્ઞાનભંડાર સોંપાયેલો તે ભંડાર.
ઉ.	ઉપાધ્યાય.
ઋ.	ઋષિ.
ઐ.	ઐતિહાસિક.
ઐ. રા. સં.	ઐતિહાસિક રાસ સંગ્રહ. (પ્ર. યશોવિજય ગ્રંથમાલા ભાવનગર).
ક. વિ.	કલ્યાણવિજય મુનિ.
ખ.	ખરતરગચ્છ.
ખં.	ખંભાતના ભંડાર.
ગ.	(૧) ગચ્છ (૨) ગણી.
ગુ. વિ.	ગુલાબવિજયજી પં. કે જે અમદાવાદમાં રહે છે તેમની પાસેનો તેમનો ભંડાર—અમદાવાદ.
ચં.	ચંચલ બહેનનો ભંડાર ફતાશાની પોળ, હરકોર શેઠાણીની હવેલી—અમદાવાદ.
ચિ. ડા.	(સદ્‌ગત) ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ.
ચો.	ચોપઇ.
જેસ.	જેસલમેરનો ભંડાર.

જૈ. એ. ઈ.	જૈન એસોસીએસન ઑફ઼ ઇંડિઆ. મુંબઇ હસ્તકનો ભંડાર
જૈ.	જૈન.
ડે.	ડેહલાના અપાસરાનો ભંડાર અમદાવાદ. બ ડે. એટલે બીજો ભંડાર (રત્નવિજયજીનો ભંડાર હમણાં) તેમાં સોંપાયેલો છે તે. શેઠ મંગળદાસ તારાચંદ ઝવેરી, દોસીવાડાની પોળમાં—અમદાવાદ.
ડે. કૉ.	ડેકકન કૉલેજ પુનામાં સરકારી ખરીદેલાં હસ્તલિખિત પ્રતોનો સગ્રહ રહેતો હતો તે, કે જે હાલમાં કેટલાક વખતથી સરભાંડારકર ઇન્સ્ટિટયૂટ પુનાને સોંપાયેલો છે.
ત૦	તપગચ્છ
દા૦	દાબડો.
દિ.	દિગંબર
દે. લા.	શેઠ દેવચંદ લાલચંદ પુસ્તકોદ્ધારફંડ, સુરત.
દે. લા. પુ. લા.	શેઠ દેવચંદ લાલચંદ પુતસ્કોદ્ધારફંડ લાયબ્રેરી, સુરત.
ધો.	ધોરાજી સ્વ. માણેકચંદજીએ સંગ્રહેલ સર્વજ્ઞ ભંડાર.
નં.	નંબર.
પ.	પત્ર
પા.	(૧) પાઠાંતર; (૨) પાનાં; (૩) પાટણનો ભંડાર
પા. ૧, પા. ૨ પા. ૩	પાટણના ભંડારો એક બે ને ત્રણ એમ જૂદા પાડવા માટે જણાવેલ છે; પણ તે દરેક કયો છે તે બરાબર જાણી શકાયું નથી,
પં.	(૧) પંક્તિ (૨) પંડિત-પંન્યાસ
પૂ. અ.	જુઓ રા. પૂ. અ.
પ્ર.	પ્રકાશિત
પિં. / પીં.	-પિંપલ ગચ્છીય
પ્રા. તી. સં.	પ્રાચીન તીર્થમાલા સંગ્રહ (પ્ર. યશોવિજય ગ્રંથમાલા, ભાવનગર)

પ્ર. કા.	પ્રવર્તક શ્રી કાંતિવિજયજી પાસેનો ભંડાર નરસિંહજીની પોળમાં—વડોદરા.
પ્રે. ર.	શેઠ પ્રેમચંદ રતનજી ભાવનગરવાળા પાસેનો સંગ્રહ.
બા.	બાળાવબોધ-ટબો.
ભ.	ભરૂચમાંનો ભંડાર
ભા. / ભાવ.	ભાવનગરનો ભંડાર. ડોસાભાઈ અભેચંદનો જૈન સંઘનો ભંડાર.
ભં.	ભંડાર
મ. કી.	રા. મનસુખલાલ કિરતચંદ
મ. બ.	(સ્વ.) મણિભાઇ બકોરભાઈ વ્યાસ.
માણેક.	માણેકવિજય યતિ, ઈંદોરવાળાનો ભંડાર
માં.	માંગરોળના સંઘ હસ્તકનો ઉપાશ્રયમાંનો ભંડાર.
મો.	મોરબી સંઘનો ભંડાર
મો. સેં. લા.	શ્રી મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરી, મુંબઈ
રત્ન.	રત્નવિજયનો ભંડાર, અમદાવાદ કે જે હાલ ડેહલાના અપાસરાના ભંડાર સાથે રાખવામાં આવેલ છે. જુઓ ડે.
રા.	રાસ
રા. પૂ. અ.	રાજકોટ શ્રી પૂજ્યના અપાસરામાંનો ભંડાર યતિ નાનચંદજીના શિષ્ય હસ્તકનો
લિ.	લિખિત, લિપીકૃત
લ.	લખ્યા
લીં.	લીંબડીનો ભંડાર
લોં.	લોંકા ગચ્છીય
વ. સેં.	વડોદરા સેંટ્રલ લાયબ્રેરી.
વડો.	વડોદરા
વા.	વાચક—ઉપાધ્યાય
વિ.	વિક્રમ

વિ. ધ.	(સ્વ. શ્રી) વિજયધર્મસૂરિનો ભંડાર કે જે હાલ બેલનગંજ આગ્રામાં રાખવામાં આવ્યો છે.
વિદ્યા.	મુનિશ્રી વિદ્યાવિજય (શ્રી વિજયધર્મસૂરિશિ.)
વી. પા.	વીરબાઈ પાઠશાળા, પાલીતાણા.
શિ.	શિષ્ય
શુ.	શુદિ, શુક્લપક્ષે.
શ્લો.	શ્લોક
સ.	સઝાય
સ. મા. ભી.	સઝાયમાળા, શા. ભીમશી માણેકની પ્રકટ કરેલી.
સં.	(૧) સંવત્ (૨) સંસ્કૃત ભાષા.
સા. ભં.	સાગરનો ભંડાર, પાટણ.
સૂ.	સૂરિ
સ્ત.	સ્તવન
સ્તો.	સ્તોત્ર.
સેં. લા.	સેંટ્રલ લાયબ્રેરી વડોદરા
હા. ભં.	શેઠ હાલાભાઇ મગનલાલનો ભંડાર, ફોફલીયાવાડા પાટણ.
હં.	મુનિશ્રી હંસવિજયજીનો ભંડાર, નરસિંહજીની પોળમાં, વડોદરા.

વિષયાનુક્રમ.

વિભાગ સાતમો જૂની ગુજરાતી સંબંધી કેટલીક હકીકતો.

વિક્રમ સોળમી સદી.

૩૬ દેપાલ ૩૭ રત્નાકરસૂરિ ૩૮ સંઘવિમલ ૩૯ ધનદેવગણિ ૪૦ સંઘકલશગણિ ૪૧ આનંદમુનિ ૪૨ આસાયત ૪૩ રત્નશેખર ૪૪ કલ્યાણસાગર ૪૫ ઋષિવર્દ્ધસૂરિ ૪૬ મતિશેખર ૪૭ જિનવર્દ્ધન ૪૮ ન્યાયસુંદર ૪૯ રત્નસિંહસૂરિ શિષ્ય ૫૦ રાજતિલક ૫૧ (શ્રા૦) જિનદાસ ૫૨ જ્ઞાનસાગરસૂરિ શિ૦ ૫૩ ભક્તિવિજય ૫૪ પેથો ૫૫ લક્ષ્મીરત્ન શિ૦ ૫૬ જ્ઞાનસાગર ૫૭ મંગલધર્મ ૫૮ દેવકીર્તિ ૫૯ પુણ્યનંદિ ૬૦ દેવપ્રભ ૬૧ ઉદયધર્મ ૬૨ વચ્છ ૬૩ વચ્છભંડારી ૬૪ સંવેગસુંદર ૬૫ હેમવિમલસૂરિ ૬૬ **લાવણ્યસમય** ૬૭ નરપતિ ૬૭ ક. અજ્ઞાત ૬૮ શાંતિસૂરિ ૬૯ કીર્તિહર્ષ ૭૦ ક્ષમાકલશ ૭૧ મૂલ(ભાવ ?)પ્રભ ૭૨ જયરાજ ૭૩ સુંદરરાજ (?) ૭૪ નન્નસૂરિ ૭૫ હંસધીર ૭૬ જિનહર (?) ૭૭ નેમિકુંજર ૭૮ લબ્ધિસાગર ૭૯ હર્ષકલશ (? હર્ષકુલ) ૮૦ સિંહકુશલ (?) સંઘકુલ ૮૧ હર્ષમૂર્તિ ૮૨ ઈશ્વરસૂરિ ૮૩ આણંદ ૮૪ ધર્મદેવ ૮૫ કુડવા ૮૬ પદ્મસાગર ૮૬ ક. અજ્ઞાત ૮૭ હીરાણંદ (૨) ૮૮ હંસસોમ ૮૯ ઉદયભાનુ ૯૦ લક્ષ્મણ (૧) ૯૧ ધર્મસમુદ્ર ૯૨ દેવકલશ ૯૩ અનંતહંસ ૯૪ **સહજસુંદર** ૯૫ કુશળસંયમ ૯૬ લાવણ્યરત્ન ૯૬ ક. સૂરહંસ ૯૭ સાધુમેરૂ ૯૮ રત્નસિંહસૂરિ ૯૯ તેના શિષ્ય ૧૦૦ ભાવસાગર ૧૦૧ સૌભાગ્યસાગરસૂરિ શિષ્ય ૧૦૨ ભુવનકીર્તિ ૧૦૩ લાભમંડન ૧૦૪ જયનિધાન ૧૦૫ ભીમ (૧) ૧૦૬ સાધુરત્નસૂરિ ૧૦૭ મુનિચંદ્રસૂરિ, ૧૦૮ પાર્શ્વચંદ્રસૂરિ ૧૦૯ વિજયદેવસૂરિ ૧૧૦ સમરચંદ્ર ૧૧૧ બ્રહ્મ (વિનયદેવસૂરિ) ૧૧૨ કવિયણ ૧૧૩ કલ્યાણ ૧૧૪ ખીમો ૧૧૫ લીંબો ૧૧૬ વિજયગણિ (?) ૧૧૭ લાવણ્યદેવ ૧૧૮ કુશલહર્ષ ૧૧૯ ધર્મસિંહ ૧૨૦ દોલતવિજય ૧૨૧ વાસણ ૧૨૨ વિનયસમુદ્ર ૧૨૩ જિનમાણિક્ય ૧૨૪ કનક ૧૨૫ ગજરાજ ૧૨૬ ગુણમાણિક્ય શિષ્ય ૧૨૭ નયસિંહ ૧૨૮ જ્ઞાનાચાર્ય. સોળમા સૈકામાંની ગદ્ય કૃતિઓ. ૩૭—૧૮૦

વિક્રમ સત્તરમી સદી.

૧૨૯ સુમતિ ૧૩૦ દર્શન ૧૩૧ જગો ૧૩૨ **સોમવિમલસૂરિ** ૧૩૩ પુણ્યસાગર ૧૩૪ વિમલચારિત્ર ૧૩૫ રાજપાળ ૧૩૫ ખ પ્રમાદશીલ શિ૦ ૧૩૬ **જયવંતસૂરિ** ૧૩૬ ક સહજરત્ન ૧૩૬ ખ કમલસાગર ૧૩૭ દેવગુપ્તસૂરિ શિષ્ય ૧૩૮ હેમરાજ ૧૩૮ ક દેવીદાસ દ્વિજ ૧૩૯ પ્રીતિવિજય ૧૪૦ હર્ષરાજ ૧૪૧ સિદ્ધિસૂરિ ૧૪૨ હેમરત્નસૂરિ ૧૪૩ **કુશલલાભ** ૧૪૪ લાવ-

-ણ્યકીર્તિ ૧૪૫ વિનયસાગર ૧૪૬ માન ૧૪૭ સાધુકીર્ત્તિ ૧૪૮ દેવશીલ ૧૪૯ આણંદસોમ ૧૫૦ વેલો ૧૫૧ ભીમ ભાવસાર ૧૫૨ સુમતિકીર્ત્તિ-સૂરિ ૧૫૩ જિનચંદ્રસૂરિ ૧૫૪ રત્નસુંદર ૧૫૫ હીરકલશ ૧૫૬ હરખજી ૧૫૭ લાઇઆ ૧૫૭ ક અજ્ઞાત ૧૫૮ હીરવિજયસૂરિ ૧૫૯ ચારિત્રસિંહ ૧૬૦ પુણ્ય રત્ન ૧૬૧ ભાવરત્ન ૧૬૨ કનકસોમ ૧૬૩ મંગલમાણેક ૧૬૪ હીરકુશલ ૧૬૫ **નયસુંદર** ૧૬૬ ધર્મરત્ન ૧૬૬ ક કુશલવર્દ્ધન ૧૬૭ વચ્છરાજ ૧૬૮ કલ્યાણદેવ ૧૬૯ **સકલચંદ્ર** ૧૭૦ વિનયશેખર ૧૭૧ હેમશ્રી ૧૭૨ રત્નસાર ૧૭૩ મનજી ૧૭૪ હેમાણંદ ૧૭૫ નગો ૧૭૬ મલ્લિદેવ ૧૭૭ નરપતિ ૧૭૮ પ્રીતિવિમલ ૧૭૯ ધનવિજય ૧૮૦ દયાકુશળ ૧૮૧ વિજયસેનસૂરિ (?) ૧૮૨ કૃષ્ણદાસ ૧૮૩ સારંગ ૧૮૪ પદ્મવિજય ૧૮૫ માલદેવ ૧૮૬ પરમાણંદ ૧૮૭ વિવેકહર્ષ ૧૮૮ ધનહર્ષ ૧૮૯ કુંઅરવિજય ૧૯૦ જયચંદ્ર ૧૯૧ જ્ઞાન-સાગર (૨), ૧૯૨ જયવિજય ૧૯૩ લલિતપ્રભ ૧૯૪ નર્બુદાચાર્ય ૧૯૫ ગુણ-વિનય ૧૯૬ **સમયસુન્દર** ૧૯૬ ક રત્નકુશળ ૧૯૭ મુનિશીલ ૧૯૮ પદ્મરાજ ૧૯૮ ક વિદ્યાવિજય ૧૯૯ જયવિજય ૨૦૦ હેમવિજય ૨૦૧ જિનચંદ્રસૂરિ શિષ્ય ૨૦૨ આનંદોદય ૨૦૩ પ્રેમવિજય ૨૦૪ વિમલચારિત્ર (૨) ૨૦૫ મેઘરાજ ૨૦૫ ક ગજસાગર સૂરિ શિષ્ય ૨૦૬ દામોદરમુનિ=૨૦૭ દયાસાગર ૨૦૮ પુણ્યકીર્તિ ૨૦૯ સુધર્મરૂચિ ૨૧૦ **ઋષભદાસ** (શ્રા.) ૨૧૧ કનકસુંદર ૨૧૨ પદ્મકુમાર ૨૧૩ સંયમમૂર્તિ ૨૧૩ ક વલ્હ ૨૧૪ માલ ૨૧૫ વિજય-સાગર ૨૧૫ ક શ્રીધર (જૈનેતર) ૨૧૬ હીરાનંદ ૨૧૭ મેઘરાજ (૨), ૨૧૮ મૂલા ૨૧૮ ક ક્ષેમકુશળ ૨૧૮ ખ હર્ષકીર્ત્તિસૂરિ ૨૧૯ વિદ્યાકમલ ૨૧૯ ક શાંતિકુશલ ૨૧૯ ખ ગુણવિજય (૧) ૨૨૦ સંઘવિજય ૨૨૧ વિજયમેરૂ ૨૨૬ જ્ઞાન(દાસ) ૨૨૩ પરમાનંદ (૨) ૨૨૪ અજ્ઞાત ૨૨૫ હીરનંદન ૨૨૬ વિદ્યાચંદ ૨૨૭ ગંગદાસ ૨૨૮ કૃપાસાગર ૨૨૯ રાજસાગર ૨૨૯ ક કીર્ત્તિ-વિજય ૨૩૦ લાલવિજય ૨૩૧ ઉદયમંદિર ૨૩૨ ધર્મકીર્ત્તિ ૨૩૩ વિવેકવિ-જય ૨૩૪ જયસોમ ૨૩૫ મનોહરદાસ ૨૩૬ જ્ઞાનમેરૂ ૨૩૭ મતિસાગર ૨૩૮ ગુણસાગરસૂરિ ૨૩૯ મતિસાર ૨૩૯ ક પ્રભસેવક ૨૪૦ (સુ)ધનહર્ષ ૨૪૧ અમરચંદ્ર ૨૪૨ કર્મસિંહ ૨૪૩ લલિતકીર્ત્તિ ૨૪૩ ક કલ્યાણ ૨૪૪ જિનોદયસૂરિ (૨), ૨૪૫ કમલવિજય ૨૪૬ રાયચંદ (૧) ૨૪૭ નારાયણ ૨૪૮ ગુણવિજય (૨) ૨૪૯ કેશરાજ ૨૫૦ સહજકીર્ત્તિ ૨૫૧ કલ્યાણ (૨), ૨૫૨ સ્થાનસાગર ૨૫૩ પુણ્યસાગર (૩) ૨૫૩ ક લાભોદય ૨૫૪ શ્રીસાર ૪૫૪ ક બાલચંદ ૨૫૫ વાનો (શ્રા૦), ૨૫૬ સુમતિહંસ ૨૫૭ સાજસિંહ

જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ.

૧ આ આર્યાવર્ત્તમાં જૂનામાં જૂનું સાહિત્ય જે ભાષામાં મળે છે તેને 'સંસ્કૃત' ભાષા કહેવામાં આવે છે. તે નામના અર્થ પરથીજ જણાય છે કે આર્યોની મૂલ ભાષા તે નથી, પણ તે તો શુદ્ધ કરેલી સુધારેલી ભાષા છે. કેટલાં હજારો વર્ષ વીતી ગયા પછી કોણે તે સુધારી આ સ્વરૂપમાં મૂકી તે જાણવાનાં સાધનો બચી શક્યા નથી. એમ સમજો કે ગંગાની નહેર બાંધી તેમા બધું પાણી ભરવામાં આવ્યું છે, તેના કિનારા સરખા છે, તેપર હરીયાલી અને વૃક્ષ રહેલ છે, પ્રવાહ નિયમિત છે. કોઈ નાના મોટા કિનારાવાળી, નાની મોટી, પથરવાળી કે રેતાળ જમીનપર વહેતી નદિયોનું પાણી એક તરફ વાળી આ નહેર બનાવવામાં આવી અને તે સમયની સનાતન-ભાષા-પ્રેમીઓએ જૂની નદિયોનો પ્રવાહ 'અવિચ્છિન્ન' રાખવા માટે કંઇપણ કોઇ જાતનુ આંદોલન કર્યું કે નહિ, તે આપણે જાણી શકતા નથી. હમેશાં આ **સંસ્કૃત** નહેરને જોતાં જોતાં આપણે **અસંસ્કૃત** યા સ્વાભાવિક, પ્રાકૃતિક નદિયોને ભૂલી ગયા, અને જ્યારે પુનઃ નહેરનું પાણી આગળ સ્વચ્છંદી બની સમતલ બાંધેલા કિનારાને છોડી જલસ્વભાવે ક્યાંહી વાંકું, ક્યાંહી સીધું, ક્યાંહી ગદ્દુ, ક્યાંક સ્વચ્છ—ક્યાંક પથરવાળી, ક્યાંક રેતાળભૂમિપર અને ક્યાંક જૂના સૂકા માર્ગોપર પ્રાકૃતિક રીતિથી વહેવા લાગ્યું ત્યારે આપણે એવું કહેવા લાગ્યા કે નહેરથી નદી બની છે, નહેર પ્રકૃતિ છે અને નદી વિકૃતિ છે.—દૃષ્ટાંત તરીકે હેમચંદ્રસૂરિએ પોતાના પ્રાકૃત વ્યાકરણનો આરંભ જ એ રીતે કર્યો છે કે સંસ્કૃત પ્રકૃતિ છે, તેમાંથી ઉત્પન્ન થઇ તેથી પ્રાકૃત કહેવાણી.—પણ એમ ન કહેવા લાગ્યા કે નદી હવે સુધારકોના હાથમાંથી છૂટી ફરીથી સનાતન માર્ગપર આવી છે.

૨ આ પ્રમાણે વેદ યા છંદસ્‌ની ભાષાનું જેટલું સરખાપણું જૂની પ્રાકૃત સાથે છે તેટલુ સંસ્કૃત સાથે નથી. સંસ્કૃતમાં ગાળેલું પાણી લેવામાં આવ્યું છે. પ્રાકૃતિક પ્રવાહનો માર્ગક્રમ આ છે. ૧ મૂલભાષા ૨ છંદસ્‌ની ભાષા. ૩ પ્રાકૃત–૪ સંસ્કૃત. ૫ અપભ્રંશ. સંસ્કૃત અજર અમરતો થઇ, પણ તેનો વંશ ન ચાલ્યો. તે કલમી ઝાડ હતું. એ ખરૂં કે તેની સંપત્તિથી પ્રાકૃત અને અપભ્રંશ અને પછી હિંદી, ગુજ-રાતી, મરાઠી ભાષાઓ પુષ્ટ થતી ગઇ તેણે પણ કોઇ કોઇ સમયે તેની ભેટનો સ્વીકાર કર્યો.

૩ વૈદિક (છંદસ્‌ની) ભાષાનો પ્રવાહ પ્રાકૃતમાં વહેતો ગયો અને સંસ્કૃતમાં બધાઈ ગયો. આના કેટલાંક ઉદાહરણ છે—(૧) વેદમાં દેવાઃ અને દેવાસઃ એમ બને રૂપો છે, સંસ્કૃતમા કેવલ દેવાઃ એ રૂપ રહ્યું છે જ્યારે પ્રાકૃત આદિમાં દેવાસઃ માંનો આસસ્ (બીજો જસ્) પ્રત્યયનો વંશ 'આઓ' આદિમાં ચાલ્યો. (૨) દેવૈ. ની જગ્યાએ દેવેભિઃ (અધરેહિ) કહેવાની સ્વતંત્રતા પ્રાકૃતને રિકથક્રમ ( ) માં મળી, સસ્કૃતને નહિ. (૩) સસ્કૃતમાં અધિકરણનો 'સ્મિન્', સર્વનામમાંજ બધાઇ ગયો, પરતુ પ્રાકૃતમાં 'મ્મિ', 'મ્હિં' થતાં થતાં હિંદીના 'મે', ગજરાતીના 'માં' સુધી પહોંચી ગયો. (૪) વૈદિક ભાષામાં છઠ્ઠી યા ચોથીનો યથેચ્છ પ્રયોગ કરવાની સ્વતત્રતા હતી, તે પ્રાકૃતમાં આવી ચોથી વિભક્તિને જ ઉડાવી ગઈ, કિંતુ સંસ્કૃતમાં બને, પાણી ઉતરી જતાં સ્હડાણપર ચિટકી રહે તેમ રહી ગઇ. (૫) વૈદિકભાષાના 'વ્યત્યય' અને 'બાહુલક', પ્રાકૃતમાં જીવિત રહ્યા અને પરિણામ એ આવ્યું કે અપભ્રંશમાં એક વિભક્તિ 'હ' 'હં' ઘણા કારકો તરીકે વપરાઇ, સંસ્કૃતની પેઠે જરાય પીટાઇ નહિ. (૬) સંસ્કૃતમાં પૂર્વકાલિકનો એક 'ત્વા'જ રહી ગયો, અને 'ય' નીકળી ગયો, અહીં પ્રાકૃતમાં 'ત્વાન' અને 'ત્વાય' અને 'ય' સ્વતંત્રતાથી આગળ વધતા ગયા–વપરાતા ગયા. (આગળ જુઓ). (૭) ક્રિયાર્થા ક્રિયા (Infinitive of purpose)નાં કેટલાંક રૂપો-

માંથી (જે ધાતુજ શબ્દોનાં બીજી, છઠ્ઠી યા ચોથીનાં ૩૫ છે તે) સંસ્કૃતને ભાગે 'તુમ્' એકલુંજ આવ્યું જ્યારે પ્રાકૃતમાં બીજાં ઘણાં ૩૫ આવ્યાં (૮) કૃ ધાતુનો અનુપ્રયોગ સંસ્કૃતમાં કેવલ કંઈ લાંબા ધાતુઓના પરોક્ષ ભૂતમાં રહ્યો, છંદસ્‌ની ભાષામાં બીજી જગ્યાએ પણ હતો, કિંતુ અનુપ્રયોગનો સિદ્ધાંત અપભ્રંશ અને હીંદી ગૂજરાતી આદિ ભાષા સુધી પહોંચ્યો. આ વિષય વિશેષ વધારી ઉદાહરણો સાથ લખી બનાવવાની જરૂર છે. અત્યારે ટુંકમાં તેનો ઉલ્લેખ કર્યો છે.

૪ અકૃત્રિમ-સ્વાભાવિક ભાષાપ્રવાહમાં (૧) છંદસૂની ભાષા (૨) જૈન સૂત્રોની માગધી (૩) બૌદ્ધ ગ્રંથોની પાલી (૪) અશોકની ધર્મલિપિઓની ભાષા (૫) લલિતવિસ્તરની ગાથા યા ગડબડી સસ્કૃત, અને (૬) ખરોષ્ઠી અને પ્રાકૃત શિલાલેખો તથા સિક્કાઓની અનિર્દિષ્ટ પ્રાકૃત-આર્ષ પુરાણા નમુના છે.

૫ **જૈન સૂત્રોની ભાષા**—માગધી યા અર્ધમાગધી કહેવાય છે, તેને આર્ષ પ્રાકૃત પણ કહેવામાં આવે છે. પછીથી પ્રાકૃત વૈયાકરણીઓએ માગધી, અર્ધમાગધી. પૈશાચી, શૌરસેની, મહારાષ્ટ્રી આદિ દેશ ભેદ અનુસાર પ્રાકૃત ભાષાના ભેદ કર્યા, કિંતુ માગધીવાલા કહે છે કે મગધીજ મૂલ ભાષા છે કે જેને પ્રથમ કલ્પના મનુષ્ય, દેવ અને બ્રાહ્મણ બોલતા હતા.

૬ હેમચંદ્રાચાર્યે 'જિણિન્દાણ વાણી'-જિનેંદ્રોની વાણીને દેશીનામમાલાના આરંભમાં 'અસેસ ભાસ પરિણામિણી' એ વિશેષણ આપી વંદના કરતાં એવું અવતરણ આપ્યું છે કેઃ—

देवा दैवीं नरा नारीं शबराश्चापि शाबरीम् ।
तिर्यंचोऽपि हि तैरश्चीं मेनिरे भगवद् गिरम् ॥

૭ બૌદ્ધ ભાષાએ સંસ્કૃતનો અધિક આશ્રય લીધેલ છે, સિક્કાઓ તથા લેખોની ભાષા પણ તેવી છે. શુદ્ધ પ્રાકૃતના નમૂના જૈન સૂત્રોમાં મળે છે. અહીં બે વાત બીજી ધ્યાનમાં રાખવાની છે. (૧) એકતો

જે કોઇએ પ્રાકૃતનું વ્યાકરણ બનાવ્યું, તેણે પ્રાકૃતને ભાષા સમજીને વ્યાકરણ નથી લખ્યું. સામાન્ય વાતો જેવી કે પ્રાકૃતમાં દ્વિવચન અને ચોથી વિભક્તિ નથી, એ વાત એક બાજુપર રાખીએ તો બધાં પ્રાકૃત વ્યાકરણો કેવલ સસ્કૃત શબ્દોના ઉચ્ચારણમાં શું શું ફેરફાર થાય છે તેની પરિસખ્યા-સૂચિ માત્ર રૂપે છે. (૨) બીજી વાત એ છે સંસ્કૃત નાટકોની પ્રાકૃતને શુદ્ધ પ્રાકૃતના નમુના ગણવા ઉચિત નથી–તે તે પંડિતાઈ ભરેલી યા નકલી યા બનાવેલી પ્રાકૃત છે, કે જે સંસ્કૃતમાં મુસદ્દો બનાવી પ્રાકૃત વ્યાકરણના નિયમો પ્રમાણે ત ની જગ્યાએ ય, અને ક્ષ ની જગ્યાએ ખ એમ મૂકીને સંચામાં વસ્તુ બને તેમ બનાવવામાં આવી છે. એટલે કે સંસ્કૃતનું રૂપાતર કરી મૂકેલી છે, પ્રાકૃત ભાષા નથી. અલબત, ભાસનાં નાટકોની પ્રાકૃત શુદ્ધ માગધી છે. જૂના કાળની પ્રાકૃતની રચના, દેશભેદ નિયત થઈ જવાથી કાંતો માગધીમાં પરિણમી યા કાતો મહારાષ્ટ્રી પ્રાકૃતમાં. શૌરસેની પૈશાચી આદિ કેવલ ભાષામાં વિરલ દેશભેદ માત્ર રૂપે રહી ગઇ–એવું, તે ભાષાપર પ્રાકૃત વ્યાકરણોમા કેટલુ થોડુ ધ્યાન દેવામાં આવ્યુ છે તે પરથી સિદ્ધ થાય છે. માગધી અર્ધમાગધી તો આર્ષ પ્રાકૃત બની જૈન સુત્રોમાંજ બંધ થઇ ગઈ. તે પણ એક જાતની છદસ્‌ની ભાષા બની ગઇ.

૮ પ્રાકૃત વ્યાકરણોએ મહારાષ્ટ્રીનું પૂરી રીતે વિવેચન કરીને તેને આધારરૂપે માની, શૌરસેની આદિના અતરને તેમણે અપવાદો રૂપે જણાવેલ છે. આનો અર્થ એ કે દેશભેદથી કેટલીક પ્રાકૃત થવા છતાં પણ પ્રાકૃત સાહિત્યની પ્રાકૃત-એક જ હતી. જે પદ પહેલાં માગધીનું હતું તે મહારાષ્ટ્રીને મળ્યું. આ પરમપ્રાકૃત અને સૂક્તિરત્નોનો સાગર કહેવાઈ. રાજાઓએ તેની કદર કરી. હાલે (સાતવાહને) તેના કવિઓની ચુટેલી રચનાઓ એકત્ર કરી સતસઇ (ગાથા સપ્તશતી) બનાવી, પ્રવરસેને સેતુબંધ કરી પોતાની કીર્તિ તે દ્વારા સાગરની પેલેપાર પહોંચાડી, વાક્‌પતિએ તે ભાષામાં ગૌડવધ બનાવ્યો,–પરંતુ આ સર્વ પંડિતી પ્રાકૃત થઈ, વ્યવહારની નહિ. જૈનોએ તેને ધર્મભાષા માની તેનું સ્વતંત્ર અનુશીલન કર્યું

અને માગધીની પેઠે મહારાષ્ટ્રી પણ જૈન રચનાઓમાંજ શુદ્ધ મળે છે, અને છંદો થવાથી જેમ સસ્કૃતનો 'શ્લોક' તે અનુષ્ટુભ્ છંદોનો રાજા છે, તેમ પ્રાકૃતની રાણી 'ગાથા' છે. લાંબા છંદ પ્રાકૃતમાં આવ્યા તો તેનાપર સંસ્કૃતની છાયા સ્પષ્ટ જોવામાં આવે. પ્રાકૃત કવિતાનું આસન ઉંચું થયુ.

પ્રાકૃત કવિતાનું ઉંચું આસન.

૯ એવું કહેવામા આવ્યું છે કે દેશી શબ્દોથી ભરેલી પ્રાકૃત કવિતાની સામે સસ્કૃતને કોણ સાભળે છે? જુઓ—

> લલિએ મહુરક્ખરએ જુવઇયણવલ્લ હે સસિંગારે ।
> સન્તે પાઇયકવ્વે કો સક્કઇ સક્કય પઢિઉં ॥
>
> —વજ્જાલગ્ગ ૨૯

—લલિત, મધુરાક્ષર, યુવતિજનવલ્લભ, સશૃંગાર–પ્રાકૃત કવિતા હોવા છતા સંસ્કૃત કોણ પઢી શકે છે?

રાજશેખર કે જેની પ્રાકૃત તેની સસ્કૃતની સમાનજ સ્વતંત્ર અને ઉદ્ભટ છે, તેણે પ્રાકૃતને મીઠી અને સસ્કૃતને કઠોર કહી દીધી:–જુઓ.

> પરુસા સક્કઅબન્ધા, પાઉઅબન્ધો વિ હોઇ સુઉમારો ।
> પુરુસ મહિલાણં જેન્તિ અ મિહન્તરં તેત્તિય મિમાણં ॥
>
> —કર્પૂરમંજરી

—સંસ્કૃતની રચના પરુષ અને પ્રાકૃતની રચના સુકુમાર હોય છે. જેટલું પુરૂષ અને સ્ત્રીઓમાં અંતર હોય છે તેટલુ આ બેમાં છે.

૧૦ પ્રાકૃત ભાષાનું મહત્ત્વ જૈન મહર્ષિઓએ ઉંચું આંક્યુ છે, કારણકે જૈન ધર્મ ગ્રથોનો મોટો ભાગ પ્રાકૃત ભાષામાં યોજાયેલો અસ્તિત્વ ધરાવે છે. પરમપૂજ્ય સિદ્ધર્ષિગણિનાં વચનો પણ આ વાતને પુષ્ટ કરે છે. ઉપમિતિભવપ્રપંચા કથાના પ્રથમ પ્રસ્તાવમાં તેઓશ્રી કથે છે કે:-

> **संस्कृता प्राकृता चेति भाषे प्राधान्यमर्हतः**
> **तत्रापि संस्कृता तावद् दुर्विदग्ध हृदि स्थिता ॥५१॥**

**बालानामपि सद्बोधकारिणी कर्णपेशला ।
तथापि प्राकृता भाषा न तेषामपि भासते ॥९२॥**

અર્થાત્—સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષાઓ પ્રધાનપણાને યોગ્ય છે, તેમાં પણ (કેવળ) સંસ્કૃત ભાષા દુર્વિદગ્ધ પુરુષોના ચિત્તમાં સ્થિત હોય છે અને પ્રાકૃત ભાષા (તો) બાલકોને પણ સદ્બોધકારિણી અને કર્ણપેશલા હોય છે. તથાપિ તે (પ્રાકૃતભાષા) દુર્વિદગ્ધ પુરુષોને રોચતી નથી.

૧૧ આ છતાં પણ પોતે તે ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો તેનું કારણ સિદ્ધર્ષિજીએ એમ બતાવ્યું છે કે '**उपाये सति कर्त्तव्यं सर्वेषां चित्तरंजनम्**'–અગર ઉપાય હોય તો દરેકનું ચિત્તરંજન કરવું જોઇએ તેથી તેમણે સંસ્કૃતમાં તે ગ્રંથ લિપિબદ્ધ કર્યો. '**अजित शांति स्तवन**' એ પ્રાકૃત સ્તવન એટલું બધું સુંદર અને જુદાજુદા પ્રાકૃત વૃત્તોથી ભરેલું છે કે તે જો મધુર સ્વરે, છંદોના બરાબર ઉચ્ચારણ અને રાગ સાથે ગાનાર આખી સભાને ચિત્રવત્ સ્થિર કરી નાખે તેમ છે.

૧૨ 'શંભુરહસ્ય' નામના જૈનેતર ગ્રંથમાં પ્રાકૃત ભાષાની મહત્તા દાખવતા કેટલાક શ્લોકો છે તે અત્ર આપવા યોગ્ય થઈ પડશે (જુઓ ૧૯૧૫ ના સપ્ટેમ્બરનું 'ઇંડિયન એંટિક્વરી' પૃ. ૧૪૫)

**“ वचः प्रियं भगवतः प्राकृतं संस्कृतादपि ।
प्रौढोक्तेरपि हृद्यं हि शिशूनां कलभाषितम् ॥१२॥
को विनिन्देदिमां भाषां भारतीमुग्धभाषितम् ।
यस्याः प्रचेतसः पुत्रो व्याकर्ता भगवानृषिः ॥१३॥
गार्ग्यगालवशाकल्यपाणिन्याद्या यथर्षयः ।
शब्दराशेः संस्कृतस्य व्याकर्तारो महत्तमाः ॥१४॥
तथैव प्राकृतादीनां षड्भाषाणां महामुनिः ।
आदिकाव्यकृदाचार्यो व्याकर्ता लोकविश्रुतः ॥१५॥**

यथैव रामचरितं संस्कृतं तेन निर्मितम् ।
तथैव प्राकृतेनापि निर्मितं हि सतां मुदे ॥१६॥
यावत् संस्कृतभाषायाः प्राशस्त्यं भुवि विद्यते ।
तावत् प्राकृतभाषाया अपि प्राशस्त्यमिष्यते ॥१७॥
पाणिन्याद्यैः शिक्षितत्वात् संस्कृती स्याद्यथोत्तमा ।
प्राचेतसव्याकृतत्वात् प्राकृत्यपि तथोत्तमा ॥१८॥
तस्मात् संस्कृततुल्यैव प्राकृती चापि भारती ।
मान्यते शास्त्रतत्त्वज्ञः किमतत्त्वज्ञभाषितैः" ॥१९॥

અર્થાત્—પૂજનીય સંસ્કૃત ભાષાથી પણ પ્રાકૃત વચન પ્રિય હોય છે, કેમકે પ્રૌઢ બોલનાર કરતા પણ બાલભાષિત મનોહર લાગે છે. ૧૨

સરસ્વતીના મુગ્ધ ભાષણરૂપ આ ભાષાની (પ્રાકૃતની) કોણ નિંદા કરે ? કે જેનું વ્યાકરણ કરનાર **પ્રચેતાનો** પુત્ર (**વાલ્મિક**) ઋષિ છે. ૧૩

જેમ ગાર્ગ્ય, ગાલવ, **શાકલ્ય** અને **પાણિન્યાદિ** ઋષિઓ સંસ્કૃત વ્યાકરણના કર્તા થયા, તેવી રીતે પ્રાકૃતાદિ છ ભાષાઓના વ્યાકરણનાં કર્તા પણ આદિકવિ સુપ્રસિદ્ધ આચાર્ય (**વાલ્મિક ઋષિ**) થયા છે. ૧૪-૧૫.

જેવી રીતે સંસ્કૃતમાં તેમણે '**રામચરિત્ર**' બનાવ્યુ છે, તેવી રીતે પ્રાકૃતમાં પણ બનાવ્યુ છે. ૧૬

યાવત્ સંસ્કૃત ભાષાનુ જેટલું પ્રશસ્તપણું જગત્મા વિદ્યમાન છે, તેટલુંજ પ્રાકૃત ભાષાનું પણ છે. ૧૭

પાણિન્યાદિ શિક્ષિત હોવાથી જેમ સંસ્કૃત ભાષા ઉત્તમ ગણાય છે, તેમ વાલ્મિકે વ્યાકરણ બનાવેલ હોવાથી પણ પ્રાકૃત ઉત્તમ છે. ૧૮

અત એવ—સંસ્કૃતની બરાબર જ પ્રાકૃત ભાષા છે, એમ

શાસ્ત્રના તત્ત્વજ્ઞ પુરૂષો માને છે; તો પછી અતત્ત્વજ્ઞ પુરૂષોના બોલવા વડે કરીને શું? ૨૦

૧૩ ઉપરના શ્લોકોના અર્થ ઉપરથી એમ ચોક્કસ જોઈ શકાય છે કે-પ્રાકૃત ભાષા સંસ્કૃત કરતાં કોઈ પણ દરજ્જે હલકી-કમ મહત્ત્વવાળી નથી, એમ જૈનોજ નહિ, પરન્તુ હિન્દુ ધર્માનુયાયી વિદ્વાનો અને ઋષિઓ પણ સ્વીકાર કરી ગયા છે.

શૌરસેની અને પૈશાચી (ભૂતભાષા)

૧૪ આ પ્રાકૃતના ભેદોમાંથી આપણે શૌરસેની અને પૈશાચીનો દેશ-નિર્ણય કરીશું. જો કે આ બંને ભાષાઓ માગધી અને મહારાષ્ટ્રીથી દબાઇ ગયેલી હતી અને તેનું વિવેચન વ્યાકરણોમાં ગૌણ યાતો અપવાદ રૂપે જ કરવામાં આવ્યું છે, તથાપિ હાલની હિંદી આદિ ભાષાઓ સાથે તેને ઘણો સબંધ છે. તેમાં કોઇ મોટો સ્વતત્ર ગ્રથ નથી મળતો, પરતુ તેનું ક્ષેત્ર એ છે કે જે વ્રજભાષા, ખડી બોલી અને રેખતાની પ્રકૃત ભૂમિ છે. પૈશાચીનું બીજું નામ ભૂતભાષા છે. આ ગુણાઢ્યની અદ્ભુતાર્થા એવી બૃહત્કથાથી અમર થઇ ગઈ છે. આ ' બડ્ડકથા ' હમણાં નથી મળતી. બે કાશ્મીરી પંડિતો (નામે ક્ષેમેંદ્ર અને સોમદેવે) કરેલા તેના સંસ્કૃત અનુવાદ (નામે બૃહત્કથામંજરી અને કથાસરિત્સાગર) મળી આવે છે. કાશ્મીરનો ઉત્તર તરફનો પ્રાંત પિશાચ (પિશ્-કાચું માંસ અને અશ્-ખાવું) યા પિશાશ દેશ કહેવાતો હતો અને કાશ્મીરમાંજ બૃહત્કથાનો અનુવાદ મળવાથી પૈશાચી ત્યાંની ભાષા માનવામાં આવતી હતી. કિંતુ વાસ્તવમાં પૈશાચી યા ભૂતભાષાનું સ્થાન રાજપૂતાના અથવા મધ્યભારત છે. માર્કન્ડેયે પોતાના પ્રાકૃત વ્યાકરણમાં બૃહત્કથાને કેકયપૈશાચિમાં ગણેલી છે. કેકય તો કાશ્મીરનો પશ્ચિમોત્તર પ્રાંત છે. સંભવ છે કે મધ્યભારતની ભૂતભાષાની મૂલ બૃહત્કથાનું કંઇ રૂપાંતર ત્યાં થયું હોય કે જેના આધાર પરથી કાશ્મીરીઓના સંસ્કૃત અનુવાદો થયા હોય. (લાકોટે-વિયેના ઓરિએન્ટલ સોસાયટીનું જર્નલ પુસ્તક ૬૪ પૃ. ૯૫ આદિ)

૧૫ રાજશેખર કેજે વિક્રમ સંવત્‌ની દશમી શતાબ્દીના મધ્યભાગમાં હતો તેણે પોતાની કાવ્યમીમાંસામાં એક જૂનો શ્લોક ઉદ્ધૃત કર્યો છે કે જેમાં તે સમયની ભાષા નિવેશની ચર્ચા છેઃ—

"ગૌડ (બંગાલ) આદિ સંસ્કૃતમાં સ્થિત છે, લાટદેશીઓની રૂચિ પ્રાકૃતમાં પરિચિત છે, મરૂભૂમિ, ટક્ક(ટાક, દક્ષિણ પશ્ચિમી પંજાબ) અને ભાદાનક (બીજોલ્યાના શિલાલેખમાં પણ ભાદાનકનો ઉલ્લેખ છે, તો તે પ્રાંત રાજપુતાનામાંજ હોવો જોઇએ) ના વાસીઓ અપભ્રંશનો પ્રયોગ કરે છે, અવંતી (ઉજ્જૈન), પારિયાત્ર (બેતવા અને ચંચલનો ભાગ), અને દશપુર (મંદસોર)ના નિવાસી ભૂતભાષાની સેવા કરે છે. જે કવિ મધ્યદેશમાં (કન્નૌજ, અંતર્વેદ, પંચાલ આદિ) રહે છે તે સર્વ ભાષાઓમાં સ્થિત છે." રાજશેખરને ભૂગોલ વિદ્યાપર ઘણો શોખ હતો. કાવ્યમીમાંસાના એક આખા અધ્યાયમાં ભૂગોલનું વર્ણન આપી કહે છે કે વિસ્તારથી જોવા માટે મારો બનાવેલો ભુવનકોશ જોવો. પોતાના આશ્રયદાતાની રાજધાની મહોદય (કન્નૌજ) ઉપર પોતાને ઘણો પ્રેમ હતો. કન્નૌજ અને પંચાલની તેણે ઠેકાણે ઠેકાણે અતિ પ્રશંસા કરી છે. મહોદય (કન્નૌજ)ને પોને ભૂગોળનું કેન્દ્ર ગણ્યું છે અને દૂરતાનું માપ મહોદયથીજ કરતું જોઈએ– જૂના આચાર્યો અનુસાર અંતર્વેદીથી નહિ– એમ જણાવી (કાવ્યમીમાંસા પૃ. ૯૪) દીધું છે. આ મહોદયની કેન્દ્રતાને ધ્યાનમાં રાખી તેણે બતાવેલા રાજાના કવિસમાજનો નિવેશ ઘણો ચમત્કાર બતાવે છે. તે કહે છે કે રાજા કવિસમાજની મધ્યમાં બેસે, ઉત્તરે સંસ્કૃતના કવિ (કાશ્મીર, પાંચાલ), પૂર્વે પ્રાકૃત (માગધીની ભૂમિ મગધ), પશ્ચિમે અપભ્રંશ (દક્ષિણી પંજાબ અને મરૂદેશ) અને દક્ષિણે ભૂતભાષા (ઉજ્જૈન, માલવા આદિ)ના કવિ બેસે. (કાવ્યમીમાંસા પૃ. ૫૪–૫૫). આ પ્રમાણે રાજાનો કવિસમાજ ભૌગોલિક ભાષા–નિવેશનું માનચિત્ર થયું. આ બાજુ કુરૂક્ષેત્રથી પ્રયાગ સુધીનો અંતર્વેદ, પાંચાલ અને શૂરસેન. અને તે બાજુ મરૂ, અવંતી, પારિયાત્ર અને દશપુર– આ શૌરસેની અને ભૂતભાષાનાં સ્થાન હતાં.

અપભ્રંશ

૧૬ બાંધેલા બંધથી બચેલા પાણીની ધારાઓ, મળીને હવે નદીનું રૂપ ધારણ કરી રહી હતી. તેમાં દેશીની ધારાઓ પણ આવીને મળતી ગઇ. દેશી ભાષા એ બીજું કંઈ નથી, પણ બંધથી બચેલું પાણી છે અથવા જે પાણી નદી માર્ગપર ચાલી આવ્યું ને બધાયું નહિ તે. તે પાણી પણ કોઇ કોઈ વખત ગાળીને નહેરમાથી લેવામા આવતું હતું. બંધનું પાણી પણ ધસડાતુ ધસડાતું અહી આવી મળી જતું હતું. પાણી વધવાથી નદીની ગતિ વેગથી નિમ્નાભિમુખી (નીચે નીચે જતી) ગઇ, તેનો 'અપભ્રશ' (નીચેથી વિખરાવું) થવા લાગ્યો. હવે કિનારા અથવા નિશ્રિત ઉંડાઇ રહી નહિ.

૧૭ રાજશેખરે સસ્કૃત વાણીને સુણવા યોગ્ય, પ્રાકૃતને સ્વભાવમધુર, અપભ્રંશને સુભવ્ય અને ભૂતભાષાને સરસ કહેલ છે. (બાલરામાયણમાં જુઓ) આ વિશેષણો અન્વર્થક–પ્રયોજન સહિત છે, તેથી તેની સાભિપ્રાયતા વિચારવા યોગ્ય છે. તે વળી એવું પણ કહે છે કે કોઇ વાત એક ભાષામાં કહેવાથી સારી લાગે છે, કોઇ બીજીમાં, કોઇ બે ત્રણ ભાષામાં. (કાવ્યમીમાંસા પૃ. ૪૮). તેણે કાવ્યપુરૂષનું શરીર શબ્દ અને અર્થનું બનાવ્યુ છે તેમાં સંસ્કૃતને મુખ, પ્રાકૃતને બાહુ–હાથ, અપભ્રંશને જંઘાસ્થલ–સાથળ, પૈશાચને પગ અને મિશ્રને ઉરૂ કહેલ છે.

૧૮ વિક્રમની **સાતમી શતાબ્દીથી અગિયારમી સુધી** અપભ્રંશની પ્રધાનતા રહી અને પછી તે પુરાની હિન્દી–ગૂજરાતીમાં પરિણત થઈ ગઈ. તેમાં દેશીની પ્રધાનતા છે. વિભક્તિઓ ઘસાઇ ગઇ છે, ખરી ગઇ છે. એકજ વિભક્તિ હં યા આહં કંઇક કામે આવી છે, એક કારકની વિભક્તિથી બીજીનું પણ કામ ચાલવા લાગ્યું છે. વૈદિક ભાષાની અવિભક્તિક નિર્દેશની વાત પણ આમાં ભળી. વિભક્તિઓના ખરી જવાથી કેટલાક અવ્યય યા પદ, લુપ્ત–વિભક્તિક પદની આગળ રાખતા જવામાં આવ્યા, કે જે અવ્યય યા પદ વિભક્તિઓ નથી. ક્રિયાપદોનું માર્જન

થયું. હા એટલું ખરૂં કે તેણે કેવલ પ્રાકૃતના જ તદ્‌ભવ અને તત્સમ પદ લીધાં નથી, પરંતુ ધનવતી અપુત્રા માસી (સંસ્કૃત)માંથી પણ કેટલાય તત્સમ પદ લીધાં છે.

[તદ્‌ભવ પ્રયોગોના અધિક ઘસાવાથી ભાષામાં એવી અવસ્થા આવે છે કે જ્યારે શુદ્ધ તત્સમોનો પ્રયોગ કરવાની ટેવ પડી જાય છે. હિંદી કે ગૂજરાતીમાં હવે કોઈ જસ કે ગુનવંત નથી લખતું, પણ યશ અને ગુણવાન્ લખે છે. બોલવામાં પણ ગમે તે રીતે જેમકે મોહનદાસ્ બોલવામાં આવશે; પણ લખવામાં આવશે મોહનદાસ.]

૧૯ સાહિત્યની પ્રાકૃત, સાહિત્યની ભાષાજ થતી ચાલી હતી. તેમાં ગતને બદલે ગય, અને ગજને બદલે પણ ગય; કાચ, કાક, કાય (શરીર), અને કાયં એ બધાને બદલે કાય વપરાતું હતુ. આમાં ભાષાનું જે પ્રધાન લક્ષણ સાંભળવાથી અર્થબોધ છે, તેનો વ્યાઘાત થતો હતો. અપભ્રંશમાં બને પ્રકારના શબ્દો મળે છે. જેમકે શૌરસેની, પૈશાચી, માગધી આદિ ભેદો થયા છતાં પણ પ્રાકૃત એકજ હતી, તેવી રીતે શૌરસેની, અપભ્રંશ. પૈશાચી–અપભ્રંશ, મહારાષ્ટ્રી અપભ્રંશ આદિ થઇને એકજ અપભ્રંશ પ્રબલ થઇ. હેમચંદ્રે જે અપભ્રંશનું વર્ણન કર્યું છે તે શૌરસેનીના આધારપર છે. માર્કન્ડેયે એક 'નાગર' અપભ્રંશની ચર્ચા કરી છે કે જેનો અર્થ નગરવાસી, ચતુર, શિક્ષિત (ગામડીયાથી વિપરીત) લોકોની ભાષા યા ગૂજરાતના નાગર બ્રાહ્મણો, યા નગર (વડનગર, વૃદ્ધનગર)ના પ્રાંતની ભાષા થઇ શકે છે. ગૂજરાતની અપભ્રંશ–પ્રધાનતાની ચર્ચા આગળ આવશે, પરંતુ તેના તે નગરનું વડનગર યા નગર નામ પ્રાચીન નથી, તેથી 'નગરની ભાષા' એ અર્થ લેતાં માર્કંડેયના વ્યાકરણની પ્રાચીનતામાં શંકા થાય છે.

૨૦ રાજશેખરે કાવ્યમીમાંસામાં કેટલાક શ્લોકો એવા આપ્યા છે કે જેમાં બતાવેલ છે કે કયા દેશનો મનુષ્યકેવી રીતે સંસ્કૃત અને પ્રાકૃત બોલી શકે છે. અહીં આ પાઠશૈલીના વર્ણનની ચર્ચા કરવી ઘટે છે. આ વર્ણન રોચક પણ છે અને કેટલાક અંશે તે હજુસુધી સત્ય પણ

છે. ઉચ્ચારણની રીત એ પણ એક વિચારણીય વસ્તુ છે. તે કવિ કહે છે કે કાશીથી પૂર્વ તરફ જે મગધ આદિ દેશોના નિવાસ છે તે સંસ્કૃત ઠીક બોલે છે, પરતુ પ્રાકૃત ભાષામાં કુંઠિત છે, બંગાળીઓની હાંસી કરતાં તેણે એક જૂનો શ્લોક ઉદ્ધૃત કર્યો છે કે જેમાં સરસ્વતી બ્રહ્માને પ્રાર્થના કરે છે કે આપને એવી વિજ્ઞાપના કરૂં છું કે મને મારો અધિકાર છોડવાની ઇચ્છા થઈ છે–કાંતો ગૌડલોક ગાથા બોલવાનુ છોડી દે અને નહીં તો કોઇ બીજીજ સરસ્વતી બનાવી લ્યો. (**ब्रह्मन् विज्ञापयामि त्वां स्वाधिकारजिहासया, गौडस्त्यजतु वा गाथा मन्या वास्तु सरस्वती**)

૨૧ ગૌડ દેશમાં બ્રાહ્મણો ન અતિસ્પષ્ટ, ન અશ્લિષ્ટ, ન રૂક્ષ, ન અતિ કોમલ, ન મંદ અને ન અતિતાર–એવા સ્વરથી બોલે છે. ગમે તે રસ, રીતિ કે ગુણ હોય, પણ કર્ણાટ લોકો ઘમંડથી અતમાં ટંકારા દેતાં બોલે છે. ગદ્ય, પદ્ય કે મિશ્ર કોઇપણ જાતનું કાવ્ય હોય, પણ દ્રવિડ કવિ ગાઇનેજ બોલશે. સંસ્કૃતના દ્વેષી લાટ પ્રાકૃતને લલિત મુદ્રાથી સુંદર બોલે છે. સુરાષ્ટ્ર (સોરઠ–ગુજરાત–કાઠિયાવાડ), ત્રવણ (પશ્ચિમી રાજપૂતાના. જોધપુરના રાજા બાઉકના વિ. સં ૮૯૪ ના શિલાલેખમાં પોતાના ચોથા પૂર્વપુરૂષ શિલુકે ત્રવણી અને વલ્લદેશ સુધી પોતાના રાજ્યની સીમા બાંધી હતી એમ જણાવ્યું છે. આમાં વલ્લ દેશ તે ભાટીઓનું જેસલમીર છે, અને ત્રવણી તેની દક્ષિણનો દેશ હોવો જોઇએ) આદિ, સંસ્કૃતમાં અપભ્રંશના અંશ ભેળવી એકજ રીતે બોલે છે. શારદાના પ્રસાદથી કાશ્મીરીઓ સુકવિ થાય છે પરતુ તેનો પાઠક્રમ જોશો તો જાણે ગળાની પિચકારી છે. ઉત્તરાપથના કવિઓ બહુ સંસ્કારી છતાં પણ નાકમાંથી બોલે છે. પાંચાલ દેશવાળાના પાઠ તો કાનોમાં મધ વરસાવે છે તેનું તો બોલવું જ શું ? (**मार्गानुगेन निनदेन निधिर्गुणानां, संपूर्णवर्णरचनो यतिभिर्विभक्तः, पांचालमंडलभुवाः सुमनः कवीनां, श्रोत्रे मधु क्षरति किंचन काव्यपाठः ॥**)

૨૨ જૂની અપભ્રંશ સંસ્કૃત અને પ્રાકૃત સાથે મળતી છે, અને પાછળની અપભ્રંશ તે જૂની હિંદી–જૂની ગુજરાતીને મળતી છે. ઉપર બતાવી ગયા છીએ તે પ્રમાણે શૌરસેની અને ભૂતભાષાની ભૂમિ જ અપભ્રંશની ભૂમિ થઈ અને તેજ જૂની હિંદી–જૂની ગૂજરાતીની ભૂમિ છે. અતર્વેદ, વ્રજ, દક્ષિણી પંજાબ, ટક્ક, ભાદાનક, મરૂ, ત્રવણ, રાજપૂતાના, અવંતી, પરિયાત્ર, દશપુર અને સુરાષ્ટ્ર–અહીંની જે ભાષા તે એકજ મુખ્ય અપભ્રંશ હતી–જેવી રીતે પહેલાં દેશભેદ થતાં પણ એકજ પ્રાકૃત હતી. હમણાં અપભ્રંશના સાહિત્યનાં અધિક ઉદાહરણ મળ્યા નથી, તેમ તે ભાષાના વ્યાકરણ આદિપર હજુ પૂરૂં ધ્યાન આપવામાં આવ્યુ નથી.

૨૩ અપભ્રંશ ક્યાં સમાપ્ત થાય છે અને જૂની હિંદી–જૂની ગૂજરાતીનો કયાંથી આરંભ થાય છે તેનો નિર્ણય કરવો કઠણ છે પરંતુ તે રોચક અને અતિ મહત્ત્વનો છે. આ બે ભાષાઓના સમય અને દેશના સંબંધે કઇ સ્પષ્ટ લીટી દોરી શકાતી નથી. કેટલાંક ઉદાહરણ એવાં છે કે જેને અપભ્રંશ પણ કહી શકાય અને જૂની હિંદી–જૂની ગૂજરાતી પણ કહી શકાય. સસ્કૃત ગ્રથોમા તે લખાઈ તે કારણે અપભ્રશ અને જૂની હિંદી–જૂની ગૂજરાતીની લેખશૈલીની રક્ષા થઈ–નહિતો મુખસુખાર્થ લેખનશૈલીમાં બદલતી બદલતી એવી થઈ જાત કે તેને પ્રાચીન સમજવી અશક્ય થાત. તે પ્રાચીનશૈલીને હિંદી કે ગૂજરાતી ઉચ્ચારણાનુસરિણી શૈલીપર લખવામાં આવે (કે જે રીતે તે અવશ્ય બોલાતી હોય) તો અપભ્રંશ કવિતા કેવલ જૂની હિંદી કે જૂની ગુજરાતી થઈ જાય છે અને દુર્બોધ રહેતી નથી. આ પરથી એમ કહી શકાય નહિ કે જૂની હિંદી કે જૂની ગૂજરાતીનો કાલ ઘણો પાછળ હઠાડી શકાય. ઉપમાવાચક 'જિમિ' યા 'જિમ'–જિમ, જ્યમ, તેને આવી જૂની કવિતામાં 'જિમ્વૈં' લખેલો મળી આવે છે. તેના ઉચ્ચારણમાં પ્રથમ સ્વર સંયુક્તાક્ષરની આગળ હોવાથી ગુરૂ થઈ શકતો નથી (જિમ્મવ), કારણ કે જે છંદમાં તે આવ્યો છે તેનો ભંગ થાય

છે. આથી તેને ભલે ' જિબ્ભૈં ' લખ્યો હોય, પણ તેનો ઉચ્ચાર ' જિંવ ' થતો કે જે ' જિમ 'જ છે. સંસ્કૃત ' ઉત્પદ્યતે 'નું પ્રાકૃતરૂપ ' ઉપ્પજ્જઈ ' છે કે જે ઘસાતાં ' ઉપ્પજઇ 'ના રૂપમાં પરિણમે છે. હવે આ ' ઉપ્પજ્જઈ 'ને અપભ્રંશ માનવો કે જૂની હિંદી-જૂની ગૂજરાતી માનવો ? ' જઇ 'ને તેના ઉચ્ચાર અનુસાર લખવાથી ' ઉપજૈ ' થાય છે (સંયુક્ત પ કારને કારણે ઉની માત્રાની ગુરૂતા માનતાં ઊપજૈ ખરી રીતે થાય) કે જેને હમણાં હીંદી તરીકે પીછાનીએ છીએ અને ગૂજરાતીમાં ' ઉપજે ' એ રૂપ સ્વીકારીએ છીએ, અને આ રૂપ ' ઉપ-જ્જઈ, ઉપજઇ, ઉપજૈ ' ઊપજૈ, એમ કેટલી શતાબ્દીઓ સુધી ચાલુ રહ્યું છે.

૨૪ આ પુસ્તકોના લખનારા સંસ્કૃતના પંડિતો યા જૈન સાધુ હતા. સંસ્કૃત શબ્દોને તો તેમણે શુદ્ધિથી લખ્યા, તેમ પ્રાકૃતને પણ લખ્યા, પરંતુ આ કવિતાઓની લેખશૈલીપર ધ્યાન આપ્યું નહિ. કોઇ વખત જૂનું રૂપ રાખવા દીધુ, તો કોઇ વખત વ્યવહારમાં પરિચિત થયેલું નવું રૂપ મૂકી દીધુ. આ આગળના પાઠાંતરોથી જાણવામાં આવશે.

૨૫ આવી કવિતાને માટે જૂની હિંદી-જૂની ગૂજરાતી એ શબ્દ જાણીબુજીને વાપર્યો છે. જૂની ગૂજરાતી, જૂની રાજસ્થાની, જૂની પશ્ચિમી રાજસ્થાની આદિ નામ કૃત્રિમ છે અને વર્ત્તમાન ભેદને પાછળ વધારે ધકેલી બનાવવામાં આવ્યા છે. ભેદબુદ્ધિ દૃઢ કરવા સિવાય આનું ફલ પણ નથી. કવિતાની ભાષા પ્રાયઃ સર્વ જગ્યાએ એકજ જેવી હતી. જેવી રીતે નાનકથી લઈને દક્ષિણના હરિદાસો સુધીની ભાષા ' વ્રજભાષા ' કહેવાતી હતી, તેવીજ રીતે અપભ્રંશને જૂની હિન્દી-જૂની ગૂજરાતી કહેવી અનુચિત નથી, ભલે પછી કવિના દેશ-કાલ અનુસાર તેમાં કોઇ રચના પ્રાદેશિક હો.

૨૬ પછીના સમયમાં હિંદી કવિ સંત લોકવિનોદને માટે એક અર્ધું-પદ ગૂજરાતી યા પંજાબીમાં લખી પોતાની વાણિઓ ભાખામાં લખતા હતા-જેવી રીતે કંઇક શૌરસેની, પૈશાચીની છાંટ દઈ કવિતા મહારાષ્ટ્રી

પ્રાકૃતમાં જ થતી હતી. મીરાંબાઈનાં પદ જૂની હીંદી કે ગૂજરાતી કે મારવાડી કહેવાય? કવિની પ્રાદેશિકતા આવ્યા છતાં સાધારણ ભાષા 'ભાખા' કહેવાતી હતી. જેવી રીતે અપભ્રંશમાં ક્યાંક ક્યાંક સંસ્કૃતનો પુટ છે, તેવી રીતે તુલસીદાસજી રામાયણને પૂરવી ભાષામાં લખતાં લખતાં સંસ્કૃતમાં ચાલી ગયા છે (જેવી રીતે-કવિહિં અગમ જિમિ બ્રહ્મસુખ અહમમ-મલિનજનેષુ, રન જીતિ રિપુદલ મધ્યગત પસ્યામિ રામમનામયં ઇત્યાદિ)નાં છાપખાનાં, પ્રાંતિય અભિમાન, મુસલમાનોના ફારસી અક્ષરોનો આગ્રહ અને નવા પ્રાંતિક ઉદ્બોધન ન હોતતો હિંદી ભાષા અનાયાસે દેશભાષા બની જાત. અધિક છાપવા છપાવવા લખવાનુ ચાલ્યુ ને ઝગડાઓ થયા તેથી આ ગતિ અટકી.

૨૭ આજકાલ લોકો પૃથ્વીરાજરાસાની ભાષાને હિંદીનું પ્રાચીનતમ રૂપ માને છે; પણ કહેવુ જોઇએ કે અપભ્રંશની કવિતાઓને જૂની હિંદી-જૂની ગૂજરાતી કહી શકાય તો તે રાસાની ભાષાને રાજસ્થાની યા 'મેવાડી-ગૂજરાતી-મારવાડી-ચારણી-ભાટી' કહેવી ઘટે, હિંદી નહિ. વ્રજભાષા પણ હિંદી નથી અને તુલસીદાસજીની મધુર ઉક્તિઓ પણ હિંદી નથી.

૨૮ આ પુરાણી ભાષા અહીં કહીં વિખરેલી મળે છે-કોઈ મુક્ત શૃંગારરસની કવિતા, કોઈ વીરતાની પ્રશંસા, કોઇ ઐતિહાસિક વાત, કોઇ નીતિના ઉપદેશ, કોઈ લોકોક્તિ અને તે પણ વ્યાકરણના ઉદાહરણોમાં યા કથાપ્રસંગમાં ઉદ્ધૃત કરેલી; આનું ભાષાસાહિત્ય ઘણું હતું એમ જણાય છે. આમાં મહાભારત અને રામાયણની સંપૂર્ણ યા તેના આશ્રયપર બનેલી નાની નાની કથાઓ હતી. બ્રહ્મ અને મુંજ નામના કવિઓ મળી આવે છે. જેવી રીતે પ્રાકૃતનાં જૂનાં રૂપ પણ શૃંગારની ચટકદાર મુક્તક ગાથાઓમાં (સાતવાહનની સપ્તશતી), યા જૈન ગ્રંથોમાં છે, તેવી રીતે જૂની હિંદી-જૂની ગૂજરાતીના નમુના પણ શૃંગાર વા વીરરસના અથવા કથાઓમાં ચુંટાયેલા યાતો જૈન ધાર્મિક રચનાઓમાં મળી આવે છે. હેમચંદ્રજીને મોટી શાબાશી એ દેવાની છે કે તેમણે પ્રાકૃત

ઉદાહરણોમાં તો પદ યા વાક્યોના કટકાઓ જ આપ્યા, પરંતુ આવી કવિતાઓનાં તો પૂરા છંદ ઉદ્ધૃત કર્યા. આનું કારણ એવું જણાય છે કે જે પંડિતોને માટે તેમણે વ્યાકરણ બનાવ્યું તેઓ સાધારણ મનુષ્યોની 'ભાખા' કવિતાને સંસ્કૃત અને પ્રાકૃત કાવ્યને જેવી રીતે કંઠસ્થ કરતા હતા તેવી રીતે કરતા નહિ હતા.

૨૯ આવી કવિતાનો રાજા જેમ સંસ્કૃતમાં શ્લોક અને પ્રાકૃતમાં ગાથા તેમ દોહા છે. સોરઠા, છપ્પય, ગીત આદિ બીજા છંદ પણ છે, પરંતુ અહીં દોહા ને ત્યાં ગાથા એમ પુરાણી હિંદી–ગૂજરાતી અને પ્રાકૃતના ભેદ છે. 'દોહા'નું નામ કોઇ સસ્કૃતાભિમાનીઓએ 'દોધક' બનાવ્યું છે, કિન્તુ શાબ્દિક સમાનતાને મૂકી દઇએ તો તેમાં કઇ સાર લાગતો નથી અને સસ્કૃતમાં દોધક નામનો છંદ જૂદો હોવાથી આમાં ગોટાળો થાય છે. દોહા પદની નિરૂક્તિ બે એ સંખ્યા પરથી છે, જેમ ચોપાઇ અને છપ્પયની ચાર અને છ સખ્યા છે તેમ.—દો+પદ, દો+પથ, યા દો+ગાથા. પ્રબંધચિંતામણિમાં એક સ્થલે પ્રાકૃતનો 'દોધક' પણ આપ્યો છે. તે દોહા છદમાં જ છે. (પૃ. ૫૬, ૧૫૭).પૂર્વાર્ધ સપાદલક્ષ (અજમેર –સાંભર) ના રાજાએ સમસ્યાના રૂપમામોકલ્યું હતું અને ઉત્તરાર્ધની પૂર્તિ હેમચંદ્રે કરી હતી. (પૃ. ૧૫૭ પ્ર.ચિ 'પહલી તાવ ન અનુહરઇ, ગોરી મુહ કમલસ્સ, અદ્દિટ્ઠ પુનિ ઉન્નમઇ, પડિપયલી ચંદસ્સ.) પ્રબધ ચિંતામણિમાં જ એક સ્થળે બે ચારણોને 'દોહાવિઘયા સ્પર્ધમાનો' અર્થાત્ દોહા વિદ્યાથી હોડાહોડ કરતા જણાવ્યા છે. તેમની કવિતાઓમાં એક દોહા છે, એક સોરઠા, કિંતુ રચના 'દોહા વિદ્યા' એ નામથી જણાવી છે એ ખાસ ધ્યાન દેવા જેવું છે.

૩૦ જૂની હિંદી કે જૂની ગૂજરાતીનું ગદ્ય ઘણું ઓછું લખેલું મળે છે. પદ્ય બે રીતે થએલું છે–મુખથી તેમજ લેખથી. બન્ને રીતની રક્ષામાં–લેખકને હસ્તસુખથી અને વક્તાને મુખસુખથી એટલું પરિવર્તન થઇ ગયું છે કે મૂલ શૈલીની વિરૂપતા થઇ ગઇ છે. લખનારાઓ પ્રચલિત ભાષાના ગ્રંથો યા લોકપ્રિય કાવ્યોમાં 'માખીની માખી' એમ

લખતા નથી. પોતે જાણતા ન હોય છતાં નવાં રૂપો લખી મારે છે. 'તઇસિઇ' 'જુગુતિ' 'કાલસુભાઉ' 'અઉરઉ' તે બદલે ' તૈસેહિ ' ' યુક્તિ ' ' કાલસ્વભાવ ' 'ઔરો ' એમ કરી નાંખ્યું છે. જે કવિતા મુખની કાને, મુખથી કાને ચાલી આવે છે તેમા તો ઘણોજ ફેરફાર થઇ જાય છે. હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણના ૮મા અધ્યાયના ઉદાહરણોમાં એક 'અપભ્રંશ' યા જૂની હિંદી–ગૂજરાતીનો દોહો લઇએ. અપભ્રંશ અને જૂની હિંદી કે જૂની ગૂજરાતી વચ્ચે સીમારેખા ઘણી અસ્પષ્ટ છે, અને કહેવામાં આવશે તેમ જૂની હિંદી–જૂની ગૂજરાતીનો સમય ઘણો પૂર્વનો જણાશે.

૩૧. આ દોહો એ છે કેઃ—

વાયસુ ઉડ્ડાવન્તિઅએ, પિઉ દિટ્ઠુઉ સહસત્તિ;
અધ્ધા વલયા મહિહિ ગય, અધ્ધા ફુટ્ટ તડત્તિ.

(વિયોગીની કાગડાને ઉડાવવા લાગી કે મારો પિયુ આવે છે તો ઉડી જા. એટલામાં તેણીએ અચાનક પિયુને દીઠો. કાંતો તેણી વિયોગમાં એટલી દુબળી હતી કે હાથ લબાવતા જ અરધી ચુડીઓ જમીનપર પડી, અને કાંતો પ્રિય દર્શનના હર્ષથી એટલી વધી ગઇ કે બાકીની ચૂડીઓ તડ તડ ફુટી ગઈ.)

૩૨. ચારણોના મુખેથી કેલીટયે પેઢીઓ સુધી બોલતાં બોલતાં રાજપૂતાનામાં આ દોહાનું હાલ સાફ કરેલું રૂપ એ પ્રચલિત છે કેઃ—

કાગ ઉડાવણ જાન્તી, પિય દીઠો સહસત્તિ;
આધી ચૂડી કાગગલ, આધી ટૂટ તડિત્તિ.

આમાં નિશાન ઠીક લાગી ગયું, ચૂડીઓ જમીનપર ન પડતાં કાગડાના ગળામાં પહોંચી ગઈ, અને ચૂડી તૂટવાનું અપશુકન મટી ગયું.

૩૩. એજ વ્યાકરણમાંથી એક દોહો બીજો લઇએઃ—

પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ;
જા બપ્પીકી ભુંહડી, ચમ્પિજ્જઈ અવરેણ.

(એ પુત્રના જન્મથી શું લાભ અને મરી જવાથી શું ખોટ કે જેના રહેવાથી બાપની ધરતીપર બીજો અધિકાર કરી લે.

૩૪. આ દોહાનું પરિવર્ત્તન થતાં થતાં એવું રૂપ થઇ ગયું છે:—

બેટા જાયાં કવણુ ગુણુ, અવગુણુ કવણુ ધિયેણુ;
જો ઊભાં ધર આપણી, ગંજીજૈ અવરેણુ.

આમાં ધિયેણુ એટલે ધી–પુત્રીથી; ઊભાં=ઉભાં ઉભાં, ધર=પૃથ્વી, ધરા. ગંજીજૈ=ગંજન કરવામાં આવે, જીતવામાં આવે. આ પણ ધ્યાનમાં લેવા યોગ્ય છે કે મૂલ દોહામાં 'મુએલા પુત્રથી શું અવગુણુ?' એમ કહેવામાં આવ્યું છે, પરંતુ પાછળથી સ્ત્રી જાતિની પ્રત્યે અપમાન બુદ્ધિ વધી જવાથી અને તેને ઉત્તરાધિકાર ન હોવાથી 'ધી (=પુત્રી, સંસ્કૃત દુહિતૃ. પંજાબી ધી)થી શું અવગુણુ?' એમ થઇ ગયું છે. અસ્તુ. આવી દશામાં જે પુરાણી કવિતા યા ગદ્ય, સંસ્કૃત અને પ્રાકૃતનાં વ્યાકરણુ અને છંદ આદિના ગ્રથોમાં બચી ગયેલ છે તે પુરાણા વર્ણુ-વિન્યાસની રક્ષા સાથે તે સમયની ભાષાનુ વાસ્તવરૂપ બતાવે છે.

પ્રકરણુ બીજું.

પ્રાકૃત પ્રત્યે જૈનોની રૂચિ અને અપભ્રંશની વિશેષતાઓ.

૩૫ શ્રીયુત હીરાલાલ જૈન મનોરમા (ભાગ ૧–૪)માં 'જૈન સાહિત્યમેં હિન્દીકી જડ' એ નામના લેખના પ્રથમ ભાગમા જણાવે છે કે:—

"સંસ્કૃત ભાષા સ્વયં, સનાતનાગત પ્રાકૃતભાષાને શોધી બનાવવામાં આવી છે અને તે પ્રાકૃત ભાષાનો સ્વતંત્ર પ્રવાહ પછી પ્રાકૃત સાહિત્યમાં પ્રકટ થયો છે. 'સંસ્કૃત'નો તેના પર કંઇ પ્રભાવ અવશ્ય પડયો પરંતુ તેથી તે મૂલતઃ સંસ્કૃતોપપન્ન કહી શકાતી નથી. આ સ્વતંત્ર પ્રાકૃત–પ્રવાહ આગળ જતાં હજારો વર્ષ આજકાલની પ્રચલિત ભાષાઓમાં વ્યક્ત થયો છે. તે માટે આ ભાષાઓનો સાચો ઇતિહાસ અને સાચું વિજ્ઞાન જાણવા માટે આપણે પ્રાચીન પ્રાકૃત ભાષાઓ અને વિશેષતઃ નિકટવર્ત્તી ભૂતકાલની 'પ્રાકૃતો'નું પરિશીલન કરવું જોઇએ.

પાણિનિના સમયમાં સંસ્કૃત ભાષાનો કંઇ એવો પ્રભાવ બ્રાહ્મણ વિદ્વાનો પર જામ્યો કે તેઓએ સમયાનુસાર પ્રચલિત ભાષાઓની કંઇ પણ પરવા ન કરી. તેમણે તેને સાહિત્યનું રૂપ આપવાનો કંઇ પણ પ્રયત્ન કર્યો નહિ. હજારો વર્ષો સુધી તેઓ બરાબર કેવળ સંસ્કૃતનું જ પઠન પાઠન અને સાહિત્ય-વર્દ્ધન કરતા રહી તેમાં દત્તચિત્ત રહ્યા. તેઓને પ્રાકૃતભાષાઓ પર કંઇક ઘૃણા જેવું થઇ ગયું. આ પ્રવૃત્તિ કેટલાક પંડિતોમાં આજસુધી વિદ્યમાન છે, અને શાસ્ત્રાર્થ આદિમાં તેઓ કહેવા લાગે છે કે 'भाषारचनया: किं प्रयोजनम्.' આવી અવસ્થામાં જો કેવલ બ્રાહ્મણ સમાજનાજ શિરે અત્યાર સુધી દેશની સાહિત્યરક્ષાનો ભાર રહેત—જેવી રીતે આજથી કંઈ અઢી હજાર વર્ષ પૂર્વે સુધી રહ્યો હતો—તો આપણને અવશ્ય દેશની આધુનિક ભાષાઓના ઉદ્દગમસ્થાન [ઉત્પત્તિ સ્થાન) નો કંઇ પત્તો લાગત નહિ[1], પરંતુ આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે બે અન્ય (બ્રાહ્મણેતર) સમાજોએ દેશની સાહિત્ય રચનામાં ભાગ લેવાનો પ્રારંભ કર્યો—જેથી પ્રાકૃત ભાષાની રક્ષા થઇ શકી. વિક્રમની પૂર્વે ચોથી પાંચમી શતાબ્દિમાં પૂર્વભારતમાં પ્રચલિત ભાષાનું જ્ઞાન આપણને બૌધ્ધોનાં 'પાલી' ગ્રંથોથી થાય છે. પરંતુ આ સાહિત્ય પણ આપણને અધિક આગળના વખત માટે સહાયક નથી થતું, કારણ કે એક તો બૌદ્ધ સાહિત્યની 'પાલી' ભાષા પણ સ્થિર રૂપ થઇ ગઈ હતી, અને બીજું બૌદ્ધ ધર્મનું આધિપત્ય પણ લગભગ એક હજાર વર્ષના મહત્ત્વપૂર્ણ ઇતિહાસની પછી તેની જન્મભૂમિ ભારતમાંથી ચાલી ગયું.

૩૬. વિક્રમની પૂર્વે પાંચમી શતાબ્દિથી આજ સુધી મુખ્ય મુખ્ય ભારતીય ભાષાઓને સાહિત્ય દ્વારા જીવિત રાખવાનું શ્રેય જૈન આચાર્યોને છે. તેઓએજ પ્રાકૃત ભાષાઓને પોતાના ધર્મપ્રચારનું વાહન બનાવી તેને સાહિત્યનું રૂપ આપ્યું. આખું બ્રાહ્મણ સાહિત્ય જોઇ લઇએ તેમાં

---

૧ ડૉક્ટર જેકોબીએ યોગ્ય કહ્યું છે કે 'Had it not been for the Jains, we would never have known what Prakrit Literature was.'—જૈનો વગર આપણે પ્રાકૃત સાહિત્ય શું હતું તે કદી પણ જાણી શકત ન હત.

રાજશેખર (કે જેનો ઉલ્લેખ પૃ. ૫. ઉપર કરવામાં આવ્યો છે) જેવા ગણ્યા ગાંઠયા ઉદાહરણુ એવા કવિઓનાં મળશે કે જેઓએ પ્રાકૃતભાષાની પ્રત્યે કંઇ સાચી સહાનુભૂતિ પ્રકટ કરી હોય અને તેને અપનાવી હોય. બાકીના સર્વ તરફથી તેને તે '**भाषारंडायाः किं प्रयोजनम्**' નો શુભાશીર્વાદ મળ્યો છે. અલબત નાટક ગ્રંથોમાં અવશ્ય કંઈ પ્રાકૃતનાં વાકય મળે છે. ભાસ, શૂદ્રક, કાલિદાસ, ભવભૂતિ આદિ સર્વ મહાકવિઓએ પોતાનાં નાટક કાવ્યોમા થોડી ઘણી પ્રાકૃતની રચના કરી છે પરંતુ સ્વ. પં૦ ચંદ્રધર શર્મા ગુલેરીએ કહ્યું છે કે તે વિશેષે કરી 'કેવલ પંડિતાઉ યા નકલી યા કૃત્રિમ પ્રાકૃત છે કે જે સંસ્કૃતમા મુસદ્દો બનાવી પ્રાકૃત વ્યાકરણના નિયમોથી 'ન'ની જગ્યાએ 'ણ' અને 'ક્ષ'ની જગ્યાએ 'ખ' મૂકી સંચા પર રાખી બનાવી દીધેલી છે. તે સંસ્કૃત રૂઢિ પ્રયોગના નિયમાનુસાર કરેલું રૂપાંતર છે, પ્રાકૃત ભાષા નથી' (નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૧ અંક ૨ પૃષ્ઠ ૮). આની રચના નાટકોને સર્વથા અસ્વાભાવિક બને તેમાંથી બચાવવા માટે કરેલી છે. આ કારણે તેનાથી કોઇ પણ સમયની પ્રચલિત ભાષાનો યથાર્થ બોધ નથી થતો. કેવલ જૈન સાહિત્યજ ભિન્ન ભિન્ન કાલની પ્રાકૃત ભાષાઓને સ્પષ્ટરૂપે વ્યક્ત કરે છે.

૩૭. જૈન આચાર્યોની પ્રાકૃત ભાષાઓ પ્રત્યે કેવી ભક્તિ રહી છે, તેમા તેમનો કેટલો ઉત્સાહ છે, અને કયા અભિપ્રાય-ઉદ્દેશથી તેઓએ આ ભાષાઓને પોતાના ઉત્સાહનુ અવલબન બનાવી એ એક પ્રાચીન કથાથી સારી રીતે પ્રકટ થઇ જશે. વિક્રમાદિત્યના સિદ્ધસેન નામના એક મહા તર્કવાદી બ્રાહ્મણુ વિદ્વાન્ થયા છે. તેમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે જે કોઇ મને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરશે તેનો હું શિષ્ય થવાનું સ્વીકારીશ. એકવાર ભૃગુકચ્છપુર (ભરૂચ)માં તેનો એક 'વૃદ્ધવાદિ' નામના જૈન ગુરૂ સાથે ભેટો થયો અને તે તેની સાથે શાસ્ત્રાર્થમાં પરાજિત થઇ ગયો. પોતાની પૂર્વપ્રતિજ્ઞાનુસાર સિદ્ધસેનને તેના શિષ્ય થવું પડયું. તેને જૈન સિદ્ધાન્તના અધ્યયનનો આરંભ કરી દીધો, પરંતુ જૈન સિદ્ધાન્ત પ્રાકૃત ભાષામાં હતાં અને તેને પોતે બ્રાહ્મણુ હોવાથી પ્રાકૃતપર

કંઇક ઘણા હતી. આથી તે ગર્વમાં આવી બોલી ઉઠયો કે હું આ સમસ્ત સિદ્ધાન્તને આ ગ્રામ્ય ભાષામાંથી સંસ્કૃતબદ્ધ કરીશ. વૃદ્ધવાદિ ગુરૂને પ્રાકૃતની આવી નિન્દા અસહ્ય હતી. તેમણે કહ્યુંઃ "બાલ, સ્ત્રી, મન્દ, મૂર્ખ આદિ સર્વે ચરિત્રના આકાંક્ષીઓના ઉપકારાર્થે તત્ત્વજ્ઞોએ સિદ્ધાંતને પ્રાકૃતમાં રાખ્યા છેઃ--

बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकांक्षिणां ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥

તમે પ્રાકૃતની નિન્દા કરી ઘોર પાપ કર્યું." પછી તેમણે આ આ પાપને માટે [2]સિદ્ધસેન દિવાકરને બાર વર્ષ સુધી મૌન રહી પરિભ્રમણ કરવાનું 'પારાંચિક' નામનું પ્રાયશ્ચિત્ત આપ્યુ. આથી વિદિત થાય છે કે જૈન આચાર્ય પ્રાકૃતને કેટલું ઉચ્ચું સ્થાન આપતા હતા. વિશેષ અગાઉ પૃ. ૫ થી ૮ ઉપર કહેવાયું છે)

૩૮ વિક્રમ સંવત્ થી ત્રણ ચાર સૈકા પહેલાં, પૂર્વ અને ઉત્તર ભારતમાં પ્રચલિત[3] માગધી અને અર્ધ-માગધી ભાષાઓના જ્ઞાનને માટે

---

૨ સિદ્ધસેન દિવાકર અન્ય કોઈ નહિ પણ વિક્રમાદિત્યની સભાનાં નવરત્નો પૈકી 'ક્ષપણક' હતા. એવું ડા. સતીશચન્દ્ર વિદ્યાભૂષણનું અનુમાન છે જુઓ તેનો ગ્રંથ નામે Midaeval School of Indian Logic. જૈન કથાઓમાં એ પ્રસિદ્ધ છે કે તેણે મજકુર પ્રાયશ્ચિત્ત પૂરું કરતી વખતે પરિભ્રમણ કરતાં કરતાં દિવાકરજી ઉજ્જૈન આવી પહોંચ્યા ને ત્યાં 'મહાકાલ'ના મંદિરમાં એક અતિશય બતાવી તેમણે વિક્રમાદિત્ય રાજાને જૈન બનાવ્યો.

૩ આ ભાષાઓ સંબંધે વાંચો વિચારો પંડિત બહેચરદાસજીના લેખ (૧) ગૂજરાતી ભાષા (આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૫ ની પ્રસ્તાવના) (૨) જૈન આગમ સાહિત્યની મૂળ ભાષા કઇ-અથવા અર્ધ માગધી એટલે શું (જૈન સાહિત્યસંશોધક ભાગ ૧ અંક ૧) (૩) પ્રાકૃત ભાષા અને સાહિત્ય (આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા પૃ. ૧૯૫ થી ૨૩૧) (૪) અર્ધ માગધી ભાષા (પુરાતત્ત્વ પુ. ૩ અંક ૪ પૃ. ૩૪૬ થી ૩૬૬) (૫) તેમનું પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ [પ્ર૦ ગૂજરાત વિદ્યાપીઠ] તથા [૬] મુનિ શ્રી કલ્યાણવિજયજીના લેખ નામે માગધી ભાષા [જૈનયુગ પુ. ૧ અંક ૧ અને ૨]

આપણે જૈન શ્વેતામ્બર સંપ્રદાયનાં સૂત્ર ગ્રંથોનું અવલોકન કરવું જોઇએ. આ ગ્રંથો વિક્રમની પાંચમી શતાબ્દિમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપદે સૌરાષ્ટ્ર-વલ્લભીપુરમાં મળેલી જૈન પરિષદ્‌માં લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. આ કારણે તેની ભાષા કંઇક વિકૃત થઇ છે તોપણ તે વિક્રમપૂર્વની કેટલીક શતાબ્દિઓની ભાષા સમજવામાં ઘણી સહાયક થઇ શકે છે આ કાલની ભાષાનું રૂપ બૌદ્ધોના 'પાલી' ગ્રંથો અને અશોકની ધર્મલિપિઓથી પણ થોડું ઘણું જ્ઞાત થાય છે. આથી અગાઉ વિક્રમ સંવતુના પ્રારંભથી સાતમી આઠમી શતાબ્દ સુધીની ભાષાઓના જ્ઞાન માટે આપણે દિગમ્બર અને શ્વેતામ્બર આચાર્યોના રચેલા શૌરસેની, મહારાષ્ટ્રી અને મિશ્રિત પ્રાકૃતના અનેક ગ્રંથોને જોવા ઘટે. આ સર્વગ્રંથ ગાથાબદ્ધ છે અને તેનો વિષય ધાર્મિક છે. દિગમ્બર જૈનોનાં કુન્દકુન્દાચાર્ય સ્વામી કાર્તિકેય વધકેર આદિ કવિઓના ઘણાક ગ્રંથ તેમજ શ્વેતામ્બરાચાર્ય વિમલસૂરિનું પઉમચરિયમ્ હરિભદ્રસૂરિની સમરાઇચ્ચ કહા, દાક્ષિણ્યાંકસૂરિની કુવલયમાલા રચ્યાં સં. ૮૩૫ આદિ ગ્રંથ આ કાલની ભાષાના વિજ્ઞાનને માટે અત્યન્ત ઉપયોગી છે. નવમીથી સોલમી શતાબ્દિ સુધી જૈન આચાર્યો દ્વારા રચેલા સેંકડો ગ્રંથ એવા છે કે જે દેશની આધુનિક ભાષાઓ-હિન્દી, ગૂજરાતી, મારવાડી, મરાઠી આદિના ઇતિહાસ અને વિજ્ઞાન માટે ઘણા ઉપયોગી છે એટલુંજ નહિ પરન્તુ બહુ આવશ્યક છે. આ અધિકાંશે કથાવિષયક હોવાથી સર્વને માટે રૂચિકર થઇ શકે તેમ છે, અને તેનાથી દેશની તાત્કાલિક ઘણી ઐતિહાસિક સામગ્રી પણ એકઠી કરી શકાય તેમ છે. અપભ્રંશ શબ્દ ઘણો ભ્રમોત્પાદક છે. તેથી જે 'અપભ્રંશ'થી અહીં તાત્પર્ય છે તેને સ્પષ્ટ કરી દેવો આવશ્યક પ્રતીત થાય છે, 'અપભ્રંશ'નો શબ્દાર્થ વિકૃત ભ્રષ્ટ અથવા બગડેલી થાય છે. આ શબ્દ ઘણા કાલથી એક ખાસ 'પ્રાકૃત' ભાષાનો બોધક થયેલો છે. વરરૂચિ 'પ્રાકૃત-પ્રકાશ' નામના વ્યાકરણમાં તો 'અપભ્રંશ' ભાષાનો ઉલ્લેખ આવ્યો નથી પરંતુ આજથી લગભગ બે હજાર વર્ષ પૂર્વના એક પ્રાકૃત વ્યાકરણના કર્તા જૈનાચાર્ય 'ચંડ' આ

ભાષાનો ઉલ્લેખ કર્યો છે અને તેનું વિશેષ લક્ષણુ કેવલ એક સૂત્રમાં આપ્યું છે. (જુઓ ડા. આર. હોર્નલ સંશોધિત કલકત્તા ૧૮૮૦ વાળી પ્રાકૃત લક્ષણુની આવૃત્તિમાં પ્રસ્તાવના તથા મૂળ-**न लोपोऽपभ्रंशेऽधो रेफस्य** ૩-૩૨૦ પરંતુ ડા. ગુણે ચંડનો કાલ ઈ. સ. છઠા સૈકા પછીનો આપે છે.) કિન્તુ આ અપભ્રંશ અને નવમી દશમી શતાબ્દિની અપભ્રંશમાં બહુ અંતર છે. ડૉ. હૉર્નલનું અનુમાન છે કે 'ચંડના સમયની 'અપભ્રંશ'ના ઉદાહરણ રૂપે આપણે અશોકની જે પ્રશસ્તિઓ શાહબાજગઢી અને 'મન્સહરા'ની શિલાઓ પર ખોદેલી મળે છે અને જેની ભાષાને સર કનિંગહામે ઉત્તરી-ભાષા (northern dialect) કહી છે તે પ્રશસ્તિઓને ગણી શકાય તેમ છે. આ ભાષા થોડી ઘણી માગધીનાજ જેવી છે. વિશેષ ભેદ કેવલ એટલોજ હતો કે માગધીમાં 'ર' ને સ્થાને 'લ' આદેશ થતો હતો પરંતુ અપભ્રંશમાં 'ર' જ રહેતો હતો. પરન્તુ નવમી શતાબ્દિના પછીની અપભ્રંશ પ્રાકૃતમાં કેટલીક એવી વિશેષતાઓ છે કે જે તેથી પૂર્વની પ્રાકૃત ભાષાઓમાં જણાતી નથી.

૩૯. આ વિશેષતાઓ મુખ્યપણે ચાર છે.

(૧) કારક અને ક્રિયા વિભક્તિઓની ઘણી ખરી મન્દતા. ક્રિયાપદોમાં રૂપ બનાવવામાં પ્રત્યયો લગાડવાની મંદતા. ભાષા લગભગ પ્રત્યય વગરની વલણુ પકડતી જાય છે.

(૨) ઘણા એવા દેશી શબ્દો અને રૂઢ શબ્દોનો પ્રયોગ કે જેના સમાન-રૂપ શબ્દો સંસ્કૃતમાં મળતા નથી.

(૩) ઘણા નવા છંદો ઉદ્‌ભવે છે. બીજી પ્રાકૃતમાં આર્યા-ગાથા કે શિષ્ટ સંસ્કૃત છંદો સિવાયના અન્ય છંદો સામાન્ય રીતે દેખાતા નથી પણ અપભ્રંશમાં અસંખ્ય નવા છંદો વપરાયા અને તે અક્ષરમેળ છંદો વપરાયા-માત્રામેળ છંદો કે જે વૈદિક કવિતામાં જોવામાં આવે છે તે નહિ. આ અસખ્ય નવા છંદોનાં લક્ષણો તથા ઉદાહરણો 'પ્રાકૃત-પિંગલમાં મળી આવે છે.

(૪) પ્રાસબંધ છંદનો પ્રાદુર્ભાવ. તેવા પ્રાસાનુબંધ છંદ પહેલી વખતજ અપભ્રંશમાં મળી આવે છે.[૪]

આમાંની પહેલી અને બીજી વિશેષતાઓ તો કેટલેક અંશે તેનાથી પૂર્વની પ્રાકૃત ભાષાઓમાં મળી આવે પણ ચોથી વિશેષતાનું ઉદાહરણ તેનાથી પૂર્વે મળતું નથી.

પ્રાસાનુબંધ છંદનો પૂર્ણ વિકાસ આધુનિક ભાષાઓમાંજ જોવામાં આવે છે. કેટલાક લોકોનો એવો ખ્યાલ છે કે પ્રાસાનુબંધ છંદનો પ્રયોગ ભારતીય કવિઓએ મુસલમાનો પાસેથી લીધો છે. આ મતથી વિરૂદ્ધ આ સમયે કંઇ પણ નિશ્ચિત રીતે કહી શકાતું નથી, પણ સંસ્કૃત અલંકાર નામે પાદાન્તયમકમાંથી તેનો જન્મ થયો હોય તે વિશેષ સંભવિત છે. વિક્રમની છઠ્ઠી સાતમી સદીની પૂર્વથીજ અરબ નિવાસીઓનું પશ્ચિમ ભારતમાં ઘણું આવાગમન થયું છે. મહમદ બિન કાસમની ગૂજરાત પર ચડાઇ ઇ. સન ૭૦૭ માં થઇ હતી અને અત્યાર સુધી પ્રાપ્ત થયેલ અપભ્રંશ ભાષાનું સાહિત્ય, દેશના આ ભાગ–ગૂજરાતના કવિઓ દ્વારા રચાયેલું સિદ્ધ થાય છે, આ વાતનો બરાબર નિર્ણય કરવા માટે આપણે આપણા સાહિત્યની પૂર્ણ મીમાંસા કરવી જોઇએ અને આ વાતનો પણ નિકાલ કરવો જોઇએ કે મુસલમાની સાહિત્યમાં પ્રાસાનુબંધ કવિતાનો પ્રચાર ક્યારથી જણાય છે. આ પ્રશ્ન ઘણો મહત્વનો છે."

પ્રકરણ ત્રીજું.

અપભ્રંશ અને તેની જીવંતતા.

૪૦. સ્વ. સાક્ષર ચીમનલાલે અપભ્રંશ એ મથાળા નીચે 'સાહિત્ય' માસિકમાં લખતાં જણાવ્યું હતુ કેઃ—

---

૪ ક્લિષ્ટ સંસ્કૃતનાં પ્રાસાનુબંધ છંદનો મળતો એકજ પ્રકાર પાદાન્તયમક નામના અલંકારમાં મળી આવે છે (દંડિના કાવ્યાદર્શ પ્રકરણ ૩ પારાગ્રાફ ૪૧. ૪૪) એ સંભવિત છે કે આ અલંકારમાંથી પ્રાસ મેળવવાનું જન્મ્યું હોય.

"વૈયાકરણોએ ૭ મુખ્ય ભાષાઓ ગણાવી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પિશાચિકા, માગધી અને સૂરસેની.

संस्कृतं प्राकृतं चेवापभ्रंशोथ पिशाचिका ।
मागधी सूरसेनी च भाषाः षट् संप्रकीर्तिताः ॥

વાગ્ભટ્ટાલંકારમા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પિશાચિકા (ભૂત-ભાષિત) એમ કાવ્યની શરીરભૂત ચાર ભાષાઓ ગણેલી છે.

संस्कृतं प्राकृतं तस्यापभ्रंशो भूतभाषितम् ।
इति भाषाश्चतस्रोपि यान्ति काव्यस्य कायताम् ॥ २–१

અહીંઆ **अपि** શબ્દથી ટીકાકારો **मागधी** અને **सूरसेनी**નો અંતર્ભાવ કરે છે. **एका भाषा अपभ्रंशः हरिविजयादि...चतस्रोपि भाषा=काव्यशरीरप्राप्ता इत्यर्थः** જે જે દેશોમાં અપર ભાષાથી અમિશ્રિત શુદ્ધ ભાષા તે અપભ્રંશ એવી વ્યાખ્યા વાગ્ભટ્ટ આપે છે.

अपभ्रंशस्तु तच्छुद्धं यद्यद्देशेषु भाषितम् ।

તે તે કર્ણાટ પાંચાળાદિ દેશોને વિશે બોલાતી શુદ્ધ બીજી ભાષાથી અમિશ્રિત ભાષા તે અપભ્રંશ. જે દેશને વિષે સ્વભાવથી જે ભાષા બોલાય છે તે અપભ્રંશ. માગધી અને સૂરસેનીનો પણ આમાંજ અંતર્ભાવ થાય છે.

यत्तेषु तेषु कर्णाटपाञ्चालादिषु देशेषु शुद्धमपरभाषादिभिरमिश्रितं भाषितं सोपभ्रंशः । यस्मिन्देशे स्वभावतो या भाषोच्यते सोपभ्रंशो भवतीत्यर्थः । मागधी सूरसेनी चात्रैवान्तर्गता ॥

૪૧. વાગ્ભટ્ટના કાવ્યાનુશાસન ઉપર ભટ્ટારક નરેન્દ્રકીર્ત્તિના શિષ્ય

શ્રેષ્ઠિ પોમરાજના પુત્ર વાદિરાજની ટીકામાં ૨૭ અપભ્રંશ ભાષાઓ ગણાવી છે.

व्राचंडो लाटवैदर्भावुपनागरनागरौ ।
बार्बरावंत्यपांचालटाकमलयकैकयाः ॥
गौडोद्रद्व पाश्चात्यपांड्य कौंतलसिंहलाः ।
कालिंगप्राच्यकर्णाटकांच्य द्राविडगौर्जराः ॥
आभीरो मध्यदेशीयः सूक्ष्मभेदव्यवस्थिताः ।
सप्तविंशत्यपभ्रंशा वैडालादिप्रभेदतः ॥

આ શ્લોકો ટીકાકારે કયા ગ્રંથમાંથી લીધેલા છે તે જણાવેલું નથી, તેજ ટીકાકારે પિશાચિકાના ૧૧ ભેદ ગણાવેલા છે.

कांचीदेशीयपांड्ये च पांचालं गौडमागधम् ।
व्राचंडं दाक्षिणात्यं च सौरसेनं च कैकयम् ॥
शावरं द्राविडं चैव एकादश पिशाचजाः ।

આ ઉપરથી જણાય છે કે એકજ દેશમાં (ઉદાહરણ તરીકે **व्राचंड**) **અપભ્રંશ** અને પૈશાચિકા બન્ને ભાષાઓ બોલાતી હતી. **पैशाचिका** એ પિશાચોની—ભૂતોની ભાષા હતી. એટલે તે દેશોની મુખ્ય ભાષા અપભ્રંશ હશે, પરતુ પિશાચ લોકો પૈશાચિકા બોલતા હશે. માર્કંડેયના પ્રાકૃત સર્વસ્વમાં તથા કૃષ્ણમિશ્રની પ્રાકૃત ચન્દ્રિકામાં પણ ઉપરના અપભ્રંશ સંબંધી શ્લોકો ઉતારેલા છે.

૪૨. માર્કંડેય આ સતાવીશ ભેદોમાંથી **व्राचंड, उपनागर** અને **नागर**ને મુખ્ય ગણીને બીજાઓને સૂક્ષ્મ ભેદને લીધે પૃથક્ ગણેલા નથી. ઉપરના ત્રણ મુખ્ય અપભ્રંશોનુ તેણે વર્ણન કરેલુ છે અને બીજાઓની તો ફક્ત ખાસીયતો જણાવી છે.

ગૌર્જરિ અપભ્રંશ ભાષાનો વિશેષ એટલો જણાવ્યો છે કે તે સંસ્કૃત શબ્દોથી ભરપુર છે અને ટાક્ક ભાષાની સાથે તે નિકટ સંબંધ ધરાવે છે.

संस्कृताढ्या च गौर्जरी । चकारात् पूर्वोक्तटक्कभाषाग्रहणम् ॥

व्राचंड અપભ્રંશ સીંધમાં બોલાતો હતો એવું માર્કંડેય કહે છે. પરંતુ **નાગર, ઉપનાગર** અને **ટક્ક** ક્યાં વપરાતાં હતાં તે જણાવ્યું નથી. નાગર અપભ્રંશ નગરકોટના પ્રદેશમાં બોલાતો હશે, અને ઉપ-નાગર તે પ્રદેશના નજીકના ભાગની ભાષા હશે. ટાક્કી ભાષા ઉત્તર પંજાબમાં ટક્ક દેશની ભાષા હતી. (જ. રૉ. એ. સોસાયટી અકટો. ૧૯૧૩ પૃ. ૮૭૫–૮૮૩) માર્કંડેયના નાગર અપભ્રંશ અને હેમા-ચાર્યના સૌરસેન અપભ્રંશને ઘણું મળતાપણું છે. આ ઉપરથી ડૉ. ગ્રીઅર્સન એમ ધારે છે કે **નાગર** અપભ્રંશ તે ગૂજરાતમાં બોલાતી ભાષા હશે, અને **ઉપનાગર** અપભ્રંશ ગૂજરાત અને સિંધની વચ્ચેના પ્રદેશ–**પશ્ચિમ** રજપૂતાના અને દક્ષિણ પંજાબના ભાગમાં બોલાતો હશે.

હવે અગ્યારમા શતક સુધી અપભ્રંશ ભાષા જીવંત હતી તેના પુરાવા આપીશું. કઇ ભાષા ક્યારે મરણ પામી, એટલે કે તે બોલવાનો વ્યવહાર તૂટી ગયો એ સંબંધી પ્રત્યક્ષ પુરાવા મળવા ઘણા વિકટ હોય છે, તેમ તે મરણ પામ્યાથી તેનું સાહિત્ય નિર્માણ થઇ શકે છે ઇત્યાદિ વાત જરા દુર્ઘટ છે, તોપણ સુદૈવે અપભ્રંશના સંબંધમાં આપણને પ્રત્યંતર પુરાવા પણ મળે છે.

(૧) અગાઉ પૃ ૯ ઉપર ટુંકમાં જણાવ્યું છે તેમ વિશેષપણે જણાવતાં રાજશેખર પોતાના કાવ્યમીમાંસામાં (ગાયકવાડ ઓરિએંટલ સીરીઝ પા. ૫૪, ૫૫) પોતાના કવિ–રાજની કાવ્ય પરીક્ષાની સભા કેવી હોવી જોઈએ એ સંબંધમાં લખતાં જણાવે છે કે—

मध्येसभं...वेदिका । तस्यां राजासनम् । तस्य चो-त्तरतः संस्कृताः कवयो निवेशयेरन् । ततः परं वेदविद्याविदः

प्रामाणिकाः पौराणिकाः स्मार्ता भिषजो मौहूर्तिका अन्येपि तथाविधाः । पूर्वेण प्राकृताः कवयः । ततः परं नटनर्तकगायनवादक वाग्जीवन कुशीलवतालवचरा अन्येपि तथाविधाः । पश्चिमेनापभ्रंशिनः कवयः । ततः परं चित्रलेप्यकृतो मणिक्यबंधक वैकेटिकाः स्वर्णकार वर्धकिलोहकारा अन्येपि तथाविधाः । इ०

—એટલે મધ્યે રાજ્યાસન, તેની ઉત્તરે સંસ્કૃત કવિ, અને તેની પાસે વૈદિક, નૈયાયિક, પૌરાણિક આદિ પંડિત લોક, પૂર્વે પ્રાકૃત કવિ અને તેની પાસે નટ, નાચનારા, ગાનારા, વગાડનારા આદિ કલાવન્ત લોક. પશ્ચિમે અપભ્રંશ કવિ અને તેની પાસે ચિત્ર કરનાર–રંગ પૂરનાર, રત્નકાર આદિ કસબી લોક અને સોની, સુતાર, લુવાર આદિ કાર–કારીગર ઇત્યાદિ.

૪૪. આ સભાની રચના કાલ્પનિક હોય તો પણ પ્રત્યેક સાહિત્ય ભાષાના કવિની પાછળ તે ભાષા જેઓમાં વ્યવહાર સાધન રૂપે બોલાતી લાગે છે તેના લોક રાજશેખરે બેસાડયા છે, એ તે પરથી સ્પષ્ટ જણાય છે. સંસ્કૃત કવિ પાછળ પંડિતોનું પૂર, પ્રાકૃતિ કવિ પાછળ જે નાટકમાં પ્રાકૃત વપરાય છે તેનો લગતા નટાદિનું મૂકવું, અને અપભ્રંશ કવિ પછવાડે માત્ર વણિગ્વર્ગ અને કારીગર આદિનો વર્ગ–અર્થાત્ સામાન્ય જનસમૂહ–એમ બેસાડવાથી ઔચિત્ય સાધ્યું છે. એમ ન હત તો વ્યાપારી વર્ગ અને ધંધાદારી લોક સંસ્કૃત કવિ પછવાડે શા માટે ન બેસાડયા અથવા નટ નર્ત્તકાદિ કલાવંતોના વર્ગને અપભ્રંશ કવિની પાછળ કેમ સ્થાન ન આપ્યું? એવા પ્રશ્નોનો બીજો સમર્પક ઉત્તર નથી. આ પરથી રાજશેખરના સમયમાં સામાન્ય જનસમૂહની બોલી અપભ્રંશ હોવાથી તેમનું તેજ ભાષામાં સાહિત્ય હતું એમ માનવામાં હરકત નથી. રાજશેખર ઇ. સ. નવમા શતકના છેવટમાં અને દશમાના આરંભમાં થઇ ગયા.

૪૫. (૨) રૂદ્રટના રૂદ્રટાલંકારના ૨–૧૧ સૂત્ર નામે '**संस्कृतं प्राकृतं**

चान्यदपभ्रंश इति त्रिधा' એ શ્લોક પર પોતાની વૃત્તિમાં ટીકાકાર જૈન નમિ સાધુએ અપભ્રંશના જુદાજુદા ભેદ બતાવી તેના લક્ષણ સંબંધે જણાવ્યું છે કે '**तस्य च लक्षणं लोकादेव सम्यगवसेयम्**'— એટલે તેનું લક્ષણ લોકો પાસેથી-માંથી જ સારી રીતે સમજી લેવું. પ્રાકૃત સંબંધે બોલતાં તેનુ લક્ષણ '**ग्रंथान्तरादवसेयं**'-બીજા ગ્રંથોમાંથી જાણી લેવું એમ તે જણાવે છે; આ પરથી '**लोकात्**' એટલે પ્રત્યક્ષ લોકવ્યવહાર પરથી, એવું કહેવાનો તેનો ઉદ્દેશ જણાય છે તે સ્પષ્ટ છે. નમિ સાધુ ઇ. સ. અગ્યારમા શતકના મધ્યમાં થઈ ગયા. તેના સમયમાં અપભ્રશ જીવંત હોવા સિવાય તે '**तस्य च लक्षणं लोकादवसेयं**' એમ કહે નહિ. આ પરથી અપભ્રંશ ભાષા અગ્યારમા શતકના મધ્ય સુધી ખાસ જીવંત હતી એ કહેવામાં હરકત નથી.

૪૬. (૩) હેમચન્દ્રાચાર્યે પોતાના પ્રાકૃત વ્યાકરણના અપભ્રંશ પ્રકરણમાં જે અપભ્રંશનાં ઉદાહરણો અપભ્રંશ કવિતામાંથી આપ્યાં છે તેમાંથી બે મહત્ત્વનાં છે.

(અ) 'બાહ વિછોડિવિ જાહિ તુહુ, હઉં તેવઇં કો દોસુ,
હિઅઅટ્ઠિઉં જઇ નીસરહિ, જાણઉં મુંજસું રોસુ,

—(એકમેકના) હાથ છોડી તું જાય છે. તેમ હું પણ જાઉં છું, (તેમા) કેનો દોષ? પણ હૃદયમાંથી તુ જો નીસરી જશે, તો પછી મુંજનો મારા પર રોષ છે એમ હું જાણીશ.

૪૭. આમાં મુંજરાજા પર ફિદા થયેલી તરૂણીના તેને અનુલક્ષીને શબ્દો છે. આમાં તેની પ્રશસ્તિ સરખા મહાકાવ્ય જેવો પ્રકાર બીલકુલ નથી. શિવાય કે મુંજ જેવો રાજા બીજો થયો નહોતો કે તેના સંબંધે કોઇ પછીથી પણ કાવ્ય રચે. તેથી મુંજની અને વિશેષતઃ તેના સ્રીલંપટત્વની વાત લોકહૃદયમાંથી ભુંસાઈ નહોતી, તે વખતે લોકમાં રૂઢ થયેલા આ લોકનાં

જ પદ હોય એમ કહેવામાં હરકત નથી. મુંજ ૧૦મા શતકના અંતમાં થઇ ગયો તેના પછી થોડા કાળના તરીકે આ પદને સમજીએ, તો દશમા શતકના છેવટે અપભ્રંશ ભાષા લોકમાં પ્રચાર પામી હતી એમ દિસે છે.

૪૮. (ખ) 'રક્ખઇ સા વિસહારિણી, તે કર ચુંબિવિ જીઉ;
પડિબિંબિ અ મુંજાલુ જેહિં એ ડોહિઉ પીઉ.'

—જેમાં મુંજાલનું પ્રતિબિંબ પડેલું છે તે સ્વચ્છ પાણી જે હાથે પીધું તેનું ચુંબન લઇને તે પાણીવાળી (તરૂણી) પોતાનો જીવ ટકાવે છે.

ગૂજરાતનો રાજા સિદ્ધરાજ જ્યારે સગીર હતો ત્યારે મુંજાલ એ નામનો પ્રસિદ્ધ પ્રધાન સર્વ કારભાર કરતો હતો, તેના સંબંધમાં આ પદ છે. આ પણ ઉપરના પદ જેવું તાત્કાલિક મહત્ત્વનું લોકસુભાષિત છે, અથવા તે પ્રચલિત લોકભાષામાંનું હોવા યોગ્ય છે. આમાં મુંજાલના તરૂણપણાની અલ્લડ વાતનો–અગર એકાદ અપ્રસિદ્ધ તરૂણીના તેના પર થયેલા ગુપ્ત પ્રેમનો ઉલ્લેખ છે. આ પરથી જણાય છે કે મુંજાલના તારૂણ્ય સુધી તો જરૂર અપભ્રંશ જીવત હતી. સિદ્ધરાજ ઇ.સ. ૧૦૯૪માં સગીર ઉમરે ગાદીપર આવ્યો, તે સમયે મુંજાલ સારી રીતે મોટી ઉમરનો હતો. એટલે કે ઇ. સ. અગ્યારમા શતકના ઉત્તરાર્ધમાં અપભ્રંશ બોલાતી હતી એમ જણાય છે. પછીનાં શતક સંક્રમણનાં હોઇને, તેમાં નવી ભાષાનું રૂપ કાયમ થયું હોવું જોઇએ એમ આપરથી દિસે છે, કારણ કે પછી વિક્રમ ૧૩ મા શતકમાં જૂની ગૂજરાતી ભાષામાં વાંગ્મય ચમકવા લાગ્યું.

૪૯. (૪) પ્રાકૃતપિંગલ આ નામનો પ્રાકૃત છંદઃશાસ્ત્ર પરનો ગ્રંથ (?) શતકનો છે તેમાં કેટલાંક અપભ્રંશ અને કેટલાંક જૂનાં હિંદી–ગૂજરાતી ઉદાહરણો છે તેમાંથી બેજ અત્ર લેવામાં આવે છે.

(ક) 'કણ્ણ ચલંતે કુમ્મ ચલઇ પુણવિ અસરણા,
કુમ્મ ચલંતે મહિ ચલઇ ભુવણ ભયકરણા.

મહિઅ ચલતે મહિહર તહ અ સુરઅણા
ચક્કવઇ ચલંતે ચલઇ ચક્ક તહ તિહુઅણા.

—કર્ણ (સંગ્રામમાં) ચાલતી વખતે અશરણ (થઇ) કૂર્મ હલે છે, કૂર્મ હલવાથી પ્રાણી માત્રને ભય દેનારી પૃથ્વી હલે છે, પૃથ્વી હલતાં પર્વત ડોલે છે, અને તેથી (તે પર રહેલ) સુરગણ હલે છે. (આ પ્રમાણે) ચક્રવર્તી (કર્ણ) ચાલ્યો તેથી (દિશાઓનું) ચક્ર અને ત્રિભુવન ચલાયમાન થાય છે.

૫૦. (ખ) 'જે ગંજિય ગોલા હિવઈ રાઉ, ઉદ્દંડ ઉડ્ડ સભઅ પરાઉ;
ગુરૂ વિક્કમ વિક્કમ જિણ્ણિઅ જુજ્ઝ, તા કણ્ણપરક્કમ કોઇ બુજ્ઝ,

—જેણે ગૌડાધિપતિને ગાંજ્યો, ગર્વિષ્ટ ઉત્કલ (રાજા) ને ભયભીત કરી નસાડયો, (જેણે) મોટા પરાક્રમી વિક્રમને યુદ્ધમાં જીત્યો, તે કર્ણના પરાક્રમની બુઝ કોણ કરે ?

૫૧. આમાં કર્ણ તે કલચુરિ વંશના ચેદિ રાજા ઇ. સ. ૧૧મા શતકના મધ્યના સુમારે થઇ ગયો. પ્રાકૃતપિંગલ–ટીકાનો હસ્તલેખિત ગ્રંથ મળ્યો તે સંબંધી ખુલાસામાં ડૉ૦ સર ભાંડારકર કહે છે કે—

"The last two forms (the Apabhrams'a and the Vernacular forms) must represent the Vernacular speech of the period when the poets wrote, and since they could not have praised the particular princes if they had died and been forgotton at the time when they lived, the conclusion is not un-warranted that the forms of the language used by them were the forms current about the time of Karna i.e. in the first half of the eleventh century, the stage of development at which Vernacular tongues had arrived was still that represented by the Apabhrams'a." (Bhandarkar, Report on the search for Mss 1887–94 p. LXXI ff.)

—છેલ્લાં બે રૂપો (અપભ્રંશ અને દેશી ભાષાનાં રૂપો જ્યારે કવિઓએ લખ્યાં તે સમયની દેશી–લોકભાષાનાં પ્રતિનિધિરૂપજ હોવાં જોઇએ. અને તે કવિઓ જ્યારે પોતે વિદ્યમાન હોય ત્યારે તે અમુક રાજાઓ જો મરી જઈ ભૂલાઈ ગયા હોય તો તે વખતે તે રાજાઓનાં ગુણગાન કરી શક્યા ન હોત; આથી એ નિર્ણય પર આવવું અયોગ્ય નથી કે તે કવિઓએ વાપરેલાં ભાષાનાં રૂપો જે વખતે તે રાજાઓ વિદ્યમાન હતા તે વખતના અરસામાં ચાલુ હતાં. આ પ્રમાણે કર્ણના અરસામાં એટલે કે અગ્યારમા શતકના પૂર્વાર્ધમાં જે વિકાસક્રમ પર દેશી ભાષાઓ પહોંચી હતી તે અપભ્રંશ ભાષાનો જ ચાલુ વિકાસ હતો.

આ સર્વ વિવેચન પરથી ઇ. સ. ૧૧મા શતકના મધ્યસુધી અને વિક્રમ બારમા શતક સુધી તો અપભ્રંશ ભાષા બોલાતી હતી એ નિર્વિવાદ દિસે છે. આની પછી નવીન આર્યભાષાનો દેશી ભાષાનો કાળ શરૂ થાય છે એમ કહી શકાય.

વિભાગ બીજો.

અપભ્રંશ સાહિત્ય.

પ્રકરણ પહેલું.

દશામી સદી સુધીનું અપભ્રંશ સાહિત્ય.

૫૨. અપભ્રંશ સાહિત્યનું સખ્યાપ્રમાણ શું છે આ પ્રશ્ન દશક વર્ષ પહેલાં હાસ્યજનક લાગત કારણકે હજુ હમણાં સુધી અપભ્રંશનું જે કંઇ સાહિત્ય વિદ્વાનોને જ્ઞાન અને માન્ય હતું તે ફક્ત એટલું જ હતું કે ૧. કાલિદાસની વિક્રમોર્વશીના ચતુર્થ અંકમાંનું ૨. પિંગલ કૃત કહેવાતું પ્રાકૃત પિંગલ ૩ હેમાચાર્યનું વ્યાકરણ સૂત્ર ૪-૩૨૯ થી ૪૪૬ કે જેમાં તે જૂદાં જૂદાં સ્થળોએથી અપભ્રંશ ટાંકે છે. ૪ હેમાચાર્યનું કુમારપાલ-ચરિત્ર અથવા પ્રાકૃતદ્વાશ્રય કાવ્ય સર્ગ ૮-શ્લોકો ૧૪ થી ૮૨ કે જે પોતાના વ્યાકરણના નિયમોનાં ઉદાહરણ તરીકે મૂકેલા છે ૬ જૈનકથાઓ જેવી કે કાલકાચાર્ય કહા અને દ્વારાવતીના નાશની કહા અને અહીં તહીં અલંકારના ગ્રંથો જેવા કે સરસ્વતીકંઠાભરણ, અને દશરૂપ અને ધ્વન્યાલંકાર એ બંને પરની ટીકાઓમાં મળી આવતી છૂટી ગાથાઓ; આ ઉપરાંત થોડી ગાથાઓ વેતાલ પંચવિંશતિકા, સિંહાસન દ્વાત્રિંશિકા અને પ્રબંધ ચિંતામણિ માંની. આનો ઉપયોગ પિશલે પોતાના વ્યાકરણમાં કર્યો છે. આમાં પહેલાં બે સિવાય સર્વ જૈનો રચિત સાહિત્ય છે.

૫૩ પિશલના વખત પછી શોધખોળ કરતાં અપભ્રંશ સાહિત્ય વિશેષ અને વિશેષ જૈનો પાસેથી મળી આવ્યું છે. તેમાં ખાસ કરી ભવિસયત્ત કહા નામનું ધનપાલ કૃત લાંબું કાવ્ય ડા. જેકોબીએ અમ-

દાવાદના રા. કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલ પાસેથી પોતાના ભારતના છેલ્લા પ્રવાસ દરમ્યાન તેની એક પ્રત પ્રાપ્ત કરી જર્મની જઇ તેના પર ખૂબ સંશોધન, શોધખોળ કરી, વિવેચન, પ્રસ્તાવના વગેરે લખી મ્યુનિચમાં સન ૧૯૧૮માં છપાવ્યું તેમાં ગૂજરાતી હિંદી આદિ આધુનિક ભાષાની જનની અપભ્રશ ભાષાનું મહત્વ તેમણે સ્થાપિત કર્યું. ત્યાર પછી અપભ્રંશ સંબંધી હિન્દમાં રસ લેવાવા માંડયો. તેનું કેટલુંક સાહિત્ય સાક્ષરશ્રી સ્વ. દલાલે પાટણ અને જેસલમેરના તેમજ શ્રીયુત હીરાલાલ જૈને કારંજાના જૈન પુસ્તક ભંડારો શોધતાં તેમજ બીજે શોધ કરતાં મળી આવ્યું. આ સર્વની રૂપરેખા સૂચિ સહિત નીચે આપીએ છીએ.

વિક્રમ ૮ મીથી ૧૦ સદી વચ્ચે.

૫૪. હાલ અપ્રકટ પણ મોટા બે અપભ્રંશનાં કાવ્યો હમણા એક પુસ્તકભંડારમાં જણાયાં છે, તેનાં નામ **હરિવંશ પુરાણ** અને **પઉમ ચરિય** છે. તેમનું ગ્રંથપ્રમાણ આશરે અઢાર હજાર અને બાર હજાર શ્લોક અનુક્રમે છે. બંનેના રચનારનું નામ **સ્વયંભૂદેવ** છે. તેણે બંને ગ્રંથો અપૂર્ણ મૂક્યા હતા ને તેના પુત્ર નામે **ત્રિભુવન સ્વયંભૂએ** તે બન્નેને પૂર્ણ કર્યા હતા. હરિવંશ પુરાણમાં સ્વયંભૂદેવ પોતાને 'ધવલઇય'નો અને પઉમચરિઅમાં 'ધનંજય'નો આશ્રિત તરીકે ઓળખાવે છે. બંને નામો એકજ વ્યક્તિને લાગુ પડતા હોય એવો સંભવ છે. ત્રિભુવન સ્વયંભૂ પોતાને 'બંદઇય' (કે જે 'ધવલઇય'નો પુત્ર કદાચ હોય) ના આશ્રિત તરીકે ઓળખાવે છે. હરિવંશ પુરાણના અંતભાગમાં સંધિઓ પરથી જણાય છે કે તે ગ્રંથનો એક ભાગ ત્રિભુવન સ્વયંભૂએ લખેલો તે અપ્રાપ્ત થતાં તે ગ્વાલિયરના જસકિત્તિ (યશઃકીર્તિ) નામના સં. ૧૫૨૧ લગભગ થયેલા ભટ્ટારકે પુનઃ સ્થાપિત કર્યો હતો.

૫૫. હરિવંશ પુરાણમાં ભામહ, દંડિ, બાણ, હરિષેણ અને ચૌમુહના ઉલ્લેખ મળે છે અને પઉમચરિઅમાં રવિષેણ, ભામહ અને દંડિના મળે છે. આ બધા ગ્રંથકારો ઇ. સ. ૭ મી સદી પછી વિદ્યમાન જણાયા

નથી. વિક્રમ ૧૧મી સદીના પુષ્પદન્તે પોતે પોતાના મહાપુરાણુમાં સ્વયંભૂ-દેવનો ઉલ્લેખ કર્યો છે. આ પરથી એમ નિર્ણય થઈ શકે કે સ્વયંભૂદેવે ઈ. સ. ૭મી અને ૧૦ મી સદી વચ્ચે કોઇ કાળમાં રચના કરી હશે. ૫૬ ઉક્ત **પઉમચરિય** પ્રારંભમાં એ છે કે

મહણુવ-કોમલ-કોમલ-મણુહર-વર-વહલકંતિ સોહિલ્લં
ઉસહસ્સ પાયકમલં સસુરાસુર વંદિયં સિરસા. ૧

દીહર સમાસનાલં સદ્દલં અત્થ કેસરગ્ઘવિયં,
વુહ મહુયર પીય રસં સયંભુ કવ્વુપ્પલં જયઉ. ૨

તિહુયણુ લગ્ગણુ ખંભુ, ગુરૂ પરમોટ્ટૂ નવેપ્પિણ્.
પુણિ અરેભિય રામ કહા, આરિસૂ જોએપ્પિણ્. ૩

× × × ×

ધત્તા

ચય ચઉવીસ વિ પરમ જિણુ પણુવેપ્પિણુ ભાવેં
પુણ્ અપ્પાણઉં પાયડમિ રામાયણુ કાવેં. ૧

વદ્ધમાણુ મુહ કુહર વિણુગ્ગિય, રામકહાણઇ એહ કમાગય.
અક્ખર વાસ જલોહ મનોહર, સુયલંકાર છંદ મચ્છોહર.

દીહ સમાસ પવાહા વંકિય, સક્કય પાયય પુલિણાલંકિય
દેસી ભાસા ઉભય તડુજ્જલ, કવિ દુક્કર ઘણુ સદ્દ સિલાયલ.
અત્થ બહલ કલ્લોલાણિટ્ટિય, આસાસય સમતૂહ પરિટ્ઠિય,
એહ રામકહ સરિ સોહતી, ગણુહર દેવહિં દિઠ વહંતી.

પચ્છઇ ઈંદિભૂઅ આયરિએં, પુણ્ ધમ્મેણુ ગુણાલંકારયં,
પુણ્ એવહિં સંસારારાએં, કિત્તિહરેણુ અણુત્તરવાએ.
પુણ્ રવિસેણા યરિય પસાએં, બુદ્ધિએ અવગાહિય કઇરાએં,
પઉમિણિ જણુણિ ગબ્ભ સંભૂએ, મારૂએ એવ રૂપ અણુરાએં,
અઇતણુ એણુ પઇહિર ગત્તેં, છિવ્વરણાસે પવિરલ દત્તેં.

ઘત્તા

ણિમ્મલ પુણ્ણુ પવિત્ત કહ કિત્તણુ આઢપ્પાઇ,
જઇણિ સમાણિજ્જન્ત એણુ, થિર કિત્તિ વિઢપ્પઈ. ૨
બુહયણુ સયંભુ પઇં વિણ્ણવઇ, મઇ સરિસઉ અણ્ણુણ્ણાહિ કુકઈ,
વાયરણું કયાઇ ન જાણિયઉં, ણવ વિત્તિ સુત્તુ વક્ખાણિયઉ,
ણઉ પચ્ચાહાર હો તત્તિ કિય, ણઉ સંધિએઉ પરિબુદ્ધિ દિય,
ણુ ઉ ણિસુઅઉ સત્ત વિહત્તિયાઉ, છબ્બિહઉ સમા સપઉત્તિયાઉ.
છક્કારય દસલયારણુ સુય વીસોવસગ્ગ પંચય બહુવ,
ણુ વલાવલ ધાઉ ણિવાય ગણુ, ણઉ લિંગુ ઉણાઇ ચક્કુ વયણુ
ણઉ ણિસુણિઉ પચ મહાકવ્વુ, ણઉ ભરહુ ણ લક્ખણુ છંદુ સવ્વુ,
ણઉ વુજ્જિઉ પિંગલ પચ્છાર, ણઉ ભમ્મહ દંડિય લંકાર.
વવસાઉ તોવિ ણઉ પરિહરમિ. વરિ રયડા વુત્તુ કવ્વુ કરમિ

× × × ×

ઇય એત્થ પઉમચરિએ ધણંજયાસિય સયભુ એવ કએ,
જિણ જમ્મુપ્પસિઇયં પઢમ ચિય સાહિયં પવ્વં. ૧

× × × ×

ઇય એત્થ પઉમચરિએ, ધણજયાસિય સયભુ એવ કએ,
જિણવર ણિક્કમણુ ઇમં, વીય ચિય સાહિયં પવ્વં. સંધિ ૨

* * * *

આયરઇ અવરઈ અવિસેસઈ કરિયઈ મુણિગણુ સારએણ,
પરમાગમે જહ ઉદ્દિઠઇં આસિ સયંભુ ભડાર એણુ. ૨૦
ઇય પઉમચરિયસેસે સયંભુ એવસ્સ કહવિ ઉવ્વરિએ,
તિહુઅણુ સયંભુ રઇયં સમાણિયં સીયહીત્ર પવ્વમિણં.
વદઇ આસિય તિહુયણુ સયંભુ કઇ કહિય પોમચરિયસ્સ,
સેસે ભુવણુ પગાસે તેઆસીમો ઇમો સગ્ગો.
ઇઇરાયસ્સ વિજય સેસિયસ્સ વિત્થારિઉ જસો ભુવણે
તિહુઅણુ સયંભુણા પોમ ચરિય સેસેણુ નિસ્સેસો. સંધિ. ૮૩

* * * *

આ ગ્રંથ ની સં. ૧૫૨૧ માં લખાયેલી પ્રત પૂનાના સર ભાંડારકર ઇન્સ્ટીટ્યુટમાં નં. ૧૧૨૦ સન ૧૮૯૪-૯૭ માં છે,

૫૭. ઉપરોક્ત હરિવંશ પુરાણના નમુના. તેમાં આદિભાગ એ છે કેઃ—

સિરિ પરમાગમ-ણાલુ સયલ કલા કોમલ દલુ,
કરહુ વિઇસિણ્ કણ્ણે જાયવ કુરૂ બહુપ્પલુ.
પણમામિ ણેમિ તિત્થંકર હો, હરિબલકુલ-નહયલ-સસહર હો-
નઇલોક્કલચ્છિ લચ્છિય ઉર હો, પરિપાલય અજરામરપુર હો.

× × × ×

ચિતવઇ સયંભુ કાઈ કરમ્મિ, હરિવંશ મહણ્ણવ કે તરમ્મિ,
ગુરૂવયણ તરડ ઉલચ્છુ નવિ, જમ્મહો વિલજો ઇઉ કોવિ કવિ.
ણુઉ ણાઇ ઉ વાહત્તરિ કલઉ, એક્કુવિ ણ ગંથુ પરિમોક્કલઉ
તહિ અવસરિ સરસઈ ધીરવઇ, કરિ કવ્વુ દિણ્ણમઇ વિમલમઇ.
ઇંદેણ સમપ્પિઉ વાયરણુ, રસુ ભરહેં વાસેં વિચ્છરણુ,
પિંગલેણ છદ પય પચ્છારૂ, ભમ્મહં દંડિણિહિં અલંકારૂ.
બાણેણ સમપ્પિઉ ઘણ ઘણઉં, તં અક્ખર ઉંબરૂ અપ્પણઉ,
સિરિ હરિસેણિંય ણિઉ ણિત્તણઉં, અવરે હિમિ કઇરિં કઇત્તણઉ.
છંડણિય દુવઈ ધુવએહિ જડિય, ચઉમુહેણ સમપ્પિય પદ્ધડિય.
જય ણુયણાણંદ જણેરિયએ, આસીસ એ સવ્વહુ કેરિયએ,
પારભિય પુણુ હરિવંસકહા, સસમય પરસમય વિચય સહા.

આ ગ્રંથની સ. ૧૫૮૨માં લખેલી પ્રત પણ તે પૂનાની ઉપરોક્ત સસ્થામાં નં. ૧૧૭૭ સન ૧૮૯૧-૯૫ની વિદ્યમાન છે તે પરથી શ્રીયુત નાથુરામ પ્રેમીજીની નોંધમાંથી ઉપરનાં અવતરણો લીધાં છે.

દશમી સદી.

૫૮. **ધનપાલ કવિ—તેણે 'ભવિસયત્ત કહા' અપર નામ 'સુય-પંચમી કહા'** એ નામનું મહાકાવ્ય બનાવ્યું છે. તે ૨૨ સંધિઓ (પ્રકરણો)માં છે. આ કથામાં ભવિષ્યદત્ત રાજા એ નાયક છે અને તેમાં

કાર્તિક શુક્લ પંચમી (જ્ઞાનપંચમી)ના ફલવર્ણન રૂપ વિષય છે. આ ગાયકવાડની ઓરિએન્ટલ સીરીઝમાં ૨૦ મા અંકમાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે. કવિ પોતાનો પરિચય ટુંકમાં એ આપે છે કે તે ધક્કડ (ધાર્કટ) વણિકવંશમાં ધનશ્રી માતા અને મહેશ્વર પિતાનો પુત્ર હતો. પોતે શ્રુતજ્ઞાનમાં સરસ્વતી દેવીનાં પુત્ર હોવાનું જણાવે છે. આ વણિક કવિની કવિતા ધવલ અને પુષ્પદંતની કવિતા જેવી છે. તેની અપભ્રંશ હેમચંદ્રના કરતાં વધારે પ્રાચીન લાગે છે. હેમચંદ્રજીમાં દેખાતી એવી વ્યાકરણની વિકૃતિ અને રૂપની બહુલતા તેમાં જણાય છે, એ પરથી જણાય છે કે જ્યારે આ ભાષા બોલાતી બંધ નહિ પડી હોય, ત્યારે તે સમયમાં ધનપાલે આ લખેલ હશે અને હેમચંદ્રજીના સમયમાં તે સાહિત્ય રૂપે વિદ્યમાન રહેવા ઉપરાંત વિકૃતભાષા થઇ ગઇ હશે. આથી તેના અને હેમાચાર્ય વચ્ચે ઓછામાં ઓછું બે સૈકાનું અંતર ગણી શકાય. આ ગ્રંથ ડાક્ટર હર્મન જેકોબીએ સને ૧૯૧૮ માં મ્યુનિચમાં રોમનલિપિમાં જર્મનભાષામાં ભૂમિકા સહિત પ્રકટ કર્યો છે ને તેમાં અપભ્રંશ સંબંધી અતિ સુંદર, મહત્ત્વપૂર્ણ અને શોધખોળથી યુક્ત વિવેચન વિસ્તારથી કર્યું છે. ત્યાર પછી સ્વ. સાક્ષર ચિમનલાલ દલાલથી સંશોધિત ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝમાં નં. ૨૦ માં સને ૧૯૨૩ માં બહાર પડેલ છે તેમાં સ્વ. ડા. ગુણેએ જેકોબીનો આધાર લઇ વિસ્તૃત પ્રસ્તાવના અને વિવેચન અંગ્રેજીમાં કરેલ છે ને તેમાં શબ્દકોશ પણ છેવટે આપ્યો છે. અપભ્રંશનો પહેલો સંપૂર્ણ ગ્રંથ પ્રકાશમાં આજ આવ્યો.

૫૯—આમાંથી એક નમુનો લઇએ:—

દુક્કિવિ સહું જણુણિં કિઉ મંતુ, તુરિઉ તાય પરિવડ્ઢિય તંતુ,
મઈં તં કણયદીઉ પઇસિવ્વઉ, અચ્છઇ તામ એહુ સુહસેવઉ,
તં ણિસુણિવિ પરિવડ્ઢિય મંતિં, કરયલુ વયણિ દિન્નુ વિહસંતિં,
તુડિહિં ચડિવિ જઇ તં કિર કિજ્જઇ, વયણુવિ નઉ કરાલુ જંપિજ્જઇ,
બોલ્લહિ પુત્ત જેમ અયાણિઉં, કિં વણિઉત્તહં મગ્ગુ ન યાણિઉં;
સુહિયહિ હિયઉ ણાહિં અપ્પિવ્વઉ, પરિમિતું થોઉ થોઉ જંપિવ્વઉ.

અત્થુ વિઢપ્પઈ વિવિહપયારિહિં, વંચિવિ કરસન્નાસંચારિહિં;
અપ્પુણુ પક્ખે ભંડુ સલહિવ્વઉ, અણ્ણુહો ચિત્તુ વિચિત્તુ લહેવ્વઉ,
અપ્પુણુ અંગ ણાહિ દરિસિવ્વઉ, અણ્ણુહો તણુઉં પરામરિસિવ્વઉ,

ઘત્તા–પરકઇં સુણંતુવિ ણુઉ સુણઇં, અપ્પણુ કઇંહો ણુઉ ચલઇ,
ણુ કલાવઇ કેણુવિ ણિયચરિઉ, પરહો અંગિ પઇસિવિ કલઇ.　૩–૬

—જનની-માતા પાસે જઈ મંત્ર કરી-પૂછગાછ કરી ત્વરિત તાત પાસે ગયો, (કહ્યું કે) તે કનકદ્વીપમાં મારે જવું છે–ને સુખસેવિત સ્થાન છે. તેને આવો વિચાર કર્યો છે એવું જાણી વદનપર કરતલ મૂકી (તાત) હસતો (બોલ્યો). (એક કુશલ વાણીઓ–વેપારી પોતાના ધંધાના કેવા નિયમો રાખે છે તે અત્ર બતાવે છે.) જો કઇ ત્રુટિઓ–મુશ્કેલીઓ પ્રાપ્ત થાય–કજીઓ થાય તો એવું ખરેખર કરીએ કે (૧) વચનોમાં કરાલ–કઠોર વદવું નહિ, (૨) હે પુત્ર ! જેમ અજ્ઞાની વાણિજ્યનો માર્ગ જાણતો નથી તેમ બોલજે (૩) સુહૃદ્-મિત્રને હૈયું આપીશ નહી–ગુપ્ત વાત કરતો નહિ (૪) પરિમિત થોડું થોડું બોલવુ (૫) વિવિધ પ્રકારે-હાથની સંજ્ઞા સંચારથી છેતરી અર્થ–પૈસો કમાવો–મેળવવો (૬) આપણા પક્ષના માલની શ્લાઘા કરવી–વખાણ કરવાં, અને અન્યનું ચિત્ત વિચિત્ત કરી નાંખવું (૭) પોતાનું અંગ (પક્ષ, હકીકત) દેખાડવું નહિ, અને અન્યના અંગને ખ્યાલમાં રાખવું–વિચારવું–તેનો પરામર્શ કરવો. (૮ પરકાર્ય સાંભળતાં છતાં ન સુણી–તે પ્રત્યે બહેરા રહી પોતાના કાજ ચલિત ન કરવાં-સ્થિર કરવાં–દૃઢપણે વળગી રહેવું. (૯) કોઇને પોતાનું ચરિત્ર કળાવવું–જણાવવું નહિ (રખેને કોઈ કળી જાય) અને અન્યનું અગ (પક્ષ–હકીકત) તેમાં પ્રવેશ કરી કળી જવું–જાણી લેવું.

આનાં વિશેષ ઉદાહરણો આ ગ્રંથ મુદ્રિત થયેલ છે એટલે તેમાંથી જોઈ શકાશે તેથી અત્ર આપ્યાં નથી.

૬૦—**મહાકવિ ધવલ**–પણ દશમી સદીમાં થયો જણાય છે. નિર્ણિત સમય બરાબર કહી શકાતો નથી પરંતુ દશમી સદીથી આગળ તેનો સમય લાવી શકાશે નહિ એમ તો જણાય છે. તેણે ૧૨૨ સંધિમાં

—અધ્યાયમાં અને ૧૮૦૦૦ શ્લોકમાં 'હરિવંશ પુરાણ' રચેલો કારંજા ભંડારમાં જણાયો છે, તેમાં 'મહાવીર' અને 'નેમિનાથ' તીર્થંકરોનાં ચરિત્ર વર્ણવ્યાં છે. મહાભારતની કથા પણ તેમાં છે.

૬૧—આની ભાષાનો પણ થોડો નમુનો લઇએ. કવિ કુંડગ્રામ (મહાવીરના જન્મગ્રામ)નું વર્ણન કરે છે કે—

જંબૂદીવહિં સોહણુ અસેસુ, ઇહિ ભરતખેત્તિણું સુરણિવેસુ,
ધરહરિહિં સરિહિં સુરઉવવણેહિં, આસિહિ મહિસિહિ પર ગોહણેહિં. ૧
ગામિહિ ગોટ્ટિહિ કોટ્ટહિ પૂરેહિં, વહુ વિહનાયહિ કમલાયરેહિં;
સુપસિદ્ધઉ ભુવણિ વિદેહ દેસુ, ભય રહિઉ પસિદ્ધઉ ણિરવિસેસુ. ૨
તહિં કુંડ મહાપુર ભુવણુ સાર, ઉત્તગુ મણોહર તહો પયાર,
દૂરહો દીસઈ ઉજ્જલઉ ભાઈ, મણિમંડિય સુરગિરિ સિહરણાઇ. ૩
ખાઇય પૂરિય ણિમ્મલ જલેણ, ખુ ખિપ્પય ઇરિદિણુયર રહેણ;
ધવલહરિહિ પવલિહિ ગયણિ લગ્ગુ, પુર દીસઈ ણં સુર લોય મગ્ગુ. ૪
દુતિ પંચ સત્ત ભૂમીયરેહિ, જિણ ભવણિહિ ધય ધુવ્વત એહિ,
જાણેવિણુ વીર જિણાગમેણુ, ણં ણં અઇસય તુટ્ઠિ યમેણુ. ૫

ઘત્તા.

બહુ ધણણુ બહુ ગુણુ બહુ સુય જુત્તઉ,
તહિં ણિવ સઇ જિણુબકખમ ભત્તઉ,
ણિચ્ચ પસાહિય તહ ણરણારિઉ,
ણં સુરલોય મહિહિ અવયારિઉ. ૬

ભાવાર્થ—આ સમસ્ત જંબૂદ્વીપમાં શોભાયમાન, સુરલોકની સમાન ભરતક્ષેત્ર છે. તેમાં પર્વત, નદી, દેવોપવન, આશિખિ, મહિષી અને ગોધન, તથા ગામ, ગોષ્ઠિ, કોટ, પુર અને અનેક વિકસિત કમલાકરોથી (સુસજ્જિત) ભુવન-પ્રસિદ્ધ વિદેહ દેશ છે કે જે ભયથી રહિત અને પૂર્ણ વિખ્યાત છે. આમાં 'કુંડ' નામનું એક ભુવન-શ્રેષ્ટ મોટું 'પુર' છે, જેના ઊંચા અને મનોહર ઉજ્જવલ મણિમંડિત પ્રાકાર દૂરથી સુરગિરિ

(સુમેરૂ પર્વત)ની પેઠે ભાસમાન્ જોવામાં આવે છે. (આ પુર)ની ખાઇઓ નિર્મલ જલથી ભરેલી છે.

—ગગનચુંબી ધવલ પ્રાવાલોથી આ પુર એવું દેખાય છે કે જાણે તે સુરલોકનો માર્ગ હોય નહિ. બે બે પાચ પાંચ સાત સાત ભૂમિ (ખંડ) વાળાં જિનમદિરોની ઉડતી ધ્વજાઓથી જાણે તે નગર વીર જિનેશ્વરનું આગમન થવાનું જાણીને અત્યન્ત હર્ષિત અને સંતુષ્ટ બની રહ્યું હતું.

—આ નગરમા બહુ ધન, બહુ ગુણ, બહુ શ્રુતથી યુક્ત, જિનવચનનાં ભક્ત, નિત્ય પ્રસન્નચિત્ત નર નારીઓ નિવાસ કરે છે, જાણે તેઓ સુરલોકથી ભૂમિપર ઉતરી આવ્યાં છે.

૬૨—કવિના ગુરૂનું નામ અંબસેન હતું અને સુર નામના વિપ્રનો તે પુત્ર હતો. તેનું નામ દરેક સંધિની છેલ્લી કડીમા તેમજ ગ્રંથની પ્રસ્તાવનામાં આવે છે, કે જ્યાં બીજા ગ્રંથકારો અને તેમની કૃતિનો ઉલ્લેખ મળે છે:—જેમકે ધીરસેન, સમત્તજુત્ત (પ્રમાણ પરના એક ગ્રંથનો કર્તા), દેવનંદિ (જૈનેન્દ્ર વ્યાકરણનો કર્તા) વજ્રસૂરિ (નય પરના એક ગ્રંથનો કર્તા), મહસેન (સુલોચના ચરિતનો કર્તા), રવિષેણ (પદ્મચરિતનો કર્તા), જિનસેન (હરિવંશ પુરાણનો કર્તા) જડિલમુનિ, [વરાંગ ચરિતનો કર્તા], દિનકરસેન (અનંગ ચરિતનો કર્તા), પદ્મસેન, અંધસેન (અમિઆરાહમાનો કર્તા), ધનદત્ત (ચંદ્રપ્રભા ચરિતનો કર્તા), વિંધ્યસેન (ઘણાં ચરિતોનો કર્તા), સિહનંદિ (અનુપ્રેક્ષાનો કર્તા), સિદ્ધસેન (કે જેણે આગમ ગાયું ને ભવિયવિનોદ સારી રીતે પ્રકાશ્યું), રામનંદિ (ઘણી કથાઓનો કર્તા), આસગ (વીર ચરિતનો કર્તા), ગોવિંદ (સનત્કુમાર ચરિતનો કર્તા), શાલિભદ્ર (જીવ ઉદ્યોતનો કર્તા), ચૌમુહ (પઉમ ચરિઅનો કર્તા) અને દ્રોણ. આ પૈકી ઘણા ગ્રંથકારો અને ગ્રંથો સબંધી કંઇ જણાયું નથી. જેના ગ્રંથો બહાર આવ્યા જણાય છે તે સર્વ ઇ. સ. ૧૦ મી સદીમાં યા પહેલાં વિદ્યમાન જણાયા છે. જૈનોએ લોકભાષા પર કેટલો પ્રેમ અને ભક્તિભાવ બતાવ્યો છે તે આ પરથી જણાઇ આવે છે.

આ પૈકી સૌથી પાછળ થયેલ વીરચરિત્રનો કર્ત્તા આસગ છે કે જે તે ચરિત્રની કેટલીક પ્રતોપરથી ૯૧૦ ના વર્ષમાં થયેલો દેખાય છે. જો તે વર્ષને વિક્રમ સંવત્ ગણીએ તો ૮૫૩ ઇ. સ. તે ગ્રંથકારનો સમય ગણાય. પણ એ વાત આશ્ચર્યજનક લાગે છે કે ધવલે આદિપુરાણના પ્રસિદ્ધ કર્ત્તા જિનસેન કે જેનો ઉલ્લેખ પુષ્પદંત કરે છે તેનો ઉલ્લેખ કર્યો નથી. ધવલ પુષ્પદતનો પણ ઉલ્લેખ કરતો નથી તેમ પુષ્પદંત ધવલનો કરતો નથી. જો કે બંને ઘણા સારા કવિઓ છે. તેથી એ સભવિત છે કે તેઓ નજીકના સહયોગી હોય. આથી આ કવિને વહેલામાં વહેલા દશમા સૈકામા મૂક્યો છે. તે મોડામાં મોડો અગ્યારમી સદીમાં થયો હોય.

પ્રકરણ બીજું.

અગીઆરમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૬૩. **સંજમમંજરી** શ્વેતામ્બરાચાર્ય **મહેશ્વરસૂરિ**કૃત છે તેમાં ૩૫ દોહા છંદ છે ને અપભ્રંશમાંજ છે. આ મૂળમાં તેના સસ્કૃત અનુવાદ સહિત ડો. ગુણેએ ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટના 'ઍનલ્સ' માં સને ૧૯૧૯–૨૦ માં વૉ. ૧ ભાગ ૨જામાં પૃ. ૧૫૭–૧૬૬ ઉપર કંઇક વિવેચન સહિત આપેલ છે. તે ૧૧મી સદીમાં થઇ ગયેલ હશે, કારણકે એક મહેશ્વરકૃત પંચમી કહા (કે જે પણ અપભ્રંશમાં હોવી જોઇએ)ની પ્રત સં. ૧૧૦૯ માં લખાયેલી જેસલમેર ભંડારમાં છે તે મહેશ્વર કૃત આ કૃતિ પણ હોઇ શકે. વળી કાલકાચાર્ય સ્થાનક કે જે એક મહેશ્વર-સૂરિકૃત છે તેની પ્રત સં. ૧૩૬૫ મા લખાયેલી મળી આવે છે.

૬૪. આ સંજમમજરી ગાથાઓના નમુના નીચે છેઃ—

સંજમુ સુરસત્થિહિં પુઅઉ, સંજમુ મોક્ખદુવાર,
જેહિ ન સંજમુ મણિ ધરિઉ, તહ દુત્તર સંસાર. ૨

સંજમભાર ધુરંધરહ, સદ્દુચ્છલિઉ ન જાહ,
નિઅ જણણી જુવ્વણ હરણુ, જમ્મુ નિરત્થઉ તાહ. ૩

संयमः सुरसार्थैः श्रुतः संयमो मोक्षद्वारम् ।
यैर्न संयमो मनि धृतः तेषां दुस्तरः संसारः ॥
संयमभारधुरंधरस्य शब्दः उच्चलितो न यस्य
निजजननीयौवनहरणं जन्म निरर्थकं तस्य ॥

—સંયમના સુરસવાળા અર્થ સાંભળ્યા છે. સંયમ મોક્ષદ્વાર છે. જેણે સંયમ મનમાં ધર્યો નથી તેનો સંસાર દુસ્તર છે.

—જે સંયમરૂપી ભાર ધરવા ધુરંધર છે તેનો શબ્દ જેણે ઉચક્યો-ગ્રહણ કર્યો નથી તેનો પોતાની માતાના જોબનને હરણ કરનારો જન્મ નિરર્થક ગયો.

૬૫—આ ઉપર **હેમહંસસૂરિ**ના શિષ્યની કરેલી **ટીકા** છે તે પણ અપભ્રંશના માટે ઉપયોગી છે. તેની પ્રત સં. ૧૫૦૫ ની મળે છે તેથી તે ટીકાકાર તેની પહેલાં અવશ્ય હોવો જોઇએ. તેમાં અપભ્રંશ અવતરણો ઘણાં છે અને કેટલાંક તો લાંબાં છે. નાનાં સુભાષિતરૂપે છે કે જે ટીકાકારના સમયમાં બહુ સામાન્યરીતે વપરાતાં હોવાં જોઇએ. દાખલા તરીકે:—

દિટ્ઠઈ જો ન વિ આલવઈ, કુસલ ન પુચ્છઇ વત્ત
તાસુ તણુઇ ન વિ જાઇઇ, રે હયડા નીસત્ત.
રાસહુ કંધિ ચડાવિયઇ, લબ્ભઇ લત્ત સહસ્સ,
આપહણે કરિ કમ્મડાં, હિયા વિસૂરહિ કસ્સ.
મરણુ તિ બિહઈ બપ્પડા, ધમ્મિ જિ મુક્કા રંક,
સુકિઅ સુસંચિઅ જેહિં પર, તે તિણિવાર નિસંક.

૬૬—એક નગર અને તેનાં ઉપનગરો-પરાંઓનું વર્ણન તે ટીકામાં આ પ્રમાણે છે:—

અહિરામારામવણાઉલાઈ, સુરસુરહિસમાણુય ગોઉલ્લાઈ,
જહિં સયવર બાવીસઈ વરાઈ, વણુસિરીઅ રમણિ કેલીહરાઈ.
મયમત્તય મયગલ ગુલગુલંત, વરતરલતુરય ધપમપધપંત,
જિહિં રહવર ઘોરણિ ધડહડંત, ફરફારક પાઇક ધમધમંત.
જહિં કૂવ મણોહર સરવરાઈ, નરનારીજણુ–ધણુ–સુંદરાઈ,
રમણીઅરમણિ જણુ અચ્છરાઈ, જહિં વહઇ સરિઅ કિરિજલહરાઈ.
જહિં વસહિ લોય અટ્ઠારહવન્ન, જહિં પઉણુ–બહત્તરિ–નવરન્ન,
જહિં પવરચહુટ્ટઇ મનવહુટ્ટ, જલથલદીવંતરસત્થઘટ્ટ,
જહિં નાગર–સાગર–કિરિનિવાસ, જહિં લીલ કરઇ લીલાવિલાસ,
જહિં સુંદરમંદિર–દેહુરાઇં, જણુ સિચ્છઇ લચ્છીહર–ધરાઇં.

૬૭. આ પ્રતના ૧૦૬ (૨) પાનાં પર તક્ષશિલાના રાજા નામે ત્રિવિક્રમની કથા આવે છે તે ત્રણ પાનાં સુધી લંબાય છે અને તે જિનનમસ્કારના ફલ પર કથારૂપે છે. તે કથાની શરૂઆત રસિક હોવાથી અત્ર આપી છે:—

અત્થિ નામિણુ નયરૂ તખસિલ । પડિ–વકખ–વચ્છયલસિલમણિ-સિલોહ–સહ–બદ્ધસુરહર, હરિણુચ્છિહરિણંકમુહમહિલચક્કચંકમણુમણુહર ।

ધણુકણુ કંચન–રયણુ–નિહિ, સુરપુરસરિસાયારૂ,
સેસુફણાવલિ કિં ઠિયઉ, પરિરંભિવિ પાયારૂ.

તહિં તિવિક્કમુ ૨ અત્થિ નરનાહુ । તિઅલોઅવિકખાઉ । જસિ દલિય–સયલ–બલિરાયવિક્કમુ સરપંકયસંગહિય મંખનાવઇ તિવિક્કમુ ।

તાસુ મંગલદેવિ પિય, કોમલકમલપયચ્છિ,
રૂવિ વિણિજ્જિય રઇરમણિ, કણુયઅવિ નં લચ્છિ.

૬૮—'રાસહુ કંધિ ચડાવિયઇ' વગેરે તેમ 'દિવસિ પહિલ્લઇ પાહુણુ સોનાસમુ વીકાઇ',—આની જેવાં અપભ્રંશ અવતરણો છૂટાં સુભાષિત ગાથાઓ જેવાં લાગે છે ને તે રચનારના સમયમાં પ્રચલિત હોવાં

જોઇએ તેમજ તે એમ પણ બતાવે છે કે અપભ્રંશનું સાહિત્ય કે જેમાંથી વિશેષ પ્રમાણમાં તે લીધાં છે તે ઘણું સમૃદ્ધ હોવું જોઇએ. આ વાતની ખાત્રી આ લાંબી કથા અપભ્રંશમાં છે તે પણ આપે છે.

૬૯. પ્રસિદ્ધ જૈનબ્રાહ્મણ પંડિત **ધનપાલ** માલવપતિ મુંજ અને ભોજની વિદ્વત્ સભામાં અગ્રણી હતા. તેમણે સં. ૧૦૨૯ માં પાઇય-લચ્છી નામમાલા નામનો પ્રાકૃત કોષ, અને પ્રસિદ્ધ જૈનકથા તિલકમંજરી ભોજના રાજ્યમાં રચી છે.

૭૦. ધનપાલનું **સત્યપુર મંડન મહાવીરોત્સાહ** નામનું એક ૧૫ ગાથાનું નાનું સ્તોત્ર અપભ્રંશમાં છે; આ ધનપાલ ઉપરોક્ત ધનપાલ હોય તો તેનો સમય અગ્યારમી શતાબ્દિ છેઃ—

રખિ સામિ પસરંતુ મોહુ નેહડ્ડુય તોડહિ;
સુમ્મદંસણિ નાણુ ચરણુ ભડુ કોહુ વિહોડહિ,
કરિ પસાઉ સચ્ચઉરિ વીર જઇ તહું મણિ ભાવઇ,
તઇં તુટ્ઠઇ ધણપાલુ જાઉ જહિ ગયઉ ન આવઇ. ૧૫

[આ ઉત્સાહની પ્રત સં. ૧૩૫૦ માં લખેલી પાટણના શેઠ હાલાભાઇના ભંડારમાં છે, તે પ્રતમાં સોમનાથ વગેરેના નાશની વાત પણ છે. મહમદ ગીઝનીની સોમનાથપર ચડાઇ સં. ૧૦૮૦ માં થઇ, સં. ૧૦૬૬ પછી ભોજરાજા ગાદીપર આવ્યા; એટલે તે વખતે ધનપાલ કવિ વિદ્યમાન હતા. વળી વિશેષમાં પ્રભાવક ચરિતમાં જણાવ્યું છે કે તેણે 'દેવનિમ્મલ'થી ચરૂ થતી સાચોર (સત્યપુર) મહાવીર જિનસ્તુતિ રચી હતી—એટલે સાચોરમાં તે ગયેલ હતો એમ જણાય છે. આ પરથી સહીસલામતીથી માની શકાય તેમ છે કે આ ઉત્સાહ પણ પોતાની પાછલી વયમાં-સોમનાથની ચડાઇના સમય આસપાસ આ ધનપાલ કવિએજ રચ્યો હતો, આ પરથી સાચોર ઘણું પ્રાચીન ગામ છે અને ત્યાંની મહાવીરની મૂર્તિ-મંદિર પણ પ્રાચીન છે.]

૭૧. મહાકવિ પુષ્પદંત—અપભ્રંશ ભાષાના આ મહાકવિ માન્યખેટના રાષ્ટ્રકૂટ વંશી નરેશ કૃષ્ણરાજ (ત્રીજા)ના સમયમાં થયો છે. બીજે ક્યાંકથી આવી તેણે રાજાના મંત્રી ભરતને ત્યાં આશ્રય લીધો અને

તેના કહેવાથી એક 'મહાપુરાણ'–'તિસટ્ઠિ મહાપુરિસ ગુણાલંકાર'ની રચના કરી. આ ગ્રંથ તેરહજાર શ્લોક પ્રમાણુ છે અને ૧૦૨ સંધિમાં –પરિચ્છેદોમાં સમાપ્ત થયો છે. તેને બે ભાગ 'આદિપુરાણ'ને 'ઉત્તરપુરાણ'માં વિભક્ત કર્યો છે. તેમાં જિનસેન અને ગુણભદ્રનાં તે નામનાં સંસ્કૃત ગ્રંથો છે તેમાં જે વિષય છે તેજ વિષય છે–તેમાં ૨૪ તીર્થંકરો અને અન્ય મહાપુરૂષોનાં જીવન વર્ણવ્યા છે. તેની રચના શક સં. ૮૮૭ (વિ. સં. ૧૦૨૨)માં આષાઢ શુક્લ દશમી દિને (૧૧ મી જુન ૯૬૫ રવિવારે) સમાપ્ત થઈ હતી. તેના પછી રચાયેલાં આ કવિનાં બે બીજાં નાનાં નાનાં કાવ્યો અનુક્રમે ચાર અને નવ સંધિનાં મળ્યાં છે તેનાં નામ 'યશોધર ચરિત્ર' અને 'નાગકુમાર ચરિત્ર' છે. તેની રચના કવિએ ભરતમંત્રીના પુત્ર 'નન્ન'ના કહેવાથી તેનાજ ઘરમાં રહીને કરી છે. કવિએ પોતાના સર્વ ગ્રંથોમાં ભરત અને નન્નની પ્રશંસાનાં ઘણાં ગીત ગાયાં છે. 'મહાપુરાણ' અને 'યશોધર ચરિત્ર'નો પરિચય શ્રીયુત નાથૂરામજી પ્રેમીએ પોતાના એક વિદ્વત્તાપૂર્ણ લેખ દ્વારા કરાવ્યો છે અને તેમાં કંઈ અવતરણો પણ મૂક્યાં છે. (જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨ અંક ૧.)

૭૨. તે પૈકી થોડાં અત્ર લઇએ: **'મહાપુરાણ'**માંથી.

ઘત્તા.

ઘણુ તણુસમુ મજ્ઝુ ણુ તં ગહણુ ણેહુ ણિકારિમુ ઇચ્છમિ,
દેવી સુઅ સુદણિહિ તેણ હઉં ણિલએ તુહારએ અચ્છમિ. ૨૦

મહુ સમયાગમે જાય હે લલિય હે, બોલ્લઇ કોઇલ અંબય કલિયહે,
કાણણે ચંચરીઉ રુણુરુંટઇ, કીર કિણ્ણુ હરિસેણુ વિસટ્ટઇ. ૨૧

મજ્ઝુ કઇત્તણુ જિણુપય ભત્તિ હેં, પસરઇ ણુઉ ણિય જીવિય વિત્તિ હેં,
વિમલ ગુણા હરણંકિય દેહઉ, એહ ભરહ ણિસુણહિ પઇ જેહઉ. ૨૨

કમલગવ્વુ ણિપ્પઇ સારંગે, ણુઉ સાલૂરેં ણીસારંગેં;
ગમણુલીલ જા કયસારંગેં, સા કિં ણુાસિજ્જઇ સારંગે. ૨૩

વડ્ઢિયસજ્જણદૂસણુ વસણેં, સુકઇ કિત્તિ કિં હમ્મઇ પિસુણેં;
કહમિ કવ્વુ વમ્મહ સંહારણુ, અજિયપુરાણુ ભવણ્ણવતારણુ. ૨૪

—(કવિ, મંત્રી ભરતને કહે છે) હું ધનને તરણાસમું ગણું છું અને તેના ગ્રહણને ઇચ્છતો નથી. હું અકૃત્રિમ ધર્માનુરાગ—અકારણ પ્રેમ (ણિક્કારિમુ) ઇચ્છું છું; તેટલા માટે (હે) દેવીસુત શ્રુતનિધિ (ભરત!) તમારા મહેલમાં રહું છું.

—મધુ-વસંતનું આગમન થતાં આંબામાં લલિત મહોરકલિકા આવે છે, ત્યારે કોયલ બોલે છે, અને કાનન-વનમાં ભમરા ગુંજારવ કરે છે, ત્યારે કીર-પોપટ (એવો હું) હર્ષથી શું બોલવા નથી લાગતો? જિન-ચરણ પ્રત્યેની ભક્તિથીજ મારી કવિતા પ્રસરે છે—સ્ફુરાયમાન થાય છે, નહિ કે નિજ જીવિત-વૃત્તિ-આજીવિકાના ખ્યાલથી. હે વિમલ ગુણા-ભરણથી જેનો દેહ અંકિત થયેલો છે એવા ભરત! હવે મારી આ રચના સાંભળ.

—કમલોની સુગંધ ભ્રમર ગ્રહે છે, નહિ કે નિઃસાર અંગ વાળાં એવાં દેડકાં; હાથી-હંસની જે ગતિની લીલા હોય છે, તેવી ચાલથી શું હરણું ચાલી—નાસી શકશે?—આજ રીતે જેઓને સજ્જનો પર દૂષણો મૂકવાની ટેવ પડી ગઇ છે એવા પિશુન-દુર્જન શું સુકવિઓની કીર્ત્તિને હણી શકશે? (હવે હું) મન્મથને સંહારનારા (અને) ભવ સમુદ્રને તારનાર અજિતપુરાણ (નામના) કાવ્યને કહું છું.

૭૩—યશોધર ચરિતમાંનો વિષય અને તેના સમકાલીન સોમદેવે સં. ૧૦૧૬ માં રચેલા યશસ્તિલક ચંપુનો વિષય-બંને સરખા છે. તેને પોતે 'નમના કર્ણોના આભરણ' રૂપ જણાવેલ છે.

તિહુયણ સિરિકંતહો અઇસયવંત હો અરહંતો વમ્મહહો,
પણવિવિ પરમેટ્ઠિહિં પવિમલદિટ્ઠિહિં ચરણ જુયલુ ણયસયમહહો—ધ્રુવકં.
કુંડિલ્લ ગુત્તણહ દિણયરાસુ, વલ્લહનરિંદ ઘર મહયરાસુ;
ણણ્ણહુ મંદિરિણિ વસંતુ સંતુ, અહિમાણુમેરુ કઇ પુપ્ફયંતુ.

ચિંતઇ હો વણુ નારી કહાએ, પજ્જાઉ કય દુક્ખયપહાએ;
કય ધમ્મણિવહ્ની કાવિ કહવિં, કહિયાઇં જાઇ સિવ સોક્ખલહમિ.

૭૪—હવે **નાગકુમાર ચરિત્ર** કે જેની પ્રતિ માત્ર કારંજા ભંડારમાં મળે છે તે લઇએઃ—

છંદ ચોપઇ

ગોત્તમ ગણહર એ વંસિટ્ઠઉ, સૂરિ પરંપરાએ ઉવઇટ્ઠુવ;
ણાયકુમાર ચરિત્ત પયાસિઉ, ઇય સિરિ પંચમિફલ મઇ ભાસિઉ. ૧
સો ણંદઉ જો પઢઇ પઢાવઇ, સો ણંદઉ જો લિહઇ લિહાવઇ,
સો ણંદઉ જો વિવરિ વિદાવઇ, સો ણંદઉ જો ભાવેં ભાવઇ. ૨
ણંદઉ સમ્મઇ સાસણુ સમ્મઇ, ણંદઉ પયસુહુ ણંદઉ ણરવઇ,
ચિંતિઉ ચિંતિઉ વરિસ ઉપાઉસુ, ણંદઉ ણુંણુ હોઉ દીહાઉસુ. ૩
ણુંણુ હો સંભવંતુ સુપવિત્તહ. ણિમ્મલ દંસણુ ણાણુ ચરિત્તઇં;
ણુંણુ હોઉ ઉપ્પંચ કલ્લાણઇં, રોય સોય ખય કરણુ વિહાણઇ. ૪

—ગૌતમ ગણધરના વંશમાં સૂરિ પરંપરામાં ઉપદિષ્ટ આ નાગકુમાર ચરિત્ર મેં પ્રકાશિત કર્યું અને શ્રી પંચમી ફલનું વર્ણન કર્યું. જે આને શીખે શીખાવે તેને આનંદ રહો, જે લખે કે લખાવે તેને આનન્દ રહો, જે આનું વિવરણ કરે યા કરાવે તેને પણ આનદ હો. [૪]સંમતિ એટલે મહાવીરનુ શાસન (શુદ્ધ શ્રદ્ધાનુ શાસન-વીરશાસન) સમ્યક્ પ્રકારે આનંદવાન્ હો, પ્રજાને આનદ હો અને નરપતિને

---

૪ સંમતિ-સન્મતિ એ મહાવીરનું બીજું નામ હતું. જુઓ ધનંજયકૃત નામમાલા.

सन्मति महतिवीरो महावीरोऽन्त्यकाश्यपः ॥११३॥
नाथान्वयो वर्द्धमानो यत्तीर्थमिह सांप्रतम् ।

—(હવે ૨૪ મા જિનેન્દ્રનાં નામ કહે છેઃ—સન્મતિ, મહતિવીર, મહાવીર, અંત્યકાશ્યપ, નાથાન્વય, વર્ધમાન, કે જેમનું તીર્થ-શાસન હાલમાં પ્રવર્ત્તે છે.

આનંદ હો. ચિંતવતાં ચિંતવતાં (એક) વર્ષ વીતી ગયું (!) નન્ન દીર્ઘાયુષ્ય થાઓ અને આનંદ કરો. નન્નને સુપવિત્ર અને નિર્મલ 'દર્શન,' 'જ્ઞાન' અને 'ચારિત્ર' (જૈનોના રત્નત્રય) ઉત્પન્ન હો. નન્નને સર્વ રોગ-શોક-ક્ષય-કારી પંચ કલ્યાણ હો.

કવિએ પોતાનો ટુંક પરિચય કરાવ્યો છે તે જોઇએ.

સિવભત્તાઈંમિ જિણ સણ્ણા સે, વેવિ મયાઇ દુરિયા ણિણ્ણાસે,
બંભણાઇ કાસવ રિસિ ગોત્તઇ, ગુરૂ વયણામય પૂરિય સોત્તઇ. ૧
મુદ્ધા એવી કેસવ ણામઇ, મહુ પિયરાઈં હોતુ સુહ ધામઈં,......

—હુ શિવભક્તિ........કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણ હતો. જૈન ગુરૂના વચનામૃતથી મારાં શ્રોત્રો પૂરાયા, ત્યારે હું જૈનભક્ત થઇ ગયો. મુગ્ધાદેવી અને કેશવ(ભટ્ટ) નામના મારાં માતપિતા સુખનાં ધામ બનો.

૭૫—તેનાં 'પુરાણો'માંથી વિશેષ હકીકત મળે છે તે એ છે કે મેવારિ (મેલપાટી અથવા માન્યખેટ)ની વાડીમાં લાંબા પ્રવાસથી શ્રમિત થઇને અને પોતાને થયેલ અપમાનથી ખિન્ન થઇ પોતે થાક લે છે. તે નગરના બે જનો તેને લઇ રાજા શુભતુંગદેવ (વલ્લભરાય)ના મંત્રી ભરત સાથે ઓળખાણ કરાવે છે. ભરત પોતાના મંદિરમાં રાખી તેની કાવ્યપ્રતિભાથી મુગ્ધ થઇ 'મહાપુરાણ' લખવા પ્રેરે છે. કવિ તેના આ આશ્રયદાતાનો ઉપકાર પોતાના આ વીરરસ કાવ્યની દરેક સંધિના અંતે તેનું નામ જોડી અને ઘણે સ્થળે તેની પ્રશંસા કરી સ્વીકારે છે. તેના પિતાનું નામ કેશવભટ્ટ અને માતાનું મુગ્ધાદેવી હતું. તેનું શરીર કૃશ અને રૂપ કુરૂપ હતું. પુષ્પદંત પોતાને માટે બહુ અભિમાની હતો અને 'અભિમાનમેરૂ' એ નામનું બિરૂદ પોતે ધારણ કરી વાપર્યું છે

૭૬—મોટે ભાગે અપભ્રંશ કાવ્યો સંધિમાં (પ્રકરણમાં) વહેંચાયા છે તે પ્રમાણે આ કવિએ સંધિમાં પોતાના મહાપુરાણને વહેંચેલ છે. સંધિ ૧ મા ૭ મો છંદ છે તેમાં પ્રવરસેનના સેતુબંધનો તેમજ સાથે સાથે રામાયણનો ઉલ્લેખ કર્યો છે. નવમા છંદમાં કપિલ અને વ્યાસ

ઉપરાંત ઐતિહાસિક એવા ભારવી અને બાણનો ઉલ્લેખ કર્યો છે. વળી તે અન્યત્ર રૂદ્રટનો તેમજ બીજા ઘણાનો ઉલ્લેખ કરે છે. જેવા કે કણ-યર (કણાદ-કપિલ), ભરત (નાટયશાસ્ત્ર કર્ત્તા), પતંજલિ, ભાસ, કાલિદાસ, હર્ષ, પિંગલ, અકલંક, કુષ્માંડ, દ્રોણ, સ્વયંભૂ. આમાં દ્રોણ તે એજ છે કે જેનો ઉલ્લેખ હેમાચાર્ય દેશી નામમાલામાં દાખલા તરીકે 'અવિણયવઇ ઇતિ દ્રોણઃ,' ૧-૧૮, 'અજ્જો એષ ઇતિ દ્રોણઃ' ૧-૫૦ વગેરેમાં ઉલ્લેખ કરે છે તેજ છે. સ્વયભૂ ને નોટ્સમાં પ્રતિકારે-કોઇ અકલંકે એમ જણાવેલ છે કે '**स्वयंभूः कविः पद्धडीबद्ध रामायण कर्त्ता आपलीसंघीयः**' આ પરથી જણાય છે કે તે જૈન છે અને જેણે પ્રાકૃત છંદ પદ્ધડીમાં રામાયણ-પઉમચરિય રચેલ છે (કે જેનો અગાઉ આપણે ઉલ્લેખ કરી ગયા છીએ. પારા ૫૪).

૭૭—**શ્રીચંદ્રમુનિ**—તેનો બનાવેલો એક **કથા કોશ** છે તેમાં ૫૩ સંધિ અર્થાત્ અધ્યાય છે. તેમા લગભગ તેટલી સંખ્યામાં નાની રોચક ઉપદેશ પૂર્ણ કથાઓ કહેલી છે. કર્તાની ગ્રંથને અંતે પ્રશસ્તિ છે તે પરથી જણાય છે કે આ કવિએ આ ગ્રંથ ગૂજરાતની રાજધાની અણહિલ્લપુર પાટણમાં મૂલરાજ નૃપતિના સમયમાં રચ્યો હતો. અણહિલપુરના ચાલુક્ય (સોલંકી) વંશમાં બે મૂલરાજ થયા-એક વિ.સં. ૯૯૮ થી ૧૦૪૩ સુધી; અને બીજો માત્ર બે વર્ષ સં. ૧૨૩૩ થી સં. ૧૨૩૫ સુધી. સંભવિત રીતે આ કવિ મૂલરાજ પહેલાના સમયમાં થયો છે. તેની છેવટની સંસ્કૃતમા પ્રશસ્તિ છે તે પરથી જણાય છે કે કુંદ કુંદાચાર્યના ગણની પરંપરામા શ્રીકીર્ત્તિ શિષ્ય શ્રુતકીર્ત્તિ શિષ્ય ગુણાકર કીર્ત્તિ શિષ્ય વીરચંદ્રનો શિષ્ય હતો અને તેણે આ ગ્રંથ મૂલરાજ રાજાના ગોષ્ઠિક (સલાહકારક મંત્રી) અને અણહિલ્લપુરના વતની પ્રાગ્વાટ જ્ઞાતિના સજ્જનના પુત્ર કૃષ્ણના કુટુમ્બ માટે રચ્યો હતો.

૭૮—તેની ભાષા શ્રવલ આદિ કવિઓ જેવી છે, પરન્તુ છંદ કંઇક ભિન્ન છે.

પણુવેપ્પિણુ જિણુ સુવિસુદ્ધમઈ, ચિંતઇ મણિ મુણિ સિરિચ્ચંદુ કઇ,
સસારૂ અસારૂ સવ્વુ અથિરૂ, પિય પુત્ત મિત્ત માયાતિમિરૂ. ૧
ખણિ દીસઇ ખણિ પુણુ ઉસ્સરઇ, સંપય પુણુ સંપહે અણુહરઇ;
જોવ્વણુ ગિરિવાહિણિ વેયગઉ, લાયણ્ણુ વણ્ણુ કરસલિલ સઉ. ૨
જીવિઉ જલબુબ્બુય ફેણુ ણિહુ, હરિજાલુ વરજ્જુ અવજ્જુ ગિહુ.

—વિશુદ્ધમતિ જિન (ભગવાન્)ને પ્રણામ કરીને મુનિ શ્રીચંદ્ર કવિ ચિત્તમાં ભણે-ચિંતવન કરે છે કે સસાર અસાર અને સર્વ અસ્થિર છે. પ્રિય પુત્ર મિત્ર માયાના અંધકાર સમાન છે. ક્ષણમાં દીસે, વળી ક્ષણમાં ઓસરી જાય-ચાલી જાય (એવી) સંપત્તિ વળી 'સાપ'ને અનુસરતી-સરખી છે. જોબન, ગિરિ એટલે પર્વતની વાહિની-નદીના વેગ પેઠે જનાર છે, લાવણ્ય વર્ણ-કાન્તિ હાથમાંના પાણી જેમ નાશવંત છે. જીવન જલના બુદ્‌બુદ-પરપોટાના ફીણ જેવું છે, અને ગૃહ ઇત્યાદિ (?) ઇંદ્રજાલ સમાન છે.

૭૯—ધ્રુવક અને હંસની એક કથાનો પ્રારંભ જોઇએ:—

મગહામંડલિ પય સુહય રમ્મિ, પયપાલુ રાઉ પાડલિપુરમ્મિ,
તત્થેવ એક્કુ કોસિઉ ઉયારિ, નિવસઇ મયાવિ ગોઉરદુવારિ. ૧
સકયાઇ રાય હંસહ સમીવુ, ગઉ વિહરમાણુ સુરસરિહે દીવુ,
એક્કેણુ તત્થ કય સાગએણુ, પુચ્છિઉ હંસે વયસા ગએણુ. ૨
ભો મિત્ત ! તં સિ કો કહસુ એત્થુ, આઉમિ પએસહો કહો કિમત્થુ,
વયરહું હો વયણુ સુણેવિ ઘૂઉ, ભાસઈ હઉ ઉત્તમ કૂલ પસૂઉ. ૩
કયસાવાણુગ્ગહ વિહિ પયાસુ, આયહો પહુ ! પુહઇ મંડલાસુ;
વસવત્તિ સવ્વ સામંત રાય. ભહું વયણુ કરંતિ ક્યાણુરાય. ૪
કીલાઇ ભમંતઉ મહિપ સત્થ, તુમ્હઈં નિએવિ આઉમિ એત્થ;
પય વયણહિં પરિઓસિઉ મરાલુ, વિણ્એણુ પયં પિઉ મઇવિસાલુ. ૫

—મગધમંડલ દેશમાં સુખદ અને રમ્ય પાટલિપુત્રમાં પ્રતિપાલ રાજા (હતો), ત્યાંજ (તેના) એક કોટના ગોપુર દ્વાર-દરવાજામાં એક

જાગતો અને માયાવી ધુવડ વસતો હતો. તે એક દિવસે વિહરતો વિહરતો સુરસદૃશ દ્વીપમા રાજહંસો સમીપ આવી લાગ્યો. ત્યાં એક ઉમરે પહોંચેલા–વૃદ્ધ હંસે સ્વાગત કરીને તેને પૂછ્યું ' હે મિત્ર! તું કોણ છું, ક્યાંથી આવ્યો. આ પ્રદેશમાં શા અર્થે આવ્યો છું." ધૃતરાષ્ટ્ર (હંસ) નાં વચન સુણીને ધુવડ બોલે છે ' હું ઉત્તમ કુલમાં જન્મેલો છું. હું વિધિપુરઃસર શ્રાવક અનુગ્રહ કરી (!) હે પ્રભુ! પૃથ્વી (પુષ્પપુર!) મંડલમાંથી આવ્યો છું. સર્વસામંત અને રાજા મારા વશવર્ત્તી છે અને હે રાજા! તેઓ મારા વચનનું ભલે પ્રકારે–અનુરાગથી પાલન કરે છે. ક્રીડાને માટે ભમતા રાજાઓ–મહિપોની સાથે હું અહીં તમારા પ્રદેશમાં આવી નીકળ્યો છું. ધુવડનાં આ વચનો સાંભળી પરિતુષ્ટ થયેલા આ વિશાલમતિ મરાલે વિનયપૂર્વક તેના પગ પકડ્યા.

ઉયારિ=જાગતો, હઉં–હૂં, ધુઉ–ધુવડ.

૮૧—કવિએ છંદ જુદા જુદા વાપર્યા છે તેનાં ઉદાહરણ :—(૧) વંશસ્થ.
લહેવિ સિદ્ધિં ચ સમાહિ કારણં, સમત્થ સંસાર દુહોહવારણં
પહું જએ જં સરસં નિરન્તરં, સુહં સયાતપ્ફલજ અણુત્તરં.

(૨) દુહડહઉ નામનો છંદ.

તેણાણ્‌ માઉ, વદ્ધિઉ પમાઉ,
સંન્મત્ત ણાણ, તવ ચરણ થાણ,
સેણાઇ મોહ, મિચ્છત્ત જોહ,
ઇંદિય કસાય, પરિસહ વિસાય.
ઉવસગ્ગ આઇ, નિદ્ધિવિ અરાઇ,
પાવેવિ મોકખ, સિરિ પહય દુકખ.

(૩) માલિનિ છંદ

વિવિહ–રસ–વિસાલે, ણેય કોઊ હલાલે;
લલિય–વયણ–માલે, અત્થ–સંદોહ–સાલે.
ભુવણ–વિદિદ–ણામે, સવ્વ–દોસોવસામે;
ઇહ ખલુ કહકોસે, સુન્દરે દિણ્ણ તોસે.

૮૨—સં. ૧૦૭૬માંસાગરદત્તનું બનાવેલું **જંબુસ્વામિ ચારિત્ર** (૨૬૯૦ ગ્રંથાગ્ર) તથા તેના ઉપર ટિપ્પન (૧૧૯૦ ગ્રંથાગ્ર) બૃહત્ ટિપ્પનિકામાં નોંધાયેલ છે.

૮૩—**પદ્મકીર્તિના પાર્શ્વપુરાણ**માં ૧૮ સંધિ છે ને ૩૩૨૩ શ્લોક છે. જૈનોના ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનું ચરિત્ર તેમાં છે. પ્રશસ્તિ પરથી જણાય છે કે તે ચંદ્રસેનના શિષ્ય માધવસેનના શિષ્ય જિનસેનનો શિષ્ય હતો. તેના કાલનો નિર્ણય હાલ થઇ શકે તેમ નથી. પણ તેના આ ગ્રંથની કારંજા ભંડારમાં જે પ્રત છે તેનો લખ્યા સંવત્ ૧૪૭૩ ફાલ્ગુણ વદિ ૯ બુધ છે કે જે વખતે વીરભાણદેવ રાજ્ય કરતો હતો.

૮૪—**નયનન્દિના સુદર્શન ચરિત**માં ૧૨ સન્ધિ છે. તેમાં સુદર્શનનું ચરિત્ર છે. પ્રશસ્તિપરથી જણાય છે કે કર્ત્તા કુંદકુન્દાચાર્યગણના પદ્મનંદિના શિષ્ય વિશાખનંદિના શિષ્ય રામનંદિના શિષ્ય માણિક્યનંદિનો શિષ્ય હતો અને તેણે વિ. સં. ૧૧૦૦ માં જ્યારે ભોજદેવરાજા અવંતિદેશમાં ધારાનગરીમાં રાજ્ય કરતો હતો ત્યારે આ ગ્રંથ રચ્યો છે. તેનો આદિ ભાગ આ પ્રમાણે છેઃ—

ॐ नमः सिद्धेभ्यः। णमो अरहंताणं। णमो सिद्धाणं। णमो आयरियाणं। णमो उवज्झायाणं।णमो लोए सव्वसाहूणं।

ઇહ પંચ ણમોક્કારઈ લહેવિ ગોવહુવઉ સુદંસણુ,
ગઉ મોક્ખહો અક્ખમિતહો ચરિઉ વ ચઉવગ્ગ પયાસણુ.

૮૫—આજ નયનન્દિએ કદાચ **આરાધના** નામનો ગ્રથ રચ્યો હોય. તેના સંબંધમાં સ્વ૦ સાક્ષર દલાલે જણાવ્યું છે કે તેના કર્ત્તા નયનન્દિ દિગંબર છે. ગ્રંથ બે ભાગમાં—૧ લામાં ૫૬ અને બીજામાં ૫૮ સંધિ છે. પાટણ ભંડારમાં સ્વ૦ દલાલે પોતે જોયેલી પ્રતમાં માત્ર ૩૦ અને ૨૭ સધિઓ છે.

મુણિવર ણયનંદી સણ્ણિબદ્ધે પબિદ્ધે સયલવિહિણિહાણે એત્થ કવ્વે સુભવ્વે,
અરિહ પમુહ સુત્ત જુત્ત મારાહણાએ પભણિઉ ફુડ સધી અટ્ઠાવણ્ણં સમેત્તિ.

૮૬. **કનકામરનું કરકંડુ ચરિત** ૧૦ પ્રકરણ કે જેને પરિચ્છેદ નામ આપેલ છે તેમાં છે. તેમાં ઋષિ કરકંડુનું ચરિત્ર છે. કર્તા તેમાં સિદ્ધસેન, સમન્તભદ્ર, અકલંકદેવ, સ્વયંભૂ, અને પુષ્પદંતનો ઉલ્લેખ કરે છે, તે પરથી તેણે ઈ. સ ૧૦ મી સદીમાં કે તે પછી કોઈ કાળે તેની રચના કરેલી હોવી જોઇએ.

૮૭. આનો આદિ અંત ભાગ નીચે પ્રમાણે છે.

મણુ મારવિણાસણુહો સિવપુરવાસહો પાવતિમિરહરદિણયરહો;
પરમપ્પય લીણુહો વિલયવિહીણુહો સરમિ ચરણ સિરિ જિણુવરહો.
જય અણુવમ સિવસુહ કરણદેવ, દેવેંદ-ફણિંદ-ણરિંદ સેવ,
જય ણાણુ મહોદહિ કલિય પાર. પારાવિય સિવપહે ભવિયતાર.

* * * *

પુણુ કહમિ પયડુ ગુણણિયર ભરિઉ, કરકંડ ણરિંદહો તણુઉ ચરિઉ

* * * *

તો **સિદ્ધસેણ સુસ**મંતભદ્દ, **અ**કલંકદેવ સુઅજલ સમુદ;
જય એવં સયંભુ વિલાસચિત્તુ, વાએસરિઘરુ સિરિ પુપ્ફયતુ.

* * * *

ચિરદિવવરવંસુપ્પણ્ણએણુ, ચંદારિસિગોતેં વિમલએણુ
વઇરાયઈ હુવઈ દિયંબરેણુ, સુપસિદ્ધણામ કણયામરેણુ.
બુહ મંગલ એવ હો સીસએણુ, ઉપ્પાઇયિ જણમણુતોસએણુ,
આસાઇયણ્ણુપરિ સંપત્ત એણુ, જિણુચરણુસરોરુહભત્તએણુ.

આની સં. ૧૯૭૮ માં લખાયેલી પ્રત ઐલક પન્નાલાલ સરસ્વતિ ભવનમાં નં. ૨૮ ની છે.

પ્રકરણ ત્રીજું.

બારમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૮૮. **અભયદેવસૂરિ** બારમી સદીમાં સ. ૧૧૩૩-૩૫ લગભગ સ્વર્ગસ્થ થયા. તેમણે **જયતિહુયણ** સ્તોત્ર રચ્યું છે તે પણ અપભ્રંશમાં છે. તેમાં ૩૩ ગાથા છે.

જયતિહુયણુ વર કપ્પ રૂક્ખ જય જિણુ ધન્નંતરિ;
જયતિહુયણુ કલ્લાણુ કોસ દુરિયક્ખરિ કેસરિ
તિહુયણુ જણુ અવિલધિ આણુ ભુવણુત્તય સામિય
કુણુસુ સુહાઇ જિણેસ પાસ થંભણયપુરિટ્ઠિય. ૩

* * * *

એય મહારિય જત્તદેવ ઇહુ ન્હવણુ મહૂસઉ;
જં અણુલિય ગુણુ ગહણુ તુમ્હ મુણિજણુ અણિ સિદ્ધઉ.
એમ પસીય સુપાસણાહ થંભણયપુરટ્ઠિય;
ઇય મુણિવરૂ સિરિ અભયદેઉ વિણ્ણવઇ અણિંદિય. ૩૦

૮૯—સં. ૧૧૨૩ માં **સાધારણ**ના અંક સૂચિત કવિએ ૧૧ સંધિ વાળી અપભ્રંશ ભાષામાં **વિલાસવઇકહા** રચેલી છે તે 'સમરાઇચ્ચકહા' નામની સુપ્રસિદ્ધ હરિભદ્ર સૂરિની પ્રાકૃત કથામાંથી ઉધૃત કરી છે એમ તે કવિએ પોતે જણાવ્યું છે. કથાવસ્તુ જાણવા માટે સમરાદિત્ય કથામાંનું પંચભવવર્ણન જોવું. ગ્રંથકાર પોતે કોટિકગણુ-વજ્રશાખામાં થયેલા **બપ્પભટ્ટિ** સૂરિના સંતાન છે ને યશોભદ્ર સૂરિના ગચ્છના છે એમ જણાવે છે. કવિ 'સાધારણ' એ નામથી પૂર્વે સુપ્રસિદ્ધ હતા. તે નામથી તેમણે અનેક જાતનાં સ્તુતિસ્તોત્રો રચેલાં હતાં. પાછળથી પોતાનું નામ **સિદ્ધસેનસૂરિ** એ નામથી પ્રતિષ્ઠિત થયું એ પણ તેમણે જ જણાવી દીધું છે. આ 'અપભ્રંશ' કથાની પ્રત જેસલમેર ભંડારમાં છે. તેનું આદિ આ પ્રમાણે છે.

બહુરયણુમણોહરૂ નિમ્મલપયહરૂ સગુણુ સુવન્ના હિટ્ઠિયઉ,
જ(ભ?)ણુ કસ્સ ન સોહઇ નયણુ મોહઇ કવ્વહારૂ કંઠટ્ઠિયઉ. ૧
પઢમં પણુમેપ્પુ(વિ ?)ણુ ઉસહસામિ પુણુ અજિઉ વિવિનિ(ણિ ?)-
જિયઉ થુણામિ,
સંભવુ ભાવેવિણુ ભવવિણાસણુ વંદિવિ અભિનંદણુ ગુણનિધાણુ.
—જેસલમેર ભંડાર સૂચી પૃ. ૧૪ પ્રસ્તા. પૃ. ૪૫

૯૦ **માણિકય પ્રસ્તારિકા પ્રતિબદ્ધરાસનો** ઉલ્લેખ સં. ૧૧૭૪ માં યશોદેવ ઉપાધ્યાયના રચેલા નવતત્ત્વભાષ્ય વિવરણમાં કરેલો છે ને તે સંધિ (અપભ્રંશ કાવ્ય) બદ્ધ છે **अनयोग्न विशेषविधि मुकुट सप्तमी सन्धिबन्ध माणिक्य प्रस्तारिका प्रतिबन्ध रासका ग्यामवसेयः**) આ પરથી જણાય છે કે ગૂજરાતીમાં જેમ કાવ્યને રાસ કહે છે તેવી રીતે અપભ્રંશ તથા પ્રાકૃત ભાષામાં રાસો હતા.

૯૧. સં. ૧૧૬૦માં શાલિભદ્રસૂરિના શિષ્ય **વર્ધમાનસૂરિએ ઋષભચરિત્ર** રચ્યું છે તેમાં કેટલેક ઠેકાણે અપભ્રંશ ભાગ આવે છે.

૯૧. સદ્‌ગત સાક્ષર શ્રી ચિમનલાલે અપભ્રંશ સંબંધે 'સાહિત્ય' માસિકમાં લખતાં જણાવ્યુ છે કે:—

'અત્યાર સુધીમાં અપભ્રશ ભાષાનાં જે ઉદાહરણો અપાયાં છે તે હેમાચાર્યના પ્રાકૃત વ્યાકરણ તથા દ્વાશ્રયમાંથી છે. કેવળ અપભ્રશ ભાષામાં રચાયેલાં કડવાબદ્ધ કાવ્યો તથા ગ્રંથો જૈન ભંડારોમાં તાડપત્ર ઉપર લખેલાં મોજુદ છે. આ ઉપરાંત ૧૦ મા, ૧૧ મા તથા ૧૨ મા શતકમાં રચાયેલાં પ્રાકૃત કાવ્યોમાં પણ અપભ્રંશમાં રચાયેલો કેટલોક ભાગ માલુમ પડે છે. હેમાચાર્યના ગુરૂ **દેવચંદ્રે** સં. ૧૧૬૦માં [૫]**શાન્તિનાથ ચરિત્ર** નામનું ૧૬૦૦૦ શ્લોકનું કાવ્ય રચેલું છે તેમાંથી કેટલોક અપભ્રંશ ભાગ નીચે આપ્યો છે.

૯૨. આ ભાગમાં શાંતિનાથના જન્મ વખતે દિશા કુમારીએ જે ઉત્સવ કર્યો હતો તેનું વર્ણન છે:—

---

૫ આ કાવ્યના પ્રારંભમાં પ્રાચીન કવિઓને નમસ્કાર કરવાની પ્રથા હોય છે તે પ્રમાણે દેવચંદ્રસૂરિ ગૌતમ સ્વામિ, સવાલક્ષપ્રમાણ વસુદેવ કથા (વસુદેવહિંડી)ના કર્ત્તા ભદ્રબાહુ, સમરાઈચ્ચ કહાના કર્તા હરિભદ્રસૂરિ, કુવલયમાલાના કર્ત્તા દાક્ષિણ્ય ઇંદ્રસૂરિ તથા ઉપમિતિભવ પ્રપંચના કર્ત્તા સિદ્ધસૂરિને નમસ્કાર કરે છે. વસુદેવહિંડી સંઘદાસ તથા ધર્મસેન વાચકની બનાવેલી છે, પરન્તુ આમાં તે ભદ્રબાહુએ રચેલી છે. તથા તેનું પ્રમાણ સવાલક્ષનું છે તે વિશેષ છે.

કવિરાયચક્કવટ્ટિં વંદે સિરિ ઇંદભૂઇમુણિનાહં ।
જસ્સ જસે તેલ્લમ્મિ વ વાણી સવ્વત્થચ્છ વિચ્છરઇ ॥ ૬

વંદામિ ભદ્દબાહુ જેણ ય અઇરસિયબહુકહાકલિયં ।
રઇયં સવ્વાલકખં ચરિય વસુદેવરાયસ્સ ॥ ૭

વંદે સિરિહરિભદ્દં સૂરિં વિઉસયણાં નિગ્ગયપયાવં ।
જેણ ય કહાપબન્ધો સમરાઇચ્ચો વિણિમ્મવિઉ ॥ ૮

દાકિખન્નઇંદસૂરિં નમામિ વરવન્નબાસિયા સગુણા ।
કુવલયમાલેવ્વ સુહા કુવલયમાલા કહા જસ્સ ॥ ૯

પણમામિ સિદ્ધસૂરિં મહામતિં જેણ સવ્વજીવાણ ।
પવ્વરકંપિ વ રઇયં ભવસ્સ રુવં કહાબન્ધે ॥ ૧૦

જય જય તિહુયણદીવયદાઇ એ, જય જય અસેસહ માઈ એ ।
જય જય તિહુયણસૂરવિયાઈ એ, જય જય અચ્છરિયપસાઇ એ ॥ ૪

મ બીહિસિ પરમેસરિ સામિણિ, જમ્હે દિસાકુમારિ ગયગામિણિ ।
જમ્મકમ્મુ જિણવરહ કરેસહં, અપ્પઉં સિવપુરિપંથિ ધરેસહમ ॥ ૬

અવિ ય તિહુયણનાહહ કુચ્છિધરિ જય જય સામિણિ દેવિ ।
અમ્હેહિ તુહ પયપંકયઈં વદિય સિરહ નમેવિ ॥ ૭

જય જય અઇરાદેવિ તુહું સંતિજિણંદહ માએ ।
પણમહં તુહ પયપંકયઈં સિરિતિહુયણવિકખાએ ॥ ૮

જય જય તિહુયણદીવુ તઈ દસિયસયલપયત્થુ ।
દિંતિય સામિણિ તાડિયઉ ભવિયહં મોહુ સમત્થુ ॥ ૯

જય જય જગગિહખંભુ જિણ દિંતિય સામિણિ લોઇ ।
સંજોઇયભવભીયજણ સયલસુહં સંજોઇ ॥ ૧૦

સયલદુરિયદંદોલિદવજાલાવલિજલવાહુ ।
દિંતિય તિહુયણમાયપઇ કેડિઉ અગહ દાહુ ॥ ૧૧

જય જય પડિબોહયરુ વિન્નિયપુન્નિમચંદુ ।
માય મહાસઇદેવિપઇ કિઉ ભવિયહ આણંદુ ॥ ૧૨

જય જય ભવસાયરગયણિનિચ્છારણુવોહિત્થુ ।
દિંતિય કિઉ ઉવયારુ પઈં લોયહ અઇસુસમત્થુ ॥ ૧૬

જય જય સામિણિ તુજ્ઝ સુઉ હોસઇ તિહુયણનાહુ ।
ભવિયાણ ચણહ અસસહ વિ જે ફેડેસઇ દાહુ ॥ ૨૯

અપ્પડિબધુ વિહગુ જિહ ભૂ જિહ ખંતિસમગ્ગુ ।
રંગવિવજ્જિઉ સખુ જિહ પગુસિંગુ જિહ ખગ્ગુ ॥ ૩૬

હુયવહુ જિમ્વ તવાતવયર ભારૂંડુ વ અપમત્તુ ।
સીહુ જિમ્વ દુદ્ધરિસુ જિણુ સ્તરઉ જિમ્વ કરિમત્તુ ॥ ૩૭

પંચવન્નવરકુસુમભર પુણ સુર મેલ્હિસ્સંતિ ।
ઉપરિ છત્તત્તયરયણ ચંદતુલ્લુ ધરિહિંતિ ॥ ૪૮

ઇય પરમેસરિ પુત્તુ તુહ હોસર ગુણગણરાસિ ।
તિં વંદહ પણમત સિર અમ્હિણિ વિઠ્ઠિયપાસિ ॥ ૫૧

પડિવોહેવિણુ ભવિયજણુ જગવિચ્છારિવિકિતિ ।
અંતિવિહેવિણુ તુહતણુઉ સેલેસી વરસત્તિ ॥ ૭૫

દેવચંદપરિવંદિયહ કિયલુ હુડકખુડ એસ ।
કો કિર સક્કઇ જિણવરહ ભત્તિ કરેવિ અસેસ ॥ ૭૬

અઇપંડુસિલાસીહાસણમ્મિ સોહમ્મસામિ ઉવવિસઇ રમ્મિ ।
ઉચ્છંગિ ધરઇ જિણવરેંદુ જો પાવજલણઉલ્હવણકંદુ ॥ ૧૦૨

એત્થંતરિ સારી દુહખયકારી બહુવિહકુસુમગુણાવરિય ।
અચ્ચુયસુરણાહિં ભત્તિસણાહિં કુસુમંજલિ નિયકરિ ધરિય ॥ ૧૦૩

જાઇકુંદમંદારસમુજ્જલચંપયપારિપાયયપિંજલ ।
કેયઇદલમચકુંદસોહિય ગંધલુદ્ધફુલ્લધયમોહિય ॥ ૧૦૪

ખેત્તકિંકરહિં એચ્છંતરે સહસઅટ્ઠેવ ચઉસટ્ઠહચ્છંતરે ।
કણયકલસાણ સહસક્ક અટ્ઠોતરે વીયરૂ રૂપ્પમઇયાણ પુણ ઉત્તરે ૧૦૫

એવન્ન સુરેંદિહિં સહ સુરવિંદિહિં મજ્જણ જિણવર અણિંદયહ ।
કિઉ બહુવિઉભત્તિએ નિયવિચ્છિત્તિએ દેવચંદપરિવંદિયહમ્ ॥ ૧૧૪

જયહિ જિણુનાહયા કમ્મવણુદાહયા પણુયસુરનાહયા સિદ્ધિગમવીહયા ।
જયહિ સુભકારયા મોંહનિદ્દારયા દુરિયસયવારયા ચત્તસંસારયા ॥ ૧૨૩
જયહિ ગયસંસયા કામભડધંસયા નીરૂનવદસયા ભુવનઅવયંસયા ।
જયહિ હવપાવયા કહિયવરભાવયા દુરકત્તણુલાવયા સજલપ્પણુરાવયા ॥ ૧૨૬

૯૩—આ **દેવચંદ્રજી** કૃત **સુલસાખ્યાન** અપભ્રંશમાં છે તેમાં ૧૭ કડવક છે.

એહ સંધિ પુરૂપત્થ વસત્થિય દેવચદસૂરીહિં સમત્થિય,
ઇય બહુગુણુ ભૂસિઉ જિણુસુપસસિઉ સુલસ ચરિઉમ્મત્થિયહ.
નિસુણુત પઢંતહ ભત્તિએ સત્તણું મોક્ખુ મોક્ખત્થિયહ.

૯૪. **હેમચંદ્રજી**ના **વ્યાકરણ**માંથી તેમજ **કુમારપાલ ચરિત દ્વાશ્રય-પ્રાકૃતકાવ્ય**માંથી ઘણુંક અપભ્રંશ સાહિત્ય મળી આવે છે તેના સંબંધે હવે પછી જૂદા વિભાગ અને પ્રકરણમાં જણાવીશું.

૯૫. સસિપાલક કુલસંભવ પાર્શ્વનંદન **ધાહિલ**ના **પઉમસિરિ ચરિત્ર**માં ચાર સંધિમાં પદ્મશ્રી સતીના શીલનું વર્ણન છે. આ ક્યારે રચાયેલું છે તે જણાયલું નથી પરંતુ પાટણ ભંડારની પ્રતનો સંવત્ ૧૧૯૧ નો છે; તેનો આદિ ને અંતભાગ નીચે પ્રમાણે છેઃ—

ધાહિલુ દિવ્વદિહિ કવિ જંપઇ, અહુ જણુરોલુ મુએવિણુ સંપઇ.
નિસુણુહ સાહમિ કન્નરસાયણુ, ધમ્મ કહાણુડં પહુગુણુ ભાયણુ.

× × · × ×

સસિપાલક વુકય આસિ નાહુ, જસુ વિમલુ કિત્તિ જગિ ભમઇ સાહુ,
તસુ નિમ્મલિ વંસિ સમુપ્પવેણુ, **પઉમસિરિ** ચરિઉ કિઉ **ધાહિલેણુ**.
કવિ **પાસહનંદણુ** દોસવિમદ્દણુ સુરાઇહિં મહાસઇહિં.
જિણુ ચલણુહ ભત્તઉ તોયઇ પોત્તઉ દિવ્વ દિટ્ઠિ નિમ્મલમઇહિં.

૯૬ **સંદેશરાસક**—આ રાસક પ્રાકૃત તથા અપભ્રંશમાં છે. તેમાં દોહા, ગાથા, રડ્ડા, પદ્ધડિકા, ચંદ્રાયણુ, અર્ધ વગેરે છંદો વાપરેલા છે. પાશ્ચાત્ય દેશમાં મ્લેચ્છ દેશમાં મીરસેણુના સંબંધીનો પુત્ર અદ્દહમાન

નામનો હતો, તેની ગીતવિષયક પ્રાકૃત કાવ્યને વિષે પ્રીતિને લીધે તેના સ્નેહથી આ વિરહિણી સંદેશ વિષયક **સંદેશ રાસક** રચેલું છે. તેની પ્રત પાટણ ભંડારમાં છે.

> પચ્ચાએસિ પહૂઓ પુવ્વપસિદ્ધો ય મિચ્છદેસોત્થિ,
> એહ વિસએ સંભૂઓ આરદ્દો **મી**રસેણસ્સ. ૩
> તહ તણઓ કુલકમલો પાઇઅ કવ્વેસુ ગીય વિસએસુ
> **અ**દ્દહમાણ પસિદ્ધો સન્નેહઇ રાસયં રઇયં. ૪

૯૭. **ચર્ચરી** નામની જિનવલ્લભ સૂરિની સ્તુતિ સાથે ચૈત્યવિધિ **જિનદત્તસૂરિ** અપભ્રંશમાં રચી છે. જિનવલ્લભનો સ્વર્ગવાસ સ. ૧૧૬૮ માં થયો ને તેના શિષ્ય જિનદત્તે તેના પછી થોડાં વર્ષોમાંજ આ સ્તુતિ રચી હોય તેમ અનુમાનાય છે. જિનદત્તને આચાર્યપદ સ. ૧૧૬૮ માં મળેલું અને તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૧૧ માં થયો. તેનો આદિભાગ:—

> નમિવિ જિણેસર ધમ્મહ તિહુયણ સામિયહ
> પાયકમલુ સસિનિમ્મલુ સિવગય ગામિયહ,
> કરિમિ જહટ્ઠિયગુણથુઇ સિરિ **જિણ**વલ્લહહ
> જુગપવરાગમસૂરિહિ ગુણિગણદુલ્લહહ. ૧

—ત્રિભુવનના સ્વામી, શિવગતિગામી એવા જિનેશ્વર ધર્મનાથના ચંદ્રજેવા નિર્મલ પાદકમલને નમીને યુગપ્રવર આગમાચાર્ય ગુણિગણ-દુર્લભ એવા શ્રી **જિ**નવલ્લભની યથાસ્થિત ગુણસ્તુતિ કરૂં છું.

> પરિહરિ લોયપવાહુ પયટ્ટિઉ વિહિવિસઉ
> પારતંતિ સહુ જેણ નિહોડિ કુમગ્ગસઉ,
> દંસિઉ જેણ દુસંઘ-સુસંઘહ અંતરઉ,
> વદ્ધમાણજિણતિત્થહ કિયઉ નિરંતરઉ. ૧૦

—જેણે લોકપ્રવાહને પરિહરી-તજી પરતંત્રતા વાળા શત કુમાર્ગને ટાળી વિધિમાર્ગ પ્રવર્ત્તાવ્યો, જેણે નઠારો સંઘ અને સારો સંઘ

એનું–એ વચ્ચેનું અંતર બતાવ્યું અનેવર્ધમાન–મહાવીર જિનના તીર્થને નિરંતરનું–અવિચ્છિન્ન કર્યું.

૯૮. જિનદત્તસૂરિની બીજી બે અપભ્રંશ કૃતિઓ નામે **૨. ઉપદેશ (ધર્મ) રસાયન રાસ**માં ૮૦ ગાથા છે અને **૩. કાલસ્વરૂપ કુલક**માં ૩૨ ગાથા છે. આમાંની છેલ્લી કૃતિની ત્રીજી ગાથામાં '**વિક્કમસંવચ્છરિસય બારહ** હુયઈ પણુટ્ઠુઉ સુહુ ઘરવારહ' આવા શબ્દો છે તેથી તે કૃતિ વિક્રમના તેરમા સૈકાના પ્રારમ્ભના ૧૧ વર્ષમાં કોઈપણુ વખતે બની હોવાનું અનુમાન કરી શકાય કારણુ કે વિ. સં. ૧૨૧૧માં જિનદત્તસૂરિનો સ્વર્ગવાસ થયો છે. છતાં આ સર્વને સામાન્ય રીતે ૧૨ મી સદીની કૃતિ તરીકે લેવામાં વિશેષ હરકત જેવું નથી.

૯૯. આ ત્રણે જિનદત્તસૂરિનાં કાવ્ય 'અપભ્રંશ કાવ્યત્રયી' એ નામથી ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં પ્રકટ થનાર ગ્રંથમાં મૂકવામાં આવ્યાં છે, અને તેમાં પ્રથમનાં બે કાવ્યો પરની જિનપાલ ઉપાધ્યાય (જિનપતિસૂરિ શિષ્ય)ની સં. ૧૨૯૪ ની રચાયેલી સંક્ષિપ્ત સંસ્કૃત વૃત્તિ પણ દાખલ કરી છે. છેલ્લી કૃતિપર ઉપાધ્યાય સુરપ્રભ (જિનપતિ સૂરિ શિષ્ય)ની વિવૃત્તિ છે; સાથે એ ત્રણે કાવ્યની સંસ્કૃત છાયા તે ગ્રંથના સંપાદક પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીએ કરીને મૂકી છે. તેમાં સંપાદક સાક્ષર જે પ્રસ્તાવના અને પરિશિષ્ટ મૂકવાના છે તે બહાર પડવાથી વિશેષ પ્રકાશ પડશે.

૧૦૦. **વાદિદેવસૂરિ** એ મહાપ્રભાવક જૈનાચાર્ય થઈ ગયા તેમણે પોતાના ગુરૂ મુનિચંદ્રસૂરિ (સ્વ. સં. ૧૧૭૮) ઉપર તે સમયની બોલાતી ભાષા–અપભ્રંશ ભાષામાં **સ્તવન** રચ્યું છે (મુદ્રિત–જૈન શ્વે. કૉ. હેરલ્ડ પત્રનો ઈ. સ. ૧૯૧૭ના સપ્ટે. થી નવે. નો ખાસ અંક પૃ. ૩૩૧–૩૩૫). તેનો આદિ અને અંતભાગ નીચે પ્રમાણે છેઃ—

નાણુ ચરણુ સંમત્તુ જસુ રયણત્તઉ સુપહાણુ,
જયઓ સુ મુણિસુરિ ઇત્થુ, જગિ મોહિ અવમ્મહખાણુ.　　૧

×　　×　　×　　×

જાહે પસન્ના તુહ નયણુ, તહ મણુયહ સયકાલ,
હિયઇચ્છિય સુહ સંપડહિં, અનુ છિંદહિં દુહજાલ. ૨૪
દૂસમ રયણિહિં સૂર જિમ્વ, તુહ ઉટ્ઠિઉ મુણિનાહ,
સિરિ મુણિચંદ મુણિંદ પરમહુ ફેડઇ કુગ્ગાહ. ૨૫

આની હાલની ગૂજરાતી છાયા પં. બહેચરદાસે આ પ્રમાણે આપી છેઃ-

જ્ઞાનચરણ સમ્યકત્વ જેનું રત્નત્રય સુપ્રધાન,
જયો સ મુનિસુરિ અહીં જગે, માંડયો મન્મથસ્થાણુ. ૧

× × × ×

જ્યારે પ્રસન્ન તવ નયનો તથા મનુજોને સદા કાળ,
હૃદયઇચ્છિત સુખ સાંપડે પછી છેદાય દુઃખજાળ. ૨૪
દુઃષમ રજનિમાં સૂર્ય જેમ તું ઉઠયો મુનિનાથ,
શ્રી મુનિચંદ્ર મુનીંદ્ર પરમ ફેડે કુગ્રાહ. ૨૫

(૧. ચરણુ—વિશુદ્ધપ્રવૃત્તિ, સમ્યકત્વ—શ્રદ્ધા, માડયો—મર્દિત-મડ્ડિય-મોડિય-મસળી નાંખ્યો, મન્મથસ્થાણુ-કામરૂપ ખીલો. ૨૪-સાંપડે-સંપડઈ-સંપદ્યતે-સંપતતિ-સંપડઈ-મળે. ૨૫. દુઃષમ રજની-આ પાંચમા દુઃષમ નામના આરા રૂપ રાત્રી. કુગ્રાહ-કદાગ્રહ.]

૧૦૧. લક્ષ્મણ ગણિએ સુપાસનાહ-ચરિઅં એ નામનો પ્રાકૃત ગ્રંથ સંવત્ ૧૧૯૯માં માઘ શુદ ૧૦ ગુરૂને દિને ગુરૂ મંડલીપુરીમાં શ્રી કુમારપાલના રાજ્યમાં રચ્યો છે તેમાં કયાંક કયાંક અપભ્રંશમાં છંદો છે -

ગરૂયભત્તિબ્ભરુબ્ભિન્નરોમંચયા, થુણહિ તિત્થેસરં તત્થ નચ્ચંતયા,
કેવિ મુંચંતિ મંદારસુમણોહરં, ગંધવ સમિલિયસલોહ સુમણોહરં. ૨૬૮
કેવિ મલ્લવ સજ્જંતિ કમદદુરં, અવરિ ગાયંતિ સુહકંઠરવ સુંદરં,
કેવિ ઉત્તાલતાલાઉલ રાસયં, કુણહિ કરનચ્ચિયં અવરિ વરહાસયં. ૨૬૯
કેવિ હરિસુદ્ધરા તિયસગલ દ્દુરં, કુણહિં હયહેસિયં કેવિ સુઇમહુરં,
કેવિ ગયગજ્જિયં કુણહિં મયભિંભલ, અન્નિ મુટ્ઠીહિ પહરંતિ
ધરણીયલં. ૨૭૦

કેવિ ફ્રોડિંતિ વક્કરિયં ઉક્કેરયં, કેવિ કુવ્વંતિ કંઠીરવુન્નાયયં,
કેવિ તક્ખણિણ ખીરોયજલ સંતિયં, કલસમુવણિંતિ તિયસા
હરિયંતિયં. ૨૭૧

—ત્યાં ગુરૂભક્તિના ભરથી ઉદ્‌ભિન્ન રોમાંચ થયાં છે જેનાં એવા નાચતા (દેવતાઓ) તીર્થેશ્વરને સ્તવે છે. કેટલાક (દેવો) સુગંધથી વશ થઇ જ્યાં સુમનોહર ભ્રમરો થોકબંધ ભેગા થાય છે એવા મંદાર નામના પુષ્પોનો ભર–ઢગ ફેંકે છે, કેટલાક મલ્લોની માફક ક્રમદદુંર ? સજ્જ થાય છે, જ્યારે બીજા સારા કંઠરવથી સુંદર ગાય છે. કેટલાક ઉંચા નીચા તાલવાળા રાસ કરે છે, બીજા હાથના નૃત્યવાળું સુંદર હાસ્ય કરે છે, કેટલાક હર્ષથી મસ્ત બની...કરે છે, કેટલાક કણુને મધુર એવા ઘોડાના હણહણવાનો અવાજ કરે છે કેટલાક હાથીની ગર્જના કરે છે, બીજા ભૂમિતલને મુઠીથી મારે છે, કેટલાક......અને કેટલાક દેવતાઓ તેજ ક્ષણે ખીરના જલવાળા કલશો ઇંદ્ર પાસે લઈ જાય છે.

૧૦૨. બીજો નમુનો એ છે કેઃ—

ચઉપ્પઇ.

જહિં ઉપ્પજ્જઇ જલણુ ત નિશ્ચિયં તા ડહઇ,
પાસટ્ઠિઉં પુલિંગિહિં ડહઇ નવા ડહઇ,
જસુ પુણુ કોહ સુ અપ્પઉ જણુ ડહિઉ,
હાણિ કરેઇ પરત્તહ જિણવરિ ઇહ કહિઉ. ૨૭૦
રોસિણ અબ્ભુક્ખાણુ જુ વિયરઇ અવરજણિ,
સો તેણુવિ પરિભવિયઇ ડજ્ઝઇ અત્તુમણિ,
નો તં સો ઇહ લોઇવિ વઇરિઉ ભણિ હણઇ.
આલિ જુ દિન્નઇ પાવુ અયાણુઉ ન તં ગણઇ. ૨૭૧
રોસાનલિણ પલિત્તુ મુહુત્તિણ ડહઇ નરૂ,
નિયધમ્મહ ભંડારૂ સુસંઠિઉ જો સુચિરૂ,
રોસપિસાઇણ ગહિઉ ન ભુંજઇ ન ય સુયઇ,
અઇવિલ્લહ ધણુ માણુસુ વિણુ દોસિણ મુયઇ. ૨૭૨

જહ કુંડલ કેઉર કિરીડ વિહૂસણુ વિહૂસિઉ,
વિણુયવિહૂણુઉ સોહ ન પાવઇ નરૂ કહવિ,
તહ પંડિઉ દાયારૂ તવસ્સી જઈ તહવિ,
ન લહઈ સુગ્ગઇમગ્ગુ સરોસિરૂ નરૂ કહવિ. ૨૭૩

—જ્યાં અગ્નિ ઉપજે–ઉત્પન્ન થાય તેને પોતે રહે ત્યાં સુધી બાળે, (પણ) પાસે પડેલાને (પોતાના) તણખાથી બાળે કે ન પણ બાળે; જ્યારે ક્રોધ જેને થાય છે તે પોતાને તથા બીજાને પણ બાળીને બીજે સ્થળે પણ હાનિ કરે છે એમ જિનવરે કહ્યું છે.

—જે (જન) રોષથી બીજા મનુષ્યોમાં અભ્યાખ્યાન ચાડી ફેલાવે છે તે તે (રોષ)થી પણ પરાભવ પામે છે, (અને) પોતાના મનમાં બળે છે; તેથી તે આ લોકમાં પણ તેને વૈરી ગણી મારે છે. જે ખોટી રીતે પાપ કહેવામાં આવે છે તે અજાણ્યો (પાપ) ગણતો નથી.

—જે ઘણા કાળ સુધી સુસંસ્કારમાં સ્થિત હોય એવો મનુષ્ય રોષરૂપી અગ્નિથી પ્રદીપ્ત થઇને (એક) મુહૂર્તમાં નિજધર્મનો ભંડાર બાળી નાંખે છે. રોષરૂપી ભૂત જેને ભરાણો હોય તે ભોગવતો નથી તેમ સૂઇ શકતો નથી, અને અતિ પ્યારૂ ધન મનુષ્યને વિનાદોષે છોડી જાય છે. જેમ કુડલ, કેયૂર, કિરીટ (મુગટ)થી વિભૂષિત થયેલો નર વિનયવિહીણો (હોયતો) કોઇ રીતે શોભા પામતો–શોભતો નથી, તેવી રીતે કોઇ માણસ પડિત, દાતા, તપસ્વી હોય છતાં પણ રોષવાળો હોય તો સુગતિનો માર્ગ પ્રાપ્ત કરતો નથી.

૧૦૩. આ કવિએ બીજાનું સુભાષિત પણ મૂકયું છે અને તેથી તે તેના સમયથી પ્રાચીન હોવુ જોઇએ. યતઃ ઉક્તમ્:—

અપ્પત્થિયઈં ઇંતિ જહ દુક્ખઇં, સહસા પરિણમંતિ તહ સુક્ખઇં,
પુવ્વજ્જિયઈં ધરિવિ કો સક્કઇ, સપ્પુરિસહ ચિત્તુવિ ન ચમક્કઇ.

—જેમ દુઃખો અપ્રાર્થિત (વણમાગ્યા) આવે છે, તેમ સુખો સહસા–એકદમ પરિણમે છે. પૂર્વોપાર્જિત કોણ અટકાવી શકે? સત્પુરૂષોનું ચિત્ત છતાંય ચમકતુ નથી–ચમત્કાર પામતું નથી–આશ્ચર્ય પામતું નથી.

૧૦૪. આવા અપભ્રંશ ભાષામાં અમુક ભાગો પૃ. ૫૦, ૧૫૦, ૨૧૩, ૨૮૬, ૨૯૬, ૪૪૦ થી ૪૪૨, ૪૬૮, ૫૭૦, ૬૨૫, ૬૩૨, ૬૪૭ પર છે. જુઓ સુપાસનાહ ચરિઅ–સંસ્કૃત છાયા કરીને સંશોધક પંડિત હરગોવિન્દદાસ અને પ્રકાશક જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા અંક ૪, ૮, ૧૨, કાશી.

પ્રકરણ ૪ થું.

તેરમી, ચૌદમી અને પંદરમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૧૦૫—**યોગચંદ્રમુનિના** રચેલા **યોગસાર** ગ્રંથમાં ૧૦૫ દોહા ૧ સોરઠા ને ૧ ચોપઇ છે. તેને દોહાસાર પણ કહે છે. તેનો વિષય અધ્યાત્મોપદેશ છે. યોગચંદ્રમુનિનો સમય નિર્ણિત થયો નથી. કોઈ કહે છે કે વિક્રમની બારમી સદી અથવા વધુમાં વધુ તેરમી સદીનો પૂર્વ ભાગ સિદ્ધ થાય છે, પણ ભાષા સરલ તેથી આધુનિક ભાષાને એટલી બધી મળતી છે કે તેને તેટલો પ્રાચીન સમય આપવાનો સ્વીકાર કરવા કોઇ ખંચાય; છતાં જ્યા સુધી તેનો સમય નિર્ણીત રીતે સિદ્ધ ન થાય ત્યા સુધી તેને અત્ર સ્થાન આપવું યોગ્ય ધાર્યું છે. (આ ગ્રંથ પ્રકાશિત થઈ ગયો છે. માણિક્યચંદ્ર જૈન ગ્રંથમાલા અંક ૨૧.) તેના દોહાની ભાષા આપણી હાલની દેશી ભાષાનું પૂરાણું સ્વરૂપ બતાવે છે, અને તે અપભ્રંશની સરલ ભાષા છે તેથી તેને જૂની ગૂજરાતી કે જૂની હિંદી નિશ્ચિંતપણે આપણે કહી શકીએ. ઉદાહરણ તરીકે:—

> અજરૂ અમરૂ ગુણગણણિલઉ, જહિ અપ્પા થિર થાઈ,
> સો કમ્મહિ ણવિ બંધયઇ, સંચિયપુવ્વ વિલાઇ. ૧
>
> —અજર અમર ગુણગણ નિલય, જે આત્મા સ્થિર થાય,
> તે કર્મો નવિ બાંધશે, સંચિતપૂર્વ વિલાય.

એટલે કેઃ—અજર અમર ગુણના સમૂહનું સ્થાન (એવો) આત્મા જેનો સ્થિર થાય છે તેને તે કર્મો બાંધતા-બંધન કરતા નથી. પૂર્વનાં (જે) સંચિત (તેજ) વિલય પામે છે-નાશ પામે છે.

અપ્પ સરૂવહ જો રમઇ, છંડવિ સબ વવહારુ,
સો સમ્માઇઠી હવઇ, લહુ પાવઈ ભવપારૂ.

—આત્મ સ્વરૂપે જે રમે, છાંડે સહુ વ્યવહાર,
તે સમ્યગ્દષ્ટિ થતો, પામે અલ્પ ભવપાર.

(છંડવિ-છોડીને, લહુ-લઘુ-થોડા સમયમા યા થોડા પ્રયાસથી)

જહ સલિલેણુ ણુ લિપ્પયઇ, કમલણિ પત્ત કયાવિ,
તહ કમ્મેણુ ણુ લિપ્પયઇ, જઇ રઇ અપ્પ સહાવિ.

—જલથી થાય ન લિપ્ત જયમ, કમલિની પત્ર કદાપિ,
કર્મથી થાય ન લિપ્ત ત્યમ, યદિ રતિ આત્મસ્વભાવ.

ઇક્ક ઉપજ્જઈ મરઇ કુવિ, દુહુ મુહુ ભુજઇ ઇક્કુ,
ણુરયહ જાઇવિ ઇક્ક જિય, તહ ણિવ્વાણુહ ઇક્કુ. ૪

—એકલો ઉપજે મરત એક, દુખ સુખ ભોગવે એક.
નરક જાય વળી એક જીવ, ત્યમ મુક્તિ પણ એક.

૧૦૬—આમાં સોરઠા છંદ પણ છે.

જીવા જીવહ ભેઉ જો, જાણઈ સો જાણિયઉ,
મોક્ખહકારણુ એઉ ભણુઈ, જોઇ જોઇહિ ભણિઉ.

—જીવ અને અજીવના ભેદ જે જાણે છે તે જાણે છે (અર્થાત્ તેજ જ્ઞાની છે.) મોક્ષનું કારણ એજ છે (એમ) યોગી (યોગચંદ્ર) કહે છે (કે જે) યોગીઓએ કહેલું છે.

ધમ્મુ ણુ પઢિયા હોઇ, ધમ્મુ ણુ પોચ્છા પિચ્છયઇ,
ધમ્મુ ણુ મઢિય પયેસિ, ધમ્મુ ણુ મુચ્છા લુચ્ચિયઇ.

—પઢયે ન હોયે ધર્મ, પૂછાપૂછિથી ધર્મ નવ,
મઢિ પ્રવેશ્યે ધર્મ નવ, મૂછ લોચ્યે નવ ધર્મ છે.

(આમાં પૂછાપૂછી, મઢિ (મઠ), મુચ્છા (મુછ) વગેરે દેશી શબ્દો છે.)

૧૦૭—આ ગ્રંથમાં એક ચોપઇ પણ છે:—

કાસુ સમાહિ કરઉ કો અંચઉ, છોપુ અછોપુ કરિવિ કો વંચઉ,
હલસહ કલહિ કેણુ સમ્માણઉ, જહિં જહિં જોવઉ તહિ
અપ્પાણઉ. ૨૦

—કેની સાથે સમાધિ કરૂ, કોને અર્ચું (પૂજૂં), છૂત અછૂત કરીને કેની વંચના કરૂ, ભલા કેની સંગાથે કલહ બોલવું, જ્યાં જ્યાં જુઓ ત્યાં આત્માજ છે.'

આ દોહાસારને મળતોજ શ્રાવકાચાર નામનો ગ્રંથ છે કે જેનો ઉલ્લેખ આગળ કરવામાં આવ્યો છે.

૧૦૮—પ્રાયઃ આ કવિનો **પરમાત્મપ્રકાશ** નામનો ઉત્તમ આધ્યાત્મિકગ્રંથ છે ને પણ આજ પ્રકારનો છે. તે ભટ્ટ પ્રભાકરની વિનતિથી રચવામાં આવ્યો હતો. તેમાં પણ દોહા છંદનો ઉપયોગ કર્યો છે. દાખલા તરીકે:—

જઇ ણિવિસધ્ધુવિ કુઇ કરઇ, પરમપ્પઇ અણુરાઉ,
અગ્ગિકણી જિમ કટ્ઠગિરિ, ડહઇ અસેસુવિ પાઉ. ૧૧૫.

—જો (એક) નિમિષ-ક્ષણની અર્ધી પણ કોઇ પરમાત્મપ્રત્યે અનુરાગ કરે-રાખે, તો જેમ અગ્નિની એક કણી લાકડાનો પર્વત-મોટો ઢગ બાળી નાંખે છે તેમ તે અશેષ-સર્વ પાપ પણ બાળી નાંખે છે.

હરિહર બહ્મુવિ જિણવરવિ, મુણિવરવિંદવિ ભવ્વ,
પરમણિ રંજણિ મણુ ધરિવિ, મુક્ખુ જિ ઝાયહિ સવ્વ. ૧૩૪

—હે ભવ્યો! હરિ, હર, બ્રહ્મા પણ (તેમજ) જિણવરો પણ (અને) મુનિવરના સમૂહો પણ પરમનિરંજનમાં મન રાખી મોક્ષનેજ ધ્યાય છે.

ણિટ્ઠુરવયણ્ઇ સુણેવિ જિય, જઇ મણિ સહણુ ણુ જાઇ,
તો લહુ ભાવહિ બંભુ પરૂ, જિં મણુ ઝત્તિ વિલાઇ. ૩૧૫

—હે જીવ ! જો નિષ્ઠુર વચન સાંભળી મનમાં સહન થાય નહિ તો પરબ્રહ્મને લઘુ-અલ્પ ભાવ-તેની ભાવના કર કે જેથી મન ઝટ વિલીન થાય-દ્રવીભૂત બને.

આમાં ૩૪૫ છંદ છે તેમાં ૩૪૩ દોહા છે ને છેલ્લા બે જુદા છંદમાં છે તે પૈકી—

જં તત્તં ણાણરૂવં પરમમુણિગણા ણિચ્ચ ઝાયંતિ ચિત્તે,
જં તત્તં દેહચત્તં ણિવસઈ ભુવણે સવ્વદેહીણ દેહે,
જં તત્તં દિવ્વદેહં તિહુવણગુરૂગં સિજ્ઝએ સંતજીવે,
તં તત્તં જસ્સ સુદ્ધં ફુરઇ ણિયમણે પાવએ સો હિ સિદ્ધિં. ૩૩૪

૧૦૯—ઉપરનાં ઉદાહરણો મૂલ માત્ર પરથી લીધાં છે; તેના પર સંસ્કૃત છાયા કે કોઈ ટીકા ટિપ્પણી વગેરે મળતી નથી તેથી ક્યાંક ક્યાંક શબ્દો યા પદોના અર્થ સ્પષ્ટ સમજાયા નથી. વાચક પોતાની મેળે તે પર વિચાર કરી લેશે. આ થોડાં ઉદાહરણોથી સ્પષ્ટ થશે કે વિક્રમની નવમી સદીથી પાંચ છ સદી સુધીનું અપભ્રંશ-પ્રાકૃત સાહિત્ય, ગૂજરાતી, હિન્દી, આદિ દેશી ભાષાના મૂળનો પત્તો લગાડવામાં કેટલું ઉપયોગી છે.

૧૧૦—ઉક્ત પરમાત્મપ્રકાશ નામનો ગ્રંથ પ્રકટ થયો છે (રાયચંદ્ર જૈનશાસ્ત્રમાલામાં) તેમાં કર્ત્તાનું નામ યોગીન્દ્રદેવ આપ્યું છે તેજ આ યોગચંદ્રમુનિ એમ સંભવે છે. આ કૃતિની ભાષા પણ અપભ્રંશની સારી અને ઉચ્ચ સ્થિતિ સૂચવે છે. ઉપરની અને આ કૃતિની ભાષા સાથે સાથે એક પ્રવાહમાં અખંડપણે સરલતાથી એવી વહે છે કે જાણે તત્કાલિન બોલાતી ભાષામાં રચાઇ હોય એવું જણાય છે. તેના પર ટીકા બ્રહ્મચારી દેવે સંસ્કૃતમાં રચી છે. વળી આ પરમાત્મપ્રકાશ પરથી શ્વેતામ્બરીય ધર્મમંદિર ગણિએ ગૂજરાતીમાં તેજ નામની કૃતિ સં. ૧૭૪૨

ના કાર્તિક શુદ ૫ ગુરુવારે મુલતાનમાં રચી પૂર્ણ કરી છે. જુઓ જૈન-ગૂર્જર કવિઓ ભાગ બીજો.

૧૧૧—દશમી સદીમાં દોહાની રચના થતી હતી એવું માલૂમ પડે છે, પણ તે જોઇએ તેવી સર્વત્ર પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પામી નહોતી એ પણ સાથે સાથે જણાય છે.

દેવસેન આચાર્યે દર્શનસાર, નયચક્ર, ભાવસંગ્રહ, આરાધનાસાર અને તત્ત્વસાર નામના પ્રાકૃત ગ્રંથ રચેલા તે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. તે પૈકી દર્શનસારની રચના વિ. સ. ૯૯૦ માં ધારાનગરીના શ્રી પાર્શ્વ-નાથ ચૈત્યાલયમાં સમાપ્ત થયાનું તેની પ્રશસ્તિપરથી સ્પષ્ટ જણાય છે; તેથી આ આચાર્યનો સમય દશમી સદીમાં થવાનુ નિશ્ચિત છે. 'તેમણે નયચક્ર નામનો ગ્રંથ દોહા છંદમાં એટલે તે સમયની અપભ્રંશ-પ્રાકૃત ભાષામાં રચ્યો હતો પરંતુ તેના સમયમાં સમાલોચકોને તે છંદ પસંદ ન પડયો તેથી તેના શિષ્ય **'માઇલ્લ ધવલે'** તેના દોહાને ગાથાઓમાં ફેરવી નાંખ્યા—આ વાત તે ગ્રંથની બે છેલ્લી ગાથાઓ પરથી વિદિત થાય છેઃ—

સુણિ ઊણ દોહરત્થં સિગ્ઘં હસિઊણ સુંહકરો ભણઇ,
એત્થ ણ સોહઇ અત્થો, ગાહાબંધેણ ત ભણહ.

—દોહાબદ્ધ ગ્રથને સુણીને શીઘ્ર ' શુભંકરે ' હસીને કહ્યું, આ (છંદ)માં અર્થ શોભતો નથી તેથી ગાથાબદ્ધ કરો.

દવ્વસહાવપયાસ દોહયબંધેણ આસિજં દિટ્ઠં
તં ગાહાબંધેણ રઇય માઇલ્લધવલેણ.

—સ્નેહથી આ દ્રવ્ય સ્વભાવનો પ્રકાશ (ગ્રંથ) કે જે પહેલાં દોહા-બદ્ધ જોવામાં આવ્યો હતો તે માઇલ્લિ ધવલદ્વારા ગાથાબદ્ધ રચ્યો.

૧૧૨—દોહા છંદનો તે વખતે સામાન્યપણે નવો નવોજ પ્રયોગ હતો તેથી ' શુભંકર ' મહાશયે તેને પસંદ ન કર્યો. આ દોહાબદ્ધ ગ્રંથ હમણાં મળતો નથી. કોણ જાણે આ જાતનાં બીજા

કેટલાએક ગ્રંથો આવા 'શુભંકરો'ની કૃપાથી નષ્ટ થયા હશે.' (ગુલેરીજી ના. પ્ર. પ્ર. ભા, ૨–૩ પૃ ૨૪૧–૨૪૩).

૧૧૩. આ સર્વ ગ્રંથોથી જૂદો એક અશ્રુતપૂર્વ ગ્રંથ નામે **'શ્રાવકાચાર'** દેવસેન સૂરિએ રચેલો કારંજાના ભંડારમાં ઉપલબ્ધ થયો છે. આમાં લગભગ ૨૫૦ દોહામાં ગૃહસ્થ ધર્મનું વર્ણન છે, તેમાંથી અહીંથી તહીં બે ચાર દોહા લઇએ:—

ણમકારેપિણુ પંચગુરૂ, દૂરિદલિયદુહકમ્મુ,
સંખેવ પયડક્ખરહિં, અક્ખમિ સાવય ધમ્મુ. ૧.

—(જેણે) દુષ્કર્મોને દુર્દલિત કર્યાં છે (એવા)[૬] પંચ ગુરૂઓને નમસ્કાર કરી સક્ષેપમાં પદ અને અક્ષરો દ્વારા શ્રાવક ધર્મને કહું છું—આખ્યાન કરૂં છું. (પિણુ–પૂર્વકાલની ક્રિયા વિભક્તિ છે અને 'કમ્મુ' તથા 'ધમ્મુ'માં 'ઉ'છે તે કર્મકારક સૂચક છે.)

* * *

સુણુ દસણુ જિય! જેણુ વિણુ, સાવય ગુણુ ણુવિ હોઈ,
જહ સામગ્ગિ વિવજ્જિયહ, સિજ્ઝઇ કજ્જુ ન કોઇ.

—(હે) જીવ! [૭]દર્શનને સાંભળો. (તે એવું છે કે) જેના વિના

---

૬ જૈનો પાંચ પરમ ઇષ્ટને પૂજે છે:—અર્હન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ. આને જૈન ધર્મમાં 'પંચ પરમેષ્ઠી' કહે છે. અર્હન્ત એટલે તીર્થંકર. સર્વ આત્મઘાતી કર્મોને દૂર કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લોકોને બોધ આપી ધર્મના પ્રવર્તક. સિધ્ધ એટલે સર્વ કર્મોનો ક્ષય કરી સિધ્ધ-મુક્તિ પ્રાપ્ત કરનાર. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ કંચન કામિનીના ત્યાગી વૈરાગીના ચડતા ઉતરતા પ્રકાર છે.

૭ 'દર્શન' એ નામ જૈન ધર્મમાં 'શ્રદ્ધા, વિશ્વાસ, યકીન' ને આપેલું છે. જૈનમાં મોક્ષ પ્રાપ્ત થવા માટે સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્ર એ ત્રણે એકી સાથે કહ્યા છે અને ત્રણને 'રત્નત્રય' કહેવામાં આવે છે. આ રત્નત્રયમાં પહેલું રત્ન 'દર્શન' છે કે જેના હોવા વગર કોઇ ધર્મવાન્ કહી શકાતો નથી.

શ્રાવકના ગુણુ હોય (થાય–ઉદ્‌ભવે) નહિ; (કેવી રીતે?) જેવી રીતે (યોગ્ય) સામગ્રી છોડીને (રહિત) કોઇ કાર્ય સીઝતું–સિદ્ધ થતું નથી. ('ણુવિ'માંનો 'વિ' પાદની પૂર્તિ માટે અથવા 'ન' પર જોર દેવા માટે વપરાયો છે)

× × × ×

સચ્ચ સચેણુ વિજાણિયહ, ધમ્મુ ણુ ચઢઇ મણે વિ,
દિણુયર સઉ જઇ ઉગ્ગમઇ, ધૂવડ અંધઉ તો વિ.

—તે સત્યથી વિશેષપણે જાણીને (જાણ્યા છતાં) ધર્મ મન ઉપર ચઢતો નથી (જેવી રીતે) તે દિનકર–સૂર્ય ઉગે, તો પણ ઘુવડ આંધળો (હોય છે.) (મન ઉપર ચઢવું–ગળે ઉતરવું, કોઇ વાત પૂરી જાણી લેવી એ અર્થમાં હાલની આપણી ભાષામાં વપરાય છે. આ વાણી વ્યવહાર અને ધૂવઉ–ઘુવડ એ શબ્દ સર્વથા દેશી છે.)

× × × ×

ખંચઇ ગુરૂ વયણંકુસઇ, મેલ્લિ મ ઢિલ્લઉ તેન.
મુહ મોડઉ મણુ હત્થિયઉ, સજમ ભર તરૂ જેન.

—(કોઇ વિરક્ત પુરૂષ પોતાના મનને સંબોધે છે–) ગુરૂ વચન રૂપી અંકુશોથી ખેંચે છે, તે માટે ઢીલું મેલીશ–મૂકીશ માં–મન! તું ઢીલું પડીશ માં. હે મનરૂપી હાથી! સંયમ રૂપી ભરેલા તરૂ–ઝાડ પ્રત્યે મો ફેરવ! (આમા ખેંચે છે, ઢીલું મેલમાં–મૂક માં, મોં મોડ–ફેરવ એ આપણી દેશી ભાષાનાં રૂઢ છે.)

× × × ×

એહુ ધમ્મુ જો આયરઇ, ચઉવણ્ણહ મહ કોઇ,
સો ણુરણારી ભવ્વયણુ, સુર ઇય પરવહ સોઇ.
—આનું ગૂજરાતી દોહામાં રૂપાંતર આ રીતે મૂકી શકાયઃ—
એહ ધર્મ જે આચરે, ચતુર્વર્ણમાં કોઇ,
તે નરનારી ભવ્યજન, સુરપતિ પામે તેહ.

૧૧૪. આ શ્રાવકાચારની ભાષા જોતા તે દશમી સદી જેટલી જૂની ન લાગે અને તેથી તેના અને નયચક્રના કર્ત્તા ભિન્ન ભિન્ન દેવસેનસૂરિ હોઇ શકે, પરંતુ નયચક્રની છેલ્લી બે ગાથા પરથી એમ તો જણાય છે કે દેવસેનસૂરિએ દોહામાં રચના કરી હતી, અને શ્રાવકાચાર દોહામાં છે તો તે પણ તેમનીજ કૃતિ હોઇ શકે. તેમ હોય તો પછી દશમી સદી જેટલી જૂની ભાષા તેમાં નથી જણાતી તેનું કારણ તેની મૂળ ભાષામાં પછીથી ફેરફાર બીજા હાથે થયો હોવો જોઈએ એમ માનવું ઘટે.

૧૧૫. વટગચ્છના જિનચંદ્રસૂરિ શિષ્ય શ્રી ચંદ્રસૂરિશિષ્ય **હરિભદ્રસૂરિનું નેમિનાહ ચરિય** સ. ૧૨૧૬ના કાર્તિક શુદ ૧૩ ને દિને અણહિલ્લવાડ નગરે કુમારપાલના રાજ્યમાં પ્રાકૃત અપભ્રંશ ભાષામાં ૮૦૩૨ શ્લોકમાં સંપૂર્ણ થયું છે; અને તે નવ લીટીના રડ્ડા યા વસ્તુ છંદમાં છે. તેના પહેલા ભાગમાં અરિષ્ટનેમિ અને રાજીમતિના નવ પૂર્વ ભવોનું વર્ણન છે અને પછી તેનાથી નાના બીજા ભાગમાં આ તીર્થંકરનું ચરિત્ર છે કે જેમાં કૃષ્ણ અને પાંડવોનાં ચરિત્રો ઓતપ્રોત છે. આ ગ્રંથ ડૉ. જેકૉબી સશોધિત કરી પ્રગટ કરવાના છે તેથી અપભ્રંશ ભાષા અને સાહિત્યપર અવનવો પ્રકાશ પડશે. તેનો આરંભ આ પ્રમાણે છે:—

દુહ વિપયડિયકરણુ આયાર
દુહદંસિયધમ્મનિહિ દુહનમંતપયવિહવપાવણુ
દુહકમણાણંદયર દુહસુવન્નરયણપ્પહાવણુ
મહ સુહુ વિયરઉ વિમલગુણુરાસિજલહિરયણિંદુ
પણયસુરાસુરનરનિયરકયથુઇ રિસહજિણિંદુ. ૧

વિશેષ માટે જુઓ જેસલમેર ભાંડાગારીય ગ્રંથાનાં સૂચિ (ગા. ઓ. સી. નં. ૨૧) પૃ. ૨૭

૧૧૬. સં. ૧૨૩૮ માં સિદ્ધરાજ સમકાલીન વાદિ દેવસૂરિના શિષ્ય **રત્નપ્રભસૂરિ** (રત્નાવતારિકાના કર્ત્તા) એ **ઉપદેશમાલા** પર **દોઘટ્ટી વૃત્તિ** રચી છે તેમાં કેટલોક અપભ્રંશ ભાગ છે.

૧૧૭—વરદત્તનું વૈરસામિચરિઅ ફક્ત બે સંધિનું છે ને તે દરેકમાં ૧૨ અને ૯ અનુક્રમે કડવક (કડવાં) છે. કુલ ગ્રંથાગ્ર ૩૦૦ છે તેની પ્રત પાટણ તેમજ ખંભાત ભંડારમાં મળે છે. તેનો આરંભ આ પ્રમાણે છેઃ—

અહો જણુ નિસુણ્ણુ(ણિ)જ્જઉ કન્નુ, ધરિજ્જઇ(હુ) વઇર સામિ
મુનિવર ચરિઉ,
સાહઉં સુમણોહર ભવિયહસુંદર, જિ જિણુ રયણુ સમુદ્ધરિઉ. ૧
તુંબવનનામિ પુરવરૂ વહાણું, અત્થેત્થુ ભરહિ વરગુણ નિહાણુ,
જિણ ભવણિહિ સુંદર કિઉ પવિત્તુ, દેઉલવિહાર મંડિઉ પવિત્તુ. ૨
નંદનવણુ સરિસરવરેહિં રમ્મુ, પાલહિં નર નિત્યુ જિણંદ ધમ્મુ,
નહિં નયરિ અત્થિ ધણુ નાઉ સેટ્ઠિ, જો હત્થુ ન ઉડ્ડઇ કસુ વિ હેટ્ઠિ. ૩
તસુ ધણગિરિ નામિ પહાણુ પુત્તુ, પુરમંડણુ અત્થિ સુગુણેહિં જુત્તુ;
સાવય વંસુપ્પભવઉ સુદ્ધ ભાવઉ, નિમ્મલગુણમંદિરૂ સમિય પાઉ. ૪
ઉવસતમોહમોક્ખાભિલાસિ, અહિલાસુ ન બંધઇ ગેહવાસિ,
જા કાવિ વરિજ્જઇ તાસુ વાલ, નવજોવ્વણવરનયણ વિસાલ. ૫
પડિસેહઇ સો મુનિ જેમ નારિ, નિયજોયણુ મ અકયત્થ હારિ,
પવજ્જ લેસુ નિવ્વિન્નકામુ, મઇ સફલુ કરેવિણુ મણુયજમ્મુ. ૬
અન્નઇ પભણિજ્જઇ સુંદરી એ, નિયતાયજણણિ ખામોયણીએ,
હઉં અવસવ સિત્તણિ કરિસુ એહુ, મહુ મણઇટ્ઠુ એહુ વરૂ વરેહુ. ૭

ધત્તા.

એહુ જઇ ન વરેસઇ, નવિ પરણેસઇ, તો મઇ માઇ મરેવઉ,
એહુ નયણસુસુંદરૂ. રૂવપુરંદરૂ, અવસ નાહુ કરેવઉ. ૮

× × × ×

અંતે—

મુનિવર વરદત્તિં, ગુણહરભત્તિં વઇરસામિગણહરચરિઉ,
સાહિજ્જઉ ભાવિં, મુયહુ પાવિં, જિં તિહુયણુ નિયગુણભરિઉ.

૧૧૮. તેરમા શતકમાં ધર્મસૂરિના શિષ્ય **રત્નસૂરિ** થયા તેને કોઇ રત્નસિંહસૂરિ નામ આપે છે પણ સ્વ. દલાલ તે ગુરૂશિષ્યનાં નામ ધર્મપ્રભ અને રત્નપ્રભ જણાવે છે, અને તેજ યોગ્ય લાગે છે:—

૧૧૯. '**અંતરંગ સંધિ**-ધર્મપ્રભાચાર્યના શિષ્ય પંડિત **રત્નપ્રભ**-ની અંતરંગ સધિના નવ અધિકારો (૯ કડવા)માં ભવ્ય અને અભવ્યના સંવાદ રૂપે તથા મોહસેના તથા જિનસેનાના યુદ્ધ રૂપે અંતરંગ રિપુ-ઓના વિજયનું વર્ણન છે. આની પાટણભંડારમાં એક તાડપત્ર તથા બીજી કાગળની એમ બે પ્રતો છે.'

૧૨૦. સુરત ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌ના અહેવાલના ગ્રંથ પ્રદ-ર્શનના છેવટના પૃ. ૬૨-૬૩ પર **રત્નસિંહસૂરિ (? રત્નપ્રભ)** માટે જણાવેલ છે કે:—

'પોતાના ગુરૂ ધર્મસૂરિનાં ગુણગાનનાં ૩૭ કુલક રત્નસિંહ ?' સૂરિએ રચ્યાં છે તેમજ બીજાં પણ કેટલાંક કુલક પોતાની ભાષા (અપભ્રંશ)માં રચ્યાં છે તે સુરત ગોપીપુરાના જ્ઞાનભંડારમાં તાડપત્ર ઉપર લખેલાં છે. તેમાંથી થોડાંએક કુલકોની નકલ (ઉક્ત પરિષદ્‌ના) પ્રદર્શનમાં મૂકી હતી. નમુનો આ પ્રમાણે:—

સિરિ સિલસૂરિ ગુરૂ ગણહરહ પયપંકય પણમેવિ
ધમ્મસૂરિ સૂરિહિ રલિયહરૂ દેસણ ગુણ વન્નેવિ.
પરઉવયારહઈ મૂલુ જગિ દેસણુ સૂરિસુ ન દાણુ,
સા ધમ્મસુરિ તુહ વન્નિયઇ, જિણ જાયઇ સુહ જૂાણુ. ૨

× × × ×

અલિઉ પયંપઇ એઉ જણુ, કલિજુગિ વટ્ટઇ લોઇ,
ધમ્મસૂરિ સન્નિહુ વર રયણુ, કયજુગુ મિલ્લિ કિ કોઈ. ૫

ધમ્મસૂરિ સુણિજ્જો અમિયસમ, કન્નંજલિહિં પિએઈ,
સો છિંદિવિ ભવબંધણઈ, સિવસોકખઈ સેવેઇ. ૬

इय पउमनाह गणिणा भावत्तिरि जिणवराण संथवणं,
कुमरविहारट्ठियाणं. विहिय मिणं कुणउ कल्लाणं. १४
जंभोवि ताण सहलो संसारे भोयणाण ताण फलं,
अणुहिल्लवाड नयरे रहजत्ता जेहिं सच्चविया. ९
अणुहिल्लनयर गयणे नंदउ कयरह विमाण वर जत्तो,
कुमर नरिंद मयंको, संपसमुद्दं सुद्दा चिंतो.

× × × ×

बारस सत्तात्ती (?वी)से, सुदा सेक्कारसीह भद्दवए,
चद दिणे सामितुमं, सुरमंदि मंवणं जाउ. ३४

× × + ×

सिरि धम्मसूरिपहुणो, निम्मल कित्तीइ भरिय भुवणस्स,
सीसलवे हि कुलयं, रइयं सिरि रयणसूरीहिं. ३२

આ કુમારપાલ રાજાના સમયમાં-પાટણમાંજ કુમાર વિહાર મંદિરમાં સં. ૧૨૨૭ માં રચાયેલ જણાય છે, નહિ કે સં. ૧૨૩૭ માં કારણકે કુમારપાલ સં. ૧૨૩૨ માં સ્વર્ગસ્થ થયેલ છે.

૧૨૧. મહાવીર જન્માભિષેક. ૧૮ ટુંક તેના કર્ત્તા વાદિદેવસૂરિના શિષ્ય રામચંદસૂરિ શિષ્ય **જયમંગલસૂરિ** છે. નમુનોઃ—

तारड डरडक्किं, शृंग ढलकिकय, फुट्टिअ तुट्टिअ टाल,
त्राटक त्रटकिक, रणण रणकिक, रणिणअ झणिणअ झाल,
ता गज्जिअ, अंबर वज्जिअ, जलनिहि गुंजिअ निज्झरणाई,
ता कायर कंपिय, कामिणि झुंकिय, तुट्टिअ आभरणाई. ११
ता कुम्म कडुक्किअ, सेस धडुक्किअ, थरहारिउ वाराह,
सायर झलहलिआ, गिरि ढलढलिआ, हु नट्ठे नरनाह,
दिग्गय गडगडिआ, गिह खडखडिआ, जट्ठु नट्ठो मत्तंड,
सहसक्खु चमक्किअ, सुरगण संकिअ, फिरफुट्टो बभंड. १२

× × × ×

તા નેક મંગલ વિત્થ કરિહુણિ વીર જણુણિ અપ્પિઉ,
તા સયલ સુરવર ઠામિ પુહુતલ રંગ જગિ થિર થપ્પિઉ. ૧૭
તા વાદિઅ દેવસૂરિ પાય પણુમવિ, અનઇ પુણુ દેવસૂરિ વંદિઅ,
× × સુંદર સુગુરૂ રામચંદસૂરિ જગિ જયઉ મંગલસૂરિ ખુલ્લિઅ. ૧૮

૧૨૨. વાદિદેવસૂરિ (જન્મ સં. ૧૧૪૩ દીક્ષા સં. ૧૧૫૨ રામચંદ્રમુનિ નામ, આચાર્યપદ સં. ૧૧૭૪ માં નામ દેવસૂરિ પડ્યું. સં. ૧૧૮૧ માં દિ. કુમુદચંદ્ર આચાર્યપર સિદ્ધરાજની સભામાં જીત મેળવી, સં. ૧૧૯૯ માં ૨૪ શિષ્યોને આચાર્યપદ આપ્યું. સં. ૧૨૦૪ માં ફ્લોધીમાં પાર્શ્વનાથ પ્રતિષ્ઠા. સ્વ. સં. ૧૨૨૬) આથી તેમજ જયમંગલસૂરિએ સં. ૧૩૧૯ માં સૂંધા પહાડપરના ચાચિગદેવના લેખની પ્રશસ્તિ રચી તેથી આનો સમય તેરમી સદીનો અંત વિનાહરકતે મૂકી શકાય.

૧૨૩. સં. ૧૨૪૧માં **સોમપ્રભાચાર્યે કુમારપાલપ્રતિબોધ** પ્રાકૃત કાવ્ય રચ્યું છે તેમાંથી ઘણું અપભ્રંશ પ્રાપ્ત થાય છે. તેના સંબંધમાં હવે પછી જૂદા વિભાગમાં જૂદા પ્રકરણમાં જૂદું કહીશું.

૧૨૪. મહાકવિ **અમરકીર્ત્તિ**—આ મહાકવિ ચૌલુક્ય કર્ણ (કાન્હ ?) રાજાના વખતમાં એટલે વિ. સં. તેરમી શતાબ્દીમાં વિદ્યમાન હતો. તેણે વિ. સં. ૧૨૪૭ (૭૪)માં ભાદ્રપદ વદ ૧૪ ગુરૂદિને '**છક્કમ્મુવએસો**' નામનો ગૃહસ્થોનાં ષટ્કર્મોના ઉપદેશ સંબંધીનો ગ્રંથ, ગૂજરાતના મહીકાંઠાના પ્રદેશના ગોદ્દહય (ગોધા) નામના ગામમાં રચેલ છે. આ ગ્રંથની રચના તેણે નાગરકુલ અને કણ્હઉર (કર્ણપુર ?) વંશના ગુણપાલ અને ચચ્ચિણિના પુત્ર મહાભવ્ય અંબપસાય (અંબાપ્રસાદ)ની પ્રાર્થનાથી કરી છે, અને તે અપભ્રંશ ભાષામાં છે.

૧૨૫. આ કવિએ ઉક્ત અંબાપ્રસાદને પોતાના લઘુબંધુ તરીકે ઓળખાવેલ છે, એથી કવિ જ્ઞાતિથી **નાગરબ્રાહ્મણ** જણાય છે; છતાં તે જૈન ધર્મની દીક્ષાથી દીક્ષિત થયો હતો. તે સાધુ તરીકેની અવસ્થામાં માથુરસંઘ (દિગંબરી)ના ચંદ્રકીર્તિનો શિષ્ય હતો, કે જે ચંદ્રકીર્તિ પં. અમિતગતિ (મુંજ–ભોજના સમયમાં થયેલ)ના શિષ્ય શાંતિસેનના અમરસેનના શિષ્ય પં. શ્રીષેણસૂરિનો શિષ્ય હતો.

૧૨૬. કવિએ ૧૪ સંધિમય પ્રાયઃ અઢીહજાર ગાથા પ્રમાણુ ઉપરોક્ત છક્કમ્મુવએસો (ષટ્કર્મોપદેશ) ગ્રંથને એક મહિનામાં રચ્યો હતો. તેની છેવટની પ્રશસ્તિમાં પોતાની આ કૃતિ સાથેની આઠ કૃતિઓનાં નામ આપ્યાં છે. ૧ નેમિનાથ ચરિત્ર, ૨ મહાવીર ચરિત્ર, ૩ યશોધર ચરિત્ર (પદ્ધડિયાબંધ), ૪ ધર્મચરિત ટિપ્પન, ૫ સુભાષિત રત્નનિધિ (સ્વાધ્યાય-સઝાય, શ્લોક વિગેરે રૂપ), ૬ ચૂડામણિ (ધર્મોપદેશ), ૭ ધ્યાનોપદેશ (ધ્યાનશિક્ષા), અને ૮ ઉક્ત છક્કમ્મુવએસ. આ સિવાય લોકોને આનંદ પમાડનાર સંસ્કૃત પ્રાકૃત કાવ્યો તેણે ઘણાં રચ્યાં હતાં. આ ઉપરથી તેનુ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં કેટલુ પ્રાવીણ્ય હશે, તે આપણે કંઇક કલ્પી શકીએ તેમ છીએ.

૧૨૭. છક્કમ્મુવએસો ગ્રંથની સં. ૧૫૪૪ માં લખાયેલી સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવની પ્રતિ ઉપરથી હમણાં લખાવેલી એક પ્રતિ સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરામાં છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી, પણ પ્રકાશિત થવાની જરૂર છે. આ ગ્રંથમાં આપેલી કેટલીક કથાઓ વિ. સં. ૧૧૨૭ માં પ્રાકૃતમાં રચાયેલા વિજયચંદ કેવલિચરિય (અષ્ટ- પ્રકારી પૂજા વિષયક કથાઓ)ના અનુકરણ રૂપ જણાય છે, કે જેના કર્તા શ્વેતામ્બર ચંદ્રપ્રભ મહત્તર છે.

૧૨૮. આ છક્કમ્મુવએસો ગ્રંથનો આદિ ભાગ નીચે પ્રમાણે છેઃ—

અવ ગુજ્જર વિસયહો મજ્ઝિ દેસુ, ણામેંણ મહીયડુ વદ્ધપએસુ
ણયરાયર વરગામહિ ણિરુધ્ધુ, ણાણાપયારસંપઇસમિધ્ધુ
તહિ ણયરૂ અત્થિ ગોદ્દહય ણામુ, ણં સગ્ગુ વિચિત્ત સુરેસ ધામુ
પાસાયહ પંતિઉ જહ સહંતિ, સરયબ્ભહો તિસાણું વહંતિ
ધયકિંકિણિ કલરવેહિ સરિદ્ધિ, ણ કહઇ સુરહં પાસિયઇ સિદ્ધિ.

*　*　*　*

તહિ ચાલુક્કવસિણુ ય જાણુઉ, પાવઇ કણ્હણરિંદ પહાણુઉ
જો મજ્જુંતરારિ વિદ્ધંસણુ, ભત્તિએ સમ્માણિયચ્છદંસણુ,

*　*　*　*

રિસહો જિણેસહો તહિ ચેઇહર, તુંગુ સહાસોહિઉ ણું સસહર.

—આની ગૂજરાતી છાયા.

અથ ગૂર્જર વિષયની મધ્યે દેશ નામે **મહીતટબહુપ્રદેશ**
નાગરાકર–વર ગામો એ નિરૂપ્યો નાનાપ્રકાર સંપદથી સમૃદ્ધ;
ત્યાં નગર છે **ગોધરા** નામે જાણે સ્વર્ગ વિચિત્ર સુરેશધામ,
પ્રાસાદની પંક્તિઓ જિહાં શોભે, શરદભ્રોની તૃષા (શોભા ?)ને વહે છે;
ધ્વજા–કિંકિણિના કલરવોએ સ્વઋદ્ધિ જાણે કહે છે સુરોની પાસે સિદ્ધિ.

* * * *

ત્યાં ચૌલુકયવંશનો જાણે પાલે કણ્હ (કાન્હ ? કર્ણ) નરેન્દ્ર પ્રધાન,
જે બાહ્યાભ્યંતરારિ–વિધ્વંસન ભક્તિએ સન્માને છએ દર્શન

* * * *

ઋષભ જિનેશનું ત્યાં ચૈત્યગૃહ તુંગ સભા શોભતો જાણે ચન્દ્ર.

૧૨૯. આ ગ્રંથના અંતનો ભાગ નીચે પ્રમાણે છે:—

અંબ્વપસાએ ચચ્ચિણિપુત્તે ગિહત્થચ્છક્કમ્મપવિત્તિપવિત્તેં
ગુણવાલહો સુએણ વિરયાવિઉ અવરેહિમિ મણેણ સંભાવિઉ.
બારહસયઈ સસત્તચયારીહિ, વિક્રમ સવ્વચ્છરહો વિસાલિહિ,
ગયહિમિ ભદ્દવયહો પક્ખંતરિ ગુરૂવાસરમ્મિ ચઉદ્દસિ વાસરિ

—ગૂજરાતી છાયા.

અંબાપ્રસાદે ચાચ્ચિણિ પુત્રે ગૃહસ્થ ષટ્કર્મપ્રવૃત્તિપવિત્રે,
ગુણપાલના સુતે વિરચાવ્યો અવરે પણ મનથી સંભાવ્યો;
બારસો સાત સાથ ચ્યારે (૧૨૭૪ ?) વિક્રમ સંવત્સરના વિશાલે,
ગયે ભાદરવાના પક્ષાંતરે ગુરૂવાર અને ચઉદશ વાસરે,
એક માસે એહ સમર્થોં સ્વયં લખ્યો આલસ અપહરીને.

(આ ઉપરના 'પારા' ૧૧૧ થી ૧૧૬ ની સર્વ હકીકત પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, સેંટ્રલ લાયબ્રેરી વડોદરા વાળાએ કૃપા કરી શ્રમ લઇ પૂરી પાડી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.)

૧૩૦. કેટલીક નાની નાની કૃતિઓ સંધિ યા રાસુ એ નામથી અપભ્રંશ છે. તે પૈકી કેટલીક અત્ર નોંધીએ છીએ:—

ચઉરંગ સંધિ—તેમાં ૫ કડવક છે. તેમાં ચાર શરણનું વર્ણન છે.

ભાવનાસંધિ—જયદેવ ગણિ (શિવદેવસૂરિ શિષ્ય) કૃત ૭ કડવામાં છે મારી પાસે મુનિ અમરવિજયજીએ ઉતારી મોકલેલી નકલ છે તેમાં ૬૨ ગાથા છે. તેનું આદિ:—

પણમવિ પુણસાયર ભુવણદિવાયર, જિણુ ચઉવીસઇ ઇક્કમણિ,
અપ્પં પડિબોહઇ મોહ નિરોહઇ, કોઇ ભવ્વ ભાવણ વિસણ. ૧
રે જીવ! નિસુણું ચચલ સહાવ, મિલ્હેવિણુ સયલવિ વજ્ઝ ભાવુ,
નવભેય પરિગ્ગહ વિવહ જાલ, સંસારિ અત્થિ સહુ ઇંદિયાલુ. ૨

× × × ×

અંતે—

નિમ્મલગુણભૂરિહિં **સિવદિવસૂરિહિં** પઢમ સીસુ **જયદેવમુણિ**,
કિય **ભાવણસંધી** સિમાવુ સુગંધી નિસુણઉ અન્નવિ ધરઉ મણિ. ૬૨

૧૩૧. સ. ૧૩૬૧ માં **મેરૂતુંગસૂરિએ પ્રબંધચિંતામણિ** વઢવાણમાં રચ્યો છે. તેમાં અપભ્રંશ ઘણું મળે છે તેનો વિસ્તાર હવે પછી કરવામાં આવશે.

૧૩૨. તેરમા શતકના અંતે તથા ચૌદમાના પ્રારંભે થયેલા આગમગચ્છના જિનપ્રભસૂરિએ કેટલાક સંધિ-ટુંકા ગ્રંથો રચેલા છે. તેમાં કેટલાક તો શત્રુજયપર રહીને બનાવ્યા છે.

(૧) **મદનરેખા સંધિ**—૫ કડવામાં મયણરેહા સતીનું ચરિત્ર સં. ૧૨૯૭ માં રચ્યું છે:—

એસા મહાસઇએ સંધી સંધી વ સંજમનિવસ્સ,
જે નમિ નિવરિસિણા સહ સસક્કરા ખીરસંજોગા.
બારહસસત્તાણઉએ વરિસે આસો અસુદ્ધ છટ્ઠીએ,
સિરિ સંઘ પત્થણા એ એયં લિહિયં સુયાભિહિયં.

(૨) **જ્ઞાનપ્રકાશકુલક** ૧૨૫ ગાથા શત્રુંજય ઉપર રચ્યું.
સિરિજિણપહલગ્ગા, ભવ્વવગ્ગા સમગ્ગા,
પરમપયસુહાણં જાયઈ તે નિહાણં.

(૩) **ચતુર્વિધ ભાવના કુલક** ૧૧ કડવાં.
ઉજ્જમુ કુણહુ જિણપ્પહિ લગ્ગિઉ,
મોક્ખકએસુ વિવેકિહિં જગ્ગિઉ.

(૪) **મલ્લિચરિત્ર** પર ગાથામાં મત્તાછંદમાં ચંદ્રકંઠી સાધ્વીની વિજ્ઞપ્તિથી રચેલું છે.
એગુણવીસમ મલ્લિજિણહ ચરિયં ઇય જયટ્ઠિઉ,
ચદ્દકંઠિ સુપવિત્તિણીએ વિન્નત્તિ વિરઇઉ.
ચઉવિહ સંઘહ દેઉ લચ્છિ સગ્ગ અપવગ્ગહ,
નિરવસગ્ગ અણુ વિમગ્ગ વગ્ગ સિરિ જિણપહ લગ્ગહ.
મત્તાછંદ વિણિમ્મિય ગ્રંથ માનુ પન્નાસ,
ચરિઉ ગુણંત સુણંતહ વિ ભવિયણુ પુજ્જઈ આસ.

(૫) **જીવાનુશાસ્તિ સંધિ** ૧૮ ગાથા.
ઇય વિવિહ પયારિહિં વિહિ અણુસારિહિં ભાવિહિ જિણપહુ મણુસરઇ

(૬) **નેમિનાથ રાસ** ૧૧ કડવાં.
જિણપહિ લગ્ગિઉ ભાવઇ લીજઈ, જિણુવર આણુ સો વંદીજઈ
જં જિણ આણા નિરૂપમુ તિત્થૂ, એઉ ગણહરિહિં કહિઉ પરમત્થૂ. ૧૧

(૭) **યુગાદિ જિનચરિત કુલક**—૨૭ ગાથા.
ઇય ભવભાવ વિભાવણગ્ગિ કમ્મિં ધણુ જાલિઉ,
કેવલનાણી જાઇ મોક્ખિ સંજમુ પાલિઉ
રિસહ ચરિઉ સંથવણુ રાસિપ્પોરેહિં જો દેઈ,
સો સિરિ જિણપહ લગ્ગઉ સગ્ગુ અપવગ્ગુ વિ લેઇ. ૨૭

(૮) **ભવ્યચરિત્ર**—૪૪ ગાથા.
જિણપહ મેહલિઉ સરણુ ન કોઇ, સુગુરૂ ભણઈ સયલુ વિ જીવલોઈ.

(૯) **ભવિયકુડંબ ચરિત્ર**-૩૪ ગાથા છંદ ચતુષ્પદી દ્રવિડી ભાષામાં ગવાય છે.

ચઉવઇ બંધેણુ ઇમં **ભ**વિયકુડંબસ્સ સંતિય ચરિયં,
સેત્તુજ તિત્થગએણું સિરિ જિણપહ સૂરિણા રઇયં. ૩૬

(૧૦) **સર્વચૈત્ય પરિપાટિ સ્વાધ્યાય.**

જિણપહસારહિ જો કરઇ સુ લહઇ સિદ્ધિ પવેસુ.

(૧૧) **સુભાષિત કુલક**—૩૨ ગાથા.

(૧૨) **શ્રાવકવિધિ પ્રકરણ**-૩૨ ગાથા.

ઇયિ આગમવિહિ સાવગઇ, પઇ દિણુ કિરિયા સારૂ
જાણિઉ જિણપહિ રઇ કરહુ, જિમ છિન્નઉ સંસારૂ. ૩૨

(૧૩) **ધમ્માધમ્મ વિચાર કુલક** ૧૮ ગાથા.

આગમ આણુસારિહિં જિણપહસૂરિહિં ધમ્માધમ્મ વિયારૂ કિઉ. ૧૮

(૧૪) **વયરસ્વામિ ચરિત્ર** ૬૦ ગાથા સં. ૧૩૧૬

ચંદગચ્છિ દેવભદ્દસૂરિ દરક, પ્રરઇ જિણપહસૂરિ સમગુણુસરક
નાણિચરણિ ગુણિ કિત્તિ સમદ્ધ, દેઉ વયરસામિ ચરિઉ આણંદુ. ૫૮
સોહગ્ગ મહાનિહિણો ગુરૂણો સિરિવયરસામિણો ચરિય,
તેરહ સોલુતરએ રઇયં સુહકારણું જયઉ. ૫૯

(૧૫) **નેમિનાથ જન્માભિષેક** ૧૦ ગાથા.

(૧૬) **મુનિસુવ્રત સ્વામિસ્તોત્ર** ૧૩ ગાથા.

(૧૭) **છપ્પન દિશાકુમારિ જન્માભિષેક** ૧૫ ગાથા.

(૧૮) **જિનસ્તુતિ** ૨૪ ગાથા.

૧૩૩. આ ઉપરાંત જિનપ્રભનું નામ આપેલું નથી, પણ ઘણું કરીને **જિનપ્રભ**નાજ બનાવેલાં કેટલાંક ઉપરનાજ તાડપત્રના પુસ્તકમાં કાવ્યો છે:—

(૧) **ષટ્ પંચાશદ્ દિકકુમારિકા સ્તવન** ૨૫ ગાથા.

(૨) **મહાવીર ચરિત્ર**-૨૪ ગાથા.

(૩) **જંબુચરિત્ર** ૨૦ ગાથા ધન્યાશ્રી ભાષામાં ગવાય છે સં. ૧૨૯૯

બારસ નવ્વાણુઉએ ભદ્દવસિય પડિવ ગુરિ સમુદ્ધરિયં;
ધન્નાસી ભાસાએ ભણિયવ્વ સંઘભદ્દકએ. ૨૦

(૪) **શ્રીજિનપ્રભુ મોહરાજ વિજયોક્તિ** ૨૧ ગાથા.

(૫) **જિનકલ્યાણક**–૪ કડવામાં તેમાં પહેલું ભાસ રાગમાં, બીજું ખંભાઇથી ભાષામાં ત્રીજું દેવકૃતિ ભાષામાં ચોથુ ગુડકૃતી ભાષામાં.

(૬) **સુકોશલ ચરિત્ર** ૧૮ ગાથા.

તેર દુરુત્તર વરિસે સિરિ વીર જિણિંદ મોકખ કલ્લાણે,
કલ્લાણું કુણઉ સયા પઢંત ગુણંતાણ ભવ્વાણ. ૨

(૭) **જિનસ્તુતિ** ૨૦ ગાથા.

(૮) **ચાચરી સ્તુતિ** (વેલાઉલ રાગમાં) ૩૫ ગાથા.

(૯) ગુરુસ્તુતિ **ચાચરિ** (ગુર્જરી રાગમાં) ૧૫ ગાથા.

ચૌદમા શતકમાં.

———o———

૧૩૪. આ શતકમાં નીચેના ગ્રંથો મળી આવેલ છે.

નર્મદાસુંદરી સંધિ. જિનપ્રભ શિષ્ય કૃત. ૭૧ ગાથા સં. ૧૩૨૮ તેરસ સયઅડવીસે વરિસે, મિરિ જિણપાહુ પસાયેણું;
એસા સંધી વિહિયા, જિણદવયણાણુસારેણ. ૭૧.

ગૌતમસ્વામિ ચરિત્ર–જિનપ્રભ શિષ્યકૃત ૨૮ ગાથા–સં. ૧૩૫૮ ગોયમ સામિહિં ગોયમચરિયં રઇયં પઢમંજરીએ ભાસાએ;
કત્તિય અમાવસાએ અટ્ઠાવન્નસ્સ વરિસસ્સ. ૨૮

અંતરંગ રાસ–જિનસૂરિકૃત ૧૧ કડવામા.

ચચ્ચરિઉ કર્ત્તા **સોલણ** ૩૮ ગાથા, દૂહામાતૃકા ૫૮ ગાથા, **શાલિભદ્ર** કાક (કક્કો) કર્ત્તા પઉમ–પદ્મ ૬૯ ગાથા, વગેરે કે જેનો ઉલ્લેખ આ પુસ્તકમાં અનુક્રમે પૃ. ૧૨, ૧૧, ૧૧, ૫૨ કરવામાં આવ્યો છે તેને અપભ્રંશ (જૂની ગૂજરાતી)માં લઇ શકાય તેમ છે.

૧૩૫. **ચતુર્વિંશતિ જિણ કલ્યાણક** ૧૩ કડવાં, **સ્થૂલિભદ્ર ચરિત્ર** ૨ કડવાં, **જન્માભિષેક સ્તુતિ** ૫ કડવાં, **અવંતિસુકુમાર**

સંધિ ૧૧ કડવાં આ ગ્રંથો વિશેષમાં પાટણના ભંડારમાં જોવામાં આવ્યા છે.

૧૩૬. પંદરમા શતકના ઉત્તરાર્ધમાં નીચેના ગ્રંથો છે.

શીલસંધિ જયશેખરસૂરિ શિષ્યકૃત ૩૪ ગાથા.

ઇય શીલસુસંધિ ભાવસુબંધી જયસેયરસુરી સીસકય,
ભવિઅહ નિસુણેવિણુ હિયઇ ઠવેવિણુ સિલધમ્મિ ઉજ્જમિ કરહુ. ૩૪

ઉપદેશસંધિ-હેમસારકૃત ૨૯ ગાથા.

ઉવએસ સંધિ નિરમલબંધિ હેમસર ઇમ રિસિકર એ
જો પઢઇ પઢાવઇ સુહમણિ ભાવઇ, વસુહ સિદ્ધિ વૃદ્ધિ લહએ.

૧૩૭. પંદરમા શતકના અંતમાં રચાયેલ.

તપ:સંધિ-સોમસુંદર શિષ્ય **વિશાલરાજસૂરિ શિષ્ય**કૃત પર ગાથામાં. આની પ્રતીક લખ્યા સવત્ ૧૫૦૫ ની પાટણ ભંડારમાં છે.

સિરિ સોમસુંદર ગુરૂપુરંદર પાયપંકય હંસઓ,
સિરિ વિશાલરાયા સૂરિરાયા ચંદ્રગચ્છવતંસઓ,
પય નમીય સીસિઇ તાસુ સીસિઇ એસ સંધી વિનિમ્મિઆ
સિવ સુકખકારણ દુહ નિવારણ તવ ઉવએસિઇ વન્મિઆ. પર

૧૩૮.**નાનીકૃતિઓ**-કેશીગોયમ સંધિ ૭૦ ગાથા એ નામનો ગ્રંથ છે અને આ સિવાય મૃગાપુત્રકુલક ૪૦ ગાથા, વીરજિન પારણઉ ૪૭ ગાથા, ઋષભપચ કલ્યાણક ૧૪ નવકારફલ ૩૦, ઋષભધવલ ૨૬, સીતાસતી ૨૦, આરાત્રિક ન્હવણાદિ ૨૦, ચતુર્વિંશતિ જિનકલ્યાણક ૩૬, લઘુ અજિતશાંતિ કવિ વીરગણિકૃત ૯, ચતુર્વિંશતિ જિન પ્રતિમાકોશ ૧૧. જિન ચૈત્ય સ્તવન ૧૫, બુદ્ધિસૂરિ (પૂર્ણિમાગચ્છના) સ્તુતિ, જિનસ્તુતિ ૨૦, વીરવિજ્ઞપ્તિકા ૧૩, સોમસૂરિકૃત કલ્યાણક સ્તોત્ર, દાનાદિકુલક, દંગડઉ, શાકુન ૩૦, ધર્મસૂરિગુણ, ધર્મસૂરિ બાર માસ વગેરે પરચુરણ ગ્રંથો પાટણના ભંડારમાં છે; વળી ખંભાતના તાડપત્રના ભડારમાં મહાવીર ચરિત્ર વગેરે ત્રણ ચાર ટુંકા ગ્રંથો અપભ્રંશમાં છે. આ સર્વનો સમય-નિર્ણય થઈ શકયો નથી, પણ તે પૈકી કેટલાયે તાડપત્રપર લખાયલા

હોવાથી તે ૧૧ કે ૧૨ મા શતકના હોવા ઘટે એવું અનુમાન થઈ શકે છે.

૧૩૯. અપભ્રંશ સાહિત્ય ઘણું વિશાલ હોવું જોઇએ એ આ પરથી પ્રતીત થાય છે, પરંતુ દુર્લક્ષથી નાશ પામી ગયેલું લાગે છે. અહીં તો ગ્રંથોનાં નામ માત્ર થોડાક ઉતારા સાથે આપેલાં છે, પરંતુ તેમા વપરાયેલા છંદો તથા વ્યાકરણના પ્રયોગો વિષે તેમાંથી ઘણું લખી-મેળવી શકાય. સદ્ગત સાક્ષરશ્રી દલાલ એ પર લખવા ઇચ્છતા હતા, પણ તેમનું અકાલ અવસાન થતાં તે મળી શક્યું નથી. ઉપરના પૈકી જે શ્વેતાંબરીય સાહિત્ય જણાવ્યું છે તે મુખ્યત્વે તે સાક્ષરશ્રીના નિબંધ નામે 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય' (સુરત ગૂજરાતી સાહિત્ય પરિષદ્ માટે તૈયાર કરેલો)માંથી લીધું છે.

પ્રકરણ ૫ મું.

સોળમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૧૪૦. **રત્નમંદિર ગણિએ ઉપદેશ તરંગિણિ** નામનો સસ્કૃત ગ્રંથ રચેલ છે તેમાં સંસ્કૃત અને પ્રાકૃત અવતરણો ઘણાં છે. તેમાં લગભગ ૨૫ ફકરા શુદ્ધ અપભ્રંશમાં છે અને બીજા થોડા એવા છે કે જેને અપભ્રંશ અને જૂની ગૂજરાતી—અથવા ડા. ટેસિટોરી જેને જૂની પશ્ચિમ રાજસ્થાની કહે છે તેની વચલી સીમા પર મૂકી શકાય. તે પૈકી થોડા અત્ર ટાંકીએ છીએ:—

પત્ત પરિક્ખહ કિં કરઇ, દિજ્જઇ મગ્ગં તાહિં
કિં વરિસંતો અમ્બુહર, જોઇ સમવિ સમાઇં.
હરિ ગઇંદિ ડગમગિય ચંદ કર મિતિય દિવાયર,
કુલ્લિય મહિહલ્લિ યહ મેરૂ જલઝંપિય સાયર,

સુહડકોડિ થરહરિય કૂર કૂરંમ કડક્કિઅ,
અનલ વિનલ ધસમસિઅ પુહવિ સહુ પ્રલય પલહિય.
ગજ્જંતિ ગયણુ કવિ આમ ભણિ, સુરભણિ સુરભણિ ફ્ણમણિ છક્કઅ
મામહિ હિમ ગહિમ મગહિમગહિ, મુચ મુંછ જયસિંહ તુલ.
સુંદર સર અસુરાહ, જલ પીધું વયણેહિં,
ઉદય નરિંદહિ કરૂંકિ તીહ નારીનયણેહિં,

૧૪૧. આ છેલ્લો દોહો અપભ્રંશ અને જૂની ગૂજરાતી વચ્ચેની ભાષાનો છે. જે રત્નમંદિરગણિએ ભોજપ્રબંધ સ. ૧૫૧૭માં રચ્યો તેજ આ હોવા ઘટે તેથી તેમનો સમય સોળમી સદીના પ્રારંભમાં છે.

૧૪૨. **યશઃકીર્ત્તિકૃત ચંદપ્પહ ચરિય**માં પ્રારભનાં બે પદ્ય પ્રાકૃતભાષામાં છે. શેષ સર્વ ગ્રંથ અપભ્રંશ ભાષામાં છે. આ **યશઃકીર્ત્તિ** પ્રાયઃ એજ હશે કે જેણે સ્વયંભૂનું હરિવંશપુરાણ, વિમલ(કીર્ત્તિ)કૃત જગસુન્દરી પ્રયોગમાલા, યોનિપ્રાભૃત વગેરે ગ્રંથોના પોતાના સમયમાં અનુપલબ્ધ ભાગ જાતે રચી પૂરો કર્યો હતો, અને તે. અને માથુરસંઘ પુષ્કરગચ્છના આચાર્ય ગુણકીર્ત્તિના શિષ્ય ને રઇધુના ગુરૂ યશઃકીર્ત્તિ કે જે ગોપાચલ—ગ્વાલિયરની ગાદી પર હતા તે—બંને એકજ હશે—ને તેમ હોય તો આનો સમય સં. ૧૫૨૧ આસપાસ હોવો ઘટે.

૧૪૩. ઉક્ત **ચંદપ્પહચરિય** ગ્રંથનો આદિભાગ નીચે પ્રમાણે છેઃ—

ણમિઊણ વિમલકેવલલચ્છી સવ્વંગદિસ્સ પરિરંભં,
લોયાલોયપયાસં ચંદપ્પહસામિયં સિરસા. ૧
તિક્કાલ વટ્ટમાણું પંચવિ પણેટ્ટિ એતિ સુહાહં,
તહ નમિઊણ ભણિસ્સં ચંદપ્પહસામિણો ચરિયં. ૨
જિણુ ગિરિગુહણિગ્ગયા સિવપહસંગયા સરિસય સરિસુહ કારણિય,
મહુ હોઉ પસાણિય ગુણહિરવાણિય તિહુવણજણમણહારિણિય. ૩
હુંબડ કુલણહયલિ પુપ્ફયંત, વહુ દેઉ કુમરસિંહ વિ મહત,
તહુ સુઅ ણિમ્મલ ગુણગણવિસાલુ, સુપ્રસિદ્ધઉ પભણઇ સિદ્ધપાલુ. ૪

જસકિત્તિ વિત્રુહકરિ તુહ પસાઉ, ભઉ પૂરટિ પાઇય કવ્વ ભાઉ,
નં ણિસુણિવિ સોભા સેઇ મદ્દુ, પંગુલ તોડે સઈ કેમ સંદુ. ૫
જહિ હુઇ બહુ ગુણહર ણાણવંત, જિણવયણરસાયણ વિરઇરંત,
ગણિ કુંદકુંદ વચ્છલ્લ ગુણૂ, કો વણ્ણણ સક્કઇ ઇયર જાણૂ. ૬
કલિકાલિ જેણ સસિ લિહિઉ ણામુ, સઇ દિટ્ટુઇ કેવલણંતધામુ.
ણામે સમંતભદ્દુવિ મુણિંદુ, અઇણિમ્મલ ણ પ્રણિમહિ ચંદુ. ૭
જિં રંજિઉ રાયા સદ્દકોડિ, જિણથુત્તિ મિત્તિ સિવપિંડ ફોડિ,
અકલંકુ ણાઈ પચ્ચક્ખુ ણાણુ, જે તારા દેવિહિ દલિઉ માણુ. ૮
ઉજ્જાલિય સાસણુ જય પસિદ્ધ, ણિદ્દાડિ વિયક્ખિય સયલ બુદ્ધ,
સિરિ દેવણંદિ મુણિ બહુ પહાઉ, જસુ ણામ ગહણિ ણાસેઉ પાઉ. ૯
જસુપુજ્જિજય અવાઇયઇ પાય, સંભરણ મિત્તિ તક્ખણિ ણ આય,
જિણસેણ સિદ્ધસેણવિ ભયંત, પરવાઇ દપ્પભજણ કયંત. ૧૧
ઇય પમુહહ જહિ વાણી વિવાસુ, તહ અમ્હહ કહ હોહી પયાસુ,
જહિ થુણપ ફણીસરૂ બહુ જીહાહર, અહ સહસ ખુણિરિ ખઇ,
તહિ પરૂ જિણ ચરણઇ સિવસુહકરણઇ, કિહ સંથુણઇ સમિ ખઇ. ૧

× × × ×

—ઇય સિરિ ચંદપ્પહચરિએ મહાકઇ જસકિત્તિ વિરઇએ મહા ભવ્વ સિભૂ સિદ્ધપાલ સવણભૂસણે સિરિ પઉમણાહુરાય પદબંધો ણામ પઢમો સંધી સમ્મત્તા. ૧ ગ્રંથાગ્ર ૧૬૨.

૧૪૪. ઉક્ત ગ્રંથનો અંતભાગ નીચે પ્રમાણે છે:—

ગુજ્જર દેસહ ઉમ્મત્ત ગામુ, તહિ છ સુઉ હુઅ...ણામુ,
સિદ્ધઉ તહુ ણંદણુ ભવ્વબંધુ, જિણ ધમ્મભારિ જિં દિણ્ણ ખંધુ.
તહુ સુઉ જિટ્ઠુઉ બહુ દેઉ ભવ્વ, જે ધમ્મ કજ્જિ વિવકલિઉ દવ્વુ,
તહુ લહુ જાયઉ સિરિ કુમરસિંઘુ, કલિકાલ કરિંદહુ હણણ સિંઘુ.
તહુ સુઉ સંજાયઉ સિદ્ધપાલુ, જિણ પુવ્વ(?)દાણ ગુણગણ રમાલુ.
તહુ ઉવરોહેં ઇવ કિયઉ ગંથુ, હંઉ ણમુણામિ કિંપિ વિસચ્છ ગંથુ ॥
જા ચંદ દિવાયર સવ્વવિસાયર જાકુલ પવ્વય ભૂવલઉ
તા એહુ પવટ્ટઉ હિયઇ વહટ્ટઉ, સરસઈ દેવિહિ સુહતિલઉ. ૨૯

—ઇય સિરિચંદપ્પહ ચરિએ મહાકઈ જસકિત્તિ વિરઇએ મહા સિદ્ધપાલ સવણભૂસણે સિરિ ચંદપ્પહ સામિ ણિવ્વાણગમણો ણામ એયારહમો સંધી સમ્મત્તો ॥૧૧॥ ગ્રથાગ્ર ૩૦૦ (?) એવં સર્વં ૨૩૦૬ સવત્ ૧૫૬૯ (?) શ્રાવણ વદિ ૧ શનિ દિને.

આ ગ્રંથની પત્ર સંખ્યા ૭૪ પ્રતિપત્રમાં લીટી ૧૩ ફરૂખનગરના દિગમ્બર જૈન મંદિરની પ્રતિ પ્રાચીન અને જીર્ણપ્રાય છે.

૧૪૫. **સિંહસેનનુ મહેસર ચરિઅ** મેશ્રેશ્વર ચરિત, હજુ અપ્રકટ છે. તેને ' આદિપુરાણ ' પણ કહેવામા આવ્યું છે, દરેક સંધિને છેવટે 'મહાભવ્ય–ખેમસી–સાહુ–ણામ કિએ' એમ જણાવેલું છે તે પરથી જણાય છે. કે ને ચરિત ખેમસિંહ યા ખેમરાજ માટે લખ્યું છે, કવિનુ બીજું નામ ' રઇધુ ' હતુ. તે હરસિંહ સિંઘઇનો પુત્ર અને ગુણકીત્તિ શિષ્ય યશઃ કીર્ત્તિનો, શિષ્ય હતો આ યશઃકીર્ત્તિ ગ્વાલિયરમાં ઈ. સ. ૧૪૬૪ (સં. ૧૬૨૧ માં) રાજ કરતા તોમર વંશના કીર્ત્તિસિંહ રાજાના સમયની આસપાસ વિદ્યમાન હોવાનું જણાયું છે તેથી સિંહસેન યા રઇધુએ પણ તેજ સમય આસપાસ આ ગ્રંથ રચ્યો હોવો જોઇએ. પોતાના ગ્રંથમાં તેણે ગુણાકર, ધીરસેન, દેવનંદિ, જિનવરસેન, રવિષેણ, જિનસેન, સુરસેન, દિનકરસેન, સ્વયંભૂ, ચૌમુહ અને પુપ્ફયંત (પુષ્પદંત)નો ઉલ્લેખ કરેલ છે.

૧૪૬ રઇધુએ એક બીજું નાનું કાવ્ય **દહલકખણ જયમાલ** (દશલાક્ષણિક જયમાલા) રચ્યું છે. તેમાં સર્વમળી ૬૮ અપભ્રંશ ગાથાઓ છે—જૈનધર્મના દશ પૈકી દરેક લક્ષણ પર ૬ થી ૭ આપી છે. રઇધુની આ બને કૃતિઓ સિદ્ધ કરે છે કે અપભ્રંશ ભાષા વિ. સં. ૧૬ મા સૈકા સુધી દિગબર જૈનોમાં પણ સાહિત્યના વાહન તરીકે ચાલુ હતી. આ નાના કાવ્યનો અંતભાગ આ છે,:—

> બાહિરફસેંદિય સુહ રકખહુ, પરમ બભુ અબ્ભંતર વિકખહુ,
> એણ ઉવાએ લબ્ભઇ સિવહરૂ, ઇમ રઇધુ બહુ ભણઇ વિણય યરૂ.

જિણણાહ મહિજ્જઇ મુણિ પણમિજજઇ, દહ લક્ખણ પાલિયઇ થિરૂ,
ભો ખેમસીંહસુય ભવ્વ વિણયજુય; હોલુ વ મણ ઇહ કરહુ થિરૂ.
ઇય કાઉણ ણિજ્જરં, જે હણંતિ ભવપિંજરં
નીરોય અજરામર, તે લહંતિ સુક્ખં પરં. ૧
જેણ મોક્ખુ ફલુ તંપાવિજજઇ, સો ધમ્મગો એહહુ કિજ્જઇ,
ખમ ખમ્માયલુ તુંગય દેહઉ, મદ્દઉ પલ્લઉ અજ્જઉ સાહઉ.
સચ્ચ સઉચ્ચ મૂલ સંજમ દલુ, દુવિહ મહાતવ ણવ કુસુમાઉલુ,
ચઉવિહ ચાઉ પસારિય પરમલુ, પીણિય ભવ્વલોય છપ્પઇયલુ.
હિયસંદોહ સદ્દ કલ કલયલુ, સુરણર વર ખેયર સુહ સયફલુ,
દીણાણાહ દીહ સમણિગ્ગહુ, સુદ્ધ સોમ તણ મત્ત પરિગ્ગહુ.
બંભચેર છાયાઇ સુહાસિઉ, રાયહંસ નિયરેહિ સભાસિઉ,
એહઉ ધમ્મ-રૂક્ખ લાખિજ્જઇ, જીવદયા વયણહિ રાખિજ્જઇ.
ઝાણઝાણ ભલારઉ કિજ્જઇ, મિચ્છા મયઉ પવેસણદિજ્જઇ,
સીલસલિલ ધારહિ સિંચિજ્જઇ, એમ પયત્તે બડ્ઢારિજ્જઇ.

ઘત્તા.

લોહાનલ ચુક્કઉ, હોઉ ગુરૂક્કઉ, જાઇ રિસિંદય સિદ્ધિ ગઇ,
જગતાઇ સુહંકર, ધમ્મ મહાતરૂ, દેઇ ફલાઇ સુમિદ્ધિ મઇ.

૧૪૭. આ ગ્રંથ જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલય મુંબઇ તરફથી ૧૯૨૩ માં મુદ્રિત થયેલ છે. તેની પ્રસ્તાવનામાં નાથુરામ પ્રેમીજીએ જણાવ્યું છે કેઃ–રઇધુ કવિના રચેલા અન્ય ગ્રંથોનો ઉલ્લેખ મળી આવે છેઃ–શ્રીપાલ ચરિત્ર, પ્રદ્યુમ્નચરિત્ર, વ્રતસાર, કારણગુણષોડશી, રત્નત્રયી, ષડ્ધર્મોપદેશ, રત્નમાલા, ભવિષ્યદત્તચરિત્ર, કરકંડુચરિત્ર–આ સર્વ ગ્રંથો પણ અપભ્રંશ ભાષામાં હશે એમ જણાય છે.

૧૪૮. આ પૈકી **રઇધુકૃત શ્રીપાલચરિત્ર** અને એક બીજો **ગ્રંથ નામે સમ્મત ગુણનિહાણ** મુંબઇના ઐલક પન્નાલાલ સરસ્વતિભવનમાં જોયા તે અપભ્રંશમાં છે; તેમાંથી નમુના આપીએ છીએ.

શ્રીપાલચરિત્રનો આદિભાગ.

સિદ્ધહ સુપસિદ્ધહં વસુગુણરિદ્ધહ હિયઇ કમલ ધારેવિ ણિરૂ,
અક્ખમિ પુણુ સારઉ સુયસયસારઉ સિદ્ધચક્કમાહપ્પવરૂ.
જાગે સાહુ હુ વંસિ અલિંકરિઉ, મુણિવર ગુણભાવઇ ણિરુસંકિઉ,
વાટૂ સાહુહુ પુત્તુ ધુરધરૂ, જિણણાહહુ પયપયરૂહ મહુયરૂ.
દિવચદહી ભજ્જહિ પુણુ જો વરૂ, દાણેં તિવિહપત્ત પોસણયરૂ,
કરમસિ ધણદેણુ, સમાણઉ, સોહઇ મહિયલિ ઉણ્ણઇમાણઉં.

૧૪૯. સમ્મત્તગુણ નિહાણમાથી.

સિવ પયસુહ સાસણુ, કુણયવિણાસણુ તિજયપયાસણુ ભયહાણુ,
પણવિવિ સદ્દવંસણુ દુગ્ગયભસણુ વિહુણિય જમ્મ જરામરણુ.
—ઇયસિરિ સમ્મત્તગુણિણિહાણે સવેય નિરૂવેમ ભાવ સુપહાણે સિરિ બુહ રઇધૂવિરઇએ સિરિ સધાહિવ કમલસીહણામંકિએ ણિક્કંસ્વા ઉવગૂહણત ગુણવણ્ણણો ણામ તીઓ સગ્ગો ઇમો સિટ્ટો.

× × × ×

ણંદઉ વીરજિણેસહુ સાસણુ, લોયાલોયસરૂવ પયાસણુ,
ણુંદરૂ સૂરિચરિત ચરંતઉ, સિરિ જસકિત્તિ મહાતવ તત્તઉ.
ણુંદઉ વસુણાહિઉ વસુધારઉ, ચણવણ્ણસ્સ સંતિ પયચારઉ,
ણુંદઉ સયલુ મહાયણુ સારઉ, યયણિય માયરૂ કલિમલુ હારઉ.

૧૫૦. શ્રેણિક ચરિત્ર (સેણિય ચરિય) જયમિત્ર હલ્લકૃત 'સિરિ વડ્ઢમાણ કવ્વ'માં અંતર્ગત છે તે અપભ્રંશ ભાષામાં છે. તેમાં જ્યાં પ્રત્યેક સંધિ સમાપ્ત થાય છે તેમાં છેલ્લા ઘત્તા છંદમાં 'હરિઇંદુ' એ કવિનું અંકિત નામ આપેલું છે. તે સધાધિપ (સંઘવી–સંઘી) હોલિવર્મ્મા–હોલુ માટે રચેલુ છે. અને તે હોલિવર્મ્મા, અને રઇધુએ દશલક્ષણ-જયમાલામાં ઉલ્લેખિત ખેમરાજના પુત્ર હોલુ–બંને એકજ હોવા સંભવ છે. તે હોય તો આનો સમય સોળમી સદી ગણાય.

પણવેવિ અણિંદહો ચરમ જિણિંદ હો વીર હો દંસણુણાણુ વહા,
સેણિય હો ણરિંદહુ કુવલયચંદ હો ણિ સુણહો ભવિય હો પવર કહા.

અહ સેણિય રાય હો લચ્છિ સહાય હો સયલુ સઉણુઉ સુહયરૂ
કુવલય આસાસણુ તમણિણ્ણાસણુ ઉયઉ અરિયણું (હ) હિમયરૂ.

—ઇય પડિતસિરિ જયમિત હલ્લ વિરઇય વડ્ઢમાણકવ્વે પયડિયચંડ-વગ્ગ રસભવ્વે શ્રેણિયઅભયચરિત્તે ભવિયણ જણમણહરણે સંધાહિવ હોલિવમ્મ કણ્ણાહરણે ણંદસિરિવિવાહ સંગમો અભઇકુમાર જમ્મુચ્છવ વણ્ણણો ણામ છટ્ઠમો સંધિ પરિચ્છેઉ સમ્મત્તો સંધી ૬

× × × ×

સોણંદહુ જો ણિયમણિમણ્ણઇ, **વી**રચરિત્તુ વિમલુ ચય છણ્ણઇ
સોણંદહુ જો લિહઇ લિહાવઇ, રસ રસટ્ઠુ જો પઢઇ પઢાવઈ.
જો પયચ્છ પયડેવિ સુભવ્વહં, મણિ સદ્દહણુ કરેઈ સુકવ્વહં
ણંદહુ દેવરાવ ણંદણુ ધર, હોલિવમ્મ કણ્ણુવ ઉણ્ણયકર,
એહ ચરિત્ત જેણુ વિચ્છારઉ, લેહાવિ વિ ગુણિયણ ઉ વયારિઉ.

૧૫૧. આના અંતમાં નીચેનું આપેલું છે:—

આલ્હ સાલ્હ સાહ સુમહુણંદણુ સજ્જણ જણમણ ણયણાણંદણ,
હોઉ ચિરાઉ સણિય કુલ મંડણુ, મગ્ગણુ જણુ દુહ રોર વિહંડણુ.
હોહ સંત સયલહં પરિવારહં, ભત્તિ પવટ્ટઉ ગુરૂવય ધારહં,
પઉમણંદ મુણિણાહ ગણિંદહુ, ચરણુ સરણુ ગુરૂ કઇ હરિંદહુ,
જં હીણાહઉ કવ્વરસટ્ઠેહં, પઉ વિરઇઉ સમ્મઇ અવિયટ્ઠેહં.
તં સુઅણાણુ દેવિ જગસારી, મહુ અવરાહહું ખમઉ ભંડારી.

ઘત્તા

દયધમ્મ પવત્તણુ વિમલ સુકત્તણુ ણિસુણંત હો જિણ ઈંદ હુ
જં હોઇ સધણ્ણઉ હઉં ભણિ ભણ્ણઉ તં સુહ જગિ હરિંદહુ
—ઇય સિરિવડ્ઢમાણ ઇત્યાદિ—એયારહમો સંધી પરિચ્છેઓ સમ્મત્તો. ૧૧

૧૫૨ આની પ્રત સર ભાંડારકર ઇન્સ્ટીટયૂટ–પૂનામાં છે ને તેમાં છેવટે એમ છે કે ઇતિશ્રી શ્રેણિક ચરિત્ર સંપૂર્ણ. સંવત્ ૧૭૬૬ વર્ષે શ્રાવણ વદિ ૫ ભ્રગુ અપરાહ્નિસમએ શ્રી પાલભ નગરિ સ્થાને લિખિતં બ્રહ્મ કૃપાસાગર તત્સિષ્ય લિખિતં પંડિત સુંદરદાસા શ્રી.

૧૫૩. દિગંબર નિત્ય વિધિમાં ૪૦ ગાથા વપરાય છે તે શુદ્ધ અપભ્રંશમાં છે તેમાંની ૮ દેવજયમાલ ૧૩ શાસ્ત્ર જયમાલ, ૧૩ ગુરૂ જયમાલ અને શેષ ૬ પંચપરમેષ્ઠિ જયમાલ થાય છે. તેમાંની પહેલી તો અગાઉ જણાવેલ પુષ્પદન્તના યશોધર ચરિત્રમાંથી ઉધ્ધૃત કરી લીધી છે અને બાકીની પણ સંભવિત રીતે બીજામાંથી લીધી હોવી જોઇએ, પણ ક્યાંથી લીધી તે હમણા જાણી શકાયું નથી.

૧૫૪ તેના નમુના નીચે પ્રમાણે છે.—

દેવજયમાલ

વત્તાણુટ્ઠાણે, જણધણદાણે, પઇપોસિઉ તુહુ ખત્તધરુ

તુહુ ચરણ વિહાણે, કેવલણાણે તુહુ પરમપ્પઉ પરમપરુ. ૧

જય રિસહ રિસીસર ણમિય પાય, જય અજિય જિયંગમરોસરાય,

જય સંભવ સંભવ કયવિઓય, જય અહિણંદણ ણંદિય પઓય. ૨

શાસ્ત્રજયમાલ

સપઇ સુહકારણ, કમ્મવિયારણ, ભવસમુદ્દ તારણ તરણં,

જિણવણિણમસ્સમિ સત્ત પયાસમિ સગ્ગમોક્ખ સંગમકરણં. ૧

ગુરુ જયમાલ

ભવિયહ ભવતારણ, સોલહ કારણ, અજ્જવિ તિત્થયરત્તણહં,

તવ કમ્મ અસંગઈ, દય ધમ્મંગઇ, પાલવિ પંચ મહાવ્વયહં. ૧

પંચપરમેષ્ઠિ જયમાલ

મણુય ણ ઇન્દ સુરધરિય છત્તયા, પંચ કલ્લાણ સુક્ખાવલી પત્તયા

દંસણ ણાણ ઝાણં અણંતં બલં, તે જિણા દિંતુ અમ્હં વરં મંગલં ૧

—નિત્યપૂજા (જૈ. ગ્રં. ર. કા. મુંબઇ)

૧૫૫. જસવંતસાગરના જૈન મંદિરમાં એક હસ્ત પ્રતમાં નાની ૩૭ સંસ્કૃત અને પ્રાકૃત કૃતિઓ છે તેમાં ૧૦ અપભ્રંશ છે નામે સુઅંધ દસમી કહા, રોહિણિ વિધાન કથા, મુક્તાવલિ વિધાન કથા, અનંતાવ્રતા કથાનક, નિર્દોષ સપ્તમી કથાનક, પાશપઇકહા, જિનપુરંદર કથા, ઉદ્ધરણ કથા, જિનરાત્રિ વિધાન કથાનક અને સોલહકારણ જયમાલ.

આમાંની પહેલી બે બીજા કરતાં લાંબી છે કારણકે તે દરેકમાં બે સંધિ છે. રોહિણિ વિધાન કથાના કર્તાનું નામ દેવનન્દિ મુનિ છે. બીજી કૃતિઓના કર્તા સંબંધી કંઇ જણાયું નથી.

૧૫૬. સુઅંધ (સુગંધ) દસમી કથામાંથી નમુનો

જિણુ ચઉવીસ ણવેપ્પિણુ, હિયઇં ધરેપ્પિણુ, દેવત્તહં ચઉવીસહ,
પુણુ ફલુ આહાસમિ, ધમ્મુ પયાસમિ, વર સુઅંધ દસમિહિં જહ.

*   *   *   *

જહિ કોહુણુ લોહુ, સુહિણુ વિરોહુ, જિઉ જર મરણુ વિવજ્જઉ
જહિ હરિસુ વિસાઉ, પુણ્ણુ ણુ પાઉ, તહિ ણિવાસુ મહુ દિજ્જઉ. ૯

રોહિણિ વિધાન કથામાથી

જિણવરૂ વંદેવિણુ, ભાઉ ધરેવિણુ, દિવ્વ વાણિ ગુરૂ ભત્તિએ.
રોહિણિ ઉવવાસહો, દુરિયવિણાસહો, ફલુ અક્ખમિ ણિય સત્તિએ.

૧૫૭. આ સિવાય દિગંબર જૈનનાં અપભ્રંશકાવ્ય સુરતની ગુજરાતી પરિષદમાં મૂકાયાં હતા તેની નોંધ લઇશું. તેનો સમય નક્કી નથી તેથી તેના રીપોર્ટના પરિશિષ્ટમાંથી જેમ છે તેમ અત્ર મૂકેલાં છે.

આદિજિનકલશ (?) વીર જિનકલશ જણાય છે.

વદ્ધમાણુ જીણુ પણવેવિ ભાવેં, કલિમલ કલુસ વિવજ્જિઉ પાવેં,
સંચાલેવિ **અઇરાવઉ** ગઇંદુ, જસુ જમ્મણ્હવણિ આયઉ સુરેંદુ.
ણિઉ મેરૂ સિહરિ તય લોયણા હુ, અઇ–વિસમ–કમ્મ–વણુ–ડહણુ–ડાહુ,
કલસેહિ ણ્હાયઉ સિંહાસણત્થૂ, ચલ ચામરેહિં વિજ્જિઉ પસત્થૂ .
આલઉ ણિએવિ ઇંદિસ્સ તામ, જલ સંક પઇસિઇ હિયઇં જામ,
તા અવહિ ણાણુ પરિકપ્પિઉ, તે મેરૂ અંગુટ્ઠઇં ચપ્પિયઉ.
થરહરિય ધરણિ બંભંડુ ખસિઉ, ગિરિ ડોલ્લિઉ સુર સમૂહ તસિઉ.

ઘત્તા.

પરમેટ્ઠિ પયાસણુ, ણિરૂવમ સાસણુ, ઇંદે વણ્ણિય જાસુ ગુણ,
જિણુણવેવિ પયત્તેં, કહસિ હિયયત્તં, થુઇ અણુમિય સુણેહુ જણહુ,
જય વદ્ધમાણુ, સિવ ઉરિ પહાણુ, તઇલોય પયાસણુ વિમલણાણુ;
જય મયણુ સુહડ, નિહણુણ સમત્થ, જય દોસરહિય બહુ સુણુ પસત્થ.

૧૫૮. નિશિભોજન સંબંધે એક કાવ્ય છે તેના નમુના.

જો ધમ્મુ કરઇ, જિણણાહુ ણવઇ, ણસ સાવઉ જણે અપ્પાણુ ચવઇ,
જોણુ વિરય નિહિ ભોયણુ કરેઇ, મણુ ખંચિવિ ઇંદિય ણિજ્જિણેવિ.
રયણિ ભુજંતહં દોસુ હોઇ, એરિસુ મુણિવર જપંતિ લોઇ,
જહિં ભમઇ ભૂયર ખસિ રમતિ, જહિંવિં તર મેયઈ સંચરંતિ.
જહિં દિટ્ઠિ ન પસરઇ અધુ જેમ, તહિં ગાસુ સુદ્ધિ ભણુ હોઈ કેમ,
કિમિ કીડ વયંગઈ જિઝ ગુરાઇ, પિપ્પીલઇ ડંસઈ મછરાઈ,
ખજ્જુરઈ કણુ સલ્લાઇયાઈ, અવરઈ જીવઈ બહુ સયાઇ,
અણ્ણેણુ ણિસિ ભુજત એણુ, પસુ સરિસુ ધરિઉ અપ્પાણુ તેણ.

* * * *

ધત્તા.

જો ભોયણુ ભખઇ, અપ્પુણુ રખઇ, માણુ ભઉ જડમુદ્ધિ ગમઇ,
બાહિહક દતઉ, અઇ વિલવંતઉ, બહુ સંસારૂ પરિભમઇ. ૭
જહિં વઇરિ ભેય બહુ સંચઇતિ, તહિં રયણિહિં બુહ ભોયણુ ન લિંતિ,
વસિકરણુ દિણાયઉ વગ્ગ વાલુ, જાણિજ્જઇ પયડઉ ણવિ વિસાલુ.

* * * *

પુણ્ણે જીઉ ણિવ્વાણે જાઇ, ચોરાસિ મારિ કસ્સવણુભાઇ,
પુણ્ણે પુરંદરૂ હવઇ સગ્ગે, પુણ્ણેં પજ્જલિય ન દહડ અગ્ગિ.
પુણ્ણેણુ હોતિ ચક્કવઇરાય, પુણ્ણે ણુ લગ્ગહિ સમરે ઘાય,
પુણ્ણે સિંહાસણુ ચમર ધારિ, કરે કણયદંડુ પડિહારૂ બારિ,
પુણ્ણેં રહ ગય ધડ તુરય થટ્ટ, ધય સિંધ ભેરી નીસાણ ઉટ્ટ

ધત્તા.

ધણુ ધણ્ણુ પહુત્તણુ જંણિમ્મલું તણુ, જણુણિ જણુણુ સુય સોયરઈ,
તે ધમ્મપહાવેં જિણમય ભાવેં, લહઈ જીઉ સોખઈ વરઇ.

૧૫૯. **દોહાકોશ** એ ગ્રંથ ડા. હરપ્રસાદ શાસ્ત્રીએ પોતાના બંગાલી ગ્રંથ નામે 'બૌદ્ધગાન ઓ દોહા' માં પ્રગટ કરેલ છે તેમાં અપભ્રંશ ઘણું છે, અને તે શાસ્ત્રી તેને જૂની બંગાલી (બાંગલા) ગણે છે. આ

દોહાઓના બે ભાગ છે (તેમાં બીજા છંદો પણ છે) એક **સરોરૂહ-વજ્રના** છે કે જે પોતાને દોહામાં **સરહ** એ પ્રમાણે જણાવે છે અને બીજો કૃષ્ણાચાર્યપાદનો છે. અને બંને અપભ્રંશમાં છે.

૧૬૦. **સરહ**માંથી નમુનાઃ—

ઘરહિ બઇસી દીવા જાલી, કોનેહિ બઇસી ઘંટા ચાલી;
અક્ખિ નિવેસી આસનબંધી, કન્નેહિં ખુસ ખુસાઇ જનબંધી.
રંડીમૂંડી અન્ય વિ વેસે, દીહણુક્ખ જે મલિને વેસેં,
ણગ્ગલ હોઈ (અ) ઉપાડિય કેસે, ખવનેહિં જાન વિડંબિય વેસેં.
અપ્પણુ વાહિય મોક્ખઉ ઉએસેં.

જઈ નગ્ગા વિઅ હોઈ મુત્તિ, તા સુનહ સિઆલહ,
લોમોપ્પાટને અચ્છ સિદ્ધિ, તા જુવઈ નિતંબહ.
પિચ્છી ગહણે દિટ્ઠ મોક્ખ તા કરિહ તુરંગહ,
ઉચ્છેં ભોઅણે હોઇ જાણુ તા કરિહ તુરંગહ,
એવ સરહ ભણઇ ખવનાન મોક્ખ મહુ કિંપિ ન ભાવઇ,
તત્તરહિઅ કાયા ણ નાવ પર કેવલ સાહઇ. ૧
જો ભવસો નિવાણથલ ભેવુ ન મન્નહ પણ્ણુ,
એક સહાવે વિરહિઆ, નિર્મલમઇ પડિવણ્ણુ. પૃ. ૧૧૮
ઘરહિ મ થક્કુ મ જાહિ વને, જહિં તહિં મણુ પરિઆણુ,
સઅલુ ણિરંતર બોહિ ઠિઅ, કહિ ભવ કહિ નિવ્વાણુ.
ણઉ ઘરે ણઉ વને બોહિ ઠિઉ, એકુ પરિઆણઉ ભેઉ,
નિમ્મલચિત્ત સહાવઉ, કરહ અવિકલ સેઉ. પૃ. ૧૧૯

૧૬૧. **કૃષ્ણાચાર્ય**માંથીઃ—

આગમ વઅ પુરાણે પંડિત માન વહંતી,
પક્વ સિરિફલ અલિઅ જિમ, બાહેરિ ત ભ્રુમયંતિ. ૨ પૃ. ૧૧૩
વરગિરિસિહર ઉત્તુંગ મુણિ, સબરે જહિં કિઅ વાસ,
નઉ સો લંઘિઅ પંચાનનેહિં, કરિવર દૂરિઅ આસ. ૨૫ પૃ. ૧૩૦

એક્ક ન કિજ્જઇ મંતુ ન તંતુ, ણિઅધરણિ લઇ કેલિ કરંતુ,
ણિઅધરધરિણી જાવ ણ મજ્જઈ, તાવ કિં પચવગ નિહરિજ્જઇ. ૨૮
પૃ. ૧૩૧

એસ જપહોસે મડલકમ્મેં, અનુદિન અચ્છસિ કાહિઉ ધમ્મે,
તો વિણુ તરુણિ નિરંતર નેહે, ચોહિ કિ લાહઇ એણ વિ દેહે. ૨૯ પૃ. ૧૩૧
જિમ લોણુ વિલિજ્જઈ પાણિએહિ, તિમ ધરિણિ લાઇ ચિત્ત,
સમરસ જાઈ તક્ખણે, જઈ પુણુ તે સમ ણિત્ત. ૩૨

૧૬૨. ભારતના પૂરા-છેક પૂર્વભાગ-બંગાલમાંથી આ ગ્રંથ મળી આવે એ હકીકત ઉપયોગી છે અને મહત્ત્વપૂર્ણ છે. તે એટલું બતાવે છે કે સંસ્કૃત અને મહારાષ્ટ્રી પ્રાકૃત સાથે અપભ્રંશ કેટલીક સદીઓ સુધી તાપીના ઉત્તરના સમસ્ત હિંદના ચારે ખુણામાં સાહિત્યની ભાષા હતી. તે સાહિત્ય શૃંગાર તેમજ ધર્મ-મય હોવાથી લોકપ્રિય થયું જણાય છે. તે ગ્રંથ એ પણ સિદ્ધ કરે છે કે તેની ભાષા પશ્ચિમની અપભ્રંશ-વિશેષ સંભવિત રીતે મહારાષ્ટ્ર અપભ્રંશ હતી કે જે મહારાષ્ટ્રી પ્રાકૃતની પેઠે એટલી ઉંચી કોટિએ લઇ જવામા આવી હતી કે સાહિત્યની શિષ્ટ ભાષાની સ્થિતિએ લાવવામાં આવી અને તેનો ઉપયોગ પશ્ચિમ અને પૂર્વના કવિઓએ સરખી રીતે કર્યો છે.

૧૬૩. જૈન ગૂર્જરકવિઓમાં તેરમીથી પંદરમી-સોળમી સદીના આવેલ સાહિત્યમાથી અપભ્રંશને મળતું-જૂની ગૂજરાતી ભાષાનું સાહિત્ય છે. તેના નમુના અત્ર આપ્યા નથી.

૧૬૪. આ સર્વ અપભ્રંશ સાહિત્યનો વિભાગ તેના નમુના-ઉદાહરણ સહિત આપ્યો છે તે પરથી વિશાલપણે સ્પષ્ટ થયું છે કે:—

"Under the socalled Prakrit literature, especially of the Jains with published and unpublished, much valuable Apabhrams'a lies buried. Some works, which in the catalogue are simply dubbed prakrit, might turn out to be Apabhrams'a, and

others, rightly called Prakrit might still contain some Apabhrams'a quotations and stories of value from both the linguistic and literery points of view. It is also likely that the treasures at Patana, Khambhayat and other strongholds of Jainism might contain Apabhrams'a works, yet unknown even to their blessed possessors. It is the duty of all rightminded Jains to make such works available to scholars who would publish them according to approved methods and subject them to literary and historical criticism." Prof. Gune's Introduction to Bhavisayatta Kaha.

—જે હાલ પ્રાકૃત સાહિત્ય કહેવાય છે તે અને ખાસ કરી જૈનોનું પ્રાકૃત સાહિત્ય–પ્રકટ તેમજ અપ્રકટ બંનેમાં ઘણું કીંમતી અપભ્રંશ સાહિત્ય દટાયેલું છે. કેટલાક ગ્રંથો કે જે ગ્રંથસૂચિમાં–ટીપમાં સાદી રીતે પ્રાકૃત તરીકે નોંધેલા છે તે અપભ્રંશ તરીકે નીકળી આવે એવો સંભવ છે, અને બીજા યથાર્થપણે ઓળખાતા પ્રાકૃત ગ્રંથોમાં કોઈ અપભ્રંશ અવતરણો અને ભાષાવિજ્ઞાન તેમજ સાહિત્યની દૃષ્ટિથી મહત્ત્વ ધરાવતી વાર્તાઓ પણ હોય. એ પણ સંભવિત છે કે પાટણ, ખંભાત અને બીજાં જૈનધર્મનાં કેંદ્રસ્થાનોના ભંડારોમાં કેટલાક એવા અપભ્રંશ ગ્રંથો હોઇ શકે, કે જેની હજુ સુધી તેના કબજેદારોને પણ માહીતિ ન હોય. સર્વ યોગ્યદૃષ્ટિવાળા જૈનોની એ ફરજ છે કે આવા ગ્રંથો એવા પંડિતોને હસ્તગત કરાવે કે જેઓ માન્ય પદ્ધતિપર તેઓને પ્રકટ કરે અને તેમનાપર સાહિત્યવિષયક તેમજ ઐતિહાસિક વિવેચન કરે. (પ્રોફે. ગુણેની ભવિસયત્ત કહા પરની પ્રસ્તાવના પરથી.)

વિભાગ ત્રીજો.

હૈન યુગ.

પ્રકરણ પહેલું.

હેમચંદ્રજીનું વ્યાકરણ.

પાણિનિ.

૧૬૫—'**शोभना खलु पाणिनिना सूत्रस्य कृतिः** (પતંજલિ ૨-૩-૬૬)-સંસ્કૃત વ્યાકરણમાં જે યશ પાણિનિને મળ્યો તે કોઇના ભાગ્યમાં નહોતો. એવું સર્વાંગસુંદર પૂર્ણવ્યાકરણ કોઈ કાલમાં કોઇ ભાષામાં બન્યું નહિ. મહામહોપાધ્યાય હરપ્રસાદશાસ્ત્રી એમતો કહે છે કે૭ મૅકડોનલે (મુગ્ધાનલાચાર્ય) હાલ પાણિનિ જેવું જ વૈજ્ઞાનિક વ્યાકરણ સ્વતંત્ર રીતિથી બતાવ્યું છે; પરંતુ આ વ્યાકરણની રચના પાણિનિના વ્યાકરણ હોવાથી જ સંભવી. વિભુ આકાશ, સમુદ્ર કે વિષ્ણુની પેઠે પાણિનિના વ્યાકરણનું માપ ન ઇદંકતાથી કે ન ઇયત્તાથી થઈ શકે તેમ છે. તેતો તે જ છે. એમ કહી શકાતું નથી કે તે આવું કે આટલું છે. જેમ પાણિનિ પોતાની પહેલાંનાં સર્વસંસ્કૃત

---

૭. The Professor's Vedic Grammar is unique work in so far as he has done it without Panini's Vaidika Prakriya. He has evolved the grammar from the language itself and is as scientific as his great predecessor Panini.

—એશિયાટિક સોસાયટી બંગાલના વાર્ષિકોત્સવ વખતનું પ્રમુખ તરીકે વ્યાખ્યાન.

વૈયાકરણોનો સંઘાત છે, તેજ પ્રમાણે તે પોતાનાથી પાછળના સર્વ વૈયાકરણોનો ઉદ્દગમ છે. પોતાથી પહેલાના જે વૈયાકરણોનાં નામ તેણે, મતભેદ બતાવવાને માટે યા [૮]પૂજાર્થે આપ્યાં તેનાં નામ માત્ર પણ રહી ગયાં, બાકીનાં નામોનો પણ પત્તો નથી. પૂર્વાચાર્યોની જે સંજ્ઞાઓ તેણે પ્રચલિત સમજી લઈ લીધી તે રહી ગઇ[૩], બાકીના જૂના સિક્કા પાણિનિની નવી ટંકશાલની મોહરો આગળ કોણ જાણે ક્યાં નાસી ગયા. પહેલાન. વ્યાકરણોનો એકદમ અભાવ જોઇને કોઈ એવી કલ્પના કરે છે કે પાણિનિ શાસ્ત્રાર્થમાં જે વૈયાકરણોને હરાવતો ગયો તેના ગ્રંથોને બાળતો ગયો. કોઇ કહે છે કે શિવજીના હુંકાર-વજ્રથી જે પાણિનિના દુર્બલ પક્ષની હિમાયત ઉપર ચલાવવામાં આવ્યાં હતાં તે નષ્ટ થયાં. કોઇ કહે છે કે સર્વ વૈયાકરણ વિશ્વામિત્રની વ્યુત્પત્તિ વિશ્વનો અમિત્ર શત્રુ એમ કરવાથી વિશ્વામિત્રના શાપભાજન થયા જ્યારે પાણિનીએ 'મિત્રે ચર્ષૌ' સૂત્ર ૬-૩-૧૩૦ એમ કહી તેની ખુશામત કરી તેથી તેનો વર મેળવ્યો. પાણિનિને અન્ય બાળવાની કે શિવકોપ યા વિશ્વામિત્રાનુગ્રહની જરૂર નહોતી; સ્વયમેવ પોતાના તેજની આગળ બીજાં વ્યાકરણો ટકી ન શક્યાં.........

હેમચંદ્ર.

૧૬૬—શ્રી હેમચંદ્રનું વ્યાકરણ **સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન** યા **સિદ્ધહેમ** કહેવાય છે. સિદ્ધરાજ જયસિંહને માટે બનાવ્યું તેથી 'સિદ્ધ' અને હેમચંદ્રનું હોવાથી 'હૈમ'. આમાં ચાર ચાર પદોના આઠ અધ્યાય છે અને તેમાં લગભગ ૪૫૦૦ સૂત્ર છે. શૈલી કૌમુદિઓ જેવી છે અર્થાત્ વિષયવિભાગથી સૂત્રોનો ક્રમ રાખેલો છે. સાથે સાથે

---

૮. આપિ શલિ ૬-૧-૯૨, કાસ્યપ ૧-૨-૨૫, ગાર્ગ્ય ૮-૩-૨૦, ગાલવ ૭-૧-૭૪, ચાક્રવર્મણ ૬-૧-૧૩૦, ભારદ્વાજ ૭-૨-૬૭, શાકટાયન ૩-૪-૧૧૧, શાકલ્ય ૧-૧-૧૬, સેનક ૫-૪-૧૧૨, સ્ફોટાયન ૬-૧-૧૨૩, ઉત્તરી (ઉદીચામ્) ૪-૧-૧૫૩, કોઇ (એકેષાં) ૮-૩-૧૦૪, પૂર્વી (પ્રાચામ્) યા જૂના ૪-૧-૧૭.

તેણે પોતાની ટીકા નામે બૃહદ્‌વૃત્તિ બનાવી છે. હેમચંદ્રનો ઉદ્દેશ સરલ રીતિથી પોતાનો સંપ્રદાય, પોતાનો આશ્રયદાયક રાજા તથા પોતાના ગૌરવને માટે એવું વ્યાકરણ બનાવવાનો હતો કે જેમાં કોઇ વાત રહી ન જાય. તે જૈન શાકટાયન પાછળ લીટે લીટે ચાલેલ છે. પરંતુ બીજા અનુકરણ કરવાવાળાની પેઠે તેણે માત્ર અનુકરણ કર્યું નથી. તેણે સંસ્કૃત વ્યાકરણ સાત અધ્યાયોમાં લખી આઠમો અધ્યાય કેવલ પ્રાકૃતના પૂર્ણ વિવેચન માટે કર્યો છે. પાણિનિએ પોતાની પાછળ દૃષ્ટિ નાંખીને વૈદિક સાહિત્યને મેળવી ' પોતાના સમય સુધીની ભાષા 'નું વ્યાકરણ બનાવ્યું, પછી વેદ તેનાથી છૂટી–નિકળી ગયો ને સ્વર પણ છુટી ગયો. હેમચંદ્રે પાછળ ન જોતાં આગળ દૃષ્ટિ નાંખી અહીંથી નીકળ્યું તો અહીં વધારી લીધું ને ' પોતાના સમય સુધીની ભાષા 'નું વિવેચન કરી નાંખ્યું. આ **પહેલું મહત્ત્વ** હેમચંદ્રનું છે કે બીજા વૈયાકરણોની પેઠે કેવલ પાણિનિના વ્યાકરણના લોકોપયોગી અંશને પોતાના સંચામાં બદલાવીને તે સંતુષ્ટ ન રહ્યા, પણ તેણે પાણિનિની પેઠે પાછળ નહિ તો આગળ દૃષ્ટિ નાંખી પોતાના સમય સુધીની ભાષાનું વ્યાકરણ બનાવ્યું. તેના પ્રાકૃત વ્યાકરણ અર્થાત્ આઠમા અધ્યાયનો ક્રમ શું છે તે નીચે બતાવવામાં આવ્યું છે.

૧૬૭ શ્રી હેમચંદ્ર કહે છે કે—**પ્રકૃતિઃ સંસ્કૃતં, તત્રભવં, તત આગત વા પ્રાકૃતમ્**। આ **ભવ** અને **આગત** કહેવું તે ઠીક–બરાબર નથી. વરરૂચિ સંસ્કૃતને શૌરસેનીની પ્રકૃતિ અને શૌરસેનીને મહારાષ્ટ્રી અને પૈશાચીની પ્રકૃતિ કહે છે. ' ષડ્‌ભાષા ' એ નામ આપણે ત્યાં ઘણા જૂના કાળથી ચાલ્યું આવ્યું છે. એક પ્રાકૃત વ્યાકરણ ષડ્‌ભાષાચંદ્રિકા કહેવાય છે. લોષ્ટદેવ કવિની પ્રશંસા કરતા મંખ કહે છે કે ' ૭ ભાષાઓ તેના મુખમાં સદા વિરાજે છે. '[૯] જયાનક સોમેશ્વરના પુત્ર પૃથ્વીરાજનું માહાત્મ્ય કરતાં કહે છે કે ' ૭ ભાષાઓમાં તેની

૯...**મુખે યસ્ય ભાષાઃ ષડ્‌વિશેરતે ।...લોષ્ટદેવસ્ય...** (શ્રી કંઠચરિત, છેલ્લો સર્ગ)

શક્તિ હતી.[૧૦] પૃથ્વીરાજ રાસાના કર્તા, હિંદીના ઇતિહાસ લેખકોને એવું કહીને ચક્રમાં નાંખી ગયેલ છે કે

'પટ ભાષા પુરાનં ચ કુરાનં કથિતં મયા.'[૧૧]

અને તેઓ આમાં પંજાબી, એસવાડી, રાજસ્થાની શોધતા ફરે છે. ઓગણીસમી સદીનો બુંદીનો કવિ-વંશભાસ્કરનો કર્તા-મીષણ ચારણ, 'સૂરજમલ પણ ૭ ભાષાઓ મુખે પઢી ગયો હતો' એમ જણાવે છે.[૧૨] શામળભટ્ટ પણ એક છપ્પામાં જણાવે છે કે:—

સંસ્કૃતભાષા સરસ, માગધી મોટે મૂલ્યે,
ગ્વાલેરી ગુણનીધ, અપભ્રંશી તે તુલ્યે,
દેશી ભાષા દાખ, પિશાચી પઢજો પ્રીતે
ચારણ ચોથી ભાખ, રાજદ્વારે શુભ રીતે,
એ ખટે ભાષા જે ખોજશે, ધારી જોતાં ધર્મ છે
કવિ શામળભટ સાચું કહે, ભોગી તેના બ્રહ્મ (બ્રાહ્મણ) છે.

૧૬૮—તો આ ૭ ભાષાઓ સબંધી શું ખટપટ છે?

संस्कृतं प्राकृतं चैव शूरसेनी तदुद्भवा
ततोऽपिमागधी प्राग्वत् पैशाची देशजापि च

—સંસ્કૃત, તેમાંથી પ્રાકૃત, તેમાંથી ઉત્પન્ન શૌરસેની, તેમાંથી માગધી, પહેલાની માફક પશાચી અને દેશજા એ ૭ થઇ.

૧૬૯—માલૂમ પડે છે કે પ્રકૃતિ શબ્દના અર્થથાં ભ્રમ થવાથી તત આગતં, તદુદ્ભવા અને તતઃ આદિની કલ્પના થઇ. પ્રકૃતિનો

---

૧૦ **बाल्येऽपि लीलाजिततारकाणि**
गीर्वाण वाह्निन्युपकारकाणि ।
जयंति सोमेश्वरनंदनस्य
षण्णां गिरां शक्तिमतो यशांसि ॥
—પૃથ્વીરાજવિજય પ્રથમ સર્ગ.

૧૧ જુઓ ઝવેરી મહાશયનો લેખ પ્રતિભા વૉ. ૩ પૃ. ૨૬૪-૭.

૧૨ મંખના શ્રીકંઠચરિતની ટીકામાંથી ઉદ્ધૃત.

અર્થ અહીં ઉપાદાનકારણ નથી. જેમ ભાષ્યકારે બહુ સુંદર ઉદાહરણ આપ્યું છે કે સોનામાંથી રૂચક બને છે, રૂચકની આકૃતિને તોડીતોડીને કટક બનાવવામાં આવે છે, કટકોમાંથી વળી ખેરનાં લાકડાંના અંગારથી કુંડલ બનાવવામાં આવે છે, સોનાનું સોનું રહી જાય છે, તેવીરીતે ભાષાથી ભાષા કદિ બનાવવામાં નથી આવી. અહીં પ્રકૃતિ શબ્દ મીમાંસાના રૂઢ અર્થમાં લેવો જોઇએ. ત્યાં **પ્રકૃતિ** અને **વિકૃતિ** શબ્દ વિશેષ અર્થોમાં લેવામાં આવ્યા છે. સાધારણ નિયમ, નમૂનો, મોડલ, ઉત્સર્ગ એ અર્થમાં પ્રકૃતિ આવે છે. વિશેષ, અલૌકિક, ભિન્ન, અંતરિત, અપવાદ–એ અર્થમાં વિકૃતિ આવે છે. અગ્નિષ્ટોમ યજ્ઞ પ્રકૃતિ છે, બીજા સોમયાગ તેની વિકૃતિ છે. આનો અર્થ એ નથી કે બીજા સોમયાગ અગ્નિષ્ટોમમાંથી નિકળ્યા કે આવ્યા છે. અગ્નિષ્ટોમની જે રીતિ છે તેને બીજા સોમયાગોની રીતિ થોડીઘણી મળતી છે ને કંઇકંઇક ભિન્ન છે. સાધારણ રીતિ પ્રકૃતિમાં બતાવી ભેદોને વિકૃતિમાં ગણી દીધા છે. પાણિનિએ ભાષા (વ્યવહાર)ની સંસ્કૃતને પ્રકૃતિ માની વૈદિક સંસ્કૃતને તેની વિકૃતિ માની છે; સાધારણ યા ઉત્સર્ગ નિયમ સંસ્કૃતના માની વૈદિક ભાષાને અપવાદ બનાવ્યો છે. અહીં પ્રકૃતિનો ઉપાદાન કારણ એવો અર્થ માની શું વૈદિક ભાષાને 'તત આગત' યા 'તદ્ભવ' કહી શકાય?–ઉલટી ગંગા વહી શકે? શૌરસેનીની પ્રકૃતિ સંસ્કૃત અને મહારાષ્ટ્રીની પ્રકૃતિ શૌરસેની કહેવાનો આશય એ છે કે તેના સાધારણ નિયમ સંસ્કૃત યા શૌરસેની જેવા અને વિશેષ નિયમ પોતપોતાના ભિન્ન છે. પ્રકૃતિ સાથે જ્યાં સમાનતા હોય છે, તેનો વિચાર વ્યાકરણોમાં નથી, જ્યાં ભેદ છે ત્યાં બતાવવામાં આવેલ છે. હેમચંદ્રજીએ પહેલી (મહારાષ્ટ્રી) પ્રાકૃતનું વ્યાકરણ લખ્યું. પછી શૌરસેનીના વિશેષ નિયમ લખીને જણાવ્યું કે '**शेषं प्राकृतवत्**' (૮–૪–૨૮૬); પછી માગધીના વિશેષ નિયમ જણાવી કહ્યું કે '**शेषं शौरसेनीवत्** (૮–૪–૩૦૨), અર્દ્ધ–માગધીને આર્ષ માની તેનું વિવેચન કર્યું નહિ. પછી પૈશાચીનું વિવેચન કરી દાખવ્યું કે

शेषं शौरसेनीवत् (૮-૪-૩૨૩). તે પ્રમાણે ચૂલિકા પૈશાચી ના નિયમ-વિશેષ બતાવી કહ્યું **शेषं प्राग्वत्**-એટલે **पैशाचीवत्** (૮-૪-૩૨૮). અપભ્રંશના વિશેષનિયમ લખી કહ્યું **शौरसेनीवत्** (૮-૪-૪૪૬) અને ઉપસંહારમાં સર્વ પ્રાકૃતોને લક્ષ્યમાં રાખી લખ્યું કે **शेषं संस्कृतवत्सिद्धम्** (૮-૪-૪૪૮). તો આ પરથી શું આનો અર્થ એમ કરવામાં આવે કે આ ભાષાઓનું કુટુંબવૃક્ષ થયું ? શું પહેલી ભાષા જનક થઇ અને પછી પછીની તેમાંથી આગત અથવા તેમાથી ઉદ્‌ભૂત થઈ ? નહીં, સાધારણ નિયમ ' પ્રકૃતિ 'થી સમજાવ્યો અને વિશેષ નિયમ ' વિકૃતિ 'થી. આ પ્રકૃતિ અને વિકૃતિનો પ્રકૃત-પ્રસ્તુત અર્થ છે.

૧૭૦. સંસ્કૃત અને બીજી પ્રાકૃતોના વ્યાકરણમાં તે હેમચંદ્રે પોતાની વૃત્તિમાં ઉદાહરણોની પેઠે પ્રાયઃ વાક્ય અથવા પદ જ આપેલ છે, પરંતુ અપભ્રંશના અંશમાં તેણે પૂરી ગાથાઓ, પૂરા છંદ અને પૂરાં અવતરણ આપ્યાં છે. આ શ્રી હેમચંદ્રનું **બીજું મહત્ત્વ** છે. આવી રીતે તેણે એક અતિ બારે સાહિત્યના નમૂના જીવંત રાખ્યા કે જે તે એમ ન કરત તો નષ્ટ થઇ ગયા હતા. આમ કરવાનું કારણ શું ? જેમ હવે પછી કહેવામાં આવશે તેમ જે શ્વેતામ્બર જૈન સાધુઓને માટે યા સર્વ સાધારણ જન માટે તેણે વ્યાકરણ લખ્યું તેઓ સસ્કૃત પ્રાકૃતના નિયમોને, તેનાં સૂત્રોની સંગતિને પદો યા વાક્યખંડોમાં સમજી લેત-તેણે આપેલ ઉદાહરણોથી ન સમજત તો સંસ્કૃત અને ગ્રંથની-પુસ્તકી-પ્રાકૃતનું વાઙ્મય તેમની સામે હતું-પ્રાપ્ય હતું તેમાંથી નવાં ઉદાહરણો શોધી લેત, પરંતુ અપભ્રંશના નિયમ એવી રીતે સમજમા આવી ન શકત. મધ્યમ પુરૂષને માટે 'પંઇ', શપથમાં 'થ' ની જગ્યાએ 'ધ' થવાથી સવધ, અને મક્કડઘુગ્ઘિના અનુકરણ-પ્રયોગ, પૂરાં ઉદાહરણ આપ્યા વગર સમજમાં આવતા નથી (જુઓ પછી ઉદાહરણ ન. ૫૬, ૮૮, ૧૪૪). જો હેમચંદ્રજી પૂરાં ઉદાહરણ ન આપત તો શીખનારાઓ કે જેઓ સંસ્કૃત અને પ્રાકૃતના આકર ગ્રંથો સુધી પહોંચી જાય, પરંતુ જેઓ 'ભાષા'

સાહિત્યથી સ્વાભાવિક રીતે નાક ચઢાવતા તેઓ તે 'ભાષા'ના નિયમોને સમજત નહિ.

૧૭૧. આ સર્વે ઉદાહરણોનો સંગ્રહ અને વ્યાખ્યાન આ પછી જૂદા ૬, ૭, અને ૮ પ્રકરણમાં આપેલા છે. આ ઉદાહરણ અપભ્રંશ કહેવામાં આવે છે કિંતુ તે તે સમયની જૂની હિંદી-ગૂજરાતીના જ છે. વર્તમાન હિંદી કે ગૂજરાતી સાહિત્યથી તેનો પરંપરાગત સંબંધ, વાકય અને અર્થને સ્થાને સ્થાને સ્પષ્ટ થશે. એ ધ્યાનમાં રાખવાનું છે કે આ ઉદાહરણ શ્રી હેમચંદ્રના પોતાનાં રચેલાં નથી. કોઈ વાકયો સિવાય સર્વે તેનાથી પ્રાચીન સાહિત્યનાં છે. તે પરથી તે સમયની જૂની હીંદી-ગૂજરાતી સાહિત્યના વિસ્તારનો પત્તો લાગે છે. જો સંસ્કૃત સાહિત્ય બીલકુલ રહ્યું ન હત તો પતંજલિના મહાભાષ્યમાં જે વેદ અને શ્લોકોના ખડો ઉદ્ધત છે તે પરથી સંસ્કૃત સાહિત્યનું અનુમાન કરવું પડત. આ કામ આ દોહાઓથી થાય છે. હેમચંદ્રજીએ મોટી ઉદારતા કરી કે આ પૂરાં અવતરણ આપી દીધાં. તેમાં શૃંગાર, વીરતા, કંઇ રામાયણના અંશ (જેવકુ અન્તરૂ૦ ૧૦૧, દહમુહુ ભુવણ૦ ૫), કૃષ્ણકથા (હરિ નચ્ચાવિઉ પંગણુહિ-૧૨૨, એક મેકકઉં જઇવિ જોએદિ૦ ૧૨૯), કંઇ બીજા મહાભારતના અંશ (ઇત્તિઉં બ્રોપ્પિણુ સઉણિ૦ ૭૮), વામનાવતાર કથા (મઈં ભણિઅઉ બલિરાય૦ ૯૬), હિંદુ ધર્મ (ગંગ ગમેપ્પિણુ૦ ૧૬૬, ૧૬૭, વ્રાસ મહારિસિ૦ ૯૧), જૈન ધર્મ (જેપ્પિ ચઇપ્પિણુ ૧૬૫, પેક્ખેવિણુ મુહુ જિનવર હો૦ ૧૭૦), અને 'હાસ્ય (સો એવા પર વારિઆ૦ ૧૫૯)—એ સર્વના નમૂના મળે છે. મુંજ (૧૬૨) અને બ્રહ્મ (૧૦૩) કવિઓનાં નામ મળી આવે છે. કેવું સુંદર સાહિત્ય આ સંગૃહીત છે! કવિતાની દૃષ્ટિથી, આટલા વિશાલ સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં પણ, શું 'ભલ્લા હુઆ જુ મારિઆ ૩૧, જઇ સસણેહી તો મુઇઅ ૫૨, લોણુ વિલિજ્જઇ પાણિએણ ૧૧૫, અજ્જવિ નાહુ મહુજ્જિ ઘરિ ૧૪૪'—આદિની જોડીની કવિતા મળી શકે તેમ છે?

૧૭૨-હેમાચાર્યનું ત્રીજું મહત્વ એ છે કે તે પોતાના વ્યાકરણના

પાણિનિ અને **ભટ્ટોજીદીક્ષિત** હોવાની સાથે સાથે તેના **ભટ્ટિ** પણ છે. તેણે પોતાના સંસ્કૃત પ્રાકૃત દ્વાશ્રય કાવ્યમાં પોતાનાં વ્યાકરણનાં ઉદાહરણ પણ આપ્યાં છે તથા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના ઇતિહાસ પણ લખ્યા છે. ભટ્ટિ અને ભટ્ટ ભૌમકની પેઠે તે પોતાના સૂત્રોના ક્રમથી ચાલ્યા છે. સંસ્કૃત દ્વાશ્રય કાવ્યના વીસ સર્ગ છે, તેમાં સિદ્ધરાજ જય-સિંહ સુધીના ગૂજરાતના સોલંકી રાજાઓના વંશ વૈભવ આદિનું વર્ણન અને સાથે સાથે હેમચંદ્રના (સંસ્કૃત) શબ્દાનુશાસનના સાત અધ્યાયોનાં ઉદાહરણ છે. આઠમા અધ્યાય (પ્રાકૃત વ્યાકરણ)નાં ઉદાહરણોને માટે પ્રાકૃત દ્વાશ્રય કાવ્ય (કુમારપાલ ચરિત)ની રચના થઇ છે કે જેમાં આઠ સર્ગ છે. સંસ્કૃત દ્વાશ્રયની ટીકા **અભયતિલક** ગણિએ તથા પ્રાકૃત દ્વાશ્ર-યની ટીકા **પૂર્ણકલશ** ગણિએ લખી છે કે જે સંવત્ ૧૩૦૭ ફાલ્ગુન કૃષ્ણ ૧૧ પુષ્ય રવિવારને દિને પૂર્ણ થઈ. કુમારપાલ ચરિત યા પ્રાકૃત દ્વાશ્રય કાવ્યના આરંભમાં અણહિલપુર પાટણનું વર્ણન છે, રાજા કુમા-રપાલ છે. મહારાષ્ટ્ર દેશના બંદી તેની કીર્ત્તિ વખાણે છે. રાજાની દિનચર્યા, દરબાર, મલ્લશ્રમ, કુંજરયાત્રા, જિનમંદિર યાત્રા, જિનપૂજા આદિના વર્ણનમાં બે સર્ગ પૂરા થાય છે. ત્રીજામાં ઉપવનનું વર્ણન છે-વસંતની શોભા છે. ચોથામાં ગ્રીષ્મ અને પાંચમામાં અન્ય ઋતુઓના વિહાર આદિનું સાલંકાર વર્ણન છે. રાજા અને પ્રજાની સમૃદ્ધિ તથા વિલાસોનાં ચિત્ર કવિઓની રીતિ અનુસાર દેવામાં આવ્યાં છે. છઠામાં ચંદ્રોદયનું વર્ણન છે. રાજા દરબારમા બેઠો છે. સાંધિવિગ્રહિકે વિજ્ઞપ્તિ કરી કે જેમાં કુંકણના રાજા મલ્લિકાર્જુનની સેના સાથે કુમારપાલની સેનાનું યુદ્ધ અને પછી વિજયનું તથા મલ્લિકાર્જુનના માર્યા જવાનું વર્ણન છે. આગળ કહ્યું કે એવી રીતે કુમારપાલ દક્ષિણનો સ્વામી થઇ ગયો. પશ્ચિમનો સ્વામી સિંધુપતિ, જવનદેવ, ઉવ્વ (? ઉચ્ચ), કાશી, મગધ, ગૌડ, કાન્યકુબ્જ, દશાર્ણ, ચેદિ, રેવાતટ, મથુરા, જંગલ દેશના રાજાઓની અધીનતાનું વર્ણન છે. કુમારપાલ શયન કરે છે. સાતમા સર્ગના આરંભમાં રાજા ઉઠીને પરમાર્થચિંતા કરે છે, તેમાં કામ, સ્ત્રી

આદિની નિંદા, જૈન આચાર્યોની સ્તુતિ, નમસ્કાર પહેલાં અને પછી શ્રુત દેવીની સ્તુતિ છે. શ્રુતદેવી કુમારપાલની સામે પ્રકટ થઈ અને રાજાની સાથે તેનું ધર્મવિષયક સંભાષણ ચાલ્યું. આખા આઠમા સર્ગમાં શ્રુત-દેવીનો ઉપદેશ છે.

૧૭૩–શ્રી હેમચંદ્રે પ્રાકૃત વ્યાકરણ (સિદ્ધહૈમ શબ્દાનુશાસનના આઠમા અધ્યાય) અને કુમારપાલ ચરિતનો સંબંધ નીચેના કોઠાથી જણાવવામાં આવે છે.

લક્ષ્ય	લક્ષણ	ઉદાહરણ.
પ્રાકૃત ભાષા	અષ્ટમાધ્યાય	કુમારપાલ ચરિત.
	પાદ ૧ સૂ૦ ૧–૨૭૧	સર્ગ ૧, ૨, ૩, ૪. ૫, ૬, ૭
	પાદ ૨ સૂ૦ ૧–૧૨૮	ગાથા ૧–૯૩
	પાદ ૩ સૂ૦ ૧–૧૮૨	
	પાદ ૪ સૂ૦ ૧–૨૫૬	
	અષ્ટમાધ્યાય	કુમારપાલ ચરિત
શૌરસેની	પાદ ૪ સૂ૦ ૨૬૦–૨૮૬	સર્ગ ૭ ગાથા ૯૪–૧૦૨
માગધી	પાદ ૪ સૂ૦ ૨૮૭–૩૦૨	સર્ગ ૮ ગાથા ૧–૭
પૈશાચી	,, ,, ૩૦૪–૩૨૪	,, ,, ૮–૧૧
ચૂલિકા પૈશાચી	,, ,, ૩૨૫–૩૨૮	,, ,, ૧૨–૧૩
અપભ્રંશ	,, ,, ૩૨૯–૪૪૮	,, ,, ૧૪–૮૨

૧૭૪. આ પરથી સ્પષ્ટ થશે કે જે ભાષાનું વ્યાકરણ કહ્યું છે તેમાં કુમારપાલચરિતના તે અંશની રચના કરવામાં આવી છે. જૂની હિંદી–ગૂજરાતીના વ્યાકરણના વિશેષ નિયમોનાં ૧૨૦ સૂત્ર છે, ઉદાહરણોમાં જે ઉદાહરણો પ્રાચીન કવિતામાંથી આપવામાં આવ્યાં છે તે ૧૭૫ અવતરણ છે; કોઇ પદો, વાક્યો અને દોહરાઓ અવતરણોની ગણનામાં નથી, (કેટલાક દોહાના ખંડ વારંવાર ઉદાહરણોની પેઠે કેટલાંક સૂત્રો ઉપર આપવામાં આવ્યા છે), પરંતુ સ્વરચિત ઉદાહરણોમાં તે સર્વ વિષય ૬૯ છંદોમાં આવી ગયેલ છે. આનું કારણ એ છે કે એક એક છંદમા કેટલાંયે ઉદાહરણ સમાવ્યાં છે. હેમચંદ્રજીને એવી રચના પ્રિય હતી.

પ્રકરણ બીજું.

દેશી નામમાલા અને કુમારપાલ ચરિત.

૧૭૫. હેમચંદ્રજીએ **દેશીનામમાલા** નામનો એક કોશ પણ બનાવ્યો છે કે જેમાં પ્રાકૃત રચનામાં આવનારા દેશી શબ્દો ગણ્યા છે. સંસ્કૃતના બીજા કોષોમાં વિષય વિભાગથી (સ્વર્ગ, દેવ, મનુષ્ય આદિ) શબ્દોનો સંગ્રહ થાય છે, યા તો અતના વર્ણો (જેવા કે કાન્ત, ખાન્ત આદિ) ના વર્ગોથી સંગ્રહ થાય છે. પરંતુ આ દેશીનામમાલા વર્તમાન કોશોની પેઠે અકારાદિ ક્રમે બનેલ છે. તેનું પણ કારણ એ છે કે વ્યાકરણમાં અપભ્રંશની કવિતા પૂરી ઉદ્ધૃત કરવાની છે. સંસ્કૃત પ્રાકૃત કોશોની પેઠે દેશી કોશને કોઇ મોઢે રાખતા નથી. જ્યાં પ્રાકૃત કવિમાં દેશી પદ આવ્યા ત્યાં જોવાને માટે આ કોશનો ઉપયોગ છે. ત્યાં અકારાદિ ક્રમથી જ કામ ચાલી શકે છે.[13] તે ક્રમની અંદર પણ એકાક્ષર દ્વિ-અક્ષર આદિનો ક્રમ છે. જે અક્ષરથી આરંભ થનાર શબ્દ જ્યાં ગણવામાં આવ્યા છે ત્યાં તેવા નાનાર્થ શબ્દ પણ ગણવામાં આવ્યા છે. ત્યાં જેટલા શબ્દોનાં ઉદાહરણ એક ગાથામાં આવી શકયાં તેટલાંને ઠાંસી ભરવામાં આવ્યા છે. કણ્ણોઢ્ઢિઆ (એટલે ઘૂંઘટ, ચાદર, કાન+ઓઢી), કંઠમલ (મુડદાની ઠાઠડી), કપ્પરિઅ, કડંતરિઅ (=ફાડેલું), કડંભુઅ (=ઘડો) આ શબ્દોને સાથે ગુંથી એક ગાથા બનાવવામાં કદી તેમાં અર્થ હોય તો પણ કાવ્ય સુંદરતા આવવી કઠણ છે. હેમચં-

---

૧૩, પાદલિપ્તાચાર્ય આદિ વિરચિત દેશી શાસ્ત્રો હોવા છતાં પણ આ (દેશી નામમાલા) ના આરંભનું પ્રયોજન ..... 'વર્ણક્રમ સુખદ' અથવા 'વર્ણક્રમ સુભગ'... વર્ણક્રમથી નિર્દિષ્ટ શબ્દ અર્થવિશેષમાં સંશય થતાં સુખથી સ્મરણ અને ધ્યાન કરી શકાય છે. વર્ણક્રમને ઉલંઘી કહેવાથી સુખથી અવધારણ થઇ શકતું નથી તેથી વર્ણક્રમનિર્દેશ અર્થવાન્ છે (હેમચંદ્ર-દેશી નામમાલા-બીજી ગાથાની ટીકા)

દ્રજીએ આ પર એક માનિની ખંડિતાની ઉક્તિ બનાવી છે કે હે દાંતોથી ફાડેલા અધરવાળા, નખોથી કાપેલા અંગવાળા, મારી ચદર છોડ, તે ઘડા જેવાં સ્તનો વાળી પાસે જા કે જે ઠાઠડીને પણ યોગ્ય નથી (દેશી નામવાલા ૨૦). આ ઉદાહરણ બનાવવાની કઠિનતાથી વિવિધ અર્થો માટે ઉદાહરણ–ગાથાઓ તેણે બનાવી નથી. આજ રીતે કુમારપાળ ચરિતમાં કેટલાંક ઉદાહરણ એક એક દોહામાં મૂકેલાં છે, કિંતુ ત્યાં શ્રુત દેવીનો રાજાને ધર્મ વિષયનો ઉપદેશ એ એકજ વિષય છે, તેથી કવિને થોડીઘણી સ્વતંત્રતા મળી છે. આ ૬૪ છંદોમાં જે છંદો આવ્યા છે તે એ છે કે વદનક ૧૪–૨૭, ૭૭, ૭૮, દોહા ૨૮–૫૪, ૮૧, માત્રા ૭૫, ૭૮, વસ્તુ વદનક કર્પૂર (=ઉલ્લાલા ?) નો યોગ ૭૬, સુમનોરમા ૮૨. આમાંથી નમુના તરીકે કંઈક આગળ ઉદાહરણના પ્રકરણમાં આપેલા છે, જૂનાં અપભ્રંશનાં ઉદાહરણોથી આ કંઈક ક્લિષ્ટ છે તેનું કારણ સ્પષ્ટ છે ને વિશેષ હવે પછીથી જણાવીશું અને તે સ્પષ્ટ છે કે આ હેમચંદ્રજીએ પોતે રચેલી જૂની હિંદી–જૂની ગૂજરાતી છે.

૧૭૬. હેમચંદ્રજીની દેશીનામમાલામાં કંઇ શબ્દો તે સમયની રીતિ રિવાજ અને વિનોદ આદિના સૂચક છે તેનો સંગ્રહ પાઠકોના મનોવિનોદ અને જ્ઞાન માટે અહીં આપવામાં આવ્યા છે. હેમચંદ્રે જે અર્થ કરેલ છે તેનો અનુવાદ અહીં કર્યો છે અને કંઈ ટુંક વિવેચન સાથે જરૂર પડી ત્યાં આપ્યું છે.

અંવેટ્ટી (૧–૭) મુઠ્ઠીનો જુગાર (હિંદી–બુઝાવૈલ)

અણ્ણાણુ (૧–૭) વિવાહ કાલમાં જે વધૂને આપવામાં આવે છે (પહેરામણી) યા જે વિવાહને માટે વધૂ પોતે વરને આપે છે. (સામી મોં દેખામણી ?)

આણંદવડ (૧–૯૨) પતિથી પ્રથમ યૌવન હરણ થતાં સ્ત્રીના રૂધિરથી છંટાયેલું વસ્ત્ર. તે બાંધવોને આનંદિત કરે છે તેથી આનંદપટ કહેવામાં આવે છે. (કેટલીક જાતિયોમાં હજુ પણ એવી રસમ

છે કે આવા વસ્ત્રમાં મિઠાઇ રાખીને નાતમાં વેંચવામાં આવે છે)

ઇંદમહ (૧-૮૧) કૌમાર, કૌમારાવસ્થા.

ઉડુહિઅ (૧-૧૩૭) પરણેલી સ્ત્રીનો ગુસ્સો;

એમિણિઆ (૧-૧૪૫) તે સ્ત્રી કે જેનું શરીર સૂતરથી માપી તે સૂતર ચારે દિશામાં ફેંકી દેવામાં આવે છે. કોઇ દેશની એક જાતની રસમ છે. (સં. **मा** પરથી **मीनाति, मिनोति**).

ઓલુંકી (૧-૧૫૩) સંતાઇને રમાની રમત, જેમાં છોકરાઓ સંતાઇને રમે છે, યા ચક્ષુઃસ્થગન ક્રીડા (આંખ મીંચામણી, સંતાકુકડી)

ઓરૂંજ (૧-૧૫૬) એક જાતની રમત કે જેમાં 'નથી, નથી' એમ કહેવામાં આવે છે.

કાજ્જરપ (૨-૪૬) સ્ત્રી રહસ્ય.

ખિક્ખરી (૨-૭૩) સૂચનાને માટે લાકડી કે જે ઢેઢ આદિ એટલા માટે રાખતા રહે છે કે બીજા લોક તેને અડે નહિ. (રજવાડામાં અસ્પર્શ્ય જાતિઓ કાગડો કે કુકડોનું પર આ રીતે શિર પર રાખે છે).

ગગિજ્જા (૨-૮૮) નવી પરણેલી વહુ.

ગંજોલ્લિઅ (૨-૧૧૦) હાસ્ય સ્થાનમાં અંગસ્પર્શ, જેનું લોક ભાષામાં 'ગિલગિલાવિઅ' રૂઢ થયેલ છે. (ગલગલીઆં).

છિંછ્ટ રમણુ (૩-૩૦) આંખ મિંચામણી.

ઝોંડલિયા (૩-૬૦) રાસના જેવો ખેલ કે જેમાં કન્યાઓ (અથવા લાલક) નાચે કુદે છે (રાસ).

ણુવલયા (૪-૨૧) એક રસમ કે જેમાં સ્ત્રીને પતિનું નામ પૂછાય છે અને તે નથી કહેતી તેથી તેને પલાશલતાથી મારવામાં આવે છે (રાજપૂતાનામાં ક્યાંક ક્યાંક હિંડોળાપર ઝૂલતી વખતે સ્ત્રીઓ આ રમત હજી પણ કરે છે. હેમચંદ્રે એક શ્લોક આનો અર્થ સમજાવવા માટે ઉદ્ધૃત કરેલ છે તે પરથી જણાય છે કે સ્ત્રી

પુરુષ મળીને આ રમત રમતા હતા અને કંઈ ફજેત ફાળકો જેવું પણ થતું હતું 'नियम विशेषश्च णवलया ज्ञेया । आदाय पलाशलतां भ्राम्यति लोको ऽखिलो यस्यां । पृष्टा पतिनाम को निहन्यते चाप्य कथयन्ती । તેણે જે સ્વરચિત ઉદાહરણ આપ્યું છે તેમાં 'दोला विलाससमए' છે. કિંતુ 'पुच्छन्ती' 'सही=સખી) જ છે (નામ+લેવાની ક્રિયા-લયા)

ણીરંગી (૪-૩૧) માથું ઢાંકવાનું ફરજ ઘૂંઘટ-ઘૂમટો (આભાણક શતકમાં-નીરંગિકા (સંસ્કૃત) એક કહેવતમાં આવેલ છે કે અધશ્વસુરને માટે નીરંગિકા કેવી ?)

ણેડુરિઆ (૪-૪૫) ભાદ્રપદ શુકલ દશમીનો એક ઉત્સવવિશેષ;

તુણુઅ (૫-૧૬) ઝુંખા નામનું વાજું-વાદ્ય (પતંજલિના 'મૃદંગ શંખ તૂણવમાંનું તૂણવ ?)

થેવરિઅ (૫-૨૯) જન્મના અવસર પર વાજાંગાજાં.

દુક્કર (૫-૪૨) માઘ માસની રાત્રિમાં ચાર પહોર (પ્રતિ પહોર) સ્નાનનો નિયમ (દુષ્કર !)

દુદ્દોલણી (૫-૪૬) જે ગાય એકવાર દોવાય પછી ફરી પણ દોવાઈ શકે તે-દૂધાળી !

દિઅસિઅ (૫-૪૦) સદા ભોજન (દિવસિક)

દિઅહુત્ત (૫-૪૦) સવારનું ભોજન (દિવાભુક્ત) શિરામણી.

દોવેલી (૫-૫૦) સાયંકાળનું-સાંજનું ભોજન (વાળુ)

ધમ્મઅ (૫-૬૩) ચોર દુર્ગાની સમક્ષ પુરુષને મારી તેના શરીરના લોહીથી જંગલમાં જે ધર્માર્થ બલિ-બળિદાન કરવામાં આવે છે (તે સમયના ઠગ ?)

પંથુચ્છુહણી-(૬-૩૬) સાસરીએથી પહેલાં પ્રથમ (પીયર) લાવવામાં આવેલી નવવધૂ.

પાડિઅજ્જ (૬-૪૩) જે પીયરથી વહુને સાસરીએ પહોંચાડે તે.

પોઅલ્લચ્ય (૬–૮૧) આસો માસમાં ઉત્સવ કે જેમાં પતિ સ્ત્રીના હાથથી અપૂપ (પૂઆં) લઇ ખાય છે.

મુક્કય (૬–૧૩૫) જે સ્ત્રીનો વિવાહ થનાર હોય તેને છોડી બીજી નિમંત્રિત સ્ત્રીઓનો વિવાહ થઇ જવો તે. મૂકાણુ.

મટ્ટુહિય (૬–૧૪૬) વિવાહ થયેલી–પરણેલીનો કોપ, મટકો ?

લય (૭–૧૬) નવાં વિવાહિત સ્ત્રી પુરૂષોના જોડાનો અરસ્પરસ નામ લેવાનો ઉત્સવ. આ શબ્દના ઉદાહરણમાં હેમચંદ્રે જે ગાથા બનાવી લખી છે તેનો આશય એ છે કે મહારાજ કુમારપાલ ! આપની સેનાને આવતી જોઇને ભાગનારા રિપુ–દંપતિ અરસ્પરસ નામ લઈ લઈને પુકારે છે અને આપના ' લય ' ની યાદ કરાવે છે (કે વિવાહ થયાથી પણ આમ કર્યું હતું) જુઓ ઉપર ' ણવલયા '

લયાપુરિસ (૭–૨૦) એક ઉત્સવ કે જેમાં વધૂનું ચિત્ર હાથમાં કમલ દઇને ચિતરવામાં આવે છે.

બહુમાસ (૭–૪૬) જ્યારે નવી વિવાહિતા સ્ત્રીના ઘરથી પતિ બહાર જાય નહિ ને ત્યાં રમણ કરતો રહે તેવી વિશેષ રીતિ યા ઉત્સવ ('હનીમૂન' !)

બહુહાડિણી (૭–૫૦) એક સ્ત્રીની 'ઉપર' જે બીજી સ્ત્રી લાવવામાં આવે તે.

વોરલ્લી (૭–૮૧) શ્રાવણ સુદ ૧૪ નો વિશેષ ઉત્સવ (રાખડી ?).

સુગિમ્મહ (૮–૩૯) ફાલ્ગુનોત્સવ–આ સંસ્કૃત સુગ્રીષ્મકનો તદ્ભવ છે; તે માટે દેશીમા ગણ્યો નથી. શ્રી હેમચંદ્ર ભામહમાંથી 'સુગ્રીષ્મકના પ્રયોગનું ઉદાહરણ આપ્યું છે (ફાગ ?).

સંવાડઅ (૮–૪૩) અંગૂઠો અને વચલી આંગલીથી ચાપટા–ચટાકા વગાડવા તે.

હિંચિઆહિંચિઅ (૮–૬૮) એક પગ ઉંચો કરી બીજા એકજ પગથી ચાલવાની છોકરાંઓની રમત.

૧૭૭ **કુમારપાલ ચરિત** કુમારપાલના રાજ્યમા રચાયું. કુમાર·

પાલ રાજા ગાદીપર સં. ૧૧૯૯ માં બેઠો અને તેનો સ્વર્ગવાસ સં. ૧૨૩૦ માં થયો. હેમાચાર્યનો સ્વર્ગવાસ સં. ૧૨૨૯ માં થયો. શિલારા વંશના મલ્લિકાર્જુન સાથે યુદ્ધ સં. ૧૨૧૭–૧૮ માં થયેલું માનવું ઘટે[૧૪] તેથી કુમારપાલ ચરિત (દ્વાશ્રયકાવ્ય) અને તેમાં અંતર્ગત આ અપભ્રંશ (જૂની હિંદી–જૂની ગૂજરાતી) કવિતાનો રચનાકાલ વિ. સં. ૧૨૧૮ થી વિ. સં. ૧૨૨૯ સુધીમાં કોઈપણ સમય છે. હેમચંદ્રજીનું વ્યાકરણ સિદ્ધરાજ જયસિંહની આજ્ઞાથી તેના રાજત્વકાલમાં અર્થાત્. સં. ૧૧૯૯ ની પૂર્વે બન્યું. વ્યાકરણની બૃહદ્વૃત્તિ અને તેનો ઉદાહરણ સંગ્રહ સૂત્રોની સાથેજ રચાયેલ હશે. આ માટે શ્રી હેમચંદ્રે પોતા સિવાય અન્ય ઉલ્લેખેલ –ઉદ્ધૃત કવિતા પ્રચલિત થવાનો સમય વિ. સં. ૧૧૯૯થી પૂર્વે છે; એ તો વારંવાર કહેવાની જરૂર નથી કે આ સંવત્ તેની ઉપલબ્ધિનો નિમ્નતમ–છેલ્લામાં છેલ્લો સમય છે. ઉર્ધ્વતમ સમય–સૌથી અગાઉનો સમય મુંજના નામાંકિત દોહાથી લેવો ઘટે–અર્થાત્ આ કવિતા સં. ૧૦૨૯ થી ૧૧૯૯ સુધી લગભગ બે સૈકાની છે.

૧૭૮ જ્યારે હેમચંદ્રજીનાં ઉદાહરણોની વ્યાખ્યા લગભગ લખાઇ ચૂકી હતી ત્યારે દોધક વૃત્તિ નામનો ગ્રંથ ઉપલબ્ધ થયો. આ સન ૧૯૧૬ માં અમદાવાદમા પંડિત ભગવાનદાસ હર્ષચંદ્રે છપાવ્યો છે, જેમાં રચનારનું નામ આપ્યું નથી પરંતુ અંતમાં એવો લેખ છે કેઃ—

"**इति श्री हैम व्याकरण प्राकृत वृत्तिगत दोधकार्थः समाप्तः. लिखितो महोपाध्याय...य सं. १६७२ वर्षे शाके १५३८ प्र० (वर्तमाने) वैशाख वदि १४ शनौ**"—આમાં આ સર્વે ઉદાહરણોની સંસ્કૃત વ્યાખ્યા છે. અંતમાં એક માગધી ગદ્યખંડ અને એક મહારાષ્ટ્રી પ્રાકૃત ગાથાને પણ 'દોધક' માનીને વ્યા-

---

૧૪ સિદ્ધરાજ જયસિંહ પૃથ્વીરાજના પિતા સોમેશ્વરનો નાનો (પિતામહ–માનો બાપ) હતો તથા સોમેશ્વરને કુમારપાળે પાળ્યો હતો. મલ્લિકાર્જુનની લડાઇમાં સોમેશ્વર સામેલ હતો. જુઓ નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૧ પૃ. ૪૦૦–૧.

ખ્યા કરી દીધી છે. હેમચંદ્રજીના પ્રાકૃત વ્યાકરણના પઠન પાઠનનો પ્રચાર જૈન સાધુઓમાં રહ્યો તેથી આ કવિતાઓના પરંપરાગત યાતો સાંપ્રદાયિક અર્થ જાણવામાં દોધકવૃત્તિ ક્યાંક ક્યાંક ઘણી સહાયતા આપે છે. જ્યાં મતભેદ છે ત્યાં બતાવવામાં આવેલછે.

દોધકવૃત્તિની રચના જૈન સંસ્કૃતમાં થઈ છે-તેમાં જ ભાષાનુગ સંસ્કૃત-એટલે ભાષાપરથી કરેલ સંસ્કૃતના પદો આવ્યાં છે તેની યાદી નીચે પ્રમાણે આપી છે.

ચટિતઃ-ચઢેલો, ચટતિ-ચઢે છે, ચટામઃ—અમે ચઢીએ છીએ (ચડિઅઉ, ચડિઓ)

લગિત્વા—લગાવી-(લાઇ), લગાડીને (લગ્ગિ) લાગી-વળગી સાથે.

બલિં ક્રિયે-વારી જાઉં છું (બલિ કિજ્જઉ)

અર્ગલં-આગળ (એત્તિઉ અગ્ગલઉ)

સ્ફેટયતિ—(ફેડઇ) ઘેરે, નષ્ટ કરે

કિં ન સૃતમ્—શું નહીં સર્યું? સર્વ કાંઇ સિદ્ધ થયું.

મુત્કલેન—દાન, ઉદારતાથી (મોક્કલડેન) મોકળા હાથથી

ઉર્વ્વરિત (છાપેલું છે ઉદ્ધરિત) ઉગર્યું, બચ્યું (ઉવ્વરિઅ)

ઉદ્વર્ત્યતે—ઊબરૈ ત્યજ્યતે (ઉવ્વારિજ્જઇ)

ચૂટકઃ—ચૂડો (ચૂડુલ્લઉ) ચુડલો.

છન્ન—ગુપ્ત (મારવાડી છાને) ગૂ. છાનું.

વિધ્યાપયતિ—બુઝાવે છે-(વધેરે છે-દીવો વધેરે છે)

આવર્તતે—શોષયતિ ! (આવટ્ટઇ=આવટે છે, ઓટે છે, ઓટાય છે)

જગટકાનિ—ઝગડા.

ધાટી—ધાડ, ધાડું.

દ્રહે—દહમાં-ધ્રોમાં-'ધરો'-ધરામાં [હદનો વ્યત્યય)

કલહાપિતઃ—કલહિતઃ

તીમોદ્વાનં—આર્દ્રશુષ્કં-લીલું સૂકું, (તિંતુવ્વાણુ).

વિછોટય—વછોડી,

સ્તાધ—થાહ
મોટયન્તિ—મોડે છે (મોડંતિ).

૧૭૯—ઉદાહરણાંશમાં જે અક્ષરનિવેશ શ્રી શંકર પાંડુરંગ પંડિતે પોતાના કુમારપાલ ચરિતના સંસ્કરણમાં કેટલીક પ્રતિઓની સહાયતાથી રાખ્યો છે તે રાખ્યો છે. પાઠાંતર ઘણા ઓછાં આપ્યાં છે–આનાં કારણ મુખાનુસારીલેખન (જેવું બોલવું તેવું લખવું), અસાવધાનતા, ઉઓ, ઉઐા, સ્થ, સ્છ, આદિ લખતાં એક બીજા સાથે રહેલી સમાનતા, પર સવર્ણની અનિત્યતા, અઈ, એ, અઉ, ઓના વિકલ્પ, અનુનાસિકની અસાવધાનતા, અને અંતના ઉની ઉપેક્ષા આદિ છે." એ ઓ ના અર્ધ ઉચ્ચારણને ધ્યાનમા રાખવાથી તથા અથી 'ઈ ઉ'ને મેળવી એ, ઓ બોલવાથી છંદ સારી રીતે બોલી શકાય છે તથા ગાતાં બરાબર ગાઇ શકાય છે.

પ્રકરણ ત્રીજું.

હેમચંદ્રજીનુ જીવનચરિત તથા કાર્ય.

૧૮૦ હેમચંદ્રજીના જીવનચરિતનો કંઇક આભાસ કુમારપાલ પ્રતિબોધના ઐતિહાસિક વિષય સંબંધી કહેતાં હવે પછી આવશે. તેમનો જન્મ સં. ૧૧૪૫ માં, દીક્ષા સં. ૧૧૫૪ માં, સૂરિપદ સં. ૧૧૫૬ માં અને સ્વર્ગવાસ સં. ૧૨૨૯ માં થયો. તેમનું જન્મ નામ ચગદેવ હતું. દીક્ષા સમયે સોમચંદ્ર અને સૂરિ થતાં હેમચંદ્ર પડયું. સિદ્ધરાજ જયસિંહની પાસે તેમણે ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. સિદ્ધરાજ પોતે શૈવ હતો છતાં સર્વ ધર્મોનો આદર કરતો હતો. સિદ્ધરાજને માટેજ હેમચંદ્રજીએ પોતાનું વ્યાકરણ બનાવ્યું કે જે સંબંધે ચર્ચા આપણે કરી છે. હેમચંદ્રજીના પ્રભાવથી સિદ્ધરાજનું મન જૈન ધર્મ પ્રત્યે ઝૂક્યું હશે. પરંતુ કુમારપાલ રાજા થવાથી હેમચંદ્ર તે હેમચંદ્રજ ખરા બન્યા. હેમ-

ચંદ્ર 'કલિકાલ સર્વજ્ઞ' થયા અને કુમારપાલ પરમાર્હંત બન્યા.

૧૮૧. કુમારપાલના રાજ્યના પ્રથમના પંદર વર્ષ યુદ્ધવિજય આદિમાં વીત્યાં. શ્રી હેમચંદ્રે અગાઉથીજ કુમારપાલ રાજા થશે એવી ભવિષ્ય વાણી કહી દીધી હતી અને સિદ્ધરાજના તેના પરના દ્વેષથી થયેલી સંકટાવસ્થામાં તેને સહાયતા પણ આપી હતી. હવે તેને જિન ધર્મોપદેશ આપી તેના દ્વારા ખૂબ ધર્મપ્રચાર કરાવ્યો. કુમારપાલના ઉત્તરાધિકારી અજયપાલના મંત્રી યશઃપાલે મોહપરાજય નામનું નાટક પ્રબોધચંદ્રોદયની શૈલીનું લખ્યું છે તેમાં એવું વર્ણન છે કે ધર્મ અને વિરતિની પુત્રી કૃપા સાથે કુમારપાળનો વિવાહ સં. ૧૨૧૬ ના માર્ગ શીર્ષ શુકલ દ્વિતીયાને દિને હેમચંદ્રે કરાવ્યો તેથી મોહને હરાવી ધર્મને પોતાનું રાજ્ય પુનઃ અપાવ્યું. રૂપકને દૂર કરીએ તો આ તિથિ કુમારપાલના જૈન ધર્મ સ્વીકારની છે. હેમચંદ્રજીના ઉપદેશથી સદાચાર પ્રચાર, દુરાચાર ત્યાગ, મંદિર રચના, પૂજા વિસ્તાર, જીર્ણોદ્ધાર, અમારિઘોષણ, તીર્થયાત્રા આદિ ઘણી ધામધૂમથી કુમારપાળે કર્યાં ને કરાવ્યાં. જૈન સાહિત્યમાં આ ગુરૂ શિષ્યના ઘણા પ્રશંસાપૂર્ણ ઉલ્લેખ છે.

૧૮૨. રાજાએ ૨૧ જ્ઞાનકોશ (પુસ્તક ભંડાર) કરાવ્યા, છત્રીશ હજાર શ્લોકોનું ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર હેમચંદ્ર પાસે રચાવી સોના રૂપાથી લખાવી સાભળ્યું. અગ્યાર અંગ, બાર ઉપાંગ સોનાથી લખાવી સાંભળ્યાં, યોગશાસ્ત્ર આદિ લખાવ્યાં. ગુરૂના ગ્રંથોના લખવાવાળા ૭૦૦ લેખક (લહીઆ) હતા. એક દિન લેખક શાળામા જઈ રાજાએ લેખકોને 'કાગળો' પર લખતા જોયા. ગુરૂએ કહ્યું કે શ્રી તાડપત્રોનો ટોટો પડ્યો છે. રાજાને શરમ થઇ. ઉપવાસ કર્યો. ખર તાડો (કઠણ તાડો કે જેના પાન લખવા માટે કામ આવી ન શકે)ની પૂજા કરી તો તે સવારમાં શ્રી તાડ થઇ ગયા પછી ગ્રંથ તેના પર લખાવાતા ગયા ! (શ્રી જિનમંડનનો કુમારપાલ પ્રબંધ પૃ. ૯૫–૯૭).

૧૮૩. શ્રી હેમચંદ્રે કેટલાયે લાખો શ્લોકોના ગ્રંથ બનાવ્યા છે તેમાં પ્રધાન ગ્રંથો એ છે કેઃ—અભિધાન ચિંતામણિ આદિ કેટલાક કોશ, કાવ્યા-

નુશાસન, છંદોનુશાસન, દેશી નામમાલા, દ્વાશ્રયકાવ્ય (સંસ્કૃત તથા પ્રાકૃત), યોગશાસ્ત્ર, ધાતુપારાયણ, ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત, પરિશિષ્ટ પર્વ. શબ્દાનુશાસન (વ્યાકરણ). તેના પોતાના રચેલા ગ્રંથોની પ્રાયઃ વૃત્તિઓ પણ રચાઇ છે, ૮૪ વર્ષની અવસ્થામાં અનશનથી હેમચંદ્રે પ્રાણત્યાગ કર્યો. કુમારપાલ પણ લગભગ છ માસ પછી સ્વર્ગસ્થ થયો.

સિદ્ધ હેમ વ્યાકરણની રચના—(જિનમંડનના કુમારપાલ પ્રબંધ પરથી પૃ. ૧૨(૨), ૧૬(૨) વગેરે).

૧૮૪. પહેલાં કદી હેમચંદ્રજી **'परब्रह्ममय परमपुरूष प्रणीत मातृका अष्टादश लिपि विन्यास प्रकटन प्रवीण'** બ્રાહ્મી આદિ મૂર્તિઓને જોઇ કાશ્મીર જવા ચાલ્યા તો ભગવતીએ તેનો માર્ગક્લેશ બચાવવા માટે માર્ગમાંજ આવી દર્શન તથા વિદ્યામંત્ર આપ્યાં હતાં. સિદ્ધરાજ જયસિંહને ત્યાં તેનું પાંડિત્ય જોઈ કોઇ અસહિષ્ણુ (બ્રાહ્મણો) એ કહ્યું કે અમારાં શાસ્ત્ર (પાણિનીય વ્યાકરણ) શીખીને આ વિદ્વત્તા પ્રાપ્ત થઇ છે. સિદ્ધરાજે પૂછ્યું ત્યારે હેમચંદ્રે કહ્યું કે શ્રી મહાવીર જિને શિશુ અવસ્થામાં જે ઉપદેશ ઇંદ્રિ સમક્ષ આપ્યો હતો તે જૈનેંદ્ર વ્યાકરણજ અમે શીખીએ છીએ. (જુઓ ઉપર પૃ. ૩૮૧ ટિ. ૨) રાજાએ કહ્યું કે તેટલા પ્રાચીનને છોડીને કોઈ નજીકના કર્તાનું નામ આપો. તેણે કહ્યું કે સિદ્ધરાજ સહાયક થાય તો પોતે નવું પંચ અંગવાળું વ્યાકરણ રચે. રાજાએ સ્વીકાર્યું એટલે શ્રી હેમચંદ્રે કહ્યું કે કાશ્મીરમાં પ્રવરપુર (બિલ્હણની જન્મભૂમિ)માં ભારતી કોશમાં પુરાતન આઠ વ્યાકરણોની પ્રતિ છે તે મંગાવી આપો. પ્રધાનોએ જઇ ભારતીની સ્તુતિ કરી એટલે ભારતીએ કહ્યું કે હેમચંદ્ર મારીજ મૂર્તિ છે, પ્રતિઓ આપી દો. પ્રતિઓ આવી. ઘણા દેશોથી અઢાર વ્યાકરણ લાવવામાં આવ્યાં. ગુરૂ (હેમચંદ્ર) એ એક વર્ષમાં સવા લાખ ગ્રંથનું વ્યાકરણ રચી રાજાના હાથી પર રાખી, ચમર ઢોળતાં રાજસભામાં લાવી પધરાવ્યું અને સંભળાવ્યું. અમર્ષી બ્રાહ્મણોએ કહ્યું કે શુધ્ધા શુદ્ધની પરીક્ષા કર્યા વગર રાજાના સરસ્વતી કોશમાં રાખવા યોગ્ય નથી. કાશ્મીરમાં ચંદ્રકાન્ત મણિની

બનેલી બ્રાહ્મીની મૂર્ત્તિ છે, તેની સમક્ષ જલકુંડમાં પુસ્તક ફેંકવામાં આવે. જો ભીંજાયા વગર નિકળી આવે તો શુદ્ધ જાણો, અન્યથા નહીં[૧૫] રાજાએ સંશયાકુલ થઇ ત્યાં મોકલાવ્યું. પંડિતો સમક્ષ બે ઘડી સુધી વ્યાકરણ કાસ્મીરના સરસ્વતી કુંડમા પડી રહ્યું. અક્લિન્ન નીકળ્યું. રાજાને જ્યારે પ્રધાનોએ આ જણાવ્યું ત્યારે ૩૦૦ લેખકોથી ત્રણ વર્ષ સુધી પ્રતિઓ[૧૬] લખાવરાવી [૧૭]અઢાર દેશોમાં પઠન પાઠન માટે મોકલી.

---

૧૫. ભાસ અને વ્યાસનાં કાવ્યોની અગ્નિપરીક્ષાનાં સંબંધમાં જુઓ. ના. પ્ર૦ પત્રિકા ભાગ ૧ પૃ. ૧૦૦. રાજશેખરે સૂક્તિમુક્તાવલિમાં ભાસના સ્વપ્નવાસવદત્તના ન બળવાનો ઉલ્લેખ કર્યો છે (दाहकोऽभून्न पावकः), અને ગૌડવહોના કર્તા વાક્‌પતિરાજે પ્રાયઃ આટલા માટે ભાસને जलणमित्त (ज्वलन–मित्र) કહ્યો છે. રાજશેખર સુરિ (જૈન)ના ચતુર્વિંશતિ પ્રબંધમાં કાસ્મીરમાં સરસ્વતીના હાથમાં શ્રી હર્ષનું નૈષધચરિત્ર રાખવાનો અને સરસ્વતીના તે કાવ્યમાં પોતાના કરેલા વ્યક્તિગતં આક્રમણથી ચીડાઇ તેને ફેંકી દેવાનો ઉલ્લેખ છે. શ્રીહર્ષ ચીડાઈ કહે છે કે 'क्वापितैः किं लुट्यते कलंकात्'. (ચંદ્રધર શર્માજી) પાસે 'ગન્ઘોત્તમા નિર્ણય' નામની એક ખંડિત પોથી છે કે જેમાં શાક્ત પૂજામાં મદ્યના ઉપયોગના વિધાનનો નિર્ણય છે. તેમાં લખેલ છે કે ભાગવતની કેટલીએ ટીકાઓ પાણીમાં નાંખવામાં આવી હતી. કિંતુ શ્રીધરસ્વામીની ટીકા ભીંજાયા વગર–બૂડયા વગર નીકળી. એજ પ્રમાણે માઘકાવ્ય પણ. ગન્ધોત્તમા નિર્ણયકારે તો એટલા માટે આ કથાઓ મૂકી છે કે શ્રીધર સ્વામીની ટીકામાં 'लोके व्यवायामिष मद्य०' એ શ્લોક ની વ્યાખ્યા તથા માઘકાવ્યમાં બલદેવના વર્ણનમાં 'घूर्णयन् मदिरास्वाद०' એ શ્લોક પોતાના પક્ષનું સમર્થન કરે છે. પરંતુ પાણીમાં નાખીને શાસ્ત્રપરીક્ષાના સંપ્રદાયની કથા હોવાથી અહીં લખી નાંખી છે.

૧૬. કોઇ સંસ્કૃતાભિમાની માતૃકા, કોષ યા પ્રતિકૃતિની જગ્યાએ પ્રતિઃ એમ લખનારની હાંસી કરે છે, કિંતુ જૈન યા દેશ ભાષાનુગામી સંસ્કૃતમાં આ શબ્દ સં. ૧૪૯૨ માં મળે છે. જિનમંડને પ્રતયઃ, પ્રતીઃ એમ કેટલીએ વાર લખ્યું છે.

૧૭. અઢાર દેશ—કર્નાટ, ગૂર્જર લાટ, સૌરાષ્ટ્ર, કચ્છ, સિંધુ, ઉચ્ચ, ભંભેરી, મરૂ, માલવ, કોંકણ, રાષ્ટ્ર, કીર, જાલંધર, સપાદલક્ષ, મેવાડ, દીપ, આભીર. જિનમંડનનો કુમારપાલ પ્રબંધ પત્ર ૮૧ (૧).

પ્રકરણ ચોથું.

શ્રી હેમચંદ્ર અને દેશી.

૧૮૫. **युव** (**न्**) (એટલે જુવાન)ના તારતમ્ય વાચકરૂપ **यवीयस्**, **यविष्ठ** અને અલ્પના **अल्पीयस्** અને **अल्पिष्ठ** થાય છે. આ અર્થોમાં **कनीयस्** અને **कनिष्ठ** પણ થાય છે. પાણિનિની આ સંબંધે કહેવાની રીત એવી છે કે **युव** અને **अल्प**ની જગ્યાએ વિકલ્પથી **कन** થઇ જાય છે (૫-૩-૬૪). આનો ઐતિહાસિક અર્થ એ છે કે પાણિનિના સમયમાં એકલો **कन्** નાનાના અર્થમાં વપરાતો ન્હોતો—કેવલ તેના તારતમ્યવાચક રૂપમાં વપરાતો હતો. વૈયાકરણોની કહેવાની એવી રીતિ છે કે પાણિનિના સૂત્રથી **अल्पीयस्** અને **यवीयस्**ની જગ્યાએ **कनीयस्**, અને **अल्पिष्ठ** અને **यविष्ठ**ની જગ્યાએ **कनिष्ठ** થઇ જાય છે. આવું કઇ થતું નથી. વ્યાકરણનું સૂત્ર કોઇ નવીન ચીજ બનાવી શકતું નથી. તે તો જે કંઇ હોય તેને નિયમથી રાખી દે છે. 'અમુક સૂત્રથી આમ થયું' એને બદલે વૈજ્ઞાનિક રીતિથી એમ કહેવું ઘટે કે 'આમ ભાષામાં થાય છે, તેનો ઉલ્લેખ અમુક સૂત્રમા કરેલો છે.' **कन्** કે જેનો અર્થ નાનું છે તેનો એકલપણે વિશેષણ તરીકે તે સમયે સંસ્કૃતમાં વ્યવહાર થવાનું બંધ પડી ગયું હતું. '**कन्या**'માં તે મોજૂદ છે. કન્યાનો પુત્ર '**कानीन**' બનાવવા માટે પાણિનિએ કન્યાને બદલે '**कनीन**' માની પ્રત્યય લગાડયો છે. (૪-૧-૧૧૬). આ કાર્ય (જો '**कन्**'ની સત્તા—તેનું અસ્તિત્વ પાણિનિ માનત તો) **कन्**ને પ્રત્યય લગાડીને પણ થઇ શકતું હતું. નેપાલી 'કાન્—છા' (નાના) હિંદી **कन्+अंगुरिया**—નારંગીની 'કન્ની' આદિમાં તે '**कन**' ચાલુ રહેલો દેખાય છે. તે રીતે જ્યાં પાણિનિએ '**ब्रू**' ના કંઇક રૂપોને બદલે '**आह**'નું થવું, **हन**નું '**वध**' થઇ જવું, અને**अस्**નું **भू** થઇ જવું જણાવ્યું છે તેનો ઐતિહાસિક અર્થ એ છે કે '**आह्**' '**अस्**' અને '**वध्**' ધાતુઓનાં જે સમયે પૂરાં રૂપો પહેલાં થતાં હશે, તે

સમયે જે ધાતુ અધુરી રહી ગઇ હતી તેને પાણિનિએ તે અર્થના બીજા ધાતુઓનાં રૂપોમાં મેળવી દીધી. પાણિનિના વૈદિક રૂપોના વિવેચનથી એવો પત્તો મળે છે કે કેટલાક સમય સુધી કેવા પ્રયોગ થતા હતા અને ક્યારથી તે બદલાયા.

૧૮૬. પ્રાકૃત વૈયાકરણોએ બદ્ધમૂલ સંસ્કૃતને પ્રકૃતિ માની બદ્ધમૂલ પ્રાકૃતનું વ્યાકરણ લખ્યું છે. સંસ્કૃતથી શું શું પરિવર્તન થાય છે તેને ગણવામાં આવેલ છે; પ્રાકૃતને ભાષા માની તે વર્ત્યા નથી. વર્તી પણ શકતા નહોતા, તેનું લક્ષ્ય પ્રાકૃત પણ પુસ્તકી એટલે જડ પ્રાકૃત હતું. હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણના લગભગ બે પાદ આમાંજ ગયા છે કે કયા સંસ્કૃત શબ્દમાં કયા અક્ષરની જગ્યાએ શું થઇ જાય છે. તો પાણિનિની પેઠે સ્થાન, પ્રયત્ન, અંતરતમ આદિનો વિચાર પ્રાકૃતવાળા કરત તો સંક્ષેપ પણ થાત અને વૈજ્ઞાનિક નિયમ પણ થઇ શકત. તેના વગર પ્રાકૃત વ્યાકરણ અનિયમ પરિવર્તનોની પરિસંખ્યા માત્ર થઇ ગયેલ છે. હેમચંદ્ર કહે છે કે **ङसि** (પંચમી એકવચન, અપાદાન)ની જગ્યાએ પ્રાકૃતમાં **त्तो, दो, दु, हि, हिन्तो** આવે છે, યા કોરી સંજ્ઞા પ્રત્યય વગર આવે છે. બહુ વચનમાં આ વગર **सुन्तो** પણ આવે છે. ૮-૩-૮,૯. આગળ ચાલતાં તેણે મધ્યમપુરૂષ અને ઉત્તમપુરૂષના કેટલાંક રૂપ ગણાવ્યા છે. ૮-૩-૯૦-૧૧૭. શું આ સર્વ રૂપ પ્રાકૃતમાં એક સમયેજ ચાલુ થયાં યા સમયે સમયે આવતાં ગયાં એ જાણવું ઘણું રોચક અને જ્ઞાનદાયક થાત. આથી પ્રાકૃતના પ્રકારો માલુમ પડત. સંબંધના અર્થમાં **केरअ** (**सं. केरक**, હિંદી-ગૂજરાતી કેરા) પ્રત્યય આવે છે, હેમચંદ્રે તેને અપભ્રંશમાં આદેશ ગણ્યો છે ૮-૪-૪૨૨, પ્રાકૃતમાં નથી ગણેલ, પરંતુ તે મૃચ્છકટિક અને શાકુંતલની પ્રાકૃતમાં કેટલીએ જગ્યાએ મળી આવે છે.

૧૮૭. પ્રાકૃતોમાં જે સંસ્કૃતસમ યા તત્સમ શબ્દ છે તે સંસ્કૃત પરથી જણાય છે. જે સંસ્કૃતભવ યા તદ્ભવ છે તેની લોપ, આગમ, વર્ણવિકાર આદિથી આ વૈયાકરણોએ સમજ આપી છે. હવે બાકી

રહ્યા દેશી. તે અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે કે જેનો નવી જૂની પ્રાકૃતો વાળા વ્યવહાર કરતા આવ્યા છે. તેની પ્રકૃતિ પ્રત્યયનો વિચાર કઠિન છે. સંભવ છે કે અધિક શોધ કરતાં તેમાંથી કંઈક બીજી ત્રીજી પેઢીના તદ્ભવ સિદ્ધ થઇ જાય. હેમચંદ્રજીએ દેશીનું વૈજ્ઞાનિક વિવેચન કર્યું નથી.

૧૮૮. પોતાની દેશી નામમાલામાં પોતે શું લીધું છે, શું નથી લીધું તેનો ઉલ્લેખ તેઓ એવી રીતે કરે છે કે (૧) જે લક્ષણગ્રંથ (સિદ્ધ-હેમ શબ્દાનુશાસન)માં પ્રકૃતિ–પ્રત્યય આદિ વિભાગથી સિદ્ધ કરવામાં આવ્યા નથી તે ત્યાં લેવામાં આવ્યા છે (૨) જે ધાતુ, વૈયાકરણ તથા કોશકારોએ દેશીમાં ગણેલ છે, પરંતુ જેને અમે ધાતુઓના આદેશ માનેલ છે તે લેવામાં નથી આવ્યા (૩) જે પ્રકૃતિ–પ્રત્યય વિભાગથી સંસ્કૃતજ સિદ્ધ થાય છે કિંતુ સંસ્કૃત કોશોમાં પ્રસિદ્ધ નથી તે અહીં લેવામાં આવ્યા છે–જેવા કે અમૃત–નિર્ગમ એટલે ચંદ્ર, છિન્ન–ઉદ્ભવા એટલે બીજ, મહાનટ એટલે શિવ ઇત્યાદિ (૪) જે સંસ્કૃત કોશોમાં નથી કિંતુ ગૌણ લક્ષણા યા શક્તિથી જેનો અર્થ બેસે છે–જેવો કે બઇલ્લ (એટલે બેલ, બળદ)=મૂર્ખ તે લેવામાં નથી આવ્યા.

૧૮૯. વળી તે કહે છે કે મહારાષ્ટ્ર, વિદર્ભ, આભીર આદિ દેશોમાં જે શબ્દ પ્રસિદ્ધ છે (જેવા કે મગા=મરાઠી મગ=પક્ષી, હિંગ એટલે જાર) તેને ગણવામાં આવે તો દેશો અનંત હોવાથી પુરુષાયુષથી પણ તેનો સંગ્રહ થઈ શકે તેમ નથી તે માટે '**अनादि प्रसिद्ध प्राकृत भाषा विशेष**' જ દેશીને કહેવામાં આવેલ છે. પોતાની પુષ્ટિમાં એક જૂનો શ્લોક ઉદ્ધૃત કરેલ છે કે દિવ્ય યુગસહસ્રમાં વાચસ્પતિની બુદ્ધિ પણ એટલી સમર્થ થઈ શકતી નથી કે જે દેશોમાંના પ્રસિદ્ધ શબ્દો સંપૂર્ણપણે ચુંટી શકે (દેશી નામમાલા ગાથા ૨–૩)[૧૮] આથી

---

૧૮ સરખાવો પતંજલિ–'બૃહસ્પતિએ ઇંદ્રને દિવ્ય વર્ષ સહસ્ર શબ્દ પારાયણ કરાવ્યું પરંતુ અંત આવ્યો નહિ–બૃહસ્પતિ જેવો કહેનાર, ઇંદ્ર જેવો શીખનાર, દિવ્ય વર્ષસહસ્ર જેટલો અધ્યયન કાળ તો પણ અંત ન આવ્યો. આજકાલ જે જીવો છે તે ઘણું ઘણું સો વર્ષ જીવે ઇત્યાદિ (પ્રથમ આહ્નિક.)

સ્પષ્ટ છે કે મનમાની–પોતાની મરજીમાં આવે તેવી આ માલા કરવામાં આવી છે[૧૯]–સંસ્કૃત પ્રયોગને પ્રમાણ ન માનતાં કોશોને માન આપ્યું છે. જો અમૃતનિર્ગમ અને મહાનટ ચંદ્રમા અને શિવના અર્થમાં સંસ્કૃત કોશોમાં ન આપવામાં આવ્યા હોય તેથી શું થયું? પ્રકૃતિ પ્રત્યય વિભાગ અને શક્તિ, રૂઢિ આદિથી તે સંસ્કૃતજ છે. તેવી રીતે (૩) અને (૪) માં પરસ્પર વિરોધ આવે છે.

૧૯૦. સસ્કૃતમાં 'અપ્રયુક્ત 'નો વિચાર કરતાં પતંજલિએ કહ્યું છે કે ઉપલબ્ધિમાં યત્ન કરો.' શબ્દનો પ્રયોગ–વિષય મોટો છે. સાત દ્વીપની પૃથ્વિ, ત્રણ લોક, ચાર વેદ, અગ અને રહસ્ય સહિત, તેના ઘણા ભેદ, ૧૦૦ શાખા અધ્વર્યુવેદની, સામવેદના ૧૦૦૦ માર્ગ, ૨૧ પ્રકારના વાહ્‌વૃચ્ય (ઋગ્વેદ), નવ જાતના અથર્વણ વેદ, વાકોવાક્ય, ઇતિહાસ, પુરાણ, વૈદ્યક, આટલા શબ્દના પ્રયોગ–વિષય છે. આટલા શબ્દના પ્રયોગ–વિષયને સાંભળ્યા કે વિચાર્યા વગર શબ્દ અપ્રયુક્ત છે એમ કહેવું તે સાહસમાત્ર છે (પહેલું આહ્નિક). એ પ્રમાણેજ (૧) (૨)માં વિરોધ આવે છે. ધાતુઓમાં શ્રી હેમચન્દ્રે ભારે અદ્‌ભુત કાર્ય કર્યું છે. એક ધાતુને પ્રધાન–મુખ્ય ગણેલ છે–અને તેના અર્થની બીજી ધાતુઓને તેનો આદેશ માની ઝઘડો પતાવ્યો છે. જેમકે કહઈ (**कथयति**) ધાતુ લીધો–માન્યો. હવે વજ્જરઈ, પજ્જરઇ, ઉપ્પાલઇ, પિસુણઈ, સંઘઇ,

---

૧૯ વૈયાકરણોની મનમાની પુરાણી લખવાની રીતિ પણ નષ્ટ થઇ. પ્રાકૃત પોથિઓમાં લખનારા 'શોધ શોધ' કરી લખવા લાગ્યા તેથી દક્ષિણનાં પ્રાકૃતનાં પુસ્તકોમાં જૂના પાઠ મળી આવે છે. ઉત્તરનાં પુસ્તકોમાં તે 'સુધારવામાં' આવ્યા છે (બાર્નેટ, જ. રૅ. એ સોસાયટી અક્ટો. ૧૯૨૧). આમ શોધી–સુધારી મુકવાના પરિણામે 'मृगनेत्रासु रात्रिषु' નું 'सुगतैतासु रात्रिषु' થઇ ગયું હતું. (પ્રતિભા, વર્ષ ૩), ભાગવતના દક્ષિણી વૈષ્ણવ ટીકાકારોએ ભાગવતમાં જે વૈદિક પ્રયોગ (આર્ષ) છે તેને બદલી વર્ત્તમાન સંસ્કૃત કરી દીધું છે–શ્રીધર સ્વામીએ નહિ, એ વાત કુંભકોનં સંસ્કરણની ટિપ્પણીઓથી સ્પષ્ટ થાય છે. તેઓએ ભાગવતને 'શુદ્ધ' કર્યું કિંવા શું તેની પ્રાચીનતાનો લોપ પોતાને હાથે નથી કર્યો?

ઓલ્લઇ, ચવઇ, જમ્પઇ, સીસઇ, સાહઇ—ને વિકલ્પે 'કહઇ'ના આદેશ કરી દીધા છે, (૮-૪-૨) ઉબ્બુકઇને આમાં ગણેલ નથી કારણકે તેને ઉત્+બુક્કમાંથી નિકળેલો માનેલ છે. આમ જોવામાં આવે તો વજ્જરઇ **उच्चरति**માંથી, પજ્જરઇ **प्रोच्चरति**માંથી, પિસુણઇ **पिशुनयति**માંથી, સંઘઇ **संख्याति**માંથી, જમ્પઇ **जल्पति**માંથી નિકળી શકે છે.

૧૯૧. વળી શ્રી હેમચંદ્ર લખે છે કે બીજાઓએ આને દેશી શબ્દો તરીકે લીધા છે, કિંતુ અમે તેને ધાત્વાદેશ કરી દીધા છે કે જેથી વિવિધ પ્રત્યયોમાં પ્રતિષ્ઠિત થઇ જાય. આમ કરવાથી વજ્જરિઓ એટલે **कथित** વજ્જરિઊણ એટલે **कथयित्वा** આદિ હજારો રૂપ સિદ્ધ થઈ જાય છે"— આનો પોતાની મનમાની થઇ. યાનો તેને સ્વતંત્ર ધાતુ માની લેવાત, યા તેમાં તદ્ભવ અને દેશીની છાટ નાંખી શકાત. વૈયાકરણોના સ્વભાવ પ્રમાણે હેમચંદ્ર કહે છે કે અમે તેને આદેશ એટલા માટે ગણેલ છે કે તેને પ્રત્યય લગાડી શકાય, તે વિવિધ પ્રત્યયોમાં પ્રતિષ્ઠિત થઇ જાય. પતંજલિ, વૈયાકરણોને ચેતવણી આપી ગયેલ છે કે 'જેમ ઘડાનું કામ પડતાં લોક કુંભારને ત્યાં જાય છે કે અમને ઘડો બનાવી આપ તેમ શબ્દનું કામ પડતાં કોઇ વૈયાકરણને ત્યાં જતો નથી કે ભાઇ! અમારે કામ છે માટે શબ્દ બનાવી આપ" (પહેલું આહ્નિક); કિંતુ વૈયાકરણ સમજે છે કે તેને પ્રતિષ્ઠિત કર્યા વગર લોક આ ધાતુઓ સાથે પ્રત્યયજ નહી લગાડી શકે. કુકડો સવાર થતાં બોલે છે. કિંતુ ફ્રેંચ ભાષાના એક નાટકમાં એક કુકડાને એવું અભિમાન થયેલું બતાવ્યું છે કે હું નવિ બોલું તો સવાર પડશેજ નહિ. અસ્તુ.

૧૯૨. આ ચોથા પાદમાં કેટલીક ધાતુઓના આદેશ ગણાવ્યા છે કે જેમાં કેટલાક તો તદ્ભવ ધાતુ છે અને દેશી છે જેમકે ભ્રમ (એટલે ઘૂમવું) ના અઢાર આદેશોમાં (૮-૪-૧૬૧) ચક્કમઇ—**चङ्क्रम** પરથી, ભમ્મડઇ, ભમાડઇ—**भ्रम** પરથી સ્વાર્થમાં ડ લગાડી તલઅણ્ટઇ—**तल+अट** પરથી, ભુમઇ, ફુમઇ—**भ्रम** પરથી, પરીઇ, પરઇ—**परि+इ** પરથી તદ્ભવ માની શકાય છે. ટિરિટિલ્લઇ, ઢુણ્ઢુલ્લઈ, ઢણ્ઢલ્લઇ, ઝણ્ટઇ, ઝમ્પઈ, ગુમઇ, ફુસઇ, ઢુમઇ,

હુસઈ બાકી રહ્યા તેને દેશી ધાતુ માનો અથવા અનુકરણ આદિથી બનેલા સમજો. દેશીના ભંડારમાંથી સંસ્કૃત વાળા 'સંસ્કૃત' કરીને અને પ્રાકૃતવાળા એમજ લેતા રહ્યા છે. પહેલાએ એમ નથી કહ્યું કે અમે લીધા છે-તે તો એમજ કહેતા ગયા કે અમારાજ છે, બીજાએ દેશી અને તદ્ભવોની વહેંચણી કરી, કારણ કે તદ્ભવોને પોતાના થોડા નિયમોથીજ બાંધેલા માન્યા વ્યત્યયનો વિચાર કર્યો નહિ.

૧૯૩. હેમચંદ્ર સૂરિએ પોતાની જન્મ ભાષાનું ગૂજરાતી, હિન્દી કે મરાઠી આદિ કોઈ ખાસ-વિશિષ્ટ નામ ન રાખતાં 'અપભ્રંશ' એવું સામાન્ય નામ રાખ્યું છે. આનું કારણ એ છે કે તે ભાષા તે સમયે, તેવાજ રૂપમાં કંઇક થોડા ભેદ સાથે ભારતના ઘણા ખરા પ્રદેશોમાં બોલાતી હતી. આથી આચાર્ય હેમચંદ્રે તેને ખાસ કોઈ પ્રદેશની ભાષા ન માનતાં સામાન્ય અપભ્રંશ ભાષા માની. આ 'અપભ્રંશ' એટલે વિકૃત સ્વરૂપ કઇ ભાષાનું સમજવું? આ પ્રશ્નનો ઉત્તર આપણને કેવલ જૈન સાહિત્યથી મળશે. અન્યથી નહિ. આટલા માટે જે પ્રાકૃત ગ્રંથો હેમ-ચંદ્રાચાર્યની પહેલાં ક્રમથી ૩, ૪ શતાબ્દિઓથી લખાયેલાં છે તે જોવાં ઘટે. જો કે સર્વનું અવલોકન અત્યાર સુધી ઠીક ઠીક પ્રમાણમાં કરવામાં આવ્યું નથી તો પણ જેટલું કરવામાં આવ્યું છે તે પરથી નિઃસંકોચ કહી શકાય તેમ છે કે તે અપભ્રંશ, શૌરસેની અને મહારાષ્ટ્રી પ્રાકૃતનું રૂપ હતું. દશમી સદીના પહેલાના જેટલા જૈન પ્રાકૃત ગ્રથ છે તેમાં આ બને ભાષાઓની પ્રધાનતા છે. દશમી સદીના પછીના જે ગ્રંથ છે તેમાં તે ભાષાઓ ક્રમેક્રમે લુપ્ત થતી જાય છે અને અપભ્રંશનો ઉદય દૃષ્ટિગોચર થાય છે. મહાકવિ ધનપાલ, મહેશ્વર સૂરિ અને જિનેશ્વર સૂરિ આદિના ગ્રંથોમાં અપભ્રંશના આદિ આકાર, તથા રત્નપ્રભાચાર્યની ઉપદેશ માલાની 'દોઘટ્ટી વૃત્તિ' અને હેમચંદ્ર સૂરિના ગ્રંથોમાં શુધ્ધ શૌરસેની અને મહારાષ્ટ્રી પ્રાકૃત છે અને તે પછી તેનું વિકૃત રૂપ છે. કાલની ગતિની સાથે ભાષાઓનું પરિ-વર્તન—તેના સ્વરૂપના ભ્રંશનેજ હેમચદ્ર સૂરિએ અપભ્રંશ નામ આપ્યું

એને શૌરસેની તથા પ્રાકૃત પછી પોતાના વ્યાકરણમાં અપભ્રંશનું વ્યાકરણ પણ લિપિબધ્ધ કરી દીધું. (સિદ્ધહૈમ શબ્દાનુશાસન નામના મહાન વ્યાકરણમાં પહેલા સાત અધ્યાયોમાં સંસ્કૃતનું સર્વાંગપૂર્ણ વ્યાકરણ આપી આઠમા અધ્યાયમાં પ્રાકૃત વગેરે વ્યાવહારિક ભાષાઓનું વ્યાકરણ આપેલ છે તેમાં ચતુર્થ પાદના ૩૨૯ મા સૂત્રથી અંતિમ સૂત્ર ૪૪૮ સુધીનાં ૧૨૦ સૂત્રોમાં આ અપભ્રંશનું વ્યાકરણ છે.)

૧૯૪. હેમાચાર્યના કાવ્યાનુશાસનમાં મહાકાવ્યની વ્યાખ્યા આપતાં અપભ્રંશના બે ભેદ પાડેલા છે. **तत्र प्रायः संस्कृतप्राकृतापभ्रंशग्राम्यभाषानिबद्धं महाकाव्यम्** અને તે ભાષાઓના દાખલા આપતાં કહે છે કે **अपभ्रंश भाषा निबद्ध सन्धिबन्धम् अब्धिमन्थनादि ग्राम्यापभ्रंश भाषा निबद्धावस्कन्धनकबन्धम्-भीमकाव्यादि.** અપભ્રંશ ભાષામાંનું મહાકાવ્ય સન્ધિના બંધવાળું હોય છે, દાખલા તરીકે અબ્ધિમન્થન વગેરે અને ગ્રામ્ય અપભ્રશ ભાષામાંનું મહાકાવ્ય અવસ્કન્ધકના બન્ધવાળું હોય છે–દાખલા તરીકે ભીમકાવ્ય વગેરે. આ પરથી અપભ્રંશ અને ગ્રામ્યાપભ્રંશ એ ભાષાના ભેદ પડેલા છે એટલુંજ નહિ પરંતુ તેમાં લખાયેલાં કાવ્યો પણ હતાં. એ બેની સાથે આપણી જૂની ગૂજરાતીનો સંબંધ છે.

૧૯૫. સન્ધિ એટલે કડવકો (કડવાં)નો સમૂહ એમ હેમાચાર્ય પોતાના છંદોનુશાસનના છઠ્ઠા અધ્યાયમાં કહે છે (**सन्ध्यादौ कडवकान्ते च ध्रुवं स्यादिति ध्रुवा ध्रुवकं घत्ता वा–कडवकसमूहात्मकः सन्धिः तस्यादौ चतुर्भिः पद्धडिकाद्यैश्छन्दोभिः कडवकम्** એટલે કડવાનો સમૂહ તે સન્ધિ. અને તેની આદિમાં ચાર પદ્ધડિકા આદિ છંદોવાળું કડવું જોઇએ. કડવાની અંતે ધ્રુવ–નિશ્ચિતપણે જે હોય તે ધ્રુવા, ધ્રુવક કે ઘત્તા એ નામનો છંદ) આવે......સાહિત્ય દર્પણમાં અપભ્રંશ ભાષાના કાવ્યોના સર્ગને 'કડવક' એ નામ આપેલું છે.

अपभ्रंश निबन्धेस्मिन् सर्गाः कडवकाभिधाः ।
तथापभ्रंशयोग्यानि छंदांसि विविधान्यपि ॥
यथा कर्णपराक्रमः ।

૧૯૬. શ્રી હેમચંદ્રના દેહાન્ત પછી થોડાંજ વર્ષોમાં ભારતમાં રાજ્ય-ક્રાંતિ થઈ અને રાષ્ટ્રીય પરિસ્થિતિમાં ઘોર પરિવર્તન થવા માંડયું. પરસ્પર ઇર્ષ્યાગ્નિ સળગવા લાગી અને વિદેશી વિજેતા તેનો લાભ લેવા લાગ્યા. દેશોનો પારસ્પરિક સ્નેહસંબંધ તૂટ્યો અને એક રાજ્યમાં રહેનારા બીજા રાજ્યમાં વસનારાને જે શત્રુ માનવા લાગ્યા. આ કારણ ગૂજરાત, રજપુ-તાના, અવન્તી-માલવા અને મધ્યપ્રાંતના નિવાસીઓનો આથી પહેલાં જે વ્યાવહારિક સબંધ વિસ્તૃત હતો તેમાં સંકુચિતતા આવી. આ સંકુચિતતા એ આ પ્રદેશોની જે વ્યાપક ભાષા અપભ્રંશ હતી તેના ભાવી વિકાસને પ્રાન્તીય ભાષાઓના ભિન્ન ભિન્ન ભેદોમાં વિભક્ત કરી નાંખ્યો. ત્યાંથી ગૂજરાતી, રાજપૂતાની, માલવી અને હિન્દી ભાષાઓના ગર્ભનો સૂત્રપાત થયો અને ધીરે ધીરે પંદરમી સદી સુધી પહોંચી આ ભાષાઓએ પોતાનુ સ્વરૂપ સ્પષ્ટપણે પ્રકટ કરી દીધુ.

પ્રકરણ પાંચમું.

શ્રી હેમચંદ્રની રચનાના નમૂના.

૧૯૭, કુમારપાલ ચરિતમાં જે પોતે અપભ્રંશનાં કાવ્ય સૂત્ર સમ-જાવવા રચ્યાં તે અત્ર મુકયાં છે.

(૧) ગિરિહેંવિ આણિઉ પાણિઉ પિજ્જઇ,
તરૂહેવિ નિપડિઉ ફલુ ભક્ખિજ્જઇ,
ગિરિહું વ તરૂહું વ પડિઅઉ અચ્છઇ,વિસયહિં તહવિ વિરાઉ ન ગચ્છઈ.૧૯

—હિંદી-સમ. ગિરિહુંભિ આગ્યો પાની પીજૈ
તરૂહું ભિ નિપત્યો ફલ ભક્ખીજૈ
ગિરિહું ભિ તરૂહું ભિ પડિયો આછે
વિષયહં તદપિ વિરાગ ન ગચ્છે.

—ગિરિથી આણેલું પાણી પણ પીએ, તરૂનું પડેલું ફલ પણ

ખાઇએ. ગિરિથી અને તરૂપરથી પડીએ છીએ, તથાપિ વિષયપર વિરાગ જતો નથી.

(ગિરિહે–અપાદાન, તરૂહે–સંબંધ વિભક્તિ. ગિરિહું, તરૂહું–અપાદાન, પડિઅઉ–નિષ્ઠા, અચ્છઇ–આછે, છે. સં. આસ્તે.)

(૨) જો જહાં હોતઉ સો તહાં હોતઉ, સત્તુ વિ મિત્તુ વિ કિહે વિ હુ આવહુ.
જહિં વિહુ તહિં વિહુ મગ્ગે લીણા, એક્કએં દિટ્ઠિહિ દોન્નવિ
જોઅહુ. ૨૬

—હિંદી–સમ—જો જહં હોતો સો તહં હોતો
શત્રું ભિ મીત ભિ કોઇહિ આવો
જહાં ભી તહં ભી મારગ–લીના
એકહિં દીઠિહિં દોનહિં જોહો

(જહાં હોતઉ—જ્યાં હતો (વર્ત્તમાન ધાતુજ–કૃદંત)=જ્યાંથી, લીણુ–લીન, લાગુ થયેલો.)

(૩) અમ્હે નિન્દહુ કોવિ જણુ, અમ્હઈં વણ્ણઉ કોવિ,
અમ્હે નિન્દહું કંવિ નવિ, નમ્હઈં વણ્ણહું કવિ.　　૩૭

હિંદીસમ–હમેં નિન્દો કોઇ જન, હમેં વરનો કોઇ,
હમ નિન્દેં કોઇ (કો)ભી નહીં, ન હમ વરનૈં કોઇ.

ગુજરાતીસમ–અમને નિંદો કોઇ જન, અમને વખાણો કોઇ,
અમે નિન્દીએ કોઇને પણ નહીં, ન અમે વખાણીએ કોઇ.

(અમ્હે—અમ્હઇ—પહેલું કર્મ, બીજો કર્તા. ક્રિયાથી કારક મળી આવે છે, વિભક્તિથી નહિ.)

(૪) રે મણ કરસિ કિ આલડી, વિસયા અચ્છહુ દૂરિ,
કરણઈં અચ્છહ રુન્ધિઅઇં, કડ્ઢઉં સિવફલુ ભૂરિ.　　૪૧

—રે મન ! (તું) કરે છે કયમ આલડી, હે વિષયો ! થાઓ–રહો દૂર, હે કરણો (ઇંદ્રિયો)! રહો રુન્ધિત–રૂંધાયેલી, (હું) કાઢું શિવફલ (મોક્ષ) ઘણું.

(આલડી-આળ, અનર્થ, ખોટું, સરખાવો—મ ઝંખહિ આલુ આગળ નં. ૬૩. અચ્છહુ-અચ્છહ-જુઓ ઉપર નં. ૧ કડ્ઢઉં-કાઢું—નિકાળીપોતાને વશ કરૂં)

(૫) સંજમ-લીણહોં મોકખસુહુ, નિચ્છઇં હોસઇ તાસુ,
પિય વલિ કીસુ ભણુન્તિઅઉ, ણાઈ પુહુચ્ચહિં જાસુ. ૪૩

—સંયમ-લીનને મોક્ષસુખ, નિશ્ચય હોસે-થાશે તેને 'હે પ્રિય !-પિયુ ! હું બલિહારી—વારી જઉં છું (એમ) ભણુતી-કહેતી (સ્ત્રીઓ) નથી પ્રભુત્વ (મેળવતી) જેનાપર. હોસઇ=હોશે થશે (પ્રબંધ, નં. ૩) વલિ કીસુ—હું બલી-વારી જાઉં છું-બલહારી જાઉં છું. ભણુન્તિઅઉ-ભણંતી-બોલતી (બહુવચન), પહુચ્ચહિં—પ્રભવન્તિ (સં).

(૬) કઉ વઢ ભમિઅઇ ભવગહણિ મુકખ કહન્તિહુ હોઈ,
એહુ જાણેવઉં જઇ મણુસિ તો જિણુ આગમ જોઇ. ૬૧

—શું, બઢ ! (મૂર્ખ) ભમે છે, ભવગહનમાં, મોક્ષ ક્યાંથી હોય, એ જાણવાનું જો મનમાં (રાખતો) હો, તો જિનાગમ જો.

જાણેવઉં—જાણવું, મણુસિ—મન્યસે (સં.)

(૭) નિયમ-વિહૂણા રત્તિહિવિ ખાહિં જિ કસરક્કેહિં,
હુહુરૂ પડન્તિ ને પાવદ્રહિ ભમડહિં ભવલક્ખેહિં. ૬૮

—નિયમવિહીન રાતમાં પણ ખાય જે કસર કસર કરતો, હુહુરૂ કરતો પડે છે ને પાપદ્રહમાં ભમતે છે ભાવલક્ષોમાં—લખો જન્મમાં.

કસરક્કેહિં—અનુકરણ કસર કસર કરતો, ગડપ ગડપ કરતો; હુહુરૂ-પડવાનું યા પડતી વખતે ખીજાવાનું અનુકરણ. તિ-તે, દ્રહ-ધરો-ખાઇ.

(૮) સાગહોં કે હિ કરી જીવદય, દમુ કરી મોકખહો રેસિ,
કહિ કસુ રેસિં તુહું અવર, કમ્મારમ્ભ કરેસિ. ૭૦

—સ્વર્ગને માટે કર જીવદયા, દમ કરી મોક્ષને માટે કહે કેના

માટે તું બીજા કર્મારંભ કરે છે.

કેહિં, રેસિ, રેસિં, તેહિં, તણેણ—પ્રત્યય તાદર્થ્યમાં આવે છે (હેમચંદ્ર ૮-૪-૪૨૫) તેનો અર્થ 'માટે' છે.

(૯) કાયકુડુલ્લી નિરૂ અથિર, જીવિયડઉ ચલુ એહુ,
એ જાણિવિ ભવદોસડા, અસુહઉ ભાવુ ચએહુ, ૭૨

—કાયાની કુડલી નિશ્ચય અસ્થિર (છે), જીવિત ચલ-ચંચલ (છે) એ જાણી ભવ-સંસારના દોષો અશુભ ભાવ તજો.

કુડુલ્લી, જીવિયડઉ, દોસડા એમાં ઉલ્લ, અડ, ડ સ્વાર્થિક છે.

(૧૦) તે ધન્ના કન્નુલ્લડા, હિઅઉલ્લા તિ કયત્થ,
જો ખીણ ખણિવિ નવુલ્લડઅ, ઘુંટહિં ધરહિં સુઅત્થ. ૭૩

—તે ધન્ય (છે) કાન, હૃદય તે કૃતાર્થ (છે) જે ક્ષણે ક્ષણે નવા સુઅર્થો (યા શ્રુતાર્થો)ને ઘુંટે છે અને ધરે છે ધારે છે.

કન્નુલ્લડ, હિઅઉલ્લ, નવઉલ્લડઅ—સ્વાર્થે. કાન અને હૈયાને માટે ઘુંટહિં અને ધરહિં—યથાસંખ્ય લગાડવું.

(૧૧) પઇઠી કન્નિ જિણાગમહો વત્તડિઆલિ હુ જાસુ
અમ્હારઉં તુમ્હારઉ વિ એહુ મમત્તુ ન તાસુ. ૭૪

—હિંદી-સમ-પૈઠી કાન જિનાગમ(કી) બાતડી ભી જાસુ
હમારો તુમ્હારો યહ મમત્વ ન તાસુ

—ગૂ૦ છાયા.—પેઠી કાન જિનાગમની વાતડી પણ જાસ
અમારૂં તમારૂં પણ એહ મમત્વ ન તાસ.

વત્તુઆ વાત, જુઓ રત્તડી. આગળ નં. (૨)

આ ઉદાહરણોમાં વ્યાખ્યાન યા વ્યાકરણનો વિસ્તાર કરવામાં આવ્યો નથી.

પ્રકરણ છઠું.

શ્રી હેમચંદ્રે અવતરેલ અપભ્રંશ ઉદાહરણો.

૧૯૮ શ્રીહેમચંદ્રે પોતાના અગાઉના સમયના જે દોહા આદિ ઉદ્ધૃત કરેલા છે તે અત્ર મૂક્યા છે તેમાં જ્યાં આની સરખા જેવા દોહા અને પદ આવ્યા છે ત્યાં લક્ષ રાખવું ઘટે, પોતાના વ્યાકરણમાં સૂત્રોને પહેલાં પ્રાચીન ઉદાહરણોથી સમજાવી શ્રી હેમચન્દ્રે નવા ઉદાહરણોનાં સંગ્રહ–શ્લોક બનાવ્યા છે કે જેમાં તેજ યા તેને મળતાં ઉદાહરણ વિષયની અનુસાર યથાસ્થાન સંગ્રહિત કર્યાં છે.

(૧) ઢોલ્લા સામલ઼ ધણ ચમ્પા-વણ્ણી,
ણાઇ સુવણ્ણરેહ કસવટ્ટઇ દિણ્ણિ.

—ઢોલો (નાયક) તો શામળો છે, ધણ (પ્રિયા-નાયિકા) ચંપકવર્ણી છે, જાણે કે સુવર્ણની રેખા કસોટી પર લગાવી હોય તેમ.

ઢોલ્લા—સં. દુર્લભ, નાયક. મારવાડી ગીતોમાં ઢોલા બહુ પ્રેમનો શબ્દ છે જેમકે 'ગોરી છાઈ છે રૂપ ઢોલા ધીરાં ધીરાં આવ' 'નિશદિન જોઉ તારી વાટડી મમ ઘર આવોને ઢોલા'–આનંદઘન; ધણ–ગૃહની સ્વામિની. વીકાનેર તરફ હજુ પણ સ્ત્રીને ધન કહેવામાં આવે છે. 'થાંને આય પુજાસ્યા ગણ ગોર સુંદર ધણ ! જાવા દોજી '–મારવાડી ગીત. ણાઇ–હિં. નાઈં, ગૂ. જાણે. સં૦ જ્ઞા ધાતુ પરથી ઇતિ જ્ઞાયતે–એમ જાણવામાં આવે છે, અથવા સં. ઇવના અર્થમાં. રેહ–રેખ, કસ–વટ્ટ–સં. કષપટ્ટ, કસોટી. દિણ્ણિ–દીધી, આવી.

આ ભાવનો એક દોહો કુમારપાલ પ્રતિબોધમાંથી આપવામાં આવશે. દોધક વૃત્તિના કર્તાએ નકામું વ્યંગ્યને ખોલીને આ ચિત્રનો આનંદ બગાડી નાંખ્યો છે કે '**विपरीतरतावेततदुपमानं संभाव्यते**'

(૨) ઢોલ્લા મઈં તુહું વારિયા, મા કુરુ દીહમાણુ,
નિદ્દએ ગમિહી રત્તડી, દડવડ હોઇ વિહાણુ.

—ઢોલા! મેં તને વાર્યો હતો કે મા કર દીર્ઘ માન–અભિમાન, નીંદથી જશે રાત! ઝટપટ થશે વાણું–સવાર. નાયિકા નાયકને મનાવે છે.

આ દોહો વરરૂચિના પ્રાકૃત પ્રકાશની પ્રતિમાં પહોંચી ગયો છે જે પરથી પ્રાકૃત વ્યાકરણકાર વરરૂચિ તથા વાર્તિકકાર કાત્યાયન એ બંનેને એક સમજીને એક વિદ્વાન્ ભ્રમથી આ કવિતાને ઘણી જૂની માની લે છે. જૂની પોથીઓથી જેને કામ પડયુ છે તેઓ જાણે છે કે શીખતી વખતે ઉદાહરણ, ટિપ્પણી આદિ પાનાની બાજુ પર લખી લેવામાં આવે છે અને તેવી પોથીમાંથી પ્રત ઉતારનારા તેને મૂળમાં ઘુસાડી દે છે. તે વિદ્વાને એ નહિ જોયુ કે આ દોહો તથા તેનું સૂત્ર એકજ પ્રતિમાં છે. તેણે છાપેલ પુસ્તકને આદિથી અંત સુધી વરરૂચિની જે પ્રમાણે હતી તે સર્વ કૃતિ માની લીધી. વ્યાકરણના ગ્રંથને વિચારતાં એમ જણાય છે કે તે ઉદાહરણ, ટિપ્પણિયોથી એમજ વધતા જાય છે. આ વિષય પર વધારે કહેવું વ્યર્થ છે. સંસ્કૃત વ્યાકરણના વાર્તિકકાર વરરૂચિ–કાત્યાયન, પાલી વ્યાકરણના કચ્ચાઅન અને પ્રાકૃત પ્રકાશનો કર્ત્તા વરરૂચિ એ ત્રણે એક કદાપિ પણ નથી.

(૩) બિટ્ટિએ મઇ ભણિય તુહું, મા કુરુ વંકી દિટ્ઠિ,
પુત્તિ સકણ્ણી ભલ્લિ જિવં, મારઇ હિઅઇ પઇટ્ઠિ. ૩

—હે બેટી! મારાથી તને કહેવામાં આવ્યું, વાંકી દૃષ્ટિ મા કર, હે પુત્રિ! કાનવાળું ભાલું જેમ મારે તેમ (તારી દષ્ટિ) હૈયામાં પેઠી; વૃદ્ધ કુટણી નાયિકાને સમજાવે છે.

બિટ્ટિએ—આમાં એ સંબોધનનો છે. પઇટ્ઠિ–પવિટ્ઠિ–સં. પ્રવિષ્ટા. હિ. અને ગૂ. પેઠી.

(૪) એઇ તિ ઘોડા એહ થલિ, એઇ તિ નિસિઆ ખગ્ગ;
એત્થુ મુણીસમ જાણીઅઈ, જો નવિ વાલઇ વગ્ગ.

—એજ તે ઘોડા, એજ સ્થલ (છે), એજ તે 'નિશિત'–અણીદાર ખડ્ગ છે. એમાં મનુષ્યત્વ જાણીએ કે જે (ઘોડાની) વાઘ ન વાળે –ઘોડો ના ફેરવે. એજ ઘોડો હોય, એ રણસ્થલ હોય, અને એ ધારદાર તલવાર હોય કે જ્યાં જો ઘોડાની વાઘ–વાગ વાળીને ભાગી ન જાય અને સામોજ ચાલ્યો જાય તો ત્યાં મનુષ્યત્વ–મરદાનગી જણાય.

મુણીસમ–સંસ્કૃતમાં કેટલેક સ્થળે 'ઇમ' લાગી પુંલિંગ ભાવવાચક બને છે, પ્રાકૃતમાં તો સર્વ સ્થળે એમ થાય છે. નવિ–ન+અપિ, વાલઇ–વલ્ (વળવું) તેનું પ્રેરણાર્થક. રાજપૂતાનામાં આ દોહો પ્રચલિત છે અને ઠાકુર ભૂરસિંહજી શેખાવતના વિવિધ સંગ્રહમાં તેનો ઉતારો કર્યો છે.

(૫) દહમુહુ ભુવણ–ભયંકરુ તોસિઅ,–સંકરૂ ણિગ્ગઉ રહ–વરિ ચડિઅઉ,
ચઉમુહુ છમુહુ ઝાઇવિ એક્કહિં, લાઇવિ ણાવઇ દઇવેં ઘડિયઉ.

—આ કોઇ જૂની રામાયણમાંથી છે. દશમુખ (રાવણ) ભુવન–ભયંકર, તોષિતશંકર, નિર્ગત (નિકળ્યો) રથવર પર ચડેલો, ણાવઇ–જાણે, ઇવના અર્થમાં–ની પેઠે ઉત્પ્રેક્ષ્યતે એ અર્થમાં, ચોમુખ–બ્રહ્માને, છ મુખ–કાર્ત્તિકેયને ધ્યાન કરી એકમાં (એક રાવણમાં) લાવી દૈવે ઘડેલો (હોય નહિ તેમ) બ્રહ્માનાં ચાર અને સ્વામિ કાર્ત્તિકેયનાં છ એ દશ મુખ જાણે દૈવે એકમાં મેળવી તેને બનાવ્યો હતો.

ણિગ્ગઉ, ચડિઉ, ઘડિયઉ—નિગયો–નિકળ્યો, ચઢયો, ઘડયો. ઝાઇવિ, લાઇવિ–ધ્યાવી–ધ્યાન કરી, લાવી. ણાવઈ–માનો–જાણે કે–(સં. જ્ઞાયતે) સરખાવો હિં. નાઈ, નાઉં, મારવાડી ન્યૂં ઉપમામાં નાવઇ, નાવૈં ઉત્પ્રેક્ષામાં અને વૈદિક 'ન' ઉપમાવાચક.

(૬) અગલિઅ–નેહ–નિવટ્ટાહં જોઅણુ–લકખુવિ જાઉ,
વરિસ–સએણ વિ જો મિલઈ સહિ સોક્ખહં સો ઠાઉ.

—ગળ્યા વગરના—અગલિત સ્નેહથી નિવૃત્ત—વળેલાઓને લક્ષયોજન પણ જઇને—ગયા પછી પણ (અને) વર્ષશતેન—સો વર્ષ થયા પછી પણ જે (નાયક કે નાયિકા) મળે છે તે હે સખિ! સુખનું તે સ્થાન (થાય છે). અર્થાત્ સાચા પ્રેમને દેશ કે કાલનું બધન નથી. જાઉ—જઇને. પૂર્વકાલિક.

(૭) અંગહિં અંગ ન મિલિઅઉ, હલિ અહરેં અહરૂ ન પત્તુ;
પિઅ જોઅન્તિ હે મુહ—કમલુ એમ્વઇ સુરઉ સમત્તુ. ૭

—અંગે અંગ ન મળ્યુ, હે સખિ! અધર—હોઠને હોઠ પ્રાપ્ત ન થયો—મળ્યો નહિ. પ્રિયના મુખ કમલને જોતી જોતી (રહીને)—એમજ સુરત સમાપ્ત થયો. બીજો અર્થ એ કે પ્રિયને જોતી—જોતી (રહી) ને મુખકમલ સુરા—મદથી સધથી સમત્ત—મસ્ત બની ગયું, પહેલો અર્થ દોધક વૃત્તિકારે લીધો છે કિંતુ આ વિશુદ્ધ (Platonic) પ્રેમ ચિત્રને એમ કહી બીભત્સ કર્યું છે ને જણાવ્યુ છે કે ' **अतिरसातिरेकात् संभोगात् पूर्वमेव प्राव इति भावः**' આ વગર કયો અર્થ ઉઠતો નહોતો ? એમ્વઇ—એવે પંજાબી એંવેં, હિંદીમાં યોંહી. ગૂ૦ એમજ.

(૮) જે મહુ દિણ્ણા દિઅહડા, દઇએં પવસન્તેણ,
તણ્ણા ગણુન્તિએ અંગુલિઉ, જજ્જરિયાઉ નહેણ.

—જે મને દિવસો પ્રવાસ કરવા જતાં જતાં દયિતે આપ્યા હતા તે ગણુતી (ગણુતી) (મારી) આંગળીઓ નખથી જર્જરિત થઈ.

પતિએ પ્રવાસ પર જતી વખતે જણાવેલુ હતું કે આટલે દિવસે હું પાછો આવીશ. તે સમય જવાથી ગણુત્રી કરતાં કંઇ મારી ભૂલનો નથી થઇ એ જોવા ગણુત્રી કરતાં મારી આગળીઓ ઘસાઇ ગઇ. ' ગિણતાં ગિણતાં ઘસ ગઇ, આંગલિયાં રી રેખ ' (મારવાડી દોહા. આ દોહો નાટકમાં પણ—બંસીવાલા આયો હમારે દેશ ! એ ગીતમાં વપરાયો છે)

મહુ—મને, દિઅહડા—દહાડા, દઇએં—દયિતે (પંજાબી કર્તાનો એં પ્રત્યય—રાજેં ગદ્દણુ ખ્યાહી. હિંદીમાં મઇ, મૈં મં એ આવે છે. ગૂજરાતીમાં 'એ' ત્રીજીનો કર્તાનો પ્રત્યય છે.

(૯) સાયરૂ ઉપ્પરિ તણુ ધરઇ, તલિ ઘલ્લઇ રયણાઇં;
સામિ સુભિચ્ચુવિ પરિહરઇ, સમ્માણેઇ ખલાઇ.

—સાગર ઉપર તૃણુ ધરે છે, ને તળીએ રત્નો ઘાલે છે-રાખે છે (તે પ્રમાણે) સ્વામી સુભૃત્યને પણ પરિહરે છે, ને ખલને સન્માન આપે છે.

(૧૦) ગુણહિં ન સંપઇ કિત્તિ પર, ફલ લિહિઆ ભુંજન્તિ,
કેસરિ ન લહઇ બોડ્ડિઅવિ, ગય લક્ખેહિં ઘેપ્પન્તિ.

—ગુણોથી સપત્તિ નથી (મળતી) પર–પરં, પરંતુ–પણ કિર્તિ (ભલે થાય); (લલાટમાં) લખેલા ફલ ભોગવે છે, (દષ્ટાંતમાં) કેસરી કોડી પણ લેતો નથી—તેને કોડી આપી ખરીદાતો નથી, (જ્યારે) ગજ લાખોથી લેવાય છે. સર્વ પોતપોતાનું લખેલું કર્મફળ ભોગવે છે; ગુણોથી સંપત્તિ નથી મળતી, કીર્ત્તિ ભલે મળે. સિંહનો ભાવ કોઇ કોડી આપીને પૂછતું નથી, હાથી લાખો રૂપીઆ આપી ખરીદાય છે.

ઘેપ્પન્તિ–ગૃહિત થાય છે. મરાઠી–ઘ્યા, સં. ગ્રહ્ ગુ. ગ્રહવું, લેવું.

(૧૧) વચ્છહે ગૃણ્હઇ ફલઇં જણુ, કડુ–પલ્લવ વજ્જેઇ.
તોવિ મહદ્દુમુ સુઅણુ જિવ, તે ઉચ્છંગિ ધરેઇ. ૧૧

—વૃક્ષમાંથી જન ફલો લે છે, કડવાં પલ્લવને વર્જે છે–છોડે છે, તો પણ તે (પલ્લવોને) મહાદ્રુમ ઉત્સંગે સુજનની જેમ ધરે છે.

લોક કડવાં પાંદડાંને છોડી દે, પણ વૃક્ષ થોડાં તેને છોડી દેશે ?

(૧૨) દૂરૂડ્ડાણેં પડિઉ ખલુ, અપ્પણુ જણુ મારેઇ;
જિહ ગિરિ–સિંગ હું પડિઅ સિલ, અન્નુવિ ચૂરૂ કરેઇ.

—દૂરના ઉડાણથી–ઉંચા પદથી પડેલો ખળ પોતાના જણને મારે છે, જેવી રીતે ગિરિના શૃંગ–શિખરથી પડેલા શિલા અન્યનો પણ ચૂરો કરે છે. દુષ્ટનું આગળ વધતું પણું પોતાના કુળને અહિતકર થાય છે.

(૧૩) જો ગુણ ગોવઇ અપ્પણા, પયડા કરઇ પરસ્સુ,
તસુ હઉં કલિજુગિ દુલ્લહહો. બલિ કિજ્જઉં સુઅણસ્સુ,

—જે પોતાના ગુણ ગોપવે છે–ગુપ્ત રાખે છે, પરના–બીજાના ગુણોને પ્રકટ કરે છે તે કલિયુગમાં દુર્લભ સજ્જનને હું બલી કરૂં છું.

ગોવઇ—સરખાવો હિંદી ગુઈયાં=અંતરંગ (ગુપ્ત) સખી, હઉં–હું, બલિ કિજ્જઉં–બલિહારી જાઉં, વારી જાઉં, બલૈયા લઉં. સરખાવો ઉપર નં. ૫માં બલિ કીસુ. દોધકવૃત્તિકાર તેનો અર્થ પૂજા કરૂં એમ જણાવે છે.

(૧૪) તણહં તઇજ્જી ભંગિ નવિ, તેં અવડયડિ વસન્તિ,
અહ જણુ લગ્ગિવિ ઉત્તરઇ, અહ સહ સઈં મજ્જન્તિ.

—તૃણની ત્રીજી ભંગિ–રીત નથી,–ત્રીજો પ્રકાર નથી, તેથી–તે કારણે અવટતટે–કૂપતટે વસે છે, (તે માટે) કાંતો જણ તેને વળગી ઉતરી–ઉગરી જાય છે (અને) કાં સાથ સ્વયં ડુબે છે. અર્થાત્ અવટ–વિષમકૂપ કે ખાડામાં તટ પર ઉગનારા તૃણોનાં બેજ કામ છે. એકતો તેની કૃપાથી ડૂબતો માણસ બચી જાય અને કાતો તેની સાથે ડુબી જાય. તેની કોઇ ત્રીજી રીત નથી. અન્યોક્તિમાં કાતો બીજાને તારે વા સ્વય માર્યો જાય. અહ—અથ.

(૧૫) દઇવુ ઘડાવઇ વણિ તરૂહું, સેઉણિહં પક્ક ફલાઈં,
સો વરિ સુકખુ પઇટ્ઠ ણવિ, કણ્ણહિં ખલવયણાઈં,

—દૈવ વનમાં તરૂઓનાં પક્વ ફલો શકુનિ–પક્ષીઓને ઘટિત કરે છે–પહોચાડે છે તે સુખ ખરૂં પણ કર્ણમા ખલવચનો પેઠેલાં તે (સુખ) નથી. આમા ભર્તૃહરિના એક પ્રસિદ્ધ શ્લોકનો ભાવ છે. ઘડાવઇ–સં. ઘટયતિ. વરિ–હિં. વર, વરન. ણવિ ન+ અપિ.

(૧૬) ધવલુ વિસૂરઈ સામિઅહો ગરૂઆ ભરૂ પિકખેવિ
હઉ કિ ન જુત્તઉં દુહું દિસિહિં, ખંડઇ દોણ્ણિ કરેવિ.

—ધવલ–ધોરિયો–બળદ સ્વામીનો ગુરૂ–ભારે ભાર જોઇને વિઙ્ગુરે છે–વિષાદ કરે છે–ખેદ કરે છે કે હું મારા બે ખંડ કરીને બન્ને દિશાએ–બાજુએ જુતાણો કેમ નહિ.

ધવલનો અર્થ શ્વેત છે, પરંતુ રૂઢિથી તેનો ધોરી—ધોરિયો—બળદ યા ધુરિ—ધોંસરી ખેંચનારો પ્રબલ ગાડીનો બેલ એ અર્થ થયેલ છે. હેમચંદ્રની દેશીનામ માળામાં ધવલનો અર્થ જે જાતિમાં ઉત્તમ છે તે ધવલ છે એમ કર્યો છે. ધવલોની દઢતા અને સ્વામિભક્તિ પર કેટલાંયે મુક્તક કાવ્ય સંસ્કૃત તથા પ્રાકૃત સુભાષિતોમાં મળે છે. અહીં બોજો ઘણો છે, એક બાજુ ધવલ જુત્યો છે, બીજી બાજુ કોઇ મુડદાલ બળદ છે, ધવલ સ્વામીની ભારે ખેપ જોઈ વિલાપ કરી રહ્યો છે કે બને બાજુ એ ટુકડા કરીને મનેજ શા માટે ન જુત્યો? પિક્ખેવિ, કરેવિ—પૂર્વકાલિક—ભૂત કૃદંત. જુત્ત—સં. યુક્ત. દોણ્ણિ—બે, મરાઠી દોન.

(૧૭) ગિરિહે સિલાયલુ તરૂહે, ફલ ઘેપ્પઇ નીસાવંન્નુ
ઘરૂ મેલ્લેપ્પિણુ માણુસહં, તોવિ ન રૂચ્ચઇ રન્નુ.

—નિઃસામાન્યે (વિના ભેદ ભાવે—અથવા સર્વે જનો) ઘર મેલીને ગિરિ પાસેથી શિલાતલ, તરૂ પાસેથી ફલ લે છે,—લઇ શકે છે, છતાં અરણ્ય રૂચતું નથી.

(૧૮) તરૂહું વિ વક્કલુ ફલ મુણિ વિ પરિહણુ અસણુ લહન્તિ,
સામિહું એત્તિઉ અગ્ગલઉં આયરૂ ભિચ્ચુ ગૃહન્તિ.

—મુનિઓ પણ તરૂમાંથી વલ્કલ, ફલ, પરિધાન, અશન (ભોજન) લહે છે—મેળવે છે, (પરંતુ) સ્વામિ પાસેથી આટલો અધિક આદર નોકરો મેળવે છે. તાત્પર્ય કે ખાવું પહેરવું તો જંગલમાં વૃક્ષોમાંથી પણ મળી આવે છે. સ્વામી પાસેથી આદરજ અધિક મળે છે. લહન્તિ—સં. લભ્ પરથી. એત્તિઉ—સં૦ ઇયત્—એટલું, અગ્ગલઉં—સં૦ અગ્રલ, આગલું—રાજ્યસ્થાનીમાં પાંચ ઉપર સત્તરને 'પાંચ આગલા સિત્તર' કહે છે.

(૧૯) અહ વિરલ—પહાઉ જિ કલિહિ ધમ્મુ.

—અથ—હવે કલિયુગમાં ધર્મ જે વિરલ પ્રભાવવાળો—તુચ્છ પ્રભાવ વાળો છે. જિ—પાદપૂરક અથવા જિ—જાણે કે સં. એવ ના અર્થમાં.

(૨૦) અગ્ગિઇં ઉણ્હઉ હોઈ જગુ, વાએં સીઅલુ તેવં
જો પુણુ અગ્ગિં સીઅલા, તસુ ઉણ્હત્તણુ કેવં.

—અગ્નિથી જગ ઉન્હું-ઉષ્ણ થાય છે, તેમ વાયુથી શીતલ થાય છે; જો પુનઃ આગથી શીતલ (થતું હોય) તો તેનું ઉષ્ણત્વ કેનાથી (થાય) ?

વાએં—વાયુથી પંજાબી બાઓ. પુણુ-સં. પુનઃ હિં. પુનિ. ઉણ્હત્તણુ-ત્તણ ભાવવાચકનો છે.

(૨૧) વિપ્પિઅ—આરઉ જઇવિ પિઉ, તોવિ તં આણહિ અજ્જુ,
અગ્ગિય દડ્ઢા જઇવિ ઘરૂ, તો તેં અગ્ગિં કજ્જુ.

—જો-યદ્યપિ પિયુ વિપ્રિયકારક હોય, તો પણ તેને આજે આણુ-લાવ (કારણકે) આગથી દગ્ધ થયેલું યદ્યપિ ઘર (હોય) તો પણ તે આગ સાથે કામ (લેવુંજ પડે છે).

(૨૨) જિવં જિવં વંકિમ લોઅણહ ણિરૂ સામલિ સિક્ખેઇ
તિવં તિવં વમ્મહુ નિઅલ સરૂ, ખર-પત્થરિ તિક્ખેઇ.

—જેમ જેમ વાંકાં લોચનોથી સ્યામલા-સાંવરી (નાયકા) નિરૂ (? કટાક્ષ) શીખે છે, તેમ તેમ મન્મથ નિજ(ક)-પોતાનાં શરોને ખર-કઠણ પત્થરપર તીક્ષ્ણ કરે છે-અહીં વંકિમ-વાંકા એ લોચનનું વિશેષણ લીધું છે તેથી 'નિરૂ'નો અર્થ સ્પષ્ટ નથી જણાતો. દોધક વૃત્તિકારે નિરૂનો અર્થ 'નિશ્ચય' કરી ' લોચનોથી નિશ્ચય વક્રત્વ શીખે છે ' એમ અર્થ કર્યો છે.

તિક્ખેઇ-તીખાં-તીક્ષ્ણ પરથી નામ ધાતુ. અજ્જુનો અર્થ વૃત્તિકારે એ આર્યે-હે સખિ એમ કર્યો છે. વમ્મહુ-મન્મથ.

(૨૩) સંગરસએહિ જુ વણ્ણિઅઇ, દેક્ખુ અમ્હારા કન્તુ,
અઇમત્તહં ચત્તંકુસહં, ગય કુમ્ભઈં દારન્તુ.

—(હે સખિ !) સો સંગ્રામ-યુદ્ધમાં જેને, અતિમત્ત અને અંકુશો જેણે છોડયા છે એવા ગજ-હાથીનાં કુંભોને વિદારતો વર્ણવવામાં આવે છે એવા અમારા કાન્ત-કંથને દેખ-જો. ચત્તંકુસહ-સં. ત્યક્તાંકુશ.

(૨૪) તરૂણ હો તરૂણિ હો મુણિઉ મઇં કરહુ મ અપ્પહો ઘાઉ.

—તરુણો! તરુણિયો! મને મુણિને–જાણીને–મારી વાત સમજીને અથવા મને અહીં ઉપસ્થિત જાણીને, પોતાનો ઘા ન કરો.

(૨૫) ભાઇરહિ જિવં ભારઇ, મગ્ગેહિં તિહિંવિ પવટ્ટઇ.

—ભાગીરથી જેમ–પેઠે ભારતી ત્રણજ માર્ગે પ્રવર્તે છે. એટલે કે જેમ ગંગા ત્રિપથગા–સ્વર્ગ, મર્ત્ય, પાતાલ એ ત્રણેમા ચાલે છે તેવી રીતે ભારતી–સરસ્વતીના માર્ગ પણ ત્રણ છે–વૈદર્ભી, ગૌડી, પાંચાલી–એ ત્રણ રીતિઓ.

(૨૬) સુન્દર–સવ્વંગાઉ વિલાસિણીઓ પેચ્છન્તાણ,

—સુંદર સર્વાંગી વિલાસિનીઓ જોતા (પુરૂષો)ના.

(૨૭) નિઅ–મુહ–કરહિંવિ મુદ્ધકર અન્ધારઇ પડિ પેક્ખઇ
સસિ–મંડલ–ચંદિમએ પુણુ કાંઇ ન દૂરે દેક્ખઈ.

—(કોઇ) મુગ્ધા સ્ત્રી પોતાના મુખ કર–કિરણથી અન્ધારે કર–હાથ જુએ છે (તો) પુનઃ વળી શશિમંડલની ચંદ્રિકાથી દૂરે–દૂરના પદાર્થને કેમ ન દેખે?–જરૂર દેખે.

(૨૮) જહિં મરગય–કન્તિએ સંવલિઅં

—જેમ મરકત-કાંતિથી સંવલિત—મિશ્રિત—

(૨૯) તુચ્છ–મજ્ઝહે તુચ્છ જમ્પિરહે
તુચ્છચ્છ–રોમાવલિ હે, તુચ્છ રાય! તુચ્છયર–હાસ હે,
પિયવયણુ અલહન્તિ હે,
તુચ્છ–કાય–વમ્મહ–નિવાસહં,
અન્નુ જુ તુચ્છઉં તહે ધણહં, તં અક્ખણહ ન જાઈ,
કટરિ થણતર મુદ્ધડહે જેં મણુ વિચ્ચિ ણ માઇ.

(દૂતી નાયકને કહી રહી છે હે તુચ્છરાગ (શિથિલ પ્રેમવાળા)! જેનો મધ્યભાગ તુચ્છ છે, જેનું જલ્પન–ભાષણ તુચ્છ છે, જેની રોમાવલિ તુચ્છ અને અચ્છ–અચ્છી–સારી છે, વધુ તુચ્છ જેનું હાસ્ય છે, જે પ્રિય–વલ્લભનો વચનો મેળવી શકતી નથી, જેના તુચ્છ કાય–શરી-

રમાં મન્મથનો નિવાસ છે, એવી ધણ–સ્ત્રીનું જે અન્ય તુચ્છ છે તે આપ્યું–કહ્યું જાય તેમ નથી, (એટલું તુચ્છ છે કે કાંઈ કહેવાની વાત નહિ.) આશ્ચર્ય તો એ છે કે તે મુગ્ધાનું સ્તનાંતર (એટલું તુચ્છ છે) કે જેની વચ્ચે મન માય–સમાય તેમ નથી. (સ્તનો ઘણા જાડા છે ને અંતર અતિ તુચ્છ છે એમ કહેવાનો હેતુ છે.)

દોધકવૃત્તિકારે આને યુગ્મ નોંધ્યો છે, પરંતુ આ એક આખો રડ્ડા છદ છે. આવા છદ સોમપ્રભસૂરિની રચનામા મળી આવે છે, કે જે હવે પછી મૂકવામાં આવશે. આમાં નાયિકાના વિશેષણ પ્રાયઃ બહુવ્રીહિ સમાસમાં છે અને 'હે' એ સબંધકારક ચિન્હ છે. તહે ધણ હે એટલે તહં ધણહ એ તેનો ઉચ્ચાર છે–અર્થાત્ તે ધણ–સ્ત્રીના. અલહન્તી–સ. અલભન્તી. અકખણુ–બોલવું. કટરિ–આશ્ચર્યવાચક. મુદ્ધડા–મુગ્ધા. 'ડ' અલ્પ વાચક. જેં–જેથી, વિચ્ચિ–વચ્ચે હીં. બીચ પં. વીચ. માઇ–સમાય.

(૩૦) ફોડેન્તિ જે હિયડઉં અપ્પણઉં, તાહં પરાઈ કવણ ઘણ,
રખ્ખેજ્જહુ લોઅહો અપ્પણા, બાલહે જાયા વિસમ થણ.

—જે (એ સ્તન) પોતાનું હિયડું–હૈયું ફોડે છે, તેને માટેની પારકી દયા શું (હોઇ શકે ?) હે લોકો પોતાનું રક્ષણ કરો, (કારણ કે) બાલાના સ્તનો વિષમ થયા છે.

ઘણ—ઘૃણા, દયા. થણ–થાન, થાનોલું, સ્તન. થાન હજુ પશુઓનાં આંચળ માટે વપરાય છે.

(૩૧) ભલ્લા હુઆ જુ મારિઆ, બહિણિ મહારા કન્તુ,
લજ્જેજ્જં તુ વયંસિઅહુ, જઇ ભગ્ગા ઘરૂ એન્તુ.

—હે બહેન ! ભલું થયું જે મારો કંથ મરાયો. જો ભાગીને નાઠેલો–હારેલો ઘેર આવત તો વયસ્યમાં–બહેનપણીઓથી યા તેમાં હું લજ્જા પામત–લજાત. ભગ્ગા–ભગ્ન, હારેલો, વયંસિઅહુ–સરખી ઉમર વાળી વયસ્યાઓમાં સં. વયસ્ એટલે ઉમર પરથી.

(૩૨) વાયસુ ઉડ્ડાવન્તિઅએ, પિઉ દિટ્ઠઉ સહસત્તિ,
અદ્ધા વલયા મહિહિ ગય, અદ્ધા ફુટ્ટ તડત્તિ.

—વાયસ એટલે કાગડો ઉડાવતી (એક સ્ત્રીએ) સહસા-એકાએક પિયુ દીઠો; તેથી બલોયાનો અર્ધો ભાગ મહિપર ચડયો ને અર્ધો તડ દેનો-તડ અવાજ કરી ફુટયો. આ પ્રસિદ્ધ દોહો છે.

(૩૩) કમલઈં મેલ્લવિ અલિ-ઉલઈં, કરિ-ગંડાઇં મહન્તિ,
અસુલહમેચ્છણુ જાહં ભલિ, તે ણવિ દૂર ગણુન્તિ.

—અલિ-કુલ એટલે ભ્રમરોનો સમૂહ કમલને મેલી-છોડીને કરિ એટલે હાથીનાં ગંડસ્થલોને ઇચ્છે છે. અસુલભ એટલે દુર્લભની ઇચ્છા જેઓને ભલી-સારી-વધતી રહે છે-તેનો કદાગ્રહ થઇ જાય છે તેઓ દૂરને ગણતા નથી. જે ચીજની ઇચ્છા થાય તે ચીજ દૂર હોય તો પણ તે લેવા પ્રયત્ન થાય છે. ભલિ-વધતી-પાદપૂરક પણ હોઇ શકે છે,

(૩૪) ભગ્ગઉં દેક્ખિવિ નિઅય બલુ, બલુ પસરિઅઉં પરસ્સુ,
ઉન્મિલ્લઇ સસિ-રેહ જિવં, કરિ કરવાલુ પિયસ્સુ.

—નિજ એટલે પોતાનું બલ એટલે પોતાની સેના ભાગેલી-ભગ્ન દેખીને, પરની-સામાની બલ-સેના પસરે છે-ખીલે છે-વિસ્તાર પામે છે તેવી રીતે (બીજઆદિ દિવસે) શશિરેખા-ચંદ્રરેખાની જેમ પિયુના હાથમાં કરવાલ-ખડ્ગ ખીલે છે-શોભે છે.

નિઅય-નિજક ઉમ્મિલ્લઇ-સં. ઉન્મીલતિ.

(૩૫) જઇ તહો તુટ્ટઉ નેહડા, મઈં સહું નવિ તિલ-તાર
તં કિહે વંકેહિ લોઅણેહિં, જોઇજ્જઉં સય-વાર.

—હે તલ જેવી જેની તારા-કીકી છે એવા હે તિલતાર! જો તારો સ્નેહ મારી સાથે તૂટયો નથી, તો (તારાથી) શા માટે વાંકાં લોચનથી શત-સો વાર (હું) જોવાઉં છું.

તહો—તવ-તારો. તવ એ ગૂજરાતી કાવ્યમાં વપરાય છે. સહું-સહ-સાથે-શું. શું, સ્યું એ સાથેના અર્થમાં ગૂજરાતી કાવ્યમાં વપરાય છે. કિહે-સં. કસ્માત્-શા માટે. કાં.

(૩૬) જહિં કપ્પિજ્જઇ સરિણ સરુ, છિજ્જઈ ખગ્ગિણ ખગ્ગુ,
તહિં તેહઇ ભડ-ઘડ-નિવહિ કન્તુ પયાસઈ મગ્ગુ.

—જ્યાં શરથી-બાણથી શર-બાણ કપાય છે, ખડ્ગથી ખડ્ગ છેદાય છે ત્યાં-તે સંગ્રામમાં તેવા ભડ એટલે ભટ-યોદ્ધાની ઘટા એટલે સેનાના નિવહ એટલે સમૂહમાં (મારો) કંથ માર્ગ પ્રકાશે છે-કાઢે છે-કરે છે. ભડ-ભડ એ કાઠિયાવાડમાં બહાદૂરના અર્થમાં વપરાય છે. 'તુ ભડ હો તો આવી જા'-'ભડના દીકરા! ભાળ્યો તને'!

(૩૭) એક્કહિં અક્ખિહિં સાવણુ અન્નહિં ભદ્દવઉ,
માહઉ મહિઅલ-સત્થરિ ગંડત્થલે સરઉ,
અંગિહિં ગિમ્હ સુહચ્છી-તિલ-વણિ મગ્ગસિરુ,
તહે મુદ્ધહે મુહ-પંકઇ આવાસિઉ સિસિરુ.

—આ વિરહાવસ્થામાં પડેલી સ્ત્રીનું વર્ણન છે. તે મુગ્ધાની એક આંખમાં શ્રાવણ છે (અને) બીજી (આંખમાં) ભાદરવો છે. (શ્રાવણ અને ભાદરવો એ બે માસમાં વરસાદ પડે છે, તેવી રીતે આ બે આંખમાં આંસુ પડે છે તેથી તે બે આંખને તે બે માસ સાથે સરખાવેલ છે). મહીતલ સાથરા-ભૂતલ સંસ્તાર-પૃથ્વીના પડમાં માધવ-વસંત છે, વસંત પલ્લવમય થાય છે તે રીતે સાથરામાં નવાં નવાં પાન બીછાવ્યાં છે, ગંડસ્થલમાં-કપોલમાં (પાંડુતા-પીળાશ પરથી) શરદ, અંગમાં (સૂકાવાથી) ગ્રીષ્મ-ઉનાળો, સુખસ્થિતિ રૂપી તલના વનમાં માગશર (માગશરમાં) તલનાં ખેતરો લણી નાંખવામાં આવે છે તેથી ઉજડ થવાથી-સુખનો નાશ થવાથી માગશર) (અને) મુકપંકજમાં શિશિર (કે જે વખતે કમલો સૂકાય છે, આવાસ કરી રહેલ છે.

સુહચ્છી સં. સુખાસિકા-સુખસ્થિતિ. આ પણ યુગ્મ નથી પણ એક આખો છંદ છે.

(૩૮) હિયડા ફુટ્ટિ તડત્તિ કરિ, કાલક્ખેવેં કાઇં
દેક્ખઉં હય-વિહિ કહિં ઠવઇ, પઇં વિણુ દુક્ખ સયાઈં.

—હે હૈડા! તડંત એમને ફુટ, કાલક્ષેપથી શું ? (પછી) જોઉં કે અભાગ્યો વિધિ મારા વિના, સેંકડો દુઃખો ક્યાં સ્થાપિત કરે છે ? મારૂં હૃદય જ સેંકડો દુઃખોનો આધાર છે. તે ફાટી જાય તો જોઉં કે મુઓ વિધિ મને છોડીને તે દુઃખોને ક્યાં રાખે છે ? તડત્તિ–જુઓ ઉપર નં. ૩૨ ત્રટત્ ઇતિ. કાલક્ખેવ–સમય કાઢવો. ઠવઇ–સ. સ્થાપયતિ. મરાઠી ઠેવ ધાતુ, જૈનમાં ઠવણિ વગેરે સરખાવો.

(૩૯) કન્તુ મહારઉ હલિ સહિએ, નિચ્છઇં રૂસઇ જાસુ,
અત્થિહિં સત્થિહિં હત્થિઇં વિ, ઠાઉવિ ફેડઇ તાસુ.

—હે હલે! હે સખિ! મારો કાન્ત (કંથ) જેનાથી નિશ્ચયે રૂસે–રૂઠે છે–રોષે ભરાય છે તેનું અર્થથી–દ્રવ્યથી, શસ્ત્રથી, અને હાથેથી પણ સ્થાનક–ઠામ કાઢી નાંખે છે. જડમૂળથી તેનો નાશ કરે છે. ઠાઉવિ–સ્થાનક, ઠામ પણ.

(૪૦) જીવિઉ કાસુ ન વલ્લહઉં, ધણુ કણુ કાસુ ન ઇટ્ઠુ,
દોણ્ણિવિ અવસર–નિવડિઆઇં, તિણ–સમ ગણઇ વિસિટ્ઠુ.

—જીવિત કોને વ્હાલું નથી ? ફરી–વળી ધન કોને ઇષ્ટ નથી, (પણ) વિશિષ્ટ (જન) એ બનેને પણ અવસર આવતાં તૃણ સમ ગણે છે.

(૪૧) પંગણિ ચિટ્ઠદિ નાહુ ધ્રુ, ત્રં રણિ કરદિ ન ભંત્રિ

—જે નાથ આંગણે બેસે છે, તે રણમાં કરે છે (તેમાં) ભ્રાંતિ નથી. એટલે તે રણમાં વીરતા કરે છે તેમાં શક નથી. એમ ન સમજો કે તે આંગણે બેઠો લડતો નથી. એક મારવાડી દોહા અનુસારઃ—

ભોલો ભોલો દીસતો, સદા ગરીબી સૂત,
કાકી! કુંજર કાટતાં, જાણવિયો જેઠૂત,

(ભોળો ભોળો દેખાતો હતો, સદા ગરીબીથી સીધો સાદો હતો પરંતુ કાકી! લડાઇમાં હાથીઓને કાપતી વખતે મારા જેઠનો દીકરો જણાયો કે તેમાં આ જવાહીર છે.)

જે તેને માટે ધ્રું ત્રં આવે છે (હેમચંદ્ર ૮-૪-૩૬૦) ત્રં માં તે ત(ત્) છે જ. ર લાગ્યો છે-જેવી રીતે ભંત્રિમાં (બીજું રૂપ ભંતિ મળે છે. દે૦ ૪૫) ર લાગવાને માટે આગળ વ્યાસનો પ્રાસ થયો તે જુઓ નં. ૯૧.

(૪૨) તં બોલ્લિઅઇ જુ નિવ્વહઇ.

—જે નિભે-ટકે તે બોલીએ. (જે નિભાવી શકાય તે બોલવું ઘટે).

ઇમુ કુલુ તુહ તણઉં, ઇમુ કુલુ દેક્ખુ.

—ઇમુ-આ કુલ તારૂં-તણું એટલે તારા સબંધી, આ કુલ જો.

(૪૩) એહ કુમારી એહો નરૂ, એહુ મણોરહ-ઠાણુ,

એહઉં બઢ ચિન્તન્તાહં, પચ્છહ હોઇ વિહાણુ.

—આ કુમારી, આ નર, આ મનોરથસ્થાન-એવુ ચિંતવતા વઢ એટલે મૂર્ખોનું પછી વહાણું થાય છે-વહાણું વાય છે એટલે આખી રાત એ વિચારમાં વિચારમાં ચાલી જાય છે. વઢ એ સંબધ કારક છે યા સબોધન વિભક્તિમાં પણ લઇ શકાય.

(૪૪) જઇ પુચ્છહ ઘર વડ્ડાઇં, તો વડ્ડા ઘર ઓઇ,

વિહલિઅ-જણ-અબ્ભુદ્ધરણુ, કન્તુ કુડીરઇ જોઇ.

—(કોઇ સ્ત્રી મુસાફરને કહે છેઃ-) જો મોટાં ઘર (તમે) પૂછતા હો તો મોટાં ઘર તે છે (કે જેમા દાનાદિ-પરોપકાર થતાં હોય); વિહ્વ‌લિત જનના અભ્યુદ્ધાર અર્થે મારા કન્થને કુટિરમા-ઝુંપડીમાં જો. મોટાં ઘર મહેલ નથી હોતાં-વિહ્વ‌લિત જનોના ઉધ્ધારક મારા કાંતને કુટીમાં બેસેલો જો—તે ઘર મોટું છે જ્યાં પરોપકાર થાય છે.

ઓઇ-ઓલો-એ. વડ્ડો-વડો સં. બૃહત્ હિં. બડો કચ્છી વડ્ડો.

(૪૫) આયઇં લોઅહો લોઅણઇં, જાઇ સરઇં ન ભન્તિ;

અપ્પિએ દિટ્ઠઇં મઉલિઅહિં, પિએ દિટ્ઠઇ વિહસન્તિ.

—લોકના આયેં-આ લોચનો જાતિનું-પૂર્વ જન્મનું સ્મરણ આપે છે-તેમાં ભ્રાંતિ-સંદેહ નથી. અપ્રિયને જોતાં મુકુલિત થાય છે, પ્રિયને

જોતાં હસે છે. જાઇસ્મર–જાતિસ્મર, જેથી પૂર્વજન્મના પ્રિય અપ્રિયની યાદ થાય–જાતિ સ્મરણ. જો જાઈ અને સરઇ બે પદ જુદા હોય તો જાતિને –પૂવજન્મને સ્મરણ કરે છે. અપ્પિએ દિટ્ઠઇ–પિએ દિટ્ઠઇ ભાવવાચક સપ્તમી સં. અપ્રિયે દૃષ્ટે સતિ, પ્રિયે દૃષ્ટે સતિ.

(૪૬) સોસઉ મ સોસઉચ્ચિઅ, ઉઅહી વડવાનલસ્સ કિં તેણ,
     જં જલઈ જલે જલણો, આએણ વિ કિં ન પજ્જંત્તં.

—ઉદધિ–સમુદ્ર નિશ્ચયે શોષાય કે મ શોષાય તેથી વડવાનલને શું ? જો જલમાં જ્વલન–અગ્નિ જળે છે–બળે છે, તેનાથી પણ પર્યાપ્ત–પૂરતું શું નથી ?–પૂરતું જ છે. કઠિન અથવા અસંભવ કાર્ય સિદ્ધ ન થાય તો ઉદ્યોગમાંજ સફલતા છે. ચ્ચિઅ–નિશ્ચય; આએણ–એનાથી.

(૪૭) આયહો દડ્ઢ–કલેવરહો, જં વાહિઉ તં સારૂ,
     જઇ ઉટ્ટબ્ભઈ તો કુહઈ, અહ ડજ્ઝઇ તો છારૂ.

—આના દગ્ધ–દાઝેલા કલેવરનું જે ચાલ્યું ગયું તે સારૂં; (મરણ પછી) જે ઢંકાય છે,—સ્થપાય છે તે કોહાય છે અને જે દાઝે છે તે ક્ષાર–છાર–ભસ્મ થાય છે. દડ્ઢ=દગ્ધ, દાઝેલું, બાળેલું. સારૂં–ગૂ.સારૂં ઉટ્ટબ્ભઈ—સં.ઉત્તભ્યતે વૃત્તિકાર—આચ્છાદ્યતે–સ્થાપ્યતે. કુહઇ–ગૂ. કોહાય છે, સં. કુથ્યતે, ક્વથતિ હિં. કુથતા હૈ. છાર–ક્ષાર, રાખ, ભસ્મ.

(૪૮) સાહુ વિ લોઉ તડપ્ફડઇ, વડ્ડુત્તણ હો તણેણ,
     વડ્ડપ્પણ પરિ પાવિઅઇ, હત્થિ મોક્કલડેણ.

—સર્વે–બધાય લોક વડપણને માટે તડફડે છે. પણ વડપણ મોકળા હાથથી પ્રાપ્ત થાય છે–પમાય છે. સાહુ–સહુ તણેણ–તણાથી–માટેથી એટલે માટે–એમાં બે વિભક્તિ પ્રત્યયો છે. ગૂજરાતીમાં કહેવત છે કે જેનો હાથ પહોળો તેનો જગ ગોલો. દાનથી જનમાં મહત્ત્વ પમાય છે.

(૪૯) જઇ સુ ન આવઇ દૂઈ ઘરૂ, કાઈ અહોમુહુ તુજ્ઝુ,
     વયણુ જુ ખંડઈ તઉ સહીએ, સો પિઉ હોઇ ન મજ્ઝુ.

—હે દૂતિ ! જો તે ઘેર ન આવે, તો તારૂં અધોમુખ–નીચું મોં

શા માટે ? હે સખિ ! જો તારું વચન ખરું તે મારો પ્રિય નથી થતો. કુમારપાલ પરિશિષ્ટમાં 'સહિ એસો' એવું છપાયેલું છે. આ દૂતિને ઉપાલંભ છે. અધોમુખ-ખંડિત વદનને છુપાવવા માટે છે, વચનનું ખંડન કહેલું ન માનવાથી છે. વયણુ-વચન અને વદન એ બન્નેનો શ્લેષ છે. કાંઈ-સં. કિં, શા માટે ?

(૫૦) 'કાંઇ ન દૂરે દેક્ખઇ' એટલે શા માટે દૂર જોતો-જોતી નથી ?

(૫૧) સુપુરિસ કંગુ હે અણુહરહિં, ભણુ કજ્જેં કવણેણ

જિવં જિવં વડુત્તણુ લહહિં, તિવં તિવં નવહિં સરેણ.

—સુપુરૂષ કાંગ (ધાન્ય)નું અનુસરણ કરે છે. કહે, કયા કાર્યથી ? જેમ જેમ વડપણ પામે છે, તેમ તેમ શિરથી નમે છે.

અનુહરહિં-નકલ કરે છે, સદૃશ હોય છે. ભણુ-કહે. કજ્જેં કવ-ણેન-શું કાર્યથી ?

(૫૨) જઇ સસણેહી તો મુઇઅ, અહ જીવઇ નિન્નેહ,

બિહિંવિ પયારેહિં ગઇઅ ધણ, કિ ગજ્જહિ ખલ મેહ.

(કોઇ સ્ત્રીનો ભરથાર દેશાંતર ગયો છે તે મેઘ પ્રત્યે કહે છે) તેણી જો સસ્નેહ-સ્નેહાલ હશે તો મુઇ—મરણ પામી હશે, (મારા વિરહથી), અને જો જીવતી હશે તો નિઃસ્નેહ છે. બને પ્રકારે ધણ-સ્ત્રી ગઇ છે હે ખલ મેહ ! શું કામ ગાજે છે ? જો સ્નેહવતી હોય તો વિયોગમાં મેઘ ગર્જના સાંભળી મરી ગઇ, જો જીવતી હોય તો તેનામાં સ્નેહ નથી. પ્રિયા તો બંને રીતે ગઇ.

(૫૩) ભમરૂ મ રૂણઝુણિ રણ્ણડઇ, સા દિસિ જોઇ મ રોઇ,

સા માલઇ દેસન્તરિઅ, જસુ તુહું મરહિ વિઓઇ.

—હે ભ્રમર ! અરણ્યમાં રણઝુણ (એ શબ્દ) મા કર, તે દિશામાં જોઇ ન રો. જેના વિયોગથી તું મરે છે તે માલતી દેશાન્તરિત (છે) —દેશમાં નથી.રણ્ણડઇ—રાનમાં અરણ્યમાં.-જુઓ 'રન્નુ' ઉપર નં.૧૭માં.

(૫૪) પઈ મુક્કાહંવિ વરતરૂ, ફિટ્ટઇ પત્તત્તણું ન પત્તાણું

તુહ પુણ છાયા જઈ હોજ્જ, કહવિ તા તેહિં પત્તેહિં.

—હે વરતરૂ !–ઉંચા પ્રકારના વૃક્ષ ! તારાથી મૂકાયેલા–તજાયેલા પત્રોનું–પાંદડાનું પત્રત્વ–પાંદડાપણું ફીટતું નથી—બગડી જતું નથી. ચાલ્યું જતું નથી. વળી–પુનઃ તારી જે છાયા હોય તે કોઇ પણ પ્રકારે તેજ પત્રોથી છે. આ અન્યોક્તિ છે. તું જેને તજે તેનાથીજ તારી શોભા છે. મુક્ક–મુક્ત–મૂકેલો, તજેલો. ફિટ્ટઇ–ચાલી જાય છે, બગડે છે. સરખાવો દૂધ ફાટવું, ફિટકાર, સ્ત્રીનું ફીટી જવું, ફીટેલ સ્ત્રી. હોજ્જ–હોય તો, થાતી તો. દોધકવૃત્તિકાર 'વિવરતરૂ' એક પદ લઇને વિ(પક્ષી) +વર (સારા)ના તરૂ–સારા પક્ષીના તરૂ એવો અર્થ પણ કરે છે અને વરતરૂ એમ એક પદ લઈને પણ બીજો ઉપર જણાવેલો અર્થ કરે છે.

(૫૫) મહુ હિયડઉં તઇં તાએ, તુહું સવિ અન્નેં વિનડિજ્જઇ,
પિઅ કાઇં કરઉં હઉં કાઇ તુહું મચ્છેં મચ્છુ ગિલિજ્જઈ.

—(નાયિકા અન્યમાં આસક્ત નાયકને કહે છે કેઃ) મારૂં હૃદય તારાથી (લેવાયુ), તું તેણીથી ગ્રહાયો, તેણી પણ બીજાથી નચાય છે, હે પિયા ! હું શું કરૂં ? તું શું (કરે ?) (એતો) મચ્છ ગળે છે (તેવુ છે.) મોટો મચ્છ નાના મચ્છને ગળે તેવો ' માત્સ્ય ન્યાય' છે. ભર્તૃહરિના 'ધિક્ તાં ચ તં ચ મદનં ચ ઇમા ચ માં ચ' વાળા શ્લોકનો ભાવ છે. તઇં–તુથી.

(૫૬) પઇં મઈં બેહિંવિ રણગયહિં, કો જયસિરિ તક્કેઇ,
કેસહિં લેપ્પિણુ જમ–ઘરિણિ, ભણુ સુહુ કો થક્કેઈ.

—તું હું બને રણમાં ગયેલાઓમાં કોણ જયલક્ષ્મી ઇચ્છે છે ? યમની ગૃહિણી–સ્ત્રીને કેશથી ખેંચીને કોણ સુખે રહે તે (તું) કહે ?–કોઈ નહિ એ અર્થ છે. પઇં મઈ–સાતમી વિભક્તિ અધિકરણ. તક્કેઇ–તાકે છે-ઇચ્છે છે. લેપ્પિણુ–ભૂતકૃદંત. થક્કેઇ–થાકે, રહે.

(૫૭) પઇં મેલ્લન્તિહે મહુ મરણુ, મઈં મેલ્લન્તહો તુજ્ઝુ
સારસ ! જસુ સો વેગ્ગલા, સોવિ કૃદન્તહો સજ્ઝુ.

—(કોઈ સ્ત્રી નાયકને સારસ કહી અન્યોક્તિ કરે છે) હે સારસ! તને છોડતી એવી હુંનું એટલે મારું મરણ છે (અને) મને મુક્તા એવા તારું (મરણ છે) જેને જે વેગળો–દૂર છે તેજ કૃતાન્તને–યમને સાધ્ય છે એટલે મરણ પામે છે. પઇં, મઇં–કર્મકારક. મેલ્લન્તી, મેલ્લન્ત વર્તમાન ધાતુજ–કૃદન્ત. હો–સંબંધની છઠ્ઠી. 'હો' છંદ પ્રમાણે લઘુ બોલાશે.

(૫૮) તુમ્હેહિં અમ્હેહિં જે કિઅઉં, દિટ્ઠઉં બહુઅ જણેણ,
તં તેવડઉં સમરભરૂ, નિજ્જિઉ એક્ક ખણેણ

—તમારાથી અમારાથી જે કરાયું છે–તમે અમે જે કર્યું તે બહુત–ઘણા જણોએ દીઠું. (શું કર્યું? તેના ઉત્તરમાં) તે તેટલું કે સમરનો સમૂહ એક ક્ષણમાં નિર્જીત કર્યો–જીતી લીધો.

(૫૯) તઉ ગુણ–સંપઇ તુજ્ઝ મદિ તુધ્ર અણુત્તર ખન્તિ,
જઈ ઉપ્પત્તિં અન્ન જણ મહિમંડલિ સિકખન્તિ.

—મહીમંડલમાં અન્ય જન જો (તારી પાસે) આવીને તારી ગુણ સંપત્તિ, તારી મતિ, તારી અનુત્તર (નૌત્તમ) ક્ષાન્તિ–ક્ષમા શીખે તો (સારૂં). તઉ, તુજ્ઝ, તુધ્ર–તારૂ. ઉપ્પત્તિં–સ. ઉપેત્ય, ઉપ્પંતિઅ.

(૬૦) અમ્હે થોવા રિઉ બહુઅ, કાયર એમ્વ ભણન્તિ,
મુદ્ધિ નિહાલહિ ગયણયલુ, કઇ જણ જોણ્હ કરન્તિ.

—અમ્હે થોડા રિપુ ઘણા, એમ કાયર ભણે છે; હે મુગ્ધા! —સુંદરી! નિહાળ! ગગનતલમાં કયો જણ જ્યોત્સ્ના—ચાંદની કરે છે—એકજ જણ અને તે ચદ્રજ. થોવા–થોડા સં. સ્તોક. એમ્વ–સં. એવં. પંજાબી એવેં. જોણ્હ–સં. જ્યોત્સના.

પ્રકરણ સાતમું.

હેમચંદ્રે અવતરેલાં અપભ્રંશ ઉદાહરણો (અનુસંધાન)

(૬૧) અમ્મણુ લાઇવિ જે ગયા, પહિઅ પરાયા કેવિ,
અવસ ન સુઅહિં સુહચ્છિઅહિં, જિવં અમ્હઇ તિવં તેવિ.

—પોતાપણું લગાડી-મમત્વ લગાડી જે પરાયા કોઇ પથિક ગયા છે તે અવશ્ય સુખાસિકાથી-સુખથી સૂતા નથી. જેવા અમ્હે તેવા તેઓ. અમ્મણુ-આપણાપણું-પોતાપણું-મમતા-સ્નેહ. સુહચ્છિઅહિં-સં. સુખાસિકાથી-સુખની બેઠકથી-સુખની નીંદ (ઉપર નં. ૩૭) અમ્હઈ-અમે હિં હમ, રાજસ્થાની મ્હેં.

(૬૨) મઇં જાણિઉં પિયવિરહિઅહં, કવિ ધર હોઇ વિઆલિ,
ણવર મિઅંકુવિ તિહ તવઇ, જિહ દિણયર ખયગાલિ.

—હે પ્રિયા! મારાથી જણાયું—મેં જાણ્યું કે પ્રિયથી વિરહીઓનાં કોઈ પણ ધર-અવલમ્બન વિકાલે-સંધ્યાકાળે થાય છે. (આટલું વિરહીઓ માટેજ, નહિ પરંતુ મૃગાંક-ચંદ્ર પણ તેવી રીતે તપે છે જેમ દિનકર-સૂર્ય ક્ષયકાળે-પ્રલયકાળે (તપે છે તેમ) જુઓ સોમપ્રભ નં. ૧૮ હવે પછી.

(૬૩) મહુ કન્તહો બે દોસડા, હેલ્લિ મ ઝંખહિ આલુ,
દેન્તહો હઉં પર ઉવ્વરિઅ, જુજ્ઝન્તઓ કરવાલુ.

—હેલ્લિ! (હે સખિ!) મારા કન્થના બે દોષો (છે), આળ-વૃથા ઝંખ નહિ-બોલ નહિ (તે કયા બે દોષ?-) તેના દેતાં દેતાં-દાન દેતાં હું કેવલ ઉગરી-બચી. અને ઝૂઝતાં-યુદ્ધમાં લડાઈ લડતાં તલવાર બચી. દાન દેતાં બધું દેવાઇ ગયું-એક હું તેની સ્ત્રી બચી ગઇ પણ લડવામાં તો તેણે તલવારને બચાવી-વાપરી નહિ. આમાં એક સ્તુતિ છે ને બીજી નિન્દા એમ બને સાથે સાથે છે. હો, આ એ બને

લઘુ બોલવા. દોસડા–સં. દોષ; ડ તે કુત્સિતના અર્થમાં વપરાય છે. હેલ્લિ–હે અલિ! ઝંખ–ઝંખવું હિ–ઝંખના, ઝીખના. આલુ–આળ–ખોટું અગડંબગડં. દેન્ત, જુજ્ઝન્ત–વર્તમાન કૃદંત. હઉં–હું. ઉવ્વરિય–સં. ઉર્વરિત–ઉગરી હિં ઉબરી.

(૬૪) જઇ ભગ્ગા પારક્કડા, તો સહિ મજ્ઝુ પિએણ,
      અહ ભગ્ગા અમ્હહં તણા, તો તેં મારિઅડેણ.

—જો પારકા ભાગ્યા હોય–ભગ્ન થયા હોય તો ખરેખરા મારા પિયુથી થયા હોય, અને અમારા સબંધિઓ ભાગ્યા તો તે (મારો પિયુ] મરાયેલો તેથી.—જો પરાયા પક્ષની સેના ભાગી હોય તો મારા પિયુએ તેને ભગાડી હશે, જો અમારાં ભાગતા હોય તો તે તેના માર્યા જવાથી આવું પરિણામ આવી શકે.

ભગ્ગા—સં. ભગ્નાઃ ભાંગ્યા, તૂટયા, હાર્યા તેથી ભાગ્યા–નાઠા. પારક્કડા, અમ્હહં તણા,—પરાયા અને અમારા. મારિઅડ સં. મારિતક. આ પ્રસિદ્ધ દોહો છે.

(૬૫) મુહ–કબરિ–બન્ધ તહે સોહ ધરહિં.
      નં મલ્લ–જુજ્ઝુ સસિ–રાહુ કરહિં
      તહે સહહિં કુરલ ભમર–ઉલ–તુલિઅ
      નં તિમિર–ડિમ્ભ ખેલ્લન્તિ મિલિઅ.

—તેણીનાં મુખ અને વેણીનો બંધ શોભા ધરતાં જાણે શશિ રાહુ મલ્લયુદ્ધ (કરતા હોય નહિ). તેણીનાં કુરલ–કેશો ભ્રમર કુલ તુલ્ય શોભે છે, જાણે તિમિરનાં–અંધકારનાં બાળકો મળીને ખેલે છે. નં–જેમ, જાણે કે–ઉત્પ્રેક્ષામાં વપરાય છે.

(૬૬) બપ્પીહા પિઉ પિઉ ભણવિ કિત્તિઉ રૂઅહિ હયાસ!
      તુહ જલિ મહુ પુણુ વલ્લહઇ, બિહુંવિ ન પૂરિઅ આસ.

—બપૈયા!—ચાતક! પિયુ પિયુ (એમ) કહીને કેટલીવાર (તું)

રૂએ છે? હે હતાશ! તારી જલમાં, પુનઃ મારી વલ્લભમાં—એમ બનેની આશા પૂરી થઈ નહિ. તને જલ ન મળ્યું, મને વલ્લભ ન મળ્યો.

(૬૭) બપ્પીહા કઇં બોલ્લિએણ, નિગ્ઘિણ વારઇવાર,
સાયરિ ભરિઅઇ વિમલ જલિ, લહહિ ન એક્કઇ ધાર.

—હે નિર્ઘૃણ–નિર્લજ્જ બપૈયા! વારેવાર બોલવાથી શું? સાગરમાં વિમલ જલથી એક પણ ધારા (તને) મળશે નહિ.

(૬૮) આયહિં જમ્મહિં અન્નહિં વિ, ગોરિ સુ દિજ્જહિ કન્તુ,
ગય મત્તહ ચત્તકુસહ, જો અબ્ભિડહિ હસન્તુ.

—આ જન્મમાં–અન્યમાં (અન્ય ભવમાં) પણ, હે ગૌરી! તે કન્થ દેજે (કેવો કન્થ છે? કે) જે મત્ત, અને ત્યક્તાંકુશ–જેણે અંકુશ છોડયા છે તેવા ગજોને હસતો આવી મળે–તેની સન્મુખ આવે.

(૬૯) બલિ અબ્ભત્થણિ મહુમહણુ, લહુઇહૂઆ સોઇ,
જઇ ઇચ્છહુ વડ્ડત્તણઉં, દેહુ મ મગ્ગહુ કોઇ.

—બલિની અભ્યર્થના વડે તે મધુમથન–નારાયણ લઘુ થયો–વામન બન્યો. જો વડપણું ઇચ્છો તો ઘો–દાન કરો, કોઇ પાસે મ માંગો. લહુઇહૂઆ–સં. લઘુકીભૂત.

(૭૦) વિહિ વિનડઉ પીડન્તુ ગહ, મં ધણિ કરહિ વિસાઉ
સંપઇ કડ્ઢઉ વેસ જિવં, છુડુ અગ્ઘઇ વવસાઉ.

—વિધિ નાચ કરે, ગ્રહો પીડે, (પણ) હે પ્રિયા! વિષાદ કર નહિ. જો વ્યવસાય–ઉધમ ચાલે છે તો સપદને વેશની પેઠે કાઢું છું.

વિનડઉ—નટતુ, નાચે. ધન–પ્રિયા જુઓ ઉપર નં. ૧ સરખાવો મિરજાપુરી 'ધનિયા'. વેસ–વેશ દોધક વૃત્તિકાર વેશ્યા પણ અર્થ કરે છે. વેશ્યાની પેઠે કડ્ઢઉ–સં. કર્ષયામિ ખેચુ–કાઢું. છુડુ–જો. અગ્ઘઇ–સં. અર્ઘતિ અથવા રાજતે. જો ઉધમ ચાલે તો સપદ સુલભ થાય છે.

(૭૧) મગ્ગ–વિસાહિઉ જહિં લહહું પિય તહિં દેસહિં જાહું
રણ–દુબ્ભિક્ખે ભગ્ગાઈં, વિણુ જુજ્ઝેં ન વલાહું.

—હે પ્રિયા ! જે દેશમાં ખડ્ગથી સાધિત થયેલું મેળવું ત્યાં જઇએ. (અહીં) રણ–દુર્ભિક્ષથી ભગ્ન થયેલા–(તેથી) યુદ્ધ વગર પ્રસન્ન થતા નથી–આનંદ આવતો નથી. જ્યાં તલવાર ચલાવી જીવિકાનો નિર્વાહ થઇ શકે ત્યાં ચાલો, અહીં તો રણ–દુર્ભિક્ષ–યુદ્ધના દુકાળથી (દિલ) તૂટી ગયું; યુદ્ધ વિના આનંદ આવતો નથી.

વલાહું—ન રતિં પ્રાપ્નુમઃ—મજા આવતી નથી એમ દોધકવૃત્તિમાં અર્થ કર્યો છે તેને અનુસરી ઉપર અર્થ મૂક્યો છે, પણ તે ઠીક લાગતો નથી. વલાહું એટલે વળું—પાછો આવું. રણ-દુષ્કાળમાં ભાગ્યા છીએ. વિના યુદ્ધ પાછા નહિ આવીએ (જેમ દુર્ભિક્ષ કારણે દેશથી ભાગ્યા વગર સુભિક્ષ પાછો આવતો નથી)—આ અર્થ બરાબર છે.

(૭૨) કુંજર સુમરિ મ સલ્લઇઉ, સર સાસ મ મેલ્લિ,
કવલ જિ પાવિય વિહિ–વસિણ, તે ચરિ માણ મ મેલ્લિ.

—હે કુંજર ! સલ્લકીઓ (એક જાતના બળદો) ને સ્મર નહિ, સરલ એટલે દીર્ઘ શ્વાસ મૂક નહિ. વિધિવશે જે કવળ–કોળીઆ મળ્યા તે ચર, માન રાખ નહિ.

દોધકવૃત્તિ પ્રમાણે મેલ્લિનો અર્થ બને સ્થળે 'છોડવું' કરવાથી નિરર્થક વાક્ય થાય છે. જે મળે તે ખા, ને માન છોડ નહિ,–એ યોગ્ય નથી લાગતું. ત્યાં મેલ્લિ એટલે રાખ એ અર્થ યોગ્ય લાગે છે.

(૭૩) ભમરા એત્થુ વિ લિમ્બડઇ, કેવિ દિયહડા વિલમ્બુ,
ઘણ–પત્તલુ છાયા–બહુલુ, ફુલ્લઇ જામ કયમ્બુ.

હે ભમરા ! અત્ર–અહીં પણ લીંબડામાં કેટલાક દિવસો ઘણાં-પાંદડાંવાળા અને છાયાવાળા કદમ્બ જ્યાં સુધી ફૂલે ત્યા સુધી વિલંબ કર.

(૭૪) પ્રિય એમ્વહિં કરે સેલ્લુ કરિ. છડ્ડુહિ તુહું કરવાલુ,
જં કાવાલિય બપ્પુડા, લેહિં અભગ્ગુ કવાલુ.

—હે પ્રિય ! હવે હાથમાં શલ્ય–કુન્ત–ભાલું કર–લે, (અને) કરવાલ –તરવારને તું છોડ જેથી બાપડા કાપાલિક અભગ્ન–આખી કપાલ–ખોપરી

મેળવે. તમારા ખડ્ગથી શત્રુઓનાં માથાં ભાંગી-ફાટી જાય છે તેથી કાપાલિકોને આખી સાબુત ખોપરી નથી મળતી તે માટે તમે ભાલાથી મારો કે જેથી ખોપરી સાબુત તો મળે. એમ્વહિં સં. ઇદાનીં.

(૭૫) દિઅહા જન્તિ ઝડપ્પડહિં, પડહિં મણોરહ પચ્છિ
જં અચ્છઇ તં માણિઅઇ, હોસઇ કરતુ મ અચ્છિ.

—દિવસો ઝડપથી જાય છે, મનોરથ પાછા પડે છે-નિષ્ફળ થાય છે. જે છે તે માણીએ-ભોગવીએ, 'હોશે' એમ કરતા મ રહો, -બેસો. દિન જાય છે, જે છે ને ભોગવો, ભવિષ્યના ભરોસે ના રહો. અચ્છઇ-બંગાલીમાં આછે, રાજસ્થાની છૈ.

(૭૬) સન્તા ભોગ જુ પરિહરઇ, તસુ કન્તહો બલિ કીસુ,
તસુ દઇવેણ વિ મુંડિયઉં, જસુ ખલ્લિહડઉં સીસુ.

—વિદ્યમાન હોય છતાં ભોગોને-પાસે હોય છતાં ભોગોને જે પરિહરે-તજે તે કંથને વારી જઇએ. જેનું માથું ટાલીઉ છે તેનું દૈવેજ મુંડન કર્યું છે. એટલે જેની પાસે ભોગો નથી તે તો સ્વયમેવ-દૈવાત્ તજે છે.

આમાં 'સહેજે બાવા બ્રહ્મચારી' યા 'વૃદ્ધા નારી પતિવ્રતા' એ કહેવત લાગુ પડે છે. હિંદીમાં 'બિના મિલતી કે બ્રહ્મચારી' એ કહેવત છે. જે પોતાને ભોગવિલાસો હોય છતાં છોડે તેની બલીહારી છે. સન્તા વર્તમાન કૃદંત. કીસુ-હું કરૂં (હેમ.) તુ કર. ખલ્લિહડઉં-સં. ખલ્વાટ.

(૭૭) અઇતુંગત્તણુ જં થણહં સો ચ્છેયહુ ન હું લાહુ,
સહિ જઇ કેવંઇ તુડિવસેણ, અહરિ પહુચ્ચઇ નાહુ,

—સ્તનોનું જે અતિતુંગત્વ (ઉંચાપણું) છે તે છેદક-ખોટ નથી, પણ લાભ છે. હે સખિ! જો કોઇ રીતે ત્રુટિવશ થઇ નાથ અધરમાં પહોંચે તો. ઉંચાં સ્તન ચુંબનમાં આડાં આવે છે.

છેય-છેદ-ખોટ. કેવઇ સં. કથમપિ, કોઇ રીતે. ત્રુટિવિલંબ પહુ-

અઇ–સં. પ્રભવતિ (?) સમર્થ થાય છે, (દોધકવૃત્તિ). હીંદી પહુંચના–ગૂજરાતી પહોંચવું એ આ વ્યાખ્યામાં બરાબર યુક્ત છે.

(૭૮) ઇત્તઉં બ્રોપ્પિણુ સઉણિ ઠ્ઠિઉ, પુણુ દૂસાસણુ બ્રોપ્પિ,
તો હઉં જાણઉં એહો હરિ, જઇ મહુ અગ્ગઇ બ્રોપ્પિ.

—એટલું બોલીને શકુનિ થોભ્યો; પુનઃ દુઃશાસન બોલીને થોભ્યો. (હવે દુર્યોધન કહે છે કે) જો હરિ મારી આગળ બોલે તો હું જાણું કે આ હરિ છે. ઇત્તઉં–એતો–એટલો સં૰ ઇયિત, બ્રોપ્પિણુ, બ્રોપ્પિ–ભૂતકૃદત; ઠ્ઠિઉ–સં. સ્થિત–થોભ્યો.

(૭૯) જિવ તિવં તિક્ખા લેવિ કર, જઇ સસિ છોલ્લિજ્જન્તુ.
તો જઇ ગોરિ હે મુહ કમલિ, સરિસિમ કાવિ લહન્તુ.

—જેમ તેમ તીક્ષ્ણ (શસ્ત્ર) લઇને જો શશિ–ચંદ્ર છોલવામ આવે તો જ (જગમાં !) ગૌરીના મુખકમલની સદૃશતા કાંઇક પણ પામે. તિક્ખા–કેવલ વિશેષણ. વિશેષ્ય (શસ્ત્ર–આયુધ જેવું) અધ્યાહાર છે. જઇ–જગમાં એવો દોધકવૃત્તિમાં અર્થ કર્યો છે ! લહન્તુ–ક્રિયાતિપત્તિ.

(૮૦) ચૂડુલ્લઉ ચુણ્ણીહોઇસઇ, મુદ્ધિ કવોલિ નિહિત્તઉ,
સાસાનલ–જાલ–ઝલક્કિઅઉ, વાહ–સલિલ–સંસિત્તઉ.

—હે મુગ્ધે ! કપોલપર રાખેલો ચુડલો, શ્વાસરૂપી અગ્નિની ઝાળથી દગ્ધ થઈને, (અને) બાષ્પરૂપી પાણીથી સંસિક્ત થઇને ચૂર્ણ થશે–ચૂરેચૂરા થશે. (જુઓ કુમારપાલ પ્રતિબોધ. નં. ૨૩ હવે પછી.)

(૮૧) અબ્ભડ વંચિઉ બે પયઈં, પેમ્મુ નિઅત્તઈ જાવં
સવ્વાસણુ–રિઉ–સંભવહો, કર પરિઅત્તા તાવં.

—(૧) અભ્રવાલી દાત્રીમાં બે પગે ચાલી જ્યાં (અભિસારિકા) પ્રેમ નિભાવે છે–પૂરો કરે છે, ત્યાં તો સર્વાશન–સર્વભક્ષ એવો અગ્નિ તેનો રિપુ–શત્રુ તે સાગર અને તેમાંથી સંભવ–જન્મ પામેલ એવા ચંદ્રનાં કર–કિરણો પસર્યા એટલે કાળી વાદળીથી ઘોર થયેલી રાતે પ્રેયસી જાતી હતી કે ચંદ્રે સહાયતા–સમાધિ આપી. અથવા તો (૨)

ઉલટા બે પગે ચાલી (પ્રવાસી પ્રિય) પોતાની પ્રેમિકા–પ્રેયસીને જ્યાં પાછો વાળતો હતો ત્યાં ચંદ્રનાં કિરણો ફેલાયાં. પ્રિયા વળાવવા આવી હતી અને પ્રવાસીએ તેને પાછી વાળવા ઇચ્છયું. ત્યાં તો ચાંદો ઉગ્યો. પછી શેનું જવું ને આવવું ?

અબ્ભડ–અભ્રટ–મેઘવાળું અથવા અભ્યટય–પાછા વળી. વંચ= સં. વ્રજ–ચાલવું, પયઇ–પગ, નિઅત્તઇ–સં. નિર્વર્તયતિ યા નિવર્તયતિ જાવં તાવં–યાવત્ તાવત્. પરિઅત્તા–પ્રસૃતા. દોધકવૃત્તિમાં આનો અર્થ બરાબર કર્યો નથી લાગતો,

(૮૨) હિઅઇ ખુડુક્કઇ ગોરડી, ગયણિ ધુડુક્કઇ મેહુ,
વાસા–રત્તિ–પવાસુઅહં વિસમા સંકડુ એહુ.

—હે ગૌરી ! હૈયામાં ખટકે છે. મેઘ ગગનમાં ધુડુકે છે. વર્ષા રાત્રિમાં પ્રવાસીઓને આ–આવાં વિષમ સંકટો હોય છે. વિસમા–એ પરથી સંકટ બહુવચન છે. પ્રવાસુ–તેમાં 'ઇન્'ના અર્થમાં 'ઉ' (ગુણ)

(૮૩) અમ્મિ પઓહર વજ્જમા, નિચ્ચુ જે સમ્મુહ થન્તિ,
મહુ કન્તહો સમરંગણઇ, ગયઘડ ભજ્જિઉ જન્તિ.

—(સ્ત્રી કહે છે) હે અમ્બ !–માતા ! જે નિત્ય સંમુખ–પાસે રહે છે તે પયોધર–સ્તનો વજ્રમય છે કે જેથી મારા કંતના સમરાંગણમાં ગજઘટા ભાગી જાય છે. વજ્જમ–વજ્રમય, ભજ્જિઉ–જુઓ ઉપર નં. ૬૪.

(૮૪) પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ,
જા બાપીકી ભુંહડી, ચમ્પિજ્જઈ અવરેણ.

—જન્મેલા પુત્રથી શું ગુણ–ફાયદો ? મરેલાથી શું અવગુણ ? કે જેથી (જે પુત્ર હોય છતા) અથવા જેના બાપની ભોંય બીજાથી ચંપાતી હોય–લેવાતી હોય. પુત્તેં જાએ–ભાવલક્ષણ. મુએણ–સં. મૃતેન, મુઆથી. જા=જેની. બપ્પીકી–બાપીકી, ભુહડી–ભોં–ભૂમિ, ચમ્પિજ્જઇ– દબાવવામાં આવે. સરખાવો પગચંપી–પગ દબાવવા તે.

(૮૫) તં તેત્તિઉ જલુ સાયરહો, સો તેવડુ વિત્થારુ,
 તિસહે નિવારણુ પલુવિ નવિ, પર ધુટ્ટુઅઇ અસારુ.

—સાગરનું તે જલ તેટલું, તેવડો તે(નો) વિસ્તાર; તૃષાનું નિવારણ પલ પણ નહી, છતાં અસાર–નકામો ધુધવે છે–ગર્જના કરે છે. દરિયાનું જલ જેટલું તેટલો તેનો મોટો વિસ્તાર છે; પણ તેથી તરસ છીપે તેમ નથી છતાં તે દરિયો નકામો ગર્જના કરે છે. તેત્તિઉ–તેતો–તેટલો, તેવડો–તેટલો. તિસ–સં. તૃષા. રાજસ્થાની તિસ. ધુટ્ટુઅઇ–અવાજ સૂચવતું ક્રિયાપદ, ગર્જે છે. સરખાવો રાજશેખર સૂરિના ચતુર્વિંશતિપ્રબંધ સાથે

' વરિ વિયરો જહિ જલુ પિયઇ, ધુટ્ટુધુટ્ટુ ચુલુએણ,
સાયરિ અત્થિ બહુય જલ, છિ ખારઉં કિં તેણ.

—વીરડો સારો કે જેમાં જલ ધુટ્ટુધુટ્ટુ ચાપવેથી પી શકીએ. સાગરમાં ઘણુંય જળ ખારૂં છે તેથી તેને શું કરવો ?

વરિ–વર, સારો; વિયરો–વીરડો, નાનો કુવો રાજસ્થાની બેરા. ચુલુએણ–હિં. ચિલ્લૂ, ગૂ. ચાપવું–નામ. અત્થિ–છે.

(૮૬) જં દિટ્ઠઉં સોમગ્ગહણુ, અસઇહિં હસિઉ નિસંકુ,
 પિઅ–માણુસ–વિચ્છોહ–ગરુ, ગિલિ ગિલિ રાહુ મયંકુ.

—જે ચંદ્રગ્રહણ દીઠું કે અસતિઓથી નિઃશંક હસાયું–તેઓ હસી. હે રાહુ ! મયંક–ચંદ્ર કે જે પ્રિય મનુષ્યોના વિયોગ કરનાર છે તેને ખા–તેનું ભક્ષણ કર.

વિચ્છોહગરુ–વિક્ષોભકર. આમાં ક નો ગ થાય છે, ને પાલી ભાષામાં ' કરના ' ધાતુનો ફેરફાર ' ગરના ' માં થયો છે. 'ક' તેમાં રહ્યોજ નથી, 'ગ' છે. 'પ્રગટ' ને શુદ્ધ કરી 'પ્રકટ' લખનારા આ વાતપર લક્ષ આપે.

(૮૭) ' અમ્મીએ સત્થાવત્થેહિં, સુધિં ચિન્તિજ્જઇ માણુ,
 પિએ દિટ્ઠે હલ્લોહલેણ, કો ચેઅઇ અપ્પાણુ.

—હે અમ્મ !–માતા, સ્વસ્થ અવસ્થા વાળાઓથી સુખેકરી માન–અહંકાર ચિંતવાય છે–તેઓ ચિંતવે છે, પણ પિયુ દેખ્યેસતે હલવલથી

—વ્યાકુલતાથી આત્માને કોણ જાણે છે?—આત્માને ભૂલી જાય છે. શુધ રહેતી નથી. સ્વસ્થ હોઇએ ત્યારે માન ગુમાનનું સૂઝે છે, પીયાને દેખતાં એટલી હલવલ મચે છે કે પોતાની શુધ જાતી રહે છે—ત્યાં બીચારા માનને કોણ સંભારે? અમ્મીએ-અમ્મી (ન. ૮૩) એટલે સં. અમ્બિકા હિં. અમ્મા. પિએ દિટ્ઠે—ભાવલક્ષણા, ચેઅઇ—જાણે છે. સરખાવો ચૈત્ય, ચિન્હ.

(૮૮) સવધુ કરેપ્પિણુ કધિદુ મઇં, તસુ પર સભલઉ જમ્મુ,
જાસુ ન ચાઉ ન ચારહડિ, ન ય પમ્હટ્ઠુ ધમ્મુ.

—સપથ લઇને (સોગંદપૂર્વક) મારાથી કહેવાયેલું (કે) તેનો જન્મ કેવલ સફલ (છે કે) જેનો ત્યાગ, અને ચારભટી—શૂરવૃત્તિ અને ધર્મ પ્રમુષિત—પ્રભ્રષ્ટ થયેલ નથી. સવધુ, કધિદુ—એમાં 'થ'ની જગ્યાએ ધ આવેલ છે. સભલઉ—સફલ તેમા 'ફ'ને સ્થાને 'ભ' આવ્યો છે. પમ્હટ્ઠઉં—પ્રભ્રષ્ટ. 'ભ્ર'ને સ્થાને 'મ્હ' આવેલ છે. ચારહડિ—ચારભટી—શૂરવૃત્તિ. ચાઉ—ત્યાગ, પમ્હટ્ઠઉ—ત્રણે એટલે ચાઉ, ચારહડિ અને ધમ્મં એ ત્રણેને લાગુ પડે છે. દોધકવૃત્તિમાંનો બીજો અર્થ 'જેને અપવ્યય નથી અને ધર્મભ્રષ્ટ નથી થયો' એ ઠીક નથી.

(૮૯) જઇ કેવંઇ પાવીસુ પિઉ, અકિયા કુડ્ડ કરીસુ,
પાણીઉ નવઇ સરાવિ જિવં, સવ્વંગે પઇસીસુ.

—(સ્ત્રી કહે છે) જો પિયુને કોઇ રીતે પામીશ (તો) અકૃત એવું કૌતક કરીશ. જેમ નવા શારાવમાં—માટીના વાસણમાં પાણી સર્વાંગે પેસે છે તેમ (સર્વાંગે હુ પેસીસ)—રોમરોમમાં ઉતરીશ. પાવીસુ, કરીસુ, પઇસીસુ—ભવિષ્યકાળ. સંભાવના અર્થે. ગૂજરાતીમાં 'શ' રાજસ્થાનીમાં 'સ્યું' વપરાય છે.

(૯૦) ઉઅ કણિઆરૂ પફુલ્લિઅઉ, કંચણકન્તિપયાસુ,
ગોરી—વયણ—વિણિજ્જિઅઉ, નં સેવઇ વણવાસુ.

—ઓ-જો કર્ણિકાર વૃક્ષ કાંચનની કાંતિ પ્રકાશ જેવું ફુલેલું છે જાણેકે ગૌરી વદનથી વિશેષે જીતાયેલુ તે વનવાસ સેવે છે. ઉઅ-પ્રા૦ છે ઓ-જો. કણિઆર-સં. કર્ણિકાર, પજાબી પહાડી-કનયાર, અમલતાશ-તેને ઘણાં પીળાં ફૂલો થાય છે. ગૌરી-જુઓ હવે પછી પ્રબંધ ચિંતામણી નં. ૧૪ સં. ગૌરી. ન જાણેકે ઉત્પ્રેક્ષા માટે વપરાય છે. વેદનો ઉપમાવાચક 'ન' વ્યાકરણમા ન બંધાયો, પણ પ્રવાહથી પ્રાકૃતમાં-ભાષામા ચાલ્યો આવ્યો.

(૯૧) વ્રાસુ મહારિસિ એઉ ભણઇ, જઇ સુઇસત્થુ પમાણુ,
માયહં ચલણ નવન્તાહં, દિવિદિવિ ગંગાણ્હાણુ.

—વ્યાસ મહાઋષિ એ ભણે છે કે જો શ્રુતિશાસ્ત્ર પ્રમાણ છે (તો) માતાના ચરણ નમનારાને દિન દિન ગગાસ્નાન છે. વ્રાસુ-વ્યાસ. આમાં 'ર'ને માટે સરખાવો શાપનો શ્રાપ-સરાપ. માયહં-માતાઓના. નવંતાહં-નમતા તણા. દિવિ દિવિ-વેદમાં ' દિવે દિવે '-જુઓ ઉપર ન. ૯૦ માં નં.

(૯૨) કેમ સમપ્પઉ દુટ્ઠુ દિણુ, કિધ રયણી છુડુ હોઇ,
નવ-વહુ-દંસણ-લાલસઉ, વહઇ મણોરહ સોઇ.

—દુષ્ટ દિન કેમ સમાપ્ત થાય (ને,) રજની કેમ ઝટ થાય એવો મનોરથ નવવધુના દર્શનની લાલસાવાળો વહે છે-ધારણ કરે છે. કેમ-ગૂજરાતી કેમ સં. કથં, છુડુ-ઝટ 'છ'નો 'ઝ' થવા માટે જુઓ ઉપર નં. ૮૭, ૮૮ ઝટ. વહઇ-વહે છે-ધારણ કરે છે, કરતા ફરે છે.

(૯૩) ઓ ગોરી-મુહ-નિજ્જિઅઉ, વદ્દલિ લુક્કુ મિયંકુ,
અન્નુવિ જો પરિહવિય-તણુ, સો કિવં ભવંઇ નિસંકુ.

—ઓ ! ગૌરીમુખથી જીતાયેલો મયંક-ચંદ્રમા વાદળમાં લુપાયો-છુપાયો, અન્ય પણ કે જેનું શરીર પરિભૂત-હારેલું છે તે નિઃશંક કેવી રીતે ભમે. હારેલો મુખ છુપાવતો ફરે છે. લુક્કુ-નિલીન. પરિહવિય-સં. પરિ+ ભૂપરથી પરિભૂત-પરાભવ પામેલો તેમાં 'ભૂ' નો 'હો' થયો છે.

(૯૪) બિમ્બાહરિ તણુ રયણવણુ, કિઉ ઠિઉ સિરિ આણુન્દ,
નિરવમ રસુ પિએં પિઅવિ જણુ, સેસહો દિણ્ણી મુદ.

—હે શ્રી આણંદ (કવિનું નામ) ! અથવા શ્રી આણંદ-શોભાકર એવો, બિંબ (ફલ) જેવા અધર ઉપરનો, રદનનો વ્રણ-દાંતે મારેલ ઘા કેવો રહ્યો (છે) ? જાણે કે પિયુએ નિરૂપમ રસ પીને બાકીના (રસ) માટે મુદ્રા આપી–મારી (હોય)–અધરપર દંતક્ષત કેવો છે, જાણેકે અનુપમ રસ પીને પીયુએ બાકીપર પોતાની મ્હોર લગાવી છે (કે કોઇ બીજા ન પીએ.)

બિંબાહરિતણુ–બિંબાધર ઉપરનો ' બિબાધર પર, તન્વીના ' એ અર્થ કરવાની જરૂર નથી. દોધકવૃત્તિમાં તેમ કર્યું છે. તણુ એટલે તન્વીના –સ્ત્રીના. ખરી રીતે 'તણુ, તણા યા તણો ' એ સંબંધસૂચક છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે. ઠિઉ–સં. સ્થિતઃ હિં. થિયો–થો–થા. સેસહો માં હો લઘુ બોલો.

(૯૫) ભણુ સહિ નિહુઅઉં તેવં મઈ, જઇ પિઉ દિટ્ઠુ સદોસુ.
જેવ ન જાણઇ મજ્ઝુ મણુ, પક્ખાવડિઅં તાસુ.

—હે સખિ ! જો મેં પિયુને સદોષ દીઠો (હોય તો) તે પ્રમાણે નિભ્રત–ગુપ્ત (છે તે) કહે, કે જેથી (તે) ન જાણઇ; મારૂં મન તેની સાથે પક્ષપાતી છે. મારૂં મન તે (પ્રિયા) નો પક્ષપાતી છે, તે ન જાણે, તેનાથી છૂપાવી કહે. આમાં અમરૂનો ' **नीचैः शंस, हृदि स्थितो हि ननु मे प्राणेश्वरः श्रोष्यति** ' માં જે ભાવ છે તે ભાવ છે. ' તે બીજાના પાસે સ્થિત મારૂં મન જેમ ન જાણે '–ભર્ત્તા ઇતિ અધ્યાહાર (!!) આવો દોધકવૃત્તિનો અર્થ બરાબર નથી.

(૯૬) મઈ ભણિઅઉ બલિરાય તુહું, કેહઉ મગ્ગણુ એહુ,
જેહુ તેહુ નવિ હોઇ વઢ, સઇં નારાયણુ એહુ.

—(કોઈ વામનાવતારની કથામાંથી–શુક્રાચાર્ય કહે છે) હે બલિરાજ, મેં તને કહેલું ' એવો કેવો માગણ (મજ્ગો) છે ? જેવો તેવો ન

હોય-હોય નહિ, હે મૂર્ખ એ સ્વયં નારાયણ છે. વઢ-મૂર્ખ. સરખાવો વંઠ (હર્ષચરિતનો). દોધકવૃત્તિ એમ કહે છે કે આ દોહાનો ઉત્તરાર્ધ તે બલિનો ઉત્તર છે.

(૯૭) જઈ સો ઘડદિ પ્રયાવદિ, કેત્થુવિ લેપ્પિણુ સિક્ખુ,
જેત્થુવિ તેત્થુવિ એત્થુ જગિ, ભણુ તો તહિ સારિક્ખુ.

—જો તે પ્રજાપતિ ગમે ત્યાંથી શિક્ષા લઈને જહીં તહીં-જ્યાં ત્યાં પણ આ જગમાં ઘડે છે તો કહે તે (નાયિકા)ના સરખું (કોણે ઘડયું હશે?) કેત્થુ, જેત્થુ, તેત્થુ, એત્થુ-

સં. કુત્ર, યત્ર, તત્ર, અત્ર. જૂની પંજાબીમાં કિત્થું જિત્થું તિત્થું ઇત્થું. પંજાબીમાં કિત્થેં, જિત્થેં, તિત્થેં, એત્થે. ચોથા ચરણનો પાઠ આ હોય એમ સંભવે છે 'ભણુ કો તહે સારિક્ખુ'-કહે કોણ તેના સરીખું છે?

(૯૮) જામ ન નિવડઇ કુંભયડિ, સીહ-ચવેડ ચડક્ક.
તામ સમત્તહં મયગલહ, પઇ-પઇ વજ્જઇ ઢક્ક.

—જ્યાં સુધી કુંભતટ-કુંભસ્થલપર સિંહની ચપેટની ચટાક-ઝપાટ નથી પડતી, ત્યાંસુધી સમસ્ત મદકલો-ગજોની પદે પદે ઢક્ક-વાજું વાગે છે. સિંહની ઝપાટ લાગ્યા સુધી માથે નગારાં વાગે છે.

ચડક્ક-અવાજના અનુકરણપરથી શબ્દ. ઢક્કા-એક જાતનું વાજું.

(૯૯) તિલહં તિલત્તણુ તાઉં પર, જાઉ ન નેહ ગલન્તિ,
નેહિ પણટ્ઠઇ તેજ્જિ તિલ, તિલ ફિટ્ટવિ ખલ હોન્તિ.

—જ્યાં સુધી સ્નેહ-તેલ ગલતું નથી-ચાલી નથી ગયું ત્યાં સુધીજ તલનું તલપણું છે. સ્નેહ-તેલ પ્રણષ્ટ થતાં તેજ તલ, તલ મટીને ખલ-ખોળ થાય છે. અહીં નેહના બે અર્થ છે. ચિકણાપણું (તેલ), અને પ્રેમ; ખલના બે અર્થ ખલ-ખોળ, અને ખલ એટલે દુર્જન. નેહ ગયો એટલે ખળ થયો.

દોધકવૃત્તિમાં નેહને બહુવચનમાં લઇ 'ગલન્તિ'નો કર્તા-તરીકે

લીધેલ છે, અધિક સંભવ એ છે કે 'તિલ' કર્ત્તા હોય ને 'નેહ' કર્મ હોય.

તેજ્જિ-તેજ. ગુજ૦ મારવાડીમાં ગુઇજે. જુઓ. નં.૧૭ પ્રબંધ ભાગ ૨ ફિટ્ટવિ-ફિટ્ટ-ફીટવું. બગડવું. ભ્રષ્ટ થવું. સરખાવો ઉપર નં. ૫૪.

(૧૦૦) જામહિં વિસમી કજ્જગઇ, જીવહિં મજ્ઝે એઇ,
તામહિં અચ્છઉ ઇયરૂ જણુ, સુઅણુવિ અન્તરૂ દેઇ.

—જ્યાં સુધી જીવોની મધ્યે વિષમ કાર્યગતિ આવે છે, ત્યાં સુધી ઇતર જન (એકબાજુ-અલગ) રહો, સ્વજન પણ અન્તર દે છે-પીઠ દેખાડે છે.

જામહિં તામહિં, જાઉં તાઉં, જામ તામ-જુઓ નં. ૯૮ અને ૯૫. સં. યાવત્ તાવત્-જ્યાંસુધી ત્યાંસુધી એ અર્થમાં આવે છે. અચ્છઉ-હિં-આછો-હો. તેની વાત જવા દો એ અર્થમાં.

(૧૦૧) જેવડુ અન્તરૂ રાવણ રામહં, તેવડુ અન્તરૂ પટ્ટણ ગામહં.

—જેવડું અંતર રાવણ રામનું-વચ્ચે, તેવડું અંતર પાટણ-શહેર અને ગામડાનું-વચ્ચે (સમજવું). જેવડુ તેવડુ-હિં. જિતના તિતના એમ વપરાય છે, જ્યારે ગૂજરાતીમાં તેજ શબ્દો વપરાય છે. આ કોઈ રાવણના પક્ષપાતીની ઉક્તિ છે, તેથી દોધકવૃત્તિકારે કર્યું છે તેમ પાટણ-ગામની બદલી ગામ-પાટણ એ રીતે કરવાની જરૂર નથી.

(૧૦૨) જે મુગ્ગડા હરાવિઆ, જે પરિવિટ્ઠા તાહં,
અવરોપ્પરૂ જોઅન્તાહ, સામિઉ ગંજિઉ જાહં.

—જેઓના નીચે ઉપર-પરસ્પર જોતાં-દેખતાં (તેમના) સ્વામીને ગાંજવામાં આવ્યો હોય, તેમને જે મગ પીરસ્યા તે નકામા ગયા.

અહીં 'મગ પીરસવા' એ મોટા આદર અને ઉત્સવની વાત છે. જમાઈ આવે છે યા તહેવાર આવે છે ત્યારે મગચોખા બને છે. જે કાયરોના અહીં તહીં જોતાં જોતાં સ્વામીને માર પડે તેને મગ પીરસવા વૃથા છે-મગ બરબાદ કરવા જેવું છે. રાજશેખરસૂરિ (સં.

૧૪૦૫) ના ચતુર્વિંશતિ પ્રબંધમાં આ ગાથા રત્નશ્રાવક પ્રબંધમાં જ્યાં એક રાજકુમાર બીજાની રક્ષા માટે પ્રાણ દેવા તૈયાર થાય છે ત્યાં જણાવવામાં આવી છે.

મુગ્ગડા–'મગ' 'ડા' ને માટે જુઓ પ્રબંધ ચિંતામણિ નં. ૧. હરાવિઆ–હારવું–વૃથા ખોવું. પરિવિટ્ટ–સં. પરિવિષ્ટ–પીરસેલા. અવરોપ્પરૂ–અવર અને ઉપ્પર–નીચે ઉપર–અહીં તહીં જોતાં યા ઉંચું નીચું વિચારતાં–દોધકવૃત્તિ અનુસાર 'પરસ્પર'. જોઅન્તાહં–જુઓ ઉપર ન. ૭માં જોઅન્તિએ. ગંજિઉ–ગંજવું, પીટવું, માર્યાજવું એ પરથી.

(૧૦૩) બમ્ભ તે વિરલા કેવિ નર, જે સવ્વંગ છઇલ્લ
જે વકા તે વંચયર, જે ઉજ્જુઅ તે બઇલ્લ.

હે બ્રાહ્મણ–યા બ્રાહ્મણ કહે છે કે જે કોઈ પણ નરો સર્વ અંગે–પ્રકારે છેલ–દક્ષ હોય છે તે વિરલા હોય છે, જે વાંકા હોય છે તે વંચક–ઠગ હોય છે ને જે ઋજુ–સરલ હોય છે તે બળદ (જેવા) હોય છે.

બંભ–બ્રહ્મ, કવિનું નામ, પ્રાકૃત પિંગલસૂત્રનાં કેટલાંક ઉદાહરણો-પર કોઇ કોઇ ટીકાકારે લખેલ છે કે બંભ (બ્રહ્મ) બંદી યા ભાટના અર્થે વપરાય છે જેમકે હરિબંભ એટલે હરિ નામનો બંદી=બ્રહ્મભાટ? બક–સં. વક્ર. આમાં જોડાક્ષરની 'ન' શ્રુતિ થાય છે. વંચયર એટલે વચકતર એમ માનવાની જરૂર નથી. 'અર' યા 'અયર' એ કર્તૃવાચક પ્રત્યય છે. ઉજ્જુઅ–ઋજુ. તેમાં ઋની ઉ–શ્રુતિ થાય છે.

(૧૦૪–૧૦૫) અન્ને તે દીહરલોઅણ અન્નુ તં ભુઅ–જુઅલુ
અન્નુ સુ ઘણ થણહારૂ તં અન્નુ જિ મુહકમલુ.
અન્નુ જિ કેસકલાવુ સુ અન્નુ જિ પ્રાઉ વિહિ
જેણ ણિ અમ્બિણિ ઘડિઅ સ ગુણ–લાયણ્ણ–ણિહિ.

—તે દીર્ઘલોચન (લાંબા નેણ) અન્ય–ઑરજ, તે ભુજયુગલ અન્ય, ને ઘનસ્તનભાર અન્ય, જે મુખકમલ તે અન્ય, જે કેશકલાપ તે અન્ય, પ્રાયઃ જે વિધિએ ગુણલાવણ્યનિધિ એવી નિતમ્બિની (નારી) ઘડી તે અન્યજ.

પ્રાઉ—પ્રાઇવ નં. ૧૦૬–પ્રાઇમ્વ નં. ૧૦૭, પગ્ગિમ્વ નં. ૧૦૮–સર્વનો અર્થ પ્રાયઃ છે.

(૧૦૬) પ્રાઇવિ મુણિહંવિ ભન્તડી, તે મણીઅડા ગણન્તિ,
અખઇ નિરામઈ પરમપઈ, અજ્જવિ લઉ ન લહન્તિ.

—પ્રાયઃ મુનિઓને પણ ભ્રાન્તિ થાય છે–તે મણકાઓ–પારાઓ ગણે છે–માળા ફેરવે છે. અક્ષય, નિરામય, પરમપદમાં આજ પણ લય પામતા નથી. (તેથી શૂન્ય ધ્યાન કરવાથી શું ?

—સરખાવો કબીરનું 'મનકા ફેરત જુગ ગયા'–મણકા ફેરવતા જુગ ચાલ્યો ગયો. મણિઅડા–મણિક–મણકા તેમા 'ડ' પ્રત્યય કુત્સાના અર્થમાં.

(૧૦૭) અંસુજલેં પ્રાઇમ્વ ગોરિઅહે સહિ ! ઉવ્વત્તા નયણસર
તેં સમ્મુહ સંપેસિઆ દેન્તિ તિરિચ્છી ઘત્ત પર.

—હે સખિ ! પ્રાયઃ ગૌરીના અશ્રુજલથી નયનરૂપી શરો ઉવટી ગયાં, તે સંમુખ સંપ્રેષિત (ભલે થાય) તિરછી ઘાત પર દે છે. અશ્રુજલમાં બુઝાયેલા છે નહિ. ચાલ સીધી છે પણ માર તિરછો છે.

ઉવ્વત્તા—સં. ઉદ્વૃત્ત, ઉવટેલા, આટેલા. દોધકવૃત્તિ નયનસરનો અર્થ નયનસરોવર કરીને અશ્રુજલમાં ઉલ્લસિત બતાવે છે !!

(૧૦૮) એસી પિઉ રૂસેસુ હઉં, રૂટ્ઠી મઇ અણુણેઇ,
પગ્ગિમ્વ એઇ મણોરહઇં, દુક્કર દઇઉ કરેઈ.

—પિયુ આવશે, હું રૂસીસ–રૂસણું કરીશ, હું રૂઠેલીને તે અનુનય કરશે–મનાવશે-સમજાવશે–પ્રાયઃ આવા દુષ્કર મનોરથો દયિતા કરે છે.

એસી–સ. એષ્યતિ રાજસ્થાની આસી. રૂસેસુ–સરખાવો પ્રાકૃત મન્તેસુ, જૂની હિંદી હનિસો, રાજસ્થાની કરસ્યું, ગૂજરાતી કરીશ. દુક્કર–એટલા માટે કે પૂરા થવાનું વિયોગના કારણે કઠિન છે.

(૧૦૯) વિરહાનલજાલકરાલિયઉ, પહિઉ કોવિ બુડ્ડિવિ ઠિઅઓ,
અનુ સિસિરકાલિ સીઅલજલઉ, ધૂમ કહન્તિહુ ઉટ્ઠિઅઓ.

—કોઇ કવિ જલમાં ધૂમ જોઈ બોલ્યો. 'કોઇપણ પથિક—મુસાફર વિરહાનલની જ્વાલાથી કરાલિત એટલે પીડિત થઇ ડૂબીને ઉભો છે, નહિતો (અન્યથા) શિશિરકાલે શીતજલમાંથી ધૂમાડો ક્યાંથી ઉઠ્યો.' પાણીની બાફ જોઇને ઉત્પ્રેક્ષા કરી છે.

કરાલિઅઉ–કરાલિયો–દગ્ધ, પહિઉ–મારવાડ પહી 'પાવણો પહી'–પથિક.

(૧૧૦) મહુ કન્તહો ગુટ્ઠિઅહો, કઉ ઝુમ્પડા બલન્તિ,
અહ રિઉ–રુહિરેં ઉલ્હવઇ, અહ અપ્પણેં ન ભન્તિ.

—ગોષ્ટ (ગોઠા)માં બેઠેલા મારા કાન્ત–કંથનાં ઝુંપડાં કેમ બળે છે? કાંતો રિપુ–રૂધિર એટલે શત્રુના લોહીથી ઓલવે છે, કાંતો પોતાના (રૂધિરથી) ઓલવે છે–તેમાં ભ્રાંતિ–શક નથી.

કંથ 'ગોષ્ટ' સંભાળતો ગયો છે, પાછળ શત્રુઓએ ઝુપડાં બાળી નાંખ્યાં. પોતાની જાતથી તો તેને ઉમેદ છે કે મારશે યા મરશે. અહ–અથ–કાંતો...કાંતો, ગુટ્ઠ–સં. ગોષ્ટ. સરખાવો ગુસાંઇજીની 'ગાઇગોઠ'.

(૧૧૧) પિય સંગમિ કઉ નિદ્દડી, પિઅહો પરોક્ખહો કેમ્વ,
મઈં બિન્નિવિ વિન્નાસિઆ, નિદ્દ ન એમ્વ ન તેમ્વ.

—પ્રિયસંગમમાં કેમ નિદ્રા (આવે?), પ્રિય પરોક્ષ હોતાં–તેના વિરહમાં (પણ) કેમ નિંદ્રા (આવે?) હું તો બંને (બાજુ)થી–સંયોગ કે વિયોગથી વિનાશિત થઈ. આમે ન નિંદ્રા આવે, ન તેમ (નિંદ્રા આવે.) કેમ્વ, એમ્વ, તેમ્વ–કેમ, એમ, તેમ; હિંદીમાં ક્યોં, યોં, ત્યોં; કિમિ, ઇમિ, તિમિ; કેવેં, એવેં, તેવેં. (પંજાબીમાં એવેં છે). મઈં બિન્નિવિ વિન્નાસિઆ–આનો અર્થ દોધકવૃત્તિકાર '**मया द्वे अपि विनाशिते**।' એવો વિચિત્ર કરે છે.

(૧૧૨) કન્તુ જુ સીહહો ઉવમિઅઈ, તં મહુ ખંડિઉ માણુ;
સીહુ નિરક્ખય ગય હણઇ, પિયુ પયરક્ખસમાણુ.

—કંથ કે જેને સિંહની ઉપમા આપવામાં આવે છે તે મારા માનને ખંડિત કર્યા (જેવું) છે. સિંહ ગજને-હાથીને રક્ષક વગરનો હોય ત્યારે-તેવા નીરક્ષકને હણે છે-(મારો) પિયુ તો પદરક્ષ-પેદલથી સમેત-સહિત-એવા ગજને હણે છે.

જંગલમાં જે હાથીને સિંહ મારે છે તે રખવાળ વગરના-નીરક્ષક હોય છે ને રણભૂમિમાં તેના રક્ષક પેદલ સીપાઈ હોય છે તે સમેત હાથીઓને મારનારા મારા પિયુને સિંહની ઉપમા આપવી એ મારા માનને ઘટાડનારૂં છે.

ઉવમિઅઇ-સં. ઉપમીયતે. પયરક્ખ-પદરક્ષ-પ્યાદા-પાયદલ.

(૧૧૩) ચંચલુ જીવિઉ ધ્રુવુ મરણુ, પિય રૂસિજ્જઇ કાઈં
હોસઇં દિઅહા રૂસણા, દિવ્વઈં વરિસસયાઈં.

—હે પ્રિય! ચંચલ જીવિત છે, ધ્રુવ મરણ છે (તો) શામાટે રૂઠે છે-રૂસણાં લે છે. રૂસણાના દિવસ વરસ સમાન દીર્ઘ-લાંબા થશે.

(૧૪) માણિ પણટ્ઠઇ જઇ ન તણુ, તો દેસડા ચઇજ્જ,
મા દુજ્જણકરપલ્લવેહિં, દંસિજ્જન્તુ ભમિજ્જ.

—માન પ્રનષ્ટ થતાં જો તનુ-શરીર ન (તજાય) તો દેશ તજવો પરંતુ દુર્જનના કરપલ્લવથી દેખાડાતા એવા તરીકે ભમતું ન જોઇએ.

માણિ પણટ્ઠઇ-ભાવવાચક સપ્તમિ. ચઇજ્જ, ભમિજ્જ એટલે તજીએ, ભમીએ. દંસિજ્જન્તુ-દેખાડતા એવા. દોધકવૃત્તિ ડશાતા-ડંખખાતા એવો અર્થ કરે છે, તે યોગ્ય નથી લાગતો.

(૧૧૫) લોણુ વિલિજ્જઇ પાણિએણ, અરિ ખલમેહ મ ગજ્જુ,
બાલિઉ ગલઇ સુઝુમ્પડા, ગોરી તિમ્મઇ અજ્જુ.

—પાણીથી લોણ-(લવણ-લાવણ્ય એ બે અર્થ છે) વિલય પામે છે-અરે! ખલમેઘ! ગરજ નહિ. ઝુમ્પડા બળેલા થતાં ગળે છે અને ગોરી આજ ભિજાય છે. સં. લાવણ્ય હિંદી લૌન ગુ. લુણ-લવણ

(જેમકે સલુણો તેમાં લુણ એ લાવણ્યના અર્થમાં છે)-ફારસી નમક સૌંદર્યના અર્થમાં વપરાય છે. અમરૂશતકમાં એક પ્રક્ષિપ્ત શ્લોક છે કે જ્યારથી પ્રેમપ્રિયાથી મેં તેના અધરનું પાન કર્યું ત્યારથી તરસ વધતી જ જાય છે. કેમ ન વધે ? તેમાં લાવણ્ય છે ને ? નમકથી તરસ વધે છે. આ પર ટીકાકાર આ કલ્પનાની ગ્રામ્યતાપર મશ્કરી કરે છે કે વાહ કવિ કેવો છે, કોઇ સાંભરની ખાન ખોદનારો છે ! અહીં નમક ' પાણી પડવાથી ગળે છે '–એ લઇ ઉક્તિ કરી છે કે દુષ્ટ મેઘ, ગરજ મા. ઝુંપડું ગળતું જાય છે, ગોરી ભીંજાય છે; લવણ-લાવણ્ય ગળે છે–બસ કર. લોણુ-લવણ અને લાવણ્ય. વિલિજ્જઇ–સં. વિલીયતે. બાલ્લિઉ–બળ્યો રાજસ્થાની ગાલી, દગ્ધ. તિમ્મઇ–સં. તિમ્ આર્દ્ર બનવું, ભીંજાવું. દોધકવૃત્તિમાં એ અર્થ કરેલા છે છતાં ભાવ અસ્પષ્ટ છે.

(૧૧૬) વિહવિ પણટ્ઠઇ વંકુડઉ, રિદ્ધિહિં જણસામન્નુ
કિંપિ મણાઉં મહુ પિઅહો, સસિ અણુહરઇ ન અન્નુ.

—રિદ્ધિમાં વાંકડા થવું ને જનસામાન્ય છે–તેવો વાંકડો મારો પિયુ વિભવ નષ્ટ થતાં છે. (તેને) કંઇક થોડો શશિ અનુસરે છે–સમાન થાય છે, બીજો નથી.

ચંદ્રમા ક્ષીણ થાય છે તો તેની કલાઓ વાંકી રહે છે, પૂર્ણ થાય છે ત્યારે સામાન્ય ગોળ અને તારાઓ જેવો–તે ચંદ્ર મારા પિયુના જેવો છે. પિયુ સંપત્તિ નષ્ટ થઇ છતાં અકડાતો રહે છે ને સંપત્તિમાં નમ્રતાથી સાધારણ રહે છે.

મણાઉં–સં. મનાક્, કંઇક.

(૧૧૭) કિર ખાઇ ન પિઅઇ ન. વિ દ્દવઇ, ધમ્મિ ન વેચ્ચઇ રૂઅડઉ,
ઇહિ કિવણુ ન જાણઇ જહ, જમહો ખણેણ પહુચ્ચઇ દૂઅડઉ.

—ખરેખર ન ખાય, ન પિયે, ન આપે, ન ધર્મમાં રૂપીઓ ખર્ચે. —અહીં કૃપણ જાણતો નથી–જ્યમ જમનો દૂત ક્ષણમાં આવી પહોંચશે. કિર–કિલ, વેચ્ચઇ–સં. વ્યયતિ ખર્ચ કરે પહુચ્ચઇ-સં. પ્રભ-

વતિ–પહોંચે. રૂઅડઉ, દૂઅડઉ–રૂપીઓ, દૂતડો–દૂત. જુઓ પ્રબંધ ચિંતામણી નં. ૧ આગળ.

(૧૧૮) જાઇજ્જઈ તહિં દેસડઇ, લબ્ભઈ પિયહો પમાણુ,
જઈ આવઇ તો આણિઅઇ, અહવા તં જિ નિવાણુ.

—જ્યાં પિયુનો પ્રમાણ–પત્તો મળે તે દેશમાં જઇએ; (તે) જો આવે તો આણીએ–લાવીએ, અથવા તે જ નિર્વાણ (માની લેવું. જિ–પાદપૂરણ.

(૧૧૯) જઈ પવસન્તે સહું ન ગયઅ, ન મુઅ વિઓએં તસ્સુ,
લજ્જિજ્જઇ સંદેસડા, દિન્તેહિં સુહય–જણસ્સુ.

—(કોઇ પ્રોષિતભર્તૃકા સખીને કહે છે) જો પ્રવાસ કરતા (પિયુ) સાથે ન ગઈ, તેમ હું તેના વિયોગથી ન મુઈ; તો તે સુભગજનને સંદેશા આપતાં મને લજ્જા આવે છે.

પવસન્તે દેન્તેહિ–વર્ત્તમાન કૃદંત.

(૧૨૦) એત્તહે મેહ પિઅન્તિ જલુ, એત્તહે વડવાનલ આવટ્ટઇ,
પેક્ખુ ગહીરિમ સાયરહો, એક્કવિ કણિઅ નાહિં ઓહટ્ટઇ.

—(હે નાથ !) અહીંથી મેઘ જલ પીએ છે, અહીંથી વડવાગ્નિ શોષે છે. સાગરની ગંભીરતા જો–એકપણ કણિક–બિંદુ પણ ઓછો થતો–ઘટતો નથી.

આવટ્ટઈ–સં. આવર્ત્તતે. હિં–ચોટતા હે. ગહીરિમ–સં. ગંભીરિમા. કણિઅ–કણિકા, કણી. ઓહટ્ટઇ–સં. અવઘટતિ.

(૧૨૧) જાઉ મ જન્તઉ પલ્લવહ, દેખ્ખઉં કઇ પય દેઈ
હિઅઇ તિરિચ્છી હઉ જિ પર, પિઉ ડમ્બરઈ કરેઇ.

—(કોઇ સ્ત્રી કહે છે) જાઓ જનારાનો પલ્લો ન (પકડું); જોઉં (છુંકે) કેટલાં પગલાં દે છે–આપે છે. હૃદયમાં હું તિરછી–આડી રહી છું; કેવલ પિયુ આડમ્બર કરે છે. (જવાનો નથી.)

હું હૃદયમાં તિરછી-આડી-રસ્તો રોકી ઉભી છું, પિયુ જવાનો આડંબર કરે છે. જાવા આવાનું કંઇ નહિ બને, પલ્લા બલ્લા હું પકડતી નથી. જાઓ, જોઉં છું કે કેટલાં પગલાં જાઇ શકે છે. પલ્લવહ-પલ્લાના ?

(૧૨૨) હરિ નચ્ચાવિઉ પંગણઇ, વિમ્હઈ પાડિઉ લોઉ,
એમ્વહિં રાહ-પયોહરહં, જં ભાવઇ ત હોઉં.

હરિ આગણે નચ્ચાવ્યો, લોકને વિસ્કાયમા પાડયા-નાખ્યા. આ રીતે. —હવે રાધાપયોધરોનું જે ભાવે-થવાનું હોય તે થાઓ. જે આ ઇચ્છે તે કરે, હરિને તો આંગણે નચાવ્યો હવે શું કરશે.

(૧૨૩) સાવ સલોણી ગોરડી, નવખી કવિ વિસ-ગંઠિ,
ભડુ પચ્ચલિઉ સો મરઇ, જાસુ ન લગ્ગઈ કંઠિ.

—સર્વ સલુણી ગોરી કોઇ અનોખી-નવીન વિષગંઠિ છે-તે એવી કે જે સુભટના કંઠે તે ન લાગે તે મરે. વિષગાંઠ ગળે લાગવાથી મરણ નિપજાવે અને આ ન લાગે તો મારે એટલા માટે તે અનોખી.

સલોણી-સં. સલાવણ્યા. સલુણી જુઓ ઉપર નં. ૧૧૪. ગોરડી-ગોરી. નવખી-સં. નવકા (નવીના) પંજાબી-નૌકખી, અનૌખી-અનોખી. ભડુ-ભટ દેખો પ્રબંધ ચિં. પચ્ચુલિઉ-પ્રત્યુત (હેમચંદ્ર ૮-૫-૪૨૦) 'અનગુડે બુડે તરે' એ અહીં ભાવ છે.

(૧૨૪) મઈ વુત્તઉં તુહું ધુર ધરહિ, કસરેહિં વિગુત્તાઇં
પઈં વિણુ ધવલ ન ચડઈ ભરૂ, એમ્વઇં વુન્નઉ કાઇં.

—મે કહ્યું-હે ધવલ !-ધોંસરી ઉપાડનારા ધોરી બળદ ! તું ધુંસરી ધર-લે, કસરથી-નાના બળદોથી વિગુપ્તો-(ધુંસરીઓ ?) ને તારા વિના ભર ન ચડે. એમ શાને ખેદ કરે છે ?-વિષણ્ણ છે ?-આ અન્યોક્તિ છે કે તું ભાર ઉઠાવ, વાછરડાંઓથી શું સરશે ? ધુર-આગળનો ભાર, કસર-નાના બળદ, વિગુત્ત ?-ન ઉપડી શકતી ? ધવલ-જે જાતિમાં જે ઉત્કૃષ્ટ છે તે ધવલ. વુન્નઉ-વુન્નો-વિષણ્ણ-વિષાદયુક્ત.

(૧૨૫) એક્કુ કઇઅ હ વિ ન આવહી, અન્નુ વહિલ્લઉ જાહિ,
મઇં મિત્તડા પ્રમાણિઅઈ, પઈ જેહઉ ખલુ નાહિં.

—એક કદી પણ આવે નહિ, બીજો વહેલો ચાલ્યો જાય. હે મિત્ર! મેં પ્રમાણિત કર્યું છે કે તારા જેવો નિશ્ચય કોઈ પણ નથી. આ અર્થ ઠીક લાગે છે.

(દોધકવૃત્તિ એવો અર્થ બીજી કડીનો કરે છે કે હે મિત્ર મારાથી જેવો પ્રિય પ્રમાણાયો, તેવો તારાથી નિશ્ચયે જણાયો નથી; બીજો અર્થ એકે મેં હે મિત્ર પ્રમાણિત કર્યું કે તારા જેવું ખલુ નહી—નથી. આ અર્થ અસ્પષ્ટ છે.)

(૧૨૬) જિવં સુપુરિસ તિવં ઘંઘલઇં, જિવં નઇ તિવં વલણાઇં;
જિવં ડોંગર તિવં કોટ્ટરઇં, હિઆ વિસૂરહિ કાંઇ.

—જેમ સુપુરૂષ તેમ ઝઘડા થાય છે, જેમ નદી તેમ વલન, જેમ પર્વતો તેમજ કોતરો. હે હૃદય! કેમ વિષાદ પામે છે?—મિત્રતામાં ઝઘડા હોયજ છે. ઘંઘલઇ-ઝઘડો થવો.

(૧૨૭) જે છડ્ડેવિણુ રયણનિહિ, અપ્પઉં તડિ ઘલ્લન્તિ,
તહં સંખહં વિટ્ટાલુ પર, ફુક્કિજ્જન્ત ભમન્તિ.

—જે શંખો રત્નનિધિ—રત્નાકર—સમુદ્રને છોડીને પોતાને તટપર ઘાલે છે—મૂકે છે, તેને વિટ્ટાલુ—વટલેલો—અધમજન કેવલ ફુંકતાં ભમે છે. જે પોતાનું સ્થાન છોડે છે તેને વિડંબના થાય છે.

છડ્ડેવિણુ છાંડીને—છોડીને પૂર્વકાલિક—ભૂતકૃદંત. વિટ્ટાલુ-દોધકવૃત્તિ અધમજન એ અર્થ કરે છે, હેમચંદ્ર અસ્પૃશ્યસંસર્ગ એ અર્થ આપ્યો છે. વિટાલ—બગડેલ, વટલવું—બગડવું. વટલાવવું—બગાડવું.

(૧૨૮) દેવિહિ વિઢત્તઉં ખાહિ વઢ, સંચિ મ એક્કુવિ દ્રમ્મુ,
કોવિ દ્રવક્કઉ સો પડઇ, જેણ સમપ્પઇ જમ્મુ.

—હે મૂર્ખ! દૈવથી સોંપાયેલું—કમાયેલું ખા, એક પણ દ્રમનો

સંચય ન કર. કોઇ પણ ભય-ડર આવી પડે કે જેથી જન્મારો સમાપ્ત થઇ જાય.

નિહત્ત—સં. અર્જિત ? (દોધકવૃત્તિ), સોંપેલ. સંચિ-સંચવું. જૂની હિંદીમાં તથા પંજાબીમાં સંચના છે. ગૂજરાતીમાં કહેવત છે કે

'કીડી સંચરે તેતર ખાય'-સંચય કરવો-ભેગું કરવું. દ્રમ્મુ-દ્રમ-એક જાતનો સીક્કો, તે પરથી દામ-એટલે નાણું. દવક્કઉ-દવને, ડરને. વઢ-મૂર્ખ-'ઢ' એટલે મૂર્ખ એમ ગૂજરાતીમાં વપરાય છે.

(૧૨૯) એકમેક્કઉ જઇવિ જોએદિ, હરિ સુટ્ઠુ સવ્વાયરેણ,
તોવિ દ્રેહિ જહિં કહિ વિ રાહી, કો સક્કઇ સંવરેવિ દડ્ઢનયણા નેહિં પલુટ્ટા.

—એક એક (ગોપીને) જોકે હરિ સારી રીતે સર્વાદરેથી જુએ છે, તોપણ જ્યાં ક્યાં પણ-ગમે ત્યાં રાધા (હોય) ત્યાં જ દૃષ્ટિ છે. દગ્ધ (દઢ) નયનોને, નેહથી થયેલ પલટાને સંવરણ કરવા કોણ શક્તિમાન છે ? દોધકવૃત્તિનો અર્થ ગડબડીઓ લાગે છે-તે એમ છે કે એકેક અંગને જેમ છે તેમ હરિને જોકે સુષ્ઠુ સર્વ આદરથી રાધા જુએ છે તોપણ દઢ દૃષ્ટિ રાગસ્નેહથી જે કોઈ અંગપ્રદેશે સ્થાપિત થયેલી દૃષ્ટિને સંવરવા કોણ સમર્થ થાય ?

(૧૩૦) વિહવે કસ્સુ થિરત્તણઉં, જોવ્વણિ કસ્સુ મરટ્ટુ,
સો લેખડઉ પટ્ઠાવિઅઇ, જો લગ્ગઈ નિચ્ચટ્ટુ.

—વિભવમાં કેનું સ્થિરપણું ? યૌવનમાં કેનું મરાહાપણું-અહંકારીપણું (તોપણ) તે લેખ (કાગળ) લાગે તો બરાબર-એમ સમજી મોકલવામાં આવે છે.

નાયકનો ભરોસો નથી, વૈભવમાં કેની આશા કરી શકાય કે તે સ્થિર રહેશે ? પોતાના યૌવનનો પણ અભિમાન નથી કે તે તેને ખેંચી લાવશે તોપણ ખંડિતા યા પ્રોષિતા શોચે છે કે એવો સંદેશો મોકલું કે જે તીરની માફક બરાબર લાગે.

થિરત્તણુઉં–સ્થિરત્વ. લેખડઉ–લેખડો, લેખ. નિચ્ચટ્ટ–અત્યંત ગાઢ.

(૧૩૧) કહિં સસહર કહિં મયરહર, કહિં બરિહિણુ કહિં મેહુ,
દૂરઠિઆહંવિ સજ્જણહં, હોઈ અસડ્ઢલુ નેહુ.

—ક્યાં શશધર (ચંદ્ર), ક્યાં મકરધર (સમુદ્ર), ક્યા મોર, ક્યાં મેઘ. સજ્જનો દૂરસ્થિત હોય તોપણ અસાધારણ સ્નેહ હોય છે. બરિહિણુ–સં. બર્હિ–મોર; અસડ્ઢલુ–સં. અસંસ્થુલ ?

(૧૩૨) કુંજરૂ અન્નહ તરૂઅરહં, કુડ્ડેણ ઘલ્લઇ હત્થુ,
મણ પુણુ એક્કહિં સલ્લઇહિં, જઇ પુચ્છહ પરમત્થુ.

—કુંજર (હાથી) અન્ય (પર). તરૂવરો પર, કોડે કરી હાથ ઘાલે–નાંખે, પણ જો પરમાર્થ પૂછો (તો), (તેનું) મન એકજ (પર) સલ્લકી (એક જાતના બળદો–જુઓ ઉપર નં. ૭૨) પર (હોય છે). કુડ્ડુ–કૌતક–વિનોદ જુઓ ઉપર ન. ૮૯.

(૧૩૩) ખેડ્ડયં કયમમ્હેહિં, નિચ્છયં કિં પયમ્પહ,
અણુરત્તાઉ ભત્તાઉ, અમ્હે મા ચય સામિઅ.

—અમારી સાથે નિશ્ચયે ખેલ કરવામાં આવ્યો (છે)–શું કહે છે (કહીએ) ?, સ્વામિ ! અનુરક્ત ભક્તો એવા અમોને મ તજ. અનુષ્ટુપ્ છંદ. ખેડ્ડુ–ખેલ. પંજાબી ગીતમાં સાડે ખેડણુ દે દિન ચાર. પાઠાંતરમાં અણુરત્તાઉ ભત્તાઓ છે.

(૧૩૪) સરિહિં ન સરેહિં ન સરવરેહિં નવિ ઉજ્જાણુ–વણેહિં
દેસ રવણ્ણા હોન્તિ વઢ, નિવસન્તેહિં સુઅણેહિં.

—(ન) સરિ(તા)ઓથી, ન સરથી, ન સરવરથી, ન ઉદ્યાન-વનોથી પણ દેશ રમણીય થાય છે. (પણ) મૂર્ખ ! નિવાસ કરતા સ્વજનોથી (થાય છે). રવણ્ણ–રમણીય, રમ્ય. વઢ–જુઓ ઉપર નં. ૪૩, ૧૨૮ વગેરે.

(૧૩૫) હિઅડા પઇ એહુ બોલ્લિઅઓ, મહુ અગ્ગઇ સયવાર,
ફુટ્ટિસુ પિએ પવસન્તિ હઉં, ભંડય ઢક્કરિ સાર.

—હૈડા ! (તું) મારી આગળ સોવાર એમ બોલ્યું કે પિયુના પ્રવાસ કરતાં(જ) ફાટીશ. હોં,–હે ભંડ !–હે અદ્‌ભુત દઢતાવાળા ! (હજી તું ફાટયું નહિં.)

હિઅડા–હે હૈયા. પઇ–મધ્યમપુરૂષ, તું. ફુટ્ટિસુ–ફુટીશ–ફાટીશ. પિએ પવસન્તિ–ભાવવાચક સપ્તમી. ભડય–પાખંડી. ઢક્કરીસાર–ઠકરી ગયો છે એટલે નિકલી ગયો છે જેનો સાર–બળ તે, તેવો ઢીલો–નબળો, (દોધકવૃત્તિ); પરંતુ અદ્‌ભુત સારવાળો (હિમચંદ્ર).

(૧૩૬) એક્ક કુડુલ્લી પચહિં રૂદ્ધી, તહં પંચહંવિ જુઅંજુઅ બુદ્ધી,
બહિણુએ તં ઘર કહિ કિંવ, નન્દઉ, જેત્થુ કુડુમ્બઉ અપ્પણ-છન્દઉં.

—એક કુટી (શરીર રૂપી ઝુંપડી) છે, (તે) પાંચ (ઇંદ્રિયો)થી રૂંધાયેલી છે, તે પાંચને પણ જુદી જુદી બુદ્ધિ (છે), બહેન ! તે ઘર કે જ્યાં કુટુમ્બ આપછંદીલું (હોય) તે કેમ નંદે–પ્રસન્ન થાય તે કહે.

કુડુલ્લી–કુટીના કુત્સિત કે અલ્પના અર્થમાં; જુઅંજુઅ–જુદી જુદી. અપ્પણછંદ–આપમતીલું–પોતપોતાના મતવાળું. હીંદીમાં એક દોહો છે કેઃ—

'ખસમ પૂજતે દેહરા, ભૂત પૂજિની જોય;
એકે ઘરમેં દો મતા, કુસલ કહાં તે હોય.

(૧૩૭) જો પુણિ મણિ જિ ખસફસિ હૂઅઉ, ચિન્તઇ દેઇ ન દમ્મુ ન રૂઅઉ,
રસવસ-ભમિરૂ કરગ્ગુલ્લાલિઉ, ઘરહિં જિ કોન્તુ ગુણઇ સો નાલિઉ.

—જે પણ મનમાંજ ધુસપુસ ચિન્તવ્યા કરે, દ્રમ્મ ન આપે, ન રૂપિયો આપે એટલે કે ખર્ચ કરે નહિ, રતિવશ થઇ ભ્રમણ કરનારો ઘરમાંજ હાથના અગ્રભાગથી ઉલાળેલું કુંત–ભાલું ફેરવે તે નાલિઅ–મૂર્ખ છે. જે સદા વ્યાકુળ રહે, પૈસા ખરચે નહિ, ઘર બેઠાં ભાલું ફેરવ્યાં કરે તે મૂઢ છે.

ખસફ્સિહૂઅઉ–વ્યાકુલ. દ્રમ્મુ–દ્રમ નામનો સિક્કો–દામ, રૂઅઉ–રૂપક–રૂપીઓ–ચાંદીનો સિક્કો, રઇ–રતિ–મનની લહેર, ભમિરૂ–ભમતો, ઉલ્લાલિઉ–ઉલ્લાલિત, કોન્તુ–કુંત–ભાલું, ગુણઇ–ગણે–સરખાવો માળા ગણે–ફેરવે; નાલિઇ–દુર્લાલિત, મૂઢ ઉપરના વદના અર્થમાં.

(૧૩૮) ચલેહિ ચલન્તેહિ લોઅણેહિં, જે તઇં દિઠ્ઠા બાલિ,
તહિં મયરધ્ધય–દડવડઉ, પડઇ અપૂરઇ કાલિ.

—હે બાલા ! (તારા) ચલ–ચંચલ ચાલતાં લોચનોથી તારાથી જે દેખાયો–તે જેને દીઠો, તેના પર મકરધ્વજનો દડવડો અધૂરા કાલે* પડે છે (દોધકવૃત્તિ); યા તેના પર મકરધ્વજ અપૂર્ણ કાલે દડવડી પડે. જેને તેં ચંચલ નયનોથી જોયો તેના પર દરોડો–હુમલો થાય છે, તે કમોતે માર્યો જાય છે.

દડવડઉ–અચ (।વ) સ્કંદ કટક ધાટી (દોધક વૃત્તિ) ધાડું, લૂંટ. અપૂરહ કાલિ–અપૂર્ણકાળે–કવખતે.

(૧૩૯) ગયઉ સુ કેસરિ પિઅહુ જલુ, નિચ્ચિન્તઇં હરિણાઇં,
જસુ કેરઇં હુંકારડએં, મુહહું પડન્તિ તૃણાઇં.

—હે હરિણો ! તે કેસરી કે જેના હુંકારથી (તમારા) મુખમાં તૃણ (ખરી) પડતા હતા તે ગયો. (હવે) જલ નિશ્ચિંતપણે પીઓ.

જસુ કેરઇં–જેના કેરા–તણા. જસુ (સં. યસ્ય)માં છઠ્ઠી વિભક્તિ ‘સુ’ યા ‘ઉ’ જુદી છે; કેરઇં વિશેષણની પેઠે ‘હુંકારએ’ ને લાગુ પડે છે. કેર વિભક્તિ નથી કે જેથી ‘જસુ’ સાથે જોડવામાં આવે. આ કેર, હિંદી ‘કા, કી, કે’નો જનક–પિતા કહેવામાં આવે છે પણ આ પોતેજ વિભક્તિ નથી તેમ જુદો પડતો નથી. વળી તેના પુત્ર પૌત્ર કેવી રીતે છૂટા પડી શકે ? આને મળતો એક મારવાડી પ્રસિદ્ધ દોહો છે કેઃ—

જિણ મારગ કેહરિ વુવો, રજ લાગી તિરણાંહ,
તે ખડ ઉભી સૂખસી, નહિં ખાસી હરિણાંહ.

—જે માર્ગે સિંહ ગયો ત્યાં તૃણોને રજ લાગશે–તે ખડ ઉભું ઉભું સુકાઇ જશે, હરિણો ખાશે નહિ.

(૧૪૦) સત્થાવત્થહં આલવણુ, સાહુવિ લોઉ કરેઇ,
આદન્નહં મમ્ભીસડી, જો સજ્જણુ સો દેઇ.

—સ્વસ્થાવસ્થાવાળા–સુખી (પુરૂષો)નું આલપન–કથન–વાતચીત (જુઓ ન. ૪૮) સૌએ લોક કરે છે, (પરંતુ) આર્ત્ત (જનો)ને 'મ ડરીશ' (એવી અભય વાણી) જે સજ્જન છે તે આપે છે–આશ્વાસન દે છે. સાહુ–સહુ, સર્વે; આદન્નહ–? આપન્ન હં–આપન્નો–આર્ત્તોને. મમ્ભીસડી–મા ડર '**મા ભૈષીઃ**' એ વાક્યથી બનાવેલી સંજ્ઞા. 'ડી' છે તે સ્વાર્થમાં છે.

(૧૪૧) જઇ રચ્ચસિ જાઇટ્ઠિઅએ, હિઅડા મુદ્ધ સહાવ,
લોહેં ફુટ્ટણએણ જિવં, ઘણા સહેસઇ તાવ.

—હે મુગ્ધ સ્વભાવવાળા હૈડા! જે જે દીઠું તેમાં જો (તું) રચે છે–પ્રેમ કરે છે–રક્ત થાય છે, તો ફુટતા–તુટતા એવા લોઢાની જેમ તું ઘણા તાપ સહેશે. જે દીઠું તેમાં રમવા કે પ્રેમ કરવા તું લાગી જા તો ઘડી ઘડી લોઢાની માફક તને તપાવવામાં આવશે, ત્યારેજ કોઇ એક જગ્યાએજ પ્રેમ કરવાની દૃઢતા શીખીશ. રચ્ચસિ–રચે છે, પ્રેમ કરે છે. જાઇટ્ઠિઅએ–જે જે દૃષ્ટ–દીઠું તે તેમાં. ફુટ્ટણએણ–ફુટનારાથી–ખંડિત થનારાથી. સહેસહિ–કર્તૃવાચ્ય, કર્મવાચ્યને અડચણ રૂપ થાય છે.

(૧૪૨) મઇં જાણીઉં બુડ્ડીસુ હઉં, પ્રેમદ્રહિ હુહુરત્તિ;
નવરિ અચિન્તિય સંપડિય, વિપ્પિય નાવ ઝડત્તિ.

—મેં જાણ્યું (કે) હું હુહુરૂ કરતી–એ શબ્દ કરતી પ્રેમ રૂપી દ્રહમાં બુડીશ, પરંતુ અચિંતિ ઝટ–એકદમ વિપ્રિય (રૂપી) નાવ (વિયોગ બેડા) સંપ્રાપ્ત થયું. પ્રેમ એટલો હતો કે હું દ્રહની સમાન તેમાં ડૂબી જાત પરતુ તેમાંથી મને બચાવવાને વિપ્રિયરૂપી નાવ ઝટ મળી ગઇ. બુડ્ડીસુ–બુડીશ (જુઓ હવે પછી પ્રબોધ ચિંતામણી નં. ૧ માં ડુબ્બિઅઉ એ શબ્દ). હુહુરત્તિ–અનુકરણ–ડૂબતી વખતે શ્વાસ એવો ઉઠે

—ગભરાતી વખતનો શબ્દ નીકળે. નવરિ—સંસ્કૃત છાયાકાર 'કેવલ' એ અર્થ કરે છે તે નહિ, પણ તેનો અર્થ અત્ર પરંતુ, હિંદી વરન છે. સંપડિય—સંયોગથી મળી. વિપ્પિયનાવ—'વિપ્રિય રૂઠવો યા વિયોગએડા એ દોધક વૃત્તિમાં અર્થ છે.

(૧૪૩) ખજ્જઇ નઉ કસરક્કેહિં પિજ્જઇ નઉ ઘુંટેહિં,
એમ્વઇ હોઇ સુહચ્છડી, પિએં દિટ્ઠે નયણેહિં.

—પિયુ કોળીઆથી ખવાતો નથી, ઘુંટડાથી પીવાતો નથી. એવોજ નયનોથી પીયુ દીઠે સતિ સુખસ્થિતિ હોય છે. ખાવા પીવાની જેવી તો તૃપ્તિ થતી નથી, કિંતુ કોઇ અનિર્વચનીય સુખ મળે છે. ખિજ્જઇ—ખાઇજે; પિજ્જઇ પીજે કર્મવાચ્ય. કસરક—મોટા મોટા કોળીઆ. જુઓ તે શબ્દ ઉપર ન. ૭ મા. એમ્વઇ—એમજ, અથવા એમ હોવા છતાં પણ (દો૦ વૃ૦). સુહચ્છડી (સુખ અને અસ્તિ)પણું—'ડી' લગાડી નામ બનાવાયું. (દે૦ ૩૭, ૬૧, ૧૪૦) અથવા સુખાશા (દો૦ વૃ૦), પિએં દિટ્ઠેં—ભાવવાચક સપ્તમી

(૧૪૪) અજ્જવિ નાહુ મહુજ્જિ, ઘરિ સિદ્ધત્થા વન્દેઇ;
તાઉંજિ વિરહુ ગવક્ખેહિં, મક્કડુ-ઘુગ્ગિઉ દેઇ.

—આજપણ નાથ મારેજ ઘેર (છે ને) સિદ્ધાર્થોને વંદે છે, તો પણ વિરહ ગવાક્ષો—જાળીઓમાંથી મર્કટવત્ ઘુઘિઓ—હીં. ઘુડકી—ઘુરકીઉ (ચેષ્ટારૂપ) દે છે—કરે છે. હવે નાથ પરદેશ ગયા નથી, ઘરમાંજ છે. યાત્રાકાલનાં મંગલ દ્રવ્યોને માથે લગાડે છે તો પણ વિરહ સમજી ગયો કે મારો વખત આવી ગયો. હવે તે મુખ્ય દરવાજામાંથી ઘુસી શકતો નથી તેથી જાળીના મુખમાંથી વાંદરો ડોકીઉં કરે તેમ દેખાડે છે. અજ્જવિ, મહુંજ્જિ તાઉંજ્જિ—એમાં 'વિ' અને 'જિ' શબ્દને જોર આપે છે. સિદ્ધત્થ—સિદ્ધાર્થ—પીલાં સરસવ મંગલ શકુન. ગવક્ખ—ગવાક્ષ; જૂની શૈલીની જાળીઓનાં છેદ તદ્દન ગૌની આંખ જેવા હોવાથી. હિંદી ગોખા, ગૂ. ગોખ દરવાજાપરનો ઝરૂખો. મક્ક ડઘુગ્ઘિઉ—હિં. બંદર ઘુંડકી. ઘુગ્ઘિઉનો અર્થ દો. વૃ. માં ચાપલ્ય (!) આપ્યો છે.

(૧૪૫) સિરિ જર-ખંડી લોઅડી, ગલિ મણિયડા ન વીસ,
તો વિ ગોટ્ટડા કરાવિઆ, મુદ્ધએ ઉટ્ઠ-બઇસિ.

—શિરપર જીર્ણ લોઅડી-કાંબળી (છે), ને ગળામાં (પૂરા) વીસ નહિ એવા મણકા (ની માળા) છે તોપણ મુગ્ધાથી ગોઠ-ગામના નિવાસીઓ એવા ગામના યુવકો પાસે ઉઠબેસ કરાવાઇ એટલે મુગ્ધાએ તેમની પાસે કરાવી. મુગ્ધા પાસે શૃગારનાં સાધનોમાં જુની કાંબળ છે અને ગળામાં પૂરા વીસ મણકાની માળા પણ નથી તોપણ તેણીનું લાવણ્ય એવું છે કે આખા ગામના છેલોને ઉઠબેસ કરાવતી રહી છે. જરખડી-જીર્ણ, ખડિત. લોઅડી-લોઇ, લોમપટી, કામળી. મણિઅડા-માં ડ કુત્સાના અર્થે, ગોટ્ટડા-જુઓ ગોઠ નં. ૧૧૦ માં. ગામની બહાર ગોસ્થાન હોય છે કે જ્યાં યુવકો એકઠા થાય છે. ત્યાંના નિવાસી. ગોઇ એટલે ગોકુલ-ગોસ્થાન ત્યાં જે બેસે છે તે ગોષ્ઠ-ગોષ્ઠક-ગોષ્ઠ પુરૂષ (દે. ૨.)

(૧૪૬) અમ્મડિ પચ્છાયાવડા, પિઉ કલહિઅઉ વિઆલિ,
ઘઇ વિવરીરી બુદ્ધડી, હોઇ વિણાસહો કાલિ.

(સ્ત્રી પતિ સાથે માન કર્યા પછી પસ્તાય છે) હે અમ્મા-માત ! પશ્ચાત્તાપ (થાય છે); વિકાલે-સંધ્યાસમયે પિયુ સાથે ઝગડો કર્યો. વિનાશના કાલે બુદ્ધિ વિપરીત થાય છે. અમ્મડિ-બુદ્ધડી-એમાં ડી સ્વાર્થમાં યા અનુકંપામાં છે. પચ્છાયાવડા-અહીં પણ પશ્ચાત્તાપની આગળ ડા છે. કલહિઅઉ-કલહાપિત, કલહ કરાયેલો છે. વિઆલિ-જુઓ કુમારપાલ પ્રતિબોધનાં ઉદાહરણ નં. ૧૮ અને ઉપર નં. ૬૨.) ઘઇં-હેમચંદ્રે અનર્થક કહેલ છે-પાદપૂરણ યા અવધારણનો અર્થ છે.

(૧૪૭) ઢોલ્લા એહ પરિહાસડી, અઇ ભણ કવણહિં દેસિ,
હઉં ઝિજ્જઉં તઉ કેહિં પિઅ, તુહું પુણુ અન્નહિ રેસિ.

હે ઢોલા ! એ ! કહે (કે) ક્યા દેશમાં આ પરિહાસ-મજાક છે ! હે પિયુ ! હું તારા માટે છીજૂં-સુકાઉં, (ને) તું વળી અન્યને માટે

(સૂકાય છે.) સરખાવો નં. ૫૫. આ કયા દેશની રીત? ઢોલ્લા–જુઓ નં. ૧. પરિહાસડી–મજાક, હાંસી યા પરિભાષા (દો. વૃ.). અઇ ભણુ–એ ! ભણ કહે. દો. વૃ. અઇભિન એક શબ્દ માની તેનો અર્થ અત્યદ્ભુત ! કરે છે. હેમચંદ્રમાં પણ 'અઇભિ ન' એ પ્રધાન પાઠ માન્યો છે. ઝિજ્જઉં–ઝીણું થવું, સૂકાવું. તઉકેહિ–તારા માટે; રેસિ–વાસ્તે (હેમ૦ ૮–૪–૪૨૫).

(૧૪૮) સુમરિજ્જઇ તં વલ્લહઉં, જં વીસરઇ મણાઉં,
જહિ પુણુ સુમરણુ જાઉં ગઉ, તહો નેહહો કઇં નાઉં.

—જે વલ્લભ મનથી વીસરે છે તે વલ્લભને સ્મરવામાં આવે–સંભારવામાં આવે, જેનું સ્મરણ પુનઃ જો ચાલ્યું જાય (ભૂલી જવાય) તેના નેહનું નામ શું ? જે ભૂલે તેને તો યાદ કરે, અને જેનુ સ્મરણ ચાલ્યું જાય (ભૂલી જાય) તેના નેહને નામજ શું હોય? કઇં નહિ. જેનો નેહ છે તે કદી ભૂલી શકાતો નથી અને તેના સ્મરણની જરૂર નથી. સુમરિજ્જઇ–સમરીજે. મણાઉ–મનાક્–અલ્પ (દો. વૃ.), મનથી. જાઉં–યદિ, જો. કઇં નાઉ–જયપુરીમાં કાઇ નાંવ ?

(૧૪૯) જિબ્ભિન્દિઉ નાયગુ વસિ કરહુ જસુ અધિન્નઇં અન્નઇં,
મૂલિ વિણટ્ઠઇ તુંબિણિ હે અવસે સુક્કઇં પણ્ણઇં.

—જીભ–ઇંદ્રિય (કે) જેને અન્ય (ઇંદ્રિયો) અધીન છે તેને હે નાયક ! વશ કરો. જેનું મૂલ વિનષ્ટ થયું છે એવી તુંબડીનાં પર્ણો–પાંદડાં અવશ્ય સૂકાય છે. મૂલિ વિણટ્ઠઇ–ભાવવાચક સાતમી.

(૧૫૦) એક્કસિ સીલકલંકિઅહં, દેજ્જહિં પચ્છિત્તાઇં.
જો પુણુ ખંડઇ અણુદિઅહુ, તસુ પચ્છિત્તે કાઇં.

—એકવાર શીલકલંકિત (કરનારા) ને પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે; જો ફરીવાર અનુદિન (શીલને) ખંડિત કરે છે તેને પ્રાયશ્ચિત્તથી શું ? એક્કસિ–એકશઃ–એકવાર–મારવાડી–એકરસ્યાં, એકસ્યાં. અણુદિઅહુ–અનુદિન, દિને દિને.

(૧૫૧) વિરહાનલજાલકરાલિઅઉ, પહિઉ પન્થિ જં દિટ્ઠુઉ,
તં મેલવિ સવ્વહિં પન્થિઅહિં, સોજિ કિઅઉ અગ્ગિટ્ઠુઉ.

—જે પથિક વિરહાનલની જવાલાઓથી કરાલિત પંથમાં જોવામાં આવ્યો, તેને સર્વ પથિકોએ મળીને અગ્નિમય કર્યો–વધારે તસ કર્યો–ઉત્તેજિત કર્યો. વિરહતાપની અધિકતાથી અતિશયોક્તિ. સરખાવો નં. ૧૦૯. દોધકવૃત્તિ તો એ અર્થ કરે છે કે પથિકોએ તેનો અગ્નિસંસ્કાર કર્યો. અગ્નિષ્ઠઃ કૃતઃ મેલવિ–મળી કરી યા રાખી. અગ્ગિટ્ઠુઉ–અંગીઠા સ્ત્રી. અંગીઠી (આમાં અનુસ્વાર માટે માટે જુઓ પ્રબંધ ચિંતામણીનાં ઉદાહરણમાં નં. ૬ મકડ.) અંગીઠીનો અર્થ ગૂજરાતીમાં એ છે કે સોનીની સગડી, પોંકપાડવા માટે ખાડો કરી અગ્નિ કરવામાં આવે છે તે; ક્રોધાગ્નિ. 'લાગી યમને અંગીઠી, પોઢી ગયો તે પજે'–વલ્લભ.

(૧૫૨) સામિ–પસાઉ સલજ્જુ પિઉ, સીમાસંધિહિં વાસુ,
પેક્ખિવિ બાહુ–બલુલ્લડા, ધણ મેલ્લઇ નીસાસુ.

—સ્વામીની જેને મહેરબાની છે તેવો સ્વામિપ્રસાદ, પિયુ સલજ્જ, (તેનો) સીમા સંધિમાં વાસ–એ જોઇને બાહુબલથી ઉલ્લલિત (પિયુને માટે) ધણ–નાયિકા નિઃશ્વાસ મૂકે છે. રાજાની કૃપા, જેથી તે કદી છુટી દે નહિ અને કઠિન કામપરજ મોકલે, પિયુ સંકોચી એટલે કામ માટે ના પાડે નહિ ને છુટી માગે નહિ. સીમાડાપર રહેવું કે જ્યાં નિત નિત નવા નવા ઝગડા થાય અને બાહુબળથી ગવિષ્ટ પિયુ ઝગડો આગળ આવી વેચાતો લે–બીચારી આટલાં કારણોથી વિરહના અંતનો સંભવ ન જાણીને નિસાસા નાંખે છે. બાહુબલુલ્લડા–બાહુબલથી ઉલ્લ–ઉલ્લટ–ઉલ્લલિત, અથવા 'બાહુ' નું વિશેષણ 'બલ્લુલ્લડ' એટલે બલગર્વથી ભરેલા બાહુ (પિયુના જોઇને). ધણ–જુઓ નં. ૧ અને ૭૦. મેલ્લઇ–મેલે–મૂકે–છોડે–નાંખે.

(૧૫૩) પહિઆ દિટ્ઠી ગોરડી, દિટ્ઠી મગ્ગુ નિઅન્ત
અંસૂસાસેહિં કંચુઆ, તિંતુવ્વાણ કરન્ત.

—હે પથિક ! ગોરી દીઠી ? (હા) માર્ગને નિરખતી, આંસુ અને ઉશ્વાસથી કુંચુઆ (કાંચળી)ને ભીંજેલો સુકો (જુઓ નં. ૮૦) કરતી જોઇ. આંસુથી ભીંજેલો ને ઉશ્વાસના બાફથી સુકો. અથવા તિંતુ-વ્વાણુ–તાણો વાણો–આંસુઓનો તાણો ને ઉશ્વાસનો વાણો. ગોરડી–જુઓ નં. ૨, ૧૨૩; તેમાં 'ડી' માટે જુઓ નં. ૧૪૦ નિઅન્ત–દેખતી. તિંતુવ્વાણુ–તીમા–તિમિત–ભીંજેલો જુઓ તિમ્મઇ નં. ૧૫૫.

(૧૫૪) પિઉ આઇઉ સુઅ વત્તડી, ઝુણિ કન્નડઇ પઇટ્ઠ.
તહો વિરહહો નાસન્તઅહો, ધૂલડિઆવિ ન દિટ્ઠ.

—પિયુ આવ્યો એવી વાત સાંભળી,-(તેનો) ધ્વનિ કાને પેઠો (કે તરતજ) તેનો વિરહ નાઠો કે (વિરહના નાસવાની) ધૂળ પણ ન દેખાણી. વત્તડી, કન્નડઇ, ધૂલડિઆ–આમાં આવેલ 'ડી' યા 'ડ' પર ઘણું કહેવાયું છે–હવે વધુ લખવું વ્યર્થ છે. નાસન્ત–સં. નશ્યત્–નષ્ટ થવું, અદર્શન થવુ, ભાગવું. ગૂ૦ નાસવું ભાગવાના અર્થમાં છે. પંજાબી ન્હસ્–ભાગવું.

(૧૫૫) સંદેસેં કાઇં તુહારેણ જં સંગહો ન મિલિજ્જઇ,
સુઇણન્તરિ પિએં પાણિએણ, પિઅ પિઆસ કિં છિજ્જઇ.

—જો સંગથી ન મળાય તો, તમારા સંદેશથી શું ?, હે પિયુ ! સ્વપ્નાંતરમાં પીધેલા પાણીથી પ્યાસ–તૃષા કંઇ છીજે–ભાંગે ? કેવલ સંદેશથી શું સર્યું ?

(૧૫૬) એત્તહે તેત્તહે વારિ ઘરિ, લચ્છિ વિસંઠુલ ધાઇ,
પિઅ–પબ્ભટ્ઠવ ગોરડી, નિચ્ચલ કહિં વિ ન ઠાઇ.

—અત્ર તત્ર–અહીં તહીં દ્વારે (કે) ઘેર પ્રિયપ્રભ્રષ્ટ ગોરી પેઠે લક્ષ્મી વિસંસ્થુલ ધાય છે (દોડયાં કરે છે). નિશ્ચલ કહિં પણ સ્થિત થતી નથી–ટકતી નથી. લક્ષ્મીની ચંચલતાની વિયોગિનીની સંચલતા સાથે ઉપમા. જેવી લક્ષ્મી તેવી પ્રિયભ્રષ્ટ ગોરી. વારિ ઘરિ–ઘર દ્વાર, ઘર બાર, પબ્ભટ્ઠ–સં. પ્રભ્રષ્ટ–ભટકી–ચૂકી–ભ્રષ્ટ થયેલી.

(૧૫૭) એઉ ગૃણ્હેપ્પિણુ ધ્રું મઈં, જઇ પ્રિઉ ઉવ્વારિજ્જઇ,
મહુ કરિ એવ્વઉં કિંપિ ણવિ, મરિએવ્વઉ પર દેજ્જઇ.

—આ ગ્રહણ કરીને તે પિયુને મારાથી ઉગારી લેવાય તો મારૂં કરવું–કર્તવ્ય કંઇ પણ નથી (બાકી રહેતું) મરવું પણ દેવાય–જો આ લઇને મારા પિયુનો ઉદ્ધાર થઇ જાય તો મારૂં કર્તવ્ય કાંઇ બાકી રહેતું નથી. હું ચારે મારૂં મરણ દઇ દઉં (મરણ પણ સહી લઉં). દોધક વૃત્તિ અનુસાર " કોઈ સિદ્ધ પુરૂષને વિદ્યા સિદ્ધિ માટે ધન આદિ આપી નાયિકા પાસે બદલામાં પતિ માંગ્યો તો તેણી કહે છે કે જો આ લઇને પતિ ઉત્કર્ષ તેત્યજ્યતે–બદલામાં આપવામાં આવે તો મારૂં કર્તવ્ય કંઇ કેવલ મરણ આપી શકું છું. " (ચાહે મારો પ્રાણ લઇલે, પતિને આપીશ નહિ). ગૃહેપ્પિણુ–ભૂત કૃદંત ધ્રં–જુઓ ઉપર નં. ૪૧, ઉવ્વારિજ્જઇ–(૧) ઉગાર્યો જાય. (૨) વહે ચાયો જાય ? જુઓ ઉપર ટીકા કરિએ-વ્વઉં, મરિએવ્વઉં–કરવું, મરવું. રાજ્યસ્થાનીમાં કરબો, મરબો, સંસ્કૃતમાં કર્તવ્ય, મર્તવ્ય.

(૧૫૮) દેસુચ્ચાડણુ સિહિકઢણુ, ઘણિકુટ્ટણુ જં લોઇ,
મંજિટ્ઠ એ અઇરત્તિએ, સવ્વ સહેવ્વઉં હોઇ.

—દેશનું ઉચ્ચાટન–પરિત્યાગ–દેશનિકાળ થવું, શિખિ એટલે આગ પર ક્વાથ–કાઢો થવું–કઢાવું, ઘણું કુટાવું જે લોકમાં (છે) તે અતિરક્ત મંજીઠથી સર્વ સહેવુ થએલ છે. મંજીઠ દેશબહાર ગયો, આગપર કઢાયો, ઘણો કુટાયો–એ બધુ સહન કર્યું તે 'રક્ત' હોવાનું ફળ છે, તેમ કોઈમાં રક્ત–આસક્ત થવું તો બધાં ફળ ભોગવવાં પડે. સહેવ્વઉં–સહેવું–ખમવું.

(૧૫૯) સોએવા પર વારિઆ, પુપ્ફવઇહિં સમાણુ,
જગ્ગેવા પુણુ કો ધરઇ, જઇ સો વેઉ પમાણુ.

—પુષ્પવતિની સાથે સૂવું વિશેષ વાર્યું–નિષિદ્ધ કર્યું છે (એવું) જો વેદ પ્રમાણ હોય તો, વળી જાગવું કોણ ધરે–અટકાવે છે ? જો વેદમાં

'સાથે સુવા'ની મનાઇ છે તે જો પ્રમાણ હોય તો 'સાથે જાગવા'માં કોણ રોકે છે. સોએવા, જાગેવા-સૂવું, જાગવું-રાજસ્થાની સોબો, જાગબો, વારિઆ-વારિત દોષકવૃત્તિ પરવારિઆ-પરિવારિત સાથે લે છે એટલે નિષિદ્ધ. પુપ્ફવઇ-પુષ્પવતી, રજસ્વલા. આમાંના 'પુષ્પ'નો ઉપચાર હિંદીમાં હજુ સુધી રહ્યો છે, કારણકે પ્રથમ રજોદર્શનને 'ફુલેરા' કહે છે. આ દોહા સાથે સરખાવો નીચેની સરસ્વતી કંઠાભરણ ૩-૨૯ ની ગાથાઃ—

લોઓ જૂરઈ જૂરઈ વઅણિજ્જં હોઇ હોઈ હોઉ સન્નામ
એઈ ણિમજ્જસુ પાસે પુપ્ફઈ ણ એઇ મે ણિદ્દા.

(લોકો ખીજે, ખીજે, વચનીય (નિંદા) સન્નામની થાય તો થવા દો; આવ, પુષ્પવતી ! પાસે સુઈ જા, મને નિદ્રા આવતી નથી.)

(૧૬૦) હિઅડા જઈ વેરિઅ ઘણા, તો કિં અબ્ભિ ચડાહું,
અમ્હાહિ બે હત્થડા, જઇ પુણુ મારિ મરાહું.

—હે હૈડા ! જો વૈરી ઘણા (છે) તો શું અભ્ર-આકાશમાં ચડી જાઉં ? જો અમોને (પણ) બે હાથ છે, નો પુનઃ મારી મરૂં. શત્રુઓનાં વચનોને મારે ધરતી છોડી આકાશમાં શું ચાલ્યો જાઉં ? બે હાથ તો છે તો પછી મારીને મરશું.

(૧૬૧) રકખઈ સા વિસ-હારિણી, બે કર ચુંબિવિ જીઉ,
પડીબિંબિઅ-મુઞ્જાલુ જલુ, જેહિં અડોહિઉ પીઉ.

—જેમાં મુંજાલનું (મુજનું) પ્રતિબિંબ પડેલું છે તે સ્વચ્છ પાણી જે હાથે પીધું તેનું ચુંબન લઇને તે પાણીવાલી (તરૂણી) પોતાનો જીવ રાખે-ટકાવે છે. કોઈ તળાવના કાંઠે મિલન થયું હતું. કિનારાપર મૂંજ ઉગી હતી, તેનો પડછાયો પાણીમાં પડ્યો હતો. પિયુએ તેના હાથોથી જલ પીધું હતું, પછી મળવું નહિ થયું. નાયિકા તે હાથોને ચુંબતી ચુંબતી જીવતી રહી છે. વિસ-જલ સંસ્કૃતમાં પણ અપ્રયુક્ત છે; જો બિસ (કમલની નાલ) લાવનારી એવો અર્થ કરીએ તો ઠીક, કારણકે કમલનાલનું મૂલ ત્યાં રહે છે કે જ્યાં જલના મુંજનું પ્રતિબિંબ પડ્યું

હતું-આ માટે કમલનાલ તોડતી વખતે બધું સ્મરણ આવતું જાય છે. બે-દોધકવૃત્તિ કદાચિત્ 'જેહિ'ના નિત્ય સંબંધથી તેને વર્તમાન હિંદીના 'વે' એટલે તે એમ માનતી જણાય છે. મુંજાલુ-'આલા' પ્રત્યય 'વાળા'ના અર્થમાં. અડોહિઉ-પીધું પીવરાવવું. જુઓ આ નિબંધનું પાનું ૩૦.

(૧૬૨) બાહ વિછોડવિ જાહિ તુહું, હઉં તેવંઇ કો દોસુ,
હિઅય-ટ્ઠિઉ જઇ નીસરહિ, જાણઉં મુંજ સ રોસુ.

—(એકમેકના) હાથ છોડી તું જાય છે, તેમ હું પણ જાઉં છું, (તેમાં) કોનો દોષ? પણ હૃદયમાંથી તું જો નીસરી જશે, તો પછી મુંજનો મારા પર રોષ છે એમ હું જાણીશ. (જુઓ આ નિબંધ પૃ. ૨૯ અને હવે પછી પ્રબંધચિંતામણિનાં ઉદાહરણ પૈકી નં. ૧૦) દોધકવૃત્તિ 'મુઞ્જો ભૂપતિઃ સરોષઃ' બતાવી એમ અર્થ કરે છે કે નાયિકા નાયક મુંજને કહી રહી છે. કોઇ મુજસુ રોસુ એમ બતાવે છે. મુંજમ એટલે મુંજ સાથે.

(૧૬૩) જેપ્પિ અસેસુ કસાય-બલુ, દેપ્પિણુ અભઉ જયસ્સુ
લેવિ મહવ્વય સિવુ લહહિં, ઝાએવિણુ તત્તસ્સુ.

—અશેષ-સંપૂર્ણ કષાયબલ જીતીને, જગતને અભય આપીને-અભયદાન આપીને, મહાવ્રત લઇને, તત્ત્વનું ધ્યાન કરીને શિવ મોક્ષપદ લહે છે-પામે છે. કષાય-જૈનોમાં તે શબ્દના અર્થમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચારનો સમાવેશ થાય છે ને તે જૈનનોજ પારિભાષિક શબ્દ છે. જેપ્પિ, દેપ્પિણુ, લેવિ, ઝાએવિણુ-ભૂતકૃદંત છે.

(૧૬૪) દેવં દુક્કરુ નિઅય-ધણુ, કરણુ ન તઉ પડિહાઇ,
એમ્વઇ સુહુ ભુંજણહં મણુ, પર ભુંજણહિં ન જાઇ.

—નિજ ધન દેવું દુષ્કર છે, તપ કરવું (પ્રાપ્ત) ભાવતું નથી, એવી રીતે સુખ ભોગવવાનું મન (છે) પરંતુ ભોગવવાનું જતું-બનતું નથી. દેવં-પાઠાંતર દેવેં, દેવું; ભુંજણુ-ભોજન. ભુંજણહિ ન જાઇ-ભોગવ્યું જતું નથી.

(૧૬૫) જેપ્પિ ચએપ્પિણુ સયલ ધર, લેવિણુ તવુ પાલેવિ,
વિણુ સન્તેં તિત્થેસરેણ. કો સક્કઇ ભુવણેવિ.

—શાંતિ(નાથ) તીર્થંકર વિના સકલ ધરાને જીતવા, તજવા, અને તપ લઇને પાળવા ભુવનમાં પણ કોણ સમર્થ છે ? જેપ્પિ, ચએપ્પિણુ, લેવિણુ, પાલેવિ–માં ક્રિયાર્થા ક્રિયા–સં૦ તુમ્ છે. આ રૂપ પૂર્વકાલિક ક્રિયાનાં રૂપો સાથે મળતાં આવે છે.

(૧૬૬) ગંપ્પિણુ વાણારસિહિં નર, અહ ઉજ્જેણિહિં ગંપ્પિ,
મુઆ પરાવહિં પરમ–પઉ, દિવ્વન્તરઇં મ જંપિ.

—જે નર વાણારસીમાં જઇને અથ(વા) ઉજ્જયિનીમાં જઇને મરેલા, તે પરમ પદ પ્રાપ્ત કરે છે–બીજા સ્વર્ગોની (વાત) મ કર; અથવા બીજા તીર્થોની (દિ. વૃ.) વાત ન કર. ગંપ્પિણુ, ગંપ્પિ–પૂર્વકાલિક. વાણારસી યા વારાણસી–વર+અનસ્–સારા રથોવાળી એ અર્થ થાય છે પરંતુ તેનો વરણા+અસી એ બે નદિઓની વચ્ચે હોવાથી એ નામ બન્યાની કલ્પના કરી લીધી છે. હેમચંદ્રે વ્યાકરણમાં વારાણસી, વાણારસીમાં કેવળ વ્યત્યય માનેલ છે (૮–૨–૧૧૬ થી ૧૧૯). આવો વ્યત્યય બોલવામાં થઇ જાય છે. જંપિ–સં. જલ્પ્–તેમાં ' ઇ ' કેવલ છંદને માટે મૂક્યો છે.

(૧૬૭) ગંગ ગમેપ્પિણુ જો મુઅઇ, જો સિવ–તિત્થ ગમેપ્પિ,
કીલદિ તિદસાવાસ ગઉ, સો જમ–લોઉ જિણેપ્પિ.

—જે ગંગા જઇ મર્યો, જે શિવતીર્થ (કાશી) જઈ ક્રીડા કરે છે તે ત્રિદશ એટલે દેવના આવાસ–દેવલોકે યમલોક જીતીને ગયો. ગમ્મેપિપણુ, ગમેપ્પિ, જિણેપ્પિ–જઇને, જીતીને. કીલદિ (સં. ક્રીડતિ).

(૧૬૮) રવિ–અત્થમણિ સમાઉલેણ, કંઠિ વિઇણ્ણુ ન છિણ્ણુ,
ચક્કેં ખંડુ મુણાલિઅહે, નઉ જીવગ્ગલુ દિણ્ણુ.

—રવિ આથમ્યો ત્યાં સમાકુલ ચક્રવાકે મૃણાલિકા–કમલિનીનો ખંડ કંઠે સ્થાપિત (કર્યો), છિન્ન ન (કર્યો) જાણે જીવને આગળીઓ

દીધો. ચક્રવાકે મૃણાલનો કટકો મોંમાં લીધો કે સૂર્યાસ્ત થઇ ગયો. વિયોગનો સમય આવ્યો. બીચારે એક કટકો પણ ન કાપ્યો, મોંમાં નાંખ્યો. જાણે (કે વિયોગમાં જીવ ન નીકળી જાય તે માટે આગળીઓ દઇ દીધો. અત્થમણિ–જુઓ પ્રબંધ ચિં. ઉદાહરણ નં. ૩૦ હવે પછી. વિઇણ્ણ–સં. વિતીર્ણ. ચક્કે–કર્મવાચ્યનો કર્તા. જેમકે મેં, તે. નઉ–ઉપમાવાચક જુઓ ઉપર ન. ૫. જીવગ્ગલુ–જીવ+અર્ગલા. સંસ્કૃતના નીચેના શ્લોકનો ભાવ છે:—

मित्रे क्वापि गते सरोरुह वने बद्धानने ताम्यति
क्रन्दत्सु भ्रमरेषु जातविरहाशंकां विलोक्य प्रियाम् ।
चक्राह्वेन वियोगिना विलसता नास्वादिता नोज्झिता
कंठे केवलमर्गलेव निहिता जीवस्य निर्गच्छतः ॥

—સુભાષિતાવલિ સં. ૩૪૮૩ પીટર્સન.

(૧૬૯) વલયાવલિ–નિવડણ–ભએણ, ધણ ઉદ્દબ્ભુઅ જાઈ,
વલ્લહ–વિરહ–મહાદહહો, થાહ ગવેસઇ નાઇ.

—વલયાવલિના નિપતનના ભયથી નાયિકા ઉર્ધ્વભુજ જાય છે–ચાલે છે, જાણે કે વલ્લભના વિરહરૂપી મહા દહ–હદનો તાગ ગવેષતી–શોધતી (હોય નહિ). વિયોગમાં દુબળી થઇ ગઈ છે. ચૂડીઓ પડી ન જાય તેથી હાથ ઉંચા કરીને જાય છે.–ચાલે છે. જાણે કે પ્રિયના વિરહના મહા–પાણીના ધરાનો તાગ લેવા–પામવા–શોધવા લાગી છે, પણ પામતી નથી. જે ઉંડા પાણીનો તાગ લેવા માગે છે તે માથાપર હાથ ઉંચા કરી લે છે, એ જોવા કે માથાપર પાણી કેટલું ઉંચું છે. દહ–હદનો વ્યત્યય. ગવેસઇ–સં. ગવેષયતિ. ધણ, નાઇ માટે જુઓ ઉપર નં. ૧ તથા ૫.

(૧૭૦) પેક્ખેવિણુ મુહુ જિણવર હો, દીહર–નયણ સલોણુ,
નાવઇ ગુરૂ–મચ્છર–ભરિઉ, જલણિ પવીસઈ લોણુ.

—જિનવરનું સલોણું દીર્ઘનયન પેખીને–જોઇને જાણે ગુરૂ–ભારે

મત્સરથી ભરેલું લોણુ-લવણુ (લાવણ્ય બીજો અર્થ) જવલન એટલે આગમાં પ્રવેશે છે. એટલું સુંદર મુખ છે કે લાવણ્ય મત્સરથી પૂર્ણ બની આગમાં કુદી પડે છે. સુંદરતાપર નજર ન લાગી જાય એ માટે 'રાઈ મીઠું' આગમાં નાંખે છે. લોણુ, નાવઇ-જુઓ નં. ૧૧૫ અને ૫.

(૧૭૧) ચમ્પય-કુસુમહો મજ્ઝિ સહિ ભસલુ પઇટ્ઠઉ,
સોહઇ ઇન્દનીલુ જણિ કણઇ બઇટ્ઠઉ.
—ચપકકુસુમે મુજ સખિ ભમરો પેઠો,
સોહે ઇન્દ્રનીલ જાણે કનકે બેઠો.

(૧૭૨) અબ્ભા લગ્ગા ડુંગરિહિં, પહિઉ રડન્તઉ જાઇ,
જો એહા ગિરિ-ગિલણ-મણુ, સો કિં ધણહે ધણાઇ.

—ડુંગરપર અભ્ર-મેઘ, લાગેલા (છે), પથિક રટનો-રડતો જાય છે કે જે (મેઘ) આવો ગિરિને ગાળવાના મનવાળો છે તે શું નાયિકાનું ધણીપણું કરશે?-બચાવશે?-પહાડોપર મેઘ જોઈ વિયોગી વિચારે છે કે તે મેઘ પહાડોને ગાળે છે તેથી પોકારી ઉઠે છે કે જેનો આવો સ્વભાવ છે તે બીચારી વિયોગિનીને કંઇ છોડશે?

અબ્ભા-અભ્ર; રડન્તહુ-રડન્તો પંજાબી રડયાના=પુકારવું. ધણ-જુઓ ઉપર નં. ૧. ધણાઇ-દોધકવૃત્તિ 'ધનાનિ ઇચ્છતિ' એટલે ધન ચાહે છે!! એવો અર્થ કરે છે એ ઠીક નથી. ધણી એટલે ધની-સ્વામી, તે પરથી નામધાતુ ધણાઇ-ધણી થવું, ધણીપણું કરવું (આચારે ક્વિપ્) અર્થાત્ સ્વામિત્વ દેખાડવું, રક્ષા કરવી, બચાવવું. રાજસ્થાની ધણિયાપ એટલે ધણીપણું, સ્વામિત્વ. ગૂજરાતીમાં ધણી એટલે માલિક, તેપરથી ધણિયાણી-સ્વામિની, પરિણિત બૈરી; વળી ધણિયાતું-સ્વામિત્વ વાળું વિશેષણ છે. સરખાવો ધણીજોગ હુંડી, ધણીધોરી, ધણીરણી.

(૧૭૩) પાઇ વિલગ્ગી અંત્રડી, સિરૂ લ્હસિઉં ખંધસ્સુ,
તોવિ કટારઇ હત્થડઉ, બલિ કિજ્જઉં કન્તસ્સુ.
—પગમાં અંત્ર-આંતરડું લાગ્યું-ચોંટી ગયું, શિર ખંધ-ખભાસાંથે

લ્હસી પડયું, તો પણ હાથમાં કટારી. (આવા) કંથને બલિહારી જાઉં–વારી જાઉં. વીરતાની પરાકાષ્ઠા. લ્હસિઉ–લ્હસિયો (સં. હસિતં). ખન્ધસ્સુ–ખાંધનું–ખાંધપર, ખભાપર.

(૧૭૪) સિરિ ચડિઆ ખન્તિ પ્ફલઈં, પુણુ ડાલઈં મોડન્તિ,
તો વિ મહદ્દુમ સઉણાહં, અવરાહિઉ ન કરન્તિ.

—શિરપર ચડયા ચડયા ફળો થાય છે, વળી ડાળોને મોડે–તોડે છે, તો પણ મહાદ્રુમ–મહાવૃક્ષ શકુનો (પક્ષિઓ)ને અપરાધી કરતા નથી–દોષ દેતા નથી. મહાપુરૂષોની ક્ષમા. મોડન્તિ–સં. મોટયન્તિ, તોડવું ફોડવુ. ' શકુનિયોને અપરાધ કરતા નથી ' એવો અર્થ દોધકવૃત્તિ કરે છે.

(૧૭૫) સીસિ સેહરૂ ખણુ વિણિમ્મવિદુ, ખણુ કંઠિ પાલંબુ કિદુ,
રદિએ વિહુદુ ખણુ મુડમાલિએ જં પણએણુ તં નમહુ,
કુસુમ–દામ–કોદંડુ કામહો.

—(આ ગદ્ય એના ઉદાહરણ માટે આપ્યું છે કે અપભ્રંશમાં પ્રાયઃ શૌરસેનીની પેઠે કાર્ય થાય છે. અને કંઈ ખંડ અથવા એક ગાથા એટલા માટે આપી છે કે અપભ્રંશમાં વ્યત્યય અને કોઇ પ્રયોગ સંસ્કૃત જેવા થાય છે. આ અવતરણોને અહીં આપવાનું કંઇ પ્રયોજન નથી.)

આ ગદ્યનો અર્થ એ છે કે–કામના કુસુમદામકોદંડ–ફુલરૂપી ધનુષ્યને નમન કરો. કેવું ફુલ–ધનુષ્ય ? તો કહે છે કે જેને રતિએ (પોતાના) શીર્ષપર ક્ષણ માટે શેખરરૂપ વિનિમિત કરેલ છે, ક્ષણભર કંઠમાં પ્રાલંબ (લાંબી માળા) કરી, ક્ષણભર મુંડમાલિકામાં પ્રયણથી વિહિત કર્યું તેવા. કામનું ફુલ–ધનુષ્ય કોઇ વખત રતિ પોતાનું સીસફુલ બનાવે છે, કોઇ વખત ગળે લટકાવે છે, કોઇ વખત મુંડ–માથાપર માલાની પેઠે પહેરે છે તેને પ્રણામ કરો. સેહરૂ–સં. શિખર. વિણિમ્મવિદુ–સં. વિનિર્માપિત. પણએણુ–પ્રણયથી આને દોધકવૃત્તિ ' નમહુ ' નું વિશેષણ માને છે.

(૧૭૬) હેટ્ઠ–ટ્ઠિય–સૂર–નિવારણાય છત્તં અહો ઇવ વહન્તી,
જયઇ સસેસા વરાહ–સાસ–દૂરુક્ખુયા પુહવી.

—હેઠળ સ્થિત એટલે રહેલા સૂર્ય એટલે સૂર્યના આતપના નિવારણ માટે શેષસહિત વરાહના શ્વાસથી દૂરોત્ખાતા પૃથ્વી કે જે અધઃ એટલે નીચે છત્ર પેઠે વહન કરનારી છે તેનો જય થાઓ.

શ્રી હેમચંદ્રના વ્યાકરણના આ વિભાગમાં જે શબ્દ ઉદાહરણવત્ આપેલા છે તેનો ઉલ્લેખ અત્ર નિષ્પ્રયોજન છે.

આ રીતે પોતાના સમયથી પૂર્વની કૃતિઓમાંથી ઉદાહરણો અવતરેલાં તે અત્ર પૂર્ણ થાય છે. આ પરથી જણાય છે કે અપભ્રંશ શ્રી હેમચંદ્રના સમય પહેલાં સાહિત્યભાષા–શિષ્ટભાષા બની ગઈ હતી.

ઉપર અપાયેલાં ઉદાહરણોમાંના શબ્દોનો કોષ આપવામાં આવે તો વિશેષ યોગ્ય થાત, પણ અવકાશના અભાવે તેમ થઇ શક્યું નથી.

પ્રકરણ ૯ મું.

વાગ્ભટ્ટનું ભાષા સંબંધે વક્તવ્ય.

શ્રી હેમચંદ્રના સમયમાં વાગ્ભટ્ટ થયેલ છે કે જેણે વાગ્ભટ્ટાલંકાર નામનો અલંકાર પર ગ્રંથ રચેલ છે તેમાં ભાષાઓ સંબંધે બીજા પરિચ્છેદમાં જે જણાવેલું છે તે અત્ર આપવું યોગ્ય છે.

संस्कृतं प्राकृतं तस्यापभ्रंशो भूतभाषितं ।
इति भाषा श्चतस्रोऽपि यान्ति काव्यस्य कायताम् ॥१॥

—સંસ્કૃત, પ્રાકૃત, તેની અપભ્રંશ, અને ભૂતભાષા (પૈશાચી) એ ચારે ભાષા કાવ્યનું શરીર પ્રાપ્ત કરે રે. (એ ચારે ભાષા કાવ્યના શરીર પ્રાપ છે.)

હવે તે ચાર ભાષાનું સ્પષ્ટીકરણ કરે છે;—

संस्कृतं स्वर्गिणां भाषा शब्दशास्त्रेषु निश्चिता ।
प्राकृतं तज्जतत्तुल्यदेश्यादिकमनेकधा ॥२॥

—દેવોની ભાષા સંસ્કૃત છે (અને તે) શબ્દશાસ્ત્ર–વ્યાકરણોમાં નિશ્ચિત થયેલી છે (સારી રીતે વ્યુત્પત્તિથી નિર્ણીત છે); પ્રાકૃત તદ્ભવ, તત્તુલ્ય–તત્સમ અને દેશ્ય આદિ અનેક પ્રકારની છે. (ટીકાકાર સિંહદેવગણિ આ ત્રણ–તદ્ભવ, તત્સમ અને દેશ્યનાં ઉદાહરણો આપે છે:–

તદ્ભવ–તે એટલે સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલ તે; જેમકે:—

સિરિ સિદ્ધરાઅ સચ્ચં, સાહસરસિક ત્તિ કિત્તણ તુજ્ઝ,
કહમણ્ણહા મણું મહ, પડન્તમઅણત્થમક્કમસિ.

આમાના દરેક શબ્દ સંસ્કૃતમાંથી આવેલા છે ને નીચે પ્રમાણે મૂકી શકાય

શ્રી સિદ્ધરાજ ! સત્યં સાહસરસિક ઇતિ કીર્ત્તનં તવ,
કથમન્યથા મનો મમ પતન્મદનાસ્ત્રમાક્રામસિ.

—હે શ્રી સિદ્ધરાજ (જયસિંહદેવ), તારૂં સાહસરસિક એવું કીર્ત્તન (પ્રસિદ્ધપણું) સત્ય છે; (કારણકે) નહિતો (અન્યથા) શામાટે મારૂં મન કે જ્યાં મદનનાં બાણો પડે છે તે આક્રમણ કરે ?

તત્સમ–તે એટલે સંસ્કૃતની તુલ્ય–સમાન. સમસંસ્કૃત. તેનું ઉદાહરણ 'સંસારદાવાનલદાહનીરં' ઇત્યાદિ સ્તુતિઓ છે. આમાં પ્રાકૃતમાં પણ સંસ્કૃત શબ્દો હોય છે, તે બીજી રીતે–બીજા રૂપમાં થતા નથી.

દેશ્ય—દેશમાં ઉત્પન્ન થયેલ તે, દેશી. જેમકે:—

'સત્તાવીસઞ્જોઅણ કરપસરો જાવ અજ્જવિ ન હોઇ,
પડિહત્થબિમ્બગહવઇવઅણે તા વજ્જ ઉજ્જાણં.

—આમાં 'સત્તાવીસઞ્જોઅણ' એ શબ્દ ચંદ્રના અર્થમાં દેશી છે, તેના કરપ્રસર એટલે કિરણનો પ્રસાર જ્યાંલગી અદ્યાપિ ન થાય ત્યાં સુધી હે 'પડિહત્થ' (દેશી શબ્દ સંપૂર્ણ એ અર્થમાં)–પૂરેપૂરા બિંબ–મંડલવાળા 'ગહવઇ' (દેશી શબ્દ ચંદ્રના અર્થમાં)–ચંદ્ર જેવા વદનવાળી ! ઉદ્યાનમાં જા.

'આદિ' આ શબ્દ ઉપરના બીજા શ્લોકમાં મૂકેલ છે તેમાં શૌરસેની અને માગધીમાં પ્રાકૃતથી થોડોજ ભેદ છે. શૌરસેનીમાં એમ થાય છે કે 'ઇદાનીં' (હમણાં) એ શબ્દમાં ઇનો લોપ થાય છે–'જં દાણીં દુવ્વલો અહયમ્' (જેમ હમણાં હું દુર્બલ છું); 'તદ્' એ શબ્દનો 'તા' થાય છે–'તા પહિ' 'નનુ' શબ્દનો 'ણમ્' થાય છે–'ણં ભણામિ તુમં'; 'અમ્મહે' શબ્દ હર્ષમાં વપરાય છે–'અમ્મહે, એસો વલ્લહો જણો'; અને વિદૂષકોમાટે હર્ષમાં 'હી હી ભો,' એ શબ્દો વપરાય છે–'હી હી ભો, એસ નરૂ જમ્પઇ'–ઇત્યાદિ. માગધી ભાષામાં અકારાન્તના સૌનો એઃ થાય છે–'એસ વલ્લહે'; 'તથા અહં' એ શબ્દનો 'હગે' થાય છે–'હગે અગદા'. તિષ્ઠતિમાં તકારનો ચકાર થાય છે–'ચિટ્ઠ તુમં' તથા રેફનો લ થાય છે અને ણકારનો ન થાય છે–જેમકે તરૂણને બદલે 'તલુન', રૂક્ષને બદલે 'લુકખં' ઇત્યાદિ. આવી રીતે અનેક પ્રકારે પ્રાકૃત જાણવું.

હવે વાગ્ભટ્ટ અપભ્રંશ ભાષા અને પૈશાચી ભાષા માટે કહે છે કેઃ–

अपभ्रंशस्तु यच्छुद्धं तत्तद्देशेषु भाषितं।
यद्भूतैरुच्यते किंचित्तद् भौतिकमिति स्मृतं ॥३॥

—અપભ્રંશ કે જે તે તે દેશોમાં (કર્ણાટપંચાલાદિમાં) શુદ્ધ (બીજી ભાષાથી અમિશ્રિત) બોલાય છે તે. (ટીકાકાર–આમાં કવચિત્ ર ન હોય તો પણ ર આવે છે જેમકે

'ચારૂદ તુહુ અઇમાં ડિ અઉદીસહ સવ્વ પઢન્તુ
કહિમા કઇઅિહ આવિસઈ અહ્રં કે રતુ કન્તુ'

(પૈશાચી)–જે ભૂતો–પિશાચોથી બોલાય છે તે ભૌતિક–પૈશાચિક કહેવાય છે. (ટીકા–આમાં દકારનો ત થાય છે, જેમકેઃ–'માલુતેવં તવં નમહ'–મારૂદેવ (દેવને) તું નમ; હૃદયના યકાર નો પકાર થાય છે, જેમકેઃ–'હિતપં પંકેઇ'; ર નો લ થાય છે જેમકે રૌદ્રનો 'લુદ્દો' થાય છે ઇત્યાદિ.

વિભાગ ચોથો.

સોમપ્રભાચાર્યનો કુમારપાલ પ્રતિબોધ સં. ૧૨૪૧.

પ્રકરણ ૧ લું.

સોમપ્રભસૂરિ.

મેરૂતુંગાચાર્યે પ્રબંધચિંતામણિ ગ્રંથ સ. ૧૩૬૧ માં બનાવ્યો, તેમાં કોઈ કવિતા તેની પોતાની નથી. જૂની કવિતા કે જે તેણે ઉદ્ધૃત કરી છે તેનો નીચામાં નીચો (નિમ્નતમ) સમય તો તેનો સમય છે તે છે, ને ઉચામાં ઉંચો (ઊર્ધ્વતમ) સમયનો નિર્ણય થતો નથી. તે કવિતા ઉદ્ધૃત અને વ્યાખ્યાન કરવામાં (આગળ) કરવામાં આવી છે. સં. ૧૨૪૧ ના આષાઢ શુદ અષ્ટમી રવિવારે અણહિલપટ્ટનમાં સોમપ્રભસૂરિએ જિનધર્મપ્રતિબોધ અર્થાત્ કુમારપાલ પ્રતિબોધની રચના કરી[૨૦] તેમાં જે પુરાણી ગૂજરાતી-હિન્દી-કવિતા છે તે અત્ર ચર્ચીશું.

સોમપ્રભસૂરિનો કુમારપાલ પ્રતિબોધ ગાયકવાડ ઓરિયેંટલ સિરીઝના ૧૪ મા નંબરમાં છપાયેલ છે. તેનું સંશોધન પુરાતત્ત્વ મંદિરના આચાર્યશ્રી જિનવિજયજીએ કર્યું છે. તેના પાંચ પ્રસ્તાવ છે અને તેમાં સર્વ મળી લગભગ આઠહજાર આઠસો શ્લોક છે.[૨૧] ગ્રંથ પ્રાકૃત, સંસ્કૃત

---

૨૦. शशि जलधिसूर्य वर्षे शुचिमासे रविदिने सिताष्टम्याम् ।
जिनधर्म प्रतिबोधः क्लृप्तोऽयं गूर्जरेन्द्रपुरे॥ पृ. ४७८

૨૧. प्रस्तावपंचकेऽप्यत्राष्टौ सहस्त्राण्यनुष्टुभाम्
एकैकाक्षरसंख्याता अधिकान्यष्टभिः शतैः॥ पृ. ४७८

ને અપભ્રંશ ગદ્યપદ્યમય છે, કિંતુ ૩૨ અક્ષરનો એક અનુષ્ટુપ્ શ્લોક માની શ્લોકોમાં ગણના કરવાની જૂની પ્રથા છે. તેની એક પ્રતિ સં. ૧૪૫૮ ની તાડપત્ર પર લખેલી સંપૂર્ણ તથા એક તેનાથી જૂની વિના મિતિની ખંડિત મળી હતી ને તેના પરથી મુનિ જિનવિજયજીએ આ મહત્ત્વપૂર્ણ ગ્રંથનું સંપાદન કર્યું છે અને ભૂમિકામાં પણ કેટલીક બહુ ઉપયોગી વાતો બતાવી છે કે જેમાંથી આધાર લઇ કેટલુંક અત્ર જણાવવામાં આવે છે.

સોતપ્રભ આચાર્ય વૃદ્ધગચ્છની પટ્ટાવલિમાં શ્રી મહાવીર સ્વામીથી ૪૩ મા ગણવામાં આવે છે. તેમના શિષ્ય જગચ્ચંદ્રસૂરિએ તપાગચ્છની સ્થાપના કરી.[૨૨] સોમપ્રભાચાર્યના બનાવેલું સુમતિનાથ ચરિત્ર પ્રાકૃતમાં છે તેમાં પાંચમા જૈનતીર્થંકરની કથા અને પ્રસંગપર જૈનધર્મનો ઉપદેશ છે. તેની સંખ્યા સાડાનવહજાર ગ્રંથ (શ્લોક) છે. બીજો ગ્રંથ સૂક્ત મુક્તાવલી છે કે જે પ્રથમ શ્લોકના આરંભ શબ્દોથી 'સિંદુરપ્રકર' અથવા કવિના નામથી 'સોમશતક' પણ કહેવાય છે. તેમાં પણ સદાચાર અને જૈનધર્મનો ઉપદેશ છે. જે ગ્રંથ અતિ અદ્ભુત છે તે માત્ર એક શ્લોકનો છે; પરંતુ કવિએ આ એક શ્લોકના સો અર્થ કર્યા છે કે જે પરથી કવિનું નામ પણ 'શતાર્થી' પડયું છે. આ એકજ શ્લોકની વ્યાખ્યાના પ્રભાવથી ચોવીસે તીર્થંકર, કેટલાક જૈન આચાર્ય, શિવ-વિષ્ણુ આદિ અજૈન દેવોથી લઇને સ્વર્ણ, સમુદ્ર, સિંહ, હાથી, ઘોડા આદિનું વર્ણન કરે છે અને જૈનાચાર્યો નામે વાદિદેવસૂરિ, પ્રસિદ્ધ વૈયાકરણ હેમચંદ્ર, ગૂજરાતના ચાર ક્રમાગત સોલંકીરાજા—જયસિંહ (સિદ્ધરાજ), કુમારપાલ, અજયદેવ, મૂલરાજ,—કવિ સિદ્ધપાલ, સોમપ્રભના ગુરૂ અજિતદેવ અને વિજયસિંહ તથા સ્વયં કવિ સોમપ્રભનું વર્ણન કરીને પોતાના ૧૦૦ અર્થ પૂરા કરે છે. પદચ્છેદોથી સમાસોથી અને કાર્યોથી આ એક શ્લોકના ભાગવતના પહેલા શ્લોક 'જન્માદ્યસ્ત

---

૨૨. ક્લાટ ઇ. એન્ટિક્વરી વૉ, ૧૧ પૃ. ૨૫૪.

યતઃ 'ની પેઠે સો અર્થ કરવા તે પાંડિત્યની વાત છે.[૨૩] તેમનો ચોથો ગ્રંથ તે આ કુમારપાલપ્રતિબોધ છે. શતાર્થકાવ્યમાં કુમારપાલ સંબંધી વ્યાખ્યામાં બે શ્લોક ' યદવરેચામા ' એટલે જેમ અમે (અન્યત્ર) કહ્યું છે એમ કહી જે લખ્યું છે તે તેના બીજા કાવ્યોમાં નથી, તેથી સંભવિત છે કે સોમપ્રભસૂરિએ બીજી પણ રચના કરી હોય. આ શતાર્થી કાવ્યની પ્રશસ્તિ પરથી જણાય છે કે સોમપ્રભ દીક્ષા લીધા પહેલાં પોરવાડ જાતિના વૈશ્ય હતા; પિતાનું નામ સર્વદેવ અને દાદાનું નામ જિનદેવ હતું, દાદા કોઇ રાજાના મંત્રી હતા.

સુમતિનાથચરિતની રચના કુમારપાલના રાજ્યકાલમાં થઈ. તે સમયે કવિ અણુહિલપાટણમાં સિદ્ધરાજ જયસિંહના ધર્મ–ભાઇ પોરવાડ વૈશ્ય સુકવિ શ્રીપાલના પુત્ર, કુમારપાલના પ્રીતિપાત્ર, કવિ સિદ્ધપાલની પૌષધશાલામાં રહેતા હતા. શ્રીપાલનો ઉલ્લેખ પ્રબંધચિંતામણિમાં છે. આ શ્રીપાલ સોમપ્રભની આચાર્ય પરંપરામાં થયેલા ગુરૂ દેવસૂરિના શિષ્ય હતા અને સોમપ્રભના સતીર્થ્ય હેમચંદ્ર (પ્રસિદ્ધ વૈયાકરણથી ભિન્ન) ના બનાવેલા ' નાભેયનેમિ '–દ્વિસંધાન કાવ્યને તેણે સંશોધિત કર્યું હતું. તે કાવ્યની પ્રશસ્તિમાં શ્રીપાલને ' એક દિનમાં મહાપ્રબંધ બનાવનારા ' કહેલ છે.[૨૪] કુમારપાલનુ મૃત્યુ સં. ૧૨૩૦ માં થયું–તેની પછી અજયદેવ રાજા થયો કે જેણે સં. ૧૨૩૪ સુધી રાજ્ય કર્યું. તેના

---

૨૩. આ શ્લોક તે એ છે કેઃ—

कल्याणसारसविता नहरेक्षमोह
कान्तारवारणसमान जयाद्यदेव ।
धर्मार्थकामद महोदय वीर धीर-
सोमप्रभावपरमागमसिद्धसूरे ॥

૨૪. સરખાવો વિ. સં. ૧૨૦૮ ની આનંદપુરની વપ્ર (વાવ)ની પ્રશસ્તિ (કાવ્યમાલા પ્રાચીન લેખમાલા નં. ૪૫) નો છેલ્લો શ્લોકઃ—

एकाह निष्पन्नमहाप्रबंधः श्री सिद्धराज प्रतिपन्नबंधुः ।
श्रीपालनामा कविचक्रवर्ती प्रशस्तिमेतामकरोत् प्रशस्ताम् ॥

પછી મૂલરાજે બેજ વર્ષ રાજ્ય કર્યું. શતાર્થીકાવ્યમાં ત્યાં સુધીનો ઉલ્લેખ છે. આ માટે તે શ્લોક અને તેની સો વ્યાખ્યાઓની રચના સં. ૧૨૩૬ સુધી થઈ. કુમારપાલ પ્રતિબોધ સં. ૧૨૪૧ માં અર્થાત્ કુમારપાલના મરણ પછી અગ્યાર વર્ષે સંપૂર્ણ થયો. તે સમયે પણ કવિ ઉક્ત કવિ સિદ્ધપાલની વસતિમાં રહેતા હતા. ત્યાં રહી તે ગ્રંથ રચવાનું કારણ નેમિનાગના પુત્ર શ્રેષ્ઠિ અભયકુમારના પુત્ર હરિશ્ચંદ્ર આદિ અને કન્યા શ્રીદેવી આદિની પ્રીતિ અર્થે જણાવ્યુ છે. સંભવતઃ હરિશ્ચંદ્રે આ ગ્રંથની કેટલીક પ્રતિઓ લખાવી, કિંતુ પ્રશસ્તિનો તે શ્લોક કે જેના આધારથી આ કહેવાયું છે તે ત્રુટિત છે. શેઠ અભય-કુમાર કુમારપાલના રાજ્યમાં ધર્મસ્થાનોના સર્વેશ્વર અર્થાત્ અધિકારી હતા. કુમારપાલ પ્રતિબોધની પ્રશસ્તિમાં સોમપ્રભસૂરિએ પોતાને બૃહદ્-ગચ્છ (વૃદ્ધગચ્છ, બડગચ્છ)ના આચાર્યોના ઉલ્લેખ યથાક્રમ આ રીતે કરેલ છે કેઃ—મુનિચંદ્રસૂરિ અને માનદેવ (બંને સાથે), અજિતદેવ-સૂરિ (સાથેજ દેવસૂરિ આદિ), વિજયસિંહસૂરિ, પછી સ્વયં સોમપ્રભ. આ ગ્રંથ રચાઇ ગયે હેમચંદ્રના શિષ્ય મહેદ્ર મુનિરાજે વર્ધમાનગણિ[૨૫] અને ગુણચદ્રસૂરિ (પ્રબંધશત કર્તા મહાકવિ રામચંદ્રને નાટ્યદર્પણ નામનો ગ્રંથ લખવામાં સહાય આપનાર) ની સાથે આ ગ્રંથ શ્રવણ કર્યો. આ સર્વ વાતો લખ્યા પછી એ કહેવાની જરૂર નથી કે સોમ-પ્રભસૂરિએ સિદ્ધરાજ જયસિંહનો, કુમારપાળનો અને હેમચંદ્રનો સમય જોયો હતો.

---

૨૫. આ વર્ધમાન તે ગણરત્ન મહોદધિના સં. ૧૧૯૭ માં કર્ત્તા વર્ધમાનથી ભિન્ન છે. તે ગણરત્ન મહોદધિના કર્તા વર્ધમાન સિદ્ધરાજ જયસિંહને ત્યાં, સંભવતઃ હેમચંદ્ર પહેલા, હતા અને તેમણે સિદ્ધરાજ વર્ણન નામનું કાવ્ય પણ બનાવ્યું હતું. ૪૦ વર્ષથી ઓછી અવસ્થામાં ગણરત્નમહોદધિ જેવો ગ્રંથ કોઇપણ રચી શકે નહિ અને સં. ૧૨૪૧ માં તે ૮૪ વર્ષનો હોવો ઘટે. આ વર્ધમાન ગણિએ કુમારવિહાર પ્રશસ્તિ બનાવી છે.

પ્રકરણ ૨ જું.

કુમારપાલ પ્રતિબોધમાંનો ઇતિહાસ અને જૈનકથાઓ.

કુમારપાલ પ્રતિબોધમાં ઐતિહાસિક વિષય એટલો છે કે અણુહિલપુરમાં સોલકીરાજા મૂલરાજની પછી ક્રમે ચામુંડરાજ, વલ્લભરાજ (જગઝંપણ), દુર્લભરાજ, ભીમરાજ, કર્ણદેવ અને (સિદ્ધરાજ) જયસિંહ થયા. છેલ્લાનું મરણ સંતાનરહિત થવાથી મંત્રીઓએ કુમારપાલ કે જે ભીમરાજના પુત્ર ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાલનો પુત્ર અને તેથી જયસિંહનો ભત્રિજો હતો, તેને ગાદીપર બેસાડયો. તેને જે ધર્મજિજ્ઞાસા થઈ તે બ્રાહ્મણોના પશુવધમય યજ્ઞોના વર્ણનથી શાંત થઇ નહિ, ત્યારે બાહડ મંત્રીએ હેમચંદ્રનો પરિચય એ રીતે કરાવ્યો કે ગુરૂ દત્તસૂરિ હતા તેમણે 'ડિંડવાણાપુર' (વાગડ)ના રાજા યશોભદ્રને ઉપદેશ કર્યો, તેથી ત્યાં 'ચઉવીસ જિણાલય' નામનું મોટું જૈનમંદિર બંધાવ્યું અને પછી તે રાજાએ ગૃહસ્થાશ્રમ છોડયો ને દીક્ષા લીધી—તે યશોભદ્રસૂરિ થયા, ને ગિરનારપર સ્વર્ગસ્થ થયા. તેના પછી પ્રદ્યુમ્નસૂરિ (સ્થાનક પ્રકરણના કર્ત્તા)—તેના ગુણસેનસૂરિ અને દેવચંદ્રસૂરિ અનુક્રમે થયા. દેવચંદ્રસૂરિને મોઢજાતિના વૈશ્ય ચાચ અને ચાહિનીના પુત્ર ચંગદેવ શિષ્ય થયા કે જે માતાપિતાની અનિચ્છા છતાં પણ પોતાના મામા સ્તંભતીર્થ (ખંભાત)વાસી નેમિના સમજાવવાથી દીક્ષિત થઇ સોમચંદ્ર મુનિ થયા. આ સોમચંદ્ર વિદ્વાન્ થઇ આચાર્ય હેમચંદ્ર થયા અને સિદ્ધરાજ જયસિંહને ત્યાં :માન્ય થયા. ને તે રાજા જૈનધર્મમાં અનુરક્ત થયો. તેમના કહેવાથી સિદ્ધરાજે પાટણમાં રાયવિહાર (રાજવિહાર) અને સિદ્ધપુરમાં સિદ્ધવિહાર નામનાં જિનમંદિરો બંધાવ્યાં અને તેમણે 'નિઃશેષ શબ્દલક્ષણ નિધાન' સિદ્ધહૈમ વ્યાકરણ જયસિંહદેવના વચનથી બનાવ્યું. (પૃ. ૨૨). તેમના અમૃતોપમેય વાણીવિલાસને પૂછ્યા વગર—શ્રવણ કર્યા વગર જયસિંહને ક્ષણ-

ભરપણ તૃપ્તિ થતી નહોતી-વિશેષ સાંભળવાને ઇચ્છા થયાંજ કરતી હતી. જો આપ પણ યથાસ્થિત ધર્મસ્વરૂપ જાણવા ઇચ્છો તો તે મુનિવરથી પૂછી જાણો. બસ. હેમચંદ્રજી આવ્યા અને રાજાએ ઉપદેશ સાંભળ્યો. અહીં બાહડમંત્રી દ્વારા હેમચંદ્રજીનો પરિચય કરાવ્યાનો ઉલ્લેખ કેવલ 'પૂજાર્થ-માનાર્થ છે કારણ કે રાજા થયા પહેલાંની દુર્ગતિ અવસ્થામાં પણ કુમારપાળ હેમચંદ્રજીના કૃપાપાત્ર હતા, હેમાચાર્યે તેના પ્રાણ બચાવ્યા, રાજા થવાની ભવિસ્યવાણી કહી ઇત્યાદિ વાતો કેટલાય પ્રબંધોમાં પ્રકટ છે. અસ્તુ. હેમાચાર્યે એક એક ધર્મની વાત લઈ તેના પર કોઇ ઇતિહાસ યા કથા કહી, ને રાજાએ કહ્યું કે હું આ કરીશ અને આ તજીશ. પછી રાજાએ તે સંબંધમાં શું શું કર્યું તે પણ આ ગ્રંથમાં વર્ણવેલું છે. ગુરૂશિષ્ય સંવાદરૂપે કથાદ્વારા ધર્મ કહેવો એ સનાતન રીતિ છે. પુરાણોમાં '**अत्राप्युदाहरन्तीममितिहासं पुरातनम्**'-'**हन्त ते कथयिष्यामि**' ની ધારા વહેતી જાય છે. જૈનસૂત્રોમાં, બૌદ્ધગ્રંથોમાં સર્વ જગ્યાએ છે. ઉપદેશની કથાઓ પણ સર્વ સાધારણ છે. મદ્યપાન નિંદામાં દ્વારકાદાહ અને યાદવોના નાશની કથા, દ્યૂતના વિષયમાં નલની કથા, (સુવર્ણ) ચોરી માટે વરૂણની કથા, તપસ્યામાં રૂક્મિણીની કથા આદિ તેજ છે કે જે હિંદુ પુરાણોમાં છે. વિશેષ જૈન ધર્મો ઉપર પ્રસિદ્ધ જૈન આખ્યાનોની કથાઓ છે. કેટલીક સ્થૂલિભદ્ર જેવી અર્ધ-ઐતિહાસિક કથાઓ પણ છે. પંચતંત્ર જેવી સિંહ વાઘની કથા પણ છે. કુલ ૫૭ કથાઓ છે કે જેમાં એક 'જીવ, મન અને ઈંદ્રિયોની વાતચીત' પૂર્વે જણાવેલા કવિ સિદ્ધપાલની બનાવેલી છે. આ સર્વમાં સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, કથાનક, અલંકારિક આદિ કેટલાક ચમત્કાર છે.

વધુમાં ગુલેરી મહાશય કહે છે કે જે કથાઓને 'હિંદુ કથાઓ' કહેવામાં આવે છે તેમાં કંઈ ભેદ છે. કૃષ્ણને અરિષ્ટ નેમિએ ઉપદેશ અને યદુવંશના નાશની ચેતવણી આપી હતી. દમયંતીની રક્ષા કોઇ જૈનસાધુના આશીર્વાદથી થઈ. રૂકિમણીનું સૌભાગ્ય કોઇ જિન પ્રતિમાના

અર્ચનથી થયું ઇત્યાદિ જૈનોને ત્યાં રામાયણ મહાભારત પુરાણ પૃથક છે કે જેમાં કથાઓ ભિન્ન છે. જૈનોએ હિંદુઓની કથાઓ બદલાવી, પોતાના ધર્મની પ્રભાવના વધારવાને માટે તેનું રૂપાંતર કરી નાંખ્યું એમ કહેવું એ કંઈ સાહસની વાત છે. નદીનું જળ લાલ ભૂમિ પર વહેતું હોય તો લાલ થઇ જાય છે અને કાળી પર કાળું થાય છે. કથાઓ જૂની આર્યકથાઓ છે, જૈન, બૌદ્ધ, વૈદિક સર્વની સમાન સંપત્તિ છે. પુરાણોમાં પણ કથાઓમાં ભિન્નતા જોવાય છે. એકજ નિર્દિષ્ટ રાજાની પુત્રપ્રાપ્તિ એક સ્થળે એકાદશી વ્રતથી કહેવાઇ છે, ને બીજી જગાએ કોઇ જૂદા વ્રતથી. હિમવત્‌ની પુત્રી ઉમાએ શિવજેવો પતિ કોઇ કહે છે કે ઘોર યોગ અને તપસ્યાથી મેળવ્યો, કોઇ કહે છે કે **પિતા સાથે અસહયોગ કરીને** અર્થાત્ હરિતાલિકા વ્રતથી મેળવ્યો. જો બૌદ્ધોના દસરથ-જાતકમાં સીતા, રામની બ્હેન છે તો યજુર્વેદમાં અંબિકા રૂદ્રની સ્વસા (બ્હેન)[૨૬] છે. આ રીતે આ કથાઓનાં પાઠાંતરોનું સમજવું જોઇએ. હેમચંદ્ર બહુ દૂરદર્શી અને સર્વમિત્ર હતા. જિનમંડનરચિત કુમારપાલ

---

૨૬. કંઇક બંગાળી રામાયણો તથા કશ્મીરની કથાઓમાં રામાયણના આધારપરની એવી અદ્ભુત કથા છે કે સીતા રાવણની સ્ત્રી મંદોદરીની પુત્રી હતી નારદે લક્ષ્મીને શાપ દીધો હતો કે તું રાક્ષસીના ગર્ભમાં જન્મ લેજે અહીં ગૃત્સમદ ઋષિની સ્ત્રીએ ઇચ્છા કરી કે મારા ગર્ભમાં લક્ષ્મી કન્યારૂપે ઉત્પન્ન થાઓ. ઋષિએ એક મંત્રિત કુશા આ માટે ઘડામાં રાખી. રાવણે જ્યારે ઋષિઓને સતાવી તેમનું લોહી લીધું તે આ ઘડામાં ભર્યું અને મંદોદરીને એવું કહીને તે સંભાળવા આપ્યો કે આ વિષથી પણ ભયંકર છે. રાવણે દેવકન્યાઓ સાથેના વિલાસ કરવાથી મંદોદરીને હૃદયમાં ઝાળ લાગી ને તેણીએ આત્મઘાત કરવા ઇચ્છયું અને આ 'વિષથી પણ ભયંકર' ઘટના રૂધિરનું પાન કર્યું. તેનો ગર્ભ રહી ગયો અને રાવણની અનુપસ્થિતિમાં આવું થયાની લજ્જાથી બચવા માટે તે સરસ્વતી તીરે ગર્ભને પાડી આવી. ત્યાં હળ ચલાવતા એવા જનકે તે ગર્ભ કન્યારૂપે પ્રાપ્ત કર્યો અને તેનું નામ સીતા રાખ્યું (ગ્રિયર્સન જ. રૉ. એ. સો. જુલાઈ ૧૯૨૧ પૃ. ૪૨૨-૪)

પ્રબંધ (સં. ૧૪૯૨) માંથી બે કથાઓ ઉધ્ધૃત કરી અત્ર બતાવવામાં આવે છે કે આ કથાઓપર તેમનો શું મત હતો. સિદ્ધરાજ જયસિંહ સાથે મળતાંજ તેમણે 'પુરાણોક્ત' સર્વદર્શનના વિસવાદની એ કથા કહી કેઃ—શંખ નામના શેઠની સ્ત્રીએ શોકના દુઃખથી કોઇ બંગાળી જાદૂગરનું ઔષધ ખવરાવી પતિને બળદ બનાવી દીધો. પછી બહુ રોઇ પીટયું અને બળદ–પતિને જંગલમાં ચરાવવા લઇ જતી. શિવપાર્વતી ફરતા ફરતાં ત્યાં આવ્યા. પાર્વતીએ કથા સાભળી અને તેણીના અત્યાગ્રહથી શિવે બતાવ્યું કે આ વૃક્ષની છાયામાં પશુને પુરૂષ બનાવનારી ઔષધિ છે. સ્ત્રીએ આ વાત સાંભળી બધી છાયાને રેખાંકિત કરી તેની નીચેના સર્વ ઘાસ પાંદડાં બળદને ખવરાવ્યાં ને તે પુરૂષ થઈ ગયો. આ રીતે સર્વ ધર્મોની સેવા કરવાથી સત્ય ધર્મ મળી જાય છેઃ—દયા સત્ય આદિને માની સર્વ ધર્મોનુ પાલન કરવું જોઇએ, ઘાસમાં જડી પણ મળી જાય છે. બીજી વાત એ છે કે બ્રાહ્મણોએ હેમચદ્રપર એવો આક્ષેપ કર્યો કે પાંડવ આદિ અમારા હતા, જૈન જૂઠુંજ કહે છે કે તેઓ મુક્તિ માટે હિમાલય ગયા નથી ઇત્યાદિ. હેમચંદ્રજીએ કહ્યું કે "અમારા પૂર્વસૂરિઓના વર્ણનાનુસાર તેમની હિમાલયમાં મુક્તિ નથી થઇ, કિન્તુ એ જણાતું નથી કે અમારા શાસ્ત્રોમાં જે પાંડવ વર્ણવ્યા છે તે તેઓજ છે કે જેમનું વ્યાસે વર્ણન કર્યું છે કે બીજા; કારણ કે મહાભારતમાં ભીષ્મે પાંડવોને કહ્યું હતુ કે મારો (દેહ) સંસ્કાર ત્યાં કરવો કે જ્યાં પહેલાં કોઇપણ બાળવામાં આવ્યુ ન હોય. તેઓ તેનો દેહ પહાડના શિખરપર લઈ ગયા ને તે સ્થાન અસ્પર્શિત સમજી દાહ કરવાના હતા ત્યાં આકાશવાણી થઈ [૨૭] 'અહીં સો ભીષ્મ બળી ચૂકયા છે, ત્રણસો પાંડવ, હજાર દુર્યોધન, અને કર્ણોની તો ગણત્રીજ નહીં. આ ભારતની ઉક્તિમાંથી અમે કહીએ છીએ કે કોઇ પાંડવ જૈન પણ રહ્યા હશે."

---

૨૭. अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम्।
दुर्योधनसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥

—બસ આવા પ્રસંગોપર આપણે ત્યાં જે ગડબડ મટાડવાનો મહામંત્ર છે-પછી ચાહે તે ઐતિહાસિક દૃષ્ટિએ તેમાં ઢીલાપણું કે કડક-પણું હોય—તે અહીં કામ આવે કે—**कल्पभेदेन व्याख्येयम्.**[૨૮]

પ્રકરણ ૩ જું.

કુમારપાલ પ્રતિબોધની રચના.

૨૧૧. સોમપ્રભની રચના મુખ્યતઃ પ્રાકૃતમાં છે. અંતમાં એક બે કથાઓ તદ્દન સંસ્કૃતમાં અને એકાદ અધિક અપભ્રંશમાં છે. આમ પ્રસંગ પ્રસંગપર વચમા વચમા સંસ્કૃત શ્લોક અને જૂની દેશીભાષાના દોહા પણ આવી ગયા છે. કિંતુ ગ્રંથ પ્રાકૃતનોજ છે. પ્રાકૃત બહુ સરસ, સ્ફીત અને શુદ્ધ છે. ક્યાંક ક્યાંક શ્લોક બહુ સારી રીતે લાવવામાં આવ્યા છે. એક સ્થળે પ્રાકૃત લખતાં લખતાં કવિ ગદ્યમાંજ તે સમયની હિંદી-ગૂજ-રાતી પર ઉતરી ગયો છે પરંતુ ઝટ ને સાવધાન થઇ ગયો છે:—

'ભો આયન્નહુ મહ વયણુ, તણુ-લક્ખણિહિં મુણામિ
ઇહુ બાલક એયહ ઘરહ, કમિણ ભવિસ્સઇ સામી '

—ભો-અરે મારાં વચનો સાભળો; તનુ-લક્ષણોથી જાણું છુ (કે) આ બાળક આ ઘરનો ક્રમે સ્વામી થશે.

આયન્નહુ મહ વયણુ—આમાં આયન્નહુ પરથી અકનો એટલે સાંભળવું મારવાડીમાં વપરાય છે. તુલસીદાસજીના 'અવનિપ અકનિ રામ પગુ ધારે' એ પદમાં 'અકનિ' શબ્દ છે તેમાં ધાતુ અકન્=આકર્ણ -સાંભળવું, છે.

આવા ઐતિહાસિક વિકાસને ન માનનારા ભલે મહારાષ્ટ્રી પ્રાકૃત કહે પરંતુ આ દેશ ભાષા છે.

---

૨૮. એટલે ભિન્ન ભિન્ન કલ્પોમાં ભિન્ન ભિન્ન ઘટનાઓ થઈ એમ માની વ્યાખ્યા કરો. કલ્પનો અર્થ કલ્પના પણ થાય છે.

૨૧૨ કુમારપાલ પ્રતિબોધમાં જૂની દેશી કવિતા બે જાતની છે—એક તો તે સ્વયં સોમપ્રભની અને બીજી સિદ્ધપાલની રચેલી છે. તે હિંદીની ડિંગલ કવિતા સાથે ઘણી મળે છે અને તેનાં અવતરણ વધુ આપ્યાં નથી. તે પુસ્તક છપાઇ ગયું છે તેથી તેને ફરી પ્રકાશિત કરવાની જરૂર નથી રહેતી આના જે નમુના આપ્યા છે તેના બે જુદા ભાગ પાડયા છે એટલે કે બીજા ભાગમાં (જુઓ પ્રકરણ ૫ માથી) આ બન્ને કવિઓની રચનાઓની કવિતાઓની સખ્યા અને પૃષ્ટાંક આપી દીધાં છે અને કેટલાક ચુંટેલા નમુના છે. જ્યારે પ્રથમ ભાગમા (પ્રકરણ ૪ થું) જૂની કવિતા એટલે કે સોમપ્રભથી જૂની કવિતાનો સંગ્રહ કર્યો છે અને તેને દરેક સ્થાનેથી ઉધ્ધરી લીધી છે. પ્રાકૃત રચનામાં ક્યાંક કયાંક આવા એક અર્ધા દોહા આવી ગયેલ છે. સોમપ્રભે ગ્રામોફોનની પેઠે હેમચંદ્રજીની ઉક્તિ લખી નથી. તેમણે તો કોઇ વિશેષ ધર્મના ઉપદેશાર્થે કોઇ જૂની વિશેષ કથા કે જે લોકમાં પ્રચલિત હતી તે હેમચંદ્રજીના મુખથી તેમજ પોતાના શબ્દોમાં કહેવરાવી છે. તે કથાઓ કર્ત્તાએ પોતે રચી નથી પણ તે સમયે દેશભાષા ગદ્યપદ્યમાં જે પ્રચલિત હશે તે પ્રચલિત અને પુરાણી લીધી છે. નહિ તો એવું શું કારણ હોય કે બધી કથા પ્રાકૃતમાં કહીને તે કર્ત્તા કોઈ બીજશ્લોક અથવા કથાના સંગ્રહશ્લોક, અથવા નલે જે દમયંતીને કહ્યું તે, અથવા નલને શોધવ. જનાર બ્રાહ્મણનો '**क्व नु त्वं कितव छित्वा**'ના ઢંગનો દોહો, પ્રાકૃતમાંજ ન કહેતાં અપભ્રંશમા કહી રહેલ છે? જ્યાં તેણે ઇતિહાસ અથવા કુમારપાલનું ધર્મપાલન સ્વયં લખેલ છે ત્યાંતો તે કર્તા ગ્રંથની સમાપ્તિ નજીક બાર ભાવનાઓના વર્ણન સિવાય અપભ્રંશનો ઉપયોગ કરતા નથી. તે કર્ત્તા કથાઓને રોચક બતાવવા માટે તેને સામયિક અને સ્થાનિક રંગ આપવા માટે, અજ્ઞાત અને અપ્રસિદ્ધ કવિઓના દોહા કે જે સર્વ સાધારણ પ્રચલિત હતા તે વચમાં રાખ્યે ગયેલ છે. આ દોહા પૈકી કેટલાક હેમચંદ્રજીના વ્યાકરણના ઉદાહરણોમાં છે, કેટલાક પ્રબંધ ચિંતામણિમાં છે, કેટલાક જિનમંડનના કુમારપાલ પ્રબંધ સુધી પણ આવ્યા

આવ્યા છે. જે દોહા સં. ૧૧૯૯ (સિદ્ધરાજ જયસિંહની મૃત્યુ-સંપૂર્ણ હૈમ વ્યાકરણની રચનાનો સંભવિત અંતિમ સમય)માં મળે છે, જે સં. ૧૨૪૧ (સોમપ્રભના રચનાકાલ) સુધી મળે છે, જે સં. ૧૩૬૧ માં (પ્રબંધ ચિંતામણિના રચનાકાળ) ઉપલબ્ધ થાય છે, જે સ. ૧૪૯૨ (જિનમંડનના કુમારપાલ પ્રબંધનો રચના સંવત્) સુધી કથાઓમાં પરંપરાથી ચાલ્યા આવે છે-એટલે કે આવી રીતે જેની આયુ ત્રણસો વર્ષ છે તેની પેલી બાજુ બે અઢાસો વર્ષના જૂના નહિ હોય ? આમા કથાઓના બીજ શ્લોક છે, પ્રચલિત ઉક્તિઓ છે. નાયિકાઓનાં સ્નેહ વાક્યો છે, વિયોગીઓ અને વિયોગિનિઓના વિલાપ છે, કહેવતો છે, ઋતુ વર્ણન છે, સમસ્યા પૂર્તિઓ છે (કે જે પૈકી કોઇ અમુકની રાજસભામાંની જણાવે છે અને કોઇ બીજાની રાજસભામાની)—અર્થાત્ એવી સામગ્રી છે કે જે અલિખિત દંતકથાઓમાં સુરક્ષિત રહે છે તથા સદા ને સર્વત્ર કથા કહેનારા દિલને પ્યારી છે.

૨૧૩. આજ પણ રાજપૂતાનામાં વાર્તા કહેનારા જ્યા સુંદરીનું વર્ણન આવે છે ત્યાં વચમાં આ દોહા જોડી દે છે:—

કદ તૈં નાગ વિસાસિયા, નૈણ દિયા મૃગ ઝલ્લ,
ગોરી સરવર કદ ગઇ, હંસાં સીખણ હલ્લ.

—ક્યારે તેં નાગોને વિશ્વાસમાં લીધા (કે તે તારા કેશોના રૂપ થઇ ગયા ?), મૃગોએ તને નયન ક્યારે સોપ્યા ? ગોરી ! હંસોની ચાલ શીખવા તું સરોવર ક્યારે ગઈ હતી ?

જ્યાં મિત્રતાનું વર્ણન આવે છે ત્યાં તેઓ આ દોહો ઘુસાડે છે:—
મો મન લગ્ગા તો મના, તો મન મો મન લગ્ગ,
દૂધ વિલગ્ગા પાણિયાં, (જિમિ) પાણિય દૂધ વિલગ્ગ.

—મારૂં મન તારા મનથી લાગ્યું ને તારૂં મન મારા મનથી લાગ્યું, જેમ દૂધ પાણીથી લાગ્યું અને પાણી દૂધથી લાગ્યું તેમ.

જ્યાં કોઇ વીરનારીનો પ્રસંગ આવ્યો કે તુરત આ દોહા આવશે:—

ઢોલ સુણંતાં મંગલી, મૂછાં ભોંહ ચઢંત,
ચંવરી હી પહિચાણિયો. કવરી મરણો કંત.
ઢોલ બજંતા હે સખી, પતિ આયો મોહિ લેણ,
બાગાં ઢોલાં મૈં ચલી, પતિકો બદલો લેણ.
મૈં પરણંતી પરકિઓ, તોરણરી તણિયાંહ,
મો ચૂડલ્લો ઉતરસી, જદ ઉતરસી ધણિયાંહ.

—(વિવાહના સમયે) મંગળના ઢોલ સાંભળતાં (નાયકની) મૂછો ભવાં સુધી ચઢતી હતી તેથી (નાયિકાએ) ચોરી (વિવાહ મંડપ)માંજ કંથનું (યુદ્ધમાં) મરણ પિછાણી લીધું.

—હે સખી! પતિ મને લેવા ઢોલ બજાવતો આવ્યો. હું પણ યુદ્ધનાં બાગ (વસ્ત્ર) સાથે (પહેરી) અંતે ઢોલ વાજતાં વાજતાં પતિનો બદલો લેવા ચાલી.

—મેં તોરણની તણુ-છિદ્રમાંથી-તોરણની પાસે વિવાહ સમયે (નાયકની વીરતા જોઇ) પીછાની લીધુ કે જ્યારે મારો ચૂડલો ઉતરશે (હું વિધવા થઇશ) ત્યારે ધણી(સ્ત્રી)ના ઉતરશે (તે ધણાને મારીને પછી મરશે.) આ દોહા જરૂર વારતા કહેનારાઓના રચેલા નથી પણ પ્રાચીન છે.

૨૧૪. વસ્તુતઃ આ ગાથાઓનું કુમારપાળ પ્રતિબોધમાં તે સ્થાન છે કે જે વિશેષ રાજાઓના યજ્ઞ અને દાનની પ્રશંસાની અભિયજ્ઞ ગાથાઓનું બ્રાહ્મણોમાં સ્થાન છે, ઐતરેય અને શતપથ બ્રાહ્મણમાં ઐંદ્ર મહાભિષેક અને અશ્વમેધ આદિના પ્રસંગ પર એવી નારાશંસી ગાથાઓ આપવામાં આવી છે કે જે અવશ્ય બ્રાહ્મણોની રચનાના સમયે લોકમાં પ્રચલિત હતી અને જેને '**तदेषा अभियज्ञगाथा गीयते**' એમ કહીને બ્રાહ્મણોમાં આવીજ રીતે ઉદ્ધૃત કરેલી છે.[૨૯] તે અથવા તેવીજ

૨૯ જુઓ ગુલેરી મહાશયે આવી કેટલીક ઐતિહાસિક ગાથાઓનો અનુવાદ 'મર્યાદા'ના રાજ્યાભિષેક અંકમાં કરેલો છે તે (મર્યાદા—ડીસેંબર ૧૯૧૧ જાનેવારી ૧૯૧૨). આવી ગાથાઓનો એક નમૂનો આ છેઃ—

કેટલીક ગાથાઓ મહાભારત આદિ પુરાણોમાં ઉદ્ધૃત કરેલી છે.[૩૦] આ પુરાણો અને બ્રાહ્મણોની પહેલાની ગાથાઓ પુરાણોના બીજસ્વરૂપ છે અને એવા પ્રસંગોપર તે ઉધ્ધૃત કરવામાં આવેલી છે કે જેમ સોમપ્રભની રચનામાં અપભ્રંશ કવિતા કરવામાં આવી છે. ભાષાવિચારથી જોઈએ તો જેમ બ્રાહ્મણોની રચનાથી આ ઉધ્ધૃત ગાથાઓમા અધિક સરલતા છે, તેજ પ્રમાણેજ સોમપ્રભાચાર્યની કૃત્રિમ પ્રાકૃતના નવા ટંકશાલી સિક્કાઓથી આ ઘસાયેલા લોકપ્રચલિત સિક્કા અધિક પરિચિત અને પ્રિય માલૂમ પડે છે.

૨૧૫. કૃત્રિમ પ્રાકૃતની ચર્ચા થઈ તેથી તેની કેટલીક વાત પણ કરી લેવી જોઇએ. કોઇ એમ ન સમજે કે જેવી પ્રાકૃત પોથિઓમાં મળે છે તેવી કદિ યા કોઇ સ્થળની દેશભાષા હતી. મહારાષ્ટ્રી, માગધી અને

मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन् गृहे ।
आविक्षितस्याग्निः क्षत्ता विश्वेदेवा सभासदः ॥
(शतपथ १३. ५. ४. ६.)

૩૦ જેમકે મહાભારતમાં શકુંતલાની દુષ્યન્ત સાથે વાતચીતઃ—

माता भस्त्रा पितुः पुत्रो यस्माज्जातः स एव सः ।
भरस्व पुत्रं दौष्यंतिं सत्यमाह शकुंतला ॥
रेतोधाः पुत्र उन्नयति नृदेव महतः क्षयात् ।
त्वं चास्य धाता गर्भस्य सत्यमाह शकुंतला ॥

અથવા કર્ણપર્વમાં શલ્ય અને કર્ણની વાતચીતમાં કેટલીક વિનોદાત્મક ગાથાઓ તથા જે કેટલીક "गाथामप्यत्र गायंति ये पुराणविदो जनाः" એમ કહીને ઉધ્ધૃત કરેલી છે–જેમકે વિષ્ણુપુરાણમાં—

शनैर्यात्यबला रम्या हेमंते चंद्रभूषिता ।
अलंकृता त्रिभि र्भावैस्त्रिशंकुग्रहमंडिता ॥

આવી ગાથાઓનો પૂરો તથા તુલનાત્મક સંગ્રહ ઘણો ઉપાદેય–ઉપયોગી નિવડશે.

શૌરસેની નામોશી તેઓને ત્યાંની દેશભાષા માનવી ન જોઇએ. સંસ્કૃતમાં નવાં જૂનાં નાટકોમાં ભિન્ન ભિન્ન પાત્રોના મોંમાંથી જે ભિન્ન ભિન્ન પ્રાકૃત કહેવરાવવાની પૃથા છે, તેથી પણ એમ ન જાણવું કે તે સમયે તે જાતિ યા વર્ગ તેવી ભાષા બોલતા હતા. આ કેવલ સાહિત્યનો સંપ્રદાય છે કે અમુક પાસેથી અમુક ભાષા યા વિભાષા બોલાવવી જોઇએ. પ્રાકૃત પણ એક જાતની સંસ્કૃત જેવી રૂઢ કિતાબી–પુસ્તકની ભાષા થઈ ગઇ હતી. જૂનામાં જૂના પત્થર અને ધાતુ પરના લેખ સંસ્કૃતમાં નથી મળતા, તે પ્રાકૃત યા ગડબડી સંસ્કૃતના મળે છે. તે પ્રાકૃતને કોઈ દેશભેદમા બાંધી ન શકાય. માગધીનુ મુખ્ય લક્ષણ 'ર' ની જગાએ 'લ' અને અકારાંત શબ્દોના કર્તા કારકના એકવચનમાં સંસ્કૃત 'સ્' (:) યા શૌરસેની 'ઓ'ની જગાએ 'એ' નું આવવું એ ગિરનાર આદિ પશ્ચિમી લેખોમા મળે છે અને મહારાષ્ટ્રીના કેટલાંક ચિન્હ પૂર્વતટના લેખોમા મળે છે. શૌરસેનીનાં કેટલાંક માનેલાં લક્ષણ દક્ષિણની કન્હેરી આદિ ગુફાઓના અભિલેખોમાં મળે છે. સાહિત્યની ભાષા તો, વ્યાકરણના જ્ઞાન, રૂઢ પ્રયોગોનો થતો બદલો અને કવિસંપ્રદાયના પ્રભાવથી બદલાતી જાય છે; પુસ્તકોમાં પ્રાચીનભાષાની શલી સમયાનુસાર બદલતી રહે છે, પરંતુ પથ્થરની કોરેલી લીટી તે પથ્થરની કોરેલી લીટીજ રહે છે. જૂનામાં જૂના લેખ અનિર્વચનીય પ્રાકૃતમાં મળે છે, વળી પ્રૌઢ સંસ્કૃત આવે છે કે જેના આવવાથીજ લેખોનું પ્રાકૃત ગેબ થઈ જાય છે. અહીં સાહિત્યની પ્રાકૃતના ઉદયથી તાંબા પત્થરની પ્રાકૃત ગેબ થઇ જાય છે. અહીં સાહિત્યની પ્રાકૃત લેખોમાં કદિ પ્રાપ્ત થતી નથી અને લેખોની પ્રાકૃત, સાહિત્યમાં કદિ મળતી નથી. સાહિત્યની પ્રાકૃત લેખમાં કોરેલી મળે છે તો તે ભોજના કૂર્મશતક જેવા કાવ્યની મળે છે. લખેલી પ્રાકૃત સાહિત્યના જે એકત્રિત કરેલા નિયમ છે– ક્યાંક 'ન' તો ક્યાંક 'ણ', ક્યાંક 'ખ' નો 'ક્ખ' અને ક્યાંક 'ઘ', ક્યાંક 'ત, ગ'ની જગાએ 'ય' અને ક્યાંક 'અ'–સર્વનો ભંગ, સર્વનો વિકલ્પ શિલાલેખની પ્રાકૃતમાં મળી આવે છે. જ્યારે પ્રાકૃતોની માગધી, શૌર-

સેની, મહારાષ્ટ્રી આદિ દેશનામ રાખવામાં આવ્યાં ત્યારે તેમાં કંઇકતો તે દેશની પ્રાકૃતભાષાનો આશ્રય લેવામાં આવ્યો, કોઇ વિશેષલક્ષણ ત્યાંની ચાલુ બોલીનાં લેવામાં આવ્યાં, પરંતુ અશુદ્ધ સંસ્કૃતનાં પણ લેવામાં આવ્યાં. એમ માની શકાય કે મગધ, ઓડીસા (ઓરીસા), મદ્રા આદિના પૂર્વના લેખોની વિશેષતાઓ માગધીમાં, ગૂજરાત કાઠિયાવાડ કન્હેરી ગુફા આદિના પશ્ચિમના-દક્ષિણના લેખોની રીતિઓ મહારાષ્ટ્રીમાં, અને મધ્યદેશ અર્થાત મથુરા કુશનો તથા ક્ષત્રપોના સંસ્કૃત અને મિશ્ર લેખોની વાતો સસ્કૃતપ્રાય શૌરસેનીમાં મળી જાય છે. પરંતુ એમ કહેવું કે સાનવાહન (હાલ)ની સપ્તશતી અને વાક્પતિના ગૌડવહોની મહા-રાષ્ટ્રી મહારાષ્ટ્રની દેશભાષા હતી એ બરાબર નથી. વસ્તુતઃ શબ્દોનું બોધગમ્ય રૂપ અપભ્રંશ અને પૈશાચી આદિ "નીચી પ્રાકૃતો"માં અધિક રહી ગયેલ છે. ઉંચી પ્રાકૃતોમાં 'ર' ઉડી જઇ 'મૂર્ખ'નો પણ 'મુક્ખ' અને 'મોક્ષ'નો પણ 'મુક્ખ', 'ઉષ્ટ્ર'નો 'ઉટ્ટ' થઇ જાય છે, પરંતુ અપભ્રંશ અને પૈશાચીમાં મૂરૂખ, અને ઉષ્ટ યા ઉષ્ટ્ર પણ જળવાઈ રહ્યા છે. પ્રાકૃત કવિતા વ્યાકરણની મદદથી સમાજના જેટલી લાયક થતી ગઇ, અથવા એમ કહી શકાય કે જેમ પહેલા ગંગાપ્રવાહમાંથી સંસ્કૃ-તના નૈરૈનેના બાંધ બાંધી તૂટા ફુટા કિનારાની નહેર બનાવવામાં આવી હતી તેમ ફરીથી માગધી, શૌરસેની અને મહારાષ્ટ્રીની નહેરો જુદી કરવામાં આવી કે જેના કિનારા પણ **સંસ્કૃતની પ્રકૃતિની પેઠે** આડા અવળા કરવામાં આવ્યા, પરંતુ ભાષાપ્રવાહ,-સાચી ગંગા-અપભ્રંશ અને જૂની હીંદી-ગૂજરાતીના રૂપમાં વહેતો ગયો. અપભ્રંશ પ્રવાહ કઇ (અમુક સ્થળે) નહોતો-અપભ્રંશ (અમુક) એક દેશની ભાષા નહોતી, ક્યાંક ક્યાંક નહેરોનો પડોશ હોવાથી તેને નહેર એ નામથી ભલે કહો પરંતુ તે સમસ્ત દેશની ભાષા હતી કે જે **નહેરોની સમાનાંતર** વહેતી ચાલી જાતી હતી. વૈદિક ભાષા, સાચી સંસ્કૃત, સાચી પ્રાકૃત, અપભ્રંશ, જૂની હિંદી-ગૂજરાતી દેશની એકજ ભાષા રહી છે. પંડિ-તોની સંસ્કૃત, વૈયાકરણો યા નાટકોની પ્રાકૃત, મહારાષ્ટ્રી અથવા એવાજ

નામની અપભ્રંશ, પશ્ચિમી રાજસ્થાની યા જૂની ગૂજરાતી યા બંગલા, ગૂજરાતી આદિ સર્વે તેના Side-shows-આજુબાજુના ખેલ છે-નટની જૂદી જૂદી ભૂમિકાઓ છે.

૨૧૬. હેમાચાર્ય પ્રાકૃતનો કઇ રીતે અર્થ કરે છે તે અગાઉ કહેવાઈ ગયું છે. માર્કંડેયના વ્યાકરણમાં પ્રાકૃતના આટલા ભેદ આપ્યા છે કે:—

૧ **ભાષા**—મહારાષ્ટ્રી, શૌરસેની, પ્રાચ્યા, આવંતી, માગધી, અર્દ્ધ-માગધી.

૨ **વિભાષા**—શાકારી, ચાંડાલી, આભીરી, ટાક્કી, ઔડ્રી, દ્રાવિડી.

૩ **અપભ્રંશ.**

૪ **પૈશાચી.**

આ વિભાગ પરિસંખ્યારૂપે માત્ર છે, તર્કાનુસાર વિભાગ નથી, નથી. કોઈ નામ દેશોપરથી અને કોઈ નામ જાતિઓ પરથી બન્યા છે. પ્રાચ્યા એ પૂર્વી બોલી છે કે જે શૂરસેન અને અવંતીની પ્રાકૃતોથી બનેલી કહેવાય છે. અવંતીની ભાષામાં એમ કહેવાય છે કે 'ર'નો લોપ થતો નથી અને લોકોક્તિ અને દેશભાષાના પ્રયોગ અધિક આવે છે. તો તે અપભ્રંશની બહેન જેવી થઇ. અવંતી (માલવા) મહારાષ્ટ્ર અને શૂરસેન એ બે દેશોની વચમાં જ છે. અર્ધમાગધી તો અહીં ગણાવી, પરંતુ ચૂલિકા પૈશાચી (નાની પૈશાચી) ગણાવી નહિ. શકારની કોઈ અલગ ભાષા નથી; જેમ નાટકનું કોઇ પાત્ર 'હૈ સો ને' અથવા 'જો હૈ શો' અધિક બોલતો હોય તો તેની બોલીમાં તે 'તકિયા-કલામ' અધિક આવશે, એવી બોલી શાકારી છે. ચંડાલ, શબર એ જાતિઓ છે. આભિર જાતિ પણ છે ને દેશ પણ છે. ટક્ક પંજાબનો દક્ષિણ-પશ્ચિમી ભાગ છે કે જેની ચર્ચા આવી ચૂકી છે અને જ્યાંની લિપિ ટાકરી કહેવાઇ. ઉડ્ર એ ઉડીસા-ઓરીસા-ઉત્કલ છે; દ્રાવિડી દ્રવિડની અનાર્યભાષા તામિલ નહીં પરંતુ એક બાંધેલી અપભ્રંશ ભાષા છે. રાજશેખરે કર્પૂરમંજરીમાં કવિતામાં મહારાષ્ટ્રીનો અને ગદ્યમાં શૌરસેનીનો ઉપયોગ કર્યો છે. નાટકોમાં પાત્રાનુસાર ભાષાવિશેષનો પ્રયોગ દૈશિક તત્ત્વ ઉપર નથી તેમજ

જાતિક-જાતિના તત્ત્વપર પણ નથી; કેવલ રૂઢ સંપ્રદાય છે. વરરૂચિની મહારાષ્ટ્રી અને હેમચંદ્રજીની જૈન મહારાષ્ટ્રીમાં પણ બે મુખ્ય અંતર છે-વરરૂચિ કહે છે કે વર્ણનો લોપ થાય ત્યારે બે સ્વરોની વચમાં 'ય' હોતો નથી; જૈન 'ય' શ્રુતિ માને છે-જેમકે કવિતાની મહારાષ્ટ્રીમાં 'સરિત્'નો સરિઆ, જૈન મહારાષ્ટ્રીમાં ઇષિત્ સ્પષ્ટતર 'ય' શ્રુતિથી 'સરિયા' થાય છે. બીજું અંતર એ છે કે કવિતાની મહારાષ્ટ્રીમાં સસ્કૃત 'ણ'નો સદા 'ન' થાય છે, જૈન બને ખપમાં લગાડે છે, અને પદાદિમાં 'ણ' કદી પણ લાવતા નથી. સાહિત્યની પ્રાકૃતને જ્યારે જરૂર લાગી ત્યારે તેણે દેશી શબ્દ લીધા અને સસ્કૃત પણ જ્યારે ઇચ્છા થાય ત્યારે તેને સુધારી સાફ કરી લીધાં કરે છે. સાહિત્યની પ્રાકૃતમાં આ પણ વાત છે કે પ્રત્યેક સસ્કૃત શબ્દને તે પોતાનાજ નિયમોથી તત્સમ અથવા તદ્‌ભવ રૂપ બનાવી કામમાં લઈ શકતી નથી-જે શબ્દ આવી ગયા હોય તેનું વિવેચન તેના નિયમો કરે છે; તે નિયમોથી નવા શબ્દ બનાવી શકાતા નથી. હેમચ-ચંદ્રજી કહી ગયેલ છે કે (૮-૨-૧૭૪) "આ માટે કૃષ્ટ, ઘૃષ્ટ, વાક્ય, વિદ્‌સ્, વાચસ્પતિ, વિષ્ટર શ્રવસ્, પ્રચેતસ, પોક્ત, પ્રોત આદિ શબ્દોના અથવા જેના અંતે કિવપ્ આદિ પ્રત્યય હોય તેવા અગ્નિચિત્, સોમસુત્, સુગ્લ, સુમ્લ આદિ શબ્દોના કે જેનો પ્રયોગ પહેલાના કવિઓએ કર્યો નથી તેનો પ્રયોગ કરવો ન જોઇએ, કારણ કે તેમ કરવાથી પ્રતીતિમાં વિષમતા આવે છે, બીજા શબ્દોથીજ તેનો અર્થ કહેવાય-જેમકે કૃષ્ટને માટે કુશલ, વાચસ્પતિને માટે ગુરૂ, વિષ્ટરશ્રવા માટે હરિ ઇત્યાદિ."

૨૧૭. આગળ ઉદાહરણાંશ બે રીતે વહેચ્યા છે. પહેલામાં સોમ-પ્રભાચાર્યની ઉધ્ધૃત કવિતા છે, બીજામાં તેની તથા સિધ્ધપાલની રચનાના નમૂના છે. વિસ્તારભયથી અર્થ આપવામા એવી રીત રાખી છે કે પ્રત્યેક પદને મળતો ગૂજરાતી-હિંદી અર્થ ક્રમે આપ્યો છે, પછી સ્વતંત્ર અનુવાદ કર્યો નથી-તેને મેળવી બોલવાથી યા બોલતી વખતે મનમાં અન્વય કરવાથી અર્થ પ્રતીત થઇ જશે.

પ્રકરણ ૪ થું.

સોમપ્રભાચાર્યે અવતરેલ અપભ્રંશ ઉદાહરણો.

૨૧૮. અત્ર સોમપ્રભસૂરિએ પોતાના કુમારપાલ પ્રતિબોધ નામના ગ્રંથમાં જે જૂની ભાષા-અપભ્રંશનાં ઉદાહરણો ઉદ્ધૃત કર્યા છે તે મૂક્યાંછે.

(૧.) માણી પણટ્ઠઈ જઈ ન તણુ, તો દેસડા ચઇજ્જ.
મા દુજ્જન કર પલ્લવિહિં, દસિજ્જંતુ ભમિજ્જ.

—માન પ્રનષ્ટ થાય, જો, ન, શરીર, તો દેસડો (કુદેશ), તજીએ; મા-ન, દુર્જનના કર પલ્લવોથી, દેખાડાતા, ભમિયે.

—માન પ્રનષ્ટ થાય (તો શરીર તજવું જોઇએ), જો શરીર ન (તજાય) તો દેશને (તો અવસ્ય) તજી દેવો જોઇએ. પણ દુર્જનો પોતાની આંગળીઓથી ચીંધી આપણને બતાવે તેવી રીતે ભમવું ન જોઇએ.

પૂર્વાર્દ્ધનો આ અર્થ આથી પણ વધારે સુંદર છે. **જઈ ન તણુ**-દેહ ન જાય તો પણ માન જાય તો. **દેસડા**-દેખો પ્રબન્ધચિંતામણિના નં. ૧ માં સંદેસડો એ પર ટિપ્પણી. **ચઇજ્જ, ભમિજ્જ**-તજીજે, ભમીજે. દસ-દેખાડવાના અર્થમાં પ્રાકૃત ધાતુ. (દૃશ્ ઉપરથી). પંજાબીમાં દસ્સ, જુઓ નં. ૪૬. આ દોહો હેમચંદ્રમાં પણ છે.

(૨.) એક મનુષ્ય યજ્ઞ માટે બકરાને લઈ જતો હતો અને બકરો રાડો પાડતો હતો. એક સાધુએ તેને એક દોહો કહ્યો એટલે બકરો છાનો રહી ગયો. સાધુએ સમજાવ્યું કે આ બકરો આ પુરૂષનો બાપ રૂદ્રશર્મા છે, તેણે આ તળાવ ખોદાવયું, પાળપર ઝાડ વાવ્યાં, પ્રતિવર્ષ અહીં બકરા મારવાનો યજ્ઞ આદર્યો. તે રૂદ્રશર્મા પાંચવાર બકરાની યોનિમાં જન્મ લઇ પોતાના પુત્રથી માર્યો ગયો છે. આ છઠો ભવ છે. બકરો પોતાની ભાષામાં કહી રહ્યો છે કે બેટા, માર નહિ, હું તારો બાપ છું. જો તેનો વિશ્વાસ ન પડે તો આ નિશાની બતાવું છું કે ઘરની અંદર તારાથી છૂપાવીને એક નિધાન દાટયો છે-તે બતાવી આપું.

મુનિના કહેવાથી બકરાએ ઘરમાં નિધાન બતાવી આપ્યો અને પછી બકરાને તથા તેના મનુષ્ય પુત્રને સ્વર્ગ મળ્યુ.

ખડ્ડુ ખણાવિય સઇ છગલ, સઈં આરોવિય રુક્ખ,
પઈં જિ પવત્તિય જન્ન સઈં, કિં બુબ્બુયહિ મુરુક્ખ.

—ખડ્ડુ એટલે ખાડો, ખણાવ્યો, સ્વયં, હે છાગલ-બકરા !, સ્વયં, આરાપિત કરેલો, રુખ-ઝાડ પઈં એટલે તેં, જે, પ્રવત્તિત કરેલા, યજ્ઞ, સ્વયં, શું કામ-શા માટે, બેં બેં કરે છે, મૂર્ખ !

ખણાવિય—ખણાવ્યો-ખોદાવ્યો, **આરોવિય**-આરોપ્યો-વાવ્યો. **પઈં**-તેં-તેને માટે જુઓ હેમચંદ્રજી ૮-૪-૩૭૦. **બુબ્બુયહિ**-બેં બેં કરે છે.

(૩.) એક નગરમાં અશુભની શાંતિ પશુવધથી કરવામા આવનારી હતી, ત્યારે દેવતાએ કહ્યું કેઃ

વસઇ કમલિ કલહસિ જિમ્વ, જીવદયા જસુ ચિત્તિ,
તસુ પય-પક્ખાલણુ-જલિણ, હોસઈ અસિવ નિવિત્તિ.

—વસે છે. કમલમાં, કલહસી, જેમ, જીવદયા, જેના, ચિત્તમાં, તેના પદ (પગ) પખાલવા (ધોવા)ના જલથી હોશે-થશે, અશિવ-અકલ્યાણની, નિવૃત્તિ. **હોસઇ**-હોશે દેખો નં. ૨૩.

(૪.) આભરણ-કિરણ-દિપ્પંત-દેહ, અહરીકિય-સુરબહુ-રૂપરેહ,
ધણ-કુંકુમ-કદ્દમ ઘર-દુવારિ, ખુપ્પંત-ચલણ નચ્ચતિ નારિ.

અર્થ સ્પષ્ટ છે **દિપ્પંત**-દીપ્યમાન-દીપતો **અહરીકિય**-અધરીકૃત, નીચી કરેલી-દેખાતી રેહ-રેખા, **ઘણકુંકુમ-કદ્દમ**-વિશેષણ આગળ વિભક્તિ નથી. **ઘરદુવારિ**-ઘરના દ્વારમાં અથવા બારણા ઉપર **ખુપ્પંત-ચલણ**-જેના પગ ખુંચી જાય છે (કાદવમાં) એવી નારિઓ.

(૫.) તીયહ તિન્નિ પિયારાઈં, કલિ કજ્જલ સિંદૂર
અન્નઇ તિન્નિ પિયારાઇં, દુધ્ધુ જમ્વાઇ ઉ તૂર

—સ્રીઓના અથવા સ્રીઓને, ત્રણ, પ્યારા (છે) કલિ-ઝઘડો, કાજળ, (અને) સિંદૂર. અન્ય (પણ), ત્રણ, પ્યારા (છે) દૂધ, જમાઇ અને વાજું. તૂર-તૂર્ય.

(૬). એક રાજા પોતાની રાણી સાથે પોતાની ગાદીનું ભવિષ્ય કરી રહ્યો છે કેઃ—

નરવઇ આણુ જુ લંઘિહઇ, વસિ કરિહઇ જુ કરિંદુ,
હરિહઇ કુમરિ જુ કણગવઇ, હોસઇ ઇહિ સુ નરિંદુ.

—નરપતિ (ની) આણ, જે, ઉલ્લંઘે-ઓળંગે, વશ કરે જે કરીંદ્રને, હરિ જાય, કુમારી જે કનકવતીને, હોશે તેમાં તે નરેંદ્ર. અભયસિંહ કુમારે ત્રણે વાતો પૂરી કરી છે. અહીં 'આણ'ને સંસ્કૃત 'આજ્ઞા' સાથે સરખાવી છે અને તે જૈનમાં સર્વત્ર જોવામાં આવે છે. ગુલેરી મહાશય તેનો અર્થ શપથ કે દુહાઇ કરે છે જેમકે રાજપૂતાનામાં ' દરબારકી આન–' તુલસીદાસ રામાયણમાં નિષાદનું વાક્ય ' મોહિ રામ રાવરિ આન (રાવલી આન) દસરથ સપથ ' ને વધુમા જણાવે છે કે આગળ કથામા સ્પષ્ટ થાય છે કે 'આન'નો અર્થ અહીં કાંઈ આજ્ઞા નથી. અંધારી રાતે અભયસિંહ ચાલ્યો જતો હતો ત્યાં નગરી રક્ષકે અટકાવ્યો અને તે ન અટક્યો ત્યારે રાજાની 'આણ' દીધી. 'તારા બાપને રાજાની આણ દે' એમ કહી અભયસિંહ ચાલ્યો ગયો.[૩૧] આ કથામાં આગળ ચાલતાં એક અદ્ભુત રૂઢિ પ્રયોગ આવે છે. રાજકુમારી કનકવતીપર હાથીએ હુમલો કર્યો. તેણીના પરિજને બૂમ મારી કે ' છે કોઇ 'ચઉદ્દસીજાઓ' –ચતુર્દશીજાયો કે જે અમારી સ્વામિનીને આ કૃતાંત જેવા હાથીથી બચાવે ?' અહીં ચૌદશજાયો–ચૌદશને દિને જન્મેલો ઘણો ભાગ્યવાન અથવા પરાક્રમીના અર્થમાં આવ્યો છે. જેમકે જેની છાતીપર વાળ હોય તે આ કામ કરે, જેણે માનું દૂધ પીધું છે, જે ઉજળી ચૌદશે જન્મ્યો છે,

(૭.) વસંતવર્ણન—

અહ કોઇલ-કુલ-રવ-મુહલુ, ભુવણિ વસંતુ પયટ્ટુ
ભટ્ટુ વ મયણ-મહા-નિવહ, પયડિઅ-વિજય-મરટ્ટુ

---

૩૧ नयरारक्खेण दिन्ना रन्नो आणा ॥ देसु निअपिउणो रन्नो आणंति भणंतो अभयसीहो वच्चइ. पृ. ३८.

—અથ કોયલ-કુલ-રવ-મુખર, ભુવને વસંત પેઠો
ભટ ઇવ મદન મહાનૃપના પ્રકટિત-વિજય-પુરૂષાર્થ,
મરહટ્ટ—વીરતા-મરાઠાપણું ?

(૮) સૂરૂ પલોઇવિ કંત-કરૂ, ઉત્તર-દિસિ-આસત્તુ,
નીસાસુ વ દાહિણુ-દિસય, મલય-સમીર પવત્તુ.
—સૂર્ય (ને, ના ?) પ્રલોકી કાન્ત(ના)કર, ઉત્તર-દિશા-આસક્ત,
નિ:શ્વાસ ઇવ દક્ષિણદિશના મલયસમીર પ્રવૃત્ત (થયેલા).

આમાં કુમારસંભવના '**कुबेरगुप्तां दिशमुष्णरश्मौ, गन्तुं प्रवृत्ते समयं विलंघ्य। दिग्दक्षिणा गन्धवहं मुखेन व्यलीकनिःश्वासमिवोत्ससर्ज**' નો ભાવ છે, કર-મા શ્લેષ છે. પલોઇવિ-પ્રલોક્ય, જોઇને. વિભક્તિઓનો બરાબર અનુક્રમ ન જાળવ્યાથી આ શબ્દ વચમાં આવી ગયો છે અને સૂર તથા કંત દૂર પડી ગયા છે.

(૯) કાણણુ-સિરિ સોહઇ અરૂણુ-નવ-પલ્લવ-પરિણુદ્ધ,
નં રત્તંસુય-પાવરિય, મહુ-પિયયમ-સંબદ્ધ.

—કાનન-અરણ્યની શ્રી અરૂણુ નવ પલ્લવોથી ઢંકાયેલી શોભેછે, જાણે રક્તાંશુક (લાલ વસ્ત્રો)થી ઢંકાયેલી મધુ (ચૈત્ર, વસંત) રૂપી પ્રિયતમથી સંબદ્ધ (હોય નહિ).

લાલ વસ્ત્ર ગૂજરાતી સ્ત્રીઓ પહેરે છે. તેને 'કસુંબો' કહે છે. પાવરિય-પ્રાવૃત.

(૧૦) સહયારિહિ મંજરિ સહહિ, ભમર-સમૂહ-સણાહ
જાલાઉ વ મયણાનલહ. પસરિય-ધૂમ-પવાહ,
—સહકાર (આંબા)ની મંજરી સોહે છે ભ્રમર સમૂહથી સનાથ
જ્વાલાઓ ઇવ મદનાનલની પ્રસરિત-ધૂમ્ર-પ્રવાહ

અહીં સહહિના અર્થ સહે છે એમ થઈ શકતો નથી. સોહે છે એ અર્થ બેસે છે, સોમાંના 'ઓ'ની એક માત્રા માનવાથી કામ ચલાવ્યું છે. જુઓ નં. ૨૨, ૪૧

(૧૧) દમયંતીના વસ્ત્રપર નલ તેને તજતી વખતે પોતાના લોહીથી લખી ગયો હતો કે—

વડ-રૂકખહ દાહિણ-દિસિહિં, જાઇ વિદબ્ભહિ મગ્ગુ,
વામ-દિસિહિ પુણ કોસલિહિ, જાહ રૂચ્ચઇ તહિં લગ્ગુ.
—વડ(ના) ઝાડની દક્ષિણ દિશામાં જાય (છે) વિદર્ભનો માર્ગ,
વામ દિશામા પુનઃકોશલનો (માર્ગ), જ્યાં રૂચે ત્યાં લાગ.
જ્યાં ચાહે ત્યાં જા. જાહ-જહિં, જ્યાં. તહિં-ત્યાં.

(૧૨) કુશલ નામનો વિપ્ર (મહાભારતના નલોપાખ્યાનનો પર્ણાદ) ખુદ્દકને (ક્ષુદ્રક, મહાભારતનો વિકૃત નલ રૂપે બાહુક) જોઇને નીચેનો દોહો (દુહય) ગાય છે.

નિટ્ઠુર નિક્કિવુ કાઉરિસુ, એકુજિ નલુ ન હુ ભંતિ,
મુક્કિવ મહાસઇ જેણ વિણિ, નિસિ સુત્તી દમવંતિ.
—નિષ્ઠુર નિષ્કૃપ (કૃપારહિત) કાપુરૂષ એકજ નલ (છે) નથીજ ભ્રાંતિ (એ વાતમાં). મૂકી-છોડી મહાસતી જેણે વનમાં નિશામાં-રાત્રિમાં સૂતી દમયંતી.

મુક્કિવ-મુક્તા, મહાસઇ-મહાસતી.

(૧૩) પરદાર ગમનના સંબંધે ઉજ્જયિનીના રાજા પ્રદ્યોતની કથા લખી છે, તેમાં પ્રસંગવશાત્ ઉદયન વત્સરાજ, વાસવદત્તા, યૌગંધરાધરાયણ આદિની કથાઓ પણ આવી છે કે જે બૌધ્ધ જાતકોમાં, બૃહત્કથા (કથા સરિત્સાગર) અને ભાસના નાટક પ્રતિજ્ઞાયૌગંધરાયણની કથાથી કંઇક ફેર છે, કિંતુ બે શ્લોક તે નાટકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. અસ્તુ. રાજગૃહના રાજા શ્રેણિકના પુત્ર અભયને પ્રદ્યોતે છલથી બાંધી પોતાને ત્યાં રાખેલો હતો. તેણે કંઇ ધ્યાન ખેંચે તેવાં કામ કર્યાં. પ્રદ્યોતે તેને 'વર' માગવા કહ્યું ત્યારે તેણે એવું ઉટપટાંગ-ગુંચવડીઓ વર માંગ્યો કે જેમાં અભિપ્રાય-સાર એ હતો કે મને અહીંથી વિદાય કરો.

નલગિરિ હત્થિહિંમિં ઠિતઇં, સિવદેવિહિ ઉચ્છંગિ,
અગ્ગિભીરૂ રહ દારૂઅહિ, અગ્ગિ દેહિ મહ અંગિ.

પ્રદ્યોતને ત્યાં નલગિરિ નામનો પ્રસિદ્ધ હાથી હતો; શિવા દેવી હતી, અગ્નિભીરૂ રથ હતો કે જે આગમાં બળતો નહોતો. અભય કહે છે કે નલગિરિ હાથીમાં (પર) બેઠાં બેઠાં શિવા દેવીના ખોળામાં અગ્નિભીરૂ રથનાં લાકડાંઓથી મારા અંગમાં આગ દે. ઉચ્છંગ-સં. ઉત્સંગ.

(૧૪) જાતી વખતે અભય બદલો લેવાની નીચેની પ્રતિજ્ઞા કરીને ગયો અને પછીથી આવી પરદાર-ગમન-રસિક પ્રદ્યોતને બે સ્ત્રીઓદ્વારા લલચાવી બાંધી લઇ ગયો.

કરિવિ પઇવુ સહસ્સકર, નગરી મજ્ઝિણ સામિ !
જઇ ન રડંતુ તઇં હરઉં (તઇ) અગ્ગિહિં પવિસામિ.

—હે સ્વામી ! સહસ્રકર-સૂર્યને પ્રદીપ કરી અર્થાત્ ધોળે દહાડે નગરીના મધ્યથી તને રડતો જો હું હરી ન જાઉં તો હું અગ્નિમાં પ્રવેશ કરૂં. રડતુ-પંજાબી રડયાંદા, હિંદી રટતા.

(૧૫) વેસ વિસિટ્ઠહ વારિયઇ, જઇ વિ મણોહર-ગત્ત,
ગંગાજલ પક્ખાલિય વિ, સુણિહિ કિં હોઇ પવિત્ત.

—યદિ મનોહર ગાત્ર પણ (હોય) છતાં વેશ-વિશિષ્ટોને વારિયે-તેનાથી બચીયે. કુતરી ગંગાજલથી પ્રક્ષાલિત (હોય) છતાં પવિત્ર થાય ? વેસવિસિટ્ઠ-વેશ-વિશિષ્ટા-સારા વેશવાળી-વેશ્યા; વેશનો અર્થ 'વેશ્યાઓનો વાડો' પણ થાય છે-આ અર્થમાં ' વેસ્યાના વાડામાં ધ્રુમી ગઇ' જુઓ નીચેનું ઉદાહરણ નં. ૧૬ સુણિ-સં. શુની-કુતરી.

(૧૬) નયણિહિ રોયઇ મણિ હસઈ, જણુ જાણઇ સઉ તત્તુ,
વેશ વિસિટ્ઠહ તં કરઇ, જં કટ્ઠહ કરવત્તુ.

—જાણે સહુ તત્ત્વ જાણે (જાણતી હોય નહિ તેમ) નયનથી રૂએ, મનમાં હસે. વેશ-વિશિષ્ટા તે (તેમજ) કરે, જે (જેવી રીતે) કાષ્ઠની (કાષ્ઠને) કરવત.

ઉપરના બંને દોહામાં ' વેસ વિસિટ્ઠહ ' જુદા જુદા પદ માનીએ તો પહેલામાં ' વેશ્યા વિશિષ્ટો ' (સારા લોકો) થી વારતિ કરવામાં આવે છે, એ અર્થ થશે અને બીજામાં ' વેશ્યા વિશિષ્ટોના (=ને) તે કરે ' ઇત્યાદિ થશે. કરવત્ત=સં. કરપત્ર. હિં. કરૌતી, ગૂ૦ કરવત.

(૧૭) પિય હઉં થક્કિય સયલુ દિણુ, તુહ વિરહગ્ગિ કિલંત,
થોડઇ જલ જિમ મચ્છલિય, તલ્લોવિલ્લિ કરંત.

—પિયુ ! હું સકલ-આખો દિન તારા વિરહના અગ્નિમાં ઉકળતી રહી-(કેવી રીતે ?) જેમ માછલી થોડા જલમાં તડફડાટ કરે છે (તેમ). થક્કિય-થાકવું-રહેવું (બંગલા થાક્); તલ્લોવિલ્લિ-તલે ઉપરિ-ઉપર નીચે થવું તે-તડફડાટ.

(૧૮) મઈં જાણિયઉં પિય વિરહિયહ, ક વિ ધર હોઇ વિયાલિ,
નવરિ મયંકુ વિ તહ તવઇ, જહ દિણયરુ ખયકાલિ.

—મેં જાણ્યું-પ્રિયના વિરહિતને કોઇપણ આધાર રાતમાં હોય, નવરિ-નહિં પરંતુ (તે જવાદો-તે દૂર રહ્યું-ઉલટું) મયંક પણ જેમ દિનકર પ્રલયકાલમાં (તપે) તેમ તપે છે. ધર-આધાર, આલંબન. વિયાલિ-વિકાલે. વિ=દ્વિ, બીજી વેળા અર્થાત્ રાત. મયંક-મૃગાંક-ચંદ્ર. ખયકાલ-ક્ષયકાલ-પ્રલય. નવરિ-આ દેશીના કંઇક યોગ્ય ભાવ પ્રાકૃતની સંસ્કૃત છાયા બનાવનાર લાવી શકતો નથી. તેનો ઉપર અર્થ આપ્યો છે. આ દોહો હેમચંદ્રજીના વ્યાકરણમાં પણ છે. જુઓ પૃ. ૧૪૬ નં. ૬૨.

(૧૯) અજ્જુ વિહાણુઉં અજ્જુ દિણુ, અજ્જુ સુવાઉ પવત્તુ,
અજ્જુ ગલત્થિઉ સયલુ દુહુ, જં તુહું મહ ઘરિ પત્તુ.

—આજ વહાણું (પ્રભાત) થયું, આજ દિન, આજ સુવાયુ પ્રવૃત્ત થયો. આજ સકલ દુઃખ કે જે તને મારા ઘરમાં પ્રાપ્ત (થયું) તેને ગલહત્થો (દીધો)-કાઢી નાંખ્યું. વિહાણઉં-નામધાતુ. વિહાન્યો હિંદી વિહાન, ગૂજરાતી વહાણું, સં. વિભાત, વિભાન. ગલત્થિઉ-સં. ગલહસ્તિત-ગળામાં હાથ દઈ કાઢી મૂક્યું .(અર્દ્ધચંદ્ર દીધું, ગલહસ્તેન માધવ:)

(૨૦) પડિવજ્જિવિ દય દેવ ગુરૂ, દેવિ સુપત્તિહિ દાણુ,
વિરઇવિ દીણુજણુદ્ધરણુ, 'કરિ સફલઉં અપ્પાણુ.'

—ચોથા ચરણુની સમસ્યા પૂર્તિ છે. દયા, દેવ, અને ગુરૂ પ્રાપ્ત કરી, સુપાત્રોને દાન દઇ–આપી, દીનજનનું ઉદ્ધરણ કરી આત્માને–પોતાને સફલ કર. પડિવજ્જિવિ–સં. પ્રતિપદ્ય–અંગીકાર કરી. વિરઇવિ–સં. વિરચ્ય. અપ્પાણું–આત્માનં. તુલસીદાસે 'અપાન' વાપરેલ છે. પડિવજ્જિવિ, દેવિ, વિરઇવિ–પૂર્વકાલિક ક્રિયાઓ–ભૂતકૃદંત છે.

(૨૧) પુત્ત જુ રંજઇ જણયમણુ, થી આરાહઇ કંતુ,
ભિચ્ચુ પસન્નુ કરઇ પહુ, 'ઇહુ ભલ્લિમ પજ્જંતુ.'

—સમસ્યાપૂર્તિ. પુત્ર જો જનક એટલે પિતા (ના) મનનું રંજન કરે, સ્ત્રી કંથ(ને) આરાધે, ભૃત્ય પ્રભુ–સ્વામી(ને) પ્રસન્ન કરે તો એ (અથવા અહીં) ભલાઈ પ્રાપ્ત થાય છે. રંજઇ–સં. રંજયતિ–પ્રસન્ન કરે. આરાહઇ–આરાધના કરે. ઇહુ–આ અથવા અહીં. ભલ્લિમ–ભલાઈ (સં. તું ઇમનિચ્). પજ્જંતુ–હિંદી પાઇજતે હૈ, પાતે હૈ. ગૂ. પામે છે; અથવા ઇહ ભલ્લિમ પજ્જંતુ–'આ ભલાઈની પર્યંત–સીમા છે' એ પણ અર્થ થઇ શકે છે.

(૨૨) મરગય વન્નહ પિયહ ઉરિ, પિય ચંપયપય દેહ, (સમસ્યા)
કસવટ્ટઇ દિન્નિય સહઇ, નાઇ સુવન્નહ રેહ. (પૂર્તિ)

—મરકત વર્ણના (શ્યામલ) પિયાના ઉરપર ચંપક (જેવી) પ્રભા (વાળા) દેહવાળી પ્રિયા કસોટી પર સુવર્ણની રેખા દીધી–આપી તે પેઠે–તે જેવી શોભે છે. શ્રી હેમચંદ્રના વ્યાકરણમાં આને ઘણી મળતી એક બીજી કવિતા છે તેનું વિવરણ જુઓ પૃ. ૧૨૮ ન. ૧ આ કઇ અવસ્થાનું વર્ણન છે તે કહેવાની જરૂર રહે છે? સહઇ–જુઓ ઉપર નં. ૧૦ અને ૪૧.

(૨૩) ચૂડઉ ચુન્ની હોઇસઇ મુદ્ધિ કવોલિ નિહિત્તુ, (સમસ્યા.)
સાસાનલિણ ઝલક્કિયઉ, વાહસલિલ સંસિત્તુ. (પૂર્તિ)

—હે મુગ્ધે ! કપાલપર રાખેલો ચૂડો શ્વાસની અનલ—અગ્નિથી જ્વાલિત—બળેલો થઈ અને બાષ્પ (વરાળ)ના સલિલ એટલે જળથી સંસિક્ત એટલે સીંચાયેલા થઇને ચૂર્ણ (ચૂરેચૂરા) થશે. પહેલાં તો બળતો શ્વાસ ચૂડાને તપાવશે પછી તેનાપર આંસુ પડશે તો તે શું ચૂરેચૂરા નહિ થઇ જાય ? મુદ્ધિકવોલિ—એને સમાસ લઇએ તો મુગ્ધાના કપોલપર એવો અર્થ થાય. ચુન્ની હોઇસ્ઇ—અભૂત તદ્દભાવનો 'ઇ' આમાં છે. મુદ્ધિ—જુઓ પ્ર૦ ચિં. ઉદાહરણમા ' મુધિ ' (નં. ૮). ઝલક્રિયઉ—ઝલ—જ્વાલા જુઓ પ્ર. ચિં. (ન. ૬) ' ઝાળ '. આ દોહો હેમચંદ્રમાં પણ છે. જુઓ પૃ.

(૨૪) હઉં તુહ તુટ્ઠુઉ નિચ્છઇણ્ણુ, મગ્ગિ મણિચ્છિઉ અજ્જુ.
તો ગોવાલિણ્ણુ વજ્જરિઉ, પહુ મહ વિયરહિ રજ્જુ.

—(દેવતાએ કહ્યું કે) હુ તારાપર નિશ્ચયે તુઠો (છું), આજ મનનું ઇચ્છયું માગ. ત્યારે ગોવાલીએ કહ્યું ' પ્રભુ ! મને રાજ આપ.' વજ્જરિઉ—દેશી. ઉચર્યું, કહ્યું. વિયરહિ—સ. વિતર (હિ). આ સોમપ્રભની પોતાનીજ રચના હોય એવો સભવ છે, પરંતુ અધિક સંભવતો એ છે કે આ કહાણીનો સગ્રહશ્લોક હોય.

(૨૫) એક કોહલ નામનો કબાડી—જંગલી હતો, તે લાકડાનો કાવડ ખાંધપર લઇને ફરતો હતો. તેને સિંહલા નામની સ્ત્રી હતી. તેણીએ પતિને કહ્યું ' દેવાધિદેવ યુગાદિદેવની પૂજા કરો કે જેથી જન્માતરનાં દારિદ્રય—દુ:ખ આવે નહિ, પતિએ કહ્યું કે ' તું ધર્મ—ઘેલી થઈ છો. પરસેવક એવો હું શું કરી શકું તેમ છું ? ' ત્યારે સ્ત્રીએ નદીજલ અને ફૂલની પૂજા કરી. તેજ દિને તે વિષૂચિકા—મરડાથી મરી ગઈ અને જન્માંતરમાં રાજકન્યા અને રાજપત્ની થઇ. પોતાના નવા પતિ સાથે કોઇ દિવસ તેજ જિનમંદિરમાં આવી કે જ્યાં પૂર્વ પતિ દરિદ્ર કબાડીને જોઈ મૂર્છિત થઇ ગઈ. તે સમયે જાતિસ્મરણ થતાં તેણીએ નીચેનો દોહો કહ્યો. કબાડીએ સ્વીકાર કરી જન્માંતર કથાની પુષ્ટિ કરી.

અડવિહિ પત્તી નઇહિ જલુ, તો વિ ન વૂહા હત્થ,
અવ્વો તહ કવ્વાડિયહ, અજ્જ વિસજ્જિય વત્થ.

—અટવી (જંગલ)નાં પાંદડાં, નદીનું જળ (સુલભ હતાં) તો પણ (તેં) હાથ ન હલાવ્યા. હાય ! તે કબાડીઆના વસ્ત્ર આજ વિસર્જિત છે (તન પર કપડા પણ નથી, અને હું રાણી થઈ ગઇ.) વૂહા—વ્યૂહિત કર્યા. અવ્વો—આશ્ચર્ય અને ખેદઅર્થે.

(૨૬) જે પરદાર–પરમ્મુહા, તે વુચ્ચહિં નરસીહ,
જે પરિરંભહિં પરરમણિ, તાહં ફુસિજ્જઈ લીહ.

—જે પરદારા(થી) પરાંઙ્મુખ (છે) તે નરસિંહ કહેવાય છે. જે પરરમણિ(ને) આલિંગન કરે છે, તેની રેખા (સજ્જનોની હારથી) ફસકી જાય છે—મટી જાય છે—તે સજ્જનની પંગતમાં બેસી–રહી શકતો નથી. વુચ્ચહિ—સં. ઉચ્યતે. ફુસિજ્જઈ—મટી જાય છે. હિ૦ પોંછ દી જાતી હૈ. સસ્કૃતમાં ' પોંછને ' માટે ઉત્+પુંસ્ ધાતુનો કાસ્મીરી કવિઓએ પ્રયોગ કર્યો છે– વાપરેલ છે. લીહ—રેહ, રેખા.

(૨૭) એક વહૂ પશુપક્ષીની ભાષા જાણતી હતી. અર્ધી રાતે શિયાળને એવું કહેતાં સાંભળ્યું કે નદીનું મડદું આપી દે અને તેનાં ઘરેણાં લઇ લે, એટલે તે નદીપર તેમ કરવા ગઈ. પાછી આવતી હતી તે સસરાએ જોઇ લીધું. તેણે જાણ્યું કે તે અ–સતી છે. તે તેણીને પિયર પહોંચાડવા ગયો. માર્ગમાં કરીરના ઝાડની પાસે કૌઓ બોલવા લાગ્યો કે આ વૃક્ષના નીચે દશ લાખનો નિધિ છે, કાઢી લે અને મને દહીં સત્તુ ખવરાવ. પોતાની વિદ્યાથી દુઃખ પામેલી તેણી કહે છે કેઃ—

એક્કે દુન્નય જે કયા, તેહિં નીહરિય ઘરસ્સ,
બીજા દુન્નય જઇ કરઉં, તો ન મિલઉ પિયરસ્સ.

—જે એક દુર્નય કર્યો તેથી ઘરથી નિકળી–નિસરી, બીજો દુર્નય જો કરૂં તો પ્યારાથી (કદી પણ) ન મળું. ઘરસ્સ, પિયરસ્સ—સરકૃત છઠી 'સ્ય'નો 'સ્સ' છે. પિયર—પ્રિયકર.

(૨૮) રૂક્મિણીહરણના સમયે કણ્હ (કાન્હ, કૃષ્ણ) રૂક્મિણીને કહે છેઃ—

અમ્હે થોડા રિઉ બહુય, ઇઉ કાયર ચિંતંતિ,
મુદ્ધિ નિહાલહિ ગયણયલુ, કઇ ઉજ્જોઉ કરંતિ.

—આ હેમચંદ્રમાં પણ છે. જુઓ પૃ. ૧૪૫ નં. ૯૦ અમે થોડા (છીએ), રિપુ ઘણા છે એમ કાયર ચિંતવે છે. ભોળી! ગગનતલમાં જો, કેટલા ઉદ્યોત–પ્રકાશ કરે છે? ઘણા તારા છે તે કે એક ચંદ્રજ? અમ્હે–ગૂ૦ અમે, રાજસ્થાની મ્હે. ગૂજરાતીમાં કોઇ સાક્ષર 'હ', પણ અમ્હે એમ ફરી વાપરે છે. મુદ્ધિ–મુગ્ધે! જુઓ નં. ૨૩. નિહાલહિ–આજ્ઞા, ઉપનિષદોનું નિભાલયતિ. ઉજ્જોઉ–ઉદ્યોત.

(૨૯) સો જિ વિયક્ખણુ અક્ખિયઇ, છજ્જઇ સોજ્જિ છઇલ્લુ,
ઉપ્પહ પટ્ઠિઓ પહિ ઠવઇ, ચિત્તુ જુ નેહ–ગહિલ્લુ.

—તે જ વિચક્ષણ કહેવાય છે, તેજ છેલ છાજે છે (શોભિત થાય છે) જે ઉત્પથ–પ્રસ્થિત (કુમાર્ગ પર ચાલતા) નેહઘેલા ચિત્તને પથપર ટકાવે છે. અક્ખિયઇ–આખવામાં આવે–આખ્યા પરથી. પંજાબી આખના. કહેવામાં આવે. છજ્જઇ–છાજે. સોજ્જિ–સોઉ+જિ. તે જ. જિ–જી પાદપૂરણ છે. છઇલ્લુ–સં. છેદ્દ એટલે વિદગ્ધ, ચતુર. પ્રાકૃત કવિતામાં છઇલ્લનો અર્થ ચતુર છે. પંજાબીમાં છૈલ એટલે સારૂં. આ છઇલ તથા તે પરથી બનાવેલ પ્રેમી છૈલા (છબિલ, છબિલા)નો ભેદ તુલસીદાસે બતાવ્યો છે કે 'છરે છબીલે છૈલ સબ.' ઠવઇ–સ્થાપે સં. સ્થાપતિ. ગહિલ્લુ–સં. ગ્રહિલ, આગ્રહી, તેપરથી ઘેલું થયેલ છે. હઠીલું.

(૩૦) રિદ્ધિ વિહૂણઉ માણુસહ, ન કુણઇ કુવિ સમ્માણુ,
સઉણિહિ મુચ્ચહિ ફલરહિઉ, તરૂવરૂ ઇત્થુ પમાણુ.

—રિદ્ધિ વિહૂણા માણસનું કોઈ પણ સંમાન કરતું નથી. શકુનિ–પક્ષીઓથી ફલરહિત તરૂવરને છોડાયછે (એ) અહીં પ્રમાણ છે.

રિદ્ધિ–સં. ઋદ્ધિ. વિહૂણ–સં. વિહીન. નિષ્ઠાના રૂપમાં ઇ અને

ઉની બદલીમાં-સરખાઓ જીર્ણ ઉપરથી જૂણું અને તે પરથી જૂના. સઉણિ-સં. શકુનિ. ઇત્થુ-પ્રાકૃત એત્થ, સં. અત્ર, પંજાબી ઇત્થું.

(૩૧) જઇવિ હુ સૂરૂ સુરૂવુ વિઅકખણુ,
તહવિ ન સેવઇ લચ્છિ પઇક્ખણુ;
પુરિસ-ગુણાગુણ-મુણણુ-પરમ્મુહ,
મહિલહ બુદ્ધિ પયંપહિં જં બુહ.

—યદ્યપિ શૂર, સુરૂપ, વિચક્ષણ હોય તથાપિ લક્ષ્મી (તે મનુષ્યને) પ્રતિક્ષણ સેવતી નથી. (કારણકે) પુરૂષોના ગુણ અને અગુણના વિચારથી પરાઙ્મુખ, મહિલાઓની બુદ્ધિ હોય છે-જેથી બુધ કહે છે. મુણણુ-વિચારવું-મનન. પયંપહિ-સં. પ્રજલ્પતે. જં-જેથી અથવા જેમ (યથા).

(૩૨) જેણુ કુલક્કમુ લંઘિયઇ, અવજસુ પસરઇ લોઇ,
તં ગુરૂ-રિદ્ધિ-નિબંધણુ વિ, ન કુણઇ પંડિઓ કોઇ.

—જેનાથી કુલક્રમ ઉલંઘાય, (અને) અપજશ લોકમાં પ્રસરે, તે(ને) ગુરૂ એટલે બહુ સંપત્તિ ઉપજાવનાર (કામ) ને પણ કોઇ પંડિત કરતું નથી.

(૩૩) જં મણુ મૂઢહ માણુસહ, વંછઇ દુલહ વત્થુ,
તં સસિ-મંડલ-ગહણુ કિહિં, ગયણિ પસારઇ હત્થુ.

—જો મૂઢ માણસનું મન દુર્લભ વસ્તુને વાંછે છે, તો શું શશિમંડલના ગ્રહણ કરવા માટે ગગનમાં હાથ પસારે છે?

(૩૪) રાવણુ જાયઉ જહિં દિયહિ, દહ મુહ એક્ક સરીરૂ,
ચિંતાવિય તઇયહિ જણણિ, કવણુ પિયાવઉં ખીરૂ.

—શંખપુરના રાજા પુરંદરને ત્યાં એક સરસ્વતી કુટુંબ આવ્યું. રાજાએ આ દોહાનું ચોથું ચરણ 'પુત્ર માતા'થી સમસ્યાની રીતે પૂછ્યું. તેણીએ પૂર્તિ કરી. પ્રબંધ ચિંતામણિમાં સરસ્વતી કુટુંબ ભોજને ત્યાં આવ્યું હતું; ત્યાં પણ આ સમસ્યા ગૃહપત્નીએ આજ રીતે પૂર્ણ કરી છે. આમાંથી એ ફલિત થાય છે કે આ દોહો જૂનો છે. કથાલેખક

આની રચના કોઇપણ રાજાની સભામાં ઠેસવી દે છે. હવે પછીના પ્રબંધ ચિંતામણિવાળા લેખમાં આનો તેમજ આગળના દોહાનો અર્થ આપેલ છે. જુઓ હવે પછી તેમાં નં. ૧૨.

ગવણ, જાયો (જન્મ્યો), જે દિને દશમુખ એક-શરીર વાળો; ત્યારે ચિંતિત કરી, જનની(ને) કે(ને)-ક્યા મુખને ક્ષીર (દુધ) પીવરાવુ ?

ચિંતાવિય-સ. ચિંતાપિતા (') 'પ' નો 'વ' થાય છે.

૧-પૃ ૫૦૭.

(૩૫) ઇઉ અચ્ચબ્ભુઉ દિટ્ઠુ મઇ, 'કંઠિ વ લુલ્લઇ કાઉ',

કીઇવિ વિરહ-કરાલિયહે, ઉડ્ડાવિયઉ વરાઉ.

(પુત્રની સ્ત્રીએ આ સમસ્યાપર્તિ કરી છે-આ દોહો હેમચંદ્રમાં પણ છે. આ અત્યદ્દભુત મેં દીઠુ કે હું કંઠમાં શુ લગાવુ, કોઇપણ વિરહ-કરાલિતાએ વરાક (બીચારા-પતિ)ને ઉડાવી દીધો. ઇઉ=આ.

(૩૬) સીહુ દમેવિ જુ વાહિહઇ, ઇક્કુ વિ જિણિહઇ સત્તુ,

કુમરિ પિયકરિ દેવિ તસુ અપ્પહુ, રજ્જુ સમત્તુ.

—ગજપુરના રાજા ખેમંકરને સુતારા દેવીથી એક કન્યા ઉત્પન્ન થઇ, રાજા અને રાણી મરી ગયા પછી મંત્રિઓએ તેણીને પિયંકર એ નામ આપી પુરૂષ હોય તેમ ગાદીપર બેસાડી, પછી કુલદેવી અચ્યુતાની પૂજા કરીને પૂછ્યું કે આનો પતિ કેને કરવો ? દેવીએ ઉત્તર આપ્યો કે-સિંહને દમન કરીને જે વાહે-સવારી કરે, એકલો પણ શત્રુઓને જીતશે, તેને કુમારી પ્રિયંકરીને રાજ સમસ્ત અર્પણ કરો. આવોજ પતિ મળી ગયો ને વાર્તા વાર્તાની પેઠે ચાલી આવી.

પ્રકરણ ૫ મું.

સોમપ્રભ અને સિદ્ધપાલે રચેલી કવિતા.

૨૧૯—હવે સોમપ્રભસૂરિ અને સિદ્ધપાલ કવિની રચેલી કવિતાના નમુના આપીએ છીએ.

(૧) કુમારપાલ પ્રતિબોધ (ગાયકવાડ સંસ્કૃત સિરીઝ પૃષ્ઠ ૭૭.) એક છંદઃ—

(૩૭) કુલુ કલંકિઉ મલિઉ માહપ્પુ
મલિણીકય સયણમુહ
દિન્નુ હત્થુ નિયગુણ કડપ્પહ
જગુ જઝંપિયો અવજસિણ
વસિણ વિહિય સન્નિહિય અપ્પહ ।
દૂરહ વારિઉ ભદ્દ નિણિ, ઢક્કિઉ સુગઇદુવારુ,
ઉભયભવુબ્ભડદુક્ખકરુ, કામિઉ જિણ પરદારુ.

આ સાત પદવાળો-સપ્તપદ છંદ તે સમયની રચનામાં બહુ મળે છે. અંતના બે પદ દોહાના છે. પરદાર ગમનની નિંદા કરતાં કવિ કહે છે કે—કુલ, કલંકિત (કર્યું) માહાત્મ્ય (ધૂળ !) મેળવ્યું. સજ્જનોનાં મુખ મલિન કર્યાં, નિજ ગુણસમુહને હાથ દીધો (ધક્કો દઈ બહાર કાઢયો), જગને અપજશથી ઝંપ્યું (ગલહત્થો દીધો—ઢાંકી દીધું), વ્યસનથી વિહિત—કરેલા પોતાને સન્નિહિત કર્યો. દૂરથી ભદ્ર—કલ્યાણને વાર્યું, સુગતિના દ્વાર ઢાંકી દીધાં, બને ભવ (આ ભવ અને પરભવ)માં ઉદ્ભટ દુઃખોની કરનારી પરદારાને જેણે કામિત કરી (ચાહી) તેણે.

સયણ—સજ્જન, મિત્ર હિંદી સાજન. દિન્નુ હત્થુ—હાથ દીધો, ગલહસ્ત કર્યો, અર્ધચંદ્ર આપ્યો, બહાર કાઢી મૂકયો. જુઓ ઉપર નં. ૧૯. કડપ્પ—? સમૂહ. ઝંપ=ધૂમવું, ઢાંકવું વા જીતવું.

આને મળતો એક શ્લોક સોમપ્રભનોજ સૂક્તિમુક્તાવલી (સિંદૂર પ્રકરણ—સ્તોત્ર)માં છેઃ—

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चकं
चारित्र्यस्य जलांजलि र्गुणगणारामस्य दावानलः ।
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः
शीलं येन निजं विलुप्तमखिलं त्रैलोक्यचिंतामणिः ॥

—કાવ્યમાલા ગુચ્છક ૭ પૃ. ૩૭.

(૨) પૃ. ૩૧૧, કુલ ૧૪ છંદમાં બાર ભાવનાઓ છે તેમાંથી ત્રણ નમૂના.

(૩૮) પિઇ માય ભાય સુકલત્તુ પુત્તુ
પહુ પરિયણુ મિત્તુ સણેહજુત્તુ ।
પહવંતુ ન રક્ખઇ કોવિ મરણુ
વિણુ ધમ્મહ કોવિ મરણુ
વિણુ ધમ્મહ અન્નુ ન અત્થિ સરણુ ॥

(૩૯) રાયા વિ રંકુ સયણો વિ સત્તુ
જણુઓ વિ તણુઉ જણુણિ વિ કલત્તુ ।
ઇહ હોઈ નડ વ્વ કુકમ્મવંતુ
સંસારરંગિ બહુરૂવુ જંતુ. ॥

(૪૦) એક્કલ્લઉ પાવઇ જીવુ જમ્મુ
એક્કલ્લઉ મરઈ વિઢત કમ્મ ।
એક્કલ્લઉ પરભવિ સહઇ દુક્ખુ
એક્કલ્લઉ ધમ્મિણ લહઇ મુક્ખુ ॥

આમાં અર્થ સ્પષ્ટ છે. કઠિન શબ્દોના અર્થ આ પ્રમાણે છેઃ–પિઇ–પિતા. સુકલત્તુ–સુકલત્ર.(સારી સ્ત્રી), પહુ–પ્રભુ, પરિયણુ–પરિજન. સણેહજુત્તુ–સ્નેહયુક્ત. પહવંતુ–સં. પ્રભવન્. સમર્થ હોવા છતાં. રક્ખઈ–સં. રક્ષતિ–રક્ષા કરે છે–બચાવે છે. ધમ્મહ–ધર્મના. અન્નુ–અન્ય. અત્થિ–છે. રાયા–રાજા. સયણો–સજ્જન–સાજન. સત્તુ–શત્રુ. જણુઓ–જનક, પિતા. તણુઉ–તનય–પુત્ર. નડવ્વ–નટ ઇવ–નટની પેઠે. રંગિ–રંગ ઉપર–નાટક ભૂમિપર. બહુરૂવુ–બહુરૂપી. એક્કલ્લઉ–એકલો. વિઢત–અર્જિત–કમાવેલાં. પરભવિ–પરલોકમાં. ધમ્મિણ–ધર્મથી. મુક્ખુ–મોક્ષ.

(૩) પૃ. ૩૫૦–૫૧, વસંતવર્ણન છંદ પાંચ તેમાંથી એક નમૂનો.

(૪૧) જહિં રત્ત સહહિં કુસુમિય પલાસ નં ફુટ્ટઈ પહિયમણુ હિયયમાસ,
સયયારિહિ રેહહિ મંજરીઓ નં મયણ જલણ જાલાવલીઓ.

—જ્યાં કુસુમિત પલાસ રક્ત સોહે છે જાણે કે પથિકગણ(ના) હૃદયનું માંસ ફુટે છે; સહકારો (આંબા)માં મંજરીઓ વિરાજે છે જાણે

કે મદન (રૂપી) જ્વલન (અગ્નિ) ની જ્વાલાવલિઓ. સહિં-જુઓ નં. ૧૦ તથા ૨૨.

(૪) પૃષ્ટ ૧૭૮. ગ્રીષ્મવર્ણન છંદ ચાર તેમાંથી એક નમૂનો.

(૪૨) જહિં દુટ્ઠુ નરિંદુ વ સયલુ ભુવણુ, પરિપીડઇ તિવ્વ કરેહિં તવણુ,
જહિં દૂહવ મહિલય જણુ સમગ્ગ, સતાવઇ સૂય સરીર લગ્ગુ.

—જ્યાં તવણુ-તપન-સૂર્ય તીવ્ર કરોથી-કિરણોથી દુષ્ટ નરેંદ્રની પેઠે સકલ ભુવનને પીડે છે, જ્યા દુર્ભગ (વિયોગિની) મહિલા જન સમગ્રને સતાવે સૂર્ય (?) શરીરમાં લાગ્યા. કર-રાજના કર તેમજ કિરણ.

(૫) પૃષ્ટ ૪૨૩ થી ૪૩૭ પર જીવમન:કરણ સંલાપ છે તેમાં છંદ ૧-૨, ૪-૨૭, ૨૯-૩૦, ૪૭, ૫૧-૫૨, ૫૪-૫૯, ૬૧, ૬૪-૬૫, ૬૭-૧૦૪ એ બધા અપભ્રંશમાં છે-બાકીના પ્રાકૃતમાં છે. કવિ સિદ્ધપાલે જીવ, મન અને ઇંદ્રિયોની વાતચીત રાજા કુમારપાલને સંભળાવી છે. દેહ નામના પટ્ટણ (નગર) માં આત્મા રાજા, બુદ્ધિ મહાદેવી, મન મહામંત્રી, અને ફરિસણુ (સ્પર્શ) રસણુ (રસ), ઘ્રાણુ (ઘ્રાણ), લોયણુ (લોચન), સવણુ (શ્રવણ) એ પાંચ પ્રધાન- એમ કથા ચાલે છે. તેમાંથી ત્રણ નમૂના આપીએ છીએ:—

(૪૩) જ તિલુત્તમ-રૂવ-વક્ખિત્તુ
ખણુ બંભુ ચઉમુહુ હુઉ
ધરઇ ગોરિ અદ્ધંગિ સંકર
કંદપ્પપરવસુ ચલણુ
જં પિયાઇ પણમઇ પુરંદર
જં કેસવ નચ્ચાવિઉ, ગોઠંગણિ ગોવીહિં
ઇંદિયવગ્ગહ વિપ્ફુરિઓ, તં વન્નિયહ કઇહિં. ૬૧

—જે તિલોત્તમાના રૂપથી વ્યાક્ષિપ્ત-વ્યાકુલ થએલો બ્રહ્મા ચતુર્મુખ થયો, શંકર ગૌરીના અર્ધાંગમાં ધરે-ધારણ કરે, કંદર્પને પરવશ ચરણ જેના છે તે પુરંદર જે પ્રિયાને પ્રણમે, જે કેશવ ગોષ્ટના આંગણે ગોપીઓથી નચાવ્યો-આ ઇંદ્રિયવર્ગનાં વિસ્ફુરિત કવિયોથી વર્ણવાય છે.

(૪૪) વાલત્તણુ અસુઇ-વિલિત્ત-દેહુ
દુહકર દંસણુગ્ગમ કન્નવેહુ
ચિંતતહ સવ્વવિવેય રહિઉ
મહ હિયઉ હોઇ ઉક્કંપસહિઉ ॥ ૮૫ ॥

—બાલકપણું, અશુચિ (પદાર્થોથી) વિલિપ્ત દેહ, દુઃખકર દર્શન એટલે દાંતોનો ઉદ્‌ગમ-આવવું-નીકળવું, કર્ણવેધ, (આ સર્વને) ચિંતવતા સર્વવિવેક રહિત (એવું) મારૂં હૈયું ઉત્કંપ સહિત થાય છે.

(૪૫) ઇસા-વિસાય-ભય-મોહ-માય।
મય-કોહ-લોહ-વમ્મહ-પમાય ॥
મહ સગ્ગગયસ્સ વિ પિટ્ઠિ લગ્ગ।
વવહરય જેવ રિણિઅહ સમગ્ગ ॥ ૯૭ ॥

—ઇર્ષા, વિષાદ, ભય, મોહ, માયા, મદ, ક્રોધ, લોભ, મન્મથ, પ્રમાદ (જે સર્વે) મારા સ્વર્ગગતના પણ પીઠપર લાગેલા વ્યવહારી (લેણદાર) જેવી રીતે ઋણી (કરજદાર) ના સમગ્ર-સર્વ.

(૬) પૃષ્ઠ ૪૪૩-૪૬૧ પર સ્થૂલિભદ્ર કથા છે તેમાં ૧-૪, ૧-૧૪, ૨૩-૨૫, ૩૧-૩૨, ૩૪-૩૮, ૪૦-૪૫, ૪૬-૬૨, ૬૪-૬૬, ૬૮-૮૨, ૮૪, ૯૪, ૯૭-૯૮, ૧૦૦, ૧૦૧-૧૦૫ છંદો અપભ્રંશ છે; બીજા પ્રાકૃતમાં છે. પાડલિપુત્તના રાજા નવમા નંદનો મંત્રી સગડાલ (શકટાર) હતો, તેણે કોઇરીતે પોતાની શ્રુતધર કન્યાઓની સહાયતાથી વરરૂચિને નવી કવિતાઓ સંભળાવી નંદ પાસેથી ધન મેળવતો બંધ કર્યો હતો; વરરૂચિનું ગંગા પાસેથી દીનાર મેળવવાનું ચેટક, નંદનો સગડાલપર ક્રોધ, સગડાલના પુત્ર સિરિયે પિતાને મારવો, સિરિયના મોટાભાઇ સ્થૂલિભદ્રનો કોશા નામની વેશ્યા સાથે પ્રેમ, સ્થૂલિભદ્રનું શ્રમણ થવું, તે શ્રમણનું કોશાને ત્યાં જઇ સંયમથી રહેવું, વગેરે વર્ણન ઘણું સુંદર છે. તેમાંથી ૬ નમુના લીધા છે:—

(૪૬) જસુ વયણુ વિણિજ્જિઉ નં સસંકુ, અપ્પાણુ નિસિહિ દંસઇ સસંકુ,

જસુ નંયણુકંતિ જિય લજ્જભરિણુ, વણુવાસુ પવન્નય નાઇ હરિણુ. ૮

—જેના વદનથી વિનિર્જિત–જીતાયેલો જાણે શશાંક (ચંદ્ર) પોતાને નિશામાં–રાત્રિમાં સશક દેખાડે છે, જેની નયનકાંતિ(થી) જિત–જીતાયેલો લજ્જાભરથી જાણે હરિણુ વનવાસ પ્રપન્ન થાય છે–પામે છે–સેવે છે

(૪૭) નંદુ જપઇ પઢઇ પરકવ્વ
કહ એસ વરરૂઇ સુકઇ
કહઇ મંતિ મહ ધૂય સત્ત વિ
એયાઇં કવ્વાઈ
પહુ પઢઇં બાલાઉ હુંત વિ
તત્થ તુમ્હ નરનાહ જઇ, મણિ વટ્ટઇ સદેહુ ।
તાઉ પઢંતિય કોઉગેણ, તા તુમ્હેં નિસુણેહુ ॥ ૩૨ ॥

—નંદ કહે છે " પઢે–બોલે પરકાવ્ય કેવી રીતે આ વરરુચિ સુકવિ ? " કહે છે મંત્રી ' મારી પુત્રીઓ સાતેય આ કાવ્યોને પ્રભુ ! બોલે છે, બાલા હોતી–હોવા છતાં પણ, ત્યાં તમો નરનાથને જો મનમાં વર્તે છે સંદેહ, તેઓને બોલતી કૌતુકથી તેમને તમે સાંભળો. '

કન્યાઓમાં પહેલી એકવાર સાંભળી, બીજી બેવાર એમ સાતમી સાતવાર સાભળી શ્લોક કઠસ્થ કરી લેતી હતી. વરરૂચિએ નવો શ્લોક બોલતાંજ પહેલી કંઠસ્થ કરીને બોલી જતી. આમ બે વાર સાભળી બીજી બોલી જતી ઇત્યાદિ. પછી નંદે કુપિત થઇ વરરૂચિને કાઢી મૂક્યો.

(૪૮) ખિવિવિ સંઝિહિં સલિલ દીણાર
ગોસગ્ગિ સુરસરિ થુણઇ
હણઇ જંતસચાર પાઇણુ
ઉચ્છિલિવિ તે વિ વરરૂઇહિં
ચડહિં હત્થિ તેણુ ધાઇણુ
લોઉ પઇંપઇ વરરૂઇહિ, ગંગ પસન્નિય દેઈ ।
સુણિવિ નંદુ વુત્તંતુ ઇહુ, સયડાલસ્સ કહેઈ ॥ ૩૫ ॥

—ફેંકીને, સંધ્યાએ, જલમાં, દીનાર, સવારમાં, (વરરૂચિ) ગંગાને,

સ્તવે-સ્તુતિ કરે છે, (અને) હણે છે (દબાવે છે), યંત્ર સંચારને, પગથી, ઉછળીને, તે, પણ, વરરુચિને, ચડે છે, હાથમાં, તેના, ઘાતથી; લોક, કહે છે (કે), વરરુચિને, ગંગા, પ્રસન્ન થઇને, દે છે, જાણીને, નંદ, વૃત્તાંત, આ શકટાલને, કહે છે.

ખિવિવિ-સં. ક્ષિપ્. ખિવિવિ, ઉચ્છિલિવિ, મુણિવિ-ભૂતકૃદંત છે. ગોસગ્ગ-સં. ગોસર્ગ-સવાર. થુણઇ-સં. સ્તુ (સ્તુતિ કરવી). હુ (હોમ કરવો) ધાતુ 'નુ' વાળી અર્થાત્ પાંચમા ગણની પણ માનવી જોઇએ. પ્રાકૃત થુણઇ એટલે સ્તુતિ કરે છે. પુરાણો તથા પદ્ધતિઓમાં હુનેત્ અને હુનુયાત્ આવે છે. (તુલસીદાસના રામચરિતમાનસમાં, હુને અનલ મેંહ વાર બહુ). કૃનું કૃણોતિ વેદમાં તથા કુણઇ પ્રાકૃતમાં આવે છે. પઇંપિઇ-સ. પ્રજલ્પ. પસન્નિય-સ. પ્રસન્નિતા (!).

આ પછી શકટારે પઢાવેલા માણસ મોકલી વરરુચિને સાયંકાલે નદીમાં દીનાર રાખતા જોઇ લીધો. પોતે તે કઢાવી લીધી. સવારે નદની સમક્ષ વરરુચિએ ઘણી સ્તુતિ કરી અને યંત્ર ચલાવ્યું, પણ કંઇ ન મળ્યું.

(૪૯) કોશાએ વિચાર્યું કે શ્રમણ મારા અનુરાગમાં એટલો મગ્ન છે તો તેને સુમાર્ગમાં લગાવું. તેણીએ કહ્યું કે મને ' ધમ્મલાભુ ' થી શું સર્યું, ' દમ્મુલાભુ ' (દામ-લાભ) જોઇએ. તેણે પૂછ્યું ' કેટલા ? ' કોશાએ લાખ માંગ્યા.

તીઈ વુત્તઇ સો સનિવ્વેઉ
મા ખિજ્જસિ કિંચિ તુહં
ઝત્તિ વચ્ચ નેવાલમંડલુ
તહં દેઇ સાવઉ નિવઇ
લક્ખુ મુલ્લુ સાહુસ્સ કંબલુ
સો તહિં પત્તઉ દિટ્ઠુ નિવુ, દિન્નઇ કંબલ તેણ ।
તં ગોવિવ દંડય તલઇ, તો વાહુડિઉ જવેણ ॥ ૮૯ ॥

—તે (કોસા) ને, કહેવામાં આવ્યું, તે, સનિર્વેદ, મા, દુઃખી થા, કંઇપણ, તું, ઝટ, જા, નેપાલમંડલ, ત્યાં, દે-આપે, શ્રાવક, નૃપતિ,

લાખ(ના), મૂલ્યનું સાધુનું, કંબલ, તે, ત્યાં, પ્રાપ્ત થયેલ, દીઠો, નૃપ; આપ્યો કંબલ, તેણે; તેને, ગુપ્ત કરીને–ગોપવીને, દંડના, તળે, તે, પાછો ફર્યો, વેગથી.

વુત્ત–સં. ઉક્ત. વચ્ચ–સં. વ્રજ. વાહુડિઉ–સં. વ્યાઘુટિત.

માર્ગમાં ચોર મળ્યા, જેણે લાખ દીનારો મળવાના શકુન થયા હતા.

(૫૦) તો મુક્કઉ ગઈ દિન્નુ તિણુ, કંબલુ કોસહિ હત્થ ।
સો પેચ્છંતહ તીઈ તસુ, ખિત્તુ ખાલિ અપસત્થિ ॥ ૫૧ ॥

—ત્યારે, મુકયો–મુક્ત કર્યો (ચોરોએ), (તે) ગયો; દીધી તેને, કબલ, કોશાના, હાથ(માં); તે, જોતાં સતિ, તેણે, તેને, ફેંક્યો, ખાળમાં, અપ્રશસ્તમાં.

તિણુ—૫જાબી તિન્ની, પેચ્છંત–સ. પ્રેક્ષત્ ડિંગલ–પેખન્ત. ખાલા –ખાળ, ગંદા પાણીની મોરી.

(૫૧) સમણુ દુમ્મણુ ભણઇ તો એઉ
બહુમુલ્લુ કંબલરયણુ
કીસ કોસિ પઈ કખાલિ ખિત્તઉ
દેસંતરિ પરિભમેવિ
મઈ ભહંત દુકખેણુ પત્તઉં
કોસ ભણઈ મહાપુરિસ, તુહુ કંબલુ સોએસિ
જં દુલ્લહુ સંજમ–ખણુ, હારિસ તં ન મુણેસિ ૯૨

—શ્રમણુ, દુર્મન (થઇને), કહે છે, તો, ' આ, બહુમૂલ્ય, કંબલ-રત્ન, શામાટે, કોશા ! , તેં, ખાળમાં, ફેંકયું, દેશાંતરમાં, પરિભ્રમણુ કરી, મેં, મહા, દુઃખથી, પ્રાપ્ત કર્યું. " કોશા કહે છે 'મહાપુરૂષ ! તું, કંબલ(નો) મોટો વિચાર કરે છે, જે, દુર્લભ, સંયમ(ની)ક્ષણુ, હારી ગયો છું, તે, નહી જાણુતો. "

ખિત્તઉ, પત્તઉ—ખિત્તો, પત્તો, સં. ક્ષિપ્ત, પ્રાપ્ત. મુણુ–જાણુવું–જુઓ નં. ૩૫.

(૭) પૃ૪ ૪૭૧-૭૨, આઠ છપ્પય માગધોએ ગાયા છે, કે જેને સાંભળી પ્રાતઃકાલે કુમારપાલ રાજા જાગતો હતો. તેમાંથી એક નમૂના તરીકે અહીં આપી તેનું વર્ત્તમાન ગુજરાતી અનુસાર અક્ષરાંતર કરવામાં આવેછે. એમ પહેલાં કહેવાઇ ગયું છે કે જૂની કવિતાથી સોમપ્રભની કવિતા ક્લિષ્ટ છે તથા તેના નમૂનાઓથી પાઠકોને પણ તેમ જણાયું હશે. આ કવિતા હિંદીમાં ડિંગલ કવિતા જેને કહે છે તે જાતની છે અને પૃથ્વીરાજ રાસાના કલ્પિત સમયથી કેટલાંક વર્ષો પહેલાંની છે. આમાં સર્વ સંસ્કૃતના તત્સમ છે. અધિક કઠિન નથી.

(૫૨) ગયણમગ્ગસંલગ્ગલોલકલ્લોલપરંપરૂ
નિક્કરુણુક્કડનક્કચક્કચક્કમણદુહંકરૂ
ઉચ્છલતગુરૂ પુચ્છમચ્છરિંછોલિ નિરંતરૂ
વિલસમાણજાલાજડાલ વડવાનલ દુત્તરૂ
આવત્તસયાયલુ જલહિ લહુ ગોપઉ જિમ્વ તે નિત્થરહિ
નીસેસવસનગણનિઠ્ઠવણ પાસનાહુ જે સંભરહિ.
—ગગન-માગ-સંલગ્ન-લોલ-કલ્લોલ-પર પર
નિષ્કરૂણોત્કટ-નક્ર-ચક્ર-ચક્રમણ દુખ (!) કર
ઉછળતા ગુરૂ-પુચ્છ-મત્સ્ય-રિંછોલિ-નિરંતર
વિલસમાન-જ્વાલા-જટાલ-વડવાનલ-દુસ્તર
આવર્ત-શતાકુલ જલધિ લઘુ ગોપદ જેમ તે નિસ્તરે
નિઃશેષ-વ્યસન-નિઃસ્થાપન પાર્શ્વનાથ જો સાંભરે.

રિંછોલિ=પંક્તિ (દેશી) | નિઠ્ઠવણુ-સં. નિસ્થાપન-નીતાડનાર, સમાપ્ત કરનાર નીઠ જવું-નીતવુ (મારવાડી). સંભરહિ-સંભરવું, સભારવું, સાંભરવું. મરાઠીમાં સંભાલના, પંજાબીમાં સુમ્ભાલના=યાદકરવું, સંસ્મરણ કરવું.

વિભાગ પાંચમો.

મેરૂતુંગસૂરિનો પ્રબંધ ચિંતામણિ. સં ૧૩૬૧.

પ્રકરણ ૧ લું.

પ્રબંધ ચિંતામણિ.

૨૨૦. આ નામનો સંસ્કૃત ગ્રંથ જૈનાચાર્ય મેરતુંગે સંવત્ ૧૩૬૧ માં કાઠિયાવાડના વઢવાણુમાં રચ્યો. મુબઈના ડૉક્ટર પીટર્સનના શાસ્ત્રી દીનાનાથ રામચંદ્રે મુંબઇમાં સં. ૧૯૪૪ માં કોઈ હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી તેનું મૂલ છપાવ્યું તે હાલ દુષ્પ્રાપ્ય છે. તેમણે તેની વર્દ્ધિત આવૃત્તિનું ગુજરાતી ભાષાંતર પણ છપાવ્યું છે. સન ૧૯૦૧ માં ટૉનીએ વળી કોઇ મૂલ પ્રતિઓની સહાય લઇ તેનો અંગ્રેજી અનુવાદ છપાવ્યો છે. આમાં કેટલાક ઐતિહાસિક પ્રબધો યા કિસ્સા છે. શ્રાયુત ચંદ્રધરશર્મા ગુલેરી બી. એ. વિશેષમાં કથે છે કે " કેટલીક બાબતમાં તે ભોજપ્રબંધની ઢબવાળું પુસ્તક છે. જૈન ધાર્મિક સાહિત્યમાં પોતાના મતની 'પ્રભાવના' વધારવા કિસ્સાઓનું સ્થાન ઘણું ઉંચું છે. જૈન ધર્મોપદેશક પોતાના સાધુ તથા શ્રાવક શિષ્યોના મનોવિનોદ અને ઉપદેશ માટે કંઇક કથાઓ કહ્યાં કરે છે કે જે પૌરાણિક, ઐતિહાસિક યા અર્ધ-ઐતિહાસિક હોય છે. આ કથાઓના કેટલાય સંગ્રહ ગ્રંથ છે કે જેમાં પુરાણા કવિયોની રચના, નવા કવિયોનાં નામ, પુરાણા રાજાઓનાં કર્ત્તવ્ય, નવાનાં નામ, વિક્રમાદિત્ય પણ જૈન, સાલિવાહન પણ જૈન, વરાહમિહિર પણ જૈન, બ્રાહ્મણ વિદ્વાનો અને અન્ય શાખા-સંપ્રદાયોના વિદ્વાનોનો પોતાના આચાર્યોથી પરાજય વગેરે બાબતો રહે છે કે જે વર્ત્તમાન દૃષ્ટિથી ઐતિહાસિક કહી શકાતી નથી. કિંતુ તે સમયના

હિંદુ ગ્રંથ પણ એવાજ છે. તેમાં જો જોવામાં આવે તો ઐતિહાસિક તત્ત્વની ઉપેક્ષા જૈનો કરતાં વધારે કરવામાં આવી છે. આથી કેવલ જૈનોને ઉપાલંભ આપી શકાતો નથી. આટલું છતાં પણ જૈન વિદ્વાનોએ ઇતિહાસ પ્રત્યે રૂચિ રાખ્યાનાં તથા તેની મૂલ ભીંતનો આધાર ન છોડયાનાં પ્રમાણ મળે છે. એમ તો સમ્રાટ્ અશોકની ધર્મલિપિના શબ્દોમાં ' આત્મપાખંડે પૂજા પરપાખંડે ગર્હા ' સહુ બતાવે છે."

૨૨૧. સં. ૧૩૬૧ નો સમય પૃથ્વીરાજ અને તેના રાસના કલ્પિત કર્ત્તા ચંદનો સમય (૧૨૫૦ સં.) થી ૧૧૦ વર્ષ પછી છે તે સમયની પ્રચલિત ભાષા–કવિતા અવશ્ય મનન કરવા યોગ્ય છે. સં. ૧૩૬૧ માં મેરૂતુંગે આ ચિંતામણિનેઃ સંગ્રહ કર્યો છે. કોઇ પણ ઉધ્ધૃત કવિતા તેણે પોતે રચી નથી. કથાઓમાં પ્રસંગો પ્રસંગે જે કવિતા તેણે આપી છે તે અવશ્ય તેનાથી જૂની છે. કેટલી જૂની છે તેનો વધારેમાં વધારે સમય તો સ્થિર કરી શકાતો નથી, પરંતુ પ્રબંધ ચિંતામણિની રચનાનો સમય તેનો નીચામાં નીચો ઉપલબ્ધિ કાલ અવશ્ય છે. તેનાથી પચાસ સાઠ વર્ષ પહેલાં કવિતા લોકકથાઓમાં પ્રચલિત હોય યા આવા ઘસાયેલા સિક્કા જો સો બસો વર્ષ જૂના પણ હોય તો તેમાં આશ્ચર્ય નથી.

૨૨૨. કેટલાક દોહા એવા છે કે જે ધારના પ્રસિદ્ધ રાજા ભોજના કાકા મુંજના નામના છે અને તેના બનાવેલા કહેવામાં આવ્યા છે. એક ગોપાલ નામની વ્યક્તિએ ભોજને કહેલો હતો. બે ચારણોએ હેમચંદ્રને સંભળાવ્યા હતા; કેટલાક નવઘણ રાજાના મરસીયા (રાજીયા) છે. સ. ૧૩૬૧ ના લખેલા ઇતિહાસ અનુસાર તે તેતે સમયના છે. આ કવિતાઓને શાસ્ત્રીએ માગધી અને ટૉનીએ પ્રાકૃત જણાવ્યા છે.

૨૨૩. સેવેલે ગણિતથી સિદ્ધ કર્યું છે (રૉ. એ. સો. જર્નલ જુલાઇ ૧૯૨૦ પૃ. ૩૩૭ આદિ) કે ગૂજરાતના ચાવડા રાજાઓના સંવત્ આદિ, મેરૂતુંગે અશુદ્ધ લખ્યા છે અને મિતિ, વાર, નક્ષત્ર, લગ્ન સર્વમાં ગડબડ છે, તેનું ઐતિહાસિક મૂલ્ય કંઇ નથી. જૂની ઘટનાઓના સંબંધમાં ગમે તેટલી ઐતિહાસિક ગડબડ હોય, પણ પોતાના નજીકના

કાલની ઘટનાઓ તો મેરૂતુંગે જ્યાં સુધી તે પ્રબંધની પુષ્ટિ કરી શકે છે ત્યાં સુધી પ્રામાણિક લખી છે. સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલ, હેમચંદ્ર, વસ્તુપાલ, તેજપાલનો કાળ ગૂજરાતમાં સંસ્કૃત અને પ્રાકૃતની વિદ્યા તથા જૈન ધર્મના પ્રચારનો સુવર્ણ યુગ હતો. ભોજના સમયમાં ધારામાં જે વિદ્યા અને વિદ્વાનોની જ્યોતિ ચમકી હતી તે બસો અઢીસો વર્ષ પછી પશ્ચિમ ગૂજરાતમાં પણ દેદીપ્યમાન થઈ. તે સમયની વાતો જૈનોના ગૌરવની છે અને તેની સંરક્ષા તેમણે ઘણી સાવધાનીથી કરી છે.

પ્રકરણ ૨ જું.

તે સમયની જૈન સંસ્કૃત.

૨૨૪. પ્રબંધ ચિંતામણિનો જે અનુવાદ ગૂજરાતીમાં થયો છે, તેના કરતાં ઘણો સારો અનુવાદ થવાની જરૂર છે કે જેમાં ઐતિહાસિક અને શાબ્દિક ટિપ્પણિઓ હોય. આ ગ્રંથની ભાષા સંસ્કૃત છે, પરંતુ તે સંસ્કૃત પણ દેશભાષાઓની ઉત્પત્તિ અને વિકાસને સમજવામાં ઉપયોગી છે. તે સમયની 'જૈન સંસ્કૃત'માં એક મનોહારિતા એ છે કે જૈન લેખક ગૂજરાતી યા દેશભાષામાં વિચાર કરતો ને સંસ્કૃતમાં લખતો. પરિશિષ્ટ પર્વ ૧-૭૫ માં હેમચંદ્રજી લખે છે કે '**स कालं यदि कुर्वीत को (क्वा) लभेत ततो गतिम्** '—આમાં મરવાના અર્થમાં 'કાલ કરવો' એ સંસ્કૃત રૂઢિ પ્રયોગ નથી પણ દેશ ભાષાનો છે. અણિશુદ્ધ સંસ્કૃતના પ્રેમી આને બર્બર સંસ્કૃત કહે પરંતુ આ જીવિત સંસ્કૃત છે. તેમાં ભાષાપણું છે. એતો રૂચિની વાત છે: કોઇને કારમીરની કોતરણીના કામવાળી અખરોટના લાકડાના સારા ઢંગનો તખતો સારો લાગે ને કોઇને લીલા કુંપળોથી ભરેલી વાંકી ટહની. નીચે કેટલાક શબ્દો અને વાક્ય આવી સંસ્કૃતનાં આપવામાં આવે છે. જેના

પર * આવું ચિન્હ છે ને અન્યત્ર શિલાલેખો, કાવ્યો વગેરેમાં જોવામાં આવેલ છે.

क्लुसवान्—છૂએલા; *ઉચ્છીર્ષક–તકિયા, ઓસીસા. (રાજસ્થાની, બાણુની કાદમ્બરી).

करवडी—બે હાથ ભેગા કરી પાણી પીવા માટે પાત્ર જેવું બનાવવું (કરપુટી).

धवलगृह—પ્રધાન મહેલ (ધવલ એટલે જે જાતિમાં ઉત્તમ હોય તે–દેશી શબ્દ છે. હેમ૦ દેશીનામ માલા ૫–૫૭ તુલસીદાસજીના 'ધવલધામ' નો આ અર્થ છે. સફેદ મહેલ નહિ).

सर्वावसर—રાજાનું સર્વથી મળવું. દીવાને આમ.

राजपाटिका—રાજમાર્ગ.

*धर्मवहिका—(ધર્મના લેખની) વહી, ચોપડો.

त्रुट्टित—છૂટયો.

झोलिका—ઝોલી (જો ઝોલિકા સરકૃતમાં રૂઢ ન હોય તો આ પણ દેશી શબ્દ છે. હેમ૦ દેશી૦ ૩–૧૫૬)

धाटीप्रपात—ધાડુ પાડવું–ધાડ પાડવી.

*पंचकुल—પંચોલી રાજકર્મચારી. (**ना. प्र० पत्रिका भाग १ संख्या २ पृष्ठ १३४**)

उद्ग्राहणक—ઉગાડનાર, **उद्ग्राह्य**–ઉગાડી, **उद्ग्राहित**–ઉગાડેલો.

निरुध्य—(અમુક કાલથી) લઇને, લગાડીને (જ્યાં સુધી)

वहमान—ચાલતો (**सिंहलग्ने वहमाने**)

न्युंछन—નોંછાવર.

नृपतेः कः समयः—મહારાજ શુ કામ કરી રહ્યા છો ? કેવો અવસર છે ?

गुरूदर—તમ્બુ.

*वसहिका—મંદિર (**ना. प्र. पत्रिका** ૧–૨ પૃ. ૪૫૦)

चिन्तायक—સંભાળનાર-રખેવાળ.

दवरक, कटीदवरकः—દોરો, કંદોરો (**डोरः कटिसूत्रं**-હર્ષચરિતની ટીકા).

रसवती—રસોઇ.

यमलपत्र—(રાજાઓના પોતપોતામાં) પત્ર.

भेटितः—ભેટયા. મળ્યા.

पादोऽवधार्यतां—પધારો.

खत्तक—ગોખલો.

मदनपट्टिका—મીણની પટ્ટી. **मैण** (એટલે મીણ)નું સંસ્કૃત કરેલું '**मदन**'

कचोलक—કચોળું (ગૂ.) કચોલા, કચોલી (રાજસ્થાની) સરખાવો આનંદઘનજીનું 'નિશદિન જોઉં તારી વાટડી' એ પદમાંનું.

जीर्णमंचाधिरूढः—તૂટેલી ખાટપર પડેલા (ક્રોધમાં).

सवाहटिको घटः—વાટકા સહિત ઘડો-વાટકો એ શબ્દ કાઠીઆવાડમાં અમુક પાત્ર માટે વપરાય છે.

हक्कितः—બોલાવેલો-સંબોધિત-હાક મારેલો.

कामुक—કામ કરનાર નોકર (પંજાબીમાં કામ્મા, મારવાડીમાં કામેતી, કાર્મ (હર્ષચરિત)

छिम्पिका—છીંપી (વસ્ત્ર રંગનારી જાત)

निजतनक गृह—પોતાનું ઘર. (તણા, યા તણું યા તણી-મારવાડી ગૂજરાતી 'કા')

व्याघुटन्ती—આળોટતી (મારવાડી બાવડના, પંજાબી બૌહના)

व्याघुटितुं—આળોટવાને.

वलितः—વળ્યો-પાછો ફર્યો.

वासण—વાસણ, રૂપયાની થેલી (વાસણી-વાંસળી-આ કાઠિયાવાડમાં વપરાય છે ને કેડે આવી વાંસળી બંધાતી.

विहंगिका—કાવડ.

*कार्मण—કામણ, જાદુ કરવું (કામણ–મારવાડી)
उत्तेजितं निर्माप्य—ઉત્તેજિત કરાવી (નિશો ચડાવી)
संग्रहणी—વેશ્યા.
*पट्टकिल—પટેલ, પટ્ટક–(જિલ્લો) તેનો પ્રબંધક.
सेजवाली—પાલખી.
स्थपनिका—ગીરો રાખવું તે–ઘરાણે રાખવુ.
समारोपयत्—સોંપી દીધુ.
पादौ त्यजसि—પગ તજે છે–છોડે છે (ડરી ભાગે છે.)
पोत—વસ્ત્ર (મારવાડી પોતિયા.)
आरात्रिकमुत्तार्य—આરતી ઉતારીને.
तत्पट्टकं विपाट्य मुमोच—પટ્ટો ફાડી (રાજકરી) મૂકી દીધુ
*मारि—મારવું તે, अमारि–અભય, ન મારવુ તે.
युगलिका—ટપાલની ચિઠ્ઠી (હલકારા બે સાથે દોડે છે. ટૉની).
शकुनं भरितं विधेहि—શકુન ભરો (એટલે શકુન લ્યો.)
पाषाणसत्कजातीय, सत्क એટલે હિંદી का.
*कारापक—કરાવનાર.

*तापिका—તવી. (કડાઇ), તપેલી (तापकोऽपूपादिकरण-स्थानं तापिका काकपालिका यत्र तैलादिना भक्ष्याः पच्यन्ते –હર્ષચરિતપર સંકેત ટીકા.

बप्प—બાપ (જુઓ આગળ નં. ૧૧)
चतुःसर—ચોસર–એક જાતનો ફૂલનો હાર.
फुल्लापयिष्यसि—ફુલાવશે, ફુલ ઉપજાવશે.
*कर्तुंलग्नः—કરવા લાગ્યો.

૨૨૫. ધાતુઓની અનંતતા આકૃતિગણ અને ઉણાદિના અક્ષયનિધિથી સપન્ન એવા જે વિદ્વાનો મા ધાતુથી મિયાં, મુલક, મૌલાના પ્રત્યય બનાવી મિયાં, મુલક, મૌલાના સિદ્ધ કરી લે છે અથવા અમારા આચાર્યદેશીય સુગૃહીત નામા સર્વતંત્ર સ્વતંત્ર સતીર્થ્ય કે જે ' जवो जव-

शीलौ ऊरू यस्याः सा जयोरूः-जोरू' (સ્ત્રી) બનાવે છે તે હીંદી વિદ્વાનોને આ ઉદાહરણોમાં કંઈ ચમત્કાર નહિ જણાય, પરંતુ આ દેશી ભાષાથી અતલગ સંબંધ ધરાવતાં સંસ્કૃતનાં ઉદાહરણો છે. ગમે તેટલું બાંધો, પણ જલ તો નીચી બાજુ તરફ ઢળે છે. દેશી શબ્દ અને વાગ્ધારા સસ્કૃત માટે અભડાયેલી નહોતી. સંસ્કૃતમાં એટલી સમજ હતી કે તેને પોતાનાં બનાવી લેતી.

૨૨૬. પ્રબંધચિંતામણિમાં એક જગ્યાએ '**आशिष**' શબ્દ અકારાંત તરીકે ઉપયોગમાં લીધેલ છે (**मातुराशिष शिखां कुरिताघ**–વસ્તુપાલની રચના પૃ. ૨૬૯), '**श्वान**' પણ તેજરીતે વપરાયો છે (**सन्निहित श्वानेन शुण्डा दण्डे निहत्य** પૃ. ૧૮૦–**कुक्करस्तु शुनि श्वान इति वाचस्पतिः**–શાસ્ત્રી) જયમંગલસૂરિ '**चातुर्यता**' લખી હિંદી–ગૂજરાતીના ડબલ ભાવવાચકનાં બી વાવે છે (**पौरवनिताचातुर्यता निर्जिता पृ. १५४**)

૨૨૭. કવિ શ્રીપાલે સિદ્ધરાજ જયસિંહના સહસ્ત્રલિંગ સરોવરની પ્રશસ્તિ બનાવી હતી. તેમાં આ શ્લોક પણ હતો કે—

> **कोशेनापि युतं दलैरुपचितं नोच्छेत्तुमेतत्क्षमं**
> **स्वस्यापि स्फुटकण्टकव्यतिकरं पुंस्त्वं च धत्ते नहि ॥**
> **एकोप्येष करोति कोशरहितो निष्कण्टकं भूतलं**
> **मत्वैवं कमला विहाय कमलं यस्यासिमाशिश्रियत् ॥**

—કમલમાં કોશ–ડોડી અને ખજાનો–છે, દલ–પાંદડાં અને સેના–છે ઉખડી શકતું નથી. આપજ આમાં કંટક–કાંટા અને શત્રુ–ને ઉપદ્રવ છે. કદિ તેમાં પુંસ્ત્વ–પુલ્લિંગ (નરજાતિ) અને પુરૂષત્વ–આવતું નથી, અને સિદ્ધરાજ જયસિંહનું ખડ્ગ એકલું, કોશ–મ્યાન વગર, ભૂમંડલને નિષ્કંટક કરી દે છે. આથી લક્ષ્મી કમલને છોડીને તેમાં ચાલી આવી.

૨૨૮. એમ કહેવાય છે કે આમાં રામચંદ્ર પંડિતે બે દોષ કાઢ્યા. એકતો દલ શબ્દનો અર્થ 'સેના' ભાષામાં છે પરંતુ સંસ્કૃતમાં નથી, બીજો

દોષ એકે કમલ શબ્દ પુલ્લિંગ અને નપુંસકલિંગ (નરજાતિ ને નાન્ય-તરજાતિ) બંને છે. હમેશાં નપુંસક–કલીબ નથી. આથી રાજાએ સર્વ પંડિતોને આગ્રહ કરી (**उपकृत्य**) 'દલ' શબ્દને રાજસેનાના અર્થમાં પ્રમાણિત કરાવ્યો ('દલ'નો સંસ્કૃતમાં 'સેના' અર્થ જયસિંહ અને શ્રીપાલે કરાવ્યો એ કહેવું પૂર્ણાર્થ–માનાર્થ છે કારણ કે સંવત્ ૧૦૮૩ અને ૧૧૦૭ ની વચ્ચે ઉદયસુંદરી કથા ના કર્તા સોડ્ઢલ કાયસ્થ લખે છે કે '**ननु कथमसाध्योऽयमरातिरस्मद् दलानाम्**'–ગાયકવાડ ઓરિયેંટલ સિરીઝ ન. ૧૧ પૃ. ૮) પરંતુ લિંગાનુશાસનમાં કમલની નિત્ય નપુંસકતા નહોતી એનો કોણ નિર્ણય કરે? આ માટે '**पुंस्त्वं च धत्ते न वा**' (પુરૂષત્વ ધારણ કરે છે યા નહિ) એવો પાઠ બદલાવ્યો (પ્રબંધચિંતામણિ પૃ. ૧૫૫–૬).

૨૨૯. આ રીતે વિષયાંતર થઈ જવાય છે, પરંતુ આ જૈન સંસ્કૃતની એક વાતની ચર્ચા કર્યા વગર આગળ વધી નથી શકાતું. હિંદી–ગૂજરાતી–મરાઠીમાં ક્રિયાપદોમાં લિંગ જોઇને ઘણા લોક ચોંકે છે. '**वह आता है, वह आती है**' (હિંદી) તે આવતો નથી, તેણી આવતી નથી. (ગૂ.) આવો પ્રકાર સંસ્કૃતમાં નથી, લેટિનમાં નથી તેમ નથી અંગ્રેજી ફારસી આદિમાં. આથી કેટલાક અન્યભાષાભાષી હિંદી–ગૂજરાતી–મરાઠી–શીખતા ગભરાય છે. ક્રિયાપદોમાં લિંગ આવેલ છે તેનો રોચક ઇતિહાસ છે. ધાતુની શુદ્ધ ક્રિયા–વાચક રૂપ (સંસ્કૃત **तिङन्त**) માં તો લિંગભેદ થતો નથી; ધાતુથી બનનારા ક્રિયાવાચક વિશેષણો (વર્તમાન યા ભૂતકૃદંત)માં તેના વિશેષણ થવાને કારણે લિંગભેદ થાય છે. હિંદીમાં કેવલ ''**है**' ધાતુનું શુદ્ધ રૂપ છે–તેમાં લિંગ નથી અને જે પદ વર્તમાન યા ભૂતકાલ બતાવે છે તે ધાતુજ વર્તમાન યા ભૂત વિશેષણ છે [**आता है** એટલે **आता (हुआ) है**, **आती है** એટલે **आती (हुई) है, करता है, करती है, आता था, आती थी, करता था, करती थी**; સંસ્કૃતમાં **आयान् (आयान्त्) आयान्ती, कुर्वन् (कुर्वन्त्, करन्त्)**,

कुर्वन्ती (करन्ती)] અવશ્ય આજ્ઞા, વિધિ ક્રિયાંમાં લિંગ નથી, કારણ કે ધાતુનાંજ રૂપ છે. આ ધાતુજ વર્ત્તમાન અને ભૂત ધાતુજ વિશેષણોને ક્રિયાને સ્થાને ઉપયોગમાં લેવાનું ભાષાના વિકાસમાં એક નવો યુગ પ્રકટ કરે છે. વૈદિક સંસ્કૃતમાં ભૂતકાલની ક્રિયાના તિઙ્ન્તરૂપ (ધાતુના શુદ્ધ ક્રિયાવાચકરૂપ) જ આવે છે. **स गतः, तेन कृतम्, अहं पृष्टवान्** આદિ રૂપ ક્રિયા તરીકે વપરાયાં, તેમાં વિશેષણ હોવાને લીધે લિંગભેદ પણ હતો. ભાષામાં ઘણી સરલતા આવી. **सः (सा) चकार, अकरोत्, अकार्षीत्**ને બદલે **स कृतवान्, सा कृतवती, तेन कृतम्, तया कृतम्** એથી કામ ચાલવા લાગ્યું. આ ભૂતકાલવાચી ધાતુજ કૃદન્તને (Past Participle) પછી તે કર્તરિ પ્રયોગ હોય કે કર્મણિ યા ભાવપ્રયોગ હોય,–વિશેષણની પેઠે રાખી આગળ **अस्ति** (હોવું એ ક્રિયાનું વર્ત્તમાનકાલનું રૂપ) નો અધ્યાહાર રાખી ભૂતકાલનું કામ ચલાવાતું ગયું. આર્ષ પ્રાકૃતમાં કંઇ ભૂતકાલિક ક્રિયાપદ છે, પછી પ્રાકૃતમાં **आसी (आसीत्**–પંજાબી સી) ને છોડીને એમ સમજો કે ભૂતકાલિક ક્રિયા રહી નહી, આ **त**–વાળાં **વિશેષ્યનિઘ્ન** શબ્દોથી કામ ચાલ્યું. આતો પહેલી સીડી ભાષાની સરલતામાં થઈ; સંસ્કૃત અને પ્રાકૃતના રચનાવૈચિત્ર્યમાં આથી ઘણી સહાયતા મળી કે વૈદિક સંસ્કૃતથી પ્રાકૃત અને લૌકિક સંસ્કૃતમાં આવતાં આવતાં ભૂતકાલિક ક્રિયાનું કામ વિશેષણ આપવા લાગ્યાં, વૈયાકરણોની ભાષામાં '**कृदभिहितआख्यात**' થઇ ગયું. આ રીતે વર્ત્તમાનકાલની ક્રિયા પણ કેવલ **अस्ति** (હોવું એ ધાતુની) રહીને વર્ત્તમાન ધાતુજ વિશેષણો ક્રિયાપદનું કામ આપવા લાગી જાય એ બીજી સીડી છે કે જે પ્રાકૃતથી અપભ્રંશ યાને પુરાની હિંદી–ગૂજરાતી–મરાઠી આદિ બનવાના સમયે બન્યું. **उपजइ, उपजै, करइ, करै** આ તો ધાતુનાં (**तिङन्त** શુદ્ધ ક્રિયાવાચક) રૂપછે–તેમાં લિંગભેદ નથી. તેનો **इ** (યા મુખસુખનો **ऐ**) એ સંસ્કૃત '**ति**' અને પ્રાકૃત '**इ**' છે, પરન્તુ હિંદીમાં **उपजता है** (યા **उपजती है**), **करता है**, (યા **करती है**)–તેમાં '**है**' (**अहै**–

अहइ-अस्ति) ધાતુનું રૂપ છે અને પહેલું પદ **उपजता** આદિ વર્ત-ધાતુમાંથી જન્મેલું વિશેષણ (Present Partciple) છે (**उत्पद्यन्-उत्पद्यन्त-उपजन्त; उत्पद्यन्ती-उपजन्ती-उपजती; कुर्वन्-कुर्वन्त-करन्त-करत; कुर्वन्ती-करन्ती-करती)** આ વિશેષણના વાસ્તવરૂપના અંતમાં **अन्त्, अन्ती** એજ છે કે જે• સંસ્કૃત અને પુરાની હિન્દી બંનેમાં સ્પષ્ટ છેઃ—તેના **अत, अती** થઇ જાય છે. **करतो, उपजतो** એમાં , **ओ** છે તે **उ** ની જગ્યાએ છે કે જે નરજાતિના કર્તાના એકવચનના ચિન્હ (સંસ્કૃત **'स्'** અથવા ' : ') નુ અપભ્રંશ છે. ગૂજરાતીમા ' નથી ' સાથે એટલે નકાર વાચક વર્તમાન ધાતુજ રૂપમાં આવો પ્રયોગ થાય છે જેમકે આવતો નથી, આવતી નથી વગેરે, અને ભૂતકૃદતમાં જરૂર થાય છે જેમકે આવતો હતો, આવતી હતી વગેરે.

૨૩૦. હવે આ વિષયને અધિક ન લંબાવતાં પ્રસંગની વાત પર આવીએ છીએ કે આ કાલની જૈન સંસ્કૃતમાં પણ વર્ત્તમાન ધાતુજ વિશેષણને ક્રિયાની જેવું કામ આપતા જોવામાં આવે છે. **'यथागतं व्रजामीत्या पृच्छन्नस्मि** (પ્ર૦ ચિં. પૃ-૧૧), **नृपस्तस्य सौधमलंकुर्वन्** (પૃ. ૫૫), **वन्दिनः श्री सिद्धराजस्य कीर्तिं वितन्वतः'** (પૃ. ૧૮૨) ઇત્યાદિ. દેશભાષામાં વિચાર કરનાર કવિએ તેની છાયા. સંસ્કૃતમાં પહોંચાડી અને સંસ્કૃતની સ્થિર ભાષામાં પણ સમયની ગતિ નો પ્રભાવ પડયો. વર્તમાન ધાતુજ વિશેષણ હિંદીમાં **'होना'** ક્રિયાના વર્તમાનના રૂપની સાથે વર્તમાન ક્રિયાનું કામ દેવા લાગ્યા, અને ભૂતકાલિક ધાતુજ વિશેષણ (**निष्ठा**-હિંદી **था-थी, भयो,-भयी; हतो, हती;**) અને ગૂજરાતીમાં પણ 'હતો, હતી.' ની સાથે ભૂતકાળની ક્રિયાનુંકામ દેવા લાગ્યા. હિંદી **था** અને **हता**—ગૂજરાતી ' હતા ' એ **अस्** (**अस्ति**) ની અને હિંદી **भया** એ **भू** (**भवति**)ની ક્રિયાનું કામ દેવા લાગ્યા.

પ્રકરણ ૩ જું.

પ્રબંધ ચિંતામણિમાંથી ઉદાહરણો.

૨૩૧. હવે પ્રબધ ચિંતામણિનું કંઇક [૩૨]પાણી જોઇએ—

(૧) અમ્મણિઓ સંદેસડઓ, તારય કન્હ કહિજ્જ
જગ દાલિદ્દિહિ ડુબ્બિઅઉ, બલિબંધણહ મુહિજ્જ.

પાઠાતર—જૂની જૈન પોથીઓમાં ओ, औ ને उ उं લખે છે. આથી હેરાન થઇ છાપવાવાળા ક્યાંક उ અને કયાંક ओ છાપી દે છે. શુદ્ધ પાઠ માત્રાઓ અનુસાર બોલવો જોઇએ. अउ અને अइ જૂની લખાવટ છે, તેને બદલે ओ અને ऐ એ પાછળની છે એમ ઉપર બતાવી દીધુ છે. આ માટે અહીંપણ અમ્મણિઅઉ, સંદેસડઉ, ડુબ્બિ-અઉ પાઠ ઉચિત છે; પછીના લેખોની મુખસુખાનુકારી લખાવટથી તે અમ્મણિઓ, સંદેસડો, ડુબ્બિઓ થઇ ગયા હશે કે જે કવિતાની હિંદી-ગૂજરાતીથી બહુ દૂર નથી. એવીજ રીતે જૈન પોથીઓમાં 'ह्य' 'च्छ' ज्झ, ब्भ, त, भ એક સરખા લખેલા મળે છે, તેથી તેવા પાઠાંતર તે પાઠાંતર નથી. પુરાણી લિપિને બરાબર ન વાંચવાથી ઉપ-જતો ભ્રમ માત્ર છે. શાસ્ત્રી ટૉનીના સસ્કરણોમાં જે પાઠાંતર આપ્યાં છે, તેમાંથી અમે અહીં થોડાં આપ્યાં છેઃ—નારાયણહ, કહિજ્જ, જગુ-દુત્થિઉ (દુચ્છિઉ), પરસ વર્ણુ નિયમ વૈકલ્પિક હોવાથી અમે ક્યાંક ક્યાંક અનુસ્વારનો પ્રયોગ કર્યો છે અને હૃસ્વદીર્ઘને વધુ બદલેલ નથી.

અર્થ—એક સમય વિક્રમાદિત્ય રાત્રે નગરમાં ફરતા હતા ત્યાં એક

---

૩૨. હિન્દી તેમજ ગૂજરાતીમાં પાણી મોતીના ઓપ-કાન્તિને માટે વપરાય છે કિંતુ જૈન વૈયાકરણ વર્ધમાને પોતાના ગણરત્નમહોદધિ નામના સંસ્કૃત વ્યાકરણ ગ્રંથમાં પણ એક ઉદાહરણ નામે ' भुजंगस्येव माणिः सदंभाः આપી મણિને માટે પણ अंभः (પાણી) નો પ્રયોગ બતાવ્યો છે.

તેલીને તેણે આ અર્ધો દુહો બોલતો સાંભળ્યો કે ' અમારા સંદેશા ' તારનાર (તારક) એવા કાન્હ (પાઠાંતર–નારાયણ) ને , કહેજે, રાજા ઘણો વખત ઉભો રહ્યો કે ઉત્તરાર્ધમાં કંઇ આગળ કહે તો પોતે સાંભળે, પણ ઉત્તરાર્ધ સાંભળવાનું મળ્યું નહિ એટલે પાછો વળ્યો. સવારમાં દરબારમાં તેલીને બોલાવરાવ્યો ને તેણે દુહો આ રીતે પૂરો કર્યો–' જગત્ દારિદ્રયમાં ડૂબ્યું છે, બલિબંધનને છોડી નાખજે '–દૈત્ય બલિ મોટો દાની હતો કે જેણે નારાયણે બાંધીને પાતાળમાં મોકલ્યો હતો. જો તેલીની પ્રાર્થનાથી તારક કાન્હ તેનું બંધન છોડી દેતતો જગત્ દારિદ્રયથી બચી જાત. બલિનો અર્થ રાજ્યનો કર પણ થાય છે. રાજા કદાચિત્ એમ સમજતો હોય કે તેલી મારી બડાઇ માટે કંઈ કહેશે, પરંતુ તે તો રાજાને મેણું મારી સંભળાવતો હતો કે અમે તો દારિદ્રયમાં ડૂબી રહ્યા છીએ અને બલિબંધન (કરોનો બોજો) છોડવાની પ્રાર્થના કરીએ છીએ.

વિવેચન—**અમ્મણિઅઉ**-અમ્હણિઅઉ સં. **अस्मानं** (!) **अस्मनीय** (!) પાછી અમ્હીણા–અમારા એમ આવશે. ' ણ ' (સં. નામ્) સંબંધકારક પ્રત્યય છે. પ્રા० **अम्हाणं**. ગીતોની પંજાબીમાં ણુ નો ડ થઈ ગયો છે. મૈંડા, તૈંડા, (મેણા–ટોણા), **સંદેસડઉ**–જેમ સંસ્કૃતમાં અલ્પ, અજ્ઞાત, કુત્સિત, સ્વાર્થમાં ' **क** ' આવે છે તેમ પુરાણી હિંદી–ગૂજરાતીમાં ' ડ ' યા ' ડલ ' આવે છે. જેમકે મોર–મોરડો, નીંદ–નીંદડલી (મારવાડી), રત્તિ (રાત)–રત્તિડી–રાતડી આદિ. **તારય**–તારક, **કન્હ**–કૃષ્ણ, કન્હ વ્રજભાષાનો કાન્હ, ગૂ० માં કહાન–કાન. **કહિજ્જ**-વિધિ, પ્રેરણાર્થક અને કર્મવાચ્યમાં જ્યાં જ્યાં સંસ્કૃતમાં ' **य** , આવે છે ત્યાં ' જ ' યા ' જ્જ ' આવે છે. મરીજે–(મરવું જોઇએ) કરીજૈ (કરવું જોઇએ) કહજ્યે (રાજસ્થાની), કહેજે (ગૂ०) લિખિજ ગયો (મારવાડી) દીજિએ–(દિજિજય, દીજૈ, દિજ્જે)–પહેલાં કર્મવાચ્ય પ્રયોગ હતો, પછી કર્તૃવાચ્ય થઈ ગયો. **દાલિદ્દિહિ**–દાળદર, દળિદ્ર. **બુડ્ડિઅઅઉ**–સસ્કૃત ધાતુ બુડ્ છે કે જે દેશીપરથી બનાવ્યો જણાય છે. હિંદીમાં ડૂબના, બૂડના બંને રૂપ છે

તેજ પ્રમાણે ગૂંજરાતમાં ડૂબતું, બૂડવું બંને રૂપ છે. વ્યત્યયનું આ ઉદાહરણ છે. દુત્થિઅઉ–દુઃસ્થિત. મુહિજ્જ–મૂકીએ, મૂકીજે, છોડીએ. જુઓ ઉપર કહિજ્જ. શાસ્ત્રી આનો અર્થ 'મોચિત'–મૂકી દીધો એમ કરે છે. ?

(૨) કચ્છના રાજા લાષાક[૩૩]ને કપિલકોટિના કિલ્લામાં મૂલરાજે ઘેરી લીધો. લાષાક (લાખા) ઘણાં બોધવાક્ય કહીને રણભૂમિમાં ઉતર્યો અને વીરતા બતાવી કામ આવ્યો–મરાયો. તે બોધવાક્યોમાંથી એક એ આપેલું છે કેઃ–

ઊગ્યા તાવિઉ જહિં ન કિઉ. લક્ખઉ ભણઈ નિઘટ્ટ
ગણિયા લબ્ભઈ દીહડા, કે દહક અહવા અટ્ટ.

આને નવી લખાવટમાં બદલી લખી દઇએ તો બેસુરૂ એટલું લાગે છે તે નહિ લાગે.

ઉગ્યાં તાવ્યો (તાપિત) જો ન કિયો, લક્ખો ભણે નિઘટ્ટ,
ગણિયા લાભે દીહડા, કે દહક અહવા અટ્ટ.

—કુશળ લાખો ભણે છે કે ઉગ્યા–ઉદયપામતા (શત્રુ)ને તાપિત

---

૩૩. આ કચ્છનો પ્રસિદ્ધ રાજા લાખા ફૂલાણી (ફૂલનો પુત્ર હતો તેથી) કે જેનું નામ ધનાઢયતા, તથા ઉદારતાને લીધે પ્રસિદ્ધ છે. આ જાડેજા જાતિના ચંદ્રવંશી યાદવોમાનો હતો. મૂલરાજના હાથથી તેના મૃત્યુનો કાળ જૂની ગૂજરાતી કવિતા પ્રમાણે કાર્તિક શુકલ ૮ શુક્રવાર શક સં. ૯૦૧ (વિ. સં. ૧૦૩૬–ઇ. સ. ૯૮૦) છે, કનોજના રાઠોડ રાજા જયચંદના પૌત્ર યા પ્રપૌત્ર સિયાજીના, મૂલરાજની કન્યા સાથે વિવાહ થવાની તથા તેના પ્રત્યુપકારમાં સિયાજીએ લાલા ફૂલાણીને મારવાની આદિ કથા અપ્રમાણિક છે કારણકે સિયાજીના દાદા ને વડદાદા જયચંદનો સમય વિ સં. ૧૨૫૦ (ઇ. સ. ૧૧૯૩) છે, તેથી સિયાજીનો સમય વિ. સં. ૧૩૦૦ પછી આવવો ઘટે. તે સમયે લાખા અને મૂલરાજને ત્રણસો વર્ષ થઇ ગયા હતા. (જુઓ પં. ગૌરીશંકર હીરાચંદ ઓઝાનો લેખ 'લાખા ફૂલાણીકા મારા જાના'– સમાલોચક (જયપુર), જાન્યુ. ફેબ્રુ. ૧૯૦૪. મૂલરાજનો રાજ્યાભિષેક વિ. સં. ૧૦૧૭ માં થયો એ વાત પ્રામાણિક છે.

ન કર્યો–તપાવ્યો નહિ તો ગણ્યા (ગણ્યાગાંઠા) દિવસો મળે છે. કાંતો દશ અથવા આઠ. (વીરતા બતાવ્યા વગર પડી રહીએ તો કેટલા દિવસ જીવવાનું છે ? ઉમરના ગણ્યાગાંઠા દિવસોજ, એક દિવસ તો અવશ્ય મરવાનું છે જ. તેથી શત્રુને બાળી–તપાવી મરવું એ વધુ સારૂં.)

ઊગ્યા–ઉગેલા–ઉદિતપરથી યા ઉદિત થયા પછી. **તવિઉ**–તાપિત, તપાવેલો. **નિઘટ્ટ**–કુશળ (હેમચંદ્ર દે૦ ના. મા. ણિઘટ્ટ ૪–૩૪) શાસ્ત્રી નિકૃષ્ટ (?) એવો ખોટો અર્થ કરે છે. દીહડા–દિવસ. જુઓ ઉપર નં. (૧) ની ટિપ્પણીમાં સદેસડો. પંજાબી ધ્યાડા, ગૂ૦ દહાડા. ધન્ન ધિયાડો ધિન ઘડી (ઊમા ઝીમાની કવિતા, મારવાડી) કે–અથવા, યા, **દહ**–દશ **અહવા**–અથવા. શાસ્ત્રી અને ટૅાની બંનેના અનુવાદ અશુદ્ધ છે.

(૭) માલવાના રાજા (પરમાર) મુંજનું રાજકાર્ય તો રૂદ્રાદિત્ય નામનો મંત્રી સંભાળતો હતો અને મુંજ કોઇ સ્ત્રી પર આસક્ત હતો. રાતે ને રાતે ચિરકિલ્લ નામના ઉંટપર ચઢી તેણીની પાસે બાર જોજન જાતો, ને પાછો વળતો. કેટલેક દિવસે મુંજે આવવું જવું છોડી દીધું તેથી તે ખંડિતાએ મુંજને નીચેનો દોહો લખી મોકલ્યો.

> મુંજ ષડલ્લા દોરડી, પેક્ખેસિ ન ગમ્મારિ (પા. જૈ ગમ્મારિ)
> આસાઢિ ધણુ ગજ્જીઇ, ચિક્કિખલિ હોસેડવારિ.

અર્થ—મુંજ ! (પ્રેમની) દોરી ખડી–ખસકી ગઇ છે. ગમાર ! તું નથી દેખતો કે આષાઢમાં ઘન (મેઘ) ગાજવાથી હવે ચિખ્ખલ (ગારો–લપસવું) થશે ?

શાસ્ત્રીએ અર્થ એવો કર્યો છે કે ' આષાઢનો ઘન ગરજે છે ' પરંતુ ' આષાઢિ 'માં 'ઇ' એ અધિકરણ કારક છે, અને ગજ્જીઇ વર્ત્તમાનકાલજ નહિ, પરંતુ વર્ત્તમાન ધાતુજ વિશેષણ (ગરજેલો)ની ભાવલક્ષણ સાતમી વિભક્તિ પણ જણાય છે. આગળ શાસ્ત્રી એમ કહે છે કે ' તારા વિરહથી આવનાર આંસુઓની ધારાઓથી લપસણી જમીનપર કેમ આવશો ઇતિ દિક્ '–પરંતુ આ બરાબર નથી–દિશાભૂલ છે. સરલ

વાત એ છે કે ગરમીમાં દોરી સુકાઇ જાય યા ઢીલી થઇ જાય તો વરસાદમાં લીલી-સુંવાળી થઈ છૂટે. (આન ગાંઠ ધુલિ જાત ત્યાં માન ગાંઠ છુટિ જાત-વિહારી) તો વરસાદ આવ્યે તો તમારા આવ્યા વગર ચાલે તેમ નથીજ: પરાણે આવશો, પરંતુ લપસણી-મારાવાળી જમીનમાં ઊંટ કેમ ચાલશે? આ માટે હમણાંજ આવી જાઓ. વરસાદમાં ઊંટોને ચાલવામાં કષ્ટ પડે છે-જેવી રીતે એક મારવાડી દોહામાં કહેલું છેઃ-

ઊંટાં દેઘાં ટેરડાં ગુડ ગાડર ગાડાંહ
સારા દોહરા આવશી મેંડક બોલ્યાં નાડાંહ.

[ઊંટ, બકરાં, બળદ, ગુડ, ભેડ અને ગાડાં એ સરવે મુશ્કેલીથી જ્યારે દેડકાં નાડિયો (તળાવડી)માં બોલે છે ત્યારે આવી શકે. આમાં ઊંટાં વગેરેમા 'આં' અને ગાડાંહ એમાં 'આંહ' એ કર્ત્તાના બહુવચનના પ્રત્યય છે. દોહરા એટલે દોહિલા (સં. દુષ્કર), બોલ્યાં નાડાંહ-ભાવલક્ષણ (સપ્તમી.)]

ઉપરનો ૩ નંબરનો દોહો લઇએ.

[**ખડહ્લા**—(સં. **સ્ખલિતા** ?) સૂકી, ખડખડી ગઈ, ખડી ગઈ. **દોરડી**-દોરી. દેશી સાથે મિશ્રિત સંસ્કૃત દવરકી, પદ્ધતિઓમાં ડોરક એ સસ્કૃત શબ્દ પણ બની ગયો છે. બાણના હર્ષચરિતમાં 'ડોર' શબ્દ આવ્યો છે જેનો અર્થ સંકેત ટીકાકારે 'કટિસૂત્ર' કર્યો છે. (જુઓ ઉપર પૃ.) પેક્ખિસિ-(સં. પ્રેક્ષસે.) પંજાબીમાં અવઇક્ષ-હાલ પણ જોવાના અર્થમા છે જેમકે તૂ વેખ, વહ વેખદા હૈ. **ગમ્મારિ**-ગમાર હિં. ગંવાર. **આસાઢિ**-છંદને લઇને 'ઇ' ને દીર્ઘ લ્યો. **ગજ્જીઇ**-સં. ગર્જતિ યા ગર્જતુ. ઉપર વ્યાખ્યા જુઓ. **ચિક્કિખલિ**-કીચડવાળી, લપસી પડીએ તેવી. પંજાબી ચિક્કલી (સંસ્કૃત પિશ્ચલનો વ્યત્યય) હેમ. દે. ૩-૧૧ ચિકખલ્લ, **હોસે**-હોશે-થશે. **અબ્બારિ**-રાજસ્થાની અબાર હમણાં. ગૂજરાતીમાં આવાર પદ્યમાં વપરાય છે તે.

(૪) તેલંગદેશના રાજા તૈલપે (કલ્યાણના સોલંકી તૈલપ બીજો) છેડછાડ કરી તેથી મુંજે તેનાપર ચડાઇ કરી. મંત્રી રૂદ્રાદિત્યે મુંજને

તેમ કરતાં વાર્યો અને સમજાવ્યો કે ગોદાવરીની પેલેપાર તો નજ જવું, પરંતુ મુંજે તૈલપને પહેલાં છવાર હરાવ્યો હતો. તે માટે તેના મંત્રીની તેણે સલાહ માની નહિ. રૂદ્રાદિત્યે રાજાનું ભાવી અનિષ્ટ સમજી અને પોતાને અસમર્થ જાણી ચિતામાં બળી જઇ પ્રાણ આપ્યો. ગોદાવરીને પેલેપાર મુજની સેનાને છલકપટથી કાપી નાંખી અને તૈલપે મુજને મુજની દોરીઓથી બાંધીને લઇ ગયો. ત્યાં તેને લાકડાના પાંજરામાં કેદ રાખ્યો. એક દિવસે મુજ અરીસામાં મુખ જોઇ રહ્યો હતો તે વખતે મૃણાલવતી પાછળથી આવી ઉભી અને મુજનું યૌવન અને પોતાની આધેડ ઉમર વિચારતાં તેણીના ચહેરાપર મ્લાનતા આવી ગઇ. આ જોઇ મુંજે આ દોહો કહ્યો.

મુજ ભણઈ મુણાલવઇ, જુવ્વણ ગયું ન ઝૂરિ,
જઇ સક્કર સય ખંડ થિય, તો ઇસિ મીઠી ચૂરિ.

અર્થ—મુજ કહે છે, હે મૃણાલવતિ ! ગયેલા જોબન - ''રે ઝુરમાં-શોક ન કર; જો સાકરના શત-સો ખંડ-ટુકડા થઇ જાય તો પણ તે ચૂરિ (ચૂર્ણ કરેલી) પણ મીઠી હોય છે.

ભણઇ—ભણે, કહે (સં. ભણતિ) મુણાલવઇ-સ્વર ઋની 'ઉ' શ્રુતિ જુઓ. **જુવ્વણ**-જોબન, યૌવન. ગયું-કર્મકારક ગયેલું **ઝૂરિ**-ઝુરવું-પસતાવું, વિલાપ કરવો, **જઇ**-(સં. યદિ હિં૦ જે, ગૂ૦ જો), **સય**-શત, સો, **થિય**-થઈ સાકર શતખંડ થઇ. નારીજાતિ. સં. સ્થિત હિ-થા ની નારીજાતિ થી. **ઇસિ**-આ.

વીકાનેરના રાજા પૃથ્વીરાજની રાણી ચાંપાદેએ પતિને પોતાના ધોળા કેશપર પસ્તાવો કરતો જોઇને આવોજ દોહો કહ્યો હતોઃ—

નરાં નાહરાં ડિગમરાં પાકાં હી રસ હોય
...નરાં તુરંગાં બન ફ્લાં પક્કાં પક્કાં સાવ. (મહિલામૃદુવાણી)

(૫)—રૂદ્રાદિત્યતો મરી ગયો હતો. તે ઉદયન-વત્સરાજના મંત્રી યૌગંધરાયણની પેઠે પોતાના સ્વામીને બચાવવા માટે ગાંડાનો વેશ લઈ

પહોંચ્યો નહિ, પરંતુ મુંજના કેટલાક સહાયકો તૈલપની રાજધાનીમાં પહોંચી ગયા. તેમણે બંદીગૃહ સુધી સુરંગ કરાવી. નાસતી વખત મુંજે મૃણાલવતીને કહ્યું કે મારી સાથ ચાલો અને ધારામાં રાણી બનીને રહો. તેણીએ કહ્યું કે દાગીનાનો ડબ્બો લઇ આવું છું, પરંતુ તેણીએ એમ વિચાર કર્યો કે આધેડ એવી મને જો ત્યાં જઇને છોડી દે તો પછી ન ઘરની ન ઘાટની એવી સ્થિતિ પોતાની થાય એટલે તેણે બધી હકીકત પોતાના ભાઇ (તૈલપ)ને કહી દીધી. વત્સરાજની પેઠે ઘોષવતી વીણા અને વાસવદત્તાને લઈ નિકળી જવાની વાત તો દૂર રહી, પણ અહીં મુંજ ઘણી નિર્દયતાથી બધાયો. તેની પાસે શેરીએ શેરીએ ભીખ મગાવી. તેના વિલાપની કવિતામાં કેટલાક શ્લોકોની સાથે કેટલાક જૂની હિંદી–ગૂજરાતી કવિતા પણ છે કે જેની અહીં ચર્ચા કરવામાં આવે છે. ટૉની કહે છે કે છાપેલા પુસ્તકમાં કેટલાંક પ્રાકૃત કાવ્ય આ પ્રસંગનાં મૂક્યાં નથી કે જે એક પ્રતિમાં હતાં. સંભવ છે કે તેમાં કંઇ બીજી જૂની ભાષાની કવિતા હોય.

સઉ ચિત્ત હરિસઠ્ઠી મમ્મણુહ સત્તીસ ડીહિયા
હિયમ્મિ તે નર દ્દઢ સીઝે જે વીસસઇ થિયાં.

પાઠાંતર—ચિત્તહસટ્ઠી મણુહ, અસ્સી તે નર, હરિસટ્ઠી મમ્મણુ છત્તિ, હિઅમ્મિ, પંચાસ ડીહિયા, હિયમ્મી, સિય જે પત્તિજ્જઈ તાંહ, અમ્મી સીજૈ, પંતિઢવઈ તિયાંહ.

અર્થ—સહુ (ના) ચિત્તોને હર્ષિત કરવા (અથવા હરવા)ને અર્થે–માટે મદન–પ્રેમની વાતો રચવામાં દક્ષ–ડાહી એવી સ્ત્રીઓમાં જે વિશ્વાસ કરે છે તે નર હૃદયમાં દૃઢ (પાકીરીતે) દુ:ખ પામે છે.

પાઠાંતરોથી આ દોહામાં કંઇ રૂપાંતર હોય એમ જણાય છે, 'જે પત્તિજ્જઇ તાંહ' (જે પતીજ–વિશ્વાસ રાખે છે તેને–યા તેનામાં) એ પાઠાંતરથી જણાય છે કે પૂર્વાર્દ્ધનો અંત કંઇ બીજી રીતે પણ હોય. 'મમ્મણુહ બત્તીસ' નો અર્થ કામદેવની વાતો કરવામાં આવે છે, પરંતુ પાઠાંતરોમાં છત્તિ(સ), પંચાસ, એમ મળે છે તેથી સંભવ છે કે

આ બત્રીસની સંખ્યા પણ હોય; અગર તેમાં સ્ત્રીઓ કે પુરૂષોને મોહિત કરવાની કલાઓની પરિસંખ્યા હોય, જેવી રીતે વાણંદ-હજામને હિન્દીમાં છત્તીસા કે છપ્પના કહેવામાં આવે છે. આમાં છપ્પનાનો અર્થ ૫૬ કલાયુક્ત નહિ, પરંતુ છ બુદ્ધિવાળો [સ-ષટ્પ્રજ્ઞ) છે, ષટ્પ્રજ્ઞ એ બુદ્ધની ઉપાધિ પણ છે.

સઉ—સૌ, સહુ, હિં-સબ, રાજસ્થાની સૌ, સૌ; મારવાડી સેગ (હેડ.) **હરિસટ્ટી**-હર્ષ અને અર્થ અથવા હર(ણ) અને સાર્થ આ. સાર્થ પરથી રાજસ્થાની સાર્ટે=હાટે યા આટે-વાસ્તે. ગૂ૦ માટે, વાસ્તે. મરાઠી સાઠીં **મમ્મણહ**-મન્મથ-કામદેવની, અથવા માંહોમાહિ મણમણ-ચડભડ કરતું. હ=ના. છઠી વિભક્તિ. **બત્તીસ**-વાતોમાં, ડીહિયાં-ડાહ્યા, ચતુર (સં. દક્ષ). ગૂજરાતી મારવાડી ડાહ્યા, ડીહિ એટલે દીર્ઘ-સરખાવો સં. દીર્ધિકા એટલે વાવ-હિન્દી દિર્ઘી, ડિગ્ગી, ડીઘી. **હિયમ્મિ**-આમાં 'મ્મિ' એ (સ. સ્મિન્ અને હિં. મે તથા ગૂ૦ મા) એ બે વચ્ચેનો છે. દટ્ટુ-દઢ, **સીઝે**-સીઝાય છે, દુઃખ પામે છે. રાજસ્થાની સીઝના એટલે ગળવું, (દાળનું) -સં. સિધ્યતિ એ પરથી આવે છે. સંભવ છે કે અહીં પાઠ ખીજે એમ હોય કે જેનું સં. ખિદ્યતિ છે. (ગૂજરાતીમાં સીઝાય છે એ ચોખ્ખું વપરાય છે તેથી સીઝે એજ પાઠ યોગ્ય છે) **વીસસઇ**-વિશ્વાસ કરે છે પત્તિજ્જઇ-પતીજ એટલે પ્રત્યય-વિશ્વાસ રાખે છે. ગૂ૦ મા પતિયારો પણ વપરાય છે. હિં૦ પતીજતે હૈં, પ્રત્યય કરતે હૈં-સહસા જનિ પતિયાહુ (તુલસીદાસ). પંજાબીમાં પતિયાને નો અર્થ મનાવવું, રીઝાવવું પણ છે. **પંતિસ્વઇ**-કેવલ પત્તિજ્જઇનો લેખ પ્રમાદ છે. અનુસ્વાર પર આગળ ટિપ્પણી જુઓ. થિયાં, તિયાંહ-સ્ત્રીઓમાં.

(૬)—ઝાલી તુટ્ટી કિં ન મુઉ, કિંન હુયઉ છારપુંજ
હિંડઇ દોરી બધીયઉ, જિમ મંકડ તિમ મુંજ.
(ગૂજરાતીમાં બદલાવીએ તો
ઝળી તુટી કાં ન મુઓ, કાં ન થયો છારપુંજ,
હિંડે દોરી બાંધિયો, જેમ મર્કટ તેમ મુંજ.

પાઠાંતર—ઝોલી તુટ્ટી વિ કિં ન કઉ, મુયઉ, છારહપુંજ, ઘરિઘરિ જિમ નચાવઈ જિમ, તુટવિ, ઝોલી ત્રુટી, હૂયઉ.

અર્થ—(આગમાં) બળીને યા (ફાંસીની દોરી) તોડી શા માટે ન મર્યો ? શા માટે રાખનો ઢગલો ન થયો ? (કે) દોરીથી બંધાયેલો રહી જેમ વાંદરો ફરે છે તેમ મુંજ (ફરે છે) પાઠાંતરોમાં—ઝોળી (ફાંસીનો પાશ) તોડી કરી પણ કંઇ ન કર્યું,...ઘરઘર જેમ નચાવવામાં આવે છે તેમ...

ઝાલી—બળીને સં. જ્વલ, રાજસ્થાનમાં આગની આંચ (જ્વાલા)ને ઝાલ કે ઝલ કહે છે. ગૂ૦ માં ઝાળ કહે છે. તુટ્ટી, તુટવિ–તૂટી, તોડી (સ. ત્રુટ્), **મુઅઉ**–મૃત (મુઓ); ને પ્રમાણેજ હુયઉ–થયો હિંદી હુઓ. કિં–કાં, શા માટે ? છાર–માત્રા માટે છર બોલો. છાર અને રાખ બંને ભસ્મના અર્થમાં એકજ દેશી પદના વ્યત્યય છે. સ. ક્ષાર (ખારૂં) સાથે કેવલ સાદૃસ્ય છે. રાખ પરથી સંસ્કૃત રક્ષા બનાવેલો છે. હિંડઈ—સં. હિંડતિ; હિંડે છે–હાલે છે–ચાલે છે. પંજાબી હંડના, એટલે ભટકવું જેમકે–ગલિયાં દા હંડના છડિ દેઈ કાન્હા, હુણ હોયા તૂ ઘરબારી–આ એક ગીતમાં છે. તેનો અર્થ એ છે કે હે કાન્હ ! તું ગલિઓમાં ભટકવું છોડી દે, હવે તુ ઘરબારી–ગૃહસ્થી થયો છે. હુણ–સં. અધુના–હમણાં. **દોરી**—ઉપર જુઓ નં. ૩. **મંકડ**—સં. મર્કટ જૂના લહીઆઓ દ્વિત્વવાળા અક્ષર બતાવવા માટે બેવાર અક્ષર (જોડાક્ષર) લખવાના પરિશ્રમથી બચવા માટે અક્ષર પર અનુસ્વાર જેવું મીંડુ મૂકતા હતા, તે કેટલાક શબ્દોમાં તેને ભ્રમથી 'ન' શ્રુતિ ગણવામાં આવી જેમકે સં. મર્કટ–પ્રા૦ મક્કડ; તેને મ૦કડ લખવામાં આવ્યું પછી ભ્રમથી મંકડ સમજાયું. સં. ખડ્ગનું પ્રા૦ ખગ્ગ. આમાં બે ગને બતાવવા લખાયું ખ૦ગ તે પછી ભ્રમથી ખંગ થયું. હિંદી–ખડ્ગ. ઉપર નં. ૫ માં પતિજ્જઇનું પંતિજ્જઇ, સં૦માં અત્યદ્ભુતનું પ્રા૦ અચ્ચબ્ભુઅ થયુંને તેનું ગૂ૦ અચંબો, હિં. અચમ્ભા ઇત્યાદિ.

[પૂર્વકાલિક ક્રિયાના રૂપો પર ટિપ્પણ–સંસ્કૃત વૈયાકરણોએ ત્વા

(गत्वा, कृत्वामांना) ને પૂર્વકાલિકની પ્રકૃતિ અને (सत्कृत्य, संगत्य)માંના 'य' ને ધાતુની પહેલા ઉપસર્ગ આવવાથી વિકૃતિ માની છે, પરંતુ જૂની સંસ્કૃતમા આવો ભેદ નથી. તેમાં अकृत्वा અને गृह्य એમ બન્ને રૂપો મળે છે. વેદમાં 'कृत्वाय' મળે છે અને પાલીમાં 'छित्वान' અને 'कातून' મળે છે. આથી પાંચ જાતનાં રૂપ થયાં— कृत्वा, कृत्वाय, कृत्वान, कर्तून, कर्य(कृत्य). સૂક્ષ્મ વિચાર કરતાં આ અવ્યય નહિ, પરંતુ '०तु' અંતવાળા ધાતુજ શબ્દની ત્રીજી અને ચોથીનાં રૂપોનાં હિન્દી 'से' જણાય છે. कृत्वा એટલે હિં. કૃતુસે-કરનેસે-કરીને, ઇત્યાદિ. પ્રાકૃતમાં 'त्वा' બિલકુલ નથી પણ 'ય' છે અને પાલી વાળા त्वान, तून પછી तूण યા ऊण થઇને મરાઠીમાં चेऊन, म्हणुन ત્યાં સુધી પહોંચી ગયેલ છે અને મારવાડીમાં, કરીનૈ, લખીનૈ એમા રહેલ છે ને ગૂજરાતીમા કરીને, લખીને એમાં પણ તે છે. જૂની હિંદી યા જૂની ગૂજરાતીમા અર્થાત્ અપભ્રંશમાં 'પેક્ખિવિ' 'બોલ્લિવિ' આદિ આવે છે. ત્યાં પણ ય એટલે ઇય એટલે ઈ છે. હિંદીમાં ય, ઇ ના રૂપમાં આવ્યા છે. (આઇ, સુનિ એટલે આય્ય, સુન્ય=સં. આયાય, શ્રુણ્ય (!) હવે તો 'ઇ' પણ ઉડી ગયો છે, અને કર ધાતુના પૂર્વકાલિકનો અનુપ્રયોગ થાય છે જેમકે ખા કર=(જૂની હિં.) ખાઇ કરિ=પંજાબી, ખાઇ કરી=સં. ખાદ કર્ય (!) ગૂજરાતીમાં ઇ તથા ઇને પ્રત્યય છે જેમકે ખાઈ,-ખાઇને બોલી-બોલીને, આવી—આવીને, સુણી-સુણીને. (૭)—ગય ગય રહ ગય તુરગ ગય, પાયકડા નિભિચ્ચ,

સગ્ગટ્ઠિય કરિ મન્તણુ ઉમ્મુહું (તા ?) રૂદ્દાઇચ્ચ.

પાઠાંતર—પાયક્કડા, ઠકુર રૂદ્દાઇચ્ચ, ઉંમુઊ, મતણુ મહતા.

અર્થ—(જેના) ગજ, રથ, ઘોડા, પાયદળ ચાલ્યા ગયા છે અને જે નોકર વગરનો છે (તેવા મુજને) હે સ્વર્ગસ્થિત રૂદ્રાદિત્ય ! બોલાવી લે. તારી તરફ મોં કરેલો એવો-ઉન્મુખ હું છું.

ગય-ગત, ગયા, ગય-ગજ-હાથી, રહ-રથ, તુરય-તુરગ-ઘોડા, પાયક્કડા-તેમાં આવેલા 'ડા' માટે નં. ૧ માં 'સંદેસડો' એ પરની

ટિપ્પણી જુઓ. **પાયક**–પેદલ, પદાતિ—જાકે હનુમાનસે પાયક (તુલ-સીદાસ) **નિભિચ્ચ**-નિભૃત્ય-ભૃત્ય-નોકર વગર. **સગ્ગટ્ઠિય**-સ્વર્ગસ્થિત. **કરિ**–કર (આજ્ઞા) **મન્તણુ**-(આ)મત્રણ, વાત કરવી, બોલાવવું, **ઉમ્મુહુ**-ઉન્મુખ, **રૂદ્દાઇચ્ચ**-રૂદ્રાદિત્ય.

(૮)—મુંજ શેરીઓમાં ભીખ માંગતો ફરતો હતો. પહેલ. ટ્ટી-ઓનું આવુ અપમાન કરવામાં આવતું હતુ. તેના હાથમાં પડિયો હતો. કોઈ સ્ત્રીએ છાસ પીવરાવી અને અભિમાન-ઘમંડથી માથુ હલાવી ભીખ ન આપી. મુંજ બોલ્યો—

> ભોલિ મુન્ધિ મા ગવ્વુ કરિ, પિક્ખિવિ પડુ ગુપાંઇ
> ચઉદસઇ સઇં છહુત્તરઇં, મુંજહ ગયહ ગયાઈં.

પાઠાંતર—ધનવન્તી મ ગવ્વુ, પડુરૂ આઇ-પડકરૂપાણિ. પડુ-કયાણિ. પડુકરૂપાણિ, ચઉદસઇ, છઉત્તર.

અર્થ—હે ભોળી ! હે મુગ્ધા ! (પાઠાંત્તરમાં હે ધનવંતી) મને હાથમા પડિયો લેતો જોઇ ગર્વ મ કર; ચૌદસો છોંતેર મુંજના હાથી (ચાલ્યા) ગયા.

મુન્ધિ—સં. મુગ્ધા. મારવાડીમાં મોંધા મૂર્ખને કહે છે. આમાંનો 'ન્' પણ સં. મુગ્ધ, પ્રા૦ મુદ્ધના દ્વિત્વસૂચક ચિન્હથી બન્યો છે. જુઓ નં. ૬ માં 'મંકડ' પર વ્યાખ્યા. **પિક્ખિવિ**-પેખીને-જોઇને **પડુગા**–પડીઓ, અથવા ભીખ માગવાનું માટીનું પાત્ર. **પાંઇ**–પાણિ, હાથ. **સઇં**–સો, **ચઉદ્દસઇ, સઇ, છહુત્તરઇં, ગયાઇં**–એમાં ઇં છે ને કર્તા કારકની નાન્યતર જાતિનું બહુવચન (સં. નિ) છે.; અને **મુંજહ. ગયહ**–એમાં 'હ' સંબંધકારક-છઠ્ઠી વિભક્તિ છે.

(૯)—જા મતિ પચ્છઇ સંપજ્જઇ, સા મતિ પહિલી હોઇ,
મુંજ ભણઇ મુણાલવઇ, વિઘન ન વેઢઇ કોઇ.

અર્થ—જે મતિ પછી સાપડે છે (હોય છે) તે મતિ પહેલી થાય તો મુંજ ભણે છે-કહે છે કે હે મૃણાલવતિ ! કોઈ વિઘ્ન ઘેરે નહિ-ખમે નહિ.

જા સા–જે તે (નારી જાતિ), **સંપજ્જઇ**–સં. સંપદ્યતે. સ+પદ–સપજવું સંપજે–કવિતામાં વપરાય છે–સાપડતુ, નિસ+પદ=નિપજવું **વેઢઇ**–ઘેરે, કાઠીઆવાડમાં વેંઢારવું–ખમવું એ અર્થમાં વપરાય છે, ખમે, પંજાબીમાં વેડા–ઘેરેલું મકાન–જનાનો. વેડી પૂરી–વચમાં કચોરીની પેઠે ભરેલી પુરી. આ સાખીનો અર્થ એ છે કે વિઘ્નને કોઇ વેંહતુ–ઉઠાવતું–ખમતુ નથી. ટૅાની એ અર્થ કરે છે કે 'કોઇ (મારા માર્ગમાં) વિઘ્ન નાંખતું નથી.'

(૧૦)—સાયર ષાઇ લંક ગઢ, ગઢવઇ દસસિરિ રાસ,
ભગ્ગક્ખય સો ભજ્જિ ગય, મુંજ મ કરિ વિસાસ.

અર્થ—સાગર ખાઈ, લંકા ગઢ અને દસ માથાનો રાજા (રાવણ) તે ગઢપતિ–ભાગ્યનો ક્ષય થતાં તે ભાંગી ગયા–નષ્ટ થયા (તો) હે મુંજ !, વિષાદ–ખેદ મ કર.

ગઢવઇ–ગઢપતિ. ગઢવી એ શબ્દ પણ તે પરથી છે કે જેઓ મૂળ ગઢની રખેવાળી કરતા હોવા ઘટે. આ ગઢવીની જાત કાઠિયાવાડમાં છે. સરખાવો ચક્રપતિ–ચક્કવઇ–ચકવે, **ભજ્જિગય**–તૂટી ગયા, ભાંજી–ભાંગી ગયા એમાં ભંજૂ ધાતુ છે. સંસ્કૃતમાં ભગ્નનો અર્થ તૂટેલું, ભાંગેલું, હારેલું થાય છે તે પરથી હિંદીમાં ભાગના બના, થયું છે. આગળ જુઓ 'અહ ભગ્ગા અમ્હસખા' આદિ.

પ્રકરણ ૪ થું.

પ્રબંધ ચિંતામણિમાંથી ઉદાહરણો (અનુસંધાન).

૨૩૨.—[રાજા મુંજ એ જૂની હિંદી–ગૂજરાતીનો કવિ—ધારના પરમાર રાજા મુંજ તે વાકપતિરાજ બીજો, ઉત્પલરાજ, અમોઘવર્ષ, પૃથ્વીવલ્લભ અથવા શ્રીવલ્લભ. તેણે કલ્યાણના સોલંકી રાજા તૈલપ બીજા પર ચઢાઇ કરી અને તૈલપે તેને હરાવી નિર્દયતાથી માર્યો–એતો

ઐતિહાસિક સત્ય છે, કારણ કે ચાલુકયોના બે લેખોમાં આ વાતનો સાભિમાન ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુંજના મંત્રીનું નામ રુદ્રાદિત્ય હતું–તે તેના વિ. સં. ૧૦૩૬ (ઈ. સ. ૯૭૯)ના દાનપત્રથી પ્રકટ છે. મુજનું પ્રથમ દાનપત્ર સં. ૧૦૩૧ નું છે અને તેનું મૃત્યુ તેના રાજ-કાલમાં દિગંબરાચાર્ય અમિતગતિએ સુભાષિતરત્નસંદોહ પૂર્ણ કર્યો તેના વિ. સ. ૧૦૫૦ થી અને તૈલપના મૃત્યુ સવત્ ૧૦૫૫ ની વચ્ચે થયેલું હોવું ઘટે. આ રાજા મુંજ વિક્રમની અગ્યારમી શતાબ્દીના બીજા ચરણમાં હતો. (મુજ તથા ભોજના કાલનિર્ણય માટે જુઓ નાગરી પ્રચારણી પત્રિકા નવીન સસ્કરણ ભાગ ૧ અંક ૨. પૃષ્ઠ ૧૨૧ થી ૧૨૫, અને ગૌ૦ હી૦ ઓઝાજી કૃત ' સોલંકિયોકા ઇતિહાસ ' પ્રથમ ભાગ પૃ. ૭૬ થી ૮૦) પ્રબંધ–ચિતામણિમાં લખ્યું છે કે મુંજને મારી નાંખ-વાના સમયે તેણે કહ્યું હતું કે 'લક્ષ્મી ગોવિંદ પાસે ચાલી જશે, વીરશ્રી વીરોને ઘેર ચાલી જશે, પરંતુ યશઃ પુંજ એવો મુજ મરી જતાં સરસ્વતિ નિરાલબ થશે.' આ મુજની રચના ન હોય ને તે સમયના કોઇ કવિની હોય, છતાં એમાં નો સંદેહ નથી કે તે વિદ્યા અને વિદ્વા-નોનો અવલંબ–આધાર હતો. તેના સમયમાં ઉપર જણાવ્યા પ્રમાણે અમિતગતિએ 'સુભાષિતરત્નસંદોહ' એ ગ્રંથ બનાવ્યો. સિન્ધુરાજનાં કીર્ત્તિકાવ્ય, નવસાહસાંક ચરિતના કર્ત્તા પદ્મગુપ્ત, ધનપાલ (તિલકમંજ-રીના કર્ત્તા જૈન પ્રસિદ્ધ કવિ), દશરૂપના કર્ત્તા ધનંજય અને તેના ટીકાકાર હલાયુધ તેના સમયમાં હતા. પ્રબધોમાં અને સુભાષિતાવલિ-ઓમાં મુજના બનાવેલા કેટલાયે શ્લોક આપ્યા છે અને ક્ષેમેંદ્ર કે જે મુજ પછી ૫૦ વર્ષે થયો છે તેણે મુંજનો એક શ્લોક ઉધ્ધૃત કર્યો છે.

૨૩૩–હવે એ પ્રશ્ન ઉઠે છે કે જે દોહાઓની વ્યાખ્યા ઉપર કરવામાં આવી છે તે શું મુંજે સ્વયં બનાવ્યા છે ?–ઉપરના ૧૦ મા નંબરના દોહાની વ્યાખ્યામાં શાસ્ત્રી કહે છે કે તે ' રિપુનારીવાક્ય ' છે, પરંતુ તેમાં મુંજે પોતાનેજ સંબોધન કર્યું હોય તો તેમાં શું નવાઇ છે ? પ્રબંધ ચિંતામણિકારના સમય (સં.–૧૩૬૧) સુધી તો આ ઐતિ-

હાસિક વાત હતી કે દોહા મુંજના છે. જે શ્લોક બીજા કવિઓના બનાવેલા જાણવામાં આવ્યા છે અને આ પ્રબંધકારોએ બીજા કવિઓ યા રાજાઓને શિરે ચડાવ્યા છે ને કારણે આવા પ્રસિદ્ધ દોહા પર સંદેહ કરી શકાતો નથી. આવા દોહા દંતકથામાં રહી જાય છે અને દંતકથાઓ સિવાય તેની રચનાના સબંધમા કોઈ પ્રમાણ નથી. વીકાનેરના પૃથ્વીરાજે રાણા પ્રતાપપર સોરઠા લખી મોકલ્યા, માનસિંહને અકબરે 'સબી ભૂમિ ગોપાલકી' વાળો દોહો લખી મોકલ્યો, નરહરિ કવિનો ' અરિહુ દંત તૃન ગહહિં ' વાળો છપ્પો અકબર આગળ મૂકવામાં આવ્યો. ' બ્રહ્મ ભનૈ સુન શાહ અકબ્બર ' આદિ દોહા બીરબલનાજ છે, તુલસીવાળી યુક્તિ પ્રયુક્તિ ખાનખાના અને તુલસીદાસ વચ્ચે થઇ હતી—ઈત્યાદિ વાર્તાના ઐતિહાસિક પ્રમાણ સિવાય બીજું કયુ પ્રમાણ છે ?

૨૩૪. તે પ્રમાણ એ માનવાનુ છે કે અગ્યારમી શતાબ્દીના બીજા ચરણમાં પ્રસિદ્ધ વિદ્યાપ્રેમી ભોજનો કાકા પરમાર રાજા મુંજ જૂની હિંદી–જૂની ગૂજરાતીનો કવિ પણ હતો. એક બીજું પ્રમાણ છે–શ્રી હેમચંદ્રના વ્યાકરણમાં જે અપભ્રંશનાં ઉદાહરણ આપ્યાં છે તેમાં એક દોહો એ છે કેઃ—

> બાહ બિછોડવિ જાહિ તુહું, હઉં તેવંઇ કો દોસુ,
> હિયયટ્ઠિય જઇ નીસરહિ, જાણઉં મુંજ સરોસુ.

અર્થાત્—બાંય વિછોડી–અલગા કરી તું જાય છે, હું પણ તેવી રીતે જાઉં છું (તેમાં) શું–કયો દોષ છે ? હૃદયમાં સ્થિત થયેલ જો (તું) નીકળી જા, તો મુંજ (કહે છે કે હું) જાણું (કે તું) સરોષ છો. ચોથા ચરણનો આ પણ અર્થ થઇ શકે છે કે ' તો હું જાણું કે મુંજ સરોષ છે '. આ બીજો અર્થ સીધો જણાય છે પરંતુ મુંજની કવિતાઓમાં નામ આપવાની રીત જોતાં પહેલો અર્થ પણ અસંભવિત નથી. આ દોહો હેમચંદ્ર પહેલાંનો છે. આથી બેજ પરિણામ આવી શકે છેઃ—એક તો એ કે સૂરદાસ (?)ના

' બાંહ છુડાએ જાત હો, નિબલ જાન કે મોહિ,
હિરદે સે જબ જાહુગે, તો મૈં જાનૌ તોહિ.

એ દોહાનો પિતામહ ' બાહ બિછોડવિ ' આદિ દોહાનો કર્તા રાજા મુજ હતો અને આ મુજના નામથી અંકિત દોહો સં. ૧૧૯૯ (કુમારપાલના રાજ્યાભિષેકનો સમય કે જે પહેલાં તો હેમચંદ્રનું વ્યાકરણ રચાયુ હતું) થી પહેલાં પ્રચલિત હતો: બીજું પરિણામ એ કે જો બીજો અર્થ લઇએ તો જે નાયિકાએ લપસણી ભૂમિવાળો દોહો (ઉપર સખ્યા ૩ નો) મુંજને લખ્યો હતો તેની કૃતિ આ પણ હોય. બને અવસ્થાઓમાં કાતો મુંજને કવિ માનવા પડશે, અને કાતો આ દોહાઓને તેના સમયમાં રચાયેલા માનવા પડશે. ઓછામાં ઓછું એ તો માનવું પડશે કે આ દોહા સં. ૧૧૯૯ (પૃથ્વીરાજ રાસોના કલ્પિત સમયથી ૫૦ વર્ષ પહેલાં) થી કેટલોક સમય પહેલાની રચના છે જેથી તે સમયે કાતો મુંજે રચેલો અને કાતો મુંજને પ્રેષિત થયેલો માનવામાં આવતો હતો.

(૧૧) ભોજને ત્યાં એક સરસ્વતી કુટુંબ આવ્યું કે જેની ખબર ભોજના સેવકે એક સંસ્કૃત–દેશીથી મિશ્રિત શ્લોક બનાવી આપી:—

બાપો વિદ્વાન્ બાપપુત્રોऽપિ વિદ્વાન્
આઈ વિદુષી આઇધુઆપિ વિદુષી,
કાણી ચેટી સાપિ વિદુષી વરાકી
રાજન્ મન્યે વિજ્જપુઞ્જં કુટુમ્બમ્.

અર્થ—બાપ પણ વિદ્વાન છે, બાપનો પુત્ર પણ વિદ્વાન્ છે; મા વિદુષી પંડિતા છે, માની બેટી પણ વિદુષી છે, બીચારી કાણી દાસી છે તે પણ વિદુષી છે. રાજન્ ! માનું છું કે કુટુંબ વિજ્ઞોનો પુજ છે.

પાઠાંતર—વપ્પો, વિદ્રી, વિધ્રી, વિદુસી, વિજ્ઞ, વિદૂ કેવલ લેખપ્રમાદ છે.

બાપ—પિતા. આ દેશી શબ્દ છે, પરંતુ હેમકોશના શેષકાંડમાં સંસ્કૃત માનેલો છે. પ્રબંધચિંતામણિમાં તેનું સંસ્કૃત રૂપ વપ્તૃ (વપ્તા—

બીજ વાવનાર) પણ આવ્યું છે (પૃ. ૩૦૧) (જુઓ ના. પ્ર. પત્રિકા ભાગ ૧ અંક ૩ પૃ. ૨૪૯ ટિપ્પણ ૧૬) **આઈ**—મા, માતા (મરાઠી આઇ), **ધુઅા**-પુત્રી સં. દુહિતા પંજાબી ધી, **વિન્જ**-વિજ્ઞ.

(૧૨)—રાજાએ તેમાંથી જ્યેષ્ઠની પત્નીને સમસ્યા કરી કે-'કવણુ પિયાવઉ ખીરૂ ?'-તેણીએ તેની પૂર્તિ કરી કે:—

જઇ યહ રાવણુ જાઇયઉ, દહમુહ ઇકકુ સરીર,
જણણી વિયમ્ભી ચિન્તવઇ, કવણુ પિયાવઉ ખીરૂ.

પાઠાંતર—જેઈ.

અર્થ—જ્યારે આ રાવણ દશ મુખ અને એક શરીરવાળો જન્મ્યો ત્યારે માતા અચંબામાં (આર્ત્તા) ચિંતવે છે કે ક્યા (મુખ) ને દૂધ પીવરાવું ? (જુઓ આ દોહો પૃ. ૨૧૫ નં. ૩૪.)

જાઇયઉ—જાયો, રાણીજાયો, રાયજાયો,-રાયજાદો. **વિયમ્ભી**-વિસ્મિતા, **ચિંતવઈ**-ચિંતવે, **કવણુ**-કોણ, ક્યા, **પિયાવઉ**-પિવરાવું-પીવારૂ કાઠિયાવાડી. **ખીર**-સં. ક્ષીર, દૂધ. સિંધીમાં ખીર અત્થિ ?=દૂધ છે ?

(૧૩)—બીજી સમસ્યા એ કરી કે, કંઠિ વિલુમ્બઉં કાઉ ?—આની પૂર્તિ કાણી ચેટીએ એવી રીતે કરી કે:—

કાણુ વિ વિરહકરાલિઇ, પઇ ઉડ્ડાવિયઉ વરાઉ,
સહિ અચ્ચભૂઉ દિઠ્ઠુ મઇં, કંઠિ વિલુમ્બઇ કાઉ ?

પાઠાંતર—અચ્ચિભૂ, ' અચ્ચબ્ભુઅ ' ઠીક લાગે છે.

અર્થ—કોઇ વિરહથી દુ:ખિત સ્ત્રીએ ખીજાઇને બીચારા પતિને ઉડાવ્યો. હે સખિ ! મેં આ અતિ અચરજ જોયો કે (તેણી) હવે કેના કંઠને વળગે ?-કેના કંઠનો આશ્રય લે ?-કલહાંતરિતા પહેલાં તો પતિને ભગાડી દીધો પછી હવે માન ગયું ત્યારે પસ્તાય છે કે હાય ! કેના ગળામાં લપટાઉં ? (જુઓ આ દોહો બીજા રૂપમાં પૃ. ૨૧૬ નં. ૩૫.)

કાણુ—કોઇથી યા કોઇ રીતે **કરાલિઇ**-કરાલિતાએ **પઇ**-પતિ, **ઉડ્ડાવિયઉ**-ઉડાવ્યો, **વરાઉ**-વરાક-બિચારો, બાપડો. **અચ્ચભૂઉ**-અત્ય-

દ્ભુત જુઓ ઉપર નં. ૬. દિટ્ઠુ-દીઠો, જોયો. મઈ-મેં કર્મ-વાચ્યમાં કર્તા કારક. કંઠિ-કઠે-કંઠમા વિલુગ્ગિઈ-લટ્કે, વળગે, કાઉ-કેના

આ બંને દોહા કુમારપાલ પ્રતિબોધમા કંઇક પાઠાંતરવાળા બીજા પ્રસંગે છે. અગાઉ જુઓ પૃ. ૨૧૫ અને ૨૧૬.

(૧૪)—એક સમયે ભોજ રાત્રે નગરમાં ફરતો હતો ત્યાં એક દિગબરને એક ગાથા બોલતા સાંભળ્યો. બિચારો તે દિગંબર તો થઇ ગયો હતો, પણ મનની હોંશ પૂરી થઇ નહોતી. બીજે દિને ભોજે તેને બોલાવ્યો અને તેનો મનસૂબો જાણી પોતાનો સેનાપતિ બનાવ્યો. પછી તે કુલચંદ્રે અણહિલપટ્ટન જીતી જયપત્ર પ્રાપ્ત કર્યું. આ ગાથાનો દોહો એ છે કે:—

એઉ જમ્મુ નગ્ગુહ ગિઉ, ભડસિરિ ખગ્ગુ ન ભગ્ગુ,
તિક્ખાં તુરિયાં ન માણિયાં, ગોરી ગલિ ન લગ્ગુ.
પાઠાંતર—આઉ (=આયુ), નિગ્ગહં, નગ્ગહ.

અર્થ—આ જન્મ નકામો ગયો, (કારણ કે) ભડ (વીર)ના શિરપર મારી તલવાર ભાંગી નહિ, તીખા (તેજી) તુરગ-ઘોડાનો ઉપભોગ કર્યો નહિ તેમ ગોરી (યુવતી)ના ગળે વળગ્યો નહિ.

શાસ્ત્રીએ 'ભડસિરિ ખગ્ગ' ને એક પદ લઇ અર્થ કર્યો છે 'ભટ્ટ શ્રી ખડ્ગઃ'. તિક્ખાનો અર્થ 'તીક્ષ્ણ સ્ત્રી કટાક્ષ' કર્યો છે, અને 'તુરિયા' નો અર્થ 'તૂલિકાદિ શય્યોપકરણ' (રામાયણની 'તુરાઈ') -ગૂજરાતી તળાઇ; ટૉની 'તુરિયા' નો અર્થ કર્કશ-સ્વર-યુક્ત વાજિત્ર (સં. તૂર્ય) કરે છે.

એઉ—એહ, એ, નગ્ગુહં-નિર્ગ્રહ સં. નિષ્ફલ.-શાસ્ત્રી કહે છે કે નગ્નોઽહં-હું નાગો છું-દિગંબર છું વા નિર્ગૃહ છું. **ભડ**-કાઠીઆવાડમાં ટોણામાં વપરાય છે-જો તું ભડ-ભડનો દીકરો હો તો. મારવાડીમાં વીર માટે 'ભડ' કહે છે-વિશેષે કરી ટોણું મારતાં. ભડવીર એ ગૂજરાતીમાં વપરાય છે.

માણિયાં—માણ્યાં, ઉપભોગ કર્યો. સં. મંડન કર્યું. સરખાવો મારવાડી-' સેજા માણીજ્યો, ગોરીને માણુજ્યો ઢોલા (ગીત). **ગોરી**-નાયિકા માટે સાધારણ શબ્દ છે. હજુ પણ હિંદી પંજાબી રાજસ્થાની ગૂજરાતી ગીતોમા આવે છે. હેમચંદ્રે પણ આ શબ્દનો આ અર્થનો ઉલ્લેખ કર્યો છે.

(૧૫.) પ્રબંધ ચિંતામણિની એક પ્રતમાં તે હોંશવાળા કુલચંદ્ર (કે જે કવિ પણ હતો અને જેને સુંદર કવિતા માટે ભોજે એક સુંદર દાસી આપી હતી) નો એક દોહો બીજો આપ્યો છે કેઃ—

નવ જલ ભરીયા મગ્ગડા, ગયણિ ધડક્કઇ મેહુ
ઇત્થન્તરિ જરિ આવિસિઇ, તઉ જાણીસિઇ નેહુ.

અર્થ—માર્ગ (મારગડા) નવા પાણીથી (વરસાદના પાણીથી) ભર્યો છે, ગગનમાં મેઘ ધડકે છે. આ અંતર (અવસર) પર જો (તું) આવશે તો નેહ જણાશે. મુંજની રસીલી 'નો વરસાદમાં આવવાનો અસંભવ જાણી ' ગમાર ' નાયકને તેની પહેલાજ બોલાવતી હતી; પરતુ કુલચંદ્ર તેજ-વરસાદના સમયમાં આવવાનેજ સ્નેહની પરીક્ષા માને છે.

ભરિયા—ભરેલા **મગ્ગડા**-જુઓ ' સંદેસડો ' નં. ૧ માં **જરિ**-જ્યારે સં. યદિ. મારવાડીમાં જર, જરાં હમણાં પણ સમયવાચક જ્યારેને માટે વપરાય છે. **જાણીસિઈ**-જાણ્યો જશે. સં. ' સ્ય ' નો ' સિ ' થયેલ છે.

(૧૬)—ભોજે સભામાં બેસી ગૂજરાતીઓના ભોળપણની હાંસી કરી. તેમાં ગૂજરાતના એક માણસે કહ્યું કે અમારા ગોવાલીઆ-ભરવાડ પણ આપના પંડિતો કરતાં ચડી જાય તેવા છે. આ સમાચાર જાણી ગૂજરાતના રાજા **ભીમ** (સોલંકી) એ એક ગોવાળ **ભોજ**ની પાસે મોકલ્યો. તેણે તે રાજાને એક દોહો સંભળાવ્યો જેથી રાજાએ તેને સરસ્વતી કંઠાભરણ ગોપની ઉપાધિ આપી.

ભોય એહુ ગલિ કણ્ઠુલઉ, ભણુ કેહઉ પડિહાઇ;
ઉરિ લચ્છિહિ મુહિ સરસિનિ હિ, સીમ નિબદ્ધી કાઇ.

પાઠાંતર—ભોજ એવ હુ કણ્ઠલઉ, સ્તંભલઉ, કંચુલ, લચ્છિહિં, કાઇ, સીમ વિહલી કોઇ; પાઠાંતરોમાં અધિકરણ-કારક વાળાં પદ 'ઇ' વગરનાં પણ છે.

અર્થ—ભોજ ! ભણ-કહે તો ખરો, કે આ (તારા) ગળામાં કાંઠલો (આભૂષણનું નામ) કેવો લાગે છે ? ઉરમાં લક્ષ્મી અને મુખમાં સરસ્વતીની વચમાં આ શું સીમા બાંધી છે ? વિદ્વાન્ રાજાના મોંમાં સરસ્વતી અને પ્રભુના ઉરમાં લક્ષ્મી-વચમાં કાંઠલો શું થયો ?--જાણે કે બંનેના રાજ્યની મર્યાદા બતાવે છે.

કંઠુલઉ—કાંઠલો, ગળાનું ઘરેણું, કેહઉ-કેવો, **પડિહાઇ**-સં. પ્રતિભાતિ. **નિબદ્ધી**-નિ+બાંધી, કાંઇ-કાં, શામાટે, શું.

(૧૭)—એક સમય ભોજ વીરચર્યાથી રાત્રે નગરમાં ફરતો હતો ત્યાં તેણે કોઈ દરિદ્રની સ્ત્રીને નીચેનો દોહો બોલતાં સાંભળી—

માણુસડા દસદસ દસા, સુનિયઈ લોય પસિદ્ધ;
મહ કન્તહ ઇક્કજ દસા, અવરિ તે ચોરિહિં લિદ્ધ.

પાઠાંતર—માણુસડી, દસ દસ હવઇ, માણુસડા (દસ દસ) દસઈ દેવેહિ નિમ્મવિયાઈ, મુજઝ, નવોરહિં હરિયાઇ, તે વોરહિં હરિયાઇ, નવોરહિં લિદ્ધ. પાઠાંતરોથી જણાય છે કે આ દોહાના બે પાઠ છે. એકમાં તો સિદ્ધ લિદ્ધ પ્રાસ છે, બીજામાં નિમ્મવિયાઈ હરિયાઇં એમ પ્રાસ છે.

અર્થ—મનુષ્યની દશ દશ દશાઓ લોક પ્રસિદ્ધ સંભળાય છે અથવા દશ દશ દશા દેવતાઓએ બનાવી છે. અર્થાત્ આખા જન્મમાં દશ દશા બદલે છે, પરંતુ મારા કંથની એકજ દશા (દારિદ્રય) છે અને (જે હતી) તે ચોરોએ લઈ લીધી (અથવા બીજી પણ બીજાઓએ લઇ લીધી.)

સરખાવો—હસ્તિનાં દશવર્ષપ્રમાણા દશ દશાઃ કિલ ભવંતિ-(હર્ષચરિતની) સંકેત ટીકા.

માણુસડા—સંબંધ-કારક છઠ્ઠીના 'ણા' અને 'ડા' માટે જુઓ નં. ૧. **ડી**-દશા એકવચનને માટેની નારીજાતિ છે. ડા-બહુવચન. **હુવઇ**-હોય છે, **સુનિયઇ**-કર્મવાચ્ય-કર્મપ્રયોગ. **નિમ્મવિયાઇં**-નિર્મિતિ કરવામાં આવી (સ. નિર્માપિતાનિ) પ્રેરણાર્થકમાં ૫(વ)ને માટે જુઓ ના. પ્ર. પ. ભાગ ૧ અંક ૪ પૃ. ૫૦૭ ટિપ્પણી ૧૧. **મુજ્ઝ**-મારૂં સંસ્કૃતમાં 'મહ્યં તુભ્યં' ચોથીના છે, ચોથી અને છઠ્ઠીનો પ્રયોગ વૈદિક ભાષામાં કંઇપણ ભેદ વગર થતો હતો. વૈદિક ભાષામાં 'તુભ્યં'—છઠ્ઠીના અર્થમાં પણ વપરાયો છે—મમ તુભ્યં ચ સંવનન તદગ્નિરનુમન્યતામ્—**મહ**, **કંતહ**-તેમાં હ સબંધ-કારકનું ચિન્હ છે. **ઇક્કજ**-માં જ તે ગૂજરાતીમા પણ જ વપરાય છે-તેનો અર્થ કેવળ થાય છે. હિંદીમાં 'હી' વપરાય છે. મારવાડીમાં પણ હજુ સુધી વપરાય છે જેમકે-આપરોજ કામ, એકજ ઝૂંપો (ઝૂંપડું). **અવરિ**-બીજી સં. અપરા છે. ટૅાની અનુસાર ઉપરિ એટલે ઉપર, અધિક એ અર્થ નથી. **નવોરહિં**-નવ+ઓરહિં. હિંદીમા પણ ઓર છે તે અપર એટલે અવરથી બન્યું છે. સંવત્ ૧૯૨૨ સુધી જૂના પડિતો હિંદીમાં અવર એમ લખ્યાં કરતા હતા જેમકે અવર જબ અઇસા હોય તબ (એક પત્ર પરથી) **લિદ્ધ**-સં. લબ્ધ. મારવાડી ગુજરાતી લીધી. **હુરિયાઇં**-હરી લીધી—લઇ લીધી.

(૧૮). મરતી વખતે **ભોજે** કહ્યું હતું કે સ્મશાનયાત્રા વખતે મારા હાથ નનામી બહાર રાખવા. ભોજનું આ વચન લોકોને એક વેશ્યાએ કહ્યું કેઃ—

> કસુ કરૂરે પુત્ર કલત્ર ધી, કસુ કરૂરે કરસણ વાડી,
> એકલા આઇવો એકલા જાઇવો, હાથ પગ બે ઝાડી.

અર્થ—અરે ! પુત્ર, સ્ત્રી, કન્યા કોના છે ? ખેતીવાડી કોના છે ? (અથવા આખી વાડી કોની છે ?) એકલું આવવું છે ને બને હાથ પગ ઝાટકીને એકલું જાવું છે.

'કસુ કરૂ' નો અર્થ ટૉનીએ 'કેનો હાથ' એમ કર્યો છે અને શાસ્ત્રીએ 'શું કરૂં' એમ કર્યો છે. 'પુત્ર કલત્ર' એ બંનેને સંબોધન માન્યો છે અને ધી એટલે કન્યાને બંને ભૂલી ગયા છે. કસુ કરૂ-સં. કસ્ય કેરકઃ, **ધી**-પુત્રી જુઓ ઉપર નં. ૧૧ **કરસણુ**-ખેતી યા કૃત્સ્ન-આખી (શાસ્ત્રી); **આઇબો, જાઇબો**=ટૉનીએ આવું છું, જાઉં છું એમ અર્થ કર્યો છે. **બે**-એજ શબ્દ ગૂજરાતીમાં વપરાય છે.

(૧૯). **સિદ્ધરાજ જયસિંહ** સમુદ્રકિનારે ફરતો હતો. એક ચારણે તેની સ્તુતિની કવિતા કહી તેમાંથી એક સોરઠો (?) આપ્યો છે—

કો જાણઈ તુહ નાહ ચિત, તુ હાલેઇ ચક્કવઇ લઉ
લંકહલે વાહમગ્ગુ, નિહાલઈ કરણુ ઉત્તુ.

પાઠાંતર—કૌ, હાલંતુ, લંકકાલે, ચકકવઇ લહુ.

અર્થ—સિદ્ધરાજને સમુદ્ર તરફ જોતો જોઇ ચારણ કહે છે કે નાથ ! તમારા ચિત્ત (ની વાત)ને કોણ જાણે છે ? તું ચક્રવર્તી (પદ) લઉં એમ ચાલે છે-ચાલ કરે છે-એવી ચેષ્ટા કરે છે; કર્ણનો પુત્ર (સિદ્ધરાજ) લંકા ફૂલને (લેવા માટે) વહાણનો માર્ગ નિહાળે છે.

હાલેઈ—હાલે છે-ચાલે છે. (સ. જંઘાલયતિ, શાસ્ત્રી) **લઉ**-લેવા (સં. લબ્ધુ, શાસ્ત્રી) **લંકહલે**-લંકા ફૂલને **વાહ**-વહાણનું ચાલવું. **કરણઉત્તુ**-કર્ણપુત્ર રાજસ્થાની કરણોત. પિતાના નામના ગૌરવથી પુત્રને સંબોધન કરવું એ ચારણ કવિતા (ડિંગલ)નું પ્રસિદ્ધ લક્ષણ છે.

(૨૦) **સિદ્ધરાજ જયસિંહે વર્દ્ધમાનપુર** (વઢવાણ)ના આભીર રાણક-રાણા [૩૪]**નવઘન** પર ચડાઈ કરી અને કિલ્લાની દીવાલ તોડી તેને દ્રવ્યની વાસણિગો-વાંસડીઓ (થેલીઓ)ના મારથી મારી નાંખ્યો.

---

૩૪ ગિરનારના ચૂડાસમા યાદવોની રાજાવલીમાં કેટલાક નવઘણ નામના રાજાઓનો ઉલ્લેખ છે. સંભવિત છે કે તે ચોથો નવઘન હોય અને ખેંગાર તેનું ઉપનામ હોય. ફાર્બસે રાસમાળામાં ખેંગારને નવઘનનો પુત્ર કહ્યો છે. ખેંગાર અને નવઘન એ નામ આ રાજાઓમાં અનેક વખત આવ્યાં છે.

નવઘનથી રાણી રાણકદેવીનું શોકવાક્ય એ છે કેઃ—

સઇરૂ નહીં સરાણઇ, કુલાઇઉ નકુલાઈ ઇ;
સઇ સઉ ષઙ્ગારિહિં પ્રાણકઈ વઇસાનરિ હોમીઇ.

પાઠાંતર—સયરૂ, નહિં, રાણ, ન કુલાઇ ન કુલાઇ, સઈ, પાણ, કિન વઇસારિ હોમિયા.

અર્થ—હે સખિઓ! તે રાણો પણ નથી, (અમારૂં) કુલ પણ હવે નકુલ (–નીચકુલ) છે, (હું) સતી, ખેંગારની સાથ પ્રાણોને વૈશ્વાનર (અગ્નિ)માં હોમુ છું.

સઇરૂ—સહચરો–સખિયો. રૂ–બહુવચન **સઇ**–સતી **પ્રાણકઇ**–પ્રાણને, **વઇસાનરિ**–વૈશ્વાનરમાં–રાજસ્થાની વૈંસાદર. **હોમીઇ**–હોમુ છું. **હોમિયા**–હોમ્યા.

(૨૧) રાણા સવ્વે વાણિયા, જેસલુ બડ્ડઉ સેઠિ
કાહૂં વણિજડુ માણ્ડીયઉ, અમ્મીણા ગઢ હેઠિ.

અર્થ—સર્વ રાણાતો (નાના) વાણીઆ છે, જેસલ (સિદ્ધરાજ જયસિંહ) વડો શેઠ છે. શું વાણિજ્ય–વેપાર અમારા ગઢની હેઠે–નીચે (તેણે) માંડયો છે.

(ટૉનીએ ઉત્તરાર્દ્ધનો અર્થ એમ કર્યો છે કે વાણીયાના ધંધાની કેવી રીતે શોભા થઇ? અમારો ગઢ નીચે પડી ગયો!)

સવ્વે–સં. સર્વે. **બડ્ડઉ**–વડો–મોટો **વણિજડુ**–જુઓ સંદેસડઉ નં. ૧ માં, **માંડીયઉ**–જુઓ માણિયા ન. ૧૪માં. **અમ્મીણા**–અમારા જુઓ નં. ૧ **હેઠિ**–હેઠે–નીચે. પંજાબી હેઠ, જેમકે ઔર જેઠ સબ હેઠ (રામકહાની).

(૨૨) તઈં ગડૂઆ ગિરનાર, કાહૂં મણિ મત્સરૂ ધરિઉ
મારીતાં ષઙ્ગાર, એકક સિહરૂ ન ઢાલિઉં.

અર્થ—હે ગરૂઆ–ગુરૂ (જબરા) ગિરનાર (પર્વત)! તેં મનમાં શું મત્સર ધર્યો હતો કે ખેંગારને મારતી વખતે (પોતાનું) એક શિખર પણ ઢાળ્યું–પાડયું નહિ? (કે જેથી શત્રુ અવળો થયો યા મારા સ્વા-

મીના દુ:ખમાં તારી સહાનુભૂતિ જાણી લેવાત, જેવી રીતે શોકમાં ભૂષણ ઉતારી નાંખવામાં આવે છે તેમ)

તઇં—તેં **ગરુઆ** (સં.-ગુરૂક) ભારે-મોટા **મારીતાં**-મારતાં (ભાવલક્ષણ-ભાવપ્રયોગ) **સિહર**-શિખર **ઢાલિઉં**-ઢાળ્યું, નીચે પડયું.

(૨૩). **જૈસલ** મોડિ મવાહ, વલિ વલિ વિરૂપ ભાવીયઇ
નઇ જિમ નવા પ્રવાહ, નવઘણ વિણુ આવઇ નહિ.

પાઠાંતર—વરૂણ ભાવીયઈ, નવયણ વિન આવૈ નહિ.

અર્થ—જૈસલ (જયસિંહ)ના મર્દન કરેલો મારો વાસ-મારૂં ઘર વળી વળી-ફરી ફરીને વિરૂપ જણાય છે. જેમ નદીમાં નવો પ્રવાહ નવઘન (નવો મેઘ-બીજી બાજુએ રાણો નવઘન) વગર આવતો નથી તેમ.

'જૈસલ મોડિ મવાહ' નો અર્થ ટૉનીએ એવો કર્યો છે કે 'જૈસલ, આંસુ પાડમાં' શાસ્ત્રીનો અર્થ પણ સંતોષદાયક નથી. એ અર્થ થઇ શકે કે જૈસલનો મોડેલો-તોડેલો (અમારી રાજ્યરૂપી નદીનો) પ્રવાહ ખરાબ લાગે છે, કારણકે ક્યાં નવઘનથી થનારો નદીના પૂરનો સુંદર પ્રવાહ અને ક્યાં બીજાના પરાક્રમથી તોડેલો પ્રવાહ ?—નવઘનનો અર્થ બંને બાજુ લાગુ પડે છે.

મોડિ-મોડીને-મર્દ્ ધાતુ. મવાહ-મદ્+વાસ. મારૂં ઘર (શાસ્ત્રી), ગુલેરીજીના મતે એમ લેવું જોઇએ કે જૈસલ-મોડિમ-વાહ=જૈસલનો મોડેલો વાસ યા પ્રવાહ. **વલિ વલિ**-ફરી ફરી, **નઇ**-નદી. સુરવરનઈ (તુલસીદાસ).

(૨૪). વાઢી તો વઢવાણ, વીસારતાં ન વીસરઇ
સોના સમા પરાણ, ભોગાવહ પઇં ભોગવીઈ.

પાઠાંતર—વાટી તવઉં વઢમાણ, સૂના, તઇ, ભોગિત્રા.

અર્થ—હે વઢવાણ (વર્ધમાન) શહેર ! તું (શત્રુઓથી) વઢાયું છે-કપાયું છે તો પણ વીસારતાં પણ વિસરતું નથી. (હું મારા) સોના જેવા ભોગાવાને (નદીનું નામ) પ્રાણોનો ભોગ આપીશ (અથવા હે ભોગાવા! હું તને તેનું ભોજન કરાવીશ).

પૂર્વાર્દ્ધનો ટૉનીએ કરેલો અનુવાદ—તે (નવઘન) ના વઢાયેલા વઢવાણ (તેને) વીસારતાં પણ નહિ વીસરશે.

વાઢી—સં. વૃધ્, ધાતુના બે અર્થ છે–વધવું અને વાઢવું–કાપવું. વાઢવું એ શબ્દ ગૂજરાતીમાં વપરાય છે. તેવો શબ્દ હિંદી કે મરાઠીમાં નથી. **વીસારતાં**-ભૂલતાં સં. વિ+સ્મર્ ધાતુ પરથી **વીસરવું**. **સમા**-બરોબર, સરખા **ભોગાવહ**-ભોગાવતં નામની નદી જેને હાલ ભોગાવો કહે છે. પઈ–માં

આ સોરઠાઓમાં ક્યાક ક્યાંક નવઘન તથા ખેંગાર બન્નેને એકજ માનવામાં આવ્યા જણાય છે.

પ્રકરણ ૫ મું.

પ્રબંધ ચિંતામણિમાંથી ઉદાહરણો (અનુસંધાન).

(૨૫). હેમચંદ્રની માતાના ઉત્તર કર્મ કરતી વખતે કોઇ દૂષિયોએ વિમાન–ભંગનું અપમાન કર્યું. આથી ક્રોધિત થઈ હેમચંદ્રજીએ માળવામાં થાણું નાંખી પડેલા રાજા કુમારપાળની પાસે આવી ઉદયન મંત્રી અને રાજાને પોતાનો પરિચય કરાવ્યો. હેમચંદે કહ્યું કે

આપણુ પઇ પ્રભુ હોઇઅં, કઇ પ્રભુ કીજઇ હાથિ
કજ્જ કરિવા માણુસહ, બીજઉ માગુ ન આત્થિ.
પાઠાંતર—કાજ કરેવા માણુસહ.

અર્થ—કાંતો આપ સમર્થ થાઓ કાંતો (કોઇ) સમર્થને હાથમાં લ્યો. મનુષ્યોનાં કાર્ય (સિદ્ધ) કરવા બીજો માર્ગ નથી.

આપણુ—આપ પઈ–અથવા–યા. હોઇઅ–હોવે કઈ–કે, યા. **બીજઉ**-બીજો. હીંદીમાં દૂસરો એમ જૂદો શબ્દ છે. **માગુ**–મગ્ગુ, માર્ગ આત્થિ–અત્થિ (સં. **अस्ति**) ગૂજરાતીમાં ન મળીને નથી એ રૂપ થયું છે. રાજસ્થાનીમાં ‘ ક્યૂં આથ ન સાથ ’ એટલે કંઇ છે નહિ.

(૨૬). એક દિવસ હેમચંદ્ર કુમારપાલ વિહાર-મંદિરમાં કપર્દી નામના પંડિતના હાથની સહાય લેવાતી હતી. ત્યાં નાચનારીના કંચુકની દોરી પાછળથી ખેંચીને બાંધવામાં આવતી હતી. તે પર કપર્દીએ એક દોહાનો પૂર્વાર્દ્ધ કહ્યો અને તેજ વખતેજ હેમચંદ્રે તેની પૂર્તિ કરી કેઃ—

સોહગ્ગીઉ સહિ કંચુયઉ, જુત્ત ઉત્તાણુ કરેઇ
પુટ્ઠિહિં પચ્છઇ તરૂણિયણુ, જસુ ગુણુ ગહણુ કરેઈ.

અર્થ—સુહાગણીને (યા સુહાગ-સૌભાગ્યને) પણ સખીઓ કંચુક-કાંચળીથી યુક્ત-સાથે ઉત્તાન (ઉંચો) કરે છેઃ જેના તરૂણિજન પીઠ પાછળથી ગુણ ગ્રહણ કરે છે. જેના ગુણોનું પાછળથી ગ્રહણ (કથન) કરવામાં આવે તે અવશ્ય ઉંચો (મોટો) હોય છે. અહીં ગુણ પર શ્લેષ છે. (૧) ગુણ એટલે દોરો અને (૨) ગુણ એટલે સદ્દગુણ.

—સોહગ્ગીઉ-સૌભાગ્યવતી પણ-સુહાગણ. હિં-સુહાગન. પુટ્ઠિહિં-પીઠથી, પુટ્ઠે (પૂંઠ) થી સં. પૃષ્ઠ. ઋની ઉ શ્રુતિપર ધ્યાન રાખવું. પીઠ પાછળ-હિં. પીઠ પીછે, રાજસ્થાનીમાં રૂઢિ પ્રયોગ પૂઠ પીડે વપરાય છે. પચ્છઇ-પછી-પાછળ. મારવાડી પાછે. કરેઇ-કરે.

(૨૭). સોરઠના બે ચારણ 'દુહાવિદ્યા'માં સ્પર્ધા કરતા અણહિલપુર પાટણમાં આવ્યા. શરત એવી હતી કે જેની રચનાની હેમચંદ્ર વ્યાખ્યા કરે તે બીજાને હારેલો સમજે. હેમચંદ્ર મળતાં એક એ સોરઠો બોલ્યો કેઃ—

લચ્છિવાણિ મુહકાણિ ઇપઇ ભાગી મુહ ભરઉ
હેમસૂરિ અચ્છીણિ જે ઇસરને તે પંડિયા.

પાઠાંતર—પયઈ, મરઉ, સૂરિઆ છાણિ.

અર્થ—આ ભાગી (ભાગ્યશાલી હેમચંદ્ર) નું મુખ લક્ષ્મી અને સરસ્વતી બંનેના મુખથી ભરેલું છે. એવા હેમસૂરિ જેના પર છાના છાના કંઇક પ્રેમ કરે છે તે પડિત થઇ જાય છે.

આ અર્થ કંઇક ખેંચીને કર્યો છે કારણ કે સોરઠો સ્પષ્ટ નથી. શાસ્ત્રીએ એક પાઠાંતરનો જૂદો અર્થ આપ્યો છે કે જે તદ્દન અવળો છે.

' લક્ષ્મી કહે છે કે એ યતિ (એ યઈ) વાણીને મુખમાં રાખનારો છે, તેથી (શોકની અદેખાઇથી) હું મરૂં છું, તો હેમસૂરિથી છાની (હેમસૂરિ આ છાણિુ) તે ભાગી ગઇ, તેથી જે ઇશ્વર (સમર્થ) છે તે પંડિત છે, પંડિત લક્ષ્મીવાન્ નહી.'

લચ્છિવાણિ મુહકાણિ—મુખક (સં.)=પ્રભૃતિ, આદિ. **એયઇ**–એ, એવો **ભરઉં**–ભર્યું–ભરેલું, **ઈસરતે**–ઇષદ્ રતે ? (સં.) કંઇ પણ પ્રેમ કરતાં, **છાણિ**–(સ. છન્ય છાદ્ય ?) છાનાં–ગુપ્ત રીતે; રાજસ્થાની–છાને.

(૨૮). આ ચારણ તો બેસી ગયો. એટલામાં કુમારપાલ વિહારમાં આરતીના વખતે મહારાજ કુમારપાલ આવ્યા અને તેણે પ્રણામ કર્યા એટલે હેમચંદ્રે તેની પીઠ પર હાથ રાખ્યો. આટલામાં બીજો ચારણ બોલ્યોઃ—

હેમ તુહાલા કર ભરઉં, જાહ અચ્ચબ્ભૂ રિદ્ધિ,
જેવં પહ હિઠા મુહા, તાંહ ઉપહરી સિદ્ધિ.

પાઠાંતર—જિંહ અચ્ચુ પુયરિદ્ધિ, જે ચંપહ હિઠા મુહા તીહ ઉબ્બહરી સિદ્ધી.

અર્થ—હે હેમ ! તમારા હાથ જેના પર ભરો–રાખો તેની તો અચંબો થાય તેવી રિદ્ધિ થાય છે અને જેનું મોં નીચે હોય છે (યા જે નીચા મોંથી (આપનાં પગ) દાબે છે) તેને આપે સિદ્ધિની ભેટ કરી. આ અર્થ શાસ્ત્રી અને ટૉની એ બંનેના કરતાં જૂદો છે અને તેઓના અર્થ સંતોષદાયક નથી. ચારણ કુમારપાલની અચંબો ઉપજાવે તેવી સંપત્તિને, હેમચદ્રની પીઠ પર હાથ રાખવો અને સિદ્ધિની ભેટને નીચા મોંથી પગમાં પ્રણામ કરવાનું કારણ માને છે. આ વિરોધાભાસ પણ હોઇ શકે છે કે મો નીચું અને સિદ્ધિ ઉંચી (ઉપહરી). કવિની આ ઉક્તિ પર રાજા પ્રસન્ન થયો અને તેનો દોહો ફરી ફરી બોલાવરાવ્યો. ત્રણ વાર બોલીને ચારણે, શિવાજી પાસે ભૂષણની પેઠે, અધિરાઇથી કહ્યું કે શું દરેક પાઠના લાખ આપશો ? રાજાએ ત્રણ લાખ આપ્યા. આ

કહાણી અધૂરી છે, હેમચંદ્રે કોઇને વખાણ્યો નહિ. બનેની હોડનું શું થયું તે જણાવ્યું નથી.

તુહાલા—તમારા, પંજાબી તુહાડા, જુઓ નં. ૧ **જાંહુ**–જેમાં, જ્યાં **અચ્ચબ્ભુ**–અત્યદ્‌ભુત–જુઓ નં. ૬ અને ૧૩ જે **ચંપહુ**–જે ચપાવે છે (પગને) પગચંપી કરાવે છે. રાજસ્થાની–પગચંપી. **જેવ**–જેના **પહુ**–પગમાં **હિટ્ઠુ**–હેઠા–નીચેના. જુઓ નં. ૨૧. **ઊપહરી**–ઉપહાર દેવાયેલી (સં. ઉપહૃતા) અથવા ઉપરની, ઉંચી.

(૨૯). જ્યારે કુમારપાલ શત્રુંજય તીર્થમાં ગયો ત્યારે ત્યાં એક ચારણને પ્રતિમા સમક્ષ નીચેનો સોરઠો નવ વાર બોલતાં તેને નવ હજાર આપ્યા.

ઇક્કહ ફુલ્લહ માટિ દેઅઇ સામી સિદ્ધિ સુહુ
તિણિ સિઉં કેહી સાટી ભોલિમ જિણવરહ.

પાઠાંતર—દેવઇ સિદ્ધિ સુહુ...કેહિ સાટિ કટિ(રિ ?), રે ભોતિ (લિ ?)મ, તિણિસિઉં.

અર્થ—એકજ ફુલને માટે સ્વામી સિદ્ધિસુખ (અથવા સર્વ સિદ્ધિ) આપે છે, તે પ્રમાણે (તેથી) હે જિનવર ! આપ શા માટે (એટલા) ભોળા છો ? યા જિનવરનું આટલું ભોળપણ કેમ છે ?. ટૉનીએ 'તિણિસઉં'નો અર્થ કર્યો છે કે ' આ નિશ્ચિત છે (તન્નિશ્ચિતં !) આ માટે જિનવરને કદી પણ ન ભૂલી જાઓ.

માટિ—માટે. આ શબ્દ ગૂજરાતીમાંજ વપરાય છે. હિં. માં લિયે, ખાતિર એમ જૂદા શબ્દ છે. **તિણિ સિઉં**–તેથી (આ કારણથી) (સં. તન્નિશ્રયા–શાસ્ત્રી) તે પ્રકારે. **કેહી સાટી**–કેના સાટે–માટે. સાટે, સટે ગૂજરાતીમાં વપરાય છે દેખો નં. ૫ કેને બદલે. **ભોલિમ**–ભોળપણ

(૩૦). કુમારપાલનો ઉત્તરાધિકારી અને ભત્રીજો **અજયપાલ** ઘણો નિર્દયી હતો. જૈનોપર જેટલી તેના પૂર્વજોએ ભલાઇ કરી હતી તેટલો અત્યાચાર તેણે કર્યો હતો. તેણે ચુંટી ચુંટીને વિદ્વાનો ને પ્રધાનોને માર્યા.

પંડિત રામચંદ્રે સો ગ્રંથ બનાવ્યા હતા તેને તપેલા તાંબાપર ચઢાવી દીધા. નીચેનો દોહો કહી દાંતથી પોતાની જીભ કાપી વેદનાથી તેઓ મરણ પામ્યા.

> મહિવીઢહ સચરાચરહ, જિણુ સિરિ દિહૂણા પાયં
> તસુ અત્થમણુ દિણેસરહ, હોઉત હોઇ ચિરાય.

પાઠાંતર—જિણિ સિરિ દિન્ના, દિણુસરસુ, હોઇતુ હોહુ, વિરાય.

અર્થ—મહી-પૃથ્વીના પીઠ પર જેણે સચરાચર સર્વ (ભૂમંડલ) ના માથે પગ મૂક્યો તે દિનેશ્વર (સૂર્ય)નો અસ્ત થાય છે; જે થનારૂં તે લાંબે કાળે પણ થાય છે.

મહિવીઢહ—મહીપીઠ (માં અથવા ના) 'પીઢા-સં. પીઠ. હિં. પીઢા. **સચરાચરહ**-માં અથવા ના **જિણુ સિરિ દિહૂણા પાય**-શાસ્ત્રીએ એવો અર્થ કર્યો છે કે જેણે શ્રી પ્રાયઃ આપી (!) **તસુ**-તેને **અત્થમણુ**-સં. અસ્તમન આથમવું. આથમણી દિશા (પશ્ચિમ દિશા). રાજસ્થાની આંથૂણી. **હોઉત**-ભવિતવ્ય. ચોથા ચરણનો અનુવાદ ટૉનીએ કર્યો છે કે 'થવું પડે છે અને ઘણાં કાળ સુધી થશે'

(૩૧). સિદ્ધસેન દિવાકરને કેતલાસર ગામ જતાં એક વૃદ્ધવાદી મળ્યો; તેણે રોકી કહ્યું 'મારી સાથે વાદ કરો' સિદ્ધસેને કહ્યું નગરમાં ચાલો ત્યાં પુરવાસી મધ્યસ્થ હશે. વૃદ્ધવાદીએ કહ્યું આ ગોવાળીઆજ સભ્ય છે તેઓજ નિર્ણય કરી આપશે. સિદ્ધસેને સંસ્કૃતમાં કંઇક કહ્યું પણ વૃદ્ધવાદીએ એક ગાથા કહી કે જે સાંભળી ગોવાળીઆએ કહ્યું કે તમે જીતી ગયા, બીજું કંઇ તે જાણે નહિ. તે ગાથા આ છે કેઃ—

> નવિ મારીયઇ નવિ ચોરીયઇ પરદારગમણુ નિવારીયઇ
> થોવા વિહુ થોવં દાઇયઇ ઇમ સગ્ગિ ટગમગુ જાઇયઇ.

અર્થ—મારીએ (હિંસા કરીએ) નહિ, ચોરીએ નહિ, પરદારગમન-પરસ્ત્રીગમન નિવારીએ-છોડીએ, થોડાથી પણ થોડું દાન દઇએ—એમ સ્વર્ગમાં ટગુમગુ (ઝટપટ) જઇએ.

નવિ–ન+અપિ, **થોવા**–થોડા (સં–સ્તોક) ગૂજરાતી તેમજ હિંદીમાં થોડામાં તે 'ડ' આવ્યો છે. **દાધ્ધયઈ**–દધ્ધએ **સગ્ગિ**–સ્વર્ગમાં, **ટગમગુ**–ટગુમગુ–ગૂજરાતીમાં વપરાય છે ને તેનો જેમતેમ, મુશીબતથી, ધીમે ધીમે–ડગુમગુ એ અર્થ છે. હિંદીમાં ઝટપટ એવો અર્થ કરે છે.

૨૩૫–(૩૧૬). પ્રબંધ ચિંતામણિમાં જેટલી જૂની ગૂજરાતી–હિંદી કવિતા હતી તેનું વ્યાખ્યાન થઈ ચૂક્યું. બે પ્રસંગોએ તેમાં કંઇક ગદ્ય પણ આવ્યું છે અને તેની કથા રોચક છે તે માટે તેનો પણ ઉલ્લેખ અહીં કરવામાં આવે છે. કુમારપાલના મંત્રી સાહ **આંબડે** કોંકણના રાજા મલ્લિકાર્જુનને જીતીને તેના માથા સહિત બીજી જે ભેટ રાજા સામે રાખી તેની સૂચીમાં સંસ્કૃત સાથે કંઇક દેશભાષા પણ આપી છે તે એ છે કેઃ–**શૃંગારકોડીસાડી** (શૃંગારકોટિ સાડી) **માણિકુઉ પખેવડઉ**–(માણિક નામ પખેવડા–પક્ષપટ, દુપટ્ટા યા ઓઢણી. પછેડો. આ શબ્દ કાઠીઆવાડમાં તેમ રાજસ્થાનમાં વપરાય છે), **પાપખઉ હારૂ** (પાપક્ષય હાર),...**મૌક્તિકાનાં સેડઉ** (સેડો ?=સેટક, સેર ગૂજરાતીમાં છડો–મોતીનો છડો બરાબર વપરાય છે).[35]

---

૩૫ પ્રબંધ ચિંતામણિમાં એમ છે કે શૃંગાર કોડી સાડી ૧, મણિકઉ પછેવડઉ ૨, પાપખઉ હારૂ ૩, સંયોગ સિદ્ધિ સિપ્રા ૪, તઠા (મુડા ?= તથા ?) હેમ કુંભા ૩૨ સ્તથા મૌક્તિકાનાં સેડઉ ૬ ચતુર્દન્ત હસ્તિ ૧ પાત્રાણિ ૧૨૦ કોડી સાર્દ્ધ ૧૪ દ્રવ્યસ્ય દંડઃ (પૃ. ૨૦૩). આ પ્રસંગના વર્ણનના જિનમંડનના કુમારપાલ પ્રબંધ (સં. ૧૪૯૨ ના) માં ત્રણ શ્લોક આપ્યા છે તે પરથી અર્થ સ્પષ્ટ થાય છેઃ—

शाटीं शृंगा कोट्याख्या पटं माणिक्य नामकम् ।
पापक्षयंकरं हारं मुक्ताशुक्ति (=सेडउ ?) विषापहाम् ॥
हैमान् द्वात्रिंशतं कुंभान १४ मनुभारप्रमाणः ।
षण्मूटकां (=सेडउ ?) स्तु मुक्तानां स्वर्णकोटीश्चतुर्दश ॥
विंशं शतं च पात्राणां चतुर्दन्तं च दन्तिनम् ।
श्वेतं सेडुकनामानं दत्वा नव्यं नवप्रहम् ॥

—આત્માનંદ સભા ભાવનગરનું સંસ્કરણ પત્ર ૩૯ પૃ. ૨.

બીજો પ્રસંગ એ છે કે એક સમય હેમચંદ્રે કપર્દિ મંત્રીને પૂછ્યું કે તારા હાથમાં શું છે? તેણે જવાબ આપ્યો કે 'હરડઈ' (=હરડે). એટલે હેમચંદ્રે પૂછ્યું કે 'શું હજુ પણ?' કપર્દીએ તેમનો આશય સમજી કહ્યું કે નહીં, હમણાં શા માટે? અંતથી આદિ થઈ ગયો ને માત્રા (ધન)માં વધ્યો. હેમચંદ્રજી તેની ચાતુરીપર ઘણા પ્રસન્ન થયા. પછી સમજાવ્યું કે મેં 'હરડઇ' નો અર્થ 'હ રડઇ' એટલે હ અર્થાત્ હકાર રડે છે એમ લઇને પૂછ્યું હતું કે શું હકાર હજુ પણ રડે છે? કપર્દીએ ઉત્તર આપ્યો કે પહેલાં તે વર્ણમાલામાં છેલ્લો હતો, હવે આપના નામમાં પ્રથમ વર્ણ થયો અને તે એકલો હ ન રહ્યો પણ સાથે 'એ'કારની માત્રા વાળો થયો–તેથી હવે શા માટે રડે?

૨૩૬. આ પ્રબંધચિંતામણિમાંથી ઉતારેલાં અવતરણો વગેરેમાં જે ઐતિહાસિક વાતોનો ઉલ્લેખ કર્યો છે તેના સમય સમજવા માટે તેના સંવત્ અત્ર જણાવવામાં આવે છે:—

વિ. સં. ૯૫૦ થી ૧૦૦૦ માં રાજશેખરનો લખેલો અપભ્રંશ, ભૂત ભાષા–પૈશાચી, અને શૌરસેનીનો દેશવિન્યાસ; સં. ૧૦૨૯ થી ૧૦૫૦ વચ્ચેના સમયમાં પરમાર રાજા મુંજનો રાજ્યાભિષેક, સં. ૧૦૫૦ થી ૧૦૫૪ ની વચમાં મુંજનું મૃત્યુ, અને ભોજનો રાજ્યાભિષેક–સં.

પાપક્ષય કોઇ વિશેષ પ્રકારના હારની સંજ્ઞા હતી કારણ કે સિદ્ધરાજ જયસિંહનો પિતા કર્ણ (ભોગી કર્ણ) જ્યારે સોમનાથનાં દર્શન કરવા ગયો હતો ત્યારે પ્રતિજ્ઞા કરી હતી કે પાપક્ષય હાર, ચંદ્ર, આદિત્ય નામનાં કુંડલ અને શ્રી તિલક નામનાં અંગદ (બાજુબંધ) પહેરી દર્શન કરીશ. (ઉક્ત પ્રબંધ પત્ર ૪ પૃ. ૨) 'સેડહ'ના અર્થમાં સંદેહ રહે છે પરંતુ કુમારપાલના રાજતિલકનું વર્ણન તેજ પ્રબંધમાં (પત્ર ૩૪ પૃ. ૧) છે તેમાં એક સ્પષ્ટ પંક્તિ બીજી છે કે 'मुक्तानां सेतिका क्षिप्ता तस्य शीर्षे सफल्पिका (?) संजाता राज्ञः समग्रैश्वर्य वृद्धि सूचयतिस्म'–અહીં 'સેતિકા' નો સેર એ, અર્થ હોઇ શકે છે. સંભવિત છે કે આ અર્થ 'સેડહ'નો પણ હોય. (ગુજરાતીમાં છડો એ 'સેડહ' ઉપરથી થયો હોય એમ ચોક્કસ રીતે લાગે છે. ચો. દ. દે.)

૧૦૩૬ માં મૂળરાજ સોલંકીના હાથે કચ્છના રાજા લાખા ફૂલાણીનું માર્યા જવું. સં. ૧૧૫૦ માં સિદ્ધરાજ જયસિંહનું ગાદી પર બેસવું. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ સુધીમાં કોઇપણ સમયે—સં. ૧૧૬૨ (?) માં આભીર રાણા નવઘનનું મૃત્યુ. સં. ૧૧૯૯ સિદ્ધરાજ જયસિંહનું મૃત્યુ ને કુમારપાલનો રાજ્યાભિષેક. સં. ૧૨૩૦ માં કુમારપાલનું મૃત્યુ. સં. ૧૧૫૦ થી ૧૨૩૦ ની વચ્ચમાં—મોટો ભાગ સિદ્ધરાજના સમયમાં હેમચંદ્રના વ્યાકરણની રચના. સં. ૧૨૪૯ માં પૃથ્વીરાજનું મૃત્યુ અને સં. ૧૩૬૧ માં પ્રબંધચિંતામણિની રચના.

પ્રકરણ ૬ ઠું.

પ્રાચીન [૩૬] ગૂજરાતી સુભાષિતો.

૨૩૭. સ્વ૦ ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. નો આ નામનો લેખ ૧૯૧૪ ના મે માસના 'સાહિત્ય'માં પ્રકટ થયો છે, તે અત્ર આપવામાં આવે છે.

૨૩૮. અંગ્રેજીમાં સારા ચુંટી કાઢેલા ગદ્ય તથા પદ્યોના સંગ્રહો ઘણાક બહાર પડેલા છે. સંસ્કૃતમાં પણ આપણા પ્રાચીન વિદ્વાનોએ સારા સારા શ્લોકોના સંગ્રહ ગ્રંથો રચેલા છે જેમાં શાર્ઙ્ગધરની પદ્ધતિ, વલ-

૩૬ જૂની ગૂજરાતી તથા મારવાડી ભાષાના અથંગ અભ્યાસી ઇટાલીના ડા. એલ. પી. ટેસીટોરી જેમને બંગાળાની એશીયાટીક સોસાઇટીએ પોતાના સંગ્રહના મારવાડી તથા ગૂજરાતી પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરવા બોલાવેલા હતા તેઓએ તેમના " Notes on the grammar of the Old Western Rajasthani with special reference to Apabhramsa and to Gujarati and Marwari " નામના Indian Antiquary Feb 1914 માંના લેખમાં આ ભાષાનું Old Western Rajasthani એવું નામ આપેલું છે.

ભની સુભાષિતાવલી, અમિતગતિનો સુભાષિતસંદોહ અને શ્રીધરદાસનું સદુક્તિકર્ણામૃત એ મુખ્ય છે. પ્રાકૃત ભાષામાં હાલની ગાથાસપ્તતિમાં જૂદા જૂદા પુરૂષ તથા સ્ત્રી કવિઓની ગાથાઓ ભેગી કરેલી છે. આપણું પ્રાચીન ગૂજરાતી સુભાષિતોનું જ્ઞાન બહુજ મર્યાદિત છે. જે થોડાંક સુભાષિતો મળેલાં છે તે પ્રબંધચિંતામણિ, કુમારપાળ પ્રબધ વગેરે ગ્રંથોમાંથીજ છે; પરંતુ નીચે આપેલા ગ્રંથો ઉપરથી જણાશે કે પ્રાચીન ગૂજરાતી સુભાષિતોના સંગ્રહગ્રંથો છે. આ સગ્રહગ્રંથો એકલાજ ગૂજરાતીના નથી, પરંતુ તેમાં સંસ્કૃત પ્રાકૃત અને ગૂજરાતી એમ ત્રણે ભાષાઓની સૂક્તિઓ છે. આ સુભાષિતો સુભાષિતો તરીકેજ નહી પરંતુ પ્રાચીન ગૂજરાતી તરીકે ભાષાવિવેકશાસ્ત્રીને ગૂજરાતી ભાષાના વિકાસના નિર્ણયમાં ઉપયોગી થઈ પડશે.

૧. અંબડસ્થાનક સંસ્કૃત કવિતાબદ્ધ છે, પરંતુ તેમાં કેટલીક પ્રાકૃત ઉક્તિઓ આપેલી છે; આ ગ્રથના કર્તા મુનિરત્ન સૂરિએ બીજો ગ્રંથ સં. ૧૨૫૦ [૩૭]માં રચેલો છે. પ્રતીક નવીન હોવાથી ભાષામાં ફેરફાર તથા અશુદ્ધિઓ લાગશે.

૨. સૂક્તાલિ સંસ્કૃત, પ્રાકૃત, અને ગૂજરાતી સૂક્તિઓનો સંગ્રહ છે. સંગ્રહ કર્તાનું નામ તથા રચનાનો સમય આપેલો નથી. પ્રતીક આશરે ૩૦૦ વર્ષનો જૂનો લાગે છે.

૩ ૧૬ મા શતકના અંતમાં લખાયેલા સિદ્ધચક્રમહિમસૂક્તના પાનામાંથી ગૂજરાતી સૂક્તો.

---

૩૭. અંબડ કથાનક સંવત ૧૨૫૦ ની આસપાસ રચાયલું છે, તેની અમે ખાતરી અસલ પુસ્તકો જોઇ કરી છે. આટલી જુની જૈન ગુજરાતી(?)ના નમુના ઘણા કીમતી થઇ પડશે એમ અમારૂં માનવું છે. તે વખતની હિંદુ ગુજરાતી આથી કાંઇક સહેજ જુદી પડતી હશે.(?)તો પણ સંવત ૧૨૫૦માં ગુજરાતી લખાણ કરવામાં આવતું હતું તે માત્ર આપણી ભાષાની ઉત્પત્તિના સમયનો નિર્ણય કરવામાં જરૂરની છે. ને તેટલા માટે. રા. દલાલે આ અજવાળામાં આણીને ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે એમ અમે માનીએ છીએ. તંત્રી ' સાહિત્ય. '

૪ મન:સ્થિરીકરણ સ્વાધ્યાયની સં. ૧૫૬૪ માં લખાયેલી ભવ્યાક્ષરની પ્રતિના અંતે આપેલાં સૂક્તો.

૫ સૂક્તિઓના સંગ્રહનાં પાંચ પાનાં–આ પ્રતીકને તાડપત્રની પેઠે વચમાં કાંણું પાડેલું છે અને તે ૪૦૦ વર્ષ પહેલાંનો લખાયેલો લાગે છે તેમાં સંસ્કૃત, પ્રાકૃત અને બહુ જૂની ગૂજરાતી સૂક્તિઓ છે.

૬ સુભાષિત પત્ર ૬–સંસ્કૃત પ્રાકૃત તથા ગૂજરાતી સૂક્તિઓ આશરે ૧૫૦ આપેલી છે. પ્રતીક ત્રણસેં વર્ષ જેટલો જૂનો લાગે છે.

૭ સુભાષિતનાં ૨–૮ પાનાં સંસ્કૃત, પ્રાકૃત અને ગૂજરાતી સૂક્તિઓ ઓછામાં ઓછાં બસેં વર્ષ જેટલો જૂનો પ્રતીક લાગે છે.

૮ સુભાષિત પત્ર ૫–ઉપરના જેટલોજ જૂનો.

૯ સૂક્તાવલી—સંસ્કૃત, પ્રાકૃત અને ગૂજરાતી સૂક્તિોનો સંગ્રહ પત્ર ૨–૯ સંગ્રહ કર્તા અજ્ઞાત છે. પ્રતીક લખ્યા સાલ સં. ૧૬૯૭.

૧૦ સુભાષિતોનાં પાનાં ૧૩ સસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી. ૩૦૦ વર્ષથી પણ વધારે જૂનાં લાગે છે.

૧૧ એકલાં પ્રાચીન ગૂજરાતી સૂક્તોનું એક પત્ર તેમાં ૧૦૫ સૂક્તો છે. આ પાનું ઓછામાં ઓછું ૨૦૦ વર્ષ જેટલું જૂનું લાગે છે.

૧૨. છૂટક અસંબંદ્ધ પાનાં ૨૦૦ થી ૪૦૦ વર્ષ સુધીનાં જૂનાં.

૨૩૯. આ સર્વમાંથી આપણને આશરે બધાં મળીને ૫૦૦ સૂક્તો મળી આવશે. જૂદા જૂદા સંગ્રહોમાંથી એકજ સૂક્તના અથવા એકજ ભાવાર્થનાં સૂક્તોના જૂદાં પાઠાંતરો મળી આવશે.

ઉદાહરણતરીકે ૧ દિઠ્ઠાં જે નવિ આલવઇ પુછિઇ કુસલ ન વત્ત ।
તાહં તણઇ કિમ જાઈઇ રે હીયડા નીસત્ત ॥
હસીય ન વયણે આલવઈ કુશલ ન પૂછઈ વત્ત ।
તહિ મંદિરિ નવિ જાઇઇ રે જીવતા નીસત્ત ॥

નં. ૧૦. ૩૦૦ વર્ષની જૂની પ્રતિમાંથી.
આની સાથે સરખાવો નં. ૧ ના અંબડ કથાનકમાંનું

નમી ન મૂકઇ બેસણું હસી ન પૂછઈ વત્ત ।
તેહ ઘરિ કિમ ન જાઇએ, રે હઇડી નીસત્ત ॥ કિમ=કોઇ રીતે

૨ કે પઢીયા કે પંડીયા કે ગુરુઆ ગુણધીર ।
નારી તે નચાવીયા જે હુંઈ બાવનવીર ॥" (નં. ૧૦ માંથી)

આની સાથે અબંડ કથાનકમાંનું નીચેનું સરખાવો.

જે પઢિયાં જે પંડિયા જે જગ ઉપર વટ્ટ ।
તે મહિલાઇ ફેરીએ જીમ ફેરવઇ ઘરટ્ટ ॥

૩ પાણી ઘણું વિલોઇઇ કર ચોપડા ન હુંતિ ।
નગ્ગુણ જણુ સંદેસડઉ નિષ્ફલ હુંતિ નિ ભંતિ ॥

આની સાથે સરખાવો સૂક્તાવલિમાંનું

નિજીવહ ઉવએસડા મુહીઆ જતિ ન ભંતિ ।
પાણી ઘણું વિલોઇઇ કર ચોપડા ન હંતિ ॥

૪ પાપહ વેલા ઝડપડઉ ધમ્મહ મંદિય દેહ ।
આપણા પાંસઉ ચોરડી તઈ કિહ સિપી એહ ॥
જઈ ધમ્મખ્ખર સંભલી અનુ નયણે નિદ્દ ન માઇ ।
વાત કરંતા માણુસહ ઝાબકિ રયણિ વિહાઇ ॥

સરખાવો સુકતાલિમાંના ધર્મોધમના તથા પ્રમાદ ત્યાગનાં પ્રથમ સૂકતો.

૫ સાહસીઆં લચ્છી હવઇ નહુ કાયર પુરસાંહ ।
કન્નહ કુંડલ રયણમય કજ્જલ પાણિ નયણાંહ ।
સીહ સુયણુ ન ચંદ બલુ તારાબલ નવિ રિદ્ધિ,
એકલઉ સહસં ભિડઈ જિહિં સાહસ તિહિં સિદ્ધિ.
(નં. ૧૦ માંથી)

સરખાવો અંબડ કથાનકમાંના પ્રથમ બે સૂકતો. (કે જે નીચે આપ્યાં છે.)

આવાં ઉદાહરણો ઘણુાંજ આપી શકાય પરંતુ વિસ્તારભયથી નહીં આપતાં તેવાં સૂકતો સરખાવી લેવાનું વાચકને સોંપીએ છીએ.

૨૪૦. અંબડ કથાનકમાંથી ઉદાહરણો.

સાહસ — સાહાસીઆ[1] લચ્છી[2] લહઇ[3] નહુ કાયર[4]પુરિસાણુ ।
કાને કુંડલ રયણમઇ[5],કજ્જલ પુણુ[6] નયણાણુ[7]
સીંહ ન જોઈ ચંદબલ,[8] નવિ જાઈ ધણુ ઋદ્ધિ ।
એકલડો બહુ આભિડઈ,[9] જાં સાહસ તિહાં સિદ્ધિ ॥

દૈવ — જન જાણુઈ મન આપણુઈ મન વંછિત પૂરે
દૈવ ભણેરે જીવડા, હું પુણુ અવત કરેસું ॥

સ્ત્રી — સ્ત્રી દીઠઈ મન મોહીએ, કિમ ન[10] વેધીઈ વિલાસ ।
વાગુરિ[11] હરિણુ ઝબકીઇ, કિમ ન પડઈ તે પાસ ॥
જે પઢિયાં[12] જે પંડિયા, જે જગ ઉપર વટ્ટ ।
તે મહિલાઈ ફેરીએ, જિમ ફેરવઇ ધરટ્ટ[13] ॥

બાલાની માતા તથા તરૂણીના નાથનું મૃત્યુ — કૂઆ[14]કુંઠઉ મ પડઉ, મ પડઉ, બલીઆ[15] વાહ ।
મ મરૂ બાલા માવડી, તરૂણીકેરો નાહ[16] ॥
કૂઆ કુંઠઉ વહી હોઇ, સહીં હો સઇ બલીઆ વાહ ।
મ મરૂ બાલા માવડી, તરૂણીકેરો નાહ ॥
ઉગી ઉગી બાપડી, મુહ ઢંકી મન રોઇ ।

મૃત્યુ — જુ.[17]જમ લાંચઇ ફિરઇ તુ, ફિરંલ ન મરઇ કોઇ ॥

સત્કાર — નમી ન મૂકઇ બેસણું, હસી ન પૂછઇ વત્ત[18] ।
તેહ ધરિ કિમ ન જાઇએ, રે હઇડા નિસત્ત[19] ॥

સ્નેહિવિયોગ — સારસડા[20] મોતી ચિણઇ, ચિણ્ઈ તુ મેલ્હઈ કાંઇ ।

---

૧ સાહસિક. ૨ લક્ષ્મી ૩ પામે છે. ૪ નહિ કાયર પુરૂષો. ૫ રત્નમય. ૬ પુનઃ પણ. ૮ ચંદ્રમાનું બલ જ્યોતિઃશાસ્ત્રાનુસાર ૯ આથ સાથે ૧૦ વિલાસથી કેમ ન વેધાય ? ૧૧ મૃગબંધન ૧૨ ભણેલાં ૧૩ કુવાનો ધરઘટ. ૧૩ કુવાનો કાંઠો ૧૪ બલવાનનો ઘોડો ૧૫ નાથ ૧૬ જો યમ લાંચે ફેરવાય તો ૧૭ વાત .૧૮ છાનું બેસી રહે ૧૯ સારસ મોતીચણે તો શું ચણેલા મોતી મૂકી દે છે ? વાલ્હા માણુસ જો મલે તો શા વાસ્તે જુદા થાય ?

વલ્હા માણુસ જુ મિલઈ, તુ વિહડઇ કાંઈ ॥
રે વિહિ[૧] માયુ[૨] કિં પિતુ,[૩] હજુ[૪] મનવંછિઅ દેઇ ।
નેહે[૫] બાધાં માણુસાં, મા વિછોહ કરેઇ ॥

રાગી અને રોગિની રાત
જણુ[૬] જાણુઇ દિણુ વત્તડી, પણિ રત્તડી ન વિહાય ।
ઇકિ રાગીની રોગીથી, સહજ સરીખુમાય ॥

વાણી
વાણી જે તહ તણોઇ, વિસ[૭] હરવિસ ઉત્તરઇ ।
જેહ નઇ ભેધા તેહિ, તેહ નર મોટા ઢાંઢસી (?) ॥
તાં ફણિંદ ફણમંડપ માંડઇ, જાં પડઇ ગરૂડ તણુઇ
નવિ ફાડઇ ।
તામ હસ્તિમદ માચત ગાજઇ, જામ કેસરિ નાદ નવાજે ॥

સુપુરૂષ વચન
ઉત્તર દિશિ ન ઉન્હઇ,[૮] ઉન્હઇ તઉ વરસઇ[૯] ॥
સુપુરિસ વયણુ ન ઉચ્ચરિઈ,[૧૦] ઉચ્ચરઇ તુ કરઇ ॥

૨૪૧. સૂક્તાલિમાંથી ઉદાહરણો.

ધર્મોદ્યમ
કમહ[૧૧] વારિ પડવડુ, ધમહ[૧૨] મંદીય દેહ ।
આપણુ સરસી ચોરડી, તિ કિમ સિધી એહ ॥
જે જિણુ ધમ્મહ બાહિરા, તે જાણે વાચારિ
ઉગી[૧૩] ઉગી ખય ગયા, સંસારી સસારિ ॥
વરસહ[૧૪] તે ગણિ દીહડા, જે જિણુ ધમ્મહ સાર ।
તિન્નિ[૧૫]સયાઉણુસઠડી, ઇમ્હિઈ ગણુઈ ગમાર ॥

---

૧ વિધિ ૨ માતા પિતા ૩ હજુ પણ ૪ તારા મનવંછિત પ્રમાણે આપું. ૫ સ્નેહથી બાંધેલા માણુસોનો વિયોગ મા કર ૬ દિવસ વાતથી જાય પરંતુ રાત ન જાય રાગી અને રોગીની આવી સમાન દશા છે ૭ સાપનું ઝેર ઉતરે ૮ ઉષ્ણુ થાય ૯ વરસે ૧૦ ઉચ્ચારે ૧૧ કર્મમાં ૧૨ ધર્મમાં, કર્મમાં ઝટપટ પરંતુ ધર્મમાં મંદદેહ. ૧૩ ઉગી ઉગીને અસ્ત થયા. ૧૬ જિન ધર્મનો સાર જાણે છે તે વર્ષને દહાડા સરખા ગણે છે ૧૫ ગમાર વર્ષના ૩૫૯ દિવસ ગણે છે

ધણુ ચિંતિઉં તઉ ઉધમકરિ, ધમેણુ ધન હોઇ
ધણુ ચિતંતંઉ ઝુ મરિ, દુન્નવિ[1] ઇક ન હોઈ
દીહા[2] જંતિ વલંતિ નહિ, જીમ ગિરિનીઝરણાઈ
[3]લહુઅલગિ જીવિ ધમ્મ કરિ, સૂઇ નચિંતઉં કાંઈ ॥
મોહ[3] ન મેલ્હિ ઘરતણુ, જઈ શિરિ પલીઆ કેસ ।
વલી વલી જિણધમ્મહતણા, [4]કો દેશિ ઉવએસ ॥
નિજીવહ ઉવએસડા, મુહી[5]આ જંતિ ન ભંતિ ।
પાણી ઘણું વિલોઈઇ, કર ચોપડા ન હંતિ ॥
ભારે[6] કમ્મા જીવડા, જઈ બુઝ્ઝસિ તાં બુઝ્ઝ ।
સર્વ કુટુંબ ખાઇસિ માથિ પડસિ તુઝ્ઝ ॥
હાથ ઘસઈ ભુઈ[7] આહણઇ, [8]જીભિ તાલું દિન્ન ।
મરણહ વેલા સંભરઇ, મિ નહુ કીધુ ધ્રમ્મ ॥

પ્રમાદત્યાગ. જઇ[9] ધમ્મખ્ખર સંભલિ, નયણે નિદ ન માઇ ।
વત્ત કરંતાં હે સહી રયણિ ઝબક વિહાઇ ॥
કમ્મેણય [10] ઘર વત્તસી, ધમ્મેણુ ય પરલોઅ ॥
જહિ સતાં રવિ ઉગમઈ, તિહિ નર આઉ તઉઅ ।

વિધિ જં વિહ[11]કરઇ સ હોઇ હોઈ, ન જં જીઅ ચીંતવઇ ॥

---

૧ બેમાંથી એક ૨ દિવસ જાય છે પાછા વળતા નથી, પર્વતના ઝરણાંની માફક ૩ લઘુ વયથી જીવ ધર્મ કર; નચિંતો કેમ રહે છે? ૪ ઘરનો મોહ ન મેલ્યો જો શિર ઉપર વાળ ધોળા થયા તો પણ ૫ કોણ ઉપદેશ આપશે ? ૬ મુધા (ફોકટ) જાય છે. પાણી ઘણું વલોવીએ પરંતુ હાથ ચોપડા-ચિકાસવાળા થતા નથી. ૭ ભારે કર્મી જીવ જો સમજે તો સમજ; સર્વ કુટુંબ ખાશે માથે પડશે તારે ૮ ભૂમિ ૯ આઘાત કરે. ૧૦ જો ધર્મના અક્ષર સાંભળું તો નયનમાં નિદ્રા માતી નથી; હે સખી વાત કરતાં રાત ઝબકારાની પેઠે જતી રહે છે. ૧૧ જે વિધિ કરે છે તે થાયછે. નહિ કે જે જીવ ચીંતવે છે તે ૧૨ ઘેર શૂરા અને મડને વિષે પંડિત પુરૂષો પૃથ્વીમાં માતાં નથી.

ઇમિં ચીતએલી, આહટ દોહટ્ટ કેલવઇ ।

ઉદ્યોગ ષેડિમ ષુંટામાંહિ, ષૂટાવિણુ ષીષિ નહિ ॥
સાહસ જુત્તઉ હલ વહઇ, દૈવહતણિ કપાલિ ।

ધરિ [1]શૂરા મઢિ પંડીઆ, પુહવિ પુરિસ ન મંતિ ॥
તે વિરલા જે સામિ [2]અહ, અવિસર નવિ ચુક્રંતિ ।

સજ્જન જો ગુણવંતઉ સો નમઇ, નિગ્ગુણુ ધટ્ટઉ થાઇ ॥
અવ[3]સિ નમંતાં ગુણુ ચડઇ, ધણું કહંતઉ જાઇ ॥
સત્તય[4] સાયર પરિભમિઅ, સયલ મહી મિ દિટ્ઠુ
તાત પરાઇ જન કરઈ, સો મઇ કમહઇ ન દીઠુ ॥

ગુણદોષોક્તિ લોઅ પરાયા કવ્વડા. કરઇજ સંત અસંત ।
દોષ પિચ્છઈ આપણા, જાહં ચ્છેહ્ન ન અંત ॥

[5]દૂજ્જણજણબપ્પૂલવણ, જઇ સિંચહ અમીએણ ।
તુ અતિ કંટા વિંધણા, સારીરહગુણેણ ॥

નીચ લૂણ[6]હ ધુણહ કુમાણુસહ, એ ત્રિહું એક સહાવ ।
જિહિં જિહિં કરઉ અવાસડઉ, [4]તિહિં તિહિં ભંજઇ[7]
ઠાઉ[8] ॥

ઉપકાર ગુરૂઆ[9] સહજઇ ગુણ કરઇ, કારણુ કિંપિ મ જાણી ।
કરસણુ[10] સિંચિ સરભડી મેહ કિમગ્ગઇ દાણુ ॥

---

૧ સ્વામિનો ૨ ધનુષ, ૩ સાત સમુદ્ર ભમ્યો અને સકલ પૃથ્વી દીઠી, જે જન પારકી તતા કરે તે મેં કોઈ પણ ન દીઠો. ૪ દુર્જનજન રૂપી બનોળવળે અમૃતથી સીંચેતોપણ શરીરના ગુણથી કંટકના વિંધણુ ૫ લૂણો ઊધઇ અને કુપુરૂષ ૬ આવાસ ૭ સ્થાન લાગે ૮ મોટા માણસો સહજે કંઇ પણ કારણુ જાણ્યા વગર ગુણ કરે ૯ કરસણ કૃત્સ્ન સમગ્ર મેઘ શું દાન માગે છે ?

૨૪૨. સિદ્ધચક્રમહિમસૂક્તોમાંથી ઉદાહરણો.

દૈવ, કર્મ અને પુણ્ય — અરિ[1] મન આપણઉં ખચિ કરિ ચિંતા જાલિ મ પાડિ
ફલ તિત્તઉં પણિ પામીઇ, જિત્તઉં લહિઉં નિલાડિ ॥
[2]જીહ્રિ ભવંતર સંચીઉ, પુન્ન સમગ્ગલ જાસ ।
તસુ બલ મઇ તસુ સિરીઅ, તસુ તિહૂઅણુ જણુદાસ ॥
કિંહા માલવ કિહાં સખઉર કિહાં બબ્બર કિહાં નટ્ટ ।
સુરસુંદરિ નચ્ચાવીઈ, દૈવિહિ દલ વિમરટ્ટ ॥
ધણુ[3] જુવ્વણુ સુવિઅઢ પુણુ, રોગરહી નિત્ય દેહ ।
મણુ વણ્ણહ મેલાવડઇ, પુન્નિહિ લબ્ભઇ એહ ॥

૨૪૩. મનઃ સ્થિરીકરણ સ્વાધ્યાયના પ્રતીકના પ્રાંતેથી.

ઇંદ્રિયસંયમ — ઇંદિ [4] પંચ નવ સિકીઆં, લોભિ નિ દીધી અગ્નિ ।
મન માંકડ નવ મારીઉં, કિમ જાઇ જઈ સગ્નિ ॥
પ્રમાદત્યાગ — દીહા [5]જતિ વલંતિ નઇ, જિમ ગિરિની ઝરણાઇ ।
લઇઅલગઇ જીવ ધમ્મ કરઇ, સૂઈ નચિંતઉ કાંઈ ॥

આ પ્રમાણે દલાલનો લેખ પુરો થાય છે.

૨૪૪. ઉપસર્ગહરતોત્રનો પ્રભાવ બતાવનારી પ્રિયંકર નૃપની કથા વિશાલરાજ સૂરિ શિષ્ય સુધાભૂષણના શિષ્ય જિનસૂરે કરી છે તેમાં દેશી દુહા વગેરે ઉલ્લેખ કરી ટાંકયાં છે તે:—

" તાઈ તેલી તેરમો તબોલી તલાર
પંચ તકારા પરિહરો પછે કરો વિવહાર.

તાઇ=વસ્ત્રતાનક, શાળવી; તેરમો—મોચી; તલાર=તલારક્ષ.

---

૧ હે મન ચિંતા જાલમાં મ પડ જેટલું લલાટમાં લખ્યું છે તેટલું ફલ પામીશ.૨ જેને ભવાંતર સંચિત પુણ્ય સમૂહ છે તેને બલ મતિ લક્ષ્મી મળે છે અને તેનું ત્રણ ભુવન દાસ થાય છે ૩ ધન યૌવન સુવિદઢ પુન્ય, રોગ રહિત દેહ મન વર્ણનો મેલાવડો એ સર્વ પુણ્યે મળે છે, પાંચ ૪ ઇંદ્રીઓ રોકીનથી અને લોભને અગ્નિ દીધી નથી અને મનરૂપી માંકડ માર્યું નથી તો સ્વર્ગે કેમ જઇશ ? ૫ સૂક્તાલિમાંના તેજ સૂક્ત સાથે સરખાવો.

બીજી રીતેઃ—

" તાઇ તેલી તેરમો, તરક તીડ સોનાર,
ઠગ ઠકુર અહિ દુર્જણહ, જે વિસસિ તે ગમાર.

" પડિવન્નું ગિરૂઆતણું નિરલેહવું નિરવાણુ;
તુમે દેશાન્તર ચલ્લિયા અમ્હેં પણિ આગેવાન, ૪૦

" જિણિ દિણે વિત્ત ન અપ્પણેં તિણિદિન મિત્ત ન કોઇ,
કમલહ સૂરિજ મિત્ત પુણુ જલ વિણુ વયરી સોઇ ૪૧

" નખઈ નારિ તુરંગમહ મુત્તાહલ ખગ્ગહ
પાણી જાંહ ન અગ્ગલો ગયું ગિરૂઅત્તણુ તાંહ. ૪૫

કર્ત્તા પોતે 'આકાશવાણી આમ થઇ' એમ કરી કહે છેઃ—

એ બાલક ચિરજીવસેં, હોસે ધનની કોડિ
સેવા કરસેં રાયસુખ સેવક પરિકર જોડિ ૫૪

ગૌરવ કીજે અલવડી નવિ કો કીયાં ન રામ,
ગરથ વિહુણા માણુસા ગાધહબૂચા નામ. ૬૨

અદ્ધા ખંડા તપ કીઆ છતેં કીધાં દાન
તે કિમ પામે જીવડા પરભવિ ધન બહુમાંન ૬૪

રે મન ! અપ્પા ખંચકરિ ચિંતા જાલ મ પાડ
ફલ તેનું જ પામીઈ જેતું લિખ્યું નિલાડ. ૬૫

યતઃ મન તેતલું મ માગિ જેતું દેખ પરતણું
લિહીઆં લેખઇ લાગિ અણુલિખ્યું લાભે નહીં. ૬૬

યતઃ અવસર જાણી ઉચિઅ કરી અવસર લહી મ ભૂલ્લિ
વાર વાર તું જાણજે અવસરિ લહિસિ ન મૂલ્લિ ૬૮

યતઃ છેહે દીઠે છેહ દીઆ મ દાખિસ આપણું,
કરિ બહુતેરો નેહ ઓછા તે ઉમટસેં. ૮૧

યતઃ રીહા જંતિ વહંતિ નહુ જિમ ગિરિ નિજ ઝરણાઈ
લહુઅ લગેં જીવ ધમ્મ કરિ, સુઇ નિચિંતો કાંઇ ?? ૧૦૦

યતઃ અવરં સવ્વં દુહં જણાણુ કાલંતરેણુ વીસરઈ,
વલ્લહ વિઓગ દુક્ખ મરણેણુ વિણા ન વીસરઇ ૧૦૫

યતઃ કે કપડપગિ લહ લહે કે કંચન નીરાશિ,
રાયમાન કેતા લહે કે ન લહે સાબાસિ ૧૧૮

યતઃ વિરલા જાણંતિ ગુણા વિરલા પાલન્તિ નિદ્ધણે નેહં
વિરલા પરકજ્જકરા પરદુક્ખે દુક્ખિયા વિરલા. ૧૪૨

યતઃ હાથી હાલેં હેક, લખ કૂતર ગલીએ લવેં;
વડપણુ તણે વિવેક, કદિ ન ખીજે કિસનીયા ! ૧૭૦

યતઃ બજ્ઝઇ વારિ સમુદ્દહ, બજ્ઝઇ પંજરિ સીંહ,
જઈ બદ્ધા કુણેં કહિઉં, દુજ્જણુ કેરી જીહ ૧૯૨

"આગલિ જાતઃ કોટ જેહિ ન નામી દેવગુરૂ,
આથે વહેસે મોટ ભોજનનો સાંસો પડે. ૧૯૮

" વાવાણા જણુ બુલણા નાહ ન કીજે રોસ,
નીંકે કાપડ ખાયણું ચાંગે મા માણુસ રોસ. ૨૦૦

" વાર વહંતાં યામ તુ લે તુ પર ધનઢોર,
એ તિન્નિ વિમાસણુ કરે, વેસા ચારણુ ચોર. ૨૦૨

" મુંહતા વિણુ રાજ જ કિસ્યું, રખવાલ વિણુ પોલિ,
પતિ પાખેં નારી કિસી, પહિરણુ વિણુ કિસી ઓલી ૨૧૭
ઓલિ=ઓળીયું.

" જીભેં સાચું બોલિજે રાગ રોસ કરિ દૂરિ,
ઉત્તમસું સંગતિ કરિ લાભે જિમ સુખ ભૂરિ. ૨૫૫

જિણુવર દેવ આરાહિઅ, નમીય સહગુરૂ ભત્તિ,
સુધો ધમ્મજ સેવિઇ રહીઈ નિર્મલ ચિત્ત ૨૫૬

૨૪૫. વિશાલરાજસૂરિ શિષ્ય જિન (રાજ) સૂરિએ સંસ્કૃતમાં રચેલા ગ્રંથ નામે રૂપચંદ કથામાંથી ભાષાનાં સુભાષિતો.

જીભઈ સાચું બોલીઇ રાગ રોસ કરિ દૂરિ
ઉત્તમ સિઉં સંગતિ કરે લાભઈ જિમ સુખ ભૂરિ. ૭

જિહાં બાલક તિહાં પેખણુઉં જિહાં ગોરસ તિહાં ભોગ
મીઠાં બોલા ઠાકુરાં ગામિ વસઈ બહુ લોક. ૩૬

નમુણી ખમણી સુગુણી બિહુ પખિ વંશિ વિશુદ્ધ
પુણ્ય વિણા કિમ પામીઈ કરિ ધણુહી ધરિ ભર્જ્જ. ૩૮

ઇકિ આંબા નઈ આકડા બિહું સરિખા ફલ હોઇ
નવગુણ એક શરીર નઇ હાથ ન વાહઇ કોઈ. ૫૫

બજ્ઝઇ વારિ સમુદ્દહ બજ્ઝઇ પંજરિ સીંહ
જે બજ્ઝી કુણુહઇ નહી દુર્જ્જણ કેરી જીહ. ૬૧

કર કંપઇ લોઇણુ ગલઈ બહુ રન્ન વલ્લી ભત્તિ,
જુવ્વણ ગયા જે દીહડા વલી ન ચડસિ હત્થિ. ૭૮

જિહાં સહાઈ બુદ્ધિ બલ હુઇ ન તિહાં વિણાસ
સૂર સવે સેવા કરઈ રહઇ આગલિ જિમ દાસ. ૯૮

ગોરખ જંપઇ સુણિનઈ બાબૂ, મગણ આપ પરાયા
જીવદયા એક અવિચલ પાલુ, અવર ધર્મ્મ સવિ માયા. ૧૦૨

પુત્ર મિત્ર હુઇ અનેરા ન રહઈ નારિ અનેરી
મોહઈ મોહા મૂઢા જંપઇ મહીયાં મેરી. ૧૦૩
અતિહિં ગહના અતિ અપારા સંસાર સાયર ખારા
બૂઝઇ બૂઝઈ ગોરખ બોલઇ સારા ધર્મ્મ વિચારા. ૧૦૪
કવણુહ કેરા તુરંગમ હાથી કવણુહ કેરી નારી
નરગિ જાતા કોઇ ન રાખઇ જોઓ હીઇ વિચારી ૧૦૫

ધર્મ્મ વિહૂણુ ન સુખ વિઆણિઇ, પરઘરિ પાણી ઈંધણુ આણુઇ
ખંડઈ દલઇ કરઈ કરિ લોડણુ, તહવિ ન પાવઈ કિંચિવિ
ભોઅણુ. ૧૧૧

દમા (દામ=પૈસો) એવ સુલખણા મણુવંછિઅ પૂરંતિ
અછઈ પછીઆ પંડીઆ કચપચ કરી મરંતિ. ૧૧૪

નેહો કહવિ ન કીજ્જઇ અહ કીજ્જઈ રત્ન કંબલ સારિખો
અણુવરઈ ધોવમાણો સહાવ રંગં ન છડેઈ. ૧૨૬
નેહ માંહિ ખટુક્કુ મુઝ મનિ ખરૂ સુહાઇં
મિરીચ મુક્ષ બાહિરી ખંડન ખાણી જાઇ. ૧૨૭

દવ દદ્ધા ખડ પલ્લ વઈ, જિમ વુઠેણુ ઘણેણુ
વિરહ પલત્તહ માણુસહ, તિમ દિઠેણુ પિએણુ, ૧૪૯

બહુત ખરા ન બોલીઇ તાલૂ સૂકઈ જેણિ
એક જ અક્ષર બોલીઇ, બાંધ્યું છૂટઇ જેણિ. ૧૬૫

ખેડિમ ખૂંટા ટાલિ ખૂંટા વિણુ ખાંખઈ નહી
દૈવતણુઈ કપાલિ સાહસ કેરૂં હલ વહઇ. ૧૭૩

સીહ ન જોઇ ચંદબલ નવિ જોઇ ધન રદ્ધિ
એકલ્લુ બહુ આભડઇ જાહા સારસ તાં સદ્ધિ. ૧૭૪

જેગલિ ગલઈ ઉઅરં અહવા ન ગલઈ ગલિત્તં નયણાઈ
અહવિ સમાકજજ ગઈ અણિણુ છઇદરી ગહાય. ૧૭૯

મરણહ કેરૂ કવણુ ભય, જેણીવટ્ટઈ જગ જાઈ
મન મઇલૂ ન સંબલૂ હીયડું તેણુ ડોલાઇ. ૧૯૪

જિહાં બિપુરહ—મગ્ગડઉ તિહાં જીવ સંબલ લેઉ,
જિહાં ચઉરાસી ભવભમણુ, તિહાં વિલંબ કરે હ. ૧૯૫
ઉપર વાડઇ હાથ, ઝાબક દીસઈ યમ તણુ,
નવિ સબલ નવિ સાથ, ઘડીમાંહિં ગામંતરૂં. ૧૯૬
સુકૃત સંચિ કરિજ મરઇ તેતિણિ વારિ નિશંક
મરણહ બીહઇ બપડા, ધર્મજ મૂંકયા રંક. ૧૯૭

સૂકુ આંબુ ખડહડિઉ, તલઇ આધુ ઘણેણુ
તુહઈ કોઇલિ સર કરઇ, તે આગલિ ગુણેણુ. ૨૦૦

દિન જાઈ પણિ વત્તડી રત્તડી ન જાઈ
એક રાગી ની રોગીયા સહસિ સરીરાં માઈ. ૧
સહજિ કડૂઉ લીબડુ અણે કરી નિબિડ
તે માણુસ કિમ વીસરઇ, જેહતણા ગુણ દીઠ. ૨
ઓછા તપ કઇ મઇ કીયા કઇ સર ફોડી પાલિ
દેવઈ ઘર ઉદ્દાલીઉં પહિલઇ યૌવન કાલિ. ૨૧૮
ચંદુ ચંદન કેલિવન કુંકૂ કજજલ નીર
ઇક્કઈ કંતહ બાહરાં એતા દહિ સરીર. ૨૧૯

સજ્જન ચિત્તિ ન ઊતરઇ ગયા ચ મુક્ક ઉલાઇ,
મલ નવિ ચુહુટઈ કચણુહ જઇ વરસાસઉ જાઇ. ! ૨૧૯

નેહ વિણ્ઠ્ઠઇ ગયગમણિ, કિસિ જિ તાંણ્યા તાણિ
ભાગું મોતી જો જડઇ તો મન આવઇ ઠાણિ. ૨૫૦

માણસ માહિ માહાં બલ્યાં સાચા નેહ સુજાણ
જઉ કીજઇ જલ જૂજૂઆં તઉ તતક્ષણ છંડઈ પ્રાણ. ૨૫૨

વાઈ હાલઈ પાન તરૂઅર પુણ હાલઇ નહી
ગિરૂઆ એહ પ્રમાણ એક બોલઇ બીજા સહઇ ૨૫૯

નહી ન ભણીઇ લોઈ દીજઇ થોડા થોડિલૂં
ટીપઈ ટીપઈ જોઇ સરોવર ભરીઓ સમુદ્ર જમ. ૨૭૧

વિરલા જાણંતિ ગુણા, વિરલા પાલંતિ નિધ્ધણા નેહા
વિરલા પરકજ્જકરા પરદુખે દુખીઆ વિરલા. ૨૮૪

ગ્રહ અબલા વિહિ વંકડી દુજ્જણ પૂરઉ આસ,
આવિ દુહેલા બધિ ચડિ જિમ સઉ તિમ પંચાસ. ૨૯૯

---

૨૪૬. આવાં સુભાષિતો, જે અનેક સુક્તમાલાઓ યા સુક્તાવલીઓ જૈન સંગ્રહકારોએ એકત્રિત કરી છે તેમાનાં તેમજ ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં ઉલ્લેખેલાં છે તે સર્વ એકઠાં કરતાં પુષ્કળ મળી આવે તેમ છે. વિસ્તારભયથી અત્ર તે ન ટાંકતાં અહીં માત્ર વાનગી રૂપેજ ઉપર મુજબ થોડાં ટાંકવામાં આવ્યાં છે.

વિભાગ છઠ્ઠો.

અપભ્રંશ સંબંધી કેટલીક હકીકતો.

પ્રકરણ ૧ લું.

અપભ્રંશ સંબંધી પ્રાચીન ઉલ્લેખો.

૨૪૭. મુખવ્યવહારની (બોલાતી) અને સાહિત્યવ્યવહારની (સાહિત્યવિષયક) અપભ્રંશ ભાષાના ઉલ્લેખો મળી આવે છે. પરંતુ તે માત્ર નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્ર પરના સંસ્કૃત ગ્રંથોમાં મળે છે. એમજ હોવું જોઇએ, કારણકે સંસ્કૃત નાટક પોતાની યોગ્યતા અનુસાર પોતાના સમયના સાંસારિક—સામાજીક જીવન પરજ પ્રકાશ નાંખે છે અને તેથી તેમાં ચાલુ બોલાતા રૂઢ પ્રયોગોને જરૂર માન્ય રાખી લેવાજ પડે. આનાં ઉદાહરણ તરીકે જુદી જુદી પ્રકૃતિનો ઉપયોગ કરવામાં આવે છે. સંસ્કૃત નાટકમાં જે તત્ત્વો છે તેના પર લખનારાએ પણ તેટલા માટે જૂદી જુદી પ્રાકૃતોનો ઉલ્લેખ કર્યો છે કે જે પ્રાકૃતોમાં અપભ્રંશ એ છેલ્લી અને વધુમાં વધુ ફેરફાર પામેલી ભાષા છે.

૨૪૮. (૧) **પતંજલિ**—વ્યાકરણ મહાભાષ્યનો પ્રતિષ્ઠિત રચનાર ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં થયો અને આપણે જાણીએ છીએ ત્યાં સુધી ભાષાના સંબંધમાં 'અપભ્રંશ' એ શબ્દનો ઉપયોગ કરનાર તે પ્રથમનો સંસ્કૃત મહાન્ ગ્રંથકાર છે. પણ તેણે તેનો અર્થ એટલો જ કર્યો છે કે 'સંસ્કૃત શબ્દનો જે વિકાર-અપભ્રંશ ગામડીઆના મુખે થાય તે;' કારણ કે "**एकैकस्यहि शब्दस्य बहवोऽपभ्रंशाः तद्यथा। गौरित्यस्य शब्दस्य गावी गोणी गोता गोपोतालिकेत्येव मादयोऽपभ्रंशाः**—એક એક શબ્દના ઘણા અપભ્રંશ

છે. ઉદાહરણ તરીકે—જેમકે ગૌઃ એ શબ્દના અપભ્રંશો ગાવી, ગોણી, ગોતા, ગોપોતાલિકા વગેરે છે. અહીં અપભ્રંશનો અર્થ એટલો જ થઇ શકે કે મૂળમાં ફેરફાર–વિકૃતિ–ભ્રષ્ટતા. આ ભરતના શબ્દ નામે 'વિભ્રંશ' યા 'વિભ્રષ્ટ' સાથે બરાબર સામ્ય ધરાવે છે. બંનેનો અર્થ ભાષાનું અમુક ખાસ રૂપ એટલોજ છે. તેથી કંઇ વધુ અર્થ નથી. 'અપભ્રંશ' એ શબ્દને આભીરો સાથે હજુ સુધી લેવા દેવા નથી. તેમજ ત્યાર પછી જે તેનો લાક્ષણિક–વિશિષ્ટ અર્થ થયો તે અર્થમાં–એટલેકે લોકોની બોલી કે ભિન્ન ભિન્ન પ્રાકૃતોની પેઠે સાહિત્યનું વાહન–એ અર્થમાં અત્યાર સુધી વપરાયો નથી.

૨૪૯. (૨) **ભરત**—સંસ્કૃત નાટ્યશાસ્ત્રપર પ્રાચીનતમ ગ્રંથકાર છે. સંભવિત રીતે ઇ. સ. બીજી કે ત્રીજી સદીમાં તે થયો હોવો ઘટે. તેના નાટ્યશાસ્ત્રમાં તે પ્રાકૃતો સંબંધી વિવરણ નાટકમાં કેટલાંક પાત્રોના વિચારોના વાહન તરીકે ૧૭ મા પ્રકરણમાં કરે છે અને ૩૨ મા પ્રકરણના ૪૭ થી ૨૪૨ શ્લોકોમાં છંદોનાં નામો અને લક્ષણો ઉદાહરણો સહિત આપે છે કે જે લગભગ સમસ્તપણે પ્રાકૃતોમાં છે. ૧૭ મા પ્રકરણના ૫ માથી ૨૩ મા શ્લોક સુધીનો ભાગ પ્રાકૃતના ઉચ્ચારશાસ્ત્ર સંબંધે છે.

ભામહ અને દંડીથી ને ત્યાર પછીના અપભ્રંશ જેને કહેવા લાગ્યા તેનો મૂળ ઉલ્લેખ દોઢ શ્લોકમાં છે[૩૮]:—

૨૫૦. 'નાટ્યયોગમાં તે ટુંકામાં ત્રણ પ્રકારે જાણવું:—૧ સમાન (સંસ્કૃતમાં જેમ છે તેમ) શબ્દોથી, ૨ જે વિકૃતિ પામ્યા છે એવા વિભ્રષ્ટ શબ્દોથી અને ૩ દેશી શબ્દોથી "

૨૫૧. આ પછી અપભ્રષ્ટતાના નિયમો કે જે પ્રાકૃતોમાં લાગુ પડે છે અને સામાન્ય રીતે વૈયાકરણોએ આપેલા છે તેને મળતા આવે

---

૩૮ त्रिविधं तच्च विज्ञेयं नाट्ययोगे समासतः ।
समानशब्दैर्विभ्रष्टं देशीमतमथापि वा ॥ १७-३
गच्छन्ति पद्म्यस्तास्ते विभ्रमा(ष्टा) इति ज्ञेयाः ॥ १७-४

છે તે આપ્યા છે. 'દેશી' એ શબ્દથી ભરત જે અર્થ કરે છે તે ૨૪ થી શ્લોકો આપેલ છે તે પરથી સ્પષ્ટ થાય છે[૩૯]:—

૨૫૨. ' આ રીતે પ્રાકૃત અને સંસ્કૃત જાણવું. હવે પછી આગળ હું દેશ ભાષાના ભેદ કહીશ.'—આ પરથી સ્પષ્ટ છે કે દેશ ભાષા સંસ્કૃત અને પ્રાકૃત બંનેથી જુદી પાડવામાં આવી છે અને તે ભાષા એજ હોઇ શકે કે જે જુદા જુદા દેશની ભાષા હોય. અને તેથીજ તેનું નામ દેશી આપ્યું. હવે તે ભેદ ખાસ કરીને એ રીતે જણાવ્યા કે[૪૦]:—

૨૫૩.—' અથવા ગ્રંથકારોએ (નાટકમાં) પોતાના છંદ–મરજી પ્રમાણે દેશભાષાનો પ્રયોગ કરવો. કારણકે નાટકમાં જૂદા જૂદા દેશમાથી ઉત્પન્ન થયેલું કાવ્ય હોય છે.

૨૫૪ ત્યાર પછી તે સાત 'ભાષાઓ' જણાવે છે[૪૧]:—

—માગધી (મગધની) અવંતિની, પ્રાચ્ય (પુર્વની), શૌરસેની, અર્ધ માગધી, બાલ્હિકા અને દક્ષિણની. અને પછી કેટલીક વિભાષા–બોલીઓ જણાવે છે.[૪૨]

૨૫૫, (પૃથ્વીધર મૃચ્છકટિક પર લખતાં શબર અને સચર ને બદલે શકાર અને શબર પાઠ જણાવે છે, સચર એ દુર્બોધ શબ્દને તેથી ઉવેખવા માટેજ તેમ હોઇ શકે. માગધીમાં શકારીનો અંતર્ભાવ

---

૩૯ एवमेतत्तु विज्ञेयं प्राकृतं संस्कृतं तथा
अत ऊर्ध्वं प्रवक्ष्यामि देशभाषा प्रकल्पनम् ॥ १७–२४

૪૦ अथवा छन्दतः कार्याः देशभाषा प्रयोक्तृभिः ॥ १७–४६
नानादेशसमुत्थं हि काव्यं भवति नाटके ॥ १७–४७

૪૧ मागध्यवन्तिजा प्राच्या शूरसेन्यर्धमागधी ॥
बाल्हीका दाक्षिणात्या च सप्तभाषा प्रकीर्तिताः॥ १७–४८

૪૨ शबराभीर चण्डाल सचर द्रविडोद्रजाः ।
हीना वनेचराणां च विभाषा नाटके स्मृताः ॥ १७–४९

થવા ઉપરાંત શકારીને જે બોલીઓ શબર, આભીર વગેરે જાતો સાથે થોડે ભાગે સબંધ ધરાવે છે તેમજ થોડે ભાગે દ્રવિડ, ઓડ્ર જેવા દેશો સાથે પણ થોડે ભાગે સંબંધ રાખે છે એવી બોલીઓ સાથે મૂકતાં વિલક્ષણ જેવું લાગે છે. શકારી એ નામ તેના ઉચ્ચારની વિશેષતાને અંગે એક બોલીને આપેલું છે અને તે મૃચ્છકટિક પછી સંભવિત રીતે અપાયેલું છે.)

—શબરની, આભીરોની, ચાંડાલોની, ચરોની સાથેના દ્રવિડોની, અને ઓડ્રોની અને વનચર–જંગલીઓની ઉતરતી–વિભાષાઓ નાટકમાં ગણાયેલી છે.

૨૫૬. એ ખરૂં છે કે અહીં અપભ્રંશનો એ ખાસ નામથી સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો નથી પણ તેનું કારણ દેખીતું છે કે તે સમયની સાહિત્યની ભાષાઓ એટલે 'ભાષાઓ'ને પોતાનાં ખાસ નામો હતાં પણ 'વિભાષાઓ'ને ખાસ નામ નહિ હતાં; તે છતાં તેઓને જુદી જુદી જાતોથી બોલાયેલી ભાષાઓ તરીકે માન્ય કરવામાં આવી છે[૪૩]:—

૨૫૭—' શબર ભાષા કોયલા કરનારા, શીકારીઓ, અને લાકડા અને યંત્ર પર આજીવિકા કરનારાના મુખમાં યોજવી અને કિંચિત્ જંગલીની પણ ખરી. આભીરી કે શાબરી ઘોષસ્થાન નિવાસીઓ–જેવા કે ગોવાળો–અશ્વ, અજ પાળનારા, ઉંટાદિ રાખનારા માટે વાપરવી જોઇએ.

૨૫૮. આ રીતે ગોવાળો વગેરેની જંગલી જાતની બોલી માટે આભીરોની જાતિનું નામ પ્રાપ્ત થયું છે. હવે આપણે હવે પછી જોઇશું કે તેણે પોતાને માટે ખાસ જુદું નામ મેળવ્યું હતું અને વળી સાહિત્યવિષયક પ્રાકૃતોમાં પણ પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

---

૪૩ अंगारकारव्याधानां काष्टयन्त्रोपजीविनाम् ।
योज्या शबरभाषा तु किंचिद् वनौकसी तथा ॥१७-५४
गवाश्वाजाविकोष्ट्रादि घोषस्थाननिवासिनाम् ।
आभीरोक्तिः शाबरी वा द्राविडी द्रविडादिषु ॥ १७-५५

૨૫૯. ભરતના મનમાં સંભવિત રીતે અપભ્રંશ બોલી હતી–(કદાચ હજુ તે બંધાતી જતી વર્ધમાન થતી જતી હોય એવી સ્થિતિમાં હતી)–એ વાત જ્યારે આપણે જૂદા જૂદા પ્રાંતોની ભાષા સંબંધીની વિશાલ વિશેષતાઓ નાટકકારને જણાવવા માટે ભરતે જે કહેલ છે તે વિચારીએ ત્યારે સ્પષ્ટ માલૂમ પડી આવે છે[44]:—

૨૬૦—'જે જ્ઞાતા છે તેણે ગંગા અને સાગર વચ્ચેના દેશમાં ભાષામાં 'એ' કાર જેમાં બહુ આવે તેવી ભાષા પ્રયોજવી- વિંધ્ય અને સાગર વચ્ચેના પ્રદેશમાં 'ન'કાર જેમાં બહુ આવે એવી ભાષા પ્રયોજવી; સુરાષ્ટ્ર, અને અવન્તિ તથા વેત્રવતી નદીની ઉત્તરના દેશોમાં 'ર'કાર-વાળી; હિમાલયની સીમામાં આવેલા અને સિંધુ તથા સૌવીર દેશમાં ઉકાર બહુ આવે તેવી, અને ચર્મણ્વતી નદીની પેલી પાર અને અર્બુદ (પર્વત) આસપાસના દેશોમાં "તકાર જેમાં બહુ આવે એવી ભાષા પ્રયોજવી."

૨૬૧. આમાં 'ઉ'કાર જે ભાષામાં બહુ આવે તે અમુક સ્થળે પ્રયોજવી એ ભૂલ છે. તેવો 'ઉ'કાર બહુ આવે એવી ભાષા તેજ અપભ્રંશ છે કે જેનું ખાસ લક્ષણ તે છે. પણ તે ભાષાનું તે અપભ્રંશ નામ નથી આપ્યું કારણ કે તે નામ તે વખતે પડયું નહિ હોય. પછી લખનારા-

---

૪૪ गंगासागर मध्ये तु ये देशा संप्रकीर्तिता:
एकार बहुलां तेषु भाषां तज्ज्ञः प्रयोजयेत् ॥ ५८ ॥
विन्ध्यसागर मध्ये तु ये देशा: श्रुतिमागता: ।
नकारबहुलां तेषु भाषां तज्ज्ञः प्रयोजयेत् ॥ ५९ ॥
सुराष्ट्रावन्तिदेशेषु वेत्रवत्युत्तरेषु च ।
ये देशास्तेषु कुर्वीत चकार बहुलामिह ॥ ६० ॥
हिमवत् सिंधु सौवीरान्ये च देशाः समाश्रिता: ।
उकार बहुलां तज्ज्ञस्तेषु भाषां प्रयोजयेत् ॥ ६१ ॥
चर्मण्वती नदीपारे ये चार्बुद समाश्रिता: ।
तकार बहुलां नित्यं तेषु भाषा प्रयोजयेत् ॥ ६२ ॥

ઓએ ને વૈયાકરણોએ જેને અપભ્રંશ નામ આપ્યું છે ને તેને લાગુ પડે છે. હવે તે જે દેશોમાં 'ઉ'કાર વાળી ભાષા હતી તે દેશો નોંધવા જેવા છે. હિમાલય પાસેના એટલે ઉત્તર પંજાબ, સિંધુ અને સૌવીર. આ સંબંધમાં હવે પછી કહીશું; પણ તે દેશો એવા તો જરૂર છે કે જ્યાં ગાયો, ઘોડાને ઉંટ ચારવાનું બહુ થતું અને તે ચારનારી જાતિ ત્યાં બહુ વસતી. ગમે તેમ પણ એટલું તો ખરૂં કે ઉંટને ચારનારા-રાખનારાને સિંધુના તીર પર આવેલા રેતાળ પ્રદેશો સિવાયના અન્ય દેશો વધારે સાનુકૂળ ન હોઇ શકે.

૨૬૨ ભરતને અપભ્રશનો પરિચય અમુક સ્વરૂપમાં હતો એમ તેણે ૩૨ મા અધ્યાયમાં છંદોની વ્યાખ્યા આપતાં આપેલાં ઉદાહરણો પરથી જણાય છે. તેનું નાટયશાસ્ત્ર પ્રાકૃત ભાગો માટે બરાબર શુદ્ધ સંશોધિત થઇ પ્રકટ થયું હત તો વધારે સારૂં હતું.

(૧) મોકલ્લઉ નચન્તઉ, મ(ન) હાગમે સભત્ત(ન્ત)ઉ. ૬૬

(૨) મેહ ઉદ્‌વંત્તું નઇ(ણુ)જોણ્હઉં, ણિચ્ચ ણિપ્પહે એસ ચંદઉ. ૭૪

આ એમ જોઇએ કે-મેહઉ હત્તું (?) ણેઈ જોણ્હઉ, ણિચ્ચ

ણિપ્પહેએહુ ચંદઉ.

(૩) એસા હંસવધૂ (હ) હિ (ઇ)ચ્છા કાણુણુઉ,
ગતું જુ(ઉ)સ્સુઇયા, કંતં સંગઇયા, ૯૯

(૪) પિયવાઇ વાંયતું (ઉ), સુવસંતકાલ (ઉ),
પિયકામુકો (કઉ) પિય મદણું જણુંતઉ. ૧૦૮

(૫) વાયદિ વાદો એહ પવાહી રૂસિદ ઈવ. ૧૬૯

૨૬૩. આ પરથી જણાશે કે (૧) આખું અપભ્રંશ છે કારણ કે (ક) તેમાં ત્રણ સ્થળે પ્રથમા એકવચનનો ઉકાર છે, અને (ખ) અન્ય પ્રાકૃતોની જેમ સામાન્યપણે અપભ્રંશમાં છે તેમ ભ બદલે હ વપરાયો વપરાયો છે. (૨) તે કંઇક વિલક્ષણ છે છતાં તેને સુધાર્યા વગર તેમાં 'ઉકાર જોઇ શકાય છે, અને ખાસ લક્ષ ખેંચે તેવું એ છે કે 'જોણ્હઉ'

નાન્યતરજાતિમાં છે તે બતાવે છે કે લોકોની ભાષામાં તેટલા પ્રાચીન-કાળે પણ લિંગ—જાતિઓને ધ્યાનમાં લેવામાં નહોતી આવતી. 'નઇ' પણ ધ્યાન ખેંચે છે. (૩) 'કાણુણુઉ', ઉસ્સુઇયા, સંગઇયા એ ખાસ અપભ્રંશ છે. (૪) જો કે વાયઉ અને કાલઉ એ સુધારી મૂકયા છે, છતાં 'જણુંતઉ' એ શબ્દથી તે અપભ્રંશ હોવામાં કોઇ જાતનો શક રહેતો નથી. (૫)માં 'એહ' અપભ્રંશ છે.

૨૬૪. આ પરથી સ્પષ્ટ છે કે જો કે ભરતે અપભ્રંશ એ નામથી સ્પષ્ટ નિર્દેશ કયાંઇ કર્યો નથી, કારણ કે તે હજુ અવ્યક્ત રૂપમાં હોઇ વિકાસ પામતું હતુ અને 'આભીરોક્તિ' એ નામથી વદાતું હતું, છતાં ભરતના સમયમાં એવી બોલાતી ભાષાતો જરૂર હતી. વળી એ પણ સ્પષ્ટ જણાય છે કે તે બોલનારાનો દેશ પંજાબ અને ઉપરનો સિંધ દેશ હતો. તેનામાં પોતાનું ઉંચી કથાનું સાહિત્ય હજુ નહોતું, અને બોલનારાનો વર્ગ વનવાસી જાતિઓમાંજ મર્યાદિત હતો કે જે જાતિઓ ધીમે ધીમે પછીથી આગળ વધી દક્ષિણ અને પૂર્વમાં પેઠી અને હિંદુ સંસ્કૃતિમાં મળી ગઇ. તેઓએ જૂની પ્રાકૃતોને અપભ્રંશ રૂપ આપ્યુ ભાસે છે,

પ્રકરણ ૨ જું.

અપભ્રંશ સંબંધી પ્રાચીન ઉલ્લેખો—અનુસંધાન.

૨૬૫. (૩)—ધરસેન—અપભ્રંશના કાળ માટે ઉપયોગી એવો એક ઉલ્લેખ, એક શિલાલેખ કાઠિયાવાડ સુરાષ્ટ્રના વલભીના રાજા ધર-સેન બીજાનો છે તેમાં કરેલો છે. તેમાં પોતાના પિતા સંબંધી ધરસેને આ પ્રમાણે કહેલ છેઃ—

'संस्कृतप्राकृतापभ्रंश भाषात्रय प्रतिबद्ध प्रबन्ध रचना निपुणतरान्तःकरण'—વગેરે (ઈ. એં. યાકોબીએ ઉલ્લેખેલ

'પ્રસ્તાવના પૃ. ૫૫ ૫૨) એટલે 'તેનું મન સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ—એ ત્રણ ભાષામાં છંદોબદ્ધ પ્રબંધની રચના કરવામાં અતિ નિપુણ હતું'. આ ધરસેનનો પિતા ગુહસેન હતો તેના ઇ. સ. ૫૫૯ અને ૫૬૯ ની વચમાંના શિલાલેખો મળી આવે છે. (મુંબઇ ગેઝેટીયર વૉ. ૧ ભાગ ૧ પૃ. ૯૦) આ પરથી જણાય છે કે ઇ. સ. છઠ્ઠા સૈકામાં અપભ્રંશમાં કાવ્યો રચાતાં હતાં. જો કે હજુ તે સમયનું એક પણ ઉપલબ્ધ થયેલ નથી.

૨૬૬ (૪) **ભામહ**—સંભવિત રીતે ઈ. સ. છઠ્ઠા સૈકાની અંતે થયેલ છે. તે અપભ્રંશના સંબંધી જાણે છે અને તે અપભ્રંશનો સાહિત્યમય કાવ્યના ભાગ પાડતાં ઉલ્લેખ કરે છે:[૪૫]—

૨૬૭—'કાવ્ય એ શબ્દ અને અર્થ સહિત છે. તે કાવ્ય પદ્ય અને ગદ્ય એમ બે પ્રકારનું છે. વળી તે સંસ્કૃત, પ્રાકૃત અને તે ઉપરાંત અપભ્રંશ એમ ત્રણ પ્રકારનું છે.

૨૬૮. આ જાતનો **ભામહ**નો ઉલ્લેખ ઘણો ઉપયોગી છે, કારણ કે એ સિદ્ધ કરે છે કે ઈ. સ. ૬ ઠી સદીના અંતમાં અપભ્રંશનું અસ્તિત્વ હતું; પરંતુ તે ભાષા કોણ બોલતું હતું યા કોણે બોલવી જોઇએ એ સંબંધી તે કંઇ કહેતો નથી. દંડીની પેઠે તેણે તેમ કહ્યું હત તો વિશેષ સારૂં થાત.

૨૬૯. (૫) **દંડી**—તેણે કાવ્યાદર્શ (પ્રકાશિત, બિબ્લિઓથેકા ઈંડિકા સન ૧૮૬૩) એ નામનો ગ્રંથ રચ્યો છે–તેમાં જે સાહિત્ય પોતાના સમયમાં ભણેલાઓમાં પ્રચલિત હતું તેના ચાર ભાગ જણાવે છે, ભામહ ત્રણ પાડે છે ત્યારે દંડી ચાર પાડી આગળ વધ્યો છે.[૪૬]

---

૪૫ **शब्दार्थौ सहितौ काव्यं गद्यं पद्यं च तद्द्विधा ।
संस्कृतं प्राकृतं चान्यदपभ्रंश इति त्रिधा ॥ १-३६ ॥**

૪૬ **तदेव वाङ्मयं भूयः संस्कृतं प्राकृतं तथा ।
अपभ्रंशश्च मिश्रं चेत्याहु रार्याश्चतुर्विधम् ॥ १, ३२**

૨૭૦. 'આર્યો (વિદ્વાનો) કહે છે કે આ સાહિત્ય વળી ચાર પ્રકારનુ છે નામે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મિશ્ર. મહર્ષિઓએ સંસ્કૃતની વ્યાખ્યા દૈવી વાક-ભાષા તરીકે કરી છે. પ્રાકૃતમાં અનેક ક્રમો છે જેવા કે 'તે (સંસ્કૃત)માંથી ઉદ્ભવ પામેલ-તદ્ભવ,' તેના જેવા તત્સમ' અને 'દેશી' (એટલે ગ્રામ્ય ભાષાને લગતા). આભીર વગેરેની ભાષા કાવ્યોમાં અપભ્રંશ તરીકે ગણાઈ છે. શાસ્ત્રમાં (તે છતાં) સંસ્કૃત કરતાં જે બીજી એટલે સંસ્કૃત સિવાયની બધી તે 'અપભ્રંશ' એમ જણાવ્યું છે. સંસ્કૃત કાવ્ય સર્ગો (પ્રકરણો) વગેરેમા, પ્રાકૃત કાવ્ય સંધિક (ટીકાકાર સધિને એક પ્રકારનો છંદ જણાવે છે) આદિમાં અને અપભ્રંશ કાવ્ય તે આસાર આદિમાં અને મિશ્ર (સાહિત્યનો ચોથો પ્રકાર) કાવ્ય તે નાટક આદિમાં બદ્ધ થયેલ હોય છે.—કથા (મિશ્ર સાહિત્યની એક જાતિ) સર્વ ભાષામાં અને વળી સંસ્કૃતમાં રચાયેલી હોય છે. આશ્ચર્યકારક અર્થવાળી બૃહત્કથા ભૂતભાષામાં છે.

૨૭૧. આ પરથી એ સ્પષ્ટ છે કે અમુક ભાષાઓ સંબંધી દંડી બોલતાં સાહિત્યના દૃષ્ટિબિંદુથી કહે છે, નહિ કે ભાષાની દૃષ્ટિએ; છતાં આટલું તો પ્રકટ છે કે તે સમયે જે આભીર આદિ જાતિઓ બોલતી હતી તે ભાષાવિશેષનું નામ અપભ્રંશ હતું અને અપભ્રંશનો પ્રયોગ તે સમયે 'સાહિત્ય'માં થતો હતો. આ પ્રયોગ જેમ ભરતના સમયમાં સસ્કૃત નાટકોમાં અમુક ઉતરતાં પાત્રો પ્રયોગ કરે તેવો પ્રયોગ નહોતો. જો તેમ હત તો દંડી સાહિત્ય-વાંગ્મયના પ્રકાર પાડતાં તેના એક પ્રકાર તરીકે 'અપભ્રંશ' નામનો પ્રકાર જણાવત નહિ. તે સ્પષ્ટ કહે

संस्कृतं नाम दैवी वागन्वाख्याता महर्षिभिः ।
तद्भवस्तत्समो देशी त्यनेकः प्राकृतक्रमः ॥ १, ३३
आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ।
शास्त्रे तु संस्कृता दन्यदपभ्रंश तयोदितम् ॥ १, ३६
संस्कृतं सर्गबन्धादि, प्राकृतं संधिकादिकं ।
आसारादीन्यपभ्रंशो नाटकादि तु मिश्रकम् ॥ १, ३७

છે કે અપભ્રંશ કાવ્યમાં આસાર આદિ કેટલાક છંદો વપરાતા હતા. નાટકોમાં અપભ્રંશ ઘણુંજ અલ્પ પ્રમાણમાં અને અહીં તહીં ક્યાંક ગદ્ય તરીકે વપરાતું અને તેમાં પણ નિયમ તરીકે સર્વ નાટકોમાં તેનો ઉપયોગ થતોજ એવું નથી. 'આભીરાદિગિરઃ' એ આખી પંક્તિ માત્ર અપભ્રંશનું સર્વ સાધારણ સ્વરૂપ સૂચવે છે એટલે કે કાવ્યમાં આભીર જેવા ઉતરતા લોકોના મુખમાં જે મૂકવામાં આવે છે તે અપભ્રંશ છે, પણ એ પરથી એક લોકજાતિનીજ એ ભાષા હતી એમ કલ્પવું અનુચિત છે. 'આભીરાદિ' એમાં 'આદિ' શબ્દજ બતાવી આપે છે કે તે માત્ર આભીર જાતિનીજ ભાષા હતી એમ નથી. ઈ.સ. પૂર્વે થોડાં શતકોમાં આભિર જાતિ જ્યાંથી આવી ત્યાંથી તે જાતિ તે ભાષા પોતાની સાથે લાવી નહોતી. વસ્તુતઃ સત્ય વાત એ છે કે જ્યાં જ્યાં તે લોકો અને તેમની સાથે બીજા ગયા ત્યાં ત્યાં તે તે પ્રદેશની પ્રચલિત પ્રાકૃત ભાષા તેઓ ગ્રહણ કરતા ગયા, અને સ્વાભાવિક રીતે તેથી ઉત્તરોત્તર ઘણે અંશે ભાષાનુ સ્વરૂપ તેમનાથી બદલાતુ ગયું. આ બદલો–પરિવર્તન–અપભ્રષ્ટનાજ ભરતે વાપરેલ 'અપભ્રંશ', 'અપભ્રષ્ટ' અને વળી 'વિભ્રષ્ટ' શબ્દો બતાવી આપે છે. (૨) આ સાહિત્યની અપભ્રંશ ભાષાની પાછળ ભાષા હતી કે જે નાના સાહિત્યરસિક સમૂહોનો કે ફિલસુફો, વૈયાકરણો, ખગોળશાસ્ત્રીઓ, ગણિતશાસ્ત્રીઓ, કવિઓ અને અધ્યાપકો આદિ પંડિતોની ભાષા–ટુંકામા થોડા વિદ્વાનોની ભાષા નહોતી, પણ ઉતરતા, કનિષ્ઠ વર્ણના, સામાન્યમાં સામાન્ય લોકો જેવા કે આભીરો, શબર, ચંડાલો વગેરેની ભાષા હતી. આ પરથી જણાય છે કે આ લોકો જે પ્રદેશમાં વસતા ગયા તે પ્રદેશ વખતો વખત યા એકી વખતે જેમ જેમ બદલાતો ગયો તેમ તેમ અપભ્રંશમાં પણ ફેરફાર પડતો ગયો અને તેથી પાછળના પ્રાકૃત વૈયાકરણોએ અપભ્રંશની જુદી જુદી જાતિઓ બતાવી છે તે બનતી ગઇ.

૨૭૨ દંડીનો સમય વિવાદગ્રસ્ત છે પણ તેને ૮ મી શતાબ્દીમાં મૂકી શકાય (જુઓ ના૦ પ્ર૦ પત્રિકા ભાગ ૫ અંક ૩). આ રીતે

જે અમુક લોકજાતિઓની બોલાતી ભાષા ગણાતી અને તેને 'આભીરી' ભાષાનું નામ અપાતું તે ભરત અને ભામહ-દંડી વચ્ચેના ચાર પાંચ સૈકાઓમાં વિકસિત થઇ અપભ્રંશ ભાષામાં પરણુમી. આ કાલ. દેશના મોટા ભાગપર આભીરોની સર્વોપરી સત્તા વાળો પણ હતો. એ સ્વાભાવિકપણે ધારી શકાય કે ઇ. સ. ત્રીજા સૈકા અને છઠા સૈકાની દરમ્યાન અપભ્રંશ એ નામ, જે બોલાતી ભાષાઓ હિંદુઓમાં આભીર જાતિ મળી જવાથી પ્રાદેશિક પ્રાકૃતોમાંથી વિકાસ પામી, તેને અચૂક અપાયું હોવું જોઇએ.

૨૭૩. (૬) રૂદ્રટ—ઇ. સ. નવમા સૈકામાં થયો. તે પોતાના કાવ્યાલંકાર (કાવ્યમાલા નં. ૨) માં અપભ્રંશ સંબંધી ઉલ્લેખ કરે છે. 'વાક્ય'ના ગદ્ય અને પદ્ય એમ ભાગ પાડી તેના વળી છ ભાગ ભાષાના ધોરણપર પાડે છે. તે કહે છે કે

भाषाभेद निमित्तः षोढा भेदोऽस्य संभवति ॥ २, ११
प्राकृत संस्कृतमागध पिशाच भाषाश्च शौरसेनी च ।
षष्टोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥ २, १२.

' તેના ભેદ ભાષાભેદ નિમિત્તથી છ પ્રકારના સંભવે છેઃ—પ્રાકૃત, સસ્કૃત, માગધી, પૈશાચિ, અને શૌરસેની, અને છઠો અપભ્રંશ તે દેશવિશેષે ઘણા ભેદવાળો છે.

૨૭૪. અહીં પણ અપભ્રંશને વધુ જૂની સાહિત્યની પ્રાકૃતો નામે માગધી, પૈશાચી અને શૌરસેની સાથે એક ધોરણપર મૂકવામાં આવી છે. રૂદ્રટ એક ખાસ ઉપયોગી વાત જણાવે છે તે એ છે કે અપભ્રંશની ઘણી જાતો છે અને તે ઘણી જાતો જૂદા જાદા દેશ પરત્વે છે કે જ્યાં તે બોલાતી હોય. વધુ જૂની પ્રાકૃતોના ખાસ ભેદો જણાયા નથી અને જો કે તેમનાં નામો ભૂગૌલિક છે છતાં તેઓ પ્રાદેશિક મટી ગઇ અને તેથી લોકોથી પણ ખાસ બોલાતી બંધ પડી. અપભ્રંશ તો આ બને રીતિએ તેઓથી ભિન્ન થઇ એટલે કે દેશપરત્વે તે જુદી જુદી થઈ અને લોકોથી તે બોલાતી બધ પડી નહિ.

પ્રકરણ ૩ જું.

અપભ્રંશ સંબંધી પ્રાચીન ઉલ્લેખો (અનુસંધાન).

૨૭૫. (૭) **રાજશેખર**—તેણે પોતાની કાવ્યમીમાંસા (ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ નં. ૧, ૧૯૧૬)માં અપભ્રંશ સબંધી પુષ્કળ ઉલ્લેખો કર્યા છે. પોતાના પુરોગામી આલંકારિકોની પેઠે તે પણ આ ભાષાને સાહિત્યની દૃષ્ટિએ નિહાળે છે. તેથી પોતાના કાવ્યપુરૂષના શરીરને વર્ણ-વતાં જણાવે છે કેઃ—"તારૂં શરીર તે શબ્દ અને અર્થ છે. સંસ્કૃત મુખ છે, પ્રાકૃત બાહુ છે. જઘન અપભ્રંશ[૪૭] છે, પૈશાચી તે પગો છે અને મિશ્રભાષા તે ઉર એટલે છાતી છે." વળી જ્યારે પોતાનો કવિરાજ પોતાની દરબાર ભરે છે ત્યારે સંસ્કૃત કવિઓને (પોતાની ગાદીથી) ઉત્તરમાં, પ્રાકૃત કવિઓને પૂર્વમાં, અપભ્રંશ કવિઓને પશ્ચિ-મમાં, અને પૈશાચ કવિઓને દક્ષિણમાં બેસાડવા–એમ જણાવે છે.[૪૮] આવીજ રીતે સાહિત્યના ચતુર્વિધ પ્રકાર, તે જે ભાષામાં વ્યક્ત કરવામાં આવે તે ભાષાપરથી એક સારા કવિ થવા માગનારે કેટલી ભાષામાં નિપુણ થવું જોઇએ એ પ્રશ્નનો ઉત્તર આપતાં આ રાજશેખર પાડે છે કે[૪૯]:—

---

૪૭ शब्दार्थौ ते शरीरं, संस्कृतं मुखं, प्राकृतं बाहुः, जघनमपभ्रंशः पैशाचं पादौ, उरो मिश्रम् । पृ. ६

૪૮ तस्य उत्तरतः संस्कृताःकवयो निविशेरन् ।...पूर्वेण प्राकृता कवयः...। पश्चिमेनापभ्रंशिनः कवयः। दक्षिणतो भूतभाषा-कवयः । पृ. ५४

૪૯ एकोर्थः संस्कृतोक्त्या स सुकविरचनः प्राकृतेनापरोस्मिन् अन्योऽपभ्रंशगीर्भिः किमपरमपरो भूतभाषाक्रमेण ।
द्वित्राभिः कोऽपि वाग्भिर्भवति चतसृभिः किंच कश्चिद् विवेक्तुं

૨૭૬. 'એક અર્થ એક સુકવિ સંસ્કૃત ઉક્તિમાં (સારી રીતે) કરી શકે, બીજો પ્રાકૃતમાં, વળી અન્ય અપભ્રંશ વાણીમાં, અને કોઇ ભૂત–પૈશાચી ભાષામાં કહી શકે. કોઈ બીજો અર્થ બે, ત્રણ, યા ચારે ભાષામાં કોઈ વાગ્મી કહી શકે. જે સુકવિની બુદ્ધિ આ સર્વ ભાષામાં પ્રપન્ન–નિપુણ હોય છે તે આખા જગત્‌ને પોતાની કીર્તિથી ભરે છે.'

૨૭૭. આ કરતાં બીજા વધારે અગત્યના ઉલ્લેખો બીજા બે ફકરામાં આપ્યા છે કે જેમાં પણ ઉક્ત ચતુર્વિધ ભેદ બતાવ્યો છે, પરંતુ વિધવિધ દેશ પરત્વે બતાવેલ છે ને તે એવી રીતે કે જે દેશમાં સાહિત્ય જે અમુક ભાષામાં વિશષે કરી વપરાય છે તે દેશો તે ભાષા સહિત જણાવ્યા છે.

૨૭૮. " અમુક ખાસ ભાષાઓ અમુક દેશોમા વાપરવામાં આવે છે–બોલાય છે. અને તે માટે એમ જણાવ્યું છે કેઃ—ગૌડ વગેરે સસ્કૃતમાં સ્થિત છે, પ્રાકૃતમાં લાટદેશના (કવિએ) રૂચિ ધરાવે છે તે પ્રસિદ્ધ વાત છે. સમસ્ત મરૂ દેશના, ટક્કના અને ભદાનકના કવિઓ અપભ્રંશનો પ્રયોગ કરે છે. અવન્તિ અને પરિયાત્રાના કવિઓ દશપુરના કવિઓ સુદ્ધાં ભૂતભાષા વાપરે છે અને જે સુકવિ મધ્યદેશમા વસે છે તે (આ) સર્વ ભાષામા નિપુણ હોય છે. "[૫૦]

૨૭૯. આ પરથી જણાય છે કે રાજશેખરના સમયમાં સંસ્કૃત સાહિત્ય ગૌડ (હાલનું બિહાર)માં, પ્રાકૃત સાહિત્ય લાટ (ગૂજરાતના ભરૂચ

यस्येत्थं धीः प्रपन्ना स्नपयति सुकवेस्तस्य कीर्त्ति र्जगन्ति ॥ पृ. ४८–४९.

५० गौडाद्याः संस्कृतस्थाः परिचितरूचयः प्राकृते लाटदेश्याः सापभ्रंश प्रयोगाः सकल मरूभुवष्टक्क भादानकाश्च । आवन्त्याः पारियात्राः सह दशपुरजै र्भूतभाषा भजन्ते यो मध्येमध्यदेशं निवसति स कविः सर्वभाषा-निषण्णः ॥ पृ, ५१.

આસપાસના પ્રદેશ)માં, અપભ્રંશ સાહિત્ય આખા મરૂદેશ (હાલનું માર-વાડ), ટક્ક (પૂર્વ પંજાબનો ભાગ)માં, અને ભદ્રાનક (?) માં, પૈશાચી સાહિત્ય અવન્તિ (મધ્ય માલવા)માં, પારિયાત્રા (પશ્ચિમના વિંધ્ય પ્રદેશોમાં) અને દશપુર (ઉપરનો માલવા–મંદસોર આસપાસનો મુલક) માં વધારે ખેડાયેલું હતું. આમ છતાં એ લક્ષ બહાર ન રહેવું જોઇએ કે આ ભાષાઓ આ પ્રાંતોમાં બોલાતી ભાષાઓ હતી એમ રાજશેખર કવિ જણાવતો નથી. તે એટલુજ કહે છે કે આ પ્રાંતોમાં સાહિત્યકારો પોતાના વિચારો આ જણાવેલી ભાષામાં પ્રધાનપણે દર્શાવતા હતા.

૨૮૦. અપભ્રંશ સંબંધી બીજો મહત્વનો ફકરો એ છે કેઃ—“ સુરાષ્ટ્ર, ત્રવણ વગેરે, સૌષ્ઠવ સહિત, પણ અપભ્રંશના અંશો વાળાં સંસ્કૃત વચનો પણ બોલે છે. ” ૫૧

૨૮૧. આથી મરૂ, ટક્ક અને ભાદ્યનકના કવિઓ સાથે સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) અને ત્રવણ (? પશ્ચિમ રાજપુતાના) ને ઉમેરવાના છે–તે સર્વેએ અપભ્રંશ સાહિત્યને ખેડયું છે. પ્રાકૃતભાષાઓ અને તેમાંના સાહિત્ય સંબંધી આપણું જ્ઞાન અત્યારે દિનપ્રતિદિન વિશેષ થતું જાય છે અને તે રાજશેખરના મતને અને ખાસ કરીને પ્રાકૃત અને અપભ્રંશ સંબંધીના મતને સ્પષ્ટ રીતે સિદ્ધ કરતું જાય છે. જે પ્રાંતમાં વિશાલ પ્રાકૃત સાહિત્યની શોધ થઇ છે અને હજુ પણ થવા સર્જાયેલી છે, તે ગૂજરાત પ્રાંત છે. [૫૨]તેમાં જૈન શ્વેતામ્બરોનો જબરો ફાળો છે.

---

૫૧. सुराष्ट्र त्रवणाद्या ये पठन्त्यर्पितसौष्ठवम् ।
अपभ्रंशावदंशानि ते संस्कृतवचांस्यपि ॥ पृ. ३४.

૫૨. જુઓ પાંચમી ગૂજરાત સાહિત્ય પરિષદ્‌નો સદ્‌ગત ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. નો. ‘ પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય ’ પર નિબંધ; તથા પુનાની પહેલી ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં કુડાલકરનો ‘પાટણ ભંડારના હસ્ત-લિખિત પુસ્તકોનો અહેવાલ’ એ પર નિબંધ.

૨૮૨. રાજશેખરના સમયમાં અપભ્રંશ ભાષા સાહિત્યભાષા તરીકે ઘણી લોકપ્રિય હતી અને ખાસ કરી સુરાષ્ટ્ર અને મારવારમાં જરૂર લોકપ્રિય હતી છતાં તે ભાષાએ પોતાના મૂળ ઝરણ એટલે સામાન્ય આમવર્ગની બોલાતી ભાષા યા ભાષાઓ સાથેનો જીવંત સંપર્ક હજુ છોડયો નહોતો એ વાત રાજશેખરના બીજા બે ફકરામાંથી જણાય છે. તે ફકરાઓ એ છે કેઃ—

૨૮૩. (૧) ' અપભ્રંશ ભાષામાં પ્રવીણ તે તેના (રાજા કવિના) પુરૂષ-પરિચારક વર્ગમાં હોવા જોઇએ; અને પરિચારિકાઓ માગધ ભાષામાં પણ અભિનિવેશ રાખનારી હોવી જોઇએ. અંતઃપુરમાંનાએ સંસ્કૃત અને પ્રાકૃત બંને જાણવી જોઇએ, અને તેના મિત્રોએ સર્વભાષા જાણવી જોઇએ. ' ૫૩

૨૮૪. (૨) તેમની (સંસ્કૃત કવિઓ) પાસે-પછી વેદ વિદ્યાના જ્ઞાતા, પ્રમાણ શાસ્ત્રીઓ, પૌરાણિકો, સ્મૃતિજ્ઞો, વૈદ્યો, જોશીઓ તથા તેવા પ્રકારના બેસે; પૂર્વે પ્રાકૃત કવિઓ; અને તેની પાર-પાસે યા પછી જ નટ, નાચનારા, ગાવા વગાડવાવાળા, વાણીપર જીવનારા ભાટ આદિ સંગીતના તાલ આપનારા એવાઓ બેસે; પશ્ચિમે અપભ્રંશના કવિઓ, ને તેમની પાસે ચિત્રલેપ કરનાર, માણિક-રત્ન બાંધનારા, ઝવેરીઓ, સોનીઓ, સુતારો, લુહારો અને એવા બીજા બેસે; દક્ષિણે ભૂતભાષા એટલે પૈશાચી ભાષાના કવિઓ ને તેમની પાસે ગણિકાઓ અને તેના સાથીઓ, દોરડાપર નાચનારા, ગારૂડીઓ, જાદુગરો, મલ્લો અને શસ્ત્ર ઉપર આજીવિકા કરનારા તથા એવા બીજાઓ બેસે.' ૫૪

૨૮૫—આ પૈકી (૧) લા ઉતારાપરથી ખાસ જણાય છે કે પુરૂષ તેમજ સ્ત્રી પરિચારકને અપભ્રંશ બોલનારા જણાવ્યા છે. પહેલાં

---

૫૩. अपभ्रंशभाषाप्रवणः परिचारकवर्गः, समागधभाषाभिनिवेशिन्यः परिचारिका। प्राकृत संस्कृतभाषाविद आन्तःपुरिका, मित्राणि चास्य सर्वभाषाविन्दि भवेयुः।

૫૪. આ માટે જુઓ આ પ્રસ્તાવનાનું પૃ. ૨૭અને ૨૮ પર मध्येसमं...वेदिका એ અવતરણ-તેમાં વિશેષમાં ઉમેરો दक्षिणतो भूतभाषा

તો તે સામાન્ય જનસમૂહનાજ છે અને તેથી લોકભાષાજ બોલેજ. બીજું સામાન્ય જનસમૂહ અને રાજા એ બેની વચમાં રહેનારા તેઓ છે કારણ કે તેઓ લોકની ઈચ્છાઓ અને ફરિયાદો રાજાને સમજાવે, અને રાજાનો સંદેશ કે ઉત્તર લોકોને કહે અને તેથી તેઓએ સામાન્ય લોકની ભાષા જાણવીજ જોઇએ. આ ઉતારાથી એ ધ્વનિત થાય છે કે રાજશેખરના સમય પહેલાંના ઘણા લાંબા કાળથી અપભ્રંશ ભાષા સાહિત્યભાષાના દરજ્જે પહોંચી હતી છતા તે સમય સુધી એક બોલાતી ભાષા તરીકે બંધ પડી ગઇ હતી નહિ. તે અપભ્રંશ અને લોકની બોલાતી ભાષા-એ બને વચ્ચે જીવત સબંધ હતો. બીજા શબ્દોમાં કહીએ તો **અપભ્રંશ ભાષા હજુ બીજી પ્રાચીનતર સાહિત્યની પ્રાકૃત ભાષાઓની પેઠે મૃતભાષા થઇ હતી નહિ.**

૨૮૬. ઉપરના (૨) જા ફકરામાં સસ્કૃત ભાષા થોડાઓની-એટલે પંડિતોની ભાષા ક્યારની થઈ ગઇ હતી. પ્રાકૃત ભાષા જાણનારા તેમજ બોલનારાનો મોટો સમૂહ નિર્વિવાદ રીતે હતો. અને તે બોલનારામાં નાટય સાથે સંબંધ ધરાવતી કેટલીક લલિત કળાઓના જાણનાર હતા. પરંતુ અપભ્રંશના કવિઓ પાછળ બેસનારાનો અને સ્પષ્ટ રીતે તે ભાષા બોલનારાનો વર્ગ એ પ્રાકૃતભાષી કરતાં પણ વધુ જથામાં હતો. આ મોટા પ્રમાણનો ઉતરતા વર્ગનો સમૂહ-એટલે સામાન્ય જનસમૂહ છે કે જેમાંથી કારીગરો નામે સુતાર, લુહાર, સોની આદિ, તથા બીજો મજુર વર્ગ પ્રાપ્ત થાય છે. અને આ વાત ભાષાવિષયક જે હકીકતો વર્ત્તમાન હિંદની દેશી ભાષાઓનાં પ્રાચીનતમ સાહિત્યોમાંથી મળી આવી છે તેને બરાબર બંધ બેસતી છે. ઇ. સ. નવમા સૈકાના અંત (કે જે રાજશેખરના કવિત્વ કાલનો સામાન્ય રીતે સમય છે) સુધી દેશી ભાષાઓ પોતાનું સ્વરૂપ જુદી જુદી બોલાતી અપભ્રંશ ભાષાઓથી ભિન્ન સ્વરૂપ

कवयः, ततःपरं भुजंगणिकाः प्लवकशौभिकजंभकमल्लाः शस्त्रोपजीविनो ऽन्ये ऽपि तथाविधाः ॥ पृ. ५४-५५

પકડતી જતી હતી અને પોતાનું વિશિષ્ટ સ્થાન લેવા માટે પોતાનો વિકાસ કરી રહી હતી. (જુઓ આ લેખનું પૃષ્ઠ ૨૮).

૨૮૭. (૮)-**નમિસાધુ**—જ્યારે કાવ્યાલંકાર ૨, ૧૨ સૂત્ર પર ટીકા કરે છે ત્યારે અપભ્રંશ સંબંધી એવી ટીકા કરે છે કેઃ—

'તથા અપભ્રંશ ને પ્રાકૃતજ છે. તે બીજાઓએ ઉપનાગર, આભીર અને ગ્રામ્ય એ ભેદથી ત્રણ પ્રકારની કહી છે. તેનો નિરાસ કરવા માટે રૂદ્રટે 'ભૂરિભેદઃ' એટલે ઘણા ભેદવાળી એ શબ્દો વાપર્યા છે. શા માટે કે ઘણા દેશો હોવાથીઃ અને તેનું લક્ષણ લોકો પાસેથી સમ્યક્ પ્રકારે જાણી શકાય તેમ છે[૫૫] (જુઓ આ લેખનું પૃ. ૨૯).

૨૮૮. આ ફકરો એ રીતે અગત્યનો છે કે નમિ સાધુ (૧) અપભ્રંશને આ પ્રાકૃત તરીકેજ ગણે છે (૨) પોતાની અગાઉના બીજાઓએ તેના જે પ્રકાર નામે ઉપનાગર, આભીર અને ગ્રામ્ય જણાવ્યા છે તે બતાવે છે, (૩) પરંતુ પોતે સ્પષ્ટપણે જણાવે છે કે આ ત્રણ કરતાં વધુ પ્રકાર તેના છે અને સૌથી મહત્વની વાત પોતે દર્શાવે છે તે એ છે કે (૪) તે શીખવા માટે લોકો પાસેજ જવું ઘટે. આ છેલ્લી વાત મહત્વની છે તે એટલા માટે કે નમિસાધુ કે જેણે પોતાની ટીકા સંવત્ ૧૧૨૫ (ઈ. સ. ૧૦૬૯)માં પૂરી કરી[૫૬] તેના તે સમય સુધી ઘણી બોલાતી ભાષાની અપભ્રંશ સામાન્ય જનસમૂહથી બોલાતી બંધ પડી નહોતી.

૨૮૯. નમિસાધુએ જે એક વાક્ય કહેલ છે તે ખાસ અત્ર નોંધવા જેવું છે કારણ કે તે પરથી જણાય છે કે અપભ્રંશનો વિસ્તાર પૂર્વમાં ઠેઠ મગધ સુધી હતો. આપણે જાણીએ છીએ કે ભરતના સમય સુધી

---

૫૫ રૂદ્રટનો કાવ્યાલંકાર (કાવ્યમાલા ૨, ૧ ૧૫) **तथा प्राकृतमेवापभ्रंशः । स चान्यैरूपनागराभीर ग्राम्यावभेदेन त्रिधोक्तस्तन्निरासार्थमुक्तं भूरिभेद इति । कुतो देशविशेषात् । तस्य च लक्षणं लोकादेव सम्यगवसेयं ।**

૫૬. **पंचविंशति संयुक्तै रेकादश समाशतैः ।**
विक्रमात्समतिक्रांतैः प्रावृषीदं समर्थितं ॥ પૃ. ૧૭૪.

તેનું બીજ જે આભીરી તે સિંધ, મુલતાન અને ઉપરના પંજાબમાં બોલાતી જણાઈ છે. નમિસાધુનું ઉક્ત વાક્ય એ છે કે[૫૭]

૨૯૦. "આભીરી ભાષા અપભ્રંશના પેટામાં મૂકાયેલી જણાવવામા આવી છે, ક્વચિત્ તે માગધીના પેટામાં પણ જોવામાં આવે છે." આનો એટલોજ અર્થ થાય છે કે મગધમાં અપભ્રંશની એક બોલાતી ભાષા હતી. આથી એ પૂરવાર થાય છે કે ઈ. સ. ૧૧ મી સદી સુધી પણ ભારતના પૂર્વ ભાગમાં અપભ્રંશ વિદ્યમાન હતી.

૨૯૧. (૯)—ઉપરનાથી બીજા ઓછા પ્રસિદ્ધ અને તેઓના પછી થયેલા લેખકો નામે પૃથ્વીધર (મૃચ્છકટિકનો ટીકાકાર), ગીતગોવિંદપર નારાયણે કરેલી ટીકામાં ઉલ્લેખેલા 'રસિકસર્વસ્વ'ના અજ્ઞાત કર્તા, શકુંતલા પર ટીકાકારોમાંનો એક શંકર, અને બે ત્રણ બીજા થયા છે તે માટે પિશલનું વ્યાકરણ જુઓ.* અહીં તેમને વિસ્તારથી બતાવવા નકામું છે કારણકે તેઓ માત્ર બીજાઓના વિચારો અને કથનો ટાંકે છે, અને પોતાને તો અપભ્રંશનો સાક્ષાત્ પરિચય કે સમાગમ નથી.

અપભ્રંશ અને પ્રાકૃત વ્યાકરણો—

૨૯૨. (૧) **વરરૂચિ**—કે જેનો સમય ઇસવી તૃતીય શતાબ્દિ ગણવો અનુચિત નહિ થાય તે અત્યારસુધીના પ્રાકૃત વૈયાકરણોમાં, સર્વથી પ્રાચીન માનવામાં આવે છે. તેના 'પ્રાકૃત-પ્રકાશ'માં અપભ્રંશનો કંઇપણ ઉલ્લેખ નથી. તેનું કારણ એમ જણાય છે કે તે સમયે અપભ્રંશ સાહિત્યની ભાષા હતી નહિ. સાહિત્યની પછીજ વ્યાકરણોની સૃષ્ટિ થાય છે એ સ્વીકારી શકાય તેવી વાત છે.

૨૯૩. (૨) **ચંડ**—'પ્રાકૃત-લક્ષણ'માં અપભ્રંશ પર થોડાં સૂત્રો લખ્યાં છે. ચંડનો સમય ઇ. સ. ૬ ઠી શતાબ્દિમાં લઇએ તો

---

૫૭. **आभीरी भाषापभ्रंशस्था कथिता क्वचिन्मागध्यामपि दृश्यते.** પૃ. ૧૫.

*દશરૂપ પણ જ્યારે એમ (૨, ૪૨ માં) કહે છે કે આભીરો માગધી બોલનારા પૈકી હતા ત્યારે એમજ સૂચિત કરે છે. દશરૂપ તે નમિસાધુ કરતાં બે સૈકા પાછળનું છે.

ઉચિત છે—જોકે હૉર્નલ સાહેબ તેને તેથી ઘણો પૂર્વે લઇ જવાનો પ્રયાસ કરે છે.

૨૯૪. (૩) **હેમચંદ્ર**—તેણે પોતાના 'સિદ્ધહૈમ' વ્યાકરણમાં પ્રાકૃતની સાથે સાથે અપભ્રંશ ઉપર ઘણી સારી રીતેં લખ્યું છે. કેવલ અપભ્રંશ પર ૧૨૦ સૂત્ર આપ્યાં છે ને તે પર લગભગ ૧૮૦ દોહા ઉદાહરણરૂપે આપ્યા છે, અને તે બીજા ગ્રંથોમાંથી સંકલિત કરેલા જણાય છે તેથી તે ઘણા કામના છે. તે પરથી જણાય છે કે ૯ મી સદીમા અપભ્રશનું સાહિત્ય ઘણું વિસ્તૃત હોવું જોઇએ. હેમચંદ્રનો સમય ૧૨ મી સદી છે અને તેના સંબંધમાં અગાઉ ઘણું લખાઇ ગયું છે.

૨૯૫. (૪) તેની પછીના ત્રિવિક્રમ, લક્ષ્મીધર, સિંહરાજ અને માર્કંડેય આદિએ પણ અપભ્રશ પર લખ્યું છે. તેમાં ત્રિવિક્રમનું પ્રાકૃત–વ્યાકરણ વિશેષ મહત્વનું છે. આ 'સિદ્ધહૈમ' સાથે થોડુ ઘણું મળે છે. તેમાં લગભગ ૧૧૭ સૂત્ર અપભ્રંશ પર છે. માર્કંડેયનું 'પ્રાકૃત સર્વસ્વ' ઘણું આધુનિક છે. ઇ. સ. ૧૭ મી સદીમાં તેનો સમય ગણવો ઉચિત છે. આ વખતે તો આધુનિક ભાષાઓનો પ્રચાર હતો, અતઃ તેનું કથન વિશેષ મહત્વનું માની નહિ શકાય. હમણાં આ વર્ષમાંજ પંડિત બહેચરદાસે ગૂજરાત પુરાતત્વમંદિર તરફથી 'પ્રાકૃત–વ્યાકરણ' બહાર પાડેલ છે તેમાં સર્વના દોહનરૂપે સૂત્રો આપી વ્યાકરણના વિષયને વધારે સ્ફુટ અને માર્ગદર્શક કર્યો છે.

પ્રકરણ ૪ થું.

અપભ્રંશનો સમય.

૨૯૬. આ રીતે આપણે, આશરે ઇ. સ. બીજા કે ત્રીજા સૈકામાં થયેલા ભરતથી માંડીને ઠેઠ ઇ. સ. ૧૧ મા સૈકાના મધ્યમાં થયેલા નમિસાધુ સુધીના અલંકાર અને કાવ્ય પરના ગ્રંથોમાં અપભ્રશ

સંબંધી જે ઉલ્લેખો થયેલા છે તે જોયા. આથી આપણે અપભ્રંશના સમય, વિસ્તાર અને પ્રકાર સંબંધી કેટલીક અસંદિગ્ધ હકીકતો એકઠી કરી શકયા છીએઃ—

૨૯૭. (૧) આભીરી એ નામથી અપભ્રંશ ભાષા ઓછામાં ઓછા ઇસુના બીજા અને ત્રીજા સૈકામાં વિદ્યમાન હતી અને તે સિંધ, મુલ્તાન અને ઉત્તરના પંજાબ–પચનદમાં મુખ્યપણે આભીરો અને બીજી જાતિઓ કે જે હિંદમાં પ્રવેશ કરી ચૂકી હતી અને આ પ્રાંતોમાં સ્થિરવાસ કરી ચૂકી હતી તેઓથી બોલાતી હતી.

૨૯૮. (૨) ઈ. સ. ૬ ઠા સૈકા સુધીમાં આભીરો અને બીજાઓની બોલાતી ભાષા તરીકે અપભ્રંશ તે વખત સુધી પણ ગણાતી હતી તે ભાષાએ 'અપભ્રંશ' એવું વિશિષ્ટ નામ ગ્રહણ કર્યું હતું, અને પોતાનું સાહિત્ય પણ ખેડયું હતું કે જે સાહિત્ય ભામહ અને દંડી જેવા અલંકારશાસ્ત્રીઓને પણ માન્ય રાખવું પડયુ હતું.

૨૯૯. (૩) ઇ. સ. નવમા સૈકા સુધીમાં આભીરો, શબરો અને ચંડાલોનીજ ભાષા તરીકે ગણાતી તે બંધ પડી હતી, અને જોકે ઉંચી પંક્તિના સંસ્કૃત બોલતા હતા અને નાટક કરનારા લોકો પ્રાકૃત ભાષાઓ બોલતા હતા, છતાં અપભ્રંશ મોટો જે કારીગરનો વર્ગ તેની ભાષા તરીકે પ્રસિદ્ધ થઇ હતી એટલે કે તે લોકોની ભાષા બની હતી. આ સમય સુધીમાં તે દક્ષિણમાં સૌરાષ્ટ્ર સુધી પણ અને સંભવિત રીતે પૂર્વમાં મગધ દેશ સુધી પ્રસરી હતી.

૩૦૦. (૪) ઈ. સ. ૧૧ મા સૈકાના મધ્ય સુધી સાહિત્યનિપુણ લોકોને પણ સ્વીકારવું પડયું છે કે અપભ્રંશ તે એક ભાષા નથી પણ ઘણી બોલાતી ભાષાઓ છે, કે જેમાંની એકે સાહિત્ય ભાષા તરીકે નામ કાઢયુ હતું. દોહાકોશ (જુઓ ૭ નો અંત) આ સંબંધી સબલ પુરાવો આપે છે.

૩૦૧. અપભ્રંશના સમયની નિમ્નતમ અવધિ સર ભંડારકરના અભિપ્રાય સાથે બરાબર મળે છે. પોતાના હસ્તલિખિત ગ્રંથોના રીપો-

ટમાં પિંગલાર્થ પ્રદીપની નં. ૫૪૫ માં નોંધ કર્યા પછી તેમાંથી કેટલાક ફકરાઓ[૫૭] ટાંકીને તે કહે છે કેઃ—

"ઉપરના ફકરાઓ દેશી ભાષાનાં ત્રણ સ્વરૂપો રજુ કરે છે. પ્રાચીન સ્વરૂપ એટલે મહારાષ્ટ્રી પ્રાકૃત આપણને ૧, ૨, ૩ (૧), ૪ અને ૫ (૧) માં મળે છે. તે સંસ્કૃતની પેઠે શિષ્ટ ભાષા બની હતી અને ગમે તે વખતે સાહિત્યના વિષયમાં વપરાઇ શકાતી. ત્યાર પછી આપણને બીજું સ્વરૂપ ૬, ૭ (૧), (૨), (૩) માં મળી આવે છે. આ અપભ્રંશ સ્વરૂપને મળતું આવે છે કારણ કે આપણને તે હેમચંદ્રે પોતાના પ્રાકૃત વ્યાકરણમાં જે ઉદાહરણો આપ્યાં છે, તેમાં અને વિક્રમોર્વશીના ૪ થા અંકમાંના ઉદાહરણોમાં મળે છે. ત્રીજું સ્વરૂપ આપણને ૩, (૨) (૩) (૪) (૫) અને ૫ (૨) માં મળે છે. આને આપણે વર્ત્તમાન હિંદીનું પ્રાચીનતમ સ્વરૂપ કહી શકીએ—તેમાં ઢિલ્લિમહ=(દિલ્હી) અને જખણ યા જક્ખણ='જ્યારે' એ નવાં રૂપોના નમુના છે કે જે અપભ્રંશના યુગ સુધીના સમયમાં ધીમે ધીમે જૂના પ્રત્યયો ઘસાતા ગયા પછી બનેલાં છે. છેલ્લાં એ રૂપો જે સમયે કવિઓએ લખ્યું હોય તે સમયની દેશી ભાષા રજુ કરે છે, અને તે કવિઓએ પોતાના સમયમાં જે રાજાઓ મરી ગયા ને વીસરાઈ ગયા હોય તેઓનાં વખાણ કર્યા ન હોવાં જોઇએ તેથી એ અનુમાન કરવું અયુક્ત નથી કે તેમણે વાપરેલી ભાષાનાં રૂપો જ્યારે તે રાજાઓ વિદ્યમાન હતા તે સમયનાં ચાલુ રૂપોજ રજુ કરે છે; જેમકે કર્ણના સમયની લગભગ એટલે ૧૧ મા સૈકાના પૂર્વાર્દ્ધમાં જે વિકાસક્રમ પર દેશી ભાષાઓ આવી પહોંચી હતી તે અપભ્રંશના ક્રમને તે વખતે પણ રજુ કરતી હતી, કે જે

૫૭—ટાંકેલા ફકરાઓ એ છે કે ગાથા ૫૩ (ચંદેસર) ૬૯ (ચેઇપઇ=ચેદિપતિ), ૭૧ (હમ્મીર), ૯૨ (તે જ) ૧૫૧ (તે જ), ૭૨ (સાહસાંક), ૭૭ (કસીસ), ૧૯૮ (તે જ), ૮૭ (અચલ), ૯૬ (કર્ણ), ૧૨૬ (તે જ), ૧૮૫ (તે જ), કે જે ચંદ્રમોહન ઘોષની આવૃત્તિમાં છે. ચંદિપતિ એટલે ચંદિનો રાજા કે જે કલચુરિ વંશનો હતો ને, ગૂજરાતના ભીમદેવ અને મહારાષ્ટ્રના આહવમલ્લનો સમકાલીન હતો.

અપભ્રંશનું મૂળ લગભગ સાતમા સૈકાપર લઈ શકાય છે; અને દેશી ભાષાઓ લગભગ ૧૨ મા સૈકાના અંતે અને ૧૩ મા સૈકાની શરૂઆતમાં-કે જ્યારે કેટલાકના માનવા પ્રમાણે ચંદ કવિ વિદ્યમાન હતો ત્યારે હાલનુ વર્ત્તમાન વલણ લેતી ગઈ અને તેજ સ્વરૂપ તેઓનું ચોહાણ હમ્મીર (એટલે ઇ. સ. ૧૨૮૩ થી ૧૩૦૧) ના સમયમાં હતું.

પ્રકરણ ૫ મું.

અપભ્રંશ અને આભીરનો દેશાનુદેશ વિહાર.

૩૦૨. ઉપર જણાવેલ હકીકત છે તે આભીરના હિંદમાં પ્રવેશ ને વિહાર સબધી ઇતિહાસ કે જેણે દેશની બોલાતી ભાષાઓમાં આવું પરિવર્ત્તન કર્યું છે તે સાથે બરાબર બધ બેસતી થાય છે.-આભીરો (હવે આહીરો) મહાભારતમાં[૫૮] સિંધુ નદિ પર હિંદના પશ્ચિમમાં વસતા લોકો તરીકે જણાવવામાં આવ્યા છે. તેમને એક તિરસ્કૃત જાતિ તરીકે ગણવામાં આવ્યા છે.[૫૯] પણ તેઓ એક લડાયક જાતિ હતી અને દ્રોણના સુપર્ણવ્યૂહમાં તેમને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે અર્જુન કૃષ્ણની વિધવાઓને લઇને દ્વારકાથી પાછો ફરતો હતો, ત્યારે આભીરોએ તેના પર પંચનદમાં પ્રવેશ કરતાંજ આક્રમણ કરેલું હતું. અહીં તેમને લુંટારા, ગોવાળીઆ અને મલેચ્છો તરીકે કહ્યા છે. મનુસ્મૃતિમાં તેમને બ્રાહ્મણ પિતા અને અમ્બષ્ટ માતાથી ઉત્પન્ન થયેલા માનેલા છે.

૩૦૩. આ ઉલ્લેખો પરથી સ્પષ્ટ જણાય છે કે બીજી જાતિઓની સાથે આ આભીરોની જાતિએ હિંદમાં પ્રવેશ કરીને

---

૫૮. મહાભારત ૨, ૩૨, ૧૧૯૨; ૪, ૨૦, ૭૯૮; ૯-૩૭-૨૧૧૯; ૧૬-૭-૨૨૩.

૫૯. મનુસ્મૃતિ અધ્યાય ૯-૧૫ **ब्राह्मणात्......आभारोम्बष्ठकन्यायाम्.**

પંચનદનો અમુક ભાગ ઇસવી શતાબ્દિના પ્રારંભમાં વસાવ્યો હતો (લગભગ ૧૫૦ ઇ. સ. પૂર્વે, તેનાથી આગળ નહિ). તેમનો ધંધો ગાય, ઉંટ, ઘોડા આદિ અહીં તહીં ચરાવતા ફરવાનો હતો. તે માટે પંજાબની વિસ્તૃત ઉર્વરા ભૂમિ અત્યંત ઉપયુક્ત હતી.

૩૦૪. અપભ્રંશ આભીરોની પોતાની ભાષા નહોતી, પરંતુ તેમના ઉચ્ચારણથી જે સ્થાનિક પ્રાકૃતનું પરિવર્ત્તિત રૂપ થયું તે પાછળથી અપભ્રંશ કહેવાયું આભીરના પછી આવેલ વિદેશી જાતિઓ હતી. આર્યાવર્ત્તમાં વસી ગયાથી તેમણે સ્થાનિક પ્રાકૃતોને બોલવાનો આરંભ કર્યો, પરંતુ તેઓ એક નવીન ભાષાનું ઠીક ઠીક ઉચ્ચારણ કરી શકતા નહોતા, તેથી આભીરો દ્વારા પ્રાકૃતનું એક નવીન અપભ્રંશ રૂપ પ્રકટ થયું કે જે કાલાન્તરે 'અપભ્રશ' એ નામથી પ્રસિદ્ધ થયું.

૩૦૫. આભીર જાતિ ક્રમશઃ પ્રભુતા પ્રાપ્ત કરતી ગઇ. તેઓનો ઉલ્લેખ બીજા સૈકાના અને ત્રીજા સૈકાના પ્રારંભ અને મધ્ય સમયના શિલાલેખોમાં[૬૦] મળી આવે છે. પહેલો ઇ. સ. ૧૮૧ ના ક્ષત્રપ રુદ્રસિંહના રાજ્યકાલમાં તે રાજાના સેનાપતિ રુદ્રભૂતિ આભીર હોવાનું જણાવેલ છે. બીજો લગભગ ૩૦૦ ઇ. સ. નો નાસિકની ગુફાઓનો છે તેમાં શિવદત્તના પુત્ર–ઇશ્વરસેન નામના એક આભીર રાજાનો ઉલ્લેખ છે. ત્રીજો શિલાલેખ ઈ. સ. ૩૬૦ આસપાસનો સમુદ્રગુપ્તનો[૬૧] છે કે જે અલ્લાહબાદના સ્તંભપર ખોદેલો છે તેમાં આભીર અને માલવજાત રાજસ્થાન, માલવ, અને ગુપ્ત સામ્રાજ્યની પેલીપાર દક્ષિણ–પશ્ચિમ અને

૬૦. જુઓ ડી; આર. ભાંડારકરનો લેખ ઇંડિયન એંટિકવરી ૧૯૧૧ પૃ. ૧૬ તથા આર. ઇ. એન્થોવનનો ગ્રંથ નામે Tribes and Castes of Bombay. પુસ્તક ૧ પૃ. ૨૧ (તેમાં આહિર સંબંધી હકીકત ડી. આર. ભંડારકરે પૂરી પાડી છે.) આના સંબંધી રા. બ. ગૌરીશંકર ઓઝાજીનો અભિપ્રાય જુદોજ પડે છે.

૬૧. ઉક્ત ભાંડારકર તથા એન્થોવન કૃત લેખ તથા ગ્રંથ; વિન્સેન્ટસ્મિથની Early History of India પૃ. ૨૮૬.

પશ્ચિમના પ્રાંતોમાં નિવાસ–શાસન કરતી પ્રબલ જાતિઓ હતી એમ જણાવેલું છે. ઝાંસીની દક્ષિણે હમણાં 'અહિરવાર' નામનો એક પ્રાંત છે તેનું સંસ્કૃત નામ આભીરવાટ છે–તે પરથી ધારી શકાય છે કે તે જે અલ્લાહબાદના શિલાલેખમાં વર્ણવેલ છે તે આભીરની રાજધાની હોવી જોઇએ. તેથી ૪ થા સૈકા સુધીમાં આભીરોએ માલવામાં કાયમનો પગદંડો ચલાવ્યો હતો. આમાંના અમુક ભાગે જંગલનું જીવન મૂકી દઇને કાયમના વસતિસ્થાન કરવામાં અને શાસક થવામાં ઉદ્યત થયા હોય એમ નાસિકના શિલાલેખ પરથી તેમજ પુરાણો[૬૨] પરથી જણાય છે. સંયુક્ત પ્રાંતમાં મિરઝાપુર તાલુકામાં એક ભાગ 'અહિરોરા' નામનો છે કે જેનું સમાન સંસ્કૃત નામ 'આભીરવાટ'જ છે. આજ સમયમાં અને ત્યાર પછી અપભ્રંશ પોતાનું વાંગ્મય વિકસિત કરવા અવશ્ય લાગી ગઇ હોવી જોઇએ. આ વાત ૬ ઠા સૈકામાં જ્યારે અપભ્રંશ એક શાસ્ત્રીય વાંગ્મય ભાષા તરીકે દેખાવ દે છે એ હકીકત સાથે બરાબર બંધ બેસે છે.

૩૦૬. ત્યાર પછીના બે સૈકામાં આભીર લોકો આગળને આગળ દક્ષિણ તરફ અને પૂર્વ તરફ, સૌરાષ્ટ્ર અને તેની નજીકના પ્રાંતો અને મગધ તરફ અનુક્રમે વધતા ગયા હોવાજ જોઇએ; કારણકે ૯ મા સૈકા સુધીમાં અપભ્રંશ, એટલે પ્રાકૃત ભાષાઓએ પરદેશીઓના મુખથી જે સ્વરૂપ લીધું તે અપભ્રંશ, સુરાષ્ટ્ર વગેરેમાં સાહિત્ય માટેની યોગ્ય વાહક ભાષા ગણાઇ. આ વાતને ઇતિહાસ પણ ટેકો આપે છે, કારણકે જ્યારે કાઠીઓએ સુરાષ્ટ્ર પર ૮ મા સૈકામાં યા તે લગભગ હલ્લો કર્યો ત્યારે તે કાઠીઓને[૬૩] તે દેશ આભીરોના કબજામાં માલૂમ પડયો.

---

૬૨. આ પુરાણો ઉપરોક્ત ભંડારકાર તથા એન્થોવનના કહેવા પ્રમાણે આભીરોને આંધ્રભૃત્ય પછી કાયમના રાજાઓ તરીકે જણાવે છે. ૬ ઠા સૈકા સુધીમાં તેમનું રાજ્ય ક્યારનું અદૃષ્ટ થયું.

૬૩. જુઓ ઉપરોક્ત એન્થોવનનો ગ્રંથ પૃ. ૨૪.

આની પહેલાં થોડો વખત આભીરો ખાનદેશ અને નાસિકમાં પણ સત્તાધીશ હતા, એ વાત ફરીસ્તાએ[63] ખાનદેશમાં પ્રસિદ્ધ દુર્ગ અસીરગઢ આસા નામના અહીરે બંધાવ્યો હતો એમ જે જણાવેલું છે તે પરથી જાણી શકાય છે. કાઠિયાવાડમાં હજુ સુધી આભીરોની ઓલાદ–આહેર–આહીર વસે છે ને મુખ્યપણે પશુપાલન, ગોરસવિક્રયનું કામ–ભરવાડનુ કામ કરે છે. મૂલરાજ ચાલુક્યે દુર્મદ આભીરોનો (ગ્રાહરિપુ નામના આભીર કુલના રાજાનો) વધ કરેલો એમ શ્રી હેમચંદ્ર પોતાના વ્યાકરણની પ્રશસ્તિમાં જણાવે છે. નરસિંહ મહેતાએ આહીરનો ઉલ્લેખ કર્યો છે.[64] સં. ૧૭૬૭ માં ઉદયરત્ને રચેલા લીલાવતી અને સુમતિવિલાસના રાસમાં લીલાવતીએ વેશ્યાને ત્યાં રહેતા પોતાના પતિને સમજાવી પોતાને ત્યાં આકર્ષી લઇ આવવા 'આભીરડી'[65] મહિયારીનો વેશ લીધો હતો તે જણાવ્યું છે.

---

૬૪. 'વટલ્યો નાગર નરસૈંયો જેણે એઠયું **આહીર**નું ખાધુંરે.

૬૫. અજબ બની **આહીરડી** મલપતી મોહનવેલ;
રૂપે રંભ હરાવતી, ગજગતિ ચાલે ગેલ.
ધોલી ધાબલી પહિરણે, વિચવિચ રાતા તાર;
કોરે કાલા કાગરા, ગલે ગુંજાનો હાર.
ઓઢણ આછી લોબડી, તે આગલ સ્યાં ચીર;
પોસાયે પટ અંતરે, દીસે દિવ્ય શરીર.
ભરત ભરી સોહે કાંચલી, કસણે કસ્યા કુચ દોય;
જાણે ચંત્રના તૂંબડાં, સરસતીએ ધર્યા સોય.
વેણી વાસગ નાગશી, ગજ ગજ લાંબા કેશ;
ઘૂઘરીઆલો ગોફણો, ઓપે અદ્દભુત વેશ.
કશે કસબી ફૂમકાં, લટકે લોબડી માંહે;
પાતલ પેટી ને ફૂટરી, યોવન લહેરે જાય. વગેરે ઢાલ ૯ મી.

વિભાગ સાતમો.

જૂની ગૂજરાતી સંબંધી કેટલીક હકીકતો.

પ્રકરણ ૧ લું.

ગુર્જરો અને ગુર્જર દેશ.

૩૦૭. ગુર્જર અર્થાત્ ગૂજર જાતિના લોક વિશેષે કરી ખેતી યા પશુપાલનથી પોતાનો નિર્વાહ કરતા હતા, પરંતુ પહેલાં તેની ગણના રાજવંશોમાં હતી. હમણાં કેવલ તેમનું એક રાજ્ય સમથર (બુંદેલ-ખંડમાં) અને થોડી જમીનદારીઓ સંયુક્ત પ્રદેશ આદિમાં રહી ગયેલી છે. પહેલાં પંજાબ, રાજપૂતાના તથા ગૂજરાતમાં તેમનું રાજ્ય હતું. ચીનનો યાત્રાળુ હુએન્ત્સંગ વિ. સં. ની ૭ મી સદીના ઉત્તરાર્દ્ધમાં હિંદુસ્થાનમાં આવ્યો. તે પોતાની યાત્રાના પુસ્તકમાં ગુર્જર દેશનું વર્ણન કરે છે અને તેની રાજધાની ભીનમાલ (ભિલ્લમાલ, શ્રીમાલ—જોધપુર રાજ્યના દક્ષિણ વિભાગમા) બતાવે છે. આ પ્રસિદ્ધ યાત્રાળુએ બતા-વેલો ગુર્જર દેશ મહાક્ષત્રપ રૂદ્રદામાના રાજ્યમા અંતર્ગત હતો તો પણ તે રાજાના ગિરનારના શક સં. ૭૨ (વિ. સં. ૨૦૭—ઈ. સ. ૧૫૦) થી કંઇક પાછળના લેખમાં તેના અધીન રહેલા દેશોના જે નામ આપ્યાં છે તેમાં ગુર્જર નામ નથી, પરંતુ તેના સ્થાને શ્વભ્ર અને મરૂ નામ આપ્યાં છે, એ પરથી અનુમાન થાય છે કે ઉક્ત લેખ કોતરાવ્યો ત્યાં સુધી ગુર્જર દેશ (ગૂજરાત) નામ પ્રસિદ્ધિમાં આવ્યું નહોતું. ક્ષત્રપોના રાજ્યની પછી કોઇ સમયે ગુર્જર (ગૂજર) જાતિને આધીન જે દેશ રહ્યો તે ગુર્જરદેશ યા 'ગુર્જરત્રા' (ગૂજરાત) કહેવાયો.

૩૦૮ હુએન્ત્સંગ ગુર્જરદેશની પરિધિ ૮૩૩ મૈલ બતાવે છે, તે પરથી જણાય છે કે તે દેશ બહુ મોટો હતો અને તેની લંબાઈ અનુ-માન ૩૦૦ મૈલ યા તેનાથી પણ અધિક હોવી જોઇએ. પ્રતિહાર

(પડિહાર) રાજા ભોજદેવ (પ્રથમ) ના વિ. સં. ૯૦૦ ના દાનપત્રમાં લખ્યું છે[૬૬] કે 'તેણે ગુર્જરત્રા (ગૂજરાત) ભૂમિ (દેશ) ના ડેંડ્વાનક વિષય (જીલ્લા) ના સિવા ગામનું દાન કર્યું.' આ દાનપત્ર જોધપુર રાજ્યમાં ડીડવાના જિલ્લાના સિવા ગામના એક તૂટેલા મંદિરમાંથી મળ્યું હતું. તેમાં લખેલો ડેંડ્વાનક જિલ્લો જોધપુર રાજ્યના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલ ડીડવાનાજ છે, અને સિવા ગામ ડીડવાનાથી ૭ મૈલ પરનું સેવા ગામ છે કે જ્યાંથી તે તામ્રપત્ર મળ્યું છે. કાલિંજરથી મળેલા વિ. સ. ૯ મી સદીની આસપાસના એક શિલાલેખમાં[૬૭] ગુર્જરત્રા મંડલ (દેશ) ના મંગલાનક ગામથી આવેલા જેંદુકના પુત્ર દેદુકની બંધાવેલી મંડપિકાના પ્રસંગમાં તેની સ્ત્રી લક્ષ્મીદ્વારા ઉમા મહેશ્વરના પટ્ટની પ્રતિષ્ઠા કરાવાઈ એવો ઉલ્લેખ છે. મગલાનક જોધપુર રાજ્યના ઉત્તર વિભાગમાં મંગલાના ગામ છે કે જે મારોઠથી ૧૯ મૈલ પશ્ચિમે અને ડીડવાનાથી થોડે અંતરે છે. હુએન્ત્સગનું કથન અને આ બે લેખોથી જણાય છે કે વિ. સં. ૭ મી સદીથી ૯ મી સદી સુધી જોધપુર રાજ્યની ઉત્તરથી દક્ષિણ સુધીનો બધો પૂર્વ વિભાગ ગુર્જરદેશ (ગુર્જરત્રા, ગૂજરાત) માં અંતર્ગત હતો. આજ રીતે દક્ષિણ તરફ લાટના રાઠોડો તથા પ્રતિહારોની વચ્ચેની લડાઇઓના વૃત્તાંતથી જણાય છે કે ગુર્જર દેશની દક્ષિણ સીમા લાટ દેશને જઇને મળતી હતી. તે કારણે જોધપુર રાજ્યનો બધો પૂર્વ ભાગ તથા તેનાથી દક્ષિણે લાટદેશ સુધીનો વર્તમાન ગૂજરાત દેશ પણ તે સમયે ગુર્જર દેશમાં અંતર્ગત હતો. હવે તો કેવલ રાજપુતાનાથી દક્ષિણનો ભાગજ ગૂજરાત કહેવાય છે. દેશોનાં નામ બહુધા તેનાપર અધિકાર કરનારી જાતિઓના નામથી પ્રસિદ્ધ થતાં ગયાં છે-જેમકે માલવો પરથી માલવા, શેખાવતો પરથી શેખાવાટી, રાજપૂતો પરથી રાજપૂતાના વગેરે-તેજ પ્રમાણે ગુર્જરો

---

૬૬ **गुर्ज्जरत्राभूमौ डेण्डवानक विषयसम्बद्ध सिवा-ग्रामाग्रहारे**—એપિ, ઇં. વૉ. ૫, પૃ. ૨૧૧.

૬૭ **श्रीमद् गुर्ज्जरत्त्रा मण्डलान्त:पाति मंगलानक-विनिर्गत०**—ઉપરમુજબ પૃ. ૨૧૦, ટિપ્પણ.

(ગૂજરો) નો અધિકાર હોવાથી ગુર્જરત્રા (ગૂજરાત) નામ પ્રસિદ્ધ થયું.

૩૦૯ ગુર્જર દેશપર ગુર્જરો (ગૂજરો) નો અધિકાર ક્યારે થયો ને ક્યાં સુધી રહ્યો તે બરાબર નિશ્ચિત નથી, તો પણ એટલું તો નિશ્ચિત છે કે રુદ્રદામાના સમય (અર્થાત્ વિ. સં. ૨૦૭–ઇ. સ. ૧૫૦) સુધી ગુર્જરોનું રાજ્ય ભીનમાલમાં થયું નહોતું. સંભવ છે કે ક્ષત્રપોનું રાજ્ય નષ્ટ થવાથી ગુર્જરોનો અધિકાર ત્યાં થયો હોય. વિ. સં. ૬૮૫ (ઇ. સ. ૬૨૮) ની પૂર્વે તેઓનું રાજ્ય ત્યાંથી ઉઠી ગયું હતું, કારણકે ઉક્ત સંવત્માં ત્યાં ચાપ (ચાવડા) વંશી રાજા વ્યાઘ્રમુખનું રાજ્ય હોવાનું ભીનમાલના રહેનારા (ભિલ્લમાલકાચાર્ય) પ્રસિદ્ધ જ્યોતિષી બ્રહ્મગુપ્તના 'બ્રાહ્મસ્ફુટ સિદ્ધાંત' પરથી જણાય છે.[૬૮] આ ચાપોટક (ચાપ, ચાવડા) વંશ ગુર્જરવંશથી ભિન્ન હતો એ લાટદેશના ચાલુક્ય (સોલંકી) સામંત પુલકેશી (અવનિજનાશ્રય) ના કલચુરિ સંવત્ ૪૯૦ (વિ. સં. ૭૯૬–ઈ. સ. ૭૩૯) ના દાનપત્રથી[૬૯] જણાય છે. વિ. સં. ૬૮૫ પહેલાં પણ ઉક્ત ચાપ વંશના રાજાઓનું રાજ્ય ભીનમાલમાં રહ્યું હોય; તેથી ઉક્ત સંવત્થી ઘણા સમય પહેલા ગુર્જરોનું રાજ્ય ત્યાંથી અસ્ત થઈ ગયુ હતું અને તેની સ્મૃતિના સૂચક દેશનું નામ ગુર્જરત્રા (ગૂજરાત) માત્ર અવશેષ રહી ગયું હતું. તેથી ગુર્જરોનું વિ. સં. ૪૦૦ થી પણ પૂર્વે યા તેની આસપાસ ભીનમાલપર રાજ્ય રહેવું સંભવિત હોઇ શકે છે. તે સમયથી અનુમાને ૧૬૦ વર્ષ પછી એટલે વિ. સં. ૫૬૭ (ઇ. સ. ૫૧૦) લગભગ હૂણોનો અધિકાર રાજપૂતાનામાં

---

૬૮ **श्री चापवंशतिलके श्री व्याघ्रमुखे नृपे शकनृपाणां।**
पंचाशत्संयुक्तै र्वर्षशतैः पंचभिरतीतैः ॥ ७ ॥
ब्राह्मः स्फुटसिद्धान्तः सज्जनगणितगोलवित्प्रीत्यै ।
त्रिंशद् वर्षेण कृतो जिष्णु सुत ब्रह्मगुप्तेन ॥ ८ ॥
—ब्राह्मस्फुटसिद्धान्त.

૬૯ **तरल...चावोटके मौर्यगुर्जरादिराज्ये...** (ના. પ્ર. પ્ર. ભાગ ૧ પૃ. ૨૧૦. ૨૧૧ નું ટિપ્પણ ૨૩) તથા આ લેખનો પારા ૩૧૫. આગળનું પૃષ્ઠ ૩૧૨.

થયો. એથી ગુર્જરોને કોઇ દૂણ માને તો તે કેવલ કપોલકલ્પના છે. તેજ પ્રમાણે કનોજના પ્રતાપી પ્રતિહારો (પડિહારો) નો પણ ગુર્જરો સાથે સંબંધ નથી.

૩૧૦. ભીનમાલનું ગુર્જરરાજ્ય ચાવડોના હસ્તમાં આવ્યા પછી વિ. સં. ની ૧૧મી સદીના પ્રારંભમાં અલવર રાજ્યના પશ્ચિમ વિભાગ તથા તેના નિકટ- વર્ત્તી પ્રદેશો પર ગુર્જરોનું એક બીજું રાજ્ય હોવાનો પત્તો મળે છે. અલવર રાજ્યના રાજોરગઢ નામના પ્રાચીન કિલ્લામાંથી મળેલો વિ. સં. ૧૦૧૬ (ઈ. સ. ૯૬૦) પર પ્રતિહાર ગોત્રના ગુર્જર મહારાજા- ધિરાજ સાવટના પુત્ર, મહારાજાધિરાજ પરમેશ્વર મથનદેવ રાજ્ય કરતો હતો અને તે પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ક્ષિતિપાલદેવ (મહી- પાલ)નો સામંત હતો.[૭૦] આ ક્ષિતિપાલ કનોજનો રઘુવંશી પ્રતિહાર રાજા હતો. આ શિલાલેખમા મથનદેવને મહારાજાધિરાજ પરમેશ્વર જણાવ્યો છે તે પરથી અનુમાન થાય છે કે તે ક્ષિતિપાલદેવ (મહી- પાલ)ના મોટા સામંતોમાંથી એક હોય. આ લેખ પરથી એ પણ જણાય છે કે તે સમયે ત્યા ગુર્જર (ગૂજર) જાતિના ખેડુત પણ હતા.[૭૦]

૩૧૧. વર્તમાન ગુજરાતના ભરૂચ નગર પર પણ ગુર્જરોનું રાજ્ય વિ. સ. ની ૭ મી અને ૮ મી સદીમાં હોવાનું ત્યાંના દાનપત્રોથી[૭૧] જણાય છે. સંભવિત છે કે ઉક્ત સવતોની પહેલાં અને પછી પણ તેઓનું રાજ્ય ત્યાં રહ્યું હોય, અને એ કંઇ નવાઈ નથી કે ભીનમા- લના ગુર્જરો (ગૂજરો)નું રાજ્ય પણ ભરૂચ સુધી ફેલાયું હોય અને ભીનમાલનું રાજ્ય તેના હાથથી નીકળી જવાથી પણ ભરૂચના રાજ્ય પર તેઓનો યા તેઓના કુટુંબીઓનો અધિકાર ચાલુ રહ્યો હોય. ભરૂ- ચના ગુર્જર રાજાઓનાં દાનપત્રોથી પ્રકટ થાય છે કે તે ગુર્જર રાજ્યની અંતર્ગત ભરૂચ જિલ્લો, સુરત જિલ્લાનાં ઓરપાડ, ચોરાશી અને બાર- ડોલીનાં પરગણાં તથા તેની પાસેનાં વડોદરા રાજ્ય, રેવાકાંઠા અને સચીન રાજ્યના પ્રાંતો પણ હોય,

---

૭૦ એપિ. ઇંડિકા. વૉ. ૩, પૃ. ૨૬૬

૭૧ આ. સ. રિ. વૉ. ૨ પૃ. ૭૦

૩૧૨. ગુર્જર જાતિની ઉત્પત્તિના સંબંધે આધુનિક પ્રાચીન શોધકોએ અનેક કલ્પનાઓ કરી છે. જનરલ કનિંગહામે તેમને યુચી અર્થાત્ કુશાનવંશી હોવાનું અનુમાન કર્યું છે. વિન્સેન્ટ સ્મિથે તેમની ગણના હૂણોમાં કરી છે. કેમ્પબેલનું કથન એમ છે કે ઈ. સ. ની ૬ઠી સદીમાં ખજર નામની એક જાતિ, જ્યાં યુરોપ અને એશીયાની સીમા મળે છે, ત્યાં રહેતી હતી. તે જાતિના લોક ગુર્જર યા ગૂજર છે. (ઇ. એ. વો. ૪૦ પૃ. ૩૦) અને તેમા મિ૦ દેવદત્ત ભાંડારકરે કેમ્બપેલનું કથન સ્વીકાર્યું છે.[૭૨] પરંતુ એ સર્વ કલ્પના માત્ર છે, કારણકે તે સર્વમાં

૭૨ શ્રીયુત ભંડારકરે તો સાથે સાથે એ પણ લખી નાખ્યું છે કે: "મુંબઈ ઇલાકામાં ગજર (ગુર્જર) નથી; એમ જણાય છે કે તે જાતિ હિંદુઓમાં ભળી ગઇ. ત્યાં ગજર (ગુર્જર) વાણિયા (મહાજન), ગજર (ગુર્જર) કુંભાર અને ગજર (ગુર્જર) સુતાર-કડીયા છે, ખાનદેશમાં દેશી કણબી અને ગજર (ગુર્જર) કણબી છે. એક મરાઠા કુટુંબ ગુર્જર કહેવાય છે કે જે મહારાષ્ટ્રના આધુનિક ઇતિહાસમાં પ્રસિદ્ધ રહેલ છે. કરહાડા બ્રાહ્મણોમાં પણ ગુર્જર નામ મળે છે. રાજપુતાનામાં ગૂજર ગૌડ (ગુર્જર ગૌડ) બ્રાહ્મણ છે. આ સર્વ ગજર (ગુર્જર) જાતિના છે." ઇ. એ. વૉ. ૪૦ પૃ. ૨૨) ભંડારકર મહાશયને આ નામોથી સામાન્ય ઉત્પત્તિ જાણવામાં પણ ભારે ભ્રમ થયો છે અને તેણે આ સર્વેને ગજર ઠરાવી દીધા છે, પરંતુ વાસ્તવમાં તેમ નથી. જેથી શ્રીમાલ નગર (ભીનમાલ, જોધપુર રાજ્યમાં)ના બ્રાહ્મણ, વાણિયા, મહાજન, સોની આદિ બહાર જવાથી પોતાના મૂલ નિવાસ સ્થાનના નામથી અન્ય બ્રાહ્મણો આદિથી પોતાને અલગ બતાવવા માટે શ્રીમાલી બ્રાહ્મણ, શ્રીમાલી મહાજન-વાણિયા આદિ કહેવાયા-ઓળખાયા; તેવીજ રીતે મારવાડમાં દધિમતિ (દાહિમ) ક્ષેત્રના રહેનારા બ્રાહ્મણ, રાજપૂત, જાટ આદિ દાહિમે બ્રાહ્મણ, દાહિમે રાજપૂત, દાહિમે ભાટ આદિ કહેવાયા, અને ગૌડ દેશના બ્રાહ્મણ, રાજપૂત, કાયસ્થ આદિ બહાર જવાથી ગૌડ બ્રાહ્મણ, ગૌડ રાજપૂત, ગૌડ કાયસ્થ આદિ પ્રસિદ્ધ થયા, તેમજ પ્રાચીન ગુર્જર દેશના રહેનારા બ્રાહ્મણ, વાણિયા, કુંભાર, સુતાર, કડીઆ આદિ ગુર્જર બ્રાહ્મણ, ગુર્જર (ગૂજર) કુંભાર તથા ગુર્જર (ગૂજર) સુતાર-કડિયા આદિ કહેવાયા છે. એથી ગુર્જર બ્રાહ્મણ આદિનો અર્થ કે અભિપ્રાય એ નથી કે ગુર્જર (ગૂજર) જાતિના બ્રાહ્મણ આદિ તેમનાં નામની પૂર્વે ગુર્જર (ગૂજર) શબ્દ

કોઈ પણ એવું સપ્રમાણ બતાવી શકેલ નથી કે અમુક સમયમાં અમુક કારણથી આ ગુર્જર જાતિ બહારથી અહીં આવી, ખજરથી ગુર્જર યા ગુજર જાતિની ઉત્પત્તિ માનવી એ એવી કલ્પના છે કે જેમ કોઇ એમ કહે કે સકસેને કાયસ્થ યુરોપની સેકસન જાતિથી નીકળેલ છે. નવસારીથી મળેલા ભરૂચના ગુર્જરવંશી રાજા જયભટ (ત્રીજા)ના કલચુરિ સંવત્ ૪૫૬ (વિ. સં. ૭૬૨)ના દાનપત્રમાં ગુર્જરોને મહારાજ કર્ણ (ભારતપ્રસિદ્ધ) ના વંશમાં થયેલ જણાય છે. (આ ૩૦૭ થી ૩૧૨ સુધીની હકીકત રા. બ. ગૌરીશંકર ઓઝાજીના રાજપૂતાનેકા ઇતિહાસ પ્રથમ ખંડમાંથી લીધેલી છે.)

૩૧૩ ગુજરાતમાં ચાવડા વંશના વનરાજથી પાટણની સ્થાપના, ચાવડાવંશ પછી ચાલુકયવંશ પછી વાઘેલાવંશ, અને પછી મુસલમાનોનો ગુજરાતમાં પ્રવેશ અને અધિકાર એ જાણીતી વાત છે એટલે તેનો વિસ્તાર કરવો નિરર્થક છે. શ્રી હેમચંદ્રના કાલમાં અપભ્રંશ ભાષા બોલાતી હતી એમ સમજાય છે; પછી તે ભાષા રૂપાન્તર લેતી ગઇ અને તેરમા ચૌદમા સૈકામાં ગૂજરાતીનું વાંગ્મય થતું ગયું, ગૂજરાત બીજા પ્રાંતોના સંપર્કથી છૂટું પડયું ને તેથી તે દેશની ભાષા બીજા દેશની ભાષાથી જુદું સ્વરૂપ લેતી ગઇ અને તે ગૂજરાતની દેશી ભાષા ગૂજરાતી કહેવાઇ.

તેમના આદિ નિવાસનું સૂચક છે, નહિ કે જાતિનું. ઉક્ત મહાશયે એક કરહાડા બ્રાહ્મણ કુટુંબના અહીંના ઇ. સ. ૧૧૯૧ (વિ. સં. ૧૨૪૮)ના દાનપત્રમાંથી થોડુંક અવતરણ પણ આપેલ છે કે જેમાં દાન લેનારા ગોવિંદ બ્રાહ્મણને કાશ્યપ, અવત્સાર અને નૈધ્રુવ–આ ત્રણ પ્રવરવાલા નૈધ્રુવ ગોત્રના, અને ગુર્જર ઉપનામવાળા (ગુર્જર સમુપાભિધાન) જણાવેલ છે. જો ગૂજર જાતિને એશિયાની ખજર જાતિ હોવાનું માનવામાં આવે તો શું તેનો અહીં પણ ગોત્ર અને પ્રવરનો પ્રચાર હતો? તેમણે ગૂજર ગાડોની ઉત્પત્તિના સંબંધે પણ લખ્યું છે કે 'આ નામનું તાત્પર્ય ગૂજર જાતિના ગૌડ બ્રાહ્મણ છે; પરંતુ વાસ્તવમાં ગુર્જર ગાડનો અર્થ એજ છે કે ગુર્જર દેશના રહેનારા ગૌડ બ્રાહ્મણ, પણ ગૂજર જાતિના ગૌડ બ્રાહ્મણ નહિ. (રા. બ. ગૌરીશંકર).

પ્રકરણ ૨ જું.

પૂર્વની ભાષા મરીને આપણી દેશી ભાષાઓ નવી બની નથી.

૩૧૪. જૂની પ્રાકૃત–અપભ્રંશ ભાષા મરીને (બોલતાં લુપ્ત થઇને) તે સ્થળે ગૂજરાતી, હિન્દી, મરાઠી, બંગાલી આદિ નવી દેશી–આર્ય-ભાષા ઉત્પન્ન થઈ એમ અમુકનું માનવું હોય તો તે અયોગ્ય છે. ભાષાનું પરિવર્ત્તન થયાજ કરે છે એ વાતની સાક્ષી ભાષાનો ઇતિહાસ પૂરે છે; પણ એક ભાષા મૃત થાય અને તેને સ્થાને બીજી ઉદ્‌ભવે–નવીજ જન્મ પામે એ ભાષાનો ઇતિહાસ પૂરવાર કરતો નથી. કોઇ એમ કહે કે મોટી ક્રાંતિ થાય–રાજ્યક્રાતિ કે ધર્મક્રાંતિ કે વિચારક્રાંતિ થાય અને તે વખતે એક ભાષા મરણવશ થાય ને તેને બદલે બીજી થાય એ વાત પણ યોગ્ય નથી. ઈ. સ. ૧૩ માથી તે ૧૫ મા શતકમાં સમગ્ર હિંદુસ્થાનમાં સંતકવિ ઉત્પન્ન થયા ને તેમણે લોકોની ધાર્મિક અને સામાજિક રહેણીકરણીમાં ખળભળાટ ઉપજાવ્યો–એ એક સમય; અને બીજો સમય અગ્રેજી વાંગ્મયરૂપી વાઘણનું દૂધ આપણને મળવા લાગ્યું તે વખતનો;–આ બંને સમયમાં ખળભળાટ અને વિચાર-ક્રાંતિ જંગી થયાં હતાં, પણ એક પણ સમયે નવીન ભાષાનું નિર્માણ થવું બન્યું નથી એ લક્ષમાં રાખવા જેવી બાબત છે. તે વખતે અંતસ્થ વિચારક્રાંતિ અને અન્ય ભાષામાંથી વિચારોનું ગ્રહણ એ જરૂર થયું, છતાં તેથી એમ સિદ્ધ થતું નથી કે એક ભાષા મરીને તેની જગ્યાએ બીજી નવી ઉત્પન્ન થઈ. ભિન્ન સંસ્કૃતિના બે માનવ વંશોની અથડામણી થાય ત્યારે એક બીજાની ભાષામાં મિશ્રણ થવાનો પ્રસંગ આવે છે. તે કારણે સંસ્કૃતની પ્રાકૃત ભાષા કેમ થઇ, અથવા પ્રાકૃતની અપભ્રંશજ કેવી રીતે બનતી ગઇ તેની સંગતિ મળી આવે છે અને તે ભાષાનો ઇતિહાસ સારી રીતે કહી શકે. ઇ. સ. ૧૦ થી તે ૧૩ મા શતકની દરમ્યાન હાલની હિંદની દેશી આર્યભાષાઓ ઉત્પન્ન થઇ એવું

આપણને દિસે છે, કારણકે તેરમા શતકમાં ગૂજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષામાં વાંગ્મયરચના પ્રથમ જોવામાં આવે છે. આ સમયની આસપાસ એટલે ઇ. સ. ૧૦ થી તે ૧૩ મા શતક દરમ્યાન હિંદુસ્થાનમાં અન્ય સંસ્કૃતિના યા જાતિના લોક આવી આપણમા મિશ્રિત થયા કે કેમ તે ઇતિહાસ પરથી જોવું જોઇએ.

૩૧૫. આઠમા શતકથી આરબોની સ્વારી જલમાર્ગે સિંધ કચ્છમાં પ્રથમ આવી. તેઓ ગૂજરાત તોડી રાજપુતાના સુધી ચાલી આવ્યા; પણ ત્યાં તેઓને સાગે માર પડયો ને તેઓ પાછા ફર્યા, પણ તેમણે સિંધ અને મુલતાનમાં પોતાની સત્તા સ્થિર કરી મુસલમાની રાજ્ય સ્થાપ્યું. તેઓએ ગુજરાત, રાજસ્થાનમાં ધૂમ મચાવી.

'**तरलतरतारतर वारिदारितोदित–सैन्धव कच्छेल्लसौराष्ट्र चावोटक मौर्य गुर्जरादि रा(ज्ये) निःशेष दाक्षिणात्य क्षितिपति जिगीषया दाक्षिणापथप्रवेश...प्रथममेव नवसारिका विषय प्रसाधना यागते** (પછી ૭–૮ લીટીમાં ઘણાં વિશેષણો છે તે અહીં આપ્યાં નથી) **समरशिरसि विजिते ताजिकानीके...अवनिजनाश्रयः श्रीपुलकेशिराजः** ઇ૦. આ ઈ. સ. ૭૩૯ નો તામ્રપટ કેમ્પબલના બોમ્બેગેઝેટીયર વૉ. ૧ પૃ. ૧૦૯ પર મુદ્રિત થયો છે. તેમાં ચાલુક્યકુળના લાટદેશસ્થ શાખા પૈકી પુલકેશીએ નવસારી દેશ જીતવા માટે પ્રથમ આવેલા તાજિક એટલે આરબ સૈન્યનો પરાભવ કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સિંધ શિવાય કચ્છ, સૌરાષ્ટ્ર, ગુર્જર, મૌર્યરાજા (ઉત્તર કોંકણમાંના તે વખતના મૌર્યકુળના રાજાઓ)ની સારી રીતે ખબર તાજક–આરબોએ લીધી હતી અને તેઓએ ઇ. સ. ૮મા શતકમાં મહારાષ્ટ્રમાં પ્રવેશ કરવા પ્રયત્ન કર્યો હતો તેમ આ તામ્રપટમાંથી સ્પષ્ટ જણાય છે.

૩૧૬. આ પછી, પછીના શતકમાં હરૂન ઉર રશીદ નામનો બાદશાહ યા ખલિફા હતો ત્યારે આરબોની સત્તાનો પ્રચાર ઇરાનમાંથી અફગાનિસ્થાન અને તાર્તારી પર જઈ ત્યાં મુસલમાની ધર્મનાં મૂળ જોરથી રોપ્યાં હતાં. પછી અફગાનીસ્થાન અને તાર્તરીમાં આરબોની

સત્તા ક્ષીણ થતી ગઇ તેથી ત્યાં મુસલમાનોનું ધર્મ તથા રાજ્ય વિસ્તારનું જોર તૂટ્યું ને તાર્તારોએ અફગાનિસ્થાન તાબે કર્યું અને હિન્દુસ્થાન ઉપર હુમલો કરવા દશમા શતકથી આરંભ કર્યો. દશમા શતકને અંતે સિંધુની પેલી પાર સુધી તેમની સત્તા કાયમ થઇ પણ તેની આ બાજુ તેઓ ઘુસવા લાગ્યા. આથી તે બંને બાજુ વચ્ચે વસેલાં ક્ષત્રિય કુળોમાં ખળભળાટ જાગતાં આત્મસંરક્ષણ માટે તેઓ દક્ષિણ બાજુ તેમજ પૂર્વ બાજુ જઇને હિંદુ લોકોમાં મળ્યા, કેટલાયે રાજ્યો પણ સ્થાપ્યાં. આ કુળો ગૂર્જર, પરમાર, ચાલુક્ય, ચોહાણ, ઇત્યાદિનાં હતાં. ગૂર્જર, ચાલુક્યનાં કાંઇક ટોળાનો અર્ધો ભાગ એકદા હૂણોની સાથે અંદર ઘુસ્યો હતો. તેણે ગૂજરાતમાં અને મહારાષ્ટ્રમાં રાજ્ય પણ કર્યું. પણ તેનું મોટા પ્રમાણમા પ્રયાણ નવમા શતક પછી થયું. આ ચાલુક્ય રાજ્ય ગૂજરાતમાં સ્થાપન થયા પછીજ ગૂજરાતમાં 'ગુર્જર' એ નામ મળ્યું એ વાત અર્ધા ગુર્જરોને સમય ન્હોતો મળ્યો તે પરથી, અને મહારાષ્ટ્રમાં 'કલ્યાણકટક' જેવાં પોતાના પૂર્વ વસતિસ્થાનનું સ્મરણ આપનાર સ્થળો બીજા ચાલુક્યોએ (તૈલપે) સ્થાપ્યાં તે પરથી જાણવામાં આવે છે. આ ગૂર્જર, પરમાર, ચાલુક્ય, ચૌહાણ મૂળથી પ્રાચીન આર્ય જાતિઓ હતી. પ્રાચીન આર્યજાતિઓનું સૌથી પ્રથમ નિવાસ મધ્ય એશિયામાં હતું. ઇ. સ. નવમા શતકના છેવટથી પછી પરમાર, ચાલુક્ય, ચૌહાણ ઇત્યાદિ ક્ષત્રિય કુળો સમગ્ર હિંદુસ્થાનમાં (કાનડા, તેલંગણ અને નીચેના પ્રાંત સુધી) પ્રસર્યાં. તેઓ અન્ય ધર્મીય, અન્ય સંસ્કૃતિનાં અને અન્ય ભાષાનાં હતાં. તેઓની અને તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંના લોકોનું સંમિશ્રણ થઈને તે કાયમના મળી જવાની ધમાચકડીમાં નવીન ભાષા ઉત્પન્ન થવા જેવી પરિસ્થિતિ પ્રાપ્ત થઈ હતી.

૩૧૭. પછી અગ્યારમા શતકના પહેલા ૨૪ વર્ષમાં ગઝનવીના મહમદે પોતાના અફગાન, તાર્તર આદિ સૈનિકો લઇને અનેક વેળા હિંદુસ્થાનપર સ્વારી કરી અને ઉપર જણાવેલા ક્ષત્રિયોની હીલચાલો અને પ્રયાણને વળી એક જોરથી ધક્કો માર્યો.

૩૧૮. ઇ. સ. ના ૮ મા શતકમાં આરબોની એક સ્વારી સિંધ

અને સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવી ગયાનો ઉલ્લેખ ઉપર કર્યો છે, પણ તે ક્ષણિક હોવાના કારણે તેનું ઝાઝું પરિણામ આવ્યું નહિ, પણ ઈ. સ. ના અગ્યારમા શતકથી તે ત્યારપછી તુર્કઆદિ પરધર્મી લોકોનાં અનેક ધાડાંઓ આર્યભૂમિપર આવ્યાં અને તેઓએ અભૂતપૂર્વ ખળભળાટ મચાવી દીધો એમાં શંકા નથી. ઇ. સ. ૧૦૦૧ થી ૧૦૨૪ સુધી અનેક વેળાએ હિંદુસ્થાનપર સ્વારી મહમદ ગીઝનીએ કરી. મહમદ ૧૦૨૪ માં મુલતાનઅજમેર માર્ગે અણહિલ્લવાડ પટ્ટણમાં ઉતર્યો અને પછી સૌરાષ્ટ્રમાં સોમનાથપર હુમલો કર્યો. સોમનાથને લુંટયા પછી તે પુનઃ પટ્ટણપાસે ગયો અને ત્યાં કેટલાક દિવસ રહ્યો. તેણે ત્યાં મસીદો વગેરે બાંધ્યાનો ઉલ્લેખ છે (બોમ્બે ગેઝેટીયર વૉ. ૧ ભાગ ૧ પૃ. ૧૬૮ ફુટનોટ). મહમદના ધાડાંથી પંજાબ, રાજપુતાના, ગૂજરાત, સૌરાષ્ટ્ર—એ દેશોમાં વિલક્ષણ ખળભળાટ થયો. જેમનામાં તે સાથે સામનો કરવાનું કૌવત ન હોય તેમણે દેશ છોડી નાસવું, રાજાઓએ પોતાના સગાંસંબંધીનો આશ્રય લેવો, એવું એકંદર થઈ પડયું તેમાં આશ્ચર્ય નથી. ગૂજરાતનો ભીમરાજા (ઇ. સ. ૧૦૨૨ થી ૧૦૬૪) પોતાનું જબરૂં રાજ્ય હોવા છતાં પણ તે છોડી ભાગ્યો અને કંથકોટનો આશ્રય કરી રહ્યો. મહમદ સાથે આવેલા લોકો પૈકી કેટલાક વિદેશી લોક અહીં વસવાટ કરીને રહ્યાનો ઉલ્લેખ વધારે ક્યાંય મળતો નથી એ ખરૂં છે, પણ ગૂજરાતના કેટલાક લોકો ખાનદેશમાં રાજપુતાનાના ઉત્તર માળવામાં, પંજાબના અયોધ્યાપ્રાંત પાસે—એ સ્થળોમાં જણાતા રહેવાશીઓની ભાગાભાગી માત્ર તેની સ્વારીના કારણે થઇ હોય એમાં નવાઈ નથી.

૩૧૯. આ પછી બીજી ધાડ મહમદ ઘોરીની આવી. તે બારમા શતકની આખર આવી. દિલ્લીના ચોહાણ ઉપર ઉત્તર હિંદુસ્થાનનું વર્ચસ્વ હતું અને તેનું જોર ઘણું હતું તેથી મહમદનું ત્યાં ચાલ્યું નહીં. પહેલી ખેપમાં ઇ. સ. ૧૧૯૧ માં થાણેશ્વર પાસે માર ખાઇ તેને ભાગી જવું પડયું. તેજ પાછો ઉત્તર હિંદુસ્થાનમાં પહેલી રાજકીય એકતા તૂટતાં ૧૧૯૩ માં આવતાં તેને જશ મળ્યો. તેણે પ્રથમ ચોહાણની ખબર લઇ પછી બીજાનો નાશ કર્યો.

૩૨૦ મહમદઘોરી મહમદગીઝનીની પેઠે કેવળ લૂટ કરી પાછો ચાલ્યો જવા ન્હોતો આવ્યો, પણ તેને તો હિંદુસ્થાનમાં પોતાનું રાજ્ય સ્થાપવાનું હતું, તેથી (૧) એક એ વાત થઇ કે અન્ય સંસ્કૃતિના અને અન્ય માનવવંશના લોકોનો મોટો સમુદાય આપણામાં ઘુસ્યો, અને (૨) બીજું એ થયું કે તેણે ત્યાંથી આપણા લોકોને પોતાના દેશમાંથી હાંકી કાઢી રાજપુતાના, માળવા, ગૂજરાત—એમાં વનવન ભટકતા કર્યા. મહમદઘોરી દિલ્લી અને પંજાબ જીતીને હરીહામ ન બેઠો, પણ તેણે પોતાના સરદાર પૂર્વ બાજુ બંગાલામાં અને દક્ષિણ બાજુ માળવા ગૂજરાત સુધી મોકલ્યા. બંગાલ અને બહાર પ્રાંત ૧૧૯૪–૯૫ ના સુમારે મુસલમાનોના તાબામાં આવ્યો. ગૂજરાતમાં તેઓ ફાવ્યા નહિ, પણ તેના પછીના ગુલામ રાજાએ ગૂજરાતને હેરાન કર્યું ને પછી તેરમા શતકના છેવટમાં અલ્લાઉદ્દિને ગૂજરાતના કર્ણરાજાના રાજયને ધૂળમાં મેળવ્યું અને મહારાષ્ટ્રમાં દેવગિરિના યાદવોનો ૧૨૯૪ માં પરાભવ કર્યો.

૩૨૧. મરાઠી સાહિત્યમાં મૂળ સાહિત્ય જ્ઞાનેશ્વરીને સંપૂર્ણ થયે ચારજ વર્ષમાં મહારાષ્ટ્રનો મોટો ભાગ મુસલમાનોના હાથમા આવ્યો. મહમદ ગીઝની સાથે અફગાન, આરબ, તાર્તર, અને મહમદ ઘોરી સાથે પણ તેવાજ અફગાન, તાર્તર, તુર્ક ઇત્યાદિ પરધર્મો અને ભિન્ન કુળના લોક અગ્યારમા શતકના આરંભથી તે તેરમા શતક સુધી હિંદુસ્થાનમાં આવી ઘુસ્યા. તેઓએ આપણો ધર્મ સ્વીકાર્યો નહિ, પણ તેમને આપણી ભાષા બોલવી પડતી. આથી નવી ભાષા ઇ. સ. ૧૧ મા શતકથી ૧૩ મા શતક સુધીમાં ઉદયમાં આવી. તે પૈકી કોઇ ભાષાને પોતાનું નિશ્ચિત સ્વરૂપ પ્રકટ કરવામાં બીજી ભાષા કરતાં વખત લાગ્યો,. કોઈએ તેવું સ્વરૂપ ઝટ સાધ્ય કર્યું એટલેકે એકાદ અર્ધો શતક આગળ પાછળ એમ પરિસ્થિતિ પ્રમાણે જન્મ પામી. મરાઠીમાં ૧૩ મા શતકમાં નિશ્ચિત સ્વરૂપનું વાંગ્મય મળે છે, ત્યારે તે નિશ્ચિત સ્વરૂપની બોલીના રૂપમાં આવી તે પૂર્વે એક બે શતકમાં તે ઉત્પન્ન થવી જોઇએ એ ઉઘાડું છે.

૩૨૨. ગૂજરાતીમાં પહેલાં તેરમા શતકનું વાંગ્મય પ્રાપ્ત થાય છે,

(જુઓ રેવન્તગિરિ રાસ-જમ્બુરાસાદિ આ શતકનું આ ગ્રંથમાં આપેલ વાંગ્મય તેમજ સ. ૧૪૫૦ નું (ઇ. સ. ૧૩૯૪નું) મુગ્ધાવબોધ ઔક્તિક કે જે વ્યાકરણનો ગ્રંથ છે ને જેમાં જૂની ગૂજરાતીનું વિવરણ છે.) તેથી તેના એક બે શતકો પૂર્વે તે અસ્તિત્વમાં આવી હોવી જોઇએ. આથી ઠીક અનુમાનથી હિંદુસ્થાનમાંની હાલની દેશી-આર્યભાષાઓ આ ધડમથલના અને જૂદા જૂદા માનવવંશના અથડામણના કાળમાં જન્મ પામી એ ઉઘાડું દિસે છે. મુસલમાનોના હુલ્લડોથી સપાદલક્ષ (સવા લાખ-શિવલીક) એ પંજાબનો ડુંગરી ભાગ-તેમાંથી અને આસપાસ વસવાટ કરી રહેનારા ક્ષત્રિય લોકોનાં કુળો પાછળ પાછળ જતા ચાલ્યાં અને તેઓએ દક્ષિણ બાજુ મારવાડ, ગૂજરાત, મહારાષ્ટ્ર, અને પૂર્વ બાજુએ બહાર-બંગાલ સુધી પ્રયાણ કરી વસવાટ કર્યો અને રાજ્યો સ્થાપ્યાં એ ઉપર જણાવેલું છે. આ લોકોએ હિંદુ ધર્મ, ચાલતા રીતિરીવાજો, ભાષા સર્વ અહીંથી ઉચક્યાં. અફગાન, તુર્ક, તાતાર આદિએ પોતાનો ધર્મ ન છોડતાં બલ્કે તરવારથી તેનો પ્રસાર કરીને પુષ્કળ હિંદુઓને વટલાવ્યા, પણ તેઓનો અને આપણો વ્યવહાર ચાલવો જોઈએ તેથી તેઓને આપણી ભાષા સ્વીકારવી પડી અને એ ઠીકજ થયું. તેથી ભાષાની દૃષ્ટિએ તેઓનું આપણામાં આવી રહેવાનું પરિણામ, અને તેઓના હુલ્લડનું, અને તેની પૂર્વે પંજાબથી ચારે બાજુ પ્રસરવા લાગેલા ગુર્જર, પરમાર, ચોહાણ, ચાલુક્ય ઇત્યાદિ કુળોનું આપણામાં ભળી જવાનું પરિણામ, સરખુંજ થયું એમાં શંકા નથી.

પ્રકરણ ૩ જું.

ગૂજરાતી એક સાહિત્ય-ભાષા. (૧૩ મા શતકથી)

૩૨૩. તેરમી ચૌદમી સદીમાં ગૂજરાતીનું વાંગ્મય નિર્માણ થયું. તેથી ગૂજરાતી ભાષા તેટલી પ્રૌઢ થઇ હતી એવું જણાય છે. વળી તે પૂર્વે બે ત્રણ સદી તો તે બોલાતી હોવી જોઇએ એમ અનુમાન કર-

વામાં હરકત નથી પણ સુદૈવે આ સંબધે કેવળ અનુમાન પરજ તે વાતનો માત્ર આધાર રાખવા જેવું નથી રહ્યું, કારણ કે વિદગ્ધ-વાંગ્મય અને અન્ય આધાર પણ મળી રહે છે, કારણકે સં. ૮૩૫માં રચાયેલી કુવલય માલા છે તેમાં મુખ્ય દેશમાં સૌરાષ્ટ્ર ને લાટ દેશનો ઉલ્લેખ કરવા ઉપરાંત ગૂર્જર લોક ને તેમની ભાષાનો સ્પષ્ટ ઉલ્લેખ છેઃ—

ઘયલોણિય પુટ્ઠંગે ધમ્મવરે સધિવિગ્ગહે નિરૂણે,

'ન ઉરે ભલ્લઉં' ભણિરે, અહ પેચ્છઇ ગુજ્જરે અવરે.

—પછી ગુર્જર લોકોને જોયા. એ લોકો ઘી અને માખણથી પુષ્ટ શરીરવાળા, ધર્મપરાયણ, સંધિવિગ્રહમાં નિપુણ અને 'ન ઉરે ભલ્લઉં' એમ બોલનારા હોય છે.

વળી સાથે લાટપ્રદેશ કે જેનો હાલ ગૂજરાતમાં સમાવેશ થાય છે તેનો પણ ઉલ્લેખ છે કે;—

ણ્હાઓલિત્તવિલિત્તે, કયસીમતે સોહિયંગત્તે

'અમ્હં કાઉં તુમ્હં' ભણિરે અહ પેચ્છઈ લાડે.

—પછી લાટના લોકોને જોયા—એ લોકો (માથામાં) સેંથો પાડનારા, લેપન કરનારા, સુશોભિત શરીરવાળા અને 'અમ્હં કાઉ તુમ્હ' એમ બોલનારા હોય છે.

૩૨૪. કોઇપણ ભાષા પોતાનું સૌષ્ઠવ-પ્રૌઢપણ ઇત્યાદિ ગુણોથી અગર તે બોલનારાની ધાર્મિક સમજણથી શિષ્ટસંમત થઇ હોય તો તેનુ રૂપાંતર થયા પછી તે સાથે તેમાં વાંગ્મય-સાહિત્ય ઉપજી શકે છે. ઉદાહરણ માટે સંસ્કૃતની વાત કરીએ. સામાન્ય જનસમૂહની નિત્ય વ્યવહારની બોલવાની ભાષાની દૃષ્ટિએ જો તેનું અસ્તિત્વ વિક્રમ સંવત્ પૂર્વે ૭ સાત શતક ઉપર નષ્ટ થયું હતું, છતાં પણ વિદગ્ધ વાંગ્મયની વાહક તરીકેની દૃષ્ટિએ જોતાં વિક્રમ સંવત્ પછી ૧૭-૧૮ શતક સુધી તે જીવંત રહી છે. બીજું એ છે કે વાંગ્મયમાંની ભાષાનું સ્વરૂપ નિર્માણકાલે જેવું હોય છે તેવુંજ પછી રહે એવી ખાત્રી કોઇ આપી શકે તેમ નથી. જુઓ જૂની કૃતિઓ યા મધ્યકાલીન કૃતિઓ-દાખલા તરીકે

નરસિંહ મહેતાની કૃતિઓ—તે શુદ્ધ થતી ગઇ, તેનાં જૂનાં, દુર્બોધ સ્વરૂપ બદલાતાં ગયાં અને અત્યારે જે પ્રભાતિયાં વગેરે તેનાં બોલાય છે ને જે સ્વરૂપે બોલાય છે તે સ્વરૂપ કંઇ નરસિંહ મહેતાનું સ્વપ્રણીત નથી. સાહિત્ય એ, ભાષાને નામશેષ કરવા દેતું નથી, પણ તે તેના ખરાં સ્વરૂપને માટે સાક્ષી પણ દઈ શકતું નથી. શિલાલેખમાં તેમ થતું નથી, પણ ગૂજરાતી તળપદમાં જૂના લેખ મળ્યા નથી,

૩૨૫. પાલિભાષા લઇએ. તેમાં ઈ. સ. પૂર્વે ૩ શતકથી પછી ઘણું સાહિત્ય થયું હવે જણાયું છે. બૌદ્ધ લોકોના પરંપરાગત વિશ્વાસ પ્રમાણે બુદ્ધ વચનો પર ઉભી કરેલી તે ગ્રંથભાષા છે. એટલે પાલિ અર્થાત્ જૂની પ્રાકૃત, બુદ્ધ સુધી પહોંચે છે. વિ. સં. પૂર્વે ૧૩૦૦ વર્ષ સુધી તેને લઈ જવાનો પુરાવો ઉપલબ્ધ નથી. અશોકના વખતમાં તેના કિંચિત્ બદલતા જનારા સ્વરૂપમાં શિલાલેખો લખાતા ચાલ્યા ને ઇ.સ. પછી એક શતક સુધી લખાતા ગયા. આ બે શતકોની વચમાંજ સંસ્કૃત શિલાલેખો ઝળકવા લાગ્યા અને પછી ને વધુ વધુ વધતાજ ગયા. એક બાજુ અશોક શિલાલેખોની પાલી અગર પ્રાકૃત બદલતી જઈને મહારાષ્ટ્રી, હિન્દી, ગૂજરાતી આદિ થઇ નવી ભાષા ઉત્પન્ન થતી ગઇ; બીજી બાજુ આ ભાષાઓ નવી હોવાથી તેને પ્રથમ પ્રકારનું મહત્ત્વ ન મળે તે સાહજિક છે, તેથી અને સસ્કૃત ઉપરના અભિમાનથી, તથા બૌદ્ધ ધર્મના ચાલુ કાળ પછી જાગૃતિ જોરથી થઇ થઈ તેથી, સંસ્કૃતજ શિલાલેખોની ભાષા બની; પણ પ્રાકૃતની વૃદ્ધિ થતીજ ગઇ અને તેના પોતામાંજ જૂદા પ્રકારનું (એટલે ધાર્મિક, રાજકીય નહિ) કાવ્ય-સાહિત્ય થવા લાગ્યું.

૩૨૬. પૈશાચી ભાષામાં પહેલા શતકની બૃહત્કથા, સત્તસઇ, પાંચમા છઠ્ઠા સૈકામાં રાવણવહો, સાતમા સૈકામાં ગઉડવહો, ૧૦મા શતકમાં કર્પૂરમંજરી ઈત્યાદિ કાવ્યો, એવું દર્શાવી આપે છે કે ઇ. સ. પહેલા શતકથી ૧૦ મા શતક સુધી પ્રાકૃત ભાષા જોરમાં હતી. આ દરમ્યાન જૈન ગ્રંથકારોએ પણ અનેક પ્રાકૃત કાવ્યો અને કથાઓનું સાહિત્ય રચ્યું છે.

ધાર્મિક, શાસ્ત્રીય નહિ તો કાવ્યાદિ. ગ્રંથ સુદ્ધાં જો કે સંસ્કૃતમાં પૂર્વ પ્રમાણે થતા હતા, છતાં પણ જીવંત પ્રાકૃત ભાષાએ પોતાની ચળવળ છોડી નથી, એવું આ પરથી સિદ્ધ થાય છે. આ પછીનો કાળ તેજ હાલની દેશી ભાષાનો કાળ. ઇ. સ. દશથી બારમા શતક સુધી પ્રાકૃતમાં કાવ્ય થતાં હતાં (તેનું ઉદાહરણ હેમચન્દ્ર વગેરે). આનું કારણ, આધુનિક ભાષા તે કાળથી વધતી ગઇ અને વાંગ્મય-સાહિત્ય ભાષા થવાની પાત્રતા તેણે પોતાના અંગમાં આણી હતી.

૩૨૭ આ 'જૈન ગૂર્જરકવિઓ'ના પુસ્તકમાં કવિઓ અને તેમની કૃતિઓનો વિ. સં. તેરમી સદીથી પ્રારંભ કર્યો છે તેનું કારણ ઉપરથી સમજાશે. બારમા શતકથી તે પંદરમા સૈકાના મધ્ય સુધી અપભ્રંશ સાથે ગૂર્જર ભાષાનું સ્વરૂપ વધારે સંબંધ જાળવ્યે જતું હતું, અને તેથી મારા મિત્ર સાક્ષરશ્રી અંબાલાલ બુલાખીરામ જાની બી. એ. તે સમયને 'અપભ્રંશ યુગ' એ આપવા દોરાયા લાગે છે. તેમણે ૩૦ મી એપ્રીલ ૧૯૨૫ ને રોજ નડિયાદમાં 'પ્રાચીન ગૂજરાતી સાહિત્યના કેટલાક ભ્રમો' એ પર મનનીય ભાષણ આપ્યું હતું તેમાંથી અત્ર ઉપયોગનો ભાગ નીચે પ્રમાણે છેઃ—

૩૨૮. 'અપભ્રંશ, પ્રાચીન અને અર્વાચીન એમ ત્રણ વિભાગોમાં ગૂજરાતી સાહિત્ય વહેંચાવા પામ્યું છે. વિક્રમ સંવત્ બારમા સૈકાથી ૧૪૫૦ સુધીનો અપભ્રંશ યુગ. ત્યારથી ૧૯ મા સૈકા સુધી પ્રાચીન સાહિત્ય યુગ; અને ત્યાર પછીનો અર્વાચીન સાહિત્ય યુગ છે. નરસિંહ મહેતાથી નાકર સુધીનું સાહિત્ય એ મિશ્ર સાહિત્ય છે. હમેશાં એક કોટી -યુગમાંથી બીજી કોટીમાં સંક્રાંતિ પામતું સાહિત્ય મિશ્ર હોઇ શકે; ન તે પ્રાચીન સંસ્કાર બધા ત્યજી શકે, કે ન તે નવીન પરિવર્તનના સંસ્કારો સર્વથા સંગ્રહી શકે. આવી સ્થિતિનું નરસિંહ-નાકર યુગનું મિશ્ર ભાષા સંસ્કારવાળું સાહિત્ય છે. છતાં તે પ્રાચીન સાહિત્યની કક્ષામાં ગણાય છે. કવિ દલપતરામે વિધાન બાંધ્યું હતું કે, જે ભાષા નરસિંહ મહેતાના વખતમાં હતી તેવીજ અત્યાર સુધી ચાલી આવી છે. એવો એક પક્ષનો મત છે, પરંતુ તે કેવળ ભ્રમજ છે.

૩૨૯. 'વળી નરસિંહ મહેતાને આદિ કવિ કહેવામાં આવે છે, પરતુ તે પહેલાં પણ ગૂર્જર ભાષામાં કવિતાઓ લખવામાં આવતી હતી. જૈન અને જૈનેતર-બ્રાહ્મણ કવિઓએ ઘણુંક સાહિત્ય લખ્યું છે. (જૈન કવિઓ માટે જુઓ આ ગ્રંથમાં નોંધેલા કવિઓ અને તેમની કૃતિઓ.)

૩૩૦. ' આ ઉપરાંત ત્રીજો ભ્રમ એવો છે કે જૈનો અને બ્રાહ્મણોનાં સાહિત્ય જુદાં જુદાં ખીલ્યાં હતાં-પરંતુ સાહિત્યનો ઇતિહાસ લખાયા છતાં વિદ્વાનોએ તેમાં સાવધાની નહિ રાખવાથી એ ભ્રમો થવા પામ્યા છે."

૩૩૧. ઉપરના તેમજ બીજા અનેક ભ્રમો ગૂજરાતી ભાષા સંબધે, તેના સાહિત્ય સંબધે, તેમજ તે ભાષાની જનની અપભ્રંશ અને તેથી આગળ પ્રાકૃત સંબધે ઉભા થવા પામ્યા છે, ને તે પૈકી કેટલાકતો ઉભા કરેલા તુત છે. આ સર્વ આ લેખથી તેમજ આ પુસ્તકમાં ઉલ્લેખેલા કવિઓ અને તેમની કૃતિઓથી દૂર થશે અને સુજ્ઞ સાહિત્યરસિકો ભાષાવિવેકદૃષ્ટિથી યથાર્થ નિર્ણયોપર આવશે. વિશેષમાં તેઓ પ્રામાણિક પણે ઉંડા ઉતરશે તો તેઓ સ્પષ્ટ જાણી જોઇ સ્વીકારી શકશે કે જૈનોએ પ્રાકૃત, અપભ્રંશ અને દેશી-ગૂજરાતી આદિ ભાષાનું વાંગ્મય રચવામાં, તે ભાષાની રચનાનાં પ્રમાણભૂત પુસ્તકો પૂરાં પાડવામાં અને તેમનું સાહિત્ય સંગ્રહી જાળવી રાખવામાં પ્રબળ ફાળો આપ્યો છે, અને તેમ કરી ભાષાને સૌંદર્યવતી, રસવતી અને સમૃદ્ધિશાલી બનાવી છે: આટલું સમજવામાં સુજ્ઞોને આ નિબંધ તેમજ આ પુસ્તક નિમિત્તભૂત થશે તો તે તૈયાર કરવામાં મેં લીધેલો પરિશ્રમ સફલ થશે અને હું કૃતાર્થ થઇશ. પરમાત્મા સૌને શુદ્ધ બુદ્ધિ અને શુદ્ધ હૃદય અર્પો એજ પ્રાર્થના !

તવાવાલા બિલ્ડિંગ, લોહારચાલ
મુંબઇ-વિક્રમાર્ક ૧૯૮૨
ના જ્યેષ્ઠ સુદ ૯ શનિવાર.
તા. ૧૯-૬-૨૬.

વિનીત સાહિત્યસેવક

મોહનલાલ દલીચંદ દેશાઇ.

જૈન ગૂર્જર કવિઓ.

વિક્રમ તેરમી સદી.

૧ શાલિભદ્ર સૂરિ (રાજગચ્છ—વજ્રસેનસૂરિના પટ્ટધર.)

(૧) ભરતેશ્વર બાહુબલિ રાસ (સં. ૧૨૪૧ ફાગણ પંચમી.)

આદિ—

રિસહ જિણેસર પય પણમેવી, સરસતિ સામિણિ મનિ સમરેવી,
નમવિ નિરંતર ગુરૂ ચરણ,
ભરહ નરિંદહ, તણઉ ચરિત્તો, જે જગિ વસુહાંડઈ વદીતો,
બાર વરસિ બિહુ બંધવહં. ૧
હઉ હિવ એ ભણિસુ રાસહ છંદિહિ, તં જણુમણહર મણ આણંદિઈં,
ભાવિઈં ભવીયણ સાંભળઉ,
જંબુદીવિ ઉવઝા ઉર નયરો, ધણકણ કંચણ રયણિહિ પવરો,
અવર પવર કિરિ અમરપુરો. ૨

* * * *

અંતે—

રાયહ એ ગચ્છસિણગાર વયરસેણ સૂરિ પાટધર ૨૦૩
ગુણગણહં એ તણઉ ભંડાર, સાલિભદ્ર સૂરિ જાણીઇ એ.
કીધઉ એહ તીણિ ચરિતુ, ભરહ નરેસર રાસુ છંદિઈં ૨૦૪
જો પઢઈ એ વસહ વિસોહિ (વદીત), સો નરૂ નિતુ નવનિહિ લહઇએ.
સંવત એ બાર એકતાલિ, ફાગુણ પંચમિઈં એઉ કીઉ એ ૨૦૫
—પા. ૧૦. વિજયધર્મસૂરિ ભંડાર. વ. સે.

(२) બુદ્ધિરાસ.
આદિ—

પણમવિ દેવિ અંબાઈ, પંચાણુણ ગામિણિ વરદાઈ
જિણ સાસણિ સાંનિધિ કરઈ સામિણિ,
સુર સામિણિ તું સદા સોહાગિણિ. ૧
પણમિય ગણહર ગોયમસામિ, દુરિગ પણાસઈ તેહનઈ નામિ,
વર્દ્ધમાન સામીનઉ સીસ, પ્રણમ્યાં પૂરઈ સયલ જગીસ. ૨
સહગુરવયણે સંગ્રહ કીજઈ, ભોલા લોક સીખામણ દીજઈ,
કેઈ બોલજ લોકપ્રસિદ્ધા, ગુરૂ ઉપદેસઈ કેઈ લદ્ધા. ૩

* * * *

અંતે—

સાલિભદ્ર ગુરૂ સંકલીય, એ સવિ ગુરૂ ઉપદેસ તુ,
પઢઈ ગુણઇ જે સાંભલઇએ, તેહ સવિ ટલઇ ક્લેસ તુ. ૫૩

(પાઠાંતર—ધરમ કરઉ સુધ ભાવસ્યુ એ, અવિચલ સુખ લહેસિ ૬૨).

—સં. ૧૬૩૨ વર્ષે માગશિર વદિ ૧૪ ભોમે સ્તંભતીર્થે રાજચંદ્રેણ લિખિતં. પા. ૨-૧૪ ગુ. વિ.; ૩-૧૩ મો.

—ઉપાધ્યાય શ્રી મતિકીર્ત્તિ ગણિગજેંદ્રાણાં શિષ્ય પં૦ મહિમાકુમારગણિ તત્ શિ૦ જયલાભેન લિલેખ. સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા રાજકુંઅર પઠનાર્થં. આ. ક.

(૩) હિતશિક્ષા પ્રબુદ્ધ રાસ ડે૦ ડા. ૭૦ પ્રત ૧૨૦ (આ રાસ જોયો નથી. નામ પરથી અનુમાન થાય છે કે ઉપરનો બુદ્ધિરાસ ને આ રાસ એકજ હશે.)

---

૨ ધર્મ. (મહેંદ્રસૂરિ શિષ્ય.)

(૪) જંબૂસ્વામિ ચરિત (જંબૂસામિ ચરિય) સં. ૧૨૬૬.
આદિ—

જિણ ચઉવીસહ પય નમેવિ ગુરૂ ચલણ નમેવી,
જંબૂ સામિહિં તણઉં ચરિય ભવિઉ નિસુણેવી,

કરિ સાનિધ સરસત્તિ દેવિ જિમ રયં કહાણુઉં,
જંબૂ સામિહિં ગુણ ગહણ સંખેવિ વષાણુઉં. ૧

* *

અંતે—

વીર જિણુદહ તીથિ કેવલિ હુઉ પાછિલઉ,
પ્રભવઉ અઇસારીઉ પાટિ સિદ્ધિં પુહુતુ જંબુ સ્વામિ,
જંબૂસામિ ચરિત પઢઈ ગુણઈ જે સંભલઈ,
સિદ્ધિ સુખ અણુંત તે નર લીલાહિ પામિસિઈ. ૪૦
મહિંદસૂરિ ગુરૂ સીસ **ધમ્મ** ભણઇહો ધ્રામીઉ હ.
ચિતઉ રાતિ દિવસિ જે સિદ્ધિહિ ઉમાહીયા હ,
બારહ વરસ સએહિં કવિતુ નીપનં **છાસઠઈ.**
સોલહ વિજ્જાએવિ દુરિય પણાસઉ સયલસઘ. ૪૧

પ્ર૦ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ. (પા. ૩ પ્ર. કા.)

[મહેન્દ્રસિંહ સૂરિ—(૧) અચલ ગચ્છમાં ધર્મઘોષ સૂરિના શિષ્ય અને સિંહપ્રભ સૂરિના ગુરૂ થઈ ગયા છે. જન્મ સં. ૧૨૨૮ દીક્ષા ૧૨૩૭ આચાર્યપદ ૧૨૬૩. મરણ ૧૩૦૯. તેમણે સં. ૧૨૯૪ માં શતપદિકા નામનો ગ્રંથ રચ્યો છે. (૨) બીજા મહેન્દ્રસૂરિ હેમાચાર્યના શિષ્ય સં. ૧૨૧૪ માં થયા છે તેમણે હેમચંદ્રકૃત અનેકાર્થ સંગ્રહ પર અનેકાર્થ કૈરવાકર કૌમુદી નામની ટીકા રચી છે. આમાંથી આપણા કવિના ગુરૂ પહેલા—મહેન્દ્રસિંહસૂરિ લાગે છે.]

---

૩ વિજયસેનસૂરિ. (મહામાત્ય વસ્તુપાલના ધર્માચાર્ય. નાગેંદ્રગચ્છના મહેન્દ્રસૂરિ-શાંતિસૂરિ—આનંદસૂરિ-અમરસૂરિ—હરિભદ્રસૂરિ શિષ્ય. તેમણે આબુપર વસ્તુપાલ તેજપાલે કરાવેલી નેમિનાથની પ્રતિષ્ઠાની

પ્રતિષ્ઠા સં. ૧૨૮૭ ફાગણ વદિ ૩ રવિને દિને
કરી હતી.)

(૫) +રેવંતગિરિ રાસો (ગિરનાર પર્વત સબંધી)

આદિ—

પરમેસર તિત્થેસરહ પયપંકય પણમેવિ,
ભણિસુ રાસુ રેવંતગિરે અંબિકદેવિ સુમરેવિ. ૧
ગામાગર પુરવણ ગહણ સરિ સરવરિ સુપએસુ,
દેવભૂમિ દિસિ પચ્છિમહ મણહર સોરઠદેસુ. ૨

* * *

અંત—

રંગિહિ એ રમઇ જો રાસુ સિરિ વિજયસેણિસૂરિ નિમ્મવિઉ એ,
નેમિ જિણુ તૂસઈ તાસુ અંબિક પૂરઇ મણિ રળી એ. ૨૦

[આ રાસને ૪ કડવમ્ (કડવા) છે. તે દરેકમા અનુક્રમે ૨૦, ૧૦, ૨૨ અને ૨૦ કડીઓ છે. તે વડોદરા ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળામાં પ્રકટ થએલ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ એ પુસ્તકમાં પ્રકાશિત થયો છે.]

વિક્રમ ચૌદમી સદી.

---

૪ * વિનયચંદ્ર (રત્નસિંહ સૂરિશિ.)

(૬) નેમિનાથ ચતુષ્પદિકા (પ્ર. પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ)

આદિ—

સોહગસુંદર ઘણુલાવન્નુ, સુમરવિ સામિઉ સામલવન્નુ,
સખિ પતિ રાજલ ચડિ ઉત્તરિય, બાર માસ સુણિ જિમ
વજ્જરિય—૧
નેમિ કુમર સુમરવિ ગિરનારિ, સિદ્ધી રાજલ કન્નકુમારિ–આંકણી.

× × × × ×

અંત—

પંચ સખી સઈ જન્મુ પરિવારિ, પ્રિય ઊમાહી ગઈ ગિરિનારિ,
સખી સહિત રાજલ ગુણરાસિ, લેઇ દિખ પરમેસર પાસિ. ૩૯
નિમ્મલ કેવલનાણુ લહેવિ, સિદ્ધી સામિણિ રાજલદેવિ,
રયણુસિંહ સૂરિ પણમવિ પાય, બારઇ માસ ભણિયા મઇ ભાય. ૪૦
–નેમિકુમર સુમરવિ ગિરનારિ, સિદ્ધિ રાજલ કન્નકુમારિ—

ઇતિ શ્રી વિનયચંદ્ર સૂરિકૃત નેમિનાથ ચતુષ્પદિકાઃ—

(આ ૪૦ ટુકનું કાવ્ય છે, તેમાં બારમાસ લઇ દરેક માસે રાજેમતિ પતિવિરહથી કથન કરે છે એવું કાવ્યમય વર્ણન કવિએ કરેલુ છે. આ કાવ્ય જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડમાં મુનિશ્રી જિનવિજયજીની નીચેની ફુટનોટ સહિત છપાયુ છે. (અંક પુ.)

---

* આ આચાર્ય હતા. તેમણે સં. ૧૩૨૫ માં પર્યુષણા કલ્પસૂત્રપર નિરૂક્ત રચેલ છે. તેમના ગુરૂ રત્નસિંહ સૂરિ એ તપગચ્છમાં થયેલા સૈદ્ધાન્તિક શ્રી મુનિચંદ્ર સૂરિના શિષ્ય હતા ને વિક્રમ તેરમી સદીમાં વિદ્યમાન હતા. તેમણે ટીકા સહિત પુદ્ગલ ષટ્ત્રિંશિકા–નિગોદ ષટ્ત્રિંશિકા આદિ ગ્રંથો રચેલા છે.

[વિનયચંદ્ર] (રત્નસિંહ સૂરિ શિષ્ય.)

(૭) ઉપદેશ માલા કથાનક છપ્પય (ઉવએસમાલ કહાણય છપ્પય.)

આદિ—

વિજય નરિંદ જિણિંદ વીર હત્થિહિં વય લેવિણુ,
ધમ્મદાસ ગણિ નામિ ગામિ નયરિહિ વિહરઇ પણુ,
નિયપુત્તહ રણસીહરાય પડિબોહણ સારિહિં
કરઈ એસ ઉવએસમાલ જિણવયણ વિયારિહિં
સય પચઆલ ગાહા રયણ મણિકરંડ મહિયલિ મુણઉ,
સુહભાવિ સુદ્ધ સિદ્ધતસમ સવિ સુસાહુ સાવય સુણઉ. ૧

* * * *

અંતે—

ઇણિપરિ સિરિ ઉવએસમાલ કહાણય
તવ સંજમ સંતોસ વિણયવિજ્જાઇ પહાણય
સાવય સંભરણત્થ અત્થપય છપ્પય છંદિહિ
રયણસીંહ સૂરીસ સીસ પભણઈ આણંદિહિં
અરિહંતઆણ અનુદિણ ઉદય ધમ્મ મૂલ મત્થઇ હઉ
ભો ભવિય ભત્તિસત્તિહિં સહલ સયલ લચ્છિલીલા લહઉ. ૮૧.

—પ્ર. પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહમાં.

[અજ્ઞાત કવિ]

(૭ક) +સપ્તક્ષેત્રિ રાસુ સં. ૧૩૨૭ માહશુદ ૧૦ ગુરૂ.

આદિ—

સવિ અરિહંત નમેવી સિદ્ધ સૂરિ ઉવઝાય,
પનર કર્મભૂમિ સાહૂ તીહ પણમિય પાય. ૧

× × ×

અંતે—

સંવત તેર સત્તાવીસઇ માહમસવાડઈ
ગુરૂવારિ આવી ય દસમિ પહિલઇ પખવાડઈ,
તહિ પૂરૂ હુઉ રાસુ સિવસુખ નિહાણૂં
જિણ ચઉવીસઇ ભવીયણઇ કરિસિઇ કલ્યાણૂ. ૧૧૮
જા સિસિ રવિ ગયણુ ગણિહિ ઊગઈ મહિમ ડલિ,
તા વરતઉ એઉ રાસુ ભવિય જિણુસાસણિ,
નિમ્મલ જ ગ્રહ નક્ષત્ર તારિકા વ્યાપઈ
જયવતુ શ્રીસઘ અનઈ જિણુસાસણુ. ૧૧૯

—પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

---

૫ સોમમૂર્તિ.

(૮) +જિનેશ્વર સૂરિ દીક્ષા વિવાહ વર્ણના રાસ–સ. ૧૩૩૧ પછી.

આદિ—

ચિંતામણિ મણિ વિ વિયત્થે સુહિયય ધરેવિણુ પાસ જિણુ,
જુગપવરૂ જિણેસર સૂરિ મુણિરાઉ થુણિસુ હઉ ભત્તિ
આપણઉ. ૧
ગુરૂ નિયહિયય કવહુ વરમોતિયં હાર સુગુરૂ જિણેસર સૂરિ–ચરિયં,
ભવિય જણુ જેણુ સા મુત્તિવર કામિણી, તુમ્હ વરણુંમિ
ઉકકંઠિયએ. ૨.

*　　　*　　　*

અંતે—

એહ વીવાહુલઉ જે પઢહિં જે દિયહિ ખેલાખેલિય રંગભરિ,
તાહ જિણેસર સૂરિ સુપસન્નુ ઇમ ભણઈ ભવિય ગણિ
સોમમુત્તી ૩૩

આ ૩૩ ટૂકનું પ્રાચીન કાવ્ય છે. નાયક ખરતરગચ્છીય જિનેશ્વર સૂરિની દીક્ષા દશવર્ષે ખેડાગામમાં જિનપતિસૂરિ પાસે લેવાઈ, અને મરણ સં. ૧૩૩૧ માં થયું. તે વખતે પટ્ટધર જિનપ્રબોધ સૂરિ થયા. આથી આ કાવ્ય સ. ૧૩૩૧ પછી તુરતમાં રચાયેલ છે, [અને તેથી તે સમયની ભાષાના નમૂનારૂપ છે.] પ્ર. જૈ. ઐ. ગૂર્જર કાવ્યસંચય.

---

૬ જગડુ (જિનેશ્વરસૂરિ શિ.)

(૯) + સમ્યકત્વમાઈ ચઉપઈ સ. ૧૩૩૧ પછી

આદિ—

ભલે ભણઉં માઈ ધુરિ જોઈ, ધમ્મહ મૂલુ જુ સમકિતુ હોઈ,
સમકિતુ વિણુ જો ક્રિયા કરેઈ, તાતઈ લોહિ નીરૂ ઘાલેઇ. ૧

× × ×

અંતે—

હાસામિસિ ચઉપઇબિધુ કિયઉ, માઈતણુઉ છેહુ મઇ નિયઉ,
ઊણઉ આગલઉ કિંપિ ભણેઉ, **જગડુ** ભણઇ સઘુ સયલુ ખમેઉ. ૬૨
શ્રીનંદઉ સમુદાધરિ રહઇ, નંદઉ વિહિ મંદિરૂ કવિ કહઇ,
નંદઉ **જિણેસરસૂરિ** મુણિંદુ, જા રવિ ઊગઇ ઊગઈ ચંદુ. ૬૩
માઇ તણુઉ અખસરૂ ધુરિ કિયઉ, ચઉસઠિ ચઉપઇયાબધુ થિયઉ,
સુઙઇ મનિ જે નર નિસુણંતિ, અણુતસુખુ સિદ્ધિહિ પાવંતિ. ૬૪

—પ્ર૦ પ્રાચીન ગૂ. કા. સગ્રહ.

---

૭ પ્રજ્ઞાતિલક સૂરિ.

(૧૦) + કચ્છૂલી રાસ. સં. ૧૩૫૩ કોરંટામાં.

આદિ—

ગણુવઈ જો જિમ દુરીઉનિહંડણુ, રોલનિવારણુ તિહુયણુમંડણુ;
પણુમવિ સામીઉ પાસ જિણુ,

સિરિ **ભદ્દેસર** સૂરિહિ વંસો બીજી સાહહ વંનિસુ રાસો, ધમીય રોલુ નિવારીઉ,
સગ્ગ ખંડુ જિમ મહીયલિ જાણુઉં, અટ્ઠારસઉ દેસુ વખાણુઉં ગોવલિ
ધન્નિ રમાઉલઉ,
અનલ કુંડ સંભમ **પરમાર** રાજ કરઈ તહિ છે સવિચાર, **આબૂ** ગિરિવરૂ
તહિં પવરો.

× × ×

અંતે—

સાત્રીસઇ આષાઢિ **લખમણ** **મયધર** સાહુ સૂઓ
છયણી નયર મઝારિ આરિટ્ઠવણુઉ **ભીમિ** કિઓ.
કમલસૂરિ નિયપાટિ સઈ હાથિ પ્રજ્ઞાસુરિ ઠવીઓ,
ધમીઉ પમાવીઉ જીવુ અણસણિ આવા સૂધુ કીઓ.
પણિ પહુત્તઉ સુરલોઇ ગણહર ગંગાજલ વિમલો.
તાસુ સીસુ ચિરકાલુ પ્રતપઉ **પ્રજ્ઞાતિલક** સૂરે.
જિણ સાસણિ નહચંદુ સુહગુરૂ ભવીયહં કલપતરો
તા જગે જયવંત ઉમ્હાઉ જા જગિ ગિગઇ સહસકરો
તેરત્રિસઠઇ રાસુ **કોરિંટાવડિ** નિમ્મિઉ
જિણહરિ દિતસુણંતં મણવંછિય પૂરવઉ.

—સવત્ ૧૪૦૮ વર્ષે ચીબાગ્રામે શ્રી નરચંદ્ર સૂરિણાં શિષ્યેન શ્રી રત્નપ્રભ સૂરીણાં બાંધવેન પંડિત ગુણભદ્રેણ કચ્છૂલી શ્રી પાર્શ્વનાથ ગોષ્ઠીકા લીંબા ભાર્યા ગઉરી તત્પુત્ર શ્રાવક જસા ડૂંગર તદ્ભગિની શ્રાવિકા વીઝી તીલ્હી પ્રભૃત્યેષાં સાહાય્યેન પ્રભુશ્રી શ્રીપ્રભ સૂરિવિરચિતં ધર્મ-વિધિ પ્રકરણં શ્રી ઉદયસિંહ સૂરિ રચિતા વૃત્તિ શ્રી ધર્મ્મ-વિધિ ગ્રંથસ્ય કાર્ત્તિક વદિ દશમી દિને ગુરૂવારે દિવસ-પાશ્ચાત્ય ઘટિકાદ્વયે સમયે સ્વ પિતૃ-માત્રોઃ શ્રેયસે શ્રી ધર્મ્મવિધિ ગ્રંથમલિખત્ । (આમ એક પ્રતને અંતે લખેલું છે.)

---

૮ અમ્બદેવસૂરિ (નાગેંદ્રગચ્છ પાસડસૂરિ શિ૦)

(૧૧) +સમરા રાસો (સમરસિંહ રાસ) સં. ૧૩૭૧.

આદિ.

પહિલઉ પણમિઉ દેવ આદિસર સેત્તુજસિહરે
અનુ અરિહંત સવ્વે વિ આરાહઉ બહુ ભત્તિભરે. ૧
તઉ સરસતિ સુમરેવિ સારયસ સહર નિમ્મલીય,
જસુ પયકમલ પસાય મૂરખુ માણઇ મન રલિય. ૨
સઘપતિ દેસલ પુત્રુ ભણિસુ ચરિઉ સમરાતણઉ એ,
ધમ્મિય રોલુ નિવારિ નિસુણઉ શ્રવણિ સુહાવણઉ એ. ૩

*　　*　　*　　*

અંતે—

સંવચ્છરિ ઇકહત્તર થાપિઓ રિસહ જિણિંદો,
ચૈત્રવદિ સાતમિ પહુત ઘરે નંદઓએ જા રવિ ચંદો. ૩
પાસડ સૂરિહિ ગણહરહ નાગિંદઅ ગચ્છ નિવાસો,
તસુ સીસિહિં અંબદેવસૂરિહિ રચિયઉ એ સમરા રાસો. ૪
એહુ રાસુ જો પઢઇ ગુણઇ નાચિઉ જિણ હરિ દેઇ,
શ્રવણિ સુણઇ સો બયઠઇએ તીરથએ તીરથજાત્ર ફલુલિઇ, ૫

—પ્રા.; પ્ર. કા.

આ રાસ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહમાં તથા જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સચયમાં પ્રકટ થયો છે. રાસનો નાયક સમરસિંહ મંત્રિ ઓસવાળ હતો અને તેના ઉપર અલપખાનની મહેરબાની હતી. તેણે સંઘ કાઢ્યો હતો. આ સંઘપતિ સમરસિંહ ઉર્ફે સમરાએ કેટલાંક સ્તવનો બનાવેલાં છે. સં. ૧૩૭૧ માં શત્રુંજય પર ઋષભદેવની મૂર્ત્તિ તેણે પ્રતિષ્ઠિત કરાવી. આ રાસ પણ તેજ વર્ષમાં રચાયેલ છે.

૯ જિનપદ્મસૂરિ (ખરતરગચ્છ જન્મ સં. ૧૩૮૨ ? આ-
ચાર્યપદવી સં. ૧૩૯૦ મરણ ૧૪૦૦)

(૧૨) +શ્રીસ્થૂલિભદ્ર ફાગ. (સિરિ થૂલિભદ્દ ફાગુ)

આદિ—

પણમિય પાસ જિણુદપય અનુ સરસઇ સમરેવી,
થૂલિભદ્દ મુણિવઇ ભણિસુ ફાગુ બંધિ ગુણ કેવી. ૧

અંતે— × × × ×

ખરતરગચ્છિ જિણપદમ સૂરિ કિય ફાગુ રમેવઉ,
ખેલા નાચઇં ચૈત્રમાસિ રંગિહિ ગાવેવઉ. ૨૭

—પ્ર. કા.; પ્ર૦ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ.

(આ ૨૭ ટુંકનું ટુંક કાવ્ય છે. પ્રાચીન છે.)

---

૯ ક પદ્મ. (૧૪ મો સૈકો)

(૧૩) + સાલિભદ્ર કક્ક (શાલિભદ્ર કાક)

આદિ—

ભલિ ભંજણુ કમ્મારિયલ વીરનાહુ પણમેવિ,
પઉમુ ભણઇ કક્ક ખરિણ સાલિભદ્દગુણ કેઇ. ૧

× × ×

અંતે—

ઇહ કહિયઉ કક્કહ કુલઉ, ઇકહત્તરિ કડુયાહ,
ભવિયઉ સંજમુ મણિ ધરઉ, પઢઉ ગુણહુ નિસુણેહુ. ૭૧

પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

(૧૪) +દૂહામાતૃકા.

આદિ—

ભલે ભલેવિણુ જગતગુરૂ પણમઉં જગહપહાણુ,
જાસુ પસાઈ મૂઢ જિય પાવઇં નિમ્મલુ નાણુ. ૧

× × ×

અંતે—

> મંગલમહાસિરિસિરિસુ સિવફલદાયગુ રમ્મુ
> દુહામાઇ અખિયઈ **પઉમિહિં** જિણુવરધમ્મુ. ૫૭
>
> પ્ર૦ પ્રા. ગૂ. કા. સ.

(માતૃકા એટલે બારાખડી, દરેક વર્ણ લઇ તે પર ઉપદેશ આ ૫૭ ટૂંકના કાવ્યમાં આપેલો છે. આ પદ્મ કવિ કદાચ જિનપદ્મસૂરિ નં. ૯ના પણ હોય, તેમજ આ કાવ્યો ભાષાની પ્રાચીનતા જોતાં ૧૪ મા સૈકાનાં લાગે છે તેથી પદ્મ એમ જૂદા કવિ તરીકે જિનપદ્મસૂરિની નીચેજ મૂકવામાં આવેલ છે.)

---

૧૦ સોલણુ. (૧૪ મો સૈકો)

(૧૫) + ચર્ચરિકા.

આદિ—

> જિણુ ચઉવીસ નમેવિણુ સરસઇપય પણુમેવિ
> આરાહઉ ગુરૂ અપ્પણુઉ અવિચલુ ભાવુ ધરેવિ. ૧
> કર જોડિઉ **સોલણુ** ભણઇ જીવિઉ સફલુ કરેસુ,
> તુમ્હિં અવધારહ ધમ્મિયઉ ચચ્ચરિ હઉં ગાએસુ. ૨

× × ×

અંતે—

> ડુંગરડા અધો ફુરિ લગ્ગઉ સીયલિ વાઉ
> હૂય પુણું નવદેહડી અંમુન્નિ કિયઉ પસાઉ. ૩૮
>
> —પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

(ભાષાની પ્રાચીનતા જોતાં આ કાવ્ય ૧૪ મા સૈકાનું લાગે છે.)

વિક્રમ પંદરમી સદી.

૧૧ રાજશેખર સૂરિ–મલધારી+

(૧૬) નેમિનાથ ફાગ (૧૪૦૫ લગભગ)

આદિ—

સિદ્ધિ જેહિ સઇ વર ચરિય તે તિત્થયર નમેવી,
ફાગુબંધિ પહુ નેમિ જિણ્ગુ ગુણ ગાએસઉ કેવી ૧

* * * *

અંત—

રાજલ દેવિસઉ સિદ્ધિ ગયઉ સો દેઉ થુણીજઇ,
મલહારિહિં રાયસિહર સૂરિ કિઉ ફાગુ રમીજઇ. ૨૭

—પ્ર૦ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ.

૧૨ જયાનંદ સૂરિ (૧૪૧૦ આસપાસ)

(૧૭) ક્ષેત્રપ્રકાશ રાસ–ડે૦ ર૯૦

ગદ્યગ્રંથો–[પંદરમા સૈકામાં બોલાતી ગૂજરાતી ભાષામાં અનેક ટીકા–ગ્રંથો બાલાવબોધો લખાયા તેમાં પ્રથમને મળી આવતો ગ્રંથ તે તરૂણપ્ર

[+ રાજશેખર સૂરિ–તે પ્રશ્ન વાહનકુલમાં કોટિક ગણની મધ્યમ શાખામાં હર્ષપુરીયગચ્છમાં મલધારી બિરૂદથી પ્રસિદ્ધ શ્રી અભયસૂરિના સંતાનમાં શ્રીતિલકસૂરિના શિષ્ય થયા છે, તેમણે ઢિલ્લી (દિલ્હી)માં સં. ૧૪૦૫ માં જ્યેષ્ઠ માસની શુકલ પંચમીએ 'ચતુર્વિંશતિ પ્રબંધ'— અથવા 'પ્રબંધકોષ'–ગ્રંથ રચેલ છે. તે ઉપરાંત શ્રીધરની ન્યાય કંદલીપર પંજિકા રચેલી છે.] આ ઉપરાંત વિનોદ કથાસંગ્રહ એ નામનો ટૂંકી રસપ્રદ અને બોધક કથાનો સંગ્રહ રચ્યો છે કે જેનું ગૂજરાતી ભાષાંતર વિનોદાત્મક કથા સંગ્રહ એ નામથી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભાએ સં. ૧૯૭૮ માં પ્રકટ કર્યું છે.)

સૂરિનો સં. ૧૪૧૧ ની સાલમાં ગૂજરાતના પાટનગર અણહિલ પાટ-ણમાં ષડાવશ્યક પર બાલાવબોધ છે, અને ત્યારપછી સોમસુંદર સૂરિએ ઉપદેશમાલા, યોગશાસ્ત્ર, ષડાવશ્યક, આરાધનાપતાકા અને નવતત્ત્વ વગેરે ગ્રંથોના 'બાલાવબોધો' અને મુનિસુંદર સૂરિનો યોગશાસ્ત્ર-ચતુર્થ પ્રકા-શનો 'બાલાવબોધ' લખેલા મળી આવે છે. તે સર્વ ગદ્યગ્રંથો પંદરમી સદીમાં વપરાતી ભાષાપર પ્રકાશ નાંખે તેમ છે.]

---

૧૩ વિજયભદ્ર.

(૧૮) કમલાવતી રાસ—૩૬ ગાથાનો.

આદિ—

નમુ વીર જિણેસર દિણેસર અભિનવો દ્દિણિ,
ભરત ક્ષેત્રે ભરૂઅચિ નગરની શોભા જાણિ,
મેઘરથ રાજ રાજકરે ધર્મ જપે
ઇદ્રની રિદ્ધિ જિસી તિગી તસ ઘરિ સપિ. ૧

* * * *

અંત—

ઘરણીને વચને કંત વૈરાગીઓ, એહુ સંસાર વિપસમો લાગીઓ,
બાપે બોલાવી બેટો બલીકરી, રાજિ બેસારી બેટો બાલિઇ ધરી.
બાલક બાહિ ધરી રાજે થાપિ ઘરે વીસ સરસ રહી.
તિહાં થકી છૂટી જિસી આવી તિસ્યો સીલ લીધો સહી
ચારિત્ર પાલિ કર્મ બાલિ કેવલી ગુરૂ બે થયા,
વિજયભદ્ર મનિ વર જંપે મોક્ષ મંદિરમાં ગયા. ૩૬

—૩—૧૩ લીં.

(૧૯) કલાવતી સતીનો રાસ.

આદિ—

ભરત ક્ષેત્રિ રે નયરી છિ મગલાવતી,
શંખ રાજા રે રાજ કરઇ જસિઉ સૂરપતી,

એક દિવસે રે રાઈ મત્રી બોલાવીઉ,
દત્ત મંત્રી રે દેસાઉરથી આવીઉ. ૧

* * * *

અંત— (ત્રૂટક)

ભૂપનુ સૂત રાજ થાપી લીધુ સયમ સુષ ભરિઇ,
દેવલોકિ બિહુ પુહતાં સુગતિ જાસિ અવતરી,
કલાવતીની પભ્ભીય સઝાય, ન પડીઇ સંસારસિઉં,
વિજયભદ્ર મુનિવર સતીય ધ્યાઇ, મોક્ષ જઈઇ લીલસિઉ. ૪૯

—સંવત ૧૭૩૮ વર્ષે ફાગુણ વદિ ૧ રવૌદિને પં૦ ગ્ર. ૧૨૫
૯—૧૧ (પાલણપુર ભં.)

—ઇતિ કલાવતી ચરિત્ર ગીતિ ૭૬ સમાપ્તઃ સંવત્ ૧૬૨૬ વર્ષે
ચૈત્ર વદિ ૪ દિને. (મ. બ.)

(૨૦)-હંસરાજ વચ્છરાજ સં. ૧૪૧૧.
-શીલ વિષે સ. ૧૪૧૧.
+શીલ વિષે શિખામણ સ. ૭૧ સ. મા. ભી.

---

૧૪ ×વિનયપ્રભ (વિજયપ્રભ ? ઉદયવન્ત ?)

(૨૧)+ ગૌતમસ્વામિનો રાસ. (સં. ૧૪૧૨ ખંભાતમાં)

આદિ.

પ્રણવાક્ષર પહિલૂ એ ભણીજઈ માયા બીજઈ સિઝંનિ સુણીજઇ,
શ્રીમુખિ સોભા જ સંભઇ એ.

* * * *

× પ્રસિદ્ધ ગૌતમસ્વામીના રાસના કર્તા તરીકે 'વિજયપ્રભ' (ઉદયવન્ત) એ નામ પ્રચલિત છે, પરંતુ વાસ્તવિક રીતે તે સુપ્રચલિત રાસના કર્તાનું નામ વિનયપ્રભ ઉપાધ્યાય છે એ વાત ઉકત રાસમાં સુસ્પષ્ટ લખી છે પ્રચલિત મુદ્રિત પુસ્તકોમાં 'દેવાંધુર અરિહંત નમિજે, વિનયપહુ ઉવઝાય થુનિજે' ઈત્યાદિ પાઠમાં 'વિનયપહુ' લખ્યું છે એ મુદ્રાના પ્રમાદથી યાતો

અંતે—

દેવહ ધુરિ અરિહંત નમીજઇ, વિનયપ્પહ ઉવઝાય થુણીજઈ,
ઇણિ મંત્રિ ગોયમ નમઉએ. * ૪૮
પરપર વસતા કાંઇ કરીજઇ, દેસ દેશાંતર કાંઈ ભમીંજઈ,
કવણ કાજિ આયાસ કર,
પ્રહિ ઉઠી ગોયમ સભરીજઇ, કાજ સમ ગ્રહ જન ખિણિ શીઝઇ,
નવનિધિ વિલસઈ તાંહ થાટ. ૪૯
ચઉદહ સઇ બારોત્તર વરિસે, ખભ નયરિ સિરિ પાસ પસાઈ,
(ગોયમ ગણહર કેવલ દિવસે) કીઉ કવિત ઉપગાર વરો,
આદિહિ મંગલ એઅ ભણીંજઈ, પરવિ મહોછવિ પહિલ્ દીજઈ,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૫૦

ઇતિ શ્રી પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિ રાસઃ
પા. ૪--૧૧. ભાવ., પ્રકાશિત.

---

* હસ્તલિખિત પ્રત અનુસાર મુદ્રણ થયુ છે તેના લેખકના ભ્રમથી 'વિનયપહ'ને બદલ 'વિનયપહુ' થઇ ગયેલ છે, કારણ કે આ રાસના કર્તા ખરતર ગચ્છીય શ્રી જિનકુશલસૂરિના શિષ્ય 'વિનયપ્રભ' હતા એ વાલુચર–મુર્શિદાબાદમાં શ્રી સંભવનાથના મંદિરને સંલગ્ન જ્ઞાનભંડારમાં પ્રાયઃ બસો વર્ષ પહેલાના લખેલા પુસ્તકમાં 'વિનયપહ ઉપઝાય થુનિજે' એવું સ્પષ્ટ લખેલું છે. તદુપરાન્ત અજિમગંજના નેમિનાથના મંદિર સંલગ્ન જ્ઞાનભંડારમાં પ્રાપ્ત થયેલ પ્રાચીન પટ્ટાવલિમાં એવો પાઠ છે કેઃ—

"તથા શ્રી ગુરૂભિ (શ્રી જિનકુશલ સૂરિભિઃ) વિનયપ્રભાદિ શિષ્યેભ્ય ઉપાધ્યાયપદં દત્તં યેન વિનયપ્રભોપાધ્યાયેન નિર્ધનીભૂતસ્ય નિજભ્રાતુઃ સંપત્તિસિધ્ધ્યર્થં મંત્રગર્ભિતગૌતમરાસો વિહિતઃ તદ્‌ગુણનેન સ્વભ્રાતા પુનર્ધનવાન્ જાતઃ ઈત્યાદિ.

આથી ઉક્તરાસના કર્તા સંબંધી કોઈ જાતનો સંદેહ રહેતો નથી. શ્રી જિનકુશલસૂરિ સં. ૧૩૮૯ માં દેવલોક ગયા તેથી તેના શિષ્યે બનાવેલ રાસ સં. ૧૪૧૨ માં હોય તે તદ્દન શક્ય છે.

૧૫ હરસેવક.

(૨૨)+ **મયણરેહાનો રાસ.** (સં. ૧૪૧૩ (?) કુકડીગામમાં)

આદિ—

દોહા.

જૂઆ માંસ દારુ તણી, કરે વેશ્યાશું જોપ,
જીવ હિંસા ચોરી કરે, પરનારીનો દોષ. ૧

ઢાલ–અનાથીની વૈરાગી દેશીમાં.

વ્યસન સાતમુ પરનારીનુ, પ્રત્યક્ષ પાપ દીખાયું.
રાવણ પદમોત્તર મણિરથ રાજા, તીનું રાજ ગમાયુ, ૧
–રાજવીયાંને રાજપિયાગે, ભાઈ છેધો ખ્યાગે–આંકણી.

* * *

અંતે—

ગામ કુકડીએ કર્યો ચોમાસો, **સંવત ચૌદા તેરા** માયો,
કથા કારણ આ ઢાલજ કોની, હરસેવક ચિત્ત લાયો–રા. ૧૮૭
સાંધારે તો મુખ સાંભલજો, ચરિત્ર **મયણરેહારો,**
તિણ ઉપર કોઇ અધિકો ઓછો, મિચ્છાદુક્કડ મહારો–રા. ૧૮૮

(આ ઢાલ એક છે ને તેની કડી ૧૮૮ છે. તેમાં રાજસ્થાની–મારવાડી ઘણા શબ્દો ને પ્રત્યયો છે ને તે સં. ૧૪૧૩ જેટલી જૂની કૃતિ લાગતી નથી તો તેની હસ્તલિખિત પ્રત મળે નહિ ત્યાં સુધી સવતની અનિશ્ચિતતા લાગે છે. પ્રકાશિત શા ભીમશીમાણેકે કરી છે તેમાથી જેમ છે તેમ અત્ર મૂકેલ છે.)

---

૧૬ જિનોદયસૂરિ* (ખ૦)

(૨૩) **ત્રિવિક્રમ રાસ** સં. ૧૪૧૫.

*** ગુજરાતના પાલણપુરમાં વસતા રૂદ્રપાલ અને ધારલદેવીને ત્યાં સં. ૧૩૭૫ માં સમર નામે કુંવર જન્મ પામ્યો. તેણે કુંવારાં સં. ૧૩૮૨**

૧૭ જ્ઞાનકલશ.

(૨૪)+ શ્રી જિનોદયસૂરિ પટ્ટાભિષેક રાસ સં. ૧૪૧૫.

આદિ.

> મતિકરણુ સિરિ સંતિનાહ પયકમલ નમેવી,
> કેસમીરહ મંડણીય દેવિ સરસતિ સુમરેવી,
> જુગવર સિરિ જિણુઉદયસૂરિ ગુરૂગુણ ગાએસુ
> પાટ મહોચ્છવુ રાસુ રંગિ તસુ હઉ પભણેસુ. ૧

* * * *

અંતે.

> ગુહગુરૂ ગુણુ ગાયંતુ સયલ લોય વછિય લહએ,
> રમઉ રાસુ ઇહુ રંગિ જ્ઞાનકલસ મુનિ ઇમ કહઈ. ૩૭

—ખ૦ જિનોદયસૂરિનું મૂળ દીક્ષાનામ સોમપ્રભ હતું. તેને સૂરિપદ આપવાની ક્રિયા તરૂણપ્રભાચાર્યે ખંભાતમાં સ. ૧૪૧૫ માં કરી. તે પટ્ટાભિષેક ક્રિયા આમાં જણાવી છે. તેથી આ કાવ્ય સ. ૧૪૧૫ માં રચાયેલું જણાય છે. પ્ર૦ જૈ. ઐ. ગૂર્જર કાવ્ય સચય.

---

૧૮ મેરૂનન્દન. (ખ જિનોદયસૂરિ દીક્ષાગુરૂ).

(૨૫) +શ્રી જિનોદયસૂરિ વીવાહલઉ. સં. ૧૪૩૨.

આદિ.

> સયલમણુવંછિયે કામકુંભોવમ પાસપયકમલુ પણમેવિ ભત્તિ,
> સુગુરૂ જિણુઉદય સુરિ કરિસુ વીવાહલઉ
> સહિય ઊમાહલઉ મુચ્છ ચિત્તિ. ૧

* * * *

માં દીક્ષા લીધી. જિનકુશલસૂરિએ દીક્ષા આપી સોમપ્રભ નામ પાડયું. સં. ૧૪૦૬ માં જેસલમીરમાં વાચનાચાર્યની પદવી મળી. સં. ૧૪૧૫ માં ખંભાતમાં શ્રી તરૂણપ્રભસૂરિએ તેમને સૂરિપદવી આપીને જિનોદયસૂરિ નામ આપી જિનકુશળસૂરિની પાટે સ્થાપ્યા. સં. ૧૪૩૨ માં સ્વર્ગસ્થ થયા.

અંતે.

> એહુ સિરિ જિણઉદયસૂરિ નિય સામિણો
> કહિઉ મઇ ચરિઉ અઇ મંદબુદ્ધિ,
> અમ્હ સો દિક્ખગુરૂ દેઉ સુપસન્નઉ
> દંસણ નાણ ચારિત સુદ્ધિં. ૪૩
> એહુ ગુરરાય વીવાહલઉ જે પઢઇં જે ગુણઇ જે સુખુતિ,
> ઉભયલોગે વિ તે લહઇં મણવંછિયં
> મેરૂનદન ગણિ ઇમિ ભણતિ. ૪૪

—ખ૦ જિનોદયસૂરિ સ. ૧૪૩૨ માં પાટણમાં સ્વર્ગસ્થ થયા તેનો છેલ્લો ઉલ્લેખ કરી આ કાવ્ય પૂરૂ થાય છે. તે વર્ષે તે રચાયેલુ જણાય છે. રચનાર પોતે તેના હસ્તદીક્ષિત શિષ્ય છે. પ્ર. જૈ. ઐ. ગૂર્જર કાવ્ય સચય તેમજ ઐ. રા. સં. ૩. ૧૫ મા સૈકાની ભાષા માટે આ કૃતિ ઉપયોગી છે.)

(૨૬) +અજિત-શાંતિ સ્તવન.

આદિ.

> મગલ કમલાકદ એ, સુત્ર સાગર પૂનમ ચદ એ,
> જગગુરૂ અજિત જિણદ એ, શાંતીસર નયણાનદ એ. ૧
> બિહું જિનવર પ્રણમેવ એ, બિહું ગુણ ગાઇસિ સખેવ એ,
> પુણ્યભંડાર ભરેસુ એ, માનવભવ સફલ કરેસુ એ. ૨

* * * *

અંતે.

> ઇમિ ભગતિહિ ભોલિમ તણી એ, સિરિ અજિય સતિ
> જિણ થુય ભણીએ,
> સરણિ બિહું જિણ પાય એ, શ્રી મેરૂનંદણ ઉવઝાય એ. ૩૨

—પ્ર૦ રત્નસમુચ્ચય અથવા રામ વિલાસ પૃ. ૨૧૫–૨૧૯

૧૯ દેવસુંદર સૂરિ શિષ્ય.

(૨૭) કાકબંધિ ચઉપ્પઈ રચ્યા સંવત લગભગ ૧૪૪૦.

આ ચોપાઈ ૬૯ ટુંકની છે. કક્કાના અક્ષરોને અનુક્રમે આદ્યાક્ષર કરીને ચોપાઈ ગુંથી છે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતોનો ઉપદેશ આપ્યો છે. ચોપાઇ રચ્યાનો સંવત્ લખ્યો નથી, પણ પહેલી ટુંકમાં શ્રી દેવસુંદર સૂરિને વન્દના કરી છે, એટલે આ ચોપાઇ દેવસુંદર સૂરિના કોઇ શિષ્યે રચી છે એમ ખાત્રી થાય છે. દેવસુંદર સૂરિને સૂરિ પદવી સંવત્ ૧૪૨૦ માં મળી અને સંવત્ ૧૪૫૦ સુધી તેઓ હયાત હતા; એટલે આ ચોપઇ સંવત ૧૪૨૦ થી ૧૪૫૦ સુધીમાં રચાઈ છે એમ ખાત્રીથી કહી શકાય.

આદિ–એની ભાષા પણ તે કાળને અનુરૂપ જૂની છે, શરૂઆત આ પ્રમાણે છે.

અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય, સાહુ સુગુરૂ દેવસુંદરસૂરિ પાય;
વંદિય સુય સામણિ સમરેવિ, ધમ્મ કક્કપ ભણિસુ સખેવિ. ૧
કરઉ ધર્મ મન ભૂલા ભમઉ, માણુસ ભવ કાંઈ આલિં નિગમઉ?
દાન સીલ તપ ભાવન સાર, સુહ ગુર વયણુ પાલઉ સવિચાર. ૨
કાંઈ જુ દીજઇ દાન, તિહાં ચાલવીઈ નવિ અભિમાન,
ચિત્તિ વિત્તિ પત્તિહિં સુવિસુદ્ધ, સો શ્રેય સઈ લીલઈ લદ્ધ. ૩
ખરઈ ચિત્તિ નામ એવડા, વિત્તિ અક્ષુ રસિ પૂરિય ઘડા;
પત્ત જુ પામિઉં પઢમ જિણંદુ, ચડઈ સિખા નવિ પડઇ ઈક્કુ બિંદુ. ૪
ખાધઈ તૃપતિ ઉદરિ નવિ હોઈ, દીધઉં પાત્રિ દાન ઊગરઇ;
ખીર થાલ દીધઉં સંગમઇ, શાલિભદ્ર સોઇ હૂઇઉ તિમઈ. ૫
ગહગહીયા ધન્ન કયવન્ન, નિહ્નઅણિ નિસુણઉ તેહનું પુન્ય;
શુદ્ધ ચિત્તિ દીયાં ઘૃત ખીર, દેવલોકિ પહતા બે વીર. ૬
ગાઢઇ સંકટિ હૂંતિ નારિ, તતખિણિ વિરૂપ હૂતઉ બારિ;
દાન દેઇ તિમ ચંદનબાલ, જિમ આવીલ ભાજઈ તતકાલ. ૭
ધલહ તિમ વહિરાવિઉં ઘીય, જિમ સંચિઉં તિત્થંકર બીય;
પાત્રિ દાનિ હઊઉ નિરવાહ, આદિનાથ ધન સારથવાહ. ૮

થીઉ દાઉ જઉ દીજઇ દાન, તુ રાઉલિ લાભઈ બહુ માન;
દાનિ ભૂતપ્રેત વસિ થાઈ, દાનિ દુક્ખ દુરિઅ સવિ જાઇ. ૯
જિમ કંદિ થિકુ ઊપજઇ, દાન ઉદારિ તિમ નીપજઇ.
દાન વિષઇ જેહ ઊપજઈ બુદ્ધિ, તીહં નર સાંવર આવઇ રિદ્ધિ. ૧૦

* * * *

અંતે—છેવટનો ભાગ આ પ્રમાણે છેઃ—

શશિ લછણુ ચંદણુ પીયૂષ, સેવંતાંનિ હણઇ સવિ દુખ,
ઇમિ પરિ મનિ ભાવણુ ભાવતાં, કર્મ અણુતા ત્યાઇ પત્યાં. ૬૦
શાલિ દાલિ ઘૃત મીઠાં હોઇ, એય વાત જાણઇ સહૂ કોઇ;
ધરમુ માહિં તિમ ભાવણુ સાર, એહ વાત પાધરઉ વિચાર. ૬૧
ષલકઈ ચૂડિ અનેવર હાથિ, નમિં રાજા પવિસઈ પરમત્થિ;
બહુ મળિએ કલિ કંદલ હોઇ, પરમાણુઇ લહઇ ઇકે સોઈ. ૬૨
પણિ પણિ ચ્યારિ ચઉરાસી છવ, યોનિ વસઈ સંસારિ સદૈવ;
ધરમુ એકુ સવિહં આધાર, ધર્મ લગઇ પામીઝઇ પાર. ૬૩
સમરથ રાત્રિ દિવસિ મનિ ધર્મ, ધર્મ તણઉ મન છંડઉ ભ્રમ;
રાખઇ ધર્મ ચિહૂ ગતિ દુક્ખ, ધર્મ લગઈ પામી જઇ મુક્ખ. ૬૪
સાયર મર્યાદાં પુણ રહઇ, ચદસૂર ગયણિં સંચરઇ,
કુશલ પંચ તે દિ આચાર, સોઇ સહગુરૂ બુઝવઇ વિચારૂ. ૬૫
હિવ ગુર જાણઉ સો સંસારિ, જેહ ગુરૂ બૂઝઈ વિચાર,
પાલઇ અનઇ પલાવઇં સોઈ, એઉ સુહગુરૂ જાણઇં સહુ કોઇ. ૬૬
હાથિ ચડિઉં ચિંતામણિ રત્ન, જઉ લાભઈ જિણવરનં વચન;
જિણવર દેવ ધર્મગુરૂ સાંધુ, એય સમકિતુ શ્રેણિકરાઇં લદ્ધ. ૬૭
ક્ષણ એકુ મન જઉ થાહર રહઇ, કર્મ વિવર નિશ્ચિ સો લહઈ,
કરમ વિવર સીઝઇ સવિ કાજ, લાભઈ મુગતિ તાણૂં સહ રાજ. ૬૮
ક્ષાયક સમકિતુ નિશ્ચલ તાહં. ચઉવિહ ધર્મ હીઈ છઇ જાંહ,
સોઈ કહીઇ કક્કર કર બદ્ધ, પઢતાં ગુણતાં હુઈ સર્વ સિદ્ધિ. ૬૯
—ઇતિ કાકબધિ ચઉપ્પઈ સમાપ્તા ॥છા॥ લિખિત દેવગિરિ નગરે (મ. બ)

૨૦ સાધુહંસ.(ત૦ જિનશેખરસૂરિ-જિનરત્નસૂરિ શિ૦)

(૨૮) શાલિભદ્ર રાસ સં. ૧૪૫૫ આસો શુદ ૧૦

આદિ— વસ્તુ.

દેવિ સરસતિ ૨ સકળ સસાર,
જસ નાંમિઈ કવિજન સવે બુધિ અતિહિ સરસ વાણીય,
વીણાપુસ્તકધારિણી તે સામિણિ મનમાહિ આંણીય,
કરજોડી કવીયણ ભણઇ, સહગુરૂ પાય પણમેવિ,
સાલિભદ્ર ધના તણાં, ચરીય રચેસુ સખેવિ. ૧

× × ×

અંતે— ચુપઈ.

તપગછિ શ્રી જયશેખર સૂરિ, નાંમઈ પાવ પણાસઈ દૂરિ;
તાસુ પાટિ શ્રી જિનરયણ સૂરીસ, મન શુધિઈં પ્રણમું નિસદીસ. ૨૧૬
સહિગુરૂ નાંમ છે હઈડઇ ધરી, ચુપઇ બદ્ધ કથા મંઈ કરી.
સાલિભદ્ર ધન્નાનૂ ચરિત્ર, ભણીઈં હુસ્યઈ અતિહિં પવિત્ર. ૨૧૭
ભાવસહિત નરનારી ભણઇ, કઇ મનિ સુદ્ધિઇં શ્રવણે સુણઈ,
સાધુહંસ મુનિવર ઇંમ ભણઈ, નવનિધિ તેહ ઘરિ આંગણઈ. ૨૧૮
સંવત ચઉદ પંચાવનિ વરસિ, આસો શુદિ વિજયાનઈ દિવસિ,
જિનવચને કરી સદ્દહિઉં, ભાવિઇં ભગતિ હૈયડઇ ધરિઉં. ૨૧૯

—શ્રી શાલિભદ્રનુ વૃધ રાસ વ્યવ૦ ઉદયકિરણં લિપાપિતં ગ્રંથાગ્ર ૩૧૧ શ્રી (અં.) ધર્મ્મમૂરતિ સૂરીંદ્ર સાધુ શિરોમણિ વિજયૈઃ (વિ. ધ. ચોપડો પાનાં ૧૫૬ થી ૧૬૭ પંક્તિ ૧૫.

—૭-૧૭ લીં. (આ બંને પ્રત પરથી યોગ્યપાઠ લઇ ઉપરનું લખેલ છે).

૨૧ વસ્તિગ (વસ્તો) (સં. ૧૪૬૨ પહેલાં)

(૨૯) ચિહુંગતિ ચોપઈ*

આદિ—

સેત્રુંજ વંદિઅ તીરથરાઉ, ગોયમ (ગુરૂયા) ગુણહર કરઉ પસાઉં,
વાગવાણિ હઉં સમરઉં દેવિ ચિહુ ગતિગમણ કહૂ સખેવિ. ૧
ચિહુંગનિ માંહિ કાંઈ નરકી સાર, દીસઈ દુખ તણુ ભંડાર, ૨
ચિહુંગતિ તણું તીહાં નહીં કોઇ ગંમુ જિહિ ચિત્તિ એક વસઈ જિણ ધમ્મુ.

× × ×

અંતે—

મૂરખમાહિ મૂ પહિલી લીહ, જિણ ધર્મમાહિ વસઉ સવિ દીહ,
કાલઉ ગહિલઉ બોલિ ઠાઉં, તેઉ પુણુ સહગુરૂ તણુઉ પસાઉ. ૭૩.
રામતિની છઈ મૂ ઘણી ટેવ, ગુરૂયા સઘની નિતુ કરૂ સેવ,
અગ્નાન પણઇ આસાતન થાઈ, વસ્તિગ લાગઈ શ્રીસંઘ પાય. ૭૪
(મ. બ.)

+ રાત્રિભોજન સ. ૫૫ સ. મા. બી.
+ રહનેમી રાજીમતિ સ. સ. મા. સી.

---

* પ્રસિદ્ધ જૈન કવિઓમાં આ કવિની ગણુના થાય છે આ ચિહું-ગતિ (ચાર ગતિ–મનુષ્ય, તિર્યંચ, નરક, દેવ) એ સંબંધીની ૭૪ કુંકની ચોપઇમાં અનેક–પ્રકારની યોનિમાં ભટકતા જીવને કેવાં કેવાં ભયંકર દુઃખ ભોગવવાં પડે છે, તેનું વર્ણન કરીને કવિ કહે છે કે જીવને અરિહંત દેવ અને સાધુ ગુરૂ એ મોટા પુણ્યને બળે પ્રાપ્ત થાય છે. માટે દૃઢ ચિત્તે જિન ધર્મ પાળી પાંચમી ગતિ (મોક્ષ) ને પામવી. (મ. બ.) સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલે પાટણના ભંડારોમાંના સાહિત્ય ના લેખમાં આ ગ્રંથની પ્રતીક લખ્યા સં. ૧૪૬૨ માંથી આદિ ને અંત આપેલ છે તેથી કર્તા તેની પહેલાંનો છે. તેમના કથન પ્રમાણે એક બીજા પ્રતમાં મંગલાચરણથી આદિ આમ મુકી છેઃ–' સેત્રુંજ વંદિય તીરથરાઉ, પ્રભરત્ના ગુરૂ કરૂં પસાઉ '–આ પરથી કર્તાના ગુરૂનું નામ પ્રભરત્ન અથવા રત્નપ્રભ હશે.

૨૨ જયશેખર સૂરિ*.

(૩૦) +ત્રિભુવનદીપક પ્રબંધ અથવા પરમહંસ પ્રબંધ.

રાગ ધન્યાસી.

આદિ—

પહિલું પરમેસર નમી, અવિગતુ અવિચલ ચિત્તિ;
સમરિસુ સમરસિ ઝીલતી, હંસાસણિ સરસત્તિ. ૧
માનસ સરિ જાં નિમ્મલઇં, કરઇ કતૂહલુ હંસુ;
તાં સરસતિ રંગિ રહઈ, જોગી જાણઈ ડંસુ. ૨
પાણિ પાહણિ સામિણી, મન સરસતિ સંભારિ;
દીસઈ દૂસણુ દઅગમી, બીટે ભૂઅણુ દૂઆરિ. ૩

*　　　*　　　*　　　*

---

* મેરૂતુંગસૂરિ-જન્મ ૧૪૦૩, દીક્ષા ૧૪૧૮, આચાર્ય પદ ૧૪૨૯, ગચ્છ નાયકપદ ૧૪૪૬, સ્વર્ગ ૧૪૭૧. તેમના સમયમાં આ જયશેખર સૂરિ થયા. એને મહેંદ્રપ્રભ સૂરિના શિષ્ય હતા. અંચલ ગચ્છ સ્થાપક આર્યરક્ષિત સૂરિ–તેના જયસિંહ સૂરિ–ધર્મઘોષ સૂરિ–મહેંદ્રસિંહ સૂરિ–સિંહપ્રભ સૂરિ–અજિતસિંહ સૂરિ-દેવેંદ્રસિંહ સૂરિ–ધર્મપ્રભ સૂરિ–સિંહતિલક સૂરિ અને તેના મહેંદ્રપ્રભ સૂરિ. જયશેખર સૂરિએ સં. ૧૪૩૬ માં નૃસમુદ્ર નગરમાં ઉપદેશ ચિંતામણિ–૧૨૦૦૦ શ્લોકનો ગ્રંથ, સં. ૧૪૬૨ માં ખંભાતમાં પ્રબોધ ચિન્તામણિ (કે જેનો ભાવાનુવાદ આ ગૂજરાતી પ્રબંધ છે), તથા ધમ્મિલ મહાચરિત મહાકાવ્ય ગૂજરાતમાંજ પૂર્ણ કરેલ છે. તેમજ ત્યાર પછી જૈન કુમારસંભવ રચેલ છે તેમાં પોતાને 'વાણીદત્તવરઃ' ઓળખાવે છે. આ ઉપરાંત નાના ગ્રંથ નામે શત્રુંજય, ગિરનાર, મહાવીરજિન એ ત્રણ પર સં. બત્રીશ શ્લોકની દ્વાત્રિંશિકા, આત્મબોધ કુલક (પ્રાકૃત), ધર્મસર્વસ્વ (ઉદ્ધૃત), રચેલ છે, અને પોતાના ઉક્ત ઉપદેશ ચિંતામણિ પર અવચૂરિ અને ઉપદેશમાલા તથા પુષ્પમાલાપર અવચૂરિ (નાની ટીકા), ક્રિયાગુપ્ત–સ્તોત્ર રચેલ છે. વિશેષ માટે જુઓ સાક્ષર શ્રી લાલચંદ પંડિતની આ પ્રબંધપરની પ્રસ્તાવના. આ પ્રબંધની પ્રાચીન શુદ્ધ ગૂજરાતી ભાષા જોતાં તે ૧૫ મા સૈકામાં થયેલ માનવામાં આવતા નરસિંહ મહેતા, ભાલણ મીરાંબાઇ, આદિની

અંતે-કલ્પ કામધેનુ એ હોઈ, એ ચિંતામણિ અવર ન કોઈ,
એહ જિ શિવપુરીનઉ પથ, જીવન એહ જિ સવિ હું ગ્રંથિ,
મૂલિ મંત્ર મણિ એ મનિ માનિ, તપ જપનઉ ફલ એહજ ધ્યાનિ
ધણિ સવિસપદ આવઈ પૂરિ, ઈમ બોલઈ જયશેહર સૂરિ. ૪૪૭
ત્રિભુવનદીપક એહ પ્રબંધ, પાપ તણઉ સાંસઈ નઈ ગંધ,
—(પા૦ પાપ તણઉ ન સુહાઈ ગંધ)
જા ગયણાંગણિ ધ્રુ થિર થાઈ, જા મહિયલિ દિણયર શશિરાઉ. ૪૪૮
—ઈતિશ્રી ત્રિભુવન દીપક પ્રબંધ સમાપ્તમિતિ.
શ્રી જયશેખર સૂરિ કૃત શ્રી અચલ ગચ્છે.
—પ્ર૦ કા૦, અમ૦,

—સં. ૧૬૨૨ વર્ષે આષાઢ માસે બહુ પખે એકાદસી ૧૧ ગુરૂ-વાસરે-શુભ નક્ષત્ર લગ્ને. પુસ્તકં લિખિત ચ ભટ્ટારક શ્રી પુન્યપ્રભ સૂરિસ્વરાણાં શિષ્ય ભટ્ટારક શ્રી જયસિંહસૂરિણા લેખપયાચકે. ૨૮. (મો. સે, લા,), ૪૦-૮ (વિજય ધર્મસૂ૦)

પ્રકટકર્તા—અ. બ. ગાંધી. સંપાદક પંડિત લાલચંદ ભગવાનદાસ.
વિ. સં. ૧૯૭૭.

---

૨૩ હીરાનંદ સૂરિ (પીંપલ ગચ્છ વીરદેવ સૂરિ–વીરપ્રભ સૂરિ શિ૦).

(૩૧) વિદ્યાવિલાસ પવાડો. સં. ૧૪૮૫

આદિ—

પહિલુ પણમીય પઢમ જિણેસર, સિત્તુંજય અવતાર

ગૂજરાતી ભાષા અર્વાચીન જણાઇ આવે છે. આમાં જૂની ગૂજરાતી છે અને અનેક છંદો જેવા કે દુહા, ધ્રૂપદ, એકતાલી, ચોપઇ, વસ્તુ, સરસ્વતી ધઉલ, છપય, ગૂજરી વગેરે છે. આ પરથી જેમ પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને જણાયું કે 'ગૂજરાતી ભાષાને પ્રથમ ગૂજરાતીનું રૂપ આપનાર જૈનોજ હોય એમ માનવાને બહુ કારણો છે.' તેમ સ્પષ્ટ સમજાય તેવું છે.

હથિણાઉરિ શ્રીં શાંતિ જિણેસર ઊજ્જતિ નિમિકુમાર.
જીરાઊલિ પુરિ પાસજિણેસર, સાચઉરે વર્દ્ધમાન,
કાસમીર પુરિ સરસતિ સામિણિ, દિઉ મુઝનઈ વરદાન. ૧
પિંપલિ ગછિહિં ગિરૂઆ ગણહર સિરિ વીરપ્પહસૂરિ,
નામઈ લીધઈ જાસુ તણે સવિ પાપ પણાસઈ દૂરિ.
તાસુ તણઈ પય પણમી બોલિસુ વિદ્યાવિલાસ ચરીઅ,
ભણઇ હીરાણુંદ ભવિયાં નિસુણઉ, હઇઅડઈ હરષ ધરીય. ૨
વિદ્યાવિલાસ નરિંદ પવાડો હઇડા ભિતર જાણી,
અંતરાઇ વિણ પુણ્ય કરઉ તુમ્હિ ભાવ ઘણેરો આણી.

× × ×

અંતે—

પીંપલિ ગચ્છિ ગુરૂઈ ગુણનિલઉએ
વીરદેવ સૂરિહિં પાટિએ અચલ વધામણુએ, ૬૫
વીરપ્રભસૂરિ ગુરૂ ગહગહીએ, પાટિ હીરાણદ સૂરિ. અચ૦
સંવત ૧૪ પચ્યાસીહ એ વિરચીઉ ચરિઅ રસાલ-અ૦

—કુલ ૧૭૦. પદ્ય. સાગરભંડાર પાટણ. પ્રત. લખ્યા સં. ૧૫૩૨ ની, ચ૦. જેસ;૦

—સં. ૧૫૬૫ શક ૧૪૩૦ ભાદ્રપદ સુદિ સપ્તમી ગુરૂ શ્રી મંડપ ગઢ મહાદુર્ગે પાતિસાહ શ્રી નસીરસાહ વિજયે રાજ્યે શ્રી મલધાર ગચ્છે શ્રી લક્ષ્મીસાગર સૂરિ શિ. નીતિવિધાન શિ૦ હીરાણુંદ લિ૦ ૧૪-૧૧ ન. ૧૭૧ ૧૮૮૧-૮૨. ડે. કો.

(૩૨) દશાર્ણભદ્ર રાસ.

આદિ—

વીર જિણેસર પય નમીએ,
સમરીય સમરીય સરસતિ દેવિ કિ,
દસનભદ્દ ગુણ ગાઇસ્યું એ,

હીયડલઇ હીયડલાઈ હરપ ધરેવિ કિ—
વીર જિણેસર પય નમીએ. १

*　　*　　*　　*

અંતે—

ઇણિ પિરિ જિણવર ગુણ થુણએ નાસઈ કશ્મલ દૂરિ કિ,
ઓલઇ ઓલઈ હીરાણંદ સૂરિ કિ,
ઇણિપરિ જિણવર જિણવર વાંદતાં એ. ३१
३–११ વિ. ધ.

(૩૩) જંબૂ સ્વામીનો વિવાહલો સં. ૧૪૯૫.

(૩૪) કલિકાળ.

---

૨૪ દયાસાગર સૂરિ.

(૩૫) ધર્મદત્ત ચરિત્ર. સં. ૧૪૮૬ —મિશ્ર.

---

૨૫ જયસાગર.

(૩૬) વયર સ્વામિગુરૂ રાસ સં. ૧૪૮૯ જૂનાગઢ.

અંત—

જૂનઇગઢિ શ્રી નેમિ પસાઇં,
શ્રી જયસાગર વર કાય ઉવઝાઇં;
ચઉદ નિવ્યાસી વચ્છર હો. ५४
ઇમિ ગણહર સુવિહાણ થુણીજઇ,
ઉચ્છવ મંગલ રાસ રમીજઇ;
શ્રેય શાંતિ સંપત્તિ કરો. ५५
પ્ર. કા.

(૩૭) કલ્યાણમંદિર ભાષા (ચો.) વિધા.

---

૨૬ મેઘા (મેહા).

(૩૮) શ્રી તીર્થમાળા સ્તવન.

અંતે—

એકસઉ તીરથ વીસોત્તર નામ, ઇણિ ભણિ હુઈ સવિહું પ્રણામ,
શ્રાવક મુગતિથિ કુલઅ જયા, એહ તવન ભણિયો હો ભયા. ૫૧
મેહઉ કહઇ મુગતિનું ઠામ, સદા લિઉં તીર્થંકર નાંમ,
તીરથમાળા ભણુઉ સાંભલઉ, જાઇ પાપ ઘટ હુઈ નિરમલુ, ૫૨

ઇતિ શ્રી તીર્થમાળા સ્તવન સમાપ્ત મિત્તિ.
શ્રાવિકા શ્રી મેલી વાચનાર્થં. (પ્ર. કા.)

(૩૯) રાણકપુર સ્તવન ૧૪૯૯ કાર્તિક.

આદિ—

વીર જિણેસર ચલણે લાગી, સરસતી કન્હઈ સુમતિ મઇ માગી,
વૃદ્ધિ હોઈ જિમ આવી. ૧

× × ×

અંત—

ભક્તિ કરી સાહમ્મી તણી, એવં દરિસણ દાન,
ચિહુ દિસિ કીરની વિસ્તરી એ, એ ધન ધરણ પ્રધાન,
સવત ચઉદ નવાણુવઈ એ ધુરિ કાતી માસે,
મેહઉ કહઇ મઇ તવન કીયઉં મનરગ ઉલાસે. ૪૪

૫–૧૦ નાના પાનાંની જૂની પ્રત આગરોલ.

---

૨૭ દેવરત્ન સૂરિ શિષ્ય.

(૪૦) દેવરત્ન સૂરિ ફાગ. સં. ૧૪૯૯

આદિ—

પહેલાં સંસ્કૃત મંગલાચરણનાં શ્લોક છે. પછી

રાસ.

ત્રિભુવન ગગન વિભાસન દિણયર, નયર જીરાઉલિ વાસરે,
નમિય નિરંજન ભવભય ભંજન, સજ્જન રંજન પાસરે,
કવિજન માનસ સરવરહ સીય, સરિસીઅ અવિચલ ભત્તિરે;
ધ્યાઇસુ ભાવિઇ દેવી સારદ, શારદ શશિકરકંતિરે.

*　　*　　*　　*

અંતે—

સવત ચઉદ નવાણું વરિસઇ, રૂતુ વસંત જન મહનઇં
　　દિવસિઇં, મનેરંગિ હિ સુવિશાલ,
ફાગબંધી એ ગુરૂ વિનતી ભાવ ભગતિ
　　ભોલિમ સજુતી, કીધી રસ ચઉસાલ.　　　૬૪

ગણધર શ્રી દેવરત્ન સૂરિસર, ઇમિ વીનત્તિ કરી
　　જે નરવર, વદઇ ભગતિહિ સાર,
તિહ ઘરિ વિલસઇ નવનિધિ અહનિશિ, રવિ
　　સુહસપદ નિતુ કુઇ તીહ વસિ,
　　વછિય સિદ્ધિ અપાર.　　　૬૫

(આ ૬૫ કુકનું જૂદા જૂદા પ્રાચીન છદમા સુદર કાવ્યના નમુનાઓ પરે પાડનારૂં કાવ્ય છે.)

પ્ર૦ જૈ. ઐ. ગૂર્જર કાવ્ય સચય.

---

૨૮ ગુણરત્ન સૂરિ (નાયલગચ્છીય ગુણસમુદ્ર સૂરિ—ગુણદેવ સૂરિ શિ૦)

(૪૧) ઋષભરાસ.

આદિ—　　પડિત શ્રી યશોવિમલ સદ્ગુરૂભ્યો નમ

આદિ અક્ષર ૐકાર સિઉં, અરિહંત પણમ્યેસુ,
રાસ બંધ [1]રિસહેસનુ, નવ નવ રસ વન્નેસુ[2].　　　૧

---

૧ ઋષભેશ—આદિનાથને ૨ વર્ણવીશ.

અગ્ગાઈ કવિઅણુ કવિઅ રસ, કવિઉ કોડા કોડિ,
નીય મનિ માનિ કવંતડાં, કવિય મ દેજ્યે ખોડિ. ૨
નાયલ ગછિ ગુણદેવ ગુરૂ, પામી સુગુરૂ પસાઉ,
ગુણરયણુ સૂરી ઈમિ ઉચરિ, વન્નિસુ વનિતારાઉ. ૩
વશ ઇખાગહ ક તવિસુ, આણી અતિ ઘણુ ભત્તિ,
ગુણતાં ગણુ ગિરૂયડિ ચડિ, સરસત્તિ આપુ મત્તિ. ૪

× × × ×

અંતે—

કઠિન કર્મ ક્રિયા વેલી દાધ, પુરિમતાલ પ્રિરિ કેવલ લાધ,
ન્યાન મહોચ્છવ સુરપતિ કરિ, જય જય શબ્દ ત્રિભુવન ઉચરિ. ૧૪૨
કેવલદીપક ત્રિભુવનભાણુ, સમોસરણમાંહિ કરિ વખાણુ,
ગુણરત્નસૂરી સ્વામી જયવંત, પ્રથમ પ્રબંધ ઋષભ જયવંત. ૧૪૩

—ઇતિ ઋષભચરિત્રે પ્રથમ પ્રબંધ.

(૪૨) ભરત બાહુબલી પ્રબંધ.

આદિ— અડતાલ ચોપાઈ.

પઢમ જિણેસર પાય નમુ નિત, સેત્રુંજ કેરો સ્વામિ,
અહનીસ આદિન નામ જપનાં, દુરગતિ નાસિ નાંમિ. ૧
પઉમાદેઈ વર દીધ અનોપમ, નાયલ ગચ્છિ ગુરૂરાય,
શ્રીગુણ સમુદ્રસૂરિ ગૂર ગિરૂઆ, મહિઅલિ ઘણુ યશવાય. ૨
તાસ પાટિ તપ તેજિં દિવાકર, સાયર જિમ ગંભીર,
શ્રી ગુણદેવ સૂરિ ગુણિપૂરિત, સમરથ સાહસ ધીર. ૩
તાસ સીસ વીરરસ જંપિ, શ્રી ગુણરયણહ સૂરિ,
રિસહેસર કુંઅર ગુંણ ગાતાં, પાપ પલાઈ દૂરિ. ૪
આદિ કૂંઅરિ કરૂં વીનતી, આલી અમ વર દીજિ;
ભરથ બાહુબલિ તણો પવાડો, તુઝ પસાયિં કીજિ. ૫

× × × ×

અંતે—

સતી ભણઈ સુંણિ સાચું વીરા, ગયવર માંન કહિજિ,
એહ થકા ઉતરો અતુલીબળ, જિમ સવિ કર્મ દહિજિ. ૩૯૩
બિહિનિ તણુઉ પ્રતિબોધ સુણીનઈ, હિઇ ઉપસમ વસિઉં.
નાત જુહારૂં બંધવ વાંદૂં, બાઇ એ દૂંય વસાંસિઉ. ૩૯૪
માન તજ્યૂં તવ ગ્નાન ઉપનું, અમરે કીઉ ઉચ્છાહ;
સમોસરણિ કેવલની પાતિ, બિઠો બાહુલી નાહ. ૩૯૫
નાભિ મરૂદેવ્યા ઋષભ જિણેસર, સુનંદા સુમંગલા રાણી;
ભરથ બાહુબલિ બ્રંભી સુંદરિ, સતી શિરોમણિ જાણી. ૩૯૬
એ જપંતાં અંગિ પાપ ન લાગિ, અવિહડ સુખ અનન્ત,
શ્રી ગુણરત્ન સૂરી ઈંમ બોલિ, શ્રી આદિનાથ જયવંત. ૩૯૭

—ઈતિશ્રી ભરથ બાહુલી સબંધે દ્વિતીયો પ્રબંધ સંપૂર્ણો ય રાસ લિખિતં વિદ્યાવિમલેન સં. ૧૭૦૩ કાર્તિક શુદિ ૧૦ શનૌ

(દે૦ લા૦ કમળ વિજય મુનિ પાસેથી) રત્ન૦ દે૦

કર્તાનો સમય જાણવા માટે વિચાર કરતાં જણાય છે કે તે ભગન પદરમા સૈકાના અંતમાં વિદ્યમાન હતા, તેના કારણુમાંઃ—

(૧) તેમના ગુરૂના શિ.-ગુરૂભાઈ ગ્નાનસાગરની કૃતિઓ ૧૫૩૧ માં જોવામાં આવે છે. તે માટે જુઓ ગ્નાનસાગર પહેલા

(૨) તેમના ગુરૂ ગુણસમુદ્ર સૂરિએ અનેક બિંબનીપ્રતિષ્ઠા કરાવી છે – ઉપલીપાસર ગ્રામમાં સં. ૧૪૯૨ માં પંચતીર્થીના બિંબની પ્રતિષ્ઠા કરાવી છે તેનો લેખ આ પ્રમાણે છેઃ—

સં. ૧૪૯૨ મા વેશાખ શુદિ ૩ ગુરૌ શ્રી શ્રીમાલી જ્ઞાતિય રાજા ભાર્યા જસમાદે સુત માહિરાજે નિજપિતૃ-માતૃ શ્રેયસે શ્રી સુવિધિનાથ પંચતીર્થિબિંબ કારિતં પ્રતિષ્ઠિતં નાગેન્દ્ર ગચ્છે શ્રી ગુણસાગર સૂરિ તત્પટ્ટે ગુણસમુદ્ર સૂરિભિઃ-ઉપલી પાસર ગ્રામેઃ—જુઓ જૈન પ્રતિમા લેખ સંગ્રહ ડભોઈના લેખ અંક ૫.

બીજો લેખ સં. ૧૫૧૨ નો છે તે આ પ્રમાણે;—

સં ૧૫૧૨ વર્ષે ફાગણુ શુદિ ૮ શુક્રે શ્રીમાલ-જ્ઞાતીય શ્રે. માઝઆ ભા૦ માણિકદે સુ. સાતિગકેન પિતૃમાતૃ શ્રેયોર્થં આત્મશ્રેયસે શ્રી કુંથુ-નાથબિબં કા૦ પ્રતિ૦ શ્રી નાગેન્દ્રગચ્છે ભ૦ શ્રી ગુણસમુદ્ર સૂરિભિઃ ॥ (પચતીર્થી)-ઉપર મુજબ અંક ૩૪૮.

અને ગુણસમુદ્રના ગુરૂ ગુણસાગરે સ. ૧૪૮૫ માં પ્રતિષ્ઠા કરાવી છે. સં. ૧૪૮૫ વર્ષે વૈશાખ શુ. ૬. રવૌ શ્રી ઓસવાલ જ્ઞા૦ ॥......સુત સુડાકેન શ્રી વાસુપૂજ્યબિંબ કા૦ પ્ર૦ શ્રી નાગેન્દ્ર ગચ્છે શ્રી ગુણસાગર સૂરિભિઃ સર્વ દોષ હરણ નિમિત્તં ॥ છ ॥-અંક ૬૧૦.

---

૨૯ સોમસુંદર સૂરિ* (તપા ગચ્છના ૫૦ મા પટ્ટધર)

(૪૩) આરાધના રાસ.

(૪૪) + નેમિનાથ નવરસ ફાગ. (ગુજરાતી-પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર.)

આદિ—

આમા પહેલા મગલાચરણના બે સસ્કૃત શ્લોક છે. પછી

રાસક

સમર વિસારદ સકલ વિસારદ સારદ યા પર દેવીરે
ગાઇસુ નેમિ જિણિંદ નિરંજન રંજન જગહ નમેવીરે. ૩

---

* જન્મ સં. ૧૪૩૦, દીક્ષા ૧૪૩૭, વાચક પદ ૧૪૫૦, સૂરિ પદ ૧૪૫૭, સ્વર્ગ ૧૪૯૯ આ પ્રતિષ્ઠિત સૂરિનું ચરિત્ર 'સોમ સૌભાગ્ય કાવ્ય' માં ગૂંથેલું છે. તેમણે સસ્કૃતમાં ભાષ્યત્રયચૂર્ણિ, કલ્યાણકસ્તવ, રત્નકોશ, નવસ્તવી વગેરે કૃતિઓ કરી છે અને ગુજરાતીમાં તેમણે ગદ્યમાં ઉપદેશમાલા બાલાવબોધ (૧૪૮૫), યોગશાસ્ત્રપર (સં.) ષડાવશ્યક પર (સં.) આરાધના પતાકા પર (સં.) નવતત્ત્વપર (સં.) ષષ્ઠીશતકપર [સં. ૧૪૯૬] વગેરે બાલાવબોધ કર્યાં છે, તેમના શિષ્ય મુનિસુંદર સૂરિએ યોગશાસ્ત્ર-ચતુર્થપ્રકાશનો બાલાવબોધ રચ્યો છે.

રવિતલિ વરતઇ સોરીઅ પુરવર અવય નયર સિંગારરે
સમુદ્રવિજય તિહાં રાજ કરતિ પતિ રતિપતિનઉ અવતારરે. ૪

× × ×

આમા ત્રણ ખંડ છે. ત્રીજા ખંડની

અંતે— આંદોલ

પ્રથમ અનેક વિશાલ કુસુમ પગર સુકુમાલ, નાદ મનોહરઓ ચચલ ચામર એ,
હેમસિંહાસનુ કંત ભામડલ ઝલકંત, દુદુંભિ અશોકિઅ ત્રિણ્ણિ છત્ર
ઉપરીએ. ૩૩

ઇમ પ્રતિહારજ આઠ, કમઠ જિતો નગપાઠ, ગ્યઈ પુનરપિ જુરિ ભાતિ ધરએ,
પાલીય જિનવર ધર્મિ, સયમ મન ઉલ્લાસિ, સિવપુરિ પુહતી એ
રાજમતી એ સતીએ. ૩૪

ફાગ

ધવલ આસાઢની આઠમી નાઠ માહા મેવ નારી
નેમિ જિણેસર સિવપુરિ પહુતિ ગયુ ગિરિનારિ. ૩૬

પછી સંસ્કૃતમાં બે શ્લોક છે. તેમના છેલ્લા શ્લોકની અંદર કર્તાએ પોતાનું નામ 'ભૂપાદ્યજાંક સૌભાગ્યસુંદરયશા શ્રી સંઘભટ્ટારક' એમાં બતાવ્યું છે.

—ઇતિશ્રી નેમિનાથસ્ય નવરસ વિલાસ ભવિકજનરંજન ફાગં સમાપ્ત મિતિ.

પત્ર ૪–૧૫ મોરબી. પ્ર૦ જુલાઈ–અગસ્ટ ૧૯૧૭માં જૈન કૉન્ફરન્સ હેરંડ તથા મુનિ ધર્મવિજય તરફથી શમામૃત અને આ સાથે છપાયેલ છે.

[ધનદેવગણીએ સુરંગાભિધાન નેમિફાગ સં. ૧૫૦૨ માં રચેલ છે.]

૩૦ ભાવસુંદર (ત૦ સોમસુંદર સૂરિશિ૦)

(૪૫) મહાવીર સ્તવન—પાન વિહાર મંડન સ્ત૦ ઉજ્જનમાના.

આદિ—

પણમવિ સરસય માય પાય, નિતુ બે કરજોડિય,

× × × ૧–૨

શ્રી સોમસુંદર સૂરિ રાઓ નિતુ સમરવિ નામ,
જંગમ તીરથ સકલ મણિ બિય બોહસ ડાણું;
પંચ મહાવય ધરણધાર ધુરિ પંચાચારો,
પચેંદ્રિય વસિકરણ મયણ જીતઉ સપરિવારો. ૩
મોહરાઓ જિણિ નિરદલિઓ, જીતા ચ્યારિ કષાય,
સા ગિરૂયા ગુણ સમરતાં, નિરમાલડીએ
દૂરમનિ દૂર પલાઈ. ૪

× × × ×

અંતે—

ઉલટ રસ એક મનિ, એક ચિત્તિ કરિ ભાવસુંદર,
જિમ નાસઇ અસુહ સિવિ સંપયંતિ સુખહ પરંપરિ,
પરતિ પરપદ પામિએ ઇહરતિ નવઈ નિહાણ;
કળિ કુલિ જગિઅ જાઉકર જિણવર જગ જિમ ભાણ;
જા મેરૂ ગિરિ જલલહરિ સાગર સકલ તારા મંડણું;
સસિ ભાણ ચંદ્ર અચલ નાખિત્ર અમર પરિ જા મહિયલં,
તાં નિતુ નવી પરિ નિતુ ચડાવઇ અધિક યાન વિહારયં,
ઓપધ સહિતુ ભણિ તવનઉ, સ જયતિ શ્રી વીર જિણિંદએ,

---

૩૧ સાધુકીર્ત્તિ (વડતપગછ—જિનદત્ત સૂરિ શિ૦)

(૪૬) મત્સ્યોદર કુમાર રાસ.

આદિ.

અંતે—

વડતપ ગછ શ્રી જિનદત્તસૂરિ, તાસ સીસ જંપઇ ગુણભૂરિ,
સાધુકીર્ત્તિ ગણિ રચીઉ રાસ, ભણઇ ગુણઇ તસ પૂગઈ આસ. ૧૫૭
—ગણિ લક્ષ્મિ વિજયેન લિપિકૃતં ગણિ જયવિજય પઠનકૃતે.
૯–૨૧ (વિ. ધ.)

(આ રાસમાં થોડા વસ્તુ છંદ અને મુખ્ય ભાગે ચોપઇ છંદ છે. એક વિવાહછે કે જેમાં ચોપાઇને દરેક પાદને અંતે એ લગાડયો છે

(૪૭) વિક્રમચરિત્ર કુમાર રાસ સં. ૧૪૯૯ લખ્યાસાલ ૧૬૯૯

---

૩૨ માણિકય સુંદર (મેરૂતુંગ શિ૦) ૧૪૭૦ આસપાસ)

(૪૭) ચંદ્રધવલ ધર્મદત્ત કથા.

---

૩૩ તેજવર્દ્ધન (૧૫ સૈ.)

(૮૮) ભરત બાહુબલી રાસ.

---

(૩૪) સર્વાનંદસૂરિ (૧૫ મા સૈકામાં થયા સંભવે છે.)

(૪૯) મંગલકલસ ચોપાઈ. (પ્રાચીન છે)

આદિ— મંગલાચરણ.

સયલ મંગલ સયલ મગલમૂલુ મુણિનાહ
આબુગિરિ આદિજિણ્ પાય પઉમ પણમેવિ ભાવિણ્
કચ્છોલી મુખમડણ્ પાસનાહુ ઉરવરિ ધરેવિણ્.
વાગુવાણિ સુભ વયણલે અવતરી અક્ષરમાલ,
મંગલકલસ ચરિત હિત ભણસિઉ રલિઅ રમાલ. ૧

દુહા—રલિઅ રસાલ નિસુણતાં મંગલકલસ ચરિત્ત,
ભવિઆં ભાવિઈ સંભલુ કરીઉ સુનિચલ ચિત્તુ. ૨
નિશ્ચલચિત્ત પસાઉલઈ વિઘ્ન વિલીજઈ દૂરિ,
સુલલિત વાણી ઇમિ ભણઈ શ્રી સર્વાનદસૂરિ. ૩

—પા. ભ.

આ રાસના કર્તા સર્વાનન્દસૂરિ કિયા ગચ્છના હતા અને તેમણે આ રાસ કયારે રચ્યો તે જણાતું નથી. એક સર્વાનન્દસૂરિએ સં. ૧૩૦૨ માં ચંદ્રપ્રભ ચરિત્ર રચેલું છે. આ ચોપાઇમાં વસંત સામેરી દ્રુપદ

વગેરે રાગો વાપરેલા છે. ચી. ડા.—બીજા સર્વાનન્દસૂરિએ જગડૂચરિત રચ્યું છે. આ કૃતિ પ્રાચીન છે ને તે ૧૫ મા સૈકાથી અર્વાચીન નથી જ એમ જણાય છે તેથી અત્યારે તો તે સૈકામા મૂકી છે.

૩૫ મંડલિક.

(૫૭) પેથડરાસ

આદિ—

વિગુણરયણિ દાનવઇ દેવિ સામિણિ વાગેસરિ
હંસગમણિ આકાશગમણિ નિરૂપમિ પરમેસરિ
વીર જિણિંદહ નમીય ચલણ ચઉવિહુ શ્રી સંઘિ
કનક કલશ જગ્ગાધિરાજ સમરીય મનરંગિ. ૧
કોડીય નયર નિવાસણીય વડઇ અંબિકદેવિ,
શાન્તનંદનિ મન ધરીય ગુરુચલણ નમેવિ. ૨
રાસ રચેવઉ જિણભવણિ તાતમંત દેવિ પાઉ
મન તલાગા રોપીઉ એ સમ ગિરિવિમગિરિ બેવિ. ૩

× × × ×

અંતે—

સોમનાથ ચઉપદ વંદીય દેખાઉ વલીઉ જામ
હિઉ પીયાણુ લિવ મન રહિસઉ, મંડલિક ભણઇ એમ
તહિ નાચિન.
હિઉ પીયાણુ વેગિ તહિ હરીયાલા સૂડા રે
સરવાળે સપત્ત મનીલા સૂડા રે.

—પ્રાગ્વાટ વંશ મૌક્તિક વ્ય૦ પેથડ રાસ સમાપ્ત

(પ્ર. કા; પાટણ.)

[વિક્રમના ૧૩ મા શતકમાં થયેલા પોરવાડ વંશના પેથડશાહના સુકૃતો આ રાસમાં સંક્ષેપમાં વર્ણવેલા છે. રાસ ૧૫ મા શતકના આદિમાં રચાએલો લાગે છે. પેથડના વિશેષ વર્ણન માટે સુકૃતસાગર કાવ્ય જુઓ. ચિ. ડા.]

વિક્રમ સોળમી સદી.

---

૩૬ દેપાલ.× ભોજક સં. ૧૫૦૦ થી ૧૫૨૨ સુધીમાં વિદ્યમાન કવિ.

(૫૧) જાવડભાવડ રાસ-પા. ૪
(૫૨) રોહિણીયા ચોરનો રાસ.
(૫૩) આર્દ્રકુમારનું ધવલ.

(દેપાલ ભણિ સાંઝ ગઉલિ સુગતિ આપુણી ધાનરી
સ્તુતિ સઘલ સંઘ પ્રમન.)   પ્ર. ના.

× પ્રસિદ્ધ નાગરી કવિ હતો. તેનું ટુંકું નામ દેપો હતું શ્રી ઋષભદાસ કે જે ત્યાર પછી સત્તરમા સૈકામાં જૈનેતર કવિ પ્રેમાનંદને પણ ટક્કર મારે તેવો વણિક શ્રાવક કવિ થયો છે તેણે સંવત ૧૬૭૦ માં રચેલા પોતાના કુમારપાળ રાસમાં ઉલ્લેખ કરી તેના વખાણ કર્યાં છે :—

ભાગિ જે મોટા કવિરાય, તાસ ભાય ચરણરજ ઋષભદાસ,
લાવણ્ય, લીંબો, ખીમો ખરો, સકલ કવિની કીરતિ કરો.
હંસરાજ વાછો દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ,
સુસાધુ સમરો સુરચંદ, શીતલ વચન જિન સારદચંદ'

વધુ હકીકત માટે કાચર વ્યવહારી રાસ જુઓ. તેના જણાવેલ છે કે દિલ્હીના પ્રસિદ્ધ દેસલહરા શાહ સમરો અને સારંગ એમના તે આશ્રિત હતો.

યાચક તેહના ઘર તણુઉ વેધક નર વાચાલ,
જાણીતઉ જિનશાસની કહીઈ કવિ દેપાલ.

આમાં યાચક એ વિશેષણ તેમજ બીજે સ્થલે તેજ રાસમાં 'લ્યોરે ઠાકુર તુમ જ ભાવઈ' એમ ઠાકુર શબ્દથી સંબોધન સુચવે છે કે કવિ ભોજક હતો. (વિજયધર્મસૂરિ કૃત ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૧લો) આના એક કાવ્યની પ્રતિ સં. ૧૫૦૫માં લખાયેલી છે. દેપાલ ગુજરાતમાં રહ્યો હતો અને ગુજરાતમાં રહીને તેણે ઘણા કાવ્ય રચ્યાં હતાં. એની જે કવિતાઓ મળી છે તે તે કવિતા બીજા ગુજરાતી જૈન કવિઓના જેવીજ ભાષામાં છે. દિલ્હીની ભાષાની કશી અસર તેમાં જણાતી નથી. (મ. બ.)

(૫૪) વજ્રસ્વામી ચોપાઈ સં. ૧૫૨૨

(૫૫) ચંદનબાલા ચરિત્ર ચોપાઈ—

આદિ— વસ્તુછંદ.

વીરજિણવર પાય પણમેવિ પણમિય પરમેસરીય
હરખિ હીઆ સુધિ હંસગામિણિય
તિહુયણ જિણ આણંદણી, વાગવાણિ સરસતિ સામણિ.
ચંદણબાલા ચરિત ગુણ, બુદ્ધિ માણ સુવિસાલ,
સંઘતણઈ સુપસાઉલિઇ, કહિઈ સુકવિ દેપાલ.

—પ્ર. કા.

(૫૬) હરિયાળી.

(એ હરિયાળી જે નર જાણે, મુર્ખ કવી દેપાલ વખાણે.)

(૫૭) સ્થૂલિભદ્રની કક્કાવાળી—

એ ભલે ભલેરી અખિરહ બાવનહ ધરિ એહિ,
આગલિ મીંડઈ દસગણુઇ અંકતણી પરિ એહ. ૧
ગણ ગરૂઆ દોઈ લીહડી ગણપસ્તાર વિશાલ,
થૂલભદ્ર મુનિવર ચરીય, કહિસઈ કવિ દેપાલ.
કમણ વયણ નરવર રયણ રૂપિ મયણ અ.

(૫૮) સ્થૂલભદ્ર ફાગ.

આદિ—

પણમિય પાસ જિણિંદવય અનુ સરસઈ સુમરેવી,
થૂલિભદ્દ મુણિપઈ ભણિસુ, ફાગ બંધિ ગુણ કેવી. ૧
સોહગસુંદર રૂવવંતુ ગુણમણિ ભંડારો,
કચણ જિમ ઝલકંત કંતિ સંજમ સિરિહારો.
સૂલિભદ્દ મુણિરાઉ જામ મહિયલુ બોહંતઉ,
નયરિરાય પાડલિય નયરિ પહુતઉ વિહરંતઉ. ૨.

× × ×

અંતે—

નંદઉ સો સિરિ થૂલિભદ્દુ જો જુગહપહાણો
મલિયઉ જિણિ જગમલ્લ, સલ્લ રઇવલ્લહ માણો,
ચૈત્રમાસિ બહુ હરિસ રંગિઇ જુ મુણિ ગાએવઉ,
ખેલહિ નિયમણિ ભેલટિ હિત સુ ફાગુ રમેવઉ. ૨૭

—૨૭ ટુંકોનું સુંદર કાવ્ય છે.

(૫૯) આર્દ્રકુમાર ધવલ.

આદિ—

માઈએ નયરહં રીદ્ધિદ્ધયારિ, પાંચ કન્યા રામતિ રમઈએ,
ચિહુપણુ વરીવલા થંભ ચિયારિ, વરનવિ પામઈ પંચમીએ. ૧
વાવિ ચઉખંડીએ ચ્યારિ એ ખંભ, ચિહુ ચિહુ કુમારી ચ્યારઇ વરિયા એ,
રૂપિ નિરૂપમ જેસીય રંભ, ધણદત્ત ધૂય તેહે ખીજવીય. ૨

* * * *

ધન પ્રભાવિઈ કવિ દેપાલ, આર્દ્રકુમર વલી આવિઉ એ. ૪

ધવલ ૧

* * * *

અંતે—

અભયકુમાર તૂં મીત્રીઉએ, ન્યાયઈ એ વડબુદ્ધિ તૂં.
અમ્હ પ્રીય વાછતઈ રહાવીઉ એ, રમતલઇ બાર વરીસ તૂં.
અખઇયિ હોઇ જે વાછ તૂં, વડઉ લેસાલીઉ એ.

(૬૦) +સ્નાત્ર પૂજા.

આદિ.

પહેલાં, ત્રણ પ્રાકૃત આર્યા—ગાથા છે, પછી ઢાલ-ચાલ.

પવિત્ર ઉદક લેઇ અંગ પખાલી, વિવિધ વસ્ત્ર જાદવ ચિરમાલી,
કુસુમાંજલિ મ્હેલો આદિ જિણુદા, તોરા ચરણકમળ સેવે
ચોસઠ ઈંદા—કુસુમાં. ૧

* * * *

અંતે— વસ્તુ.

રિસહ મજ્જણુ રિસહ મજ્જણુ કરિય સુરરાય,
ઉપ્પાડિય જય જય કરિય, જનની પાસિ મિલ્હેવિ જિનનાથ;
નંદીશ્વર અટ્ઠ દિવસ, કરિય દેવ દેવી નિયઠાણુ પત્તા,
ઇણિપરિ સયલ જિનેશ્વરહિ, કરહુ ન્હવણુ બહુભત્તિ
મુનિ રયણાયર પાવહર, જિમ તુમ દિયઇ વરમુત્તિ. ૧૨
—પ્ર૦ દેપાલની સ્નાત્ર પૂજામાં અંતર્ગત વિવિધ પુજા સંગ્રહ.
(દેપાલ કવિના સમકાલીન હોવા જોઇએ તેથી આ કવિને દેપાલ કવિ પછી મૂકેલ છે.)

---

૩૮ સંઘવિમલ (મેલા સંઘવી ?) ત૦ મુનિસુન્દર શિષ્ય.

(૬૪) સુદર્શન શ્રેષ્ઠિનો રાસ પ્રબંધ સં. ૧૫૦૧ જેઠ શુદ ૪ ગુરૂ.

આદિ—

પહિલઉં પ્રણમિસુ અનુક્રમિઇં એ, જિણવર ચઉવીસ,
પચ્છઇં શાસનદેવતાએ, તીહ નામઉં સીસ.
સમરીઅ સામિણિ સારદા એ, સાનિધિં સંભારઉ,
આગઇં પાલઉં પ્રતિપ નૂં એ, કવિ સિઉં એકા હરઉ. ૧
તઉ તૂઠી તતખિણિ ભણઇએ, હઉં આવિસુ અંગઈ
સેઠિ સુદસણુ તણઉ રાસ રચિયો મન રંગઇં,
જંબૂ દીવહ ભરહ ખેત્ર વસુહાઇં વદીતી,
ચંપા નગરી ચતુરપણઇં અમરાપુરિ જીતી. ૨

× × ×

અંતે—

તીણઈં અવસરિ બ્રહ્મવ્રત લીયઇ એ મા. નર અનઈં નારીવૃંદ, સુ.
શીલ મહાતમ સાંભલો એ મા૦ વિષયઉ મૂલિય કંદ, સુ. ૪૭
તપગછિ ગુરૂ ગોયમ સમાએ, મા. શ્રી મુનિસુંદર સૂરિ, સુ.
નામઇ સર્વે સિદ્ધિ સંપજે એ મા. દુરિય પણાસઇ દૂરિ, સુ. ૪૮

તાસુ તણુઈ સેવકિ રચઉં એ મા. રાસ હૃદય રઙ્ગિ રંગિ, સુ.
થાપિઉં સીલ સોહાંમણું એ મા. આનંદ ઉપજઇ અંગિ. સુ. ૪૯
સંવત પનર એકાતરઈ, મા. જેઠહ ચૌથિ વિશુદ્ધિ, સુ.
પુષ્પ નક્ષત્ર ગુરવાર સિઉ એ, મા. ચરિત્ર એ પહુવિ પ્રસિદ્ધ સુ. ૫૦
જાં લગઇ મેરૂ મહીધરૂ મા. જાં જલ સાયર પૂર સુ.
શીલ **સુ**ંદરિસન ગાઈઈ મા. જા લગઈ સસિ નઈ સૂર, સુ. ૫૧
જે નર શીલઈં નિરમલા એ, મા. નારિ નવાહિઆ મૂલ સુ.
એ કરજોડી કવિ કહઇએ મા. હું તીહ પગની ધૂલિ સુ. ૫૨
શીલ હિ સવિ સુખ સપજઈ એ, મા. શીલ લગઈં નવનિધિ, સુ.
શીલઈ સુર સાંનિધિ કરઈ એ મા. શીલહિં સયલ પ્રસિદ્ધિ. સુ. ૫૩
શીલહિં ઉત્સવ નિતુ નવા એ મા. શીલહિ કોડિ કલ્યાણ, સુ.
શીલ લગઈ કહીયઇ કિસો એ, મા. પાંમીઈ પચમ ઠાણ સુ. ૫૪
શીલ પ્રબધ જે સાંભલઇ એ માલ્હંડતડે, નરનારીય તે ધન્ન, સુ.
સુદરિસન રિષિ કેવલી એ, મા૦ ચતુર્વિધિ સંઘ પ્રસન્ન, સુણિ સુંદ૦ ૨૫૫

—વિ. ધ. ચોપડો. પા. ૨૩-૩૭)

—સં. ૧૫૭૩ માંજ લખાયેલ પ્રત ડેહલાના ભંડારમાં છે.

—કુલ પાંચ ઢાળો અને ૨૫૭ પદ્ય. સાગર ભં. પાટણ.

[આ કૃતિના કર્ત્તાનું નામ કોઈ પ્રતમાંની અશુદ્ધતાને લઇને 'મેલો સઘવી' એવું હોય એમ ઘડીભર લાગે છે. પણ સૂક્ષ્મતાથી વિચારતાં સંઘવિમલ એજ નામ ખરૂં જણાય છે.]

---

૩૯ ધનદેવ ગણિ.

(૬૫) સુરંગાભિધાન નેમિફાગ. સં. ૧૫૦૨.

આદિ—

પહેલાં, સંસ્કૃતમાં મંગલાચરણ શાર્દૂલ શ્લોકમાં છે પછી પ્રાકૃતમાં નીચે પ્રમાણે શાર્દૂલ છેઃ—

દેવી દેવિ નવી કવીશ્વર તણી વાણી અમીસારણી.
વિદ્યા સાયર તારણી મલ ધણી હંસાસણી સામિણી
ચદા દીપતિ જીપતિ સરસતિ મઇં વીનવી વીનતી,
બોલું નેમિકુમાર કેલિની રતિ ફાગિઈં કરી રંજતી.. ૨
સરસતિ મુઝ મતિ દેવીઅ દેવીઅ તું જગિ સારરે,
નીલકમલ ફુલ સામલ જિનવર વરણવું નેમિકુમારરે. ૩
કામિત ફલ દાતાર સામી નેમિકુમાર
હાર મનોહરૂ એ મુગતિ રમણિ વરૂ એ.

× × ×

અંતે—

જ્ઞાન ઉપનું જાણીય રાણીય રાઇમઈ રંગી,
ગિરિ સિરિ સામીય નિરખીય હરખીય સા નિજ અંગી,
સામી કેવલ કામિની, કરિ ધરી રાઝમતી નારી,
સા સારી નિજકાજ રાજકુમરી, મુગતિઇ ગઈ સા વરી
જે રૈવઈ ગિરિ રાય ઉપરિ ગમઈ શ્રી નેમિ પાયે નમઈ,
તે પામઈ સુખસિદ્ધિ રિદ્ધિ હિ રમઈ શ્રી શાશ્વતી ભોગવઈ.

—ઇતિ શ્રી સુરંગાભિધો નેમિફાગઃ સંપૂર્ણઃ સંવત્
૧૫૭૨ વર્ષે કૃતો ધનદેવગણિના.

[આ સંસ્કૃત પ્રાકૃત તથા ગૂજરાતી એમ ત્રણ ભાષામય છે. પાટણ]

[સોમસુંદર સૂરિએ પણ જૂદો નેમિનાથ નવરસ ફાગ એજ ત્રણ ભાષામાં રચ્યો છે, અને તેજ સમય આસપાસમાં. જુઓ પંદરમી સદીના અંતમાં સોમસુંદર સૂરિ.]

---

૪૦ સંઘકલશ ગણિ. (ત૦ રત્નશેખરસૂરિ–ઉદયનંદિશિ.)

(૬૬) સમ્યક્ત્વરાસ (અષ્ટ ભાષામાં) સં. ૧૫૦૫ માગશર તલવાડામાં

અંતે—

તપ ગચ્છિનાયક જગતિલઉ એ માલ્હંતડે;

શ્રી સોમસુંદર સૂરિ, સુણિ સુદરે, શ્રી મુનિસુંદર સૂરિ માલ્હંતડે,
જયવંત જયચંદ્ર સૂરિ, સુણિ સુંદરે * * ૮
શ્રી ગુરૂરાજ વિશાલરાજ, માલ્હં. ચિહું દિસિ કરઇ વિહાર, સુણિ,
સમકિત રયણ પ્રકાસતાં, મા૦ સાસણ ભાસ ભાસણ હાસ. સુ૦. ૯
એ ઞ્યારઇ ગુરૂ તપગચ્છ ગુરૂઓ, મા૦ રત્નશેખર સૂરિરાય સુ૦
ઉદયનંદિ ગુરૂ વંદિઇએ, મા૦ જંગમતીરથ પ્રાય સુ૦ ૧૦
સવત પનર પંચોતરઈ એ, મા૦ માગસિર રચિઉ રાસ સુ૦
તલવાડા પૂરિ નિપનુએ મા૦ પુણ્યરસ કલસ સંકાસ. સુ૦ ૧૧
—ઇતિ પં. સંઘકલસ ગણિ વિરચિતં સમ્યકત્વ રાસ સમાપ્ત.
સ. ૧૫૩૮ વર્ષે ચૈત્ર સુદિ ૧ દિને, પૂજ્ય પં. જયહેમગણિ
શિષ્ય લાવણ્યધીર ગણિના લિખિત—સા૦ ભં. પાટણ.

---

૪૧ આનંદમુનિ.

(૬૭) + ધર્મ લક્ષ્મી મહત્તરા-ભાસ. સ. ૧૫૦૭
આદિ.

ઢાળ પ્રથમ.

સકલ સદા ફલ વિમલ ગિરિ, જિણ ચઉવીસ પ્રણામ,
કરિસૂં કવિતુ સોહામણું એ, ગચ્છ રતનાગર નામ. ૧

* * * *

અંતે—

જાણતી એ ગુરૂ ઉવયાર, શ્રી ધર્મલક્ષ્મી મુહત્તરાએ,
મંડવૂ એ નગર પ્રવેસિ, સંવત પનર સતોતરઈ એ,
શ્રી મુહત્તરૂ એ ભાસ કરેસિ, ઓસવંસિ આનંદમુનિ ૫૧
શ્રી સંઘૂ એ સિઉં અનદિન, મંડણ ભીમ સહોદરૂ એ,
સોની એ ભોજા તન સંઘપતિ માણિક પય નમઇ એ
ધામિણિ એ દો આસીસ, શ્રી રયણસિંહ સૂરિ પરિવાર સહ
જીવું એ કોડી વરીસ, શ્રી ધર્મલક્ષ્મી મુહત્તરા એ. ૫૨

દૂહઉ

શ્રી ધર્મલક્ષ્મી સુહત્તરા, અવિચલ જાં સસિભાણુ,
અહનિસિ એહ ગુણ ગાઈતાં, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૫૩

—ગ્રંથાગ્ર ૭૫. પ્ર૦ જૈ. ઐ: ગૂર્જર કાવ્ય સંચય.

---

૪૨ આસાયત.

(૬૮) હંસવત્સકથા ચોપાઈ (વત્સરાજ હંસરાજ ચોપાઈ)

લ. સં. સં. ૧૫૧૩ પહેલાં.

આદિ—

અમરાવઇ સંમાણું, પ્રત્યક્ષ પ્રમાણું, અવર નયરાણું.
પુર પટ્ટણ પયઠાણું, અયઠાણું વીર બાવનયા. ૧

ચઉપઇ—

શિખર બદ્ધ દસ સહસ પ્રાસાદ કનક કલસ ધન નરવઇ નાદ,
ગોદાવરીનું નિર્મ્મલ નીર, પુર પહિઠાણ વસઇ તસુ તીર.

* * * *

અંતે—

ધર્મઈ લાભઇ અવિચલ શર્મ, જઇ પુણ છાંડઉ પાપ જિ કર્મ્મ,
દેવ આરાહુ જિણવર નામ, દુષ તણઉ જે ફેડઇ ઠામ. ૩૦
અવર દેવ જઉ પૂજઇ પાય, જિણ પૂજઇ દેહ નિર્મ્મલ થાઇ;
જિણવર બોલિઉ ધર્મ્મ તે કરઉ, પાપરેડ જિમ હેલા હરઉ, ૩૧
ગુણવંત ગુરૂ પાય અણુસરૂ, મુક્તિ પુરી માંહે અણુસરૂ
પુર પહિઠાણ યાદવવંશ, વર્ણવ્યો વત્સરાજ નઇ હંસ ૩૨
સકલ લોક રાજા રંજની, કુલયુગ કથા ઉનાઇ વાવની,
ગાહા દુહુ વસ્તુ ચઉપઈ, સુજિસ્યઈ ચ્યારિ બત્રીસાં હુઈ. ૩૩
જૂઅલી ત્રિણસઇ વિશાલા, તિણ મોહમાયા જાલા,
સુણતાં દોષ દરિદ્ર સવિ ટલઈ, ભણઇ આસાઇત તિહ અફલાં ફલઈ ૩૪

—૪ ખંડ છે. દરેકની અંત કડીમાં 'અસાઇત' એમ લખેલ છેઃ સં. ૧૫૧૩ વર્ષે પોષ વદિ ૧૨ વિપ્ર મુરારિકે—વિવેકવિજય ભંડાર ઉદયપુર.

—ઇતિ શ્રી હંસ વત્સ કથાયાં ચતુર્થ ખંડ સમાપ્ત. સં. ૧૬૫૯ વર્ષે ભાદ્રવા સુદિ ૮ દિને ઋ૦ ઉદયચંદ્ર શિ. ઋ૦મનોહર લિ૦ નાદસમાં અંગે પાનાં ૨૩–૧૨–નં. ૫૨. ડે. કૉ.

રત્નશેખર ૧૫૧૦ આસપાસ.

(૬૯) રત્નચૂડ રાસ. —ડે૦, ભા૦.

---

૪૪ કલ્યાણસાગર.

(૭૦) વીશી (૨૦ વિહરમાન જિન સ્તુતિ) પૈકી ૧૪ જિનસ્તુતિ.

આદિ.

શ્રી સીમંધર સાંભલઉ, એક મોરી અરદાસ
સુગુણ સોહાવા તુમવિના, રયણી હોઈ છમાસો

—જીવન જગધણી.

× × × ×

અંતે—

કલ્યાણસાગર પ્રભુસું રમિજી, હરીય ફરી મુઝ મીટ. ૫. તું.
—ભુજંગ સ્વામિ ગીતં.

[પછીનાં ૬ જિનનાં ગીત સૌભાગ્યરત્ને પૂરાં કર્યાં છે.] ૭–૧૩ આ. ક.

(૭૧) અગડદત્ત રાસ (૧૫૧૦ આસપાસ મ. કી.)

---

૪૫ ઋષિવર્દ્ધન સૂરિ. (આં. ગચ્છનાયક જયકીર્તિ-સૂરિ શિ૦)

(૭૨) નલદવદંતિ રાસ–નલરાજ ચઉપાઈ. સં. ૧૫૧૨ ચિત્રકોટ ગિરિમાં–ચિતોડમાં.

આદિ— ધૂરિ દૂહા.

સયલસંઘ સુહસંતિકર, પ્રણમીય શાંતિ જિણેસુ,
દાંન શીલ તપ ભાવના, પુણ્યપ્રભાવ ભણેસુ. ૧
સુણતાં સુપરિસ વર ચરિય વાધઈ પુણ્ય પવિત્ત,
દવદતી નલરાયનૂં, નિસુણ્યુ ચારૂ ચરિત્ત. ૨

× × × ×

અંતે—

શ્રીય અચલ ગચ્છનાયક ગણધર, ગુરૂ શ્રી જયકીરતિ સૂરીસર,
જાસ નામિ નાસઈ દુરિત; ૩૨૮
તાસુ સીસ ઋષિવર્દ્ધન સૂરિઈં,
કીઉ કવિત મન આનંદ પૂરિઈં, નલરાય દવદંતી ચરિત. ૩૨૯
સવત પનરબારોત્તર વાસે, ચિત્રકૂટ ગિરિનગર સુવાસે,
શ્રીયસંઘ આદર અતિ ઘણઈ એ;
એહ ચરિત જે ભણઈ ભણાવઈ, રિદ્ધિ વૃદ્ધિ સુખ ઉચ્છવ
આવઈ, નિતુનિ મંદિર તસ તણઈએ. ૩૩૧.

—૪૭૧ શ્લોક પૂર છે. (સાગરભંડાર પાટણ.)
—પત્ર ૧૧ લિ૦ સં. ૧૫૭૯ ભ. શ્રી જિનસાધુસૂરિણુ..
–હા. ભ. પાટણ દાબડો ૮૦

—પંચસપ્તિ ચતુસંખ્યા સતિ શ્લોકા વિલોકિતા
પ્રાકૃને નલવૃત્તેઽત્ર પ્રત્યેકાક્ષર સંખ્યયા. ૧

ઈતિશ્રી નલપંચભવરાસ વડો નલરાસ સંપૂર્ણ. સં. ૧૬૫૦ વર્ષે વૈશાષ શુદિ ૭ રવૌ લષિતં શ્રી વટપદ્ર નગરે. ૧૬–૧૩ આ. ક. —પૃ. ૧૦ અમ.

—સં. ૧૬૧૯ વર્ષે શાકે ૧૪૮૫ પ્રવર્તમાને ચૈત્ર શુદિ ૧ ગુરૌ શ્રી અંચલગચ્છે. વા૦ ઉદયકિરણ લિખાપિતં. (વિ. ધ. એક ચોપડામાં પાના ૧૮૦ થી ૧૯૫. પંક્તિ ૧૮)

---

૪૬ મતિશેખર (ઉ૦ દેવગુપ્તિસૂરિ-સિદ્ધિસૂરિ-કક્કસૂરિ-શીલસુંદર શિ૦)

(૭૩)ધન્નારાસ. સં. ૧૫૧૪

આદિ.

પહિલઉં પણમી પયકમલ વીરજિણંદહ દેવ,
ભવિય સુણઉ ધન્નાતણઉ, ચરીય ભણઉં સંખેવિ, ૧
જિણવરિ ચિહું પરિભાસિયઉં, સાસણિ નિમ્મલ ધમ્મ,
તિહાં ધુરિ દાંન પ્રસંસીયઇ, જિણિ ત્રૂટઈ સવિ કમ્મ ૨

વસ્તુ—

દાન ગિરૂઉ દાન ગિરૂઉ દાનિ જસ કિત્તિ,
દાનહિ વસિ ત્રિણઈ ભુવન, દાન માન આપઈ નરા હિવ,
દાનિ દુરિય નાસઇં સયલ, દાનિ સેવ સારઇ સુરા હિવ,
દાન જેમ-ધ્રનઈ દીધો, પુંન્નહિ પાંમીય પાત,
સાવધાંન તુમ્હિ સાંભલઉ, પૂરવ ભવ અવદાત. ૩

* * * *

અંતે—

શ્રી ઉવએસ ગચ્છ સિણગારો પહિલો રયણપ્પહ ગણધારો,
ગુણિ ગોયમ અવતારો.
જકખદેવ સૂરીય પ્રસિધ્ધો તાસ પાટિ જિણિ જગિ જસ લીધો,
સંયમ સિરિ ઉરિહારો ૨૬

અનુક્રમિં દેવગુપતિ સુરીસ, સિદ્ધિ સૂરિ નામિં તસ સીસ
મુણિજણસેવીય પાય

તાસ માટે સંપઈ જયવંતો ગચ્છનાયક મહિમા ગુણવંતો
કક્ક સૂરિ ગુરૂ રાય. ૨૭

સઈ હત્થિ થાપીય તિણિ ગુણહારા, ગુણવંત સીલસુંદર સારા
વારીય જિણિ અણુંગો.

તાસ સીસ મતિસેહર હરસિહિં પનરહસઇં ચઉદોત્તર વરસિંહિ.
કીયો કવિત અતિરંગો. ૨૮

(વધુ બીજી પ્રતમાં) ---ચેનસાગર ભં. ઉદયપુર.

એઉ ચરિત ધન્નાનઉ ભાવઈ, ભણઇ ગુણઈ જે કહઇ કહાવઇ,
જે સંભલિ ઘઇ દાંન
તે નર વંછિત ફલ પાવઇ, વિલસઇ નવઇ નિધાન.

—વિ. ધ. ચોપડો ૮૫-૧૦૫

---હાલાભાઈ નાં. પાટણ; રત્ન; આમોદ.

(૭૪) નેમિનાથ વસંત ફુલડાં

આદિ.

સારદ માઈ પાય નમીનઈ માગઉં એક પસાય રે
નેમિ જિણેસરના ભવ ગાઇસુ, લાગઉ મુઝ મનિ ઢાઉરે, શ્રી યાદવકુલ મંડણઉ.
યાદવ કુલ મંડણઉ સ્વામી નેમિ જિણંદરે.
ભાવઈ જસુ પયકમલ જુહારઈં સુરવર કિંનર ઇંદરે.

× × × ×

અંત—

સો પરમેસર કેસર ચંદન પૂજઉ કુસુમ કપૂરરે.
કહઈ મતિશેખર સુણઉ મતિશેષર, જિમ પૂજઇ
સુષ પૂરરે—૧૦૭

વસંતમાસ શ્રી નેમતણુઈ ફૂલડે ફાગ પ્રબધરે,
રંગિ હિ ચંગ લેઇનઈ ગાસઈ, તિહિ દુખ તણુઉ ન ગંધરે. ૧૦૮
—સં. ૧૫૭૬ વર્ષે ચેત્ર માસે કૃષ્ણ પક્ષે ૧ તિથૌ સોમવાસરે
શિવલાભ લિષત—૬—૧૪ વિ. ધ.

(૭૫) કુરગડુ (કૂરઘટ) મહર્ષિરાસ. ૨૪૫ ગાથા. સં. ૧૫૩૭.
—રત્ન, ચં, ડે.

(૭૬) મયણરેહા સતી રાસ. સં. ૧૫૩૭.-ડે૦

[હર્ષસૂરિ (કક્કસૂરિ શિ.) કૃત ધન્ના ચોપઈ સં. ૧૫૧૪ માણેક. આ પ્રમાણે નોંધાયેલ છે, પણ કર્ત્તાનું ખરૂં નામ તો ઉપરોક્ત મતિશેખર લાગે છે.]

---

૪૭ જિનવર્દ્ધન. (સં. ૧૫૧૫ આસપાસ)

(૭૭) ધન્નારાસ (પ્રત સં. ૧૮૦૫)—રત્ન, અમ.
+ ઉપદેશકારક કક્કો. પૃ. ૩૩૭ સ. મા. ભી.

---

૪૮ ન્યાયસુંદર ઉ. (ખ. જિનવર્ધનસૂરિ શિ.)

(૭૮) વિદ્યાવિલાસ નરેંદ્ર ચઉપઈ. સં. ૧૫૧૬.

અંતે—

ઇણિ પરિ પૂર(ણ્ય ?) ઉપાલી આઉ દેવલોક પહુતઉ નરરાઉ,
ખરતર ગચ્છિ જિનવર્ધનસૂરિ, તાસુ સીસ બહુ આણંદ પૂરિ. ૩૫૫
શ્રીઅ ન્યાયસુંદર ઉવઝાય, નરવર કિધ પ્રબંધા સુભાય,
સંવત પનર સોલ વરસંમિ, સંત્ર વેયણુ એવિહિય સુરામ. ૩૫૬
વિદ્યાવિલાસ નરિંદ ચરિત્ર, ભવય લોય કઊ એવ પવિત્ર.
જે નર પઢઈ સુણઇ સાંભલઈ, પુણ્યપ્રભાવ મનોરથ ફલઈ. ૩૫૭
—સંવત્ ૧૬૬૨ વર્ષે જ્યેષ્ઠ શુદ ૬ રવઉ—ભાવ. (પૃ. ૧૫ પં. ૧૩)

---

૪૯ રત્નસિંહ શિષ્ય (ત૦)

(૭૯) જંબૂસ્વામિરાસ સં. ૧૫૧૬ બીજા શ્રાવણ શુ. સોમ૦

આદિ—

> સરસતિ સામણિ સારદાએ, ગોયમ ગણધીર,
> રાસ બંધિ ગુણવત્તીઈ એ સિરિ જંબ કુમાર.
> જંબૂદીવહ ભરહક્ષેત્ર મગધ વર દેસ,
> નયર રાજગૃહિ જાણીઇએ શ્રેણીય નરેસ. ૧

* * * *

અંતે—

સંવત પનર સોલોતરઈ એ માલંત. બીજઇ શ્રાવણ માસિ, સુણિ સું.
શિવતિથિ દૂંતી ઉજલી એ, મા૦ સોમવારઇ હુઉ રાસ. ૧૦
તપગચ્છિ ગણધર અભિનવાએ માલં. અવતરિય ગોયમ સામિ સુ,
રયણસિંહ સૂરિ ધ્યાઈયઈ એ માલં. અષ્ટ મહા સિદ્ધિ નામિ. ૧૧
તાસ સીસ ઇણિ પરિ ભણુઈ માલં. વિનય કરી અપાર, સુ.
રાસ ભણું રલીયામણુરે મા૦ યશ કરી ભવિક ભંડાર. ૧૧
સુણિસઈ ભણિસઈ નિસુણિસઈ એ, જંબૂય સામિનુ રાસ,
તસ ઘરિ અંગણિ પામીઈ એ, નવનિધિ તણુઉ નિવાસ. ૧૨
ચંદ સૂરિ જાં ઊગઇએ માલં. મેરૂ ગિરિ ધ્રુય તાર,
તાં લગઈ હર્ષઈ ગાઇઅ માલં. સામી જંબૂ કુમાર. ૧૩

—૬-૧૩ (વિ. ધ.)

---

૫૦ રાજતિલક ગણિ.

(૮૦) શાલિભદ્ર મુનિરાસ. આ ૩૫ કુંકનો પ્રાચીન રાસ છે.

આદિ—

> થંભણપુરિ પહુ પાસનાહ પણમેવિણુ ભત્તિએ,

હઉં પણમિસુ સિરિ સાલિભદ્દ મુણિતિલયહ સસ,
ભત્તિયહુ નિસણહુ જેણુ તુમ્હ હુઈ સિવપુરિ વાસુ. ૧

* * * *

અંત—

સેણિય બોહિય ભદ્દા નિય ધરિ, પત્તા સબ્બઠ્ઠ સિદ્ધિ તે મુણિવર,
રાજતિલક ગણિ સંથુણુઈ, વીર જિણેસર ગોયમ ગણહરૂ.
સાલિભદ્દ નહિ ધનઉ મુણિવરૂ, સયલસંઘ દુરિયઈ હરઉ. ૩૪
સાલિભદ્દ મુણિ રાસો જે ખેલા દિંતા,
તેસિં સાસણદેવી જણયાઉ સિવ સંતી. ૩૫

[મ. બ.]

[પૂર્ણિમા ગચ્છમાં એક રાજતિલક સૂરિ થયેલ છે કે જેના ધાતુપ્રતિમાપરના લેખ સં. ૧૫૧૬ તથા ૧૫૨૯ ના મળી આવ્યા છે, તે કદાચ આ કવિ હોય-તેથી તેમનો સમય સોળમા સૈકામાં પૂર્વાર્ધ મૂક્યો છે.]

---

૫૧ બ્રહ્મજિનદાસ. (દિ૦ સકલકીર્ત્તિ-ભુવનકીર્ત્તિ શિ.)

(૮૧) હરિવંશરાસ. સં. ૧૫૨૦.

આદિ—

અંતે—

લોભવાહિં જીવ ગમાર, મિથ્યા ધરમ થાપ્યો અપાર,
શાસ્ત્ર લોપ્યાં બહુ જિનવરતણાં, કુમત થાપ્યા તીણેં આપણા. ૩૫
હુંડા સર્પિણી કાલ વિશાલ, પંચ મિથ્યાત ઉપજે ગુણમાલ,
જિમ પૂનિમ થકી ચંદ્રકલા હાણિ, તિમ પંચમકાલિં જિનવરવાણિ. ૩૬
જો(ઇ) લો કાલ તણો પરતાપ, બલિભદ્રે મિથ્યાત કીયો વ્યાપ,
રુક્મીપરિં જસ વાપ્યો અતિ ઘણો, બલિ દેવિં નારાયણ તણો. ૩૭

તિહાં થકો નારાયણ હવો દેવ, પ્રજા લોક કરિ બહુ સેવ,
દયા ધરમ છોડયો તીણે ચંગ, આચાર તણો બહુ કીધો ભંગ. ૩૮

* * *

જિણ સાસણ નિકલંક અપાર, મારગ મુગતિ તણો ભવ પાર,
દિગંબર નિગ્રંથ ગુરૂચંગ, જીવ દયા દીસે ઉત્તંગ. ૪૧

* × *

નેમી જિનેશ્વર ગિરનાર ઉપર આવી રહ્યા તે સંબંધી કહે છે કેઃ—
સહસ્ત્ર વરસ ભોગવ્યો સ્વામી આય, દશ ધનુષ નિરમલ ગુણ કાય.

* * *

શ્રી મૂલસંઘ અતિ નિરમલો, સરસતિ ગચ્છ ગુણવંત,
શ્રી સકલકીરતિ ગુરૂ જાણીઈ, જિણ સાસણિ જયવંત. ૧
તાસ પાટિં અતિ રૂયડા, શ્રી ભુવનકીરતિ ભવતાર,
રત્નત્રય કરી મંડીયા, ગુણહ તણા ભંડાર. ૨
તે મુનિવર પાય પ્રણમીનિં કીધો સવિ સાર,
બ્રહ્મજિણદાસ ભણે રૂયડો, પઢતાં પુન્ય અપાર. ૩
સિષ્ય મનોહર રૂયડો, મલ્લિદાસ ગુણદાસ,
પઢો પઢાવો વિસ્તરો, જિમ હોઇ સૌખ્ય અપાર. ૪
ભવીયણ જીવ સંબોધવા, કીધો રાસ એ સાર,
અનેક કથા ગુણિ આગલો, દયાતણો ભંડાર. ૫
સંવત ૧૫ વીસોતરા, વૈશાખ માસ વિશાલ.
શુકલ પક્ષ ચઉ દિસિ દિને, રાસ કીધો ગુણમાલ. ૬

વસ્તુ.

રાસ કીધો રાસ કીધો સાર મનોહર,
અનેક કથા ગુણિ આગલો, હરિવંસ તણો સાર,
......એ કવિત કરી સાંભળો, ભાવ ધરો મનમાંહિ ઉજ્જવલ,
શ્રી સકલકીરતિ ગુરૂ પ્રણમીનિ, બ્રહ્મજિણદાસ ભણિં સાર,

પઢિં ગુણિં જે સાંભલેં, તેહનિં પુણ્ય અપાર.

—ઇતિ શ્રી હરિવંશરાસ સમાપ્ત. સં. ૧૭૫૧
વર્ષે માહ શુદિ ૧૪ શનૈ— (મ. બ.)

(૮૨) યશોધર રાસ.—ખંભાત ૧ ભંડારમાં.

(૮૩) આદિનાથ રાસ.—પા. ૧ ભંડારમાં.

(૮૪) શ્રેણિક રાસ.

આદિ— વસ્તુ.

વીર જિણવર વીર જિણવર નમું તે સાર
તીર્થંકર ચઉવીસમુ વાંછિત બહુ દાંન દાતાર
સારદા સામિણિ વલી તવું બુદ્ધિસાર હું વેગિ માગું
ગણધર સ્વામી નમસ્કરૂં શ્રી સકલકીરતિ ભવતાર
શ્રી ભુવનકીરતિ ગુરૂમનિ ધરૂં કરિસું રાસ હું સાર. ૧

ભાસ જસોધરની.

ભવિયણ ભાવઈ સુણો આજ મનિ નિશ્ચે આણી
શ્રેણિકરાજા તણો રાસ હું કહિસું વખાણી. ૧

* * * *

અંતે— વસ્તુ.

શ્રેણિકરાજા શ્રેણિકરાજા તણો એ રાસ
પઢે ગુણે જે સાંભલેં એક મનાં ધરી ભાવ ઉજ્વલ
............સંપડે, સરગ મુગતિ ફલ સંસાર નિરમલ
શ્રી સકલકીરતિ ગુરૂ પ્રણમી...............
બ્રહ્મ જિણદાસ ભવણેં નિરમલ સુનતાં પુન્ય અપાર. ૨૨

—સં. ૧૬૧૩ વર્ષે શ્રાવણ શુદિ ૧૧ શુક્રે કહ લિપી બાઈશ્રી માનિક શ્રી શિષ્ય જિનમતિ શ્રી વાઈ. લિષિતં શ્રી વસા વનુ કાયથા. પા. ૫૨ પંક્તિ ૧૦. ભાવ.

૫૨ જ્ઞાનસાગરસૂરિ શિ. (વડતપગચ્છ)

(૮૫) જીવભવસ્થિતિ રાસ. સં. ૧૫૨૦ ફાગુણ ૧૩ રવિ.

અંતે—

વડતપ ગચ્છ રત્નાગરસાગર જિમ ભરપૂરિ,
તિહાં ગચ્છપતિ અછઈ વિદ્યમાન શ્રી જ્ઞાનસાગરસૂરિ.. ૪
તાસ વયણ સુણ્યાં મન શુદ્ધિઈં તીણઈં બુદ્ધિ હૂઓ પ્રકાસ,
કીધુ ઉપગારતણી મતિ જીવભવ સ્થિતિ રાસ. ૫
પનરસેવીસા ફાગુણ સિદ્ધિ તણુઉ નિવાસ
રવિ પક્ષ અને તિથિ તેરસિ તે રચ્યઉ પુન્યપ્રકાસ. ૬

—ઇડર બાઈઓનો ભંડાર.

૫૩ ભક્તિવિજય.

(૮૬) ચિત્રસેન પદ્માવતિ રાસ સં. ૧૫૨૨

૫૪ પેથો. (જાંબૂગ્રામ વાસી શ્રીમાલ જ્ઞાતિનો શ્રાવક—ગુરૂ આંચલગચ્છીય જયકેશરસૂરિ—આચાર્ય ૧૪૯૪, ગચ્છનાયક પદ ૧૫૦૧—સ્વર્ગ ૧૫૪૨)

(૮૭) પાર્શ્વનાથ દશભવ વિવાહલો. (સં. ૧૪૯૪ પછી અને ૧૫૪૨ પહેલાં.)

આદિ—

(માઈ એ નયરહ સીહ દૂઆરિ—એ ઢાલ.)

સરસતિ સામણિ કરૂંઅ પસાઉ, મુઝ મનિ એહ ઊમાહિલુએ,
ધવલબંધિઈં બહૂ લાગઉં ઢાઉ, ગાયશું જિણહ જીરાઉલુએ. ૧
મૂલચરિત્ર પ્રભકેરઉં પાસ, ભાવિહિં ભવીયણ સાંભલુ એ,
સાંભલતાં હુઈ પુણ્યપ્રકાસ, દસઈ ભવંતર દેવના એ. ૨

* * * *

અંતે— ઢાલ. ઊલાલું.

જીભ સહિ સમુખિ હોઈ, કોડિ વરસ કવિ જોઈ, ૧
તુ લવલેશ ન જાણુંઈ, મૂરખ કિશુંઅ વખાંણુંઈ. ૨
મંત્રિ પેથ ઇમ બોલઈ, અવર ન કોઈ તુમ્હ તોલઈ, ૩
તૂ માયા તૂંઅ તાત, કહુંઅ કિસીપરિ વાત ૪
દૂ તુ પૂરિ પ્રવાહિઉ, તૂ અશરણાગત સાહિઉ. ૫
કરિ કરિ દેવ પસાઉ, જગિ જીરાઉલિ રાઉ. ૬
રાષિ રાષિ મૂંઅ સ્વાંમી, તૂં તુ પાય શરનાંમી ૭
કીધૂં કવિત વિશાલો, રુઅડૂં અનઈ રસાલો. ૮
પઢત ગણુંતાંહાં સિધે, આવઇ અવિચલ રિધિ. ૯

—વિધિપક્ષના સુશ્રાવક નિજપરમભક્ત શ્રી જયકેસરસૂરિના પ્રતિબોધ્યા-શ્રી જાંબૂઆંમે વાસ્તવ્ય શ્રીમાલજ્ઞાતીય મહં-શ્રી પેથાકૃત દશભવ-શ્રી પારિસ્વનાથ વીવાહલુ કૃતં.

(વિ. ધ. ચોપડો. ૧૯૫-૨૦૩ પંક્તિ. ૧૮

---

૫૫ લક્ષ્મીરત્નસૂરિ (જયકલ્યાણસૂરિ-વિમલસોમસૂરિ શિ.)

(૮૮) સુરપ્રિય કુમાર રાસ.

અંતે—

ગુરૂશ્રી જયકલ્યાણ, સૂરિ સરોમણિ સુંદરૂ, વણઝારા રે ૮૧
તાસ પાટિ જગિભાંણ, શ્રી વિમલસોમિ સહગરૂ, વણ. ૮૨
લક્ષ્મીરત્ન સૂરિંદ, તસુ સીશ ઇમ ઉચરઈ, વણ. ૮૩
જે ખામઈ નિજ દોસ, નિશ્ચઈ ભવસાયર તરઈ, વણ. ૮૪

—પ્ર. કા., ખં. ૧, પા. ૩

+અભક્ષ્ય અનંતકાયની સ૦ ૧૪૪ સ. મા. બી.
આઇમિત્તા સ૦ (વીર જિણુંદ વાંદિને ગૌતમ.) ૧-૧૩ આ. ક.

[જયકલ્યાણસૂરિ એ નામના તપગચ્છમાં આચાર્ય થયા છે તેનો ધાતુ પ્રતિમાપર લેખ સં. ૧૫૦૨ નો મળી આવે છે. ધાતુ પ્રતિમાલેખ સંગ્રહ ભા. ૧. તેજ કવિએ પોતાના પ્રગુરુ તરીકે ઉલ્લેખેલ હોય. તેથી આને ૧૬ મા સૈકામાં ગણી શકાય.]

---

૫૬ જ્ઞાનસાગર (નાયલ–નાગેંદ્રગચ્છ. ગુણસમુદ્રસૂરિ–આણુંદપ્રભસૂરિ ?–ગુણદેવસૂરિ શિ.)

(૮૯) જિનવભવસ્થિતિ રાસ. સં. ૧૫૨૩ ગાથા ૨૨૩૨ પા. ૫૪ અમ.

(આ ઉપર જણાવેલ નં. ૮૫ નો રાસ લાગે છે.)

(૯૦) સિદ્ધચક્ર રાસ.—શ્રીપાલ રાસ સં. ૧૫૩૧ માગશર શુદ ૨ ગુરૂ.

આદિ— દૂહા.

કરકમલ જોડેવિ કરિ, સિદ્ધ સયલ પણમેવિ,
શ્રી શ્રીપાલ નરિંદનઉ રાસ બંધ પભણેસિ. ૧
મહિઅલિ મંત્ર અનેકિ છઈ, પંપલિ મ પડિ ગમાર,
ભવસાયર તુ ઊતરઉ, જઉ જપઉ શ્રી નવકાર. ૨
શ્રી ગુણદેવ પસાઉલઉ, રચિસુ કવિત રસાલ
જ્ઞાન ભણઈ સહૂ સાંભલઉ, સિદ્ધચક્ર ગુણમાલ. ૩

* * * *

અંતે—

નાગેંદ્ર ગછિ ગુરૂ ગાઈએ, માલંતડે શ્રી ગુણસમુદ્રસૂરિ
જાસ (તાસ) પાટિ સોહામણા એ, મા૦ શ્રી આણુંદપ્રભુસૂરિ
(વંદીઈ આણુંદ પૂરિ.)–૭૩
ભવિયાં ભાવઈ નિતુ નમઈ એ. મા૦ શ્રી ગુણદેવસૂરિ રાય.
તાસ સીસિ એ રાસ રચિઉ એ, મા૦ જ્ઞાનસાગર ઉવઝાય. ૭૪
સંવત પનરએકત્રીસ ઇ. (વીસઇ. ભા. પ્રત) માગસિરિઇએ મા૦
ઉજલી બીજ ગુરૂવાર.

રાસ રચ્યો સિદ્ધચક્રનો એ, મા૦ ગાઇઉં શ્રી નવકાર. ૭૫
એકમનાં જે સાંભલઇએ, મા૦ તેહ ઘરિ મંગલમાલ,
રિદ્ધિ અનંતી ભોગવઇ એ, મા૦ જિમ નૃપતિ શ્રીપાલ. ૭૬

—સં. ૧૭૧૭ ચૈત્ર શુદિ ૧૦ ખંભાત મધ્યે પોસાલવડી પંન્યાસ ધનવિજય લખિતં. ૧૫-૧૨ લીં.

—સં. ૧૭૩૦ કાર્તિક શુ. ૧૨ ભોમ આંગલોડ નગરે ૧૨-૧૩ ઘો.

—સં. ૧૭૩૭ માર્ગશિર શુ. ૧૫ ગુરૂ અહમદાબાદ મધ્યે ૧૭-૧૧ ઘો.

—હાલાભાઇ ભં. પાટણ; ઉદયપુર ભં.

—શ્રી શેત્રુંજય કરમોચનાદિ સુકૃતિકૃત્ય સુકૃતિકારિ મહોપાધ્યાય શ્રી ૧૯ શ્રી ભાનુચંદ્ર ગણિ ચરણાંબુજ ચંચરીકાયમાન પંડિત શ્રી દેવ-ચંદ્ર ગણિ સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રી ૧૯ શ્રી વિવેકચંદ્ર ગણિ શિષ્ય પંડિત શ્રી ૫ શ્રી તેજચંદ્ર ગણિ પં. શ્રી ૫ શ્રી જિનચંદ્ર ગણિ શિ૦ ગ. જિવનચંદ્રેણ લિષતં સં. ૧૭૫૩ વર્ષે જ્યેષ્ટ શુદિ ૧૦ દિને ગુરવાસરે લિષિતં પત્તનવાસ્તવ્ય સા૦ વેલા પુત્રી બાઇ ગુલાબબાઇ વાચનાર્થં. (ગુ. વિ.)

+મહાવીર સ્તવન—નાથ કૈસે જંબુકો મેરૂ કંપાઓ. ૫૯૨ જૈ. કા. સાર.
+ પદ— હરિભજ કારાના. ૫૯૬ „
+મહાવીર સ્ત૦ વીરજી સુણોરે એક વિનતિ ૬૧૭ „
+છૂટક પ્રભાતી. જબલગેં સમકિત રત્નકું પાયા નહિ પ્રાણી ૪૮ જૈ. પ્ર.

---

૫૭ મંગલધર્મ (રત્નાકર ગચ્છ જયતિલક સૂરિ-રત્નસિંહ સૂરિ-ઉદયવલ્લભસૂરિ-જ્ઞાનસાગરસૂરિ-ઉદયધર્મ શિ.)

(જુઓ નયસુંદરની પ્રશસ્તિ)

(૯૧) મંગલકલશ રાસ. સં. ૧૫૨૫

આદિ—

આદિ જિણવર જિણવર સુખદાતાર
સનિ જિણેસર સંતિકર, નેમિનાહ સોભાગ સુંદર
પાસ જિણુંદ વિઘનહર વર્દ્ધમાન કલ્યાણમંદિર
પચ તિથંકર સુગુરૂ નમી સરસતિ અંબિકાદેવિ
સમરવિ મંગલકલશહ ચરિત્ર ભણિસુ સંખેવિ, ૧

* × * *

અંતે—

ચંદ્ર ગચ્છિ દેવભદ્ર ઉવઝાય, તિણિ ઉદ્ધારીઉ ક્રિયા સમુદાય,
રયણાગર ગચ્છિ ગુરૂ ગુણ ભૂરિ, જગતિલક જયતિલેહ સૂરિ. ૩૨૬
રયણસિંહ સૂરિ મુનિવર થાટિ, ઉદયવલ્લભસૂરિ તેહના પાટિ,
જ્ઞાનસાગર સૂરિ ગચ્છાધીશ, જયવંત ભવિયાં પૂરઇ જગીસ. ૨૭
[મુનિવર વાચક શ્રી ઉદયધર્મ, જાણિઉ આગમ શાસ્રહ મર્મ.
તાસ પસાઈ ફલઈ કર્મ, જ્ઞાનરૂચિ ભણઈ મંગલધર્મ] ૨૮
મંગલકલસ તણી ચઉપઇય, સંવત પંનર પંચવીસઈ હઇય.
પઢેઈ ગુણે સંભલઇ વિચાર, તસ ઘરિ ઉચ્છવ જય જયકાર. ૨૯
— કુલ પદ્ય ૩૨૯–સાગર ભં. પાટણ.

[ ] આના બદલામાં બીજી પ્રતમાં એ છે કેઃ—
મુનિવર વાચક ઉદયધર્મ જાણિ, નવનચેતિ કરિ વષાણુ,
જાણે શાસ્ત્રની આગમ મર્મ, તાસ પસાઇ રચીઉ ઉપક્રમ. ૪૯
ન્યાનરવિ ભણિ મંગલધર્મ, જે સાંભલતાં આવી શર્મ
—૨૦–૧૧–લીં. (વિ. ધ.)

૫૮ દેવકીર્ત્તિ.

(૯૨) ધન્નાશાલિભદ્ર રાસ સં. ૧૫૩૧. —પાનાં ૧૦ અમ૦

૫૯ પુણ્યનંદિ (ખ૦ જિનસમુદ્રસૂરિ-સાગરચંદ્રસૂરિ-રત્નકીર્તિ-સમયભક્ત શિ૦)

(૯૩) રૂપકમાલા.

અંતે—

સબલ શીલ મહિમા નિલઉં કુશલસૂરિ સિરિસાટ,
શ્રી જિનસમુદ્રસૂરિ સોહવઈ ખરતલ ગુરૂકઉ પાટ. ૩૦
કુસીલ ઉથાપક સુસીલસંસ્થાપક સાગરચંદ
સૂરિ રાયવયણાયરી રયણકીરતિ ગણિચંદ. ૩૧
શ્રી સમયભક્ત વરવાચક્ર વીર વિણેયાનંદ
રૂપકમાલા શીલની પભણઈ શ્રી પુણ્યનંદિ. ૩૨

આનાપર રત્નરંગ ઉપાધ્યાયે સં. ૧૫૮૨ માં બાલાવબોધ લખ્યો છે કે જેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છેઃ—

" पुण्य नंद्युपाध्यायेन शीलरूपकमालिका,
विहिता भव्यजीवानां चित्त शुद्धविधायिनी
नेत्र सिद्धि शाम चंद्रे वर्षे नभसि मासि
श्री रत्नरंगोपाध्यायैः कृतावबोधिनी ॥
—इति रूपमाला बालावबोधः

લખ્યો સં. ૧૬૧૫ વર્ષે ભાવ ધર્મ ગણિએ—સાગર ભં પાટણ.

(જિનસમુદ્ર સૂરિને સૂરિપદ ૧૫૩૦ માં મળ્યું અને તે સં. ૧૫૫૩ માં સ્વર્ગસ્થ થયા તેથી તે બે મધ્યમાં આ કૃતિ રચાઈ છે.)

---

૬૦ દેવપ્રભ ગણિ (વીરસિંહ શિ.)

(૯૪) કુમારપાલ રાસ લ. સં. ૧૫૪૦ પહેલાં.

અંતે—

મેરૂ નગ નહુ ચલઈ જાવ, જાં ચંદ દિવાયર
સેષ નાગરાજ જાં ધરઈ, ભૂમિ સાતઇ સાયર,

ધર્મ વિસ ઉ જાંજ એહમાહિ, હુ અ નિશ્ચલ હોઇ,
કુમર નરિંદહ તણુઉ રાસ, તાં નંદઉ લોઇ. ૪૧
સૂરીસરિસઉ વીરસિંહ ગુરૂ પાય પસાઈ,
બહુ દેવપ્પહ ગણિ વરેણુ, રચિઉ ભત્તિં રાસો. ૪૨

—ઇતિ શ્રી કુમારપાલ રાસઃ સ. ૧૫૪૦ વર્ષે સા. પુંજા ભાર્યા જાનુ, સુતા કુંઅરિ પડનાર્થં ચરણનંદન ગણિના લિખિતઃ વીરમવાટકે ॥

[ગુ૦ વિ.]

---

૬૧ ઉદયધર્મ. (આગમગ. મુનિસિંહસૂરિ-વિજયસિંહ ઉ.-મુનિ (મતિ) સાગર શિ.)

[આ કવિએ સં. માં ધર્મકલ્પદ્રુમ રચેલ છે.]

(૯૫) મલયસુંદરિ રાસ. સં. ૧૫૪૩ આશો શુ. ૩ ગુરૂ.

અંતે—

જિન શાસન વિશુદ્ધ જયવંત, ગ૭ ચઉરાસી છઈ ગુણવંત.
શ્રી આગમ ગછિ પ્રકાસ દિણુંદ, ગિરૂઆથી મુનિસિંહ સૂરિંદ. ૧૧૮૮
તસ મનરંજન બહુ ગુણ ધાંમ, વાંદૂ વાચક વિજયસંઘ નામ,
તસ શિષ્ય શ્રી ઉવઝાય સુજાંણ, શ્રી મતિસાગર મહિમનિહાણ. ૧૧૮૯
તદ પય પંકજ સેવા પ્રવીણ, ઉદઇધર્મ પંડિત સંયમલીણ,
કરિઉ કથાનક રંગિ રસાલ, મલયસુંદરિ મહાબલ ભૂપાલ. ૧૧૯૦
વિરહ વસિઉચિત્તિ અંબાતાત, કુકર્મ વિપાક એવ રચી વાત,
પનર ત્રઈતાલઈ તૃતીયા તિથિ, આસો શુદિ જે ગુરૂ પક્ષ અત્થિ. ૧૧૯૧
કરજોડી કવિ ઇમ વીનવઈ, જે થોડિ અધિક ઉછઈ બોલવઇ,
ક્ષમા ધરે ક્ષમવઉ અન્યાય, સાંહાં સેવઉં કરી પસાઉ. ૧૧૯૨
હૂં નવિ જાણુઉં મરૂખ મૂલિ, ગુણવંતા સવિ હૂં પગધૂલિ,
રામ નિમસિ મઈં કીધી કથા, તાં નાં દુએ મેર દૂ યથા. ૧૧૯૩

મંગલ પહિલૂં શ્રી અરિહત, મગલ બીજઇ શ્રી સિદ્ધંત,
મંગલ ત્રીજઇ મલય સુંદરી, મંગલ ચઉથઇ શાસન સુરી. ૧૧૯૪
કર્મ તણુઉ એ પ્રબંધ પ્રદીક, જિમ જિમ સુણીઇ તિમતિમ રસીક,
ભણતાં દોષ દરિદ્રહ ટલઈ, ગણતાં નવનિધિ સંપદ મિલઇ. ૧૧૯૫

—ઇતિ મલયસુંદરી ચતુર્થ પ્રસ્તાવ. ગ્રંથાગ્ર શ્લોકસંખ્યા ૧૮૦૦.

શ્રી સં. ૧૫૯૪ વર્ષે પોષ માસે શુક્લપક્ષે ચતુર્થ્ય તિથૌ ગુરૂવાસરે તદ્દિને લખિતં. મુ. આણુંદ રત્નેન, પા. ૪૪ પં ૧૬ (ગુ. વિ.)

(૯૬) કથા બત્રીસી. ૧૫૫૦ દીવાલી.

અંતે—

શ્રી આગમ ગચ્છ સદા ઉદઇવંત શ્રી મુનિસિંહસૂરિ ગુણવત
તસ પાટિ શીલરત્ન સૂરિ પ્રધાન આણુંદપ્રભ ગુરૂ બુદ્ધિ નિધાન. ૧૪
જઇતંના મુનિરત્ન સૂરીસ આનંદરત્ન હોયા તસ સીસ,
એ અનુક્રમ ગછનાયક તણું કવિતા નામ હવઈ ઇમ સણું. ૧૫
મુનિસિંહ સૂરિ તણઈ બહુ શિષ્ય શ્રી વિજઇસિંહ વણારીસ મુષ્ય,
તસ બંધવ ઉદઇરત્ન પણ્યાસ વાચક યતિકીરતિ ગુણવાસ. ૧૬
વિજયસિંહ શિષ્ય શ્રી ઉવઝાય મુનિસાગર નામિં મુનિરાય.
અનુક્રમિ અમરસાગર ઓઝાંસ શ્રી શ્રીમાલી ડાભિલ વંસ. ૧૭
તાંહ ગુરાહી પ. ઉદઇધર્મ લબ્ધિસાગર સાથી અભિરમ્મ,
કહી કથા બત્રીસઇ સાર સોધી જોયો જે સવિચાર. ૧૮
પનર પંચાસઈ દીપ દિને કરિઉં કથાનક એહ,
મુગધ પણુ ઇમઇ કહિઉં અછઇ સોધઇ ઉતમ જેહ. ૧૯

—વિજયધર્મસૂરિ ભં.

---

૬૨ વચ્છ.

(૯૭) મૃગાંકલેખા રાસ. (લ. સં. ૧૫૪૪ તેથી તે પહેલાં)

આદિ—

ગોયમ ગણહરપય નમેવિ, બહુ બુદ્ધિ લહેસુ (લહેચ્છ)
મૃગાંકલેષા સતીય ચરિત્ર (ત), મનિ સુદ્ધિ (સૂલ) કહેસુ(ચ્છ) ૧
સીલઇ સરોમણિ ગુણિ નિલુએ, મનિ માંન ન આણુંઈ,
મનસા વાચા કાય કરી, તે સીલ વખાંણુઇ.. ૨

× × × ×

અંતે—

મૃગાંકલેષા તણુંય ચરિત્ર, સમકિતસતરીમાંહિ પવિત્ર,
તેહથું કવિઉં સત્ત આધારિ, અસત્ય તે મિછાદુકડ સાર, ૪૦૨
કાલ અનાદિ જીવ જગિ વસઇ, એ પરિ જીવ ઘણા હુઇ હશઈ (હુસિઈ)
ઈસિ ઉ ભાવ જાંણી મન કર (રઉ) ત્રિહૂં જણ તણૂં ચરિત્ર વિસ્તર (રઉ) ૪૦૩
ભણઇ ગણઈ નઇ જે સાંભલઇ, ભણઇ વછ તિહિં સંકટ ટલઇ,
બીજી સતી તણાં જે નામ, તે સવિહૂંનઈ કરૂં પ્રણામ. ૪૦૪

—ઇતિ શીલ વિષયઈ મૃગાંકલેષા સતી પ્રબંધ સંપૂર્ણ. છ. શ્રી.
ગ્રંથાગ્ર. ૫૨૫.–ભાવ. લીં., (પ્ર૦ સં. ૧૬૨૮)

—ઈતિ શ્રી શીલ વિષયે મૃગાંકલેખા રાસ સંપૂર્ણ:–સંવત્ ૧૫ ૮૨ વર્ષે આષાઢ શુદિ ૫ રવૌ–પૂજ્યારાધ્ય પં૦ માણિક્યચારિત્ર ગણિ શિષ્ય વિવેકચારિત્ર ગણિના લેખિ. પ્રાગ્વાટ જ્ઞાતીય સા. નરપાલ ભાર્યા શ્રા. લાડિકિ સુતા શ્રા૦ હંસાઇ પઠનાર્થં સ્યાણદા ગ્રામે. ભાવ. પા. ૧૮ પં. ૧૩

—સંવત્ ૧૬૨૪ વર્ષે ફાગુણ સુદિ ૮ શુક્રે કૂકરવાડા ગ્રામ મધ્યે પં. શ્રી ધર્મવર્દ્ધન ગણિ શિ૦ પં. શ્રી સૌભાગ્યવર્દ્ધન ગણિ શિ. ૫ ગણેશ લક્ષ્મી સૌભાગ્ય લિ૦ —માણસા વાસ્તવ્ય નાગર ન્યાતીય સેઠિ રૂડા પઠનાર્થં પાર્શ્વનાથ પ્રાસાદાત્.—[વિ. ધ. એક નાનો ચોપડો–પાનાં ૧૯૦—૨૩૮, પંક્તિ ૧૨.]

—સં. ૧૬૪૧ વર્ષે આગરા નગર મધ્યે પુસ્તિકા લિખિતા. (વિ. ધ. એક મધ્યમ કદનો ચોપડો પા. ૧૪૭—૧૬૫

—સં. ૧૫૪૪ વર્ષે આસો શુદિ સપ્તમી. સોમે મૃગાંકલેખા ચરિત્રં લખિત્વાત્ ... ... સં. ૧૬૫૯ વર્ષે મા૦ સુ૦ ૫ દિને શ્રી શ્રીમાલ જ્ઞાતીય સા. શ્રી પાસવીર સુત સાહ શ્રી રહીયા પદત્તં પુણ્યાર્થં ૧૨-૧૫ લીં. શુદ્ધ જૂની પ્રત જણાય છે.

—લિ૦ સગીયાણા નગર મધ્યે સં. ૧૬૨૮ વર્ષે આસુ વદિ ૧૧ દિને ગુરૂવારે. ૨૬-૧૧ લીં.

—સં. ૧૬૭૫ વર્ષે શ્રાવણ માસે કૃષ્ણપક્ષે દ્વિતીયાયાં તિથૌ સોમવાસરે ક્ષત્રીયવંશે રાઠોડ જ્ઞાતિ મહારાજશ્રી સુરસિંહજી વિજય રાજ્યે વછા લીખતં નાગોરીં (આમાં વછા એ નામ છે તે ખુદ કવિ નથી કારણ કે ઉપર જુદા જુદા સંવત છે કે જે સં. ૧૬૭૫ પહેલાના છે.)

---

૬૩. વચ્છ ભંડારી.

(૯૮) †નવપલ્લવ પાર્શ્વનાથ કલશ. (મંગલપુર-માંગરોળના)

આદિ—

શ્રી સૌરાષ્ટ્ર દેશમધ્યે શ્રી મંગળપુર મંડણો. દુરિત વિહંડણો,
અનાથનાથ અસરણસરણ ત્રિભુવનજનમનરંજનો,
૨૩ મો તીર્થંકર શ્રી પાર્થનાથ તેહ તણો કળશ કહીશું.

ઢાળ.

હાંરે વાણારસી નયરી વસેય અનુપમ ઉપમ અવધાધાર,
તિહાં વાવી સરોવર, નદીય કૂપ જળ વનસ્પતિ ભાર અઢાર,
તિહાં ગઢ મઢ મંદિર, દિસ અભિનવ, સુંદર પોલિ પ્રાકાર,
કોસીસા પાખલ ફિરતિ ખાઈ, કોટે વિસમા ઘાટ. ૧

* * * *

અંતે—

(છાપેલી પ્રતમાં)

ભણે વચ્છ ભંડારી મનમન, વસિયો શ્રી અરિહંતોજી,
નીલવરણ તનુ મહિમાસાગર, જયો જયો ભગવંતોજી,

(અન્ય લિખિત પ્રતમાં પાઠાંતર.)
ઇમ ભણે વચ્છ ભંડારી નિજદિન અમ મન એ અરિહંત,
એહવા નીલવરણ નવરંગ જિનેસર, જયો જયો જયવંત
—શ્રી ૫ તિલકચંદ...પઠનાર્થં. લ૦ પં. કાંતિકુશલ સંવત ૧૮૩૭ ના વર્ષે ચૈત્ર શુદ ૧૩ વાર શુક્રે. મો. લા.; માં.
—પ્ર૦ દેપાલકૃત સ્નાત્ર પૂજામાં અંતર્ગત-વિવિધ પૂજાસંગ્રહ. નવકાર સઝાય. ટુંક ૭.

[આ કવિ દેપાલ કવિના સમકાલીન જણાય છે તેથી તેને ૧૬ મા સૈકામાં મૂકેલ છે. મૃગાંકલેખા રાસના કર્ત્તા વચ્છ કવિ ને આ બંને એક હોવાનો સંભવ છે.]

---

૬૪ સર્વાંગસુંદર. (વડતપગચ્છ-જયશેખર સૂરિ-જિન-સુંદરસૂરિ-જિનરત્ન સૂરિ-જયસુંદર ઉ. શિ.)

(૯૯) સાર શિખામણ રાસ. ૧૫૪૮ માગશર શુદ ૧૦ માનુષ્યપુરીમાં

આદિ—

ત્રેવીસમા શ્રી પાસનાહ પ્રભુ કેરા પાય
હુ પ્રણમુ એક ચિત્ત થઇ લહી સગુરૂ પસાય. ૧
માતા સરસતિ દેવિ કન્હઈ એક સુવચન માગું
જે કવિરાજ આગઇ હૂઆએ તેહ ચરણે લાગું. ૨
ધ્યાઉં શ્રી નવકાર મંત્ર ચઊદ પુરવ સાર
વર્ણવતાં એક જીભડીએ ન લહીજઈ પાર. ૩
યશ કીરતિ જેહ નિરમલ એ જયસુંદર જેહ;
સંવેગનિધિ ગુરૂ ગણહરએ આરાધું તેહ. ૪
સાર શીષામણ તણુ રાસ રચસૂં રસ આણી,
તે ભવિયણ તમ્હે સાંભલઉએ અવિચલ ફલ જાણી. ૫

* * * *

અંતે—

વડ તપ ગછ ગયણુંગમણિ સૂરિ, જેહ વાણી ગંગાજલ પુરિ
શ્રી જયસેહર સૂરિવરો.
તાસ પાટ દીપઈ ગુણ ભૂરિ, ગછપતિ શ્રી જિનસુંદર સૂરિ;
તપિ જપિ નિરમલ ગણધરૂએ. ૨૩૩
તાસ પાટિ પુહુવિ ગુરૂ ગુણનિધિ, જેહનઇ નામિઇ લહીઇ
સવિ સિધિ, શ્રી જિનરયણ સુરિંદ વરો.
વિજયરાજ તેહનઈ જે સોહઈ, નિરૂપમ જગહ તણાં મનમોહઈ,
ઉવઝાય શ્રી જયસુંદરૂએ. ૨૩૪
તાસ સીસ ગુરૂ લહીય પસાય, શ્રી સંવેગસુંદર ઉવઝાય,
રચિઉ રાસ એ રૂઅડો એ.
પનરસંઈ અડતાલઇ સંવત્સરિ, માગસિર સુદિદસમી ગુરૂ માનુષ્યપુરિ,
નિતુ નિતુ મંગલ જયકરૂએ. ૨૩૫
એક મનાં જે હિઇ ધરેસઈ, ભવનાં સઇનાં પાતિગ ધોસઈ,
હોસઈ સુખ તેહ અતિ ઘણૂંએ. ૨૩૬
કવિઅણુ કહઈ મઈ જાણ અજાણિઈ, રચિઉ રાસ એ બુદ્ધિ પ્રમાણિઇ,
નંદું જાંહૂં મેરૂ ગિરિએ.
એ હિતસિખ્યા નિતુ હઇંઇ ધરસ્યઇ, દુખસાગર તે નિશ્ચઇ તરસ્યઈ.
શિવ સુખ અવિચલ પાંમસ્યઇ. ૨૩૭
—૧૦-૧૪; ૧૨-૧૪ લીં.

—હા. ભં. પાટણમાં ડાબડો ૮૦; ખં. ૧, પા. ૩; માણેક.

[આ રાસમાં રાત્રિભોજનનિષેધ, જીવહિંસા ત્યાગ, ગળેલું પાણી પીવું, અભક્ષ્ય વસ્તુ ન ખાવી વગેરે શિખામણની વાતો છે. ભાષા પ્રાચીન ગુજરાતી છે તેથી હિંદી જેવી જણાય છે. પદ્ય ૨૫૦ લગભગ છે. જિનરત્નસૂરિના ધાતુ પ્રતિમાપરના લેખ સં. ૧૫૧૫, ૧૫૧૬, ૧૫૨૦, ૧૫૨૬, ૧૫૨૭ના મળી આવે છે. અને તેમને શિષ્ય હેમસુંદર ગણિ પણ હતા. જુઓ ધા. પ્ર. લે. સં. ભાગ ૨.]

૬૫. હેમવિમલ સૂરિ* (ત૦ ૫૫ મા પટ્ટધર.)

(૧૦૦) મૃગાપુત્ર સ. સં. ૧૫૪૮ પછી ને ૧૫૬૮ પહેલાં.

આદિ—

સુગ્રી નયરી સોહામણીજી, રાજા શ્રી બલભદ્ર, ...
તસુ ઘરિ ઘરણી મૃગાવતીજી, તસુ નંદન ગુણવંત,
હે માડી ખિણુ લાખીણી જાઈ.
ચરિત ચિંતામણિ સમોજી, મુઝ મનિ અધિક સુહાઇ—હે માડી૦

* * * *

અંતે—

મૃગાપુત્ર રિષિ રાજીયોજી, જે ગાવઇ નરનારી
હેમવિમલ સૂરિ ઇમિ ભણુઇજી, તે તરસ્યઇ સંસાર
—સોભાગી તુઝ સમો અવર ન કોઈ ૨૦
—આ૦ ક૦

---

૬૬ લાવણ્યસમય× (ત૦ સોમસુંદર સૂરિ—લક્ષ્મીસાગર સૂરિ—સમયરત્ન શિ૦)

* તપગચ્છમાં સુમતિ સાધુસૂરિની પાટપર થયા જન્મ મારવાડના વડગામમાં સં. ૧૫૨૨, પિતા તથા માતાનાં નામ ગંગારાજ, અને ગંગારાણી. મૂળનામ હાદકુમાર. દીક્ષા. સં. ૧૫૩૮ અને દીક્ષાનામ હેમધર્મ. આચાર્યપદ સં. ૧૫૪૮ માં ગૂજરાતના પંચાસરા ગામમાં શ્રીમાલી પાતુએ કરેલા ઉત્સવપૂર્વક મળ્યું ને નામ હેમવિમલસૂરિ રાખ્યું. સં ૧૫૫૬માં ક્રિયોદ્ધાર કર્યો. પછી ઈડરના સાયર અને શ્રીપાલે તેમનો પદમહોત્સવ કર્યો તેમાં રાજા રાયભાણે પણ ભાગ લીધો હતો. સં. ૧૫૬૮ માં સ્વર્ગસ્થ થયા.

× આ કવિ સંવત્ સોળમા સૈકાના મધ્યમાં એક સમર્થ કવિ થયેલા છે. તેનો વંશ આદિનો પરિચય તેના વિમલપ્રબંધની પ્રશસ્તિમાથી મળી આવે છે. ગૂજરાતના પાટણનગરમાંથી શ્રીમાળી વણિક નામે મંગ અમ-

(૧૦૧) સિદ્ધાંત ચોપઈ—લુંકા વદન ચપેટા. સં. ૧૫૪૩ કા. શુ. ૮ રવિ.

(આમાં મૂર્ત્તિ નિષેધક લોંકાશાનું ખંડન છે.)

આદિ—

સકલ જિણંદહ પાય નમું, હિઅડઈ હરિષ અપાર,
અક્ષર જોઇ બોલિસિઉં, સાચઉ સમય વિચાર.
સેવિઅ સરસતિ સામિણી, પામિઅ સુગુરૂ પસાઉ,
સુણિ ભવીઅણુ જવ વીરજિણુ, પામિઉ શિવપુરિ ઠાઉ. ૨
સઈ ઊગણુવીશ વરિસ થયાં, પણુયાલીસ પ્રસિદ્ધ, (વીરાત્)
ત્યાર પછી લુંકુ હુઉ, અસમંજસ તિણિ કીધ. ૩
લુંકાં નામિઇ મુહતલુ, હુંતઉ એ કિઇ ગામિ,
આવી પેઠિ બહુપરે, ભાગ્યુ કરમ વશમિ. ૪

* * * *

દાવાદ આવેલ. ને તેને ત્રણ પુત્ર પૈકી મોટા પુત્ર નામે શ્રીધર અમદ-પુરામાં વસતા હતા. શ્રીધરને તેમની સ્ત્રી ઝમકલ દેવીથી ચાર પુત્રો નામે વસ્તુપાલ, જિનદાસ, મંગલદાસ અને લઘુરાજ તથા એક પુત્રી નામે લીલાવતી થયાં. તે પૈકી લઘુરાજ તેજ આપણા કવિ. તેમનો જન્મ સં. ૧૫૨૧ શાકે ૧૩૮૬ પોષ વદિ ૩ નો થયો. તેમના જન્માક્ષર સમય-રત્ન મુનિને બતાવતાં તે ગુરૂએ જણાવ્યું કે તે પુત્ર તપનો સ્વામી થશે. અથવા તે કોઈ તીર્થ કરશે, કાંતો મોટો યતિ થશે અને મહાવિદ્વાન્ થશે ગુરના કહેવાથી માબાપને પગે લાગીને એ પુત્ર વૈરાગી થયો. સં. ૧૫૨૯ ના જેઠ શુદ ૧૦ ને દિને પાટણમાં પાલણપુરી અપાસરામાં મહોત્સવપૂર્વક તપગચ્છપતિ લક્ષ્મીસાગર સૂરિ (જન્મ સં. ૧૪૬૪ ભાદ્રપદિ વદિ ૨, દીક્ષા ૧૪૭૦, પન્યાસપદ ૧૪૯૬, વાચક પદ ૧૫૦૧, સૂરિપદ ૧૫૦૮, ગચ્છનાયક પદ ૧૫૧૭સ્વર્ગવાસ સં. ૧૫૩૭) એ દીક્ષા આપી લાવણ્યસ-

અંતે—

ક્રોધ નથી પોષિઉ મઈં રતી, વાત કહીછઈં સઘલી છતી;
ઓલિઉ શ્રી સિદ્ધાંત વિચાર, તિહાં નિંદાનું સિઉં અધિકાર. ૧૭૪

જીવ સવે મઝ બંધવ સમાં, પડઈ વરાંસઇ ધરિજ્યો ક્ષમા,
જે જિમ જાણઈં તે તિમ કર, પણિ જિનધર્મ ધર આદર. ૧૭૫

મય એ નામ આપ્યું. સમયરત્ન ગુરૂએ વિદ્યા આપી. કવિ પોતે જણાવે છે કે ' મેં સરસ્વતી માતાની કૃપા કરવાથી મને સોળમા વર્ષમાં વાણી (કવિત્વશક્તિ) ઉદ્‌ભવી જેનાથી પોતે છંદ, કવિત, ચોપાઇ, અને ગદ્યપદ્યવાળા સરસ રાસ રચ્યા. વળી અનેક પ્રકારનાં ગીત રાગ રાગણી અને સંવાદ રચ્યાં. (મેં,) રસવાળાં કથન કહ્યાં છે, પણ જુઠાં કાવ્ય કર્યા નથી. મોટા મોટા મંત્રીઓ અને રાજાઓને પણ ખુશી કર્યા છે. ઘણા વિશાળ પ્રદેશમાં જેનો ઉપદેશ પ્રસર્યો છે, અને જેના ઉપદેશથી ઘણે ઠેકાણે દેહરાં તેમજ ઉપાશ્રય થયા છે, મોટા મોટા મીર (સરદાર) અને માલિક (જમીનદારો–રાજા) જેને નમે છે, તેને (પોતાને) પંચાવન (સં. ૧૫૫૫) ના વર્ષમાં પંડિતપદ મળ્યું. જે ગણિ તપાગચ્છના શણગારરૂપ શોભે છે, અને જે દેશ પરદેશમાં વિચરે છે, તે સોરઠ દેશમાં ગિરનાર પર થઇને ગુજરાતમાં આવ્યા. અણુહિલવાડ પાટણ પાસે માલસમુદ્ર (પાટણથી પશ્ચિમે પાંચ ગાઉપર ' માલસુંદ ' ગામ છે તે હશે !) માં ચોમાસું રહ્યા. અહીંના સકળ સંઘે વિનવણી કરી એથી વિમળ રાસનું કથન કર્યું. સં. ૧૫૬૮ ના આસો માસમાં પાર્શ્વનાથ જિનેશ્વરની પાસે શુદ્ધ પક્ષે રવિવારે મૂળ નક્ષત્રમાં વિમળરાસનું વૃત્તાંત પૂરૂં કર્યું. " આ કવિની સં. ૧૫૮૯ સુધીની કૃતિઓ આમાં જણાવ્યા પ્રમાણે મળી આવી છે. તે પરથી ત્યાં સુધી તેમનો જીવનકાળ અવશ્ય હતો એ સિદ્ધ થાય છે. ક્યારે સ્વર્ગસ્થ ગયા એ જાણવા કંઇ સાધન ઉપલબ્ધ થયું નથી. વિશેષ હકીકતો તેમની સર્વ કૃતિઓ વાંચી વિચારતાં અંતરંગ પ્રમાણથી મેળવી શકાય તેમ છે.

ધન ધન જિનશાસન.
અમ્હ ગુરૂ શ્રી સોમસુંદર સૂરિ, જાસુ પસાઈં દુરિઆં દૂરિ,
તપગછનાયક સુગુણનિધાંન, લક્ષ્મીસાગર સૂરિ પ્રધાન. ૧૭૬
શ્રી સોમજય સૂરીંદ સુજાણ, જસુ મહિમા જગિ મેરૂ સમાણ,
અહનિસિ હરષિ પ્રણમૂ પાય, સુમતિસાધુ સૂરિ તપગછરાય. ૧૭૭
ગુણમંડિત પંડિત જયવંત, સમયરત્ન ગિરૂઆ ગુણવંત,
તસુ પય કમલિ ભમર જિમ રમૂં, ઈણિપરિ ભગતિઈં દિન નીગમૂં. ૧૭૮
જસુ મહિઅલિ રૂઅડઉ જસ વાઉ, તે સહિ ગુરનુ લહી પસાઉ,
એ ચઉપઇ રચી અભિરામ, લુંકટ વદન ચપેટા નામ. ૧૭૯
સંવચ્છર દહ પંચ વિશાલ, ત્રિતાલા વરષે ચઉસાલ,
કાતી શુદિ આઠમિ શુભ (રવિ) વાર, રચી ચઉપઇ બહુત વિચાર. ૧૮૦
નરનારી એકમનાં થઇ, ભણઇ ગુણઇ જે એ ચઉપઈ,
મુનિ લાવણ્યસમય ઇમિ કહઇ, તે મનવાંછિત લીલા લહઇ. ૧૮૧
—ઇતિ શ્રી સિદ્ધાંત ચતુષ્પદી. લુંકટ વદન ચપેટાભિધાના.

લિખિતા પરોપકારાય. શુભં ભવતુ લેખક પાઠકયો:-શ્રી. આની સાથે આજકવિનું રચેલું એક ગીત છે. (પ્ર. કા.) -૮-૧૩ વિ. ધ.

—સંવત ૧૬૪૬ વર્ષે ચૈત્ર માસે શુક્લ પક્ષે ચતુર્દશી બુધે લષિતં સ્વપરોપકારાય લિખિતં ॥ પં૦ કુશલતિલક ગણિ શિષ્ય કલ્યાણતિલક લિપિતં ॥ શ્રી શ્રમણસંઘસ્ય શુભં ભૂયાત્-ભાવ. પૃ. ૨૩-૩૧ પં. ૧૩

(૧૦૨) સ્થૂલિભદ્ર એકવીસો સં. ૧૫૫૩ ની દીવાળી.

આદિ—

આવિઉ આવિઉ રે આવિઉ જલહર ચિહું પખે,
સોહાવિઉરે માસ આસાઢ સુગુણ સખે
નિત સમરૂં રે જેહનું નામ સદા મુખે.
સોઈ સામીરે સ્થૂલિભદ્ર જો નાવઈ સખે.

* * * *

અંતે—

સંવત પંનર ત્રિપનઈ સંવત્સરે દિવસ દીવાલી તણુઉ
થૂલિભદ્ર ગાયુ મય સુણાયુ એકવીસુ એ ભણુઉ
ઋષિ મુનિવરરે મયણુનિ આંણુ મનાવીઉ
જોઉ જિનવરરે શાસનિ સોહ ચડાવીઉ
જસુ કીરતિરે મહીયલિ ઝાઝી ઝમમગઈ
ચઉરાસીરે ચઉવીસી જો જાં લગઈ.
જાં લગઈ મહીયલિ મેરૂ સાગર ઇંદ્ર ચંદ વષાણીઇ,
નક્ષત્રમાલા રવિઝમાલા સીલ જસ તાં જાંણીઈ
શ્રી સ્થૂલિભદ્ર મુનીંદ્ર રાજા ચિત્તિ ચોષઈ આણિ
લાવણ્યસમય સુરંગિ બોલઈ અંગિ નિરમલ થાઈ. ૨૧

—ત્રિ. ધ. ; ૮-૧૪ લીં.

(૧૦૩)+ ગૌતમપૃચ્છા ચઉપઈ સં. ૧૫૫૪ ચૈત્ર સુદ ૧૧ ગુરૂ

આદિ—

સકલ મનોરથ પૂરવઈ, ચઉવીસમુ જિણુંદ
સોવનવન સોહઇ સદા, પેખઇ પરમાણુંદ. ૧

* * * *

અંતે—

કવિ કહિ હું સિઉં બોલું બહું, જાણુ ચતુર છઉ તુમ્હે સહૂ,
પુણ્યકાજ કરિસ્યઉં એક સસાં, સત્રિ સુખ લહસિઉ વિસઉં વિસા. ૮
શ્રી મુખી ગૌતમ પૃછા કરઈ, વીર સરિખા સંસય હરઈ,
બિહુનિ વાણિ અમૃત સમાન, અમૃતવાણી પહિલઉ અભિધાન. ૯
એ ચઉપઈ રચી ચઉસાલ, કુણ સંવત નઇ કેહુ કાલ,
વરિસ માસ દહિસ્યૂં દિન વાર, જોઇ લેજ્યો જાણુ વિચાર, ૧૦
પહિલું તિથિની સંખ્યા આણિ, સંવત જાણિ ધણિ અહિનાણી
બાણુ વેદ જઉ વાંચઉ વામ, જાણું વર્ષ તણું એ નામ. ૧૧

વાસુપૂજ્ય જિણુવર બારમું ચૈત્રથિ કો માસ જિતે નમું,
અજૂઆલી ઇગ્યારિસિ સાર, તહીઇ સુર ગુરૂ ગિરૂઉ વાર. ૧૨
દૂહા ચઉદ અનઇ ચઉપઇ, ઇકિ જપમાલી પુરી હૂઇ,
ઉપર અધિકો પાઠ વખાણિ. ને સંખ્યાના મણિયો જાણિ. ૧૩

* * * *

તપગચ્છ નાયક આણુંદ પૂરિ, વંદુ સિરિ સોમસુંદર સૂરિ,
તસુ અનવ્રઇ સોહઇ ગુરૂચંદ, સિરિ લખમીસાગર સૂરીંદ. ૧૧૮
અણુજાણુતા કહિઉ જે અતી, અધિકૂં ઓછઉં ખમિઓ વલી,
મુનિ લાવણ્યસમઇ કહિ એ ઇસ્યિઉં, ધન મન જે જિનચલણે વસિઉં ૧૧૯

—ક્ષખ્યા સં. ૧૯૦૭ પ્ર. કા.

—૬-૧૨ ધે. —પ્રકાશિત ભીમશી માણેક.

(૧૦૪) આલોયણ વિનતિ સં. ૧૫૬૨ વામજ નગરમાં.

આદિ—

આજ અનંતા ભવ તણુંરે, કીધાં અતિ ઘણુંરે
મુજ એહજ ટેવ તુ,
પાપ આલોઉં આપણું, સુણિ સમરથરે, સીમંધર દેવ તુ. ૧
ચોડિ સીમંધર સામીયાં—આંકણી.
કરૂં વિનતીરે કરૂં બે કરજોડિ તુ,
ખોડ નહિ કહતો ૫રૂં ભમ્યો ભવતણીરે કહું કેતલી કોડિ તુ. છો. ૨

* * * *

અંતે—

સંવત પનરબાસિઠઇં આદિશ્વરરે અલવેસર સાથ તુ.
વામિજમાંહિ વીનવ્યો, સીમંધરરે દેવદર્શન દાખિ તુ. ૫૪ છો.
અમિઅ ઠર્યો આણુંદ ભર્યો આજ મેં કર્યોરે પોતિં
સુકૃત ભડાંર તો,

ભવ ભવ સાગર ઉતર્યો ચીત્તજ ધર્યોરે જિન મુક્તિદાતાર તો
૫૫ છો૦

ઇણુ પરિ પાપ આલોઇઆં જેઅ દુભવ્યાં રે જીવ ઘોર અનંત તો,
આલોઈ જિન છોડવિં ઇસું બુઝવીરે જિનરાજ મહંત તુ ૫૬ છો૦
તુમ નામિં હું નિર્મલ થયો મુઝ બિ ગયોરે પાતિક તણુ દુર તુ,
મુનિ લાવણ્યસમઈ ભણઇ નિત વાંદસ્યુંરે પ્રભુ આણુંદ પૂર તુ. ૫૭ છો૦

(વિ. ધ. ચોપડો પા. ૧૬૮–૧૭૦) મારી પાસે ૩–૧૨.

(૧૦૫) નેમનાથ હમચડી સં. ૧૫૬૨ (૬૪)

આદિ—

સરસ વચન દીયો **સરસ્વતી**રે ગાયસ્યું **નેમ**કુમારો
સામલવરણ સોહામણો, તે રાજીમતી ભરતારો રે હમચડી ૧

* * * *

અંત—

હમચી હમચી હમચડીરે હમચી છઇ ચુરાસી,
મુનિ લાવણ્યસમય ઇમિ બોલઈ, હમચી હરાવિઈ વાસીરે હ૦ ૮૧
સંવત **પનર બાસઠે** (પા. ચુંબઠે) રે ગાયુ **નેમિ**કુમારો
મુનિ લાવણ્યસમય ઇમ બોલઇ, વરતિઉ જયજયકારોરે–હ. ૮૩

—મારી પાસે છે.

(૧૦૬) સેરીસા પાર્શ્વનાથ સ્તવ. સં. ૧૫૬૨

આદિ—

સ્વામિ સુહાકર શ્રી **સેરીસઈ**, **પાસ** જિણેસર લોડણ દીસઇ,
દીસઈ લોડણ પાસ પરગટ, પુહવિ પ્રત્યાપૂર એ,
સેવતાં સંપત્તિ સુકવિ જપંતિ સયલ સંકટ ચૂર એ,
એ અચલ મૂરતિ સકલ સૂરતિ આદિ કોઈ ન જાંણુ એ.
ઇમિ સુણીય વાણી હદય આણી સુગુરૂ એમ વખાણુ એ.' ૧

× × × ×

અંત—

પાસ કલ્યાણક દસમ દીહાડએ, મહીયલ મહિમા પાસ દેખાડ એ,
દેખાડ એ પ્રભૂ પાસ મહિમા સંઘ આવે ઉમટયો,

ધ્વજ પૂજ મંગલ આરતી તેણે પાપ પૂરવનાં ઘટયાં.
સંવત પન્નર બાસઠ્ઠિ પ્રસાદ સેરીસાતણો
લાવણ્યસમેં ઇમિ આદિ બોલેં નમો નમો ત્રિભુવનધણી. ૧૫

(૧૦૭) રાવણ મંદોદરી સંવાદ. સં. ૧૫૬૨ (આગળ જુઓ)

(૧૦૮) વૈરાગ્યવિનતિ સં, ૧૫૬૨ આસો શુદ ૧૦

આદિ—

જય પઢમ જિણેસર અતિ અલવેસર, આદીસ્વર ત્રિભોવનધણીય,
શેત્રુંજ સુખકારણ સુણિ ભવતારણ વીનતડી સેવક ભણીય. ૧

* * * *

અંતે—

સેવકમાંહિં સમુહતુ થાપુ, આદીસ્વર અવિચલ પદ આપુ
તપગછિ શ્રીય હેમવિમલ સૂરીંદ, તાસ વયણિ કીધૂ આણંદઈ ૪૬
પનર બાસઠઇ આદિજિન તુઠઈ, કરી વીનતી ઊલટિ ઘણઇએ,
આસો મસવાડઇ દસમીં દિહાડઇ, મુનિ લાવંન્યસમઇ ભણઇ એ. ૪૭

—ગ્રંથાગ્ર ૭૧–વિ. ધ. ચોપડો ૧૬૭–૧૭૦. મારી પાસે ૨–૧૭.

(૧૦૯) સુરપ્રિય કેવલી રાસ. સં. ૧૫૬૭ આસો શુદ રવિ ત્રંબા-
વતી (ખંભાત) માં

અંતે—

શ્રેણિક હીયડઇ હરષીયા, રંજી પરષદિ બાર,
મુનિ લાવણ્યસમઈ ભણઈ, વરત્યઉ જયજયકાર. ૧૯૭
સંવત પંનર સત(ડ) સઠઈ આસો સુદિ રવિવાર [પા. સોમવાર]
રચિઉં ચરિત્ર સોહામણું, ત્રંબાવતી મઝારિ. ૧૯૮
તપગછિ ગુરૂ ગૌયમ સમા, સોમસુંદર સૂરિરાય,
સમયરત્ન સહિ ગુરૂ જયઉ, પામી તેહના પાય. ૧૯૯
કાંઈ કવિ' મતિ કેલવણુ, કાંઈ શાસ્ત્ર વિચાર
ગાઉ સુરપ્રિય કેવલી, ગુરૂ સરસતિ આધારિ. ૨૦૦

—લિખાપિત ચ શ્રી થિરાદ્રપદ્રે સં. ૧૬૧૪ વર્ષે. પ્ર. કા.
—ગ્રંથાગ્ર ૨૩૧ પ્રે૦ ૨૦; જેસ૦ ; ખં.

(૧૧૦) + વિમલ પ્રબંધ (રાસ) સં. ૧૫૬૮ આસો શુ. રવિ માલ સમુદ્રમાં.

આદિ— વસ્તુ.

આદિ જિણવર આદિ જિણવર પ્રથમ પ્રણમેસુ
અંબાઇ ધુરિ અર્બુદા સકલદેવિ શ્રીમાત ધ્યાઉં
પુમાવય ચક્કેસરિ વાગ્વાણિ ગુણ રંગિ ગાઉં
સહિ ગુરૂ આયસ શરિ ધરી આલસ અલગ કરેશિ
કહિ કવિઅણ હૂં વિમલમતિ, વિમલ પ્રબંધ રચેશિ. ૧

ચુપૈ.

સરસતિ વરસતિ વાંણિ સાર, કહિ કવિઅણ મઝ તસ આધાર,
સરસતિ વિણ જે બોલ્યા બોલ, તે પ્રમાણિ નવિ ચડઇ નિટોલ. ૨

* * * *

અંતે—

પામી સરસતિ દેવી પસાંઇ ગાયઉ મંત્રિ વિમલ નરરાય,
રચિઉ રાસ તે કુણ કવિરાજ, કેણઈ થાનકિ કિમ પ્રગટિઉ આજ. ૩૦
ગૂજરદેસ દેસ નવરંગ, પટ્ટણ નગર પ્રસિદ્ધઉં ચંગ,
સંઘ મુખ્ય શ્રીમાલી મંગ, કરઈ પુણ્ય જગિ મોટા યંગ. ૩૧
દીઇ દાંન વ્યવહારી વાદી, તિહાંથી આવ્યા અમદાવાદિ,
ત્રિણિ પુત્ર તસ કુલ શ્રંગાર, પ્રથમ પુત્ર શીધર સુવિચાર. ૩૨
અજદરપુરિ કીધા આવાસ, ઝમકલ દેવી ઘરણી તાસ,
ચ્યારિ પુત્ર તેહનઈ જિનમતી, પંચમ પુત્રી લીલાવતી. ૩૩
વસ્તુપાલ જમલિ જિણદાસ, ત્રીજુ બંધવ મંગલદાસ,
ચતુર ચંગ ચઉથઉ લહરાજ, તેહનઇ પુણ્ય સરીસૂં કાજ. ૩૪
ધર્મશાલ જિનમંદિરપાશિ, ક્ષમારત્ન ગુરૂ તિહાં ચુમાશિ,
જનમયોગ દેષાડિઉ ઘણાઇ, સહિગુરૂ હૃદય વિમાંસઇ તિશઈ. ૩૫

સંવત્ ૧૫૨૧ ભિન્ન, શાકે તેર છયાશીઉ પ્રસન્ન,
પોષ વદી દિન ત્રીજ પવિત્ર, આવિઉ અશ્લેષા નક્ષત્ર. ૩૬
ઘડી પાછિલી જવ નવસાનિ, જન્મ અકે ઉગીઉ પ્રભાતિ,
તુલા લગ્ન સરિસુ સંકેત, મુરતિ મંગલ જમલુ કેત. ૩૭
વૃશ્ચિકિ બુધ રવિ ત્રીજઈ રહિઉ, શુક્ર મકરિ તે ચઉથઇ કહિઉ,
ગુરૂ શનિ કુંભિ રહ્યા પાંચમઈ, મેષિ રાહુ સોહઇ સાતમઇ. ૩૮

દસમઇ ચંદ રહિઉ નિજ ઘરે, જન્મયોગ જોઇઉ સહિગુરે,
હૃદયસ્થલિ રવિ નક્ષત્ર વશિઉં, સહિગુરિ વચન પ્રકાસિઉં ઈશૂં. ૩૯
સુણઉ શ્રેષ્ટિ હોશિ તપ ધણી, કઇ એ જાશઇ તીરથ ભણી,
કઈ એ થાશઈ મોટઉ યતી, વર વિદ્યા હોશઇ દીપતી. ૪૦
ગુરૂવચને વઇરાગી થયુ, માતતાત પય લાગી રહિઉ,
જેઠ સુદિ દિન દસમી તણુઉ, ઉગણુત્રીસઇ ઉચ્છવ ઘણુઉ. ૪૧
પાટણિ પાલ્હણપુરી પોસાલ, જંગ હુઇ ચઉપટ ચુસાલ,
દિઈ દીક્ષા અતિ આણુંદપૂરિ, ગચ્છપતિ લખિમીસાગરસૂરિ. ૪૨
સંઘ સજન સહૂ સાખી સમઈ, નામ ઠવિઉં મુનિ લાવણ્યસમઈ,
નવમઇ વરસિ દીખવગ લીધ, સમયરત્ન ગુરિ વિદ્યા દીધ. ૪૩
સરસતિ માત મયા તવ લહી, વરસ સોલમઈ વાંણી હુઈ,
રચિઆ રાસ સુંદર સંબંધ, છંદ કવિત ચઉપઇ પ્રબંધ. ૪૪
વિવિધ ગીત બહુ કરિયાં વિવાદ, રચીઆ દીપ સરસ સંવાદ,
સરસ કથન નહીં આલી કવઇ, મોટા મંત્રિરાય રંજવઇ. ૪૫

જસ ઊપદેસ હવુ સવિશાલ, બહુ ધાનિક દેહરાં પોસાલ,
મીર મલેક તે માંડઇ વિનઇ, પંડિત પદ તે પંચાવનાઈ. ૪૬
સોહઈ ગણુ તપ ગચ્છ શણગાર, દેસ વિદેશિઇ કરઇ વિહાર,
સોરઠ દેશિ રહી ગિરનારિ, પુહતા ગુજ્જર દેશ મઝારિ. ૪૭
અણુહિલવાડા પટ્ટણુ પાશિ, માલસમુદ્રિ રહિઆ ચઉમાસી,
બોલ સકલ સંઘિઇ વીનવિઉ, વિમલરાસ તેણઇ કારણિ કવિઉ. ૪૮
અટ્ટસઠાનિ આસો માશિ, કીધઉ પાસ જિણેસર પાસિ,
મૂળ નક્ષત્ર નિર્મલ રવિવાર, પૂરૂ વિમલરાસ વિસ્તાર. ૪૯

વસ્તુ.

રાસ રચિઉ રાસ રચીઉ નવલ નવ બંધિ,
તસ ઉપ્પરિ ઇક ચૂલિકા, ધ્યાનિ પાસ ગઅધીઉ ધ્યાયુ,
વિમલ શ્રી વર્ણન કરિઉં, સરસ રાસ પદબંધ ગાયુ;
સંવત પંનર અઠ સઠઇ (૧૫૬૮) વડુ રાસ વિસ્તાર,
તે પ્રમાંણિ પૂરૂં ચડિઉં, માલસમુદ્ર મુઝારિ. ૫૦

* * * *

ચોપઇ.

વાત કેતલઇ આગઈ હવી, કેતાં વચન કહિયાં કેલવી,
અધિકે ઊણે લાગાં પાપ, સંઘ સમક્ષ પમાવૂં આપ. ૫૯
હૂં સવિ મૂરખ માંહિઇ ધુરી, હીઅડઈ મતિ નહી તેહવી પરી,
જે અક્ષર કવિઇ જગિ જાંણુ, તે સવિ સરસતિ તણુઉં વપાંણુ. ૬૦
જે જાણુઈ જિન ધર્માચાર, જાંણુઈ જીવ નિગોદ વિચાર,
જે કવિ જગિ મોટા મઝ થિકા, હૂં તેહના પયની રેણુકા. ૬૧

* * * *

દુહા.

દૂહા છંદ કવિત મિલી, ભાષા વિવિધ વચન્ન,
વિમલરાસ અંકે અછઈ, તેરસયા છપ્પન્ન. ૬૭

બત્રીશે અક્ષરિ થિકા, બાંધઇ ગ્રંથહ માન,
સત્તરશત લીહિ અગ્રલા, એહ ગ્રંથનું ન્યાન. ૬૮

નવરંગ નવલા ખંડ, તે રચીક રાસ અખંડ,
જે સુણુત સવિ સંયોગ, યે ભણુતલાં લહીઇ ભોગ,
જે ભણુત લહીઇ ભોગ ભૂતલિ, ભણુતિ મુનિ લાવણ્યસમઇ,
કિત્તિ વિમલ વાણી વિમલ, વિમલધરિ રિધિ વૃદ્ધિ રમઇ ૬૯

—સં. ૧૫૮૪ વર્ષે પોષ શુદિ દશમ્યા તિથૌ ગુરૂદિને ભીમેન લિખિતં. શ્રી શ્રીમાલજ્ઞાતીય સુશ્રાવક સાહ શ્રી વનજી જૂઠા પઠનાર્થં લિખિતં. સંશોધક અને પ્ર૦ મણિલાલ બકોરભાઈ વ્યાસ; ૬૧-૧૫ લીં.

(૧૧૧) કરસંવાદ—સં. ૧૫૭૫ (૪) સાતિનગરમાં.

આદિ—

પહિલૂં પ્રણમિસુ સારદા, જસ કરિ વીણા નાદ,
આદીસ્વર આદિઇં કરી, ગાઇસું કરસંવાદ.

* * * *

અંતે—

મુનિ લાવણ્યસમઈ કહિ જોઈ, જિહાં જિહાં સંપ તિહાં રવ હોઈ. ૬૫
સપિઇ લહીઇ ધનની કોડિ, સંપિઈ અંગિ ન લાગઈ ખોડિ,
સંપિઈ વયર ન વાધઇ રતિ, સંપ વખાણુઇં શ્રી જિનમતિ. ૬૬
માલવ મરહઠ સોરઠ સાર, ગૂજર દેશ સવિહુ સિણગાર,
વિનયવિવેક વિચાર વિશેષ, દીસઇ ધર્મ્મતણુઉ બહુ દેખ. ૬૭
જિહાં પોઢાં જિણુહર પોસાલ, વસઈ લોક દીપતા દયાલ,
શાંતિજ (સાતી) નગર મંડિ સુવિશાલ, ગાયુ કરસંવાદ રસાલ. ૬૮
*સંવત પનર પંચિહુતરઇ, મુનિ લાવણ્યસમઈ ઉચરઈ,
પામી ચંદ્રપ્રભ જિનરાય, બેકર સંપિઈ પૂજાઈ પાય. ૬૯

—(મ. બ.)

મજ્જન સહુ કઉ સંભલઉ હીયડઇ ભાવ ધરીય,
બોલિસુ નવનવ કવિતરસ, સિરિ વચ્છરાજ ચરીઅ. ૧

* * * *

અંતે—વસ્તુ

પાછિલઇ ભવિ પાછિલઇ ભવિ ઇણિ વછરાજિ ...
જીવ દયા પાલી ખરી તિણિ પ્રભાવઇં બિહું દેસ પામીય
આપદ સવિ સંપદ હુઈ અનઇ વલી બહુ સુખ પામીય
મુનિ લાવણ્યસમઈ ભણઈ ભવીયણ લોહ સહૂઅ.
જીવદયા પાલઉ ધરી, જિમ પામઉ સુખ બહૂઅ. ૪૫

—લિં સંવત ૧૬૫૭ પોસ શુદિ ૯ શુકે.
ઋષિ વૈરસાકેન—૨૧-૧૧ લીં.

આ રાસ આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩ જામાં પ્રકટ થયો છે તેમાં ઉપરનો અંતનો વસ્તુ છંદ નથી. તેમાંથી પ્રશસ્તિની ઢાલ છેલ્લી છે તે અત્ર ઉતારીએ છીએ:—

તપગચ્છ નાયક સહિ ગુરૂએ, માલ્હંતડે લક્ષ્મીસાગરસૂરિ,
શ્રી મુખ સરસતિ વાસિ વસે એ, માલ્હંતડે લક્ષ્મીસાગરસૂરિ.
નામિયેં સંપદ ભૂરિ-૧
અતિ ગિરૂઆ પંડિત પ્રવર, મા૦ સમયરયણ મુણિસાર સૂરિએ,
મુખ સરસતિ વાસિ વસેએ, મા૦ ગુણમણિ તણો ભંડાર. ૨
શિષ્ય તાસ પયતલિ નમીએ, મા૦ નયર કતપુરિ માહિં,
સંભવનાથ પસાઉલે એ, મા૦ રાસ રચિઓ ઉછાહિં. ૩
પહેલો અક્ષર લાભનો એ, મા૦ બીજો ભવનો જાણી,
ત્રીજો પુણ્યવંત બીજલું એ, મા૦ આગલિ સમય ઠવેઈ. ૪
એ કવિ સવિહું નમી કરીએ, મા૦ ઇમ કહે બે કરજોડિ,
અધિક ઓછું બોલતાં એ, મા૦ કુણે મ દેજ્યો ખોડિ. ૫
જ્યાં ગયણંગણિ દિણયર એ, મા૦ જ્યાં શશિકળા નિવાસ,
મેરૂ મહીધર સાયર એ, મા૦ ત્યાં લગે પ્રતપો એ રાસ. ૬

એહ રાસ વછરાજનો એ, મા० ભાવ સહિત નરનારિ,
ભણે ગુણે જે સાંભળે એ, મા० નવનિધિ તિહિં ઘરબારિ- ૯
—૭ ખંડનો રસિક રાસ છે. પા. ૩, ડે; રત્ન અમ,

(૧૧૭) +સુમતિસાધુ સૂરિવિવાહલો

આદિ—

સરસાત સામિણિ દિઉ મતિદાન મઝ મનિ અતિ ઉમાહલઉ એ,
સુણિજ્યો ભવિયણ ભાવ ધરેવિ ગાયસુ સુગુરૂ વિવાહલુ એ. ૧
મહિયલિ મોટઉ દેશ વિસેસ મેદપાટ જગિ જાણીઇ એ,
વારૂઅ વન વનિતા અભિરામ જાઉર નયર વખાણીઈ એ. ૨
વાપી કૂપ સરોવર ચંગ રંગ કરઈ નિતુ જોઅંતારે,
વાડીઅ વર ઉધાન વિવેક હેલાં જન મન મોહંતા એ. ૩

* * * *

અંતે—

લક્ષ્મીસાગર સહિગુરૂ એ માહલંતડે, સીસ શિરોમણિ તાસ,
તપગચ્છ મંડન સહિગુરૂએ મા०, પૂરઉ ભવિઅણ આસ. ૭૯
સુજન સહુકો સાંભલઉ મા० પ્રણમઉં બે કરજોડિ,
સુમતિસાધુ સૂરિ સેવંતા મા०, લહીઈ સંપદ કોડિ. ૮૦
પઢસિઈ ગુણસિઇ નિસુણસિઇં મા०, વીવાહલુ એ સાર,
કવિ લાવણ્યસમય ભણઇએ મા० તસુ ઘરિ જય જયકાર. ૮૧
નવનવિઅ વાણિહિં મતિ વિનાણિહિં હિયઇ હરિષ ઘણઉ ધરી
મઈ એક ચિત્તિહિ કરીઅ ભત્તિહિં અંગિ આલસ પરિહરી;
જાં સાત સાયર વર દિવાયર ગયણિ રોહિલિ ચંદલુ,
તાં એ અનોપમ સુગુરૂ સરિસઉ જયઉ જગિ વીવાહલુ. ૮૨
—ઐ. રા. સં. ૧.

(૧૧૮) રંગરત્નાકર નેમિનાથ પ્રબંધ

આદિ—

સ્મૃત્વા શ્રી શારદાં નેમે શ્છંદોભિ વિંવિધૈ વૈરૈઃ
પ્રબંધં બંધુરં કુર્વે રંગરત્નાકરાભિધં ૧

સારદ સાર દયાપર દેવી, તુઝ પય કમલ વિમલ વંદેવિ,
માગું સુમતિ સદા તઈ દેવી, દુરમતિ દૂરિથિકી નિંદેવિ. ૨
હિવ હું બોલું મેલ્હી માયા, તૂં કવિયણજણ કેરી માયા,
બહુ ગુણમણિ તુઝ અંગિ સમાયા અવગુણ અવર અનંત ગમાયા. ૩
તુઝ તનુ સોહઈ ઉજ્જલ કંતિ, પૂનિમ સસિહર પરિ ઝલકંતી,
પય ધમધમ ઘુઘ્ઘર ધમકંતી, હંસગમણિ ચાલઈ ચમકંતી. ૪
ચાલઇ ચમકંતી, જગિ જયવંતી, વીણા પુસ્તક પવર ધરઈ,
કરિ કમલ કમંડલ કાને કુંડલ રવિમંડલ પરિ કંતી કરઈ;
હિયડઈ હિત આણી સુણિ મઝ વાણી, જઈ હુ તુઝ બહુ માન લહું,
તુ મન આણંદિઈ, નેમિ જિણ વંદિઇ, નવ નવ છંદિઈ છંદ કહું. ૫

*   *   *   *

અંતે—પ્રથમોધિકાર.

એમહ મન ઊમાહિ પાઇ સરસતિ સિરનામી,
સમયરત્ન ગુરરાય પાય પુણ તેહના પામી
પુહવિ પ્રસિદ્ધઉ પ્રગટ પ્રથમ અધિકાર સુણાવિઉ
નેમિ સહિતિ પરિવાર નયરિ આણંદિઉ આવિઉ
પરિણાવા ઉત્સવ કહું આદિ પૂજઇ મનની રલી,
લાવણ્યસમય તે બુલિસિઈ, જુ હુસિઇ અવસર વલિ.

—(મ. બ.)

(૧૧૯) દઢપ્રહારી સઝાય.

આદિ—

પય પણમીઅ સરસતિ સરસતિ વચન વિલાસ,
મુનિવર કેવલધર ગાઇસુ મહિમનિવાસ. ૧

અંતે—

ઇતિ દઢપ્રહાર કેવલધર કેરૂં સુણીઈ સારચરિત્ર,
જિણિ ચ્યારઇ હત્યા ભીતારી, કાયા કરી પવિત્ર,

વિબુધ પુરંદર સમયસુંદર તસુ પય પામી,
સીસાલસ લાવણ્યસમયમુનિ જંપઈજઈ સિદ્ધિગામી. ૨૪

(૧) ચૌદ સુપનાની સઝાય.

શ્રી જિનવરે ભાખીયા, સહે ગોરી સાખીયા એ,
અધિકાર એ રૂઅડોએ;
સુપન તે વારૂ એ મહિમા તે સારૂ એ;
મુનિ લાવણ્યસમે એ એમ ભણે એ. ૪૬

(૨) +ગૌતમ છંદ. ૭૨ સ. મા. ભી. (૩) જીરાઉલા પાર્શ્વનાથ વિનતિ (૪) પંચતીર્થિ સ૦ (૫) રાજમતી ગીત (૬) પંચવિષય સ૦ (૭) આઠમદની સ૦ (૮) સાતવારની સ૦ (૯) પુણ્યફલની સ. (૧૦) આત્મબોધ સ. (૧૧) દાનની સ. (૧૨) મનમાંકડ સ. (૧૩) હિતશિક્ષા સ. (૧૪) શ્રાવક વિધિ સ૦

આદિ—

પ્રણમી વીર જિણેસર પાય, વંદી ગોયમ ગણધર રાય;

અંત—

લાવણ્યસમઇ મુનિવર ઇમિ કહઇ, મુગતિ વધૂ તસ લીલાં વરઇ. ૨૦

(૧૫) દાનની સઝાય.

આદિ—

એક ધર ઘોડા હાથિયાજી, પાયક સંખને પાર,
મોટા મંદિર માલીઆંજી, વિશ્વતણો આધાર—
જીવડા, દીધાનાં ફલ જોય.

(૧૬-૧૯) +સઝાયો.

આત્મ પ્રબોધ, નેમરાજુલ બારમાસો, વૈરાગ્યોપદેશ પૃ. ૯૩, ૩૧૪, ૩૭૪, સ. મા. (ભી.) પુણ્ય પૃ. ૩૧ સ. મા. સં.

(૧૨૦) **પાર્શ્વજિનસ્તવન પ્રભાતી.** ૩૭ ટુંકનું કાવ્ય.

આદિ—

વામાનંદન જિનવર પાસ, તું તોં ત્રિભોવન લીલ વિલાસ;
વિનતિ છોડિ ભવપાશ, હું છું દેવ તુમારો દાસ. ૧

અંતે—

હું આવ્યો સરણુ તમતણે, રાખો મન ઉલટ આપણે;
મુનિ લાવનસમે ઇમ ભણે, તુમ્હ તુઠે નવનિધ આંગણે. ૩૭

(૧૨૧) **ચતુર્વિંશતિ જિન સ્તવન**—માલિની છંદમાં ૨૭ કડીઓ અને છેલ્લી ૨૮ મી હરિગીતમાં.

આદિ—

કનક તિલક ભાલે હાર હીઈં નિહાલે,
ઋષભપય પખાલે પાપના પંક ટાલે;
અર જિનવર માલે ફૂટરે ફૂલ માલે.
નરભવ અજુઆલે રાગ નિઈ રોસ ટાલે,

અંતે—

× × × ×

તવગછ દિવાયર લબ્ધિ સાયર સોમદેવ સૂરીસરો,
શ્રી સોમજય ગણધાર ગિરૂઆ સમયરત્ન મુનીશ્વરો;
માલિની છંદઇ ક્ય પબંધિઇ તવિયા જિન ઉલટ ઘણુઇ,
મઇ લહિઉ લાભ અનંત મુનિ લાવણ્યસમય સદા ભણુઈ. ૨૮

અમ૦ કે૦, વિ. ધ.

---

૬૭ નરપતિ.

૧૨૨-નંદ બત્રીસી. સં. ૧૫૪૫ સાતમ મંગળવાર.

આદિ—

લંબોદર કવિજન રાય ધરંતિ, હંસવાહન તે મુખિ વસંતિ,
અવિ આવઇ મુરતિ ગંમ, વિવેકી નર તિહાં કરૂં પ્રણામ. ૧
કવિતા સારદ કેરો મૂલ, તે મુખિ બોલિ સાચં વ્રત,
ઋદય ભાવ સહુ ભાખે સદા, કવિતા મુરતિ પરતખ્ય સારદા. ૨

કવિતા સારદા તણુ પ્રણામ, નંદબતીસી કરૂ વખાણ,
સંવત પનરસિ પંચતાલા, તિથિ સાતિમ નિ મંગળવાર. ૩

* * * *

અંતે—

થોડા ભેદ ઘણું જાંણજો, હૃદયભાવ ઘણુ આંણજો,
શ્રવણે સુણતાં સુખ અપાર, કવિ નરપતિ ઇમ કહિઈ વિચાર. ૯૯.
પઢતાં સિધિ બુધિ હો અંતિ, ચતુરપણું તે નર જાંણંતિ,
નારી સીયલપણું આણંતિ, કવિતા નરપતિ ઇમ કહંતિ. ૧૦૦.

—ઇતિ નંદબત્રીસી કથા વિચારવાર્ત્તા સમાપ્તમિતિ. સંવત્ ૧૭૦૦ વર્ષે અશ્વની માસે કૃષ્ણપક્ષે ૧૦ સોમવારે શ્રી ભીલોડાનગરે શ્રી શાંતનાથ ચૈત્યાલયે શ્રી મૂલસંઘે સરસ્વતી ગચ્છે બલાત્કાર ગણે શ્રી કુદંકુંદાચાર્યાન્વયે ભટ્ટારક શ્રી ૫ રત્નચંદ્ર, તત્સીષ્ય આચાર્યશ્રી અમરેંદ્રકીર્ત્તિ તત્સીષ્ય બ્રહ્મ ભીમજી લખિતં. છ. શુભં ભવતુ. ચીરં જીયાત્. છ. શ્રી, કલ્યાણમસ્તુ, છ. છ. શ્રી. ૬–૧૬ (મારી પાસે છે.)

[આમાં મંગલાચરણ લંબોદર–ગણેશનું કરવામાં આવ્યું છે તેથી કર્ત્તા જૈનેતર હોવાનો સંભવ જણાય પણ (૧) જૈનકર્ત્તાઓ પૈકી કોઇને ગણેશનું મંગલાચરણ કરતાં મેં જાણ્યા છે (જુઓ નં. ૮૫ ના કવિના લીલાવતીરાસનું મંગલાચરણ તેમજ નં. ૮૯ કવિ.) તેથી, તેમજ (૨) આ કૃતિના લેખક–લહીઆ જૈન છે તેથી, અને વળી (૩) આ કથાના ઉપર જરા વિસ્તારથી સં. ૧૫૬૦ માં રચનાર સિંહકુશળ (જુઓ આગળ) પણ જૈન છે તેથી આ કવિ જન હોવાનો વિશેષ સંભવ છે. તે કારણે અત્ર એમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નરપતિ નામના કવિએ વિક્રમાદિત્ય ચોપઈ રચી છે અને તેની પ્રતના બહાર પર શક ૧૫૧૪ માં રચી એમ લખાણુ છે તેથી તેને સત્તરમી સદીમાં મૂકેલ છે.]

૬૭ ક. અજ્ઞાતકવિ.

(૧૨૩) મુનિપતિ રાજરૂષિ ચરિત્ર સં. ૧૫૫૦ વૈશાખ વદ ૭ રવિ.

અંતે—

થયું વૈરાગ્ય સેઠિનિ ઘણો, કરિસ્યું કાજ હવિ આપણું,
ઘણો મહોચ્છવ બેઠિ કીધ, ઋષિ મુનિપતિ કન્હિ દીક્ષા લીધ. ૬૦૦
બેહું મુનિવર તેહનું ધ્યાન. પાલિ પંચ માહાવ્રતભાર,
ધ્યાનિ મૌન્યતપ સોસી દેહ, દેવલોકિ દેવ થયા બેહ. ૬૦૧
તેહનું ધ્યાન હઇયામાંહિ આણિ, બેહું એકાવતારી જાણિ,
મુક્તિપંથ તે જાસિ વહી, શુભ કથા સંક્ષેપિ કહી. ૬૦૨
સંવત પંનર પંચાસો જાણિ, વદિ વૈશાખ માસ મનિ આણિ,
દિનિ સપ્તમી રચિઉ રવિવાર, ભણિ ગણિ તિહ હર્ષ અપાર. ૬૦૩

—ઇતિ શ્રી મુનિપતિ રાજરૂષિ ચરિત્ર સમત્ત—ગ્રંથાગ્રંથ ૯૨૧ શુભં ભવતુ. સંવત ૧૬૪૨ વર્ષિ માગસરિ શુદિ ૧ ભૂમે...લખિતં બહ્લાનપુર મધ્યે ઇહલ્લપુરિ. શુભં ભવતુ. કલ્યાણ મસ્તુ શ્રી, પત્ર ૨૩ પં. ૧૫ ભાવ; ૪૦–૧૧ વી. પા; પ્ર. કા.

બીજી પ્રતમાં એમ છે કે:—

અંતે—

સંવત ચઉદ પચ્ચાસીઈ જાંણી વૈશાખ વદિ માસ મનિ આણિ,
દિન સપ્તમી રચ્યઉ રવિવાર ભણતાં ગુણતાં હરષ અપાર. ૨૧
એ ઋષિ મુનિપતિનો ચરિત્ર સાંભળતાં હુઈ દેહ પવિત્ર
ઋદ્ધિ વૃદ્ધિ અતિ મંગલચાર ભણઇ ગુણઈ તિહિ જયજયકાર. ૨૨

—સં. ૧૬૧૮ વર્ષે અશ્વિન માસે.

[પાટણની ટીપમાં ૧૫૮૫ સંવત્ ટાંકયો છે અને તે વિશ્વસનીય છે. પા. ૧૯–પા નં.

૬૮ શાંતિસૂરિ-(સાંડેરગચ્છ સુમતિસૂરિ. શિ.) જુઓ તેમના શિષ્ય ઈશ્વરસૂરિ.

(૧૨૪) સાગરદત્તરાસ (દાન માહાત્મ્ય ઉપર) ૧૫૫૦ આસપાસ.

આદિ—

છંદતર કલ્લોલં વન્નજલં સંતિ સૂરિણા મહિયં,
સાયર ચરિઅં સાયર સરિસં સરસં નિસામેહ.

[" આ પ્રાકૃત અપભ્રંશ તથા ગૂજરાતીમાં રચાયેલો ૧૩૭ ગાથાનો રાસ ખરેખર રસમય હોઈ તેમાં ગાથા, રાસઉ, કુંડલિઓ, ઘાત (ધત્તા), અડયલ્લ, માલિનીરૂપક, છપ્પય, પાધડી (પદ્ધડિકા) રાસાબંધ વગેરે વિવિધ છંદો વાપરેલા છે. કાવ્ય ઉચ્ચ પ્રતિનું છે અને આ તેમજ તેમના શિષ્ય ઇશ્વરસૂરિ કૃત લલિતાંગચરિત્ર રાસ સંસ્કૃત તથા પ્રાકૃત કાવ્યોની સરખામણીમાં સારી રીતે ઉભા રહે તેમ છે." ચિ. ડા. દલાલ.]—પા. આ શાંતિસૂરિ સં. ૧૫૯૭ સુધી અવશ્ય વિદ્યમાન હતા. જુઓ લેખાંક ૩૩૫. પ્રાચીન લેખ સંગ્રહ.

---

૬૯ કીર્તિહર્ષ-(કક્કસૂરિ શિ૦)

(૧૨૫) સનતકુમાર ચોપઈ. સં. ૧૫૫૧ કાર્તિક શુદ ૧૫ ગુરૂવાર.

આદિ—

સ્વામી જીરાપુલિ નિવાસ, મનિ સમરંતા પુરઇ આસ,
પય સેવઇ અણુદિણુ ધરણિંદ, પહિલું પ્રણમિસુ પાસ જિણંદ. ૧
સરસતિ સામિનિ કરૂ પસાઉ, કાસમીર મુખમંડણુ માઇ,
નામ જપી કેસીય ગણધાર, ચરીય ભણું શ્રી સનતકુમાર. ૨
જિણસાસિણુ જિણુ ભાષિઉં ઇમ્મ, દાન સીલ તવ ભાવ સુરમ્મ,
ધર્મતણા એ ચ્યારિ પ્રકાર, અધિકુ મહિમા સીલિ અપાર. ૩

* * * *

અંતે—

શ્રી કક્કસૂરિ ગુરૂઆ ગુરૂરાય, મનસુદ્ધિઇં તસુ પ્રણમી પાય,
સાર શ્રીરંગ તણુઈં આગ્રહઇં, રચિઉ પ્રબંધ ભવીઅણ સંગ્રહઈં. ૨૩૧
પન્નર એકાવન્ન મઝારિ, કાતિ પુન્નિમે નિ ગુરૂવાર
કવિ કીર્ત્તિહર્ષિ મનિ ધરી આણુંદ, રચિઉં પ્રબંધ જનભુવણુાનંદ. ૨૩૨
સીલ પ્રબંધ ભણુઈ જે રંગિ, સવિ સુહ કમલા તાસુ ઉછંગિ.
એકમના થઇ જે સાંભલઇ, તેહ નરનારી અફલ્યાં ફલઇ. ૨૩૩
(વિ. ધ. ૯–૧૪–નવીન લિખિત.) ગાથા ૨૭૪.
પા. ૧૧. પાટણુ નં. ૨

કક્કસૂરિ શિષ્ય. ઉપરના કીર્તિહર્ષ હોઈ શકે.

(૧૨૬) કુલધ્વજ કુમારરાસ.

મહિયલિ સોહઈ ગુંણુગણિ ભૂર, ઉવએસ ગચ્છે ગુર શ્રી કક્કસૂરિ,
પાલઇ સંયમ નિરતીચાર, ગુરૂ ગિરૂઆ ગોયમ અવતાર, ૪
નવરસ ભવીયણુ દિઇ ઉપદેસ, સીલ વિષયે અતિ સવિશેષ,
તાસ પ્રસાદિ કવીયણુ ઇમ કહઇ, કીઉ પ્રબંધ ભવીઅણુ સવી લહઈ.

* * * *

—ઇતિ શ્રી કુલધ્વજ કુમારરાસ સમાપ્ત. સં. ૧૬૭૮ વર્ષે વૈશાખ શુદિ ૪. પ્રત પા. ૧૭ પં ૧૩ ગુ. વિ.

—ઇતિ શ્રી પરસ્ત્રીનિયમે વિષયનિવારણે પ્રકટસીલ પ્રભાવે કુલધ્વજરાસ ચરિત્રં સમાપ્ત. ૯–૧૩ વી. પા.

(ઉપકેશ ગચ્છના કક્કસૂરિના ધાતુ પ્રતિમાપરના લેખો સં. ૧૪૯૯ થી ૧૫૨૫ સુધીના મળી આવે છે. તે ગચ્છની પટ્ટાવલિમાં જણાવ્યું કે આ સૂરિને સં. ૧૪૯૮ માં ચીતોડમાં સાહ સારંગે કરેલા મહોત્સવપૂર્વક આચાર્યપદ મળ્યું. તેમણે સં. ૧૪૪૪ માં કચ્છમાં અમારી પ્રવર્ત્તાવી હતી. તેઓએ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો રચ્યા છે. તેમની પાટે દેવગુપ્તસૂરિ સં. ૧૫૯૮ માં આવ્યા.)

---

૭૦ ક્ષમાકલશ—(આગમ ગચ્છ. અમરરત્નસૂરિ–સોમરત્નસૂરિ —કલ્યાણરાજ શિ૦)

(૧૨૭) સુંદરરાજા રાસ—સં. ૧૫૫૧ વૈ. વદ શનિવાર.

આદિ—

દૂહા—રાગ ગુડી.

પહિલૂં પરમેસર નમી, આરાહિસુ અરિહંત,
ગાઇસુ શીલ સોહામણો સાંભલયો એકંતિ. ૧
સુંદરરાય તણા ગુણ કેતા કહું મુખ એક,
શીલિ કરી જગગાજતુ, કહીઇ તે સુવિવેક. ૨

*　　*　　*　　*

અંતે—

આગમગચ્છિ જયવંતા એ, મા. સોમરત્ન સૂરીંદ,
અહનસિ ભવિયાં નિત નમુ એ, મા. જિમ હુઈ પરમાણુંદ. ૧૮૮
ક્ષમાકલસ મુનિ ઇમ ભણિ એ મા. ભવિયણ સુણઉ એ રાસ,
શીલઈ સિવસુખ સપંજઈ એ મા. છૂટીઈ કમ્મંના પાસ. ૧૮૯
સંવત પનર એકાવનઇં એ મા. વદિ વૈશાખહ માસિ,
શનિવાર સોહામણઉ એ મા. રચીઉ રાસ ઉલ્હાસ. ૧૯૦
શીલ પ્રબંધહ જે ભણઇ એ મા, નરનારી સુવિચાર,
હરષઈ જે એ સંભલઈ એ મા. તેહ ઘરિ જયજયકાર. ૧૯૧

—સં. ૧૬૭૨ કાતી. શુ. ૧ લખિતં ચરમ જિનદાસેન ગ્રંથાગ્ર શ્લોક સંખ્યા ૨૭૫ માઝનઈ વિ. ધ. ૮—૧૩.

(૧૨૮) લલિતાંગ કુમાર રાસ—સં. ૧૫૫૩ ભાદ્રપદ વદ ૧૧ શનિ ઉદયપુરમાં.

આદિ—

પહિલૂં સરસતિ પય નમી, આરાહી મનશુદ્ધિ,
પુણ્યપ્રબંધ હૂં ભણિસુ, આણી નિરમલ મત્તિ. ૧

પુણ્યતણાં ફ્લ સાંમલુ, હઈયિ ધરી બહુ ભાઉ,
એક મનાં આરાધતાં, ટાલઈ ભવ દહ દાહ. ૨
દાન સીલ તપ ભાવના, જિણ ભાષઇ એ ધર્મ,
કવીયણ વલી વલી ઇમ કહઈ, સૂધઉ એહજિ મર્મ. ૩
જે પાલઈ મન શુદ્ધિ સિઉં, સૂધી જિણવર આણ,
શીલહ ઉપરિ ચિત ધરઈ, તે નર ખરા સુજાણ. ૪
સીલિં સવિ સુખ સંપજાઈ, શીલિં નિરમલ બુદ્ધિ;
શીલિં દુખ સયલહ ટલઈ, પામીજઈ સહી સિદ્ધિ. ૫

* * * *

રાજા પાસે ફરિયાદ કરવા જનાર દોસી, ફડીયા અને નેસ્તીઓનાં નામ ગણાવતાં કવિ કહે છે કેઃ—

આસડ પાસડ નઈ પદમસી, જૂઠઉ, વયરૂ આવઇ હસી;
નેસ્તી તેડાવઇ અતિસાર, મઇલ તણુઉ વસ્ત્રે નહીં પાર. ૫૩
લડસડ હીંડઈ ઉતાવલા, બોલઇ બોલ સદા તોતલા;

* * * *

અંતે—

ધર્મ પસાઈં વંછિત સિદ્ધિ, ધર્મિંઈ પામીજઇ નવ નિદ્ધિ;
ધર્મતણુઉ મહિમા છઈ ઘણુઉ, કવિ કહઇ ભાવિં સહુઇ સુણુઉ. ૧૬
હુંઅ ન જાણું કાંઈ મૂલિ, સઘળાં કવીયણુની પગધૂલિ;
અધિકું ઉછઉં કીધું જેહ, ક્ષમાવઉં કરજોડી એહ.
સંવત ૧૫ પનરત્રાઇપિજાઉ સાર, વદિ ભાદ્રવા તણુઉ શનિવાર;
ઇગ્યારિસિ દિનિ રચી ચુપઈ, સભા સમક્ષહ પૂરી હુઈ. ૧૮
આગમ ગચ્છ અછઈ સુવિચાર, શ્રી અમરરયણુ સૂરીસર સાર;
તાસ પટોધર અતિ ગુણવંત, શ્રી સોમરત્ન સૂરિહ જયવંત. ૧૯
ભવિયણુ અહિનિશિ વંદઇ જેહ, રિદ્ધિ અનંતી પામઈ તેહ;
તસ પંડિત કલ્યાણહ રાજ, તસ સુખ ભેટિં સીઝઈ કાજ. ૨૦

ઊદયપુરિ જગિ કહીઈ સાર, નિવસઇ શ્રાવક તિહાં સુવિચાર;
ચંદ્રપ્રભજિન તણુઇ પસાઈ, અલીય વિઘન સવિ દૂરિ પલાઇ. ૨૧
ભણુઈ ગુણુઈ અહિનિશ સંભલઈ, પાપ પડળ સવિ દૂરિં ટલઈ;
ક્ષમાકલસ મુનિ કહઇ સુવિચાર, નિતુનિતુ તેહ ઘરિ જયજયકાર. ૨૨
—સં. ૧૬૨૬ વર્ષે ચૈત્રશુદિ ૫ દિને લિખિતં.; જેસ૦

(અમરરત્નસૂરિના સં. ૧૫૨૪, ૧૫૨૯, ૧૫૩૧, ૧૫૩૨, ૧૫૩૫ અને ૧૫૪૭ ના અને સોમરત્નસૂરિના સં. ૧૫૫૨, ૧૫૭૧ અને ૧૫૭૩ ના ધાતુપ્રતિમાપરના લેખ મળી આવેલ છે. ધા. પ્ર. લે. સં. ભાગ ૧ અને ૨.)

---

૭૧ મૂલપ્રભ સાધુ.

(૧૨૯) ગજસુકુમાલ સંધિ ઢાલબદ્ધ સં. ૧૫૫૩—પાનાં ૫ અમ૦

---

૭૨ જયરાજ (પૌ૦ મુનિચંદ્ર સૂરિ શિ૦)

(૧૩૦) મચ્છોદરરાસ સં. ૧૫૫૩.

અંતે—

પૂનિમ પક્ષ મુનિચંદ્ર સુરિ રાજા, તાસુ સીસ જંપઇ જઇરાજ;
પનરત્રિપન્ન કીધુ રાસ, ભણુઇ ગુણુઇ તેહ પૂરિ આસ. ૫૦૭
—ઇતિ શ્રી મચ્છોદર રાસ સંપૂર્ણ. સં. ૧૬૭૨ વર્ષ શ્રી શાંતિશેખર ગણિ તત્ શિ. ઋ૦ કુંયરજી લખતં. (ગુ. વિ.)

(મુનિચંદ્રસૂરિ એ ચારિત્ર સુંદરસૂરિની પાટે ભીમપલ્લીય પૂર્ણિમા ગચ્છમાં થયા છે અને તેમના સં. ૧૫૫૮ સં. ૧૫૭૮ તથા ૧૫૯૧ ના ધાતુપ્રતિમાપરના લેખો મળી આવ્યા છે. ધા. પ્ર. લે. સં. ૧ અને ૨.)

---

૭૩ સુંદરરાજ.

(૧૩૧) ગજસિંહ કુમાર ચોપઈ—સં. ૧૫૫૩—ડે૦

---

૭૪ નન્નસૂરિ (કોરંટ ગચ્છે સર્વદેવ સૂરિશિ૦)

(૧૩૨) વિચાર ચોસઠી—સં. ૧૫૪૪ ખંભાતમાં.

અંતે—

ઇણીપરિ શ્રાવક ધર્મતત્ત્વ, પનર ચૂઆલિ રચ્યૂ પવિત્ર,
સુલલિત ચોસઠિ ચોપઇબંધ, મિછામિદુકડ હોએ અસંધ. ૬૩.
એહનો નાંમ વીચાર ચોસઠી, સુષ શ્રેણિ કરે એકઠિ;
થંભ નયર આનંદ પૂરી, કોરંટ ગછ પભણે નંનસૂરી. ૬૪

(ગુ. વિ.)

(૧૩૩) ગજસુકુમાર રાજર્ષિ સઝાય—સં. ૧૫૪૮ ખંભાતમાં.

આદિ—

સોરઠ દેશ વષાણીય, સાહેલડી રે, દેવહ તણુઉ નિવેસ;
દ્વારિકા નયરી તિહાં ભલી, સા. સમરથ કૃષ્ણ નરેસ. ૧
સમરથ કૃષ્ણ નરેશ ભુજબલિ, જસુ પિતા વસુદેવ;
દેવકી દેવી ઊઅરિ ધરીઆ, કરઇ સાનિધિ દેવ;
ઇક દિવસિ પહુતા દેવકી ઘરિ, વહિરવા મુનિ દોઇ;
તે દેષિ તસુ જે હરષ હુઉં, કહી ન સકઇ કોઇ. ૨

× × × ×

અંતે—

શ્રી અંતગડદશ આઠમા, અંગમાહિ પવિત્ર;
વીર જિણેસર જિમ કહિઉ, ગયસુકુમાલ ચરિત્ર. શ્રી૦ ૪૧
શ્રી કોરંટગચ્છ રાજીઉ, શ્રી સાવદેવ સૂરિ;
તાસુ સીસુ નન્નસૂરિ ભણઇ, મન આણંદ પુરિ. શ્રી. ૪૨
તિણિપરિ પનર અઠાવનઇ, ષંભાઇતમાંહિ;
થંભણ પાસ પસાઉલઇ, રચિઉ ઉછાહિ. શ્રી. ૪૩
ગયસુકુમાલ ચરિત્ર એ, જે ગાઇ રંગિ;
તીહ ઘરિ નવનિધિ સંપજઇ, સુષ વિલસઇ અંગિ. શ્રી. ૪૪

(વિ. ધ. ચોપડો. ૩૮-૪૧.)

(૧૩૪) દશશ્રાવક બત્રીશી—સં. ૧૫૫૩ ચિતોડમાં.

અંતે—

બત્રીશી દશ શ્રાવક તણી ચિત્રકૂટિ રચી ધરમહ ભણી;
પનર ત્રિપનઇ આણુંદપૂરિ. કોરંટ ગચ્છ પભણઈ નન્નસૂરિ. ૩૨
—વિવેકવિજય ભં. ઉદયપુર.

અભક્ષ અનંતકાય સ૦-આદિ. દેવગુરૂ કેરૂં લીજૈનામ, અંતે૦ નન્નસૂરી વિનતિ ઇમ ભણે, કર્મ ધર્મથી સઘળા હરે, સુધે ભાવે ભણસે જેહ, મુગતિ તણાં ફ્લ લેસ્યે તેહ. ૨-૧૦ આ. ક.

(૧૩૫) પંચતીર્થ સ્તવન.

આદિ—

(૧) શ્રી સેત્રુંજ રળીઆમણા, તીરથ કેરૂં એ રાઉ,—આદિનાથ સ્તવન.
(૨) દહીઉદ્રાપુરિ દીપઇ, જોતાં નયણ ન છીપઇ—શાંતિસ્તવનં.
(૩) ઉજલગિરિ હમો જાઇશુંએ, એણિ તીરથિ નિમ્મલિ થાઇશુંએ,
—નેમિ સ્તવન.
(૪) સકલ મૂરતિ ત્રેવીસમુ સામિ, ખંભાયત પુર મંડણએ–પાર્શ્વસ્તવન.
(૫) સાચુરિ પુરિ વીરજ વરગુણનુ ભડાર, મૂરખ હું કિમ પામું પાર.
—મહાવીર સ્તવન.

કલશ.

પંચઇ તિરથ પંચ જિણેસર, પંચમી ગતિ પુહતા સુંદર,
નન્નસૂરિ ઇમ છંદે નવનવે, વીનવ્યા સુખદાયક તે સવે.
—ઇતિ શ્રી **પંચતીર્થ સ્તવન.**

(સં. ૧૫૪૯ નો લેખાંક ૧૨૩ પ્રતિમાપરનો લેખ આ નન્નસૂરિનો મળ્યો છે. તે ઉપરાંત આ નન્નસૂરિના સં. ૧૫૬૯ ખંભાતમાં, સં. ૧૫૭૩ માતરમાં અને સં. ૧૬૧૧ અને ૧૬૧૨ ના પ્રતિમાપરના લેખો મળ્યા છે. ધા. પ્ર. લે. સં. ૨. આમાં લેખાંક ૧૨૩ માં સાવદેવસૂરિને અર્થાત્ સર્વ-દેવસૂરિ છે; પણ રત્નસૂરિને બદલે નન્નસૂરિ સુધારવું ઘટે. સર્વદેવસૂરિના

સં. ૧૪૯૨, ૧૫૦૫, અને ૧૫૫૩ ના પ્રતિમા લેખો મળ્યા છે. જુઓ શ્રીયુત નાહરકૃત જૈન લેખ સંગ્રહ-પ્રથમ ખંડ. અને સં. ૧૪૯૯, ૧૫૦૪, ૧૫૦૯, ૧૫૧૧, ૧૫૧૩, ૧૫૨૦, ૧૫૨૧, ૧૫૨૫, ૧૫૩૦, અને ૧૫૩૧ ના લેખો મળ્યા છે. જુઓ ધા. પ્ર. લે. સં. ભાગ ૧લો; આ પરથી જણાય છે કે તે સર્વદેવસૂરિ નન્નસૂરિના સંતતીય અને કક્કસૂરિના પટ્ટધર હતા. આ સંગ્રહમાં આપણા કવિ નન્નસૂરિનો સં. ૧૫૫૨ નો લેખ મળ્યો છે. જુઓ લેખાંક ૮૬૨.)

૭૫ હંસધીર (ત. હેમવિમલસૂરિ-જ્ઞાનવર્દ્ધન શિ૦)

(૧૩૬) +શ્રી હેમવિમલસૂરિ-ફાગ. સં. ૧૫૫૪ શ્રાવણ.

આદિ--

અહો મન ધરી સરસ તે સરસતી, વરસની અવિરલ વાણિ,
સિરિ તપગચ્છપતિ ગાઇસું, ભાવિસ્યું નિત સુવિહાણિ. ૧
હેમવિમલ સૂરીસર ઇસર કિર અવતાર,
આણંદિણુ મયણનિવારણ, તારણ સયલ સંસાર. ૨

* * * *

અંતે—

હેમવિમલ ગચ્છનાયક, દાયક સુમતિ વિલાસ,
વલ પણ ગિરિ મંદર, કંદર ગિરિ કવિલાસ. ૫૫
જ્ઞાનવર્દ્ધન વર પંડિત, દંડિત વાદીય વીર,
ચરણ કમલિ અલિજ મલિ એ, રમલિ એ રસિ હંસધીર. ૫૬
સંવત પનર એ ચઉપનઇ, ઊપનઇ બુદ્ધિ પ્રકાસિ;
ફાગ રચિઉ સમકુતરઇ, પૂરતઇ શ્રાવણ માસિ. ૫૭

૫૭ ટૂંકનું સુંદર ઝડઝમકવાળું કાવ્ય છે. પ્ર. જૈ. ઐ. ગૂર્જર-કાવ્ય સંચય.

૭૬ જિનહર (?) (ખ૦)

(૧૩૭) વિક્રમચરિત્ર. પંચદંડ. સં. ૧૫૫૬ વૈ. વદ ૨.

આદિ—

જયુજયુ પાસ જીરાઉલઉ, જગમંડણુ જિનચંદ,
જાસ પસાઈ પામીઇ, નિતુ નિતુ પરમાણુંદ. ૧
વરકાણુઇ જાણુઈ સહૂ, ત્રેવીસમઉ જિણેસ,
જેહતણી સહૂઈ વહઇ, આણુ જિસી પરિસેસ. ૨
પાલ્હણપુરવર મંડણુઉ, વાજા દેવિ મલ્હાર,
ચાસ નામ પુહવી તિલઉ, સીડઉ પાલ્હવિહાર. ૩
મહિમવંત ગિરૂઉ ગુણિ, દીઠઉ દુ સિરિ સંતિ,
જિમ જિમ જિણવર પૂજીઇ, તિમ તિમ પુહચઈ ખંતિ. ૪
હંસાસણિ સરસતિ નમી, પામી તાસ પસાય,
સુગુરૂ મુખિ હું સાંભલી, ગાયસું વિક્રમરાય. ૫

ચઉપઇ.

મહિઅલિ મંડણ માલવદેશ, જિહાં નવિ કરઇ દુકાલ પ્રવેશ,
ન્યાયવંત વલી...લોક, ધરિ...

* * * *

બીજઇ દિન આસનઇ મિલી, કહઈ વિક્રમ પુહતી મનરૂલી.
મઈ આદેશ તુમ્હારૂ કરિઉં, પાંચમાંહિ પહિલઉ મુખ ધરિઉં. ૯૩

—આ પ્રમાણે ૯૩ ટુંકનો પહેલો આદેશ પૂરો થયો. બીજો આદેશ ૯૩ ટુંકનો, ત્રીજો ૭૩ નો, ચોથો ૪૮ ટુંકનો અને પાચમો ૧૧૨ ટુંકનો છે. કર્ત્તાનું નામ બરાબર મળતું નથી લાગતું-છેવટ નીચે પ્રમાણે છે.

* * * *

અંતે—

વિક્રમના ગુણ હિઅડઈ ધરી, પંચદંડ છત્રહનું ચરી,
પનર છપન્નઇ માસિ વૈશાખિ, કીધું બીજઇ ધુલઇ પાખિ. ૧૧૨

ભણઇ ગુણઇ નઈ જે સાંભલઇ, તેહતણાં સંકટ સવિ ટલઈ,
રાજ્યરિદ્ધિ નઈ રૂડી બુદ્ધિ, તે પામઈ અષ્ટ મહાસિદ્ધિ, ૧૧૨
—ઇતિ સંવત્ ૧૫૮૨ વર્ષે આસો વદિ ૪ સોમે શ્રી પત્તન વાસ્તવ્ય શ્રી શ્રીમાલ જ્ઞાતીય પ. જીવા સુત પ. માધુ પઠનાર્થે. (મ.બ.)
(શામળભટ્ટની પંચદંડની વાત આ સાથે સરખાવી શકાય.)

---

૭૭ નેમિકુંજર—

(૧૩૮) ગજસિંહરાય ચરિત્ર રાસ. સં. ૧૬૫૬ પ્ર: જેઠ સુ. ૧૫

આદિ— (દોહા)

પાસજિણેસર પય નમી, તેવીસમો જિણંદ,
એ સુખ સંપતિ દીયઈ, પણમઈ સુર નર ઈંદ. ૧
કાસમીર મુખ મંડણી, સમરી સરસતિ માય,
શીલતણો ગુણ વર્ણવઉં, ગાવઉં ગજસિંઘરાય. ૨
નવરસિ નવરંગિ વર્ણવઉં, શાસ્ત્ર માહિ જે હોઇ,
બાર કથા રસ વર્ણવઉં, તિણિ સુણઉ સહુ કોઈ. ૩

* * *

ચ્યારિ ખંડ બહુ બુદ્ધઈ કરી, એટલઈ ચ્યારિ નારિ તિણિ વરી,
સંઘ તણી જો ઉનમતિ લહઇ, તો કવિ કથા ક્ષણંતરિ કહઇ. ૧૦૦
—પ્રથમ ખંડ સમાપ્ત.

ચારિ ખંડ બહુ બુદ્ધિહિ કરી, એતલઈ સંપૂરી ધરી,
સંઘ તણી જો ઉનમતિ લહઈ, કથા ક્ષણંતરિ તો કવિ કહઇ. ૧૦૬
—દ્વિતીય ખંડ સમાપ્ત.

દસરથ નગરી થયો ઉછાહ, કરઇ રાજ તિહાં ગજસિંઘરાઉ,
સાત નારિસિઉં સુખ ભોગવઈ, નેમિકુંજર કવિ ઇણિપરિ કહઈ. ૧૦૦
ચ્યારિ ખંડ બહુ બુદ્ધે કરી, એતલઈ નવ નારી તિણિ વરી,
સંઘ તણી જઉ ઉનમતિ લહઇ, કથા ક્ષણંતરિ તો કવિ કહઈ. ૧૦૧
—તૃતીય ખંડ સમાપ્ત.

અંતે— (દુહા)

ગજસિંઘ કુમરતણો, ચરિ મઈ ને કહીઉ સંપેવિ,
ભણુઈ ગુણુઈ જે સાંભલઈ, સુખ સંપતિ દે દેવિ. ૧૮
(ચોપઇ) ૧૯
સહગુર તણા નામ મનિ ધરી, બોલા શ્રીગજસિંઘહ ચરી,
જે પંડિત નર પુન્ય કરંતિ, રાજસુંદર (?) તે ઇમિ બોલંતિ. ૨૦
સવત પનર છપન્ને સહી, પ્રથમ જેઠ પુનિમ દિન લહી,
બુદ્ધવાર અનુરાધામાંહિ, કીયો ચરિત એ મન ઉછાંહિ. ૨૭

—પા૦ (નેમિકુંજર એ રચ્યઉ ઉછાંહિ (ગુ. વિ.)
—ચતુર્થ ખંડઃ સમાપ્તઃ
(વિ. ધ. ચોપડો. ૧૦૫–૧૨૯)

(આ ચોપડાના છેવટે સંખ્યા સંવત્ ૧૬૪૧ છે. આમાં ચોથા ખંડને અંતે રચનાર તરીકે રાજસુંદર એ નામ આપેલ છે પણ આજ રાસના ત્રીજા ખંડને અંતે નેમિકુંજર એ નામ સ્પષ્ટ લખ્યું છે. વળી મુનિ ગુલાબવિજયના ભંડારની પ્રતમાં છેલ્લા ચોથા ખંડમાં પણ નેમિકુંજર એ નામ રચનાર તરીકે જણાવ્યું છે એટલે આ રાસના કર્ત્તા નેમિકુંજરજ છે એમાં શક નથી. રચ્યા સંવત પણ બંને પ્રત સરખાવતાં સં. ૧૫૫૬ જ છે.)

—ગુ. વિ. પ્રતમાં છેવટે એક કડી મૂકી છે કેઃ–
સવત **સોલ છયસીઉ** જાણિ, માસ કાર્તિકિ દિન ઉત્તમ આણિ,
શુકલ અષ્ટમી નઇ ભાર્ગવવાર, **લિખિ** રાસ તે મન ઉદાર. ૨૬

ઇતિશ્રી ગજસિંહ ચરિત્રે ચતુર્થ પંડ સંપૂર્ણ ગ્રંથાગ્ર ૬૧૫ શ્લોકઃ શુભં ભવતુ. (ગુ. વિ).

---

૭૮ લબ્ધિસાગર—

(૧૩૯) શ્રીપાલ રાસ સં. ૧૫૫૭.

(૧૪૦) ધ્વજભુજંગ કુમાર ચોપઇ રાસ—

---

૭૯ હર્ષકલશ—(ત૦ હેમવિમલસૂરિ-કુલચરણ શિ.)

(૧૪૧) વસુદેવ ચોપઇ સં. ૧૫૫૭ લાસ નગરમાં.

આદિ—

સકલ મનોરથ સિદ્ધિ કર, ધુરિ ચઉવીસ જિણિંદ,
પય પણમિ સુભાવિં કરી, ભવિયણ નયણાણંદ. ૧
કાસમીર મુખ મડણી. મની સમરૂં એક ચિત્તિ,
કવિયણ વંછિત પૂરણી, દિઉ વાણી સરસતિ. ૨
જે વસુદેવ સોહામણો, યાદવ કુલિ સિણગાર,
ચરિત્ર રચૂ હું તેહનું, સુણિયો અતિહિં ઉદાર. ૩

* * *

અંતે—

તપગચ્છ કેરઉ સણગાર, શ્રી લક્ષ્મીસાગર ગણધાર,
શ્રી સુમતિસાધૂ સૂરીસ, શ્રી હેમવિમલ નિસદીસ. ૩૫૬
વર લાસ નયર પુરિ હરસિ, સય પનર સત્તાવન વરસઇ,
કુલચરણ પંડિત ગુણ સીસ, કહઈ હરખકલસ નિસદીસ. ૩૫૭
ધન ધન એ ચરિત્ર વિશાલ, ધન ધન જિનધર્મ રસાલ,
એહ ચરીઅ સુઅતિચંગ, જિમ પામો અવિહડ રંગ. ૩૫૮

—શ્રી છતિરંગ ચઉપઈ સમાપ્તા-સંવત્ ૧૬૫૭ આષાઢ સુદી ૨ રવો । મોરબી મધ્યે ।-પાટણ ભં.

—સં. ૧૬૭૨ વર્ષે પોસ સુદિ ૮ રવૌ બહ્રમો નગરે ૧૧-૧૭ વિજયધર્મસૂરિ.

—સં. ૧૬૩૯ લિ૦ ૧૦-૧૭ લીં.

—ખં. ૧, ડે. (હેમવિમલસૂરિ માટે જુઓ નં. ૬૫ પૃ. ૬૮.)

૮૦ સિંહકુશલ (ત૦ હેમવિમલસૂરિ-જ્ઞાનશીલ શિ.)

(૧૪૨) +નંદબત્રીશી ચોપઈ* સં. ૧૫૬૦ ચૈત્ર શુદ ૧૩ ગુરૂ.

આદિ— ગાથા.

—સં. ૧૭૩૫ જેઠવદિ ૪ લિ. ૧૫–૯ માં.

—લિ૦ ઋ. ડુંગરસી શિ. લાલચંદ્રેણ. સાધ્વી જિઉજી પઠનાર્થં સં. ૧૭૬૬ લૂણકરણસર મધ્યે. (–૧૧ બો.)

—લિ. ઋ. ઠાકુરજી તસ્ય શિષ્ય ઋ. આસકરણ સ્વપઠનાર્થં ૮–૧૪ સીં. ૧૦–૧૧ બાલા૦; ખં. ૧; વિ. ધ. (નાના ચોપડામાં).

(આ રાસને નેમિનાથ રાસ, શીલરક્ષા રાસ, શીલરક્ષા પ્રકાશક રાસ આદિ નામથી પણ ઓળખવામાં આવેલ છે.]

ઉપદેશ ગીત—

આદિ— સુરતરૂની પરિ દોહિલકરે, લાધઉ નરભવ સાર.

અંતે— ખિમાસહિત તુહ્મો તપ કરઉ, ઇમિ બોલિઇરે વિજયદેવસૂરિ ૧૬

---

૧૧૦ સમરચંદ્ર*. (પાર્શ્વચંદ્રસૂરિ શિ.

(૧૯૪) શ્રેણિકરાસ અને બીજી નાની કૃતિઓ.

(૧) શ્રેણિકરાસ. રત્ન.

(૨) પાર્શ્વચંદ્રસૂરિ સ્તુતિ ને સઝાયો.

(૩–૮) **મહાવીર સ્તવન**—સં. ૧૬૦૭ જેઠ સુદ ૮ ખંભાતમાં

સંવત સોલસત્તુત્તરઇ થંભ તીરથિ જેઠ માસ,

સુકલપક્ષ અઠ્ઠમિ દિણે, તવણ રચિઉં ઉલ્હાસિ.

પ્રત્યાખ્યાન ચતુઃસપ્તતિકા.

પંચવિંશતિ ક્રિયા સ૦, આવશ્યક અક્ષર પ્રમાણ સ.

શત્રુંજય મંડન આદિનાથ સ્ત૦ સં. ૧૬૦૮ મહા સુ. ૮

---

* સમરચંદ—પાર્શ્વચંદ્ર ગચ્છના સ્થાપક પાર્શ્વચંદ્રજીના શિષ્ય. સિદ્ધપુરપાટણના શ્રીમાલી ભીમાશાહના વાલાદે સ્ત્રીથી થયેલ પુત્ર. જન્મ સં. ૧૫૬૦ માગસર સુદિ ૧૧, દીક્ષા સં. ૧૫૭૫, ઉપાધ્યાયપદ સં. ૧૫૯૯, આચાર્યપદ સં. ૧૬૦૪, સ્વર્ગવાસ સં. ૧૬૨૬ ના જેઠ વદ ૧ ખંભાતમાં. એમના સમયમાં શ્રી આનંદમેરૂના શિષ્ય પદ્મમેરૂસૂરિ અને તેમના શિષ્ય પદ્મસુંદર ગણિ થયા કે જેમણે રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય, પાર્શ્વનાથ મહાકાવ્ય, જંબૂસ્વામિ ચરિત્ર પ્રાકૃત, તથા પ્રમાણસુંદર નામનો ન્યાયગ્રંથ કર્યો—તે ઉપરાંત ભગવતીસૂત્રપર ઉત્તમ બાલાવબોધ (ટબો) ગુજરાતી ભાષામાં કર્યો—તે પદ્મસુંદર અકબરનું ચિત્ત આકર્ષીત કરી તેમની રાજસભામાં રહેતા હતા.

શ્રી પાસચંદસૂરિંદ સીસઈ સમરસિંઘ સંવછરઈ,
માઘ માસિઈં શુક્લિ અહમિ સોલસઇઠકુતરઈ. ૧૩

શાંતિજિન સ્ત૦

ચતુર્વિંશતિ જિન નમસ્કાર. સં. ૧૫૮૮.

વસુ વસુ બાન પરમ જુગ્યાન તપો અભિધાન વૃદ્ધિ દિન માસે,
જિના ચોવીસ જગત્રય ઇસ થુણ્યા સજગીસ સમર સુલ્લાસે. ૨૫

(૯) **બ્રહ્મચારી**—તેમાં બ્રહ્મચર્યના ગુણનું વર્ણન છે. કડી ૯૪ અને શ્લો. ૧૧૫ છે. —હાલાભાઇ ભં. પાટણ.

આદિ—

ગોયમ ગણહર પાય પ્રણમી કરી,
બ્રહ્મવ્રત ધુવસિ ઉ હરષ હીઈ ધરી,
સૂધું પાલી ભવસાગર તરી,
પ્રીણી પાંમઇ પામિસિ શિવપુરી. ૧

* * * *

અંતે—

એકેક ઇંદ્રી વસિઈં આઠઇ કર્મ ગ્રંથિ સુદઢ કરઇ,
અનાદિ અનઈં અનંત ચઉત્રઈ કાલ અનંતુ સંચરઇ,
શ્રી પાસચંદ સૂરીંદ સીસો સમરસિંઘ ઇમ ઉચ્ચરઇ,
ઇંદ્રી તણુઉ જે કરઇ સંવર હેલાં શિવરમણી વરઈ. ૯૪

—પ્ર. કા.

(૧૦) ઉપદેશસાર રત્નકોશ-૧૧ બોલ સઝાય.

આદિ—

તિર્થંકર ચઉવીસહઉં, વંદુ સુગુરૂ સુસાધુ
પ્રવચન જે સૂધો કહે. પટ જીવ વીરાબાધ. ૧

* * * *

અંતે—

ઈગ્યાર પદ એ સૂત્ર સાવિઈ, સુગુરૂ મુખી અવધારિયે,
આદેયપદ મન વચ કરીઇ આદરી હેય વારીયે,
જ્ઞેય વસ્તુ સ્વરૂપ જાણી ધર્મ્મસ્યુ મન રાખિયે,
મુણીંદ શ્રી પાસચંદ સીસિઇ સમરસિંધ ઇમ ભાખિયે. ૬૧

—ધો૦

૧૧૧ બ્રહ્મમુનિ+—વિનયદેવસૂરિ પાર્શ્વચંદ્ર સૂરિ ગચ્છીય

+ બ્રહ્મ—જન્મ સં. ૧૫૬૮ ના માગશર શુ ૧૫ ગુરૂને દિને માલવાના આજણોઠ ગામમાં સોલંકી રાજા પદ્મરાય પિતા અને સીતા દેમાતાને ત્યાં; નામ બ્રહ્મકુંવર. તે અને તેના મોટા ભાઈ ધનરાજ કાર-કાજીની જાત્રાએ સ. ૧૫૭૬ માં ગયા ને ત્યાંથી ગિરનાર ગયા ત્યાં આંચલિક રંગમંડણ ઋષિએ બન્નેને દીક્ષા આપી દીધી. પાર્શ્વચંદ્રના ગુરૂ સાધુરત્નના ગુરૂ પુણ્યરત્ન પાસે બરદરાજે દીક્ષા લીધી. તે બરદરા-જને બ્રહ્મઋષિનો ભેટો પાટણમાં થયો. પછી ધનઋષિ, બ્રહ્મઋષિ અને બરદરાજ ઋષિએ દક્ષિણમાં અભ્યાસ કર્યો. ત્યાંથી વિજયનગર ગયા. ત્યાં દિગંબરોને વાદમાં જીત્યા. ને તે વખતે રાજાએ બરદરાજને વિજય-દેવસૂરિનું નામ તથા પદ આપ્યાં. વિજયદેવે પાર્શ્વચંદ્રને સૂરિપદ આપ્યુ. વિજયદેવે બ્રહ્મઋષિને સૂરિપદ આપી વિનયદેવસૂરિ નામ આપ્યું. આ વિનયદેવ સૂરિએ સુધર્મગચ્છ એ નામથી જુદી સામાચારી સં. ૧૬૦૨ ના વૈ. શુ. ૩ ને દિને બુરહાનપુરમાં આદરી. ચૌદશની પાખી કરવાનું, ઉદયાત તિથિ ત્યાગવાનું અને પાખી તથા ચોમાસું જુદું કરવાનું સૂત્ર વિરૂદ્ધ જાહેર કર્યું. કડવા ગચ્છનાએ ટેકો આપ્યો. અમદાવાદ, ને ત્યાંથી ખંભાત, પાટણ. પછી અમદાવાદમાં વિજયગચ્છના ક્ષમાસાગર સૂરિ આ સામાચારીમાં ભળ્યા. સં. ૧૬૩૬. રાંનેર, બરહાનપુર, શ્રીપુર, અંતરીક્ષ પાર્શ્વનાથ, બરહાનપુર, બોરસદ, ખંભાત પાસે કંસારી, ખંભાત—એમ વિહાર કર્યો. બરહાનપુરમાં સં. ૧૬૪૬ સ્વર્ગવાસ. તેના શિષ્ય વિનયકી-ર્તિસૂરિ નામના હતા. સં. ૧૬૪૬ માંજ મનજીઋષિએ વિનયદેવસૂરિ રાસ રચ્યો તેમાંથી આ હકીકત લીધી છે. વધુ માટે જુઓ. ઐ. રા. સં. ભાગ ૩.

(૧૯૫) ચાર પ્રત્યેક બુદ્ધિ ચોપઈ. સં. ૧૫૯૭.

આદિ—જિણ ચઉવીસઈ પઈકમલ, મનિ ધરિ હર્ષ નમેસુ,
સુગુરૂ વચન સુભ મંત્ર જિં હીયડામાહિ ધરેસુ. ૧
મુનિવર જે જગ જાણીઈ, પ્રત્યય દેખી બુદ્ધ,
મન આણંદઈ વંદિ કરિ, કહિસ્યઉં તાસ પ્રબંધ. ૨
જેઈ અસંખ ઇણે પરિ થયા, તઉ પુણ એ મુન ચ્યારિ,
ચવણ દીખ કેવલ મુગતિ, સાથિ લહઇ સુવિચાર. ૩

અંતે—

સાસણ દેવન આપઇ લગ, સજમ પાલઇ રિષિ,
તે મુનિવર નઉ મનિ ધરિનાંમ હર્ષઈ આનંદ કરઈ પ્રણામ. ૬૮
(ગાથા ×) —કરકુંડુ ચરિત્ર.
—દુમુહ ચરિત્ર વગેરે

છેલ્લે

રતનાકર ગ્રહ સંખ વરીસ, સમતિ ચંદ સંવતઇ જગીશ.
પ્રત્યય બુદ્ધ તણુઉ એ ચરી, ભાવિઉ મન આણુદઇ. ૭
સુધાસુધ જસ જગત્ર વિખ્યાત, વેલ તાત વિમલાદે માત,
શ્રી પાસચંદ ગુરૂ સુગુણ પ્રધાન, તસુ પય સેવ કરઉં નિજમાન. ૮
ઉતરાધ્યયન સંખેપઈ કહિઉં, વૃત્તિમાંથી વિસ્તર લહઉ,
તેહથી બોલ્યઉ એ ઉદ્ધાર, ભણતાં લાભઇ શુદ્ધ વિચાર. ૯
જિન ભાષિતથી કહિઉં વિરૂદ્ધ, પંડિત જન તે કરજ્યો સુદ્ધ,
અમમિલતઉ કરઉ પ્રમાણ, કરજોડી વીનવઇ સુજાણિ— ૧૦
મેરૂ મહીમંડિલ થિર રહઈ, સૂરિજ જાંસ ગઇણિઈ વહઈ
ચિહદિસિ રત્નાકર જલે ભર્યા, બિહુ પાસઈ જગતી પરવર્યા. ૧૧
જાં જગિ જિણસાસણ થિર થાઈ, તાં એ ભણતાં ચિત્ત સુહાઈ,
પાંમીજઈ સિવ સુખ સંપદા, પાસનાહ સુપસાઇ સદા. ૧૨
—૧૬—૧૪ ધો. અશુદ્ધ પ્રત.

—ડે. કૉ. પુના નં. ૩૫ સન ૧૮૭૭-૭૮

(આમા કર્ત્તાનું નામ આણંદ ઋષિ આપ્યું છે તે બરાબર નથી.)

(૧૯૬) +સુધર્મગચ્છ પરીક્ષા.

આદિ— ચોપાઈ.

વીર નમું કર અંજલિ કરી, સાધુતણા ગુણ મનિ સભરી,
સાચા ધર્મ પરીક્ષા ભણી, વિગતિ કહું કાંઈ ગચ્છ તણી;
વીરતણા ગણધર ઇગ્યાર, નવ ગચ્છ તેહ તણા ઇમ ધાર.
પાંચ ગણધરના ગચ્છ પંચ, પંચ પંચસય મુણિવર સંચ. ૨

* * * *

અંતે—

ગચ્છાચારતણી ચૌપાઈ, ગાથા એકસો તિહુંતેર થઈ,
એ સાંભલી સૌધર્મગચ્છ ભજો, આપ મતિની સંગતિ તજો. ૧૭૩
ઇમ જોઇને જિનવર આણ, સૂત્ર અર્થ સવિકરો પ્રમાણ,
અભિનિવેશ મનનો પરિહરો, બ્રહ્મ કહે જિમ શિવસુખ વરો. ૧૪૪

—પ્ર૦ શ્રાવક રવજી દેસર, ગામ સાયેણ કચ્છ.

—પ્રત—ગ્રંથશ્લોક ૨૮૩ સં. ૧૯૩૧ ના માગસર વદ ૫ પા. ૧૧-૧૨ આ૦ ક૦ —ધોરાજી.

(૧૯૭) સુદર્શન શેઠ ચરિત્ર ચોપાઈ—

અંતે— (સોરઠા)

સહ્યા પરીસા અતિ ઘોર, સુદરશણ મહા મુની
કાયા કરમ કઠોર, શીલ પાલ શિવપુર ગયા. ૧
જેહનો એહ અધિકાર, કહ્યો ઋષિરાય બ્રહ્મને
સૂત્ર તણે અણુસાર, ભવિયણ હિત કરી સાંભલો ૨
સુણ્યા તણો હી સાર, શીલ પાલે જે નર સદા
તે પાવે ભવપાર ઈ વાતમેં સંકા કો નહિ. ૩

જે કોઈ નરનારિ શીલ પાલે લજ્યા કજા
સો ઉપજે દેવ મઝાર ઉવાઇ સૂત્ર જેહની શાખ છે. ૪
એસો શીલ નિધાન, ભવિયણ હિત કરી આદરો
જયેં જાઓ નિર્વાણ દેવલોકમેં સાંસો નહી. ૫
એ ખંટ દરસણમાંહિ શીલ અધિકો વખાણીયો.
તપ સંજમ ખેરૂ થાય શીલ વિના એક પલકમાં. ૬
કહાં તાઈ કીજે વખાણ શીલકા ગુણ તણો
જોવોને સૂત્ર પુરાણ શીલ સારેહિ અધિકો કહ્યો. ૭
ઋષિરાય બ્રહ્મ ઉલ્લાસ શીલતણા ગુણ વરણવ્યા
કીયો ચરિત્ર પ્રકાશ સુદર્શનજી શેઠકો, ૮
અધિકો ઓછો કહ્યો હોય તેહનો મિછામિદુકડં
સૂત્ર પ્રાકૃત જોય જેહને અનુસારે ભાષીયો. ૯
એ શીલ તણો વખાણ પઢે સુણે નર જે સદા
પવિત્ર કરે જીભકાન, સુખ પાવે તે સાસતા. ૧૦
—સર્વગાથા ૮૩૯ લિ. સં. ૧૮૪૦ જેષ્ટ વદિ ૧૧ વાર ચંદ્વારે. ૧૫-૨૭ આગ્રાભંડાર.

(૧૯૮) અઢાર પાપસ્થાન પરિહાર ભાષા*

આદિ—

સુંદર રૂપ વિચાર ચતુરપણું ઉત્તમ કુલ અવતાર;
ભોગ સંયોગ સંપતિ સવિ અતિ ભલી, પામીઇ અરથ ભંડાર.
વિવેકી જીવદયા ધર્મ્મસાર, પાલીઇ કરીય વિચાર—આંકણી
અંગ નિરોગ નઇ જીવિત અતિ ઘણૂં, કીરતિ પ્રબલ સોભાગ,
જિનવર ગણધર અમરપતિ ચક્રધર, ઉત્તમ પદ લહિ લાગ. વિ.

* * * *

અંતે—

સમકિતધર છઈ થોડલા, નહીં મિથ્યાતી પાર;
દેખી ઘણા મ રાચસઉ, પરખઉ સમક્તિ સાર. ૧૩. આ૦

દોષ અઢાર રહિત ભલા, પરખઉ અરિહંત દેવ;
સમકિત વ્રત તપ ગુણિ ભર્યા, સાધુ તણી કઉ સેવ. ૧૪. આ૦
ભાખિઉ સૂત્ર પ્રમાંણુ, તે આરાધુ ધર્મ્મ;
તત્ત્વ ખરાં ત્રણિ એ અછઈ, સમકિત મૂલ એ મર્મ્મ ૧૫. આ૦
પાપ સતર હલૂયાં ગિણઉ, મોટઉ ભાર મિથ્યાત;
જીવ તણઇ પોતઇ અછઇ, કાલ અનાદિ વિખ્યાત. ૧૬. આ૦

રાગ આસાઉરી.

જીવવધ અસત્યવ્રત અનઈ ચોરી, નારિની સંગતિ પાપની ઉરી
સંભલઉ પ્રાણીયા એહ વિચાર, મન શુધિ પરિહરિય પાપ અઢાર,
પરિગ્રહ ક્રોધ વલી માંન નિ માયા, લોભ છઈ સયલ દૂષણતણા પાયા સ૦
રાગ નઈ દ્વેષ ગિણિ કલહ નઈ આલ, પિશુનપણૂં રતિ અરતિ વિશાલ. સ.
પર પરિવાદ માયા મૃષા વાણી, વલીય મિથ્યાત શલ્ય પરિહરિ જાણી. સં.
એહ તણઈ વલિ જીવ અનાદિ, દુઃખ ઘણાં સહ્યાં પડઇ પ્રમાદિ. સં.
એહનઉ જેમ કરઇ પરિહાર, મુગતિ તણાં સુખ તે લહઈ સાર સ.
શ્રીબ્રહ્મ કહઇ ઇમ આણુંદ આણી, સાધુનઈ વંદયો ભવીયણ પ્રાણી. સં.

—સં. ૧૬૮૦ વર્ષે ચેઇત્રિ વદિ ૧૧ રવઉ દિને લખ્યૂં છિં. લિખિતં ધોલકઈ વાસ્તવ્ય પોરવાડ જ્ઞાતી પારીખ દેવરાજ સુત વિમલદાસ પઠનાર્થં સ્વયમેવ. —આમોદ; પ્ર૦ કા૦

* "આ કવિએ પોતાનાં નાનાં નાનાં કાવ્યોને 'ભાષ' એ નામ આપ્યું છે. બ્રહ્મકૃત આઠ દશ ભાષ મને મળ્યાં છે. કેટલાક ભાષના વિચાર પ્રૌઢ અને પદ્ય રચના ઉત્તમ પ્રકારની છે. સવત્ ૧૫૨૬ માં લખાયેલા એક ગુટકામાં આગલા શતકના બીજા કેટલાક રાસ ઉતાર્યા છે તે ભેગા 'બ્રહ્મ' ના 'ભાષ' પણ ઉતારેલા છે એ પરથી સમજાય છે કે આ કવિ સોળમા શતકની શરૂઆતમાં થયો છે."—રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ આમ જણાવે છે. પણ ખરૂં જોતાં કવિ તે શતકની અંતમાં ને સત્તરમાના મધ્ય સુધીમાં થયેલ છે.

(૧૯૯) જિત નેમિનાથ ૪૪ ઢાલનું વીવાહલુ.

આદિ— રાગ ધન્યાસી.

સારદ સાર દયા કરિ દેવી, હીઅડા ભીતિરિ આણીજી,
નમિ નાથનૂં ધવલ રચિ સુસં સરસ સુકોમલ વાણીજી

અંતે—

એ ધવલ રચ્યઉં મઈં આંણી મનિ આણુંદ,
બ્રહ્મચારી નિરૂપમ ગાયઉ નેમિ જિણુંદ,
કહઈ શ્રી બ્રહ્મ સદા જિન વંદઈ બે કરજોડી,
તે અલવઈ પાંમઇ સુખ સંપતિની કોડી. ૨૦૧
પદ અક્ષર માત્રાહીણુ કહિઉં હુઈ જોય,
પંડિત જન જોઈ નિરતઉં કરજ્યો તેય,
સૂત્ર વૃત્તિ ચરિત અનુસારઈં જાંણી સાર,
લવલેસઈં ભાખ્યઉ એહ સયલ અધિકાર ૨૦૨

—ગ્રંથાગ્ર ૪૭૬ પ્ર. કા.

(૨૦૦) ઉત્તરાધ્યયનના સર્વ (૩૬) અધ્યયન સ૦—

અંતે—

છત્રીસઈ ઉત્તરાઝયણુઈ રે, જિણવર કહઇ,
અમૃત વયણ, સમત જગસું મનિ ધરીયઈ રે,
જેહથી ભવસાયર તરીઈ જિન૦ ૨૦
એ ભાસ સંખેપેઈ સારીરે છત્રીસઈ અધ્યયન વિચારી,
બ્રહ્મઉં કહઈ જે જન ભણસ્યેરે;
મંગલ કમલા લહિસ્યઇ. ૨૧

—ઇતિ શ્રી જીવાજીવ વિભત્તી ગીતં ॥ છ ॥ શુભં ભવતુ । કલ્યાણુ મસ્તુ ॥ છ । ગ્રંથાગ્રં ૭૦૦ શ્લોક સંખ્યા જાણવી. શ્રી શ્રી સં. ૧૬૪૪ વર્ષે વૈસાખ વદિ ૭ સોમે શ્રીમાલી જ્ઞાતીય ૫૦ તેજા સુતા ૫૦ લાલજી પાનાર્થં ॥ છ ॥ છ ॥ (પ્ર. કા. પાસેનો ચોપડો.)

જંબુદ્વીપ ભરતક્ષેત્ર મંડણ, નગર અચલપુર સોહઇજી,
ધન વિક્રમ ભૂપતિ તસુ રાણી, ધારણી જન મન મોહઇજી. ૧

(૨૦૧) જિનપ્રતિમા સ્થાપન પ્રબંધ—પાનાં ૪૫ અમ.

(૨૦૨) સુમતિ નાગિલ રાસ. ૧૬૧૨ રત્ન. ?

(૨૦૩) અજાપુત્રરાસ.

બીજીકૃતિઓ.

૧-૪ પાર્શ્વનાથ સ્ત૦—આસ મનવંછિત વાસજિન પૂરણ.
આદીશ્વર સ્ત૦—રિષભદેવ છઈ આણંદ જેહનાઈ નમે.
પાર્શ્વનાથ ગીત.—કેવલ ન્યાન દિવાકર ભગવંત.
બંભણાધીશ પાર્શ્વસ્તવ.—સકલ સુરાસુર સેવતિ પાય, થંભણ પુર
મંડણ જિનરાય.

૫. અંતકાલ આરાધના
૬-૭. અર્હન્નક સાધુ ગીત અને મૃગાપુત્ર ચરિત્ર-પ્રબંધ
૮. અષ્ટકર્મ વિચાર.
૯. ચંદ્રપ્રભ સ્વામિ ધવલ
૧૦. સંભવનાથ સ્તવન (૭ કડી)
૧૧. ૨૪ જિન સ્ત૦
૧૨. સૈદ્ધાન્તિક વિચાર
૧૩. ચક્રપર્વી વ્યાખ્યા

તદુપરાંત સ્તવનો, સઝાયો, કુલકો અને પ્રાસંગિક કાવ્યો.
સંસ્કૃતમાં જંબૂદ્વીપ પન્નતિસૂત્ર પર ટીકા, પાખી સૂત્રવૃત્તિ રચેલ છે.

૧૧૨ કવિયણ (સં. ૧૬૫૨ પહેલાંના-હીરવિજયસૂરિના વખતના)

(૧) ચાવીશી (૨૪ જિનસ્ત૦)—ચંદ્રાઉલા છંદમાં

આદિ—

સાહિબા વાલેસર અરિહંત કે નિસુણો વિનતીરે લો.
સસનેહા ગુણવંત કે હીયડે જે હતી રે લો. સા.

× × × ×

અંતે—

ગિરૂઆરે ગુણ તુમતણા—એ દેશી.

તુઝ ગુણગાઉ કથારસેં મે સમકિત ગુણ દિપાવ્યોરેં,
કવિયણ જગમાં જીતના યણ ગુહિર નિસાંણ વજાવ્યારે
—વીર જિનનેરેં જાઉં ભાંમણુડેં. ૫

—ઇતિ સં. ૧૭૮૯ ભા. સુ. ૧૩ દિને સુરત બંદરે. ૮–૧૬ આ. ક.

(૨) પાંચ પાંડવ સઝાય

આદિ—

હસ્તનાપુર વર ભલુ, તિહાં રાજા પાંડૂ સારરે.

અંત—

શ્રી હીરવિજયસૂરિ ગચ્છ ધણી, તપગચ્છનો ઉદ્યોતકારરે,
કરજોડી કવિઅણ મુઝ આવાગમણ નિવારોરે;
મુઝ આવાગમણ નિવારો પંડવ પંચ વંદતા મનમોહરે. ૧૯

—સુમતિરૂચિના લેખિ. સં. ૧૬૯૯ વ. શ્રા. સુ. ૫ દિને વિક્રમ પુરે નગરે૦ ગ. દેવકુશલ પઠનાર્થં. ૧–૧૭ માં.

(૨૦૪) તેતલીપુત્ર રાસ. ૧૫૯૫ (?)–પાનાં ૧૨, અમ.

(૨૦૫) અમરકુમારરાસ.

---

(૧૧૩) કલ્યાણુ (ત૦ હેમવિમલસૂરિ-સૌભાગ્યહર્ષ સૂરિ શ૦)

(૨૦૬) કૃત કર્મ રાજાધિકાર રાસ. સં. ૧૫૯૪. ગંધારમાં.

અંતે—

ચંદ્રગચ્છિ શ્રી ગુરૂ દીપતા એ મા૦ સુવિહિત સૂરિ શૃંગાર
શીલિઈ જંબૂ અભિનવાએ મા૦ ગુરૂ ગણુજલ ભૃંગાર. ૬૮
તપગચ્છિ શ્રી ગુરૂ નાયકૂએ મા૦ શ્રી હેમવિમલ સૂરીંદ
નામિઈ નિધિ પામીઈએ મા૦ દૂકૃત જાઈ દૂરિ. ૬૯
તાસ સીસ સોહામણુએ મા૦ તપગચ્છનુ આધાર.
નામિ સોભાગિઈ આગલા એ મા૦ પાલઇ પંચાચાર. ૭૦
શ્રીસોભાગ્યહર્ષ સૂરિ ચિરજયુ એ મા૦ સહૂકો દિ આસીસ,
વિબુધ પુરંદર ગુણુનિલુ એ મા૦ ધર્મવંત નિસિદીસ. ૭૧
વિદ્યા ચૌદઈ અલંકરિઉ એ મા૦ તપ જપિ ક્ષિમાનિધાન
શ્રી કલ્યાણુ જય જય કરૂએ મા૦ પંડિત સકલ પ્રધાન. ૭૨
જસ નાંમિં જસ પામીઇએ મા૦ કવિજન દિઇ સદ્ માંન
ચરણુ કમલ તે ગુરૂ તણુઇએ મા૦ શ્રી રાજહંસ સમાંન. ૭૩
તે ગુરૂ નઈ સુપસાઉલઈ એ મા૦ યુગ[૪] નિધિ[૯] ઇષુ[૫] ભૂ[૧] વિચાર
વરસ માસ બાહુલ સુદિઈ એ મા૦ જયા તિથિ સુર ગુરૂવાર. ૭૪
રાસ રચિઉં રંગિઈ કરીએ મા૦ વંદન કરૂં કરજોડિ
વચન કથન જે બોલીઆં એ મા૦ અધિકી ઓછી વાત,
દેવગુરૂ શ્રી સંઘ સાખીઆ એ મા૦ મિચ્છા દુક્કડ સાત. ૭૬
નગર અનોપમ જાંણીએ એ મા૦ મંદિર શ્રી ગંધાર
ધર્મકાજિ કરી આગલુએ મા૦ દાંન દીઇ અનિવાર. ૭૭
જિહાં એહવા વિવહારીઆએ મા૦ પૂજઇ શ્રી વર્ધમાન,
વર્ધમાંન જિન પુજતાએ મા૦ સુખ પાંમઈ વૃદ્ધમાન. ૭૮
જપતાં શ્રી વર્ધમાન જિન એ મા૦ સવિ સંપદ અનિવાર
દિનિ દિનિ પાંમઇ અતિઘણુંએ મા૦ માંગલીક જયજયકાર. ૭૯

(કલશ)

જાં પવર મંદિર સકલ સસિહર નિમ્મલ અંબર મંડલં.
ઉદયગિરિ જાં ઉદય કરઉ દિવદિવ રત્ન મહીતલં.
તાં એહ શ્રી કૃતકર્મ્મ રાજા તણુ ચરિત્ર સોહામણું.
કલ્યાંણ જયકર ભવિક નરનઇં અચલ દિઉ વધામણું. ૮૦

(ઇડરની બાઇઓનો ભં.)

[સૌભાગ્યહર્ષ સૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૮૪ અને ૧૫૯૦ ની સાલના મળે છે-જુઓ ધા-સંગ્રહ ભાગ ૧ લો લેખાંક ૧૮૬ અને ૭૧૫. આ પૈકી સં. ૧૫૯૦ ના લેખમાં સાથે આનંદવિમલસૂરિ પણ છે. આ બને સૂરિઓ હેમવિમલસૂરિના શિષ્યો અને બંનેની પાટ જુદી થઈ. આણંદવિમલ સૂરિએ સં. ૧૫૮૨ માં ક્રિયોદ્ધાર કર્યો તે વખતે તેમણે ગચ્છનો સમસ્ત ભાર સૌભાગ્યહર્ષને સોંપ્યો હતો. સૌભાગ્યહર્ષે લઘુશાલા નામે એક શાખા ચલાવીને પોતાની પાટે સોમવિમલસૂરિને સ્થાપન કર્યા હતા જ્યારે બીજી બાજુ આણંદવિમલ સૂરિએ પોતાની પાટે વિજયદાન સૂરિને સ્થાપન કર્યા હતા.]

---

૧૧૪ ખીમો.

(૨૦૭) +શત્રુંજય ચૈત્ય પ્રવાડી. (પરિપાટી).

આદિ— ચુપઇ.

આરાહૂં સામિણિ સારદા, જિમ મતિ તૂઠી દિઇ મતિ સદા,
શ્રી સેત્રજ તીરથ વંદેવિ, ચૈત્ર પ્રવાડિ રચસિ સંખેવિ. ૧
પાલીતાંણઇ પ્રણમૂં પાસ, જિમ મનિ વંછિત પૂરઇ આસ;
લલતાસુર વંદૂં જિનવીર, સોઇ સાયર જિમ ગુહિર ગંભીર. ૨

* * * *

અંતે—

એહ સ્વાંમી તુમ્હ ગુણ જેતલા, મઈં કિમ બોલાઈ તેતલા,
તૂં ગુણ રયણાયર સમ હોઈ, એહ સંખ્યા નવિ જાંણઈ કોઇ. ૩૧

જે તાહરા ગુણ ગાઈ સાર, તેહ ઘરિ મંગલ જયજયકાર,
હૂં તુમ્હ નાંમિઈં નિતુ ભાંમણુઇ, બે કરજોડી **ષીંમુ** ભણુઈ. ૩૨

—વા૦ સહજરત્ન ગણિ પુણ્યાર્થેન લક્ષતં ૧૬૧૯ માં (વિ. ધ. ચોપડો ૧૭૧-૧૭૩) પ્ર૦ પ્રા. તી૦ સં. પૃ. ૧૯૫-૧૯૭.

(આ સોલમા સૈકામાં પ્રસિદ્ધ કવિઓમાંનો એક હશે એમ તેના પછી થયેલ સુપ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે પોતાના સં. ૧૬૭૦ માં બનાવેલા કુમારપાળ રાસમાં બીજા કવિઓ સાથે આ ખીમાનુ નામ પણ ઉલ્લેખી પોતાની લઘુતા દર્શાવી છે એ પરથી ભાસે છેઃ—

"આગિં જે મોટા કવિરાય, તાસ ચરણરજ ઋષભાય
લાવણ્ય લીંબો ખીમો ખરો, સકલ કવિની કીરતિ કરો. ૫૩

---

૧૧૫ લીંબો.

(૨૦૮) પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા.

આદિ— (રાગ મેવાડો)

સકલ સુરિંદ નમિ સદારે પાસ જિણેસર દેવો
માનવ ભવ પામી કરીરે અહનિસિ કીજિ સેવો.
અહનિસિ સેવા કરીજઇ જિનવર, તો નિશ્ચય પામીજઇ શિવપુર
તુમ્હ મુખ જોતાં હરખ ન માઈ, સકલ સુરિંદ સદા ગુણ ગાઈ.
જીરેજી પાસ જિણંદ દયાલ પાએ લાગસ્યુંજી
તોરૂં રયણ અમૂલક નામ હીયડિ રાખસ્યું જી. આંચલી.

* * * *

અંતે—

ચઉ ગઇ જલનિધિ જીવડોરે, તહિં પરિભ્રમણ કરંતિ
જનમ જરા મરણઇ કરીરે, દુખ અનંત સહંતિ
દુખ અનંત સહંતિ દયાપર, ભેટિ તુમ્હારી પાખઇ જિનવર
દયા કરી ભવદુઃખ નિવારો, ચઉગઈ જલનિધિ પાર ઉતારોજી. ૪૮

લીંબો કહિ તુમ્હે સાંભલોરે, અભય તણા દાતાર
શરણુ તુમ્હારિ આવીઉરે સ્વામી જગદાધાર
સ્વામી ધ્યાઉં શ્રી જિનચંદ, ધ્યાન ધરંતાં પરમાનંદ
જે છઇ સાસ્વત સુખ અનંત, લીંબાનઇ આપો ભગવંત. ૪૯ જી.

—ઇતિશ્રી પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા સંપૂર્ણા લિખિતં પ૦ રવિવર્દ્ધન ગણિના ધનવર્દ્ધન વાચનાય શ્રીપાટણ મહાનગરે. ૪-૧૫
(વિ. ધ.)

[સત્તરમા સૈકામાં થયેલ પ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે લીંબા નામના પોતાનાથી પૂર્વ કવિઓ પૈકી એક તરીકે સંભાર્યો છે તે આજ લીંબો હોવો જોઈએ, તેથી તેને સોળમા સૈકાના અંતે મૂકવામાં આવેલ છે.

૧૧૬ વિજયગણિ.

(૨૦૯) આરાધના રાસ. સં. ૧૫૯૨ માઘ શુ. ૧૩.—આમોદમાં.

૧૧૭ લાવણ્યદેવ (ત૦ ધનરત્નસૂરિ અને સૌભાગ્યસાગર સૂરિ–ઉદયધર્મ–જયદેવ શિ૦)

(૨૧૦) કર્મ વિવરણનો રાસ.

આદિ— ધુરિ—વસ્તુ.

સકલ જિણુવર સકલ જિણુવર ભગતિ પ્રણુમેવિ,
સરસતિ સામિણિ ધરીય મનિય ગોયમ ગણુધર સામિય
તાસ પસાઇં હું તવુંય ચૌદ ગુણુઠાણીય,
ગુરૂ વયણે સુપસાઉલે બોલિસું વચન વિશાલ.
જે સુણુતાં સુખ સંપજે ટલિઈ તિ ભવભયપાસ. ૧
* * * *

અંતે—

તપાગછિ નાયક જગહ પ્રધાન, જઇવંતા જે કરે વષાણ.
શ્રી ધનરત્ન સૂરિ ગુણધાર, ષટભાષા એ સ્યાસ્ત્ર ભંડાર. ૬૯

સૌભાગી દીસિ જયવંત, શ્રી સૌભાગ્યસાગર સૂરિ ગુણવંત,
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ જાણિ, આગમ શાસ્ત્ર કરિ વંષાણ. ૭૦

ઉવઝાયા શ્રી ઉદયજ ધર્મ, સકલ વિદ્યાનો જાણે મર્મ.
તાસ શીશ પંડિત શ્રી જયદેવ, તસ સેવક બોલું ગુણ હેવ. ૭૧

પાપ નિકાચિત ધણે જાય, પણિ આએ ત્રિભુવનરાય,
એ ધ્યાન ધરૂં નિસિદીસ, જિમ અજરામર હુઇ જગીસ. ૭૨

શાસ્ત્ર સિદ્ધાંત વિચાર ભંડાર, તેહતણું નવિ જાણું વિચાર,
ગુરૂ ઉપદેસે ઇમ ઇ લહ્યાં, સંષેપે મે ગુણઠાણાં કહિયા. ૭૩

દાન શીલ પ્રભાવે કરી, નિર્મલ ચિત્ત હૈયા આદરી
લાવણ્યદેવઇ ઇણિ પરિ કહી, ભવિક લોકને કારણ સહી. ૭૪

એ ભણતાં મંગલ ઘરિ હોય, ભણતાં સંપતિ ઘરિ સોય,
એ ભણતાં હુઇ નવિય નિધાન, એ ભણતાં પામે કલ્યાણ. ૭૫

—૨૮—૧૩ લીં.

[આમાંના ધનરત્ન સૂરિ વડતપગચ્છ—વૃદ્ધ પોશાલિકના છે ને તે સ. ૧૫૭૦ માં થયેલ લબ્ધિસાગર સૂરિના શિષ્ય અને પટ્ટધર થાય. (જુઓ, નયસુંદર સંબંધી મારો લેખ. આનંદ કાવ્ય મહોદધિ મૌ૦ ૬ ઠું.) તેમના સં. ૧૫૭૨, ૧૫૮૭, ૧૫૮૮, ૧૫૯૧ ના પ્રતિમા લેખો મળ્યા છે. ધા. સં. ભાગ ૧. લેખાંક ૧૪૩૯, ૬૯૨, ૬૧૬, ૧૨૬૪. વળી સૌભાગ્યસાગરસૂરિના ધાતુપ્રતિમાના સં. ૧૫૭૯ સં. ૧૫૮૪ ને ૧૫૮૯ ના પ્રતિષ્ઠા ઉલ્લેખ છે, જુઓ ધાતુપ્રતિમા લેખ સંગ્રહ ભા. ૧ લેખાંક ૧૮૧, ૧૧૦૮, ૬૯૪. તેમજ બીજો ભાગ. સં. ૧૫૭૯ અને ૧૫૮૪ ના લેખોમાં જણાવેલું છે કે લબ્ધિસાગરસૂરિ પટ્ટે ધનરત્નસૂરિ શ્રી સૌભાગ્યસાગરસૂરિભિઃ; આપરથી બંને સૂરિ લબ્ધિસાગરસૂરિના પટ્ટ-

ધર શિષ્યો હતા; આ બંનેના સમયપરથી આ કવિ સોળમા સૈકાના અંતમાં ગણી શકાય તેમ છે.

---

૧૧૮ કુશલહર્ષ. (ત. વિજયદાનસૂરિ-હર્ષસંયમ શિ૦)

(૨૧૧) નાગપુરમંડન શાંતિજિન સ્તવન. ષટ્ભાવ ગર્ભિત.
અંતે—

ઇમ તવિઉ નિરમલ સકલ કેવલ કુશલ મંગલદાયગો,
બહુ ભાવ ભેદી તત્ત્વવેદી સુખ પ્રવેદી નાયગો,
ગુરૂ જિનવર નમઇ અસુર શ્રી વિજયદાન સૂરીસરો,
શ્રી હર્ષસંયમ ચરણ સેવક કુશલહર્ષ કૃપા કરો.   ૩૯

(પત્ર ૪ પ્ર. કા.)

(વિજયદાનસૂરિ-આચાર્યપદ સં-૧૫૮૭ સીરોહી, સ્વ. ૧૬૨૨)

---

૧૧૯ ધર્મસિંહ ગણિ (ત૦ આનન્દવિમલસૂરિ શિ.)

(૨૧૨) દીવાળી રાસ—પા. ૬ અમ,
(૨૧૩) વિક્રમરાસ—.   —જેસ.

(આનન્દવિમલ સૂરિ—આચાર્યપદ સં. ૧૫૭૦, ક્રિયોદ્ધાર સં. ૧૫૮૨, સ્વ. ૧૫૯૬),

---

૧૨૦ દોલતવિજય (ત૦ સુમતિસાધુ વંશે પદ્મવિજય-જયવિજય-શાંતિવિજય શિ૦)

(૨૧૪) ખુમાણરાસ.
આદિ—   ગાહા.

ॐ ऐं મંત્ર અપારં, સારદ પ્રણમામિ માય સુપ્રસન્નં,   ૧
સિદ્ધ ઋદ્ધિ બુદ્ધિ સિરં પૂરં વરવેદ પડિપુન્નં.
વરવેદ પુત્થહત્થા વીણા સુસ્વદ કમલ કરવિમલા,
કરણમી હંસરૂઢા, વિજ્જા વૈજંતિયા માલા.   ૨

દૂહા–કમલવદન કમલાસના, કવીઉર મુખકે વાસ,
વસે સદા વાગેશ્વરી, વિધવિધ કરે વિલાસ;
વિદ્યા બુદ્ધિ વિવેકવર, વાયક દાયક વિત્ત,
અર્ચે જે આઇ તુને, ચરણુ લગાવે ચિત્ત. ૪

સેવકસું સાંનિધ કરો, મહેર કરો મહામાય,
ત્રિપુરા છોરૂ તાહરો, સાંનિધ કરો સહાય. ૫

આઈ દ્યો અક્ષર અચલ, અધિકી બુધ ઉકત્તિ,
દલપતિસું કીજે દયા, સેવક જાણી સકત્તિ. ૬

કવિત્ત–આવભવ અંબાવર, ભગતિ કીજે ભારતિ,
જાગ જાગ જગદંબ, સંત સાંનિધ સકત્તિ;
સુપ્રસન્ન હોય સુરરાય, વયણુ વાચા વર દીજે
બાલક બેલે બાંહ, પ્રીતભર પ્યાલો પીજે
મહારાજ રાજ રાજેશ્વરી, દલપતસું કીજે દયા,
ઘન મોજ મહિર માતંગિની, માય કરો મોસું મયા. ૭

દૂહા–શિવ સુત સુંઢાલો સબલ, સેવે સકલ સુરેશ,
વિઘનવિડારણુ વરદાયણુ, ગવરીપુત્ર ગણેશ. ૮

કવિત્ત–ભૃકુટિચંદ ભલહલે, ગંગ ખલહલે સમુજ્જલ
એકદંત ઉજ્જલો, સુંડલ લવલે રૂંડગલ,
પુહપ ધૂએ પ્રમાલે, સેસ સલવલે જીહલલ.
ધુમ્ર નેત્ર પ્રજલે અંગ અકલે અતુલ બલ,
યમ બલેં વિઘન દાલિ દઅલ ચમર ઢલેં ઉજ્જલ કમલ,
સુંઢાલ દેવ રિદ્ધ સિદ્ધ દીઅણુ, સમરી દલ્લપતિ ભવલ. ૯

દૂહા–ઋષભદેવ વનિતાધિપતિ, નાભિનંદ સુખકંદ,
ઉર અંબુજ ભામર પ્રભુ, ચિત્ત ચકોર જિનચંદ, ૧૦

અલિ હુવે અલિ ઇલિકા, સગત સાગતિ સુદેત,
પારસ સુગુરૂ પરમેશ્વર, લોહ હેમ કર લેત. ૧૧

જ્ઞાન જ્યોતિસુ પ્રકાસ ગુરૂ, કર ધરી સાસત્ર કત્થ,
ત્રિભુવનમેં તારણ તરણ, સૌ વાતો સમરત્થ. ૧૨

* * * *

વચમાં. બીજા ખંડને અંતે.

એટલે ખંડ એ પૂરો થયો, અલપ બુદ્ધિ મેં ઉધમ કીયો,
સુકવિ સુધારે વાંચો સહી, કૂડ સાચ કવિયણ જે કહી,
ત્રિપુરાસકત તણે સુપસાય, રચ્યો ખંડ દૂજો કવિરાય,
તપગચ્છ ગિરૂઆ ગણધાર, સુમતિ સાધુ વંશે સુખકાર.
પંડિત પદ્મવિજય ગુરૂરાય, પટોદયગિરિ રવિ કહેવાય,
જય બુધ શાંતિવિજયનો શિષ્ય, જંપે દોલત મનહ જગીશ.

—ઇતિ શ્રી ચિત્રકોટાધિપતિ શ્રી રઘુવંશે બાપા ખુમાણ ચરિત્રે રતિસુંદરી અભિગ્રહકરણ ચિત્રકારિકા ચરિત્ર રમણ, રાજકુમારી પાણીગ્રહણ, પંચસહેલી ચિત્રગઢમિલણ દોલતવિજયવિરચિતે દ્વિતીય ખંડ સંપૂર્ણઃ—

ત્રીજા ખંડને અંતે.

જયવિજય એ નામ આપેલ છે. ને તેના શિષ્ય શાંતિવિજય ને તેના શિષ્ય દોલતવિજય.

(આ રાસ રાજસ્થાની-મારવાડી ભાષાના શબ્દોથી ભરપૂર છે. તેમાં ચિતોડના રાણા ખુમાણ તેના વંશજો વગેરેનો ચારણશાહી ઇતિહાસ મૂકેલો છે, આની પ્રત. ડે. કો. લાયબ્રેરીમાં છે. તેનો નં. ૨૫૮ સને ૧૮૮૨-૮૩ આનાં પાનાં ૧૩૯ છે અને અપૂર્ણ છે, જૈનસાધુઓ રાજદરબારમાં રહી તેનાં જૂદાં જૂદાં વર્ણનથી ચિત્ત રંજન કરતા એ આ પરથી જણાય છે ને તે માટે ગણેશને વંદન પણ કરેલ છે. આની પ્રત ડેક્કન કૉલેજની લાયબ્રેરી હાલ ભાંડારકર ઇન્સ્ટીટયૂટ-પુના માં છે.)

૧૨૧ વાસણ (ત૦ વિજયદાનસૂરિ શિ૦)

(૨૧૫) +આનંદવિમલસૂરિ રાસ સં. ૧૫૯૭ આસો.

આદિ—

સકલ પદારથ પામીઈ, જપતાં શ્રી જિનનામ,
પ્રથમ તિથેસર ધ્યાઈઈ, ઋષભજી કરૂં પ્રણામ.

*　　　*　　　*　　　*

અંત—

શ્રી આણુંદવિમલસૂરિસરૂ તસ પટોધર પવિત્ત,
તે શ્રી વિજયદાનસૂરિ ગુણિ નિલું, વાસણ પ્રણમિ
　　　　　　　　　　એ આણી નરમલ ચિત્ત. સું. ૧૫૩

—આણુંદવિમલસૂરિ સં. ૧૫૯૭ ના ચૈત્ર શુ. ૭ ને દિને સ્વર્ગસ્થ થયા-તે અરસામાં આ કૃતિ રચાઈ છે. વધુ માટે જુઓ ઐ. રા. સં. ૩.

—(આ રાસની માંગરોલ ભંડારમાં પ્રત છે તેમાં છેલ્લે નીચે પ્રમાણે છે:-અને તે રાસનું નામ સાધુગુણરત્નમાલ રાસ આપેલું છે.)

સંવત પનર સતાણુઈ, આસો આક્ષૂર આલો માસ
સાધ નામ ગુણરત્નમાલ એ રાસ.
રચના એ મનનઈ, અતિ ઉલ્લાસ ઉલ્લાસ.　　　૧૮૮
સુંદર રવિ શશિ સોઇ સાસ્વતા, મેરૂ મહીધર જાહા,
વજુ વધિ સંઘ પરવાર સુચિર, પ્રતપો એ અવિચલ તિહાં.　૧૮૯
જાઇવંતૂ અજ્જમાન વરૂ શ્રી વિજઇદાનસૂરીંદ,
ભટારક પ્રમતિજયસૂરિ, કહે વાસણ પ્રણ આણંદ.　　૧૯૦

—સુંદર હરસાણ સાધના. ૯-૧૧ માં.

---

૧૨૨ વિનયસમુદ્ર (ઉપકેશગચ્છ સિદ્ધસૂરિ-હર્ષસમુદ્ર શિ૦)

(૨૧૬) ચંદનબાળા રાસ.

(૨૧૭) અંબડ ચઉપાઈ સં. ૧૫૯૯ માહ શુદ ૨ રવિ તિમરામાં.

અંતે—

અંબડ મોટઉ હૂયો વિસાલ, તાસુ ચરિત્ર સુણી રસાલ,
શ્રી મુનિરત્નસૂરિનો કહ્યો, તેહથકી ભાવારથ લહ્યો. ૯૧
ચઉપઈ વિધિ કીયો મઈ એમ, ભણતાં ગુણતાં ધરિ હુયઇ પ્રેમ,
ઉવએસ ગછિ સંપઈ સિધિસૂરિ, તાસુ પસાયઇ આણંદપૂરિ. ૯૨
હરપસમુદ્ર વાચક તસુ સીસ, તિમરા મંડણુ શ્રી જગદીસ,
પાસ જિણંદ તણુઇ સુપસાઇ, વિનયસમુદ્ર કહ્યો મનિ ભાઈ. ૯૩
પનર નિવાણૂ પ્રવર પ્રસિદ્ધ, એ પ્રબંધ મઈ સુલલિત કિદ્ધ,
મહા સુકિલ દ્વિતીયા રવિવાર, રચ્યો તિમરા નયરિ મઝારિ. ૯૪
અધિકો મઈ ઉછો છદમસ્ત, કહતા મઇ બોલ્યો પરમત્થ,
જે ગીતારથ વરતઈ વલી, ખમજ્યો કહજ્યો મુઝ સુણુ મિલી. ૯૫

—ઇતિ અંબડ ચઉપઇ સમાપ્ત. ૨૦-૧૫ આ. ક.

(મુનિરત્ન તે પૂર્ણિમા ગચ્છના સ્થાપક ચંદ્રપ્રભસૂરિના પટ્ટે ધર્મઘોષસૂરિ અને તેમની પાટે સમુદ્રઘોષસૂરિ કે જેમના ત્રણ શિષ્ય નામે સૂરપ્રભ, મુનિરત્ન અને તિલકચંદ પૈકીના બીજા શિષ્ય થયા કે જેમણે અંબડ ચરિત્ર સંસ્કૃતમાં ૧૨૬૦ શ્લોકનું રચ્યું હતું. તે ચરિત્રમાંથી ભાવાર્થ લઇ આ રાસ પોતે રચ્યો એમ કવિ જણાવે છે. આજ મુનિરત્નસૂરિએ ભાવી તીર્થંકર અમલસ્વામિનું ચરિત્ર સં. ૧૨૫૨ માં અને મુનિસુવ્રતચરિત્ર સંસ્કૃતમાં રચેલાં છે.

(૨૧૮) પદ્મચરિત્ર ૧૬૦૪ (આમાં રામચંદ્ર અને સીતાજીનાં ચરિત્ર છે)

અંતે—

શ્રી ઉવએસ ગચ્છ ગુણ ભૂરિ, ગણહર [illegible]સૂરિ,
તસુ અનુક્રમિ સિદ્ધસૂરિ વસિટ્ઠ, જઈહા થાપ્યા ગુણ ગરિટ્ઠ. ૫૮
કક્કસૂરિ જયવંત ગણેસ, તેહ તણઉ પામી ઉપદેશ,
વાચક હર્ષસમુદ્ર તસુ સીસ, વિનયસમુદ્રઈ વાણારીસ ॥ ૬૦
વીકાનયરિઇ વીર જિણચંદ, તાસુ પસાઈ પરમાણંદિ,
ચઉવિહ સઘ તણુઇ સુપ્રસાદિ, સોલ ચિડોત્તર ફાગુણ આદિ ૬૧

કીધી કથા એ સીતા તણી, સીલતણી મહિમા જસુ ઘણી,
ભાષઇ ભણિજ્યો બહુ ગુણ થુણી, પૂરઇ આસ સદા મન તણી ૬૨

—સં. ૧૬૫૯ વર્ષે આષાઢ માસે શુક્લપક્ષે ૧૪ તિથૌ લિખત-મિદં । શ્રી વિક્રમપુર મધ્યે. ગોડીજીનો ભંડાર, ઉદયપુર.

(ઉપકેશ ગચ્છના આ સમયના સિદ્ધસૂરિનો લેખ સં. ૧૫૭૯ લેખાંક ૧૦૮ ધા. સં. ભાગ ૧ લો, અને સં. ૧૫૬૮ ના લેખાંક ૫૩૪ ભાગ ૨ જો-મળી આવે છે.)

---

૧૨૩ જિનમાણિક્ય.

(૨૧૯) કૂર્માપુત્ર રાસ.

(જુઓ કનક કવિ નં. ૧૨૪ નીચે આનો ટુંક પરિચય)

---

૧૨૪ કનક કવિ (જિનમાણિક્ય શિ૦)

(૨૨૦) મેઘકુમાર ગા. ૫૦ નો ટુંકો રાસ. (સં. ૧૫૮૨ ને ૧૬૧૨ ની મધ્યે)

આદિ—

દેશ મગધિમાંહિ જાણીએ રાજગૃહ નગર નવેસૂએ,
રાજ કરે રલીઆમણઉં શ્રેણી સબલ નરેસૂ. ૧

* * * *

અંતે—

તે મુનિવર મેઘકુમાર જીણે ચારિત્ર પાલિઉં સાર,
ગુરૂ શ્રી જિનમાણિક સીસ, કવિ કનક ભણઈ નિસદીસ. ૫૦

—૩-૧૩ લીં-, પા. ૩, રત્ન.

જિનમાણિક્યસૂરિ—(નં. ૧૨૩) ખરતર ૬૦ મા પટ્ટધર. જન્મ સં. ૧૫૪૯ દીક્ષા ૧૫૬૦, પદસ્થાપના ૧૫૮૨, મરણ ૧૬૧૨. આથી ૧૫૮૨ ને ૧૬૧૨ ની વચમાં.

---

૧૨૫ ગજરાજ પંડિત.

(૨૨૧) હીરવિજયસૂરિના બારમાસ. સં. ૧૫૯૬ કા. ૨.

આદિ—   રાગ સામેરી

સરસતી ભગવતી વરસતી, વાણી દીઓ રસાલ,
વીણા હસ્તક ધારિણી, કવિજન દીઓ આધાર.
કરજોડી ગજરાજ પંડિત ભણે, વારજા સુભવેલ,
તાસ તણે ઉસાઉલે, આજ કરૂં રંગરોલ.

*   *   *   *

અંતે—   ચાલ

કારતક માસે આવીઓ, ભાવીઆ સરવે પરિવારરે,
અનુમતિ દીધી બેનડી, લેવા તે સંજમભારરે.
શ્રી વિજયદાન સૂરિને હાથે, તે પાટણ નયર મઝારરે,
સંવત ૧૫ છનૂએ, કરતગ બીજે માસરે,
કરજોડી ગજરાજ પંડિત ભણે, વરતો તે જયજયકારરે.
વિમલાદી બેની એમ વીનવે.

—ઉનાના મોરારજી વકીલનો ચોપડો ૧૬૯—૧૭૩.

---

૧૨૬ ગુણમાણિક્ય શિષ્ય (બ્રહ્માણગચ્છ-બુદ્ધિસાગરસૂરિ -વિમલ-ગુણમાણિક્ય)

(૨૨૨) હરિશ્ચંદ્ર રાસ.

આદિ—

સરસતિ સામણિ વીનવૂ, ત્રિભુવન જણણી માય,
રચૂં ચરિત્ર હરિચંદ તણૂ, વહ્ર પસાય.   ૧
કૃપા કર મઝ સ્વામિની, વંછિતદાયક દેવ,
એક મનુ નતુ ઉલગુ, સદા કર તહ્ર સેવ.
સીલ સંયમ તપ નિર્મલુ, બુદ્ધિસાગર ગુરૂ જાણિ,
ગચ્છ બ્રહ્માણ ગુણનિલુ, શ્રી વિમલેંદ્ર વખાણિ.   ૩

તાસ તણઉ શિષ અતિચતુર, ગુણમાણિક ગુણ જોય,
તેહ તણઈ સુપસાઉલઇ, કવિત કરૂ તે સોય. ૪

* * * *

(ફક્ત મને પ્રથમનું પાનું મળ્યું છે. તેથી કવિનું નામ તેમજ તેમની કૃતિની રચનાનો સમય નિર્ણીત થઈ શકે તેમ નથી.) પત્ર ૯-પ્ર. કા.

(બ્રહ્માણ ગચ્છમાં અનેક બુદ્ધિસાગરસૂરિ અને વિમલસૂરિ થયા લાગે છે, કારણ કે બુદ્ધિસાગરસૂરિ નામના પ્રતિમા લેખો સં. ૧૩૮૦, ૧૩૮૬, ૧૪૨૯, ૧૪૩૯, ૧૪૯૩, ૧૫૦૬, ૧૫૨૮, ૧૫૩૨, ૧૫૪૩ ૧૫૪૯, ૧૫૫૪ ના મળી આવ્યા છે અને વિમલસૂરિ નામના લેખો સં. ૧૨૬૩, ૧૩૬૯, ૧૩૭૧, ૧૪૪૫, ૧૫૦૩, ૧૫૦૮, ૧૫૧૧. ૧૫૧૩, ૧૫૧૫, ૧૫૧૬, ૧૫૧૭, ૧૫૨૦, ૧૫૨૩, ૧૫૨૪, ૧૫૩૨, ૧૫૪૩, ૧૫૬૧, ૧૫૮૯ ના મળી આવ્યા છે. જુઓ ધા. લે. સં. ભાગ બંને તથા નાહરકૃત જન લે. સં. ભાગ પહેલો. આ પૈકી બુદ્ધિસાગરસૂરિ તેમના સં. ૧૫૨૮, ૧૫૩૨, ૧૫૪૩, ૧૫૪૯ અને ૧૫૫૪ માં વિમલસૂરિ પટ્ટે થયેલા જણાવ્યા છે, અને વિમલસૂરિ તેમના સં. ૧૫૦૩, ૧૫૧૫, ૧૫૧૬, ૧૫૧૭, ૧૫૧૯ માં પોતે બુદ્ધિસાગરસૂરિ પટ્ટે થયેલા જણાવ્યા છે. સં. ૧૫૮૦ માં થયેલ વિમલસૂરિ કે જે બુદ્ધિસાગરસૂરિ પટ્ટે થયેલા તે આ કવિના ગુરૂ સમજીએ, તો સોળમા સૈકાના અંતે આ કવિને મૂકી શકાય.)

---

૧૨૭ નયસિંહ ગણિ (વડતપગચ્છ-ધનરત્નસૂરિ-મુનિસિંહ શિ.)

(૨૨૩) ચતુર્વિંશતિ જિનસ્તુતિ. પાવાપુર

—ચંદ્રગચ્છિ ગુરૂરાજ શ્રી રત્નસિંઘસૂરિ, તત્પટ્ટે શ્રી ઉદયવલ્લભસૂરિ, તત્પટ્ટે શ્રી જ્ઞાનસાગરસૂરિ, તદનુક્રમે શ્રી ઉદયસાગરસૂરિ—તત્પટ્ટે શ્રી લબ્ધિસાગરસૂરિ—તત્પટ્ટે શ્રી ધનરત્નસૂરિંદ, ઉવઝાય શ્રી મુનિસિંઘગણિ શિષ્ય પં. નયસિંઘ ગણિના પાવાપુરે કૃતા શ્રી ચતુર્વિંશતિ જિનાનાં સ્તુતયઃ

(ગુર્જર ભાષામાં—સા૦ ભં. પાટણ.)

(આ પૈકી લબ્ધિસાગરસૂરિએ ૧૫૫૭ માં શ્રીપાલકથા રચેલ છે. તેના શિષ્ય ધનરત્નના પાટે અમરરત્નસૂરિ અને તેજરત્નસૂરિ થયા ને તેના દેવરત્નસૂરિ થયા કે જેના સમકાલીન નયસુંદર ૧૬૨૮–૧૬૬૯ થયા. ઉક્ત ધનરત્નસૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૭૨, ૧૫૭૬, ૧૫૫૯ ૧૫૮૭, ૧૫૯૧ ના મળી આવે છે. જુઓ. [ધા. પ્ર. લે. સં. ના બંને ભાગ. આથી આ કવિને સોળમી સદીના અંતમાં મૂકી શકાય.]

---

૧૨૮ જ્ઞાનાચાર્ય.

(૨૨૪) બિલ્હણ પંચાશિકા. સં. ૧૬૨૬ પહેલાં ૧૬ મા શતકમાં.

આદિ— ચુપઈ.

મકરધ્વજ મહિપતિ વર્ણવું, જેહનું રૂપ અવનિ અભિનવૂં;
કુસુમ બાણુ કરિ કુંજરિ ચડઇ, જાસ પ્રયાણિ ધરા ધડહડઈ. ૧
કોદંડ કામિની તણુ ટંકાર, આગલિ અલિ ઝંઝા ઝંકારિ;
પાખલિ કોઇલિ કલ રવ કરઈ. નિર્મલ છત્ર શ્વેત શિર ધરઇ ૨
ત્રિભુવન માંહિ પડાવઇ સાદ, છઈ કો સુર નર મંડઇ વાદ ?
અબલા સૈનિ સબલ પરવરિઉ, હીંડઇ મનમથ મચ્છરિ ભરિઉ. ૩
માધવ માસ સોહઇ સામંત જાસ તણુઈ જલનિધિસુત મિંત,
દૂતપણૂં મલયાનિલ કરઈ, સુર નર પન્નગ આણુ આચરઈ. ૪
તાસ તણા પય હૂં અણુસરી, સરસતિ સામિણી હઈડઇ ધરી,
પહિલૂં કંદર્પ કરી પ્રણામ, ગરૂઉ ગ્રંથ રચિસિ અભિરામ. ૫

* * * *

અંતે—

આપિ વાર એક અવાસ, મણિ માણિક ધન સૂંપૂં તાસ
પૂરવ પ્રેમ બિહ્નિ જણુ ઘણુઉ, પાર ન પામિ કવિ તે તણુઉ. ૧૫૧
કામિ કાજિ કીધ ચૂપઈ, ખંતિ કરી નિરખઉ થિર થઈ;

ભણિસઇ બિહ્લણ વાણી તેહ, જ્ઞાન ભણઇ રસિ રાતા જેહ. ૧૫૨

—इति कवि चक्रचूडामणि वेहलण पंचासिका समाप्तः। संवत १६२६ वर्षे वै वदि ३ दिने लिपि ॥ इति वेलण-पंचाशिकारास समाप्तः ॥ श्रीः ॥ ॥ श्री ॥ ॥

મૂળ ચોપડાનાં પત્ર ૪૩ થી ૫૮ (નિરંક). વૃત્ત ૨૦૫, તેમાં ૧૫૨ ચોપાઈ ગૂજરાતી, બાકી ભ્રષ્ટ સંસ્કૃત (આશરે ૫૧ વૃત્ત).

(૨૨૫) શશિકલા પંચાશિકા.

આદિ— ચૂપઈ.

એક દિન બઇઠી સહિઅર સાથિ હસિ હરખિ તાલી દેઈ હાથિ,
સહી કહિ સાંભલિ શશિકલા પૂછું વાત એક નિર્મલા. ૧
જિમ બિહ્લણિ પરકાસ્યું સર્વ, તિમ તું કહિ મૂકી મન ગર્વ,
કહિ કુમરી સુણિજ્યો સહૂ તહ્મે, નેહની વાત પ્રકાસું અમ્હે. ૨

* * * *

અંતે—

થયુ વિછ્રુલ છાંડી આગલી, ક્રીડા સુરત કીધ તણિ વલી,
વાર વાર સંભારૂં તેહ, પ્રાણ પાહિ વાહલુ વર એહ. ૪૦

—ઇતિ शशिकला पंचाशिकाः मंगलपुरइ। श्री ज्ञानाचार्य कृतः

—મૂળ ચોપડાનાં પત્ર ૩૯ થી ૪૩, વૃત્ત ૧+૫૯=૬૦; તેમા ૪૦ ચોપાઈ ગૂજરાતી, બાકી ભ્રષ્ટ-અતિ ભ્રષ્ટ ગૂજરાતી મિશ્રિત સંસ્કૃત.

ટૂંકી નોંધઃ—શારદા દેશનો પંડિત કવિ બિલ્હણ વતન છોડીને નીકળ્યો, ત્યારે કેટલોક વખત પંજાબના હાકેમ ક્ષિતિપતિ કિંવા ક્ષિતિપાલને ત્યાં રહ્યો હતો. તે દરમિયાન તેને ક્ષિતિપાલની પુત્રી સાથે સ્નેહ બંધાયો. તે વાત પાછળથી છતી થઈ; અને કાસ્મીરી કવિને દેશત્યાગ કરવો પડયો એ સ્નેહને સંભારી મોહબદ્ધ બિલ્હણે સંસ્કૃતમાં बिल्हण पचाशिका રચી, જે અદ્યાપિ એક લોકપ્રિય કાવ્ય મનાય છે. એ કાવ્યમાં

આ બિલ્હણ પંચાશિકા ચૌપઈ ઉપર સ્વ૦ સાક્ષર શ્રી ચીમન-
લાલ ડાહ્યાભાઈ દલાલ એમ. એ. એ લખેલો લેખ ગુજરાતીના સંવત્
૧૯૭૨ ના દીવાળીના ખાસ અંકમાં પૃ. ૧૯૨૬ પર છપાયો છે તે
ઘણી જાણવા જોગ હકીકત પૂરી પાડે છે. બિલ્હણ નામના કાશ્મીરી
પંડિતે ગૂજરાતમાં આવી અણહિલવાડમાં કેટલોક સમય નિવાસ કર્યો
હતો ત્યારે કર્ણદેવ રાજ્ય કરતો હતો. ત્યાં તેણે કર્ણસુંદરી નામની નાટિકા
કે જે અણહિલવાડમાં શાન્ત્યુત્સવ દેવગૃહમાં મહામાત્ય સંપતકરે પ્રવર્તાવેલા

રાજકુમારી સાથે ભોગવેલા ભોગનું બિલ્હિણના મૂખનું ઉન્માદક ચિત્ર છે.

પ્રસ્તુત પંચાશિકા કોઇ અણઘડ જોડનારને હાથે કાલાંતરે કથી-
રમાં જડાઈ અને बिल्हण काव्य નામ પામી. પૂર્વે બિલ્હણ ગૂજરાતમાં
આવ્યો હતો ને ત્યાંથી અત્યંત અપ્રસન્ન ચિત્તે ચાલ્યો ગયો હતો, એ
વાત એ અરસામાં તાજી હતી. અને પંજાબના ક્ષિતિપાલની હકીકત
વીસારે પડી હતી. એને લીધે ઐતિહાસિક ક્ષિતિપાલ તથા તેની પુત્રીને
ઠેકાણે बिल्हण काव्य માં ગૂજરાતનો વીરસિંહ તથા રાજકુમારી શશિ-
કલા એ બે કલ્પિત વ્યક્તિઓ સ્થાપિત થયેલી જોવામાં આવે છે. જૈન
સાધુ જ્ઞાનાચાર્યે જૂની ગૂજરાતીમાં બિલ્હણ કાવ્ય રચ્યું છે, તેમાં શશિ-
કલાના પિતાનું નામ પૃથવીચંદ્ર આપ્યું છે ને તેને પાટણનો રાજા કહ્યો છે,

બિલ્હણ કાવ્યમાં ગાંઠી લીધેલી बिल्हण पचाशिकाએ જ્ઞાનાચાર્યને
શશિકલાના પ્રલાપના કાવ્યની રચના સૂઝાડી જણાય છે. તે સાધુ કવિએ
ભાગ્યા તૂટયા સંસ્કૃત સાથે ગૂજરાતીમાં શશિકલા કાવ્ય રચ્યું છે, તેમાં
વીસ સંસ્કૃત શ્લોક અને ચાલીસ ગૂજરાતી ચોપાઇ છે, બિલ્હણ કાવ્ય
અને શશિકલા કાવ્યની ભાષાની વિશિષ્ટતા ઉપરથી જ્ઞાનાચાર્ય ઈસવીસન
પંદરમી સદીમાં થયેલ લાગે છે. પ્રસ્તુત કાવ્યોની જૈન મરોડના દેવના-
ગર અક્ષરની હાથપ્રત (મુંબઇની દેવચંદ લાલભાઈ લાયબ્રેરીની) જે મને
મળી હતી તે વિ. સં. ૧૬૨૬ ની છે.

જ્ઞાનાચાર્યની ભાષા મધ્યકાળની ગૂજરાતી છે. એ કવિનું શશિકલા
કાવ્ય ટૂંકું છે ને કંઈક ફીકું પણ છે. —કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

ભગવાન્ ઋષભનાથના યાત્રામહોત્સવ પ્રસંગે પ્રથમ ભજવવામાં આવી હતી. કર્ણદેવની વિદ્યાધર કન્યા કર્ણસુંદરી સાથે સ્નેહ તથા પરિણય એ તેની વસ્તુ છે. ગુજરાતમાં સોમનાથની યાત્રા કરી પછી રામેશ્વર સુધી ગયો. છેવટે દક્ષિણની ચાલુક્ય રાજધાની કલ્યાણમાં આવ્યો. ત્યાં વિક્રમાદિત્ય ત્રિભુવનમલ્લ રાજાએ તેને પોતાનો વિદ્યાપતિ બનાવ્યો. તેનું વિક્રમાંક કાવ્ય એ ઉક્ત રાજાની પ્રશસ્તિ રૂપ છે. ત્રિભુવનમલ્લના પૌત્ર સોમેશ્વરદેવ ભૂલોકમલ્લે પણ તેવુંજ એક વિક્રમાંકાભ્યુદય નામનું ચંપૂ-કાવ્ય રચેલું છે. તેની એકજ ત્રુટક પ્રત પાટણના સંઘવીના પાટણના તાડપત્રના ભંડારમાં છે. બિલ્હણનો સમય ઈ. સ. ૧૦૬૫ થી ૧૦૮૫ નિર્ણીત કરવામાં આવ્યો છે.

'અદ્યાપિ તાં' એ પદોથી શરૂ થતું ૫૦ વસંતતિલકામાં રચાયેલું ખંડકાવ્ય સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. કેટલાક તેનો કર્ત્તા ચૌર કવિ માને છે, બીજો વર્ગ બિલ્હણકૃત માને છે. આ ૫૦ શ્લોકના પૂર્વ ભાગ તરીકે પૂર્વચતુસ્સપ્તતિકા-નામનું ૭૪ શ્લોકનું નવીન કાવ્ય કોઇએ રચ્યું છે તેમાં પંચાશિકાનો પ્રસંગ એવો વર્ણવેલો છે કે:—

અણહિલપુર પત્તનના રાજા વૈરિસિંહ (ઇ. સ. ૯૨૦) ને અરંતપુરના રાજાની પુત્રી સુતારાની કુક્ષિથી શશિકલા નામની પુત્રી થઈ. પુત્રી મોટી થતાં રાજાને અભ્યાસ માટે ચિંતા થઈ. એવામાં કાશ્મીરી પંડિત બિલ્હણ રાજસભામાં આવ્યો. વિદ્વાન્ જણાયાથી રાજાએ શશિકલાને ભણાવવા વાસ્તે તેને રાખ્યો. વ્યાકરણ, કાવ્ય, સંગીત વગેરે શાસ્ત્રનું અધ્યાપન કરાવ્યા બાદ કામશાસ્ત્ર શરૂ કર્યું. આ અરસામાં તે બંને વચ્ચે સ્નેહ વધ્યો અને ગાંધર્વ વિધિથી લગ્ન થયાં. ઉભય કામશાસ્ત્રોક્ત રતિ વિલાસ સુખ ભોગવવા લાગ્યાં. રક્ષકોએ શશિકલાનું વિકૃત રૂપ જોઇને રાજાને આ વાત નિવેદન કરી. રાજાએ બિલ્હણને શૂળી ઉપર ચઢાવવાનો હુકમ કર્યો.

આ પછીની વાર્ત્તા આપણી કૃતિ—ગૂજરાતી ભાષાન્તરની વાર્તાના સરખીજ છે. તે ચોપઇનો સાર પણ આ લેખમાં આપ્યો છે. આમાં

ઉપર જે મંગલાચરણ આપ્યું છે તે આપી પછી જણાવે છે કે ઉત્તરદેશમાં શ્રી પુરપાટણમાં પૃથ્વીચંદ રાજા રાજ્ય કરે છે. તેની પટરાણીનું નામ પ્રેમાવતી છે. નગરની બાલાઓનાં નયનો જોનારને વીંધીને પાડી નાંખે એવાં મોહક છે. પ્રેમાવતીની કુક્ષિથી શશિકલા નામની પુત્રીનો જન્મ થયો. તે શશિકલા ક્રમે કરીને યૌવનદશા પામી. કવિ તેણીના રૂપ તથા વિદ્યાભ્યાસનું વર્ણન કરે છે......કાવ્યશાસ્ત્રમાં નૈષધ શરૂ થયું, પણ પાંચ સર્ગ ભણ્યા પછી પંડિત પંચત્વ પામ્યો. બીજા પંડિતની શોધ કરતાં કલિંગ દેશથી બિલ્હણ પંડિતની પ્રાપ્તિ થઈ. રાજાએ તેને કુમારીના શિક્ષક તરીકે નીમ્યો. પરંતુ રાજાએ બંને યુવાન્ હોવાથી તેઓ વચ્ચે કંઇ કુત્સિત કર્મ ન થાય, તે માટે બ્રાહ્મણને કહ્યું કે કુમારી આંધળી છે અને કુમારીને કહ્યું કે બ્રાહ્મણ કુષ્ટરોગી છે; અને તે વાસ્તે બંને વચ્ચે પડદો મૂકાવ્યો અને કુંવરીને પર્યંકે બેસાડી. અભ્યાસ કરાવતાં એક વિકટ શ્લોક આવ્યો. શશિકલાએ તેના ઉપર રહેલી વૃત્તિ જોઇ નહી, તેથી બ્રાહ્મણે કહ્યું કે, તું આંધળી છે તેથી જોઇ શકતી નથી; કુમારીએ કહ્યું હું પોથીમાં લખ્યું છે તે બોલું છું. બ્રાહ્મણે જાણ્યું કે આ આંધળી નથી, માટે પરીક્ષા કરવાને બે દુહા કાગળમાં લખીને તેણીના ઉપર નાંખ્યા. આ દુહા તે **निरर्थकं जन्मगतं नलिन्यां यया न दृष्टं तुहिनांशुबिंबं.**

દુહા—જેણિ અંબુજિ અંબરથિકું, નિર્મલ ચંદ્ર ન દિટ્ઠ
 તે કમલિનિ કલિમાં રહી, જવારૂ ધણુ ધટ્ઠ. ૩૭
 જેણિ મયંકિ મહિયલિ થિકી, વિકસતિ નલિણી ન જોઇ,
 અવનિમાં હિઇ તે અવતરી, નિશ્ચઇ નિષ્ફલ હોઇ. ૩૮

કુમારીએ તેનો અર્થ વિચાર્યો અને હૃદયમાં રણઝણી રહી. પડદો કાઢી નાંખ્યો ને બ્રાહ્મણને મદન જેવો જોયો. નયણે નયણ મળ્યાં ને દૃષ્ટિ સ્થિર થઈ. લજ્જા ટલી ગઇ.

કરિ કટાક્ષ લંખઈ શર સમિં, ભમુહ ભાવિ કુલાલઈ મમિં,
ડસણે સરસી અહરા ડસઈ, વલી કુંચકી કરસ્યું કસઇ. ૪૩

કુચ કાઢી કંડુરઇ કાન, મીંચી મીટિ કરઇ તે સાન,
આળસ મોડઈ આવઈ જંભ, નિરતઇ નાભિ દેખાડઈ રંભ. ૪૪

વાર મેઇ લઇ નીસાસ, અબલા કરઈ અપ્યારૂ આસ,
માંહોમાંહઈ મૂંકઇ લાજ, પ્રીતિ પ્રગટ થઈ કીધું કાજ. ૪૫

કરઈ કતૂહલ ક્રીડા દોઇ, ભોગ ભોગવઇ સુરનાં સોઈ,
અંગિ જિ અનંગ તણુઉ અભ્યાસ, વિલસઇ પંડિત વિવિધ વિલાસ. ૪૬

ઇમિ સુખ સેવઈ કુમરિ એકંતિ, જોસી યુવતિ ભલ્યાં ઇક ચિંતિ,
મનિ ગમતું માણુઈ માનિની, જાણુઇ નહી વાસર યામિની. ૪૭

સરખિ વેસિ સરુપ સુજાણુ, પંડિત રાતુ પુત્રી રાણુ,
ઇમ લીલા આવાસ મઝારિ, નવ નવ રંગ કરઇ નરનારી. ૪૮

આવી રીતે પંડિત તથા શશિકલા વચ્ચેનો પડદો ત્રુટી ગયો અને અરસપરસ સ્નેહ જામતાં બંને કંદર્પક્રીડા કરવા લાગ્યાં. રાજાએ એક વખત કુંવરીને જોઈ અને તેણીના રૂપમાં ફેરફાર નિહાળતાં રાજા કોપ્યો અને બ્રાહ્મણને બોલાવીને બાંધ્યો અને તેને શૂળી ઉપર આરોપવાનો હુકમ કર્યો, શૂળી ઉપર ચઢાવતાં પહેલાં પંડિતને પોતાના ઇષ્ટદેવને સ્મરવા કહ્યું. પંડિતે કહ્યું કે મારી ઇષ્ટ દેવતા શશિકલા છે; તેનું હું સ્મરણ કરૂં છું તે સકલ સભા સાંભળજો. પછી તેનું સ્મરણ કરતાં તેની સાથેની રતિક્રીડાનું સ્મરણ શરૂ થાય છે. કોટવાલે ગઢ આગળ આણતાં શશિકલાની દૃષ્ટિએ તે પડયો. શશિકલાએ કહ્યું કે, એને મારશો તો હું મરીશ પ્રધાને રાજાને સમજાવ્યો અને બ્રાહ્મણની સાથે શશિકલાને પરણાવી.

પ્રસ્તુત ચોપાઇની સંવત ૧૭૩૩ માં લખાયેલી બ્રાહ્મણની પ્રતમાં ૨૦૯ શ્લોક સંખ્યા છે, જ્યારે પાટણની સંવત્ ૧૬૫૫ માં લખાયેલી પ્રતમાં ૨૦૫ છે. પાટણની પ્રત (પત્ર ૭ પંક્તિ ૧૫) નો અંત નીચે પ્રમાણે છેઃ—ઇતિ કવિચક્ર ચૂડામણિ શ્રી બિલ્હણ પંડિત વિરચિતઃ બિલ્હણ પંચાશિકા કાવ્ય ચોપઈ સંપૂર્ણ સં. ૧૬૫૫ વર્ષે માર્ગશીર વદિ

૮ સોમે લિખિતં મંત્રિ શ્રી ૫કા ૫ઠનાર્થા. આણંદજીની પ્રતના કુલ ૨૪ પત્ર છે. આમાં બિલ્હણ પંચાશિકા ઉપરાંત શશિકલાના વિરહ પ્રલાપના ૧૨૩ દૂહા ચોપઈ વધારે છે. પંચાશિકાનાં અંતની ટુંક ઉપર જણાવી છે તે છે.

'ભણે બિલ્હણ મમ વાણી એહ, જ્ઞાનતણે રસિ રાતો તેહ.'

શશિકલાને વિપ્રના બંધનની વાત દાસીએ સંભળાવી કે, તેણીની આંખમાંથી સમુદ્રની પેઠે આંસુ સરવા લાગ્યાં. સખીએ સમજાવીને છાની રાખી. શશિકલા વિપ્રની સાથેની પોતાની રતિક્રીડાને સ્મરીને વિલાપ કરવા લાગી. આ વિલાપ પંચાશિકાથી જાય તેવો નથી. આ પછી તેમાંથી ૧૦ મી કડીથી ૨૧ કડી આપી છે ને પછી પ્રલાપનો અંત-ભાગ ૧૨૦ થી ૧૨૨ કડીનો આપ્યો છે.

આ કાવ્યના કર્તા સબંધી ચર્ચા કરતાં દલાલ જણાવે છે કે બિલ્હણ વૈરિસિંહના વખતમાં નહિ, પણ કર્ણદેવના સમયમાં થયો જણાય છે. વળી "ગૂજરાતી ભાષાન્તર કર્તાનું નામ મારી પાસેની પ્રતો ઉપરથી બિલ્હણ હોય એવું જણાય છે, પણ ગુજરાતીઓમાં આવાં નામ હોવાનો સંભવ નથી. જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી છપાયેલી જૈન રાસમાળા નામની રાસોની યાદીમાં બિલ્હણ પંચાશિકાના કર્તા તરીકે સારંગનું નામ આપેલું છે, તે નામ ખરૂં હોય, પરતુ તે પ્રત જોયા વિના નિશ્ચયથી કહી શકાય નહીં. આ ચોપાઇ સંવત ૧૬૫૫ ના પૂર્વે મારા ધારવા પ્રમાણે વિક્રમના ૧૬ મા શતકના અંતમાં રચાયેલી હશે. પંચાશિકાનો અંગ્રેજી કવિતામાં અનુવાદ સર એડવીન આર્નોલ્ડે કર્યો છે."

—વધુ માટે જુઓ ગૂજરાતીનો ઉક્ત અંક ૭-૧૧-૧૯૧૫

આમાં વિશેષ ઉમેરવાનું એકે આમાં ટાંકેલી લેખકની પ્રશસ્તિમાં જે સં. ૧૬૨૬ ની છે તેમાં બીજી કૃતિ નામે શશિકલા પંચાશિકામાં શ્રી ન્યાનાચાર્ય કૃતઃ એવું લખેલું છે. તે ન્યાનાચાર્ય કર્તા હોય એવું બિલ્હણ પંચાશિકાના અંતની ટુંકમાં 'જ્ઞાન તણઇ રસિ રાતા જેહ' એવું છે

તેમાં 'જ્ઞાન' એ પરથી સંભવિત છે. અને તે આચાર્ય જૈન હોવાનું સાક્ષર શ્રી કેશવલાલ ધ્રુવ જણાવે છે તે વાસ્તવિક ભાસે છે. સારંગના નામપર રત્નવિજયના ભંડારની ટીપમાં આ ચોપાઇ નામે બિલ્હણ પંચાશિકા નોંધાઇ છે; તે પ્રત હું જોઇ શક્યો નથી; આ સંગ્રહમાં સારંગ નામનો કવિ નોંધાયો છે કે જે મડાહડ ગચ્છના જ્ઞાનસાગર સૂરિના શિષ્ય પદ્મસુંદર અને તેના ગુરૂભાઈ ગોવિંદનો શિષ્ય છે અને જેણે ભોજ-પ્રબંધ ચોપાઇ સં. ૧૬૫૧ શ્રા. વ. ૯ જાલોરમાં રચી છે તેના નામ-નીચે આ પંચાશિકાને પણ મેં મૂકી છે; પણ તે સંબંધી વિશેષ હકી-કત તે પ્રત જોયા પછી મળી શકે.

[આ સોળમા સૈકામાં ગદ્યગ્રંથો ભાષામાં નીચે પ્રમાણેના રચાયેલા જાણવામાં આવ્યા છે:—

૧. સં. ૧૫૦૧ દીપોત્સવદિને તપાગચ્છે સોમસુંદરસૂરિથી મુનિસુંદરસૂરિ શ્રી જયચંદ્રસૂરિ શિ૦ હેમહંસ ગણિએ ષડાવશ્યકપર બાલાવબોધ રચી પૂર્ણ કર્યો. (હા. ભં.)

૨. સં. ૧૫૦૧ કારતક શુદ ૧૩ બુધે વૃદ્ધતપાગચ્છના ભટ્ટારક રત્નસિંહ સૂરિના શિષ્ય પંડિત માણિક્યસુંદર ગણિએ મલધારી શ્રી હેમચંદ્રસૂરિ રચિત ભવભાવના સૂત્રપર બાલાવબોધ દેવકુલપાટકમાં કર્યો. (હા. ભં.)

૩. તપામુનિસુંદર સૂરિ શિષ્ય વિશાલરાજે ગૌતમપૃચ્છાનો બાલાવબોધ કર્યો. સં. ૧૫૦૫ આસપાસ. (હા. ભ.)

૪. સં. ૧૫૨૯ માં વૃદ્ધતપાગચ્છના ભટ્ટારક જયતિલક સૂરિના શિષ્ય પંડિત દયાસિંહ ગણિએ ક્ષેત્રસમાસનાપર બાલાવબોધ રચ્યો. (હા.ભં.)

વિક્રમ સત્તરમી સદી.

૧૨૯ સુમતિ મુનિ (ત૦ હર્ષદત્ત શિ૦)

(૨૨૬) અગડદત્તરાસ સં. ૧૬૦૧ કાર્તિક શુ. ૧૧ રવિ.

આદિ—

આદિ જિણેસર પ્રણમી પાય, સમરૂં સરસતિ સામિણિ માય
કરજોડી જઈ માગું માન, સેવકનઈ દેજે વરદાન. ૧
તુઝ નામઈં હુઈ નિરમલ ગ્યાન, તુઝ નામઈં વાધઇ સવિ વાન,
તુઝ મુખ સોહઈ પૂનિમ ચંદ, જાણે જીહ અમીનઉ કંદ. ૨
મૃગલોચના કહીઈ સવિશાલ, અધર રંગ જિસ્યા પરિવાલ,
વેણી જાણે જિસિઉ ભુયંગ, કઠિન પયઉહર અતિહિં ઉત્તંગ. ૩
નલવટિ ટીલી રયણે જડી, મસ્તકિ મનમોહઇ રાખડી.
કાને કુંડલ કરિ બહિરખા, હીઈ હાર સોહઈ નવલખા. ૪
તુઝ તનુ સોહઈ સવિ સણગાર, પાએ ઘૂઘરનઉ ઘમકાર,
હંસગમનિ ચાલઈ ચમકતી, તું બ્રહ્માણી તું ભારતી. ૫
તુમ્હ ગુણ કહઇતાં ન લહું પાર, સેવકનઈ દેજે આધાર;
સારદ નામિઇ રચઉં પ્રબંધ, સુણિજ્યો અગડદત્ત સંબંધ. ૬

× × × ×

અંતે—

સારદ નામ હીયડઈ ધરી, ચઉપઈબદ્ધ રાસ જે કરી
અધિકું ઉછઉં કહિઉં હુઈ જેહ, ભનીયણ જણ સાંસહજો તેહ. ૧૩૪
શ્રી ચંદ્રગચ્છ સૂરીસર રાય, શ્રી સોમવિમલ સૂરિ પ્રણમું પાય,
એ ગુરૂ મહિમા મેરૂસમાન, તાં ચિર નંદઉ ગયણે ભાણ. ૧૩૫
સંવત સોલ એક કાતી માસી, સુમતિ ભણઈ મઈં કરિઉ ઉલ્હાસિ,
સુકલ ઇગ્યારસિ આદિત્યવારિ, એ ભણતાં હુઈ હરખ અપાર. ૧૩૬

અગડદત્ત મુનિ તણુઉં ચરિત્ર, ભણતાં ગણતાં હુઈ પવિત્ર;
પંડિત હર્ષદત્ત સીસ ઇમ કહઈ, ભણઈ ગણઈ તે સવિ સુખ લહઇ. ૧૩૭
—ઇતિ અગડદત્ત રાસ. ૪-૧૫ લીં૦

—સં. ૧૬૩૭ વર્ષે આસો શુદિ ૧૨ ભોમે છીંકડી પાટક મધ્યે લખ્યતં ઋ૦ સોમા લખ્યાપિતં પ્ર૦ શ્રી સત્યલક્ષ્મી ગણિના વાચનાર્થં
—૧૦-૧૪ લીં.

---

૧૩૦ દર્શન કવિ

(૨૨૭) ચંદાયણો રાસ. ૧૬૦૧ આસો સુદ ૧૦.

૧૩૧ જગાઋષિ (ગુણવિમલ) (ત૦ વિજયદાનસૂરિ–શ્રીપતિઋષિ શિ૦)

(૨૨૭) વિચારમંજરી સં. ૧૬૦૩

અંત—

'ચંદ્રગચ્છિ ઉદ્યોતકર વિરી શાષા મનોહર,
મનોહર શ્રી આણુંદવિમલ સૂરીસ્વરૂએ, શ્રીવિજેદાન સૂરીંદએ
દીઠિ હુઇ આણુંદ એ.
આણુંદ સાથિ ચરણકમલ તસુએ શ્રીપતિરૂપી પંડિતમૂંનિ,
કુસમ કાલિ તૂ ષિનુ ષિનુ રત્નત્રઇસૂં સોભતાએ.
પંડિત જગુરૂષી ઊચરિ. ૧૨૬
સંવત સોલ ત્રીડોતરિ ત્રીડોતરિ વિચારમંજરી એ રચીએ
એહ ભણી નિજ સદહિ રે,
રત્નત્રય જુ તે લહિ તે લહિ અવિચલ પદવી સિધનીએ.
—સં. ૧૬૦૫ વર્ષે ચૈત્ર શુદ ૧ અહિમદાવાદ મધ્યે લેખિતં
—વિવેકવિજય ભં. ઉદયપુર.

કોઈ કર્ત્તાનું નામ ગુણવિમલ આપે છે. એક બીજી પ્રતમાં નીચે પ્રમાણે છે.

ચંદ્રગચ્છિ ઉદ્યોતકર વઇરી સાખા મનોહરરે,
મનોહર શ્રી આણુંદવિમલ સૂરીસ્વરૂએ.

શ્રી વિજયદાન સૂરીંદએ, દીઠઈ હુઇ આણુંદએ,
આણુંદ એ સાથઈ ચરણુકમલ નમુંએ.
શ્રીપતિ રિષિ પંડિત નમું હું, સમકાલઈ ધનધનૂએ,
ધન ધન રત્નત્રય સિરૂં સોભતા એ.
એહ ભણીનઈ જે સર્દ્દહઇરે, રત્નત્રય હુ તે લહઈ,
તે લહઇ અવિચલ પદવી સિધનીએ. ૧૨૭
—ગ્રંથાગ્ર ૨૦૪ પા. ૮ પ્ર. કા.

---

૧૩૨ સોમવિમલસૂરિ* (ત૦ હેમવિમલસૂરિ—સૌભાગ્ય હર્ષસૂરિ શિ૦)

(૨૨૮) શ્રેણિકરાસ (સમ્યકત્વસાર રાસ) સં. ૧૬૦૩ ભાદ્રપદ સુદિ ૧ કુમારગિરિમાં

---

* હેમવિમલસૂરિ તપગચ્છના પટ્ટધર—તેમની પાટે સૌભાગ્યહર્ષસૂરિ થયા, અને તેમની પાટે સોમવિમલસૂરિ નં. ૫૮ મા થયા. તેમનો જન્મ ખંભાતમાં સમધર મંત્રી વંશજ રૂપવંતને ત્યાં તેની સ્ત્રી અમરાદેથી થયો. જન્મનામ જસવંત. હેમવિમલસૂરિ પાસે સં. ૧૫૭૪ માં વૈશાખ શુદ ૩ ને દિને દીક્ષા લીધી. દીક્ષા નામ સોમવિમલ. પછી તે સૂરિએ સં.૧૫૮૩ માં સૌભાગ્યહર્ષને સૂરિપદ આપ્યું ને સૌભાગ્યહર્ષસૂરિએ પંડિતપદ સોમવિમલને શીરોહીમાં આપ્યું. અને વીજાપુરમાં અમદાવાદના સંઘે આવી ઉપાધ્યાયપદ અપાવ્યું. સં. ૧૫૯૭ માં આસો સુદ ૫ ને ગુરૂવારે અમદાવાદમાં સોમવિમલને આચાર્યપદ આપ્યું. અને બીજા લઘુ-આચાર્ય સકલહર્ષસૂરિ સ્થાપ્યા. પછી ખંભાતમાં ગચ્છનાયકપદ સોમ-વિમલસૂરિને આપવામાં આવ્યું—સં. ૧૬૦૫ મહા સુદ પાંચમને દિને. આ તેમના શિષ્ય આણુંદસોમે સં. ૧૬૧૯ માં કરેલા સોમવિમલસૂરિ રાસ (પ્ર૦ જૈન ઐ. ગૂ. કા. સંચય—શ્રીજિનવિજયજી સંપાદિત) માંથી લીધેલું છે. સોમવિમલસૂરિ સં. ૧૬૩૭ માર્ગશીર્ષમાં સ્વર્ગભાક્ થયા.

(પ્રકાશક—શા. છોટાલાલ મગનલાલ—અમદાવાદ.)

આદિ— દુહા.

સકલ સિદ્ધિ મંગલકરણ, જિન ચઉવીસ નમેવિ,
બ્રહ્માપુત્રી સરસ્વતી, માય-પાય પ્રણમેવિ. ૧
ગોયમ ગણધરને નમું, વિઘુ ન વિણ શૃંગાર
સોહમ સ્વામી નમું સદા, જસ શાખા વિસ્તાર. ૨
સાર સદા ફલ ગુણ તણા, હું અવિચલ પટ્ટ
અનુક્રમે પંચાવનમેં, જસુ નામે ગહગટ્ટ. ૩
હેમવિમલ તણા દીપતા, શ્રી સોમવિમલ સુરિંદ
તેહ તણા ચરણ નમી, હયડે ધરી આનંદ. ૪
ચંદ પરે ચડતી કલા, લાજે જેહને નામ,
શિષ્ય સૌભાગ્યહર્ષ સુરિંદવર, હરખિઓ તારૂ પ્રમાણ ૫
મુખ્ય અક્ષર જે કહ્યા, તે સવિ ગુરૂ પસાય,
વણ માવિત્ર જેણે શીખવ્યું, તેહના પ્રણમું પાય. ૬

વસ્તુ.

સકલ જિનવર સકલ જિનવર ચરણ વંદેવિ,
દેવી શ્રી સરસતી તણા પાયકમલ બહુ ભક્તિ જુક્તિઓ,
પ્રણમી ગોયમ સ્વામિવર, સુગુરૂપાય કમલ સ્તઓ,
શ્રેણિક રાજા ગુણ નિલુઓ, નિર્મલ બુદ્ધિ વિશાલ;
રચિસુ રાસ હું તહતણો, સુણીઓ અતિહિ રસાલ. ૭

× × × ×

અંતે—

તપગચ્છનાયક ગણધર એ માહાલંતડે, સોમસુંદર સુરિરાય,
તસ પાટ ગચ્છ તે વંદસ્યિએ મા૦, મુનિસુંદરિ સૂરિપાય.
તસ શાખા સોહંકર એ મા૦ રત્નશેખર સુરિંદ,
તસ પાટે ગયણ દીપતો એ મા૦, લક્ષ્મીસાગર સુરચંદ.
સુમતિસાધુ સુરીસર એ, મા૦ અજુઆલી ગુરૂપાટ,

સોભાગી સોહામણું એ, મા૦ તસ નામે ગહગાટ.
હેમપરે જગવલ્લહુઓ, મા૦ શ્રી હેમવિમલસૂરિ,
સૌભાગ્યહર્ષસૂરિ પાટધરા મા૦, નામિઇ સંપદ ભૂરિ. ૯૮
સોમવિમલસૂરિ તાસ પાટે, મા૦ પામી સુગુરૂ પસાય,
શ્રી વીરજીણેશ્વર મહિમા ધરીએ, મા૦ ગાયો શ્રેણિકરાય.
૩ ૦ ૬ ૬
ભુવન આકાશ હેમકર કલાએ, મા૦ સંવત હિ નાણું,
ભાદ્રવા સુદ સોહામણી એ, મા૦ પડવે ચડયો પ્રમાણ.
કુમારપાળરાય થાપીઓ મા૦ કુમરગિરિ પુરસાર,
શાંતિ જિણુંદ પસાઉલે, મા૦ રચીઓ રાસ ઉદાર.
દૂહા ચોપાઈ વસ્તુ ગીત મા૦, સર્વ મળી કીધો માન,
છસે એકાશી આગલે એ મા૦ જાણે સહુએ જાણ.
અધકું ઓછું મેં ભણ્યું એ મા૦, જે હોય રાસ મોઝાર,
તે પંડિત સર્વ શોધજ્યો એ, મા૦ આગમને અનુસાર.
સુણી જે નરનારી ગાયસે એ, મા૦ સુણસે આણિ રંગ,
તે સુખ સંપદા પામસે એ, મા૦ ભોગ ભલીપરે ચંગ.
જ્યાં લગે મેરૂ મહીધર એ, મા૦ જ્યાં લગે શશધર તાર,
ત્યાં લગે રાસ ચિરંજયુ એ મા૦ નિત્ય મંગલ જયકાર.

ગાથા ૬૮૧ લીં. પા. ૩-૪, ડે.

લિ૦ શ્રી કુમરગિરિનગરે શ્રી સોમવિમલસૂરિણા શ્રી રસ્તુ-પાં-શ્રી સંયમધીરગણિ ગુરૂભ્યો નમઃ શષ્ય ચેલા જયવંત લષિતં-શ્રી ॥ છ ॥

—ચેનસાગર ભં. ઉદયપુર.

—સં. ૧૬૧૯ શ્રાવણ સુદ ૧૧. ૨૧-૧૬ લીં, રત્ન.

(૨૨૯) ધમ્મિલરાસ સં. ૧૬૧૫ (૧૫૯૧?) પોષ સુદ ૧ રવિવાર ખંભાતમાં

અંતે—

શ્રી તપગણ શિણગાર, શ્રી રતનશેખર સૂરિસાર,
સિરિ લખિમિસાગરસૂરિ, જસ નામઈ પાતક દૂરિ. ધન: ૮૬

શ્રી સુમતિસાધુ સૂરિંદ, તસુ પટ્ટઈ અભિનવચંદ,
શ્રી હેમવિમલ સૂરિરાય, જસ પ્રણમઈ ભૂપતિ પાય. ધન. ૮૭
તસુ પટ્ટઇ ધુરંધર ધીર, પય પ્રણમઇ ભૂપતિવીર,
શ્રી સોભાગહરિષ સૂરીસ, કહઇ સોમવિમલ તસ સીસ. ધન. ૮૮
સંવત ચંદ્ર નિધાનવલી તિથિ સિઉં કરીઅ પ્રધાન,
પોસ માસ શુદિ સાર, વલી પડવે આદિત્યવાર, ધન. ૮૯
શ્રી ખંભનયર સુવિશાલ, તિહાં રચિઉં રાસ રસાલ,
જે ભણઇ ચરીઅ પ્રધાન, તે પામઇ નવહ નિધાન. ધન. ૯૦

—ઇતિ શ્રી આદિનાથ પ્રસાદાત્ સં. ૧૬૬૭ વર્ષે લિખિતં પત્તનનગરે (પત્ર ૯. પ્ર. કા.) ડે.

(૨૩૦) ચંપકશ્રેષ્ઠી રાસ સં. ૧૬૨૨ શ્રાવણ શુદ ૭ શુક્રવાર. વિરાટનગરમાં

(૨૩૧) ક્ષુલ્લકકુમાર રાસ ૧૬૩૩ ભાદ્રપદ વદ ૮ અમદાવાદના રાજપુરમાં.

આદિ—વસ્તુ

સકલ મંગલ સકલ મંગલ કરણ શ્રીવીર,
ધીરપણઈ જિણિ તપ તપી ધપી જિણિ સિદ્ધ લિધિ,
એક ચિત્તિ ચિંતીતા હુઈ સયલ વંછિત સિદ્ધિઅ,
શ્રી હેમવિમલ સૂરિંદના ચરણ કમલ વંદેવિ,
ગાઇસુ હું ક્ષુલ્લકકુમર સેવી સરસતિ દેવિ. ૧

* * * *

અંતે—

શ્રી ક્ષુલ્લકકુમર ચરિત્ર સુણઇ ગાઇં તેહ પવિત્ર,
સોમસુંદર ગછિ ગુણધાર, શ્રી સોમસુંદરસૂરિસર. ૩૦૨
મુનિસુંદર જસુ પરિવાર, મુનિસુંદરસૂરિ ગણધાર,
જિમ રતન શિષરિ ચડયું સોહઈ, સૂરિ રતનશેષર મનિમોહઇ. ૩૦૩
જિમ લષિમી સાગર આપઈ, તિમ લષિમીસાગરસૂરિ થાપઈ,

ગુરૂ સુમતિ સાધુજનિ રોપઈ શ્રી સુમતિસાધુસૂરિ ઉપઈ. ૪
જિમ હેમવિમલ ગુણ ગેહ તિમ હેમવિમલસૂરિ દેહ,
સંઘ નઈ દિઈ સોભાગહરિષ, સૂરિ સોભાગહરિષ. ૫
હેમ સીસ તાસ પટ્ટધાર, સૂરિ સોમવિમલ ગણધાર,
તિણિ તવીઉ ક્ષુલ્લકકુમાર, શ્રી સંઘનઈ જયજયકાર. ૬
શ્રી ગૂજરદેશ પવિત્ર, તિહાં નગર અછઇ સુપવિત્ર,
નાંમિ શ્રી અહમ્મદવાદ, સુરપુરસ્યું જે લિઈ વાદ. ૭
તિહાં પુર છઈ પવિત્ર અનેક, સિરિ રાજપુર સુવિવેક,
તિહાં રચીઉ રાસ રસાલ, જે ગાતાં સુખ વિશાલ. ૮
વસ્તુ દૂહા ચોપઈ પરમાણ, સત ત્રિણિ ત્રિડોત્તર જાણ.
શત ચ્યારિ પચવીસ શ્લોક, ભણતાં હુઈ પુણ્યસિલોક. ૯
સંવત્સર સોલતેત્રીસ ૧૬૩૩ ભાદ્રવા વદિ આઠમિ દીસ,
શ્રી નેમિ જિણેસર સાંમી, તસુ નામિં નવનિધિ પાંમી. ૧૦

—ઇતિ શ્રી ક્ષુલ્લકકુમાર રિષિ રાસ સંપૂર્ણઃ—ઇલદુર્ગ નગરે પુજ્યપંડિત શ્રી લક્ષ્મીકુલગણિ શિષ્ય મુ૦ રાજકુલ. ૮-૧૯ લીં.

૧ કુમરગિરિમંડણ શ્રી શાંતિનાથ સ્તવન.

આદિ—

સરસ વચન દિઉ સરસતી, સંતિ જિણેસર રાય,
ભગતિઈ ભાખું વીનતી, પામી શ્રી ગુરૂ પાય. ૧

* * * *

અંતે—

સા(ડ)ત્રીસે દૂહે કરી, વીનવિઓ અંતિ જિણંદ;
શ્રી સોમવિમલ સૂરિ ઈમ ભણઈ, કુમરગિરિઈ આણંદ. ૩૮

૨ સઝાય—આદિ—કપૂર હોવે અતિ ઉજલું. (મારી પાસે છે).

૩ સઝાય—આદિ—નગર રતનપુર જાંણીયઈ, સુરવર સમવડિ જાણીયઈ. (મારી પાસે છે.)

૪ પટ્ટાવલિ સઝાય— સં. ૧૬૦૨—વિધા૦
૫ દશ દૃષ્ટાંત ગીતા.

આ ઉપરાંત ગદ્યમાં કલ્પસૂત્ર બાળાવબોધ રચ્યો છે.

---

૧૩૩ પુણ્યસાગર (ખ. જિનહંસ સૂરિ શિ૦)

(૨૩૨) સુબાહુ સંધિ. સં. ૧૬૦૪ જેસલમેરમાં.

અંતે—

ઇમ જંબૂનઈ સોહમ સામિઈં, એહ અજ્ઝયણ ભણ્યઉં સિવ કામિઇં.
તિમ સંબંધ એહ ગુણિ ભરિઉ, ઇગ્યારમ અંગહ ઉધરિયઉ.
સંવત સોલ ચઉતર વરસઈં. જેસલમેર નયર સુભ દિવસઈં.
શ્રી જિનહંસ સૂરિ ગુરૂ સીસઇ, પુણ્યસાગર ઉવઝાય જગીસઇ. ૮૮
શ્રી જિનમાણિક સૂરિ આદેસઇ, સુબાહુ ચરિત ભણિયઉ લવલેસઇ,
પાસ પસાયઇ એ રિષિ થુણતાં, રિદ્ધિ સિદ્ધિ થાયઉ જિતુ ભણતાં ૮૯

લિખિતા વા૦ શ્રી દયાકીર્ત્તિગણિ શિષ્ય પંડિત ગોડીદાસેન સ. ૧૬૯૬ વર્ષે શ્રી સંગ્રામપુરે —ઉદયપુર ભં. પ્ર૦ કા.

[ખ. જિનહંસસૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૫૭ અને ૧૫૬૧ ના મળે છે અને તેમના પટ્ટધર જિનમાણિક્યસૂરિના સં. ૧૫૮૩,૧૫૮૪, ૧૫૯૩ અને ૧૫૯૮ ના મળે છે. ધા. સં. ભાગ ૧ અને ૨.]

---

૧૩૪ વિમલચરિત્ર (ત૦ હેમવિમલસૂરિ–સૌભાગ્યહર્ષસૂરિ —સોમવિમલસૂરિ—સંઘચારિત્ર શિ૦)

(૨૩૩) રાજસિંહ રાસ—નવકાર અધિકાર સં. ૧૬૦૫ શ્રાવણ શુ. ૧ ગુરૂ નટપદ્ર (નડિયાદ)માં.

અંતે—

તપગચ્છ કેરૂ રાજીઉરે, માહાલંતડિ જગિ જણ પણમઈ પાય,
સુણિ સુંદરે જગ૦
શ્રી હેમવિમલ સૂરીસરૂરે, મા૦ તસુ પાટિ સોહઈ રાય. ૬૮

સૌભાગ્યહરિષ સૂરિ ગુણિસરૂરે, મા૦ મહિમા કેરૂ કંદ, સુ૦
તસુ પટિ સુવિહિત સુંદરૂરે મા૦ સોમવિમલસૂરિંદ. સુ૦ ૬૯
પંડિતતારે ચંદલુરે મા૦ બુદ્ધિઈ અભયકુમાર, સુ૦
સાધુશિરોમણિ દીપતારે મા૦ ચારિત્ર પાલઈ સાર સુ૦ ૭૦
સંઘચારિત્ર નામઈ ભલારે મા૦ મૂરતિ મોહણવેલિ સુ૦
પીહરતે પીડયા તણારે મા૦ સાધુ ગુણ કેરઈ વેલી સુ૦ ૭૧
તાસ તણઇ સુપસાઉલઈ રે, મા૦ નટ્ટપદ્ર રહી ચુમાસી સુ૦
રાસ રચીઓ નુકારનોરે મા૦ સીખિઇ હિયયા ઉલ્લાસી. સુ૦ ૭૨

ચુપઈ.

સંવત્ સોલ પંચોતેર સાર, સુદિ પડવઇ સોહઈ ગુરૂવાર
સરવડિ વરસઇ શ્રાવણમાસ, જગ સઘલાની પુહુચઇ આસ.
રાજસિંહ રાસઉ જે ભણઇ, રત્નવતી કથાસું ગણઈ
નવનિધિ મંગલમાલા મિલઈ, વિમલ ચારિત્ર્ય વાંછિત ફલઈ.

—૧૦—૧૬ પૂજ્યારાધ્ય શ્રી આચાર્ય રા શ્રી વિમલચારિત્ર સૂરિ (પદ) કમલ સેવક શિષ્ય હેમચારિત્ર ગણિ લિખિત. (આ પ્રશસ્તિ રા૦ ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. એ લખી મોકલી હતી. આ પ્રત વડોદરાની સેંટ્રલ લાયબ્રેરીમાં હોય તેમ જણાય છે.) હેમવિમલસૂરિ જુઓ નં. ૬૫ અને સોમવિમલસૂરિ જુઓ નં. ૧૩૦.

---

૧૩૫ રાજપાળ (પીંપલક ગ૦ સ્થાપક શાંતિસૂરિ તેના સંતાન ને પટ્ટપરંપરામાં પૂર્ણચંદ્ર શાખામાં ૧૫ મી પાટે પદ્મતિલકસૂરિ–ધર્મસાગરસૂરિ–વિમલપ્રભસૂરિ–શિષ્ય.)

(૨૩૪) જંબુકુમાર રાસ સં. ૧૬૦૬ (?) માહ વદ ૭ રવિ.

આદિ—

સકલ જિનવર સકલ જિનવર સકલ સુખકાર,
સકલકલા સોભિત વિમલ મુખ મયંક સમ અંમલ સોહે,

સકલ કર્મ સંખેપે કરિ મુગતિ નારિસ્યું રમે મોહે,
તસુ પદપંકજ નિત નમું આંણી મનિ ઉલ્હાસ,
ગૌતમ ગણધર પ્રણમતાં આવે બુદ્ધિ પ્રકાશ. ૧

* * * *

અંતે—

કણિકા ઉપદેશમાલથી ગુરૂ મુખે હીયે વિચારરે,
તેહ અરથ જાંણી કરી મેં રચિઓ એ રાસસારરે.
વિક્રમરાયે થાપીઓ સંવત ઋતુઇંદ્ર જાણોરે,
દોઈ યુગવર સવિચારયો માસ મને મધુ આણોરે. ૨૧
કૃષ્ણપક્ષ મુનિ તિથિ ભલી તિણિ દિનિ વારજ સવિનારે,
ગુરૂ શારદ સુપસાઉલે, ચરિય રચ્યું કહે કવિતારે.
ચંદ્ર તણી શાખે હૂઆ શાંતિસૂરિ ગુરૂરાયરે,
પીંપલ ગચ્છ તેણે થાપીઓ આઠ શાષ તિહાં થાયરે. ૨૨
શાસન દેવે ચક્રેસરી ગુરૂને સાંનિધિ આવેરે,
મહિમા અતિહિંવ ધારતી શાસન જિનનું શોભાવેરે,
કહી એ શાખા એ પાંચમી પૂર્ણચંદ્ર ગુરૂ નાંમરે,
હૂઆ પાટે પનરમે પદ્મતિલકસૂરિ નાંમરે. ૨૩
શ્રી ધર્મસાગરસૂરિવર તસુ પાટે ગુણ ગાજેરે,
શ્રી વિમલપ્રભ સૂરીવર સોહે જયવતા એ રાજેરે.
તે ગુરૂના પય પ્રણમી ગાયો જંબુકુમારરે,
મુનિ રાજપાલ ભણે ઇમ કીજે સફલ અવતારરે. ૨૪

કલશ

ઇયિ જંબુ સુણસ્યે × × ×

—૫૨૭ શ્લોક ૯૫૫ ગ્રંથાગ્ર. ૨૫-૧૫ લીં. રત્ન. ડે.

આ પિંપલગચ્છમાં જે બીજા ધર્મસાગરસૂરિ થયેલા અને જેના લેખ ધાતુપ્રતિમા પરના સં. ૧૫૧૨, ૧૫૧૫, ૧૫૩૦, ૧૫૩૧ અને ૧૫૩૫ ના મળી આવે છે, તે આ ગચ્છની ત્રિભવિયા શાખામાં થયેલા

ધર્મસુંદરસૂરિના પટ્ટધર છે, જ્યારે ઉપર પ્રશસ્તિમાં જણાવેલા ધર્મસાગરસૂરિ તે પૂર્ણચંદ્ર શાખામાં થયેલા પદ્મતિલકસૂરિના પટ્ટધર છે. આ રાસનો સંવત બરાબર નક્કી થઈ શક્યો નથી.

---

૧૩૫ ક હર્ષવિમલ(ત૦ વિજયદાનસૂરિ–આણંદવિમલ શિ૦)

બારવ્રત સઝાય (૧૬૧૦ પહેલાં)

અંતે—

તપગચ્છ મંડણ જાણીઇએ, મા૦ **આણંદવિમલ** સૂરીંદ,
તસુ પાટઈ ગોયમ સમાએ મા૦ **વિજયદાન** મુણિંદ. ૬૪
શ્રી **આણંદવિમલ** તણુએ મા૦ **હર્ષવિમલ** ગણીશ,
સીસ કહઇ ભણતાં હુઇએ મા૦ નવનિધિ તસુ નિશિદીસ. ૬૫
(પ્ર૦ કા૦ ચોપડામાં લિ. ૧૬૧૦)

---

૧૩૫ ખ પ્રમોદશીલ શિ૦

૧ શ્રી સીમંધર જિનસ્તોત્ર–વિચાર સંયુક્ત. સં. ૧૬૧૩ ફાગણ શુદ ૧૦

આદિ—

સરસતિ સામિણિ બે કરજોડી, ગુણ ગાયસુ આલસ સવિ છોડી,
સીમધરજિન રાયતુ, જયુજયુ સીમ૦
પુષ્કલાવતી વિજયનૂં નામ, પુંડરીકિણી નયરી અભિરામ,
આસ મિ કરીયસુ શોભતુ–જયુજયુ સીમં૦ ૧

અંતે—

અનઇ **સોલતેરોત્તરઈ** સાર, શુદિ ફાગુણ દસમી ઉદાર,
ઇમિ ગાયુ ઉલટ આંણી, તુમ્હે વંદઉ ભવિઅણ પ્રાણી. ૩૬

કલસ

ઇય સીમંધર જિનવર નમિઈ, અસુરાસુર બાસુરસમ જિનરાય દૂહ,

દુખ દુર્ગતિ ભંજણ જણમણ રંજણ, ભવિયણ પૂરિઈં ઉહ સુહ,
તપગછિ સુહાકર ગુણમણિ આગર, પ્રમોદશીલ પંડિતપવર,
તસુ શીસ બોલઇ અમીય તોલઈ, સીમંધર જયકાર કર. ૩૭

૨ શ્રી ૨૦ વિહરમાન બોલ ૫ સંયુક્ત ૧૭૦ જિનનામસ્તવન.

અંતે— સં. ૧૬૧૩ ફા. શુ. ૧૦.

સંવત સોલ તેરોત્તરઈ એ, ફાગુણ શુદિ દસમી જાણિઉ,
સત્તરિસુ જિન સંથુણ્યા એ, ઉલટ હીઅડઈ આણિતુ. ૨૪
સત્તિરિસુ જિનવરતણુંએ. સ્તવન ભણિઈં નરનારિ તું,
તે નર સુખ સંપત્તિ લહિઈં એ નિશ્ચિઈં તરઈ સંસાર તુ. ૨૫

કલશ.

ઇય સકલ જિણદહ દુઃખ નિકંદહ, વંદઉ ભવિઅણ ભાવસિઉંએ,
દુખ દુર્ગતિ ભંજણ જણમણરંજણ, જિણ ગુણ ગાઉ હરષસિઉએ,
તપગછહમંડણ દુરીયવિહંડણ, **સોમવિમલ** સૂરિ જયવિરૂએ,
પ્રમોદશીલહ સીસ જંપઈ સધ ચઉવિહ સુહકરૂએ ૨૬

૩ વીરસેન સઝાય. (વિષય-ઉપશમ).

આદિ—

સરસતિ સામિણિ પહિલું પ્રણમીઇ, અવિરલ વાંણી જેહ નામિ પાંમીઇ,
પામીઇ વાંણી જેહ નાંમિઈં તેહના પય પ્રણમી કરી.
ક્ષમા સંબંધ હુંઅ બોલૂં સાંભલજ્યો ઊલટ ધરી.
નયરીઅ ચંપા અતિહિં રૂઅડી, તિહાં જિતશત્રુ રાજીઉ.
પુર ગામ દેસહ કરી મોટઉ સજસ મહીઅલિ ગાજીઉ. ૧

* × * ×

અંતે—

ઇણિપરિ જે નર ઉપસમ આદરિઇ તપ જપ સયમ ભાવિઈં અણુસરિઈં
અણુસરી ઉપસમ ધર્મ કરસિઈં, સંસારસાગર તે તરિઈં.
ધર્મધ્યાન સૂધાં જેહ કરિસિઈં, મુગતિરમણીસું તે વરિઈં,
ક્ષમા અનઇ જિનધર્મ કરસિઈં, સુખ લહીસે તે નરા,
પ્રમોદશીલહ સીસ જંપઈ, ક્ષમાધર તુમ્હે નરવરા. ૨૫

૪ ખંધકસૂરિ સઝાય.

આદિ—

પહિલૂં પ્રણુમું સરસતિ સામિણી, ગજગતિ ચાલઈ હંસાગામિણી,
ગજગતિ ચાલઇ હંસાગામિણી.
હંસગામિણિ નમી પહિલૂં પછઇ સહિગુરૂ મનિ ધરૂં,
તે પ્રભાવિઇ ક્ષમાસંબંધ શાસ્ત્ર જોઇ હું કરૂં,
સાવત્થિ નયરી ભલી નયરી રાજા શ્રી જિતશત્રુ એ;
પુર ગામ દેસે કરી મોટઉ ખંધક નામિઈં પુત્ર એ. ૧

અંતે—

ખંધક સૂરિનિઈં ઘાણુઈ ઘાલી પીલએ,
અગનિકુમાર પદવી પાવએ,
પાવ એ પદવી ક્રોધ કારણિ દેસ તિહાં બાલિઉ ઘણુઉ,
દંડકારણ્ય નામ હૂઉં ક્રોધ ફલ એહવાં સુણુ,
તેહ તણે શિષ્યે પાંચસિઈં તિહાં મુગતિ હેલાંમાહિ વરી,
પ્રમોદશીલહ શીસ જંપઇ ધર્મકર ક્ષમા મનિ ધરી. ૮

---

૧૩૬ જયવંત સૂરિ* (અપરનામ ગુણસૌભાગ્ય. વડતપાગચ્છ વિનયમંડન ઉપાધ્યાય શિ૦)

(૨૩૬) શૃંગારમંજરી સં. ૧૬૧૪. (આમાં શીલવતીનું ચરિત્ર છે.)

---

* વડતપાગચ્છના સ્થાપક વિજયચંદ્રસૂરિ થયા કે જેણે પહેલાં તપગચ્છીય (નવીન કર્મ ગ્રંથાદિના કર્તા) દેવેન્દ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી ને ત્યાર પછી સૂરિપદ લઇ તેમનાજ સમયમાં જુદી પ્રરૂપણા કરી અને પોતે ખંભાતમાં વડી પોશાળમાં રહ્યા, તેથી તેમનો ગચ્છ વૃદ્ધ પૌશાલિક તપગચ્છ અને ટુંકમાં વડા તપગચ્છ ઓલખાયો. (આ સં. ૧૩૦૦ ની પછીના ૨૫ વર્ષમાં બન્યું) ત્યાર પછી આ વડતપગચ્છમાં રત્નાકર સૂરિ થયા કે જે પ્રસિદ્ધ રત્નાકર પચીશીના કર્તા ગણાય છે, તેમણે સં. ૧૩૭૧ માં શત્રુંજયપર સમરાશાહે કરાવેલી ઋષભદેવની

(૨૩૬) ઋષિદત્તા રાસ સં. ૧૬૪૩ માગશર શુદ ૧૪ રવિ.

આદિ— દુહા

પ્રથમ નાથ દાતા પ્રથમ. જગગુરૂ પ્રથમ યુગાદિ,
પ્રથમ જિણુંદ પ્રથમજ નમૂં, જેણિ કરી પ્રથમ પુણ્યાદિ. ૧

* * * *

પ્રતિમાની પ્રતિષ્ટા કરી. આ સૂરિનો ગચ્છ રત્નાકર ગચ્છ કહેવાયો. આ ગચ્છની ભૃગુકચ્છીય (ભરૂચી) શાખામાં અનેક આચાર્ય થયા તેમાં વિજયરત્ન સૂરિ નામના એક પ્રતિષ્ઠિત આચાર્ય થયા કે જેના પ્રતિમા લેખો સં. ૧૫૩૭ ના ધા. પ્ર. સં. ભાગ પહેલાના લેખાંક ૩૪, ૫૮, ૫૨૭ માં, અને ભાગ બીજામાં સં. ૧૫૧૩,-૧૫૨૯, અને ૧૫૩૭ ના અને નાહરકૃત સંગ્રહમાં સં. ૧૫૩૦ ના મળી આવે છે. તે પૈકી એક પરથી જણાય છે કે તેઓ વિજયધર્મસૂરિના પટ્ટધર હતા (વિજયધર્મસૂરિ તે વિજયતિલક સૂરિના પટ્ટધર હતા) આ વિજયરત્નસૂરિના ધર્મરત્નસૂરિ નામના શિષ્ય થયા કે જેના પ્રતિમા લેખો સં. ૧૫૪૪,-૫૩-૬૧-૬૫-૬૬ ના ઉક્ત ભાગ બીજામાં મળી આવે છે. આ ધર્મરત્નસૂરિએ સંઘપતિ ધનરાજના સંઘમાં આબુ વગેરે તીર્થોની જાત્રા કરી તે સંઘ સાથે મેદપાટ (મેવાડ) માં જઈ ચિત્રકૂટ (ચિતોડ) પર્વત ગયા ત્યાં તે વખતના મહાન્ સંગ (સંગ્રામસિંહ) રાણા (રાજ્ય સં. ૧૫૬૫ થી ૧૫૮૬) એ મહા ઉત્સવથી પુરપ્રવેશ કરાવ્યો તે નગરમાં પ્રખ્યાત કર્માશાના બાપ તોલાશાહ તે સૂરિની ભક્તિ કરવા લાગ્યા. રાજસભામાં તે સૂરિએ પુરૂષોત્તમ નામના બ્રાહ્મણને વાદમાં પરાજીત કર્યો, તોલાશાહે શત્રુંજયપર પહેલાં વસ્તુપાલે (સં. ૧૨૯૮) કરાવેલી પ્રતિમા અને ત્યાર પછી સંગ્રામસિંહ સોનીએ સ. ૧૩૭૧ માં ઉપરોક્ત રત્નાકર સૂરિજી પાસે પ્રતિષ્ઠિત કરાવેલી પ્રતિમા પર મુસલમાનોએ આક્રમણ કરેલ હોવાથી તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરતાં ધર્મરત્નસૂરિએ જણાવ્યું હતું કે તે મનોરથ તેના પાંચ પુત્રોમાંથી સૌથી નાનો કર્માશા પૂર્ણ કરશે અને તેની પ્રતિષ્ઠા પોતાનો શિષ્ય કરશે. પોતે ત્યાં સ્વશિષ્ય નામે વિનયમંડન

બીજી પ્રતમાં નીચે પ્રમાણે આદિમાં છે.

દુહા–ઉદય અધિક દિન દિન હવઈ, જેહનઈ લીધઈ નામ,
તે પાંચે પરમેષ્ઠિને, હું નિત કરૂં પ્રણામ. ૧
શાસન સોહકરી સદા, શ્રી વિદ્યા શુભરૂપ,
તે મન સમરૂં જેહનેં, સેવે સુરનરભૂપ. ૨

પાઠક રાખી સંઘ સાથે ચાલી નીકળ્યા. તે પાઠક પાસે કર્માશાએ ધાર્મિક અભ્યાસ કર્યો, આ ધર્મરત્નસૂરિના બે પ્રધાન શિષ્યો હતા–૧ વિદ્યામંડન (કે જેને સૂરિએ આચાર્ય સ્થાપ્યા) અને ૨જા ઉપરોક્ત વિનયમંડન.

ગૂજરાતના બાદશાહ બહાદુરશાહને જ્યારે પોતાનો મોટો ભાઇ સીકંદર ગાદીપર હતો ત્યારે રીસાઇ ચિતોડ ગયો તે વખતે કર્માશાએ એક લાખ રૂપિયાની મદદ કરી હતી, પછી જ્યારે બહાદુરશાહ બાદશાહ થયો, ત્યારે કર્માશાને બોલાવી તેણે બહુ માન આપ્યું. કર્માશાએ બાદશાહનું ફરમાન લઇ શત્રુંજય પર ઋષભનાથ તથા પુંડરીકની મૂર્ત્તિની સં. ૧૫૮૭ વૈશાખ વદિ ૬ રવિવારને દિને પ્રતિષ્ઠા કરી અને તે આ વિદ્યામંડન સૂરિના હસ્તેજ કરવામાં આવી. આ વિદ્યામંડન સૂરિના પ્રતિમાલેખ સ. ૧૫૮૭ નો ભાગ બીજામાં અને સં. ૧૫૯૭ નો ભાગ પહેલો લેખાંક ૧૧૦૭ મળે છે. આ સૂરિના શિષ્યો નામે જયમંડન, વિવેકમંડન, રત્નસાગર, સૌભાગ્યરત્ન (પછીથી થયેલા સૂરિ કે જેનો પ્રતિમા લેખ ભાગ બીજામાં સં ૧૬૩૪ નો મળે છે.) અને સૌભાગ્યમંડન હતા, કે જે બધા શત્રુંજયપર ઉક્ત ઉત્સવ પ્રસંગે હાજર હતા. આ પૈકી વિવેકમંડને ચિતોડમાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથનાં ઉક્ત કર્માશાએ મંદિરો બંધાવેલાં તેમાં પ્રતિષ્ઠા કરી હતી.

વિનયમંડન પાઠક ઉપાધ્યાયે પણ ઉપરોક્ત શત્રુંજયના ઉત્સવમાં સારો ભાગ લીધો હતો. તેમના શિષ્ય વિવેકધીર ગણિ અને આપણા કવિ જયવંત સૂરિ. વિવેકધીરે ઉક્ત ઉત્સવની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચી. તે ઉપરાંત તેજ સમયમાં લાવણ્યસમયે (જુઓ નં. ૬૬) આ કર્માશાના ઉદ્ધારની નાની પ્રશસ્તિ સંસ્કૃતમાં પોતાના હસ્તથી લખી છે. (સં. ૧૫૮૭) કે જે પ્રશસ્તિ હાલ શત્રુંજયપર કોતરેલી વિદ્યમાન છે. વિવેક-

મિઠાઈ મુઝ વાણીએ, તેં દીધી છે ચંગ,
વલી વિશેષે વીનવું, દિએ રસ રંગ અભંગ. ૩
ઋષિદત્તા નિર્મલ થઇ, તે નિજ સત્ય પ્રમાણુ,
તસ આખ્યાન વખાણવા, દિઇ મુઝ નિર્મલ વાણિ. ૪
કવિતા મહિમા વિસ્તરે, ફલીઇ વકતા આસ,
શ્રોતા અતિ રંજે જિણે, સો દિઇ વચન વિલાસ. ૫
વિવિધપરે કેલવણુ, નિજ રમતિ અનુસાર,
તુઝ પયકમલ પ્રસાદથી, જગિ વાણી વિસ્તાર. ૬
પૂર્વે છે સુકવે કર્યાં, એહનાં ચરિત પ્રસિદ્ધ,
તોહુઇ રસિક જનાગ્રહે, એ મેં ઉદ્યમ કીધ. ૭
કેવલ લહી મુકતેં ગઈ, કીધ કલંકહ છેક,
તે ઋષિદત્તા સુચરિતં, સુણજો સહુ સવિવેક. ૮

* * * *

અંતે—

વડ તપગચ્છ સોહાકરહો, શ્રી વિનયમંડન ગુરૂરાજિ,
રત્નત્રય આરાધકા હો જે જગિ ધર્મસહાય.

ધીર ગણિ શિલ્પશાસ્ત્રમાં અપ્રતિમ નિપુણ હતા ને તેમણે ઉક્ત તીર્થોદ્ધારના કાર્યમાં સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ વાપરી છે ને શિલ્પીઓના નિર્માણપર પૂરી દેખરેખ રાખી છે કે જેનું સુફલ હાલ જૈન પ્રજા ભોગવે છે; આ ગણિના ગુરૂભાઇ જયવંત પંડિતે સં. ૧૬૧૪ માં ગૂજરાતી કવિતામાં 'શૃંગાર મંજરી' નામનો એક ગ્રંથ બનાવ્યો છે કે જેની રચના ઘણી સરસ અને સુંદર છે. આમાં શીલવતીનું ચરિત્ર વર્ણવેલું છે. આ હકીકત સાક્ષર મુનિમહારાજશ્રી જિનવિજયજીના શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધની પ્રસ્તાવના પરથી લીધી છે. વિશેષમાં ત્યાંથી જોઇ લેવું. આપણા કવિએ પછી સૂરિની પદવી પ્રાપ્ત કરેલી જણાય છે. સં. ૧૫૮૭ માં શત્રુંજયોદ્ધાર વખતે ૨૦ વર્ષની ઉમર ઓછામાં ઓછી ગણીએ, અને ૧૬૪૩ ની તેમની કૃતિ મળી આવે છે તે પરથી તે ઓછામાં ઓછું ૭૬ વર્ષ જીવ્યા જણાય છે.

ત્રૂ૦

જે જગિ ધર્મસહાય ગુણાકર સુવિહિતનઇ ધુરિ, કિધ

તસ સીસ ગુણસોભાગ સુનામઈં, જયવંતસૂરિ પ્રસિદ્ધ,

તેણઈં રસીકજન આગ્રહ જાણી વિરચઉં સતીસુચરિત્ર,

ઉત્તમ જન ગુણ સુણતાં ભણતાં, હુઈં જન્મ પવિત્ર ૫૨૮

સંવત સોલ સોહામણો હો, સુહાઃરૂઉહો ત્રિત્તાલઉ ઉદાર (સં. ૧૬૪૩)

માગસિર સુદિ ચઉદસિ દિનઈં હો દીપંતુ રવિવાર. ૫૬૧

ત્રૂ૦

દીપતું રવિવાર સુરોહિણિ સસિ, વરતઇ જીપરાશિ.

એ ઋષિદત્તા ચરિત્ર વષાણિઉ, જયવતસૂરિ ઉહલાસિ,

ન્યૂન અધિક જે હૂઈ આગમથી મિછા દુક્કડ તાસ,

કવિતા વક્તા શ્રોતાજનની, ફલગો દિનિ દિનિ આસ. ૫૬૨

(પૃ. ૨૨ પં. ૧૫ ગુ. વિ.) ડે૦ ખં ૧,

—ઇતિ ઋષિદત્તા રાસ સંપૂર્ણ. ગ્રંથાગ્ર. ૯૦૦ શુભં ભવતુ. પા. ૪૯ પં ૯ આ. ક.,૨૩–૧૩ માં.; ૩૫–૧૨ વી. પા.; ૧૯–૧૭ લીં,

—સં. ૧૭૦૬ વર્ષે ભાદ્રવા વદિ ત્રયોદસી વાર સોમે ગ્રંથાગ્ર ૯૦૦. ૨૮–૧૪ બાલવિજયજી; ૧૯–૧૫ લીં.

(૨૩૭) નેમિરાજુલ બાર માસ વેલ પ્રબંધ.

આદિ— રાગ મલ્હાર–ધૂરિ દૂહા—

વિમલ વિહંગમવાહિની, માતા ધઉ વરદાન,

દ્વાદશ માસ સોહામણા, ગાઉં જિન ગુણ ગાન. ૧

વેધક જન મન રીઝવઈ, માનનિ મોહણ વેલિ,

ગુણસોભાગ સોહામણી, વાણી ધઉ રંગરેલિ. ૨

મુગતિ માનિની મનિ ધરી, રાજુલિ છંડિ નેમિ,

પિઉ વિછુરત ભોજકુંયરિકું, વિરહ કહઈ જિઉ નેમિ. ૩

× × × ×

અંતે—બાર માસ ગુણ જિણતણાહો ગાતાં મકરો પ્રમાદ,
ઋદ્ધિ અનંતી આગમઈ હો, સુણતાં હુઈ આલ્હાદ,
ત્રૂટક-સુણતાં હુઇ આલ્હાદ સદાઈ, જિણગુણ અતિહિં રસાલ,
મન નઇ ભાવિ તેહજ ભણતાં દિન દિન મંગલમાલ,
શ્રી વિનયમંડન ઉવઝાય અનોપમ, તપગછ ગયણે ચંદ,
તસુ સીસ જયવંત સૂરિવર વાણી સુણતાં હુઈ આણંદ. ૭૭
—ગણિ ઋદ્ધિસુંદર લિખિત શ્રીમસૂદા નગરે સંવત ૧૭૦૯
૩-૨૧. (વિ. ધ.—ગ્રંથાગ્ર શ્લોક ૧૭૫. ૪-૧૭ ની ઢાલબદ્ધ પાનાં
૧૦ અમ૦

૩ સીમંધર સ્તવન.

આદિ— રાગ સામેરી.
સ્વસ્તિશ્રી પુંડરગિણી, મોરા સુગુણ સીમંધર સ્વામિ
મુહ બોલતાં અમૃત ઝરે, મનોહર મોહન નામ
ગુણ-કમલ તોરે વેધીઓ, મન-ભમર મુઝરસ પૂરિ.
તુઝ ભેટવા અલજો ઘણો, કિમ કરૂં થાનિક દૂરિ રે
વાહલા તૂં પરદેસેં જઇ રહિઉરે.
દૂરિં નયન મેલાવડોરે, વાહલા તૂં૦ ૧

* * * ×

અંતે—
સાધુ શિરોમણિ જાણીએ તો, શ્રી વિનયમંડણ ઉવઝાયરે;
તાસ સીસ ગુણ આગલો તો, બહુલા પંડિત રાયરે. એહવારે ૩૬
આસો શુદિ પૂનિમ દિને તો, શુક્રવાર એકાંતરે.
કાગલ જયવંત પંડિને તો, લિખીઓ માઝિમ રાતિ રે—
એહવારે ગુણ તુમતણા. ૩૭
—૩—૧૩ માં; પ્ર૦ કા૦

[આ કવિને માટે જુઓ મારો લેખ આત્માનંદ પ્રકાશના વીરાત્ ૨૪૫૦ ના ૧૦ મા અંકમાં પ્રકટ થયેલ છે.]

૧૩૬ ક. સહજરત્ન (આં. ધર્મ્મમૂર્તિ શિ૦)

૧ વૈરાગ્યવિનતિ. સં. ૧૬૦૫ કાર્તિક શુ. ૧૩ રવિ. નિંધરારી ગામમાં

આદિ—

આજ સફલ મનોરથ મનતણા, ભગતિઈં ગુણ ગાઉં જિનતણા,
શ્રીય કુંથનાથ દેવ અતિહિ ચગ, નીંધરારિ નયર છઈ બહુઅ રંગ. ૧

*　　*　　*　　*

અંતે—

તૂં સ્વામીય દુખભયભંજણુ, તૂં અ સ્વામી શિવપુરમંડણુ,
સવત્સર સોલ પચોત્તરઈં કાર્તિક શુદિ તેરસિ રવિ દિનઈં. ૧૩
વિધિ પખિ ગછિ ગિરૂઅડિ ગુણભંડાર, શ્રીય ધર્મ્મમૂરતિ સૂરી સુવિચાર;
આગમ જે સુત્ર વિચારસાર, પડિબોહઈ ભવીયણ તે ઉદાર. ૧૪
ચાલિ—ઇય મંગલકારણ દુરીનિવારણ તરણતારણ જગગરો,
નીંધરાર ગામિઈં સુકૃત ઠાંમિઈં શ્રી શ્રીમાલી જયકરો.
જેહ ભાવ ભગતિઈં એક ચિત્તઈં કુંથનાથ તીર્થંકરૂં,
વણારીસ સહજરત્ન બોલઈં, એહ જિનવર સુરતરૂ. ૧૫

—સં. ૧૬૧૮ વર્ષે માહવદિ ૧૩ શનૌ. લક્ષતં.
(વિ. ધ. ચોપડો પાના ૧૭૦-૧૭૧)

૨ ૨૦ વિહરમાન સ્ત૦ સં. ૧૬૧૪ આસો શુદ ૧૦ કાવિઠામાં.

આદિ—

સરસતિ દેવીય નમીય પાય, ઊલટ અ ગિ આંણીય;
મહીયલિ મહાવિદેહ ખેત્ર સાર, જિનવર ગુણ જાંણીય.
વિહરમાંન વીસહ જિણંદ, થુણિશું જિન વમતિઈં,
શ્રી સીમધરિ પ્રથમ દેવ ગુણ ગાઉં ભગતિઈં. ૧

*　　*　　*　　*

અંતે—

સંવત સોલ ચૌદોત્તરઈં એ, આસો માસિ ઉદાર,
શુદિ દશમીં વિજયા દિનિહિ શ્રી ધર્મ્મમૂરતિ ગણધાર. ૮

ચાલિ-ઈય આદિ જિણેસર, સયલ તિથેસર, વિહરમાંન વીસઈ તમ્યાએ,
હું કહું મન રંગિઈ ઉત્સવ ચંગિઈ કાવિટ્ટાનયર સુણીય,
તેહ શિવસુખકારણ દુરીયનિવારણ તારણ શ્રીમધિર જિનહ,
વંછીય સુહ આપઈ મહિમા વ્યાપઈ કહઈ સહજરત્ન વાચક પ્રવર. ૯

[અંચલગચ્છના ધર્મમૂર્ત્તિ સૂરિના પ્રતિમા લેખો સં. ૧૬૨૯, ૧૬૪૪, ૧૬૫૪ ના મળે છે. જુઓ ધા. સં. ભાગ ૧ અને ૨. તેમનો જન્મ સં. ૧૫૮૨ માં ત્રંબાવતી-ખંભાતના હંસરાજ વણિકની હાંસલદે નામની સ્ત્રીથી થયો. જન્મનામ ધર્મદાસ. દીક્ષા ૧૧૯૯ માં, આચાર્યપદ અમદાવાદમાં સં. ૧૬૦૨ માં, અને તેજ વર્ષમાં ગચ્છનાયકપદ મળ્યું. સં. ૧૬૭૦ માં પાટણમાં સ્વર્ગસ્થ થયા. જુઓ પટ્ટાવલિ).

---

૧૩૬ ખ. કમલસાગર (ત૦ હર્ષસાગર ઉ. શિ.)

૨૪ અતિશય સ્ત૦ કડી ૩૬ સં. ૧૬૦૬.

ઈંદુરસ બિંદુ લેસ્યા (૧૬૦૬) વર્ષે વિજયરત્નસૂરિ રાજ્યે હર્ષસાગર ઉપાધ્યાયશિષ્ય કમલસાગરે ચઉતીસ અતિશય સ્તવન કડી ૩૬ નું રચ્યું.—મુનિશ્રી જિનવિજયજીની નોટ. હાલાભાઇ ભંડાર પાટણ. દા. ૮૨ માં ત્રણ પાનાની પ્રતિ છે.)

---

૧૩૬ દેવગુપ્તસૂરિ શિષ્ય (બિવંદણીક ગચ્છ)

(૨૩૮) અમરદત્ત મિત્રાનંદ રાસ સં. ૧૬૦૬ (શક. ૧૪૭૨) વૈ. વ. ૪ રવિ. ઉંઝામાં

આદિ— વસ્તુ—

સકલ ગુણનિધિ સકલ ગુણનિધિ સકલ જિનરાય,
પયપંકજ પ્રણમી કરી, ભલે ભાવે ભારતી નમેવીય.
સહિગુર ચરણે શિરનમિ એક ચિત્તે કવિરાય સેવીય

કર્મફલા ફલ જાણવા મિત્રાનંદ ચરિત્ર
બોલિસિ બહુ બુદ્ધિં કરી સુણયો સહુ ઇકચિત્ત.

* * * *

અંતે—

બેવંદણીક ગચ્છે સહિગુરૂ સાર, સકલ કલા કેરો ભંડાર,
શ્રી દેવગુપ્ત વંદૂ સૂરીસ, કરજોડી કહે તેહનો સીસ. ૧૬
સંઘ કથન થયાં ઉલટ ઘણો, રચ્યો રાસ મિત્રાનંદ તણો;
કુંથુ જિણેસર તણે પસાય, રચી ચોપઇ ઉંઝામાંહિ, ૧૭
કુંણ સંવત્સર કેહે માસ, રચ્યો રાસ તે કહું વિમાસ.
સંવત સોલ છિંડોત્તરા જાણુ, શાકે ચૌદ બહુત્તરિ વખાણુ. ૧૮
વદિ વૈશાખ ચોથિ તિથિસાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર
તેણે દિને નિપાયો રાસ, સાંભલતા સવિ પુહચે આસ ૧૯
સર્વ ગ્રંથની સંખ્યા સુણો, દુહા ચોપઈ એકઠા ગુણો
ગાહા વસ્તુ તેહમાંહે ભલી, શતકપંચ બાવીસાં મિલી. ૨૦
વસ્તુ એક ચોપઇ સો ચાર, વલી એકતાલીસ અધિક વિચાર;
પ્રાકૃત ગાથા જાણો પંચ, દુહા પંચોત્તરનો સંચ. ૨૧
અધિકો ઓછો કહિયો જેહ, સહિ ગુરૂ સાખેં ખમાવું તેહ
કૃપા કરી કવિ ઉપર બહુ, ખરો કરીને ભણજ્યો સહુ, ૨૨
ભણે ભણાવે ભાવે જેહ, સંકટ નાસેં દૂરે તેહ
એક મનાં સંભલિસે જેહ, મુગતિ સવિ લહસે તેહ. ૫૨૩

—રાજકોટ યતિના અપાસરાનો ભંડાર.

(દ્વિવંદનીકગચ્છ ઉપકેશગચ્છની શાખા જણાય છે, તેમાં થયેલ દેવગુપ્ત સૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૬૭, ૧૫૯૦, ૧૫૭૩, ૧૫૯૩ અને ૧૫૯૮-ધા. સં. બંને ભાગ તથા નાહરકૃત સંગ્રહમાં મળે છે, તેમાં તે સિદ્ધાચાર્ય સંતાનીય ઓળખાયેલ છે.

૧૩૮ હેમરાજ.

(૨૩૯) ધન્નારાસ. ૧૬૦૯—લીં.

એક હેમરાજ નામના વાચકે કાલિકાચાર્ય કથા ગ્રંથ લખ્યો છે (પાટણના ભંડારમાંની પ્રતિ) પ્રશસ્તિ લેખક તરીકે એમ આપી છે કેઃ- સં. ૧૬૦૭ વર્ષે શ્રી ખરતર ગચ્છે શ્રી જિનમાણિક્ય સૂરિ વિજયરાજ્યે શ્રી વિક્રમનગરે વા૦ શ્રી વિજયકીર્તિ શિષ્ય. વા. હેમરાજ ! તો આ અને તે બંને એક હોવા સંભવે છે.

---

૧૩૮ ક. દેવીદાસદ્વિજ.

+ કષ્ટહારક મહાવીર સ્તોત્ર. સં. ૧૬૧૧ આસો શુદિ પૂર્ણિમા શુક્ર.

આદિ—

સકલ જિણુંદ પાએ નમી, પાંમી પરમાણુંદ,
દોઇ કર જોડિ વીનવું, ચોવીસમો જિણચંદ. ૧

*   *   *   *

અંતે— ઉલાલાની ઢાલ.

ઈમ હરષ ધરીનઈં સ્તવીઉ વીર જિણુંદ,
રાડધરપુર મંડણ પાય પ્રણમઈં સુરિંદ. ૬૧
મઇ પુન્ય પસાઈં પામ્યા જિનવરરાય,
મુઝ પાપપડલ સવિ દુઃકૃત દૂરિ જાઈં. ૬૨
શ્રી તપગચ્છ નાયક શ્રી વિજયદાન સૂરિંદ,
તસ પાય પ્રણમીનઈં સેવઇ સુરનરવૃંદ. ૬૩
તસ નામિ મુઝનઈં ટલીઉ ભરમ મિથ્યાત્ત,
સેવતાં પામ્યુ જિનધર્મ જગહ વિખ્યાત, ૬૪
સંવત સોલ ઇગ્યારોત્તરા વરસહ કેરૂં માન,
આસો સુદિ પુનિમિ વાર સુક્ર સુભ થાન. ૬૫

કલશ.

ઈમ થુણિઉ જિનવર વીર સુખકર રાડધરપુર મંડણ,

તસ પાય પણમી સીસ નામી, દુરિઅદુરગતિખંડણું,
સેવઈ સુરાસુર, થુણઇ ભાસુર, ગરભવાસવિભંજણો.
દ્વિજ ભણઈ દેવીદાસ સેવક, સકલ સંઘ મંગલકરો. ૬૬
—જીર્ણપ્રત. સા. ભં. પાટણ, પત્ર ૪ અને પત્ર ૩. પ્ર. કા.; વિ. ધ.
—ચૈત્ય૦ આદિ સંગ્રહ ભા. ૩

૧૩૯ પ્રીતિવિજય (ત. વિજયદાનસૂરિ–આનંદવિજય શિ.)

(૨૪૦) બારવ્રત રાસ. ૧૬૧૨, માગ શુ. ૧૩ ગુરૂ. સુહાલીમાં.

આદી—

પ્રણમી સાંતિ જિણેસર સ્વામ, સંપતિ લહીઇ જેહને નામ,
શાંતિ જિણંદતણો ઉપદેશ, સુણજ્યો ભવિકા કહું લવલેશ. ૧
પંચ પ્રમાદ રહિત જિનધર્મ, કીજે જિમ ટાલીજે કર્મ,
જતી શ્રાવક ભેદે દોય, ધર્મ કરે તે સુખીયો હોય. ૨
પ્રથમ ધરમ જતીનો કહું, શાંતિનાથ ચરિત્રથી લહું,
ક્ષિતિપ્રતિષ્ઠિત નગર મઝાર, ધનો સાર્થવાહ તિહાં સાર. ૩

* * * *

અંતે—

સવત સોલ બહોતરે માન, માગસિર સુદિ તેરસિ જાણ,
સુહાલા નગરે ગુરૂવાર, રચ્યો બારવ્રત રાસ ઉદાર. ૧૮
તપગણગગનવિભાસન ભાણ, શ્રી વિજયદાન સૂરિ ગુણમણિ ખાણ,
તાસ સીસ પંડિત પરધાન, આનંદવિજય ગણિ ગુણહનિધાન. ૧૯
તસ પદપંકજ ભ્રમર સમાન, જસ નામેં સઘલેં જસ માન,
પ્રીતિવિજય કહે ભણતાં એહ, વંછિત સંપદ આવે ગેહ. ૨૦
જિહાં લગેં અવિચલ મેરૂ ભૂધરૂ, ગગને દીપે શશિ દિનકરૂ,
તિહાં લગે પ્રતિપો એહ ચરિત્ર, ભણતાં સુણતાં ચિત્ત પવિત્ર. ૨૧
—ગાથા ૪૬૧. ૧૬–૧૪ લીં.

૧૪૦ હર્ષરાજ (પૌ. વિદ્યાચંદ્રસૂરિ-લબ્ધિરાજ શિ.)

(૨૪૧) સુરસેન રાસ. સં. ૧૬૧૩ જેઠ શુ. ૨ શનિ. અમદાવાદમાં.

અંતે—

સંવત સોલ તેરોતાઇએ (૧૬૧૩), જયેષ્ટ માસ સુવિશાલ,
સુદિ પક્ષિ દિન બીજતું, શનિવાર રચુ રસાલ. ૨૯
શ્રી પાર્શ્વનાથ પસાઉલઈ, શ્રી ગુરૂનઈ ઉપગારિ,
સાધુ પુનિમા પક્ષિમંડણુએ, ઉદયાચલ જિમ દિનકાર. ૩૦
સંવેગ રંગિ મલપતા એ, શ્રી ઉદયચંદ સૂરીંદ,
તાસ પાટિ સોહાકરૂએ, તારકમાંહિ જિમ ચંદ. ૩૧
શ્રી મુનિચંદ્ર સૂરીશ્વરૂએ, તાસુ પાટિ પ્રગટ પ્રભાવિ,
વિદ્યમાન વિદ્યાનિલુ એ, ક્રિયાપાલ સુભ ભાવિ. ૩૨

* * * *

નૃપમાંહિ ચક્રીસરૂએ, ભૂજાબલિ જિમ ગોવિંદ,
સંપ્રતિ શ્રી ગુરૂ દીપતાએ, શ્રી વિદ્યાચંદ સૂરીંદ. ૩૬
તાસ સીસ સોહામણાએ, પંડિત શ્રી લબ્ધિરાજ,
રાસ રચિઉ નિય મતિ કરીએ, પંડિત શ્રી હર્ષરાજ. ૩૭
ગુણિ મુનિ સુંદર ગુણનિલોએ, ભાનરાજ ઋષિરાજ,
દેવરાજ મુનીસરૂએ, ચેલા શવસી સાર. ૩૮
અહિમદાવાદ નગરમાંહિંએ, વિજય મુહુરત અભિરામ,
હર્ષરાજ પંડિત ભણઇએ, સીઝઈ વંછિત કામ. ૩૯

—૨૩ પત્ર દાબડો ૮૨—હાલા. ભં-પાટણ; ખં ૧.

(સાધુ પૂર્ણિમાગચ્છમાં વિદ્યાચંદ્રસૂરિ—મુનિચંદ્રસૂરિના પટ્ટે થયેલાનો લેખ સં. ૧૫૯૬ નો મળી આવે છે. લેખાંક ૧૧૧૮ ધા. સં. પહેલો ભાગ.)

૧૪૧ સિદ્ધિસૂરિ (બિવંદણીકગચ્છ દેવગુપ્તસૂરિ-જયસાગર શિ.)

(૨૪૨) સિંહાસન બત્રીશી. સં. ૧૬૧૬ વૈશાખ વદ ૩ રવિ,
બારેજા (અમદાવાદ પાસે)માં.

આદિ— વસ્તુ છંદ.

વિશ્વજનની ૨ પાય પણમેવિ,
સયલ વિશ્વસુખકારણી, મુગ્ધજન બુદ્ધિદાતા,
કવિયણ મન આનંદની જગત્રમાંહિં તૂંહિ વિખ્યાતા,
કરજોડી તુમ્હ, વીનવું, દીઓ મુઝ નિરમલ મત્તિ,
કહું કથા વિક્રમતણી, તે સુણજો એક ચિત્તિ. ૧

ચોપઇ.

સરસતિ શુભમતિ દીઓ મુઝ સદા, જિમ વિક્રમ ગુણ ગાઉ મુદા,
પર ઉપગારી રાજ જિય, તારુકથા બોલીસ બહુભિય. ૨
ત્રિભુવનમાંહિ વિક્રમરાય, સત્વવંત ધુરિ સહી કહવાય,
ભૂમંડલ ભડવાઈ કરી, જસ કીરતિ ત્રિભુવન વિસ્તરી. ૩
તાસ કથા બત્રીસે જેહ, ભોજ ભૂપ આગલિ કહી નેહ,
સવિ સંબંધ અછે પ્રત્યેક, તે સુણજો સહુ ધરી વિવેક. ૪
સિંહાસન બત્રીસી તેહ, લોકમાહિં સુપ્રસિદ્ધિ જેહ,
તાસ કથા હું બોલીસ ભલી, સાંભલતાં પૂગી મન રલી. ૫
પહિલું સિંહાસન ઉત્પત્તિ, સાંભલયો તે સહુ એક ચિત્ત,
જોયણ લાખતણે વિસ્તાર, જંબુદ્વીપ છે વૃત્તાકાર. ૬

* * * *

અંતે—

જે છે સંસ્કૃતકથા પ્રબંધ, તે કહ્યો ભોજ તણો સંબંધ,
પ્રાય રસ અધિકો જાણીઈ, તેહ કારણિ એહ વખાણીઈ. ૬૯
કહી કથા આગેં જેહવી, કેતી કથા કહી કેલવી,
કવિ કહે તેહમાં મદેયો ખોડિ, ખમાવીઈ સવિકું કરજોડિ. ૭૦

કિણુ કારણુ એ કહ્યો પ્રબંધ, હર્ષ ધરી સુલ્તાનીત (?) પ્રબંધ
ચતુર પુરૂષનેં કારણિ કરી, કહી કથા વિવહરી. ૭૧
ગૂજ્જર દેશ દેશમાંહિ સાર, શ્રી અહમ્મદ પુરવર સુવિચાર,
તાસ પાસ બારેજ્જ ભલું, તેહ વખાણુ કરૂં કેતલું. ૭૨
તિહાં શ્રી સંઘતણેં ઉપદેશ, રચી ચોપૈ ધરમ વિશેષ,
કવિ કરજોડી કહેં એણીપરેં, કહું દિવસ તેવટિ ન વિસ્તરે. ૭૩
કુણુ સંવચ્છરે કેહે માસે, રચ્યો પ્રબંધ જે કહું વિમાસી,
સવત સોલ સોલોતર જાંણિ, શાક ચૌદ ઇયાસીઓ વખાંણિ. ૭૪
વદિ વૈશાષ ત્રીજ તિથિસાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર,
શ્રી ગુરૂચરણુ પસાયેં કરી, એહ પ્રબંધ કવિઓ વિસ્તરી. ૭૫
બિવંદણીક ગછે સહિ ગુરસાર, શ્રી દેવગુપ્તસૂરિ વંદુ ગણહાર,
તાસ સીસ પંડિત ગુણનિલો, શ્રી જયસાગર નામેં ભલો. ૭૬
તાસ સીસ કરજોડી કરી, સિદ્ધસૂરિ પભણે એહ ચરી,
આણી ઉલટ આણુંદપૂરિ, એહ સુણુતા દુખ જાયે દૂરિ. ૭૭
ભણે ભણાવૈ જે મન ભાવે, સંપતિ સુણુતાં એણે પ્રસ્તાવે,
જાં પ્રથવી અવિચલ થિર હોઇ, તાઇં કથા સુણો સહુ કોઇ. ૭૮
જાં ધ્રૂ મંડલ શશિ દિનકાર, શેષ ધરેં જિહાં મહીનો સાર,
તિહાં એ રાસ સદા જયકાર, જયો જયો કવિ જયજયકાર. ૭૯
સિંહાસનબત્રીસી તણો, રચ્યો રાસ ઉલટે થયો ઘણો,
ભણુતાં સુણુતાં નવનિધિ મિલી, સવિહું જનની આસ ફલી. ૮૦
આણી અતિ ઘણા ઉલટિં આંગે, કહી કથા તે મનને રંગે,
પભણે હરસ ધરી સિદ્ધસૂરિ, એહ કથા સુણુતાં દુખ દૂરિ. ૮૧

ઇતિ સિંહાસન દ્વાત્રિંશિકાયાં પદ્મિન્યોક્તા ભોજસિંહાસન સ્થાપન વિધિ પૂર્વોક્ત ચરિત્ર-પ્રકટીકરણુ દ્વાત્રિંશત્તમા કથા સંપૂર્ણા. સં. ૧૭૫૦ વર્ષે વૈશાષ શુદિ ૧૫ દિને આર્કવાસરે પંડિત. રામવિજય ગણિ તત્ શિષ્ય ગણિ પ્રેમવિજય લિપિકૃતા શ્રી મંગલપુરે. ૪૮-૧૫ માં; ખં. ૧.

[જુઓ દેવગુપ્તસૂરિ માટે અગાઉના કવિ-દેવગુપ્તસૂરિશિષ્ય (નં. ૧૩૬) ની નીચે ટિપ્પણુ.]

(૨૪૩) કુલધ્વજ કુમાર રાસ. સં. ૧૬૧૮ શ્રા. વ. ૮ રવિ.

અંતે— ઢાલ-માંલંતડનુ.

બિવિંદણીક ગચ્છ ગુણનિલું પામી, શ્રી દેવગુપ્તિ સૂરિરાય, સુ.
ગચ્છપતિ ગણુનિધિ ગુણુનિલુએ, મા૦ સરોમણિ સીસ કહિવાય, સુ.
પંડિત શ્રી જયસાગરૂએ, મા૦ જ્ઞાનતણુ ભંડાર. સુ. ૬૧
તસ પઇકમલજ સેવતુએ, મા૦ સિદ્ધિસૂરિ ગણુહાર, સુ.
કરજોડી તિ ઈમ કહિ એ મા૦ સીલ તણું સુવિચાર. સુ. ૬૨
કુમર કુલધજ ગાઇઆએ, મા૦ જે જગિ ગુણુહ ભંડાર,
સંવત ૧૬૧૮ રોતરઇએ, મા૦ શ્રાવણુ માસ રસાલ.
વદિ આઠમ તિવિ જાણીઇએ, મા૦ રવિવાસર સુવિશાલ. ૬૨
તિણઈ દિનિએ રચિઉ રાસએ, મા૦ હરષ ધરી મનરંગિ સુ.
જે ભણઇ સુણઈ નરનારિએ, મા૦ સવિ સુખ તેહનઇ અંગિ. ૬૩
તે લહિ વંછિત સંપદાએ, મા૦ નેહ ધરિ હુઈ ઋદ્ધિ વૃદ્ધિ,
પુત્ર કલત્ર પરિવાર સિઉએ, મા૦ વંછિત પામીઇ રિદ્ધિ. ૬૪

ઇતિ શ્રી કુલધજ કુમાર રાસ સંપૂર્ણ:-યતિ શ્રી ન્યાનવિજય તત્ શિષ્ય ગ. વિનયવિજયેનાલેખી (ગુ. વિ.

(૨૪૪) શિવદત્ત રાસ. શકે ૧૪૮૮ (સં. ૧૬૨૩) વર્ષે કૃતઃ—લખ્યા પ્રતિ. સં. ૧૬૬૭ પત્ર ૮ દા૦ ૮૨ હા. ભં. પાટણ.

---

૧૪૨ હેમરત્નસૂરિ (પૌ૦ દેવતિલકસૂરિ-જ્ઞાનતિલકસૂરિ-રાજગણિ શિ.)

(૨૪૪) શીલવતી કથા. ૧૬૦૩ (૧૬૭૩?) પાલીમાં.

અંતે—

પૂનિમ ગચ્છપતિ ગુણુનિલો શ્રી ન્યાનતિલક સુરીસ,
જસ પયપંકય સેવતાં પૂજ્યે સયલ જગીસ. ૬૯
તસ પટા પંકજ સૂર સમ શ્રી હેમરતન સૂરીંદ,
સીલ કથા તિણિએ કહી પ્રતપો જાં રવિચંદ. ૭૦

સંવત સોલત્રિરોતરે પાલી નયર મઝારિ,
સીલકથા સાચી રચી પ્રવચન વચને વિચાર. ७१
—લિખિતં ગણિ કેશરવિમલ ગણિ શ્રી હાજીવાસ મધ્યે-વિ. ધ. ભંડાર.

(૨૪૫) લીલાવતી. ૧૬૦૩—વિ. ધ.
(૨૪૬) મહિપાલ ચોપઈ-ગાથા ૬૯૬ સં. ૧૬૩૬.
(૨૪૭) ગોરા બાદલ કથા-પદમણી ચોપઈ. સં. ૧૬૪૭, (૫) ચૈ. વ. ૧૪ ગુરૂ. સાદડીમાં
(ટીપમાં ૧૬૪૫-સોલઇસિઇ પણ્ણાલ-સબળપુરમાં.)

આદિ- દુહા.

ઈંકલ સુખદાયક સદા સિદ્ધિ બુદ્ધિ સહિત ગણેશ,
વિઘનવિડારણ રિધકરણ, પહિલી તુઝ પ્રણમેશ. ૧
બ્રહ્મ વિષ્ન શિવસૈ મુખૈ, નિતુ સમરૈં જસ નામ,
તિણ દેવી સરસતિ તણૈં, પદજુગ કરૂં પ્રણામ. ૨
પદમરાજ વાચક પ્રભૃતિ, પ્રણમું સદગુરૂ પાઇ,
કેલવંત સાચી કથા, તથા ન લાગૈં કાઇ. ૩
નવરસ દાખૈં નવનવા, સયણ સભા સિણગાર,
કવીયણ મુઝ કીજ્યૈ કૃપા, વદના વયણ વિચાર. ૪
વીરા રસ સૃંગાર રસ, હાસ રસ હિત હેજ,
સાંમિ ધ્રમ વિધિ સાંભલૌ, જ્યું વાધૈ તનતેજ. ૫
ગીલ સાચ જગિ ભાખીઇ, જસુ પ્રસાદિ શુખ હોઇ,
પદમણિ જિણ પરિ પાલીયૌ, સાંભલિયૌ સહુ કોઈ. ૬
ગોરૈં વાદલ રિંણ ગહિલ, જિન્હૈ સુહડ બલિવંત,
બોલિસ વાત હૂઈ યથા, સુણજો સગલા સંત. ૭
રતનસેન રાજા તણૈ, છલિ રાખી કુલટેક,
ગૌરા વાદલ સૂરિમા, સતધારી સુવિવેક. ૮
સાંમિ ધ્રમ જ્યાં સાચવ્યૌ, વીરા રસ સવિસેષ,
સુહડા મૈં સોભા લહી, રાખી ખત્રવટ રેખ. ૯

યુદ્ધ જીતૌ, જસ પટીયૌ, વસુ પુડિ હુઆ વિખ્યાત,
ચિત્રકોટ ચાવૌ કિયૌ, સુણુયો તે અવદાત. ૧૦
નર નર પતિ પંડિત સભા, સાંભલયૌ સહુ કોય,
પરચા કાંબન ધન દીઇ, ધ્રમ સંત ધારી કોઇ. ૧૧

અંતે— × × ×

ગોરા વાદલની એ કથા, કહી સુંણી પરંપર યથા,
સાભલતાં મનવંછિત ફલે, રોગ સોગ દૂષ દોહગ ટલે. ૯૦૧
સાંમ ધરમ સાપુરસા હોઇ, સીલ હિંદ કુલવંતી જોઇ,
હીંદૂ ધ્રમ સત પરમાંણુ, વાગા સુજસ તણા નિસાંણુ. ૯૦૨
ધનિ નારી પદમણિનો સીલ, સંકટ માહિ પાલ્યો સીલ,
સીલ પ્રતાપૈ છૂટૈ રાઈ, ગઢ રાખ્યો જસ ફયો સવાઈ. ૯૦૩
ધનિ ષગધારિ નર રજપૂત, સગલી વાતે રાષૈ ભૂત,
ઉતમ પુરસ ચરિત્ર સુષકદ, સુણતાં લહીયૈ પરમાણુંદ. ૯૦૪
પૂનિમ પક્ષ ગિરૂઆ ગણધાર, દેવતિલકસૂરિ સુપકાર,
ગ્યાંનતિલક સૂરીશ્વર તાસ, પ્રતપે પાટે બુદ્ધિ નિવાસ. ૯૦૫
પદમરાજ વાચક પરધાંન, પ્રુહવી પ્રગટ સકલ ગુણવાંન,
તાસ સીસ મનરંગૈ ઘણૈં, હેમરતન વાચક ઇમ ભણૈ. ૯૦૬
વાત રચી એ વાદલ તણી, સાંમ ધરમ અતિ સોહાંમણી
વીરા રસ સિંગાર વિસેષ, સીલ સધર પદમણિ સુવિવેક. ૯૦૭
સુણતાં સુષ અનુરાઇ વધૈ, નીતરીત સૂરાતન સધૈ,
ઊજમ તેજ હુઇ અતિં ઘણો, વિવિધ કરી જાણૈ મંત્રણો. ૯૦૮

બીજી પ્રતમાં નીચે મુજબ છે.

"સંવત સોલહસૈ સૈતાલ, શ્રાવણ સૂદિ પાંચિમ સુવિસાલ,
પોહવી પીઠ ઘણું પરગડી, સબલપૂરી સોહૈ સાદડી.
પ્રથવી પ્રગટ રાંણ પ્રતાપ, દિન દિન ચઢતે તેજ વિખ્યાત,
તસ મંત્રીસર બુધિનિધાન, કાવેઢયા કુલતિલક સમાંન.
સાંમ ધરમ ધૂર ભાંમોસાહ, વૈરી વંસ વિધુસણ રાહ,

તસ લઘૂ ભાઇ તારાચંદ, અવની જાંણી અવતરીયો ઇંદ.
ધૂજિમ અવિચલ પાલૈ ધરા, સત્રૂ સોહ કીધા પાધરા,
તસ આદેસ લહી સદભાય, વાદલવાત રચી સદભાય.
સુંણ્યૌ તિસૌ ભાખ્યૌ પરબંધ, સાંમ ધરમ વીરારસ સંબંધ,
ઉજમ અગ હુવૈ અતિ ઘણુ, મોહ કમ કર જાંણુ મંત્રણુ."
સાંમ ધરમ પાલંતા સદા, પામૈ નવનિધિ ઘર સંપદા;
[સુર નર સહૂ પ્રસંસા કરે, વરમાલા લે લિખમી વરૈ] ૯
ષટ સિત ગાથા ખોડ સંબંધ, સુંણતાં પાંમૈ આણંદ કંદ.

કલસ કવિત્ત.

હેમરતનકી બુદ્ધિ છંદ ચોપઈ પ્રથમ કીય,
અબ કછુ વયણુ વિશેષ સુકવિ રાજસ ગુણુ થપીય,
સુદ્રિઢ બંધ સંગ્રામ, સૂર ચિતવેધક વાઇક,
કવિત દૂહા ચોપઈ, ધરે નૌતન જહાં લાઇક,
મહિલા ગ્રથ ઉજ્જલ કલી ત્રીયસરૂપ ભૂષણુ સજે,
રંગ રેપ ભરે સિત્રામ, સિર ગુલ કયારી દરષન ઉપવન મઝે. ૫૧૦

દૂહા

કહૂં દોહા કહુ ચોપઈ કહુ કહુ કવિત સુચંગ,
વયણુ નીરજ્યું મિલિ રહૈ, મન હું ત્રિવેણી સંગ. ૫૧૧
અમરરાણુ જેસીંઘ સુત, તપે ભાણુ હીંદૂવાંણુ,
પ્રિથીનાથ પૂમાણુ પહ મોજલહિર મહિરાંણુ. ૫૧૨
પાટ ભગત દિલ્લી પુરા સામ ધરમ પરધાન;
સીંઘ સકજ રૂપા સુતન, નિરમલ બુધિ નિધાંન. ૫૧૩
સુરાતન વેધક ચતુર, ભેદ્દા લગ ભૂપાલ,
બલ છલ અણુકલ સાંમ ધ્રમ, વાદલ જ્યું વિરદાલ. ૫૧૪
ગુણુગ્રાહક ગ્યાયક સુગણુ, દત મોજાં દરિયાવ,
સીંઘ સાહ રાખૈ સદા, ભાગવિજયસું ભાવ. ૫૧૫

તાસ પિઆરી ચોપઇ મનમાંની અતિમોજ,
તેં દાતા ચિત રીઝવણુ બંધે કવિત્ત સંયોજ. ૫૧૫
વદિ ચૈતહ સાઠે વરસ તિથિ ચોદસિ ગુરવાર,
બંધે કવિત્ત સુવિત્ત પરિ, કુંભલમેર મઝાર. ૫૧૭

—ઇતિ શ્રી ગોરાવાદલરિ એ કોતિક વિષયે પદમણી ચૌપઇ સંપૂરણમ્. સંવત ૧૭૬૭ વર્ષે પોષ વદિ ૧૦ દિને લિખિચકે બ્રહ્રાંમપુરવરે. શુભં ભૂયાત્ દીર્ઘાયુષાં શ્રીરસ્તુ. (પ્ર૦ કા૦)

—વિવેકવિજયનો ઉદયપુર ભં.— (દે. લા. પુ. ફંડ)

---

૧૪૩ કુશલલાભ (ખ૦ અભયધર્મ શિષ્ય.)

(૨૪૭)+ માધવાનળ કથા—પ્રબંધ–ચરિત (અથવા માધવાનલ કામકુંદલા ચોપાઈ રાસ) સં. ૧૬૧૬ ફાગણ શુ. ૧૩ રવિવાર જેસલમીરમાં.

આદિ—

વસ્તુ.

દેવિ સરસતિ ૨ સુમતિ દાતાર,
કાસમીર મુખમંડણી બ્રહ્મપુત્ર કર વિણુ સોહેં
મોહન તરવર મંજરી મુખમયંક ત્રિભોવન મોહે
પયપંકજ પ્રણમી કરી આણી મન આણંદ.
સરિસ ચરિત્ર શૃંગાર રસ પભણીસ પરમાણંદ ૧
માધવાનલ ૨ રૂપ મકરંદ.
ચવદહ વિદ્યાધર ચતુર વિદુર જાણિ સુરગુર વિચક્ષણ,
નારદ તું વરનાદ ગુણ લહું અને બત્રીસ લક્ષણ.
કલા બહુત્તર અતિકુશલ અભિનવ ઇંદ્ર કુમાર;
સુગુરૂ મુખેં જિમ સાંભલું વિરચિત તેહ વિચાર. ૨

* * * *

અંતે—

સંવત સોલ સોલોતરઈ, જેસલમેરૂ મઝારિ;
ફાગણ સુદિ તેરમિ દિવસે, વિરચી આદિતિવારિ. ૫૪૫
ગાહા દૂહા નેં ચુપઇ, કવિત કથા સંબંધ;
કામકંદલા કામિની, માધવાનલ પ્રબંધ. ૫૪૬

કુશલલાભ વાચક કહઈ, સરસ ચરિત સુપ્રસિદ્ધ;
જે વાચઈ જે સંભલઈ, તીઆં મિલઈ નવ નિધિ. ૫૪૭

ગાથા (ગ્રંથસંખ્યા પૂરાં છસેં) સાડા પાંચસઈ, એ ચુપઇ પ્રમાણ;
તાહ (નેહ) સુણતાં સુષ દીઈ, જિમ જિમ (જે નર) ચતુરસુજાણ. ૫૪૮

રાઉલ (રાઉલ) માલ સુપાટ ધર (માન પટોધર) કુંયર શ્રી હરિરાજ,
વિરચ્યા એહ સિણગાર રસ્સ, તાસ કુતૂહલ કાજ. ૫૪૯

સારદ સુપસાઈ કરી, શીલ તણઈ અધિકારિ,
ભણઈ સંભલઈ તેહ નર, સુષ પામઈ સંસારિ. ૫૫૫

—ઈતિશ્રી માધવાનલ કામકંદલા ચુપઈ રાસ સમાપ્ત.

—ઇતિશ્રી માધવાનલ ચઉપઇ સંપૂર્ણ–ગણિ કનકસાગર લિખિતં. સંવત ૧૭૪૯ વર્ષે ફાગુણ સુદિ નિજ ભોમવારે લિખિતં કોડારીયા મધ્યે
(આ પ્રત મુનિમહારાજશ્રી સિદ્ધિ મુનિજી પાસે છે.

—લિખતં ગણિ સુમતિવિજય ૧૭-૧૫ આ૦ ક૦

—સ. ૧૮૪૮ જ્યેષ્ઠ શુદિ ૫ શુદિ ૫ શનૌ લં. મુ. ધર્મવિજય ૧૯-૧૮ માં.

+ સાહિત્ય માસિકમાં(સને ૧૯૧૫) ના છુટક છુટક પ્રસિદ્ધ થયેલ છે

(૨૪૮) મારૂઢોલાની ચોપઈ.× સં. ૧૬૧૭ વૈશાખ શુદ ૩ ગુરૂવાર. જેસલમેરમાં.

આદી—

સકલ સુરાસુર સામિની, સુણિ માતા સરસત્તિ,
વિનય કરીને વીનવું, મુઝ દ્યો અવિરલ મત્તિ. ૧

જોતાં નવરસ પણુ જગિ, સવિહું ધુરિ સિણગાર,
રાગે સુર નર રંજીયે, અબલા તસુ આધાર. ૨
વચન વિલાસ વિનોદ રસ, હાવ ભાવ રતિ હાસ,
પ્રેમ પ્રીતિ સંયોગ સુખ, એ સિણગાર આવાસ. ૩
ગાહા ગૂઢા ગીત ગુણ, ઉક્તિ કથા કલ્લોલ;
ચતુર તણા ચિતરીઝવણુ, કહિયે કવિ કલ્લોલ. ૪

ગાહા:—

મણુહર નવરસ મજ્ઝે સુંદરનાગીણુ સરસ સંબંધ,
નિરુવમ કઅહિ નિબદ્ધા ગુણ નુ મયણાજણા સુગુણા.
નલવર નયર નરિંદો નલરાય સૂસ ત્રય સલહ કુમરવરો.
પિંગલરાય તસુ ધૂઆ વનિતા મારવણિ વરણ વસ્તુ.

*   *   *   *

અંતે—

ગાથા સાતસઈ એહ પ્રમાણુ. દૂહા નઈ ચઉપઈ વખાણુ;
યાદવ રાઉલ શ્રી હરિ(મેઘ)રાજ, જોડી તારા કુતૂહલ કાજિ. ૭૦૦
જેણી પરિ કવિ મુખિ સંભલી, તિણિ પરિ મઈ જોડી મનરલી;
દૂહા કેઇ પુરાતન અછઇ, ચઉપઇ બંધ કીઉ મઈં પછઇ. ૧
[અધિકો જે જોડયો છે બહૂ, 'કવિયણુ તે સાંસહજ્યો સહૂ,
ખાડેયો જિહાં વલી પાંતરો, તેહ વિચારી કરજ્યો ખરો.]
સંવત સોલસય સત્તરોતરઈ, આપાત્રીજિ વાર સુરગુરઈ
જોડી જેસલમેર મઝારિ, સુગુનાં સુખ પામઈ સંસારિ. ૨
ખરતર ગચ્છ સુગુરૂ ગહગહઇ, વાચક કુસલલાભ ઇમ કહઇ,
મારવણીની એ ચઉપઈ, એ સુણીજ્યો એકમના થઈ. ૩
[સાંભલતાં પામે સંપદા, રિદ્ધિ વૃદ્ધિ સુખ તિતિ સદા.]

[મારવાડમાં ઢોલામારૂની લોકવાર્ત્તા ઘણીજ પ્રસિદ્ધ છે. તેના સંબંધમાં જેસલમેરના રાઉલની પચ્છાથી કવિએ આ કૃતિ બનાવી છે. કૃતિ રસભરેલી અને કૌતુકી છે.] પાનાં ૧૭ ડા. ૮૨ હા. ભં. પાટણ.

—ઇતિ ઢોલા મારૂવાણી ચઉપઈ સંપૂર્ણ સં. ૧૬૭૬ વર્ષે વૈશાખ માસે શુક્લપક્ષે ૧૫ દિવસે ગુણરત્નેન લિખિત મિદં જેમ.; ચ.; લી.; માણેક;

પાનાં ૨૪—પ્રે. ૨.; ૨૨—૧૯ માં.

× બારોટ કવિ ગોવિંદ ગિલ્લાભાઈ વાક્સૌંદર્યના ૧૯૭૩ ના માર્ગશીર્ષના અંકમાં પૃ. ૧૭૭ જણાવે છે કે પોતાનીપાસે સં. ૧૬૧૫ ના વૈ. શુ. ૩ ગુરૂવારે જેસલમેરના મહારાજ હરરાજજીની આજ્ઞાથી આ કવિએ બનાવેલી શુદ્ધ અને સંપૂર્ણ પ્રત છે. આ પરથી તેણે 'મારૂ ઢોલાની વાર્તા' ના મથાળે વર્તા લખી તેમાં પ્રકટ કરાવી છે.

(૨૬૯) તેજસાર રાસ—સં. ૧૬૨૪ વીરમગામમાં

આદિ— દૂહા.

શ્રી સિદ્ધારથ કુલતિલુ ચરમ જિણેશર વીર
પાજુગિ પ્રણમી તસતણા સોવિન્નવન્નસિરીર. ૧
જિનવરૂ શ્રી મુખિં ઊપદિસઉં ભવિક લોક સુખ કાજિ
જિન પ્રતિમા જિન સારખી ભાખિ શ્રી જિનરાજિ ૨
પ્રતિમા જિનની જિનપરિં આરાહિ એકંતિ
અહિ ભવિ પરભવિ સુખ લહઈ ઇમિ ભાખઈ અરિહંત. ૩
જિણહર જિનવર આગલિઈં પૂરઈ જિકા પઈવ
તેજસાર નૃપ તણીપરિં સુખ ભાગઈ સદૈવ. ૪
ચ્યાર રાજ તિણિઈ પામીયા પૂજા તણઈ પ્રંમાણિ
સર્વારથ સિધિ અછઈ લહિસિ શિવ નિર્વાણ. ૫

* * * *

અંતે—

શ્રી ખરતર ગચ્છિ સહિ ગુરૂરાય, ગુરૂ શ્રી અભયધર્મ ઉવઝાય
સોલહસઇ ચઉવીસિ સાર, શ્રી વીરમપુર નયર મઝાર. ૧૫
અધિકારઈં જિનપૂજા તણુઇ, વાચક કુશલલાભ ઇમિ ભણુઇ,
જે વાંચઈ નઈ જે સાંભલઇ, તેહના સહૂ મનોરથ ફલઇ. ૧૬

—ઇતિ તેજસાર દીપપૂજા વિષયે રાસ સમાપ્ત. સં. ૧૬૪૪ વર્ષે પોસ સુ. ૧૪ રાજપુર નગરે. તપાગચ્છાધિરાજ શ્રીશ્રી. પરમગુરૂ ભટ્ટારક શ્રી હેમવિમલ સૂરિ, તત્ શિષ્ય મુખ્ય પંડિત શ્રી સુમતિમંડણ ગણિ. તત્ શિષ્ય (ચેલા) સહજવિમલેન લિખિતો અયં રાસ,

(પૃ. ૧૩ પં. ૧૫ ગુ. વિ.) રત્ન. ડે.; વીર. પા.

—સંવત્ ષાડેશ નવનવતિ સંવત્સરે માર્ગશીર્ષ માસે કૃષ્ણપક્ષે ચતુર્થી દિવસે તિથૌ બુધવાસરે વિધિપક્ષ ગચ્છેશ ભટ્ટારક મુગ્ગ્રામણિઃ શ્રીશ્રી ૫ ગજસાગર સૂરીંદ્ર તત્ શિષ્ય પંડિતપ્રવર શ્રીશ્રી ૪ લલિત-સાગર તત્શિષ્ય ઋષિ મતિસાગર દ્વિતીય ભ્રાતૃ ઋષિ જયસાગર પાર્શ્વે સતિ શ્રી તેજસાર નૃપરાસોઽ લિખિતોઽસ્તિ. (ઈડર બાઇઓનો ભં.)

—૧૬-૧૫ સંવત્ ૧૭૪૨ વર્ષે શ્રાવણ વદિ ૧૨ દિને આદિત્યવારે. સકલગણિગજેંદ્રગણિ શ્રી શ્રી ૧૦૮ સૌભાગ્યવિજય ગણિ તત્શિષ્ય પ્રેમવિજય લિ૦ કંઠારીયા મધ્યે (પાલણપુર ભ.)

(૨૫૦) અગડદત્તરાસ. (પ્રત સં. ૧૬૫૩)

૧ સ્તંભન પાર્શ્વનાથ સ્ત૦ ખભાતમાં.

આદિ—

પ્રભુ પ્રણમુંરે પાસજિણેસર થંભણો.
ગુણ ગાવારે મુઝ મન ઉલટ અતિ ઘણો.
ગ્રાંની વિણુરે એહની આદ ન કો લહે.
તોહિં પણિરે ગીતારથ ગૂરૂ ઇમ કહે—'

* * * *

અંતે—

ઈમ સ્તવ્યો સ્થંભણ પાસ સ્વાંમી નયર શ્રી ષંભાયતે,
જમ સહા ગુરૂ શ્રીમુખ સુણિઅ વાંણિ સાસ્ત્ર આગલ સંમતે,
એ આદ મૂરતિ સકલસુરતિ સેવતાં સુખ પાંમીએ,
મનભાવ આંણિ લાભ જાંણિ, કુસલલાભ પજંપએ.

૫—૯ આ. કે.

૨ ગોડીપાર્શ્વનાથ સ્ત૦

આદિ—

સરસતિ સામની આપ સુરાણી, વચન વિલાસ વિમલ બ્રહ્માણી,
સકલ જોતિ સંસાર સમાણી, પાદ પરણમુ જોડિ યુગ પાંણિ. ૧

× × × ×

કલસ.

અંતે—તેણિ ધરા જસ તુઝ ઉદધિ તિહાં દિપ અસંખિત,
વ્યોમ ધરણિ પાયાલ આણ સુર વહે અખંડિત,
અસુર ઇંદ્રિ નર અમર વિવિધ વ્યંતર વિદ્યાધર,
સેવે તુઝ પાય સય ન માજ સુજપે નિરતર,
જગનાથ પાસ જિનવર જયો મનકામિત ચિંતામણી,
કવિ કુશલલાભ સપનિ કરણ ધવલધીંગ ગોડીધણી. ૨૩

પ્ર. કા.; ૧૪વિ. ધ. ૨-૧૪

૩ +નવકાર છંદ—

આદિ—વંછિત પુરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર,

અંતે—કલશ.

નિત્ય જપીઇ નવકાર સંસાર સંપતિ સુખદાયક;
સિદ્ધમંત્ર શાશ્વતો ઇમ જપે શ્રી જગનાયક,
શ્રી અરિહંત સુસિદ્ધ શુદ્ધ આચાર્ય ભણિજે
શ્રી ઉવઝાય સુસાધુ પંચ પરમેષ્ટી થુણિજે;
નવકાર સાર સંસાર છે કુશલલાભ વાચક કહે,
એક ચિત્તે આરાધીઇ વિવિધ ઋદ્ધિ વંછિત લહે ૧૭ (ગુ. વિ. ભ.)

૧૪૪ લાવણ્યકીર્ત્તિ (ખ૦ ખેમશાખા ગુણરંગ-જ્ઞાનવિલાસ શિ૦)

(૨૫૧) રામકૃષ્ણ ચોપાઈ. સં. ૧૬૧૭ વૈ. શુ. ૫ વિક્રમપુર (વીકાનેર)માં

અંતે— ઢાલ નવમી (અઇસઉરે અઇમિત્તઉ મુનિવર ગાઇયઈ)

ભાવ ધરીનઈ ગુણ ગરૂઆ તણા, ગાઇજઇ સસનેહ,
ઉત્તમ સંગઈ ઉત્તમ ફલ હુવઈ, વાત કહઈ સવિ એહ. ૫૩
તિણિ કારણિ તપ સમકિતનઈ વિષઈ, રામ અનઈ ગોવિંદ,
ચરિતઈ ચારઉ મઈ જનમ થકી, થુણિયઈ સોહગકંદ. ૫૪
રાજઈ સૂરનસિંહ નરિંદનઈ વિક્રમપુરિ ગહગાહ;
સંવત **સોલહ સય સતાહુત્તરઈ**, સુદિ પંચમિ વઇસાહ. ૫૫
ખેમ સાખિ જાણીતા જગત્રમઈ, વાચક શ્રી ગુણરંગ.
તાસુ સીસ વાચક ગુરૂ ચિરજયઉ **જ્ઞાનવિલાસ** અભંગ, ૫૬
તાસુ સીસ લવલેસઈ ઉપદિસઇ, **લાવણ્યકીરતિ** એમ
ભણતાં ગુણતાં સાંભલતાં છતાં, થાયઇ અવિચલ ખેમ. ૫૭
કુસલસુગુરૂ સુપસાયઈ નવમી, ઢાલ ધન્યાસી રાગિ,
લાવણ્યકીરતિ પભણઈ વાચતાં અધિક વધઇ સોભાગ. ૫૮
ચતુર ચિત્તરંજન એ દાખીયઇ ઇમ લઇ છઠઈ ષંડ;
ભુવનકીરતિ બંધવ સંગમ, સદા, દિન દિન સુજસ અખંડ. ૫૯

—ઇતિશ્રી રામકૃષ્ણ ચરિત્ર ષષ્ટમષંડ સમાપ્ત. સં. ૧૭૧૩ વર્ષે માગસિર વદિ ૪ દિને શ્રી બ્રહાનપુર મધ્યે લિષિતા ચતુઃપ્પદિકા ગ્રંથાગ્રંથ ૧૭૦૦ શ્લોક સંખ્યા. ગાથા ૬૨૦૦ સર્વ સંખ્યા.—પા. ૪૨-૧૫ આ. ક.

(૨૫૨) ગજસુકુમાલ રાસ.

અંતે—

બંદીવાન છુડાવીયારે, સગલા નગર મઝારો,
મુહમાંગ્યા દીધા ઘણારે, મણ માણક ભંડારો.
મહમાંણ કહ્યું દીધા દેખી, મનરી અછા કોઇ ન રાખી,
લાવણકીરતી ઢાલ જ ભાખી. ચોથી પાંચમાએ તહું સાખી,
જી માતાજી જી હો. ૬

દુહો.

હાથીનો હુ ત્રૈતાલવો, દેવકીસુત સુકમાલ,
બાલક જનમ્યો તેહવો, નામૈ ગજસુકુમાલ. ૧

—ઇતિશ્રી ગજસુખમાલજીકી ૯ ઢાલ સંપૂર્ણ. લિખિતં. જૈપર મધ્યે. શ્રી. સમત ૧૮૬૭ શ્રાવણ સુદિ ૧૧ લિપિકૃત્વા. (પૃ. ૩. પં. ૧૭ ગુ. વિ.)

---

૧૪૫ વિનયસાગર (ખ૦ જિનહર્ષસૂરિ સંતાનીય માનકીર્તિ-દેવકલશ-સુમતિકલશ શિ૦)

(૨૫૩) સોમચંદ રાજાની ચોપાઈ. સં. ૧૬૧૭ શ્રાવણ શુદિ ૧૫ બુધ જોનપુરમાં.

અંતે—

સંવત સોલહ સત્તરઇરિ, સવચ્છર સુવિચાર,
સાવણ માસ સુહાવનઉરે, પૂનિમ તિથિ બુધવાર. ૧૫
નગર જોણપુર જાણીયરે, નદી ગોમતી તીર,
સકલ સંઘકઇ આગ્રહઇરિ, રચી કથા સુગંભીર. ૧૬

* * * *

શ્રી જિણમંદિર સોભતોરે, અજિત જિણેસર નામ. ૧૭
'વડ ખરતર ગચ્છ ભલઉરે, શ્રી જિનહર્ષ સંતાન,
શ્રીમાનકીત્તિ પાઠક ભલારે, વિદ્યારયણ નિધાન. ૧૮
તાસ શિષ્ય સોહઈ ભલારે, દેવકલસ મુનિરાય,
શ્રી સુમતિકલસ મુનિ જાણીયઇરે, નરવર વંદઇ પાય. ૧૯
તાસ શિષ્ય મુનિ રંગસુરે, વિનયસાગર મુનિ નામ,
સોમચંદ ભૂપાલકીરે, કરી કથા અભિરામ. ૨૦

—૩૨૧ પદ્યો. સાગર ભં. પાટણ.

(૨૫૪) ચિત્રસેન પદ્માવતી રાસ.—ડે.

---

૧૪૬ માન (ખ૦ શિવનિધાન શિ.) જિનસિંહસૂરિ રાજ્યે.

(૨૫૫) કીર્તિધર સુકોસલ પ્રબંધ સં. ૧૬૧૭ દિવાલી. પુષ્કરણમાં.

અંતે—

શ્રી ખરતરગછ છાજઇ, શ્રી જિનસિંહ સુરિ રાજઇ,
સંવત સોલહ સત્તરિ, દીવાલી દિનિ ગુણભરિ.　　૫૦
ગુણિજન સુણિ ઘણું રીજઇ, મૂરખ કિસુંય કહીજઇ,
હિયઇ હરષ બહુ આણી, મનિ દેઈ સાંભળઉ પ્રાણી.　　૫૧
એ સંબંધ રસાલ, સુણતાં લીલવિલાસ,
શ્રી શિવનિધાન ગુરૂ સીસ, કહઇ મુનિ માન જગીસ.　　૫૨
શ્રી પુષ્કરણ ચઉમાસઇ, રહતાં ચિત્ત ઉલ્હાસઇ
ભણતાં સંપ સુખદાઈ, સુણતાં લીલ વધાઇ.　　૫૩

—(ઇડર બાઇઓનો ભં.)

---

૧૪૭ સાધુકીર્તિ (ખ૦ મતિવર્ધન-મેરૂતિલક-દયાકલશ-અમરમાણિક્ય શિ૦)

(૨૫૬) સત્તરભેદી પૂજા. સં. ૧૬૧૮ શ્રા૦ શુ. ૫ અણહિલપુરમાં

આદિ—　　　　રાગ પરપદી દૂહા.

જ્યોતિ સકલ જગિ જાગતી હૈ, સરસતિ સમરસુ ભંદ,
સત્તર સુવિધિ પૂજાતણી, પભણિસુ પરમાનંદ.

ગાહા

નવણ વિલેવણ વથ જુગ, ગંધારોહણં ચ પુપ્ફરોહણયં,
માલારૂહણ વનયં ૨, ચુન્નં પડાગાય આભરણે,

*　　*　　*　　*

અંતે—

અણહલપુર શાંતિ શાંતિ સબ સુખદાઈ, સો પ્રભુ નવનિધિ સિધિ
વાજૈ.　૨ ભ.

શ્રી જિનચંદ સૂરિ ગુરૂ ષરતરિપતિ ધરિ મનવચન તસુ સજે,
સંવત **સોલ અઢાર** શ્રાવણ સુદિ પંચમિ દિવસ સમાજે. ૩ ભ.
દયાકલસ ગુરૂ **અમરિમાણિક** (ગુરૂ) તાસ પસાઈ સુવિધિઇ હું ગાજે.
કહે **સાધુકીરતિ** કરત જિનસંસ્તવ, સવિ લીલા સવિ સુખ સાજે. ૪ ભ.
—સં. ૧૮૨૫ મિતિ જ્યેષ્ટ શુદિ ૧ શ્રી વિક્રમપુરમધ્યે. (પત્ર. ૪ પ્ર. કા.)
—શ્રી વીકાનેર મધ્યે સંવત ૧૮૧૯ વર્ષે મિતિ જેષ્ટ માસે કૃષ્ણપક્ષે દ્વતીયા દિને સોમવારે પા ૮–૯-ક. મુ. (માઢી પાસે છે.)

(૨૫૭) આષાઢભૂતિ પ્રબંધ. સં. ૧૬૨૪ વિજયાદશમી યોગિણીપુરમાં.

અંતે—

ખરતર ગચ્છ વાચક થયઉ, **મતિવર્ધન** નામ
મેરૂતિલક તસુ સીસ જે ગુણ ગણ અભિરામ. ૧૮૨
તાસુ વિનય ગુણી અછઇ, દયાકલશ મુણીશ
તાસુ સીસ રંગય કહઇ, **સાધુકીરતિ** જગીસ. ૧૮૩
ધમ્મ **સોલહ ચઉવીસઇ** સમઇ યોગુણિપુર ઠાણિ,
કિયઉ વિજઇદશમી દિણઇ, યહુ ચરિત્ત વિનાણ. ૧૮૪
એ પ્રસ્તાવ મનોહર, નવ રસ સંબંધ,
સાધુકીરતિ મુણિવર રચ્યઉ, **આષાઢ** પ્રબંધ. ૧૮૫
પાપડ ગોત્રઈ પરવડઉ, શ્રીવંશ શ્રીમાલ
સાહ **તેજપાલ** કરાવિયઉ, સંબંધ રસાલ. ૧૮૬
લહિસ્યઈ સુષ જે ગાવિષ્યઈ નરનારી વૃંદ,
કુસલમંગલ અવચલ ધરઇ, સુણતા આણંદ. ૧૮૭

૧–શત્રુંજય (ચૈત્રી) સ્ત. ૧૬ કડીનું:—

આદિ—

પય પ્રણમી રે જિણવરના શુભ ભાવ લઇ,
પુંડરગિરિ રે, ગાઇસુ ગુરૂ સુપસાઉલઇ,

* * * *

અંતે— કલશ.

ઇમ કરીય પૂજાય થાજો ગહિ સંઘ પૂજા આદરઈ,
સાહમ્મિવચ્છલ કરઈ ભવિયાં, ભવસમુદ્ર લીલા તરઈ,
સપદા સોહગ તેહ માનવ, રિદ્ધિ વૃદ્ધિ બહુ લહઇ,
અમરમાણિક સીસ સુપરઇ, સાધુકીરતિ સુખ લહઇ. ૧૬

—૧—૧૫ (મારી પાસે છે.)

૨-**પ્રભાતી** ૪ કડી.

આદિ— રાગ દેશાખ.

આજ ઋષભ ઘરિ આવે, દેખો માઇ૦

અંતે—

ઉત્તમ દાન અમૃતરસ ઊપમ, સાધુકીર્ત્તિ ગુણ ગાવે૦ ૪ આજ૦

(મારી પાસે છે.)

૧૪૮ દેવશીલ (સૌભાગ્યહર્ષસૂરિ-સોમવિમલસૂરિ-લક્ષ્મીભદ્ર-ઉદયશીલ-ચારિત્રશીલ-પ્રમોદશીલશિ.)

(૨૫૮) *વેતાલ પંચવીસી રાસ—સં. ૧૬૧૯ બીજો શ્રાવણ વદ ૯ રવિ વડવા ગામમાં.

* "આ રાસ સં. ૧૬૧૯ માં રચાયેલો હોઇ એની ભાષા ૧૬ મા ૧૭ મા સૈકાની છે, અને વિમલપ્રબંધ તથા કાન્હડદે પ્રબંધની ભાષા સાથે તે ઘણી રીતે મળતી આવે છે; અને આથી તે તે સૈકાની ભાષાનું સ્વરૂપ સમજવાને ઉપયોગી થઇ પડશે. કવિ શામળભટ્ટની મડાપચીસીની વાતો મૂળરૂપે જૂની ભાષામાં આમાં છે. વૈતાલપચીસીનું મૂળ કથાસરિત્સાગર અને બૃહત્મજરી વગેરે સંસ્કૃત ગ્રંથોમાં છે; અને તેમાંથી હિંદી, મરાઠી, બંગાલી વગેરે અનેક ભાષાઓમાં તેમાં કંઈ કંઈ ફેરફાર અને વધારા સાથે ગદ્યમાં કે પદ્યમાં ભાષાન્તરો થયાં છે. બંગાળાના પંડીત જીવાનંદ બી. એ. પ્રકાશિત શ્રી જંભલદત્ત પ્રોક્ત પણ સંસ્કૃતમાં એક વૈતાલ પંચવિંશી છે. એ બધામાં વાર્ત્તાઓની ઘટનામાં કંઈ કંઇ ફેરફાર છે અને કોઈ કોઈમાં એક બીજાથી જુદી જુદી વાર્ત્તાઓ છે. —રા. જગજીવન દ. મોદી.

આદિ—

સરસતી સામિણિ પય નમી, માગુ ઉચિત પસાય,
કાસમીર મુખમંડણી, વાંણી દિઉ મુઝ માય. ૧
બ્રહ્માપુત્રીનિં નમું, કમલ કમંડલ સાથ;
એક કરિ વીણા ધરી, પુસ્તક જમણિં હાથિ. ૨
હંસવાહનિ હરખિં રમિં. કરિં જગલીલ વિલાસ;
જે જગ મૂરખ માંનવી, તેહની પૂરે આસ. ૩
હીઈ સુખ દુખીઆ નરા, સુખીઆ સપતિ કોડિ;
મૂરખનિ વિદ્યા દિઈ, જું સમરે પરહોડિ. ૪

× × × ×

અંતે—

તપગછ નાયક ભુવન દિણેહ, શ્રી શ્રી સોભાગ્યહર્ષ સુરિંહ,
તસપટિં સોહિં ગુંણગેહ, જયવંતા વહિંરી જગમેહ. ૮૧૩
ગુરૂ શ્રી સોમવિમલ સૂરિરાય, પ્રણમું અહનિસિ તેહના પાય,
તસ પંડિત વર પ્રધાન, લક્ષ્મીભદ્ર નાંમિ સુવિહાંણ. ૮૧૪
સીસ સીરોમણિ પડિતરાય, ઉદયશીલ ગણી પ્રણમું પાય,
ચારિત્રશીલ પડિત તસ સીસ, સપરિવાર વદુ નીસદીસ. ૮૧૫
પ્રમોદશીલ પંડિત ગુરૂરાય, તેસહિ ગુરૂના પ્રણમી પાય;
કરી ચોપાઈ નાંમ વેતાલ, પચવીસેં એ કથા રસાલ. ૮૧૬
સવત સોલ ઉંગણીસા વર્ષ, બીજે શ્રાવણ શાંમલ પખ્ખ;
નુંમ તણા દિન રવિવાર, નક્ષત્ર પુનર્વસુ આવ્યું સાર. ૮૧૭
વડવેં ગાંમિં રહ્યા ચોમાસ, રચિઉ વાસુપુજ્યનિં પાસ;
ચોપેકથા સંબંધ વિનોદ, સાંભલતાં ઉપજે પ્રમોદ. ૮૧૮
દૂહા ગાહા બંધ ચોપાઈ, આઠસિં નિ ત્રેવિસ જે હુઈ;
સાંભલતાં સંકટ સવિ ટલેં, ભણતાં સવિ સુખ આવિ મિલે. ૮૧૯
નવિ ચાલે તસ ભૂત વેતાલ, સાહાસ તણી એ વાત રસાલ;
વિનોદરસ રચિ દેવસીલ, ભણતાં ગુણતાં લહીઈ લીલ. ૮૨૦

હું સવિંમાંહિ મૂરખ ધરી, હઇડિં મત નહિં તેહની ખરી;
અક્ષર આઘું પાછું કહ્યું, હીન અધિક પાયું નવિ લહૂં.   ૮૨૧
કરજોડી પ્રણુમુ કવિરાય, સોધી અક્ષર કહજ્યો ઠાય;
જિહાં લગે તારા રવિચંદ, કથા રહિજ્યો જિહાં તપેં જિણુંદ.   ૮૨૨

—ઇતિ શ્રી વેતાલપચવીસી રાસ સંપૂર્ણ. ૧૮૨૯ વર્ષે ચૈત્ર શુદિ ૨ બુધે સિદ્ધિયોગે પં. શ્રી ૫ શ્રી રાજવિજયગણિ શિષ્ય પં. કૃષ્ણવિજય ગણિ લિપિકૃતં સાંતલપુરે શાંતિનાથપ્રસાદાત્: શ્રે.   —પ્ર. કા.

—ઇતિ શ્રી વિક્રમ મહારાજેંદ્ર ગુણોત્કીર્તન વેતાલપંચવીસા કથાયાં વિવિધવિનોદવાર્ત્તાયાં પંચવિંશતિ કથા સંપૂર્ણાઃ સંવત્ ૧૬૯૧ વર્ષે ફાગુણ શુદ્ધિ બીજ રવૌ શ્રી ૬ પુજ્યજી વરસિંધજી લગ્યુ તસ્ય સીક્ષ્ય પંડિત સરોમણિ ઋ. શ્રી ૫ વર્ધમાનજી તસ્ય શિષ્ય ઋ શ્રી ૫ તુલસીદાસ તસ્ય સીસ્ય મુન કલ્યાણ લિખિતં શુભં ભવતુઃ

—(ચેનસાગરજી ભં. ઉદયપુર)

(સોમવિમલ સૂરિ માટે જુઓ નં. ૧૩૦)

+ સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કર્ત્તા રા જગજીવનદાસ દયાળજી મોદી, સબ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ખાંભા મહાલ, વડોદરા રાજ્ય. સં. ૧૯૭૨ કિંમત દોઢ રૂપીઓ.

---

૧૪૯ આણંદસોમ (ત૦ સોમવિમલસૂરિ શિ૦)

(૨૫૬) + શ્રી સોમવિમલસૂરિ રાસ. સં. ૧૬૧૯ માહ ૧૦, નદુરબારમાં.

આદિ—

સકલ સદાફલ સેવીઇ, શ્રી ગૌતમ ગણધાર;
મણુહ મનોરથ પૂરણુ, લબધિ તણુ ભંડાર.   ૧
સરસતિ સામિણી તુઝ નમું, માગું અવિરલ બુદ્ધિ;
જાસ પસાઇ સંપજઇ, વચન તણી વર સિદ્ધિ.   ૨

સોમગચ્છ ગયણિ ગણિ, સોમવિમલ ગુણધાર;
શ્રી સોમવિમલ સૂરિ તણુ, રચિસુ રાસ વિસ્તાર. ૩
સાર સુગુરૂ ગુણ ગાયતાં, દુઃકૃત દૂરિં જાઈ;
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, નિશ્ચઈ નિય ધરિ થાઈ. ૪
સુરતરૂ સમ સહિગુરૂ સુગુણ, સદાચાર વિચાર;
ભાવિ ભલઇ ભેટઉ ભવિક, જિમ પામું જયકાર. ૫

× × × ×

અંતે—

લોટી ગણુડે પાએ લાગું, ગુરૂ સેવા અહનિસિ માગું;
આણુંદસોમ પ્રણમઇ પાય, કરિ મઝ ગુરૂ સુપસાય. ૧૫૦

રાગ—મલ્હાર. મોરી આખડી ફરૂકઇરે. એ ઢાલ.

યુગ પ્રધાન જાણઈ સહુ, જિનશાસન સુરતાનરે.
ગુરૂ ગુણ ગાતાં સંપદા, સહી વાધઇરે અધિકું વાન. ૧૫૧
મોરા સહિ ગુરૂ વધાવુંરે, સોહાવુંરે તપગછરાય,
નિત પ્રણમુંરે શ્રીગુરૂપાય, જિમ કીજઇરે નિરમલ કાય,
જિમ હુઇરે બહુલુ આય, મોરા સહિ ગુરૂ વધાવુંરે.
ધિન અમરાદે કૂખડી, રૂપરાજ કુલ ધિન્ન રે
ધિન્ન સુગુરૂ જીણઈ દીખીઆ, રૂડા ચુવિહરે સંઘ સુપ્રસન્ન મો૦ ૫૨
સોભાગહરિષ સૂરિ પટિ જયુ, શ્રી હેમવિમલસૂરિ સીસરે.
ચઉવિહ સંઘ ધણિ પરિ ભણઈ, જયુ ગચ્છપતિરે કોડિ વરીસ મો૦ ૫૩
જા ધ્રૂ સાયર ચંદલુ, જાં તપઈ તેજિ દિણિંદરે;
તાં સોમવિમલસૂરિ ચિર જયુ, સુખ સંપદરે દિઇ આણંદ મો૦ ૫૪
આણંદ સોમકલા મિલી, સંવત ઓગણીસઈ માઘ માસિરે,
દસમી ગુરૂવારિ રચિઉ નંદરબારિ રે રાસ ઉલ્હાસિ. મો૦ ૫૫
મનરંગિ જે ભણઇ ગુણઈ, સાંભલઇ રાસ રસાલરે,
નવ નિધિ તસુ ઘરિ અંગણઇ, સખિ ફૂલીફરે અમર રસાલરે. મો૦ ૧૫૬

પ્ર૦ જૈ. ઐ ગૂર્જર કાવ્ય સંચય.

(આનો સાર સોમવિમલ સૂરિ નં. ૧૩૦ની નીચે આપ્યો છે.)

(૨૬૦) સ્થૂલભદ્ર સ્વાધ્યાય. સં. ૧૬૨૨ શ્રાવણ શુદિ ૧૦ વૈરાટમાં.
અંતે—

તપગચ્છિ નિર્મલચંદ, શ્રી સોમવિમલ સૂરિંદ,
તસ સીસ રચિઉ સઝાય, સાંભલતાં (મન) નિર્મલ થાય.
પૃથિવી રસ સંવત એહ, કુચ કર્ણ પ્રમાણિ જેહ,
શ્રાવણ શુદી દશમી દિવસિં, વયરાટિ થુણિઉ મન હરસિ,
જાં તારા ગયણિ દિણંદ, જાં સાયર મેરૂ ગિરિંદ,
તાં પ્રતપું જાવલી સોમ, ઇમ ભણઇ આણંદસોમ.
—વૈરાટ (બૈરાટ) જયપુર રાજ્યમાં આવેલું છે. (૫૩ કડી પ્ર. કા૦)

---

૧૫૦ વેલામુનિ અથવા મનસત્ય [ત૦ વિજયદાન સૂરિ શિ૦)

(૨૬૧) નવતત્ત્વ જોડિ. (ચોપઇ) સં. ૧૬૨૨ પહેલાં.

આદિ— મંગલ કમલાકંદુ એ ઢાલ.

આદિ જિણંદ નમેવિએ, નવતત્ત્વ કહઉં સંખેવિએ,
જીવતણા દસ પ્રાણ એ, પચઇંદ્રી પંચ પ્રાણ એ. ૧

* * * *

અંત—

ઇય નવતત્ત્વ વિચારતાં, અધિકી ઉછી ભાખિરે;
બોલી હુઇ અજાણવઇ, તે ખામઉ સંઘ સાખિરે. ૬૪
તપગચ્છનાયક સિર ગુરૂ. વિજયદાન ગણધારરે.
વેલઉ મુનિ તસુ આણધરી કહઇ સ્વપર ઉપગારરે. ૬૫
૮—૧૧ (વિ. ધ.)

બીજી પ્રતમાં નીચે પ્રમાણે છે તે પરથી રચનાર કવિનું નામ મનસત્ય જણાય છે.

અંતે—

ઇમ નવ તત્ત્વ વિચારતાં અધિકૂં ઉછૂં ભાખ્યૂરે,
બોલ્યૂં હુઈ અણુજાંણુવઈ તે પાંમૂં સંઘ સાખિરે,
તપગચ્છનાયક શ્રી ગુરૂનો શ્રી વિજયદાન ગુણધારરે.
ચેલુ મનસત આણુધરઇ તુ કહસૂં પરઉપગારરે.
—સંવત્ ૧૬૫૮ વરસે આષાઢ વદિ ૨ સોમે. લેખક પાઠક શુભ ભવતુ—મુત્ર ૮ પ્ર૦ કા.

બંને નામના કવિઓ એકજ લાગે છે—(વિજયદાન સૂરિનું સૂરિપદ ૧૫૮૭, સ્વર્ગવાસ સ. ૧૬૨૨. તેથી આ કૃતિ સ. ૧૬૨૨ પહેલાંની છે.

---

૧૫૧ ભીમ ભાવસાર.

(૨૬૨) શ્રેણિક રાસ. સ. ૧૬૨૧ ભા૦ શુ૦ વટપદ્ર (વડોદરા) માં

આદિ— રાગ કેદારો.

ગોતિમનઇ સિર નામીય, મનવંછિત ફલ પામીય;
સ્વામીય સેવકની દયા કરોએ. ૧
સારદાનઈ ચરણે લાગુ, સુદ્ધિ બુદ્ધિ માતા હું માગુ,
ઘો મુઝનઇ વાણી અનોપમ રૂઅડી એ. ૨

ઉલાલઉ.

રૂડી તે વાણી આપો મુઝ માતા, સિદ્ધાંત સૂત્ર વિસ્તાર
લાખ જોયણનૂ જંબુદીપ, ભરતખંડમાંહિ સાર. ૩

* * * +

અંતે—

વટપદ્ર નયર સંવત સોલ એકવીસઇ, ભાદ્રપદ સુદિ શુભ (ત)
કલસ. વારે પ્રારંભ દીસઇ.
કાંઇ એક કવિમતિ, કાંઇ એક સાઅમતિ સાધસંગતિ પામીઈ,
શ્રેણિક રાસ કીઉ અતિ ઉલ્હાસઇ, જિનવાણી સિર નાંમીઇ. ૧

ગણિતમ પાએ, સારદમાએ, ચિત રાખું ચરણે સમુ,
ભાવસાર ભીમ કરજોડી બોલિ, સાધ સહૂને ચરણે નમૂ.
—સંવત ૧૭૦૩ વર્ષે માઘ વદિ ૧૪ ભૌમે લિખિતં [ગુ. વિ.] ૩.
—સંવત ૧૬૭૨ વર્ષે ફાગુણ વદિ ૮ શુક્રે લિ૦ જોસી સવજી શ્રી સ્તંભતીર્થ સ્થાને લ૦ સુરત ભં. ગોરજી રવિહંસજી દીપહંસજી-છાપરીયા શેરી-સુરત પાસેની પ્રતિ.   મ૦ ૭૦

---

૧૫૨ સુમતિકીર્ત્તિસૂરિ (દિ૦સરસ્વતિગચ્છ જ્ઞાનભૂષણસૂરિશિ.)

(૨૬૩) ધર્મપરીક્ષા સં. ૧૬૨૫ માગશર શુદ ૨ હાંસોટ નગરમાં.

આદિ—   ઢાલ રાસની.

ચંદ્રપ્રભ સ્વામી નમીઇ, ભારતી ભુવનાધાર તુ;
મૂલ સંઘ મહીયલિ મહીત, બલાત્કાર ગણ સાર તુ.   ૧
વિદ્યાનંદિ સ્વામી વિબુધ, મલ્લિભૂષણ મુનિરાય તુ,
લક્ષ્મીચંદ ગુરૂ ગુણનિલોએ, પ્રણમીય તેહના પાય તુ.   ૨
વીરચંદ ચર્ચિત ચતુર, ભટ્ટારક ભુવિ ભાણતુ;
જ્ઞાનભૂષણ જ્ઞાનિ ભલોએ, વિદ્યાનુ દીઈ દાન તુ.   ૩
પંચગુરૂના પાય નમીય, રચું રાસ મન રંગિ તુ;
ધરમ તણી પરીક્ષાતણુ એ, શાસ્ત્ર જોઈ નિચંત તુ,   ૪
ભવીયણ ભલી પરિ સાભલોએ, ધરમાધરમ વિચાર તુ.
દોષ મ લેસ્યો કેહતણુંએ, કહિતાં ન લહું પાર તુ.   ૫

*   *   *   *

અંતે—   દૂહા.

મૂલ સંઘ મુનિવર ઘણા હવા, સરસતિ ગછિ શ્રૃંગાર,
કુંદકુંદાચારિજ કુલિ, પદ્મનંદ ભવતાર.   ૧૧
દેવેંદ્રકીરતિ દયા આગલો, તેહ પટોધર ચંગ;
વિદ્યાનંદિ સ્વામી જયો, મલ્લિભૂષણ ઉત્તંગ.   ૧૨

લક્ષ્મીચંદ શ્રી ગુરૂ નમૂં, દીક્ષાદાયક એહ;
વીરચંદ વાંદૂ સદા, સીપાંદાયક તેહ. ૧૩

તેહ પાટિ પટ્ટોધર, જ્ઞાનભૂષણ ગુરૂરાય;
આચારિજ પદ આપીયૂં, તેહનાં પ્રણમૂં પાય. ૧૪

તેહ કુલકમલદિવસપતિ ,પ્રભાચંદ્ર યતિરાય;
ગુરૂ ગછપતિ પ્રતપો ઘણું, મેરૂ મહીધર જાવ. ૧૫

સુમતિકીરતિ સૂરી રચ્યો, ધર્મ્મપરીક્ષા રાસ;
શાસ્ત્ર ઘણો જોઈ કરી, કીધુ બહુ પ્રકાશ. ૧૬

રયણભૂષણ રાય રંજણો, ભંજણો મિથ્યા માગ;
જિનભવનાદિક ઉધરઈ, કરઈ બહુવિધ ત્યાગ. ૧૭

મહૂઆ કુગી શ્રાવક ભલા, ધના આદિ ઉપદેસ;
બહ્ પ્રેરે પ્રારંભીયો, રચીયો નિહા લવલેશ. ૧૮

પંડિત હે પ્રેર્યા ઘણું, વણાયગ નિં વારદાસ;
હાંસોટ નયરિ પરો કર્યો, ધર્મ્મપરીક્ષા રાસ. ૧૯

સંવત **સોલ પચવીસ નિં**, માર્ગસિર શુદિ બીજવાર;
રાસ રૂડો રુલીયામણો, પૂર્ણ હવો છિ સાર. ૨૦

ભવીયણ ભાવિ ભાવિજયો, કીધો એહ પ્રતિબોધ;
ડાહ્યા હોઈ તે ટાલિજ્યો, જિહાં હોઈ શાસ્ત્રવિરોધ. ૨૩ (?)

પઢઈ ગુણિ જે સાંભલિ, લખઈ લખાવઈ જેહ;
(મુગતિ મુગતિ ને વર લહઈ, સુર નર સેવઈ તેહ.
રૂડો ને રલીયામણો, રાસ રચ્યો છિ એહ.
છઠો અધિકાર પૂરો હવો, ધર્મ્મપરીક્ષા ગેહ. ૧૩ (?)

—ઈતિશ્રી ધર્મ્મપરીક્ષા પષ્ઠોઽધિકારઃ સંપૂર્ણ સમાપ્તઃ

પૃ. ૮૩ પ. ૧૬ આ. ક.; ખં. ૧: પા. ૩

---

૧૫૩ જિનચંદ્રસૂરિ + (ખ. જિનમાણિક્ય સૂરિ શિ૦ ને પટ્ટધર)

(૨૬૪) દ્રૌપદી. જેસ૦

(૨૬૫) બાર ભાવના અધિકાર. જેસ૦

(૨૬૬) શિયલવતી. જેસ૦

+ જિનબિંબ સ્થાપન સ્ત૦ ૨૪૪. સ. મા. બી.

(૨૬૭) શાંબ પ્રદ્યુમ્ન ચોપઈ. સં. ૧૬૨૦ આસપાસ.

(૨૬૮) બારવ્રતનો રાસ. સં. ૧૬૩૩ ફા. વ. ૫.

આદિ— (નિગ્રંથી સાધુની ઢાલ)

પાસ જિણેસર પય નમીજી, નામઉં સહગુરૂ સીસ;
દેસવિરતિ હું આદરૂંજી, મનમાહિ ધરિય જગીસ. ૧

+ વડલી ગામવાસી રીહડ ગોત્રીય શાહ શ્રીમંત પિતા અને સિરિયાદેવી માતાથી સં. ૧૫૯૪ માં જન્મ થયો. દીક્ષા. સં. ૧૬૦૪ મા લીધી. સં. ૧૬૧૨ ના ભાદવા શુદિ ૯ ને દિને જેસલમેરમાં ત્યાંના રાજા માલદેવે કરેલા ઉત્સવ પૂર્વક આચાર્યપદ મળ્યું, ત્યાર પછી કર્મચંદ્ર મંત્રીના આગ્રહથી વીકાનેરમાં જઈ ક્રિયોદ્ધાર કર્યો ને ત્યાંથી અમદાવાદ શત્રુંજય જઈ ઉક્ત કર્મચંદ્રના આમંત્રણથી દીલ્હીમાં અકબર બાદશાહને પ્રતિબોધી તેમની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસો અમારી—જીવવધનિષેધનો હુકમ બહાર પડાવી ફરમાન લીધુ હતું અને તે ફરમાન બાદશાહે પોતાના અગિયાર પ્રાંતોમાં મોકલી આપ્યું હતું. (આ ફરમાન પત્ર હિંદી સરસ્વતી માસિકના ઈ. સ. ૧૯૧૨ ના જૂનના અંકમાં પ્રસિદ્ધ થયું છે.) વળી બાદશાહે તેમને 'યુગપ્રધાન' એ બિરૂદ આપ્યું હતું. આ મહાપ્રભાવક આચાર્ય થયા છે અને જૈનોન્નતિ માટે અથાગ પરિશ્રમ સેવી અનેક મહાન્ કાર્યો કર્યા છે. સં. ૧૬૭૦ ના આસો વદિ ૨ ને દિને બેનાતટમાં સ્વર્ગસ્થ થયા.

સુવિનાણી પ્રાણી શ્રાવક વ્રતિ ચિત લાય,
મુનિમારગ અતિ દોહિલઉજી, એ સુખિ સિદ્ધિ ઉપાય.
—સુવિ૦—એ આંકણી.
તિહ પહિલઉ સમકિત ખરઉજી, જિમ મંદિર થિર થંભ,
સમકિત સુરસુખ પામિયઇજી, સમકિત સિદ્ધિ સુલંભ સુવિ૦ ૨

* * * *

અંતે—
સંવત **સોલહ સય તેતીસઈ**, ફાગુણ વદિ પચમિ ઉલ્હાસઇ,
ખરતર ગછિ ગરયઉ ગુણ રાજઈ, શ્રી **જિણચંદસૂરિ** ગુરુપાસિ. ૯૨
શ્રાવિકા ગેલીએ વ્રત લીધા, કીધા નરભવ સફલા આજ;
પાસ પસાયઇ એ વિધિ કરતાં, પામિસિ સિવનગરીના રાજ. ૯૩
બારહવ્રત સૂધા પાલેવા, એમ કરઇ પરિગહ પરિમાણ;
લીલ વિલાસ સદા સુખ પામઇ, વાધઇ દિન દિન કલા વિનાણ. ૯૪
—ઇતિ શ્રી ઇચ્છાપરિણામટિપ્પનકે સવત્ ૧૬૩૩ વર્ષે ફાગુણ વદિ પંચમી દિને શ્રીમચ્છ્રી ખરતરગચ્છાધિરાજ શ્રી જિનમાણિક્યસૂરિ પટ્ટાલંકાર શ્રી જિનચદ્રસૂરિ રાજ્ઞાનાં સ્વહસ્તેન ગેલી સુશ્રાવિકયા ગૃહીતં.
(કુલ ૯૩ ટુક છે. આમોદના યતિ ચંદ્રવિજય પાસે પ્રત છે.)

---

૧૫૪ રત્નસુંદર. (પૌ૦ ગુણમેરૂ સૂરિ શિ૦)

(૨૬૯) પંચોપાખ્યાન ચતુષ્પદિ. ૧૬૨૨ સાણંદમાં.

* * * *

આદિ—
સુગુરૂચરણનું લહી પસાય, પૂનિમપક્ષપ્રવર ગુરૂરાય;
ગિરૂઆ શ્રી **ગુણમેરૂ સૂરીશ**, વચનસાર તસ બોલે શીસ. ૧૫

દૂહા.

વચનસાર અતિ સરસ, દિઓ જનરંજન દેવ;
વિઘનરહિત વિદ્યા વિભવ, આપિ સદા મુજ ખેવ. ૧૬

સિદ્ધ વેદ આગમ નિગમ, વ્યાકરણ સ્મૃતિ પુરાણ;
તર્ક છંદ લક્ષણ ભરહ, જ્યોતિષ વૈદ્ય કુરાણ. ૧૭
કામ કોકે રતિ રહસ્ય વિધિ, સ્વપ્ન શંકુન લખ કોડિ;
નીતિ બુદ્ધિ શ્રુત બલ વિના, નવિ કોઇ જાણે ખોડી. ૧૮
શ્રુતસાયરતટ પામવા. નીતિ બુદ્ધિ હોઇ નાવ,
ધર્મ કર્મનુ પામીએ, જો હોઇ બુદ્ધિ પ્રભાવ. ૧૯
વિષ્ણુશર્મા વાડવ ભલો, શ્રીગોડ નાતિ સુજાણ;
સરસ કથા રસ વીનવે, નામે પંચાખ્યાન. ૨૦
નહિ વિદ્યા બુદ્ધિ તેટલી, તો કવિશ્યું શ્યો વાદ;
કાંઇ જે અક્ષર લહું, તે ગુરૂચરણપ્રસાદ. ૨૧

ચોપઈ.

પંચતંત્ર અછે જેહમાંહિં, નામે **પંચાખ્યાન** કહેવાઇ,
જાણ અજાણ જિમ પ્રીછે બાલ, **બોલિશ ચોપઈમાંહિ** રસાલ ૨૧

આમાં પહેલો અધિકાર પૂરો થાય છે તે અને તે અધિકારમાં કર્તાનું નામ નથી મળતું કારણ કે આના જેવું લખ્યું હોય છે કેઃ—

પંચાખ્યાન પ્રથમ અધિકાર, મિત્ર ભેદ બોલ્યો વિસ્તાર,
પક્ષ પુનિમ શ્રી **ગુણમેરૂસૂરિ, સુગુરૂ સીસ બોલે રસપૂરિ.** ૫૨
કુમર રહ્યા મનમાં રણઝણી, વચન વિષ્ણુશર્માના સુણી;
પ્રથમ કહ્યો મિત્રભેદ વિચાર, ભણી સુણી લહીએ જયકાર.

—ઇતિ શ્રી પંચાખ્યાન રાજનીતિબુદ્ધિશાસ્ત્રે મિત્રભેદ પ્રથમો—
ધિકારઃ સંપૂર્ણમ્.

પરંતુ બીજામાં કહ્યું છે કે

મિત્રપ્રાપ્તિ બીજો અધિકાર, વિષ્ણુશર્મા કહે સુણો કુમાર,
પુનિમ ગચ્છ શ્રી **ગુણમેરૂ** સૂરિ, **રત્નસુંદર** બોલે રસપૂરિ.

—ઇતિ શ્રી પંચાખ્યાને રાજનીતિ બુદ્ધિશાસ્ત્રે મિત્રપ્રાપ્તિ દ્વિતીયો-
ધિકારઃ—

૩ જા અધિકારની અંતે પણ ૧ લા પ્રમાણે છે.

૪ થામાં.

પક્ષ પૂનિમ શ્રી ગુણમેરૂસૂરિ, સુંદર સીસ બોલે રસપૂરિ,

૫ મો અધૂરો આમાં છે.

પૃ. ૬૨ (ખંડિત પ્રશસ્તિ નથી મો. સે. લા.)

પૃ. ૭૮ અમ૦; વિ. ધ.

(ડા. હર્ટલે પંચતંત્ર સંબંધી ઘણી જબરી શોધખોળ કરી છે; તે પરનાં સર્વ પુસ્તકો દરેક ભાષામાંના જોઇ જઈ સિદ્ધ કર્યું છે કે પંચતંત્રના મૂળ ઉત્પાદક જૈન છે. આ ચોપઈ પણ તેમણે જોઈ છે.)

(૨૭૦) શુકબહોતરી. ૧૬૩૮ આશો શુદ ૫ સોમ. ખંભાતમાં.

આદિ—

ગાથા.

સયલ સુરાસુર માયા, મંગલ કલ્યાણ સુજસ જય નિલય,
વરવિજ્જાધણુદાયા, સા શારદ પઢમ પણુમામિ. ૧

છપ્પય.

આદિ રિસહજિણનાહ, અજિય સંભવ અભિનંદણ,
સુમઇ પઉમ પ્પહદેવ, સુપાસ ચંદપ્પહ વંદણ.

* * * *

અંતે—

(સરસ્વતી સ્તુતિ મોટી છે. પછી ગુરૂ સ્તુતિ.)

વસ્તુ— સયલ મંગલ સયલ મંગલ, કરણ જિનરાય,
ચઉવીસે પણમી કરી, ધરિય ચિત્ત સરસત્તિ સામિણિ.
ગુરૂ ગોયમ ગણહર નમી, રિદ્ધિ બુદ્ધિ સુવિશુદ્ધ કરણિ,
સરસ ઝમક પદબંધસ્યું, કથસું કથા રસાલ
બહુત્તરિ બુધ્ધે આગલી, સુણયો બાલગોપાલ. ૩૩

દુહા— આગે કવિ કહેતાં રહે અધિવિચિ કાંઇ ઉંણ,
ધરિ છેહડે ઓછું અધિક, તે કરસ્યું પરિપુન. ૩૪

ચોપઇ— **સોલસેં અઠત્રીસો** સાર, આસો શુદિ પંચમિ શશિવાર,
પૂનિમપક્ષ ગચ્છપતિ ગણધાર, શ્રી ગુણમેરૂસૂરિ ગુરૂસાર. ૩૫
તાસ સીસ પ્રણમી ગુરૂ પાય, કથા પંડિત દેખી સજિ થાય,
કથા તણો કીજે ઉદ્ધાર, દોષ મ દેસો કોઇ લિગાર. ૩૬
કરૂં કવિત પૂરૂં મનકોડિ, યુગતિ સગતિસ્યૂં બાંધી જોડિ,
સરસ વચન સૂડાનાં સાર, કવિ મુખ કહતડું જયો જયકાર.

* * * *

અંતે—

સારદ ગુરૂ પસાઈ કરી, ગુરૂ ગચ્છપતિ પાએ અણુસરી,
શ્રી ગુણમેરૂ સૂરિવર સીસ, રત્નસુંદર સૂરિ કહે જગીસ. ૧૬
ગુજ્જરદેશ ત્રંબાવનિ ઠામ, થંભણુપાસ તીરથ અભિરામ,
સાંનિધિ શ્રી જિન શાસણિ કરી, એ કહી કથા શુકબહોતરી. ૧૭
છપ્પય ગાહા દૂહા ચોપઈ, વસ્તુ અડયલ પદ બંધેં થઇ,
સંખ્યા સર્વ સુણેયો સહી, શત ચૌવીસ ઉપરિ એકહી. ૧૮
(પંચત્રીસ માજનઈ)

પ્રસિદ્ધ નાંમ એ શુકબહુત્તરી, બીજે નામ એ રસમંજરી,
મુજ શિરિ બુદ્ધિમતી નહી તેહસી, રચું કવીશ્વરની પરિ જિસી. ૧૯
જાં ધ્રુ તારી શશિહર સૂર, જ્યાં મહિમેરૂ જલનિધિ પૂર,
ભણો ભણાવો નિર્મલબુદ્ધિ, જિમ લહો મન વચ કાયજ સુદ્ધિ. ૨૦
મંગલ પહિલો જિન ચૌવીસ બીજો મંગલ ગોયમસીસ,
ત્રીજો મંગલ ગુરૂ અભિધાન, ચોથો જિનશાસન પરધાન. ૨૧

—ઇતિ શ્રી રસમંજરી કથા શુકબહુત્તરી ચોપઇબદ્ધ–લિ. સં. ૧૮૪૦ માર્ગ૦ શુ. ૭ રવિ. શ્રી દ્રાફા મધ્યે. રાજકોટ. યતિ. **અ. ડે.**

—પાનાં ૧૧૦ સં. ૧૭૫૦ વર્ષે વૈશાખ માસે શુક્લ પક્ષે ચતુર્દશ્યાં તિથૌ શનિવાસરે શ્રી જસનગર મધ્યે લિખિતં ગણિ ગિનાંનવિજય ॥ ઉદેપુર યતિ ચેતનસાગરજીનો ભંડાર.

(પૂર્ણિમાગચ્છના ગુણમેરૂ સૂરિ તે સૌભાગ્યરત્નસૂરિના પટ્ટધર હતા. તેમના પ્રતિમાલેખ સ. ૧૫૮૮ અને ૧૫૯૧ ના મળે છે-જુઓ લેખાંક ૧૦૭૦ ભાગ પહેલો અને ૨૯૨ ભાગ બીજો ધા. સં.)

---

૧૫૫ હીરકલશ (ખ૦ દેવતિલક ઉ.-હર્ષપ્રભ શિ.)

(૨૭૧) સમ્યકત્વ કૌમુદીરાસ. ૧૬૨૪ માહ સુ. ૧૫ બુધ. સવાલખ દેશમાં.

* * * *

અંતે—

(ઢાલ ધમારી ચઉપઈરી છેહિલી.)

શાસન નામક **વીરજિણેસર,** પૂજો જઇ નિતુ ચંદણુ કેસરિ,
તસ પટિ **સોહમ** વંસિ,
ગુણ વરણુઉં બહૂં કંઈ ન જાણુઉં, શાખા વયર કુમરની જાણું,
ખરતર ગછિ પ્રશંસિ. ૮૭
શ્રી જિણમાણિકસૂરિ ગુરૂપાટ, નામ જપતાં હુઇ ગહગાટ,
શ્રી જિણચંદ સૂરિંદ,
જસુનામિઈ સવિ વાદી ભાજઇ, કેસરિની પરિ ગુહિર ગાજઇ,
રાજઇ મુણિવરવૃંદ. ૮૮
શ્રી **સાગરચંદ્ર** સૂરિ આચારિજ, જીએ કીયા મોટા જગિ કારિજ,
જિણિ ઊથાપિ કુશીલ,
થાપિઉં શીલવંત ગછનાયક, એ છઇ મહીમતિ મોટાં વાયક,
પાઇ નમઇ જસુ લીલ. ૮૯
મહિમરાજ વાચક તસુ સીસ, પાટિ તાસુ વલિ વાણારીસ,
દયાસાગર તસુ નામ,
તાસુ સીસ પદવી વાણારી, **ન્યાનમંદિર** ગુરૂ મહાવિચારી,
પુહવી સારી મામ. ૯૦

મહીયલિ તાસ પાટિ વિખાય, ગુરૂ શ્રી દેવતિલક ઉવઝાય,
તાસુ સીસ સુખદાય,
હર્ષપ્રભુ નામઈ મુનિરાય, હીરકલસ તસ સીસ કહાય,
પામી સુગુરૂ પસાય. ૯૧
સંવત સોલહસઈ ચઉવીસ, માહી પૂનિમ બુધ સરીસ,
પુષ્પ નક્ષત્રઈ લેહ,
દેશ **સવાલખ** નયરી જેહ, ધર્મ્મ તણુઉ જિહાં વાધ્યુ નેહ,
તિહાં કીધ ચઉપઇ એહ. ૯૨
ઇતિ શ્રી **સમકિતકૌમદિ** ચરીય, મઈ સખેપઈ એ ઉદ્ધરિય,
વિસ્તરિ ગુરૂમુખિ વાણિ,
ભણઈ ગુણઇ જે સુણઈ અહોનિશિ, ઘરિ બઇઠાં તસુ થાઇ સવિ વસિ,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાંણ. ૬૯૩

—સં. ૧૬૫૨ વર્ષે ભાદ્રવા વદિ ૪ ભોમવારે લિ. વનાસુત પરીખ વીરદાસ સ્વપઠનાર્થં લખાપિતં ગ્રથાગ્રં ૧૦૫૦ શ્લોકઈ ૩૧-૧૬
(વિ. ધ.)

(૨૭૨) સિંહાસન બત્રીશી. સ. ૧૬૩૬ આસો વદ ૨. સવાલખ દેશમાં મેડતામાં.

આદિ—

આરાહિ શ્રી રિષભપ્રભૂ, જુગલા ધર્મ નિવાર,
કથા કહિસ વિક્રમતણી, જસુ સાકઉ વિસ્તાર. ૧
સાકઉ વરતિઉ દાંનથી, દાન વડૌ સંસાર,
વલિ વિસેષે જિણ સાસણે, બોલ્યા પંચ પ્રકાર. ૨
અભય સુપાત્ર દાંન બિહુ, પ્રાણી મોક્ષ સંયોગ,
અણુકુંપા ઉચિય કીરતિ ઉચિત, એ ત્રિહુ દાંને ભોગ. ૩

યતઃ ગાથા—

અભયં સુપત્તદાંણં અણુકંપા, ઉચિય કીત્તિદાંણેય,
દુન્નિ વિમુખો ભણિઉં, તિન્નિ વિભોગા ઇયં હોઇ. ૫

ભેદ અનંત જિનાગમેં, શ્રાવક કરણિમાંહિ,
તે સવિ વિક્રમ સાચવ્યા, પ્રગટયા પૂન્ય પસાય. ૬
પૂરવે શ્રી સિદ્ધસેન ગુરૂ, વિક્રમ ગુણ સંબંધ,
કીધી સિંઘાસણકથા, બત્રીસે પરબંધ. ૬
સિંઘાસણરી પૂતલી, વિક્રમનૃપ ગુણચૂર
ધારાધિપ આગલ કહ્યા, બેઠી સભા પડૂર. ૭
હીરકલસ મુનિ તસુ ચરિય, લે આગમ અનુસાર,
સરસતિ ગુરૂ સુપસાઉલે, કીય ચઉપઇ ઉદાર. ૮
પુરષારથ ચઉ પરગડો, માલવદેશ મુઝાર,
ધાર નયરી શ્રી ભોજનૃપ, પ્રજાલોક સુખકાર. ૯
ન્યાતિ ચઉરાસી તિહાં વસેં, ધન પરચે નિરકંત,
બેસે મહાજન તિહા મલિ, સાઢી બારહ પંતિ. ૧૦

શ્રીપુર[૧] ઉસ્યાં[૨] મેડતો[૩] પાલી[૪] પોકરવાલ,
ન્યાતિ[૬] ષાંટ[૭] હરસિઉર[૮] ટીંટૂ[૯] ડીંડૂવલ.[૧૦] ૧૧
વાઘવધેર[૧૧] નરાણિયા[૧૨] પંડેલે પડેલ[૧૩];
સાઢી બારહ ન્યાતિ મલિ જિમે ગોઠો મેલ. ૧૨
શ્રીમાલે એસ નાંમ નગરે પલ્લીપુરે મેડતે,
નગ્ગો રતહહિંડવાંણુ નગરે પટ્ટાણકે પુષ્કરે,
રાજનહર્ષ પુરે નરાંણુ નગરે ડિંડૂકે જાયલે;
પડે પંડલિકેં સ્થીતા દશમિતા સાર્ધ્ધ દ્વયા પંક્તય: ૧૩

* * * *

અંતે—

ઢાલ ઇકવીસાની.

શ્રી ખરતરે ગણહર ગુરૂ ગોયમ સમઉ, નિતિ ઉદીરે જિનચંદ્ર
સૂરિ પયનમો;
તસુ ગચ્છઇરે સંપ્રતિ પાઠક ગુણતિલઉ, વડવાદીરે શ્રી વિજય-
રાજ વસુધાતિલઉ. ૧૪

છંદ.

વસુધાતિલઉ તસ સીસ બોલઇ સંઘનઇ આગ્રહ કરી,
દિસઇ સવાલિષ મે(ડે)હ નયરા સદા જય આણંદ ભરી
સંવત સોલેસે છત્રીસઇ બીજ આસો વદિ કથા,
તિહ કહિય સિંહાસણ બત્રીસી હીરકલસ સુણી યથા. ૧૫
ઇણી ચરિત્તેરે દૂહા ગાહા ચઉપઇ, સહુ અંકેરે બાવીસસઇ;
(એક પ્રત પનરસઇ ૧૫૨૪) બાવીસ (બાવન). થઇ.
કંઇ અધિકઉ ઉછઉ જે બાસિઉ અલી, તે સદ્દગુરૂ પાએ
નમિ પાંમઉ વલી. ૧૬

છંદ.

પાંમઉ વલી હૂં સંઘ સઇ મુખિ માન છોડિય આપણઉ,
જે શાસ્ત્ર સાથઇ હવઇમિલતાઓ, તેહ નિરતઉ થાપણઉ.
એ ચરિત સાંભલિ જેય માંનવ દાંન આપઇ નિજ કરઈ,
તે પુન્ય પસાયઈ સુખી થાયઇ રિદ્ધિ પાંમઈ બહુ પરઈ. ૧૭

—ઇતિ શ્રી કલિયુગપ્રધાન દાનાધિકાર શ્રી વિક્રમરાઇ શ્રી ભોજ-નરેંદ્ર સિંહાસણ બત્રીસી ચઉપઈ સંપૂર્ણ સંવત્ ૧૭૧૬ વર્ષે ભાદ્રપદ માસે સિતેતર પક્ષે દિગ્દિશિ તિથૌ પૃથ્વી...વારે લિખિતં મુનિશ્રી વૈરાગ્ય સમુદ્રેણ. શ્રી આગરા નગરે મુનિશ્રી ક્રિયાસાગરગણિ વાચનાય લિખિત ગ્રંથાગ્ર ૩૩૫૧ માજને. (ગુ. વિ., વિદ્યા.)

—સં. ૧૯૦૧ માહ વ. ૮ લિ. માંડવી મધ્યે જાંની વાસદેવ મુરારજી લિખાવિતં ચિરંજીવી પઠનાર્થં તેનેદં પૂસ્તકં જ્ઞાનવૃદ્ધિકરં. શુભં ભુયાત ૧૧૨–૧૨ ધો.

—ઇતિ દાનાધિકારે શ્રી વિક્રમરાઇ સિહાસણ બત્રીસી પ્રબંધ ચઉપઇ સંપૂર્ણ સંવત ૧૬૯૭ વર્ષે કાતીસુદિ ૧૩ ભુમિ. (મ. બ.)

—ઇતિશ્રી કલિયુગ પ્રધાનાધિકારે શ્રી વિક્રમરાય સિંહાસણ બત્રીસી ચરિત્ર ચોપઇ સંપૂર્ણ છગ સંવત્ ૧૬૭૬ વર્ષે માસે ચૈત્ર વદિ ૧૨ દિને શ્રી અંચલગચ્છે વાચિક પ્રવર વાચિક શિરોમણિ વાચનાચાર્યં વા૦

શ્રીપ રાજકીર્ત્તિ ગણિનાં બાંધવ પંડિત પ્રવર પંડિત શિરોમણિ પંડિત સિરિચક ચૂડામણિ પંડિતોત્તમઃ ॥ પં શ્રી શ્રી ગુણવર્દ્ધન ગણિ શિષ્ય મુનિશ્રી શ્રુત સાગર ગણિ મુનિ દયાકીર્ત્તિ ગણિ મુઃ વિજયકીર્ત્તિ સહિતૈ લખિતં પાલિગ્રામ શુભસ્થાન મધે. (મ. બ.)

—અધૂરી પ્રત ૧૨-૨૦ માં (બત્રીસપુતલીની વાર્ત્તા એ નામ છે.)

—ઇતિ શ્રી કળિજુગ પ્રધાંન દાંનાંધિકારિ શ્રી વિક્રમરાઈ શ્રી ભોજ નરિંદ્ર સીગાસણ બત્રીસી ચરીત્ર ચઉપાઇ સંપૂર્ણં...સં. ૧૭૧૦ વર્ષે શ્રાવણ સુદિ ૪ ચોથિ દિનિ સોમિ ઉત્તરા નક્ષત્રિ યાદ્દસા શ્રી સાહા જોહારાજિ શ્રી સમારથ ગછિઃ ભણસાલી લાધાદાસ ભણસાલી લહૂઆ સુત લિખતં. હીર કીઉ વિક્રમ ચરીત, સહિતિ ત્રીસસતર સિલોક, ભણિ ગુણિ ઇહિરતે પરતિ, તિયા નરવછિત થોક. ૧ સમસ્ત શ્લોકા ૩૩૭૦ (મારી પાસે એકજ ને તે છેલ્લું પાનું છે તે પરથી.)

(૨૭૩) કુમતિવિધ્વંસ ચોપઈ સં. ૧૬૭૭

[આમાં અ-મૂર્ત્તિપૂજક લુંકાને કુમતિ ગણી તેનો નિરાસ કરવા પ્રયત્ન થયો છે.]

* * * *

અંતે—

જિન સાસન જિન પ્રતિમા નમૈ, સિવસાસન હરિ મંદિર રમૈ,
મુસલમાન માનૈં મહિરાબ, પૂછો લુંકા તુમ્હ કુણ જાબ. ૮૩
નવિ જિન નવિ સિવ નવિ તૌરકી, મત માંડ્યો સહુએ મનથકી,
ન ગમૈ આગમ વેદ પુરાણ, ઉતર આપે ગલ પુરાણ. ૮૪
જિનપ્રતિમા પૂજી દ્રૂપદી, તિહાં લુંકાનૈ ઉત્તર સદ,
તિણ તો પૂજી પરણણ ભણી, સુરયાભસુર કરણી ઘણી. ૮૫
જંઘાચારણ જે અણગાર, તિહાં કહૈ લબધ તણો ભંડાર,
ઇમ જે ભાખીજે સૂત્ર ઇહાં, તિહાં તિહાં પાપી કહૈ અછૂત્ર. ૮૬

ખંડયો શક્ર સ્તવન યકાર, ખંડયો પડકમણો આચાર
ખંડયા આગમ અંગ ઉપાંગ, તે નરનો નવિ કીજે સંગ. ૮૭
મુખ બોલે એ સત્ર ઉદ્ધાર, અક્ષર કાના માત મઝારિ,
ઉછઈબ્ભણતાં હોઈ અતિચાર, તે પડિક્રમિયે સુણો વિચાર. ૮૮

....

લુંકે એ ઊખાણો થયો, અક્ષર કાન્હાઈ ષણુ લહ્યો,
માહા આના વા દોપ ન કોઈ, પાખંડિયા ઈમિ પ્રગટયા જોઈ. ૯૦
ઇણુ મતરી સંભલજ્યો વાત, ગુજ્જરદેસ અહમદાવાદ,
લુંકો લેહો તિહાંકિણુ વસૈ, મુનિવર પરત લિખૈ અહ નિસૈ. ૯૧
પુસ્તક લિખી લિયૈ મુહમદી, સુખઇ સમાધઇ વસઈ તિહાં સદી,
એક દિવસ નિસુણો તસુ વાત, લિખતાં પાના છોડયા સાત. ૯૨
મુનિવર પારતિખ દેખી ચુક, લુંકા હાથિ પેહકી ભુખ,
રીસાણો લેહો મનમાંહિ, લુંકા મત માંડયા તિણુ ઠાઇ. ૯૩
સંવત પનરહસઈ અઠોતરઈ, જિનપ્રતિમા પુજા પરહરૈ,
આગમ અરથ અવર પરિહરઇ, ઇણુ પરિ મથ્યામતિ સંગ્રહૈ. ૯૪
લખમસીહ તસ મળિયો સીસ, વક્રમતી નૈ બહુલા રીસ,
બિહુ મિલી નિષેધઇ દાન, વિનય વિવેક આણૈ ધ્યાન. ૯૫
પનહર ચોત્રીસૈં સમૈં, ગુરૂવિણુ વેસ ધરી અનુક્રમઈ,
સધ માંહિ તિણુ કારણુ નહીં, વીતરાગ ઇમ બોલે સહી. ૯૬
પરંપરા નવિ જાણૈ નાથ, જો કિમ લહૈ જિન સાસણુ કામ,
વિણુ પરંપરા ન લાભઇ ધરમ, કહિ અનુજોગ સૂત્રના મર્મ. ૯૭

* * * *

માહોમાહિ મિથ્યાતી કહૈ, જિન ત્રેલા સમકિત કિમ રહઇ,
મોટા ખરતર તપમત વૈર, માહો માહિ ન ભાજૈ વૈર. ૪
એટા લુંકા બહુ મનમતી, બેટી કહે મ્હારૈ પાર્શ્વચંદ જતી,
એક એક સહિસો નવિ મિલે, તિણુ ધર સમકિત કિણુ પર પલૈ. ૫

* * * *

સોલહસૈ સત્તોતર વાસ, કર્ણપુરી નયરી ઉલ્હાસ,
જેઠિ પુનિમ ને બુધવારે, શ્રી સંવેગિ જોગ અવતાર. ૧૦
ખરતર ગછ સુવિહત સિણગાર, શ્રી જિનચંદ્ર સુરિ ગણધાર,
વાદીગંજન સિંધ અપાર, જેહનિ કોઇ તરયો થૈકાર. ૧૧
ગુરૂશ્રી દેવતિલક ઉવઝાય, હરખ પ્રભુ તસુ સીસ કહવાઈ,
તિણુ સહગુરનો આયસ લહી, હીરકલસ એ ચોપઈ કહી. ૧૨

—ઇતિ શ્રી કુમતિવિધ્વંસન ચોપઈ સમાપ્ત સં. ૧૯૫૯ વર્ષે ભાદ્રવા વદિ ૧ દિને પંડિત શ્રી ૫ વૃદ્ધિવિજય ગણિ શિષ્ય મુનિ ઉત્તમવિજય લિખિતં આસોપ નગર મધ્યે, (મ. બ.)—વિધા.

---

૧૫૬ હરખજી ૧૬૩૯ પહેલાં.

(૨૭૪) પુણ્ય પાપ રાસ (પ્રત. ૧૬૩૯)

---

૧૫૭ લાઇઆ ઋષિ શિ. સં. ૧૬૪૦ પહેલાં

(૨૭૫) મહાબળ રાસ. (પ્રત સં ૧૬૪૦)-વિધા.

(હીરવિજય સૂરિના સમયમાં કર્ણઋષિના ચેલા જગમલના ચેલા જગમાલ ઋષિના ચેલા લહુઆ ઋષિ હતા કે જેનો ઉલ્લેખ ' સૂરીશ્વર અને સમ્રાટ ' માં પૃ. ૨૯ મે કરવામાં આવ્યો છે તે અને આ લાઇઆ ઋષિ એક હોવાનો સંપૂર્ણ સંભવ છે. ઉપરોક્ત જગમાલ ઋષિએ સં. ૧૬૩૦ માં પોતાના ગુરૂ પોથી નથી આપતા એવી હીરવિજયસૂરિને બોરસદમાં ફર્યાદ કરી પણ એવી ફર્યાદ યોગ્ય નથી એમ જણાવ્યા છતાં તે ન સમજયો ત્યારે તેને ગચ્છ બહાર કર્યો તેથી જગમાલ પોતાનાં શિષ્ય લહુઆ ઋષિને લઈ પેટલાદ થઈ ત્યાંના હાકેમને ફર્યાદ કરતાં હીરવિજયસૂરિને પકડવા સીપાઇઓ મોકલાયા વગેરે. આ ૧૬૩૦ નો સમય ને કૃતિનો લખ્યા સં. ૧૬૪૦ બંને લગભગ મળે છે.)

અજ્ઞાતકવિ—

અંતે—ધન્ના શાલિભદ્ર રાસ. સં. ૧૬૨૪ આસો સુ. ૭ રવિ

સંવત સોલચઉવીસા સાર, આસો સુદ ૭ આદિતવાર
રંગવી સંઘવીનો સુતજ બોલિં, એહ સરલોક મેરૂનિ તોલિ. ૪૬
—ઉદયપુર ભં.

આ કદાચ ઋષભદાસની કૃતિ હોય.)

---

૧૫૮ હીરવિજયસૂરિ

(૨૭૬)શાંતિનાથ રાસ (૧૬૩૦ આસ.)

(૨૭૭) દ્વાદશ જલ્પ વિચાર પૃ. ૧૧ ગા. ૨૫૦ અમ.

મૃગાવતી-ડે.
પ્રભાતીઉં અજબ જ્યોતિ મેરે જિન કી. ૩૦૦ જૈ. પ્ર,
અંતરીક્ષ પાર્શ્વનાથસ્તવ.

આ મહાપ્રભાવક અકબર બાદશાહ પ્રતિબોધક જૈનાચાર્યનું સવિસ્તર વર્ણન માટે જૂઓ સૂરીશ્વર અને સમ્રાટ્, તેમણે જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પર ટીકા સંસ્કૃતમાં રચી છે. તેમનો જન્મ સં. ૧૫૮૩ માગશર શુદિ ૯ વૃદ્ધશાખીય ઓસવાલ શા કુંરા (કુંવરજી) ને ત્યા ભાર્યા નાથીથી થયો હતો. જન્મ નામ હીરજી; દીક્ષા પાટણમાં વિજયદાનસૂરિ પાસે સં. ૧૫૯૬ કાર્તિક વદિ ૨ સોમે લીધી. સં. ૧૬૦૭ માં નારદપુરી-નાડલાઇમાં પડિતપદ અને ત્યાંજ સ. ૧૬૦૮ માઘ શુદિ ૫ ને દિને વાચક પદ અને સ. ૧૬૧૦ પૌષ શુદિ ૫ ને દિને શીરોહીમાં સૂરિપદ મળ્યું હતું. અકબર બાદશાહને ત્રણ વખત મળ્યા હતા, પહેલી મુલાકાત સં. ૧૬૩૯ જેઠ વદિ ૧૩ ને દિને ફતેહપુર સીકરીમાં લીધી ને બાદશાહે પ્રસન્ન થઈ પુસ્તકોનો ભંડાર ભેટ ધર્યો કે જે આગ્રામાં રાખવામાં આવ્યો. પછીની મુલાકાતથી શ્રાવણ વદિ ૧૦ થી ભાદરવા સુદિ ૬

એમ બાર દિવસ જીવહિંસા બંધ રહે તે માટે બાદશાહે ફરમાનપત્રો કાઢયાં હતાં પછી ધીમે ધીમે બાદશાહને જીવદયા પ્રત્યે વાળી લીધા હતા અને બાદશાહે પોતાના રાજ્યમાં એક વર્ષમાં છ માસ સુધી જીવ-દયા પાળવાના હુકમો બહાર પાડયા હતા. ઘોડા, ગાય, બળદ, ભેંશ અને પાડા વગેરે જીવોનો વધ બિલકુલ બંધ કરાવ્યો હતો. ઘણાં પક્ષીઓને પાંજરાઓમાંથી છુટાં કર્યાં હતાં, ઘણા કેદીઓને મુક્ત કર્યા હતા અને આચાર્યના ઉપદેશના પ્રભાવે જીજીયા વેરો બંધ કર્યો હતો અને શત્રુંજયાદિ તીર્થો કરમુક્ત કર્યાં હતાં. ને આચાર્યને 'જગદ્ગુરૂ' નું બિરૂદ પણ આપ્યું હતું. તેમના સંબંધમાં હીરસૌભાગ્ય મહાકાવ્ય સંસ્કૃતમાં દેવવિમળ ગણીએ રચ્યું તેમાંથી તેમજ કૃપા રસકોશ, જગદ્ગુરૂ કાવ્ય વગેરે પરથી અનેક ઉપયોગી હકીકત મળી આવે છે. તેમણે છેવટે ઉનામાં સં. ૧૬૫૨ ના ભાદરવા સુદિ ૧૧ ના દિવસે સ્વર્ગવાસ કર્યો અને ત્યાં તેમના સ્તૂપ માટે અકબર બાદશાહે વીસ વીઘાં જમીન આપી હતી અને ત્યાં લાડકીબાઇએ સ્તૂપ બનાવી પદ સ્થાપના કરી હતી. હાલ તે મોજૂદ છે.

---

૧૫૯ ચારિત્રસિંહ (મતિભદ્ર શિ.)

(૨૬૮) મુનિમાલિકા—સં. ૧૬૩૬ વિમલનાથ દીક્ષા કલ્યાણક દિને રાણપુરમાં પ્ર૦ રત્નસમુચ્ચય તથા રામવિલાસ પૃ, ૨૯૧-૨૯૫.

આદિ—

રિષભ પ્રમુખ જિન પાયજુગ, પ્રણમું શિવસુખદાય કિ મન ઉલ્હાસ,
પંડરીક શ્રી ગોતમ આદિક, ગણધર ગુરૂ મનકમલવિકાસ. ૧

પ્રહ સમઇ સૂધા સાધુ નમું નિત, ભાવઇ શ્રમણ સુગુણ ભગવંત,
નામ ગ્રહણ કરિ પાપિ પખાલું. પરમાણંદ સુમતિ વિકસંત. ૨

× × × ×

અંતે—

સંવત સોલ છત્રીસ એ, શ્રી વિમલનાથ સુરસાલ,
દિક્ષા કલ્યાણક દિનઈ, ગ્રંથ શ્રી મુનિમાલ.　　　　મ૦ ૩૧
રાણપુરઇ રલીઆંમણઉ, શ્રી શીતલ જિનચંદ,
સૂરવિજય રાજ્યે સદા, સંઘ અધિક આણુંદ.　　　　મ૦ ૩૨
શ્રી મતિભદ્ર સુગુરૂ તણુઈ, સુપસાયઇ સુષકાર,
ચારિત્રસંઘ વખાણીયઇ, શબ્દ શબ્દ જયકાર.　　　　મ૦ ૩૩
મનોહર શ્રી મુનિમાલિકા, ગુણ ગણ પરમાત્મ પુર,
કંઠ ઠવઈ ઉત્તમ જિકો, પામઈ સુષ ભરપુર.　　　　મ૦ ૩૪
મહા મુનિસર ગાવતાં, સુરતરૂ સફલ સંમણ,
અષ્ટ મહાસિદ્ધિ ઘર ફલઇ સદા કલ્યાણ.
—મહામુનિ નિત નમુંજી. મ૦ ૩૫

—૩-૧૦ (મારી પાસે છે) જેસલ. પ્ર૦ રત્નસમુચ્ચય
(જેસલમેરની ટીપમાં કવિના ગુરૂનું નામ જિનચંદસૂરિ ખોટું આપ્યું છે.)

---

૧૬૦ પુણ્યરત્ન (આં૦ સુમતિસાગરસૂરિ–ગજસાગરસૂરિ.)

(૨૭૯) નેમિરાસ-યાદવરાસ

આદિ—

સારદ પાય પ્રણમી કરી, નેમિતણા ગુણ હીયઈ ધરેવિ,
રાસ ભણું રલીયામણો, ગુણ ગાઇસ ગિરૂઆ સખેવિ.　　　　૧
હું બલિહારી યાદવા.
એક રસઉ રથ પાછો વાલિ, અપરાધ ન મઈ કઉ કીઉ
કાંઇ છોડઇ નવ જોવન બાલ, રાજલ પ્રીઉ પ્રતિ ઇમ કહઈ.　　　　૨
હું બલિહારી યાદવા.

× × × ×

અંતે—

સમુદ્રવિજય તનુ ગુણનિલઉ, સેવ કરઈ જસુ સુરનરવૃંદ,
પુનરતન મુની વિનવઇ, શ્રીસંઘ સપ્રસન શ્રી નેમિજિણંદ. ૬૫
હું બલિહારી યાદવા.

—ઇતિ શ્રી નેમિનાથ રાસ સમાપ્ત સંવત્ ૧૬૩૯ વર્ષે કાતી વદિ ૭ દિને લિખિતં. પત્ર ૪ (ગુ. વિ.)

—મુ૦ શ્રી કીકા લખિતં. સં. ૧૬૭૭ વર્ષે ચૈત્ર શુદિ ૯ શ્રી. સ્તંભતીર્થે. ૪-૧૧ (વિ. ધ.)

—સં. ૧૭૩૬ વર્ષે શુકલપક્ષે લિખિતં શ્રી સર મધ્યે. ૨-૨૦ (મારી પાસે છે.)

(૨૮૦) સનતકુમાર રાસ (ગા. ૨૮૧) સ. ૧૬૩૭ વૈ. વ૦૫
અંતે—

વિધિપક્ષ ગચ્છનઉ રાજા, શ્રી આર્યરક્ષત સૂરિંદરે,
ગુણ અરાણિ તપ ગુણ તિલઉ સોલ કળા જસ્યો વદરે. જયુ૦ ૬૮
તસ પાટિં જયસિંહસૂરિ ધર્મઘોષ સૂરિ તાસ,
મહિંદસીંહ વલી ગુણભર્યઉ, જેણઇ જનના પહુઉચાડા આસ જયુ૦ ૬૯
તિણઈ અનુક્રમિં અવતર્યા શ્રી સુમતિસાગર સૂરિસારરે,
શ્રી ગજસાગર સૂરિ તસ તણઈ, પાટિ જાણુઉ ઉદારરે. જયુ૦ ૭૦
તારા સીસ એ જાણજ્યો, પુન્યરત્ન સૂરિ કહિ રાસરે,
ભણઈ ગણઈ જે સાંભલઈ, તેહની પુહતુવઇ આસરે. જયુ૦ ૭૧
સવત સોલ તે જાણજ્યો સાડત્રીસઉ તે સારરે
વૈશાખ વદિ ભલા પંચમી, રાસ રચ્યઉ રવિવારરે. જયુ૦ ૬૩
રાસ રહજિયો એ જ્યાંવાં લગઈ જ્યાંહાં ચંદ્ર અનઇ વલી સૂર,
આસ તે જનના પૂરજ્યો વિઘન તે જાજ્યઉ દૂરરે. જયુ૦ ૭૩
એ સુણી વાણી પુણ્ય જાણી ભાવ આણી ભાવશિ
તવ નિદ્ધિ સિદ્ધિ સુબુદ્ધિ સારી રિદ્ધિ વૃદ્ધિ તે પામશિ. જયુ૦ ૭૪

પાસ જિનવર અમર સુખકર તરણતારણ તતપરા,
તસ્ય આસ પૂરઇ વિધન ચૂરઈ સર્વસિરવર જિનવરા. જયુ૦ ૭૫
—ઇતિ સનતકુમાર ચક્રવર્તી રાસ સંપૂર્ણ. ૧૪-૧૩ આ. ક. ચં.

---

૧૬૧ ભાવરત્ન.

(૨૮૧) કનક શ્રેષ્ઠીનો રાસ સં. ૧૬૩૨ આસો વદ ૭ રવિ.
રસને ચંદ્ર યુગ્મં ત્રીસે મેલી બહુ સંવત્સરિરે,
આસો વદિ તીજ ચંદ્ર સાતમિરે, શુભયોગિ રવિવાસરિરે.
(પ્ર૦ ૧૬૬૫ ચૈત્ર વદી ૭ લીં; રત્ન., ડે.)

---

૧૬૨ કનકસોમ (ખ૦ અમરમાણિક્યશિ૦) જુઓ સાધુકીર્ત્તિ નં. ૧૪૭.

(૨૮૨) આષાઢભૂતિ સ૦ સં. ૧૬૩૮ વિજયાદશમી ખંભાત (?)
આદિ—
શ્રી જિનવદનનિવાસિની, સમરી સારદ માયારે
આષાઢભૂતિ ગુણ ગાવતાં, સામણિ કરઉ પસાયારે. ૧
ચતુર સનેહી મોહનાં૦
ચતુર સનેહ [illegible] ગણજાંણ સયાણારે;
આષાઢભૂતિ મહા મુણી, દેખત [illegible] ચતુર૦ ૨
× × × ×
અંતે—
ઇણિ પરિ ભાવન ભાવીજઇ, તપ કરી દાન વલિ દીજઇ,
જિન શાસનનઉ સિણગાર, એ મુનિવર થયા ઉદાર. ૫૯
સંવત સોલઈ અઠતીસઈ, દિન વિજય દસમિ સુજગીસઈ,
કહિ કનકસોમ સુવિચાર, સંઘશ્રી સંઘસું સુપકાર. ૬૦

—ચાર ઢાળ=ચોઢાલીઉં. પા. ૩–૧૪ ક. મુ. (મારી પાસે છે.)

—વૃદ્ધ તપાગચ્છે ભટ્ટારક શ્રી ભુવનકીર્ત્તિ સૂરિ તત્પટ્ટે ભટ્ટારક શ્રી રત્નકીર્ત્તિસૂરિ શિષ્ય સુમતિવિજયેન સં. ૧૭૨૨ વર્ષે શાકે ૧૫૮૭ દ્વિ૦ શ્રાવણ કૃષ્ણપક્ષે સપ્તમી દિને રાજનગરે લિખિતં. પા. ૬–૧૧ ગુ. વિ. ખં ૧, અમ૦

(૨૮૩) આર્દ્રકુમાર ચોપઈ સં. ૧૬૪૪ શ્રાવણ પહેલો અમરરસમા-

આદિ—

સકલ જૈનગુરૂ પ્રણમું પાયા, વાગદેવ મુઝ કરજુ પસાયા,
ગાઇસુ **આદ્ર**કુમર રિષિ રાયા, જિણિ મુનિ પાલી પ્રવચન માયા. ૧

સકલ સુહાવા હોઇ વધાવા, **આદ્ર**કુમર મુનિકે ગુણગાવા,
મગધદેશ ત્રિભુવન વિખ્યાતા, પુરવ સત સેઠ રચ્યઉ વિધાતા ..
વસઇ સામાઇક નામ કુટુંબી, સરલ ચિત્ત માયા ન વિટંબી. ૨

* * * *

સત્રઇ **સૂયગડગ**ઇ એ ભણ્યઉ, સબ સબંધ રસાલ,
તિણિ અણુસારઇ પરિસિ ગાઇયઉ, જીવદયાપ્રતિપાલ. ધન૦ ૪૭

સંવત સોલ ચમાલા શ્રાવણ પુરઈ, નયરિ **અમરસરિ** સાર;
કનકસોમ આણંદ ભગતિભરઇ, ભણતાં સબ સુખકાર. ધન૦ ૪૮

—૩–૧૫ મારી પાસે છે. જૂની પ્રત.

(૨૮૪) મંગલકલશ ચઉપઈ સં ૦ .. ..ર શુ. મુલતાણમાં

ફાગ ઢાળ.

આદિ—

સાસણદેવીય સામિણીએ, મુઝ સાનિધિ કીજઇ,
પુણ્યતણા ફલ ગાઇયએ, સુણતાં મન રીઝઈ,
મંગલકલસ તણો પ્રબંધ. કરૈવા મુઝરાગ,
શાંતિનાથ જિનચરિતથી, ઉધરિસ્યું ફાગ.

* * * *

અંતે—

સંવત સોલહ્ઇ ઉપરિ ગુણ પંચાસ, એ કીધો મંગલકલશ
ચરિત્રવિલાસ૦ ૧૩÷

(દૂહા).

અધિકઉં ઉણઉ જે કહ્યઉ, મિચ્છા દુક્કડ તાસ.
મુંલતાણ માહિ એ રચ્યઉ, મગસિર શુદિ ઉલ્હાસ. ૧૪૦
શ્રી જિનચંદ્ર સૂરીંદ ગુરૂ વર્ત્તમાન ગણધાર,
સુવિહિત મુનિચૂડામણિ યુગપ્રધાન અવતાર. ૧૪૧
ખરતરગચ્છ સુહાગકર અમરમાણિક ગુરૂ સીસ,
કનકસોમ વાચક કહઇ મંગલચરિત્ત જગીસ. ૧૪૨

—પંડિત સમયકીર્ત્તિ ગણિનાઅર્થેણ, શ્રી મેદિની તટે,
ચેનસાગર યતિભ. ઉદયપુર.

—લિખિતં વીકાનેર નયરે પા. ૧૭-૧૩ ક. મુ. (મારી પાસે.)

---

૧૬૩ મંગલમાણેક (આગમ-બિડાલંબગચ્છ મુનિરત્ન-સૂરિ-આણંદરત્ન-જ્ઞાનરત્ન-ઉદયસાગર-ભાનુભટ્ટ શિ૦)

(મુનિરત્નસૂરિના પટ્ટધર આણુંદરત્નના પ્રતિમા લેખ સં. ૧૫૭૫, લેખાંક ૪૨૧ ભાગ પહેલો અને સ. ૧૫૭૬ લેખાંક ૧૯૫ ભાગ બીજો ધા. સં. માં મળી આવે છે.)

(૨૮૫) વિક્રમરાજ અને ખાપર ચોરનો રાસ—સં. ૧૬૩૮
મહા સુદ ૭ રવિ. ઉજ્જયિનીમાં

અંતે—

વિક્રમ સિંહાસન છઇ બત્રીસ, કથા વૈતાલીણી પંચવીસ,
પંચદંડ છત્રની કથા, વિક્રમચરિત્ર લીલાવઇ કથા. ૨૯
પ્રવેસપરકાયની વાત, સીલમતી ખાપરની ખ્યાતિ,
વિક્રમપ્રબંધ અછઇ જે ઘણા, કહઇતા પાર નહી ગુણા. ૩૦

ઈત્તિ ઉમાહુ અંગિસું ધરી, ગુરૂ કવિ સંત ચરણુ અણુસરી,
ગદ્યકથા રાસ ઉદ્ધાર, રચિઉ પ્રબંદ્ધ વીરરસ સાર. ૩૧
વિડાલવગછ આગમ્મ. આણુંદરત્ન સૂરિ અનુપમ્મ,
તાસ સીષ્ય મંગલમાણિક્ય, વાચકઈ કરિઉ કથા આધિક્ય. ૩૨
સવત સોલ આઠની ત્રીસ માઘ શુદિ સાતમિ રવિ દીસ,
અશ્લેષા શુભયોગિ રહી, ઊજેણીઈં કથા એ કહી. ૩૩
....

—સં. ૧૭૧ () વર્ષે માહા વદિ ૧૩ દિને વાર શુક્રે મહોપાધ્યાય શ્રી ૫ શ્રી વિજયરાજ ગણિ શિષ્ય ગ. શ્રી અમરવિજય લપિતં દમાણિ ગ્રામે. (મ બ.)

(૨૮૬) અંબડ કથાનક ચોપાઈ ૫૨ શ્રો—૧૬૩૮ જેઠ શુ.૫ ગુરૂ-પૂર્ણ કર્યો ૧૬૩૯ કા. શુ. ૧૩ ઉજેણિમાં-નિઝામના રાજ્યમાં.

આદિ—

વસ્તુ.

સદા સંપદ સદા સંપદ રૂપ ઓંકાર,
પરમેષ્ટી પંચઈ સહિત, દેવત્રણિ સારદા સેવિત;
માહાજ્ઞાન આનંદમય બ્રહ્મ બીજ યોગીંદ્ર વંદિત,
ભુયણુ ત્રણિ ગુણુ ત્રણિમય, વિદ્યા ચૌદ નિવાસ;
હું પ્રણમૂં પરમાતમા, સર્વ સિધિ સુખવાસ. ૧

દુહા.

પરમ ઘોતિ પરમેશ જે, શ્રી ગુરૂ સારદ માય,
આદિ કવીશ્વર સંતજન, નિત વંદૂં તસ પાય. ૨

* * * *

અજ્ઞાનિઈં ભવિ ભૂલા જેહ, કથી શાસ્ત્ર પંથિ આણ્યા તેહ,
તે કવિ સાધુ તણા ઉપદેશ, સહી કથા કરૂં લવલેશ. ૧૨
મિત્ર લાડજી દરીયાગુણી, કરી પ્રાર્થના તેણુઈ ઘણી,
મુનિ લાડણુના આદર વતી, અંબડ કથા કહું રસવતી. ૧૩

વામન પરઈં મંદ હૂં મૂલ, ઉંચા ફૂલ લેવા અનુકૂલ,
વીરકથા કહિવા રસ થાય, તે ગુરૂ **ભાનુભટ્ટ** મહિમાય. ૧૪

વિડાલંબીયા આગમ પક્ષ, શ્રી **મુનિરત્નસૂરીશ્વર** દક્ષ,
અષ્ટવિદ્યાની બિરદ જેહનું, **અંબડ** ચરિત રચિઉં તેહનું. ૧૫

ગદ્ય પદ્ય બંધી તે કથા, તાસ સીસ સહૂ સમઝઈં યથા,
મંગલરૂપ રસિક પાવની, કહઇ વિશેષિઈં જનરંજની. ૧૬

અંબડવાત જેણિ નવિ સુણી, તે કિમ નામ ધરાવઈં ગુણી,
નવરસરૂપ સુણઈં જન એહ, અન્ય કથા આદરઈં ન તેહ. ૧૭

સંવત **સોલ અઠતીસઈં** સાર, જેઠ શુદિ પંચમિ ગુરૂવાર,
આંડિઉં રાસ મૂલ સિધિયોગિ, રચી ઊજેણિ પુરી સંયોગિ. ૧૮

અંબડ વિદ્યાધરની કથા, સરસ વિનોદ બુધિમય યથા,
આદર કરી ભણઈં જે નિત્ત, સુણતાં સાહસીક હુઈં ચિત્ત. ૧૯

ધર્મ્મઈં લષિમી દીરઘ આય, ધર્મિઈં વિદ્યા નિર્મ્મલ કાય,
ધર્મઈ યશ પરમારથ સિધિ, ધર્મ્મઈ અખંડ પામિઉ રિધિ. ૨૦

તે ક્ષિત્રી કુણ થાનકિ હૂઉં, કિહાં ગયું સુખી કિમ થયું,
કરિઉ કિસ્યું કાજ કિહાં રહી, મૂલ કથા જોઇઈં તે કહી. ૨૧

વસ્તુ

વીર**અંબડ** વીર**અંબડ** હૂઉ વિખ્યાત,
વારઈં શ્રી જિન વીરનઈં, પ્રથમ વઇ તે હૂઉં નિર્દ્ધન.
ધનકારણિ તે સેવિવા, ગયુ પાસિ ગોરષ યોગિનિ,
માનપરઈં તસ હિતકરી, દીધ સત્ત આદેશ,
સાહસ બલિ તેણઈં કીયા, થિઉ બલવંત નરેસ. ૨

× × × ×

અંત—

ભટીયાંન નિઝાંમ પસાય, વિદ્યા ભણી **ભાનુભટ** પાય,
મિત્ર **લાડજી** સુણિવા કાજિ, વાંચી કથા **વિડાલંબી** રાજિ,

કહઈ વાચક મંગલમાણિક્ય, અંબડ કથા રસઈ આધિક્ય,
તે ગુરૂ કૃપાતણો આદેશ, સાતમાંહિ છઠો આદેશ.

*　　*　　*　　*

શ્રી જિનવીર કથા એ કહી, ઉવવાઈ સૂત્રઈ તે ગ્રહી,
એ પરૂપણા સવિ ગણધરે, કરી સદ્દહી શ્રાવકિ વરે. ૧૩
ને અંબડ અનશન ઉચ્ચરી, અંતકાલિ શુભ લેસ્યા ધરી,
પચમ દેવલોકિ ઇમ ગયુ, દેવાંગના સુખભોગી હુઉ. ૧૪

*　　*　　*　　*

તે માટઈ આહાં આવ્યુ આજ, તૂ છઈ ભાગ્યધણી મહારાજ,
મઈ જાણિઉ દીઠઉ ભંડાર, કરૂ વિચારી જે હુઈ સાર. ૨૮
વિક્રમસિંહ સુંણી એ વાત, તુરંબક સહિત લેઈ સહુ સાથ,
ધનગિરિ ગયા યોગિની ઠાહિ, કોપ દેખાડિઉ ધન જે માંહિ. ૨૯
ઊપરિ ધ્યાન કુંડિકા ધરી, જેતલઈ તે લેઇ પાછી કરી,
તત્ર અનાહત શબ્દ નીસરિઉં. તુમ્હ હો જૂઠ પ્રયાસ કાં કરિઉં. ૩૦
ઊજેણીઈ વિક્રમ નૃપ હસઈ, એ ભંડાર તેહ વિલસસઈ,
એહવો ભાગ્યધણી નહીં કોય, બીજો જે ધન વિલસઇ લોઇ. ૩૧
એ સવિ વાત જાણવી સાચ, એહવી હુઈ દેવતા વાચ,
સુંણી વાંણિ પાછો નૃપ જાય, વિક્રમસિંહ આવિઉ નિજ ઠાય. ૩૨
જીવનવૃત્તિ કુરૂ બકનઈ કરી, કીઉ સુખી પ્રેમ મનિ ધરી,
કુર્બલ તૂ બલ રાજા જાણિ, એહવી અછઈ શાસ્ત્રની વાણિ. ૩૩
જે વિજયી ઊજેણીઠાય, હૂઉ સાહસી વિક્રમરાય,
તુઠો જાસ અગ્નિવેતાલ, સોવનપુરસો દીધ વિશાલ. ૩૪
મણિમય સિંહાસન પૂતલી, બત્રીસઈ જડિત તે વલી,
આપિઉ પાટિ બઇસિવા કાજિ, કરી ભેટિ વેતાલઇ રાજિ. ૩૫
ઊપરિ વિક્રમાદિત્ય તે રાય, બઇઠો મસ્તકિ છત્ર ધરાય,
પંચદંડ છત્રનૂં નામ, રિધિ સિદ્ધિદાયક જય ઠાંમ. ૩૬
તેણઇ પૃથિવી ઊરણ કરી, આજ લગઇ રહિઉં તે ચરી,
સંવત્સર આંક તેહતણો, ચાલિઉ સયલ દેશિ છઈ ઘણો. ૩૭

વિક્રમ પછી ભૂમિગત કરિઉં, તે પીઠ ભોજ વારઈં નીસરિઉં,
સિંહાસન બઇસણિ સજ હૂઈ, પૂતલી એ વારિઉ તો રહિઉં. ૩૮
પૂતલી એ વિક્રમરાયના, સુગુણ તણી કીધી વર્ણના,
તથા બત્રીસઈં પૂરી હુઇ, પછઈં પીઠ અદૃશ થિઉં જઈ. ૩૯
એ બત્રીસ પૂતલી ચરિત્ર, જે સિંહાસનિ હતી વિચિત્ર,
આદિ થિકી જાણિવી કથા, વિદુધે કહી પ્રથમ સર્વથા. ૪૦
ઇમિ શ્રી ગોરષ યોગિની તણી, પામી કૃપા અંબડિઇં ઘણી,
હૂઇ સિદ્ધિ ક્ષિત્રી તેણઇં સાત, કર્યાં આદેશ વિશ્વ વિખ્યાત. ૪૧

વસ્તુ.

એહ અંબડ એહ અંબડ, સાત આદેશ,
ફૂલ શત શર્કર વૃક્ષતં, અંધારી યોગી વષાણો,
વિમલ રત્નહાર જસુગુણ, વલી નવલષી માંકડી જાણો,
રવિ ચંદ્ર દીપક સરવ, અરજજ શંકર દંડ,
મુકુટમાહિ પછે વડઉ, એ સવિ કીયા અષંડ. ૪૨

ચોપઇ.

એ ચિત્ર રૂપ આગઈં નવિ હૂઆ, હોસઈં નહીં તે કીયા જૂજૂઆ,
સીધા જેજે વિકટ ઉપાય, તે સવિ સત્ત્વ તણો મહિમાય. ૪૩
સુવિહિત ગચ્છ આગમી... ..., નિડાલબા પાટનઉં ઠામ,
.. અણહિલપુર પાટણિપાસિ, ગુર્જર દેશિ મધ્યનઈં વાસિ. ૪૪
શ્રી મુનિરત્નસૂરિ ગચ્છ ધણી, આનંદરત્નસૂરિ પટિ ગુણી,
જ્ઞાનરત્ન ગુરુગણશૃંગાર, ઉદયસાગર વાચક પરિવારિ. ૪૫
તામ પટ્ટિ મંગલમાણિક્ય, વાચક વિદ્યા રસિ ચાણિક્ય,
પંડિત આગલિ તે મતિમંદ, ભાનુભટ્ટ ગુરૂ વિદ્યાવૃંદ. ૪૬
રચી ચઉપઈ તાસ પ્રસાદ, અંબડકથા તણો અનુવાદ,
લાડજીય સુત દરીયાતણો, કીધો સાંભલિવા ષપ ઘણો. ૪૭
શિષ્ય સાધુ વાંચિવા કાજિ, ભણિવા સજ્જનતણી સમાજિ,
ઉમાહો અંગઈં અતિ ધરી, ગુરૂ કવિ સંત ચરણ અણુસરી. ૪૮

ગદ્યબંધ ચઉપઇનઈ બંધિ, કીધો મિંલી નવે સંબંધિ,
ઉછઉં અધિક કહિઉં મઈ જેહ, શુદ્ધ કરૌ સંત ગુરૂ તેહ. ૪૯
સાત આદેશે અંબડ પર્વ, દૂહા ચોપઈ વસ્તુ થઈ સર્વ,
શ્લોક સહિત સર્વાકઈ સહી, બાવીસ સઈ સવાતે દૂઇ. ૫૦
બિસઈ ચઉરાસી પ્રથમાદેશ, બીજઈ બિસઈ અડસઠિ અસેસ,
બિસઈ નવ્યાસી ત્રીજઈ જાંણિ, ચોથઈ ત્રણિસઈ છત્ર વખાંણિ. ૫૧
ત્રણિ પાંત્રીસ પંચમઈ જોઈ, છઠ્ઠઈ બિસઈ છિયાસી હોય,
ચોસઈ સતાવન સાતમઈ, ચોપઈ સાત આદેશે સવઈ. ૫૨
સંવત સોલ ઉગણચ્યાલીસ, કાર્તિક સિત તેરશિ શશિદીસ,
સિદ્ધિયોગ નક્ષત્ર અશ્વિની, અંબડરાસ ચઉપઇ નીપની. ૫૩
ભણતાં બુદ્ધિ શરીરઇં લોય, બુદ્ધિથિ કઈ સિદ્ધિ સવિ હોય,
સિદ્ધઈ દેવ ધર્મ્મ ગુરૂભક્તિ, ગુરૂભક્તિથી પામીઈ મુક્તિ. ૫૪
નવરસમય અંબડરાયની, શ્રોતા વક્તા જનપાવની,
વીરકથા ભાવઈ જે કહઈ, ચ્યારિ પદારથ સહિજઈ લહઇ. ૫૫
જાં રહઈ અંબર અવની ચંદ, જાં વિદ્રૂતારા ગિરિ ઇંદ,
સાગર શેષ દ્વીપનો વાસ, તાં લગિ રહો એ કથા પ્રકાસ. ૫૬
ઊજેણીઇં રહી ચોમાસિ, કથા રચી એ શાસ્ત્ર વિમાસિ,
વિનોદ બુધિ નિર રચ વાત. પંડિત રસિકમાંહિ વિખ્યાત. ૫૭
ભટ્ટી ખાંન નઇજજામ પસાય, વિદ્યા ભણા [illegible]
મિત્ર લાડજી સુણિવા કાજી, વાંચી કથા ત્રિડાલંબી રાજિ. ૫૮
કહઇ વાચક મંગલમાણિક્ય, અંબડ કથા રસઇં અધિકય;
તે ગુરૂ કૃપા તણો આદેશ, પૂરા સાત હૂઆ આદેશ. ૫૯

—ઇતિ શ્રી મુનિરત્નસૂરિ વિરચિતે શ્રી ગોરખ યોગિની દત્ત સમાદેશ અંબડ કથાનક ચતુષ્પદિકા સંપૂર્ણ.

—ઇતિ શ્રી મુનિરત્નસૂરીસ, ગોરખયોગિની દીધા સીસ, અંબડ કથાનકઇં આદેશ, કીધા સાતઇં કહિયા વિશેષ. સંવત ૧૭૬૪ વર્ષે વૈશાખ શુદિ દ્વિતીયા દિને વાર બુધે, શ્રી સૂરેત બંદિર મધ્યે લિખાપિતા.

પા. ૧૭૬ પં. ૯ આ. કા.

૧૬૪ હીરકુશલ (ત૦ વિમલકુશલ શિ.)

(૨૮૭) કુમારપાલ રાસ. સં. ૧૬૪૦ અકમપુરિમાં.

આદિ— દૂહા.

પયપંકજ જસ પ્રણમતાં, પામીજિ સુરરિદ્ધિ,
ત્રિશલાનંદન દુખ હરઈ, નામં મંત્રિ બહુ સિદ્ધિ. ૧
ગજગતિ સરસતિ સમરતાં, લહીઈ વચન રસાલ,
કવિ કોટિ સેવા કરિ, નિમીલયાત મરાલ, ૨
નિજ ગુરૂના હૃદયે ધરી, વિમલકુશલ સુપવિત્ર,
હીર કુશલ કહે કવિ જિ સુણીઉ, કુમારપાલ ચરિત્ર. ૩
ત્રિહું ભુવનિ જિશ તેહનું, શાં કીધાં તેણિ કામ,
કહિતાં કવિજન સાંભલઉ. નામ ઠામ તસુ ગામ. ૪

* * * *

અંતે—

શ્રી સોમસુંદર સૂરિ સીસ વાચકવરૂ, તેણિં કરિઉં કુમરનૃપનઉં ચરિત્ર,
તેહ ઊપરિ રચિઉં સંવત સોલોત્તરઈ વર્ષ ચ્યાલીસ અક્રમપુરિ
પવિત્ર. ૧૬ આ.

પ્રવર તપગછપતિ હીરવિજય ગુરૂ, જયવિજય તનુ વિજયસેન સૂરી,
જણે સોહમ્મ જંબુ સ્વામિગણધરા સેવતાં સપત્તિ સકલ પૂરી. ૧૭
સુરવધૂ નૃપનઈ કરિ ભામણા.
તસ ગચ્છમાંહિ તેજે કરી દીપતુ, જીપતુ કામરિપુ શીલ શુદ્ધિ,
વિમલ યશ કુમર જસ લીધો બિધો વિબુધપદ મંડલી
માંહિ પ્રસિધ્ધો. ૧૮

અકલ સીદ્ધ કમલિ રમઈ ભમર પરિ, વીણિ મકરદ પીઇ મનહ રંગિ,
હીરકુશલ કહિ કુમર નૃપ કંરઝઉં રાસ ભણતાં હુઈ આણંદ અંગિ—
૧૯ સુરવધૂ કુમર.

—સં. ૧૭૦૨ કારતગ સદ ૨ દન સન ઝંઝુવાડા મધે કોઠારી અમંયા લખ ન. ૪૦–૧૩ (ચા.)

૧૬૫ *નયસુંદર (વડતપગચ્છ ધનરત્નસૂરિ-ભાનુમેરૂ ગણિ શિ.)

(૨૮૮) +રૂપચંદ કુંવર રાસ. સં. ૧૬૩૭ માગશર શુદિ ૫ રવિ. વીજાપુરમાં.

આદિ— શ્લોક.

અર્હતસિદ્ધગણેંદ્રોપાધ્યાય સાધૂંશ્ચ શારદાં ।
ગુરૂં પ્રણમ્ય સદ્રૂપચંદ્રરાસં તનોમ્યહં ॥ ૧

શૃંગાર હાસ્ય કરૂણાદ્‌ભૂત વીર ભયાનકાઃ ।
રૌદ્રાબિભત્સ શાંતાશ્ચે દિમૈ નવરસૈર્યુતં ॥ ૨

વસ્તુ છંદ.

આદિ જિણવર આદિ જિણવર અજિત અરિહંત,
સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભ સુપાસ સસિપહ (ચંદ્રપ્રભ),
સુવિધિ શીતળ શ્રેયાંસજિન વાસુપૂજ્ય જગગુરૂ વિમલનહ,
અનંત ધરમ શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત સ્વામિ,
નમિ નેમિ પાસ વીરજિણ, વંદું વાંછિત કામિ. ૧

પછી ૨૦ વિહરમાનજિન, પંચપરમેષ્ઠી, ગણધરો, ચક્રેશ્વરી આદિ દેવીઓનું, ચાર કડીમાં સ્મરણ કરી પછી સરસ્વતીની તથા સુગુરૂની સ્તુતિ ૩૫ કડીમા કરી નીચે પ્રમાણે જણાવે છેઃ—

આગે કવિજન હુઆ અપાર, તે સર્વેને કરી જુહાર,
વિબુધ સંત જાણી ઉપકાર, કૂડું હોય ત્યાં કરજો સાર. ૩૬

---

* આ કવિવરનું ચરિત્ર મેં સવિસ્તર લખ્યું છે તે માટે જુઓ આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૬ ઠું, કે જેની અંદર આ કવિનાજ રાસાઓ (આ રૂપચંદ કુંવર રાસ, નળદમયંતી રાસ અને શત્રુંજય ઉદ્ધાર રાસ પ્રકટ થયા છે.) પ્રસ્તાવનામાં કવિચરિત્ર ઉપરાંત મેં આ રૂપચંદ કુમાર રાસનો સાર પણ આપ્યો છે.

કવિત કવિત કરી સહુકો કહે, કવિત ભાવ તો વિરામ લહે,
સોઈ કવિત જેણે દુશ્મન દહે, પંડિતજન પરખી ગહગહે. ૩૭
શારદ માત વસિ મુજ અંગિ, કરશું કવિતા રૂડે રંગિ,
સુણતાં સરસ સુવેધક બોલ, હર્ષ તણા વધશે કલ્લોલ. ૩૮
ઇષ્ટદેવ પ્રણમી ગુરૂપાય, ગાઈશું રૂપચંદ-ઋષિરાય,
શ્રવણસુધારસ રાસ પવિત્ર, સાંભળજો રૂપચદ ચરિત્ર. ૩૯
શ્રોતા કવિ વાણિ મત ધરો, રખે કોઈ વિચ વિકથા કરો,
અપ્રતિબદ્ધ સભામાંહિ જોય, કવિ ચતુરાઈ નિષ્ફળ હોય. ૪૦
જિમ નારી સોઝે શૃગાર, આગળ વિકળ અંધ ભર્ત્તાર,
તે ભણી તુમે ચતુર છો સહુ, જાણ પ્રતેં શુ કહિયે બહુ. ૪૧
નિદ્રા વિકથા છાંડિ દૂર, ઇક ચિત્ત સહુ આણંદપૂર,
રૂપચંદ સુકથા-કલ્લોલ, સાંભળજો સહુ કરી નિરોલ. ૪૨

* * * *

અંતે—

ઇમ જે રૂપચંદ મુનિ પરે, ભોગાદિક વિલસી પરિહરે,
સાધે સોઇ કાજ આપણું, ઇહિ ભવેં પરભવેં સુખ લહે ઘણું. ૧
રૂપચદનો ઇણીપરે રાસ, રચ્યો અગે આણી ઉલ્હાસ,
કવણ શિષ્ય તે કવિતા હોય, કુણ સંવત્સર કીધો સોય. ૨
શ્રી જિનવર શાસન સુવિવેક, હવા અભિનવ ગચ્છ અનેક,
ચંદ્રગચ્છ મૂળગો ઉદાર, સકળ ગચ્છમાં સોહે સાર. ૩
તે શ્રી ચંદ્રગચ્છ શિણગાર, શ્રી ધનેશ્વર સૂરિ ઉદાર.
ચિત્રપુરિ દેશન વિખ્યાત, પ્રતિબોધ્યા દિગપટ સયસાત. ૪
થાપ્યો ચૈત્રગચ્છ ઇતિ નામ, તિહાં ગુરૂ ભુવનચંદ્ર અભિરામ,
સૂરીશ્વર ગિરૂવા ગચ્છપતિ, તાસ શિષ્ય મહા મુનિવર યતિ. ૫
દેવભદ્ર ગુરૂ ગણિ અવતસ, વીરવચનમાનસસર હંસ,
સંવત બાર પંચાસીએ ચંગ, શુદ્ધ ક્રિયા તપ કર્યો અભંગ. ૬

શ્રી ગુરૂ દેવભદ્રગણિરાય, જાવ જીવ આંબિલ નિર્માય,
વિદ્યાપુરિ તપ કરી એકમના, તપાગચ્છ કીધી થાપના. ૭
તાસ શિષ્ય શ્રી ગચ્છાધીશ, પૂજ્ય વિજયચંદ્ર સૂરીશ,
જેહથી વૃદ્ધ તપાગચ્છ નામ, પ્રગટયો પુણ્ય પ્રબળ અભિરામ. ૮
તાસપાટેં ગિરૂઆ ગચ્છપતિ, શ્રી ક્ષેમકીર્ત્તિ સૂરીશ્વર યતિ,
બૃહત્કલ્પ ટીકા અસમાન, કીધી સહસ બેતાલીસ માન. ૯
પરવાદીગજભેદનસિંહ, ગછનાયક ગુરૂ અકળ અબીહ,
તસ અનુક્રમે રત્નાકરસૂરિ, જસ નામે હોય પાતિક દૂરિ. ૧૦
રત્નાકર ગછ એહનું નામ, એ ગુરૂથી પ્રગટયો ઉદ્દામ,
તસ અનુક્રમેં જયતિલક સુરીંદ, તસ પરતખ હુઓ ધરણિંદ. ૧૧
તાસ પટેં જિમ ગોતમ સ્વામિ, શ્રી રત્નસિંહ સૂરિ સુખધામ.
જિણે નિજ વચને વડો પાતશાહ, પય પ્રણમાવ્યો અહમદશાહ. ૧૨
તાસ પાટેં ઉદયાચળ ભાણુ, શ્રી ઉદયવલ્લભ સૂરીશ્વર જાણુ,
તસ પટ્ટાલંકરણ મુણિંદ, જ્ઞાનસાગરસૂરિ જ્ઞાનદિણંદ. ૧૩
પટ્ટ પ્રભાવિક આણંદ પૂરેં, વંદું શ્રી ઉદયસાગરસૂરિ,
તાસ પાટદીપક દિનરાજ, ગુરૂશ્રી લબ્ધિસાગર ગુરૂરાજ. ૧૪
તાસ પાટોદ્યોતક દિનકાર, ગચ્છપતિ ગૌતમ અવતાર,
શ્રી ધનરત્નસૂરિ ગણધાર, જસ નામે નિત નિત જયકાર. ૧૫
તાસ શિષ્ય તસ પાટપ્રધાન, અમરરત્નસૂરિ સુગુણનિધાન,
સતીર્થ શ્રી તેજરત્ન સૂરીશ, સકળસૂરિ વંદું નિશિદીસ. ૧૬
ગચ્છપતિ શ્રી અમરરત્ન સૂરીંદ, તાસ પાટે ગુરૂ તેજમુણિંદ,
દેવરત્ન સૂરીશ્વરરાય, વિજયમાન વંદુ નિત પાય ૧૭
શ્રી ધનરત્ન સૂરીશ્વર શિષ્ય, અંગે ગુણ સોહે નિશિદિશ,
વિજયવંત વંછિત સુખકાર, શાસન સોહ ચડાવણહાર. ૧૮
મુખ્ય વિખ્યાત સદ્‌ગુરૂતણા, માણિક્યરત્ન વિબુધ ગુણ ઘણા,
ગુરૂશ્રી ભાનુમેરૂ બુધરાય, તસ પદપંકજ મધુકર પ્રાય. ૧૯

લઘુ વિનયી નયસુંદર વાણિ, છઠ્ઠો ખંડ ચડયો પરિમાણિ,
મુનિ શંકરલોચન રસમાન, ભેળે ઈંદુ (૧૬૩૭) જો સાવધાન.૨૦
એ સંવત્સર સંખ્યા કહી, માર્ગશીર્ષ મસવાડો સહી. ૨૧
શુદિ પંચમી નિર્મળ રવિવાર, નક્ષત્ર ઉત્તરાષાઢ ઉદાર.
વિજય મુહૂર્ત વૃદ્ધિ યોગ કહ્યો, તવ આ રાસ સંપૂરણ થયો. ૨૨
વીજાપુર નર નયર મઝાર, રચ્યો રાસ શારદ આધાર,
હું મૂરખ માનવી અજાણ, જે બોલ્યો તે માત્ર પ્રમાણ. ૨૩
જે જગ વિબુધ સંત કવિપતિ, કરજોડી તસ કહું વીનતિ,
અસદ્દવચન જે જાણો અહીં, તે તમે સધો કરજો સહી. ૨૪
કેતો ચરિત્ર માંહેલો ચરી, કેતો કહ્યો સ્વબુધ્ધેં કરી,
કેતી વાત સુણી તે કહી, અધિકું ઓછું ખામું સહી. ૨૫
વીતરાગના વચન વિરૂદ્ધ, જે મેં કાંઈ કહ્યું અશુદ્ધ.
જિનવર સંઘ સાખેં જાણજો, તે મુજ મિથ્યા દુષ્કૃત હજો. ૨૬
પ્રથમ (શૃંગાર) રસ થાપિયો, છેડો શાંતરસે વ્યાપિયો,
બોલ્યા ચાર પદારથ કામ, 'શત્રુંજયઉધારરસ' રાસ સુનામ. ૨૭
એ ભણતાં ગણતાં સુખસિદ્ધિ, એ સુણતાં વાધે વરબુદ્ધિ,
એ સુણતાં જાએ મતિમંદ, એ સુણતાં ઉપજે આણંદ. ૨૮
એ સુણતાં સવિ આરતિ ટળે, એ સુણતાં મનવંછિત મિળે.
આવે હર્ષતણા કલ્લોલ, એ સુણતાં મંગળ રંગરોળ. ૨૯
એકમના આણી ઉલ્હાસ, નયસુંદર જાણી એ રાસ,
જે નરનારી ભણે સાંભળે, તે ઘર નિશ્ચે અફળાં ફળે. ૩૦

(૨૮૯) શત્રુંજય (સિધ્ધાચલ) ઉધ્ધાર રાસ. સં. ૧૬૩૮ આશો શુદિ ૧૩, અમદાવાદમાં.

આદિ— વસ્તુ છંદ.

વિમલગિરિવર વિમલગિરિવર, મંડણો જિનરાય,
શ્રી રિસહેસર પાય નમિ, ધરિય ધ્યાન શારદા દેવિય;
શ્રી સિદ્ધાચલ ગાયશુંએ, હીયે ભાવ નિર્મલ ધરેવિય,

શ્રી શત્રુંજગિરિ તીરથ વડો, સિદ્ધ અનંતી કોડી,
જિહાં મુનિવર મુકતેં ગયા, તે વંદૂં બે કરજોડી." ૧

* * * *

અંતે—

સોલ અડત્રીશે આશો માસે, શુદિ તેરસ કુજવાર,
અહમ્મદાવાદ નયરમાંહે, મેં ગાયોરે શત્રુંજય ઉદ્ધારકે—ભેટયો. ૧૨૧
વડ તપ ગચ્છ ગુરૂ ગચ્છપતિ, શ્રી ધનરત્ન સુરિંદ,
તસ શિષ્ય તસ પટ જયકર, ગુરૂ ગછપતિરે અમરરત્ન સુરિંદકે—
ભેટયો. ૧૨૨
વિજયમાન તસ પટધરરે, શ્રી દેવરત્ન સુરીશ,
શ્રી ધનરત્ન સુરીશ તણારે, શિષ્ય પંડિતરે ભાનુમેરૂ ગણીશકે—
ભેટયો. ૧૨૩
તસ પદ કમલ ભમર ભણે, નયસુંદર (દે) આશીષ,
ત્રિભુવનનાયક સેવતાં, હવે પુગીરે શ્રી સંઘ જગીશકે— ભેટયો. ૧૨૪

કલશ.

ઇમ ત્રીજગનાયક મુગતિદાયક, વિમલગીરીમંડણ ધણી,
ઉધાર શેત્રુંજે સાર ગાયો, સુણ્યો જિન મુગતી ધણી,
ભાનુમેરૂ પંડીત સીસ, દોઇ કરજોડી કહે,
નયસુંદર પ્રભુ પાય સેવા, દેહી દરીશણ જયકરૂં. ૧૨૫

—લિ. લખમિચંદ સિધ્ધપૂર નગરે-સં. ૧૮૫૫ વઇશાખ વદ ૮ મંગલવાસરે. ૪-૧૭ પ્ર૦ શા. ભીમશીમાણેક તેમજ આ. કા. મહો. મો. ૬ ડું.

(૨૯૦) પ્રભાવતી રાસ. સં. ૧૬૪૦ આશો સુદ ૫ બુધ વિદ્યાપુરી (વીજાપુર)માં.

આદિ— પ્રથમ ઢાલ. વેલિનો-આસાઉરી દૂહા.
પ્રથમ નાથ દાતા પ્રથમ, જગગુરૂ પ્રથમ જુગાદિ,
પ્રથમ જિણુંદ પ્રથમ નમુ, જેણે કરી પુણ્યાદિ.

* * * *

અંતે—

પટ્ સિત્તિરી વિદ્યાપુરીને, મઈ રહીયા ચુંમાસિ,
શ્રી સંઘને આગ્રહે ઉલ્લહી, જિન વીર વંદી ઉલાસી. ૩૨૫
સોલ ચ્યાલિશિ વરષિ હરષે આસો પંચમી ઉજલી,
બુધવાર અનુરાધા નક્ષત્રે પ્રીતિયોગે મનિરલી. ૨૬
લઘુવૃત્તિ ઉત્તરાધ્યયનની વર ચૌદ સહસ્રીમાંહિ,
અધ્યયન જોઈ અઢારમું આખ્યાન રચ્યું ઉચ્છાંહિ. ૨૭
આખ્યાન એહ પ્રભાવતીનું નૃપ ઉદ્દાયી ચરિત્ર,
પદમાદ પરહો પરિહરી, સાંભલો પુણ્ય પવિત્ર. ૨૮
શ્રી વીરશાસન વર વિભાસન ચંદ્રગચ્છ વિશાલ,
ગુરૂ ભુવનચંદ્ર વિનેય ગણીવર દેવભદ્ર દયાલ. ૨૯
સંયમ ક્રિયા શુદ્ધ ઉદ્ધરી જેણે કરિઓ તપ ઉદ્દામ,
સંવત બાર પંચાશીઈ થાપ્યું તપાગછ નામ. ૩૦
જુગપ્રવર એ ત્રણિઈ સીસ તેહનાં સૂરિ શ્રી જગચંદ્ર,
દેવેન્દ્રસૂરિ સુદક્ષ ગણધર વિજયચંદ્ર સૂરીંદ. ૩૧
બૃહત્ કલ્પ સુવૃત્તિને, અવસાંને એ અધિકાર,
શ્રી વિજયચંદ્ર સૂરીંદથી વૃદ્ધ તપાગચ્છ ઉદાર. ૩૨
મહા પભાવક ગણધર જસ નામે પરમાનંદ,
પાટાનુપટ્ટ અનુક્રમે શ્રી રત્નસિંહ સૂરીંદ. ૩૩
ગુરૂ વલ્લભ જ્ઞાનસાગર ઉદયસાગર સૂરિ,
શ્રી લબ્ધિસાગર ગચ્છપતી પ્રણમતાં પાતિક દૂરિ. ૩૪
તસુ પાટિ મહિમાવંત ગણધર શ્રી ધનરત્ન સુજાંણ,
શીષ અમરરત્ન સૂરીસરૂ, વ્યાકરણ લીહ પ્રમાણ. ૩૫
તેજરત્ન સૂરીવર ગુરૂ, સહોદર તાસ કેરા દોઈ,
શ્રી દેવરત્ન સૂરીસરૂ સહિ ગુરૂ પટ્ટોધર જોઈ. ૩૬
ચારિત્રરયણભંડાર બુધ શ્રી ભાનુમેરૂ ગણીંદ,
ધનરત્ન ગછપતિ તણાં સેવક જયુ જાં રવિચંદ. ૩૭

તસ શિષ્યમાંહિ દક્ષ પંડિત મુખ્ય માણિકરત્ન,
લઘુ ભ્રાત કહેં નયસુંદરો, કરૂં ભવિકધર્મ યત્ન. ૩૮
દોહિલું માણુસ જન્મ પામી, કરો આલસ દૂરિ,
પૂજા કરો જિનરાજની, પ્રહિ ઉદય હુંતિ સૂરિ. ૩૯
અષ્ટ પ્રકારી સતર ભેદી સારિઇ જિનની સેવી,
પાપ સઘલો પરિહરી આરાધિ દેવાધિદેવ. ૪૦
લક્ષ્મી લહી કર વાવરો, મમ થાએ કૃપણુ અજાંણુ,
પામીરે ધન મદ માણુયો, મ કરયો આપ વખાણુ. ૪૧
સત્યવાણી સાર જાણી, વદું મીઠડી ભાષડી,
તપ ભાવ ભગતેં કરો સગતેં, આરાધો વ્રત આપડી. ૪૨
પરનારિ દેષી ગુણુ ઉવેષી, ચપલ મ કરો આંખડી,
અંગી અંગિ સુકતિ કારણિ જ્ઞાન દરશન પાંખડી. ૪૩
ક્રોધ તાપ શમવાને આરોગુ સરસ સમતા સેલડી,
જિન આણુ સાધી કરો વરધી સિદ્ધિવધૂશિઉં ગેલડી. ૪૪
પરમાંગ ત્યારે લહી દુર્લભ પુણ્ય પાવડીએ ચડી,
પરમાદ પાપી વશિ પડિનેં રખે જાઓ લડથડી. ૪૫
નહિ વાર લાગે કાંમ જાગે હુંતા ઋદ્ધિ પીઆરડી,
વરપુણ્ય દેર કજ કરિવા કો વિલંબ કરો ઘડી. ૪૬
સઘપૂજા સાહમી ભગતિ પહિલી ચલાવુ ધર્મ્મવારડી,
ઓઢો સુશ્રાવીચલવિ અંગે દયા દક્ષણુ ઘાટડી. ૪૭
ગુણુ સુણી સાધૂ ઉદાયી કેરાં જાશો કર્મહ કાંથડી,
આખ્યાન સુણી પ્રભાવતીનું સુકૃત સંચો ગાંઠડી. ૪૮
ગુણવંત ઋષિગુણુ ગાયતાં જે પુણ્ય સંતતિ કરે ચડી,
તેણેં વિબુધ નયસુંદર કહે શ્રી સંઘ લહો સંપદ વડી. ૪૯

—ઇતિ સુશ્રાવિકા શ્રી પ્રભાવતી રાણી આખ્યાનં ચરમ રાજઋષિ ઉદાઇ સાધૂ ચરિત સંપૂર્ણં. ચેલા લાલસોમવાંચનાર્થં સં. ૧૬૫૩ વર્ષે

પોસ માસે શુદિ પક્ષે ચતુર્દશી ગુરૌ લષિતં-૧૮-૧૧ લીં (કવિના સમય-માંજ લખાયેલું છે.)

(૨૯૧) સુરસુંદરી રાસ. સં. ૧૬૪૬ જેઠ શુ. ૧૩.

આદિ— (રાગ કેદારો-એકતાલી.)

આદિ ધરમને કરવા એ, ભીમ ભવોદધિ તરવા એ
ભરવા એ સુકૃતભંડાર ભલી પરેંએ,
ભવિયણ ભગત ઉદ્ધરવા એ, કર્મ કઠિન નિરજરવા એ.
વરવા એ શિવસુંદરી સ્વયંવરેં એ. ૧

ત્રૂટક—સ્વયંવરે શિવરામા વરિવા કરવા ઉત્તમ કાજ,
મરૂદેવી માતાની કૂખેં અવતરિયા જિનરાજ,
આષાઢી વદિ ચોથ તણે દિન અજૂઆળું જિણે કીધું,
ગરભ અવતરિ સુપન દેખાડી મહોત માયને દીધું. ૨

પછી ઋષભનાથની સ્તુતિ છે.

* * * *

શ્રી નવકાર મંત્રનો મહિમા આગમેં કહિયો જિણંદે,
કોડિ વરસસું કોડિ જિવ્હાએ નાવે પાર સુરિંદે,
આગે જિણે એક ચિત્ત ધ્યાયો સો પરમાનંદ પાયો,
સુરસુંદરી સતીએ સમર્યો તવ તસ કષ્ટ ગમાયો. ૭

કવણ સતી સા હુઈ સુરસુંદરી કિમ રાખ્યું તિણે શીલ,
શ્રી નવકાર મંત્ર મહિમાયે કિમ સા પામી લીલ,
ચરિત તાસ પવિત્ર પભણેસું વંદી જિણ ચઉવીસ,
શ્રી શ્રુતદેવી કેરે સાનિધિ પૂરો મનહ જગીસ. ૮

સુણજો સુઅણ સરસ શુભ વાણી આણી પ્રેમ અપાર,
કહે કવિજન વિશેષે વારૂ તે સારસતિ આધાર,

* * * *

અંતે—

(ઢાલ ૨૦ મી. રાગ દેશાખ, અથવા ધન્યાશ્રી,
ભાણેજનઇ રાજ દેઈ એ ઢાલની દેશી.)

*　*　*　*

શ્રી વૃદ્ધ તપગછે રાજિયા, ધનરત્નસૂરિ સુચંદ, ૬
તસુ પાટ દીપક દિનકર, શ્રી અમરરત્ન સૂરિંદ,
ગુરૂ સહોદર તસુ તણાએ શ્રી તેજરત્ન ગુણવંત,
ગચ્છપતિ પટોધર પ્રગટશ્રી, દેવરત્નસૂરિ જયવંત. ૭
તસ ગણ વિભૂષણ ગણપતી, ભાનુમેરૂ પંડિત ભાણ,
સૂરીશ શ્રી ધનરત્નકેરા, શિષ્ય સકળ સુજાણ. ૮
તસુ શિષ્ય નયસુંદર કહે, સાંભળો સાજણ સાથ,
અરિહંત દેવ આરાધિયેં, ત્રિહું ભુવન કેરો નાથ. ૯

*　*　*　*

સોળ છિયાળે વરસ વારૂ, જેઠ શુદિ ત્રયોદશી,
તેણે દિવસે ઉત્તમ ઉડુ વિશાખા, સિદ્ધિ યોગે મન હસી. ૨૦
એ ચરિત કીધું સાર લીધું પુણ્યનું પણ જેહ,
સુરસુંદરી ગુણ સાંભળી અનુમોદજો સહુ તેહ. ૨૧
એ સાંભળે સુખ ઊપજે સવિ જાય પાતક દૂરિ,
કરજોડી કવિ નયસુંદરો, એમ ભણે આનંદપૂરિ. ૨૨

—સં. ૧૬૬૩ વર્ષે વૈશાષ વદિ ૧૦ રવૌ લિષિતં શ્રી આગમ ગચ્છે શ્રી સૌભાગ્યસુંદર શિષ્ય શ્રી ધર્મરત્ન સૂરિ શિષ્ય ચેલા સોભરાજ-પઠનાર્થં દેલવાડા મધ્યે. ૨૬–૧૪ લીં., ૨૦–૧૪ અને ૧૧–૧૭ લીં.

—સં. ૧૮૭૦ આસો શુ. ૪ ભોમ લિ. શેઠ જેચંદ ધર્મસી વાંકાનેર વસે છે. ૨૧–૧૪ ઘો૦

—૨૭–૧૩ ભાવ.; પ્ર. કા.; પ્રકાશિત આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩.

(૨૯૨) નલદમયંતી ચરિત્ર. સં. ૧૬૬૫ પોશ શુદ ૮ મંગલવાર.

આદિ—

આતમબુદ્ધિ ધરી મન સાથિંજી, વિશ્વ સંભાલ્યુ ત્રિભુવનનાથિંજી,

પૂરવજનમિ પારેવુ રાખ્યુજી, સો સ્વામી દયાધર્મ ભાખ્યુજી. ૧
ભાખ્યુ દયાધર્મ દુખવિમોચક, સકલજનસુખકાર
સો સોલમ તિત્થેસરૂ, હું નમું વારોવારિ. ૨

ઢાલ ત્રૂટક,

અચિરા ઉયરિં અવતરી, જેણિ કરિઉ હિત એકાંતિ,
જગમાહિ અહિત શમાવીઉં, તેણઈ નામ પામ્યું શાંતિ. ૩

* * * *

ભારતીલબ્ધપ્રસાદ બુદ્ધ, શ્રી હરષ સરિષા જેહ,
કવિતા રે કીરતિ જેહની, નવિ ત્રપતિ પામિ તેહ. ૧૩
માણિક્યસૂરિ મહાયતી, તિણિ કરિઉ નલાયણ ગ્રંથ,
નવરસ પયોધિ વિરોલિવા, કરિ થયુ જો સુરમંથ. ૧૪
સ્વસમય નિ પરસમયનું, એકત્ર જિહાં અધિકાર,
શતસર્ગ જેહના વાંચતાં, ઉલ્લાસ થાઇ અપાર. ૧૫
અનુસરી તેહનિ મુખિં કરી, અહે જોડિસ્યું સંબંધ,
મનરંગ એહવું ઊપનું, બોલસ્યું પુણ્ય પ્રબંધ. ૧૬
કિહાં સતી પુણ્યસિલોક કીરતિ, કિહાં માહરી મતિ;
ઉત્તકીર્ણું મુક્તાફલ વિધિ, ગુંથુતણી પરિ હું ગતિ. ૧૭
કહુ મંદ કિમ કવિયશ લહઇ, કિમ ચઢઈ પર્વત પંગુ,
તુલણાઈ કહુ કિમ તોલીઇ, વરસાલિ સરિસુ કંગુ. ૧૮
નિજ બુદ્ધિ સારૂ બોલતા, હસતા રખે કવિ કોઇ;
પંષીઆ નિજ ભાષા વદઈ, તસ કરઇ વારણુ કોઇ. ૧૯
અનુક્રમિ નલાયન અનુકરી, ભાષસ્યું નલ અધિકાર,
તિહાં સગુરૂ નઇ શ્રુતદેવતા, કવિતણી કરયો સાર. ૨૦

* * * *

અંતે—

સંતી શિરોમણિના ગુણ કહિયા, જેહવા ગુરૂપ્રસાદિં મિં લહિયા,
કહિઉ ધનદસુર પૂર્વચરિત્ર, આયુ પુણ્યશ્લોક પવિત્ર. ૮૪

એ મિં અભિનવ મંગલકાર, ગ્રંથ નલાયન પેષી સાર,
તેમાંહિં જેણી પરિ છિ અધિકાર, ચરિઉ રાસ સો લેઇ અનુસાર. ૮૫
નેમિચરિત્રાદિકમાહઈં વલી, કાંઈ એક ભિન્ન કથા સંભલી,
માહર દોષ રખે કો લહી, પ્રબંધ શત મુષ પંડિત કહિ. ૮૬
પ્રથમ બહુશ્રુત પૂછી કરી, સરસ કથા મન સાથઈં ધરી,
ગ્રંથ નલાયનનિં અનુસરી, લિષીઉં પુણ્યશ્લોકનું ચરી, ૮૭
વીતરાગનાં વચન વિરૂદ્ધ, જિ મતી કલ્પી હુઈ અશુદ્ધ,
તે મિછાદુકડ વલી વલી, પામૂ સાષિ સઇ કેવલી. ૮૮
ચતુર ચમત્કરિવા ચિતમાહિં, એ મઈં ગ્રંથ રચિઉ ઉછાહિ,
ગુણીઅણુ ગુણુ જાણી પરષયો, વાચા વિશુદ્ધ જના હરષયો. ૮૯
સજ્જન દુર્જન છિ જગમાહિં, પરગુણુ દોષ ગ્રહિ સો પ્રાહિ,
સ્વોચિત કર્મ કરેસ્યઇ કોઇ, નહીં મત્સર તસ ઊપરિ કોઇ. ૯૦
જે બહુશ્રુત ગત મત્સરી, તેહનિં કહુંછઉં પ્રણમી કરી,
અશુદ્ધ હુઈ તિહાં કરયો શુદ્ધ, સો મીઠઉં યમ સાકરદૂધ. ૯૧
સંવત સોલ પાંસઠઉ જાંણી, પોષ શુદિ અષ્ટમી વષાંણિ,
તિણિ દિન મંગલ મંગલવાર, ઉડુ ઉત્તમ અશ્વની ઉદાર. ૯૨
કુંજે જયા તિથિવાર સુયોગ, ભૌમાશ્વની અમૃતસિદ્ધિ યોગ,
એકવીસમુ અમૃત ઉપયોગ, સુંદર સાધ્ય દિનઈં ઉયોગ. ૯૩
તેણિ દિનિ ગ્રંથ સંપૂરણુ થયુ, કવણુ ગચ્છ કુણુ ગુરૂ કવિ કહિઉ,
ઋષભાદિક જિનવર ચઉવીસ, પહિલૂં તેહનિ નાંમૂ સીસ. ૯૪
મહાવીર સાસન જયવંત, પ્રથમ શીષ્ય ગૌતમ ગુણવંત,
સ્વામિ સુધર્મા-પચમ સીસ, જંબૂસ્વામિ નમૂં નસિદીસ, ૯૫
પ્રભવ શિજ્જંભવ શ્રુતકેવલી, યશોભદ્ર વંદું મનિ રૂલી,
શ્રી સંભૂતિવિજય ભદ્રબાહુ, થૂલિભદ્ર શ્રુતકેવલી સાહુ. ૯૬
આર્ય મહાગિરિ આર્ય સુહસ્તિ, વઇરસ્વામિની પ્રબલ પ્રશસ્તિ,
વઇરસેન તેહના સીસ ચ્યારિ, ચંદ્ર નાગેંદ્ર નિવૃત્તિ વિચારિ. ૯૭
ચઉથી શાષા વિદ્યાધરી, એમાંહિં ચંદ્ર સબલ વિસ્તરી,

એણી શાષાઈ ધનેશ્વરસૂરિ, ચૈત્રગચ્છ થાપિઉ ગુણભૂરિ. ૯૮
ભુવનચંદ્ર ગુરૂ કરૂં વષાણ, દેવભદ્ર ગુરૂ આગમ જાંણ,
ઠાંમ પ્રમાદ સકલ પરિહરી, જિણિ જગિ શુદ્ધ ક્રિયા ઉદ્ધરી. ૯૯
પ્રથમ સૂરિવર શ્રી જગચંદ, સૂરીશ્વર બીજા દેવેંદ્ર,
વિજયચંદ્ર ગુરૂ ત્રીજા કહૂ, એક એક અધિકા ગુણ લહૂં. ૧૦૦
વિજયચંદ્ર સૂરીશ્વર તણી, વૃધ તપાગચ્છ શાષા ભણી,
ક્ષમાકીર્ત્તિ સદ્ગુરૂ તસ પાટિં, પ્રગ્ટા વયરસ્વામિનિ ધાટિ. ૧
બૃહત્કલ્પ ટીકા જેણિ કરી, સહિસ બિતાલીસ જગિ વિસ્તરી,
હેમકલસ રત્નાકરસૂરિ, પ્રગ્ટાઈ જીતુ સૂરસૂરિ. ૨
મુનિશેષર ધર્મદેવ મુણંદ, અભયસિંહ તપસી સૂરિંદ,
જેહના તપનુ ન લહું પાર, શ્રી જયતિલકસૂરિ ગણધાર. ૩
રત્નસિંહ શ્રી સદ્ગુરૂતણા, અહમદસાહ ગુણ બોલિં ઘણા,
પાતસાહ પ્રતિબોધક સૂરિ, સપ્રભાવ વંદું મદપૂરિ. ૪
ઉદયવલ્લભ જ્ઞાનસાગર નામ, ઉદયસાગર ગુરૂ કરૂં પ્રણામ,
લબધિસાગર ગુરૂ લબ્ધિ નિધાંન, શ્રી ધનરત્ન સૂરીસ પ્રધાન. ૫
શ્રી અમરરત્ન સૂરી પ્રણમું પાય, શ્રી તેજરત્ન સૂરીધરરાય,
જિમ જિમ તે સદ્ગુરૂ સંભરિ, તિમ તિમ હર્ષ હીયડિ વિસ્તરી. ૬
ગછપતિ દેવરત્ન સૂરિતણા, ગુણ સંભારઉં હીયડિ ઘણા,
શ્રી દેવસુંદર સૂરિ આણંદપૂરિ, વિજયમાંન વિજયસુંદરસૂરિ. ૭
શ્રી ધનરત્ન સૂરીશ્વરતણા, સીસ સકલ ગુણ સોહામણા,
શ્રી ભાનુમેરૂ વિબુદ્ધગણિરાજ, વદિ સીઝઇ વંછિત કાજ. ૮
તસ જામેય સીસ દોભાય, માણીક્યરત્ન જ્યેષ્ટ ઉવઝાય,
મહાતપીશ્વર મુનિવરરાય, પરમભાવિ વંદુ તસપાય. ૯
નયસુંદર લઘુ બંધવ તાસ, વાણી થાપિત વચનવિલાસ,
પુણ્યસિલોક સતી અધિકાર, ગાયુ ધનદ પૂર્વ અવતાર. ૧૦
સો સમકિતધર નિજ ગુણ સુણી, મનસ્યું પ્રેમધરી આપણી,
સંઘ વિઘન અપહરયો ગુણી, મનિ કામિત દેયો નિધિ ધણી. ૧૧

રાજઋદ્ધિ રામા ભંડાર, જસ મહિમા જગમાંહિં અપાર,
બાહરિ એહની કીરતિ ભણિ, એ સવિ લહીઇ પુણ્યઇ ધણિ. ૧૨

રાગ ધન્યાસી.

ધણિ પુણ્યઈ લહી નરભવ, વીરવચન આરાધીઈ,
જિ(ન)રાજ કેરૂં લહી દર્શન, ભવ બેહૂ ફલ સાધીઈ. ૧૩
જિનરાજ વાણી ચિત્ત આણી, અશુભ કર્મ ન બાંધીઈ,
મહાસતી પુણ્યશ્લોક ગાઈ પુણ્ય રિદ્ધિ બાંધઈ. ૧૪
ઉવઝાય નયસુંદરવાણી......(પછીનું એક પાનું નથી.

(મોહનલાલજી જ્ઞાનભંડાર સુરત. પૃ. ૮૫ પં. ૧૫)

બીજી પ્રતમાંથી...

ઉવઝાય નયસુંદર સુવાણી, ભવિક પ્રાણિ સંભલઉ,
ઉપગાર મતિ મનિ ધરી રાખુ, દોષથી દૂરિ ટલુ,
શ્રી શાંતિ જિનવર સદા સુખકર પૂજતાં સંપદ મલુ,
એ ચરિત્ર ભાવેં સુણે ગાવેં, તાસ ધરિ સુરતરૂ ફલુ. ૨૬

ચુપઇ.

ગ્રંથ સખ્યા હવઈ બોલુ સુદ્ધ, દૂહા શ્લોક કાવ્ય ગાહા કિદ્ધ,
ભાખ્યા છંદ ષોડ......દે, સહસ્ર તીનસઈ અઠાવ. ૨૭
સતપાંત્રીસ શ્લોક અનમાંન, હર્ષધરી સહુ કરયો ગાંન,
એ સંભલતાં શિવસુખ હોઈ, જ્ઞાનવંત વિચા (રી) જોઈ. ૨૮
ગ્રંથ નલાયનનુ ઉદ્ધાર, નલચરીત્ર નવરસ ભંડાર,
વાચક નયસુંદર સુંદર સુભભાવ, એતલિ એ ષોડસ પ્રસ્તાવ. ૨૯

—ઇતિશ્રી નલાયન ચરીત્ર સંપૂર્ણ–સંવત ૧૬૮૨ વર્ષે ફાગુ વદિ બીજ રવૌ. ઇડર મધ્યે લષિતં શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્ ઇતિશ્રી નલાયનોદ્ધારે નલચરીત્રે રાજ્યલાભ વૈરાગ્ય સંયમ ગ્રહણ સ્વર્ગગમન પ્રશસ્તિ વર્ણનો નામ ષોડસ પ્રસ્તાવ સમાપ્ત. ગ્રંથાગ્રં ૪૫૩૬ પ્ર. કા.; (પ્રસિદ્ધ આનંદકાવ્ય મહોદધિ મૌ. ૬ માં.)

(૨૯૩) શીલશિક્ષા રાસ સં. ૧૬૬૯ ભાદ્રપદ (વિજય વિજયા શેઠની કથાગર્ભિત.)

અંતે—

વડતપા ગચ્છ ધનરત્ન સૂરીસ કિ, પંડિત શ્રી ભાનુમેરૂ ગણિ સીસકિ,
તસ વિનયી નયસુંદરો દોઇ કરજોડી કહઇ ઉવઝાઇકિ
સીલવંતહતણા નિત નમું પાયકિ—૧૫ સીલ.
દેવસુંદરસૂરિ પાટિ પ્રધાન કિ, સૂરિવરિ વિજયસુંદર વિજયમાનકિ,
તાસ આદેસ લહી કરી,
હૃદય થિર રાખિવા રચ્યુ એ રાસકિ, સોલ ઉગણોતિરૂઈ ભાદ્રપદ
માસકિ—૧૬ સીલ.

કલસ.

ઇમી સીલ રચ્યા ગુણ પરિખ્યા સકલ શિખ્યા સંગ્રહી
સિદ્ધાંત વાંણી સાર જાણી આપ પર હિતનઇ કહી,
બુધ ભાનુમેરૂ વિનેય વાચક વદઇ નયસુંદર સદા
મુઝ સુમતિ શુભ ફલ બોધિ નિર્મલ હજ્યો શિવસુખ સંપદા. ૧૭

—જૈ. પ્ર. કા.; ખં. ૧.

---

૧૬૬ ધર્મરત્ન (ખ૦ જિનમાણિક્યસૂરિ–માણિક્યમંદિર–કલ્યાણધીર શિ.)

(૨૯૪) જયવિજય ચોપાઈ સં. ૧૬૪૧ વિજયાદશમી શુક્રવાર. આગરામાં

અંતે—

ખરતર ગચ્છિ ઉદાર, ચોપડા સાખિ શૃંગાર
પાટ ત્રેવીસમઇ રાજઇ, શ્રી જિનમાણિક્યસૂરિ ગાજઇ. ૪૦
સીસ તેહનઉ સુંદર ગુણ ગણિ માણિક્યમંદિર. ૪૧
શ્રી કલ્યાણધીર વાચક, નામઇ નાસએ પાતક

सीस तास वर भावई धरमरतन सूणु गावई. ४२
श्री जिनचंद सूरि गजइ कथा कही सुख काजई
संवत ससिकला मानइ इगिताल सुय प्रधानई ४३
आसुमास ऊदारई विजयदशमी सितवारई
आगरा नयर मझारई सारद तणुई आधारई ४४
(वि. ध.)

१६६क कुशलवर्द्धन (त. हीरविजयसूरि शि०)

सिद्धपुर जिन चैत्यपरिपाटी स्त० सं. १६४१.

अंते—

चंद्र नई रस जाणीई, शुभ मरली, वेद वेलससि जोइ
ते संवत्छर नाम कहुं शुभ मरली, भादव शुदि छठि होई.

कलस.

सीधपुर नयर मझारी किधि चइति परि पाटी भली,
जे भणुई भवियणु कहई कवियणु, तास घरि संपद मिलि,
तपगछमंडन दुरियखंडन श्री हीरविजय सूरीसरु,
कवि कुसलवर्ध्धन सीस पभणुई, सकल संघ मंगलकरु.
इति सीधपुर जिनचैत्य परिपाटी स्तोत्र संपूर्ण.

५७ बंधहेतुगर्भित वीर जिनस्त० वडलीमां.

आदि—

सकल मनोरथपूरणो, वांछित फलदातार,
वीर जिणेसर नायक, जय जय जगदाधार. १

* * * * *

भमवानां कारण भणुं, तुं जाणुई जिनराय,
मूल प्रकृति आठय अवर, अठावन सोभाय. ५
सत्तावन हितिं करी, करम बंध विचारि,
बंधण बांध्यो चोर जिम, भमीउ अपार. ६

કરમવિપાક તણો ભણ્યો, અરથ કહ્યો તઈ જેહ,
ગુરૂમુખઈ મઈં શ્રવણઈં સુણ્યો, સુણજ્યો ભવિઅણ તેહ. ૭

* * * * *

અંતે—

કલસ.

જય વીર જિણવર સયલ સુખકર, નયર વડલી મંડણો
મિ થુણ્યો ભગતિં ભલીય સુગતિં, રોગ સોગ વિહંડણો.
તપગચ્છ નિરમલ ગયણ દિનકર શ્રી વિજયસેન સૂરિસરો,
કવિ કુશલવર્દ્ધન સીસ પભણઈ, નગા ગણિ મંગલ કરો. ૩૧
—સં. ૧૭૧૦ લિ૦ ગંધાર બંદરે સુશ્રાવિકા મૂલિ પઠનાર્થં.
૫-૧૨ આ. ક.

---

૧૬૭ વચ્છરાજ (પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદસૂરિ-રત્નચંદ (ચારિત્ર) શિ૦)

(૨૯૫) સમ્યકત્વ કૌમુદી રાસ. સં. ૧૬૪૨ માઘ શુદિ ૫ ગુરૂ. ત્રંબાવતી (ખંભાત)માં

આદિ— વસ્તુ છંદ.

વીર જિણવર વીર જિણવર સુગુણ ભંડાર
સર્વ સંઘ કલ્યાણકર, જાસુ તિત્થ જયવંત જાગઇ,
મનવંછિત ફલ તે લહઇ, જય જીવ તસુ ચરણિ લાગઇ,
અકલ રૂપ તિહુયણતિલઉ, ત્રિભુવનુ આધાર,
ચઉવીસ જિનપતિ નમું, જિમ લહઉ હર્ષ અપાર. ૧
વડ તપા ગચ્છિ વડ તપા ગચ્છિ શ્રી પાસચંદ સૂરીસર
તસુ પય પ્રણમી હું ચરચઉં, સરસ સાર સંબંધ
શ્રી સમકિત ગુણ કૌમુદી, વિમલકથા પ્રબંધ. ૨

ચઉપઈ.

ગૌતમ ગણધરનઉ લ્યઉ નામ, શ્રી રયણચંદ ગુરૂ કરૂં પ્રણામ,

જાસ પસાંઇ અવિચળ બુધિ, સીઝઇ સઘલી વંછિત સિદ્ધિ. ૩
કહઉં સમકિત કૌમુદી વૃત્તાંત, આણંદિઇ સાંભલિયો સંત,
સમકિત ધરતાં સુણતાં થાઇ, પાવ સવે તે દુરિ પલાઇ. ૪

* * * * *

અંતે— ચુપૈ.

શ્રી મહાવીર સોહમગણધાર, તાસ પરંપર આવ્યા સાર,
વડ તપ ગચ્છ નાયક મુનિચંદ, શ્રી પૂજ્ય પાસચંદ સૂરિ. ૪૫
તાસ પટોધર અધિક જગીસ, શ્રી સમરચંદ સુરીંદ સુણીસ.
તાસ પાટિ પ્રભાવક ભલા, શ્રી રાજચંદસૂરિ ચડતી કલા. ૪૬
શ્રી સમરચંદ સૂરિ સીસ પવિત્ર, વાચક શ્રી રત્નચરિત્ર,
તાસ સીસિ રચી ચુપઈ, ગુરૂપ્રસાદિ પૂરી થઇ. ૪૭
ગુરૂપ્રસાદિ ટલઇ અજ્ઞાંન, ગુરૂપ્રસાદિ જગિ બહુમાંન,
ગુરૂપ્રસાદિ સંકટ દૂરિ, ગુરૂપ્રસાદિ મહિમા ભરપૂર. ૪૮
ગુરૂ દીવઉ ગુરૂ તારણહાર, ગુરૂ છઈ ત્રિભુવનનુ દિનકાર,
વાધઇ ચંદ્ર થીકી જિમ વેલિ, તિમ ગુરૂથી વાંણી રસ કેલિ. ૪૯
ત્રંબાવતી નગરી સુખવાસ, થંભણુ શ્રી નવપલ્લવ પાસ,
તાસ પ્રસાદિ રચી ચુસાલ, શ્રી સમકિતગુણ કથા રસાલ. ૫૦
ગ્રંથિ કહી કથા કેલવી, કહિઉ ઉછઉ અધિકઉ મેલવી,
દૂપણ લાગું તે સંઘ સાખિ, ખમાવઉં ચોખું ચિતિ રાખી. ૫૧
આઘઉ પાછઉ અક્ષર જેહ. મિલતું જોતાં નાવઈ તેહ,
રચિયો ઠાંમિ સોધી કવિ કહૂ, કરજોડી કવિ ભાખઇ બહૂ. ૫૨
નવ નવ રસ ઉત્તમ નવખંડ, સમકિત ગુણ રચીયા અખડ,
ભણઇ ગુણઈ સુણઇ સદ્દહઈ, ઋધિ વૃદ્ધિ સુખ તે નર લહઈ. ૫૩
ચંદ સૂર મેદની આકાસિ, સુરગિરિ ધ્રુ તારઉ સુવિકાસ,
વર્ત્તઇ અવિચલ એહ જિહાં જગઈ, એહ પ્રબંધ જયુ તિહાં લગઇ. ૫૪
સંવત સોલબાઈતાલા તણુઉ, માધ માસ અતિ રલીયામણુઉ,
ઊજલિ પખિ પંચમિ ગુરવારિ, સિધિ યોગ શુભ મહૂર્ત્ત સાર. ૫૫

સમકિતકૌમુદી ગ્રંથ નિહાલિ, એહ ચુપઇ કીધી સુવિશાળ,
એહમાંહિ અણમિલતુ જેય, સોધી સુધઉ કરિયો તેય. ૫૬
કાવ્ય શ્લોક દૂહા ચુપઇ, વસ્તુ છંદ સવિ એકઈ થઈ,
ચૌદસઈ ચુરાસી હોઇ, એહ ચઉપઇની સંખ્યા જોઇ. ૫૭
સમકિન સહિત જિનભાષિત ધર્મ્મ, આચરતાં હુઈ શિવપદ શર્મ,
ઋષિ વછરાજ કહિ આણંદ આણિ, નવખંડ ઊપરિ ચૂલિકા જાંણિ. ૫૮

—ઇતિશ્રી સમ્યકત્વ કૌમુદી ચુપઇ સંપૂર્ણ, સંવત સોલ ચઉરાસી વર્ષે પોષ માસે શુક્લપક્ષે ચઉથ દિને લિખિતં ઋ. કુંવરજી પઠનાર્થં. શુભં ભવતં. (મ. બ.)

(૨૯૬) નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપઈ. સં. ૧૬૪૮ આસો શુ. ૫ રવિ.

આદિ—

આદિ જિણવર આદિ જિણવર વિમલ ગુણુ ગેહ
ત્રિભુવનમંડન જગિ જયઉ, સકલ મંગલ વૃદ્ધિકારક,
લોકાલોકપ્રકાશકર નાણભાણુ જગજીવતારક,
નાભિરાય મરૂદેવિ સુત મનવાંછિત દાતાર,
પરમપુરૂષ એ પ્રણમતાં સુખસંપત્તિ ફલ સાર. ૧
વિમલદેવી તણુ વેલગસુઉ પ્રાગવંશ સિંગાર
સિરિપાસચંદસૂરી ભવિયણ સુહદાયણગો જયઉ. ૨
દૂહા—ગુરૂ મોટા ગુરૂ સાગર, ઉત્તમ મેરૂ સમાણ,
ભવિયકમલ પડિબોહિવા, દિનકર મહીમંડાણ. ૩
નિર્મ્મલ મહિમા અતિઘણુ, પસરઈ કીરતિપૂર;
શ્રી ગુરૂસેવા સાધતાં, દુરિય પણાસિ દૂરિ. ૪
સોમકલા ગુણિ ચંદ્રમા, શ્રી પાસચંદ સૂરિરાય,
ભવજલતારણુ પોતસમ, પ્રણમું તેહના પાય. ૫
નમતાં શ્રી ગુરૂચરણકમલ, હિયડઈ હર્ષ ન માઇ,
શ્રી ગુરૂનામ સુમંત્ર જિમ, સમરતાં સુખ થાઇ. ૬

ગુરૂ આધારઈ પામિયઇ, ન્યાન કલા અભિરામ,
વિનય વિવેક સવિ સંપદા, વંછિત સીઝઇ કામ. ૭

જગિ જે જે વિદ્યા અછિ, તે સવિ સુગુરૂ પ્રમાણિ,
તેલબિંદુ જિમ જલિ મિલ્યઉ, પસરઇ સંસયમાણિ. ૮

જઉ ગુરૂ તૂસી ભાવસ્યઉં, અક્ષર એક દીયંતિ,
વટવૃક્ષના બીજ જિમ, સય સાખઈ પસરંતિ. ૯

માતપિતા બંધવ સગા, જેતઉ હિત ન કરંતિ,
જંગમ તીરથ અતિ ભલા, તેતઉ સુગુરૂ કરંતિ. ૧૦

શ્રી ગુરૂ સંગિઈ રંક જીવ, આરાધી ચારિત્ર,
સંપ્રતિ રાજા પામિયઉ, રાજ વિશાળ પવિત્ર. ૧૧

કરઇ કરૂ એસિ હુ જીવની, ઉપગારી ઉલ્લાસ,
તે ગુરૂ વંદઉં ભાવસ્યઉં, જેહથી ન્યાન પ્રકાસ. ૧૨

બ્રહ્મચર્ય સૂધઉં ધરઇ, સીહ જેમ અબીહ,
સત્તવંત ગુણ નિર્મલા, ધર્મવંત ધુરિ લીહ. ૧૩

મધુકર લીનઉ કમલરસિ, જિમ જલિ લીનઉ મીન,
તિમ શ્રી ગુરૂપદપંકજઇ, મુઝ મન મધુકર લીન. ૧૪

ગુણ ઘણા શ્રી ગુરૂતણા, વદનઇ જિહ્વા એક,
તિણિ એહ જાણુ વાનગી, પંડિત જણ સવિવેક. ૧૫

શ્રી ગુરૂના પ્રસાદથી, અવિચલ અવિઘન વાણિ,
હુજ્યો સાનિધિ મુઝ ભણી, ગ્રંથ કરંતાં જાણિ. ૧૬

ચુપઇ—શ્રી રયણચંદ ગુરૂ પ્રણમી કરી, આણંદ હિયડઈ અધિકઉ ધરી,
પંચાખ્યાન તણી ચુઉપઈ, રચિસ્યું સાવધાન હું થઈ. ૧૭

કવિતા કહિ શ્રોતા સુણિ લહઈ, વિગતા અર્થ વિચારી ગ્રહઇ,
ત્રિણિ રંગ જુ એકઠ મિલઈ, તુ સવિ કારિજ સહજઈ ફલઈ. ૧૮

પંડિત મોટા આગિ હૂઆ, બુદ્ધિપ્રપંચ તેહના જૂજૂઆ,
તે આગલિ મુઝ બાલી બુદ્ધિ, પૂરી ન લહઉં અક્ષર સુદ્ધિ. ૧૯

ઉત્તમ ગ્રંથ ભણી ઊમાહ, આવઈ મનમાંહિ બહુ ઉછાહ,
જેહથી વાધિ બહુલી બુદ્ધિ, લહિયઇ ચિહું પુરૂષારથસિદ્ધિ.　　૨૦
ગ્રંથજ્ઞાન થોડઉ છિ ચિત્તઇ, શાસ્ત્રરાગ પ્રેરઈ મુઝ પ્રનિઈ,
કરઇ કોઇલ જે મધુરઉ નાદ, વિકસિત આંબાતણું પ્રસાદ.　　૨૧
નીતિશાસ્ત્ર સુણઉ દેઇ કાન, જેહથી વાધિ કીરતિમાન,
સંપત્તિ પામઇ કીરતિવંત, મહિયલિ હુવઈ મહિમાવંત.　　૨૨
શ્રુતસાગર ઊતરિવા પારિ, નીતિ બુદ્ધિ દોઈ પ્રવહણ ધારિ,
જુ પ્રજ્ઞા બલચિત્તિઈ હોઇ, ધર્મ કર્મ તે પામઇ દોઇ.　　૨૩
પંચ અધિકાર ઇહાં જાણિવા, આદર કરિ હિયડઈ આણિવા,
જાણુ અજાણુ જિમ સમઝઈ બાલ, ચઉપઈ તિમ કરિસ્યું સુવિશાલ, ૨૪
વિષ્ણુશર્મા બ્રાહ્મણ મતિનિલઉ, શ્રીગોડન્યાતિ વડઉ કુલતિલઉ,
સરસકથા તિણિ કહી કેલવી, પંચાખ્યાન આખ્યા અભિનવી.　　૨૫
કવિયણ કલ્પિત બોલ જે કથા, રાજપ્રજારંજક તે લથા,
જેહથી દુરજન નામઇ સીસ, દિન દિન વાધઈ અધિક જગીસ. ૨૬
તસુ ઉતપતિ ભાષી કુણ દેશ, ગામ ઠામ કહિસ્યઉં સુવિશેષ,
કથા કવિત રસ હિયડઈ ગ્રહી, વાત વિચારી વિગતિઈ લહી.　　૨૭

*　　*　　*

ચઉપઇ નાંમ કથા કલ્લોલ, પચઇ તત્ર રચ્યા અમોલ
ગુરૂપ્રસાદ સુદર સઘનું, તિણિ પ્રારંભ પૂરૂ નીપનું.　　૪૩
વડતપગચ્છ સોહઈ અતિભલા, શ્રી સાધુરતન પડિત નિરમલા,
તાસ સીસ શિરોમણિ રાય, શ્રી પાસચંદ સૂરિ કોમલ કાય.　　૪૪
પોરવાડ વંશઇ સિણગાર, વેલગનાત કુલઈ અવતાર,
વિમલાદે માતા ઉદાર, શ્રી પાસચંદ થયા ગણધાર.　　૪૫
તાસ પાટિ હુઆ મુનિ સુદ્ધ, શ્રી સમરચંદ સૂરિંદ પ્રસિદ્ધ,
પાટપ્રભાવક તેહના સીસ, શ્રી રાજચંદ સૂરિ અધિક જગીસ.　　૪૬
શ્રી સમરચંદસૂરિ શિષ્ય ઉદાર, શ્રી રતનચંદ પડિત તસ વિચાર,
શ્રી ગુરૂનો પામી સુપસાય, ગણિ વચ્છરાજ જિન પ્રણમઇ પાય.　　૪૭

સંવત સોલ અડતાલા તણુઇ, આસૂમાસ અતિ રलीયામણુઈ,
પંચમતિથિ ઉત્તમ રવિવાર, શુભ મુહરત એ કીધી સાર. ૪૮
એહ રચીછઇ બુદ્ધિ પ્રમાણિ, સુકવિ ખોડિ ન દેવિ જાણિ,
અણુમાત્રાનું અણુજુગતુ જેહ, સાંઈ સૂધઉં કરિવઉં તેય. ૪૯
સરજલથી ઉપજે શતપત્ર, ગંધ પવન વિસ્તારઇ તત્ર,
તિમ ઉત્તમ કરઈ ઉપગાર, પરગુણગ્રહણરસિક સવિચાર. ૫૦
દૂહા શ્લોક કાવ્ય નઇ વસ્તુ, આર્યા ચઉપઇ મિલી સમસ્ત,
સર્વ અંક ગણુતાં ચઉપઈ, ચઉત્રીસ સય છનું સવિ થઇ. ૫૧
એમાંહિ બુદ્ધિ પ્રપંચ અનેક, તેહ સુણીનઇ કરઉ વિવેક,
પાપબુદ્ધિ સઘલી પરિહરઉ, ધર્મબુદ્ધિ નિજ હિયડઈ ધરઉ. ૫૨
પાપબુદ્ધિ તે અછિ અનાદિ, તેહનાં ફલ લહી ગ્રંથ પ્રસાદિ,
ઉત્તમ ધર્મબુદ્ધિ અભ્યાસ, કરતાં પામિ શિવપુર વાસ. ૫૩
એહમાહિ અણુમિલતા જે અર્થ, તે છંડઇ જાણી સમર્થ,
મિલતા જુગતા વિગતા સહુ, તે જાણી મનિ ધરિવા બહુ. ૫૪
હરખિઈ ભણિ ભણાવઇ સુણઈ, બુદ્ધિ વિચાર પામિ ગુણ ઘણુઇ,
તિહાં ધરિ સંકટ નાવઇ કદા, અષ્ટમહાસિદ્ધિ લહઈ સંપદા. ૫૫
ઋદ્ધિ વૃદ્ધિ વંછિત કલ્યાણુ, નવનિધિ પામઇ થાઇ જાણુ,
ભણુતાં ગુણુતાં અધિક જગીસ, શ્રી રયણુચંદનુ બોલઈ સીસ. ૫૬
પડિત રતનચારિત્ર વદીત, પસર્યા નિર્મલ બહુ ગુણુ ગીત,
તાસ સીસ વચ્છરાજ વખાણિ, પંચતંત્ર કહિઉ ગુણુજાણુ. ૫૭

—નીતિશાસ્ત્ર પચાખ્યાન વિષ્ણુશર્મા પ્રણીતે કથાકલ્લોલ સંયુક્તમ્ પરીક્ષિતકારિનામા પંચમતંત્ર સંપૂર્ણુ-૧૨૮-૧૫-વિ. ધ.

—સંવત્ ૧૭૬૨ વર્ષે ચૈત્રસુદિ ૧૧ દિને વાર શનૌ લિખિતં સહર પટણા મુકામ લસકરમૈ લિખ્યૌ મયગલ સાગરેણ. પા. ૮૫. વિ. ધ.

(આ કવિએ શ્લોકબદ્ધ શ્રી શાંતિનાથ ચરિત્ર રચેલ છે. જુઓ નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિ. રાજચંદ્રસૂરિના મથાળા નીચે.)

૧૯૮ કલ્યાણદેવ (ખ૦ જિનચંદ્રસૂરિ શિ૦)

(૨૯૭) દેવરાજ વચ્છરાજ ચઉપઈ સં. ૧૬૪૩ વિક્રમપુર (બીકાનેર)માં.

અંતે—

સંવત **સોલત્રયાલી** વરસિઇ, એહ પ્રબંધ કિયઉ મન હરસિઈ,
વિક્રમનયરઇ રિષભજિણેસા. જસુ સમરણ સવિ ટલઇ કિલેસા. ૮૪

—રચના સાધારણ છે—માણેક૦

---

૧૬૯ સકલચંદ્ર ઉપાધ્યાય (ત. હીરવિજયસૂરિ શિ૦)

(૨૯૮) **મૃગાવતી આખ્યાન**-રાસ ૧૬૪૩ પહેલાં.

આદિ—

રાગ ગુડી દેશી દિ દિ દરિસન આપાગું.

સિધારથ નરપતિ કુલિં અષાઢિ સુદિ છઠિ
આયુસુપિનાં દેષાડતુ, તવ તિસલા હુઇ તૂઠિ. ૧

ત્રુટક.

ચૈત્ર શુદિ તેરસિં જાયુ, સૂરી ગાયૂ હરિ નમિઉ,
મગસિર સુદિ દશમિ વીરો, જો જે નોસયશમિ રમ્યો.
વિશાખી સુદિ દશમિ કેવલ, જ્ઞાન ત્રિભોવન યશિ ભમ્યો
કાત્તિકી વદિ અમાવાસ્યાઈ, તસ નમ્યો જિણિ ભવગમ્યો. ૨

× × × ×

અંતે—

ચેડક મહારાયની પુત્રી શાંતિશીલ પવિત્રીજી,
સકલ ચંદ્રમુનિ ભાગઈ સમર મૃગાવની સપવિત્રીજી.
મૃગાવની સુસતી આખ્યાન, શીલ રમોપા કીજેજી,
અની સૂવે નિતુ સુણયો **ભણયો**, હીરવિજિઈ ગુરૂરાજાઇજી.

—ઇતિ મૃગાવતી શીલવતી મહિમાવતી શીલવર્ણન આખ્યાન સમાપ્તમિતિ-શ્રી ૧૬૭૦ વર્ષે શ્રાવણ માસિ કૃષ્ણપક્ષે ત્રયોદશ્યાં શનિવારરે-શ્રી પૂર્ણિમપક્ષે ચતુર્થ શાખાયા શ્રી શ્રી નિથૌ ભટ્ટારક શ્રી શ્રી શ્રી પૂજ્શ્રીહર્ષસાગરસૂરિણા શિષ્ય હરજી લિખિતં. ખેડાવારદ મધ્યે લિખિતં. ૧૩-૧૭. (પ્ર. કા.)

બીજી પ્રતમાં અતે એમ છે કે:—

અંતે—

કલશ—પાપ પરધનસાહિ જોતાં બાંધી ઇમ મન માંકડા,
સકલમુનિ કહઈ પાત્ર દાનઈં, હાથ મ કરિયો સાંકડા.
શ્રી હીરવિજયસૂરિંદ્ર વંદી સુકૃત બાંધુ ગાંઠડા,
મૃગાવની આખ્યાન સુણતાં ભરૂ પુણ્યતણા ઘડા. ૪૨૧

—ઇતિ મૃગાવતી આખ્યાનં સમાપ્ત સ. ૧૬૪૭ વર્ષે શ્રાવણ સુદિ ૧૦ ગુરૌ માલવદેશે તાજપુર નગરે પંડિત શ્રી વીરવિમલ ગણિ ગ૦ દાનવિમલેન. (પૃ. ૧૩ પં. ૧૩ ગુ. વિ)—ગ્રથાગ્ર. ૭૨૫. (પ્ર. કા.)

—સં. ૧૬૪૩ વર્ષે વૈશાખ સુદિ ૮ દિને લ૦ સ્થંભતીર્થે મહિપાલેન. ૨૫-૧૧ લીં. ૧૧-૧૬ લીં.

(૨૯૯) વાસુપૂજ્યજિન પુણ્યપ્રકાશરાસ. (જુદા જુદા રાગમાં છે)

આદિ—

રાગ. ગુડી. હિઈ હિઇ દરીસન આપાગુ-એ ઢાલ.

ઋષભ અજિત સંભવ જિનો, અભિનંદન સુમતીશો,
પદ્મપ્રભ સુપાસો બીહા, ચંદ્રપ્રભ સુવિધીશો. ૧

ત્રાટકં—સુવિધિ શીતલ જિન શ્રેયાંસો, વાસુપૂજ્ય જિણંદરે,
નમો વિમલ અનંત ધર્મો, શાંતિનાથ મુણીદરે.
કુંથુ અરજિન મલ્લિસુવ્રત, નમો શ્રી નમિ નેમરે,
પાસ જિનવર વીર જગગુરૂ, ત્રિવિધ ધુરિ સમરેમિરે. ૨

× × × ×

અંતે— ઢાલ ૬૧ રાગ ધન્યાસી.

શ્રીમદાનંદવિમલેંદુ ગુરૂવંદીઈ, પટિ તસ શ્રી વિજયદાનસૂરો.
તાસપતિ પ્રશોનો કૂપલો વંદીઇ, હીરવિજય ગુરૂ સુગુણિપૂરે શ્રી. ૪૫૩
સકલમુનિ સુપકરો સકલ સંયમધરો દિનકર શ્રી તપાગચ્છ કેરો,
હીરવિજય ગુરૂરાજથી આજ જગિ કોધિ અધિઅકુ ન દીસઇ.
અનેરો શ્રી. ૪૫૪

શ્રી વાસુપૂજ્ય પુણ્ય પ્રકાશો વસુ શ્રવણુ હૃદયાંબુજે ભાવ સૂરો,
સકલમુનિ ચિંતિઉ શ્રીસંઘ સંતિઉ નિર્મલો સુરભિ યમ જગિ
કપૂરો-શ્રી. ૪૫૫
નગર ત્રબાવતી જેણિ બહુ ધનવતી, જયતિ જિહાં થાંભણો પાસનાહો
સતત ધરણેંદ્ર પદ્માવતી પૂજિનો સકલ સિરિસંઘ સુખ વિજય
લાહો શ્રી. ૪૫૬

—૨૫-૧૧ (વિ. ધ.) ખં. રત્ન.—ઉદયપુર ગોડીજીનો ભંડાર.

—સં. ૧૬૯૨ વર્ષે જ્યેષ્ઠ શુદિ પચમ્યાં રવિવારેણ. પંડિતશ્રી કીર્તિવિજયગણિ તત્ શિષ્ય મુનિ અમૃતવિજય પઠનાર્થં શ્રીનવાનગર મંડન શ્રી આદિદેવ સુપસાયે પરોપકારાય શ્રી નવાનગર વાસ્તવ્ય શ્રી શ્રીમાલજ્ઞાતીય વસા વસ્તા સુત રાજધર તત્ લઘુભ્રાતા ઋષભદાસ. શુભં ભવતુ-તપાગચ્છાધિરાજ સકલ ભટ્ટારકભાલ તિલકાયમાન બ્રપામિની સકલ ભટ્ટારક પુરંદરશ્રી વિજયદેવ સૂરીશ્વર પ્રભોઃ તસ્ય ગચ્છે મહોપાધ્યાય શ્રી નયવિજયગણિ તત્ શિષ્ય પંડિત શ્રી કીર્ત્તિવિજય તત્ શિષ્યગણિ લબ્ધિવિજય તત્ શિષ્ય મુનિ હર્ષવિજયમુનિ અમૃત વિજય મુનિ ભીમા વિજય સમસ્તાને વાચનાર્થ ૧૮-૧૭ માં.;—૧૮-૧૪ લીં. ૩૪-૯ મો૦

(૩૦૦) સાધુવંદના (જુદા જુદા રાગમાં છે)

આદિ—

તું જિનવદન કમલની દેવી, તું સરસતિ સુરનરપતિસેવી,
તું કવિજન માતા સુખદેવી, દિઈ મુઝ નિર્મલ પ્રતિભા દેવી. ૧

મિંઇ મુનિવર સુરવેલી કરેવી, તેણિઇ કારણિઈ તું સમરેવી,
તિહાં પૂરવમુનિ સેણિ ગણેવી, તસ ગુણગતિ નિત ભવિક જપેવી. ૨
ત્રિવિધિઇ તસ કરણી તુનુ લેવી, તેણિઈ નિજ પાતક ખાંણિ હણેવી,
તે મુનિવેલી કંઠે કરેવી, તેણિઈ ભવજલનિધિ વલિ તરેવી. ૩

* * * *

અંતે—

સિર આણંદવિમલ ગુરૂપટ્ટે, સિરિ વિજયદાન ગુરૂપટ્ટે,
સિરિ હીરવિજયચંદે, વંદે તં સકલચંદ મુણી. ૧૪૪

—સાધુવંદના મુનિવર સુરવેલિ સમાપ્ત. ગ્રથાગ્રં. ૨૦૦
પા. ૬-૧૩ માં.

(૩૦૧) +સત્તરભેદી પૂજા.

આદિ—

અરિહંત મુખકજવાસિની, ભગવતિ ભારતી દેવિ.
સમરિ પૂજા વિધિ ભણુ, તુ મુખકજ સેવિ. ૧

ગાહા.

ન્હવણ વિલેવણ અંગમિ, ચખુજુઅલં ચ વાસપૂઆએ,
પુપ્ફારોહણ માલા, રોહણં તહ વણ્ણયા રોહણં. ૧
ચુન્નારોહણ જિણપું, ગવાણ (ઝુંયારોહણ) આહરણરોહણં ચેવ,
પુપ્ફગિહ પુપ્ફપગરં, આરત્તી મંગલપઇવો. ૨
દીવો ધૂવુક્ખેવા, નેવજ્જ સુહફલાણ ઢાવણયં,
ગીય નટ્ટં વજ્જં, પૂયાભેયા ઇમે સત્તર. ૩

× × × ×

અંતે— કળશ. ધનાશ્રીરાગેણ ગીયતે.

થુણીયો થુણીયોરે પ્રભુ તું સુરપતિ જેમ થુણિયો,
તીન ભુવન મનમોહન લોચન, પરમહર્ષ તમ જણિયોરે. પ્રભુ. ૧
એકશત આઠ કવિત નિત્ય અનુપમ, ગુણમણિ ગુંથી ગુણિયો,
ભવિક જીવ તુમ થય થુઈ કરતાં, દુરિત મિથ્યામતિ ખણિયોરે.
પ્રભુ. ૨

શ્રી તપગચ્છ અંબરિ દિનકર સરિખો, વિજયદાન ગુરૂ મુણિયો,
જિનગુરૂ સંઘ ભગતિ કરી પસરી, કુમતિ તિમિર સબ હણિયોરે.
પ્રભુ. ૩
ઇણીપરિ સત્તર ભેદ પૂજાવિધિ, શ્રાવકકું જિન ભણિયો,
સકલ મુનીસર કાઉસગ્ગ ધ્યાને, ચિંતવિ સબફલ ચુણિયોરે. પ્રભુ. ૪
—પ્ર૦ કા. વડોદરા. —પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ.

(૩૦૨) +એકવીસ પ્રકારી પૂજા.

આદિ— દોહા.

પ્રણમું પ્રથમ જિણંદને, ભગવતિ કર સુપસાય,
પૂજા એકવીસ દ્રવ્યશું, ભાવમગલ ઉપાય. ૧
ન્હવણ વસ્ત્ર ચંદન કરી, કુસુમ વાસ પૂનાર,
માલા અષ્ટમંગલ ભણી, દીપ ધૂપાક્ષત ધાર. ૨
ધર્મધ્વજ ચામર સહી, છત્રે મુકુટ વિશેષ,
દર્પણ દર્શન દાખવે, નૈવેદ્ય ફલ સુઅહેશ. ૩
ગીત નટ્ટ વાજિંત્રશું, જન પૂજે જિન ઇંદ,
કાઉસગ્ગધ્યાને જેણે કરી, પુજા સકલ મુનિચંદ. ૪

* * * *

અંતે— કળશ.

થુણિયો થુણિયોરે, પ્રભુ ચિત્ત અંતરમેં થુણીયો,
ત્રણ્ય ભુવનમાં નહીં તુજ તોલે, તે મેં મનમાં ધરિયોરે. પ્રભુ. ૧
એકશત પંચ કવિત કરી અનુપમ, તુજ ગુણ ગુંથી ગુણીયો,
ભવિક જીવ તુજ પૂજા કરતાં, દુરિત તાવ સવિ ટળિયોરે. પ્રભુ. ૨
એણીવિધ એકવીશ પૂજા કરતાં, શિવ સુખ ફળ સહુ મળિયો,
સકલ મુનીશ્વર કાઉસગ્ગધ્યાને, ચિદાનંદશું ભળિયોરે. પ્રભુ. ૩
શ્રી તપગચ્છે દિનકર શોભે, વિજયદાન ગુરૂ ગુણિઓ,
શ્રી હીરવિજય પ્રભુ ધ્યાને ધ્યાતાં, હેમહીરો જેમ જડિયોરે. પ્રભુ. ૪
—પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ.

(303) +बार भावना सझाय.

१ ली ढाल—विमलकुल कमलना हंस तुं जीवडा.
२ जी ढाल—भावना मालती चूशीये,

अनित्य १ ली भावना—मूंझमां मझमा मोहमां जीव तुं,
२ अशरण भावना—को नवि शरण को नवि शरणुं.
३ संसार भावना—सर्व संसारना भावतुं,
४ एकत्व ,, —ए तुंहि आपकूं तुंहि ध्यायोजी,
५ अन्यत्व ,, —चेतना जागि सहचारिणी,
६ अशुचि ,, —मंस मल मूत्र रुधिरे भर्यो,
७ आश्रव ,, —जग शुभाशुभ जेणे कर्मतति वेलिजे,
८ तपो ,, —तापे मीण गले जिम माखण,
९ धर्म ,, —धर्मथी जीवने जय होये,

—रत्न. जेस.

प्र० श्लोकासंग्रह भो. मा; सझाय पदसंग्रह पृ. १५४ थी १२८ पृ. (२०).

(304) वीरवर्द्धमान जिनवेली. जन्मादि अभिषेक कल्याणक पांच वर्णनरूपी स्त०

आदि— आशाउरी राग.

नंदनकुं तिसला हुलरावई, पूतई मोल्या ईहारे,
तुझ गुण लाडेकडाना गावनि, सुरनरनारिना वृंदारे,
नंदनकुं त्रिसला हुलरावई. १

* * * *

ढाल ३—हमचीनी.

अमरी सरस्सी पूरवी कुमरी, टोलेई देति भमरी,
प्रभुनई ध्यानई हेमच्ची खुंदे, वीरतणा गुंण समरीरे. हमचडी. ३५

હમચ્ચી વીરતણી જે ગાતી, નાકે માતી જોતી,
જનની માતા રોતો રાખઈ, રોલામાંથી જોનીરે. હમચડી. ૩૬

× × × ×

અંતે—

વર્દ્ધમાન જિનગુણ સુરવેલી, હીઅડા કરીરે સહેલી,
સકલ કહિ ગુણ મચ્છર મેલ્હી, નિસ દિન જિન ગુણ સુરમેલીરે.
હમચડી. ૬૫

વીર પટોધર શ્રેણિક આયો, હીરવિજય ગુરૂ હીરો.
સકલ કહિ એ સો નિતિ સમરો, ચરમ જિનેશ્વર વીરોરોરે.
હમચડી. ૬૬

—લિ૦ ૧૮૧૫ ભાદવી અમાસ સોમવતી, ૩-૧૧ આ. ક.
(પ્ર. કા.)

—વિ. ધ. ના મારી પાસે આવેલા એક ચોપડામાં-ઉદયપુર ગો. ભ.;

(૩૦૫) ગણધરવાદ સ્તવન.

કલશ.

ઇનિ વિગતમોહં વિજિતકોહં ભુવનમોહં પારગં,
સંસારમોહ કુગતિરોહં વિજતસોહં પારદં,
કેવલાલોક નમતલોકં વીર પુરૂષોત્તમ વરં,
સિરિ વિજયદાન મુણિંદ સેવક સકલચંદ શુભાકરં.
(પૃ. ૩ પદ્ય ૪૮ પ્ર. કા.)

(૩૦૬) સાધુ કલ્પલતા. (વિદ્યા.)

(૩૦૭) મહાવીર હીંચસ્તવન. સં. ૧૬૫૦ પહેલાં.

આદિ—

આસીન્મથો યસ્ય રસે પ્રશાંતે,
યસ્યાનુલક્ષા ક્ષાંતિરભૂદ્‌પાંતે;
સુવર્ણકાંતે કૃતસંગવાતે,
નમોઽસ્તુ તે વીર વિભો નિશાંતે. ૧

ચંદ્રાતપ પરિ નિરમલી, ઋષભાદિક જિન વાણી,
તુમ આણુઇ આવી મુ ઝમતી, મકરિશ તાણોતાણી. ૨
તું સરસતિ તું ભગવતી, આગમ તુઝ બંધાણુ,
મુઝ મુખિ આવી તું રમે, મ કરિસિ મતિ કાંણિ. ૩

* * * *

અંત— ઢાલ. રાગ-ધન્યાસી.

હીંચિરે હીંચીરે હીંડોલડીરે બારવસી પ્રભુ વીરહીંડી—આંચલી.
વર તપાગચ્છ ગંગાધરો મુનિવરો, હીરવિજય જયો સૂરિજીહો,
વર્દ્ધમાનાદરો સકલમુનિ સંકરો, સુઅધરો શમવરો અમૃત જીહો૪૬

—પંડિત પ્રવર શ્રીપશ્રી ધીરચંદ્રગણિ શિ૦ ગણિ હીરચંદેણા-
લેખિ. અહમ્મદાનગરે સં. ૧૬૬૦ વર્ષે ચૈત્ર વદિ. ૮ સધવી જનૂ
પઠનાર્થં ૪-૧૦ (વિ. ધ.)

—વિ. ધ. ના મારી પાસે આવેલા ચોપડામાંથી—મારી પાસે છે.

૧. ઋષભ સમતા સરલતા સ્તવન. ૩૧ કડીનું.

અંતે—

ઇમ ઋષભ સમતા સુરલતા ચિંતવી સમ સુખ કરી,
ગત પાર તાર સંસાર સાગર તરણ કારણ નર તરી,
વર નાણ દંસણ ચરણ સુચી ગુણ રયણ મંડિત મુનિપુરી,
સૂરી **વિજયદાન** મુણિંદ સેવક સકલચંદ કૃપા કરી. પ્ર. કા.)

૨. વીર જિનસ્ત. અથવા ગૌતમ દીપાલિકા સ્ત૦

આદિ— દૂહા.

ઇંદ્રભૂતિ ગૌતમ ભણઈ, ત્રિસલા કૂખે નિધાંન,
જ્ઞાતપુત્ર તું જનમિઉ, ધઈ મુઝ મૂગતિનું દાન. ૧

* * * *

અંતે— (રાગ ધન્યાસી-મેવાડો ઢાલ.)

સૂરિ મંત્રો ગુણો સકલ સૂરિસરો, તપ કરો મુનિવરો સુનરનારી,
દેવગુરૂ ભક્તિની યુક્તિવર અનુસરો, સકલ કહે હીરગુરૂ વિચારી.
જિ. ૭૬.

—લિ૦ વૃદ્ધિચંદેન શ્રી ગોડીજી સત્ય છે. ૪ા–૧૨ આ. ક; લ. ૧૭૮૫ વર્ષે, પ્ર. કા.

૩. કુમતદોષ વિજ્ઞપ્તિકા શ્રી સીમંધર સ્ત૦

ઇમ સર્વ શર્મ સુધર્મદાયક કુમત કર્મ સુધાકરો,
મુઝ દભમર્મકુકર્મકર્દમ ધર્મ તું **સીમંધરો**,
નિજ ધ્યાન મંદિરિ ધરી વિનવ્યો કરિ સુનિર્મલ કિંકરો,
સિરિ **વિજયદાન** સૂરિંદ સેવક **સકલચંદ** કૃપા કરો.

(પૃ. ૨ પ્ર. કા.)

૪ ગૌતમપૃચ્છા.

આદિ—

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનમેં દૂધ કરાયા,
તબ મન ગૌતમ હુયા અચભા, પ્રશ્ન કરણકું આયા. ૧
ગણધર એતો મેરી અમ્માં.

* * * *

શ્રી તપગચ્છ નાયક **હીરવિજય** સૂરીશ્વર દીઇ મનોહર વાણી,
સકલચંદ પ્રભુ ગૌતમ પૂછઈ, ઉલટ મનમાં આણી–ગણધર. ૧૨

(પ્ર. કા.)

૫–૨૩ વૈરસ્વામિસઝાય–સિંહગિરિસીસધનગિરિસુતો વયરસામિ ધિન સોઇરૈ.
આત્મા ઉપરિ ધ્યાનરસ સ૦—તું જિનવદન ભવનની દેવી.
સ્વાધ્યાય —પભણુતિ જગગુરૂ ત્રિજગદયાલા.
,, —સકલ જગજંતુ તુપાણાણુ જેતા.
,, ધન્યાસી—જેણિ બહુ ગુણભરી નૈવ કન્યાવરી બ્રહ્મચારી વરો વયરસ્વામી.
,, ગુડી—'દિઇ દિઈ દરિસન આપણું, તું સરસતિ મોરિ માઇરે.
,, મારણી—ગોવિંદ હમકું મારણ કારણિ, પાપિઆ રે તિ કાં સરજ્યાં સાંમી પશુંઆરે.

„ રામગિરિ—તુહિ ઘડડી ઘણું ચેતના નારિનું નાણુ લાગી ઘણું
કાંઇ સુતી.

હીરવિજયસૂરિસ૦ ધન્યાસી—છડિજારેરે કુમતિ ડાયિણી, જિન સુમતિ
ધાયિણી તું વીછીણિ.

મેઘકુમાર-રામગિરિ—વીર જિણંદિઈ પ્રકાસિઉં, કાધો જિણિ ચિત દીવરે.

સ્વાધ્યાય—ચઉપઈ-ભવિક જીવ ચિતિ ધ્યાનિ વિચારી.

„ —મારૂણીબહુ ગુણ લક્ષણ અભયા મઈં સુણીરે

„ —ગાંઠડી કાઢી કાંજિણી બિહું બાપની નારિરે.

„ રામગિરિ—ગાંઠડી કાઢી કાંજિણી ઇમિ કહઇ સખ

„ રામગિરિ—એકઅ તુલા તુલા જેણિ નવિ બુઝિઈ, લીજિઈ તામ
ફલ કેમ તેસિં.

„ ધન્યાસો—એક જગિ ઉંટડી દૈવનિ કાંધડી, અતિ વડીં જેણિ
પૃથિવી નમાડી.

„ કેદાર ગોડી—પુરિસા મત મો મ થા સૂના છાયા બુઝો કાલ નમં.

„ રામગિરિ—અરે જંતુ તૂ ચિંતિ ગ્યાન જો કરી. કંધી ભીન
ચિંતઈ રે તું ગ્યાન જોરી.

„ ધવલ ધન્યાસી—વૈશાખ ધવલ એકાદશી એ, માઝિઆ પાપી આઇમે
૧૫-૧૧ (વિ. ધ)

(સકલચંદ કોઇવખત વિજયદાનસૂરિના ને કોઇવખત હીરવિજય સૂરિના પોતે શિષ્ય તરીકે જણાવે છે, તો પ્રથમના પોતાના દીક્ષાગુરૂ અને બીજા પોતાના ધર્મગુરૂ તરીકે પોતે સ્વીકાર્યા હોય એમ જણાય છે. તેમણે સંસ્કૃતમાં પ્રતિષ્ઠાકલ્પ રચ્યો છે.

સકલચંદને શિષ્ય પ્રશિષ્ય હતા. તેના શિષ્ય લક્ષ્મીચંદ-મુનિચંદ-વૃદ્ધિચંદ-માનચંદ અને તેના શિષ્ય તેજચંદે પુણ્યસાર ચરિત્ર વિજય દેવસૂરિના સમયમાં રચ્યું છે. જુઓ તેજચંદ-આગળ.

૧૭૦ વિજયશેખર (આં. ધર્મમૂર્ત્તિસૂરિ-કમલશેખર-સત્યશેખર શિ.)

(૩૦૮) રત્નકુમાર રાસ.

(૩૦૯) **યશોભદ્ર ચોપઈ.** સં. ૧૬૪૩ મહા શુ. ૩ રવિ બંભણવાડામાં.
અંતે—

વિધિ પખ્યનાયક મહિમનિધાન તપતે જિહાં જગિ ઉદયું ભાંણુ
દરિસન દેખિઈં પરમાણુંદ, વંદઉ **ધરમમૂરતિ** સૂરીંદ. ૧૩૯
વલિ વંદઉ સહિગુરૂ આપણા, જેહનઇ નાંમિઈં નહી રિધિમણા,
શ્રી શ્રી **કમલશેખર** વણારીસ, સમરૂ નાંમ તેહનુ નિસિદીસ. ૧૪૦
તેહતણા સિષ્ય જગિ જયવંત, **સત્યશેખર** મુનિવર ગુણવંત,
જેહનઈ વદનિ વસઇ સરસતી, ચિરંજીવઉ એહવા વરયતિ. ૧૪૧
તાસ પ્રસાદઇ આણુંદ અગિ. એહ અધિકર કહઉ મનરંગિ,
સંવત **સોલત્રઈતાલઈ** વરસિ, **મહા સુદિ તીજ** આદિત્યનઇ દિવસિ. ૧૪૨
દેસ સિરોમણિ જેહ **મેવાત**, નયર અનોપમ તિહાં સુવિખ્યાત,
બ્રહ્માવાદ વારૂ અહિઠાંણ, જિહાં બહ શ્રાવક અછઈ સુજાંણ. ૧૪૩
તેણિઇ પુરિ જિનવર **શાંતીસરૂ**, સદા સુખ આનંદ જય કરૂ,
તસ સાનિધિ **વિનયશેખર** ભણઇ, એહ સુણતાં નવનિધિ આંગણઈ ૧૪૪
—શ્રી યશોભદ્ર રિષિરાજ ચુપઈ.

કવિએ પોતેજ લખેલી છે.

સવત **૧૬૪૪** વર્ષે **વૈશાખ શુદિ ૧૩** સોમે શ્રી અંચલગચ્છે શ્રી **ધર્મમૂર્ત્તિ** સૂરીશ્વર રાજ્યે વાચનાચાર્ય વા૦ શ્રી **કમલશેખર** ગણિ તત્ શિષ્ય રિષિ શ્રી ૬ **સત્યશેખર** ગણિ તત્ શિષ્ય ઋ૦ **વિનયશેખરેણ** લિખિત શ્રી આગરાનગરે ફરવારે તૈલાદ રક્ષેત્ જલાદરક્ષેત રક્ષેત્ સ્થલબંધનાત્, પરહસ્તે ગતાદ્રક્ષેત્, એવં વદતિ પુસ્તિકા. (પ્ર.કા.)

૧૭૧ હેમશ્રી (સાધ્વી) (વડત. ધન્યરત્ન સૂ.-અમરરત્ન સૂ૦-ભાનુમેરૂ-નયસુંદર શિષ્યા)

(૩૧૦) કનકાવતિ આખ્યાન સં. ૧૬૪૪ વૈ. શુ. ૭ મંગલ.

મહોઉપાધ્યાય શ્રી જયસુંદર ગુરૂભ્યો નમઃ—

આદિ— રાગ રામગરી.

સરસતિ સરસ સકોમલ વાંણીરે, સેવક ઉપરિ બહુ હીત આંણીરે,
શ્રી જીનચરણે સીસજ નાંમીરે, સહિ ગુરૂ કેરી સેવા પાંમીરે ૧
સેવા પાંમી સીસ નાંમી ગાંઉં મનઇ ઉલટ ઘણઈ,
કથા સરસ પ્રબંધ ભણસું, સૂજન મનઇ આણંદની,
કનકાવતીનીં કથા રસાલી, ચતુરનાં ચતરંજની,
વેધક રસકસ ગુણી નર જે, તેહનાં મનમોહણી. ૨

અંતે—

એણીપરિ તેહ પાલઇ નરનારી, તે નેહનું પરીમાણ,
જીન મત ઇસા જન જુ એહવા, તુ કાજઈ ધરમ સુજાન. ૩૬૨
વૃધ તપાગછ મંડન દીનકર, શ્રી ધનરત્ન સૂરીરાય,
અમરરત્ન સૂરીપાટ પટોધર, ભાનુમેરૂ સષ્ય કહઇવાય. ૩૬૩
ગુણગણધર પંડીત વઇરાગી, નયસુંદર રષિરાય,
વાચક માંહિ મુષ્ય ભણીજઇ, તસ સષ્યણી ગુણ ગાય. ૩૬૪
કથામાંહઇ કહઉ રસાલુ, કનકાવતી સંબંધ,
કનકાવની આષ્યાંન રચઉ મઇ, સૂઅણાં સરસ સબંધ. ૩૬૫
સવત ૧૬ સુઆલઈ સવચ્છરિ, વૈસાષ વદિ કુજવાર,
સાતમઈ દિન સૂભ મુહરતઇ યોગઇ, રચઉ આષ્યાંન એ સાર. ૩૬૬
ભણઇ ગુણઈ સંભલિ જે નાર, તેહધરિ મંગલચ્યાર,
હેમશ્રી હરષઈ તે બોલઇ, સરવ સયોગ સુસાર. ૩૬૭

—ઇતિ કનકાવતી આષ્યાંન સમાપ્ત. સૂરતિ મધ્યે લષીતં. ગ. રત્નવીજય લષીતં. (પ્ર. કા) (નયસુંદર માટે જુઓ નં. ૧૬૫ પૃ. ૨૫૪)

૧૭૨ રત્નસાર.

(૩૧૧) સાગર શ્રેષ્ઠીની કથા ૧૬૪૫ (માણેક)

---

૧૭૩ મનજી ઋષિ (પા૦ પાર્શ્વચંદ્ર-વિનયદેવ-વિનયકીર્તિ શિ.)

(૩૧૨) વિનયદેવસૂરિ રાસ. સં. ૧૬૪૬ પોષ શુદિ ૭ મંગળ, બુરહાનપુરમાં.

આદિ—

સકલ સિદ્ધિ આનંદકર, જિનશાસન શ્રૃંગાર,
ચઉદ પૂરવનો સાર એ, જગિ જપઉ મંત્ર નવકાર.

* * * *

અંતે—

પૂજ્ય ચઉમાસૂ તિહાં રહ્યા એ લોક કરે ધરમ ધ્યાન. મ. ૨૩૭
શ્રી વિનયદેવ પટ્ટધર એ. શ્રી વિનયકીરતિ રાય,
સુધરમગછ આજ દીપતો એ, આદરયો મન ભાય. મ. ૨૩૮
નયર વરહાનપુર જાણીઇ, એ દેશ વિદેશ વિખ્યાત,
સંવત સોલ છઇતાલૂઇ એ, સુણગો ભવિયણ વાત. મ. ૨૩૯
શ્રી વિનય (દેવ) કીરતિ સૂરીશ્વરએ, રહ્યા તિહાં ચઉમાસિ,
એક દિન ઉલટ ઉપનોએ, કીધઉ શ્રીપૂજ્ય રાસ. મ. ૨૪૦
પોસ શુદિ સાતમિ જાણીઇએ, ભૃગુવાસર સુવિનાણ,
નક્ષત્ર રેવતી મનિ ધરો એ, શિવયોગ અનિહિં સુજાણ. મ. ૨૪૧
મનજી રિષિ આણંદસૂં એ ચોથો રચ્યઉ પ્રકાશ,
એહ રાસ જગિ નાંદયો એ જાં લગિ મેરૂ થિરવાસ. મ. ૨૪૨
ચઉવિહ સંઘ સહૂ સુણઉ, એ ભણયો એ નિતુ રાસ,
ધવલ મંગલ બલ પામીઇ એ, પુહચઇ મનની આસ. મ. ૨૪૩

નોટ—વિનયદેવ તે બ્રહ્મઋષિ કે જે પાર્શ્વચંદ્રના શિષ્ય થાય અને જેણે પોતાના ગચ્છનું નામ સુધર્મ ગચ્છ આપ્યું તેનો આમાં વૃત્તાંત છે. આ બ્રહ્મ ઋષિની કૃતિ સંબધી આ સંગ્રહમાં જુઓ. પૃ. ૧૫૨ થી ૧૫૮. વિશેષ હકીકત માટે જુઓ ઐ. રા. સં. ભાગ. ૩.

---

૧૭૪ હેમાણુંદ (હીરકલશ શિ.)

(૩૧૩) વેતાલ પચવીસી. સં. ૧૬૪૬.

આદિ—

પ્રણમ્ય દેવદેવચ વીતરાગ સુરાર્ચિતં,
લોકાનાં ચ વિનોદાય, કરિષ્યેઽહં કથામિમાં. ૧
નત્વા સરસ્વતીં દેવીં શ્વેતાભરણભૂષિતાં,
પદ્મપત્ર વિશાલાક્ષીં નિત્યં પદ્માસને સ્થિતાં. ૨

ચોપઇ—

સુવચન સાંનીધકારી દેવ, સમરી સરસતી પાય પ્રણમેવિ,
સુગુરૂ વચન મનમાંહે ધરી, બોલીસ વિક્રમ રાજા ચરી. ૧
રાજા વિક્રમના અવદાત, કવિયણ બોલે નવ નવ ભાંતિ,
તેમ હુ સજ્જન સાંનિધિ યથા, કેહિસુ વેતાલપચીસી કથા. ૨
રાજા વિક્રમ નેં વેતાલ, એકરયણ વનખડ વિચાલ,
કથા કહી નવનરી પચીસ, સંભલતાં તે થાઇ જગીસ. ૩

* * * *

અંત—

ઇતિ વેતાલપચિસીયૈ વિક્રમ નં વેતાલ,
કથા કહી પંચવીસમી, હેમાણુદ રસાલ. ૧૭

—ઇતિ શ્રી વેતાલપંચવીસી ચરિત્રે વિક્રમ કથિત કથા પંચવીસમી સંપુર્ણા.

ચોપઇ—સાહસવંત નિરખી નૃપરાઈ, તબ વેતાલ કહૈ તિણિ ઠાઇ,
પર ઉપગારી તો સમ લોય, મે તો અવર ન દીઠો કોઇ. ૧
હું તો તુઠો તુઝ સાહસૈ, પિંણુ તું જોગી મત વેસસૈ,
હોહો તુઝને ઘાલૈ પાસ, મુષૈ કહે તું ગુંણુહ નિવાસ. ૨
મડ પુજી તુઝ કહસી તંત, કરિ પ્રણુાંમ જ્યું સિઝૈ મંત,
તોં કહિયૈં હું ન લહું ભેય, તું દિષ લે જ્યું જાંણું તેહ. ૩
તિંણુ વચનૈં તે થારૈ કાજિ, ફિરી દિષાલેં તતખિણુ માંઝિ,
ષડગ કરી થે છેદો સીસ, જિઉં મન વંછિત થાઇ જગીસ. ૪
સુંણી સીષ તે લેઈ મડો, આવિ રહિ યોગી મુષિ પડો,
કરિ પ્રણુાંમ યોગી હરષાવિ, આગલિ બેઠો રાજા ભાવિ, ૫
જોગી કહૈ સુણો રાજિંદ, દીયૈં પ્રદક્ષિણુ હુવૈ આણુંદ,
હું નવિ જાંણું વિક્રમ કહૈ, તૈ તે આગૈં ઉઠી વહૈ. ૬
રાજાયૈ વૈતાલી વાત, ચીતારીનૈં કીધો ઘાત,
પૂરી વિદ્યા સીધી જીસૈં, સોવનપુરિસો હુઓ તિસૈ. ૭
તિંણુ પુરિસે વિક્રમ રાજેસ, પુહવી ઊરણુ કરી વિસેસ,
રાજ પાલિ આઊ આંપણૈ, સરગિ પહુંતો સહુકો ભણૈ. ૮

છંદ—ઇતિ શ્રીય વિક્રમ વેતાલહી કહિ એહ વાત પચીસએ,
તિણુવિધહ સોલે સૈં છયાલ ઇંદ્રિ ઉછવ દીસ એ,
ગુરૂ હીરકલસ પસાય કરિનૈ હેમાણુંદ મુણિ ઉત્તમપુરી,
તિહ રચીય વાત વિનોદની તે સયલ સજ્જન સુષકરી. ૯

—ઇતિ વૈતાલ પચવીસી ચરિત્રે પંચવીસી ચઉપઈ સંપૂર્ણંમ્.
સં. ૧૭૬૫ વર્ષે શાકે ૧૬૩૦ પ્ર૦ ચૈત્ર સુદિ ૫ ગુરૌ લિષિતં. પં.
સુજાણુહંસેન શ્રી જયતારણુ મધ્યે. ૧૬—૧૭ ચા૦

(૩૧૪) ભોજચરિત્રરાસ. રત્ન. ૩.

૧૭૫ +નગર્ષિગણિ (ત૦ હીરવિજયસૂરિ-કુશલવર્ધન શિ૦)

(૩૧૫) રામ સીતા રાસ. સં. ૧૬૪૯

ચંદ્ર અનઇ રસ વેદ નિહાલુ, નંદ ભણુ તિમાલુ.—હા. પા, ખં. ૧

૧ અલ્પબહુત્વ વિચાર ગર્ભિત શ્રી મહાવીર સ્તવન.

૩૯ ગાથા.

* * * *

હીરવિજયસૂરીસરો.

કવિ કુશલવર્દ્ધન સીસ પભણઇ, નગાગણિ વંછીય કરો.

---

૧૭૬ મલ્લિદેવ.

(૩૧૬) કર્મવિપાક રાસ સં. ૧૬૪૮-માણેક.

+આ નગર્ષિએ ગાથાબંધ કલ્પાન્તર્વાચ્ય રચેલ છે તેની પ્રશસ્તિઃ—

चंद्र रस बाणमुनि समवरिसे तवगण विभासकाणं ।
भट्टारगपुरंदर सिरि विजयसेण सूरीणं ॥६५॥
रज्जे विहिओ गंथो पंडियसिरि कु(श)लवद्धणगणीणं ।
सीसेण बालमइणा नगाभिहाणेण वरमहिमो ॥६६॥

વળી તેમનીજ લખેલી તેજ પ્રત સાગરગચ્છના ભંડાર (પાટણ)માં છે કે જે ભંડારમાં તેમના હસ્તથી લખેલાં કેટલાંક પુસ્તકો છે, તેમાં જણાવે છે કે:—

संवत् १६५७ वर्षे भाद्रपद सित त्रयोदश्यां वार बुध पूर्णाकृतः लिखितश्च श्री वटपल्लीनगरे नगर्षिगणिना.

આમણે સં. માં દંડકાવચૂરિ પણ રચી છે. તેમની લખેલી ઉપાસક દશાંગસૂત્ર મૂળની પ્રતિ પાટણના સાગરભંડારમાં છે તેની અંતે જણાવ્યું છે કે શ્રી વિજયસેનસૂરિ યુવરાજ્યે સકલપંડિત સભારંજન શ્રી ઉદયવર્દ્ધન તચ્છિષ્ય પં. કુશલવર્દ્ધન, તચ્છિષ્ય નગર્ષિગણિ.

૧૭૭ નરપતિ કવિ. જુઓ નં. ૬૭

(૩૧૭) વિક્રમાદિત્ય ચુપઇ. સં. ૧૬૪૯ (શાકે ૧૫૧૪).

આદિ—

શ્રી નેમિસર ગુણનિલો, જગજિવન જિનચંદ,
બ્રહ્મચાર ચુડામણી પ્રણમું પરમાણુંદ. ૧
પુરિસાદાણી પાસજિન, થંભણુપૂર થિર ઠાંમ,
નામ જપંતાં જેહનું સીઝે વંછિત કાંમ. ૨

*   *   *   *

અંતે—

એ કહીઈ વિક્રમચરિત્ર સંભલતાં હુઇ પંડ પવિત્ર,
સંભલતાં ડાહાપણ આવંત, કવિ નરપતિ એહવઉ કહંત. ૯૭૧

—ઇતિ શ્રી રાજા શ્રી વીરવિક્રમાદિત્ય ચઉપઇ સમાપ્ત મિતિ. સંવત ૧૮૦૦ વર્ષે શાકે ૧૬૬૫ પ્રવર્ત્તમાને. કાત્તિક માસે શુક્લપક્ષે સપ્તમી તિથૌ ગુરૂવાસરે પ્રથમ પ્રહરે લખિતં. શ્રી આલાસણ ગ્રામે પ્રથમ ચતુર્માસિકે શ્રી પુર્ણુમા પક્ષે શ્રી હા. શ્રી-(અપૂર્ણ).

શાકે ૧૫૧૪ માં રચી એમ ઉપરના બંધનપર લખાણ છે. (પ્ર. કા.)

[નં. ૬૭ ના નરપતિને સં. ૧૫૪૫ માં નંદબત્રીસી રચનાર તરીકે સોળમી સદીમાં મૂકેલા છે અને આ કૃતિ નરપતિ નામના કવિએ શક ૧૫૧૪ માં રચી એમ તેની પ્રતના બંધનપર લખાણ છે તેમાં શર-તચૂક સંવત્‌ને બદલે શક લખવામાં થઇ હોય એમ સંભવ છે, તેથી બને નરપતિ એકજ હોઇ સોળમીમાં સદીમાં થયાનો સંભવ છે, છતાં ઉક્ત બંધન ઉપરનું લખાણ વાસ્તવિક હોવાનો સંદેહ રાખી બનેને જૂદા જૂદા એટલે એકને સોલમી સદીમાં અને બીજાને સત્તરમી સદીમાં મૂકેલા છે.]

આ કૃતિના તથા કવિના સંબંધમાં બીજી પ્રત પરથી નીચે પ્રમાણે પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી લખી મોકલે છેઃ—

વિક્રમાદિત્યકથા. (પંચ દંડ છત્ર–પંચ આદેશ.)

આદિ—

લંબોદર તુઝ વીનવૂં સૂંડાલા સમરથ;
સિદ્ધ બુદ્ધિ વર ચરણે નમૂં, સીઝવઇ સવિ અરથ. ૧
સીંદૂરઇ કરિ અરિચીઈ, શરિ સેવંત્રાં ભાર;
મૂંસાવાહન જેહનઈ, મોદિક સદા આહાર; ૨

× × × ×

ભાદ્રવ વદિ આરંભીઉં, બીજ અનઈ બુધવાર;
સંવત સાકે ૧ પન્હર, એ સવિહું અધિકાર. ૧૭

× × × ×

અઠિસઠિ તીરથ જે કરઈ, યજ્ઞ કરઈ અનેકઃ
કવિ **નરપતિ** ઈમ ઉચ્ચરઇ, સહુ પરમારથ એક ૨૧

અંતે—

જેહવું મીઠું પ્રાકૃત હોઈ, તે સમવડિ નવિ દીસઇ કોઈ;
ગાહા દૂહા ચઉપૈ ગીત, ઉષ્ણકાલિ જિમ વાહાલું સીત. ૮૩૦
કવિતા વિકતા શ્રોતા નાંમ, જે ડાહા તેહનઈ પરણાંમ;
જઉ જિહ્વાઈ વસઈ સરસ્વતી, તુ પાંમઇ કવિજન વરમતી; ૩૧
એ કહીઇ વિક્રમ તણું ચરિત્ર, સાંભલતાં હુઈ કર્ણ પવિત્ર;
ભણઇ ગુણઈ ભાવઈ સંભલઇ, તે નર સકલ મનોરથ ફલઇ. ૩૨

ઇતિ વિક્રમરાય કથા સંપૂર્ણ.

સંવત ૧૬૭૩ વર્ષે દ્વિતીઅ આસો સુદિ ૧૧

—સેં. લા. વડોદરા પ્રતિ ૫. ૫૧

પત્ર ૧૩ માં (દ્વિતીય આદેશ)—

આગીઆનુ મોટઉ ઉપાય, રાજા જિહાં ચિંતઈ તિહાં જાઇ;
નગર સોપારઇ પુહુતા થયા, આદિસ્વરનઈ દેહરઇ ગયા. ૯

દેહરૂં અછઈ તેહ ચઉમુખ, દરિશન દીઠઈ નાશઈ દુકખ;
આદિશ્વર [૨]નીં પૂજા કરી, રાજા બઇઠઉ આસન ધરી,

જો કે ૧૩મા પત્રની ઉપર જણાવેલી ૯-૧૦ કડીમાં આવત વર્ણન ઉપરથી **નરપતિ** કવિને જૈન તરીકે માનવાના આપના અનુમાનને પુષ્ટિ મળે તેમ છે; પરંતુ કવિએ વિસ્તારથી કરેલ પ્રારંભ મંગલાચરણ અને અન્ય વર્ણન ઉપરથી તે જૈનેતર હોવાનો બહુધા સંભવ છે. વચ્ચે આદીશ્વરાદિ દેવનું કરેલું વર્ણન બીજા જૈન કવિઓએ એ જ વિષયની કરેલી કૃતિઓની છાયારૂપ જણાય છે.

પંડિત લા. ભ. ગાંધી.

---

૧૭૮ પ્રીતિવિમલ (ત. આણંદવિમલસૂરિ-ધર્મસિંહ-જયવિમલ શિ૦)

(૩૧૮) મૃગાંકકુમાર પદ્માવતી ચોપઇ સં. ૧૬૪૯.

અંતે— દૂહા રાગ ધન્યાસી.

હીરજી આગઈ શષિઇ, પ્રીત કહઇ પુન્યપાજ,
અંગિ અલછિત આભડઈ, રાંનિ ભમંતાં રાજિ.
લિખ્યો નિલવટિ આપણિ, સ્યું કરઇ દાલિદ્ર સોય,
પ્રીતિ કહઈ **હીર** નામથી, રાનિ વેલાઉલ હોઈ. ૬૧

ઢાલ—તપગછમંડણુ હીરલો **હીરજી**, તાસ પાટઇ વિજયસેનસૂરી,
જાસ નામઇ નવનિધિ ધરિ સંપજઈ પૂર્વ પાતિક જાઈ દૂરિ. ૬૨
તાસ સેવક શુભ સાંભલ્યો સાચલો, ગણિ ધર્મસીધુરિ લગઈ ધર્મધોરી,
તાસ સેવક ગણિ જયવિમલ કીર્ત્તિ નિરમલી ગોરી. બો. ૬૩
ગુંદવચ આમ ગુણધામ ધરણિ, સંવત સોલ ઉગણપંચાશઈ,
સકલ સંભલઈસિવં આસ્યા ફલઈ, પ્રીતિવિમલમુનિ કહઈ ઉલ્હાસઈ.૬૫

—ઇતિ શ્રી મૃગાંકકુમાર પદ્માવતી ચતુઃપદી સંપૂર્ણમ્ ગણિ અમૃતસાગર શિ0 ગજસાગરેણ લિપિકૃતા. ૭-૧૫ આ—ક.

(૩૧૯) દાનશીલ તપ ભાવના રાસ. સં. ૧૬૫૮ પછી.

આદિ— દૂહા-રાગ સારિંગ મલ્હાર.

સરસતિ સામિની સમરતાં, આવઈ સુમતિનિધાન,
દાનશીલ તપ ભાવના, ભાખું મન અભિમાન. ૧
સીમંધર સંયમ ગ્રહી, વિચરઈ શ્રી ભગવાન,
કર્મ નિકાચિત ક્ષય કરી, પામઇ કેવલજ્ઞાન. ૨

અંતે—

સાંભરીઆરે ગાવા ગુણ મુઝ હીરનારે-એહ ઢાળ.

સોહમ સ્વામી પરંપરારે, તપગછ ગયણદિણંદરે,
શ્રી આણંદવિમલસૂરીરે, શ્રી વિજયદાનસૂરિંદરે, આદરિયા. ૨૮
તસ પાટે પ્રગટ હૂઓ ભલોરે, શ્રી હીરવિજય સૂરિરાયરે,
શ્રી વિજયસેન સોહામણારે, નામઇ નવનિધિ થાયરે. આ૦ ૨૯
શ્રી વિજયદેવ સૂરિ સદારે, તસ પાટઈ પરધાનરે,
મનવંછિત ફલ સુરતરૂરે, સમર્યો દિઇ સાવધાનરે. આ૦ ૩૦
શ્રી આણંદવિમલસૂરિ સેવકોરે, નામઇ શ્રી ધર્મસિંહરે,
તાસ સેવક કમલાકરૂરે જયવિમલ ધનદીહરે. આ૦ ૩૧
પ્રીતિવિમલ નિજ ભાવસુંરે, રાસ રચ્યઉ શ્રીકારરે,
ભણતાં સુણતાં ભાવસુંરે, ઉપશમ રસ ભંડારરે. આ૦ ૩૨

—૬-૧૩ ગારીયાધર.

(વિજયદેવસૂરિ-આચાર્યપદ ૧૬૫૮ ભટ્ટારકપદ સં. ૧૬૭૧ સ્વ. ૧૭૧૩)

(૩૨૦) +અષ્ટપ્રકારી પૂજા રાસ. સં. ૧૬૫૬ ક્ષેમપુરમાં.

(પ્ર. છોટાલાલ મગનલાલ અમદાવાદ.)

આદિ— દુહા રાગ અસાઉરી

પ્રથમ તીર્થંકર પ્રથમ જિન પ્રથમ કરી પરિણામ,
અષ્ટ પ્રકાર પુજા તણો પ્રબંધ કહું અભિરામ. ૧
સકલ સુરાસુર કિંનરા, વિદ્યાધરની કોડી,
જાસ વદન વાણી ભણી પ્રણમે બે કરજોડી. ૨

સા વાણી મુજને હવે, આપે વર વરદાન.
અલવિ આળસ પરિહરી, સુણજ્યો સહુ સાવધાન. ૩

× × ×

અંતે—

(દુહા રાગ ધન્યાશ્રી.)

તપગચ્છ પતિ ગુણગિરિ, શ્રી આણંદવિમલ સુરિસીંદ,
વિચર્યો કુમત વિડારવા, અકંપ અડોલ અબીહ. ૨૭
સંવત પંનર બ્યાશીએ, યતિ પંથ પરગટ કીજ
પરમાદ પરિગ્રહ પરહરી, રોપ્યા સમકિત બીજ. ૨૮
તાસ પાટિ વિજયદાન સુરિ, તાસ પાટિ પ્રભુ હીર,
તાસ પાટિ વિજયસેનસુરિ, સાયર સમ ગંભીર. ૨૯

ઢાલ—સાંભળ્યું આઠ પુજા પ્રબંધા ભવી, અઠકમ્મ અરિ ભય દુરિ જાગે,
કલ્પતરૂ કામઘટ ધેનુ ચિંતામણિ, આંગણે આવીયાં પુણ્ય પસાગે. ૩૦
આણંદવિમલ વિજયદાન સુરીસર, તાસપાટે પ્રભુ હીર હરખ્યો,
સકલજગિ જીવ પાદપ એહ સીંચવી, વચન સુધારસ મેઘ વરસ્યો. ૩૧
તાસ પાટિ વિજયસેનસુરી નિધી, જાગતો જાસ જગિ મંજુ મહિમા,
તાસ સેવક ગણિ ધર્મસિં ધુરિ લગે, જિનવર લોપી ન સીમા. ૩૨
તાસ સેવક ગણિ જયવિમલ સેવકો, પ્રીતિવિમલ ક્ષેમપુરી ચઉમાસે
સંવત સોલ છપન વરસિં કવ્યા, સકલસંઘમાંહી બેઠો વિમાસે. ૩૩

(ડાહ્ર તપગચ્છ ભં.)

+ગોડી પાર્શ્વસ્ત. પાંચ ઢાળનું મોટું સ્ત૦

આદિ—વાણી બ્રહ્માવાદની, જાગે જગ વિખ્યાત;
પાસતણા ગુણ ગાવતાં, મુઝ મુખ વસજ્યો માત. ૧
નારંગે અણહિલપુરે, અહમ્મદાવાદે પાસ;
ગોડીનો ધણી જાગતો, પૂરે સહુની આસ. ૨
શુભ વેલા શુભ દિન ઘડી, મહુરત એક મંડાણ;
પ્રતિમા તીને પાસની, થઈ પ્રતિષ્ઠા જાણ. ૩

અં. કલશ. તપગચ્છનાયક સુખદાયા શ્રી વિજયસેન સૂરિશ્વરો
તસપાટ ઉદયાચલેં ઉદયો શ્રી વિજયદેવ સૂહંકરો,
ઈમ શુણ્યો ગોડીપાસ જિનવર પભણે પ્રીતવિમલ જયકરો,
ભણેં ગણેં તસ ઘર મંગલ જયકરો.

લિ. ૧૮૧૧ વૈ. વ. ૧૩ ૩–૧૫ આ. ક.; પ્ર૦ રત્નસમુચ્ચય તથા રામવિલાસ કે જેમાં છેલ્લો કલશ નથી.

---

૧૭૯ ધનવિજય.

(૩૨૧) હરિષેણ શ્રીષેણરાસ. ૧૬૫૦ આસપાસ—પા૦

(એક ધનવિજય તે વિજયસેનસૂરિ શિ. હતા ને જેમણે સં. ૧૬૫૪ ના વિશાખ વદિ ૧૩ દિને પોતાના શિષ્ય ગુણવિજયને વાંચવા માટે અહમદાવાદમાં હૈમવ્યાકરણ બૃહદ્વૃત્તિ દીપિકા લખી હતી, તે કદાચ આ કવિ હોય.)

---

૧૮૦ દયાકુશલ. (ત૦ હીરવિજયસૂરિ–મેહમુનિ– કલ્યાણકુશલ શિ.)

(૩૨૨) લાભોદય રાસ. સં. ૧૬૪૯–વિધા.

[આ રાસ ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી છે, તેની અંદર હીરવિજયસૂરિ અને અકબર આદિનું વર્ણન છે અને તે રાસ અકબરના મરણ પહેલાં બાર વર્ષે રચાયો હોવાથી ખાસ મહત્ત્વનો ગણાય. તેમાં અકબર વિષે જણાવ્યું છે કે અકબર બહુ હઠી હતો. તેનું નામ સાંભળતાંજ લોકો ધ્રૂજતા. તેણે ચિતોડ, કુંભલમેર, અજમેર, સમાણ, જોધપુર, જેસલમેર, જૂનાગઢ, સુરત, ભરૂચ, માંડવગઢ, રણથંભોર, સ્યાલકોટ અને રોહિતાસ વગેરેના કિલ્લા લીધા હતા. વળી ગૌડ વગેરે ઘણા દેશો પણ સ્વાધીન કર્યા હતા. મોટા મોટા રાજા–રાણાઓ તેની સેવા કરતા. રોમી, ફિરંગી, હિંદુ, મુલ્લા, કાજી, પઠાણ અને એવું બીજું

કોઈ ન્હોતું કે જે તેની આજ્ઞા લોપી શકે. આ રાસમાં અકબરબાદશાહે વિજયસેનસૂરિના ઉપદેશથી કરેલાં કાર્યોનું પણ વિસ્તૃત વર્ણન આપેલુ છે. જુઓ સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ. ૬૮ અને ૧૬૩.)

(૩૨૩) તીર્થમાલા સ્ત. સં. ૧૬૭૮

આદિનાં પાનાં નથી સાંપડયાં.

અંતે—

મથુરા દેખી મન ઓલસુ, મનોહર થંભ જીહાં પાંસસેહ,
ગૌતમ જંબુ પ્રભવો સ્યામ, જિનવર પ્રતિમા ઠામોઠામ. ૪૦
મૂલતીરથ વંદૂ અતિ ઘણા, તે સઘલાં સેતામ્બર તણા
તીરથની એ રચના જોએ, આપમતે મત રાચો કોએ. ૪૧
સંવત ૧૬૪૩ દસી, અધકારી હુઉ દેવસી,
ખમણગ વસહીએ કીધા જેણ, રખે ભ્રમ કો ભૂલે તેણ. ૪૨
ચંદ્રકીરત નામે આ એસ, સમતશિખર ગિરિ કીયો પરવેસ,
મૂકી મૂરત ડીગાંબર તણી, સંવત ૧૬ અડતાલે ધણી. ૪૩
નગ્ન દેખત પતી જો કોઅ, પરતંત્રે ઘર ન વસે જોએ,
જો પણ સાચુ હુવે સહી, ઉપદ તીહાં કો કરવી નહી. ૪૪
તીરથ દીઠે નિરમલ બુધ, તીરથ દીઠે સમકીત સુધ,
તીરથ દીઠે પૂગી રલી, તીરથ હોજો વલી વલી. ૪૫
જૂના તીરથ જે મહેં દીઠા, તે સીધાંતે કહીઓ,
વીરપટોધર હીરવિજે ગુરૂ, પૂંનપસાએ લહીઓ,
સાહઅકબર સબલ મહીપતી, સુણી તે જસ ગુણ ગાઇઓ,
જીવદયા તરૂવર પાઇ સીંચી, 'જગગુરૂ' કહી બોલવીઓ. ૪૬
મેહ મુનીસર સીસ સિરોમણિ, વિબુધસભાસણગાર,
કલ્યાણકુશલ ગુરૂ તપાગછ મંડણ, નિરમલ જ્ઞાનભંડાર,
વસુસાગર રસ સસી મિત વરખે કીધી જાત્રા એહ,
દયાકુશલ કહે આણંદ આણી, નિત નિત સમરૂં તેહ. ૪૭

—શ્રી અથામણે સંવત ૧૯૫૧ વરખે ભાદ્રવા શોદ ૮ દિને લખતં રાએચંદરાએ સંઘ. લિખિત અધકા ઉછો કાને માતરે લખાણુા હોએ તે મછામદૂકડ—શુભં ભવતું—ઉનાના વકીલ મોરારજીભાઈ પાસેથી આવેલ ચોપડામાંથી શ્રાવકે લખ્યો છે તે પરથી તે વખતે વાણીઆ કેમ લીટી દોરીને ગૂજરાતી લિપિ લખતા તે આ ચોપડા પરથી જાણી શકાય તેમ છે.

(૩૨૪) વિજયસિંહસૂરિ રાસ. સં. ૧૬૮૫ આશોદ્ર શુદિ ૧૫ રવિ.

આદિ— દૂહા રાગ દેશાખ તથા વેલાઉલ.

સરસ વચન રસ વરસતી, સરસતી ભગવતી દેવિ,
તુઝ પ્રસાદેં ગુરૂગુણ થુણું, હીયડે હરખ ધરેવિ. ૧
માતપિતા ગુરૂ દેવતા, ગુરૂ મતિ મતિ દાતાર,
ગુરૂવિણુ ભવજલ નિધિ તણો, કવણુ ઊતારે પાર. ૨
અનંત તીર્થંકર જે હૂઆ, હોસે વલી અનંત,
તે સહૂ સુગુરૂ પસાઉલે, ગુરૂગુણનો નહિ અંત. ૩
ત્રિભુવનમાં જે જે કલા, ગુરૂવિણુ તે નવિ કોએ,
જિમ જલવિણુ સવિ બીજનો, ઉદ્ભવ કદીઅ ન હોય. ૪
શુદ્ધ પરંપર શુદ્ધ ગુરૂ, પુણ્યે લબ્ભે જેહ,
શ્રી તપગછ રયણાયરૂ, જિહાં સહૂ લહીઇ તેહ. ૫
એગસઠિમે પાટે પ્રગટ, આચારજ વિજેસિંઘ.
મહામુનીશ્વર તેહના, ગુણુ ગાવા મુઝ રંગ. ૬

* * * *

અંતે—

સોલપંચાસી છસીરે અસાઢિ શુદિ પૂંનિમ દિનેએ,
રૂડો તિહાં રવિવાર, રાસ રચ્યો મન ઉલટેં એ—૨૩૧.

ઢાલ—રાગ ધન્યાશ્રી. હીંચેરે હીંચેરે હીયય હીંડોલડે. એ દેશી.
હીરજી હીરલો તાસ પટિ અતિ ભલો, શ્રી વિજયસેનસૂરીશ રાજે
શ્રી વિજયદેવસૂરિ તાસ પટિ નિરમલો, ભાગ્ય સોભાગ્ય વૈરાગ્ય છાજે ૨૩૨

થાપિઓ જેણિં નિજ પાટિ વિજયસિંહજી, સદા ઉદયવંત ગુરૂ એહ ગાયો,
કલ્યાણકુશલ ગુરૂ શિષ્ય સુખરંગ રસ, કહે દયાકુશલ સહી મેં જ પાયો. ૨૩૩

—વિજયસેન સૂરીશ્વર શિ. મહોપાધ્યાય શ્રી નયવિજય ગણિ શિ. પં. કીર્ત્તિવિજય પં. વીરવિજય ગણિ પં. વિદ્યાવિજય ગણિ. શ્રી લબ્ધિવિજય ગણિ. પં. ખિમાવિજય ગણિ લિ૦ સ્વવાચનાર્થે સં. ૧૭૩૫ વર્ષે. ૧૧–૧૫ માં.

(૩૨૫) ત્રેશઠશલાકાબદ્ધ પુરૂષ વિચારગર્ભિત સ્તોત્ર. સં. ૧૬૮૨

આદિ— તુહ જિન સમતા સુરલતા એ ઢાલ.

શ્રી જિનચરણ પસાઉલે, મનહતણે ઉમાહલઈ,
હુંથુણું ત્રિહસહિ શલાકા પુરૂષનેં એ. ૧

* * * *

અંતે— કલશ.

તપગછપતિ શ્રી વિજયદેવ ગુરૂ આચારજ વિજયસંઘસૂરી,
સોલ બિઆસીઈ ત્રિહસઠિ શલાકા પુરૂષતણી મેં થુત્તિ લહી,
કલ્યાણકુશલ પંડિત ગુણમંડિત તાસ પસાઇ એહ કહું,
દયાકુશલ કહે ઉલ્હટ આણી, પરમાણંદ સુખ સહીઅ લહું. ૫૯

—૩–૧૩ માં.

(૩૨૬) પદમહોત્સવરાસ–સં. ૧૬૮૫–વિદ્યા. (તેમાં હીરવિજયસૂરિના પદમહોત્સવનું વર્ણન છે.)

જ્ઞાનપંચમી–નેમિજિનસ્ત૦

આદિ— દૂહા.

શારદમાત પસાઉલે, નિજ ગુરૂચરણ નમેવિ
પંચમી તપવિધિ હું ભણું, હિઅડે હરષ ધરેવિ. ૧

* * * *

અંતે—

એ તપ કીજે લાભ લીજે વંદી જે તપગચ્છધણી
પરતક્ષ ગૌતમસ્વામિ સરખી કીરતિ હીરસૂરિ તણી,

તપગચ્છ પંડિત જ્ઞાનમંડિત પાપછંડિત તું જયો,
બુધ કલ્યાણકુશલ ગુરૂસેવ કરતાં દયાકુશલ આણંદ થયો. ૩૦
—જૈ. એ. ઇંડિયા.
—સં ૧૭૪૩ વર્ષે માહ વદિ ૮ દિને આણુંદ કુશલેન લિ૦ ૨-૧૨ માં.

---

૧૮૧ વિજયસેનસૂરિ.

(૩૨૭) સુમિત્રરાસ ૧૬૫૦ આસપાસ.-ડે. રત્ન.

[વિજયસેનસૂરિ-જન્મ ૧૬૦૪ ફાગણ શુદિ ૫ મારવાડના નાડલાઈ ગામમાં ઓશવાલવંશ વૃદ્ધશાખાના શાહ કમાશાહ અને તેના પત્નિ કોડાંને ત્યાં મૂળનામ જયસિંહ. વિજયદાનસૂરિ પાસે ૧૧ વર્ષ ઉમરે સં. ૧૬૧૩ જેઠ સુ. ૧૧ ના દિને સુરતમાં દીક્ષા. દીક્ષાનામ નયવિમલ. સં. ૧૬૨૬ માં ખંભાતમાં પંડિતપદ, સં. ૧૬૨૮ ફા. શુ. ૭ ઉપાધ્યાયપદ અને આચાર્યપદ અમદાવાદમાં, સં. ૧૬૩૦ પો. વ. ૪ ના દિને પાટણમાં પાટસ્થાપના. અકબરબાદશાહે 'સવાઇ'નું બિરૂદ આપ્યું. સં. ૧૬૭૨ માં જેઠ વદ ૧૧ દિને ખંભાતમાં સ્વર્ગવાસ.)

૧૮૨ કૃષ્ણદાસ.

(૩૨૮) દુર્જનસાલ બાવની. સં. ૧૬૫૧ વૈશાખમાસ. લાહોરમાં.

આદિ—

ૐકાર અનંત આદિ સુરનર મુનિ ધ્યાવહિ,
જિકે પંચ પરમિષ્ટ સુતઉ સબ ઇસિમહિ પાવહિ,
મહામંત્ર મુખિ એહ સિદ્ધ સાધિક સબ જાણહિ,
કવિત છંદ અનુગીત પ્રથમ પુનિ કવિતા આણહિ,
સો સિવરૂપાં નિરમલ બુદ્ધિ દે સકલ લોક મન ભાવની,
દુરજનસાલ સંઘપતિ કહઇ વસુધા વિસ્તર બાવની. ૧
નિમ્મલ જડિયા ગોત રાઇસિદ્ધાર ભણિજ્જઈ,
જગ્ગૂસાહકઈ બંસિ અધિક તિસ ઉપ્પમ દિજ્જિઇ,

ભઇયા દુરજનસાલ સાહિ અકબરિ થિર થપ્પિઉ,
મુકટમ્મણિ જઉહરી હકમુ જિસુ સબઇ સમપ્પિઉ,
શ્રી વિમલદાસ હયબર બકસહીરાનંદ આનંદ દરસ,
સંધાધિપત્તિ નાનૂ સુતનુ તિનિ પુત્ત તિન્નઉં સરસ.　　૨

મગ્ગિ ચલહિ નિમ્મલઇ ધમ્મ કારણિ ધનુ અપ્પહિ,
સત્યવચન મુખિ ચવહિ અંગિ પૌરષ દ્રિઢ થપ્પહિ,
ગરૂઅ ભાર અંગ વહિ જીઅ દુત્થત્યિય પાલહિ,
આરંભ હિતંકર હિ જનમ સાવઇ ઉજ્જાલહિ,
પોષઇ સુપાત કઉં જાનિ કરિ ઇતે બોલ અંગીકરહિ,
સંધાધિપત્તિ નાનૂ સુતન મેઘરાજ કુલ ઉદ્ધરહિ.　　૩

*　　*　　*　　*

અંતે—

સાયરકે ધરિ ચંદ સૂરકા સિવ ઘરમંડન,
મન રાજા ધરિ મદનુ રામ રઘુપતિ દુષખંડન
ચંદન ધરિ ઘણસાર ઇસિ ધરિ ભયા વિનાઇક
પવન ધરિ હિ હનવંત કરનુ રવિધરિ નર નાઇકિ,
કહિ કિસ્નદાસ સંધ મુકુટમનિ બુધિનિધાન જગિ ભોજસરિ,
દુરજનસાલ દુરજનદલનુ જડિયા નાનૂ સાહ ધરિ.　　૫૨

હરખુ ધરિઉ મન મજ્ઝિ જાત સોરીપુર કિદ્ધિ,
સધ ચતુરવિધિ મેલિ લછિ સુભ મારગિ દિદ્ધિ,
જિનપ્રસાદ ઉદ્ધરઈ સુજસ સંસારિહિ સંજઈ,
સુપ્રતિષ્ઠા સધ પૂજા દાનિ છિય દંસન રંજઇ,
સંધાધિપત્તિ નાનૂ સુતન દુરજનસાલ ધરમ્મધુર,
કહિ કિસ્નદાસ મગલકરન હીરવિજય સૂરીંદ ગુર.　　૫૩

લછિન અંગિ બતીસ ચારિ દસ વિદ્યા જાણુઈ
પાતિસાહિ દે માનુ ષાન સુલિતાન બષાણુઈ,

લાહનૂર ગઢ મજ્ઝિ પ્રવર પ્રાસાદ કરાયઉ,
વિજયસેન સૂરિં બંદિ ભયો આનંદ સવાયઉ,
જાં લગઈ સૂર સસિ મેર મહિ સુર સરિ જલુ આયા સિંધુઅ,
કહિ કિશ્નદાસ તાં લગ તપઈ દુરજનસાલ પ્રતાપ તુઅ. ૫૪

ષિતપતિ અકબર પાતિસાહિ થિર રાજુ કરંતહ
ઉણતાલા સંબત્ત ચઇત નવરોજ વસંતહ,
સોલહસઇકિયાવના બીર બિક્રમ સંવછરઃ
મીનચંદ ઓ દસીબરન બિધિ બાવન અછર,
બઇસાષ માસ દિન સોમ કઈ, કિરીયો કવિત બિકસિઉ કવલ,
દુરજન્નસાલ પરવાર સઉં કલપવૃક્ષ જિઉ સુદલ ફલ. ૫૫

મંગલશ્રી ભગવાન વીર જિન સાસન સ્વામી,
મંગલ શ્રી વસુભૂતિ પુત્ર ગોતિમ સિવગામી,
મંગલ શ્રી સિકડાલ નંદ થુલિભદ્ર મુનીસર,
મંગલ જડિયા ગોત ઉસ બંસી પુહવીસર,
નિતમંગલ શ્રવણુ સુણુંતિયા બાવન સુદ્ધ કવિત્ત રસ,
દુરજન્નસાલ મંગલસદા કવિજન કલ્હ કરઇ સુજસ. ૫૬

—ઇતિ બાવની સાહ દુરજનસાલ જડિયા ગોત્ર તપા ગચ્છી. લિષતં ભોજિગ કિસનદાસ લાભપુર મધ્યે સાહશ્રી બીણીદાસ પુત્ર સાહ સંતોષી પઠનાર્થં, [વિ. ધ. નાનો ચોપડો પા. ૯૭-૧૧૦]

[કવિ ભોજક હતો-તેણે લાભપુર-લાહોરમાં આ કૃતિ દુર્જનશાલપર લખી છે. તે દુર્જનશાલ ઓશવાલ વંશીય જડિયા ગોત્રનો હતો અને તે જગુશાહના વંશમાં થયો હતો. જગુશાહને ત્રણ પુત્રો હતા—૧ વિમલદાસ, ૨ હીરાનંદ અને ૩ સઘવી નાનુ. આ નાનુનો પુત્ર દુર્જનશાલ. દુર્જનશાલના ગુરૂ હીરવિજયસૂરિ હતા અને તેણે સૌરીપુરની યાત્રા કરી સંઘની પૂજા ભક્તિ કરી હતી અને જિનપ્રસાદનો ઉદ્ધાર અને પ્રતિષ્ઠા પણ કરાવી હતી, લાહોરમાં એક મંદિર કરાવ્યું હતું, આ

સર્વ વાત ઉપરની બાવનીમાંથી સિદ્ધ થાય છે. જુઓ સૂરીશ્વર અને સમ્રાટ્. પૃ. ૨૫૩-૨૫૪.]

---

૧૮૩ સારંગ. (મડાહડ ગચ્છ-જ્ઞાનસાગર સુરિ-પદ્મસુંદર તેના ગુરૂભાઈ ગોવિંદ શિ૦)

(૩૨૯) ભોજપ્રબંધ ચઉપઈ સં. ૧૬૫૧ શ્રાવણ વદ ૯ જાલોરમા.

અંતે—

ભોજપ્રબંધ તણી ચઉપઇ, સોલઇકિાવન વચ્છરિ હુઈ,
વડગચ્છ શાખા ચંદ્ર વિચાર, મડાહડ ગચ્છ ગચ્છ સિણગાર. ૫૪
સૂરિપદ ઈ જયવંતઉ જાણુ, ન્યાનસાગર સુરીશ વખાણુ,
તેહનઇ ગચ્છિ વાચક ગુણગેહ, દીપઈ જસુ ગુણ નિર્મલ દેહ. ૫૫
પદ્મસુંદર નામઈ પરગડુ, ધુર લગિ જાસુ અનોપમ ધડુ,
ગુરૂભાઈ તસુ છઈ ગોવિંદ, પુરિ જાલોરિ પ્રગટ આણંદ. ૫૬
તાસુ સીસ સારંગ સુવાણિ, વિમલ કિઉ નૃપ ભોજ વખાણ,
શ્રાવણ વદિ નવમી કુજવાર, પ્રકટ કીઉ કૃપા પ્રચાર. ૫૭

લખ્યા—સંવત્ ૧૬૫૭ વર્ષે આશ્વિનિ વદિ ૨ રવૌ શ્રી જાલોર મધ્યે પૂર્ણિમા પક્ષે ભટ્ટારક શ્રી વિમલચંદ્રસૂરિ વિજયરાજ્યે વા. શ્રી વિનયસાધુ શિષ્ય ચારિત્રવિમલેન લિ૦ સઘળાં પદ્ય ૪૫૮.

—સાગર ભં. પાટણ.

(૩૨૯ ક) બિલ્હણ પંચાશિકા (જુ. ન. ૨૮૭, જુઓ જ્ઞાનાચાર્ય નં. ૧૨૮ પૃ. ૧૭૩ સં. ૧૬૩૮-(૧૬૪૮) રચેલી.

(આમરો પૃથ્વીરાજે ક્રિસન રૂકિમણીકી વેલીપર લાખા નામના ચારણે પ્રાચીન પશ્ચિમના રાજસ્થાની (પ્રાચીન ગુજરાતી)માં લખેલી બાલાવબોધ નામની ટીકા પરથી વિ. સં. ૧૬૭૮ માં પાલ્હણપુરમાં ફિરોજશાહના અમલ વખતે સંસ્કૃત ટીકા નામે સુબોધમંજરી રચી છે. અને તે સં. ૧૭૮૧ માં પ્રતિબિંબિત થઇ છે. આ અમૂલ્ય ટીકા-

માંથી ડા. ટેસીટોરીએ થોડા થોડા ઉતારાઓ આપ્યા છે પણ તેમણે મૂળ ટીકા પણ સાથે સાથે છપાવી હોત તો કાવ્યરસિક જનોને વિશેષ લાભ થાત. જુઓ ૧૯૭૮ ની દીવાળીનો ગુજરાતી અંક પૃ. ૭૨.)

---

૧૮૪ પદ્મવિજય (ત૦ હીરવિજયસૂરિ શિ૦)

(૩૩૦) તીર્થમાલા (૧૬૫૨ પહેલાં),

આદિ—

સમરસિ સમરસિ સરસતિ, વરસતિ વચનં વિલાસ
તૂં તૂહી મુઝ આપજે, સાચો વચન વિલાસ. ૧
વાણી વાણી ઇમ ભણે, તૂં તૂહી એકતિ
કવિ કેલવણી કેલવેઈ, કેવલ આણે ખંતિ. ૨

* * * *

અંતે— કલસ.

એ તીરથમાલા ગુણવિશાલા કંઠપીઠ જે ઠવે
તસ મુગતિ બાલા અતિરસાલા વરણ વરમાલા ઠવે,
શ્રી હીરવિજય ગુરૂ સુરિપુરંદર સીસ **પદ્મવિજય** કહે,
જે સુગુણ ગુણસ્યે અને સુણસ્યે મંગલમાલ્રા તે લહે.

—ઇતી તીરથમાલા ગુણસ્તવન સંપૂર્ણં.

—સ. ૧૮૪૨ વર્ષે કાર્તિક શુદ ૭ બુધવારે. લિખિતં સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રીપ પં. હરિરૂચિ ગ. તત્સિષ્ય પં. વીરરૂચિ તત્ચરણ સેવી સિષ્ય પં. વિનોદરૂચિ ગ. ના લિપિચક્રે સુશ્રાવક મનછારામ વાચનાર્થ.

(પ્ર. કા. અથવા જૈ. એ.)

—લિ. સં. ૧૮૫૫ જેઠ સુદ ૨ પાનાં ૨૩ પ્રે. ૨.

---

૧૮૫ માલદેવ+ (વડગચ્છ ભાવદેવસૂરિ શિ.)

+આ બહુ સારા કવિ હતા. તેનો ઉલ્લેખ ઋષભદાસે પૂર્વના વિદ્વાન્ કવિ તરીકે કુમારપાલરાસમાં કરેલ છે. (જુઓ મારો લેખ-જૈન કૉ. હરેલ્ડના જૈન ઇતિહાસ અંક સને ૧૯૧૫ માં ઋષભદાસ ૫૨). આ કવિની રચના સુંદર અને લલિત છે. તેના ગુરૂ ભાવદેવનો ઉપાશ્રય હમણાં પણ વિકાનેર રાજ્યમા 'ભટનેર' અને 'હનુમાનગઢ' માં છે. તેના શિષ્ય લોક સિન્ધ અને પંજાબના મધ્યમાં રહ્યા કરતા હતા.

જયરંગ કવિએ સ. ૧૭૨૧ માં રચેલા કયવન્ના (કૃતપુણ્ય)ના રાસમાં માલ કવિનાં સુભાષિત લીધેલ છે:—

" વાલંભતણો વિછોહ, કિરતાર તૂ કદિ ભાજસી ?
કહિ નેં કદિ સંજોગ, કરસી તે નિરણેં કહો, ૧
કોકિલને જ્યું મોરધ્વનિ, દક્ષણ પવનજ દૂતી,
ચંદ્રકિરણ તંબોલ રસ, વિરહી એ ન સુહંત. ૨
દુસહવેદન વિરહકી, સાચ કહે કવિ માલ,
જિ જિંણુકી જોડી વિછડો, તિણુકા કવણ હવાલ. ૩

(૩૩૧) પુરંદરકુમાર સ. ૧૬૫૨

આદિ—

વરદાયક સુરદેવતા ગુરૂ પ્રસાદ આધાર,
કુમર પુરંદર ગાઇસ્યું શીલવંત સુવિચાર. ૧
નરનારી જે રસિક તે સુણિયો સવે ચિત્ત લાય,
દૂકન કઅહું ધુમાઇયેં વીણા સરસ તરવાય. ૨
સરસ કથા જે હોય તો સુનહિં સબહિ મન લાય,
જ્યાં સુવાસ હોવે કુસુમ, મધુપ તહાંહી જાય. ૩

× × × ×

[સુભાષિત]

નમણી ખમણી બહુગણી, રતિવંશ વિશુદ્ધ,
વિણ પુણ્યે કિઉં પાઇએ, કરધન હી ધરિ મુધ. ૮

મીઠા ભોજન શુભવચન મીઠા બોલી નારિ,
સજ્જન સંગતિ માલ કહે કિસહિ ન પ્યારે ચ્યાર. ૧૧

એક પુત્ર ગુણવત જો સોતો સહસ સમાણ,
જિસ લેતિ ચંદણ હોઇ તરૂ ચંદન કુસુમ (એકસુ) પ્રધાન. ૧૭

મુઓ સુત ખિણ ઇકિ દહે, વિનુજાયો પુનિ તેઊ,
દહે જન્મ લગુ મુઢ સુત, સો દુખ સહીઇ કેઊ. (૧૮)

એક પુત્ર સિંહણ જિસો કોઈ પ્રસવે નારિ,
કરિ ધડિ ભડિ લાયે રહે તે સુવરી વિચાર. ૧૯

જોબન પ્રભુતા સંપદા અરૂ ચતુર પણિ હોઇ,
જો એ ચ્યારો માલ કહે(તો) સ્વર્ગ ન વછે કોઇ. ૨૦

મંજરિ મુખ સહિકાર શુક લઈ આયો જનુંપતિ,
જાઇસિ સિર વિધિના દીયો અવવસંત શિર છત્ત. ૨૩

આયુ વિત્ત ગૃહ છિદ્ર અરૂ મેથુન ભેપજદાન.
મિત્ર ન કહિયો આપણો મહનો અને અપમાન. ૫૧

કામી ક્રોધી માનીયો ફિરે જુઆ રતિ માહિ,
ભૂતગૃથલ નિજ શુભ અશુભ,હિએ વિચારે નાંહિ. ૫૬

જીવદયા જગિ જાણીઈ સબહી ધર્મ વિચાર
જીવદયા વિણ માનવી કિમ તરીઈ સંસારે. ૪૭

જબ લગ વિષય ન છાડહિ ધર્મ કરે સવિ કોક
હથ જુગ કહે એ માલ હું તો ન સમઝે લોક. ૬૦

અસ્ત્ર શાસ્ત્ર હય નારિ નર, રવિ એ ત્રિણજ કર લેય
વીણા વાણી મંત્ર અરુ કિસહી કુ ગરૂ દેય. ૬૩

નિશ્ચોલ્લય પરનારકો સૂર્પક ગયો નિજઠામ
લગી ચોટ ન સમજહિ સો તોં મુરખ નામ. ૬૪

સસનેહી તો દુખ સહે માલ તજે પરનારિ
તવલગ મથ મથિએ દહી જબલગ ઘીયમઝારિ. ૭૦

હરિણા ફાસે ફંદ તો જો ચરે પરાયાં ખેત
માલ જાનિ ઈ પરિહરો પરનારીશું હેત. ૭૧

પરતિય માલ ન રાચિએ કરહિજ કપટ સનેહ
બાહિર સોનાનો ભરમ ભીતર પીતરિ એહ. ૭૪

માલરૂપ પરનારિકો દેષિ ડુલાવો ન ચિત્ત
એ નિશ્ચે વિષવેલિફલ, ખાંડ ગલેફે મિત. ૭૫

રૂચિ અરૂચિ હુઇ દુવિધે સીસ ધુમાવણુ હોઈ
અરૂચિઅ સંત મહંત રૂચિ વિરલા જાણે કોઈ. ૮૩

જા સપે તાં પ્રાહણા જાં આવણુ તાં મેહ
જા સાસુ તાં સસરો જા જોબણુ તાં નેહ. ૮૬

કોઈ ન દેખ્યાહી ગમે અનદેખ્યા હિ કેય
દેખ્યા અણદેખ્યા કેઇ સુજણુ ચિત્ત હરિ લેય. ૯૦

રણે વાસો પિએણુસ્યું, વિધિ એતલો કરિજ્જ
ધણુ કણુ કંચણુ આલવણુ, જો ભાવે તો દિજ્જ. ૯૮

અતિ પ્રીતમ જે વિછુરે તો ન મરણોં જાઈ
હિયડા સાવરસિગ જ્યોં દિન દિન નિથુર થાઇ. ૧૦૪

સોરઠા—પાણી તણે વિયોગે કાદમહી ફાટે હીઓ
ઇમિ જે માણુસ હોઈ સાચો નેહો તે જાણીએ. ૧૦૫

એં વાલહો વિયોગ પાણીવાફિણિ નીસરે
સાચો નેહો તે જોઇ જે લોયણ લાહી વહે. ૧૦૬

દુહા—જાં સાજણુ તાં નેહ જગિ જાં અગ્ગે નયણાહ.
બલા બલેરા વીસરે ઉઝર થિયા વણાહ. ૧૦૯

શીખ કહ્યાથી માલ કહે ઉત્તમ કહો ગુણ દીઠ
કબહિ ઉનાલે વસ્ત્ર કહું રંગ ન ચહૂડે મજીઠ. ૧૨૬
માલ ન ગુણ છાનો રહે નિંદહિ જે મતિમંદ
લાઈ કુંડે કરિ છાઇએ છિપ્યો રહે કિતિ ચંદ. ૧૪૮
વસ્ત્ર વિભવવિદ્યા વચન વપુ સુંદર આકાર
માલ જિહાં તહાં માનીઈ, જહ હોહિ પંચ વકાર. ૧૪૯

ગાથા—ખીરસ્સ સકરાએ દાએણ સુયણસ્સ સસગ્ગો*
કસ્સ ન ભો પડિહાયે પૂગેય નાગવલ્લી એ. ૧૫૩
માલ જો કરતવ કીજીએ સો તો જાણીએ અપ
સાધુ ન ચોર ન કાહલો પાપી સંકહી પાપ. ૧૯૯
વૃદ્ધતણી જે નારિ અરૂ, દીવ હિ (દીવટ) હુવે સમાન
કર ગૃહીતપણિ હોહિતે પર ઉપગાર નિદાન. ૨૦૮
દુર્જનલોક ન સહિ સકે પરધન સુખ પરિવાર
વિઘન કરે જીય દેખતાં નીચતણો આચાર. ૩૧૨
દિન દિન અધિકી સંપદા રાજ તેજ સનમાન
મનવંછિત સુખ સંપજે તેતો પુન્ય પ્રમાણ. ૩૧૭
ઉક્તાચ. "હેડિ જરગો ઉપરિ નગો, તીરહ કંઠિ અછઈ ભિલ્લગો,
ઇસર કરે સુ સહુને છાજે, અવર કરે તે હટી બજાજે. ૩૧૯
તિહુ લોકકો દીપ જિમ કહીઇ ધર્મ પવિત્ર
દિનદીવો રવિ માલ કહે (જિમ) તિમ કુલદીપ સુપુત્ર. ૩૨૧
ગુણવંતા ગુણવંતસ્યું મિલ્યો પરમ સુખ એહ
અણગમતા સ્યુ માલ કહે કિમે ન વધે સનેહ. ૩૨૬
શુદ્ધભાવ (ભાવસહિત) ગુરવંદના કરજે ભગતિ વિશાલ
તિર્થંકર સમ હોહિતે વાસુદેવ સમ (જિમ) માલ. ૩૩૧
દ્રવ્યભાવ (ભાવસહિત) વિસ્તર કહે જિન પૂજે ત્રિકાલ
તિર્થંકર પદવી લહે શ્રેણિક જિમ તે માલ. ૩૩૦

ઢાલ—રંગરસ વિરવારે.

નિરતિચાર સંજમ સદા, વ્રત પાલોરે
કરતા ઉગ્રવિહાર શીલવ્રત પાલોરે.

× × × ×

અંતે—

ભાવદેવસૂરિ ગુણનિલો, વ્ર૦ ભાડગચ્છ કમલદિણંદ શી૦
તાસ શિષ્ય શિક્ષા કહે, વ્ર૦ માલદેવ આણુદ. શી૦

—ઇતિ શીલ વિષયે પુરંદર કથા સમાપ્તા, સં. ૧૬૬૯ ભાદ્રમાસે શુદિ ૫ આગરા નગરે લિ. પૂજ્ય કપૂરચંદ ઋષિ. શિ. કલ્યાણઋષિ. ૨૫-૯ આગરાભંડાર;

બીજી પ્રતમાં છેવટની આ કડી વધારે છે.

આગમ મિલતો જે કહો વ્ર. અનુમોદો જાય શી૦
જે વિરૂદ્ધ કિંઉ હિ કહ્યું વ્ર. મિચ્છામદુક્કડં દાય. શી૦

—ઇતિશ્રી શીલવિષયે પુરંદર નૃપ કથા...ચઉપાઈ સમાપ્તા. સં. ૧૮૪૦ ચૈત્ર વદિ પંચમી દિન ગુરૂવારે. આગરાભંડાર.

—સં. ૧૬૮૩ વર્ષે. શ્રી સુમતિચંદ્રસૂરિ વિજયરાજ્યે વાચનાચાર્ય શ્રી વિનયસાધુ શિષ્ય ચારિત્રવિમલેન રાસોડયં લિખિતઃ સ્વવાચનાય. ૧૬-૧૫ લીં૦

—સ. ૧૭૧૭ લિ. ૧૩-૧૭ લીં.

—સ. ૧૬૫૨ દ્વિતીય અષાઢ શુદિ દ્વિતીયા રવૌ દિને...... ૨ીશ્વર વિજયરાજ્યે વા૦ શ્રી ૫ શ્રીમાણિક્યચંદ્ર ગણિ તત્ શિ. ૫. વિનયચંદ્ર ગણિ તત્ શિ. ઋષિ શિવચંદ્ર લિ૦ પ્ર. કા.

આ કૃતિની સ. ૧૬૬૯ ની પ્રતમાં દોહા ઘણા, તથા સોરઠા દૂહા-સિવાય નીચે પ્રમાણે ઢાળ છે.

૧ ચૂંનરી મેરી પાટકી—૨ પ્રાણપિયારે નેમિજી—૩ ઝૂંબકરાની ઢાલ. ૪ સૂવડો વાડિહિ હિલ્યો—૫ જોગનાકી ઢાલ. ૬ રામચંદકે બાગે

(ચંપો મોર લીઓરી). ૭ પાસજિણુંદ જુહારીઈ–૮ રયબારીકે છોહરા એ. ૯ ઢાલ–રંગરસ વિરવારે—

(૩૩૨) ભોજપ્રબંધ.

---

૧૮૬ પરમાણુંદ (ત. આણુંદવિમલસૂરિ–શ્રીપતિ–હર્ષાણુંદ શિ.)

(૩૩૩) હીરવિજયસૂરિ નિર્વાણ સં. ૧૬૫૨.

આદિ—

> સમરી સરસતિ ભગવતિ શુભમતિ, આપે અવિરલ વાણીજી,
> હીરવિજયસૂરિ જગગુરૂ ગાઉં, પરમાણુંદ ચિતિ આણીજી
> જય જય જય જગગુરૂ ગછપતિ ગુરૂઓ.

* * * *

અંતે—

> સંવત પન્નર (? સોળ) બાવને આસો વદિ સાતમિ જાણુજીરે
> પરમાનંદે ઊનાગઢે રચિઓ હીરનિર્વાણુજીરે. ૧૦૦
> શ્રી આણુંદવિમલ સૂરીસરૂ, તસ શ્રીપતિ ઋષિ સીસજીરે,
> તસ પદપંકજમધુકરો, હરષાણુંદ મુધ ઈસિજીરે. ૧૦૧
> તાસ ચરણુ સેવા કરૂ, પરમાણુંદ ભલે સીસજીરે,
> બોલ્યા ગુણુ જગગુરૂ તણા, જયવંતા જગિ દીસેજીરે. ૧૦૨

—સંવત ૧૬૫૨ વર્ષે પોસ વદિ અમાસ સો શ્રી ઊનંતદુર્ગે ભાટ-ગ્રાતી સખીદાસ લખિતં. શ્રાવિકા પૂતલી પઠનાર્થે. (આ પરથી જણાય છે કે આ પ્રત કવિના રચના સંવત્માંજ લખાયેલી છે. ૬–૧૧ માં.

---

૧૮૭ વિવેકહર્ષ (ત૦ હર્ષાણંદ શિ૦)

(૩૩૪) હીરવિજયસૂરિનો રાસ. સં. ૧૬૫૨ વીજાપુરમાં.

આદિ— રાગ સામેરી.

ઇમ ચિંતી મનહમઝારિએ, પાટણથી કરઈં વિહાર એ
ગણધાર એ, રાજનગરિ પધારીઆ એ. ૧

શાહજાદઉં શાહ મુરાદ એ, હીરનઇં વંદઈં અતી આલ્હાદએ
પ્રસાદએ, માગઇ હીરજીની દુઆ ઘણી. ૨

× × × ×

અંતે— રાગ ધન્યાસી.

જયઉ જયઉ જગગુરૂ પટધરો, શ્રી હીરવિજય ગણધારજી,
સાહઅકબર દરગાહમાં જિણિં પામ્યો જય જય કારજી. જય૦
જિહાંલગિં મેરૂ મહીધરો, જિહાંલગિં ગિરવરની રાશિરે
ચિર પ્રતપઉ ગુરૂ ગચ્છધણી, શ્રી વિજયસેન સૂરીસજી. જય૦ ૯૯
હીર પટોધર ઉગિઉ, પ્રગટ પ્રતાપી સૂરજી
કુમતિ તિમિર દૂરઈં કરઈં ભવિઅણ સુખ ભરપૂરજી. જય૦ ૧૦૦
વીજાપુર વરનયરમાં, પાંડવ નયન વરીસજીરે,
હર્ષ આનંદ વિબુધતણો, સીસ દીઈં આસીસ.
વિવેક હર્ષ કહઈં સીસજીરે. જય૦ ૧૦૧

—પં૦ અમરવિજયગણિ શિ૦ મુનિ ગુણવિજય લિપિકૃતં. શ્રી વિદ્યાપુરે પુરોપકારાય. ૬-૧૫ બાલ૦

(૩૩૫) હીરવિજયસૂરિનિર્વાણ સ્વાધ્યાય. ૧૬૫૨ લગભગ.

આદિ— રાજવલ્લભ-રાગ.

સરસ વચન ઘઉ સરસતી, પ્રણમી શ્રી ગુરૂપાય
થુણસ્યું જિનશાસન ધણી, શ્રી હીરવિજય સૂરીરાયરે
જગગુરૂ ગાઈઈં, માન્યઉ અકબરશાહિરે
જસ પટિ દીપતઉ, શ્રી વિજયસેન ગચ્છનાહરે જગ. ૧

* * * *

અંતે— કલશ.

ઇસિ શ્રી વીરશાસન જગત્રિભાસન શ્રી હીરવિજયસૂરીસરો
જસ શાહિઅકબર દત્ત છાજઈ બિરૂદ સુંદર જગગુરો
જસ પટ્ટ પ્રગટ પ્રતાપી ઉગ્યઉ શ્રી વિજયસેન દિવાકરો
કવિરાજ હરખાણદ પંડિત વિવેકહર્ષ સુહંકરો. ૨૨

—શ્રી સં. ૧૬૫૬ વર્ષે આષાઢ સિતાત્ ચતુર્માસ દિને પંડિત શ્રી પુન્યહર્ષ ગણિનાં શિશોમુનિ જયહર્ષેણ દેવાસનગરે લિપીકૃતા. પ્ર૦ જૈ. ઐ. ગૂર્જર કાવ્ય સંચય.

(હીરવિજયસૂરિ સ. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા. આની પ્રતિ ૧૬૫૬ માં લખાયેલી ઉપરપ્રમાણે મોજૂદ છે, તેથી આ સ્વાધ્યાય સં. ૧૬૫૨ ના અંતમાંજ રચવામાં આવેલી જણાય છે.)

---

૧૮૮ ધનહર્ષ (ત. હીરવિજયસૂરિ–ધર્મવિજય શિ૦)

(૩૩૬) તીર્થમાલા સ્તોત્ર. (૧૬૫૩)

ધન્યાસી.

શ્રી વિજયદાન સૂરિંદ પટ્ટોધર, સૂરિ ગુરૂ હીરવિજયાભિધાના,
નગર ગંધારથી જેહ તેડાવિઆ, સાહિ શ્રી અકબરિ દત્તમાના. શ્રી ૧
ધર્મનું તત્ત્વ પૂચ્છય સવે તે કહ્યું, સાહ કુંરાકુંઅરિ ધર્મધારિં,
અતિ વિશેષિં પ્રકાસી કૃપા તિહાં ગુરિં, તેહ મનમાં ધરી ભૂપવીરિં. શ્રી૨
પર્વ પજ્જૂસણિં દિવસ દ્વાદશ લગિ, કુણિં કુણ જીવનો વધ ન કરવો,
ઇસ્યાં ફુરમાન કરિ સુગુરૂનઇ અપ્પિઆં, નહિં કૃપા વિણિ કિસિં જન્મ તરવો. શ્રી ૩
દ્વાદશ કોશનું જે સદા જલ ભર્યું, નામ ડાબરસરો જાણ દરિઉં,
શ્રી હુમાઊસુતઈ વલિઅ લખી અપ્પિઅં જાલપ્રક્ષેપઇ નમિં ન કરિઉં. શ્રી ૪.
માત બાથી તનુંજ જગત આનંદકર, જે સકલ જન ઉદ્યોતકારી,
તાસ શિશુ ધર્મવિજયાભિધો બુધવરો, જે સદા વિમલતર ધર્મધારી. શ્રી ૪

તાસ પદયુગ્મઅંભોજમધુકર સમો, તાસ શિશુ વિબુધ ધનહર્ષ ભાષઈ,
પંચ એ શ્રી જિનાધીશ સંસ્કૃતિથકી, પ્રગટ હુઅં પુણ્યરસ સુધા ચાષઇ ૬

—ઇતિ શ્રી તીર્થમાલા સ્તોત્ર શ્રી શાંતિ તીર્થંકર સ્તવન નામાધિકાર સંપૂર્ણ-શુભ ભવતુ, કલ્યાણમસ્તુ, શ્રીરસ્તુ, આરોગ્યમસ્તુ, દીર્ઘાયુ.

(હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા તે સમયનીજ આ કૃતિ છે.)

---

૧૮૯ કુંઅરવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયચંદ્ર-નયવિજય શિ૦)

(૩૩૭) + શ્રી હીરવિજયસૂરિ-સલોકો સં. ૧૬૫૨ પછી

આદિ—

સરસતી વરસતી વાણી રસાલ, ચરણકમલ નમી ત્રિકાલ,
શ્રી ગુરૂપદપંકજ ધરાઉં, હીરવિજયસૂરી ગછપતિ ગાઉં. ૧

* * * *

અંતે—

હીરજીનો ચેલો વલીય વખાંણો, નામે વિજયચંદ્ર પંડિત જાણો,
નયવિજય પંડિત જગીસ, તસ સીસ કુંઅરવિજય કવીસ. ૮૦
જગગુરૂકેરા જે ગુણ ગાવે, તસ મનવંછિત સફલ ફલાઈ,
હીરજી હુઉ જિનસાસણભાણ, નાંમ જપંતાં કુશલ કલ્યાણ. ૮૧

—પ્ર. જૈ. ઐ. ગૂર્જરકાવ્ય સંચય.

---

૧૯૦ જયચંદ્ર(પાર્શ્વચંદ્ર-સમરચંદ્ર-રાયચંદ્ર-વિમલચંદ્ર શિ.)

(૩૩૮) +રસરત્નરાસ સં. ૧૬૫૪ ખંભાતમાં.

(આ રાયચંદ્રસૂરિના સબંધમાં રાસ છે.)

આદિ—

ધુરિ પહિલી ૧—વસ્તુછંદ.

આદિ જિણવર આદિ જિણવર અજિત જિનનાથ,

શ્રી સંભવ અભિનંદનહ સુમતિ પદમપ્રભ સુપાસ સુંદર;
ચંદ્રપ્રભ ઉલ્હાસકર સુવિધિ સીતલ શ્રેયાંસ સંકર,
વાસુપૂજ્ય નઈં વિમલજિન અનંત ધર્મ શ્રી સંતિ,
કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી ધનકંતિ. ૧
પાસ જિનવર પાસ જિનવર સુખકાર,
વર્દ્ધમાન ચઉવીસમઉ સકલ લોકદુહરાસિ ભંજઈ;
મોહ મહાભડ વસિ કરી મયણ માણ ઘણુ હેલિ ગંજઈ,
ગૌતમ ગણધર તેહનઉ, લબધિ તણુઉ ભંડાર,
સમરણુ માત્રઈં જેહનઈં, હોઇ સુજય જયકાર. ૨
આસ પૂરણુ આસ પૂરણુ કલ્પતરૂ સાલ,
શ્રી પાસચદ સૂરીસરૂ યુગપ્રધાન મહિમા વિરાજિત,
પંચમકાલિ વિશાલ જિણિ મુગતિપંથ પ્રકટિય સુશોભિત,
તાસુ તણા પયકજ નમી, આણી મન ઉલ્હાસ,
વડ તપગચ્છ ગુરૂ ગાઇયઉ, પૂરઉ મનની આસ. ૩

દુહા.

શ્રી રાયચંદ સૂરિંદવર, પુરૂષરયણુ અવતાર,
મનમોહન મહિમાનિલઉ, કલા તણુઉ ભંડાર. ૪
ભવિક કમલ પડિબોહણુઓ, મિથ્યા તિમર હરંતિ,
છત્રીસી છત્રીસ ગુણુ, અહનિસિ જે ધારંતિ. ૫

* * * *

અંતે—

ઢાલ ૨૨ કનકકમલ પગલાં ઠવઈ—એ દેશી.

ચિર પ્રતપઉ સૂરીસરૂએ જાંલગિ મેરૂ ગિરિંદ,
જયચંદ ગણિ ઉચ્ચરઇ એ, ભગતિઈં મન એકંત, જયચદ ગણિ.૨૪૭

* * * *

થંભવપુરવર પાસજી એ, ચિંતામણિ સમ જાણિ,
તાસુ તણુઈ સુપસાઉલઇએ, રચ્યઉ રાસ રસાલ. જય. ૨૪૮

સંવત સોલ સરવેદ નઈ એ, સંવચ્છરિ અભિરામિ,
ભગતિ ભાવિ મઈં ગાઇયઉ એ, શ્રી રાયચંદ સૂરિંદ. જય. ૨૫૦
દેવેંદ્રાદિક જઇ મિલઈ એ, પાર ન પામઇ તોઇ,
તે ગુણ કેતા હું કહઉં એ, પણિ એ ભગતિ વિચારિ. જય, ૨૫૨
જે આગમિસ્યઉ નહુ મિલઇએ, મિચ્છાદુક્કડ તાસુ,
હિવ હૂં માગઉં એતલઉં એ, પૂરઉ મનહ જગીસ,
ગણિ જયચંદ ઇમ વીનવઈ એ, સેવ કરઉં નિસિદીસ. જ. ૨૫૫

વસ્તુ.

ન્યાન ગુણનિધિ ન્યાન ગુણનિધિ સુગુરૂ વિખ્યાત,
શ્રી રાયચંદ સૂરીસરૂ સકલસાર ગુણદેહ ભૂષિત.
તાસુ તણા ગુણ વર્ણવ્યા પાસનાહ સુપ્રસાદિ શોભિત,
મુનિ કુંવરજી ગણિવરૂ પ્રાર્થનિ ભગતિ જગીસ,
ગણિ શ્રી જયચદ વીનવઈ પૂરઉ મનહ જગીસ. ૨૫૬

—સં. ૧૬૬૩ વર્ષે વૈશાષ વદિ ૬ શુક્રવારે, લિખિતં કુંયરજી ગણિના-શ્રી અહમ્મદાવાદ નગરે. પ્ર. ઐ. રાસ સંગ્રહ ભાગ ૧.

(૩૩૯) +રાયચંદ્રસૂરિ બારમાસ.

આદિ— દૂહા.

સુંદરરૂપ સુજાણવર, સોહગ મંગલકાર,
મનમોહન જિઓ વલ્લહઓ, પરતખિ સુર અવતાર. ૧
શ્રી રાયચંદ સૂરીસરૂ, મહિઅલિ મહિમાવંત,
ગુણ આગર લીલાપવર, સારદ સસિ જિમ સંત. ૨

× × × ×

અંતે—

શ્રી રાયચંદ સૂરીસરૂ, જે સેવઇ નરનારિ,
ગણિ જયચંદ ઇમ ઉચ્ચરઈ, તસુ હુઇ જયજયકાર. ૩૯

—લિખિતં કુંયરજી. અહમ્મદાવાદે.

—પ્ર૦ ઐ. રાસસંગ્રહ.

[આ કવિ વિમલચંદ્ર સૂરિના પટ્ટધર હતા. વિમલચંદ્ર સૂરિના મૂળ રાજનગરના શ્રીમાલી સઘરી રાજપાલ પિતા અને સુખમાદે માતા. તેની દીક્ષા સં. ૧૬૫૬ વૈ. શુ. ૬ ને દિને, આચાર્યપદ ખંભાતમાં સ. ૧૬૬૯ વૈ. શુ. ૬ ને દિને પામ્યા ને સ્વર્ગે સં. ૧૬૭૪ ના આસો શુદ ૧૩ ને દિને ગયા. આ સૂરિના હાથથી પુંજાએ સં. ૧૬૭૦ ના અસાડ સુદ ૯ દિને રાજનગરમાં દીક્ષા લીધી. તે પુંજાએ મહા ઉગ્રતપ કરી તપસ્વી તરીકે પ્રસિદ્ધિ કરી. તે પુંજા ઋષિએ આપણા કવિ જય-ચંદ્રસૂરિની પાસે રહી તપ કરેલુ છે. કુલ ૧૨૩૨૨ ઉપવાસ કર્યા હતા. તપની સંખ્યા ઉપાધ્યાય સમયસુંદરજીએ કરેલ પુંજા ઋષિનો રાસ અને મુનિ હીરરાજના શિષ્ય દલભદ્રે કરેલ પુંજરત્ન-રાસમાંથી મળી શકશે. જયચંદ્રસૂરિ મૂળ વીકાનેરના ઓસવાળ હતા. તેમનાં માતા પિતાનાં નામ જેતસિંહ અને જેતલદે હતાં. તેમને સં. ૧૬૭૪ માં આચાર્યપદ મળ્યું ને સં. ૧૬૯૯ અસાડ સુદ ૧૫ દિને સ્વર્ગવાસ પામ્યાં. આમના વખતમાં અમદાવાદમાં શાંતિદાસ શેઠના પ્રયત્નોથી સ. ૧૬૮૦માં સાગર-પક્ષ નીકળ્યો.]

પાર્શ્વચંદ્રસૂરિના ૯૭ દૂહા. જોધપુરમાં

અંત—

પાર્શ્વચંદ્ર પટ્ટોધરણ, સમરચદ્ર ગુરૂ સૂર,
પરતે ગુરૂને પાલીયા પંચ મહાવ્રત પૂર. ૪૪

સમરચંદ્ર ગુરૂ સારિખા, રાજચંદ્ર તિણુરાત,
ખડગધાર ચારિત્ર ખરો ચઢે ધરાલગ બાત. ૪૫

ગચ્છધોરી ગાજે ગુહિર વિમલચંદ્ર વડવાર,
પટ્ટોધરણુ પ્રગટીયો જયચંદ્ર જગે આધાર. ૪૬

જે રાજા પરજાહ જે સહુકો નામે શીષ,
જયચંદ્ર આયો જોધપુર પુગી સઅહિ જગીસ. ૪૭

---

૧૯૧ જ્ઞાનસાગર બીજા (ત૦વિજયસેનસૂરિ-રવિસાગર શિ.)

(૩૪૦) નેમિચંદ્રાવલા. સં. ૧૬૫૫ જીર્ણગઢ (જૂનાગઢ)માં.

આદિ—

સરસતિ ભગવતી મન ધરીરે, સમરી શ્રી ગુરૂપાય,
નેમકુમર ગુણ ગાયવારે, મુજ મન ઉલટ થાય.
મુજ મન ઉલટ થાય અપાર, સ્તવસ્યૂં યાદવ કુલસિણગાર,
બાવીસમો જિનવર બ્રહ્મચારી, જયજય નેમજી જગહિતકારી. ૧
રાજીમતી ભરતાર, વલી વલી વંદીયેંરે,
રેવતગિરિ હિતકાર, દેખ્યાં ચિત આણંદીયેંરે; રાજીમતી૦ ૨

અંત—

સંવત સોલપંચાવનેરે, જીરણગઢ ચોમાસ,
રૈવતકાચલ ઊપરેરે, ઊજલ સમ કૈલાસ,
ઉજ્જલ સમ કૈલાસ પ્રસાદ, દીઠાથી ટલિઓ વિખવાદ,
નેમિ જિણેસર સામી થુણિઓ, તિહાંથી સફલ જમવારો ગણિઓ. ૭૨
તપગચ્છ નાયક જગજયોરે, શ્રી વિજયસેન સુરીંદ,
તપગચ્છમાંહિ ગાજતોરે, રવિસાગર મુનિંદ,
રવિસાગર મુણિંદ સોભાગી, તપ જપ ક્રિરિયાસું લય લાગી,
સેવક ન્યાનસાગર સુપકારી, સ્તવીઓ નેમિ સ્વામી આધારી. ૭૩
(પદ્ય ૧૪૪ પૃ૪ ૫ પ્ર. કાં. વડો.)

—લિ. ધર્મવિજે-લક્ષ્મીવિજેજી, સં. ૧૮૩૨ ફા. વ. ૯ ભાવનગરે ઋષભદેવ પ્રસાદાત્ ૬-૧૪ ધો.-પા. ૭ પ્રે. ૨.

---

૧૯૨ જયવિજય (ત. હીરવિજયસૂરિ-કલ્યાણવિજય ઉ. શિ.)

(૩૪૧) +હીરવિજયસૂરિ પુણ્યખાણિ સઝાય. ૧૬૫૨ પછી.

આદિ—

રાગ રામગિરિ.

પ્રણમિઅ પાસજિણંદ દેવ, સંપયસુહકારણ,
સંખેસર પુરમંડણઉ, દુહદુરીયનિવારણ,

ઉલાલઉ.

પુણ્યખાણિ ગુરૂ હીરનીએ પભણું મનિં આણુંદ,
ભવિયણ જણ સહુ સાંભલઉ જિમ લહુ પરમાણુંદ. ૧

*   *   *   *

અંતે—

સિરિ વિજયસેન સૂરિંદ રાય. સંપ્રતિ જયવંતઉ,
ભવિક જીવ પ્રતિબુઝવઈ, વિહરઇ મહિયંતુ,
સુવિહિત જનનિં હિતકરૂએ, કરૂણારસભંડાર,
વિનય કરી જેઓ વસઇ, લહસઇ (તે) ભવપાર. ૨૨
સકલ કલ્યાણ નિવાસ ગેહ, અતિ સુંદર સોહઈ,
સિરિ કલ્યાણવિજયવાચક પ્રતિ, દીઠઇ મન મોહઇ,
તાસ સીસ જયવિજય ભણઈ એ પૂરૂ મનહ જગીસ,
સિરિ વિજયસેન સૂરીસરૂ, પ્રતિપઉ કોડિ વરીસ. ૨૩

—પ્ર૦ જૈ-ઐ-ગૂર્જર કાવ્ય સંચય.

(૩૪૨) +કલ્યાણવિજયગણિનો રાસ. સં. ૧૬૫૫ આસો શુ. ૫.

આદિ—

સકલ સિદ્ધિવરદાયકો, સ જયો રિષભ જિણંદ,
ભારત સભવ ભવિઅજણ, બોહણ કમલ દિણંદ. ૧
શાંતિ જિણેસર મનિ ધરૂં, શિવકર ત્રિજગ મઝારિ,
સિદ્ધિ વધૂ વરઆભણી, વરીઓ સંજમ ભાર. ૨

*   *   *   *

અંતે— ઢાલ ૧૪.

સાધુ શિરોમણી વંદીએ, શ્રી કલ્યાણવિજય ઉવઝાયરે,

*   *   *   *

શ્રી હીરવિજયસૂરી રાજીઓ, કલિયુગિ જુગહપ્રધાનરે,
સાહિ અકબર રાજણિં બુઝવી, દીધુ જીવ અભયદાનરે. સાધુ. ૨૬૪

જસ પાટ જેસંઘજી જયુ, ગૌતમ સમ પ્રતિરૂપરે,
પ્રગટયો સવાઇ હીરલો, પરિખીઓ અકબર ભૂપરે. સાધુ. ૨૬૫
હીરજી શીશ જગિ વલ્લહો, શ્રી કલ્યાણવિજય ગુણગેહરે,
વાચકરાય મેં ગાઇઓ, જંગમ તીરથ એહરે. સાધુ. ૨૬૬
જવ લગી શેશ મહી ધરે, જાં સુર ગિરિ થિર થાયરે,
જાં રવિ શશિ ગ્રહગણુ તપે, તાં પ્રતપો મુનિરાયરે. સાધુ. ૨૬૭
સંવત સોલપચાવન, વત્સર આસો માસરે,
શુદ્ધ પખ્ય પંચમિ દિને, રચીઓ અનોપમ રાસરે. સાધુ. ૨૬૮
જગિ જયવંતા કલ્યાણ, પૂરો મનહ જગીસરે,
સેવા ચરણકમલ તણી, માગે જયવિજય શીશરે. સાધુ. ૨૬૯
ભણે ગુણે જે સાંભલે, ગુરૂ ગુણુ એક ચિત્ત જાણરે,
વાછિત સર્વ સુખ અનુભવે, પામે તે કોડી કલ્યાણરે. સાધુ. ૨૭૦

—પ્ર૦ મારી જૈન એ. રાસમાળા ભાગ ૧-; બા.

(૩૪૩)+ શ્રી સમેતશિખર રાસ * સં. ૧૬૬૧.

* "આનું બીજું નામ પુર્વદેશ ચૈત્ય પરિપાટી છે. આમાં વિજયદેવસૂરિના સમયમાં મથુરાના સંઘવી બિંબુએ કાઢેલા સંઘનો પ્રસગ છે તે સઘ મથુરાથી નીકળી પીરોજાબાદ, ચંદવાડ, રેયડી, સોરીપુર, શાહજાદપુર, •કૌશાબી, ફતેપુર, વાણારસી, સિહપુરી, ચંદ્રાવતી, પાટલીપુત્ર તથા તુગીયા નગરીઓમાં યાત્રા કરતો કરતો સેહોર .નગરમાં આવ્યો. ત્યાં રાય શિવરામને મળીને રસ્તામાં વાટ વિષમ હોવાથી માર્ગદર્શકો તથા રક્ષકો લીધા. લંગોટીવાલા તથા ઉઘાડા મસ્તકવાળા લોકો, કદલી વગેરે વૃક્ષોનાં વનો તથા કૌતુકો જોતો જોતો સંઘ સમેતાચલ આવ્યો. અહીં પાલગંજના રાજા પૃથ્વીચંદે સાથે આવીને યાત્રા કરાવી. સઘ ત્યાંથી મગધદેશમાં થઇને પાછો ફર્યો. રસ્તામાં રાજગૃહી, પાવાપુરી, જંબીગ્રામ, જકૃણપુરી, અયોધ્યા, રત્નપુરી અને કંપિલપુરમાં તીર્થયાત્રા કરીને સંઘ સ્વસ્થાને–મથુરામાં પાછો આવ્યો." આ કવિ જયવિજયજીએ સસ્કૃતમાં શોભનસ્તુતિપર ટીકા (સ. ૧૬૪૧)

આદિ— રાગ રામગિરિ.

પ્રણમીઅ સહગુરૂતણા પાય સુહસંપતિકારી,
સરસતિ સામિણિ વીનવું દિઉ મુઝ મતિ સારી,
ચૈત્યપ્રવાડી ભાઙ્ું ભાવિ પૂરવ દિસિ કેરી,
જનમભૂમિ જિનવરતણી વંદું ઊદેરી,

અંતે— કલશ.

તપગચ્છ નાયક શુભમતિ દાયક શ્રી વિજયસેન સુરિંદ,
તસ પટગયણ વિભાસણ દિનકર શ્રી વિજયદેવ મુણિંદ,
વાચક સયલ ચૂડામણિ સોહઇ નિરમલ ન્યાનનિવાસ,
શ્રી કલ્યાણવિજય ગુરૂચરણ પ્રસાદઈ હુવો મુઝ બોધપ્રકાશ. ૮૮

સસિ રસ સુરપતિ વચ્છર આતપ એકાદિસિ બુધવારઈ,
સમેતાચલ મહાતીરથ કેરૂં સ્તવન રચ્યુ મતિસારઈ. ૮૯

પઢઈ ગુણઈ જે શ્રવણે નિસુણઇ તીરથ મહિમા ભાવઇ,
જયવિજય વિબુધ ઇમ જપઈ સુખ અનતા સો પાવઇ. ૯૦

(પ્ર. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. વડોદરા.) સમ્મેતશિખર તીર્થમાલા એ નામથી પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ. ૨૨-૩૨માં પણ પ્રકટ થએલ છે.

૧૯૩ લલિતપ્રભ (પૌ૦ કમલપ્રભસૂરિ-પુણ્યપ્રભસૂરિ શિ.)

(૩૪૪) ચંદરાજાનો રાસ. સં. ૧૬૫૫ માહ શુ. ૧૦ ગુરૂ, અણહિલપાટણમાં.

અને કલ્પદીપિકા રચેલ છે. કલ્પદીપિકાનો ઉલ્લેખ કવિ ઋષભદાસે હીરવિજયસૂરિરાસમાં કર્યો છેઃ-'જસવિજય જયવિજય પન્યાસ કલ્પદીપિકા કીધી ખાસ' પૃ. ૧૦૮. હીરવિજયસૂરિ અકબરની મુલાકાતે ગયા ત્યારે આ જયવિજયજી પણ તેમની સાથેજ ગયા હતા.

આદિ—

મંગલકરણ પ્રણમું સદા, મહામંત્ર નવકાર,
નવપદ ધ્યાતાં પામીઇ, સંપદ યશ વિસ્તાર, ૧
સરસતિ ભારતિ મુઝ દીયુ, સુંદર વાણિવિલાસ,
તુઝ પય ધ્યાનિં કવિય રસ. વિરચઇ મન ઉલ્હાસિ. ૨
શ્રી સદગુરૂ ચરણે નમી, ગાસ્યું શ્રી રવિરાય,
શ્રી ચંદકેવલિ તે જયુ, નાંમિં નવનિધિ થાઇ. ૩
આંબિલ વર્ધમાનતપિં પાંમ્યુ ઋદ્ધિ વિસાલ,
ઉત્સર્પિણિ વારે હૂઉ, શ્રી ચંદ સાધુ રસાલ. ૪
ગોતમ ગણધર ભાસિઉં, ચેટક આગલિ જાણિ,
તાસ ચરિત પભણું હિવઇ, સુણુગો ચતુર સુજાણુ. ૫

* * * *

અંતે—

ચતુર્થખંડ સંપૂર્ણ.
અથ ચૂલિકા—કનક કમલ પગલાં ઠવઇએ—એ ઢાલ રાગ ધન્યાસી.
ચંદ્ર ગછિ ગુણ ગાઇએ, તિહાં ગછ પૂનિમ સાર,
શ્રી ચંદ પ્રભુ સુરીસરૂએ, ગુણિહિ ગૌતમ અવતાર,
ચંદ્રપ્રભુ સૂરીસરૂએ. ૧
પ્રધાન શાખા તિહાં જાણીઇએ. તસુ અદ્વિતિય વિશાલ,
કમલવદન કમલાકરૂએ, કમલ નયન પ્રભુ સોઇ, ૨
કમલપ્રભ સૂરિપાટ ભણું એ, પુણ્યપ્રભ સૂરિરાય
પુણ્યઈ પદ્મા પાંમીઇએ, પુણ્યઇ સંપતિ પાઈ. ૩
પુણ્યઈ નરપતિ પદ લહે પુણ્યે તેજપ્રકાશિ,
પુણ્યવંત ગુરૂસીસ ભણું એ, શ્રી વિદ્યાપ્રભસૂરિ જાસ. ૪
વિદ્યાઈ વિત પાંમીઇએ, વિદ્યા રાય નમે પાય
વિદ્યાઇં દેવ વસિ હુઇએ, અલિય વિઘન સવિ જાઈ. ૫
જસ પાંમે વિદ્યાથિકીએ, વિદ્યા ધરમ ઉદાર
મુગતિ લહઇ પરંપરાએ વિદ્યા સુખ વિસ્તાર. ૬

તસુ સીસએ ઇમ ભણઇએ, શ્રી લલિતપ્રભસૂરિ ભાવે તુ-ચ
શ્રી ચંદ્રચરિત તે જાંણીઇએ, બોલે ઉલટિ આવે તુ. ૭
સંવત સોલપચાવને એ, માઘમાસિ વિચારતુ
સુકલપક્ષ તસુ જાંણીઇએ, દસમિ તિથિઇતે સારતુ ૮
ગુરૂવારિં રચના કરીએ, રોહણી ક્ષેત્ર જોઇ તુ
ભણે ગુણે જે ભાવસિઉ એ, તસુએ સુખકર હોઇતુ- ૯
અણહલવાડે પાટણ એ ઢંઢેરવાડે જાણિ તુ -
સામલો પાસ સોહાકરૂએ, નમિઇ આણંદ આણિ તુ- ૧૦
તપ ઉપરિ એ ચરિત કહુએ, તપથી સુખ વિલાસ તુ ચ.
તપ મોટુ જગિ જાંણીઇએ, તપ છે કલ્પ રસાલ. ૧૧
ભવિક શ્રાવક બહુ ભાવથી એ, આદર લહી તેહનુ સાર તુ.
પાસ જિણંદ પ્રભાવથી એ, રચીઉ રાસ ઉદાર તુ. ૧૨
તપ પુણ્ય મહિમા અતિ ઘણો એ, સુણિગો આંણી પ્રેમ તુ,
શ્રી ચંદ સુણતાં ભાવસિઉ એ, હુઇ અવિચલ ખેમ તુ. ૧૩

—આણંદપુર પત્તને સુરજીસુત અબાવીદાસેન મીદં પુસ્તક લેખી કૃત. ૬૧-૧૫ ડે૦, રત્ન

[આ કવિ પૂર્ણિમાગચ્છની પ્રધાનશાખામા થયા છે એવુ પ્રતિમા લેખો પરથી જણાય છે. તેમના ગુરૂના ગુરૂ પુણ્યપ્રભસૂરિનો સં. ૧૬૦૮ નો પ્રતિમા લેખ મળી આવે છે. જુઓ લેખાંક ૧૨૪ અને ખુદ કવિનો પ્રતિમા લેખ સં. ૧૬૫૪ નો મળી આવે છે જુઓ લેખાંક ૧૦૧ ધા. પ્ર. સં. ભા. ૧. કવિનો લેખ આ પ્રમાણે છે:—

સં. ૧૬૫૪ વર્ષે માઘ વદિ ૧ રવૌ શ્રી શ્રીમાલજ્ઞાતીય દોસી વીરપાલ ભાર્યા પુજી સુત દોસી રહિઆકેન શ્રી સંભવનાથબિંબ કારાપિતં શ્રી પૂર્ણિમા પક્ષે પ્રધાનશાખાયાં શ્રી વિદ્યાપ્રભસૂરિ પટ્ટે શ્રી લલિતપ્રભસૂરિભિઃ પ્રતિષ્ઠિતં.

આ લેખ ચાણસમા ગામના મંદિરમાં ધાતુની પંચતીર્થી પર છે.]

૧૯૪ નર્બુદાચાર્ય (ત૦ કમલકલશ શાખા—કમલકલશ-સૂરિ—મતિલાવણ્ય અને બીજા—કનક શિ૦)

(૩૪૫) કોકશાસ્ત્ર ચતુષ્પદી. સં. ૧૬૫૬ (શક ૧૫૨૧) વિજયાદશમી, બુધ બુરહાનપુરમાં.

અંતે—

હવે કવિ નરબુદ બોલે એ કથા, નામ ઠામ પોતાના યથા,
કવણ વંશ માહેં ઉપના, તેહ સંક્ષેપ બોલુ અધુના. ૫૯

ગુજર દેશમાંહિં અભિરાંમ, ધર્મ ધ્યાનનો ઉત્તમ ઠામ,
યતિ સતિ તપ આગમ જ્ઞાન, સર્વ લોક વસૈ સાવધાન. ૬૦

કલિયુગ ગંગા જા(સા?) ગરમતી, ઉત્તમ નીર વહેં સાસ્વતી,
સદા કાલ જલ પૂરણ વહેં, સ્નાન પાપતણાં નર દહેં. ૬૧

કંઠે નગર વસૈ અભિરાંમ, અમદાવાદ શ્રી ઉત્તમ ઠામ,
સર્વ વસ્તૂ પામીજૈ જેહ, જંબુદ્રીપમાંહિ ન મલે તેહ. ૬૨

શ્રી શ્રીમાલી તિહા વિવહાર, દેવરાજ નામે ઉપચાર,
માન દીયે મહમદ સુલતાંણુ, મહિતા માહિ વડો બધા. ૬૩

નેહ ધરે કુલવતી સાર, વિપક્ષ પૂરણુ કુલવિખ્યાત.
રાજુલદે નામે ઉતરે, તેહની કુખે હૃ અવતર્યો. ૬૪

કર્મસંયોગે મારૂ દેશ, નગર શીરોહિ કીધ પ્રવેશ,
તિહાં રહેવાનો કીધો ઠામ, યોગા થયા લહ્યા ગુણગ્રામ. ૬૫

નવમે વરષૈ શ્રી ગુરૂતણા, પામ્યા ચરણ મનોરથ ઘણા,
દીક્ષા લીધી શ્રી ગુરૂ પાશ, ભવબંધણ તે છોડયા તાસ. ૬૬

શ્રી તપગચ્છમાહિં જશવંત. કમલ કલશ શાખા બોલંત,
ગચ્છનાયક શ્રી પૂજ્ય પ્રમાણુ, જાણૈ ગગન ઉદંતા ભાણુ. ૬૭

ધર્મ ધુરંધર શ્રી ગુરૂ નામ, કમલકલશ શિષ્ય અભિરામ,
મહા ગુણવંત મહા ગંભીર, પંચમહાવ્રત યતિ સુધીર. ૬૮

પ્રૌઢ ભટારક પાટધારિ ધારિણી, જેહની કીરત યુગમાં ઘણી,
મહા ગુણવંતા ગણધર ભાવ; પંડિત શ્રી મતિલાવણ્ય ભાવ. ૬૯
બીજા પન્યાસ શ્રીગધર.........કહે સુખવાસ,
ત્રીજા ગણિ શ્રીમતિ પન્યાસ, કહ્યા ભાવ પ્રસિદ્ધ પ્રમાણ. ૭૦
સૂરિશ્વરના ગણધર એહ, કેતલા નામ કહુ બહુ તેહ,
ગછમાહિ ગુણવંત ગંભીર, યતિઅત કનક નમૈ ધીર. ૭૧
એહવા ગુરૂ ભટારક જેહ, કહુ ઉપમા સવાઈ તેહ,
શિષ્ય નરબુદને કરૂણ કરી, દીધો પદ તેં ઉતમ ધરી. ૭૨
દેઈ દીક્ષા નેં દીધો મંત્ર, શ્રી સરસ્વતી બાંધ્યો તંત્ર,
ઘણા દિવસ મેં સેવા કરી, શ્રી સારદ કરૂણા આદરી. ૭૩
વર્ષે તેર મૈં આવ્યો માન માતંગી દીધો વરદાન,
શ્રી ગુરૂચરણ પસાઈ કરી, કવિજન મતિ નરબદ આચરી. ૭૪
ઘણા દિવસ ગુરૂને સેવિયા, ભણી ગણીનેં પોઢા થયાં,
વિહાર કર્મ તિહાથી કીધ, શ્રી ગુરૂની અનુઆજ્ઞા લીધ. ૭૫
દક્ષણ દેશ પ્રતિ કીગો વિચાર, કૌતુકયૈ આ દેશ અપાર,
અનેક બોધવીયા જીવનૈ, કવિ મંદગતિ પામિ દેશનૈ. ૭૬
દૈવયોગ ચાલતાં સહી, ખાનદેશમૈ આવ્યા વહી,
ગઢ આસેર તિહાં અભિરામ, બરહાપુર નગરનો નામ. ૭૭
રાજ બલવંત સુજાણ, વૈરીના ભાજે ભડ હાણ,
સદા અભગ તરવારહ તેજ, જાનિ ફારક કલાવિવેક. ૭૮
મીરાંહ હલસાહ સુજાણ, તાસ પુત્ર બલવત વખાણ,
મીરાં બહાદુર સાહ થારકી, કીરત ઘણી ન જાઉં લખી. ૭૯
સંવત સોલ છપને સાર, શક પનર એકવીસ મઝારિ,
ઘતૂ અયમ દક્ષિણદિશ રવિ, શરદશપતિ માહિ બાલ કવિ. ૮૦
આસુ અધિક મહોછવ માસ, પક્ષ અજૂ આલે શશિ પ્રકાશ.
વિજયા દશમી મન આણંદ, વાસર બુધ સુખ પરમાણંદ. ૮૧

ઉત્તરા આષાઢ નક્ષત્ર સુવિચાર, શ્રી નરબુદ બોલૈં કવિરાજ,
કર્કરાશિ ગુરૂ ગ્રહ ભોગવૈ; તુલે શનિ આવણુ ચીતવૈ.　　૮૨
સુભ મહુરત શુભ વેલા સાર, ઉત્તમ લક્ષણુ તણો વિચાર.
શ્રી નરબુદ બોલેં કવિરાજ. કરી ચોપઇ સંપૂરણ આજ.　　૮૩
શ્રી ગુરૂ તણી કૃપા આદરી, કોક ચોપઇ સંપૂર્ણ કરી,
જે નર હોવેં ચતુર સુજાણુ, નારિ પ્રેમ વિલૂધા પ્રમાણુ.　　૮૪
તે એ કથા સુણસેં સહી, અથવા ન પાશી સરસી લહી,
સુણતાં ચિત્ત હોસ્યૈ આણુંદ, પરમસુખ પામૈ પરમાણુંદ.　　૮૫
કોક તણો મદ લેઇ કરી, ચાલ ચોપઈ કવિ ઉચરી,
બુરહાંનપુર નગરમાં થઈ, કોકદેવ નામે ચોપઇ.　　૮૬
દશ પ્રકાર સંપૂરણ હૂઆ, વિગત કરિ કથા જૂજૂઆ,
શ્રી માતંગીને વરદાન, કરી ચોપઇ અમૃત સમાન.　　૮૭
જે નર સ્ત્રીઆલુબધા હસૈ, તેહ નામને ઈણી ગ્રંથૈ વસૈં,
જિમ કમલ માહિ ભમર રમૈ; ગંધ કેતકી છાંડૈ કીમૈ.　　૮૮
નાના ગ્રંથ તણા મત જોય, કોક ચોપઇ કીધી સોય,
શ્રી નરબુદ કહૈ કવિરાજ, એહ ગ્રંથ થરિ હરયો સમરાજ.　　૮૯
જે નર સુણૈ શ્રવણે સહી, બુધી વિસ્તાર હોસૈ નર લહી,
વિરહી તણા ભાજસૈ દુઃખ, ભોગી જનને પ્રામ સુખ.　　૯૦
જિહાં લગેં રવિ શશિ ગગનૈં તપૈ, જિહાં લગેં મેરૂ મહિમધ્ય જપૈ.
તિહાં લગેં કથા રહિસ્યૈ પુરાંણુ, કવિ નરબુદ કહૈં કથા વખાણુ. ૯૧
કામશાસ્ત્ર મતિ ઉત્તમ એહ, દેઇ ચિત્તનેં સુણસેં જેહ,
અનંત સુખ પામિસેં સદા, શ્રી નરબુદ કહે સુખસંપદા.　　૯૨

—ઇતિશ્રી મજ્જિનાચાર્યં શ્રી નરબુદાચાર્યવિરચિતે કોકશાસ્ત્રે દશમ પ્રકાર સ્થિતિવર્ણપ્રકાર સંપૂર્ણ સં. ૧૭૫૨ વર્ષે કાર્તિક માસે શુકલ પક્ષે દશમી તિથૌ ગુરૂવાસરે વડગામ મધ્યે.

(પત્ર ૪૬ પ્ર. કા.)

[લઘુ પોશાલિક તપગચ્છપટ્ટાવલીમાં જણાવ્યું છે કે સુમતિસાધુ-સૂરિએ પ્રથમ ઇંદ્રિનંદી અને કમલકલશ નામના બે શિષ્યોને આચાર્યપદ આપ્યુ હતું. પરંતુ પાછળથી તેમને સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે કહ્યું કે આ બેને આચાર્યપદ આપ્યું તે ઠીક નહીં કર્યું, કારણકે એઓ ગચ્છનો ભેદ કરશે, તેથી સુમતિસૂરિએ ફરી એક નવા આચાર્ય બનાવ્યા અને તેમનું નામ હેમવિમલસૂરિ એવું આપ્યું. સુમતિસૂરિના સ્વર્ગસ્થ થયા પછી ઉક્ત બંને આચાર્યોએ પોતપોતાના જુદા સમુદાયો પ્રવર્ત્તાવ્યા; જેમાંથી ઇંદ્રિનંદીસૂરિની શાખાવાળા 'કુતબપુરા' કહેવરાવા લાગ્યા અને કમલકલશસૂરિની શાખાવાળા 'કમલકલશ' ના નામથી ઓળખાવા લાગ્યા. મૂળ સમુદાય 'પાલણપુરા' ના નામે પ્રખ્યાત થયો. એજ કમલ કલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિ થયા હતા કે જેમણે સં. ૧૫૬૬ ના ફાલ્ગુન શુદિ દશમીએ આબુ પર્વતપર પ્રાગ્વાટ જ્ઞાતિના સં. સહસ્રાએ અચલગઢ ઉપર મહારાજાધિરાજ જગમાલજીના રાજ્યમાં ચતુર્મુખવિહાર બનાવ્યો તેની પ્રતિષ્ઠા કરી હતી તે વખતે તેમની સાથે ચરણસુંદરસૂરિ આદિ બીજો પણ કેટલોક શિષ્ય પરિવાર હતો. જુઓ લેખાંક ૨૬૩ અને ૨૫૮ મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો. કમલકલશા ગચ્છ સં. ૧૫૭૨ માં થયો એવું વીજાપુર વિદ્યાશાલાના ૩૧ મા ડાબડામાં એક પટ્ટાવલિ છે તેમાં ચોથે પાને લખ્યું છે.]

૧૯૫ ગુણવિનય.*

(ખ૦ ક્ષેમશાખા-ક્ષેમરાજઉ૦-વાચનાચાર્ય પ્રમોદમાણિક્ય-જયસોમ ઉ૦ શિ૦)

(૩૪૬)+ કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ. સં. ૧૬૫૫ મહા વદિ ૧૦ સંધારનગરમાં.

---

* આ કવિએ સંસ્કૃતમાં ગ્રંથો બનાવ્યા છે તે પૈકી ખંડ પ્રશસ્તિ કાવ્ય વૃત્તિ-ટીકા સં. ૧૬૪૧, દમયંતીચંપૂ વૃત્તિ-ટીકા સં.

આદિ—

ફલવધિ પાસ પ્રમાણુ કરિ, વાગ વાણિ સમરેવિ.
શ્રી જિનકુશલ મુણિંદપય, હૃદયકમલિસુ ધરેવિ. ૧
શ્રી ખરતર ગચ્છ રાજ્યકે, યુગપ્રધાન જિણચંદ,
શ્રી જિનસિંહ મુનિંદવર, જિન રંજિય નૃપવૃંદ. ૨
તાસુ કથનિ ઉવઝાય ગુરૂ, શ્રી જયસોમ સુસીસ,
વાચનાચારિજ ગુણવિનય, મનધરિ અધિક જગીસ. ૩
જિનશાસન ઉદ્યોતકર, કરમચંદ નૃપચંદ.
તેહની વંશપરંપરા, પ્રભણુઈ સોહગકંદ. ૪
તે નિસુણુઉ હરખઈ કરી, મંત્રીસર પરબધ,
ધરમવત ગુણ ગાવતા, જિમ હુવઈ શુભ અનુબંધ. ૫

૧૬૪૬, રઘુવંશ ટીકા સં. ૧૬૪૬, પ્રાકૃત વૈરાગ્ય શતક ટીકા સં. ૧૬૪૭ સબોધ સપ્તતિકા વૃત્તિ સં. ૧૬૫૧; વિચારરત્ન સંગ્રહ લેખ નં સં. ૧૬૫૭ લઘુ અજિતશાંતિ ટીકા સં. ૧૬૫૯, ઇંદ્રિયપરાજયશતક વૃત્તિ સં. ૧૬૬૪ ઉત્સૂત્રોદ્‌ઘટ્ટનકુલકખંડન (તપાગચ્છનું ખંડન અને ખરતરગચ્છના મંડનરૂપે) સં. ૧૬૬૫. આ ઉપરાંત જેનો રચનાસમય અજ્ઞાત છે એવી બીજી રચનાઓ જિનવલ્લભીય અજિત શાંતિ વૃત્તિ, મિતભાષિણી વૃત્તિ, સમ્બન્ધ શબ્દાર્થ સમુચ્ચય ઇત્યાદિ. તે પરથી તે એક સત્તરમા સૈકામાં વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ નિર્વિવાદ છે. વધુ માટે જુઓ. ઐ. રા. સ. ભા. ૩ અને જૈ. ઐ. ગુર્જર કાવ્ય સચય. ભાષાનું કાવ્ય નામે કર્મચંદ્ર પ્રબંધ, કર્ત્તાએ બીજે સંસ્કૃતમાંનો વંશપ્રબંધ જોઇને કર્યો છે. જુઓ ઉપર ટુંક ૨૯૭. તેમણે સં. ૧૬૭૫ માં વિમલાચલ પર જિનરાજ સૂરિએ કરેલી આદિનાથની પ્રતિષ્ઠામાંહાજરી આપી હતી. જુઓ એપિગ્રાફીઆ ઇંડિકા ૨-૬૨-૬૩. આ શિલાલેખ માટે જુઓ મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા. ૨ લેખાંક ૧૮-૧૯; ગ્રંથો વિષે સૂચિ માટે જુઓ જેસલમેર ભંડાર ગ્રંથ સૂચિ. પૃ. ૨૯ અને ૫૨.

આગે કુંવરનરિંદના, વિમલતણાં સુરસાલ;
ગીતારથ ગુરૂ ગૂંથિયા, ગુણ સુણીયઇ સુવિશાલ. ૬
× × × ×

અંતે—

સોલહસઇ પંચાવન તણુઇ, ગુરૂ અનુરાધા ગોગઇરે.
માહ વદી દશમી દિનઇં, મંત્રી વચન પ્રયોગઇં રે. ૨૯૩
રાજ કરમચંદ્ર મંત્રવી, સધર નગર તો સામઇં રે,
સંભવનાથ પચાઉ લઇ, જિહાં સવિ વંછિત પામઇરે. ૨૯૪
જિહાં જિનકુશલ સુગુરૂ તણો, કરમમંત્રિ કરાયો રે.
થૂભ સકલ સંપતિ કરઇં, દિનપ્રતિ જે જસવાયો રે. ૨૯૫
પાઠક શ્રી જયસોમજી, સુગુરૂ જિહાં ચઉમાસઇ રે.
શ્રી સંઘનઇ આગ્રહ થકી, નિવસ્યા ચિત્ર ઉલ્લાસઇ રે. ૨૯૬
તસુ આદેશ લહી કરી, દેખી વંસપ્રબંધોરે,
વાચક શ્રી ગુણવિનય કીધો એહ સરસ સંબંધો રે. ૨૯૭
ચિરલગિ જો પ્રબંધ એ જાં લગિ મેરૂ ગિરિંદોરે.
શ્રી જિનકુશલ પસાઉલઇ, જાં લગિ ચંદ્ર દિણિંદો રે. ૨૯૮
એ ગાવઇ પ્રબંધ જે જિનશાસન જયકારો રે.
તે પામઇ સુખસંપદા સોહગસિરિ સિણગારો રે. ૨૯૯

(૩૪૭) અંજનાસુંદરી પ્રબંધ. સં. ૧૬૬૨ ચૈત્ર સુદ ૧૩ બુધ.

અંતે.

શ્રી ખરતરગછિ પ્રગટ પડૂરિ, યુગપ્રધાન શ્રી જિનચંદ સૂરિ.
વિજય માનિ શ્રી જિનસિંઘ સુરિ, આચારિજ પાદશાહિ હજૂરિ.
જાસુ દીયઉ ગુરૂઆઇં ગુરૂરાજઇં, શ્રી કુમચંદ્ર વિરચિત સુદિવાજઇં,
ઉવઝાય શ્રી ખેમરાજના શિષ્ય શ્રી પરમોદમાણિક સુર વૃક્ષ. ૧
વાચકપદ સુંદર સુખકારી, તાસુ શિષ્ય વિજયી શ્રુતધારી.
શ્રી જયસોમ સુગુરૂ ઉવઝાય, વચનરસઇં રંજિય નરરાય. ૨

અકબ્બર શાહિ સભાંઅઈ જાસુ, દસદિસિ હૂઅઉ વિજયવિકાસુ.
તાસુ શિષ્ય અછઇ વિનીત, ગુણુવિનયતિ જયતિલક સુવિદીત. ૩
તિહાં વાચક ગુણુવિનયઇ દીઠઓ, પૂર્વ પ્રબંધ જિસ્યઉ મધુમીઠો.
સોલહસઈ બાસઠ્ઠા વરસઈ, ચૈત્ર સુદઇ તેરસિનઈ દિવસઈ. ૪
તેરમ રવિ યોગઈ બુધવારઇ, ઢાલઇ બંધ્યઉ તસુ અનુસારઇ.
શીલવંતની વાતજ સુણતાં એહ પ્રબંધ ભવી નિતુ ભણતાં. ૫

સં. ૧૬૬૯ વર્ષે. શ્રી. આગરા નગરે પં. જયકીર્તિ લિખિત
વિવેકવિજય ભં; ઉદયપુર; ખં. ચં.

(૩૪૮) ગુણસુંદરી ચોપાઇ. સં. ૧૬૬૫-સેં. લા. વડોદરા.

(૩૪૯) અંચલમતસ્વરૂપવર્ણન. સં. ૧૬૭૪ માહ સુદ ૬ બુધ
માલપુરમાં.

આદિ—

વિમલ પ્રભુ મતિ વિમલ કરિ, જિણુકરિ કઇંઅ વિચાર,
શાસ્ત્રે તણુઉ જિણિ જાણીયઈ, સહૂ આઇ સાર અસારવ, ૧
ઉવજ્ઝાય શ્રી જયસોમ ગુરૂ, દેસિય વિહિ યહ એહ,
દેખાઉ જિણિ અવિહિ યહ, કેરી બાજઈ રેહ. ૨
અંચલ થાપન જિણિ કરી, શાસ્ત્ર વિના નિરમૂલ,
સાંભળતાં શ્રવણ્યઈ હુવઈ, શ્રુતધરનઇ સિરિ સૂલ. ૩
વચન માત્ર નિસુણી કરી, મારગ છોડઇ સુદ્ધ,
ધવલઉ સગલઉ મૂઢ મતિ, દેખી જાણઇ દૂધ. ૪
તેહનઉ ભાવ પ્રકાસ કરિ, નવપદ છંડાવેઉ,
મૂલ મગ્ગ મહિ આંણિસ્યું, સુદ્ધ લોય હિવ વેઉ. ૫
ઇગ્યારહસહ ગુણ સઠઇ, પૂનમીયાંનઉ પક્ષ,
નરસિંહ પાઠક તેહનઉ, સંભલીયઇ પરતક્ષ. ૬

× × × ×

અંતે—

સોલહસઈ ચઉહિત્તરઈએ, માધવ સુદિ છટ્ઠિ,
બુધવારઈ નક્ષત્ર પુષ્પિ, સુદર રવિ છઠ્ઠઇ,
યુગપ્રધાન મહિમાનિધાન, શ્રી જિનસિંહ સૂરિ,
રાજઇ વાજઇ જાસુ સુજસ, ડિંડિમ જગિ ભૂરિ.
શ્રી ખરતરગચ્છ દિન સમઉ એ, નવ દિનકર પરિ જિણ;
સોહાયઉ તસુ તુલ્યતા, લહીયઇ ગુણ કરિ કેણ ? ૨૩

માલપુરઇ પરકાસીયઉએ, પહિલઉ પુહવી તલિ,
હાસ બધિ સુભ કર્મ બંધ સબંધ ઇહાં કેલિ,
શાસ્ત્ર વિચાર વિના વધઉ એ, તેહનઉ જે દોષ,
મિથ્યા દુઃકૃત તિહાં હુવઉએ, નવિ રાગ નઇ રોષ.
કરૂણા ભાવ હઇઇ ધરી એ, નવિ તસુ ઊપરિ દ્વેષિ,
રવિ પરગટ કરઇ વિશ્વ સવિ, ન કરઇ તાસુ ઉવેષ. ૨૪

શુદ્ધ માર્ગની ચાહ હુવઇ, તઉ ચાહઉ એહ,
તાસુ કહ્યઉ મઇ નવિ લહ્યઉ, એ શ્રુતિ બીજી રેહ;
એક ભાવ સાચઉ હૂઅઉ એ, બીજઉ ઇઇત્થ,
તઉ સાચઉ ગિણિ દ્રોણુ, સિદ્ધ જઇ રીધઉ સિત્થ.
સાચ ખોટ નાણાં તણીએ, જેમ કરઉ છઉ શુદ્ધિ,
તિમ સામાચારી વિષઇ, વિવરઉ કરઉ વિસુદ્ધ, ૨૫

ખેમરાય ઉવઝાય રાયશ્રી ખેમની સાખઇ,
સવિ સાખા મહિ જાસુ, સાખ પંડિત જન ભાખઇ,
હૂઅઉ પુહવિપ્રસિદ્ધ પાટઈ તસુ સુંદર,
શ્રી પ્રમોદમાણિક્ય તાસ તસુ સીસ જયંકર.
ઉવઝાય શ્રી જયસોમ ગુરૂ તાસુ સીસિ અપ્રમાદિ,
ઉવઝાય શ્રી ગણિ ગુણવિનઇ શ્રી જિનકુસલ પ્રસાદિ. ૨૬

(મ. બ. સંગ્રહ) પ્રત જૂનિ છે, ૧૭૦૦ લગભગની.

(૩૫૦) લુમ્પકમતતમોદિનકર ચોપાઇ. (લોકા-અમૂર્ત્તિપૂજકના ખંડન રૂપે)-સં. લા. વડોદરા.

---

(૧૯૬) સમયસુન્દર (ખ૦ જિનચંદ્ર સૂરિ-સકલચંદ્ર ઉ૦ શિ૦)

(૩૫૧) **ચોવીશી.** સં. ૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમા.

આદિ— રાગ મારૂણી.

રિષભદેવ મેરા હો,
પુણ્યસંયોગઇ પામીઆ મઈં, દરસણ તેરા હો. ૧
ઋષભદેવ મેરા હો.

× × × ×

અંતે— રાગ ધન્યાસિરી.

તીર્થંકરરે ચઉવીસે મઈં સંસ્તવ્યારે,
ઋષભાદિક જિનરાય ઇણિપરિ વીનવ્યારે—
વસુ ઇંદ્રી રે રસ રજનીકર વચ્છરઇંરે,
અહમદાવાદ મઝારિ વિજયાદશમી દિનઇંરે,
ગુણ ગાયા તીર્થંકરના શુભ મનઇ રે. ૧ તી.
ખરતર ગચ્છ રે શ્રી જિનચંદ સૂરીસરૂરે,
જિનસિંઘ સૂરીસ સકલચંદ મુનિવરૂરે,
સુપસાયઇરે સમયસુંદર આણંદકરૂરે— ૨ તી.
—ઇતિ શ્રી ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ શુદ્ધ પ્રત ૫-૧૧ આ. ક.

(૩૫૨) **ગુણરત્નાકર છંદ.** સં. ૧૬૫૯ —લીં.

(૩૫૩) **સાંબપ્રદ્યુમ્ન પ્રબંધ.** સં. ૧૬૫૯ વિજયાદશમી ખંભાતમા.

આદિ—

શ્રી નેમીસર ગુણનિલુ. જગજીવન જિણચંદ,
બ્રહ્મચારિ ચૂડામણી, પ્રણમું પરમાણંદ. ૧

પુરસાદાણિ પાસજિણ, થંભણપુરિ થિર ઠામ,
તાસ જપંતાં જેહનું, સીઝઈ વંછિત કામ. ૨
વર્દ્ધમાન સામી સબર, ધ્યાનધરૂં નિસદીસ,
જયવંતું તીરથ જેહનું, વરસ સહસ એકવીસ. ૩
તાસ સીસ ત્રિભુવનતિલઉ, ગણધર ગૌતમ સામિ,
અષ્ટ મહાસિધિ સંપજઈ, નિત સમરંતા નામ. ૪
સકતિ નહી મુઝ તેહવી, બુદ્ધિ નહી સુપ્રકાશ,
વચન વિલાસ નહી તિસ્યઉ, એ પણિ પ્રથમ અભ્યાસ. ૫
સંબ પ્રજ્જૂન કુમરતણા, ચરિત અનેક અપાર,
કહઉ કિંણુપરિ હું વર્ણવું, પણિ છઇ એ આધાર. ૬
નદી તરંતાં એડલી, સમુદ્રે વાય સુવાય,
તિમ મુઝ આલંબન અછઈ, સુગુરૂ તણુઉ સુપસાય. ૭
આઠમઈ અંગઈ એ કહ્યા, સંક્ષેપઈ સંબંધ,
પણિ હું પ્રકરણથી કહિસિ, વિસ્તરપણુઈ પ્રબંધ. ૮
સાધ તણા ગુણ ગાવતાં, લાભ અણુંતા હોઇ
પ્રથમ પ્રજૂન કુમારગુણ, સાંભલજ્યો સહુ કોઈ. ૯

* * * *

ઢાલ ૧૩.

× × × ×

સમયસુંદર કહઈ સાધના એ, ગુણગાયા બહુ ભાતિ, કુ.
પ્રથમ ખંડ પૂરઉ થયઉ એ, બીજાની છઈ ખાંતિ. કુ. ૧૫૧

—સંવત ૧૬૫૯ વર્ષે વિજયદશમ્યાં શ્રી સ્તંભતીર્થે શ્રી બૃહતખરત ગચ્છાધીશ્વર શ્રીડિલ્લીપતિ સાહિ જલાલદીન અકબ્બરસાહિપ્રદત્તયુગ-પ્રધાનપદધારક શ્રી ૬ જિનચંદ્રસૂરિ સૂરિશ્વરાણાં, સાહિસમક્ષ સ્વહસ્ત સ્થાપિત આચાર્ય શ્રી જિનસિંહસૂરિસુપરિકરાણાં શિષ્યમુખ્ય પંડિત સકલચંદ્ર ગણિતચ્છિષ્ય વા૦ સમયસુંદરગણિના શ્રી જેસલમેર-વાસ્તવ્ય નાનાવિધશાસ્ત્રવિચાર, પ્રદ્યુમ્ન પ્રબંધે પ્રથમ ખંડ સંપૂર્ણ.

દૂહા.

કાશ્મીર મુખમંડણી, પ્રણમું તોરા પાય,
હિવિ બીજો ખંડ બોલિસ્યું, સાનિધિ કરિજે માય. ૧
સત્યભામા હરિભામિની, પ્રેષી કુમર પ્રતાપ,
અણુષ અદેખાઈ કરઈ, સઉકિ મા સંતાપ. ૨
અન્ય દિવસ ભામાસતી, ત્રસલક ચાડિ નિલાડિ,
ત્રુટ મુટલે પાટલઉ, પરી રીસાણી હાડિ. ૩
ગન્નહથો દે ગાલસું, નયણે વરસઈ મેહ,
ચિંતાતુર બઈસી રહી, દુખિયાં લક્ષણ એહ. ૪

* * * *

ઢાલ ૨૧.

સૂત્ર પ્રકરણ તણી સંમતિ, ગ્રંથ કીધઉ જાણિરે,
દેવગુરૂ મુઝ કરિ સાનિધિ, ચડયઉ તેણ પ્રમાણરે. ૧૯

અંતે—

ઢાલ ૨૨ રાગ ધન્યાસરી.

આઠમઈ અંગિ એ કહ્યઉં, સંબ નઈ પ્રજૂન અધિકાર,
સોહમ સામી ઉપદિસ્યઉ, જંબુનઈ સુવિચાર,
સુવિચાર સુંદર મુનિ પુરંદર, સોભાગી મહિમાનિલા,
ચારિત્રપાત્ર મહાંત મુનિવર, સકલ સાધુ ગુણે ભલા.
ગિરૂયાતણા ગુણ ગાવતાં, મુઝ હીયડ઼ હરખઈ ગહગહ્યઉ,
ગણિ સમયસુંદર કહઈ સંબંધ, આઠમઈ અંગઈ કહ્યઉ. ૧
સંબ પ્રજૂન ગુણ ગાવતાં, દૂખ દોહગ ગયાં દૂરિ,
રિદ્ધિ સમૃદ્ધિ સુખ સંપદા, પ્રગટયઇ પુણ્યપડૂર,
પ્રગટિઉં પુણ્યપડૂર ઘરિ ઘરિ રલિય રંગ વધામણાં,
નવનવા ગીત વિનોદ ઉછવ, ધવલ મંગલ અતિ ઘણાં.
શ્રી કૃષ્ણનંદણ જગઆણંદણ, ધ્યાન તસુ મનિ ધ્યાવતાં,
ગણિ સમયસુંદર કહઈ આણંદ, સંબ પ્રજૂન ગુણ ગાવતાં. ૨

શ્રી ખરતર ગછ દીપતો દિન દિન અધિકઈ વાની,
શ્રી જિનચંદ સૂરીસરૂ, જગમ જુગહપ્રધાન,
જંગમ જુગહ પ્રધાન, પદવી પાતસાહ અકબ્બર દીયઇ,
જગમાંહિ જીવદયા તણુઉ, જસપડહ ફિરવ્યઉ જિયઇ.
તસુ સીસ અતુલ પ્રતાપ, જિનસિંહ સૂરિ અરિયણુ જીપતા,
ગણિ સમયસુંદર કહઇ દિનદિન શ્રી ખરતરગચ્છ દીપતા. ૩
શ્રી સંઘ સુજસ જગીસ એ હીયડઈ હરખ અપાર,
થંભણપાસ પસાઉલિ ખંભાયત સુખકાર,
સુખકાર સંવત સોલ એગુણ સઠિ વિજયદસમિ દિનઈ,
એકવીસ ઢાલઇ રસાલ એ ગ્રંથ રચયઉ સુંદર શુભ મનઈ.
[(ભાવ૦ પ્રતમાં વધુ એ છે કે)
જિણચંદસૂરિ વિનેય પડિત, સકલચદ સુસીસએ,
ગણિ સમયસુદર એમ પભણઇ, સઘ સુજસ જગીસ એ. ૪]

—ઇતિ સવત ૧૬૫૯ વર્ષે શ્રી વિજયદસમી દિને, શ્રી સ્તભતીર્થે શ્રી બૃહત્ ખરતર ગચ્છાધીશ્વર શ્રી ડિલ્લીપતિ પાતિસાહિ શ્રી અકબ્બર જલાલદીન સાહિપ્રદત્તયુગપ્રધાનપદધારક શ્રી શ્રી ૫ જિનચદ્ર સૂરીશ્વરાણાં સાહિસમક્ષ સ્વહસ્તપ્રસ્થાપિતાચાર્ય શ્રી જિનસિંહ સૂરી સપરિકરાણાં, શિષ્યમુખ્ય પડિત સકલચંદ્ર ગણિ તચ્છિષ્ય વા૦ સમયસુંદર ગણિભિઃ શ્રી જેસલમેરૂ વાસ્તવ્ય નાનાવિધ શાસ્ત્ર વિચારે રસિક લોઢા સા૦ સિવરાજસમભ્યર્થનયા કૃતઃ, શાંબ પ્રદ્યુમ્ન પ્રબંધે દ્વિતીય ખંડઃ સંપૂર્ણ, ઉભય ખંડ મીલને ગાથા ૬૩૫, ઢાલ ૨૧ શ્લોક સખ્યા ૮૦૦, પંડિત શ્રી ૫ માણિક્યચંદ્ર ગણિ શિષ્ય, ૫. હેમચંદ્રેણ લિપિચક્રે આસો વદિ સાતિમ દિને ઇતિ મંગલં. (દે. લા. ફ઼ં. ઘણી જૂની—રચના સમયથી બાર દિનજ પછીની), ગુ. વિ.; રત્ન., ડે.; ભાવ.

—સંવત ૧૬૮૬ વર્ષે ફાલ્ગુન માસે શુકલપક્ષે ચહોર્થ્યા તિથૌ શનિવાસરે જોશી ગંગદાસ લિખતં । બાઈ માના પઠનાર્થં ॥—યતિ વિવેક વિજય (ધુમટાવાલો ઉપાશ્રય) ઉદયપુર ભં.

—૩૮–૧૦ અને ૧૯–૧૭ લીં:

—લિ૦ મુનિ દૂદા ૩૨–૧૦ વિ. ધ.

—સકલ પંડિત શિરોમણિ પંડિતોત્તમ પંડિત શ્રી શ્રી શાંતિવિજય ગણિ શિષ્ય પં. પ્રતાપ વિજય લિખિતં કૃષ્ણગઢ નગરે ચિંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્ સંવત્ ૧૭૮૭ વર્ષે માસ ચૈત્ર શુદિ ૬ શુક્રવાસરે શ્રોરસ્તુ. ભાવ.

—સં. ૧૭૬૧ પોસ વદિ ૧૩ લિ૦ ૨૫–૧૫ મો૦

—કુલ ૨૩૮ કડી. લિખિતા શ્રી પટ્ટણા નગરે-સંવત ૧૭૧૨ વર્ષે માઘ માસે શુકલપક્ષે ત્રયોદશી તિથૌ મંગલવારે શ્રી ખરતરગચ્છે શ્રી જિનમાણિક્યસૂરિ શાખાયાંવાદીંદ્ર શ્રી ગુણરત્ન ગણિ તત્ શિષ્ય વા૦ શ્રી શ્રી રત્નવિશાલ ગણિગજેંદ્રાણાં તત્ શિષ્યમુખ્ય વાચનાચાર્ય શ્રી પં લબ્ધિવિજય ગણીનામંતેવાસિના પં૦ મહિમોદય ગણિના લિખાવિત. લિખિત પં. કલ્યાણ મુનિના. પરોપકારાય સુશ્રાવિકા પુન્ય પ્રભાવિકા વીરો પઠનાય. શ્રી સીમધર સ્વામિપ્રસાદાત્-૩૧–૧૧ અનંત.

—ગ્રથાગ્રથ સંખ્યા ૮૫૦. સવત ૧૬૯૨ વર્ષે આસોજ માસે સેત પંખે ત્રિતીયા તિથૌ સોપર નગરે લિપતં ઋક્ષ શ્રી વણુીરજી ૧૪–૧૨ મારી પાસે છે. આ કવિના સમયમાં લખાયેલી છે.

—બે ખડ-ઉભયખંડ મીલને ગાથા ૫૩૫ ઢાલ ૨૧ શ્લોક સર્વ સંખ્યા ૮૦૦ અંકે આઠસિઈ પૂરા સંવત સોલ ૧૬૭૦ વર્ષે દ્રે માર્ગશિર માસે કૃષ્ણ પક્ષે પચમી તિથૌ વાર સોમે લખિતં. સ્તંભતીર્થે લખિત. (સારી પ્રત ને જૂની પ્રત છે) ૩૨–૧૧ લીં.

(૩૫૪) +દાનશીલ તપભાવના સંવાદ—સંવાદશતક સં. ૧૬૬૨ સાંગાનેરમાં.

આદિ—

પ્રથમ જિણેસર પાય નમી, પામી સુગુરૂ પ્રસાદ,
દાન સીયલ તપ ભાવનાં, બોલિસ બહુ સંવાદ.　　૧

વીર જિણંદ સમોસર્યા, રાજગ્રહી ઉદ્યાન,
સમોસરણ દેવે રચ્યો, બૈઠા શ્રી વર્દ્ધમાન. ૨
બૈઠી બારહ પરષદા, સુણિવા શ્રી જિનવાંણિ,
દાન કહૈ જગિ હું વડો, મુઝનેં પ્રથમ વખાંનિ. ૩

* * * *

અંતે—

સોલેસૈ બાસઠ સમૈ રે સાંગાનેર મઝાર
પદમપ્રભૂ સુપસાઉલેરે, એહ થુણ્યો અધિકારોરે ધર્મ હિયે ધરો.
સોહમસામિ પરંપરા રે, ખરતર ગચ્છ કુલચંદ
યુગપ્રધાન ગુરૂ પરગડો રે, શ્રી જિનચંદ સૂરીંદો રે. ધ૦
તાસ સીસ અતિ દીપતા રે; વિનયવંત જસવંત
આચારજ ચઢતી કલારે, જિનસિંહ સુરિ મહંત. ધ૦
પ્રથમ શિષ્ય શ્રી પૂજના રે, સકલચંદ તસુ સીસ
સમયસુંદર વાચક ભણે રે, સંઘ સદા સુજગીસો રે. ધ૦ ૯
દાનશીલ તપ ભાવના રે, સરસ રચ્યો સંવાદ,
ભણતાં ગણતાં ભાવસું રે, રિદ્ધિ સમૃદ્ધિ સુપ્રસાદો રે. ધ૦ ૧૦

—રત્ન; (પ્ર. ૩૯૨ જૈ. પ્ર; ૩ જૈન સઝાયમાળા. ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩)

—સં. ૧૭૪૭ વર્ષે ૫-૧૦ અનંત.

—પંડિત સુમતિસોમ ગણિના લિખિતઃ—સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા બાઇ કેસરી પઠનાય. ૫—૧૩ મારી પાસે છે.

+ધંધાણી તીર્થસ્તોત્ર ૪ ઢાલનું. સં. ૧૬૬૨.

આદિ—

પાય પ્રણમુરે શ્રી પદમપ્રભુ પાસના, ગુણ ગાઉરે, આની મન શુભ ભાવના,
ધંધાણીરે પ્રતિમા પ્રગટ થઇ ઘણી, તસુ ઉતપતિરે સુણિજ્યો ભવિક સોહામણી.
સોહામણી એ વાત સુણજ્યો કુમતિ સંકા ભાજસ્યૈ
નિરમલો થાસ્યઇ શુદ્ધ સમકિત શ્રી જીન શાસન ગાજસ્યૈ

ક્રુમદેસ મંડોવર મહાબલ સુર રાજા સોહએ,
તિહાં ગામ એક અનેક થાનિક ઘંઘાણી મન મોહએ. ૧

× × × ×

અંતે—

સંવત સોલ બાસઠિ સમઈ, જાત્ર કીધી હો મઈ માહ મઝારિ,
જન્મ સફલ થયો માહરો, હિવ મુઝનઈ હો સામી પાર ઉતારિ મો. ૨૩

કલસ.

ઇમ શ્રી પદમપ્રભુ શ્રી પાસ સામી, થુણ્યો સગુરૂ પ્રસાદ એ,
મૂલગી અર્જુનપુરી નગરી, વરધમાન પ્રાસાદ એ,
ગચ્છરાજ શ્રી જિનચંદસૂરિ, ગુરૂ શ્રી જિનસિંઘ સૂરિસરો,
ગણિ સકલચંદ વિનેય વાચક, સમયસુંદર સુખકરો. ૨૪

—મુ. વિ. પાસેથી રા. ડાહ્યાભાઇ પ્રેમચંદ મોદીએ મેળવેલી પ્રત પરથી ઉતારેલ નકલ જૈ. શ્વે. કો. હેરલ્ડના સં. ૧૯૭૪ પુ. ૧૪ અંક ૪-૫-૬ (સને ૧૯૧૮ ના એપ્રિલથી મેના એકત્રિત અંક)માં પૃ. ૧૭૮ ઉપર મારી ટિપ્પણી વિવેચના સહિત પ્રકટ થયેલ છે.

(ટુંકમાં સાર એ છે કે ઘઘાણી તીર્થની ઉત્પત્તિ સં. ૧૬૬૨ માં જ થઇ ને તેજ વર્ષના માહ માસમાં કવિએ તેની જાત્રા કરી. તે ગામ ધ્રુમદેશ (?) મંડોવર (?) સુરરાજાના દેશમાં આવેલું છે (આ સુરરાજા સિરોહીની ગાદીપર સં. ૧૬૨૮ થી ૧૬૬૭ સુધી રહેલા મહારાવ સુલતાન જણાય છે. જુઓ સિરોહીકા ઇતિહાસ પૃ. ૨૧૭ થી ૨૪૪) તે ગામમાં દુધેલા નામનું તળાવ છે, ત્યાં ખોખર નામનું દેહરૂં હતું, તેની પાછળ ખોદતાં એક ભોંયરૂં નીકળ્યું અને તેમાંથી પરંપરાગત મૂકેલો નિધાન મળી આવ્યો ને તેમાંથી પ્રતિમાઓ સં. ૧૬૬૨ ના જેઠ સુદ ૧૧ ને દિને નીકળી (ચૈત્રી વર્ષ પ્રમાણે). સઘળી મળી ૬૫ પ્રતિમામાં કેટલીક જૈન અને કેટલીક શેવ હતી; જૈનમાં મૂલનાયક પદ્મ પ્રભુ અને પાર્શ્વનાથ હતા, એક ચોમુખ અને ૨૪ જિનની પ્રતિમા

(ચઉવીસથો) હતી. બીજી ત્રેવીસ જૈન પ્રતિમા કે જેમાં બેઉ કાઉસ-ગ્ગિયા રહેતા તે સિવાય ઓગણીસ પ્રતિમા વીતરાગની-જિનની હતી. કુલ આમ ૪૫ જિનપ્રતિમા હતી. તે સિવાયમાં ઇંદ્રિ, બ્રહ્મા, ઈશ્વર (શિવ). ચક્રેશ્વરી, અંબિકા. કાલિકા, અર્ધનારીશ્વરી, વિનાયક (ગણપતિ), જોગણી, શાસનદેવતા વગેરેની જૈન જૈનેતર હતી. આ જિનપ્રતિમાઓ પાંચ રાજાઓ નામે ચંદ્રગુપ્ત, બહુસાર (બિન્દુસાર), અશોકચંદ્ર, કુણાલ અને સંપ્રતિ રાજાઓએ ભરાવી હતી અને તે પ્રતિમાનો પરિકર-ધૂપ-ધાણું વગેરે પણ તે સમયનો હતો. બે મુખ્ય પ્રતિમા પૈકી પદ્મપ્રભુની ઘણી સુંદર હતી. તે સંપ્રતિ રાજા કે જેને આર્યરક્ષિતસૂરિએ પ્રતિબોધ કર્યો તેમની ભરાવેલી છે. વીરાત્ બસેં ત્રણુ આર્યરક્ષિત સૂરિએ મહાશુદ ૮ ને રવિવારે શુભમુહૂર્ત્તે પ્રતિષ્ઠિત કરી એવી લિપિ તે પર જણાય છે; બીજી પ્રતિમા પાર્શ્વનાથની શ્વેત-અર્જુન સોનાની છે-એ અર્જુન પાસ આ અર્જુનપુરી-ઘંઘાણીના શણુગારરૂપ છે ને ચંદ્રગુપ્તે ભરાવેલી અને વીરાત્ ૧૭૦ માં ગુરૂ ભદ્રબાહુએ પ્રતિષ્ઠિત કરી છે. આ તીર્થની ઉત્પત્તિ સં. ૧૬૬૨ માં થઇ એટલે આ પ્રતિમાઓ અજબ રીતે મળી આવી એટલે ઘંઘાણી-અર્જુનપુરી નામના મારવાડના ગામમાં નવું તીર્થ થયું અને ગામેગામના સંઘ ત્યાં આવવા લાગ્યા અને મહાવીર પછીના લગભગના સમયની પ્રાચીન પ્રતિમાનાં દર્શન કરવા સૌ કોઈ ભક્તિ ઉલટે એ સ્વાભાવિક છે વિશેષ માટે જુઓ કો. હેરલ્ડનો ઉપરોક્ત અંક.)

(૩૫૫) +ચાર પ્રત્યેકબુદ્ધનો રાસ સં. ૧૬૬૫ જેઠ શુ. ૧૫ આગરામાં.

આદિ—

> સિદ્ધારથ શશિકુલતિલો, મહાવીર ભગવંત,
> વર્ત્તમાન તારથપતી, પ્રણમું શ્રી અરિહંત. ૧
> તસ ગણધર ગૌતમ નમો, લબ્ધિ તણા ભંડાર,
> કામધેનું સુરતરૂ મણી, ચાર નામ વિચાર. ૨

વીણાપુસ્તકધારિણી, સમરૂં સરસુત માય,
મૂરખને પંડિત કરે; કાલિદાસ કહિવાય. ૩
પ્રણમો ગુરૂ માતા પિતા, જ્ઞાન દૃષ્ટિ દાતાર,
કીડીથી કુંજર કરે, એ મોટા ઉપગાર. ૪
ગારૂડ ફણીની મણિ અહે, તે જિમ મંત્ર પ્રભાવ,
તિમ મહિમા મુઝ ગુરૂ તણો, હૂં મતિ મૂઢ સ્વભાવ. ૫
મુઝને સુમતિ જગાઇયો, ઉઠ ઉઠ રે ઊઠ
ગુન વરણવિ ગુરૂવા તણા, હૂં તુઝ પૂરસો પૂઠ. ૬
તિણ મુઝ ઉદ્યમ ઊપનો, પવને જિમ પંપ,
એક લાભ વલિ કહે સમતિ, દૂધ ભર્યો વલિ શંપ. ૭
કરકંડૂ રાજા દુમુખ નમિ ને નિગ્ગઇ સુદ્ધ,
ઇણ નામે ઉત્તમ હૂવા, ચારે પ્રત્યેકબુદ્ધ. ૮
ચારિ તી આચારે ચતુર, મોટા સાધુ મહંત,
ચિહૂં પડે કહીં ચરિત હૂ, જિમ પામ્યુ ભવ અંત. ૯
ચ્યાર ખંડ એ ચઉપઇ ચિહૂં ખંડે પરિસિદ્ધ,
પ્રથમ ખંડ કરકંડુનો સાંભલો મને વિસુદ્ધ. ૧૦

× × ×

અંત-પ્રથમખંડ. ઢાલ ૧૦ રાગ ધન્યાસરી.

ઇમ વૃષભથી પ્રતિબુઝ્યો, વલિ કીધો મસ્તકિ લોચ,
રાજરિદ્ધિ તૃણ જિમ પરહરી, અનિ ભલો એહ આલોચ, ૧
—મુનિવર વંદીયેરે કરકંડુ સાધુ સુસુદ્ધ, પહલો પ્રત્યેકબુદ્ધ—મુનિ૦
કલપડઉ ઉઘો મુહપના દેવના દીધો વેસ,
વયરાગે સંયમ આદર્યો ઘઇ ભવક જનનઇં ઉપદેસ. મુ. ૨
કરકંડુના કેતા કહૂં એકેં જીભેં ગુણ વખાંન,
એકઠા ચ્યારે થઇસ્યઇ, એહ ખંડ ચઉથે જાન. મુ. ૩
ગછ વડા ખરતર ગુરૂ વડા, જિનચંદ જુગપરધાન,
જિનસિંહ સૂરિ સુજસ ઘણું, જસ દીયો અકબર માન. મુ. ૪

આગરે શ્રાવક દીપતા, શ્રીમાલી ઉસવાલ,
શ્રી વિમલનાથ પરસાદથી. અતિ સુખી ચતુર ચઉસાલ. મુ. ૫
સંવત સોલે ચૌસઠે, વલિ માસ ફાગુન ચાર,
એ પ્રથમ ખંડ પૂરો થયો, સિદ્ધ યોગ ને બુદ્ધવાર. મુ. ૬
એ પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના ગણિ સકલચંદ મુનિંદ,
તે સતગુરૂ સુપસાઉલે, મુઝ સદા સુખ આનંદ. મુ. ૭
એ ઢાલ મૈ દસમી ભણી. ધન્યાસિરિ એ રાગ,
ગણિ સમયસુંદર ઇમ ભણે, શ્રી સંઘ સુજસ સુભાગ. મુ. ૮

—પ્રથમ ખંડ કરકંડુ રાજાનો સંપૂર્ણ. સર્વગાથા, ૧૭ શ્લો. ૨૨૫.

× × × ×

ઢાલ ૮ સીલ કહઇ જગિ હું વડઉ—રાહની ઢાલ.

દુમહ નામ મુનિવર નમું, બીજો પ્રત્યેકબુધ્ધોરે,
પ્રતિબુધ્ધો ઇંદ્રિધ્વજા થકી, સંજમ પાલે મન સુધ્ધોરે. દુ. ૧
(ભવિક જીવ પ્રતિબોધવા પા૦)
સંવેગ મારગ આદર્યો, વિચર્યો વલિ દેસ પ્રદેસોરે.
ભવિક જીવ પ્રતિબોધવા. આપે ધર્મનો ઉપદેસોરે. ૨
ગુણ ગાતા મન ગહિગહે, સુણતાં વિત હર્ષ અપારો રે,
ચઉથે પડે એકઠા હુંસ. તિહાં ગાઇસો ગુણવિસ્તારો રે. ૩
સંવત સોલ ચૌસઠ સમૈ, ચૈત્ર વદિ તેરસ શુક્રવારોરે.
બીજો પંડ પૂરો થયો, આગરા નગર મઝારો રે. ૪
વડો ગચ્છ ષરતરતણો, ગુરૂ યુગપ્રધાન જિનચંદોરે,
શ્રી જિનસિંહ સુરીસર, પ્રતપો જિમ સૂરજ ચંદો રે. ૫
સકલચંદ સુપસાઉલે, મૈ પૂરો કીધો પડોરે,
સમયસુંદર કહે સંઘનો, સદા તેજ પ્રતાપ અષડોરે. ૬
ઢાલ ભણી એ આઠમી ધન્યાસિરી રાગે સોહેરે,
સમયસુંદર કહે ગ.વત, નરનારી મનમોહેરે. ૭

—દ્વિતીય પંડ દુમહરાયનો સંપૂર્ણ.

ઢાલ ૧૭ રાગ ધન્યાસી બંસી બજાવે વનાં એ ઢાલ.
મુનિવર પાય નમું, નમિરાજ રિષરાય,
નમિરાજા સંજમ લીયો, ચઢતે મન પરમાણુ. મુ૦
ચઉથ પંડ ત્રિહું સાધના, ગુણ ગાયસિ અભિરામ. ૧
ઇંદ્રિ પ્રસંસા ઇમ સુણી, કાયો નહિ અહંકાર
ત્રીજો પ્રત્યેકબુદ્ધએ, ક્રમ ક્રમ કરે વિહાર. ૨
વિમલનાથ પરસાદથી, શ્રી ઉગ્રસેનપુરમાહિ, મુ૦
ગરૂયો ગચ્છ ખરતરતણો, દિન દિન અધિક ઉછાહ. ૩ મુ.
યુગપ્રધાન ગુરૂરાજીયા, શ્રી જિનચંદ મુનિંદ,
સકલચંદ સુપસાઉલે, મુઝમન પરમાનંદ. ૪ મુ.
ત્રીજો પંડ પૂરો થયો, નમિ રાજા અધિકાર,
સતરમી ઢાલ સુહામણી. સમયસુંદર સુપકાર. ૫ મુ.
—નમિ રાજાધિકાર તૃતીયપંડ સંપૂર્ણ. સર્વ ગાથા ૩૩૩
(પ્રત. સં. ૧૮૭૯ ની માંથી) (નમિરાસ. ૧૮-૧૧ વિ. ધ.)

ઢાલસુંતા આઠમી. ગુ૦ ત્રુટઇ કરમની કોડિ, સાધુ ગુણ ગુરૂવારે.
ચરણ નમઇ ત્રિહું સાધના, ગુ૦ સમયસુંદર કરજોડિ. સા૦ ૨૫

ઢાલ નવમી. રિખભપ્રભુ પૂજિઇ એ એહની.
કરકંડૂ ૧ દુમુહ ૨ નમીએ ૩, નગ્ગય ૪ નામ પ્રસિદ્ધ,
મહામુનિ ગાઇએ એ
ત્રિહુ ખંડે કરિ વર્ણવ્યા એ, ચ્યારે પ્રત્યેકબુદ્ધ મહામુનિ૦ ૧
ગાતાં પરમાણંદ, મુગતિ સુખ પાઇયે એ-પામીએ એ—આંકણી.
ચ્યારે ચઉગતિ દુખ હરઇએ, તારણ તરણ સમત્થ—મ૦
નામ જપંતા જેહનઉનો એ, જનમ જપંતા જેહનઉએ,
જનમ હુયઇ (હોવે) સુકયત્થ-૨ મ૦ ૨.
સોલસઇ પાંસઠિ સમઇએ, જેઠ પૂનિમ દિન સાર, મ૦
ચઉથઉ ખંડ પૂરઉ થયઉએ, આગરા નયરમઝાર. મ૦ ૩
વિમલનાથ સુપસાઉલઇએ, સાનિધિ કુશલસૂરિંદ, મ૦
ચ્યારે ખંડ પૂરા થયા એ, પામ્યઉ પરમાણંદ. મ૦ ૪

દેસ પ્રદેસે દીપતા એ, નાગડગોત્ર શૃંગાર, મ૦
શ્રી સંઘ ભારધુરધરા એ, ઉદયવત પરિવાર. મ૦ ૫
ભારસાહ ગુણે ભલા એ, સંઘનાયક સુવિચાર. મ૦
વેહતણુઇ આગ્રહ કરીએ, કીધઉ ગ્રંથ અપાર. મ૦ ૬
શ્રી ખરતર ગચ્છ રાજીઓ એ, યુગપ્રધાન જિણચંદ. મ૦
શ્રી જિનસિંઘ સૂરીસરૂએ, ચિર પ્રતપઉ રવિચંદ. મ૦ ૭
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યનઉ એ, સકલચંદ મુણિંદ. મ૦
તાસ સીસ વાચક ભણુઇ એ, સમયસુંદર આણંદ. મ૦ ૮
ચ્યારે પ્રત્યેકબુદ્ધના એ, એ ચ્યારિહા ખડ મ૦
ચ્યારે ખંડ વિસ્તરઉએ, જાં રવિતંજ અખંડ. મ૦ ૯
સાંભલતાં સુખસંપદા એ, ભણતાં અધિક ઉલ્લાસ, મ૦
દિન દિન સંઘ ઉદય ઘણુઉ એ, આનંદલીલ વિલાસ. મ૦ ૧૦૪

ઇતિશ્રી પ્રત્યેક પ્રબંધન માઇ પ્રત્યેક બુદ્ધ ચતુર્થ ખંડ સંપૂર્ણ: ચતુર્થેપિ ખડેષુ સર્વ ઢાલ ૪૫ સર્વ ગાથા ૮૬૨ સર્વ ગ્રંથાગ્રંથ શ્લોક ૧૧૨૦ સંવત્ ૧૭૧૨ વર્ષે માગસિર વદિ ૯ દિને સોમવારે શ્રી બૃહત્ ખરતરગચ્છે શ્રી જિનરાજ સૂરિભિઃ શિષ્ય માનવિજય લિખતં શ્રી દ્રમપુર મધ્યે લીપીકૃતં શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ. ઘણી જૂની પ્રત કચ્છી દ. ઓ. પાઠશાલા; ભા. ભ. રત્ન. ડે. આ.

—સં. ૧૮૯૯ ફાગુણ શુદિ ૧૦ શનિવાસરે, લિપતમ ગુંસાઇ ગંડારામ પઠનાર્થ સદાનંદ દુગડ ઓસવાલ કુલે શુભંભવતિ.

(દે. લા. એક નાનો ચોપડો.)

—સંવત ૧૭૭૦ વર્ષે મિતી કાતી સુદિ ૭ દિને પં. સમયધીર-ગણિ લિખતં શ્રી હરદેસર ગ્રામ મધ્યે પા. ૨૨-૧૭ આ. ક.

—ઇતિશ્રી નગાઈ મહામુનિ સંબંધ સંપૂર્ણ સર્વગાથા ૨૨૫ ચતુર્થ પ્રત્યેકબુદ્ધ:-સર્વ ગ્રંથાગ્રંથ ૧૨૦૦ સં. ૧૭૭૧ વર્ષે ચૈત્ર વદિ ૯ શનૌવારે-લિ. પં. ધનજીકેન ૨૬-૧૬ ગારીયાધર.

—૩૦-૧૫ લીં. ૩૦-૧૫ અનંત.

(૩૫૬) મૃગાવતી ચોપઇ સં. ૧૬૬૮

આદિ—

સમરૂં સરસતિ સામિની, પ્રણમું સદ્દગુરૂ પાય,
બે કરજોડી વીનવું, માગું એક પસાય ૧
સરસ વચન દીઉ સરસતિ, સુણતાં અમીય સમાણ,
સદ્દગુરૂ પણિ સાનિધિ કરો, નિરમલ દિઉ મુજ ન્યાન. ૨
સંબ પ્રજૂનની ચોપઇ, પ્રત્યેકબુદ્ધ વખાંણ,
જિમ પરમાણઈ ચાડીયા, તિમ ચાડો પરમાણ. ૩
દાન સીલ તપ ભાવના, ચ્યારે ધરમ પ્રધાન,
સીલ સરીખો કો નહી, ઇમિ બોલઇ શ્રધમાન. ૪
કનકકોડિ કો દાન દિઇ, કનક તણો જિનગેહ,
સીલ અધિક એ બિહું થકી, ઇહાં કો નહીં સંદેહ. ૫
ચહસ ચઉરાસી સાધુનઈ, પડિલાભ્યાં ફલ જેહ,
સુકલ કસિણ પખિ દંપતિ, જીમાડયાં ફલ તેહ. ૬
ચઉઅહિ ઇંદ્ર સેવા કરઇ, જે પાલઈ સુધ સીલ,
ઇહ ભવિ પૂજા ફલ લહઇ, પરભવિ પાંમઈ લીલ. ૭
પ્રહ ઊઠી સહુ કો જપઇ, સીલવંતનાં નામ,
બ્રાહ્મી ચંદનબાલિકા, ઇત્યાદિક અભિરામ. ૮
તેણઇ કારણિ ભગતિં ભણું, મૃગાવતી ચરિત્ર,
સાવધાન થઈ સાંભલો, જનમ કરઉ સુપવિત્ર. ૯

× × × ×

ઢાલ ૧૩—ઇતિશ્રી મૃગાવતી ચરિત્રે ભારંડપંખી સંહરણ, તાપસાશ્રમ ૧૪ વર્ષ નિવાસ, કોસંબી નગરી સમાગમ વર્ણનો નામ પ્રથમ ખંડઃ સંપૂર્ણ.

શ્રી જિનકુસલ સૂરીસરૂ, સુણિ મોરી અરદાસ,
મુઝનઈ આલસ ઉપજઇ, મતિ પણિ નહીં પ્રકાસ. ૧

ઉદાસીન મન માહરૂં, કહો કીમ કીજઇ જોડિ,
તું સદગુરૂ જગિ જાગતો, પૂરઈ વંછિત કોડિ. ૨
પરતો એક મઈં પેખીઉ, નગર મરોટ મઝાર,
મેહ માગ્યો વૂઠો તુરત, ઈમ અનેક પ્રકાર. ૩
તેણઇ તુજનઇ મઈં પ્રારથ્યો, સમરથ સાહિબ જાંણિ,
મઇં બીજો ખંડ માંડીઉ, તું શિર ચાડિ પ્રમાણિ. ૪

× × × ×

ઢાલ ૧૩ રાગ ધન્યાસી દીઠોરે વામાકો નંદન દીઠો એ દેશી.
સીલ પાલઇરી સુધ સીલ મૃગાવતી પાલઇ
સુખ સમાધિ વસઇ લોક સઘલા, ભય ઊપજતાં ટાલઈરી. સુ૦
ચંડપ્રદ્યોતકટક પડિઉ બાહિરિ, વેઢી સંગ્રામ ન હોઇ,
ઉદયન કુમર મૃગાવતી રાણી, નગરમાંહિં સહુ કોઇરી. સુ૦
સીલ પ્રભાવઇ સંકટ ટલઈ સઘલાં, સીલ સદા સુપ હોઈ,
સીલ રતન રાષો રૂડી પરિ, સીલઈ નવનિધિ થાઈરી. સુ૦
જુગપ્રધાન જિનચંદ્ર સૂરીસર, જિનસિંઘ સૂરી જસવાદ,
બીજો ખંડ ચડિઊ પરમાણિ સકલચંદ સુપ્રસાદિરી. સુ૦
તેરમી ઢાલ રાગ ધન્યાસી, સુણતાં આણુંદ પાવઇ,
બીજો ખંડ થયો એ વારૂ, સમયસુંદર ગુણ ગાવઇરી. સુ૦

—ઇતિશ્રી મૃગાવતી ચરિત્રે દ્વિતીય ખંડ સંપૂર્ણ.

દૂહા—

શ્રી જિનદત્તસૂરિ જાગતો, હવઇ પ્રણમુ તસ પાય,
અખંડ કર અક્ષરથકી, યુગપ્રધાન કહિવાય. ૧
જીતી ચોસઠિ જોગિણી, ષેત્રપાલ બાવન્ન,
નામઈ ન પડઇ વીજલી, લોક કહઇ ધનધન્ન. ૨
પંડ બીજઇ સાનિધિ કરી, જિમ શ્રી કુસલસૂરિંદ,
તિમ ત્રીજઈ કરજ્યો તુમ્હે, હું પણિ છું મતિમંદ. ૩

સાવધાન થઇ સાંભલો, કહું ત્રીજો હવઇ ખંડ,
પીરખંડ ઘૃતપિણ મિલ્યાં, રસ ઉપજઇ પ્રચંડ. ૪

રાગ ધન્યાસી સાંતિજિન ભામણુઇ જાઉ એ દેશી.

મૃગાવતી રાણી ગુણ ગાયા......

* * * *

સહર વડા મુલતાણ વિસેષા, કાન સુણ્યા અબ દેખ્યા બે. ૮૦
સુમતિનાથ શ્રી પાસ જિણંદા, મૂલનાયક સુખકદા બે. મૃ. ૮૨
ખરતર સઘ ભલા મુલતાની, નગર મુખ્ય દીવાણી બે.
સિંધુ શ્રાવક સદા સોભાગી, ગુરૂગચ્છકેરા બહુ રાગી બે. મૃ. ૮૩
જાણુ શ્રાવક તે જેસલમેરા, મરમ લહઇ ધર્મકેરા, બે.
કરમચંદ રીહડ જાણીતા. સાહ વસઇ સુવિદીતા બે મૃ. ૮૪
સંધિપૂરવ મરૂધર ગુંજરાતી, ઢાલ નવીનવ ભાતી બે,
ચતુર વિચક્ષણ તુમ્હે હોઇ, ઢાલ મ ભાંગજ્યો કોઈ બે. મૃ. ૮૫
ભાગી ચૂડિમઇં નહી સકારા, તુટિ લટિમઇં જ્યું હારા બે.
ભાગઇ મનિ ન સોહઇ વયરાગી, તિમ ન સોહઈ ઢાલ ભાગી બે. મૃ. ૮૬
કનકમુદ્રડી નંગ વિહુણી, રસવતી જેમ અલૂંણી બે,
કંતવિના જિમ નારિ વિરંગી, રાગવિણુ ઢાલ ન ચંગી બે. મૃ. ૮૭
મીઠી ઢાલ રાગસિઉ મેલી, જિમ મિશ્રી દૂધ ભેલી બે,
તેહ ભણી ઢાલ રાગસિઉ કહયો, ચતુર તુમ્હે જસ લેયો બે. મૃ. ૮૮

* * * *

અંતે—

બારમી ઢાલ ખંડ ત્રીજાની, સમયસુંદર મનિમાની બે. ૨૧ મૃ.
શ્રી ખરતર ગચ્છકમલ દિણંદા. યુગપ્રધાન જિનચંદા બે, ૨૨ (૮૯)
શ્રી જિનસિંઘ સૂરિ સોભાગી, પુણ્યદસા જસુ જાગી બે. ૨૩
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યાં કેરાં, સકલચંદ ગુરૂ મેરા બે, ૨૪ (૯૦)
તસુ પ્રસાદિ થયા ગ્રંથ પુરા, પ્રગટયા સુજસ પડૂરા બે. ૨૫

સોલસઇ અ સડા વરસે, હુઈ ચઉપઇ ઘણે હરસે એ.   ૨૬ (૫૧)
મૃગાવતી ચરણ કહ્યા ત્રિહુ ખંડે. ઘણે આનંદ ઘમંડે એ.   ૨૭
મોહણવેલિ ચઉપઇ સુણતાં, ભણતાં નઇ વલિ ગુણતાં એ.   ૨૮ (૫૨)
સમયસુંદર ઘઈ સંઘ આસીસા, રિદ્ધિ વૃદ્ધિ સુજગીસા એ.   ૨૯ (૫૩)

સર્વગાથા ૨૧૧ ઇતિ મૃગાવતી ચરિત્રે ચંડ પ્રદ્યોતન વપ્રકારાપણ, શ્રી વીરાગમન, મૃગાવતી દીક્ષા, ઉદયન શ્રાવકવ્રત ગ્રહણ, મૃગાવતી ચંદના કેવલોત્પત્તિ. તન્નિર્વાણ વર્ણનો નામ તૃતીયખંડ સંપૂર્ણ. ઢાલ ૧૨ ગાથા ૨૧૧. પહેલામાં ૧૩ ઢાલ, ગાથા ૨૬૬, બીજામાં પણ ૨૬૬ ગાથા ને ઢાલ ૧૩, ત્રીજામાં ઢાલ ૧૨ ગાથા ૨૧૧ સર્વ મળી ગાથા ૭૪૪ ઢાલ ૩૮—લખી સં. ૧૬૯૪ પૃ. ૨૫ પં. ૧૫. ગુ. વિ. (ડે. રત્ન. જેસ. લીં.)

[ઇતિ શ્રી મૃગાવતી ચોપઈ સંપૂર્ણ. સર્વ ખંડ ૩ ઢાલ ૩૮ ગાથા ૮૫૫ સર્વ શ્લોક ૧૧૧૦ સં. ૧૭૧૫ વર્ષેતિ મંગલ શ્રી આમરણિ મધ્યે ગણિ વિનીતકુશલ લખિતં. શ્રીરસ્તુ ભાવ. પૃ. ૨૧ પં. ૧૫)
—સં. ૧૭૦૬ આ૦ વ૦ ૮ ગુરૌ લિ૦ વીરમગામ મધ્યે. ૩૭-૧૨

આ.-ક.

—સં. ૧૮૭૧ ધો. સ. ભં.
—સં. ૧૬૯૦ વર્ષે આશ્વિનિ સુદિ ૩ દિને બૃહસ્પતિ વાર ॥ શ્રી ખરતર ગચ્છે । શ્રી પુજ્યશ્રી ૫ જિનસિંઘસૂરિ પં. શ્રી લબ્ધિવર્ધન મુનિ । તત્ શિષ્ય ક્ષ । વા૦ શ્રી ખેખા રિષિ ઉપાધ્યાય શ્રી ૫ શિવચંદ્ર તત્શિક્ષ માનકીર્તિ લિખિતં-(વિ. ધ. ભંડાર.) —૩૧-૧૨ જૂની પ્રત. અનંત.

—સંવત ૧૬૭૯ વર્ષે શ્રાવણ માસિ કૃષ્ણપક્ષે ત્રયોદસ્યાં તિથૌ શનિવાસરે, શ્રી પૂર્ણિમાપક્ષે ચતુર્થ શાખાયાં શ્રી શ્રી શ્રી ભટ્ટારક શ્રી શ્રી શ્રી પૂજ્ય શ્રી હર્ષસાગરસૂરિણા શિષ્ય હરજી લિખિતં. ખેડાવારા મધ્યે લિખિતં. શ્રીરસ્તુ-કલ્યાણમસ્તુ, દીર્ઘાય ભવતુ લેખક પાઠકયોઃ-૧૩-૧૭ મારી પાસે છે. આ પ્રત કવિના સમયમાં લખાયેલી છે.

(૩૫૭) પ્રિયમેલક (સિંહલસુત) રાસ. સં. ૧૬૭૨ મેડતામાં.

આદિ—　　　　　　　　દુહા-સોરઠીય.

પ્રણમું સદગુરૂ પાય, સમરૂં સરસ્વતી સાંમિણી,
દાન ધરમ દીપાય, કહિસિ કથા કૌતુકભણી.　　　　૧
ધર્મ્મ માંહિ પ્રધાન, દેતાં રૂડા દાસિયૈ,
દીધઉ વરસી દાન, અરિહંત દીક્ષા અવસરૈ.　　　　૨
ઉત્તમ પાત્રનો એહ, સાધુને દીજૈ સૂઝતો,
લહિયૈ લછિ અછેહ, આંહલક દાંન જો દીજીએ.　　　　૪
અતિ મીઠા આહાર. સખરા દેજયો સાધુને,
સુખ લહિસ્યો શ્રીકાર, ફલ બીજાં સરિખા ફલૈ.　　　　૫
પૃથ્વીમાંહિ પ્રસિદ્ધ. સુણિયૈ દાનકથા સદા,
પ્રિયમેલકઅ પ્રસિદ્ધ, સરસ ઘણું સંબંધછઈ.　　　　૬
સુણો મિલ્યો જો સંચ, એ સુણતાં જે ઉંઘસ્યઈ,
ઉ માણુસં અગલિંચ, કે મુઝ બચનકો રસ નહિ.　　　　૭

આ રાસની ઢાલો—(જુની પ્રતમાંથી) ૧ રાગ રામગરી-નયર દ્વારામતિ કૃષ્ણ નરેશ. ૨ પાઇલરી—અથવા કરેરે વિલાપ મૃગાવતી, રાય કોય છોડાવે—૩ વાલુંરે સવાયો વયર હું માહરૂં જી—મૃગાવતીની ચોપઇની ઢાલ. ૪ રાગ આસાઉરી સહજિઈ છેહડાં દરજણિ સહજિઈ નેહડો બાલારે ભર જોબનમાતી—એહની ઢાલ. ૫ અલબેલાની. ૬ રાગ વઇરાડી. જલાલીયાની ઢાલ. ૭ સીમંધર સ્વામી ઉપદિસે. અથવા મે વઇરાગી સંઅલો. ૯ સોહલાની રાગ મલ્હાર. ૧૦ રાગ દેશાખ. ૧૧ રાગ મેવાડો ધન્યાસી.

અંતે—

ઢાલ ૧૧ મદનમિ વાસો માહવ માંડિઓ રે—એ દેશી.

રાગ ધન્યાસી.

દાન સુપાત્રિ શ્રાવક દીજીઈરે દાને દોલતી હોઇ,
દીધાંરી દેઉલ ચઢિરે સાચ કહિ સહુ કોઈ.　　　　દાન. ૨૪

સંવત સોલ બહુત્તરિ, મેડતા નયર મઝારિ,
પ્રિયમેલક તીરથ ચોપઇરે, કીધી દાન અધિકાર. દાન. ૨૫
કચરો શ્રાવક કૌતકીરે, જેસલમેરિ જાણો,
ચતુરે જોડાવી જિણિએ ચોપઇરે, મૂલ આગ્રહ મૂલતાંણુ. દાન. ૨૬
ઇણિ ચોપઈ એહ વિશેષની, સગવટ સઘલિ વામિ,
બીજા ચોપઈ બહુ દેખયોરે, નહિ સગવટનો ઠામ. દાન. ૨૭
શ્રી ખરતર ગચ્છ સોહાવતાં શ્રી જિણચંદ સૂરીસ,
સકલચંદ સદ્ગુરૂ દીપતારે, સમયસુંદર તસુ સીસ. દાન. ૨૮
જયવંતા ગુરૂ રાજિયારે, શ્રી જિનસિંહ સૂરીરાય,
સમયસુંદર તસુ સાંનિધિ કરીરે, ઇમ પભણિ ઉવઝાય. દાન. ૨૯
ભણતાં ગુણતાં ભાવસુંરે, સાંભલતાં સુવિનોદ,
સમયસુંદર કહિ સંપજિઈરે, પુણ્યે અધિકું પ્રમોદ. દાન. ૩૦

—સં. ૧૭૮૯...પ્ર. કા; ડે. અમ.

—સં. ૧૬૯૭ વર્ષે ફાગુણ માસે કૃષ્ણપક્ષિ દ્વાદસિ ગુરૂવાસરે લષિત સોભાગ્યવિમલેન ૮—૧૫ વિ. ધ.

—સં. ૧૭૦૧ વર્ષે આશ્વિન માસે તૃતીયા મંગલવાસરે વા૦ લબ્ધિવિજય ગણિશ્રી વીરવિમલ તત્ શિષ્ય મુ. કલ્યાણવિજય લપીકૃત શ્રી સામલ પાર્શ્વનાથ પ્રસાદાત્ ૫—૧૫ પાલણપુર ભં.

—સં. ૧૭૪૪ વર્ષે માહ શુદિ ૫ દિને લિ૦ ગણિ બુદ્ધિવિજયેન શ્રી જિહનાબાદ નગર મધ્યે સાધ્વી વાચનાય ૧૭—૧૧ ધો.

—સં. ૧૮૦૩ જ્યેષ્ઠ વદિ ૨ સાધ્વી મલૂકોજી પઠનાર્થં ૧૩—૧૧ ધો.

—૧૧—૧૩ ગારીયાધર ભં.

—૯—૧૩ લીં.; પ્રત લ૦ ૧૮૧૮ લીં.

—૮—૧૨ આગ્રા ભંડાર. શુદ્ધ ને ઘણી જૂની પ્રત કર્ત્તાની સ્વય લિખિત જણાય છે.

(૩૫૮) પુણ્યસાર ચરિત્ર સં. ૧૬૭૩ —વિદ્યા.

(૩૫૯) નલદવદંતી રાસ. સં. ૧૬૭૩
આદિ—

સીમંધર સામી પ્રમુખ, વિહરમાંન જિન વીસ,
અઢી દ્વીપમાહિ સાસતા, જયવંત જગદીસ. ૧
કોડિ દોઇ વલી કેવલી, સહસ કોડિ હોઈ સાધુ,
સંપ્રતિ સંયમ પાલતા, ગુણમણિ સમુદ્ર અગાધ. ૨
આદિનાથ જિન આદિ દે, ચઉવીસઈ જિણચંદ,
સહુ દિસઈ બાવન ચતુર, સહુ ગણધર સુષકંદ, ૩
જિન ચઉવીસ તણા યતી, લિખ્યા અઠ્ઠાવીસ લાખ,
અઠ્ઠાતીસ સહસ અધિક, સૂત્ર સિદ્ધાંતઇ ભાષ. ૪
ગણધર પહલી ગુંથીયા, પૂરવ ચઉદ પ્રધાન,
તેહનો સાર નમોકાર તે, ધરઇ સહુ કો ધ્યાંન, ૫
એ સહુનઈ પ્રણમી કરી, પ્રણમી સદગુરૂ પાય,
સમરૂ સરસતિ સામિની, પામુ જેમ પસાય. ૬
નલદવદંતી નારિના, સરસ ઘણું સંબંધ,
છ પડે કહિસું છતા, નિરમલ સીલ સુગંધ. ૭
દવદંતી મોટી સતી, નામ થકા નિસ્તારિ,
બાજી બઈઅર બાંપડી, કાં સરજી કિરતાર ? ૮
આકુલ ફૂલે ફુટરે, પગે ન પૂજા હોઇ,
ચંપા ફુલ અમૂલ ગુણ, સિર *ચાડઇ સહુ કોઇ. ૯
જીભ પવિત્ર કરવા ભણી, કહીસું સતીચરિત્ર,
ભાવિક તુમ્હે પણિ સાંભળો, હોસિં કાન પવિત્ર. ૧૦

—સ્વયવરા મંડપ, વીવાહવર્ણનો નામ પ્રથમ ખંડ સંપૂર્ણ:

—રાજ્યહારણ, દવદંતી ત્યાગવર્ણનો નામ દ્વિતીય ખંડ સંપૂર્ણ;-
નલ સૂર્યપા કરસવતીકલા પ્રગટ, વિપ્રસમાગમન, દવદંતીવિરહવિલાપ,
સાર્થરક્ષણ રાક્ષસરંજન-વર્ણનો નામ તૃતીય ખંડ સંપૂર્ણ.

* ચડાવે.

—ગુહાગમન, સાર્થવાહ તાપસપ્રતિબોધ, સિંહ કેસરી સાધ કેવલોત્પત્તિ, નલદવદંતી પૂર્વ-ભવ વર્ણન, રાક્ષસી પ્રતિબોધ, ધનદેવ સારથ વાહસાહાય્ય, શ્રી અચલપુર સમાગમે નામ ચતુર્થ ખંડ સંપૂર્ણ.

—નૃપસમીલન, ચોરમોચન પ્રતિબોધ, હરિમિત્રવિપ્રસમાગમન, સ્વયંવરમંડપકારોપણ, દધિપર્ણ સાર્થ કુબ્જસમાગમન, કટિમૂલરૂપ નલમેલાપક નામ, પંચમ ખંડ સંપૂર્ણ:

તિલકાચારજ કહી એહની, ટીકા સાત હજાર,
દસવિકાલિક મૂલ સૂત્રની, મહાવિદેહ ક્ષેત્ર મઝાર.

× × × ×

નલદવદંતી કેરા મઈ કહ્યા, પાંડવનેમ ચરિત્ર હો,
એ અધિકાર તિહાંથી ઉધર્યો, ચચલ કવિયણ ચિત્ત હો,
કવિયણ કેરી ત્રિહાંકોણ ચાતુરી, અધિકું ઓછું એથિ હો,
વીસર ભોલો જે મે કહ્યો. મિચ્છાદુકડ તેથિ હો,
સંઘ સમક્ષ તે મઇ આપીઉં, નવમી ઢાલ રસાલ હો,
છઠા હો ખંડાણી પૂરી થઇ, વારૂ વચન વિલાસ હો,
સમયસુંદર ભણઇ ભાવસું,

અંતે—

ઢાલ ૧૦ દેશી ગીતાની છંદની.

સુધર્મા સ્વામી પરંપરા, ચંદ્ર કુલા ચિયરી શાખ,
કોટીક ગચ્છ ગુણ ખરતગે, બટારી કીયા સું ભાખ.
સુભાખ જગપ્રધાન જિનચંદ, પ્રથમ શિષ્ય શિરોમણિ,
જસ ગોત્ર રીહડ નામ પંડિત. સકલચંદ પ્રસિદ્ધિ ઘણી.
તસુ શિષ્ય પભણે સમયસુંદર ઉપાધ્યાય ઇસિપરિ,
વાચનાચારીજ હર્ષનંદન પ્રમુખ શિષ્યને આદરે.
ગોત્ર ગોલવછા ગહગહિ, મેડતા નગરિ મઝારિ,
દિન દિન સંઘમંઈ દીપતા, ખરતર ગચ્છ સિણગાર.

સિણગાર ધર્મ્મ તણા ધુરંધર, દેગુર રાગી ઘણું,
રાયમલ્લ પુત્ર રત્ન અમીપાલ, ખેતસી નેતસી ભણું.
રાજસી તેજસી ભત્રિજા તિહાંકણિ નતસી આગ્રહ ઘણું,
ચઉપઈ કીધી સમયસુંદરિ નલ દવદંતી ચરીત સુણું.   ૨

સંવત સોલ ત્રિહુત્તરે માસ વસંત આણંદ,
નગરિ મનોહર મેડતો, જિહાં વાસુપૂજ્ય જિણંદ,

વાસુપૂજ્ય તિર્થંકર પ્રસાદિ ગછ ખરતર ગહિગહિં.
ગછરાય યુગપ્રધાન જિણસિંઘસૂરિ સદગુરૂ જસ લહઇ,
ઉવઝાય પભણઈ સમયસુંદર, કીઓ આગ્રહ નેતસી,
છઉપઇ નલ દવદતી કેરી, ચતુર માણુસ ચિત વસી.   ૩

—ઇતિ શ્રી નલદવદંતી શિલોપરિ ચઉપઈ સંપુર્ણ ખંડ ૬ સર્વ ગાથા ૯૧૩ શ્લોક સંખ્યા ૧૩૫૦ ઢાલ ૩૮ (પ્ર૦ કા૦)

(પ્ર. કા. વિધા. લીં. પા. ૩)

—ઇતિ શ્રી નલ દવદંતી સબંધે–તાપસદેવકૃત સમેગટી સ્વર્ણવૃષ્ટિ નલકોશલા પ્રવેશો ઉછ્વ નલ દવદંતી દીક્ષા ગ્રહણ, સ્વર્ગપ્રાપ્તિ, કનકાવતી સમીપ હંસ સમાગમ, કન્કવતી વસુદેવ પરિણાયન ગ્રહવાસ કનકવતી કેવલોત્પત્તિ, નલ આગામી ભવસિદ્ધ ગમન–૬–વર્ણનો નામ ષષ્ટમ ખંડ સંપૂર્ણ:—

પ્રથમ ખંડે ઢાલ ૭ ગાથા ૧૭૧ દ્વિતીય ખંડે ઢાલ ૫ ગાથા ૧૩૫, તૃતીય ખંડે ઢાલ ૪ ગા૦ ૧૩૦ ચતુર્થ ખંડે ઢાલ ૬ ગાથા ૧૨૯, પંચમ ખંડે ઢાલ ૫ ગાથા ૧૭૬ ષષ્ટ ખંડે ઢાલ ૧૦ ગા. ૨૦૫ સર્વ ગાથા ૯૪૧ ગ્રંથાગ્રંથ ૧૭૭૫. પંડિત શ્રી ૫ શ્રી કીર્તિકુસલ ગણિ શિષ્ય ગણિ જીનકુશલ લખિતં–સાહ માણિકદાસ તસુ સુત સાહ શ્રી સાંતિદાસ વાચનાર્થ. સંવત્ ૧૭૬૬ વર્ષે કાતિ માસે કૃષ્ણપક્ષે તિથિ દસમિ દિને સોમવાસરે લ.પકૂને. (મુનિશ્રી નીતિવિજયજી પાસેની પ્રત.દે.લા.)

—સર્વ ઢાલ ૪૧ સર્વગાથા ૯૩૭ સર્વખંડ ૬ ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૧૪૭૦ શુભં ભવતુ-લિખતં કાસોરીયા ગ્રામે રૂપારેલીકે પડિગણેઃ-રાણાશ્રી હમિરસીંગજી રાજ્યે તત્ ઉ...રાઠોડવંશે ઠાકુરાં શ્રી સિવસીંઘજી તત્કુંવર શ્રી અનોપસિંઘ તત્ કુવર દેવાસિંઘેન સૂખં ભૂયાત્. પુસ્તિકા લેખીતા. શ્રી તપાગચ્છે રૂચિશાખાયાં પંડિત રત્નાકર સકલ પડિતોત્તમ પંડિત શ્રી ૧૦૮ શ્રી સુર (?) પાલ રૂચિજી તત્ શિષ્ય પંડિત પ્રધાન સૂજાણરૂચિજી તત્ શિષ્ય કનકરૂચિ લિપિકૃતં સ્વપઠણહેતવે સં ૧૮૩૦ વર્ષે શાકે ૧૬૯૫ પ્રવર્તમાને માસાત્તમ ચૈત્ર વદી ૫ બુધવાસરે દ્વિતીય પ્રહરે સંસુખેન તિષ્ટતિ સર્વ મગલં. પૃ. ૪૧ પં. ૧૩ આ. ક.

—પ્રથમ ખંડ ઢાલ ૭ ગાથા ૧૮૧ દ્વિતીય ખડ ઢાલ ૫ ગાથા ૧૩૬ તૃતીય ખંડ ઢાલ ૫ ગાથા ૧૩૦ ચતુર્થ ખડ ઢાલ ૬ ગા. ૧૨૯ પચમ ખંડઈ ઢાલ ૫ ગા ૧૭૬ ષષ્ઠ ખંડ ઢાલ ૧૧ ગાથા ૨૦૫ સર્વ ખંડ ઢાલ ૩૯ ગ્રંથાગ્રથ ૧૩૫૦.-ઇતિ-ઋષિમાડણની પ્રતિ છઈ. ૩૭-૧૩ મો.

—પં. ઉરબદ લિપીકૃતં-મુલઆણ મધ્યે. (વિ. ધ. ભંડાર)

—૩૦-૧૬ લીં.-૨૩-૧૮ અનંત. સર્વ ગાથા ૨૫૦. સ. ૧૮૪૪ વર્ષે ફાગુણ સુદી ૩ વાર સોમવાસરે.

—પૂજ્ય ઋ. માલજી તત્ શિ. પાંડવ તન્મધ્યે લિપિકૃતં સિ. ઋ, શિવજી માલજી ચેલા ઝવેરચદ મોતીચંદ પઠનાર્થે શ્રી ભુજનગરે રાહો શ્રી રાજ્યધણ રાજ્યે સ. ૧૮૬૪ ના કાર્ત્તિક વદ ૫ ગુરૌ-પા. ૩૦ ૧૫ રાજકોટ પૂ. અ.

—સર્વગાથા ૨૫૦. સં. ૧૮૪૪ વર્ષે ફાગુણ સુદી ૩ વાર સોમવારે. પ્રથમ ખડે ઢાલ ગાથા ૧૭૧, દ્વિતીય ઢાલ ૫ ગાથા ૧૩૫ તૃતીય ઢાલ ૫ ગાથા ૧૦૨ ચઉથા ખં. ઢા. ૬, ૧૨૪ પચ. ખં. ઢાલ ૫ ગા. ૧૩૬ છઠા ખં. ઢા. ૧૦ ગાથા ૨૦૫ સરવ ઢાલ ૩૮ ગાથા ૯ સઈ ૧૩. સરવ ખંડ ૬ ગ્રંથાગ્રંથ ૧૨૫૦ શુભં ભવતુ. ૩૨-૧૪ અનંત.

(૩૬૦) વલ્કલચીરી રાસ. (ચુપઈ) ૧૬૮૧ જેસલમેરમાં.

આદિ— દુહા.

પ્રણમું પારસનાથનઇ, પ્રણમુ સહગુરૂ પાય,
સમરૂં માતા સરસતી, સહૂ કરયો સુપસાય. ૧
વલકલચીરી કેવલી, મોટઇ સાધ મહંત,
ચૂંપ કરી કહું ચુપઈ સાંભલયો સહૂ સંત. ૨
ગુણ ગિરૂયાના ગાવતાં, વલિ સાધના વિશેષ,
ભવમાહિ ભમીઈ નહી. લહિયઈ સુખ અલેખ. ૩
મઈ સંયમ લીધુ કિમઇ, પણિ ન પલઇ કરૂં કેમ,
પાપ ઘણા પોતઈ સહી, અટકલ કીજઈ એમ. ૪
તઉપણિ ભવ તરિવાભણી, કરિવઉ કોય ઉપાય,
વલકલચીરી વરણવું, જિમ મુઝપાતિક જાય. ૫

* * * *

અંતે—

જેસલમેરઇ જિનપ્રાસાદ જિહાં ઘણારે,
સોમ વસુ સિણગાર ૧૬૮૧ વરસ વખાણીયેરે,
ખરતર ગચ્છ રે બિરદ ખર જગિ જાણીયેરે— ૫
શ્રી જિણચંદ સૂરિ રે જુગપ્રધાન જગિ પરગડારે,
રે તાસુ પ્રથમ શિષ્ય તેહ, સકલચંદ સુયંકરૂરે,
સમયસુંદર રે, તાસુ સીસ શોભાધરરે— . શ્રી. ૬
રાહડ કુલરે જિહાં જિણચદ સૂરિ ઉપનારે હોરે,
તિણ કુલિ જસુ અવતાર મુલતાણમાં વસઇરે,
સાહ કેમચંદરે જેસલમેરી સુભ જસઇરે. શ્રી. ૭
પદ સગવટરે વલકલચીરી ચુપઇરે,
હાં રે કર્મચંદ આગ્રહ મઈ કીધ,
આણંદ અતિ ઘણુઇરે, સુખ પામઇરે,
સમયસુંદર કહેઇ જે સુણઇરે. શ્રી. ૮

સર્વગાથા ૨૨૫. ઇતિ શ્રી વલ્કલચીરી ચુપઈ સમાપ્ત.
(પ્ર. કા. લી.)

૩૬૦૭ વસ્તુપાલ તેજપાલનો રાસ. સં. ૧૬૮૨ (?) તિંમરિપુરમાં.

આદિ—

સરસતિ સામિણિ પય નમી, પ્રણમી સહગુરૂ પાય,
વસ્તપાલ તેજપાલનો, રાસ કહું ચિત લાય. ૧
પોરવાડ વંશે પ્રગટ, જિનશાસન સિણગાર,
કરણી મોટી જિણુ કરી, સહુ જાંણે સંસાર. ૨
ચંડ પ્રચંડ અનુક્રમે સોમ અને આસરાજ,
વસ્તપાલ તેજપાલ એ, તસુ નંદન શિરતાજ. ૩
માતા કુઅરિ ઉરરતન, પાટણ નગર નિવાસ,
વીરધવલ રાજા તણા, મેહતા પુણ્ય પ્રકાસ. ૪
વરસ અઢાર ગયા પછી, વરસ અઢારા સીમ,
વસ્તપાલ તેજપાલ એ, ધર્મકરણી કરે ઇમિ. ૫
× × × ×
વરસ બાર સત્યોતરે પહલી શેત્રુંજ યાત્ર,
કીધી સબલ પડુરસ્યું, તે કહિઇ લવમાત્ર. ૨૬
* * * *

અંતે—

સરસ્વતીકંઠાભરણ બિરૂદ, ચોવીસ બોલે ભટ્ટ સુશબ્દ. ૩૨
દલવા દલ ડેરા તંગોટી, ફરહે નેજા ધજા અતિ મોટી,
સબલ આડંબર રાયની રીતિ, સંઘ ચાલે સહુ સંતોષી. ૩૩
જયપતાકા તેતીસ વાર, સંગ્રામ કરીને પામી સાર,
એહવી સાઢી બારહ જાત્રા કીધી, શેત્રુંજ સંઘવી પદવી લીધી. ૩૪
હવે સહુ પુન્યવરાની વાત, જે દ્રવ્ય ખરચ્યા તે કહાત,
તેત્રીસ કોટિ ચઉદહ લાષ, અઢાર સહસ આઠસેં સાખ. ૩૫
ત્રિહું લોડહીએ ઉણા સોનઇયા, પુણ્યવરે ખરચ્યા તે કહિયા,
જિનસાસનમાં સોહ ચઢાઈ, બારસેં અઠાણું સુરમતિ પાઈ. ૩૬

વસ્તુપાલ તેજપાલ પુણ્ય પ્રધાન, જેહને પગ પગ પ્રગટ્યાં નિધાન,
પુન્યથી પામી તેજમ તુરી, દક્ષિણાવર્ત્ત આસ્યા પુરી. ૩૭
ઇમ જાંણી સહુકો ધરમ સાર, ધન પ્રરચો વ્યવહારિયા વાર,
સફલ કરો આપણો અવતાર, જિમ તુમે પામો ભવપાર. ૩૮
શ્રી ખરતર ગચ્છ શ્રી જિનચંદ, શિષ્ય સકલચંદ નામે મુણિંદ,
સમયસુંદર પાઠક તસુ સીસ, રાસ ભણ્યો શ્રીસંઘ જગીસ. ૩૯
સંવત સોલે બયા(છ્યા)સીયા વરસે, રાસ કિધો તિમરીપુર હરખે,
વસ્તપાલ તેજપાલનો રાસ, ભણતાં સુણતાં પરમ ઉલ્લાસ. ૪૦

—આગ્રાપ્રત ૨-૧૨. ફાર્બસ સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ પૃ. ૪૫ મેં આગ્રાપ્રત પરથી ઉતારેલી છે.

ગા. ૫૪–ખં. ૩, માણેક.

(૩૬૧) સીતારામ પ્રબંધ (ચોપઇ) ૧૬૮૭ મેડતામાં.

આદિ— દૂહા.

સ્વસ્તિ શ્રી સુખસંપદા, દાયક અરિહંત દેવ,
કરજોડી તેહનેં કરૂં, નમસકાર નિતમેવ. ૧
નિજગુરૂ ચરણકમલ નમું, તીન તત્ત્વદાતાર,
ટીડીથી કુંજર કીયો, એ મુઝને ઉપગાર. ૨
સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અરદાસ,
માતા દેજે મુજઝને કરૂં વચનવિલાસ. ૩
સંબ પ્રજૂન કથા સરસ (૧), પ્રત્યેકબુદ્ધ પ્રબંધ (૨),
નલદવદંતિ (૩) મૃગાવતી (૪), ચઉપઇ ચ્યાર સંબંધ. ૪
આઈ તું આવી તિહાં, સંભર્યાં દીધો સાદ,
સીતારામ સંબંધ પણિ, સરસતિ કરે પ્રસાદ. ૫
કલંક ન દીજે કેહને, વલી સાધને વિશેષિ,
પાપ વચન સહુ પરિહરો, દુખ સીતાનું દેખિ. ૬
સીલ રતન પાલો સહૂ જિમ પામો જસવાસ,
સીતાની પરિ સુખ લહો લાભો લીલ વિલાસ. ૭

સીતા રામ સંબંધના નવખંડ કહિસિ નિબંધ,
સાવધાન થઈ સાંભલો, સીલ વિના સહુ ધંધ. ૮

અત્ર આ પ્રબંધની દરેક ખંડમાંનીદેશીઓ આપેલી છેઃ—

* * * *

ઢાલ ૧—સાહેલી આંબો મોરીયો—રાગ સારંગ, ગોતમ સ્વામી સમોસર્યા.
ઢાલ ૨—પુરંદરરી વિસે ખાલી—સાધુને આલ કૂડો દીયો.
ઢાલ ૩—સોરઠ દેસ સોહામણો સાહેલડી રે, દેવો તણો નિવાસ—
ગયસુકુમાલની ચોઢાલીયાની;—
ઢાલ ૪—ધરિ આવોરે મનમોહન મોટા.
ઢાલ ૫—બિંદલીરી.
ઢાલ ૬—રાગ ગોડી. જાતિ જકડીની વિસખાલી.
ઢાલ ૭—જાતિ ત્રાટકાવેલિની.

પહેલો ખડ થયો એ પૂરો, સાત ઢાલ સુસવાદ,
જુગ પ્રધાન જિણચંદ પ્રથમ શિષ્ય, સકલચંદ સુપ્રસાદ.
ગછનાયક જિનરાજ સૂરીસર, ભટ્ટારક વડભાગ,
સમયસુંદર કહે સીલ પાલંતાં વાધે જસ સોભાગ.
—સર્વ ગાથા ૧૪૬ સીતાવિવાહવર્ણનો નામ. પ્રથમઃ ખડ—

હિવ બીજો ખંડ બોલસ્યું, જિહું વાધે બહુ પ્રેમ,
સાંનિધિ કરિજે સરસતી, જોડું બે ગો જેમ. ૧
સીતારામ સભાગિયા, ભોગવે ભોગ સંયોગ,
લીલાના એ લાડિલાડિલા, ઘણું વખાણે લોગ. ૨

* * * *

ઢાલ ૧ કેથે પૂજ્ય પધારિસ્યે—એ ગીતની.
૨ જાતિ જત્તિની—વલી તિમરી પાસે વડલું ગામ—વલી પ્રત્યેક બુદ્ધની **બીજા ખંડની આઠમી ઢાલ.** જંબૂદીપ પૂરવ સુવિદેહ એહની ઢાલ.
૩ રાગ આસાઉરી સિંધૂડો મિશ્ર. ચરણાંલી ચાંમુંડા રણે ચડે,

ચખ કરી રાતા ચાલોરે, વિરતિ દાનવદલ વિચિ, ધાડિ દીયે ધમ-
રોલો—ચરણાલી૦ એહની ઢાલ.

૪ વરસાલો સાંભરે—
૫ ચેતે ચેતન કરી. અથવા પ્રત્યેક બુદ્ધના પહેલા ખંડની આઠમી
ઢાલ—ધન પદમાવતી—એહની ઢાલ.
૬ ઓલગડીની—રાગ મલ્હાર.
૭ થાકી ઓલો આંવેજી.

સાતમી ઢાલ પૂરી થઇજી, રામ રહ્યા વનવાસ,
સમયસુંદર કહે સહુ મિલીજી, ભરતને દ્યો સાબાસિ. ૧૮
બીજો ખંડ પૂરો થયોજી, સાંનિધિ શ્રી જિનચંદ,
સકલચદ સુપસાઉલેજી, દિનદિન અધિક આણંદ. ૧૯
શ્રી ખરતર ગચ્છ રાજીઓજી, શ્રી જિનરાજ સૂરીસ,
સમયસુંદર પાઠક કહેજી, પૂરો સંઘ જગીસ. ૨૦

—સર્વ ગાથા ૧૯૨ રામસીતાવનવાસવર્ણનો નામ દ્વિતીય: ખંડઃ
ત્રિણ વિણુ ગીત ન ગાઇયે, ત્રિણ વિણુ મુગતિ ન હોઇ,
કહું ત્રીજો ખંડ તે ભણી, જિમ લહે સવાદ સહુ કોઇ. ૧
રામચંદ આશ્રમે રહ્યા, પહેલી રાતિ મઝાર,
આવી આગલિ ચાલતાં અટવી ડંડાકાર. ૨

*   *   *   *

ઢાલ ૧—રાગ રામગિરી અમ્હને અમ્હારો પ્રિયુ ગમે—
કાજી મહમદના ગીતની ઢાલ.
૨—રાજીમતી રાણી ઇણપરિ બોલે, નેમવિના કુંણ ઘુંઘટ ખોલે—
એહની ઢાલ.
૩—સુણે મેરી સજની, રજની ન જાવેરે એહની ઢાલ, અથવા પ્રિયુડા
માનો બોલ હમારો રે એહની ઢાલ.
૪—ચંદાયણિની-પણિ દુહે દુહે ચાલિ. રાગ કેદાર. રાગ ગોડી.

૫—રાગ મલ્હાર. મોરા સાહિબ હે શ્રી સીતલનાથ કે, વીનતિ સુણિ
એક મોરડી એહની—અથવા રાજેસર હો સુણિ વીનતિ એક કે
મનવંછિત પૂરે માહરા.
૬—ઈડરિયે છડરિયે ઓલગાણે આવ્યુ ઉલંગ્યોરે—આ. લાલ.
૭—નાહલિયા મજાએ ગોરી રેવણુ હટે—રાગમલ્હાર
ત્રીજા ખંડની સાતમી રા. ઢાલ પૂરી થઇ તેહ
ત્રીજો ખંડ પૂરો થયો રા. સમયસુંદર કહે એહ. પ્રિ.
—સર્વ ગાથા ૧૬૮ સીતારામ સંબંધે વનવાસે પરોપકાર વર્ણનો
નામ તૃતીયઃ ખંડઃ

દાન શીલ તપ પણિ ભલા પણિ વિણુ ભાવ ન સિદ્ધિ
તિણુ કારણે કહો જોઇજો ચોથો ખંડ પ્રસિદ્ધ. ૧
લખમણુ સીતા રામ સહુ, ગયા આઘેરા જેથિ
ગાજવીજ કરિ વરિસયા, લાગો જલહર તેથિ. ૨

* * * *

ઢાલ ૧—વેસર સોનાકી, ઘરિ દે ચતુર સોનાર વે૦
વેસર પહેરી સોનાકી રઙ્ગે નંદકુમાર વે૦—
એહ ગીતની રાગ અસાઉરી.
ઢાલ બીજી. રાગ વયરાડી જા જારે બાંધવ તું વડો—એ
ગૂજરાતી ગીતની ઢાલ.
૩—દેખો માઇ આસા મેરે મનકી સયલ ફલીરે,
આણંદ અંગિ ન માય—એ ગીતની ઢાલ.
૪—ચોપઇની ઢાલ-રાગ ગોડી.
૫—રાગ ઉડી—બાજ્યો બાજ્યો માંદલકો ધોંકાર એ ગીતની જાતિ.
૬—રાગ ગોડી. જંબૂદીપ મઝાર—એ સુબાહૂ સંધિની ઢાલ.
૭—રાગ કેદાર ગોડી—કપૂર હુયે અતિ ઉજલું રે,
વલિ અનોપમ ગંધ એ ગીતની ઢાલ.

સાતમી ઢાલ પૂરી થઈ રે સાંભલજ્યો એક મન્ન
ચોથો ખંડ પૂરો થયો રે સમયસુંદર સુવચન. ७६
—સર્વ ગાથા ૨૨૦ દેવલિ મહિમા વર્ણનો નામ ચતુર્થઃ ખંડઃ
હિવ બોલું ખંડ પાંચમો પાંચ મિલ્યા જસવાદ
પાંચામાંહિ કહીજીયે પરમેસર પરસાદ. ૧
સીતારામ સહૂ વલી આગે ચાલ્યા ધીર,
દંડકારણ્ય વને રહ્યા, કન્નરવાને તીર. ૨

× × × ×

ઢાલ ૧ લી. રાગ કેદાર ગોડી—આવો જીહારો રે, અજારો પાસ, મનની પૂરે આસ—એ ગીતની ઢાલ.

૨—સુણોરે ભવિક ઉપધાન વૂહાં વિણુ કિમ સૂઝે નવકારજી—એહ સ્તવનની ઢાલ. (આ કવિનું પોતાનું સ્તવન છે.)

૩—રાગ મારૂણી. તોરા કીજે મ્હાંકાલાલ, દારૂ પીજે જાં,
પડવે પધારો મ્હાંકાલાલ, લસરક લેજ્યો જી...
તેરી અજબ સૂરતિ મ્હાંકો મનડો રંજ્યોરે લોભી
લંજ્યાજી—એ ગીતની ઢાલ.

૪—સેહર ભલો પણિ સાંકડો રે, નગર ભલો પણિ દૂરરે, હઠીલા વયરી
નાહ ભલો પણિ નાન્હડોરે, આવિઓ આવિઓ જોબનિયાંકો
પૂરરે—હઠીલા વયરી.

હીરોરે હરપાલકોરે લાલ—એહની ઢાલ.
નાયકાની ઢાલ સરિખી છે પણિ આંકણી લહરકે છે.

૫—રાગ મારૂણી માઝિરે બાબા વીર ગોસાંઈ—એ ગીતની ઢાલ.

૬—રાગ બંગાલો. ઈમ સૂણી દૂત વચન્ન, કોપીયો રાજા મન્ન—એ
મૃગાવતીની ચોપઇની બીજા ખંડની દસમી ઢાલ.

૭—જગે છે ઘણાય ઘણેરા, તીરથ ભલાય ભલેરા એ સ્તવનની ઢાલ.
એહવે સાતમી ઢાલ, પૂરી થઈ તતકાલ,
સમયસુંદર ઈમ બોલે, સીતાને ન કો તોલે. ૫૨

પાંચમો ખંડ રસાલ, પૂરો થયો સાત ઢાલ
સમયસુંદર કહે આગે, કહતાં દિન ઘણા લાગે. ૫૩
—સર્વ ગાથા ૨૪૮ સીતાસંહરણ નામા પંચમઃ ખંડઃ
માતપિતા પ્રણમુ મુદા, જનમ દીયો મુઝ જેણ,
વાંદું દીક્ષાગુરૂ વલી, ધરમરતન દિયો તેણ. ૧
વિદ્યાગુરૂ વાંદું વલી, જ્ઞાનદૃષ્ટિ દાતાર,
જગમાંહિ મોટો જાણિજયો, એ ત્રિહુંનો ઉપગાર. ૨
એ ત્રિહુને પ્રણમી કરી, છઠો ખડ કહેસિ
ષડરસ મેલી એકલા સગલા સ્વાદ લહેસિ.

* * * *

ઢાલ ૧-રાગ રામગિરી ભણે મંદોદરી દૈત્ય દશકંધ સુણિ
—એહ ગીતની ઢાલ, અથવા અડયો રણ ઝુંઝવા ચંડપ્રદ્યોત
નૃપ-એ બીજા પ્રત્યેક બુદ્ધના ખંડની ઢાલ.
૨—રાગ મારૂણી. ૩ પદ્ધડીછંદની.
૪—રાગ સોરઠ-જાતિ જાંગડાની.
૫—ઢાલ ખેલાની. ૬ પ્રોહતિયારી-અથવા સંઘવી રી.
૭—રાગ મલ્હાર-શ્રાવણ માસ સોહામણો એ ચોમાસિયાના
ગીતની ઢાલ.

—સર્વ ગાથા ૪૪૪ રામરાવણયુદ્ધ વિશલ્યો કન્યા સમુદ્હત લક્ષ્મણ શક્તિ ૨ રાવણ સમારાધિત બહુ રૂપિણી વિદ્યાદિ વર્ણનો નામ ષષ્ઠઃ ખંડઃ

સાત ક્ષેત્ર મિલેં સામઠાં તો સગલા સુખ હોઈ
તિણ કારણિ કહું સાતમો ખંડ સુણો સહૂ કોઈ. ૧
હું નહિ થાતો આખતો જોડંતાં એ જોડ,
રામાયણ મોટા મહિં સુણિજયો આલસ છોડિ. ૨

× × × ×

ઢાલ પહેલી. રાગ રામગિરી છાનો ને છિપીને વાલ્હા કિહાં રહ્યો-એહની.

૨—હાં રંગ રલિયાં હો રંગ રલીયા-
૩—રે રંગ રત્તાકર હલા મો પ્રીઉ રત્તા આણિ
હુંતો ઉપરિ કાઢિને પ્રાણ કરૂં કુરબાણ-સુરંગા
કરહાંરે, મો પ્રીઉ પાછો વાલિ, મજીઠા કરહારે-એ ગીતની ઢાલ
રાગ મારૂણી.
૪—રાગ બંગાલો-જાની એતા માન ન કીજે-એ ગીતની ઢાલ.
૫—રાગ પરજીયો-કાલહરો મિશ્ર. સિહરાં શિરહાર મધુપુરીરે, ગઢાં વડે ગિરનારિરે, શણ્યાં સિરહર રૂકમણીરે, કુંયરાં નંદકુમારરે-કંસાસુર મારણ, આવિને પ્રલ્હાદ ઉધારણ રાસ રમણે ધરિ આજ્યો-ધરિ આજ્યો હો ધરિ આજ્યો હો રામજી રાસ રમણે ધરિ આજ્યો-એ ગીતની ઢાલ.
૬—રાગ મલ્હાર-વધાવારી ઢાલ.
૭—આંબો મોર્ય છ હે જિણ ભણે-એહ ગોતની. રાગ સારંગ.
—સર્વ ગાથા ૩૧૨ રાવણવધ ૧ સીતા પશ્ચાદાનયન ૨, શ્રી રામલક્ષ્મણાયોધ્યાપ્રવેશ ૩, સીતાકલંક પ્રદાન ૪ વર્ણનો નામ સપ્તમઃ ખંડઃ

આઠ પ્રવચન માતા મિલ્યાં સૂધો સંયમ હોઇ
આઠમો ખંડ કહું ઈહાં સ લહે સીલ મ કોઈ.　　૧

*　　*　　*　　*

ઢાલ ૧—રાગ મારૂણી. અમાં મ્હાંકી ચિત્રાલિંગી જોઈ, અમાં અમામ્હાંકી, મારૂડે મેવાસીકો સાદ સોહામણોરે લો-એ ગીતની ઢાલ.
૨—રાગ મારૂણિ. ઝાખર દીવા ન બલેરે, કાલરિ કમલ ન હોઈ, છોરિ મૂરખ મોરી બાંહરી, મીયા જોરે પ્રીતિ ન જોઈ.　　૧
કન્હઈયા બે, ઇયારલ બાસિયા, જોવન જાસિયા બે, બહુર ન આસિયા-એહની ઢાલ. એ ગીત સંધિમાહે પ્રસિદ્ધ છે.
૩—નોખારા ગીતરી-નોખારા ગીત મારૂયાદિ ઢુંઢાડિમાંહે પ્રસિદ્ધ છે.
૪—ચોપઈની રાગ તિલંગ ધન્યાસિરી. કોઇ પૂછો બંભણ જોસીરે, હરિકો મિલણ કદિ હોસીરે-એ ગીતની ઢાલ.

૬—રાગ ખંભાયતી સુંબરા નું સુલતાણુ, બીજા હો થારા સુંબરાં ઓલગૂહો—એ ગીતવી ઢાલ. એ સુંબરાના ગીતની ઢાલ—જોધપુર મેડતા નાગોર નગરે પ્રસિદ્ધ છે.

૭—રાગ ખંભાયતી. સોહલાની જાતિ—અમાં મોરી મોહિ પરણાવિ હે અમાં મોરી જેસલમેરા મેરા જાદવાં હે, જાદવ મોટા રાય, જાદવ મોટા રાય હો, અમાં મોરી કડિ મોડમિ ઘોડે ચડે હો—એહ ગીતની ઢાલ.

—સર્વ ગાથા ૩૨૩ સીતાપરિત્યાગ ૧, વજ્રજંઘ ગૃહાનયન ૨, કુશલવકુમારાયોધ્યાપ્રવેશ વર્ણનો નામ અષ્ટમઃ ખંડઃ

હિવ નવમો ખંડ બોલિસ્યું નવરસ મિલ્યાં નિદાન,
મનવંછિત સુખ પામીયે, નિરમલ નવે નિધાન. ૧

* * * *

ઢાલ ૧ તિલ્લીરા ગીતરી ઢાલ—મેડતાદિકદેસે પ્રસિદ્ધ છે.

૨—રાગ રારૂણી—ગલિયા રે સાજણ મિલ્યા મારૂરાય,
દે નયણાંદો ચોટરે, ધણવારી લાલ, હસિયા પણિ
બોલ્યા નહી મારૂરાય, કાંઇક મનમાંહે ખોટરે. ૧
ધણવારીલાલ, આજ રહો રંગમહોલમે મારૂરાય.
એ ગીતની ઢાલ.

૩—રાગ કનડો ઠમકિ ઠમકિ પાય નેરૂરી બજાવે, ગજગતિ બાંહ, ગ૦ લુડાવે-૧ રંગભીની ગ્વાલણી આવે—એ ગીતની ઢાલ.

૪—રાગ હુસેની ધન્યાસિરી મિશ્ર, ઢિલ્લીકે દરબારમે લખ આવે લખ જાઇ, એક ન આવે નવરંગખાન જાકી પઘરિ ઢલિ ઢલિ જાઇ બો-૧ નવરંગ બઇરાગીલાલ એ ગીતની ઢાલ.

૫—રાગ ગોડી જાતિ જકડીની—શ્રી નઉકાર મનિ ધ્યાઇયે—એ ગીતની.

૬—રાગ કેદાર ગોડી. મિશ્રી. વીરા હો થારે સેહરે મોલ્રા પુરૂષ ચિયાર લાડણુ વી૦ વીવાહરા ગીતરી ઢાલ.

૭—રાગ ધન્યાસિરી-સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠીરે—એ સંવાદ શતકની બીજી ઢાલ—અથવા પાસ જિણિંદ જુહારિયે—એ સ્તવનની ઢાલ.

ઉપરની ઢાલ ૭ રાગ ધન્યાસિ. સિલ કહે જગ હું વડો—એહનિ, પાસ જિણુંદ જૂહારિઈ એહની.

અંતે—

સીતારામની ચોપઈ જે ચતુર હુઇ તે વાંચોરે,
રાગ રતન જવહર તણો, કુણુ ભેદ લહે નર કાચોરે. સી. ૧
નવરસ પોષ્યા મેં ઇહાં, તે સૂધડો સમજિ લેજ્યોરે,
જે જે રસ પોષ્યા ઇહાં, તે ઠાગ દેખાડિ દેજ્યોરે. સી. ૨
કે કે ઢાલ વિષમ કહિ ને દુષણુ મત ઘો કોઇરે,
સ્વાદ સાગુણી જે હુવે ને લિંગ હદે કદે ન હોઇરે. સી. ૩
જે દરબારે ગયો હુસે ઢુંઢાડિ મેવાડિ ને દિલ્લીરે,
ગુજરાતિ મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લીરે. સી. ૪
મત કહો મોટિ કાં જોડી, વાંચતાં સ્વાદ લહેસોરે,
નવ નવા રસ નવનવિ કથા સાંભલતાં સાબાસ દેસોરે. સી. ૫
ગુણુ લેજ્યો ગુણિયણુ તણો મુઝ મસકતિ સાહૂમો જોજ્યોરે,
અણુસહતાં અવગુણુ અહિ મત ચાલણિ સરિખા હોજ્યોરે. સી. ૬
આલસ અભિમાન છોડિનેં સુધિ પ્રતિ હાથ લેઇરે,
ઢાલ લેજ્યો તુમ્હે ગુરૂમુખે વલિ રાગનો ઉપયોગ દેઇરે. સી. ૭
સખર સભામાંહિ વાંચજ્યો બેજણા મિલિ મિલતે સાદેરે,
નરનારિ સહુ રિઝસેં જસ લહસો ગુરૂ પ્રસાદેરે. સી. ૮
આદરમાંન ઘણો હુસેં વલિ ન્યાન દરસનનો લાભોરે,
વાંચણુહારા નો જસ વિસ્તરસ્યે જિમ જલ આભોરે. સી. ૯
નવખંડ પૃથવિના કહ્યાં તિણુ ચોપઇના નવખંડોરે,
વાંચણુહારાનો તિહાં પસરો પ્રતાપ અખંડોરે. સી. ૧૦

સિતારામની ચોપઇ વાંચીને એ લાભ લેજ્યોરે,
સાંભલહારાને તુંમ્હે કાંઈ સિલવ્રતસું સંદેજ્યોરે. સી. ૧૧
જિનસાસન શિવસાસને સિતારામ ચરિત્ર સુણીજેરે,
ભિન્ન ભિન્ન સાસનભણી કો કો વાર્તા ભિન્ન કહિજેરે. સી. ૧૨
જિનસાસન પણિ જૂજૂયાં આચારિજનાં અભિપ્રાયેરે,
સિતા કહિ રાવણ સૂતા તે પદ્મચરિત્રથી કહેવાયેરે. સી. ૧૩
પણિ વિતરાગદેવે કહ્યો તે સાચૂં કરિ સરદહજ્યોરે.
સિતા ચરિતથી મેં કહ્યું માહરો છેહડો મત ગ્રહજ્યોરે. સી. ૧૪
હું મુઢમતિ કિસૂં જાંણું મુઝ વાંણિ પણિ ન સવાદોરે,
પણિ જે જોડિ મેં રસ પડયો તે દેવગુરૂનો પરસાદોરે. સી. ૧૫
હું સિલવંત નહિ તિસો, મુઝ પોતે બહુ સંસારોરે,
પણિ સિલવંતનો જસ કહતાં, મુઝ થાસે સહિ નિસ્તારોરે. સી. ૧૬
ચપલ કવીસરનાં કહ્યાં એક મન ને વચન એ બેઇરે,
કવિ કલ્લોલ ભણિ કહે, રસના વાહ્યા પણ કેઇરે. સી. ૧૭
ઓછું અધકું પણિ મેં કહ્યું, કાંઈ વિરૂદ્ધ વચન પણિ હોઇરે,
તે મુઝ મિચ્છામિ દુક્કડં સંઘ સાંભલજ્યો સહુ કોઇરે. સી. ૧૮
ત્રિણ હજારનેં સાતસે માઝને સઇ ગ્રંથનું માનોરે,
લિખતાં ને લખાવતાં પામિજે ગ્યાન પ્રધાનોરે. સી. ૧૯
ખરતર ગછમાંહિ દિપતા શ્રી મેડતા નગર મઝારોરે,
ગોત્ર મહોછા ગહગહે સામશ્રીમે સિરદારોરે. સી. ૨૦
નગર ઘટે ઘણે નામ ગયું, અતબાર ઘણો દરબારોરે,
ગુરૂ ગછના રાગી ઘણું, ઉતમ ઘરનો આચારોરે. સી. ૨૧
પૂત્રરતન રાયમલ તણા તે લઈ લખમીનો લાહોરે,
અમીપાલને નેતસી ભલો ભત્રીજ રાજસી સાહોરે. સી. ૨૨
સીતારામની ચોપાઈ એહને આગ્રહ કરિ કીધીરે,
દેશ પ્રદેસે વિસ્તરિ ગ્યાનવૃદ્ધિ લિખાવતાં લિધિરે. સી. ૨૩
શ્રી ખરતર ગછ રાજિયા યુગપ્રધાન જિનચંદોરે,
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના ગણી સકલચંદ સુખકંદોરે. સી. ૨૪

સમયસુંદર સીષ્ય તેહના શ્રી ઉપાધ્યાય કહિજેરે,
તિણુ એ કિધિ ચોપઇ, સાજણુ માણુસ સલહિજેરે. સી. ૨૫
વર્તમાન ગછના ધણી ભટ્ટારક શ્રી જિનરાજેરે,
જિનસાગર સૂરીસરૂ આચારિજ અધિક દિવાજેરે. સી. ૨૬
એ ગુરૂને સૂપસાઉલે એ ચઉપઇ ચઢિ સુપ્રમાણોરે,
ભણુતાં સુણુતાં વાંચતાં હુઈ આણંદ કોડિ કલ્યાણોરે. સી. ૨૭

ઇતિ શ્રી સીતારામ પ્રબંધે નવમો ખંડ સમાપ્તં.

ઇતિ શ્રી રામસીતા રાસ સંપૂર્ણ.

સંવત ૧૮૮૬ ના વર્ષે સાકે ૧૭૫૧ નાના પ્રવર્ત્તમાને માસોત્તમ માસે સુભકારી ચૈત્ર માસે સુકલપક્ષે ત્રીયોદસી તીથૌ ભૃગુવાસરે લીપીકૃતં પં શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી **કલ્યાણવર્દ્ધન** ગણી તત્ સીષ્ય પં શ્રી ૫ **મેઘવર્દ્ધન** ગણી તત્ સીસ્ય પં. શ્રી ૫ વિવેકવર્દ્ધન ગણી તત્ સીષ્ય પં. શ્રી ૫ ધર્મ્મવર્દ્ધન ગણી તત્ સીષ્ય પાયરજરેણુસમાન પ. શ્રી ૫ ક્ષેમાવર્દ્ધન ગણી વાંચનાર્થં.

જબ લગ મેરૂ અડગ હે જબ લગ સસીયર સુર,
તબ લગ એ ગ્રંથ તપો લેખક પાઠક દોય.

લખીતં વઢવાણુ નગરે શ્રી ઋષભદેવ પ્રસાદાતુ શુભં ભવતુ કલ્યાણમસ્તુ ॥ દે. લા. પ. કમલવિજય શિ. પદ્મવિજય પાસેની પ્રત. પં. રૂપા લિખિતં શ્રી મહોટકોટ મધ્યે સં. ૧૬૯૧ વર્ષે આસૂ સુદિ ૩ દિને પૃ. ૯૮ પં—૧૫ આ. ક.પા. ૧૧૯ પં—૧૪ આ. ક. આગ્રા ભં૦માં કવિની સ્વહસ્ત લિખિત પ્રત છે.

(૩૬૨) બારવ્રત રાસ. સં. ૧૬૮૫.

(૩૬૩) ગૌતમપૃચ્છા. સં. ૧૬૮૬.

(૩૬૪)+ શત્રુંજયરાસ સં. ૧૬૮૬ શ્રાવણ શુદ નાગોરમાં.

આદિ— દોહા

શ્રી રિસહેસર પાય નમી, આણી મન આનંદ,
રાસ ભણું રલિયામણો, શત્રુંજય સુખકંદ. ૧

સંવત ચાર સત્યોતરેં, હુવા ધનેસરસૂરિ,
તિણે શત્રુંજય મહાતમ કહ્યું, શિલાદિત્ય હજુર. ૨
વીરજિણંદ સમોસર્યા, શત્રુંજય ઉપર જેમ,
ઈંદ્રાદિક આગલ કહ્યું, શત્રુંજય મહાતમ એમ. ૩
શત્રુંજય તીરથ સારિખું, નહિ છે તીરથ કોય,
સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, તીરથ સઘલાં જોય. ૪

× × × ×

અંતે— ઢાલ ૬

શત્રુંજય મહાતમ સાંભલીએ, રાસ રચ્યો અનુસાર,
જે ભવી ગાવે ભાવશું એ, આનંદ હોય અપાર. શ. ૨૦
શત્રુંજય રાસ સોહામણો એ, સાંભલજો સહુ કોય,
ઘર બેઠાં ભણે ભાવશું એ, તસુ જાત્રાફલ હોય. શ. ૨૧
ભણશાલી થિર અતિ ભલોએ, દયાવંત દાતાર,
શત્રુજય સંઘ કરાવીયો એ, જેસલમેર મઝાર. શ. ૨૨
'શત્રુંજય મહાત્મય' ગ્રંથથી એ, રાસ રચ્યો સુખકાર,
રાસ ભણ્યો શત્રુંજા તણોએ, નયર નાગોર મઝાર. શ. ૨૩
ગિરૂઓ ગચ્છ ખરતર તણોએ, શ્રી જિનચંદ સુરીશ,
પ્રથમ શિષ્ય શ્રી પુજ્યનાએ, સકલચંદ સુજગીસ. શ. ૨૪
તાસ શિષ્ય જગ જાણીયેં એ, સમયસુંદર ઉવજ્ઝાય,
રાસ રચ્યો તેણેં રૂઅડોએ, સુણતાં આનંદ થાય. શ. ૨૫

પ્ર૦ ભીમશીમાણેક-રત્ન સમુચ્ચય પૃ. ૨૭૦-૨૮૦.

(૭૬૫) ચંપકશ્રેષ્ઠીની ચોપઇ સં. ૧૬૯૫ ઝાલોરમાં

આદિ—

જાલોર માહે જાણીયઈ, પારસનાથ પ્રતક્ષ,
પ્રહ ઉઠીનઇ પ્રણમતાં, સાંનિધિ કરઈ સમક્ષ. ૧
ગઢ ઊપરિ ગરૂયડિ નિલઉ, સોવનગરિ સિણગાર,
મહાવીર પ્રણમું મુદા, દેઉલ તિનઉ દાતાર. ૨

માતપિતા પણિ મનિ ધરૂં, જિણ દીધઉ અવતાર,
નામ લેઇનઇ ગુરૂ નમું, દીક્ષાં ગ્યાન દાતાર. ૩
કરજોડી પ્રણમી કરી, કહિસિ ઘણું શ્રીકાર,
ચંપક સેઠની ચઉપઇ અનુકંપા અધિકાર. ૪

* * * *

સહુ કો લોક લહઇ છઇ સરજ્યું, તે બોલ કેતા વંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, સમયસુંદર કહઇ સાચુરે. ચિં ૨૫
પહિલઇ ખંડ થયઉ એ પૂરઉ, પણિ સંબંધ અધૂરઉ,
સમયસુંદર કહઇ બીજઇ ખંડઇ, સંબંધ થાસ્યઇ પૂરઉરે. ચિં ૨૬

—ઇતિ શ્રી અનુકંપાદાનાધિકારે ચંપક શ્રેષ્ઠિ સંબંધે પ્રથમ ખંડ સંપૂર્ણઃ—

દૂહા—હિવ બીજઉ ખંડ બોલસ્યું, ચંપક પામી ઋદ્ધિ,
એ અનુકંપા દાનની, સગલી જાણું સિદ્ધિ. ૧
છન્નું કોડિ તણુઉ ધણી, થયઉ તે ચંપકસેઠ,
વૃદ્ધદત્ત વિવહારિયઉ, તિણિ તઉ કીધી વેઠિ. ૨
ચવદહ કોડિ સોનાતણી, આપણી માતા-વૃદ્ધ,
ઉજેણીથી આણિનઇ, સગલી ભેલી કીધ. ૩
ચંપકસેઠ ચંપાપુરી, ભોગવઇ લીલ વિલાસ,
વ્યાપારઇ વાધ્યઉ ઘણું, પ્રગટયઉ પુણ્યપ્રકાસ. ૪

× × × ×

અંતે—

ખંડ બીજો ઢાલ ૭ મી રાગ ધન્યાસિરી સીતારામની ચઉપઇ
એહની ઢાલ.

* * * *

અનુકંપા ઉપરિ કહ્યઉ, ચંપક સેઠનઉ દ્રષ્ટાંતોરે,
અનુકંપા સહુ આદરઉ, એહથી છઇ મુગતિ એકાંતોરે. કે. ૧૪

સંવત સોલપંચાણુયઈ મઇ ઝાલોર માહે જોડીરે,
ચંપક સેઠની ચઉપઇ અંગિ આલસ નઇ ઉંઘ છોડીરે. કે. ૧૫
શ્રી ખરતર ગચ્છ રાજીયઉ, શ્રી જુગપ્રધાન જિણચંદોરે,
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના, સકલચંદ મુણિંદોરે. કે. ૧૬
સમયસુંદર શિષ્ય તેહના તિણ ચઉપઉ કીધી એહોરે,
શિષ્ય તણુઇ આગ્રહ કરી જે ઊપરિ અધિક સનેસોરે. કે. ૧૭
નરનારી રસિયા હુસ્યઇ તે સાંભલિસ્યઇ સદા આવીરે,
સુઘડ સુકંઠી બે જણા, વાચજ્યો ભલી વાત બણાવીરે. કે. ૧૮

—પૂર્વોક્ત ગાથા ૧૪૪ ગાથા મીલને સર્વ ગાથા ૧૬૧ પ્રથમ ખંડ ૩૪૪ ગાથા મીલને ખંડદ્વય સર્વ ગાથા ૫૦૬ ગ્રથાગ્રંથ શ્લોક ૭૦૦ સં. ૧૬૯૮ શ્રા૦ વ૦ ૫ લિપીકૃતા ૨૩—૧૪ આ. ક.

—ગ્રંથાગ્ર ૫૦૬ પત્ર ૧૫— ઘો. રત્ન. ડે.

—લિખિતા ચેયં પંડિત ચારિત્રવિજય૦—યતિ વિવેકવિજય (ધુમટાવાલો ઉપાશ્રય) ઉદયપુર ભં.

—ઇતિશ્રી દાનાધિકારે ચંપકશ્રેષ્ઠી ચતુઃષ્પદી સંપૂર્ણા–સં. ૧૮૭૬ ના વર્ષે શાકે ૧૭૪૨ પ્રવર્ત્તમાને શ્રી જૌડિયા મિંદર મધ્યે લિ૦ પૂજ્ય ઋષિ માલજી તત્‌શિ. પાંડવ તન્મધ્યે લિ૦ ઋ. શિવજીમાલજી શિષ્યાર્થે પઠનહેતવે પા. ૧૩ પં. ૧૫ રાજકોટ પૂ. અ૦

(૩૬૬) ધનદત્ત ચઉપઇ (વ્યવહારશુદ્ધિ ચોપઈ) સં. ૧૬૯૬ આસોમાં—અમદાવાદમાં.

આદિ—

શાંતિનાથ જિન સોલમો, પ્રણમું તેહના પાય,
વ્યવહારસુદ્ધિ ઊપરિ કહોઉ, ચઉપઇ ચિત લગાય. ૧
ભગવંત ભાષઈ ભો ભવિક, મોટો સાધનો ધર્મ,
જેહથી મુગતિ જાઇઈ, સાસતાં લહિયઈ સર્મ. ૨
દીસઈ તે અતિ દોહિલો, સૂરવીર કરઈ કેઇ,
શ્રાવકનો ધર્મ સોહિલો, દેવલોક સુખ દેઇ. ૩

શ્રાવકનાં વ્રત તો પલઇ, જો હૂંઇ ગુણ ઇકિવીસ,
નામ તુમે તે સાંભલો, વારૂ વિસવાવીસ.

*　　　*　　　*　　　*

અંતે—

સંવત સોલ છનું સમઇએ, આસૂમાસ મઝારિ,
અમદાવાદઇ એ કહ્યઉએ, ધનદત્તનઉ અધિકાર.
શ્રી ખરતર ગચ્છ રાજીયઉએ, શ્રી જિણચંદ સૂરીસ,
પ્રથમ સીસ જગિ પરગડાએ, સકલચંદ તસુ સીસ.
સમયસુંદર સંબંધ કહ્યઉ એ, જિનસાગર સૂરિરાજ,
(ભવિજનનઇ હિતકાજ પાઠાંતર)
ભણતાં ગુણતાં ભાવસુએ, સીજઇ વંછત કાજ.

—સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલગણિના સંશોધિતા સા. હરજી ધનજી સુશ્રાવકાગ્રહેણ પત્ર. હા. ભ. પાટણ. —લિ૦ સૌભાગ્યવિજય ગણિ (લાલવિજય શિ.) લિ. શ્રા. કેસરબાઈ વાચનાર્થં ૧૧-૧૧ ઘો. —૫-૯ અમ.

—સં. ૧૭૪૯ વર્ષે કાત્તિક વદિ ૨ બુધે વ્યવહારશુદ્ધિ વિષયે
૬-૧૯ (વિ૦ધં)

—સં. ૧૭૨૪ વરષે આષાઢ સુદિ ૧૫ દિને લિખિતં મહોપાધ્યાય શ્રી ૫ શ્રી અમૃતવિજય ગણિશિષ્ય ગણિ દીપ્તિવિજયેન
(ઉદયપુર ભં.)

બીજી પ્રતમાં છેવટે નીચે પ્રમાણે છેઃ—

સમકિતનું ફલ માગીઇએ ધનદત્ત રિષિનઇ પાસિ, સં.
તુમ્હ પામિઉ તે આપજયો એ મુઝ મનિ પૂરયો આસ, સં.
સમયસુંદર સંબંધિ કહિઉ એ જિનસાગર સૂરિરાજ સં.
ભણતાં ગણતાં ભાવસ્યું એ સીઝઈ વંછિતકાજ. સં.
—વિવેકવિજય (ધુમટાવાલો ઉપાશ્રય) ઉદયપુર ભં.

(૩૬૭) સાધુવંદના સં. ૧૬૫૭ —લીં૦

(૩૬૮) પુણ્યાઢ્ય રાસ. —ડે; રત્ન.

(૩૬૯) મુસઢ રાસ.

(૩૭૦) પુંજાઋષિનો રાસ. (ઐ.)

મયણરેહા રાસ.

જીવરાશી ક્ષમાપના

હવે રાણી પદ્માવતી, જીવરાશી ખપાવે,

આ ઉપરનાં બન્ને પ્રત્યેકબુદ્ધ રાસમાં અંતર્ગત છે.

(૩૭૧) દ્રૂપદી સંબંધ સં. ૧૭૦૦ માહ માસ, અમદાવાદમાં.

આદિ— દૂહા.

શાંતિનાથ પ્રણમું સદા, પ્રણમું સદ્ગુરૂ પાય,
શ્રુતદેવી સાંનિધિ કરી, અલગ ટલઉ અંતરાય. ૧
માતપિતા પણિ માનીયઇ, જિણુ દીધઉ અવતાર,
દીક્ષા ગુરૂ વિદ્યાતણુઉ, એ મોટઉ ઉપગાર. ૨

સં. ૧૬૭૨માં વિશેષશતક સંસ્કૃતમાં રચેલ છે જેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:-

શ્રીમત્ખરતર ગચ્છે શ્રીમજ્જિનસિંહસૂરિ ગુરૂરાજ્યે
સામ્રાજ્યં કુર્વાણે યુગપ્રધાનાખ્ય બિરૂદધરે. ૧
વિક્રમસંવતિ લોચન મુનિદર્શન કુમુદ બાંધવ પ્રમિતે,
શ્રી પાર્શ્વજન્મ દિવસે પુરે શ્રી મેડતા નગરે. ૨
યુગપ્રધાન પદવી શ્રી અકબ્બરસાહિના,
યેભ્યો દત્તા મહાભાગ્યાઃ શ્રી જિનચંદ્રસૂરયઃ ૩
તેષાં શિષ્યો મુખ્યં સ્વહસ્તદીક્ષિશ્ચ સકલચંદ્રગણિઃ
તચ્છિષ્ય સમયસુંદરસુપાઠકૈરકૃતશતકમિદમ્. ૪

—સં. ૧૭૨૭ વર્ષે શ્રાવણ વદિ ૩ દિને શનિવારે શ્રી ગુહામધ્યે પં. કલ્યાણનિધાનમુનિનાંતે વાસિના પં લબ્ધિચંદ્ર મુનિ લિપિચક્રે.

(વિ. ધ. ભં.)

પહિલું સાધુ સતીતણા, કીધા ઘણા પ્રબંધ,
હિવ વલિ સૂત્રથકી કહું, દ્રૂપદીનઉ સંબંધ. ૩
એક સૂત્ર બીજું સતી, ઉત્તમ એહની જોડ,
સુણતાં આનંદ ઊપનઈ, કરમની ત્રૂટઈ કોડિ. ૪
વૃદ્ધપણઇ મઇ ચઉપઇ, કરિવા માંડી એહ,
સૂત્ર સતી નઈ સાંધસ્યું, મુઝ મનિ અધિક સનેહ. ૫
મત કરઉ ઉંઘ નઈ વારતા, સાંભલતાં સહુ કોય,
આપન પ્રીછઇ અન્યનઇ, અંતરાય પણિ હોય. ૬
જ્ઞાતા સૂત્ર અરથ થકી, ભાખ્યઉ શ્રી ભગવંત,
સુધરમ સામી ગુંથિયઉ, સૂત્ર થકી મતિમંત. ૭
કરજોડી જંબૂ કહઈ, સુધરમ સામિનઈ એમ,
પનરમઉ ધન્નાન કહ્યઉ સોલમઉ અધ્યયન કેમ. ૮
સુધરમ સામી ઇમિ કહઈ, સુણિ જંબૂ સુવિચાર,
મહાવીર મુઝનઈ કહ્યઉં, તિમ કહું તે અધિકાર. ૯

× × × ×

અંતે—

ત્રીજો ખંડ ઢાલ સાતમી-રાગ ધન્યાસિરી.
પાસ જિણંદ જુહારીયઇ એહની.

સુધરમ સામી પાંચમઉ ગણધર જંબૂનઇ ભાખઇરે,
ન્યાતા સૂત્રનઈ સોલમઉ, એ અધ્યયન સહુની સાખઇરે. ૧
દ્રૂપદીની એ ચઉપઇ મઈ, વૃદ્ધપણઇ પણિ કીધીરે
શિષ્યતણઇ આગ્રહ કરી, મઈ લાભ ઊપરિ મતિ દીધીરે. દ્રૂ.
એક સતી વલી સાધવી એ વાત બાઉ ઘણું મોટીરે,
દ્રૂપદી નામ લેતાં થકાં, તિણુ કરમની ત્રૂટઈ કોટીરે. ૨
એક સંખ દૂધમઈ ભર્યઉ, માનીતી સુતસ્યું મોહઇરે,
સૂત્ર ગુણઇ સખરઇ કંઠ તસુ સુરનરના સુખ સોહઇરે. ૩

ધનવંત વિનયધરમ વલી, એક બાપ નઇ સંયમ ધારીરે,
વૃદ્ધ ગીતારથ ગુરૂ વલી એહની મનિ આવઇ સારીરે, ૪
અમદાવાદ નગરમાહે, સંવત સતરસઇ વરષેરે,
માહ માસ થઇ ચઉપઈ હુંસી માણુસને હરષેરે. દ્રૂ. ૫
વાચક હરષનંદન વલી હરષકુસલઈ સાંનિધિ કીધીરે,
લિષણુ સોઝણુ સાહય્ય થકી, તિણુ તુરત પુરી કરિ દીધીરે. દ્રૂ. ૬
શ્રી જિણચંદ સૂરીસરૂ, શ્રી સકલચંદ તસુ સીસોરે
સમયસુંદર શિષ્ય તેહના, શ્રી સંઘનઈ દઈ આસીસોરે. દ્રૂ. ૭
ખરતર ગચ્છ તણુઉ ધણી, જિનસાગરસૂરિ વિરાજઇરે,
સમયસુંદર કહઇ ચિર જીવઉ, દિન દિન પ્રતિ સબલ દિવાજઇરે. દ્રૂ. ૮
ત્રિણખંડ ઇણુ ચઉપઈ, વલી અતિ ભલી ચઉત્રીસ ચઉત્રીસ ઢાલોરે,
સમયસુંદર કહઈ વંદના સીલ પાલઇ તેહનઈ ત્રિકાલોરે. દ્રૂ. ૯

—ઇતિશ્રી સમયસુંદર મહોપાધ્યાય વિરચિતે દ્રૂપદીસતી સબંધે તૃતીયઃ ખંડઃ સમાપ્તઃ તત્સમાપ્તૌ સમાપ્તા ચેયં ચતુઃપદી પ્રથમ ખંડે ઢાલ ૧૫ સર્વ ગાથા ૩૧૧ દ્વિતીય ખંડે ઢાલ ૧૨ સર્વ ગાથા ૧૫૧ તૃતીય ખંડે ઢાલ ૭ સર્વ ગાથા ૧૪૪ સર્વાગ્રં. ઢાલ ૩૪ સર્વાગ્રં. ગાથા ૬૦૬ સંવત ૧૭૦૫ વર્ષે આષાઢ વદિ ૧૩ શુક્રે લિખિતં પાનાં ૩૦–૧૩ સં. લા. વડોદરા.

હવે આ સુપ્રતિષ્ઠિત વિદ્વાન્ કવિની નાની મીઠી કૃતિઓની ટીપ નીચે પ્રમાણે છેઃ—

(૧) પોષધવિધિ સ્તવન સં. ૧૬૬૭ માગશર સુ. ૧૦ ગુરૂ મરોટમાં

અંતે—

ઉત્કૃષ્ટી પોષા તણી વિધિ કહી ઉપગાર,
જેસલમેરી સંઘનઈ હો, આગ્રહ કરી સુવિચાર. ૩૬
સોલહસઇં સતસઠિ સમઇહો નગર મરોટ મઝારિ,
મગસરિ સુદિ દશમી દિનઇહો, શુભ દિન સુર ગુરવારિ. ૩૭

શ્રી જિનચંદસૂરિ હો, શ્રી જિનસિંઘ સૂરીસ,
સકલચંદ સુપસાઇ હો સમયસુંદર ભણઈ સીસ.　　　૩૮

—પત્ર ૩ હાલા. ભં. પાટણ દાબડો ૮૨

(૨)+ **કર્મછત્રીસી** સં. ૧૬૬૮ માહ સુદ ૬ મુલતાનમાં

આદિ—　　　રાગ આસાઉરી

કર્મથકી છુટે નહીં પ્રાણી, કર્મ અબલ દુખ ખાણુજી,
કર્મ તણે વશ જીવ પડયા સહુ, કર્મ કરે તે પ્રમાણુજી.　કરમ. ૧

×　　×　　×　　×

અંતે—

શ્રી મુલતાન નગર મૂલનાયક, પાર્શ્વનાથ જિણુ જોયજી,
વાસુપૂજ્ય શ્રી સુમતિ પ્રસાદે, લોક સુખી સહુ કોયજી.　ક. ૩૩
શ્રી જિનચંદસૂરિ જિનસિંઘસૂરિ, ગચ્છપતિ ગુણ ભરપૂરજી,
સિંધુ જેસલમેરી શ્રાવક, ખરતર ગચ્છ પડુરજી.　ક. ૩૪
સકલચંદ સદ્ગુરૂ પસાયે, સોલસે અડસઠ્ઠીજી,
કર્મછત્રીસી એ મઈ કીધી, માહ તણી સુદ છઠ્ઠીજી.　ક. ૩૫
કર્મછત્રીસી કાને સુણીને, કરજો વ્રત પચ્ચખાણુજી,
સમયસુંદર કહે શિવસુખ લેશો, ધર્મતણો પરમાણુજી.　ક. ૩૬

—પ્ર૦ ચૈત્ય૦ આદિ સંગ્રહ ભાગ ૩ પૃ. ૨૨૯

(૩) **શીલછત્રીશી**
(૪) **પુણ્ય છત્રીશી**
(૫) **સંતોષ છત્રીશી**
(૬) +**ક્ષમા છત્રીશી**
} સં. ૧૬૬૯　સર્વ પૃ. ૧૦—અમ૦

આદિ—

આદર જીવ ક્ષમાગુણ આદર, મ કરિશ રાગ ને દ્વેષજી,
સમતાયેં શિવસુખ પામીજેં, ક્રોધેં કુગતિ વિશેષજી.　આ. ૧

*　　*　　*　　*

અંતે—

નગરમાંહે નાગોર નગીનો, જિહાં જિનવર પ્રાસાદજી,
શ્રાવક લોક વસે અતિ સુખિયા, ધર્મતણે પરસાદજી. આ. ૩૪
ક્ષમાબત્રીશી ખાંતે કીધી, આતમપર ઉપગારજી,
સાંભલતાં શ્રાવક પણ સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આ. ૩૫
જુગપ્રધાન જિણચંદ સુરીસર, સકલચંદ તસુ શિષ્યજી,
સમયસુંદર તસુ શિષ્ય ભણે ઇમ, ચતુર્વિધિ સંઘ જગીશજી આ. ૩૬

—જૈ. પ્ર. ૩૯૯

(૭)+ અમરસરપુર મંડન શીતલનાથસ્ત. ૧૫ કડીનું

આદિ–મોરા સાહેબહો શ્રી શીતલનાથકિ, વીનતી સુણો એક મોરડી.

અંતે—

ઇમ અમરસરપુર સંઘસુખકર માત નંદાનંદણો,
સકલાપ સીતલનાથ સામી સકલ જણ આનંદણો;
શ્રી વચ્છલછન વરણ કંચણ રૂપ સુંદર સોહએ,
એ તવન કીધઉ સમયસુંદર સુણત જન મન મોહએ. ૧૫

પ્ર. કા, મારી પાસે છે. પ્ર૦ રત્નસાગર પૃ. ૧૪૫

(૮)+મહાવીર સ્ત૦ વિનતિરૂપે–જેસલમેરમાં.

આદિ—

વીર સુણો મુજ વીનતિ, કરજોડી હો કરૂં હું મનની વાત,
બાલકની પરે વીનવું, મોરા સામી હો તૂ ત્રિભોવન તાત,
વીર સુણો મોરી વીનતી. ૧

અંતે— કલશ

ઇમ નયર જેસલમેરમંડણ, તીર્થંકર ચોવીસમો
સાસનાધીશ સિંહલંછન સેવતા સુરતરૂસમો
જિનચંદ ત્રિશલામાતનંદન સકલચંદ કલાનિલો,
વાચનાચાર્ય સમયસુંદર, સંથુણ્યો ત્રિભુવનતિલો. ૧૯

—શ્રી બબ્બા મધ્યે સં. ૧૭૫૧ વરખે ભાદ્રવા શુદ ૮ દનૌ લખતં રાએચંદ રાએસંઘ. ઉનાના વકીલ મોરારજીભાઇના મારી પાસે આવેલા એક ચોપડામાં છે. —૨-૧૪ આ. ક.

—પ્ર. રત્નસાગર પૃ. ૧૫૪. રત્નસમુચ્ચય પૃ. ૧૮૩

(૯) +દાદાજી (જિનકુશલસૂરિ) સ્ત.
આદિ—આયો આયોજી સમરંતા દાદોજી આયો.

(૧૦) પ્રતિમા સ્ત૦ ૭ કડી—આદિ-શ્રી જિનપ્રતિમા હો જિન સારખી કહી, એ દીઠાં આણુંદ.

અંતે—

પારસનાથ હો તુઝ પરસાદથી, સદ્દહના મુઝ એહ,
ભવ ભવ હોજ્યો હો સમયસુંદર કહે, શ્રી જિનપ્રતિમાશું નેહજી શ્રી.

(મારી પાસે છે)

(૧૧) ઉદયન રાજર્ષિ ગીત—૨૦ કડી.
અંતે—

મુગતિ પહુતા મુનિવર, ભગવતિ અંગ વિચાર મુ૦
સમયસુંદર કહઇ પ્રણમતાં, પાંમીજઈ ભવપાર ૨૦. મુ૦

(મારી પાસે છે)

(૧૨) +શત્રુંજય મંડન આદિ બૃહત્સ્ત૦—૩૧ કડી.
આદિ—

બે કર જોડી વીનવુંજી, સુણિ સામી સુવદીત,
કૂડ કપટ મૂંકી કરીજી, વાત કહું આપવીત. ૧

અંતે— કલશ

ઇમિ ચઢિય શેત્રુંજ ચરણ ભેટયા, નાભિનંદણ જિણ તણા,
કરજોડિ આદિ જિણુંદ આગઇ, પાપ આલોયા આપણા,
શ્રી પૂજ્ય જિણચંદ સૂરિ સદગુરૂ, પ્રથમ શિષ્ય સુજસ ઘણઇ,
ગણિ સકલચંદ સુસીસ વાચક, સમયસુંદર ગુણ ભણઈ. ૩૧

પ્ર૦ રત્નસમુચ્ચય પૃ. ૨૩૫ થી ૨૩૭ (મારી પાસે છે)

(આનું બીજું નામ આલોયણુ ગર્ભિત આદિ સ્ત૦ છે. પ્ર. ચૈત્ય. આદિ સં. ભાગ ૨ જો. આ સ્તવન પોતે શત્રુંજય યાત્રા કરી ત્યારે કર્યું છે તે માટે શત્રુંજય રાસ પોતે કર્યો છે તેમાં આલોયણુને ઉલ્લેખ જુઓ.)

૧૨ અ +સકલ શાશ્વત ચૈત્યનમસ્કાર સ્ત૦ ૫ ઢાળ.

આદિ—

રિષભાનન વર્ધમાન, ચંદ્રાનન જિન, વારિષેણ નામે જિણુાએ. ૧
તેહતણા પ્રાસાદ ત્રિભુવન સાસતા, પ્રણુમું બિંબ સોહામણા એ. ૨

× × × ×

અંતે— કલશ.

ઇમિ શાસતા પ્રાસાદ પ્રતિમા સંથુણ્યા જિનવર તણા,
ચિહું નામ જિનચંદ તણા ત્રિભુવન સકલચંદ સુહાવણા;
વાચનાચારિજ સમયસુંદર ગુણુ ભણે અભિરામ એ,
ત્રિહું કાલ ત્રિકરણ શુદ્ધ હોયજ્યો સદા મુઝ પ્રણુામ એ.

—પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૨૨૮ થી ૨૩૦

(૧૩) +મહેવામંડણ પાર્શ્વનાથ સ્ત૦ (પાર્શ્વનાથનો છંદ) ૮ કડી.

આદિ—

આપણુ ઘર બઇઠા લીલ કરઉ, નિજ પુત્ર કલત્રસું પ્રેમ ધરઉ,
તુમ્હે દેસ દેસંતર કાંઇ ફરઉઇ, નિત નાંમ જપઉ શ્રીના કોડઇ. ૧

× × × ×

અંતે—

શ્રી પાસ મહેવાપુર નગરે, મઇ ભેટયઉ જિણુવર હરષ ભરે,
ઇમ સમયસુંદર કહઇ ગુણુ જોડઉ, નિત૦ ૮

પ્ર૦ જૈ. પ્ર. પૃ ૨૩૨ (મારી પાસે છે)

(૧૪) વીકાનેર મંડણુ ઋષભજિન સ્ત૦

આદિ—

ઢાલ ઝિરમિર વરસૈ મેહ હો રાજા પરનાલે પાંણી વહૈ-એ દેશી.

વીક્રમપુર સિણગારહો લાલ, રિષભ જિણેસર ગુણ ભર્યો, મોરાલાલ,
નાભિરાયાં કુલચંદ, મરુદેવી માતા ઉર ધર્યો–૧ મા.

અપૂર્ણ મારી પાસે છે.

(૧૫) પાર્શ્વનાથજિન પંચ કલ્યાણક સ્ત૦ ૫૧ કડી. સં. ૧૬૫૬
વૈ. સુ. ૩ જેસલમેરમાં આદિજિન પારણુ દિને.

આદિ—

પુરિસાદાણી પરગડઉ, જેસલમેર જિણુંદ,
પંચ યલ્યાંણુક તેહના, પભણિસુ પરમાણુંદ. ૧
જિનવરના ગુણ ગાવતાં, લહિયઈ સમકિત સાર,
ગોત્ર તિથંકર બાંધિયઈ, લહુ તરિયઈ સંસાર. ૨
રાગ ભેદ રલિયાંમણા જાણ/ ચતુરસુજાણ,
ભાવ ભગતિ ગુણ ગાવતાં, જીવિત જનમ પ્રમાંણ. ૩

* * * *

અંતે— રાગ ધન્યાસિરી.

ઈમ થુણ્યઉ જેસલમેરમંડન, દુરિત ખંડન સુખ મનઈ,
રસ કરણ દરસણ તરણિ વરસઈ, આદિ જિણ પારણ દિનઈ.૫૦
જિનચંદસૂરતિ સકલચંદન મૃગમદા કેસર કરી,
પ્રભુ સમયસુંદર પાસ પૂજઈ, તેહની ધન્યાસિરી. ૫૧

૩–૧૧ (મારી પાસે છે)

(૧૬) +તીર્થમાલા સ્ત૦

આદિ—

શ્રી શેત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણભર્યારે,
સીધા સાધુ અનંત, તીરથ તે નમુરે.

અંતે—

શેત્રુંજાની કોરણી નવાનગરમાંરે, શ્રી રાજસી ભરાવ્યા બિંબ, તી.
તીરથ યાત્રા ફલ તીહાં હોજ્યો મુજ ઇહાંરે, સમયસુંદર કહે એમ. તી.

—મારી પાસે છે. પ્ર. રત્નસમુચ્ચય ૫૯૫.

(૧૭) સાચોરમંડન વીરસ્ત૦ સં. ૧૬૭૭ માહ માસ

આદિ—

ધન્ય દિવસ મેં આજ જુહાર્યો, સાચોરો મહાવીરજી,

અંતે—

ઇમ નયરશ્રી સાચોર મંડન, સિંહલંછન સુખદકરો.
સકલાપ મૂરતિ, સકલ સુરતિ, માત ત્રિશલા ઉરિ ધરો,
સંવત સોલેસે સત્યોતર માહ માસ મનોહરો,
વીનવ્યો પાઠક સમયસુંદર પ્રગટ તું પરમેસરો. ૧૪.

—મારી પાસે છે.

(૧૮) +મુનિસુવ્રત સ્વામી સ્ત૦ ૧૪ કડીનું.

આદિ—

જંબૂદીવ સોહામણો, દક્ષિણ ભરત ઉદાર,
રાજગૃહ નગરી ભલી, અલકાપુરી અવતાર. ૧
શ્રી મુનિસુવ્રત સામિજી, સમરતાં સુખ થાય,
મનવંછિત ફલ પામીયઇ, દોહગ દૂરિ પલાય.

* * * *

અંતે— કલશ

ઇમ પંચ કલ્યાણિક ત્રિભુવન રાય,
મુનિસુવ્રત સામી વીસમો, જિનવરરાય વીસમો,
જિણવરરાય જગત્ર ગુરૂ, ભયભંજણ ભગવંત,
નિરાકાર નિરંજન નિરૂપમ અજરામર અરહંત
શ્રી જિનચંદ વિનેય સિરોમણી સકલચંદ ગણી સીસ,
વાચક સમયસુંદર ઇમ પભણઇ, પૂરઉ મનહ જગીસ. ૧૪
—વા૦ સાંમીદાસ ગણિ લિષતં. ૧-૧૫ મારી પ.સે છે.

પ્ર૦ રત્નસમુચ્ચય પૃ. ૫૧૪

(૧૯) +સીમંધર સ્વામી સ્ત૦

આદિ—

ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી, ધન પુંડરિક ગિરિનામ,
ધન ધન તેહના માનવીજી, નિત ઉઠી કરેરે પ્રણામ. ૧

× * * *

અંતે—

સમયસુંદરની વંદનાજી, માનજો વારેવાર,
એ કરજોડી વીનવુંજી, વીનતડી અવધાર.
શ્રીમંદિર સ્વામી કહીઇરે, હું મહાવિદેહ આવીસ,
જયવંતા જિનવર કહીઇરે, હું તુમને વાંદીસ. ૯

—અનંત. સઝાયોમાં.
જૈ. પ્ર. ૩૧૪

(૨૦) +રાણકપુર સ્ત૦ સં. ૧૬૭૬ માગશર જાત્રા કરી.

આદિ—

રાણપુરે રલિયામણોરે લાલ, શ્રી આદીસર દેવ મન મોહ્યું રે.

અંતે—

સંવત સોલ છિયંતરેરે લાલ, મિગસિર માસ મઝાર, મ૦
રાણપુરે યાત્રા કરીરે લાલ, સમયસુંદર સુખકાર, મ૦ ૭

પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૨૩૨. જૈ. પ્ર. ૭૦

(૨૧) +અષ્ટાપદ સ્ત૦

આદિ—

મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશદીશજી.

અંતે—

દૈવ ન દીધી મુઝને પાંખડીજી, આવું કેમ હજૂરજી,
સમયસુંદર કહે વંદનાજી, પ્રહ ઉગમતે સૂરજી. મ૦ ૫

પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૩૪૨.

(૨૨) +એકાદશી સ્ત૦ ૧૩ કડીનું સં. ૧૬૮૧ જેસલમેરમાં

ચોપાઈની દેશી.

આદિ—

સમવસરણ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રી અરિહંત,
બારે પરખદા બેઠી રૂડી, માગસર સુદી અગીયારસ વડી. ૧

* * * *

અંતે—

જેસલ સોલ છયાસી સમે, કીધું સ્તવન સહુ મનગમે,
સમયસુંદર કહે દાહાડી, માગસર સુદી અગીયારસ વડી. ૧૩

આમાં મૌન એકાદશી પર્વનું મહાત્મ્ય છે.—પ્ર૦ ચૈ૦ આદિ સંગ્રહ ભા. ૩ પૃ. ૫૪ રત્નસાગર પૃ. ૧૪૪, રત્નસમુચ્ચય પૃ. ૧૭૨.

(૨૩) +પંચમી વૃદ્ધ (મોટું) સ્ત૦ (જ્ઞાનપંચમી પર ૩ ઢાલ ૨૫ કડીનું સ્ત.

આદિ—

પ્રણમું શ્રી ગુરૂ પાય, નિર્મલજ્ઞાન ઉપાય,
પંચમી તપ ભણુંએ, જનમ સફલ ગિણું એ. ૧

અંતે—

ઇમ પંચમી તપ ફલપ્રરૂપક વર્દ્ધમાન જિણેસરો,
મઈ થુણ્યો શ્રી અરિહંત ભગવંત, અતુલબલ અલવેસરો,
જયવંત શ્રી જિનચંદસૂરિજ, સકલચંદ નમંસિયો,
વાચનાચારિજ સમયસુંદર, ભગતિભાવ પ્રશંસિયો.

—પ્ર૦ રત્નસમુચ્ચય પૃ. ૧૬૮, રત્નસાગર પૃ. ૧૩૭ શ્રી જ્ઞાનપંચમી (જૈ. ધ. સભા. ભાવ.)

(૨૪) +પંચમીપર લઘુ સ્ત૦ ૫ કડી.

આદિ—

પંચમી તપ તુમેં કરોરે પ્રાણી, નિર્મલ પામો જ્ઞાન.

અંતે—

પાર્શ્વનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદરે,
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પંચમો ભેદરે—પંચમી૦
—પ્ર૦ રત્નસાગર પૃ. ૧૭૦, જૈનપ્રબોધ પૃ. ૯૦

(૨૫) +ઉપધાન તપ સ્ત૦ (૭ ઉપધાનનું ટુંક વર્ણન)

આદિ—

શ્રી મહાવીર ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી,
અમૃત વચન સુણી અતિ મીઠા, પામે હરષ અપારજી. ૧
સુણો સુણોરે શ્રાવક ઉપધાન વહ્યા વિન કિમ સૂઝે નવકાર.
ઉતરાધ્યયન બહુ શ્રુત અધ્યયને, એ ભણ્યો અધિકારજી. સુ. ૨
મહાનિશીથ સિદ્ધાંત માંહે પિણ, ઉપધાન તપ વિસ્તારજી,
અનુક્રમે શુદ્ધ પરંપર દીસે, સુવિહિત ગચ્છ આચારજી. સુ. ૩

* * * *

અંતે— કલશ.

ઇમ વીર જિણવર ભુવણ દિણયર માતા ત્રિશલાનંદણો,
ઉપધાનનાં ફલ કહે ઉત્તમ ભવિય જન આનંદણો,
જિનચંદ યુગપરધાન સદ્દગુરૂ સકલચંદ્ર મુનીસરો,
તસુ સીસ વાચક સમયસુંદર ભણે વંછિત સુખકરો. ૧૮
—પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૫૫૧, રત્નસાગર ભાગ ૧ પૃ. ૪૮૨.

(૨૬) +દાનશીલ તપ ભાવ પર પ્રભાતી.

આદિ—

રે જીવ જૈનધર્મ કીજીયે, ધર્મના ચાર પ્રકાર,
દાન શીયલ તપ ભાવના, જગમાં એટલું સાર—રે. ૧
પ્ર. જૈન સ. માળા; ચૈત્ય૦ આદિ સં. ૩.

(૨૭) +માયાપર સ.

આદિ—માયા કારમીરે માયા મ કરો ચતુરસુજાણ.

+જીવરાશી ખમાવવાપર

આદિ—હવે રાણી પદમાવતી જીવરાશિ ખમાવે.
અંતે—

રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાલ
સમયસુંદર કહે પાપથી, છૂટો તતકાલ. હવે૦ ૩૩

(આ સઝાય સ્વતંત્ર નથી પણ તે ચાર પ્રત્યેકબુદ્ધ રાસમાંથી નેમિરાજર્ષિના ખંડમાં છે.)

(૨૮) આદીસર વિનતિ.

આદિ—

આદીસર હો સોવનકાય, તેજઈ રવિ જિમ દીપતો,
સુર કિંનર હો સેવઇ પાય, મોહ મહાભડ જીપતો— ૧
જે અહનિશિ હો પ્રણમે સામિ, ત્યાં ઘર સદા વધામણા,
ચઉ ગઈ દુખ હો ટાલણહાર, જિનવર નામ સુહામણો. ૨
વીનતડી હો ઇક અવધારિ, કરજોડી કવિયણ કહે,
તું સમરથ હો ઇણ સંસારિ, તુઝ કીરતિ જગિ મહમહે. ૩

* * * *

અપૂર્ણ—મારી પાસે છે.

૨૯ નાગલા ગીત.

આદિ—ભવદેવ ભાઈ ઘરિ આવીયોરે, પ્રતિબૂઝવી મુનિરાયરે,
નવ પરિણીત મુકી નાગલા, ભવદત્ત વાંદે મુનિના પાયરે. ૧
અર્ધમંડિત ગોરી નાગલા.
અંતે—નારી નાગલાઈ પ્રતિબૂઝવ્યોરે, વૈરાગ ધરી બહુ માનરે,
ભવદત્ત દેવલોક પામીયોરે, સમયેસુંદર વાંદે પાયરે. ૭ અ૦
અમારી પાસે છે.

૩૦ અર્હન્નક સઝાય. ૯ કડી.

આદિ—વેરણ વેલા પાંગર્યારે હો, ધૂપ તમે અસરાલ, મેરે અરહના,
ધરતી ત્રશી ઉની ઘણુંરે, હાં મુનિવર અતિ સુકુમાલ. મેરે. ૧

અંતે—રાતી શલા અણુસણ લીએરે હાં, ચડતે મન પરિણામ. મેરે.
સમયસુંદર કહે તેહનેરે હાં, ત્રિકરણ સુદ્ધ પ્રણામ. મેરે. ૯

(૩૧) +નિંદાવારક સ. ૫ કડી.

આદિ—

નિંદા મ કરજો કોઈની પારકીરે, નિંદાનાં બોલ્યાં મહા પાપરે.
પ્ર૦ રત્નસ. જૈ. પ્ર.

(૩૨) +અનાથીઋષિ સ. ૯ કડી.

આદિ—

શ્રેણિક રયવાડી ચઢયો, પેખિયો મુનિ એકંત,
વરરૂપ કાંતિએ મોહિયો, રાય પૂછે રે કહો વિરતંત-
શ્રેણિકરાય હુંરે અનાથી નિર્ગ્રંથ.

(૩૩) +બાહુબલ સ. ૭ કડી.

આદિ—

રાજતણા અતિ લોભિયા, ભરત બાહૂબલ ઝૂઝેરે,
મૂંઠ ઉપાડી મારિવા, બાહૂબલ પ્રતિબુઝેરે.
-વીરા મારા ગજથકી ઉતરો. ૧

(૩૪) +અરણિક (અર્હંન્નક) મુનિ સ. ૮ કડી.

આદિ—

અરણક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે સીસોજી,
પાય ઉવરાણારે વેલૂ પરજલેરે, તન સુકુમાલ મુનીસોજી—અરણક ૧

(૩૫) +શાલિભદ્ર સ. —ર. સ.

આદિ—

પ્રથમ ગોવાળિયાતણે ભવેજી, દીધું મુનિવર દાન.
જૈ. પ્ર. ૩૬૯

(૩૬) +મેઘરથરાય સ.

આદિ—

દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય રૂડાસજી.
સ. મા. પૃ. ૧૩૦

(૩૭) +પ્રસન્નચંદ્રઋષિ સ૦

આદિ—

મારગમેં મૂઝને મિલ્યો ઋષિ રૂડોરે, સુધો તે સાધુ નિર્ગ્રંથ, ઋષિસર રૂડોરે.૧

(૩૮) +ગજસુકુમાલ સ. નયરી દ્વારામતિ જાણીયેજી.

(૩૯) +રાજુલ સ. રાજુલ ચાલી રંગશુંરે.

(૪૦) રેવતી સ. સોવન સિંઘાસણ રેવતી—આ. ક.

(૪૧) +ધોબીડા પર સઝાય—ધોબીડા તું ધોજે મનનું ધોતિયુંરે—

સ્થૂલિભદ્ર ગીત—પીઉડા! માનો બોલ હમારોરે.

નલદવદંતી ગીત ૬ કડી.

આદિ—

નલદવદંતી નીસર્યાં, જૂવટૈ હારી દેશ, નલ રાજા,
વનમાંહે રાતિવાસો વસ્યા, સૂતાં ભૂમિ પ્રદેશ—નલરાજા. ૧

અંતે—

દમદંતી પીહર ગઇ, પાલ્યો નિરમલ સીલ, ન૦
સમયસુંદર કહઈ પિઉ મિલ્યો, લીધા અવિચલ લીલ, ન૦ ૬

(૪૨) +ચેલણા સતી સ. ૬ કડી.

આદિ—વીર વાંદી વલતા થકાંજી, ચેલણા દીઠઉરે નિગ્રંથ—

અંતે—સમયસુંદર કહે ચેલણાજી, પામીયો ભવતણો પાર—
વીરે વખાણી રાણી ચેલણાજી. ૬
મારી પાસે છે.

(૪૩-૪૬) +ચાર પ્રત્યેક બુદ્ધની સઝાય.

૧ લાની સ.

આદિ—ચંપા નગરી અતિ ભલી હું વારી, દધિવાહન ભૂપાલ રે, હું.

અંતે—સમયસુંદર કહે સાધુને, હું પ્રણમ્યા પાતક જાયરે. હું. ૫

૨ જાની સ. આ—નગર કંપિલાનો ધણીરે, જયરાજા ગુણજાણ,
અં—સમયસુંદર કહે સાધુનેરે, નિત નિત પ્રણમે પાય દુ.૮

૩ જાની સ. આ-નગર સુદર્શન રાય હોજી, મણિરથ રાજ કરે તિહાં,
અં-સમયસુંદર કહે સાધુને.
૪ થાની સ. આ-પુંડરવર ધનપુર રાજીયો, મ્હાંકી સહિયર, સિંધરથ નામ નરેંદરે.
અં-સમયસુંદર કહે સાધુજી, ચોથો પ્રત્યેકબુધ એ-મ્હાં.

(૪૭) ચારેની સાથે સ૦

આ-ચિહું દિસથી ચ્યારે આવીયા, સમકાલે હે યક્ષ દેહરામાંહિ.
અં-ઉત્તરાધ્યયને તે કહ્યા, સૂત્રમાહે હો ચ્યારે પ્રત્યેક બુધ,
સમયસુંદર કહે સાધુના, ગુણ ગાયાહે પાટણ પરિસિધિ.
—મારી પાસે છે.

(૪૮) નમિરાજગીત.

આદિ—

જી હો મથુરા નગરીનો રાજીયો, જીહો હય ગય રથ પરિવાર,

અંત—

જીહો ઉત્તરાધ્યયને એહ છે જીહો, નમિરાજા અધિકાર,
જીહો સમયસુંદર કહે વાંદતાં, જીહો પામીજે ભવપાર. ૭
(મારી પાસે છે.)

(૪૯) સનતકુમાર ગીત.

આદિ—

જોવા આવ્યા રે દેવતા, રૂપ અનોપમ સાર,
ગરવ થકી વિણસી ગયો, ચક્રવર્ત્તિ સનતકુમાર,
નયણુ નિહાલોરે નાહલા. ૧

અંતે—

સનતકુમાર મુનીસર, નાણ્યો નેહ લગાર,
કાજ સમાર્યારે આપણાં, સમયસુંદર કહે સાર. ૫. ન.
(મારી પાસે છે.)

(૫૦) અર્હન્નક ગીત.

અંતે—

અધિકાર ભણ્યો મઈં એહનઉ, સમયસુંદરનઈં ધ્યાન તેહનઉ.

૭ મ્હા.

૫૧—૮૬

૩૬ ગીતો—જૂદા જૂદા રાગમાં પદ જેવાં. સં. ૧૬૭૦ માં યા તે પહેલાં.

(૧) ક્રોધ નિવારણ—જીયુરા તું મ કરિ કિણસું રોસ.
(૨) માન નિવારણ—મૂરિખ નર કાહે તું કરત ગુમાન.
(૩) માન નિવારણ—કિસીકું સબ દિન સરીષે ન હોઈ.
(૪) માયા નિવારણ—ઇહુ મેરા, જીવ તું વિમાસે નહિ કછુ તેરા.
(૫) લોભ નિવારણ—રામા રામા ધનં ધનં, ભમતઉ રહઈ તું રાતિ દિનં.
(૬) લોભ નિવારણ—ચેલા ચેલા પદં પદં, પુસ્તક પાના લોભ મદં.
(૭) મનશુદ્ધિ—એક મનશુદ્ધિ વિણુ કોઉ મુગતિ ન જાઇ.
(૮) જીવપ્રતિબોધ—જાગિ જાગિ તું જંતુયા, તું કાઈ નિચિંતો સેવેરી.
(૯) જીવપ્રતિબોધ—રે જીવ વખત લિખ્યા સુખ લહિયઇ,
(૧૦) આર્ત્તિ નિવારણ—મેરે જાયુ આરતિ કાંઈ ધરઇ,
(૧૧) નિંદાપરિહાર—નિંદા ન કીજઇ જીવ પરાઇ, નિંદા પાપે પિંડ ભરાઈ,
(૧૨) હુંકાર પરિહાર—જહાં તહાં ઠકુર હું હું હું,
(૧૩) કામિની વિશ્વાસ નિવારણ—કામિની કહિ કુંણ વેસાસા,
(૧૪) જીવ નટાવા—દેખિ દેખિ જીવ નટાવે એસો નાટક મંડયોરી,
(૧૫) સ્વાર્થ—સ્વારથકી સબ હે રે સગાઇ,
(૧૬) પારકી હોડ નિવારણુ—પારકી હોડ તું મ કરિરે,
(૧૭) જીવ વ્યાપારી—આએ તીન જણે વ્યાપારી,
(૧૮) ઘડી લાખીણી—ઘડી લાખીણી જાઈ એ, કછુ ધરમ કરો ચિત લાઈ એ.
(૧૯) ઘડિયાલા—ચતુર સુણો ચિત લાઇ કે કહા કહે ઘરિયારા,

(૨૦) ઉદ્યમ ભાગ્ય—ઉદ્યમ ભાગ વિના ન ફલે, બહુત ઉપાય કીયે ક્યા હોઇ,
(૨૧) સર્વ ભેખ મુગતિગમન—હાં માઇ હરકોઉ ભેખ મુગતિ પાવે,
(૨૨) કર્મ—હાં માઈ કરમથી કો છૂટે નહી,
(૨૩) નાવા (નાવિક)—નાવાની કારી ચલે નીર મઝાર,
(૨૪) જીવદયા—હાં હો જીવદયા ધર્મ વેલડી, રોપી શ્રી જિનરાય,
(૨૫) વીતરાગ સત્યવચન—હાં હો જિનધર્મ ધર્મ સહુ કહે, થાપે અપણી વાત.
(૨૬) મરણ નિવારણ—મરણ તણો ડર ન કરિ મૂરિખ, જિણુ વાટે જગિ જાઇરે.
(૨૭) સંદેહ—કરમ અચેતન કિમ હુયઉ કર્તા, કહો કિમ શકિયે થાપીરે,
(૨૮) સૂતા જગાવણ—જાગિ જાગિ જાગિ બાઈ જાગિરે તું જાગિ,
(૨૯) જગત્ સૃષ્ટિકારણ પરમેશ્વર પૃચ્છા—પૂછું પંડિત કહો કાહકી કંત, આ જગત સૃષ્ટિ કિણુ કીધીરે.
(૩૦) ભણનપ્રેરણ—ભણોરે ચેલા બાઈ ભણોરે ભણો,
(૩૧) ક્રિયાપ્રેરણ—ક્રિયા કરો ચેલા ક્રિયા કરો.
(૩૨) પરમેશ્વર સ્વરૂપ દુર્લભતા—કુણ પરમેશ્વર સ્વરૂપ કહે,
(૩૩) જીવકર્મ સંબંધ—જીવને કરમ માહોમાહિ સંબંધ,
(૩૪) પરમેશ્વર લઘુ—હાં હો એક તિલ દિલમેં આવ તું, કરે કરમનો નાશ.
(૩૫) નિરંજનધ્યાન—હાં હમારે પરબ્રહ્મ જ્ઞાનં,
(૩૬) દુષ્પમયકાલે સંયમપાલન—હાં હો કહો સંજમ પંથ કિમ પલે,
—આ સર્વ ગીતોની પ્રત તેની છેવટે અનુક્રમણિકા સહિત ૭-૧૧ લ. સં. ૧૬૭૦ પ્રથમ ચૈત્રી શુદિ ૧૦ ગુરૂ લિખિતં મારી પાસે છે.

(૮૭) પદ. સુખનીકો સીતલનાથકો,

(૮૮) શાંતિનાથ પદ.

આદિ— આંગણ કલ્પ ફલ્યોરી હમારે,

(૮૯) ઋષભનાથ ગીત—રીષભકી મૈરે મન ભગતિ વસીરી.
(૯૦) ગૌતમગીત. ૭ કડીનું.
આદિ—
મુગતિ સમો જાંણી કરી, જીરે થે વીરજી મુંઝનૈ મૂકયઉ દૂરિરે,
મૈ અપરાધ ન કો કીયઉ, જી૦ વીરજી રહતઉ તુમ્હ હજૂરિરે,
વીરજી વીરજી કિહાં રય(હ)ઉ.
અંતે—
ગૌતમ કેવલ પામીઉ જી૦ ત્રિભુવન હરખ્યા સુરનર કોડરે,
પાય-કમલ ગૌતમ તણા જી૦ પ્રણમૈ સમયસુંદર કરજોડિરે. ૭ વી૦
(મારી પાસે છે.)
દાદા (જિનકુશલસૂરિ) ગીત—દાદો તો દરસણુ દાખે,
દાદો સોહિલા સુખી રાખે.
(૯૧) ધન્નાશાલિભદ્ર ગીત. ૮ કડીનું.
આદિ—
ધન્નો શાલિભદ્ર બેઈ, ભગવંતનો આદેશ લે જીહો,
હો મુનિવર ધ.
સંવેગ સુધ ધરેઇ, વૈભારગિરિ ઊપરિ ચડયા જીહો. ૧ હો૦
અંતે—
મહાવિદેહ મઝારિ, મુગતિં જાસ્યઇ મુનિવર જીહો,
વંદના કરૂં વારવાર, સમયસુંદર કહઇ હું સદા જીહો. ૮ હો મુનિ૦
(૯૨) સ્થૂલભદ્ર ગીત. સં. ૧૬૮૯ મીર મીર્જાના રાજ્યે અકપુર (અમદાવાદના)માં.
આદિ—
મનડઉં તે મોહ્યઉં માહરૂંરે, કહઇ ઇમ કોસ્યા તે નારિરે,
આઠે તે પહુરઈ પાંપલોરે, ચટપટ ચિત્ત મઝારિરે. ૧ મનડું.
× × × ×

અંતે—

'સંવતિ સોલ નવ્યાસીયઇ રે, મીર મોજાસ્યું રાજરે,
અકપુરમાંહિ રહીરે, ભાદ્રવઇ જોડી છઇ ભાસરે. મન૦ ૫
થુલભદ્ર કોસ્યા પ્રતિબુઝવઇરે, ધરમ ઉપરિ ધરઉ રાગરે,
પ્રેમબંધન નેહિ પાડુયોરે, સમયસુંદર સુખકારિરે. મન૦ ૬

—મારી પાસે છે.

(૯૩) આલોયણ છત્રીશી સં. ૧૬૯૮ અહમદપુરમાં (અમદાવાદમાં)

આદિ— નગર સુદર્શણ અતિ ભલો એહની ઢાલ.

પાપ આલાયું આપણાં, સિદ્ધ આતમ સાખિ,
આલોયાં પાપ છૂટીયે, ભગવંત ઇમ ભાષ. પાપ૦ ૧
સાલ હીયાથી કાઢજો, જિમ કીધાં તેમ,
દુખ દેખિસિ નહિતરિ ઘણાં, રૂપી લખણા જેમ. પાપ૦ ૨

* * * *

અંતે—

સંવત સોલઅઠાણુયઇ, અહમદપુરમાંહિ,
સમયસુંદર કહે મેં કરી, આલોયણ ઉચ્છાહિ. ૩૬

—૨-૧૧ મારી પાસે છે. પ્ર. કા. નં. ૮૬૨.

(૯૪) ચાર શરણાં ગીત.

આ કવિ એક ઘણા પ્રતિષ્ઠિત અને ઉત્તમ કાવ્યકાર થયા છે. સં. ૧૬૪૯ ના ફાગણ શુદ બીજે બૃહત્ 'ખરતર ગચ્છના યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ રાખ્યું તે સમયે તેજ જિનચંદ્રસૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણવિનય (જુઓ નં. ૧૯૫ પૃ. ૩૨૬) એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું. અકબર બાદશાહે લાહોરથી જિનચંદ્રસૂરિને પોતાની પાસે બોલાવ્યા ત્યારે તે સૂરિએ બાદશાહ પાસે જવા વિચાર કર્યો અને તે વખતે સાથે સમયસુંદર કવિ પણ હતા. આ વિહાર ગૂજરાતથી જાલોર, મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઈ લાહોર સુધીનો હતો. એટલે ૧૬૪૯ પહેલાં કવિ ગૂજરાતમાંજ

રહ્યા હતા અને ૧૬૪૯ માં લાહોરમાં ઉપાધ્યાય પદ મેળવી પછી તે બાજુ તે વિશેષમાં મેવાડ-મારવાડમાં પ્રવાસ કર્યો છે અને તેથી તેમની મુખ્ય ગૂજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાન્તીય શબ્દો, મારવાડી, ફારસી, શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેમાં રચનાસ્થલ જણાવેલ છે તે પરથી જણાઈ આવે છે. તેઓ સંસ્કૃત ભાષાના અચ્છા જ્ઞાતા હતા. તેમણે તેમાં રચેલા ગ્રંથો પરથી તેઓ એક સમર્થ વિદ્વાન, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર હતા. તેમના ગ્રંથોમાં ભાવશતક સં. ૧૬૪૧, પુણ્યનંદીકૃત રૂપકમાલા (ગૂ) પર સંસ્કૃત અવચૂર્ણિ સં. ૧૬૬૩, કાલિકાચાર્યકથા સં. ૧૬૬૬, સામાચારી શતક સં. ૧૬૭૨ મેડતા, વિશેષ શતક સં. ૧૬૭૨ મેડતામાં, ગાથાલક્ષણ સં. ૧૬૭૩ મેડતા, વિચારશતક સં. ૧૬૭૪, અષ્ટલક્ષી શરૂ કર્યો સં. ૧૬૪૯ અને પૂરો કર્યો સં. ૧૬૭૬ લાહોરમાં કે જેમાં 'રાજાનો દદતે સૌખ્યં' એ વાક્યના આઠ લાખ અર્થો કર્યા છે (જૂઓ પીટર્સન ચતુર્થ રીપોર્ટ નં. ૧૧૭૪ પૃ. ૬૮), વિસંવાદ શતક સં. ૧૬૮૫, વિશેષસંગ્રહ સં. ૧૬૮૫ લૂણકર્ણસરમાં, ગાથાસહસ્ત્રી સં. ૧૬૮૬, 'જયતિહુયણ' સ્તોત્રપરવૃત્તિ સં. ૧૬૮૭ પાટણમાં, દશવૈકાલિક સૂત્રપર શબ્દાર્થવૃત્તિ સં. ૧૬૯૧ ખંભાતમાં, વૃત્તરત્નાકરવૃત્તિ સં. ૧૬૯૪ જાલોરમાં, તથા કલ્પસૂત્રપર કલ્પકલ્પલતા નામની વૃત્તિ, રઘુવંશપર વૃત્તિ, સંવાદસુંદર, ચાતુર્માસિક વ્યાખ્યાન, નવતત્ત્વપર વૃત્તિ અને પ્રશ્નોત્તર સારસંગ્રહ આદિ રચ્યા છે. સં. ૧૬૪૧ માં ભાવશતક ગ્રંથ રચ્યો અને સં. ૧૭૦૦ માં ગૂજરાતીમાં વૃદ્ધપણામાં 'દ્રૂપદી સંબંધ' એ ગૂજરાતી ભાષામાં રાસ રચ્યો ત્યારે ૧૬૪૧ માં ૨૧ વર્ષની ઉમર કવિની ગણીએ, તો ઓછામાં ઓછું ૮૦ એંશી વર્ષનું આયુષ્ય ગાળ્યું હોય એમ પ્રાયઃ નિશ્ચિત થાય છે.

આ ઉપરાંત એ પણ જણાય છે કે તેમણે સં. ૧૬૭૬ માં રાણકપુર (સાદડી પાસે) જાત્રા કરી અને સં. ૧૬૮૨ માં જેસલમેર પાસેના અસલ રાજધાની લોદ્રવપુરના વતની થેરૂ ભણસાલીએ જેસલ-

મેરથી શત્રુંજય જવાનો સંઘ કાઢ્યો હતો, તેમાં પણ તેમણે સંઘ સાથે રહી શત્રુંજય યાત્રા કરી હતી. તેમ બીજાં અનેક તીર્થોની જાત્રા કરી હતી. વૃદ્ધપણામાં અમદાવાદ અને તે આસપાસ ગૂજરાતમાંજ રહી સ્વર્ગવાસ કર્યો હોય તેમ સંભવે છે. તેમની શિષ્યપરંપરામાં સ્વશિષ્ય હર્ષનંદન બહુ વિદ્વાન્ હતા કે જેમણે મધ્યાન્હપદ્ધતિ નામનો ગ્રંથ સં. ૧૬૭૩માં પાટણમાં રચ્યો છે. તેમાં પોતાની પ્રશસ્તિ આપતાં સ્વગુરૂ સમયસુંદર માટે વચનકલાકવિકલા-નિષ્ણાત, તર્કવ્યાકૃતિ સાહિત્યજ્યોતિ, સમયતત્ત્વવિદ્ એ યથાર્થ વિશેષણો આપ્યાં છે અને વિશેષમાં જણાવ્યું છે કે:—

> પ્રજ્ઞાપ્રકર્ષઃ પ્રાગ્વાટે ઇતિ સત્યં વ્યધાવિ યૈઃ;
> યેષાં હસ્તાત્ સિદ્ધિઃ સંતાને શિષ્યશિષ્યાદૌ.
> અષ્ટલક્ષાનર્થાનેકપદે પ્રાપ્ય યે તુ નિર્ગ્રન્થાઃ
> સંસારસકલસુભગાઃ વિશેષતઃ સર્વરાજાનાં.

આ પરથી જણાય છે કે સમયસુંદર પ્રાગ્વાટ-પોરવાડ વણિક હતા. આ હર્ષનંદને ખરતરગચ્છની લઘ્વાચાર્યીય નામની આઠમી શાખા જિનસાગરસૂરિએ સં. ૧૬૮૬ માં કાઢી હતી તે બહુ વધારી. સમયસુંદરના પ્રશિષ્ય હર્ષકુશલ ઉપાધ્યાય થયા કે જેમણે કવિની ભાષાકૃતિ ધનદત્ત ચોપઈ સંશોધી હતી. વળી તેમની શિષ્યપરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા ને તેના શિષ્ય આલમચંદ થયા કે જેમણે સ. ૧૮૨૨ ના માગશર શુદિ ૪ ના દિને સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી ભાષામાં રચેલ છે. જુઓ ઓગણીસમી સદીમાં આગળ કવિ આલમચંદ.

આ કવિના સંબંધમાં અતિ વિસ્તારથી મેં 'કવિવર સમયસુંદર' એ નામનો નિબંધ ભાવનગરની સાતમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્માં લખી વાંચ્યો હતો અને તે જૈન સાહિત્ય સંશોધકના ખંડ ૨ અંક ૩ માં પ્રકટ થયેલ છે તે જોઈ લેવા વાચકને ભલામણ છે.

૧૯૬ ક. રત્નકુશળ (ત. મેહર્ષિ-હામર્ષિ શિ.)

+ પાર્શ્વનાથ સંખ્યા સ્ત. સં. ૧૬૫૨ આસપાસ.

આદિ—

શ્રી જીરાઉલિ નવખંડ પાસ વખાણીઇરે નામઇં લીલવિલાસ,
સંકટ વિકટ ઉપદ્રવ સવિ દૂરઈં ટલઇરે મંગલ કમલાવાસ. શ્રી. ૧

× × × ×

અંતે—

ભોગ સંયોગ તે પામઇ માનવ નવનવારે જસ તૂસઈ શ્રીપાસ,
ગણિ હામા શિષ્ય રતનકુશલ ભગતિઇ કહઇરે આપો ચરણુંઈ વાસ શ્રી૨૦

—પ્ર૦ પ્રાચીન તીર્થમાલા સં પૃ. ૧૬૯-૧૭૦

(આ કવિએ પંચાશક વૃત્તિ સં. ૧૬૫૨ આશ્વિન સિત પંચમી દિને રવિવારે ઉંઝા ગામમાં લખી છે તેમાં પોતાને પંડિત મેહર્ષિ ગણિ શિષ્ય શ્રી હામર્ષિ ગણિના શિષ્ય જણાવેલ છે. અપ્રકટ વિ. ધ. પ્રશસ્તિ સંગ્રહ.)

---

૧૯૭ મુનિશીલ (આં. વિદ્યાશીલ-વિવેકમેરૂ શિ૦) ધર્મમૂર્ત્તિ સૂરિના રાજ્યમાં.

(૩૭૧) જિનપાલ-જિનરક્ષિત રાસ સં. ૧૬૫૮ માહ વદ ૮

અંતે—

શ્રી અંચલગચ્છ સુહગુરૂ સુરતરૂ સારિખાજી, શ્રી ધરમમૂરતિસૂરિ,
તે સહુ ગુરૂના ચરણકમલ નિતિ વાંદીઇજી, દોહગ જાઇ દૂરિ. ૧૬
કરિ શર રસ ઇંદુ માસ કુમારઇ સલહીજી, બહુલ આઠમિ દિન ચાર,
સંધિ રચી એ સંઘ તણુઇ આગ્રહિ કરીજી રવિ શશિ નયર મઝારિ. ૧૭
સૂત્ર અરથથી જિમ ગુરૂ મુખિ સાંભલિઉજી, અરથ વખાણિઉ એહ,
ઓછઉ અધિકઉ મિછા દુક્કડ મુહનઇજી સુકવિ પમજ્યો તેહ. ૧૮

શ્રી વિદ્યાશીલ સીસ સુપરિ સોહામણિ પંડિત પુહુવિ પ્રવીણ,
વિવેકમેરૂ ગણિ સંયમ ગુણ કરિ વિચરતાજી, હું તસ્ય ચલણે લીણ.૧૯
ત્રીજા જિનવર સંભવનાથ પસાઉલિજી મુનિ જંપઇ મુનિશીલ,
જે નરનારી ભણસ્યઇ ગુણસ્યઇ સાંભલઇજી લહિ પરિપામઈ લીલ. ૨૦
—સં. ૧૬૯૪ વર્ષે ભાદ્રવા વદિ ૧૪ ગુરૂ (ઇડર બાઇઓનો ભં.)

૧૯૮ પદ્મરાજ

(૭૭૨) સનત્કુમાર સં. ૧૬૫૯—વિ. ધ.
(૭૭૩) અભયકુમાર —ડે; ભાવ.

૧૯૮ ક વિદ્યાવિજય (ત૦ નયવિજય શિષ્ય)

૨૪ જિનપંચ કલ્યાણક સૂચિત સ્ત૦ સં. ૧૬૬૦

અંતે—

વીર પારંગતાય તિમ ગણુઉ સિવ દિવસિ, એહપદ સરવ જિનનામ સાથિં,
ગણુઉ કલ્યાણક દિવસિ પદ સહસએં, તપ કરી હોઇ જિમ મુગતિ હાથિં.
૩૯ પૂ.
ચંદ્રરસ રિતુગગન વરસિ કલ્યાણક તવન કીધું ભવિક ભણુત ભાવઈં,
કીરતિ કોટિ કલ્યાણ સુખસંપદા, સિદ્ધિ સૌભાગ્ય મિલી વેગિ આવઈં.૪૦પૂ.

કલસ.

તપગચ્છ અધિપતિ નમત નરપતિ રૂપ રતિપતિ સુંદરો,
શ્રી વિજયસેન સૂરીંદ સુવિહિત મુકુટ ગુણમણિ આગરો
ઉવઝાય શ્રી નયવિજય સીસઈં થુણીયા સકલ જિનેસરો,
દિઉ મુઝ મહોદય વાસ વિદ્યાવિજય સંપદ સુખકરો. ૪૧
—૩-૧૪ (મારી પાસે છેલ્લું પાનું છે.)

૧૯૯ જયવિજય (દેવવિજય શિ૦)

(૩૭૪) શુકન ચોપઈ ૧૬૬૦ આસો શુ. ૧૫ ગિરિપુર-વાગડમાં

અંતે—

વાગડ દેશ વિઈરાગર નાંમ, જિહાં પટદરશણના વિશ્રાંમ,
રાજધાનીનું રૂડઉ ઠામ, દેશ મધ્ય ગિરિપુર ભલીગાંમ. ૩૮

ગઢમઢ મંદિર પોલિ સુચંગ, જૈન શિવ પ્રાસાદ ઉત્તંગ,
રાજ કરઈ રાજા ગુણનિલુ, દાની માંની ભોગી ભલુ. ૩૯

કવિતા શ્રોતા વિરતો જાંણુ, સૂરવીર ધીર પાંણિ,
સહસમલ્લ રાઉલ ભૂપાલ, પ્રથવી પ્રજાતણુઉ પ્રતિપાલ. ૪૦

તસ સુત કુયર કમસીહ જેહ, ચઉદ વિદ્યા ગુણ જાંણુઇ તેહ,
કીરતિ તેજ અનઇ પરિવાર, શત શાષા વાધઇ વિસ્તાર. ૪૧

જસ ધરિ ગાંધી સંધ પ્રધાન, પર ઉપગારી ન ધરઇ માન,
પુત્ર પૌત્ર કરંઈ નિતુ કેલિ, મંગલીકની વધતી વેલિ. ૪૨

સંઘરત્ન પુત્ર જોગીદાસ, શુકન શાસ્ત્રનુ કરઇ અભ્યાસ,
તેહનઈ ભણવા કાજિં કરી, પ્રાકૃતબંધ ચઉપઈ એ પરી. ૪૩

વ્યોમ રસ રતિ ચંદ વષાંણિ, સંવછર હઇડઈ એ આંણિ,
સરદરતિ નઇ આસો માસ, રાકા પૂર્ણચંદ્ર કલાવાસ. ૪૭

વિબુધ પુષ્ય દક્ષ આંણીઇ, પંડિત દેવજ જગિ જાંણીઇ,
તાસ સીસ કરજોડી કહઈ, સુકન ભણતાં સવિ સુષ લહઇ. ૪૮

ભણતાં સવિ લહીઈ રિદ્ધિ, એ ભણતાં પાંમઈ વલી બુદ્ધિ,
જયવિજય નઈ પરમાણંદ, ભણતાં ગુણતાં સદા આનંદ. ૪૯

—જયકમલ ગણિના લિખિતં.

—ઉદયપુર યતિ ભંડાર.

---

૨૦૦ હેમવિજય ગણિ (ત૦ આનંદવિમલસૂરિના આજ્ઞાવર્તી શુભવિમલ-કમલવિજય પં. શિ૦)

(૩૭૫) +કમલવિજય રાસ સં. ૧૬૬૧ મહેસાણામાં.

આદિ—

સરસ વચન રસ વરસતી, સરસતિ કવિઅણુ માય,
સમરિય નિયગુરૂ ગાયસ્યું, પંડિત પ્રણમિય પાય. ૧
કમલવિજય કોવિદ તિલક, સુવિહિત સાધુ સિંગાર,
તાસ રાસ રલિઆમણો, ભણતાં જય જયકાર. ૨

* * * *

અંતે—

શ્રી કમલવિજયવર વિબુધના નામથી સકલ કલ્યાણના કોડિ,
સંપદા સવિ મિલઇ દૂરિત દૂરિં ટલઇ મંત્રમાં મૂલગો એહ કહીઇ ૧૦૭
જાસ વૈરાગ્ય વર વાનગી વાસના શખર સુવિહિત જતી રિદય રાખી
જાસ સંવેગ રસ સરસ સવિ પાછિલા સાધુ ગુણરાસિનો હુઉ સાખી૧૦૮
રૂપરેષા ધરો અસમ સમરસ વરો સાહ ગોવિંદ સુત સાધુ સીહો,
કહતિ કવિ હેમ થિર પેમ એ શ્રીગુરો હોઉ મહ સુહકરો અમિયજીહો૧૦૯

—આ કવિ પ્રતિષ્ઠિત હતા અને તે માટે શ્રાવક ઋષભદાસ કવિએ તેનું નામ પૂર્વના નામી કવિ તરીકે પોતાના 'હીરવિજય-કુમારપાલ રાસ આદિમાં ઉલ્લેખેલ છે. જુઓ તે રાસોની પ્રશસ્તિઓ. વિજયપ્રશસ્તિ મહા કાવ્ય ૧૬ સર્ગમાં સંસ્કૃતમાં કરી પોતે સ્વર્ગવાસ કર્યો તેથી તે કૃતિ તેના ગુરૂભાઈ પં ગુણવિજયે બીજા પાંચ સર્ગ રચી પૂરી કરી. તેથી પોતે પોતાને 'કવિ' એ ઉપનામ આપે છે તે સાર્થક છે. હીંદીમાં પણ કવિતાઓ તેણે રચી છે. વધુ માટે જુઓ પ્ર. ઐ. રા. સ. ભાગ ૩,

(આ કવિએ કેટલાંક સ્તવનો સ્વાધ્યાયો શ્રી વિજયસેનસૂરિ રાજ્યમાં બનાવ્યાં છે. આની કેટલીક કૃતિઓ પાટણના હાલાભાઇના ભંડારમાં છે)

(૩૭૬) નેમિજિનચંદ્રાવલા

આદિ—

સમરીય સમરસસાગરૂરે ગુરૂગિરૂઓ ગુણવંત,
શિવાદેવી સુત ગાઇએરે મુઝ મનિ લાગી ષંતિ.
મુઝ મનિ લાગી ખંત ઘણેરી, સેવ કરૂં નેમીસર કેરી,
નમે જેહને નરવર રાજી, જસેં દીઠે મતિ આવે તાજી.
જી નેમિ જિનજીરે રાજીમતી ભરતાર ભગતે વંદિએરે,
જાસ નામ અભિરામ, સુણી આણંદિએરે—આંચલી.

* * * *

અંતે—

તપગચ્છ મંડણુ હીરલોરે હીરવિજય મુનિરાજ,
નામ જપંતાં જેહનુંરે સીઝે સઘલાં કાજ,
સીઝે સઘલાં કાજ સીઝે સઘલાં કાજની કોડી,
તેહને નમે સદા કરજોડી
પંડિત કમલવિજયનો સીસ, હેમવિજય મુનિ ઘે આસીસ. ૪૪

—૪–૧૩ લીં. પાનાં ૩. પ્રે. ૨.

---

૨૦૧ જિનચંદ્રસૂરિ શિ.

(૩૭૭) જિનધર્મ મંજરી સં. ૧૬૬૨ વિક્રમનગર (વીકાનેર)માં.

અંતે—

ભુજ રસ વિજાદેવી વચ્છરઇ, મધુ સુદિ દશમી પુષ્પારકવરૂ,
ઈમ વરઈ વિક્રમનગર મંડણુ, રિષભદેવ જિણેસરૂ.
સુપસાય ખરતર ગચ્છનાયક સકલ સુવિહિત સુખકરૂ,
જુગપવર શ્રી જિણચંદસૂરી સુરિ સુસીસ પયંપએ.
શ્રીસમ........... ૭૩
ઇમ જિનભાષિત મુલ સમકિત ધરમ સુરતરૂ મંજરી,
અતિ સુગુણુ સરસ સુગંધ સુભદલ સફલ અવિચલ સિવસિરી.

લિધ કરીય અકબર સાહિવર પ્રતિબોધકારક સુહગુરૂ
આદેશ લહિ કરી ધરમ ધરતાં સેય મંગલ સુધકરૂ.　　　૭૪

—સં. ૧૭૫૮ પો૦ શુ. ૩ રવૌ લિ૦ ૨૦-૧૨ આ. ક.

---

૨૦૨ આનન્દોદય

(૩૭૮) વિદ્યાવિલાસ ચોપઈ ૧૬૭૨ માણેક.

---

૨૦૩ પ્રેમવિજય (ત૦ વિજયસેનસૂરિ-વિમલહર્ષ શિ.)

(૩૭૯) +આત્મશિક્ષા. સં. ૧૬૬૨ વૈ. શુ. ૧૫ ગુરૂ. ઉજ્જેણીમાં—
અંતે—

શ્રી વિજયસેન ગુરૂરાયવર, શ્રી વિજયદેવ સૂરિંદ,
વિજયમાન ગુરૂ વંદિએ, જિમ સૂરજ ઉર ચંદ.
તપગચ્છ વાચકમિં વરૂ, શ્રી વિમલહર્ષ શિરતાજ,
નામે નવનિધિ સંપજે, દર્શણ સીઝે કાજ.　　　૧૭૯
આતમ શિક્ષા ભાવના, તાસ શિષ્ય મનરંગ,
પ્રેમવિજય પ્રેમે કરી, ઉલટ આણી અંગ.　　　૧૮૦
રત્નહર્ષ વિબુધ મુઝ, બંધુ તાસ પસાય,
તાસ સાંનિધ ગ્રંથ મેં કર્યો, મન ધરી હર્ષ અપાર.　　　૧૮૧
સંવત સોલબાસઠ. વૈશાખ પુન્યમ જોય,
વાર ગુરૂ સહિ દિન ભલો, એ સંવત્સર હોય.　　　૧૮૩
નગર ઉજ્જેણીમાં વળી, આતમશિક્ષા નામ,
મન ભાવ ધરીને તિહાં કરી, સિધાં વંછિત કામ.　　　૧૮૪
એકશત એંશી પાંચએ, દુહા અતિ અભિરામ,
ભણે સુણે જે સાંભળે, તે લહે શિવ કામ.

(૩૮૦)+શત્રુંજય સ્તવના આદિનાથ વિનતિ ૩૫.

આદિ—

પ્રણમિઅ સયલ જિણંદ, પાય મન વાંછિત કાંમિ,
સકલ તિરથનો રાજીઓજી, પ્રણમું સિરનાંમિ. ૧

* * * *

અંતે—

તપગચ્છનાયક ગુણનીલોએ, ગુરૂ હીરજી રાયા,
મનમોહન વિજયસેન સુરી, તેહના પ્રણમું પાયા,
વિમલહરખ શિષ્ય પ્રેમવિજય, કહે નિસુણો દેવ,
ભવ ભવ શત્રુંજા ગિરિ તણીએ, મુઝ દેજો શેવ. ૨૨

(કલશ.)

ઇમ થુણ્યો સ્વામી, મુક્તિગામી, આદિ જિન જગદેવ એ,
નિત્ય નમે સુર નર, અસુર વ્યંતર, કરે અહોનિશ શેવ એ,
જે ભણે ભગતેં ભલી યુક્તેં, તસ ઘર જય જયકાર એ,
કહે કવિયણ સુણો ભવિયણ, જીમ પામો ભવપાર એ.

(૩૮૧) ધનવિજય પન્યાસ રાસ. (ઐ.) ખં-૧.
+ સીતા સતી સ. પૃ. ૧૫૪ સ. મા. ભી.

---

૨૦૪ વિમલચારિત્ર (નાગોરી વડતપ-પાર્શ્વચંદ્રસૂરિ-સમર-ચંદ્ર-રાજચંદ્ર-રત્નચારિત્ર શિ.)

(૩૮૨) અંજનાસુંદરી રાસ. સં. ૧૬૬૩ માગશર શુદ ૨ ગુરૂ, નાગોરમાં.

આદિ—

શાંતિકરણ જગિ જાણિયે, વિશ્વસેનકુ કુલચંદ,
ભાદ્રપદ વદિ સાતમિઈ, ચવીયા જગદાનંદ,
આનંદ અચિરા હુઓ અતિઘણો, જેઠ વદિ તેરસ દિને,

જન્મ પામ્યા ઈંદે ઉચ્છવ કીધ, સુરગિરિ શુભ મન્ને,
ગર્ભથી જિણે મારિ ટાલી શાંતિ થઈ આણંદિયા,
સજન દેખત નાતિ રંગિઈ શાંતિ જિન નામજ દિયા. ૧

મંડલપતિ પદવી લહી પહિલોં ભોગવિ ભોગ,
ચક્રવર્તિપદ પામિયા, મિલીઓ સહૂ સંયોગ.
સંયોગ મિલીઓ સાધિ ષટ્ખંડ રતન સવિ નવનિધિ લહ્યા,
મુગટ બદ્ધ બત્રીશ ભૂપતિ સહસ સેવે ગહગહ્યા.
જેઠ માશિ ઈક સિણુ ચઉદસિ ઈંદ્રિ ચઉસઠિ આવીઆ,
કીધ ઉચ્છવ દીખ લીધી વર્ણવે ગુણુ ભાવીયા. ૨

પોસ શુકલ નવમી દિને પામ્યો કેવલનાણુ,
જેઠ બહુલ તેરસિ તિથેં પ્રભુ પામ્યો નિર્વાણુ,
નિર્વાણુ પામ્યો શાંતિ જિણુવર સિદ્ધિ પદિ સુખસંપદા,
પામિયા તસુ ચરણુ પ્રણુમો ભગતિસ્યું ભવિયણુ મુદા,
તેહ સ્વામિ સેવતાં સહી રોગ નાવે તનિ કદા.
મનહ મનોરથ સર્વ પૂરણુ સિદ્ધિ લહિયે સર્વદા. ૩

દૂહા.

સુહ ગુરૂ ચરણુકમલ સદા વંદાં ધરી આણુંદ,
ભવિય કમલ પડિબોહવા ઉદયો તેજિ દિણુંદ. ૪

ચિહું પ્રકાર ધર્મ વર્ણવ્યો તિહુયણુ જન આધાર,
દાન શીલ તપ ભાવના કરિ તરિય સસાર. ૫

ધર્મે ધણુ કણુ સંપજે ધર્મે મોટિમ રાજ,
ધર્મે જરા મહિમા ઘણો ધર્મે સીઝે કાજ. ૬

ધન સુબાહુ ધન્નો સુણો, શાલિભદ્ર કયવન્ન,
શ્રી શ્રેયાંસકુમરે દીઓ, દાને લહિઓ ફલ પુન. ૭

સેઠિ સુદર્શન નેમિ જિણુ શૂલભદ્ર નાગિલ્લ,
શીલ લીલ સાધી ખરી, ફલ પામ્યો આગિલ્લ. ૮

ઋષભ વીર ધન્નો યતી, તપીઓ તપ ઉદાર,
ભરત અનાથી હરિણ લઇ ભાવી ભાવન સાર. ૯
અંજનાસુંદરી ભલી પામ્યો શીલ ઉદાર,
શીલબલેં સુખ સંપદા પામી નિજ પરિવાર. ૧૦
અંજનાસુંદરી કવણ કિમ પાલ્યો તિણિ શીલ,
ગામ ઠામ કેહ્યુ હવી કિમ પામી સુખ લીલ. ૧૧

* * * *

અંતે—

ઢાલ—બ્રહ્મદત્તપુર કંપિલ્લ રાજીઓરે-એ દેશી.

અંજનાસુંદરીએ ખંરોરે પાલ્યો શીલ આચાર,
ભવિયણ જણ તિમ પાલ્યો ભાવસ્યુંરે, જિમ લહો કીરતિ સાર—
શીલ સમાચરોરે. ૩૮૯

* * * *

નાગોર નગીને સાતે જિણહરરે, આદિ શાંતિ જિણ પાસ,
વીર જિણેસર તે પ્રણમી કરીરે, ચોપઈ કીધ ઉલ્લાસ. શી. ૩૯૩
વડતપ ગચ્છપતિ જગમાહિં જાણીઇરે, શ્રી પાસચંદસૂરીસ,
તાસ પટોધર ગરૂઅડિ ગાજતારે, સમરચંદસૂરિ જગીસ. શી. ૩૯૪
શ્રી રાજચંદસૂરિ ગણધર ગાઇઇરે, વાચક રતનચારિત્ર,
તાસ પસાઈ ચોપઇ એહ રચીરે, સેવક વિમલચારિત્ર. શી. ૩૯૫
સંવત સોલાહવરસેં ત્રેસઠિઈરે, માગશિર માસ વિકાશ,
ચઉપઇ જોડી બીજેં ગુરૂ દિનેરે, ભણતાં ન્યાન પ્રકાસ. શી. ૩૯૬
એહ ચઉપઈ સુણીનેં પાલીઇરે, શીલ પ્રમુખ જિનધર્મ,
ઇહ ભવિ પરભવિ સુખની સંપદારે, લહીએ શિવગતિ શર્મ. શી. ૩૯૭

—સં. ૧૭(૦)૧ વર્ષે ચૈત્ર વદિ ૪ દિને ઋ૦ ઠાકરસી તત્ શિષ્ય ઋ૦ દીપા લિ૦ ૧૮-૧૩ આચા ભંડાર.

૨૦૫ મેઘરાજ (પાર્શ્વચંદ્ર-સમરચંદ-રાજચંદ-શ્રવણ-ઋષિ શિ૦)

(૪૮૩)+ નળદમયંતિ રાસ, સં. ૧૬૬૪.

આદિ—

નગર નિરૂપમ ગજપુરે શ્રી વિશ્વસેન નરિંદ,
અચિરા રાણી ઉરવરે, આવ્યા શ્રી શાંતિ જિણંદ.

ત્રૂટક—

જિણંદ સવ્વઠ્ઠવિમાણહુંતી ભાદ્રવા વદિ સાતમે,
ચવી જેઠ વદિ તેરસે જન્મ્યા ઉચ્છવ હુઓ અનુક્રમે.
દીક્ષા જેઠ વદિ ચઉદશેં પોષિ નૌમિ શુદિ થયા કેવળી,
મોક્ષ જેઠ વદિ તેરસ દિવસે પુહતી સવિ મનની રૂળી. ૧

જીવદયા પાળી ખરી, પુવ્વ ભવંતર જેણે,
ચક્રવર્ત્તિ જિનવર રાજિયા, પદવી લીધી તેણે,
તેણે પદવી દોય લાધી શાંતિનાથ જિણેસરૂ.
શાંતિ કીધી ગર્ભહુંતે અભિનવો જગ સુરતરૂ,
સેવ કરતાં જેહનીરે સંપદા પરગટ હુઇ.
દેવી દવદંતી તણીરે આપદા દૂરે ગઈ. ૨

દવદંતી કહો કુણ હુઇ, શ્યે કરમે દુખ પામી,
શીળ રત્ન કેમ પાળિયો, પ્રસન્ન હુઓ કિમ સ્વામી,
કેમ ઋદ્ધિ સમૃદ્ધિ પામી રાય નળશું બહુપરે,
શીળ પવિત્ર વિચિત્ર પાળ્યો જાસ કીરતિ વિસ્તરે,
એ ચરિત અતિહિ સુજાણ ગુણિયલ સાંભળો આદર કરી,
વિઘન વારો વરો વાંછિત ઉંઘ આળસ પરિહરી. ૩

× × × ×

અંતે—

રાગ મેવાડો-ધન્યાશ્રી.

નળ દવદંતી ચરિત્ર સોહામણુંજી, નવ નવ રંગ રસાળ,
સાંભળી ઉત્તમ સાધુ સતી પરેજી, ધરજો શીલ વિશાળ. ૧
સાધુ સતીનું ચરિત્ર સુણો ભલુંજી, સુણતાં નાસે પાપ,
ગારૂડ મંત્ર ખરો જેમ સાંભળેજી, નાસે અહિવિષ વ્યાપ. ૨
પાર્શ્વચંદ્ર સૂરિસર રાજીઆજી, મહિમા તાસ અપાર,
ઉપદેશી જેણે ભવિ તારિયાજી, જિનશાસન શિણગાર. ૩
શ્રી સમરચંદ્ર તિણુ પાટે શોભતાજી, તેણે પાટે સૂરિંદ,
રાયચંદ્ર સૂરિસર દીપતા, ગિરૂઆ મેરૂ ગિરિંદ. ૪
સરવણુ ઋષિ જગેં પ્રગટિયો મહામુનિજી કીધું ઉત્તમ કાજ,
તે સહી ગુરૂના ચરણુ નમી કહેજી, વાચક શ્રી મેઘરાજ. ૫
સંવત સોળ ચઉસઠ સંવચ્છરે થનીઓ નળ ઋષિરાજ,
ભણુજો ગણુજો ધર્મ વિશેષજોજી, સારતા વંછિત કાજ. સા. ૬

+ પ્ર૦ આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક, ૩.

(૩૮૪) સોળ સતીનો રાસ. ડે. રત્ન.

૧. જ્ઞાતાસૂત્ર ભાસ.

પાસચંદ્રસૂરિ શરોમણી એ શ્રી સમરચંદ સૂરિંદકિ,
રાજચંદ્રસૂરિ જગિ જયવંતા એ, તેજઈ જાણિ દિણિંદકિ. ૨૩
સરવણુ ઋષિ મોટુ યતીએ પાટણિ સાધ્યઉં કાજકિ,
તે સહગુરૂનઇ પાય નમીએ, પભણુઇ ઋષિ મેઘરાજકિ. ૨૪

—લીંચ ભંડાર.

૨ રાજચંદ્ર પ્રવહણુ સં. ૧૬૬૧.

૩ પાર્શ્વચંદ્ર સ્તુતિ—શલોકો—ગીત.

૪ સદ્‌ગુરૂ સ્તુતિ.

—(ગદ્યમાં રાયપસેણીનો બાલાવબોધ, અને સ્થાનાંગની દીપિકા સં. ૧૬૫૮ માં રચ્યા છે.)

૨૦૫ક. ગજસાગરસૂરિ શિ૦ (આં.)

(૩૮૪ક)—નેમિચરિત્ર ફાગ. ૧૬૬૫ ફા. ૬ બુધવાર.

અંતે—સોલ પાસઠિ ફાગુણિ છઠિ અનઇ બુધવારિ,
વિધિપક્ષિ ગચ્છિ જાંણીઇ શ્રી ગજસાગર સૂરિરાય. ૪૧
તાસ શિષ્ય કહિ નેમિનુ ફાગ બંધ મનોહાર,
ભાવિં ગુણઈ જે સાંભલઇ તેહ ઘરિ જય જયકાર. ૪૨
—હડર બાઇઓનો ભંડાર.

---

૨૦૬ દામોદર મુનિ. (આં. કલ્યાણસાગરસૂરિ–ભીમરત્ન–ઉદયસાગર શિ.)

(૩૮૫) સુરપતિકુમાર ચોપઈ. સં. ૧૬૬૫ બીજા ભાદ્રવા શુ. ૬ સોમ.

આદિ—

પ્રણમું સ્વામી શાંતિજિન, મનવંછિત દાતાર,
સુરપતિ જસુ સેવા કરઇ, દરસણ હરષ અપાર. ૧
વિહિતનયા જગદીશ્વરી, સમરૂં મનિ સરસતિ,
જસુ નામઇ પામઇ વિપુલ, સેવક નિર્મલ મત્તિ. ૨
ગુરૂ ગુરૂઆના ગુણ ભણી, ભગતઈ પ્રણમી પાય,
વર્ણું ભેદ જેં મઇ લહ્યઉ, તે સદગુરૂ સુપસાય. ૩
સુરપતિ નામઇ નૃપકુમર, જિણ જગિ ભોગ મહંત,
વિલસ્યા દાન પ્રભાવથી, વિરચિસુ તાસ વૃતંત. ૪
ભવસાયર માંહે હવી, જિનવરે ગરૂઇ નાવ,
ચારિ ચતુરગતિ તારિવા, દાનશીલ તપ ભાવ. ૫

* * * *

અંતે—

સુરપતિ ચરિત સયલ ચિતિ ધારિ, બોલ્યઉ દાન તણઈ અધિકારિ,
ઇસ જાણી નરનારી જેહ, દાન દીયઈ ભવિ તરિસ્યઈ તેહ. ૪૫

શ્રી અંચલગછિ રયણનિહાંણ, પ્રગટિઉ આપતિમઝાર ભાંણ,
વિધમાન ગુરૂ સુંદરકાય, શ્રી ધર્મ્મમૂર્ત્તિ સૂરીશ્વરરાય. ૪૬
તાસુ પાટિ સદ્‌ગુરૂ સુખકાર, આચારિજ ગુણગણ ભંડાર,
શ્રી કલ્યાણસાગર સૂરીંદ, મિટઇ અશુભ કર્મ્મના ફંદ. ૪૭
તાસુપટ્ટિ મુનિવર ગણધાર, પંડિત ભીમરતન અણગાર,
તાસુ સીસ સંયમ શ્રી કંત, શ્રી ઉદયસમુદ્ર નાંમિ ધીમંત. ૪૮
તાસુ વિનેય વિનયગુણ વહઇ, મુનિ દામોદર ઇણિપરિ કહઇ,
દેવી સરસતિનઈ આધારિ, કથાબંધ કીયઉ મતિ સાર. ૪૯
હું મૂરિખ મતિ હીણ અજાંણ, પંડિત જનનઈ હસિવા ઠાંણ,
વચન અયુક્ત કહ્યઉ માંઇ જેહ, પંડિત સુધઉ કરિજ્યો તેહ. ૫૦
કલ્પિત વચન કહ્યઉ પુણિ કોઈ, સંઘ સાખિ હું ખમાઉં સોઈ,
સુરપતિ કુમરતણી ચોપઇ, પદમાવતિપુર માંહે કહી. ૫૧

દૂહા.

વત્સર વિક્રમરાયથી, સોલ સહે પઇસઠિ,
ભાદ્રવિ બીજ શ્વેત પખ્ય, સોમવાર તિહાં છઠિ. ૫૨
ભાવ ભેદ જાણી ચતુર, ભણઈ સુણઈ નર જાંણ,
પામઈ મનવંછિત સદા, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૫૩

—૧૦-૧૮ બાલ૦]

(માંગરોળની પ્રતમાં પ્રશસ્તિમાં શબ્દોના હેરફેર છે, પણ ભાવ એક છે. પા. ૧૧-૧૫ માં.)

(૩૮૬) મદન રાજર્ષિનો રાસ. રત્ન ડે.

---

૨૦૭ દયાસાગર (અં. ધર્મમૂર્ત્તિસૂરિ-કલ્યાણસાગરસૂરિ-ભીમરત્ન-ઉદયસાગર શિ.)

(૩૮૭) મદન ચોપઇ સં. ૧૬૬૯ આશો શુદ ૧૦ ઝાલોરમાં.

અંત—

શ્રી અંચલ ગચ્છિ ઉદધિ સમાંણુ, સંઘરયણ કેરઉ અધિઠાંણુ,
ઉદઉ તાસ વધારણ ચંદ, શ્રી ધરમમૂરતિ સૂરીશ મુણીંદ. ૬૦
આચારિજ શ્રી ગુરૂ કલ્યાંણસાગર, સાગર સમ ગુણ નાંણ,
તાસ પક્ષિ મહિમા ભંડાર, પંડિત ભીમરતન અણગાર. ૬૧
તાસ વિનેય વિનયગુણગેહ, ઉદયસમુદ્ર સુગુરૂ સસનેહ,
તાસ સીસ આણંદઇ ઘણઈ, શ્રી દયાસાગર વાચક ઇમ ભણઇ. ૬૨
ગુરૂ ભાઈ લહુડઉ ઋષિ દેવ, વિનયવંત સારઇ નિતિ સેવ,
આદરિ તેહ ભણઈ એ થઈ, મદનરાજ ઋષિની ચઉપઈ. ૬૩
મદન શતકના દૂહડા એકોતર સો સાર,
મદન નરિંદ તણું ચરિત મઈ વિરચ્યું વિસ્તારિ. ૬૪
સોલહ સય ઉગણોત્તરઈ પુર જાલોર મઝારિ,
આસો સુદિ દશમિં મઈ કીઓ, કથાબંધ ગુરૂવારિ. ૬૫
—યતિનો ભ. ઉદયપુર; ડે.

૨૦૮ પુણ્યકીર્ત્તિ–(ખ. મહિમામેરૂ–હર્ષચંદ–હર્ષપ્રમોદ શિ.)

(૩૮૮) પુણ્યસાર રાસ—પુણ્યસાર કુમારચરિત્ર સં. ૧૬૬૬ વિજયા-
દશમી ગુરૂ–સંગાનેરમાં.

આદિ—

નાભિરાય નંદન નમું, શાંતિ નેમિ જિન પાસ,
મહાવીર ચોવીસમો, પ્રણમ્યા પૂરે આસ. ૧
શ્રી ગૌતમ ગણધર સધર, લીલા લબ્ધિ નિધાન,
સમરી સહગુરૂ સરસતી, વપુષિ વધારે વાંન. ૨
ધર્મે ઉંચો કુલ હુવે, કામિની કલા અભ્યાસ,
રાજઋદ્ધિ ધર્મે હુવે, ધર્મે લીલ વિલાસ. ૩
ધર્મે સોહગ સંપજે, ધર્મે રૂપ અનૂપ,
સાચા સુખ ધર્મે હુવે, ધર્મે માને ભૂપ. ૪

ધર્મે કીયાં ધન સંપજે, ઉપમા અછે અનેક,
પુણ્ય થકી પુન્યસારનો, સુણયો સુખ અતિરેક. ૫

* * * *

અંતે—

શાંતિ જિણેસર ચરિત્ર થકી કિયો, એહ કથાનક સાર,
સાંભલતાં મનિ આણુંદ ઉપજે, થાઇ હરષ અપાર. પં. ૩
ખરતર ગચ્છપતિ મહીયે ચિરંજ્યો, જુગપ્રધાન જિનચંદ,
આચારિજ મહિમાગિર મુનિવરૂ, શ્રી જિનસીંહ સુરીંદ. ૪
શ્રી જિનકુશલ સૂરીસરૂ પરંપરા, મુનીવર મહિમાવંત,
મહિમામેરૂ મુનિ મોટા જતી, ક્રિયાવંત ગુણવંત. પં. ૫
હરપચંદગણિ હર્ષે હિતકરૂ, વાચક હર્ષપ્રમોદ,
તાસ સીસ પુન્યકિરતિ ઇમ ભણેં, મન ધરી અધિક પ્રમોદ. પ. ૬
સંવત સોલે સેં છાસઠિ સમઇ, વીજે દસમી ગુરૂવાર,
સાંગાનેર નગર રલીયામણો, પભણ્યો એહ વિચાર. ૭
શ્રી પદમ પ્રભુ સુપસાઉલિ, સંઘ વધતઇ વાંન,
ઉછરંગલાલ વધામણુઉ, સુખ સંપદ સંતાન. ૮
એહ ચરિત્ર ભવિયણ જે સાંભલેં, ભણે ગુણે નર જેહ,
દિન દિન ઉદય અધિકઉ નિત હોવઈ, નવનિધિ હોઈ તસુ ગેહ. ૮

—ઇતિ શ્રી પુન્યસાર કુમારચરિત્ર સંપૂર્ણ. સંવત ૧૭૬૫ વર્ષે માહ માસે શુકલપક્ષે ૯ તિથૌ શનિવાસરે પાટણ મધ્યે, ઋષિ શ્રી ઉત્તમચંદજી તત્‌શિષ્ય ઋષિ વેલજી તત્ ભ્રાત્ર ઋષિ કુશલચંદ લિપીકૃતં શ્રી રસ્તુ. પૃ. ૬ પં. ૧૫ સુ. વિ.

—સં. ૧૮૨૮ વર્ષે ફાગુણ સુદ ૯ દિને લિખતં મુનિ સુગ્યાંનસાગરેણ લપીકૃતં શ્રી પુરબંદર નગર મધ્યે શ્રી પાર્શ્વનાથપ્રસાદાત્. ૯-૧૭ ધો૦, પ્રે. ૨.

(૩૮૯) ધન્નાચરિત્ર ૧૬૮૮ ભા. શુ. ૧૩ રવિવાર બિલપુર નગરમાં. લીં.

(૩૯૦) કુમારમુનિ રાસ. (પ્ર. ૧૮૧૩) લીં.

૨૦૯ સુધર્મરૂચિ. (શુભવર્દ્ધન શિ૦)

(૩૯૧) આષાઢભૂતિ મુનિનો રાસ.

આદિ—

શ્રી શાંતિજિણેસર ભુવણદિણેસર પાય,
પ્રણમી બહૂ ભગતિઇં ગાયસઉ રષિરાય.
આષાઢ મુનીસ્વર જસો જુગહપ્રધાન
નાટક નાચંતાં પામઉ કેવલનાંણ. ૧

નાટિક નાચંતાં કેવલ પાંમ્યુ નિસૂણો તેહ વિચાર,
શ્રવણે સુણતાં ભાવિ ભણતાં લહીઇ ભવનો પાર,
નવકલપી વિહાર કરિ મનરંગિ મુનિવર મહિમાવંત,
ગુરૂ આદેસ લહી રાજગ્રહ નગરીમાંહિ પહુત. ૨

× × × ×

અંતે— ઢાલ.

નયર રાજગૃહી જાણીઇ, સિંહરથનિ કહૂં ભૂપ,
નાટક તિહાં વસઈ માન ભુપતિ બૃંહરે-
જિરે જિરે આષાઢ ભુતની, ભાવના પરિમાણરે,
ભરતનું નાચંતાં પામઉ, કેવલ નાણુંરે- ધ્રૂપદ જીરે૦ ૫૩
ભુવનસુંદર જયસુંદરા, રૂપઇ મોહનકંદરે,
કોઈ કેતલા દાન તિહા રહઉ, આષાઢભુત મુણેંદુરે. જીરે. ૫૪
શ્રી શુભવર્દ્ધન ગુરૂ તમ્હ તણારે ચલણે અવિચલ વાસરે,
નામઈ નવનિધી પામીઇ ફલઈ મનચી આસરે. જીરે. ૫૫
તેહ ગુરનઈ સુપસાઉલઈ, હઇડે ધરી આણુંદરે,
આષાઢભુતિ ઋષી ગાઇઉ, પામી પરમાણુંદુરે. જીરે. ૫૬
કેવલ લહિ મુગતી ગયું, શ્રી સુધર્મરૂચિ ગુરૂ સીસરે,
પાંચસઇ પરીવારઇ પરીવરઉ. તેહના સંઘ આસીસરે. જીરે. ૫૭
જે નરનારી ભાંવસૂં ગાઇ રંગી રસાલરે,
તેહ અવિચલ વધામણુંરે, ધરી ધરી મંગલમાલરે. જીરે. ૫૮

—ઇતિશ્રી આર્દ્રકુમારસ્તુતી કુલં સમાપ્તં.

—પંડિત શ્રી ૫. (પુ) હિવિજયગણિ શિષ્યાણુ શિષ્ય મુનિવર કુશલવિજય લષિતં પઠનાર્થે સવત સોલ સત્તાણુયા વર્ષે. વઇશાખ સુદિ ૭ દીને લષીતં વાર સુકે-શુભં ભવતું. કલ્યાણમસ્તુ ભાવ. પા. ૪ પં-૧૨

—સંવત ૧૭૪૮ વર્ષે પોસ વદિ ૨ શને લષિતં ઊઝા મધ્યે. ૬-૧૦ પાલણપુર ભં. મારી પાસે છેલ્લું પાનું છે (આ ટૂંકા ને જૂના રાસમાં ધન્યાસી, દેશાષ, સિંધૂઓ, ધવલ ધન્યાસી, મૂકેલ છે. વિષય નગાંજીએ એ પ્રસિદ્ધ દેશી આ રાસની છે.)

(૩૯૨) ગજસુકુમાળ ઋષિ રાસ. ૧૭ ઢાલ સં ૧૬૬૯ પહેલાં.

આદિ—

દેસ સોરઠ દ્વારાંપૂરી નવમો તિહાં વાસુદેવોરે.
દસેંધં દસારસઉં રાજિઉ, બંધવ શ્રી બલદેવોએ. ૧
જીરે જીરે સ્વાંમિ સમોસર્યા હરષિઉ ગોપીનો નાથ એ,
નેમિ વંદણ અલજયો અલજઉ યાદવ સાથ એ. જીરેજી. ૨

* * * *

અંતે—

શ્રી શુભવર્ધન ગુરૂરાય, મઇ પ્રણમી તેહના પ્રાય,
ગાયુ ગયસુકુમાલ મુણિંદ, જસ ભણતાં હુઈ આણંદ. ૧૨ ૯૪
(પા. જસ ત્રહા નેમિજિણંદ—
શ્રી ગયસુકુમાલ જે ગાઇ, તે સર્વ વંછિત ફલ પાઇ,
અનઇ દૂરિ દુઃકૃત સવિ જાઈ, વલી અવિચલ પદ થાઈ. ૯૫

—ઇતિ સંવત ૧૬૬૯ વર્ષે પોસ શુદિ ૩ ભૌમે લખ્યતં વે૦ મેઘા લખ્યંત. સાધ્વી નાથી પઠનાર્થં શ્રીરસ્તુ. પૃ. ૮ પં. ૧૧ ગુ. વિ. ભં. ૧

—સં. ૧૭૮૨ વર્ષે આર્યિકા દેવબાઈ પઠનાર્થં. ૭-૧૧ પાલણપુર ભ. (પાઠાંતર.)

જયઉ ગયસુકુમાલ મુણીસ, શ્રી સંઘ દિઇ આસીસ,
' જસ નામઇ પરમાણુંદ, તસુ ગાવતા હુવઈ આણુંદ—

—સંવત ૧૭૬૭ વર્ષે જેષ્ટમાસે કૃષ્ણપક્ષે પંચમીતિથૌ સુભવારે પં. માનચંદ લિષતં સુશ્રાવિકાબાઈ આસા પઠનાર્થં. ૬-૧૩ મારી પાસે છે.

---

૨૧૦ ઋષભદાસ.

[આ ખંભાતના શ્રાવક કવિએ અનેક રાસાઓ, સ્તવન-સ્તુતિ-સ્વાધ્યાય રચેલ છે, અને ઉત્તમ કવિ તરીકે પોતાને સિદ્ધ કરેલ છે. આના સંબંધી વિસ્તૃત વિવેચન 'શ્રાવક-કવિ ઋષભદાસ' એ નામથી નિબંધ સૂરતની ગૂજરાતી સાહિત્યપરિષદમાં મેં લખી મોકલેલો તે તે પરિષદના રીપોર્ટમાં પ્રકટ થયેલ છે, તેમજ જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડના ઇતિહાસ અંકમાં ૧૯૧૫ ના ૭-૯ અંકમાં પણ પ્રસિદ્ધિ પામ્યો છે.

(૩૯૩) વ્રતવિચાર રાસ. સં. ૧૬૬૬ કાર્તિક વદિ ०)) (દીવાળી) ત્રંબાવતિ (ખંભાત)માં

આદિ— શ્રી વિતરાગાય નમઃ

દૂહા—પાસ જિનેસ્વર પૂજીઇ, ધ્યાઇઈ તે જિનધર્મ્મ,
નવપદ ધુરિ આરાધીઈ, તો કીજઇ સુભ કર્મ્મ. ૧
દેવ અરીહંત નમું સદા, સીદ્ધ નમું ત્રણીકાલ,
શ્રી આચારય તુઝ નમું, શાશનનો ભુપાલ. ૨
પુણ્યપદવી ઉવઝાયની, સોય નમું નસદીસ,
સાદ્ધ સવેનિં નીત નમું, ધર્મ વિસા યાંહા વીસ, ૩
ક્રોધ માન માયા નહી, લોભ નહી લવલેસ,
વીષઇ વીષથી વેગલા, ભવીજન દઇ ઉપદેસ. ૪
ઊપદેશિ જન રંજવઈ, મહિમા સરસતિ દેવ,
તેણઇ કાર્ણ્ય તુઝનિં નમું, સારૂં સાર સેવ. ૫

સમરૂ સરસતિ ભગવતી, સમર્યા કરજે સાર,
હું મુરખ મતી કેલવું, તે તાહારો આધાર. ૬
પીંગલ ભેદ ન ઉલખું વિગતિ નહી વ્યાકર્ણ,
મુરખમંડણ માનવી, હું સેવું તુઝ ચર્ણ. ૭
કવીત છંદ ગુણ ગીતનો, જે નવી જાણુ ભેદ,
તુ તૂહી મુખ્ય તેહનિં, વચન વદઇ તે વેદ. ૮
મુરખ મોટો ટાલીઉ, કવી કીધો કાલિદાસ,
ઝ વીખ્યાતા તેહવો, જો મુખ્ય કીધો વાસ. ૯
કીત્તિ કરૂ તુઝ કેટલી, મૂઝ મુખ્ય રસના એક,
કોડય જિહ્વાઇ ગુણ સ્તવું, પાર ન પામું રેષ. ૧૦
તોહઈ તુજ ગુણ વર્ણવુ, મૂઝ મતી સારૂ માંય,
નંય મુખ વેણી શીર ભગઇ, કવી તાહારા ગુણ ગાય. ૧૧

* * * *

અંતે—

બારવ્રત શ્રાવકતણાં, મિં ગાયાં મતિસાર,
કવી કો દોષ મ દેષજ્યુ, હું છુ મુઢ ગુમાર. ૩૨
આગઇના કવી આગલિં હું નર સહી અગ્યનાન,
સાયર આગલિ બ્યંદુઉં, સ્યુ કરસઇ અભીમાંન. ૩૩
માતતાત જિમ આગલિં, બોલઈ બાલિક કોય.
તેહમાં સાચ્યુ સ્યુ હસઈ, પણિ સાંભવુ સોય. ૩૪
ભણતાં ગુણતાં વાચતાં, કવી જોયુ વલી દોષ,
નીરમલ ચ્યંતિં ચરચજ્યો, દોષ મ દેજ્યુ ફોક. ૩૫

ઢાલ—૭૮—ચોપાઈ.

ફોકટ દોષ મ દેજ્યુ કોય, નરનારી તે સુણયુ સોય.
કુડ કલંક તણું ફલ જોય, વસુમતી તે વેશા હોય. ૩૬
શાહાબાઈ પૂર્વ કલા, છઈ હોય, ગણઘર કહઈ તે સુણજ્યુ સોય,
એક હંસ બીજો જલજલુ, જિમ મશરૂ જોડિં કાંબલો. ૩૭

હંસ સરીષા જે નર હોય, તેહના પગ પૂજે સહુ કોય,
ધ્યન જનુનીઈ તે જગી જણ્યુ, કવીજન લોકે લેષઇ ગણ્યુ. ૩૮
હંસ દૂધ જલ માંહાથી પીઇ, નીર બ્યંદુઓ મુખ્ય નવી દીઇ,
તિમ સુપરષ ગુણ કાઢી વહઇ, પર અવગુણ તે મુખ્ય નવિ કહઇ. ૩૯
જલ સરીષા જે નર હોય, તેહનું નાંમ મ લેસ્યુ કોય,
સકલ લોકમ્હાં તે અવગણ્યુ ઋષભ કહઈ નર તે કાં યણ્યુ. ૪૦
જલુ તણી છઇ પરગતી અસી. વંકું રગત પીઈ ઉંહોલસી,
સપરૂ લોહી મુખ્ય નવી દીઇ, તિમ માઠો નર ગુણ નવી લીઇ. ૪૧
જલુ સરીષા જગમ્હા જેહ, અતી અધમાધમ કહીઇ તેહ,
પર અવગુણ મુખ્ય બોલઇ સદા, ગુણ નવી ભાષઈ તે મુખ્ય કદા. ૪૨

દૂહા—

ગુણ ગ્યરૂઆ ગુણવંતના, જે નવિ બોલઈ રંગિ,
પરભવિ દૂષીઆ તે થસઇ, સરજઇ દૂબલ અંગ્ય. ૪૩
ગુણ ગાઈ ગુણવંતના, તે સુષીઆ સંસારય,
પરભવિ સુર સુષ ભોગવઈ, જિહા બહુ અપછર નારય. ૪૪
જો હીત વંછઇ આતમા, તો પરનંદા ટાલિ.
મુખ્યથી મીઠું બોલીઇ, ભટક ન દીજઇ ગાલિ. ૪૫.
સુગુરૂ વચન સંભારયુ, કરજ્યુ પર ઊપગાર,
જઇન ધર્મ આરાધજ્યુ, વ્રત વહઇજ્યુ સિરિ બાર. ૪૬

ઢાલ ૭૯ દેશી—મેગલ માતો રે વનમાંહિ વસઇ. રાગ મેવાડો.

બાર વરતરે જે નર સિર વહઇ, તે ધરિ જઈ જઇરે કાર,
મનહમનોર્થ તે વલી તસ ફલઇ, મહિર મંગલ ચ્યાર. ૪૭
બાર વરતનિરે નર સિર વહઇ, આંચલી
ભણતાં ગુણતાંરે સંપઇ સુખ મલઈ, પોહોચઇ મનતણી આસ,
હિંવર હાથીરે પાયક પાલખી, લહીઇ ઊચ આવાસ. બાર. ૪૮
સુંદર ઘર્ણીરે દીસઈ સોભતા, બહઇની બાંધવ જોડય,
બાલિક દીસઇરે રમતાં બારણુઈ, કુટુંબ તણી કઇ કોડય. બા. ૪૯

અવરી મઈહિઈમી રે દીસઈ દૂઝતાં, સુરતરૂ ફૂલીઉરે બારય,
સકલ પદારથ મુઝ ઘરિ મિં લહ્યા, થિર થઈ લછીરે નારય. બા. ૫૦
મનહ મનોર્થ માહારઇ જેહતો, તે ફલિઉ સહી આજ,
શ્રી જિનધર્મનિં પાસ પસાઉલઇ, મુઝ સીધાં સહી કાજ. બા. ૫૧

દુહા.

કાજ સકલ સીધાં સહી, કરતાં વરત વિચાર,
શ્રી ગુરૂનામ પસાઉલઇ, મુઝ ફૂલીઉં સહઇકાર. ૫૨

ઢાલ ૮૦ દેશી—કહઇણી કર્ણી રાગ ધન્યાસી.

મુઝ આંગણિ સહઇકારજ ફૂલીઉ શ્રી ગુરૂનાંમ પસાઇજી,
જે રષિ મુનીવરમાં અતી મોટો, વીજઇસેન સુરિરાયજી. ૫૩
મુઝ અંગણિ સહિકારજ ફૂલીઉં, શ્રીગુરૂચર્ણ પસાઇજી. આંચલી.
જેણઇ અકબર નૃપ તણી શભામાં, જીત્યુ વાદ વીચારીજી,
શઇવિ શન્યાસી પંડીત મોટા, સોય ગયા ત્યાહા હારીજી. ૫૪ મુઝ.
જાઈ જઇકાર હુઉ જિનશાશન, સુરી નાંમ સવાઈજી,
શાહી અકબર મુખ્ય એ થાપ્યુ, તો જગમાહિ વડાઇજી. ૫૫ મુઝ
તાસ પટિ ઊગ્યુ એક દીનકર, સીલવંતમ્હાં સુરોજી,
વીજયદેવ સુરી નાંમ કહાવઈ, ગુણ છત્રેસે પુરોજી. ૫૬ મુઝ.
તપાતણો જેણઈ ગછ અજુઆલ્યુ, લુધવઈમ્હાં સોભાગીજી,
જસ સિરિ ગુરૂ એહેવા જઇવતો, પૂણ્યપરાશ તસ જાગીજી. ૫૭ મુઝ.
ઢાલ–૮૧ દેસી. હીચ્યરે હીચ્યરે હઇઇ હીડોલડો. રાગ ધન્યાસી.
પૂણ્ય પ્રગટ ભયુ ૨, તો મન્ય મુઝ મત્ય એહ આવી,
રાસ રંગિં કર્યું, સકલ ભવ હું તર્યું, પૂણ્યની કોઠડી મુઝહ

ફાવી–૫૮–પૂણ્ય પ્રગટ ભયુ. ૨ આંચલી.

સોલસંવછરિં જાણિ વર્ષ છાસઠિં, કાતીઅ વદિ દિપક દાઢો,
રાસ તવ નીપનો આગમિં ઊપનો, મોય સુણતાં તુમ પૂણ્ય બાઢો.

પૂણ્ય. ૫૯

દીપ જંબુઅ માહાક્ષેત્ર ભરતિં ભલુ, દેસ ગુયરાતિમ્હા સોય ગાસ્યુ,
રાય વીસલવડો ચતુર જે ચાવડો, નગર વિસલ તિણઇ વેગી વાસ્યુ.
પૂણ્ય. ૬૦

સોય નગરિં વસઇ પ્રાગવંસિં વડો, મહઇરાજનો સૂત તે સીહ સરીષો,
તેહ ત્રંબાવતિ નગરવાશિં રહ્યું, નામ તસ સંઘવી સાંગણ પેષો.
પૂણ્ય. ૬૧

તેહનિં નંદનિં ઋષભદાસિ કવ્યુ, નગર ત્રંબાવતી માહિં ગાયુ,
પૂણ્ય પૂર્ણું ભયુ કાજ સઘરો થયુ, સકલ પદાર્થસાર પાયુ.
પૂણ્ય. ૬૨

—અતી શ્રી વરતર્વાચાર રાસ સંપૂર્ણ. સંવત ૧૬૭૯ વર્ષે ચઇત્રિ વદિ ૧૩ ગુરૂવારે લષીતં. સંઘવી ઋષભદાસ સાંગણ૦ ગાથા૦ ૮૬૨ (સ્વલિખિત).

[વિ. ધ. ૫૪-૧૧,—ચોપડો નાનો પૃ. ૬૦-૧૧૯]

(૩૯૪) સુમિત્ર રાજર્ષિ રાસ. સં. ૧૬૬૮ પોશ શુદ ૨ ગુરૂવાર, ખંભાતમાં.

આદિ— દૂહા.

શ્રી જિનધરમ પ્રકાસીઓ, સ્વામી ઋડષભ જિણંદ,
દાનશીલ તપ ભાવના, સુણતાં અતિ આણુંદ. ૧
સકલ ધરૂમ મુખ્ય મંડીઈ, જગમાં ઉત્તમ દાન,
દેતાં નવનિધિ પામિઈ, પરભવ અમર વિમાન. ૨
એક દાન તસ પંચ ભેદ, સૂણુયો સહૂ નરનારિ,
અભયદાન સુપાત્રથી, વસિઇ મુગતિ મઝાર. ૩
ઉચિત અનુકંપા કિર્તિથી, જિન કહૈં ભોગ લહંત,
રાજ રિદ્ધિ સુખ સંપદા, પામે સુખ અનંત. ૪
દાન સુપત્તે દેઅતાં, કિણિ પામ્યો સુખ વાસ,
રાજા સુમિત્ર સુખીઓ થયો, સુણયો તેહનો રાસ. ૫

સોય સુમિત્ર કહે કિહાં હુઓ, સિદ્ધ દેવ કિમ રાજ,
બ્રહ્મસુતા ચરણે નમી, ચરિત્ર પ્રકાસું આજ. ૬

* * * *

અંતે— ચોપઈ.

રિષભ કવિ ગુણ તાહરાં ગાય, હીયડું હરખૈ ઘણેરા થાય,
સકલ કવિનિં લાગી પાય, મિં ગાયો મુનીવર રિષીરાય. ૧૬
ગાતાં ગુણતાં કવતાં કાંઇ, દૂષણ જે દીસિં મતિ માહઈ,
તે પંડિત ટાલેજ્યો તુમ્હો, એણિં વાત સુખ લહસ્યું અમ્હો. ૧૭
આગિં મોટા જે કવિરાય, તાસ ચરણ રજ કવિ રિષભાય,
મુરખ મુગટ શિરોમણી સહી, ગુરૂ સેવાઈ એ બુદ્ધિ લહી. ૧૮
તે ગુરૂ જગમાં મોટા ધીર, સીલેં જેહવો ગંગા નીર,
વિજયસેનસૂરિ તેહનું નામ, જેણિં વસિ કીધો વિરૂઓ કામ. ૧૯
જંબૂ પ્રભવો વયર કુમાર, શાલિભદ્ર ધનો અણગાર,
સૂરિ સુધર્મા જસ ગુણકોડિ, વિજયસેનસૂરિ તેહની જોડી. ૨૦
તાસ પાટ ઉદયો એ ભાણ, વિજયદેવ (તિલક)સૂરિ ચતુર સુજાણ,
લઘૂવય મહા વયરાગી જેહ, સકલ મુનિ સિર મોરો તેહ. ૨૧
તેહ તણિં ચરણિં અનુસરી, રાજઋષિગુણમાલા કરી,
સંવત સોલ અડસઠયો જસિં, પોસ સુદિ દિન બીજહ તસિં. ૨૨
ગુરૂવારિ કીધો અભ્યાસ, ત્રંબાવતીમાં ગાયો રાસ,
પાગવંશ વડો જે ખાસ, સાંગણસુત (કવિ) રિષભદાસ. ૨૩

કલસ.

કવિ રિષભ ગાયો સુમિત્ર ધ્યાયો, સુખ સુભાયો શુભપરિં,
રિષિ તણા ગુણ અભિરામ ગાતાં, મંગલમાલા નિત ઘરિં. ૨૪
તપગચ્છ ગાજી ગુણ વિરાજી, અતિહિં દિવાસિં જગગુરૂ,
શ્રી વિજયસેન સૂરિંદ સેવો, સકલ સંઘ મંગલકર. ૪૨૫

—ઇતિશ્રી સુમિત્રરાજરિષી રાસ સંપૂર્ણ. સકલ પંડિત શિરોમણી પંડિત શ્રી ૧૦૮ શ્રી ૫ શ્રી રતનવિજયજી ગ. તત્ શિષ્ય—

પં. જ્યોતિવિજયગણી લિખિતં સ્વવાચનકૃતે મંગલં ભૂયાત્. લેખક પાઠકયો શુભંભવતુ. ચિરં નંદતુ ઇયં પુસ્તિકા, શ્રી નવસારીનગરેઃકલ્યાણમ્.)

(ડેકન કૉલેજ લાયબ્રેરી નં. ૯૦૦) ૧૮૯૨-૧૮૯૫.

—ઇતિશ્રી દાનોપરિ સુમિત્ર રાજઋષિ રાસ સંપૂર્ણ. સંવત ૧૭૭૦ વર્ષે આસો સુદ ૭ ભૌમે. પંડિતશ્રી ૫. શ્રી વિમલવિજયગણિ તતશિષ્ય મુનિ વિનીતવિજયેન લિખિતં જાબાલ નગરે. ૧૫-૧૫ ઘો.

(૩૯૫) સ્થૂલિભદ્ર રાસ. સં. ૧૬૬૮ દિવાળી, શુક્ર. ખંભાતમાં.

અંતે—

ઢાલ-(રામ ભણઇ હરી ઉઠીઇ) રાગ રામગ્રરી.

થુલિભદ્ર ગુણ ગાઇઇ, શ્રી ગુરૂ ચર્ણ પસાયેરે,
શ્રી વિજઇસેન સુરીસ્વરૂ, તે અરૂઉ ગરૂરાયરે. .
સુર જેહના ગુણ ગાયરે, નાંમિ નવનીધ્ય થાયરે,
સમરિં પાતગ જાયેરે, હું વંદૂ તસ પાયરે.

ગુરૂ અરૂઉ ગુરૂરાઇઓ. ૧૭

સાલિ થુલિભદ્ર જોડલી, વઇરિંગઇ વઇહરઇ કુમારરે,
ત્ય મધિ ગઉતમ અવતર્યો, જસ ગુણ અંત ન પારરે.
સંયમ પંડાની ધારરે, કરતો ઉગ્ર વિહારરે,
લ્યઇ મુની સ્યુધ તે આહારરે. ગુરૂ. ૧૮

ઉપશમરસમાહિં ઝીલતાં, ટાલઇ કુમત અંધાર,
મધુર વચન દીઈ દેસના, વાણી સુધારસ સારરે.
આગમ અર્થ ભંડારરે, પંચ મહાવ્રત ધારરે,
ટાલઈ કામવિકારરે, શાસન રાખણહાર. ગુરૂ. ૧૯

તેહનિં પાટિં પ્રગટીઓ, શ્રી વીજઇદેવ સુરચંદરે,
કુમત તિમરનિ રે ટાલવા, ઉદયો પુન્યમચંદરે,
મોહનવલીનો કંદરે, પેખઈ પરમ આનંદરે,
સેવઇ સકલ સુરચંદરે. ગુરૂ. ૨૦

તપ ગચ્છઇ નાયક ગુણ્યનીલો, સાગર સરીષો ગંભીરરે,
વઇરાગી બહુવઇપિણઇ, કામવિડારણ વીરરે.
સીલિ ગંગાનું નીરરે, સોવન વાન શરીરરે,
ફરી આવ્યો ગુરૂ હીરરે, જાણે ભકતમ વીરરે. ગુરૂ. ૨૧

દૂહા.

વીર તણે ચર્ણે નમી, ગાયા ગુણ અભીરાંમ,
કુણ વર્ષે માસિ એ કવ્યા, થુલિભદ્ર ગુણગ્રામ. ૨૨

ઢાલ કહઇણી કરણી તુઝ વ્યણ સાચો–રાગ ધન્યાસી.

સંવત સોલઅડસઠયા વરસે, કાતી વદ તાહાં સારરે,
દીપક દિન દીવાલી કેરો, સ્યુકર મલ્યો ત્યાહા વારરે. ૨૩
રાસ રચ્યો મિં રંગિ રીઝી, સકલ કવી સિરિ નામીરે,
થુલિભદ્ર મુનીના ગુણ ગાતા, વિવધ્યસ્ત મિં પામીરે.
રાસ રચ્યો મિં રંગિ રીઝી.
સકલ કવી સિરિનામીરે—આંચલી. રાસ રચ્યો. ૨૪
જંબુદ્વીપ અનોપમ કહીઇ, ભરતષેત્ર ત્યાહા જાંણુરે,
દેસ ગુજર ત્યમાહિ અતિ સારૂ, નગર વીસલ વષાંણુંરે. રાસ. ૨૫
તેય નગરમાંહિ વીવહારી, નામ ભલુ મહિરાજરે,
પ્રાગવંશ વડો તે વીસો, કરતા ઉત્મમ કાજરે. રાસ. ૨૬
તેહના સુત છિ સીહ સરીષા, સાંગણ સંઘવી નામરે,
પૂનતણી કયરણી તે કરતા, ધરતા જીનવર ધ્યાનરે. રાસ. ૨૭
અનુક્રમિ સધવી જે સાંગણ, ત્રંબાવતીમ્હા વાસરે,
તેહનો સુત એ રાસ નીપાઈ, કવીતા ઋષભદાસરે. રાસ. ૨૮
રાસ નીપાતા બહુ સુષ પામ્યો, સુરતરૂ અંગણ્ય ફલીઉ,
થુલિભદ્ર મુનીના ગુણ ગાતિં, ધર્મ વૃષભ મુઝ મલીઉરે. રાસ. ૨૯
નવનીધ્ય ચઉદ રયણ મણિ મોતી, સકલ પદારથ પામ્યોરે,
ઋષભ કહઇ નીત્ય ઉગમવાકા, થુલીભદ્ર શરનામોરે. રાસ. ૩૦

મુ. વિ.

(३९५क) नेमिनाथ नवरसो सं. १६६७ पो. शु. २ खंभातमां.

આદિ— રાગ ધન્યાશ્રી.

સરસતિ સામિની પાય નમીજી, ગાસ્યું નેમ જિણુંદ,
સમુદ્રવિજય કુલ ઊપનોજી, પ્રગટયો પ્રનિમચંદ,
—સુણો નર નેમ સમો નહિ કોય. ૧

× × × ×

અંતે—

એહવા જિનવર વંદો સદા, જેહથી લહઇ નર ન આપદા,
રાજુલ તારી જિણ જિણરાજ, આપ તર્યા સાર્યા સવી કાજ. ૭૦
સંવત સોલસડસઠામાંહિ પોસ માસ સુદ બીજ ઉચ્છાહ,
ખંભનયર ગુરૂરાજ પસાઉ, જિન સંથવિઉ મન ઉલ્લાસ. ૭૧

કલસ.

ઇય નેમજિનવર પુણ્યદિનકર, સકલગુણમણિસાગરો
જસ નામ જપીયઈં કરમ ખપિયે છુટે ભવસાગરો,
તપગછ મુનિવર સયલ સુખકર શ્રી વિજયસેન સુરીસરો
તસ તણો શ્રાવક ઋષભ બોલે, થુણ્યો નેમિ જિનેશ્વરો. ૭૨

—લિ. શ્રી હર્ષરત્નજી શ્રી બુર્હાણપુર મધ્યે પ–૧૨ પ્ર.કા. નં. ૨૫૩.

(૩૯૬) કુમારપાલ રાસ. સં. ૧૬૭૦ ભા૦ સુ. ૨ ગુરૂ ત્રંબાવતી (ખંભાત)માં.

આદિ—

સકલ સિદ્ધ ચરણે નમું, નમું તે શ્રી ભગવંત,
નમું તે ગણધર કેવલી, નમું તે મુનિવર સંત. ૧
નમું તે શ્રી જિન બિંબને, નમું તે સૂત્રસિદ્ધાંત,
નમું તે ચતુરવિધ સંઘને, નમું તે નર મહંત. ૨
નમું તે કિરિયાપાત્રનેં, નમું તે તપીઆ પાય,
નમું તે નર શિલવંતને, જેમ સુખ શાતા થાય. ૩

નમુ તે ગુરૂ ગછનો ધણી, નિર્મલ જસ આચાર,
મધુર વચન દિયે દેશના, વાણી સુધારસ સાર. ૪

વાણીએ જન રીઝવે, મહીમા સરસતી દેવ,
તેણે તુજને નમુ, શારદા સારો સેવ. ૫

સમરૂં સરસતી ભગવતી, સમરાં કરે જે સાર,
હું મુરખ મતિ કેલવું, તે તાહારે આધાર. ૬

* * * *

અંત—

આગિં જે મોટા કવિરાય, તાસ ચરણ રજ ઋષભાય,
લાવણ્ય, લીંબો, ખીમો, ખરો, સકલ કવિની કીર્ત્તિ કરો.
હંસરાજ, વાછો દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ,
સુસાધુહંસ, સમરો, સુરચંદ, શીતલ વચન જિમ શારદચંદ.
એ કવિ મોટા બુદ્ધિવિશાલ, તે આગલિં હુ મુરખ બાલ;
સાયર આગલિ સરોવર નીર, કશી તોડી આછણુ નિં નીર. ૫૫

* * * *

પૂર્વંઈ જે મહા પંડિત હવો, સૂરિ સોમ પંડિત અભિનવો,
પંચાસમિં પાટિ તે કહ્યો, તપાગછ સિરિ કીટો થયો. ૫૮

કુમારપાલ પ્રબંધજ કર્યો, સુણતાં નરનારી ચિત વર્યો,
શાસ્ત્રઈ સંખ્યા અડત્રીસ, ગ્રંથ કર્યો ગુરૂ નાંમી સીસ,
સંવત ચઉદ બાણુંઉ ભલો, કુમારપાલ ગાયો ગુણનીલો. ૬૦

કાવ્યશ્લોક ગદ્ય જૂનાં જેહ, કેતાએકમાંહિ આણ્યા નેહ;
કેતાએક ભાવ ગુરૂ મુખથી લહ્યા, તે મિં જોડિં વીવરી કહ્યા. ૬૧

સોય ગ્રંથ હવડાં વંચાય, મનમ્હાં મત રાખો શંકાય,
તે પ્રબંધમાંહિં છેં જસ્યું, ઋષભ કહેં મેં આણ્યું તસ્યું. ૬૨

* * * *

અંતે—

। હીચ્યરે હીચ્યરે હીઇંહી ડોલડા—એ દેશી.

પુણ્ય પ્રગટ ભયો, પુણ્ય પ્રગટ ભયો, તો મુઝ મનિ મતિ એહ આવી,
રાસ રંગઇ કર્યો, સંસારસાગર તર્યો, પુણ્યની કોટડી મુઝ ફાવી—૫

સોલ સંવત્સરિ જાણુ વર્ષ સીત્યરી,
ભાદ્રવા સુદિ સુભ બિજ સારી,
વાર ગુરૂ ગુણુ ભર્યો, રાશિ ઋષભઇ કર્યો,
શ્રી ગુરૂ સાથઇ બહુ બુદ્ધિ વિચારી. ૬ પુ.

દીપ જંબૂઅ મહિ ખેત્ર ભરતિં ભલો, દેશ ગુજરાતિમાં સોય ગાસ્યું,
રાય વીસલવડો ચતુર જે ચાવડો, નગર વીસલ તિણુઇં વેગ વાસ્યું.
૭ પુ.

સોય નગરિ વસઇ, પ્રાગવંશિ વડો,
મહરાજનો સુત તે સીહ સરિખો,
તેહ ત્રંબાવતી નગરઇં વાસો વસઇં,
નામ તસ સંઘવી સાંગણુ પેખો. ૮ પુ.

તેહનઇં નંદનઇં ઋષભદાસે કહ્યો,
નગર ત્રંબાવતી માહિ ગાયો,
કુમર નરેસરૂ, રાજઋષિ બિરદધરૂ,
નામથી નવઇ નિધાન પાયો. ૯ પુ.

—ઇતિ શ્રી કુમારપાલ ઋષિરાસ સંપૂર્ણ સર્વ ગાથા ૪૫૯૯ ગ્રંથાગ્રંથ શ્લોક ૫૮૦૦ સં. ૧૮૪૫ વર્ષે મહા વદિ ૨ દિને બુધવાસરે પૃ. ૧૫૪ પં. ૧૫ આ. ક.

—પંડિત શિરોમણિ પંડિતશ્રી ૫ શ્રી સુરકુશલ ગણિ શિ૦ ચરણુ-પંકજ મધુવતાયમાનેન ગણિ વિબુધકુશલેન , લિપીકૃતં. સં. ૧૭૦૪ વર્ષે ફાગુણુ વદિ ૩ ગુરૌ. શ્રી કચ્છદેશે ધમડકા નગરે—મહારાય શ્રી ખિંગારજી વિજય રાજ્યે. ૧૫૮–૧૫ માં.

(૩૯૭) જીવવિચાર રાસ. સ. ૧૬૭૬ આશો શુદ ૧૫ ખંભાતમાં.

આદિ— દૂહા.

સરસ વચન ઘો શારદા, તું કવીઅણુની માય,
તું આવી મુઝ મુખ્ય રમેય, મમ ચિંત્યું થાય. ૧
વાણી વાહન કવણુ આહાર, તાસ પિતા કુંણુ હોય,
તાસ સુતા સ્વામી ભલો, તેહનો શાલક જોય. ૨
તેહનું વાહન કવણુ છે, તે વાહન જગી જેહ,
તે લંછણુ નર જેહને, હું સમરૂ નિત્ય તેહ. ૩
સમરિં સુખ બહુ ઉપજે, પ્રણુમેં પરમાણુંદ,
કનકવર્ણુ જસ દેહમાં, પુજું ઋષભ જિણુંદ. ૪
પ્રથમ જિનેશ્વર એ સહી, મહીઅલિ પહિલો રાટ,
પ્રગટ કરી જેણુઈ વલી, મુગતિ નયરીની વાટ. ૫
પઢમ મુનીશ્વર એહવો, પ્રથમે કેવલગ્નાન,
ઋષભ કહે રંગે ધરૂં, ઋષભદેવનું ધ્યાન. ૬
જિણેં ધ્યાને મતિ નિર્મલી, સફલ હુઇ અવતાર,
આદિનાથ ચરણે નમી, કહિસ્યું જીવવિચાર. ૭

* * *

અંતે—

રાગ ધન્યાસી.

વીરવચન હઇઆમાંહીં ધરતાં, મુઝ મનિ અતિ આનંદોજી,
જીવવિચાર કહ્યો મિં વિવરી, ફલીઉ સુરતરૂ કંદજી. વીર. ૪૮૪
ભણુતાં ગુણુતાં સુણુતાં, સપદિ ઉછવ અંગણે આજજી,
જીવવિચાર સુણી જીઉ રાખઇ, તેહનિં શિવપુર રાજજી. વીર. ૪૮૫
સકલ ધર્મમાંહિ મુખ્ય મઉ, જીવ દયા તે સારીજી,
જેણે પરપ્રાણી નિજ સંતોષ્યા, સોય તર્યા નરનારીજી. ૮૬
જીવદયા પાલતાં જાણો, નિર્મલ ઇંદ્રિય પંચજી,
દીર્ઘ આય તસ રોગ ન આવે, રૂપ ભલું મુષ સંચ. ૮૭

છેદન ભેદન તે નવી પામે તે કહીઈ નહી દુખીઓ,
જાતે પંચેંદ્રિય સુષ વિલસે, તે નર સઘલે સુખીઓ. ૮૮
હું સુખીઓ સૂષ પામ્યો, હું સમજ્યો જીવવિચારજી,
પહનો પાંચમા ગુરૂ આધારજી. ૮૯
શ્રી વિજયાનંદ સૂરીશ્વર સમર્યો, તપગછ ઠાકુર વારૂજી,
હીરપટોધર હાથેં દીક્ષા, ભવિક લોકનો તારૂજી. ૯૦
જનમતણો જે છે ભૂમિચારી, પરણ્યો સંયમ નારીજી,
ક્રોધ માંન માયા નહિ મનમાં, આગમ અર્થ વિચારીજી. ૯૧
તૂઝ ચરણે શિરિ નાંમે કવિતા, તત્ત્વભેદ લહે સારજી,
ગુરૂ આધારે ગ્નાન લહીને કીધો જીવવિચારજી. ૯૨
સંવત સોલછયોત્યેર્યા વરષે, આસો પૂનિંમી સારજી,
ષંભ નયરમાહિં નીપાઉ, રચીઓ જીવવિચાર. ૯૩
સંઘવી શ્રી મહિરાજ વષાંણૂં, પ્રાગવંશ વડવીસોજી,
સમકીત સીલ સદાશ કહીઇ, પૂન્ય કરે નિસદીસોજી. ૯૪
પડીકમણું પૂજા પરભાવન પોષધ પરઉપગારીજી,
વીવહાર શુદ્ધ ચૂકે નહી ચતુરા શાસ્ત્ર અર્થ વિચારીજી. ૯૫
મહેરાજનો સુત સંઘવી સાંગણ, વીસલ નગરનો વાસીજી,
જૈન ધર્મમાંહિં તે ધોરી, ન કરે વિકથા હાસીજી. ૯૬
વ્રત બાર ભણાવે હઇનરે, જીન પૂજે ત્રણ્ય કાલજી,
પરરમણી પરધનથી અલગા ન દીએ પરનેં આલજી. ૯૭
તપજપ કીરિયા કહીને, ન ચૂકે મૃષા ન બોલે વાંહિજી,
કર્મયોગેં આવ્યાઉં તે ઉહોરા, નગર ત્રંબાવતી માંહેજી. ૯૮
ઋષભદાસ સંઘવી સુત તેહનો, જૈન ધર્મનો રાગીજી,
જાંણુ હુઓ મુનિવર મહિમાયે, કરે કવિત બુદ્ધિ જાગીજી. ૯૯
સકલ મુનીશ્વરને શરિનાંમી, પ્રણમી કવિતા પાયજી,
અરિહંતદેવ ભણે આરાધી, સમરી બ્રહ્મ સુતાયજી. ૫૦૦

જીવવિચાર મેં કર્યો, વિવેકે પહોતી મનની આસજી,
ભણતાં ગુણતાં ગાજૂં, હઈડઈ અતિઉહોલાસજી. વીર. ૫૦૧
ઋષભદાસ કહે જે નર સુણસે, તે ઘરિ રિદ્ધિ ભરાસેજી,
સૂખસાતા સુખ ગુરૂની સેવા, દિન દિન ઉછવ થાશેજી. વીર. ૫૦૨
—ગ્રંથાગ્ર ૭૧૪–લીં.

(૩૯૮) નવતત્ત્વરાસ સં. ૧૬૭૬ દીવાળી. રવિવાર. ખંભાતમાં.

આદિ— દૂહા.

આદિ ધર્મ જિણઈ ઉધર્યો, નાભિરાય સુત જેહ,
મરૂદેવી પૂતજ ભલો, સહી સંભારૂં તેહ. ૧
ઋષભજ નામ જગ રૂઅડું, કનક વર્ણન જસ કાય,
પૂર્વ લાખ ચઉરાસીઆં, આદીશ્વરનું આય. ૨
દેહિ લક્ષણ જસ દીપતાં એક સહસ નઈ આઠ,
ત્રીજી આરઈ દેખાડતો, મુગતિ નયરની વાટ. ૩
અષ્ટાપદ ગિરિ ઉપરિ, સહસ દસ પરિવાર,
ઋષભદેવ મુગતિં ગયા, ધનિ તેહનો અવતાર. ૪
સહસ ચુરાસી મુનિવરૂ, ચોરાસી ગણધાર,
ત્રિણ્ય લાખ અજીઆ નમું, ઋષભતણો પરિવાર.

× × × ×

અંતે— ઢાલ ચૈત્રી પુનિમ દિન.

એ રાસ રચતા સુખશાતા હુઈ અંગિ,
મન વાંછયો પામ્યો ફલ્યાં મનોરથ રંગિં,
તે નર પૂન્યવંતા હોઇ મનોરથ પૂરા, મન વાંછ્યૂં થાઇ જાણે પુણ્ય અંકુરા. ૮૮
જિનમંદિર મોટું કરીનઈ કલશ ચઢાવઇ, સંઘતિલક ધરાવી કરી યાત્ર ઘરિ આવઈ
દાન વેલા જ્યારિં તેણી વેલા મલિ પાત્ર, તે નર પુણ્યવંતા નિરમલ
તેહનાં ગાત્ર. ૮૯
ફરી શાસ્ત્ર પીઠિકા ઉપરિ કલસ ચઢાવ્યો, ઇહિભવિ પરભવિ તે ભવહ
ભવાંતર ફાવ્યો,

પુન્ય પસરઇ જાઝું જિમ જલમાંહિ તેલ, રૂધિરમણી સુર સુખ સભ
બધવની વેલિ. ૯૦

ઈંદ્રી તસ નિર્મલ અતિ પોઢું તસ આય, ફલઈ સુરતરૂ અંગણિ
કામધેનુ ઘરિ આય,

મંડપ ઘરિ તોરણ હાથા કુંકમ કેરા, એ રાસ રચંતાં ફલ્યાં મનોરથ મેરા.૯૧

નવતત્ત્વ રચ્યા મિ કવિજન ચરણ પસાયઇં, કાંઈ દૂષણ દેખો ટાલેજ્યો
તુમ ત્યાંહિ;

હું બાલિક વાછો તુમ હસ્તી કવિરાય, તુઝ તુઝ ગલિ ઘંટા તેણઈ કાંઇ
તોડિ ન થાય. ૯૨

હંસ ગરૂડ પંખી આબ મર પખિયા જોય, નામઇં સહુ સરીખા
અંતર સબલો હોઇ,

આગઈ જે કવિતા હું પણિ કવિતા નામ, ઇહાં અંતર જોજ્યો જિસ્યો
નેસડો ગામ. ૯૩

વલિ સરિખો જોજે પીત હાટિકનો રંગ, પણિ અંતર બહુ છઈ જિમ
સેઢી નઈ ગંગ,

વલિ એણઇ દૃષ્ટાંતઈ હું મુરિખ તુમ આગઈ, કાંઇક બુદ્ધિ પામ્યો ચરણ
તુમારઈ લાગિં. ૯૪

ઢાલ હીંચરે હીંચરે એ દેસી.

સકલ કવિ મનિ ધરૂં ભગતિ ગુરૂની કરૂં જેહથી જ્ઞાનના બિંદુ પામુ,
વર તપા ગચ્છ પાટિં ગુરૂ હીરનઈં શ્રી વિજયસેનસૂરિ શીશ નામું. ૯૫ સ૦
જેહનઈં પાટ દીધા પછી વાધીઉ, ગચ્છ ગંગજલ પ્રવાહ પ્રરિં
શિષ્ય બહુ શિષ્યણી, શ્રાવક શ્રાવિકા, લીલલક્ષ્મી બહુ તેહ ઘરઇં. ૯૬ સ૦
ભુવન મોટાં થયાં બિંબ ઝાઝાં ક્ર્યાં જ્ઞાન વૈરાગ્ય કીરિયા જ વાધી,
સોઈ ગુરૂ શિરિ ધર્યો રાસ ઋષભઈ કર્યો, રત્નની ખાંણિ મુઝ આજ
લીધી. ૯૭ સકલ૦
તેહનઇ પાટિ શ્રી વિજયતિલકસૂરિ શીલ નઇ જ્ઞાન બે પક્ષ પૂરો,
અસત્ય બોલઇ નહિ અઈંમિ બોલઇ નહિ ઇંદ્રીઅ પાંચ દમવાજ સૂરો. ૯૮ સ૦

તેહનઈ પાટિ એક પુરૂષ પણિ પ્રગટીઉ, નહીંજ નંધા તસ ખિમા પૂરી
મધૂર વાણી ભલી ગાજતી ગોહરી, નામ શ્રી વિજયાનંદસૂરી. ૯૯ સ૦
શ્રાવક તેહનો પ્રાગવસિં વડો નામ મહિરાજ સંઘવીજ કહીઈ,
દાન નઈં શીલ તપ ભાવના ભાવતાં, સમકિત શીલવ્રતધાર લહીઇ. ૧૦૦
તેહનો પુત્ર ભલ સંઘવી સાંગણુ, દ્વાદસવ્રત સમકિત સાથિં
પોષધ પુન્ય ઉપવાસ બહુ આદરઈ, અરિહત પૂજઈ નિત આપ હાથઈ. ૧ સ૦
તેહનઈ નંદનઈ ઋષભદાસઈ કર્યો સંવત સોલછોહોત્તર જ્યારિ,
માસ કાર્તિક ભલો દિવસ દીપકતણો, વાર આદિત્ય ભાખુંજ ત્યારિં. ૨
રાસ નવતત્ત્વનો એહ સુહામણો નગર ત્રંબાવતી માહિ કીધો,
સાસ્ત્ર બહુ સાંભલી અરથ લીધા વલી, વચન જિંન્નતણો ફલહી લીધો. ૩
જોડતાં સુખ બહુ સુણુત શાતા સહૂ, વાંચતાં વંછિત વસ્તુ લહીઈ,
રાસ ઋષભિં કીઉ ઋષભજિન નામથી, એમ કલ્યાણ ચિરંજીવ કહીઈ. ૪
—સકલ કવિ મનિ ધરૂં ભગતિ ગુરૂની કરૂં.

—સંવત ૧૭૬૬ વર્ષે ચૈત્ર વદિ ૧૫ રવૌ. ૩૮-૧૪ પ્ર. કા. નં. ૮૨૩;-૩૩-૧૫ ઝીંઝુવાડા ભંડારમાં.

(૩૯૮) અજાપુત્ર રાસ. સં. ૧૬૭૭—અમ૦

(૩૯૯)+ ભરત બાહુબલી રાસ. સં. ૧૬૭૮ પોશ શુ. ૧૦ ગુરૂ.

આદિ— દૂહા.

સાર વચન દો સરસ્વતી, તું છે બ્રહ્મસુતાય,
તું મુજ મુખ આવી રમે, જિમ મતિ નિર્મળ થાય. ૧

તું ભગવતી તું ભારતી, તાહરાં નામ અનેક
હંસગામિની શારદા, તુજમાં ઘણો વિવેક. ૨

બ્રહ્માણી બ્રહ્મચારિણી, દેવકુમારી નામ,
ષટ્ દર્શનમાં તું સહી, સહુ બોલે ગુણગ્રામ. ૩

વિદુષોની માતા સહી, વાગેશ્વરી તું હોય,
તું ત્રિપુરા બ્રહ્મવાહિની, નામ જપે સહુ કોય. ૪

હંસવાહિની તું સહી, વાણી ભાષા નામ,
તું આવી મુજ મુખ વસે, જિમ હોય વાંછિત કામ. ૫

ઢાલ ૧.

કરજો માતા વાંછ્યું કામ, પ્રથમ જપું હું તાહરૂં નામ,
તું મુજ માતા રાખે મામ, બોલું ભરતતણા ગુણગ્રામ.

* * * *

અંતે—

ઢાલ ૮૪ મી. દેશી—દીઠો દીઠો વાંમાકો—રાગ ધન્યાસી.

કીધો કીધોરે મેં રાસ અનૂપમ કીધો,
મહીરાજનો સુત સંઘવી સાંગણ, પ્રાગ્વંશીય પ્રસિધ્ધોરે. કી. ૧
દાન શીલ તપ ભાવના ભાવે, શ્રી જિનના ગુણ ગાવે,
સાધુ પુરૂષને શીષ નમાવે, જિનવચને ચિત્ત લાવેરે. કી. ૨
દ્વાદશ વ્રતતણાં તે ધારી, જિન પૂજે ત્રણ કાળ,
પોષધ પડિક્રમણાં પુન્ય કરતા, જીવદયા પ્રતિપાળરે. કી. ૩
સંઘવી સાંગણનો સુત કવિ છે, નામ તસ ઋષભજદાસ,
જનની સરૂપાદેને શિર નામી, જોડયો ભરતનો રાસરે. કી. ૪
સંવત સોળ અઠયોતરો આખું, પ્રગટયો પોસજ માસ,
દશમિ તણો દાહડો અતિ ઉજ્વળ, પહોતી મનતણી આશરે. કી. ૫
ગુરૂવારે મેં રાસ નિપાયો, અશ્વિની તિહાં નક્ષત્ર,
સંઘવી ઋષભદાસ એમ ભાખે, ભરતનું નામ પવિત્રરે. કી. ૬

+ પ્ર૦ આનંદકાવ્ય મહોદધિ ભા. ૩.

(૪૦૧) સમકીતસાર રાસ. સં. ૧૬૭૮ જેઠ શુદ ૨ ગુરૂ ત્રંબાવતી (ખંભાત)માં.

અંતે—

ઢાલ—દેસી. કહણી કર્ણી તુંજ વણ દૂજો.

આશા પોહોતી મુઝ મન કેરી, રચીઉં સમકીત સારજી,
અક્ષર પદ ગાથા જે જાણું, તે કવીનો આધારજી.
—આશા પોહોતી મુઝ મન કેરી. ૫૮

આગિ જે કવી હૂંઆ વડેરા, હું તસ પગલે દાસજી,
તેહના નામ તણા મહીમાથી, કવીઓ સમકીત રાસજી. આશા. ૫૯
રાસ રચંતા દૂષણ દીસઈ, તે મતિ માહારી થોડીજી,
પૂરા ભેદ નવિ સમજૂં સુધા, પદ નવી જાણૂં જોડીજી. આશા. ૬૦
તુંપ આધારિ બુદ્ધિવિન બોલુ, સૌમ્યદૃષ્ટિ તૂંમ કરયોજી,
વિબુધ પણઈ સોજી સૂધ કરજ્યો, દૂષણ તુમ કાં ધરજ્યોજી,
આશા. ૬૧
મિં માહારી મતિ સાર કીધો, સેવી પંડીત પાઇજી,
ગુરુ મહિમાથી ફલો મનોરથ, ચ્યતું કારય થાઇજી. આશા. ૬૨
ગુરૂથી સુખીઓ ગુરૂથી શુભ ગતિ, ગુરૂથી નીજ ગુણ વાધઇજી,
ગુરૂથી ગ્યાની ગુરૂથી દાની, આગમ અર્થ બહુ લાધઇ જી. આશા. ૬૩
ગુરૂથી કયરીઆ, નર નિસ્તરીઆ, અંતરિ ઉપશમ ભરીઓજી,
ગુરૂથી ગાજઇ કયાહાં નવી ભાજઇ, ગુરનામિં બહૂ તરીઆજી. આશા. ૬૪
તેણઈ કારણિં નર ગુરનિં સેવો, નમિં વિજયાનંદોજી,
ગ્યાનવંત નામ જપંતાં, ઓછવ બહુ આનંદોજી. આશા. ૬૫
બાલપણઇ જે સંયમધારી, જનમ તણા બ્રહ્મચારીજી,
આગમ દરીઓ ઉપશમ ભરીઓ, ન કરિ તાતિ પીઆરીજી. આશા. ૬૬
હીર પટોધર હાથિં દીખ્યા, દોષ રહીત લઈ ભીક્ષાજી,
મધુરૂં બોલઇ મધુરસ તોલઇ, સુપરિં દઈ નર સીક્ષાજી. આશા. ૬૭
જેહ નીરોગી સુધો જોગી, વઇર વિરોધ સમાવઇજી,
વીજયાનંદ સુરીનિં સેવઈ, તે સુખશાતા પામઇજી. આશા. ૬૮
તપગછ ધોરી કીરતિગોરી, રૂપવંત આચારીજી,
ગુણ છત્રીસે જે નર પુરો, જેણઇ તાર્યાં નરનારીજી. આશા. ૬૯
તે સહિ ગુરના ચર્ણ પખાલી, સેવી સરસતિ પાઇજી,
ચોવીસઇ જિન ગણધર નામિં, સમકીત સાર રચાઇજી. આશા. ૭૦
વારણ વાડવ રસ સસીસંખ્યા, સંવછરની કહીઇજી,
શ્રીપતિ વૃધ સહોદર સગપણિ, માસ મનોહર લહીઇજી. આશા. ૭૧

પ્રથમ પક્ષ ચંદ્રોદઇ દૂતીઆ, ગુરૂવારિં મડાણુજી,
ત્રંબાવતી માહિં નીપાઓ, વિબુધ કરઈ પરમાણુજી. આશા. ૭૨
શ્રી સંઘવી મહઇરાજ વખાણું. વીસલનગરના લાસીજી,
વડા વીચારી સમકીત ધારી, મિથ્યા મતિ ગઈ ન્હાસીજી. આશા. ૭૩
તાસ પૂત્ર છઈ નયન ભલેરા, સાંગણુ સંઘ ગછધોરીજી,
સંઘપતિ તીલક ધરાવ્યાં તેણુઈ, વાધી પૂન્યની દોરીજી. આશા. ૭૪
બાર વરતના જે અધિકારી, દાનશીલ તપ ધારીજી,
ભાવિં ભગતિ કરઇ જિનકેરી, નવિ નરખઇ પરનારીજી. આશા. ૭૫
અનુંક્રમિં સંઘવી જે સાંગણુ, ત્રંબાવતી માહ આવેજી,
પોષધ પૂણ્ય પડીકમણું કરતા, દ્વાદશ ભાવના ભાવઇજી. આશા. ૭૬
શ્રી સંઘવી સાંગણુ સૂત પેખો, ઋષભદાસ ગુણુ ગાયજી,
પ્રાગવંશ વીસો વીસ્તાર્યો, રીડી માતું પસાઇજી. આશા. ૭૭
ચોવીસઇ જિનનામ પસાયિ, સારદાનો આધારજી,
રીષભદાસ કવી રચના કરતો, કવીઓ સમકીત સારજી. આશા. ૭૮
ભણુઇ ગુણુઇ વાંચઇ વંચાવઈ, તે ઘરિ ઋદ્ધિ ભરાઇજી,
ઋષભ કહઈ એ રાસ સુણુંતાં, સમકીત નીર્મલ થાઇજી. આશા. ૭૯

—ઇતિ શ્રી સમકીતસાર રાસ સમાપ્તઃ ગામ ત્રંબાવતી મધે લખીતં સંવત્ ૧૬૭૯ વર્ષે વૈશાખ શુદિ ૩ ભુમે. ડે. કૉ. લાય. નં. ૧૪૯૪-સને ૧૮૮૭-૯૧.

યાદૃશં પુસ્તકં દૃષ્ટ્વા તાદૃશં લિખિતં મયા
યદિ શુદ્ધ મશુદ્ધં વા મમ દોષો ન દીયતે .
ભગ્ના પૃષ્ટી કટીગ્રીવા નેત્રસ્ત્યાયધોમુખં
કષ્ટેન લખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્
જલાત્ રક્ષેત્ તૈલાત્ રક્ષેત્, રક્ષેત્ સ્થલબંધનાત્
પરહસ્તગતા રક્ષેત્ એવં વદતિ પુસ્તિકા. ૧૩
શ્વેતાંબરે લઘુશાખાયાં લેખક કાન્હજી લખીતં.

(૪૦૨) +બાર આરા સ્તવન. અથવા ગૌતમ પ્રશ્નોત્તર ર૦ સં૦ ૧૬૭૮ ભાદ્રપદ શુ. ૨ ત્રંબાવતી (ખંભાત)માં.

આદિ— દૂહા.

સરસતિ ભગવતિ ભારતી, બ્રહ્માણી કરિ સાર,
આરા બાર તણો વલી, કહિસૂં સોય વિચાર. ૧
વરધમાન જિનવર નમૂં, જસ અતિસય ચોતીસ,
સમોસરણિ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ. ૨
ગોતમ પૃછિ વીરનિ, પરઉપગારાં કામિ
અનેક બોલ વિવરી કરી, ભાખિ ત્રિભોવન સ્વામિ. ૩

* * * *

અંતે—

પૂછયાં વચન કહ્યાં તે વીરિ, ચિત્તમાં ધરીયાં ગૌતમધીરિ,
ભણતાં ગુણતાં સુખ શરીરિ, ઋદ્ધિ ઘણી ઘર ભરીયા ચીરિ. ૭૪

કલશ.

ભલ સ્તવન કીધૂં નામ લીધૂં ગૌતમ પ્રસ્નોત્તર સહી,
સંવત સિદ્ધિ મુનિઅંગ ચંદિ ભાદવસુદિ દ્વિતયા તહી ૭૫
તપગછ તિલક સમાન સહગુરૂ શ્રી વિજયાણુંદ સૂરીસરો,
સાંગણનો સુત ઋષભ બોલિ, કહિ ગછ મંગલ કરો. ૭૬

—સંવત ૧૬૯૦ વર્ષે પોસ સુદિ ૨ રવૌ લષિતં. વિ૦ ધ૦ ૪-૧૪
—પ્ર. ચૈત્ય. આદિ સંગ્રહ ભા. ૩ જો પૃ. ૧૧૭-૧૨૫.

આમાં દેશીઓ આ છેઃ—ઢાલ૨ મનોહર હીરજીરે,—ઢાલ ૩ સુરસુંદરી કહિ શિરનામી, ૪—ભાવિ પરોધર વીરનો, ૫—કાન્હ વજાડિ વાંસલી—૬ સીહતણી પરિએ બોલો—૭ પાટકુસુમ જિન પૂજપલૂપઈ—૮ સાલિભદ્ર મોહ્યોરે શિવરમણી રસિરે—૯ રામ ભણઇ હરિ ઉઠીઇએ—૧૦ પ્રણમી તુમ સીમંધરૂજી—૧૧ સુગ્રધ દેસકો રાજ રાજેસર—૧૨ ચંદ્રાયણની.

—સં. ૧૭૨૨ આશો શુ. ૧૫ ભોમે લિ. પા. ૬-૧૦ આ. ક. ૫-૧૨ આ. ક.

(૪૦૩) પૂજાવિધિ રાસ. ૧૬૮૨ વૈશાખ સુદ ૫ ગુરૂ. ખંભાતમાં.

આદિ— દૂહા.

સરસ વચન દિઉં સરસ્વતી, સમરથાં કરજે સાર,
તુ તુઠિ મુખિ આપજે, વાણિનો વિસ્તાર. ૧
પદ પૂર્ણ અખ્યર સમા શબ્દ સાર ગુણ પરમ
આપે સુગણિ સાર દાન લહું પુરો ભરમ. ૨
ભેદભાવ ભલ ઊપજઈ, તુસઈ જો તુ પરાય,
બ્રહ્મસુતા કમલિ વસઇ, તો મનિ ચ્યંત્યુ થાય. ૩
વાઘેસ્વરિ વાણિ વિના વચન હોઇ કિમતંત,
સૌમ્ય દૃષ્ટિ હોઇ સારદા, વચન વાણિ દીપંત. ૪
ખ્યોભ ન પામઇ બોલનો, પૂછ્યાં ઉતર દેહ,
સકલ શભા રંજઈ ઘણુ, ચંત્યું કાજ કરેહ. ૫

* * * *

અંતે—

મિ મનસ્યુધિં રચીયો રાસ, ફૂલ્યો મનોરથ પોહોતી આસ,
ત્રંબાવતિમા જોજયો સહિ, સુણી પુરૂષ સહુ ગહમહઇ. ૫૯
સંવત બાહુ સિદ્ધિ અંગચંદ, શબ્દ આણુતાં રંગ
વહઇસ્યાખ શુદિ જલ પંચમી, ગુરવારિ મતિ હુઈ સમી. ૬૦
જોડયો મિં પૂજાવિધિ રાસ, બ્રહ્મસુતાઈં પૂરી આસ
ભાખઇ કવિના ઋષભદાસ, સુણતા ઘરિ કમલાનો વાસ. ૬૧

ઢાલ. કહરણી કહરણી તુઝવિણુ સાચો, રાગ ધન્યાસી.

ઘરિ કમલા કંતા નિ ભ્રાતા, માતતાત સુત સારોજી
હઇ ગય રથ અવરિ ગુણવંતી, અતિ પોઢો પરિવારોજી. ઘરિ. ૬૨
સાર વસી સઘલી ઘરિ લહિઇ, ગુરનામિં ગહગહીઈજી
શ્રી વિજયાણુંદ સુરી શિરોમણી, નામઇ નવનિધિ સહીઇજી. ઘરિ. ૬૩
તપગછ નાયક સ્યુભ સુખદાયક ઉપશમ રસનો દરિઓજી,
તેહતણા પદપંકજ પુજી, રાસ પૂજાવિધિ કરિઓજી. ઘ૦ ૬૪

પ્રાગવંશમ્હાં સંઘવિ સાંગણ, બાર વરતનો ધર્મીજી,
દાન પૂણ્ય પડીકમણા કરતા પૂજા કરઇ નીત્ય સર્મીજી. ધ૦ ૬૫
સંઘવિ સાંગણનો સુત શ્રાવક, ઋષભદાસ ગુણ ગાવઇજી,
જે જિનની પૂજા આદરતો, અનંત સુખ તે પાવઇજી. ધરિ. ૬૬

—હમણાં ૧૯૭૫ માં લખેલી—વિ ધ. ૧૯-૧૫

ચતુર્વિંશતિ જિન નમસ્કાર.

ઉદાઇ અરજુન અનેકનર ગયો તિમ મેઘકુમાર
કવિ ઋષભ કહિ વીરવચનથી બહુ જન પામ્યા પાર. ૨૪

—(ઉદયપુર ભં. ગોડીજીનો)

(૪૦૪) શ્રેણિકરાસ સં. ૧૬૮૨ આશો સુદ ૫ ગુરૂ ખંભાતમાં
આદિ—

આદિ અનાદેઇ સરસતી, સદા જગિં તુઝ માન,
સહુકો સેવિ સારદા, બાલ કરિ તુઝ ધ્યાંન. ૧
ષટ્ દરસણમાંત્ત સહી, તહારો સઘલિ વાસ,
કરો કૃપા તો ગાઇએ, નર શ્રેણિકનુ રાસ. ૨
સમરૂં સરસતિ ભગવતી, ધ્યાંન ધરૂં નવકાર,
આદિ અનાદ અરહંત જપૂં, જંમ પાંમૂં ભવિપાર. ૩
સકલ સિધિ સમસ્ત સહી, ગણધર કરૂં પ્રણામ,
આરાધૂં ઉવઝાયનિ, જેમ સીઝિ મૂઝ કામ. ૪
સકલ સાધ સુપરિ નમૂં, કેવલગ્નાંની સાધ,
સીયલવંત મૂંનીનઇ નમૂ, ન કરઇ કોહનઇ બાધ. ૫
ત્રવધિ તપીયા મૂની નમૂં, જંન પઢમાનો જાપ,
આગમ મોટા કવિ નમં, નાસઇ પૂરવ પાપ. ૬
એણુંઇ ધ્યાંનઇ મત નરમલી, મુખ સરસતનો વાસ,
પઢમ તીરથંકર એહ સંઇ, કહુ શ્રેણિકનો રાસ. ૭

ચોપઈ.

નૃપ શ્રેણિકનો ગાસું રાસ, ભણતાં ગુણતાં પોહુચઈ આસ,
ક્વણ દીપ કોણ ખેત્રે વાસ, કેહેસ્યું દેસ નગરવલી તાસ. ૮

× × × ×

અંતે—

રાસ રચ્યો રંગિ કરી, નામી કવિજન સીસ,
હું બાલક છુ તુમતણો, તુમથી લહુ જગીસ. ૧૮૦૭

॥ ઢાલ. ॥ ચંદનભરીરે તલાવડી રાગ મેવાડુ.

તુમ નામિં સુખ પામીઇરે, ગુરુનામિ ગુણ હોઇ સોભાગી;
શ્રી વિજયાનંદનિ નમુરે, તપગચ્છ નાયક સુય સો૦
કરિ કરિ સેવા ગુરુતણી.
તપ તેજિં કરી દીપતુરે, વઇરાગી લઘુવેશ; સો૦
ભવિજન લોકનિ તારવારે, વીચરઈ દેશ વદેશ. સો૦ કરિ૦
માહા ભાગ્યેગ નર એહનુરે, સહૂકો નમિઉ પાય; સો૦
ઋષભિં રાસ રચ્યો સહીરે, શ્રી ગુરુ ચરણ પસાય. સો૦ ૧

॥ દૂહા. ॥

ગુરુનામિં જસ પામીઉ, ભમાણી આધાર;
શ્રી નવકાર મહીમા થકી, વરત્યો જઈ જઈ કાર. ૧૧

॥ ઢાલ. ॥ હીચોરે હીચો.

કામ સીધાં સહી, કામ સીધાં સહી, શ્રીઅ શ્રેણિકનૃપ રાસ કીધો,
એહ ત્રંબાવતી માંહિ ગાયો સહી, નગર સઘલાં માંહિ જે પ્રસીધો,
કોટ ત્રંબાતણો હિમ કીધો, કાંમ સીધાં સહી કામ૦ ૧૨
તપન તરપોલીઉં, કોટ બરજિં ભજ્યો, સાયર લહઇરિં બહુ વહાંણ આવઇ;
વસત વિવહારીઆ, કનકકોડે ભર્યા, ઉઠિ પરભાતિ જિનમંદિર જાવઈ;
શ્રીઅ દેવગુરુતણા, ગુણહી ગાવઈ. કાંમ૦ ૧

પ્રવર પ્રાસાદ પંચ્યાસીઅ પ્રણુમીઈ, જ્યાંહા પોશાલ બહઈતાલીસ દીસઈ,
ગોચરી સગમ તે સાધનિં અહીકણિં. અહીઅ રહતાં મુની મનહી હીસઈ;
તેહ જાંણ્યો તુમ્હો વિસાજગીસઈ. કામ૦ ૧૪
પૌષધ પ્રાસાદ વ્યાપાર પાસઈ સહી, શાક પાસઈ લીઈ સ્વાદ રસીઆ;
ઋષભ કહઈ તેહ જગમાહ ધના સહી, જેઅ ત્રંબાવતી માહિ વસીઆ;
શાસ્ત્ર સુણવા નર જેઅ રસીઆ. કામ૦ ૧૫

॥ દૂહા. ॥

સકલ કામ સીધાં સહી, રચીઉ શ્રેણિક રાસ;
મેર મહી સુર ભુવન જિહાં, તવલગિં એહનુ વાસ. ૧૬

॥ ઢાલ. ॥ ઉતારે રે આરતી અરિહંતદેવા રાગ ધન્યાસી.

સંભલાંવોરે નિશદિન રાસ રુડા, સાંભલી બાંધજ્યો પુન્યમૂંડા;
સંભલાવોરે. ૧૭
સંવત બાહુ દીગ દરિસણ ચંદઈ, માસ આસો નરખોજ આનંદિં. સં૦ ૧૮
ઉજલી પાંચમનિં ગુરુવારો, શ્રેણિકરાસનુ કીધ વિસ્તારો. સં૦ ૧૯
સાતઈ ખંડ સંપૂરણ કીધા, આજ મનોરથ સઘલા સીધા. ૨૦
સાતઈ ખંડ સુણઈ નર જેહા, સાતઈ નરગ નિવારતા તેહા. સં૦ ૨૧
સાતઈ ખંડ સુણઈ નરનાર્યો, સાત ભઈ નુહઈ તસ ઘરિ બાર્યો. સં૦ ૨૨
સાતઈ ખંડ સુણી જાગ્યો, સપત મુખી પ્રભવઇ નહી આગ્યો. સં૦ ૨૩
સાતઈ ખંડ ઉપરિદિ ચીંતો, તસ ઘરિ નુહઈ સાતઈ ઈતો. સં૦ ૨૪
સાતઈ ખંડ રચઈ નર જેનિં, સાતઈ સમુદ્ર ન પ્રભવઈ તેનિં. સં૦ ૨૫
સાતઈ ખંડની સુણતાં વાતો, પુણ્ય પ્રગટઈ તસ સાતઈ ધાતો. સં૦ ૨૬
સાતઈ ખંડ લખી ગુણગાઈ, સાત કટિક તણો સ્વામી થાઈ. સં૦ ૨૭
સાતઈ ખંડ સુણિઈ નરરાયો, સમ ઘોડા તણો નાયક થાયો. સં૦
સાતઈ ખંડ સુણઈ નર જેહા, સમ હાથી નર પામઈ દેહા. સં૦ ૨૮
સુણતાં ભણતાં ઇમ ગુણ થાઈ, લખાવતાં પુણ્ય કહિઉં ન જાઈ. સં૦
પરત્ય લખાવી સાધનિં આલઈ, કાલ ઘણો પુણ્ય તે પણિ ચાલઈ. સં૦
દેસ પરદેસ મ્હાં વિસ્તરઈ ગ્યાનો, સમમ હોઈ તસ કેવલગ્યાનો. સં૦

જેહ જોડી ગુણ જિન તણું ગાઈ, તેહનુ પુણ્ય કાઇ લખ્યું ન જાઈ. સં૦
જોડી વીરતણા ગુણ ભાવઈ, તીર્થંકર ગણધર પદ પાવઈ. સં૦
ઇંદ ચક્રી ઇમિપણું અજે કહીઇ, તિહની રિદ્ધતો હાથમ્હાં લહીઇ સં૦
તેણઇ કારણિ શ્રેણિકનો રાસો, જોડી ગાઇ કવી ઋષભદાસો. સં૦
પ્રાગવંસિ સંઘવીજ મહીરાજો, તેહ કરતા બહુ ધર્મનાં કાજો,
સંઘવી સાંગણ સુત વલી તાસો, અરિહંત પૂજઇ જિનવીરના દાસો;
સાંગણ સુત કવિ ઋષભજદાસો, કરત શ્રેણિક નરરાયનો રાસો
ગણતાં ભણતાં સુણતાં સારો, સકલ સંઘનિ જઈ જઇ કારો. ૧૮૩૯

— ઇતિશ્રી શ્રેણીકરાસ સપૂર્ણ, શ્રીરસ્તુ સંઘવી ઋષભદાસ કૃત રાસની ટીપ લખીઇ છઈ

* * * *

(ટીપ ઉતારી છે.)

સવત ૧૬૯૭ વર્ષે માઘ વદિ અષ્ટમી રવિવાસરે સા. ચકા વીરાના પાના આંણીનિ ઉતારો છ । લખિત ગાંધી માધવસુત વર્ધમાન પઠનાર્થ રામજી.

—સ. ૧૭૫૯ વર્ષે માહ વદિ ૧૩ બુધે ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ પટ્ટે સકલપુરંદર ભટ્ટારક શ્રી વિજયરત્નસૂરીશ્વરરાજ્યે મહોપાધ્યાય શ્રી વિમલવિજય ગણિ શિષ્ય પંડિત શુભવિજય ગણિ તત્ શિષ્ય પં. રામવિજયેન લિપીકૃતં શ્રી સૂર્યપુર નગરે—૬૬-૧૫ પ્ર. કા૦ નં. ૩૭૫.

(૪૦૫) +હિતશિક્ષા રાસ. સં. ૧૬૮૨ માહ સુદ ૫ ગુરુ ખંભાતમાં
આદિ—

કાસમીર મુખમંડણી, ભગવતિ બ્રહ્મસુતાય,
તું ત્રિપુરા તું ભારતી, તું કવીજનની માય. ૧
તું સરસતિ તું શારદા, તું બ્રહ્માણી સાર,
વિદુષી માતા તું કહી, તુઝ ગુણનો નહિં પાર. ૨
હંસગામિની તું સહી, વાઘેશ્વરી તું હોય,
દેવિ કુમારી તું સહી, તુઝ સમ અવર ન કોય. ૩

ભાષા તું બ્રહ્મચારિણી, તું વાણી દે વાણી,
હંસવાહિની તું સહી, ગુણ સઘલાની ખાણિ. ૪
બ્રહ્મવાદિની તું સહી, તું માતા મતિ દેહ,
તું રમજે મુખ માહરે, ચિંત્યું કાજ કરેહ. ૫

ઢાલ ચોપાઇની દેશી.

ચિંત્યું કાજ કરેશું આજ, તુઝ નામે સવિ સરિયાં કાજ,
તુઝ નામેં બુદ્ધિ પામુ સાર, જ્ઞાન વિના જીવિત ધિક્કાર. ૧
તે દારિદ્રી જગમાં ભલા, જ્ઞાનસહિત દીસે ગુણનિલા,
અર્થસહિત ને શાસ્ત્ર રહિત, તે નર નાવે મહારે ચિત્ત. ૨
જ્ઞાની કાપડી આગલ કર્યો, મૂરખ મહોટો ભૂષણ ભર્યો,
બહુ આભરણે શોભે નહિં. જ્ઞાન ભલો તો શોભે તુહીં. ૩
જ્ઞાની નર સઘલે પૂજાય. નરપતિ નિજ નગરેંજ મનાય,
જ્ઞાની ભલો નર જોઉ કુરૂપ, કોણ જુવે કોયલનું રૂપ, ૪
કોયલરૂપ સ્વર મધુરો જેહ, તપસ્વીરૂપ ક્ષમાજ કહેહ,
પતિવ્રતા નારીનું રૂપ, કુરૂપને વિદ્યાજ સુરૂપ. ૫
અધિકું રૂપ તે વિદ્યા કહી, ગુપ્ત ધન તે વિદ્યા સહી,
યશ સુખની દેનારી એહ. વાટેં બાંધવ સરિખી જેહ. ૬
વિદ્યા રાજભવનેં પૂજાય, વિદ્યાહીન અજ પશુઆ માય,
લક્ષ્મી પણ જુગતો શોભતી, જો ઉપર બેઠી સરસ્વતી. ૭
નાણાં ઉપર અક્ષર નહિં, તે નાણું નવિ ચાલે કહિં,
જિહાં અક્ષરતિહાં મહત્ત્વ તે બહુ, ઉત્તમ અંગ તે પૂજે સહુ. ૮
તિણ કારણ અધિકી સરસ્વતી. જેહથી ગણધર હુઆ યતી,
આચારિજ મહોટા ઉવઝાય, પંડિત પદ તે તુઝથી થાય. ૯
સુગતિતણી પદવી પણ હોય, જ્ઞાન સમુ નહિં દૂજું કોય,
જેહથી સકલભેદ જલ લહે, સ્વર્ગ નરગની વાતો કહે. ૧૦
કહે પૃથિવી સાયરનાં માન, નદી ડુંગર ને નગર નિધાન,
જીવ અજીવના ભાખે ભેદ, ભાખે વિવરી ત્રણ્યે વેદ. ૧૧

જાણે પુણ્ય પાપની વાત, સાધુધર્મ શ્રાવક અવદાત,
ભવ્ય અભવ્ય જ્ઞાની ઓલખે, મૂરખ અણસમજ્યુ સહુ ભખે. ૧૨
તેણે જ્ઞાન અધિક કહેવાય, લહે શારદતણે પસાય,
વેદપુરાણ પિંગલતો થયું, પ્રથમ નામ શારદનું ગ્રહ્યું. ૧૩
કવિત કાવ્ય ને ગાથામાંહિ, ભાષા વિણ નવિ ચાલે ક્યાંહિ
આગમ ચરિત્ત રાસ ને ભાસ, સચરાચર જગ તારો વાસ. ૧૪
તું પુત્રી છો બ્રહ્માતણી, તાહારી શોભા દીસે ઘણી,
સખરૂં રૂપ સુકોમલ અંગ, તું માતા મુઝ રાખે રંગ. ૧૫
ગુણ તાહારા નવિ લાધે પાર, તું કરજે કવિજનની સાર,
આજ હુઓ હૈડે ઉલ્લાસ, નીપાઉં હિતશિક્ષા રાસ. ૧૬

* * * *

અંતે—

ઢાલ ઉલાલાની દેશી રાગ ધન્યાશ્રી.

કહ્યો હિતશિક્ષાનો રાસ, પહોતી મનડાતણી આશ,
મંદિર કમલાનો વાસ, ઉત્સવ હોયે બારે માસ. ૧
સુણતાં સુખ બહુ થાય, માને મહોટા એ રાય,
સંપ બહુ મંદિરમાંય, લહે હયગય વૃષભો ને ગાય. ૨
પુત્ર વિનીત ઘરે બહુય, શીલવંતી ભલી વહૂય,
શકટ ઘણાં ઘરે બહૂય, કીરતિ કરે જગ સહુય. ૩
એ હિતશિક્ષાનો રાસ, સુણતાં સબલ ઉલ્લાસ,
કર્યો ખંભાયતમાં તાસ, જિહાં બહુ માનવવાસ. ૪

સર્વ ગાથા ૧૮૨૬.

ઢાલ ચોપાઈની દેશી

ઘણાં લોક વસે છે ત્યાંહિ, રાસ રચ્યો ત્રંભાવતી માંહિં,
સકલ નગરને નગરી જોય, ત્રંબાવતી તે અધિકી હોય. ૧

પછી જેમ હીરવિજયસૂરિના રાસમાં છે તેમ આ પછી જુઓ આગલ ખંભાતનું વર્ણન છે, (પૃ. ૪૪૫-૪૪૭) પછી

પુણ્યવંત પોષધ ધરતા ત્યાંહિ, સાહમ્મીવાત્સલ્ય હોએ પ્રાહિ,
એ નગરીની ઉપમા ઘણી, જાહાંગીર પાદશાહ જેહનો ધણી,
તે ત્રંબાવતી માંહે રાસ, જોડંતાં મુઝ પહોતી આશ. ૧૬
યુગલસિદ્ધિ અને ઋતુચંદ્ર ૧૬૮૨, જુઓ સંવત્સર ધરી આનંદ,
માધવ માસ ઉજ્વલ પંચમી, ગુરૂવારેં મતિ હોયે સમી. ૧૭
મેં ગાયો હિતશિક્ષા રાસ, બ્રહ્મસુતાયેં પૂરી આશ,
શ્રી ગુરૂ નામેં અતિ આનંદ, વંદૂં વિજયસેન સૂરીંદ. ૧૮

ઢાલ આરતીની દેશીમાં રાગ ધન્યાશ્રી

વંદિયે વિજયસેન સૂરિરાય, નામ જપંતાં સુખ સબલ થાય,
વંદિયે વિજયસેનસૂરિરાય.
તપગચ્છ નાયક ગુણ નહિં પારો, ઓસ વંશે હુઆ પુરૂષ અપારો. ૨
(આ પછી હીરવિજયસૂરિના રાસમાં પ્રશસ્તિમાં છે તે પ્રમાણે છે, તેમાં વિજયસેન બદલે વિજયાણુંદ મૂકયું છે, અને થોડો વિશેષ વધારો છે. જે કંઇ ફેરફાર છે તે અત્ર આપેલ છે.

સંઘવી સાંગણનો સુત વારૂ, ધર્મ આરાધનો શકિતજ સારૂ. ૧૨
ઋષભ કવિ તસ નામ કહાવે, પ્રત ઊઠી ગુણ વીરના ગાવે. ૧૩
સમજયો શાસ્ત્ર તણાજ વિચારો, સમકિતશું વ્રત પાલનો બારો. ૧૪
પ્રહ ઉઠી પડિકકમણું કરતો, બે આસણું વ્રત તે અંગે ધરતો. ૧૫
ચઉદે નિયમ સંભારી સંક્ષેપું, વીરવચન રસેં અંગ મુઝ લેપું. ૧૬
નિત્ય દશ દેરાં જિનતણાં જૂહારૂં, અક્ષત મૂકી નિજ આતમ તારૂં ૧૭
આઠમ પાખી પોષધમાંહિ, દિવસ રાતિ સઝાય કરૂં ત્યાંહિં. ૧૮
વીરવચન સુણી મનમાં ભેદું, પ્રાયેં વનસ્પતિ નવિ ચુંટું. ૧૯
મૃષા અદત્ત પ્રાય નહિં પાપ, શીલ પાલું મનવયકાય આપ. ૨૦
પાપ પરિગ્રહેં ન મિલું માંહિ, દિક્ષિતણું માન ધરૂં મનમાંહિ. ૨૧
અભક્ષ્ય બાવીશને કર્માદાન, પ્રાયેં ન જાયે ત્યાં મુઝ ધ્યાન. ૨૨
અનરથદંડ ટાલું હું આપ, શસ્ત્રાદિકનાં નહિ મુઝ પાપ. ૨૩
સામાયિક દિશિમાન પણ કરિયેં, પૌષધ અતિથિ સંવિભાગ વ્રતધરિયેં. ૨૪

સાતક્ષેત્ર પોષી પુણ્ય લેઉં, જીવદાજેં ધન થોડું દેઉં. ૨૫
ઇમ પાલું શ્રાવક આચારો, કહેતાં લઘુતા હોયે અપારો. ૨૬
પણ મુઝ મનતણો એહ પરિણામ, કોઇક સુણિ કરે આતમકામ.૨૭
પુણ્યવિભાગ હોયે તિહાં મ્હારે, ઇસ્યુંઅ ઋષભ કવિ આપ વિચારે૨૮
પર ઉપકાર કાજ કહિ વાત, ધર્મ કરે તે હોયે સનાથ. ૨૯
ઋષભદાસેં એ જોડિયો રાસો, સંઘ સકલ તણી પહોતી આશો.
—વંદિયે—૩૦

—ઇતિ શ્રી સંઘવી ઋષભદાસ કૃત હિતશિખ્યા સંપૂર્ણ ગાથા ૧૮૬૨ ગ્રંથાગ્રં ૨૩૨૫ સંવત ૧૮૫૬ વર્ષે આસુ માસે કૃષ્ણપક્ષે તૃ-તીયા તીથૌ નિશાપતિ વાસરે લિપીકૃતમ્ સંવિજ્ઞ: પં. શ્રી ૫ ન્યાનચંદેણ લિખિતમ્ શ્રી ભાવનગર બંદરે શ્રીરસ્તુ. ભદ્રં ભૂયાત્-કલ્યાણમસ્તુ. શ્રી ઋષભદેવ પ્રશાદાત્ લેખકપાઠકયોઃ ચિરંજીયાત્—પૃ.૬૯-૧૩ આ૦ ક૦
(પછી ટીપ ગ્રંથની છે)

—પ્ર૦ ભીમશી માણેક.

(આ હિતશિક્ષા રાસનું રહસ્ય જૈનધર્મપ્રકાશમાં સારરૂપે શેઠ કુંવરજી આણંદજીએ લખી કટકે કટકે પ્રકટ કર્યું હતું અને તે જુદું પુસ્તકાકારે પણ જૈન ધ. પ્ર. સભા તરફથી પ્રકટ થયું છે. આમાં સો-રઠા દુહા, છપ્પાં એ છંદો ઉપરાંત નયસુંદરના સુરસુંદરી રાસની ઢાળો નામે 'સુરસુંદરી કહે શિરનામી,' તેમજ છાનોરે છૂપીને કંતા કિહાં રહ્યોરે (આ. કા. મહોદધિ મૌ. ૩ જાું પૃષ્ઠ ૨૭૩), સમયસુંદર કવિની પ્રત્યેક-બુદ્ધ રાસ પૈકી પ્રસિદ્ધ ઢાળ નામે 'હવે રાણી પદમાવતી' વગેરે તેમજ વિજયપ્રભના ગૌતમરાસની 'જિમ સહકારે કોયલ ટહુકે' એમ પોતાના પૂર્વગામી કવિઓની ઢાળો લઇ પોતે ઢાળો-દેશી દેશીઓ કરી છે. આ રાસમાં પુષ્કળ સુભાષિતો મળી આવે છે.)

(૪૦૬) રોહણિઆ મુનિ રાસ સં. ૧૬૮૪ પોસ શુ. ૭ ગુરૂ ખંભાત

આદિ— દુહા.

સારસ કોમલ બુદ્ધિ ભલી, આલે વચન પવીત્ર,
સરસતિ ભગવતી ભારતી, કરજે મુખ પવીત્ર. ૧

બ્રહ્માણિ બ્રહ્મવાદની, હું છું તાહારો દાસ,
તુઝ આધારઈ કવી કવઇ, રોહણીઆનો રાસ. ૨

* * * *

અંતે—

ઢાલ કહિણી કરણી તુઝ વિણુ સાચો.

ગુણ ગાઉં રોહણિઆ કેરા, વીરતણો શિષ્ય જેહોજી,
વ્યસન નિવારી સંયમધારી, શિવગતિગામી તેહોજી. ગુણ૦ ૩૦
ગુણતાં ભણતાં સુણતાં સુખ બહુ, નાંમિ નવનિધિ થાઇજી,
ઇસ્યા પુરૂષની કથા કરંતાં, ચિરકાલ પાતિક જાયોજી. ૩૧
રિદ્ધિ રમણી ઘરિ રૂપ ભલેરૂં, ઉત્તમ કુલ બહુ આયજી,
રોહણિઆનું નામ જપંતા, સકલ સિદ્ધિ ઘરિ થાઇજી. ૩૨
ઇસ્યા પુરૂષની કથા સુણિનઇ, ચેતઇ નર ગુણવંતોજી,
પાપ કરમથી પાછો ભાગઇ, તે જગિ ઉત્તમ જંતોજી. ૩૩
કર્ણુંરસિ કરી મુખમાંડતાં, પાતિક નવિ પરિહરતોજી,
શુકના પાઠપરિ તસ પરઠો મછપરિ નર નીરતોજી. ગુ. ૩૪
જલધોયો ને ન થયો ચોખો, બહુલ કરમ નર એહવાજી,
વીરવચન જલમાંહિ ઝીલંતા, રહ્યા તેહવાના તેહવાજી. ગુ. ૩૫
સૂડો રામનું નામ જપતો, પણિ કાંઇ ભેદ ન જાંણઇજી,
કરણવતી જિનવચન સુણતો, મનિ વઇરાગ ન આંણઇજી. ગુ. ૩૬
સુણી સાંભલીનિં સ્યું સાધ્યું, ચેત્યા તે નર સારોજી,
રોહણિઆ પરિં સંયમ લેતા, કઈ શ્રાવક વ્રત બારોજી. ગુ. ૩૭
અનુક્રમિં સુરનાં સુખ પામઈ, પછઇ મુગતિમાંહિ જાઇજી,
રોહણ કુંવરનો રાસ રચતાં, સકલ સંઘ સુખ થાઇજી. ગુ. ૩૮
રચ્યો રાસ ત્રંબાવતીમાંહિ, જિહાં બહુ જનનો વાસોજી,
કોટ ભલો જિનમંદિર મોટાં, સાયરતીરિં આવાસોજી. ગુ. ૩૯
પોષધશાલા મુનિ વાચાલા, પુજામહોચ્છવ થાઇજી,
તેણિ થાનકિ એ રાસ રચ્યો મઇ, સહિ ગુરૂ ચરણ પસાઇજી. ૪૦

તપગચ્છ નાયક સવિસુખદાયક, વિજયાણંદ ગુણધારીજી,
મીઠી મધુરી જેહની વાણી, જેણિં તાર્યા નરનારીજી. ૪૧
શ્રવક જેહનો સમકિત ધારી, પૂજઇ જિનવર પાયજી,
પ્રાગવંસ સાંગણ સુત સોહઇ, રિષભદાસ ગુણગાઇજી. ૪૨
સંવત દિગ દિગ રસ ભૂભાણું ૧૬૮૪ પોસ માસ તિહાં સારોજી,
ઉજવલ સાતમિ દોષ રહિત છઇ, પ્રગટ ઉદય ગુરૂવારોજી. ૪૩
ભલો સંવછર વિક્રમ ત્યારિં, વરસિં ઝાઝા મેહોજી,
સુલભ્ય સુગાલ હુઓ જગમાંહિ, દીપઇ પુરૂષનાં દેહોજી. ૪૪
શુભ લગનિં નઇ સાર નખ્યત્રિં, કીધો રાસ રસાલોજી,
રિષભ કહિ રોહણિઆનાંમિં, સુષ પામઇ ચિરકાલોજી. ૪૫

—ગાથા ૩૪૫. સ્વલિખિત પ્રત—વિ. ધ. ૧૭-૧૦.

આની અંદર દેશીઓ આ પ્રમાણે છેઃ--ચોપઇ, ૨ એક આવ્યો અણુનો દાણોરે. ૩ ચંદ્રાણ્યની, ૪ લંકામાં આવ્યા શ્રી રામરે, ૫ ઉલાલાની, ૬ ચોપઈ, ૭ સૂરસુંદરિ કહઇ સિર નામી, ૮ ચાલ્ય ચતુર ચંદ્રાનની, ૯ તો ચઢી ધનમાન ગજે, ૧૦ નાચતી જિનગુણ ગાય મંદોદરી, રાવણ વેણા વાહઇ-રાગ ગોડી. ૧૧ કાંહાન વજાડઇ વાસલી ૧૨ ચોપાઇ ૧૩ ત્રિપદીનો ૧૪ વીજય કરી ઘરિ આવીઆ. ૧૪ ચોપઈ ૧૫ ચોપઈ ૧૬ મુકાવોરે મુઝ ધરનારિ. રાગ મારૂણી. ૧૭ પૂણ્યવંતા જગી તે નરા. ૧૮ ચોપઇ ૧૯ કહઇણી કરણી તુઝ વ્યણ સાચો.

(૪૦૭) હીરવિજય સૂરિના બારબોલનો રાસ. સં. ૧૬૮૪ શ્રા૦ વ. ૨ ગુરૂ.

આદિ— (દૂહા.)

ગઉતમ ગણધરગુણ સ્તવું, સારદ તુઝ આધાર,
બાર બોલ ગુરૂ હીરના. વ્યવરી કહું વીચાર. ૧
બાર બોલ કે બાર મેઘ, કઇ બારહ આદીત્ત;
બાર ઉપાંગ એહનિ કહું. હીરવચન બહુ વીત. ૨

બાર વરત શ્રાવક તણાં, જ્યમ તારૂઈ નરનારિ;
બાર બોલના વાપરિં, ત્યમ તારઇ સંસારિ. ૩
બાર બોલ ગુરૂ હીરના, આરાધઇ નર જેહ;
બારઈ સરગનાં સુખ વલી, સહી પામઇ નર તેહ. ૪

* * * *

અંતે—

કહિણુ વડાનિં ચાલઇ જેહ, બેહુ ભાવિં પૂજાઈ તેહ;
થોડા કાલમ્હા મુગતિ જાય, રીષભદાસ ગુણ તેહેના ગાય. ૮૯
સંવત વેદ૪ દીગ૮ અંગનિં૬ ચંદ્ર૧, શ્રાવણ માસ હુઉ આણંદ;
કૃષ્ણપખિ હુંઈ દૂતીઆ સાર, ઉત્તમ સૂર જગમ્હા ગુરૂવાર. ૯૦
મઘા નખ્યત્ર વરસઈ જેણીવાર, બાર બોલ રચ્યા સ્તવ સાર;
ભણતાં ગુણતાં જઇ જઇકાર, હીર ભગત ધરિ મંગલ ચ્યાર. ૯૧

ઢાલ હીંચ્યરે હીંચ્યરે–રાગ ધ્યનાસી.

ચ્યાર મંગલ સહી, ચ્યાર મંગલ સહી, હીરના નામથી હંવર હાર્યો,
સોવન રથ પાલખી, સૂંદરી સુખ બહુ, ઝૂલતા હાથીઆ કોડિ બાર્યો;
ઉલગ કરઇ ધરિ દેવ નાર્યો. ચ્યાર મંગલ સહી—૨ આચલિ.
હીરપાટિં વિજયસેન સૂરીસ્વરૂં, શ્રી વિજયતિલકસૂરી તાસ પાટિં;
સૂરિ વિજયાનંદ તાસ પાટિં સહી, નામ જપતા સુખી વિષમ વાટિં;
નામ જપીઈ ગચ્છનાયક માટિં, ચ્યાર મંગલ. ૩
સૂરિ વિજયાનંદ મુનિ તણો શ્રાવક, સાહા સાગણ સુત રીષભદાસો;
પ્રાગવંસી વડો હીર ગુણ ગાવતો, સંઘ સકલ તણી પૂરી આસો;
લચ્છી પૂરે મઝ ઘઈરિ વાસો, ચ્યાર મંગલ. ૪

—ઇતિ શ્રી હીરવિજયસૂરિ બાર બોલ સંપૂર્ણ. ગાથા ૨૯૪

નોટ—' આ રાસ ૨૯૪ ટુંકનો છે. ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્દ્ધા અને વિખવાદ ચાલ્યા કરતો હતો. એ વિખવાદ સત્તરમા શતકમાં બહું વધી પ્રહયો હતો.. શ્વેતામ્બરો અને દિગં-

(૪૦૮) મલ્લિનાથ રાસ. સં. ૧૬૮૫ પોષ શુદિ ૧૩ રવિવાર ખંભાતમાં.

આમાં અંતમાં ખંભાતના તે વખતના ધોરી શ્રાવકોનો પરિચય આ પ્રમાણે આપ્યો છે:—

બંને વચ્ચેનો વિરોધતો બહુ જૂનો હતો, પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિ દેવસૂરિ અને કુમુદચંદ્ર (દિગંબર) વચ્ચેના શાસ્ત્રાર્થમાં દિગંબરોને હરાવી ગુજરાતના રાજ્યની હદપાર કરાવ્યા તે પછી એમને બેઉને કામ કરવાનાં ક્ષેત્ર બહુધા જુદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો; પણ સોળમા શતકમાં લુંકામત અને બીજા મત નીકળ્યા પછી એક ત્રીજાજ વિરોધીઓ સાથેનો વિરોધ પ્રબળ થઈ પડયો હતો. શ્વેતાંબર મતના ગચ્છો વચ્ચેની મતામતી પણ પ્રબળ થઈ પડી હતી. આવા અનેક વિરોધોને લીધે જૈનધર્મ માનનારા જુદા જુદા મતો વચ્ચે વેરવિરોધ એટલો પ્રબલ થઇ પડયો હતો કે જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર ચાલે નહિ. તપગચ્છના આચાર્ય વિજયદાનસૂરિએ (ધર્મસાગર કૃત) કુમતિકંદ કુદાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથ કોઇની પણ પાસે હોય તો તે અપ્રમાણ ગ્રંથ છે, માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર કર્યું હતું. એ ઉપરાંત તેમણે 'સાતબોલ' એ નામે સાત આજ્ઞાઓ જાહેર કરીને એકબીજા મતવાળાને વાદવિવાદની અથડામણ કરતા અટકાવ્યા હતા; પણ આટલાથી વિરોધ જોઇએ તેવો શમ્યો નહિ એથી વિજયદાનસૂરિની પછી આચાર્ય પદવી પામેલા હીરવિજયસૂરિએ સાત બોલ ઉપર વિવરણ કરીને 'બારબોલ' એ નામે બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. પ્રમાણ અને દૃષ્ટાંત વડે એ બાર બોલનો હેતુ સ્પષ્ટ કરવાને ઋષભદાસે આ રાસ રચ્યો છે. (મ૦ બ૦) આ બાર બોલ માટે જુઓ જૈન શ્વે. કો. હે. નો ઐતિહાસિક અંક. ૧૯૧૫ ના ભેળા ૭-૯ અંક.

" પારિષ વજીઓ નિં રાજીઓ, જસ મહિમા જગમ્હા ગાજીઓ,
અઉઠ લાષ રૂપક પૂણ્યઠામિ, અમારિ પળાવી ગામોગામિ. ૨૮૨
ઓસવંસિ સોની તેજપાલ, શેત્રુંજ-ગીર ઊધાર વીસાલ,
લ્હાહારી દોય લાષ ષરચેહ, ત્રીંબાવતીનો વાસી તેહ. ૨૮૩
સોમકરણુ સંઘવી ઉદઇકરણુ, અધલષ્ય રૂપક ઢ્વે પુણ્યકરણુ,
ઉસવંસિ રાજા શ્રીમલ, અધલષ્ય રૂપકિ ષરચઇ ભલ. ૨૮૪
ઠકર જયરાજ અનિં જસવીર, અધલષ્ય રૂપક ષરચઇ ધીર,
ઠકર કીકા વાઘા જેહ, અધલષ્ય રૂપક ષરચઇ તેહ. ૨૮૫

આની પ્રત વિ. ધ. ભંડારમાં છે, પણુ તે જોવા મળી શકી નથી તેથી તેની પ્રશસ્તિ તેમજ આદિ મૂકી નથી.

(૪૦૯) +હીરવિજયસૂરિ રાસ. સં. ૧૬૮૫ આશો શુ. ૧૦ ગુરુ. ખંભાતમાં.

આદિ—

સરસતી ભાષા ભારતી, ત્રિપુરા શારદ માય,
હંસગામિની બ્રહ્મસુતા, પ્રણુમું તારા પાય. ૧
બ્રહ્માણી બ્રહ્મચારિણી, બ્રહ્મવાદિની માત,
દેવકુમારી ભગવતી, તું જળમાં વિખ્યાત. ૨
હંસવાહની હરષતી, આપે વચનવિલાસ,
વાગેશ્વરી વદને રમે, પોહોચે મનની આશ. ૩
કાશ્મીર મુખમંડણી, કમળ કમંડળ પાણિ,
મુજમુખ આવી તું રમે, ગુણુ સઘળાની ખાણિ. ૪
આગમ વેદ પુરાણુમાં, વાણી તુજ બખાણુ,
તું મુખ આવી જેહને, તે પંડિત તે જાણુ. ૫
પુંડરીક પ્રમુખા વળી, ગણુધર જે ગુણુવંત,
તિણે ધુર સમરી સરસતી, સમજ્યા ભેદ અનંત. ૬
સ્વામિ સુધર્મા વીરનો, રચતો અંગ સુ બાર,

શારદ ભાષા ભારતી, તે તાહરો આધાર. ૭
સિદ્ધસેન દિવાકર, સમરિ તાહરૂં નામ,
વિક્રમ નૃપ પ્રતિબોધિયો, જિણેં કીધાં બહુ કામ. ૮
હેમસૂરિ વદને વસિ, હવી વચનની સિદ્ધિ,
ગ્રંથ ત્રિકોટિ તિણેં કીઓ, ઈસી ન કેહની બુદ્ધિ. ૯
શ્રી હર્ષ તુજને નમે, શારદ નામજ સોળ,
નૈષધ ગ્રંથ તિણે કર્યો, બોલ્યો વચનકલ્લોલ. ૧૦
પંડિત માઘ મહિમા ઇસો, જશ કીરતિ કાલિદાસ,
તું તૂઠી ત્રિપુરા મુખેં, પોહોતી તેહની આશ. ૧૧
શોભનબંધુ ધનપાળને, ઉપજાવ્યો આનંદ,
ધારાપતિ તિણેં બૂઝવ્યો, વાંકો ભોજનરિંદ. ૧૨
એહવી સુંદર શારદા, સમર્યે સીધાં કામ,
પઢમ જિનેસ્વર સુખકર, સમરૂં તેહનું નામ. ૧૩
પ્રથમ રાયરિખિ કેવળી, પ્રથમ ગોચરી જ્ઞાન,
યુગલાધર્મ નિવારીઓ, પ્રથમેં દીધો દાન. ૧૪
દેશ નગર પુર વાસિયાં, પરણ્યા પ્રથમ જિણંદ,
કળા કરમ સહુ શીખવ્યું, સકળ લોક આણંદ. ૧૫
મુગતિ દીધી તેં માયને, ઉદ્ધરીઓ શ્રેયાંસ,
પુત્ર હુઆ સો કેવળી, ધન ધન તાહરો વંશ. ૧૬
દશ હજાર મુનિસું વળી, મુગતિ ગયા ભગવંત,
અનેક જનને ઉદ્ધર્યા, ઋષભદેવ ગુણવંત. ૧૭
સમરૂં તે ભગવંતને, ગણધર કરૂં પ્રણામ,
કેવલજ્ઞાની મુનિ નમું, સમર્યે સીઝે કામ. ૧૮
શીલવંત તપીઆ મુનિ, હું પણ તેહનો દાસ,
સકળ સિદ્ધ સમરી કરી, રચ્યું હીરનો રાસ. ૧૯

* * * *

અંતે—

(ઢાલ–હીચ્યરે હીચ્યરે હીયય હીંડોલડે–એ દેશી.)

સરસતી શ્રીગુરૂ નામથી નીપનો, એ રહ્યા જિહાં રવિચંદ ધરતી,
ઇંદ્રિ વિમાન યુગ તાં લગિ જાણજો, દ્વીપસમુદ્ર હુઈ જેહ ફરતી સર. ૧
કવણ દેસે થયો કવણ ગામે કહ્યો, કવણ રાજ્યે લહ્યો એહ રાસો,
કવણ પુત્રે કર્યો કવણ કવિતા ભયો, કવણસંવત્સરે કવણ માસો. સર.૨
કવણ દિન નીપનો કવણ વારેં ગુરેં,
કરીઅ સમસ્યા સહૂ બોલ આણે,
મૂઢ એણિ અક્ષર સોય સ્યું સમજસ્યે,
નિપુણ પડિત નરા તેહ જાણે. સર. ૩

(ચોપઇ.)

પાટણમાંહિ હુઓ નર જેહ, નાત ચોરાસી પોષે તેહ,
મોટા પુરૂષ જગે તેહ કહેસ, તેહની નાતને નામે દેસ.
(ગૂજ્જર દેસ). ૧
આદિ અખ્યર વિન 'બીબે' જોય, મધ્ય વિના સહુકોનેં હોય,
અંત્ય અક્ષર વિન ભુવન મઝારી, દેખી નગર નામ વિચાર. ૨
(ખંભાત.)
"ખડગ' તણો ધુરિ અક્ષર લેહ, અખ્યર 'ધરમ'નો બીજો જેહ,
ત્રીજો 'કુસુમ' તણો તે ગ્રહી, નગરીનાયક ફીજે સહી. ૩
(ખુરમ પાતશા.)
નિસાંણ તણો ગુર અખ્યર લેહ, લઘુ દોય 'ગણ' પતિના જેહ.
ભેલી નામ ભલું જે થાય, કવિ કેરો તે કહું પિતાય. ૪
(સાંગણ.)
ચંદ અખ્યર ઋષિ ધરથી લેહ, મેઘલા તણો નયણમો નેહ,
અખ્યર ભવનમો શાલિભદ્ર તણો, કુસુમદામનો વેદમો ભણો. ૫
વિમલવસહી અખ્યર બાણમો, જોડી નામ કરો કાં ભમો,
શ્રાવક સોય એ રંસ નીપાત, પ્રાગવંશ વીસો વિખ્યાત. ૬

(ઋષભદાસ.)

દિશિ આગળ લેઇ ઇંદ્રિહ ધરો, કાલ સોય તે પાછળ કરો,
કવણ સંવત્સર થાયે વળી, ત્યારે રાસ કર્યો મન રલી. ૭

(૧૬૮૫)

વૃક્ષમાંહિ વડો કહેવાય, જેણે છાંહિ નર દુષ્ટ પલાય,
તે તરૂવરને નામે માસ, કીધો પુણ્ય તણો અભ્યાસ. ૮

(આસો માસ.)

આદિ અખ્યર વિન કો મમ કરો, મધ્ય વિના સહુએ આદરો,
અતિવિના સિરિ રાવણ જોય, અજુઆલી તિથિ તે પણ હોય. ૯

(દસમ.)

સકલ દેવ તણો ગુરૂ જેહ, ઘણા પુરૂષને વલ્લભ તેહ,
ધરે આવ્યો કરી જયજયકાર, તેણે વારે કીધો વિસ્તાર. ૧૦

(ગુરૂવાર)

દીવાલી પહેલું પરવજ જેહ, ઉદાઇ કેડે નૃપ બેઠો તેહ,
બેહુ મળી હોયે ગુરૂનું નામ, સમર્યે સીઝે સઘળાં કામ. ૧૧

(વિજયાણુદ સૂરિ)

ગુરૂ નામે મુજ પોહોની આસ, ત્રંબાવતીમાં કીધો રાસ,
સકલ નગર નગરીમાં જોય, ત્રંબાવતી તે અધિકી હોય. ૧૨

સકલ દેસ તણો શિણગાર, ગુજ્જર દેસ નર પડિત સાર,
ગુજ્જર દેસના પંડિત બહુ, ખંભાયત આગળ હારે સહુ. ૧૩

જિહાં વિવેક વિચાર અપાર, વસે લોક જિહાં વર્ણ અઢાર,
ઓળખાયે જિહાં વર્ણાવરણ, સાધુ પુરૂષનાં પૂજે ચરણ. ૧૪

વસે લોક વારૂ ધનવંત, પહેરે પટોળાં નર ગુણવંત,
કનકતણા કંદોરા જડયા, ત્રિણ્ય આંગળ તે પુહુળા ઘડયા, ૧૫

હીરતણો કંદોરા તળે, કનકતણાં માદળીયાં મળે,
રૂપક સાંકળી કુંચી ભરી, સોવન સાંકળી ગળે ઉતરી. ૧૬

વડા વાણીઆ જિહાં દાતાર, સાલુ પાઘડી બાંધે સાર,
લાંબી ગજ ભાખું પાંત્રીસ, બાંધતા હરખે કરનેં સીસ. ૧૭
ભઇશ્વની એગતાઇ જ્યાંહિ, ઝીણા ઝં(એ)ગા પહેર્યા તે આંહિ,
ટ્ટી (છટી) રેસમી કેહેડે ભજી, નવગજ લંબ સવા તે ગજી. ૧૮
ઉપર ફાળીયું બાંધે કોઇ, ચ્યાર રૂપૈયાનું તે જોઇ,
કોઇ પછેવડી કોઇ પામરી, સાઠિ (ત્રીશ) રૂપૈયાની તે ખરી. ૧૯
પહિરિ રેશમી જેહ કબાય, એક શત રૂપૈયા તે થાય,
હાથે બહેરખા બહુ મુદ્રિકા, આવ્યા નર જાણું સ્વર્ગથકા. ૨૦
પગે વાણહિ અતિ સુકુમાલ, શ્યામ વર્ણ સબળી તે જાળ,
તેલ ફુલ સુગંધ ને સ્નાંન, અંગે વિલેપન તિલક ને પાન. ૨૧
એહવા પુરૂષ વસે જેણે ઠાહિ, સ્ત્રીની સોભા કહીય ન જાય,
રૂપૈ રંભા બહુ શિણગાર, ફરી ઉત્તર નાવે ભરતાર. ૨૨
પા. નિત્ય ઉઠી વંદે અણગાર—

કસ્યુ નગર તે ત્રંબાવતી, સાયર લહર જિહાં આવતી,
વાહાણ વખાર તણો નહિ પાર, હાટે લોક કરે વ્યાપાર. ૨૩
નગર કોટ ને ત્રિપોલીઉં, માણુકચોકે બહુ માણસ મિલ્યું,
ચોહોરે કુંગી (કૂણી) ડોડી સેર, આલે દોકડા તેહના તેર. ૨૪
ભોગી લોક કરિયા જિહા વસે, દાન વરે પાછા નવિ ખસે,
ભોગી પુરૂપ ને કરૂણાવંત. વાણિગ છોડિ બાંધ્યા જંત. ૨૫
પશુ પુરૂષની પીડા હરે, માંદા નરને સાજા કરે,
અજા મહીષની કરે સંભાલ, શ્રાવક જીવદયા પ્રતિપાળ. ૨૬
પંચ્યાસી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણુ તિહાં ઘંટાનાદ,
પા. ઇંદ્રપુરીશું કરતા વાદ.

પસ્તાલીસ જિહાં પૌષધશાળ, કરે વખાણુ મુનિ વાચાળ. ૨૭
પા. પોષધશાલા જિહાં બહુ તાલ.
પડિકકમણું પૌષધ પૂજાય, પુણ્ય કરંતા ઘાહા જાય,
પ્રભાવના વ્યાખ્યાનેં જ્યાંહિ, સાહામિ વાચ્છલ્ય હોયે પ્રાહિ. ૨૮

ઉપાશરો દેહરૂં ને હાટ, અત્યંત દુર નહિ તે વાટ,
ઠંઢિલ ગોચરી સોહિલ્યા આંહિ, મુનિ અહિં રહેવા હીડે પ્રાહિં. ૨૯

ઇસ્યું નગર ત્રંબાવતી વાસ, હીરતણો તિહાં જોડયો રાસ,
પાતશા ખુરમ નગરનો ધણી, ન્યાય નીતિ તેહનિ અતિ ઘણી. ૩૦

તાસ અમલે કીધો મેં રાસ, સાંગણ સુત કવિ ઋષભદાસ,
સંવત સોળ પંચ્યાસીઓ (૧૬૮૫) જસેં, આસો માસ
દસમી દિન તસે. ૩૧

ગુરૂવારે મેં કીધો અભ્યાસ, મુઝ મન કેરી પુહુતી આસ,
શ્રી ગુરૂનામે અતિ આણુંદ, વંદું વિજયાણુંદ સૂરીંદ. ૩૨

ઢાલ–ઉતારો આરતી અરિહંતદેવ–રાગ ધન્યાસી.

વંદીયે વિજયાણુંદ સૂરિરાય, નામ જપંતા સુખ સબળું થાય. વં. ૧
તપગછ નાયક ગુણ નહિ પારો, પ્રાગવશે હુઓ પુરૂષ તે સારો. વં. ૨
સાહ શ્રીવંતકુલે હંસ ગયંદો, ઉદ્યોતકારી જિમ દિનકર ચંદો. ૩
લાલબાઈ સુત સીંહ સરિખો, ભવિક લોક મુખ ગુરૂનું નીરખો. ૪
ગુરૂ નામે મુજ પોહોતી આસો, હીરવિજયસુરિનો કર્યો રાસો. ૫
પ્રાગવંશે સંઘવી મહિરાજો, તેહ કરતો જિનશાસન કાજો. ૬
સઘપતિ તિલક ધરાવતો સારો, શેત્રુંજ પૂજી કરે સફળ અવતારો. ૭
સમકિતસાર વ્રત બારનો ધારી, જીનવર પૂજા કરે નીત સારી. ૮
દાન દયા દમ ઉપર રાગો, તેહ સાધે નર મુગતિનો માગો. ૯
મહિરાજ તણો સુત અતિ અભિરામ, સંઘવી સાંગણ તેહનું નામ. ૧૦
સમકિત સાર ને વ્રત જસ બારો, પાસ પૂજી કરે સફળ અવતારો. ૧૧
સંઘવી સાંગણનો સુત વારૂ, રાસ જોડી હુઓ બહુ જન તારૂ. ૧૨
એક કહે કરૂં ખરો જબાપો, ઘે ઉપદેશ ચેતે કંઇ આપો. ૧૩
અંગારમર્દક આચારજ હુઓ, અન્ય તારી પોતે બુડતો જૂઓ. ૧૪
નંદિષેણ ગણિકા ઘરિ જ્યારેં, આપ બૂડે અન્યને તારે. ૧૫
ઋષભ કહે ભલું પૂછ્યું પરમ, બિંદુઆ જેટલો સાધીયેં ધરમ. ૧૬

આણુંદ શંખ ને પુષ્કલી જોય, બરાબરી તસ કુણે નવિ હોય. ૧૭
ઉદયન બાહડ જાવડસાય, તેહના પગની રજ ન થવાય. ૧૮
વીરમારગ વહી કાંઇ પુણ્ય કીજે, ઉગતે સૂરેં જિન નામ
સહી લીજે. ૧૯
પ્રહિ ઊઠી પડિકકમણું કરીયે, દોય આસણુ વ્રત અંગે ધરીયે. ૨૦
વ્રત બાર ચોદ નિયમ સંભારો, દેસના દેઇને નરનારી તારો. ૨૧
ત્રિકાળ પૂજા જિન નિત્ય કરવી, દાન પાંચેં દેઉ શક્તિ
મુજ જેહવી. ૨૨
નિત્યેં દસ દેવળ જિનતણાં જોહારૂં, અક્ષત મુકી નિજ
આતમ તારૂં. ૨૩
આઠમિ પાખી પોષધ પ્રાહિં, દિવસ રાત સિજ્ઝાય કરૂં ત્યાંહિ. ૨૪
વીરવચન સુણી મનમાંહિ ભેદું, પ્રાહિ વનસ્પતિ નવિ છેદું. ૨૫
મૃષા અદત્ત પ્રાહિં નહિં પાપ, શીળ પાળું તન વચને આપ. ૨૬
નિત્ય નામું જિન સાધુને સીસો, થાનક આરાધ્યાં વળી વીસો. ૨૭
દોય આલોયણુ ગુરૂ કન્હે લીધી, અઠ્ઠમિ છઠિ સુદ્ધ આતમિ કીધી. ૨૮
શેત્રુંજ ગિરિનાર શંખેસર યાત્રો, રાસ લષી ભણાવ્યા બહુ છાત્રો. ૨૯
સુખશાતા મનીલ ગણું દોય, એકપગે જિન આગળ સોય. ૩૦
નિત્યેં ગણવી વીસ નોકરવાલી, ઉભા રહી અરિહંત નિહાળી. ૩૧
તવન અઠાવન ચોત્રીસ રાસો, પુણ્ય પસર્યો દીયે બહુ સુખ વાસો. ૩૨
ગીત થુઇ નમસ્કાર બહુ કીધા, પુણ્ય માટે લિખી સાધુનેં દીધા. ૩૩
કેટલાએક બોલની ઇચ્છા કીજે, દ્રવ્ય હોય તો દાન બહુ દીજે. ૩૪
શ્રી જિનમંદિર બિંબ ધરાવું, બિબ પ્રતિષ્ઠા પોઢી કરાવું. ૩૫
સંઘપતિ તિલક ભલુંજ ધરાવું, દેસ પરદેસ અમારિ કરાવું. ૩૬
પ્રથમ ગુણઠાણાને કરૂં જઇનો, કરૂં પુણ્ય સહિત નર જેહ છે હીનો. ૩૭
એમ પાલું હું જૈન આચારો, કહેતાં સુખ લઘુતા અપારો. ૩૮
પણ મુજ મનતણો એહ પ્રણામો, કોએક સુણી કરે આતમ કામો. ૩૯
પુણ્ય વિભાગ હોય તવ મ્હારે, ઇસ્યું ઋષભ કવિ આપ વિચારે. ૪૦
પર ઉપગાર કાજેં કહિ વાત, મનતણો પણ સંદેહ જાત. ૪૧

ઢાળ-હીંચ્યરે હીંચ્યરે હઈંથિ હીંડોલડે-રાગ ધન્યાસી.

વંધરે વંધરે વંધ ગુરૂ **હીર**ને, મંત્ર સમાન છે **હીર** નામો;
જન્મ જ્યારેં હવો ઘેર આણુંદ ભલો, કરત ઉદ્ધાર કરી આજ તામો.
વંધરે. ૧

હીરવિજયસૂરિ દીખ દીધા પછી, ગછની જ્યોતિ તે સબળ જાણે;
ગછનાયક વડો **રાજ**વિજયસૂરિ, શ્રી વિજયદાનને પાય લાગે. ૨
હીર પદવી લહે જામ જગમાં વળી, તામ **શેત્રુંજ** મુમતોજ થાય;
પરિવારસ્યું પરિવર્યો તિલક મસ્તક ધરી, સાહ ગલ્લો **શેત્રુંજ** જાય. ૩
સાધુપૂજા સહિ વિહારવિધિ ભલ થઇ, ધર્મ ને કર્મ તે સુખેંજ ચાલે;
હીરરે હીરરે જપે જિકો માલ્હાયે, તેહ જગે ઋદ્ધિ રમણીસ્યું માલે.
વધરે. ૭

ઋષભ રંગે સ્તવે અગ શાતા હવે, સંઘ સકળ તણે સુખ હોયે;
સુરનર નારીયાં પંખીયાં સુખ લહે, હીરનું નામ જપતાં જિ કોયે.
વંધરે. ૮

—સં. ૧૭૨૪ વર્ષે ભાદ્રવા શુદિ ૮ શુક્રે શ્રીમત્તપાગચ્છે ભટ્ટારક શ્રી. ૨૧ શ્રી વિજયરાજસૂરીશ્વર રાજ્યે સકલપંડિતસભાશૃંગારહાર ભાલ સ્તલ-તિલકાયમાન પંડિત શ્રી ૭ શ્રી દેવવિજયગણિ શિષ્યઃ પંડિનોત્તમ પંડિતપ્રવર પંડિતશ્રી ૫ શ્રી તેજવિજયગણિ શિષ્યઃ પંડિતશ્રી ૩ શ્રી ષિમાવિજયગણિ શિષ્ય મુનિ સૂરવિજયેન લિખિતમ્. શ્રી સાદડી નગરે શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્. સ્વયં વાચનાર્થં મિતિ શ્રેયઃ—

—સંવત્ ૧૮૨૫ ના વર્ષે માસોત્તમ માસે જ્યેષ્ઠ-માસે શુકલપક્ષે પૂર્ણિમાયાં હિમવાસરે લિખિતાશ્ચ પં. અમૃતવિજયેન, શ્રી મુનિસુવ્રત પ્રસાદાત્-ભરૂચ પ્રતિ.

—પ્ર-આ. કા. મહોદધિ મૈ. ૫.

—ઇતિ **હીરવિજય સૂરીશ્વર રાસ** સંપૂર્ણમ્ ॥ સંવત ૧૭૫૯ વર્ષે અશ્વિન વદિ ૧૨ બુધવાસરે શ્રી ખંભાએત્ય બંદિરે લેખકપાઠકયોઃ કલ્યાણમસ્તુ. શ્રીરસ્તુ ॥ લેખકપાઠકયો ચિરંજીયાત્.

યાદૃશં પુસ્તકં દૃષ્ટ્વા તાદૃશં લિખિતં મયા
યદિ શુદ્ધ મશુદ્ધં વા મમ દોષો ન દીયતે. ૧
અદૃષ્ટિ દોષાન્મતિવિભ્રમાદ્વા, યત્કિંચિદૂન લિખિતં મયાત્ર
તત્સર્વમાર્યૈઃ પરિશોધનીયં કોપો ન કાર્યો ખલુ લેખકસ્ય. ૨
મંગલં લેખકાનાં ચ પાઠકાનાં ચ મંગલં
મંગલં સર્વલોકાનાં ભૂમૌ ભૂપતિ મંગલં. ૩
ભગ્ન પૃષ્ટિ કટિગ્રીવા ઉર્ધ્વદૃષ્ટિ રધોમુખં
કષ્ટેન લિખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્ ॥ ૪—પા. ૧૦૭-૧૫ આ. ક.

—સં. ૧૮૨૫ માસોત્તમ માસે જ્યેષ્ટ માસે શુક્લપક્ષે પૂર્ણિમાયાં હિમવાસરે લિ૦ પં. અમૃતવિજયેન શ્રી મુનિસુવ્રતપ્રસાદાત્. ૫૯-૧૪ ભ૦

(૪૧૦) અભયકુમાર રાસ. સં. ૧૬૮૭ કાર્તિક વદ ૯ ગુરૂ. ખંભાત.

અંતે—

રચ્યો રાસ ત્રંબાવતીમાંહે, જિહાં બહુ જિનનો વાસોજી,
દૂરગ ભલો જિનમંદીર મોટાં, સાયર તીરઈ અવાસોજી—મુ. ૧૦૦૦
ષોષધશાલા સ્વાંમીવછલ, પૂજા મહોછવ થાઇજી,
તેણઈ થાનકિં એ રાસ રચ્યો મેં, સિંહ (સહિ) ગુરૂ ચરણ પસાઇજી—
મુ. ૧૦૦૧

તપગછ નાયક શુભસુખદાયક, વિજયાનંદ ગુણ ધારીજી,
મીઠી મધૂરી જેહની વાંણી, જેણે તાર્યા નરનારીજી—મુ. ૧૦૦૨
શ્રાવક તેહનો સમકીતધારી, પૂજે જિનવર પાઇજી,
પ્રાગવંશ સાંગણસુત સોહે, રીષભદાસ ગુણ ગાઇજી—મુ. ૧૦૦૩
સંવત્ ૭સાયર ૮દિગ ૬રસ ૧ધરતી, કાત્તિક મહિનો સારોજી,
બહુલ પષ્ય દીન નવમિ ભલેરી, વાર ગુરૂ ચીત ધારોજી—મુ. ૧૦૦૪
અભયકુમાર મંત્રીસર કેરો, કીધો રાસ રસાલોજી,
રીષભ કહે રંગઇ જે સુણસેં, તે સુખીઆ ચીરકાલોજી—મુ. ૧૦૦૫
મુગતિ પૂરીમાંહિ ઝીલેસિં.

—ઇતિ શ્રી રિષભદાસ વિરચિતે અભયકુમાર રાસ સંપૂર્ણ. લેખક પાઠકચો ચિરંજીયાત્ ॥ બરહાંનપુરે ॥ સંવત્ ૧૭૭૧ વર્ષે અશ્વિન વદી ૨ ભૌમે.

[Deccan College Library No. 1577 of 1891-95]

—ભાવ૦ કુલ કડી ૧૦૧૪) અમ.

(૪૧૧) ઋષભદેવનો રાસ.
(૪૧૨) ક્ષેત્રપ્રકાશ રાસ.
(૪૧૩) સમયસ્વરૂપ રાસ.
(૪૧૪) દેવગુરૂ સ્વરૂપ રાસ.
(૪૧૫) શેત્રુંજય રાસ.
(૪૧૬) નવતત્વ રાસ.
(૪૧૭) કુમારપાલનો નાનો રાસ.
(૪૧૮) જીવંત સ્વામીનો રાસ.
(૪૧૯) ઉપદેશમાલા રાસ.
(૪૨૦) શ્રાદ્ધવિધિ રાસ.
(૪૨૧) આર્દ્રકુમાર રાસ.
(૪૨૨) પુણ્યપ્રશંસા રાસ.
(૪૨૩) કઇવન્નાનો રાસ.
(૪૨૪) વીરસેનનો રાસ. હવે ટૂંકી કૃતિઓ જોઇએ.

૧.+ નેમિનાથ સ્ત. સં. ૧૬૬૭ પોશ શુ. ૨ ગુરૂ ઋષભનગર (ખંભાત)માં.

જુઓ અને સરખાવો કૃતિ નં. (૩૯૫ ક) પૃ. ૪૧૭.

આદિ—

સરસતિ સામિણિ પાયે નામીજી, ગાયસ્યું નેમિજિણંદ,
જાદવકુલમંડણ ઉપનોજી, પ્રગટયો પૂનમચંદ;
સુણો નર નેમ સમો નહિ કોય.

અંતે— કલસ.

વંદો વંદોરે, નેમિનાથ બાવીસમા, જેહણે કીધોરે સંઘ ઉદ્ધાર,
એ નરનારી શુભ મતિરે, પોતા મુગતિ મઝાર.
વંદો વંદો નેમનાથ બાવીસમોરે, સંવત સોલચોસઠે એ મેં શુણ્યોરે,
—પાઠાંતર સોલસોસઠ–સડસઠ છે.
પોસ માસ શુદ બીજ, ગુરૂ ગણોરે રિખબનુઅરમેં સંથુણ્યોરે.
દય નેમિ જિનવર પુણ્યદિનકર સકલ ગુણમણિસાગરો,
જસ નામ જપીએ કર્મ ખપીએ, છૂટીએ ભવસાગરો.
તપગચ્છ મુનિવર સકલ સુખકર, શ્રી વિજયસેન સૂરીસરો,
તસ તણો શ્રાવક રીખબ બોલે, થૂણ્યો નેમિ જિણેસરો.

—કાને માતે અધૂ અદકૂ લખૂ હોએ તે મછામ દોકડો છે. ઉનાના વણાલ મોરારજી ભાવી, ચોપડામાથી પૃ. ૪૬–૫૨.

—જે. એ. ઈ. ના ભંડારમાં.

—ઉદયપુર ભંડાર.

પ્ર. ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩ પૃ. ૧૫૧–૧૫૭.

૨. આદીશ્વર આલોયણ સ્ત૦ સં. ૧૬૬૬ શ્રાવણ શુદ ૨ ખંભાતમાં.

આદિ— ચાલ ચોપાઈ.

શ્રી આદીસર વંદૂં પાય, વીનના નગરી કેરો રાય,
પ્રથમ તીર્થંકર રીખભજિણંદ, જસ મુખ દીઠે અતિ આણંદ. ૧
તેહ તણો પાય ઉલ્રાસરી, પાપ આલોઉં પરગટ કરી,
ચઉગતિ માંહે ભમતો જેહ, કીધાં કરમ કૂકરમ તેહ. ૨
* * * *

અંતે—

પુરવ પુણ્ય તણા અંકુરા, પ્રગટ થયા મુઝ આજરે,
શેત્રુંજ સ્વામિ નયણે નિહાળ્યો, સરિયાં મુઝ કાજરે.

સંવત ૧૬ છાસઠ વરસે, સાવણ સુદિ દન બીજેજી,
તંબાવટીમાંહે જન સાખે, પાપ પખાલી રીઝેજી. ૫૫

કલસ.

તું તરણ તારણ દૂરિતવારણ, સ્વામી આદિ જિણંદઓ,
પ્રભુ નાભિનંદન નયણ નિરખી હુઓ અતિ આણંદએ. ૫૬
તપગચ્છ ઠાકર વચન સાકર શ્રી વિજયસેન સૂરિતણો,
સાંગણ તણો સુત રીખભ બોલે, પાપ આલોઉં આપણો. ૫૭
—ઉનાવાળા મોરારજી વકીલના ચોપડામાંથી ૬૪–૬૮.

૩. મહાવીર નમસ્કાર.

આદિ—

વીર જિણંદ ચોવીસમો, ત્રિશલા જેની માય,
ભૂપ પિતા ભગવંતનો, નર સિદ્ધારથ રાય. ૧
સિદ્ધારથ કુલ ઉપનો, વર્દ્ધમાન જિન નામ,
તે જિણવરના ગુણ સ્તવૂં, પ્રેમે કરૂં પ્રણામ. ૨

* + * *

અંતે—

સંજમ ચોખું પાલિઉં, નિરમલ ગંગાનીર,
સકલ પાપનો ક્ષય કરી, મોક્ષ ગયા મહાવીર,
અરિહંત દેવ જે સિદ્ધ હુવા, સોય નમૂં નિસદીસ,
રીખભદાસ જિનને નમે, શ્રી સંઘની પૂરો જગીસ.
—ઉનાના મોરારજી વકીલનો ચોપડો પૃ. ૭૧–૭૨.

૪. આદીશ્વર વીવાહલો.

આદિ—

આદિ ધર્મ જિન ઉદ્ધર્યો, અવનિપતિ આધાર,
જુગલા ધરમ નિવારીઓ, પ્રથમ ધર્મ (જિન) અવતાર. ૧
પ્રથમ મુનીશ્વર જે હુવા, પ્રથમ તે કેવલજ્ઞાન,
પ્રથમ હુઆ ભિખ્યાર, પ્રથમ દીયાં જેણે દાંન. ૨

નાભિરાય કુલિ ઉપનઉં, મરૂદેવા જસ માય
ઋષભદેવ સુત જનમિઉ, સુરગિરિ ઉચ્છવ થાય. ૩
અષ્ટપ્રકાર કલસા કીયા, સાઠિલાખ એક કોડિ
નીર સુગંધઈ તે ભર્યા, ન્હાવણુ કરઇ કરજોડિ. ૪
પૂજી પ્રણમી સુર દીઈ, વીવર કુંડલ સાર,
જિનવર જિનઘરિ મૂંકીયા, હિયડઇ હરષ અપાર. ૫

* * * *

અંતે—

વર તપાગછપાટિઇં પ્રભુ પ્રગટીઓ, શ્રી વિજયસેનસુરિ પૂરી આસો,
ઋષભના નામથી સકલ સુખ પામીએ, કહે તે કવિતા નર
રીખભદાસો. ૬૯

—શ્રી ઉદેન મધે લખ્યો છે સંવત ૧૭૫૨ માહ વદ ૧૩ દને.
મોરારજી બાઇનો ચોપડો ૭૮-૮૩.

—સુશ્રાવિકા પદમાં શ્રાવિકા હરખાઇ પઠનાર્થં. સં. ૧૭૩૧ વર્ષે પોષ વદિ ૧૦ રવૌ લિખિતં. પ્ર. કા. —૩-૧૭ સેં. લા. નં. ૪૬૪.

૫. શ્રી શેત્રુંજય મંડણ શ્રી રૂષભદેવ જિનસ્તુતિ.

અંતે—

શ્રી વિજેસેન સુરીશ્વરરાય, શ્રી વિજયદેવ ગુરૂના પ્રણમુ પાય,
રીષભદાસ ગુણ ગાય. ૪. (જૈ. એ. તીર્થમાળામાં.)

૬+ સ્થૂલિભદ્ર સજ્ઝાય (સ્થૂલિભદ્ર ને કોશાનો સંવાદ)

આદિ—

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદારજો,
ચોમાસું આવ્યા કોસ્યા આગારજો,
ચિત્રામણ શાળીયે તપ જપ આદર્યા જો. ૧

અંતે—

પૂરવી થઇને તાર્યા પ્રાણી થોકજો, ઉજ્જલ ધ્યાને તે ગયા દેવલોકજો,
રૂષભ કહે નિત્ય તેને કરીયે વંદના જો. ૧૭

—ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩ પૃ. ૩૬૫.

૭+ ધૂલેવા શ્રી કેસરીયાજી સ્ત. (?)

આદિ—

ધૂલેવા નગરમાંહિ ઋષભ જિનેશ્વર, જગભૂસો કાંઈ ભટકે છે.

અંતે—

પ્રત્યક્ષ દેવ પરમગુરૂપાયો, ઋષભદાસ ગુણ રટકે છે. ધૂલેવા. ૪

૮+ માનપર સઝાય-૧૬ કડી

આદિ—

માન ન કરશોરે માનવી, કાચી કાયાનો શો ગર્વરે
સુરનર કિન્નર રાજીઆ, અંતે મરીગયા સર્વરે. માન. ૧

અંતે—

અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરો કોઇરે
કવિ ઋષભનીરે શીખડી, સાંભલજો સહુ કોઇરે. માન. ૧૬

—ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩.

આણંદજી કલ્યાણજીના ભંડારની હિતશિક્ષાની પ્રતમાં છેવટે નીચેની ટીપ આપી છેઃ—

સંઘવી ઋષભદાસ કૃત રાસની ટીપ લષીઈ છે.

૧ શ્રી ઋષભદેવનો રાસ ઢાલ ૧૧૮ ગાથા ૧૨૭૧ ગ્રંથા ૧૭૫૦ છેં.
૨ શ્રી ભરતેસ્વર રાસ ઢાલ ૮૩ ગાથા ૧૧૧૬ ગ્રંથ ૧૫૦૦ છેં.
૩ શ્રી જીવવિચાર રાસ ગાથા ૫૦૨ ગ્રંથ ૭૧૪ છેં.
૪ શ્રી ક્ષેત્રપ્રકાશ રાસ ગાથા ૫૮૪ ગ્રંથ ૮૫૬ છેં.
૫ શ્રી અજાપુત્રનો રાસ ગાથા ૫૬૯ ગ્રંથ ૭૭૫
૬ શ્રી શેત્રુંજ રાસ ગાથા ૩૦૧ ઢાલ ૨૦ ગ્રંથ ૪૧૨ છેં.
૭ શ્રી સમકિ તસાર રાસ ગાથા ૮૭૯ ગ્રંથ ૧૧૮૨ છેં.
૮ શ્રી સમયસ્વરૂપ રાસ ગાથા ૭૯૧ ગ્રંથ ૧૦૦૦ છેં.
૯ શ્રી દેવગુરૂ સરૂપ રાસ ગાથા ૭૮૫ ગ્રંથ ૧૦૫૮ છેં.
૧૦ શ્રી નવતત્વ રાસ ગાથા ૮૧૧ ગ્રંથ ૧૧૨૭ છેં.

૧૧ શ્રી થૂલિભદ્ર રાસ ગાથા ૭૨૮ ગ્રંથ ૧૦૦૦ છે.
૧૨ શ્રી વ્રતવિચાર રાસ ગાથા ૮૬૨ ગ્રંથ ૧૨૧૨
૧૩ શ્રી સુમિત્ર રાજાનો રાસ ગાથા ૪૨૪ ગ્રંથ ૫૨૫ છે.
૧૪ શ્રી કુમારપાલ રાજાનો રાસ ગાથા ૪૫૦૬ ગ્રંથ ૫૮૦૦
૧૫ શ્રી કુમારપાલનો નાહનો રાસ ગાથા ૨૧૯૨ ગ્રંથ ૨૭૫૦
૧૬ શ્રી જીવત સ્વામીનો રાસ ગાથા ૨૨૩ ગ્રંથ ૨૭૫ છે.
૧૭ શ્રી ઉપદેશમાલા રાસ ગાથા ૭૧૨ ગ્રંથ ૧૦૧૮
૧૮ શ્રી શ્રાદ્ધવિધિ રાસ ગાથા ૧૬૨૪ ગ્રંથ ૨૨૫૦
૧૯ શ્રી હિતશિખ્યા રાસ ગાથા ૧૮૬૨ ગ્રંથ ૨૩૨૫ છે.
૨૦ શ્રી પૂજાવિધિ રાસ ગાથા ૫૬૬ ગ્રંથ ૭૫૦ છે.
૨૧ શ્રી આર્દ્રકુમારનો રાસ ગાથા ૯૭ ગ્રંથ ૧૨૫
૨૨ શ્રી શ્રેણિકનો રાસ ગાથા ૧૮૩૯ ગ્રંથ ૨૩૦૦
૨૩ તવન ૩૩, ૨૪ નમસ્કાર ૧૩, ૨૫ થોયું ૭, ૨૬ તીર્થંકરનાં કવિત ૨૪
૨૭ ગીત ૩૧ ૨૮ સુભાષિત ૩૭૯

એવં સર્વ એ જોડિ શ્રી સાંગણસુત સંઘવી ઋષભદાસે કીધી તે લખી છે જી. લિ. મુનિ ન્યાનચંદ્રેણ. આ. ક. હિતશિક્ષાની પ્રતમાં.

વળી એક હસ્તલિખિત પાનામાં નીચે પ્રમાણેની ટીપ મળી છેઃ—

સંઘવી રીષભકૃત રાસની ટીપ લખી છઈ ॥ શ્રી રીષભદેવનો રાસ ગાથા ૧૨૭૧, શ્રી ભરતેશ્વર રાસ ગાથા ૧૧૧૬, શ્રી જીવવિચાર રાસ ગાથા ૫૦૨, શ્રી ખેત્રપ્રકાશ રાસ ગાથા ૫૮૪, શ્રી અજાપુત્રનો રાસ ગાથા ૫૫૯, શ્રી શેત્રુંજ રાસ ગા. ૩૦૧, શ્રી સમકીતસાર રાસ ગા. ૮૭૯, શ્રી સમઇ સરૂપ રાસ ગા. ૭૯૧, શ્રી દેવસરૂપ ગા. ૭૯૫, શ્રી નવતત્ત્વ રાસ ગાથા ૮૧૧, શ્રી થૂલિભદ્ર રાસ ગાથા ૭૨૮, શ્રી વ્રતવિચાર રાસ ગા. ૮૬૨, સુમિત્ર રાજાનો રાસ ગાથા ૪૨૬, શ્રી કુમારપાલ રાસ ગાથા ૪૫૦૬, કુમારપાલનો નાનો રાસ ગાથા ૨૧૯૨, શ્રી જિવત સ્વામીનો રાસ ગાથા ૨૨૩, શ્રી ઉપદેશમાલા ગાથા ૭૧૨ શ્રી શ્રાદ્ધવિધિ રાસ ગાથા ૧૬૧૬, શ્રી હિતશિક્ષા રાસ ગા. ૧૮૪૫,

શ્રી પૂજાવિધિ રાસ ગાથા ૫૭૧, શ્રી આર્દ્રકુમાર રાસ ગાથા ૯૭, શ્રી શ્રેણિકરાસ ૧૮૩૯, તવન ૩૩, નમસ્કાર ૨૨, થોઓ ૨૭, સુભાષિત ૪૦૦, ગીત ૪૧, હરિયાલી ૫, શ્રી હીરવિજયસૂરિનો રાસ ગાથા....શ્રી મલ્લિનાથ રાસ ગાથા ૨૯૫, શ્રી પુણ્યપ્રશંસા રાસ ગાથા ૩૨૮, કઇવન્નાનો રાસ ૨૮૪, શ્રી વીરસેનનો રાસ ગા. ૪૪૫,

(કવિ ખંભાતના શ્રાવક હતા. પોતાના વતન ખંભાતનું વર્ણન થોડા વિસ્તારથી પોતાની કૃતિઓની અંતે આપેલું છે તે પરથી સંવત સત્તરમી સદીમાં તેની રચના, ત્યાંની જનસ્થિતિ, રાજસ્થિતિ, લોકોનો પહેરવેશ કેવાં પ્રકારનાં હતાં તે જણાઇ આવે છે. આ નગરનાં ખંભનગર, ઋષભનગર, ત્રંબાવતી, ભોગાવતી, લીલાવતી, કર્ણાવતી એ જૂદાં જૂદાં નામ કવિએ કહ્યાં છે તે વાત પણ તેની ઐતિહાસિક બીનામાં વધારો કરે છે. આપણે ત્રંબાવતી નગરી અને તેમાંના માણેકચોક વિષેની લોકવાર્ત્તાઓ ઘણી સાંભળી છે તો તે જનકથાનું વર્ણન કદાચ આ ખંભાત નગરની અપેક્ષાએ હોય. કવિ પોતે વીસા પ્રાગ્વંશીય (પોરવાડ) વણિક હતા. તેમનો જન્મ ખંભાતમાં માતા સરૂપાદે અને પિતા સાંગણથી થયો હતો. તેમના પિતામહનું નામ મહિરાજ હતું. મહિરાજ વિસલનગર કે જે રાજા વિસલદેવે વસાવ્યું હતું ત્યાંના મૂલ વતની હતા. અને પછી તેના પુત્ર સાંગણ ખંભાતમાં વસ્યા ને સમૃદ્ધિ પામ્યા. મહિરાજે સંઘ કાઢી શત્રુંજયની જાત્રા કરી હતી અને સાંગણે પણ તેજ પ્રમાણે 'સંઘવી' (સંઘપતિ) તરીકે ખ્યાતિ મેળવી હતી. કવિ પોતે શ્રાવકના જે આચાર જૈનશાસ્ત્રમાં જણાવેલા છે તે ઘણી દૃઢતાથી પાળતા, મુનિઓની શુશ્રૂષા કરી તેમની પાસેથી બોધ લેતા અને જિનની પૂજા મંદિરમાં જઇ હમેશ કરતા. તેમણે શેત્રુંજય, ગિરિનાર, શંખેશ્વરની યાત્રા કરી હતી અને ઘણા વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. આપરથી જણાય છે કે તેઓ ધર્મયુક્ત, સંસ્કારી, બહુશ્રુત અને શાસ્ત્રાભ્યાસી હતા. પોતે 'સંઘવી' એ વિશેષણ પોતાને આપે છે તે પરથી તેમણે પણ સંઘ કાઢયો હોય એમ જણાય છે. પોતાને સુલક્ષણી પત્ની, બહેન, બાંધવ, અને એકથી વધારે બાળકો

હતાં. ઘેર ગાય ભેંસ દૂઝતી હતી અને લક્ષ્મી પણ પ્રસન્ન હતી. નેમિદૂતના કર્ત્તા વિક્રમ કે જે પોતાને સાંગણનો પુત્ર જણાવે છે તે કદાચ આ કવિના બાંધવ હોય. કવિ તરીકે ગૂર્જર પ્રાચીન કવિ શિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયેલ પ્રેમાનંદ, શામળ અને અખાના પૂર્વગામી પોતે છે અને પોતાની વર્ણનશૈલી શબ્દચમત્કૃતિ, ભાષાગૌરવ તે કવિઓની સરખામણીમાં ઉતરતા હોઈ શકે તેમ નથી. સરસ્વતી દેવી પ્રત્યે સંપૂર્ણ ભક્તિ હોઈ તેમની હમેશાં સ્તુતિ કરી પોતાની કૃતિઓનો પ્રારંભ કરેલ છે અને જનશ્રુતિ પ્રમાણે તેમણે તે દેવીને આરાધન કરી પ્રસન્ન કરી હતી અને દેવીનો પ્રાસાદ મેળવ્યો હતો. પોતે શ્વેતામ્બર તપગચ્છના હતા અને પોતાના ગુરૂ તરીકે પ્રસિદ્ધ વિજયસેન સૂરિને અંગિકૃત કર્યા હતા, અને તેમની પછી વિજયદેવસૂરિને થોડો સમય સ્વીકાર્યા પછી વિજયતિલકસૂરિને અને તેમની પછી વિજયાણંદસૂરિને સ્વગુરૂ તરીકે લેખ્યા હતા. તેમના સમયમાંજ પ્રખ્યાત ધર્મસાગરજીના ગ્રંથનો ઝઘડો થયો. દેવ અને અણસુર–આણંદ પક્ષો થયા કે જે ઝઘડાનું સ્વરૂપ ઐતિહાસિક રાસમાળા ભાગ ૪ થામાં આપેલ વિજયતિલકસૂરિરાસ પરથી સ્પષ્ટ જણાશે કવિએ ઘણી કૃતિઓ રચી છે તેમાં કેટલીક સંસ્કૃત ચરિત્રો પરથી પોતાની કવિ–કેળવણીથી સુંદર અને અલંકૃત બનાવી છે, અને કેટલીક સ્વતંત્ર છે. આ કવિની સર્વ કૃતિઓ પ્રસિદ્ધ થવા યોગ્ય છે. વિશેષ વિસ્તારથી હકીકત મારા આ કવિ સંબંધેના નિબંધ પરથી જાણી લેવી.]

---

૨૧૧ કનકસુંદર (વડતપગચ્છ દેવરત્નસૂરિ–વિદ્યારત્ન શિ.)

(૪૨૫) ગુણધર્મ કનકવતી પ્રબંધ લ. સં. ૧૬૬૩ પહેલાં

આદિ— છંદ.

સકલ જાતિમાંહ સારદરાણી, ત્રિભુવનરાય વદનિ કહિ રાણી,
સુરનર મુનિ ગંધર્વ વખાણી, આપિ માઇ સરસ સુવાણી. ૧

દુહા.

જે નવ રસ સરસ સહું સુણઈ, પંતિ ધરી બહું જન,
મહિમા જનમાંઈ હુઈ, સરસતિ જુ સુપ્રસન્ન. ૨
કવીયણુ આગિ જે હુંયા, તે પ્રુરિ સમરી માઇ,
હુયા હુસિ જે કવીયણુ, થાસિ તુઝ પસાઈ. ૩

* * * *

અંતે—

બાણેજને યુવરાજ દેઇ, એ ઢાલ.

ઇમ સુણી પ્રાણી ચિત આણી, વિષય છંડઉ વાડ
પરમાદ પાંચઈ દૂરિ કીજઇ, દીજઇ નગર કંપાટ. ૩૬૧
એ સીલ સુધું પાલતારે, પુરીઇ ભવખાડ,
રોગ સોગહ સવિ નાસઇ, નવિ નડિ કો કોઈ નાડ. ૩૬૨

* * * *

ચોપાઇ.

ઇમ જાણી સંસાર અસાર, ગિરૂયા મુંકઈ વિષય વિકાર,
વડતપગછિ ગોયમ અવતાર, શ્રી ધનરત્ન હુઆ સંસારિ. ૩૬૪
તસ પટધારક ગુણે કરી ભુરિ, ગછપતિ શ્રી સુરરત્નહસુરી,
પટ પ્રભાવક વંદિત ઇશ, શ્રી પુજ્ય દેવરત્ન સુરીસ. ૬૫
સહતાથી તે ગછપતિ તણા, વાચક વિદ્યારત્ન ગુણ ઘણા,
અંતેવાસી તેહનો મુખ્ય, કનકસુંદર નાંમે છે શિષ્ય. ૬૬
શાંતિ જિણેસ્વરતણું ચરિત્ર, કથા પ્રબંધિ કરી વિચિત્ર,
વાંચતાં આવ્યો સંબંધ, ચતુરે જાણ્યો ભલો પ્રબંધ. ૬૭
ભુ પીઢિ તે ચતુરસુજાણ, લહુડા તુહિ પાંમઈ માંણ,
સાવ સલુણાં કેતકી પત્ત, હરખિ નાહના રંજઇ ચિત્ત. ૬૮
તેહનાં વચન લહી આભર્યું, રચ્યો રાસ સુણતા ક્રર્યું,
પંડિત કનકસુંદર ઇમ કહઇ, ભણે સુણઇ તે સુખજ લહઈ. ૬૯

—ઇતિ ગુણધર્મ્મ કનકવતી કામ પરિત્યક્ત કૌતક પ્રબંધ ચતુર્થો-ધિકાર સંપૂર્ણ. સં. ૧૬૬૩ વર્ષે કાર્તિક વદિ ૧૪ શનૌ લિ૦ ઋ. શ્રી ૫ રામામાહાવજી સ્વયં પઠનાર્થં. ૧૩–૧૭ લીં.

(૪૨૬) કર્પૂરમંજરી સં. ૧૬૬૩ (પા. ૪)

(૪૨૭) સગાલસાહ રાસ. સં. ૧૬૬૭ વૈશાખ વદ ૧૨

આદિ— શ્રી ગુરૂભ્યો નમઃ

સકલ સુરપતિ સકલ સુરપતિ નમઈ જસ પાય,
ચુવીસઇ તિથેસરૂ, તાસ નામ હું ચિત્તિ ધ્યાઉં;
સરસતિ સામિણિ મનિ ધરી, સુગુરૂ શુદ્ધ પરસાદ પાઉ,
સત્વસરગુ ગુણ સબલ, તસ ધારક વર્ણુંબ્ગોસ,
વંસિ વિશુદ્ધઉ તે હુઉ, નિરમલકુલ ગુણ લ્ગોસ. ૧

× × × ×

અંતે

અન્ય અઠસઠિ સબલતીરથ કરઇ જે ફલ હોઈ
સાહશ્રી સગાલ કેરૂ રાસ સુણતાં સોએ. ૪૮૩
વલી જૈન તીરથ કરઇ જે એહ, જન તે સુણઇ એ રાસ,
અધિક ફલ એ સાંભલઈ, ગુણ સેઠની એ ભાસ,
સુણી એહનઉ દાંનમહીમા, ગ્રહઈ ગુણ જે એહવઉ,
તે લહઇ સંપદ સકલ અવિચલ, થાઈ નિર્મલ તેહવઉ. ૪૮૪
એ રાસ ભણતાં હર્ષ વાધઇ સુગુણ સુણતાં પાંમીઇ,
વલી આસપૂરણ સકલ હુઇ અનઈ વંછિત કામીઇ,
સોલ સંવત સતસઠઈ માસ વૈશાષઇ વલી,
વદિ બારસઇ એ રાસ પૂરણ હુઇ શુભ મનની રલી. ૪૮૫
વૃદ્ધશાલા ગુણવિશાલા, વિદ્યારત્ન ગછપતી,
તસ આણપાલક કનકસુંદર કહઈ ઉવઝાયાં યતી,
વિબુધ શ્રોતારાસ સુણતાં, હઇઇ ભાવ સુ આણુયો,
શશિ સૂરમંડલ તપઈ તાં જાં રાસ એહ વષાંણુયો. ૪૮૬

—સંવત ૧૬૭૦ લષિતં, ૧૬–૧૭ (મારી પાસે છે.)

(પ્રસિદ્ધ સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવે મને જણાવ્યું કે " એક બંધુકાર્ય માટે વીનતી છે. ચેલૈયા કિંવા સેલયાની કથા જાણીતી છે. ભોજાભગતે સેલૈયા આખ્યાન લખ્યૂં છે. એક બીજા કવિએ ' શેઠ સગાળસા સાધુને સેવે ' એ શબ્દોથી શરૂ થતો ગરબો લખ્યો છે. આ બે છપાઈ ગયેલ છે. જૈન સાહિત્યમાં પણ એ કથા હશે. એને અવલબીને જે કંઈ જૂના જૈન સાહિત્યમાં લખાયૂં હોય, તેની મને ચોકસ માહીતી આપશો. " કારણકે તેમને બી. એ. વર્ગમાં ભોજાભગતનું સેલૈયા આખ્યાન શીખવવાનું હતું; એટલે મેં આ કનકસુંદરકૃત સગાળશાનો રાસ મૂળ મોકલી આપ્યો; વળી તેમને અમદાવાદના વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીએ ત્યાંના જૈનભંડારમાંથી બીજી પ્રત આથી ભિન્નજ મેળવી આપી. બંને વાંચી ગયા પછી તેઓશ્રીએ મને ૧૧-૨-૨૫ ના પત્રથી જણાવ્યું કે ' તમે કનકસુંદરકૃત સગાલસાહ રાસ મારા ઉપર મોકલાવ્યો હતો-એ મને સગાલસાહની ઉત્પત્તિ શોધવામાં બહુ ઉપયોગી થયો...... રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદીએ પણ સગાલસાહ ચૂપઇની એક હાથપ્રત મને મેળવી આપી હતી. એ ચૂપઈ કવિ વાસુની કૃતિ છે. તમારી પાસેની પ્રત કરતાં તે જૂની છે. કનકસુંદરે રાસ સ. ૧૬૬૭ માં રચ્યો છે ત્યારે આ ચૂપઇની નકલજ સં. ૧૬૪૭ ની છે.-પ્રત જૈનને માટે ઊતરાયલી છે; પરંતુ ચૂપઈ કોઇ બ્રાહ્મણની કૃતિ જણાય છે. રાસ અને ચૂપઇમાં ઘણી પંક્તિઓ એકની એક અથવા સરખી છે. જો તમે રાસ છપાવવા ઇચ્છતા હો, તો વાસુ કવિની કૃતિ જોઇ જવા જેવી છે. " ત્યારપછી રૂબરૂ મળતાં આ સંબંધે કેટલીક રસભરી વાત થઇ હતી, અને કેટલાક ને ખાસ કરી નરસિંહરાવભાઈ જેવા સગાલસાહનો મૂળ અર્થ શૃંગાલ (શિયાલ) સાહ કરે તે અક્ષંતવ્ય છે. ખરી રીતે સગાલશાહ (એવો શાહ-શેઠીઓ કે જેને ત્યાં હમેશાં સુકાલ હતો, દુષ્કાળ હતોજ નહિ) એ નામ યથાર્થ રીતે સત્ય છે.)

---

૨૧૨ પદ્મકુમાર (ખ. પૂર્ણચંદ્ર શિ.)

(૪૨૮) મૃગધ્વજ ચો૦ લ. સં. ૧૬૬૧ પહેલાં.

અંતે—

મૃગધ્વજ મુનિ તણુઉ ચરિત્ર, સુણતા હુઇ જનમ પવિત્ર,
શ્રી નેમિનાથ વારઇ એહ, રિષિ હૂયા ગુણ અણુમેહ. ૮૩

ધન ધન મૃગધજ મુનિરાય, પૂહ ઉઠી પ્રણુમું પાય,
તસુ નામઇ નવઇ નિધાન, પામીજઇ સુપ સંતાન. ૮૪

ખરતરગછ સહ ગુરૂરાય, શ્રી પૂર્ણચંદ્ર ઉવઝાય,
તસુ સીસ સદ્ સુવિચાર, ઇમ બોલઇ પદમકુમાર. ૮૫

શા. તેજપાલ લાલિણુ લિખતં પ્ર. ૧૬૬૧. (વિ. ધ.) ભાવ.

૨૧૩ સંયમ (મૂર્ત્તિ) (વિનયમૂર્ત્તિ શિ.)

(૪૨૯) ઉદાઇ રાજર્ષિ સંધિ. લ. સં. ૧૬૬૨ પહેલાં.

અંતે—

ઉદાય મુનિવર ગુણ-નિતિ મનિ ધરઇ, સાધુ સુશ્રાવક સુપ તે અણુસરઇ,
અણુસરઇ બહુ સુપ નેહ અહિનિસિ જે રિષિ ગુણ ગાવઇ,
શ્રી વીરવાણી ખરી જાણી ધ્યાયઇ તે સુષ પાવઇ,
ઉવઝાય શ્રી વિનયમૂરતિ સીસ સંજિમ ઇમ કહઇ,
જે ભણઇ ભાવઇ રિદય પાવઇ સયલ સુખ સપતિ લહઇ. ૪૩

—લાલણુ તેજપાલ લિખિતં સં. ૧૬૬૨ વર્ષે જ્યેષ્ટ શુદિ ૧૨ શનૌ ભાવ.

[બીજા સંયમમૂર્ત્તિ એ નામના ઉપાધ્યાય આ કવિથી અગાઉ થયેલા છે તેમણે ઉપદેશમાલા વિવરણ લખ્યું છે તેમાં પોતાનો પરિચય આ પ્રમાણે આપે છેઃ—લિખિતં શ્રી વટપદ્ર નગરે શ્રી સોમસુંદરસૂરિ શિષ્ય શ્રી વિશાલરાજસૂરિ તચ્છિષ્ય પં. મેરૂરત્નગણિ તચ્છિષ્યાણુ સંયમમૂર્ત્તિગણિના, આની ૧૧ પાનાંની પ્રતિ સાવચૂરિ પાટણના હાલાભાઇ ભંડારમાં દાબડા ૪૮ માં છે. મુનિશ્રી જિનવિજયજીનો પ્રશસ્તિ સંગ્રહ.]

૨૧૩ ક વલ્હપંડિત (જૈનેતર લાગે છે.)

(૪૨૯ ક) કુકડા માર્જારી રાસ. લ. સં. ૧૬૬૨ પહેલાં.

આદિ—

પ્રથમ કિ પ્રણુમો ગણુપતિ દેવ, કાજ સિદ્ધિ જિઉ કુરઈ તતખેવ,
ગવરીશંકર મલઉતપતિ જાસ, કહઈ વલ્હ પંડિતકઉ દાસ. ૧
પુનિ દૂજઈ સારદ મનિ ધરઈ, કવિત કાવ્ય તસ તૂઠઈ કરઈ,
લાડુ કુસમમાલક કરલેઈ, વિનાયકુ હમ સિદ્ધિ બુદ્ધિ દેઈ. ૨
અવરે માઇપિતા પ્રણુવાઉ, હઉ બલિહારી તિસકઇ જાઉ,
જિનપ્રસાદ દીઠો સંસાર, તિન તૂઠા હુઇ મોક્ષ દુવાર. ૩

* * * *

અંતે—

માંજરી તણી સોક રતિ કરઈ, જિણિ છંદિ લીઅઉ તિણિહિ ઉતરઇ.

—ઇતિ કુકડામંજરી ચઉપઇ સમાપ્તં. સં. ૧૬૬૨ વર્ષે અશ્વિનિ માસે શુકલપક્ષે ચતુર્થ્યાં તિથૌ શુક્રવાસરે શ્રી નાગપુર મધ્યે લિખિતં પાતિસાહ શ્રી અકબર રાજ્યે ૬–૧૨ ડે. કો. નં. ૨૫૪ A. ૧૮૮૨–૮૩

---

૨૧૪ માલમુનિ.

(૪૩૦) અંજનાસતી રાસ ૧૬૬૩ પહેલાં

આદિ—

સરસતિ સામણી પ્રણુમીયઇ, ગોતમ સ્વામિના પાયરે,
અંજનાસુંદરીની કથા, નારિનર સુણુહું મન લાઇરે. ૧
સીલ ભવિયણુ ભલઈ પાલીયઈ, પાઇયઈ સુજસુ સંસારિરે
સબ કુસંગતિ વલી ટાલીયઇ, જાઇયિઇ ભવસમુદ્ર પારિરે
સીલ ભવિયણુ ભલઈ પાલીયઇ. ૨

× × × ×

અંતે—

ધન ધન અંજનાસુંદરી, સુમિરો ચિત્ત ત્રિકાલરે
સીલ ભલો તિણે પાલીયો, જસુ ગાવઈ મુનિ માલરે
સીલ ભલો જગિ પાલીયઈ.

—સંવત ૧૬૬૩ વરષિ ચૈત્ર સુદિ સપ્તમી બુધ દિનૌ લિપકૃતં રષીસ્થાન મધ્યે ગોપાલુ પઠનાર્થ ૮–૧૩ અનંત.

—સંવત ૧૭૨૪ વર્ષે પોષ સુદિ કૃશ્નપક્ષે પ્રતિપદા ભૃગવા દિને પૂર્ણમસ્તિ. ૬–૧૫ અનંત.

---

૨૧૫ વિજયસાગર (ત૦ વિદ્યાસાગર-સહજસાગર શિ.)

(૪૩૨)+ સમ્મેત શિખર તીર્થમાળા સ્ત૦ સં.૧૬૬૪ આસપાસ.

આદિ—

પ્રણમીય પ્રથમ પરમેસરૂજી, આગરા નગર સિંણગાર કઈ, પાસ ચિંતામણિ
પરતિખ પરતા એ પૂરવઇજી સુગતિ મુગતિદાતાર કઇ. પા. ૧
એકવાર જો સિર નામીઇજી, પામીઈ કોડિ કલ્યાણ કઈ, પા.
સામી સેવા ફલ સહુ કહઇજી, મહમહઈ પરિમલ કપુગ કઇ. પા. ૨
આનંદદાયક આગરઇજી, દેવ દેહરાસર સાલ કઈ,
સઈહથ હીરગુરૂ થાપીયાજી, સંવત સોલ અડયાલ, કઈ. પા. ૩
રાજરાણિમ ઋદ્ધિ રંગરલીજી, રાગ રમણિ રંગરેલિ
ગિરૂઅડે ગયવર ગોરડીજી, ગરજતા ગજ ગુરૂગેલિ.
તેહ પ્રભુપાસ સુપસાઉલેજી, તપગચ્છ ગુરૂકુલ વાસ,
નગર રતનાગર આગરેજી, રહીય ચોમાસિ ઉલ્હાસિ. ૫
પંચકલ્યાણક ભૂમિકા જી ફરસતાં ફલ બહુ જોઈ,
પૂરવ ઉત્તર પૂછીઈ જી તિહાં જિન ચૈત્યબિંબ હોઈ. ૬
સુગુરૂ ગીતારથ સુખિ સુણી જી પુસ્તક વાત પરતીતિ,
જનમ કલ્યાણક ભેટિવાજી અલજયો હું નિજ ચિત્ત. ૭

વંદીય દશદોય દેહરેજી બિંબ બહુ ધાતુમય માંણિ,
દરસણ કરીય દેહરાસરેજી આગરા પ્રથમ પ્રયાણ. ૮

પુન્યવંતા જગિ જે નરાજી તે કરઈ તીરથ બુદ્ધિ,
જિમ જિમ તીરથ સેવીઇજી તિમ તિમ સમકિત સુદ્ધિ. ૯

* * * *

અંતે— કલસ.

ઇતિ તીરથમાલા અતિ રસાલા પૂરવ ઉત્તર વર્ણવી
સમકિતવેલી સુણિ સહેલી સફલ ફલી નવ પલ્લવી,
તપગચ્છ રાજા બહુ દિવાજા વિજયસેન સૂરીસરો
તસ પટ્ટિ પૂરો જિસો સૂરઓ વિજયદેવ યતીસરો. ૨૩
તપગચ્છિ રાજે ભવિ નિવાજે વાચક વિદ્યાસાગરો,
તસ સીસ પંડિત સુગુણમંડિત સહજસાગર ગણિવરો,
વીસાસઓ ચોવીસ જિનવર કલ્યાણક યાત્રા કરી,
તસ સીસલેસિં પૂરવદેશિં વિજયસાગર બહુ સુખકરી,
થુઈ ભણી બહુ સુખ ધરી. ૨૪

*—લ. સંવત્ ૧૬૯૮ વર્ષે ફાગણ સુદિ પૂર્ણિમા દિને લિખિતં શ્રી પાડલીપુર મધ્યે તપાગચ્છે પંડિત શ્રી જગકુશલગણિ શિ. ચંદ્રકુશલગણિના ૩–૨૨ પ્ર. કા. નં. ૧૪૪.

—સકલ પંડિતમંડિતાખંડલાયમાન પંડિત શ્રી ૧૯ વિજયસાગર ગણિ શિષ્ય ગણિ હેતુસાગર લિપીકૃતં શ્રી કૃષ્ણગઢ મહાનગરે સંવત્ ૧૭૧૭ વર્ષે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્–શુભં ભવતુ.

—પ્રા૦ તી. સં. પૃ. ૧ થી ૧૩

(આમાં પાલગંજ સમેતશિખરના રક્ષક રાજાનું નામ પૃથ્વીમલ્લ આપ્યું છે અને સં. ૧૬૬૧ માં બનાવેલી જયવિજયકૃત સમ્મેતશિખર તીર્થમાળામાં પણ પૃથ્વીચંદ્ર (પૃથ્વીમલ્લ) આપ્યું છે એટલે આ તીર્થમાળા તે સમયની એટલે સં ૧૬૬૧ આસપાસની હોવા સંભવ છે.)

---

૨૧૫ ક શ્રીધર (જૈનેતર)

રાવણ મંદોદરી સંવાદ. સં. ૧૬૬૫

—પત્ર ૨૪ ગ્રંથમાન ૨૦૬ લખ્યા સં. ૧૮૨૯. દાબડો ૨૨ લીં. ભંડાર. આ ચોપાઇ તથા દૂહામાં છે. કુલ દૂહા ૨૦૬ છે.

---

૨૧૬ હીરાનંદ શ્રાવક (સંઘપતિ.)

(૪૩૨) અધ્યાત્મ બાવની—સં. ૧૬૬૮ લ. સં. પહેલા.

આદિ—

ૐકાર સરૂપુરૂપ ઇહિ અલખ અગોચર,
અંતરગ્યાન બિચારિ પાર પાવઇ નહિ કો નર,
ધ્યાન મૂલ મનિ જાણિ આણિ અંતરિ ઠહરાવઉ,
આતમ તત્ત અનૂપ રૂપ તસુ તતખિણ પાવઉ,
ઇમ કહઇ હીરાનંદ સંઘપતિ અમલ અટલ ઇહુ ધ્યાન થિરિ
સુઇ સુરતિ સહિત મનમઈ ધરઉ ભુગતિ મુગતિ દાયક પવર. ૧
ન કરૂ સુયણુ મતિ બિકલ ભરમ મનિ કાહે આંણઇ,
પેખિ રજત સમ સીપ મૂઢ મનિ રજતહિ જાંણઇ,
જઇમ તઉ કરઈ બિચારસાર પરમારથ પેખઇ,
ભ્રમ જાવઈ ખિન મજિ મૂઢ તમ દૂરિ ઉવેખઇ,
વિન્નાનભેદ નિજ ચિત્તિ ધરિ વિસંક સકલ કહુ દૂરિ તજિ,
ઇમ કહઇ હીરાનંદ સંઘપતિ સમઝિ નિજ રૂપ ભજિ. ૨

× × × ×

અંતે—

બાવન અક્ષર સાર વિવધ વરનન કરિ ભાખ્યા,
ચેતન જડ સંબંધ સમઝિ નિજ ચિતમઈ રાખ્યા,
ગ્યાનતણઉ નહિ પાર સાર એ અક્ષર કહિયઇ,
નવ નવ ભાંતિ બખાણુ સુતઉ પંડિતપઇ લહિયઇ,

વહ ભેદ વિજ્ઞાન વિવેક રસ સખરસ તઈ યહ અધિક ગણિ,
આતમ લબદ્ધિ અનુ સુજસ જગિ પઢત ગુણત હીરાનંદ ભણિ. ૫૬
મંગલ કરઉ જિન પાસ આસ પૂરણ કલિ સુરતર,
મંગલ કરઉ જિન પાસ દાસ જાકે સબ સુરનર,
મંગલ કરઉ જિન પાસ, જાસ પય સેવઈ સુરપતિ,
મંગલ કરઉ જિન પાસ, તાસ પય પૂજહ દિનપ્રતિ,
મુનિરાજ કહઈ મંગલ કરઉ, સપરિવાર શ્રીકાન્હસુઅ,
બાવન બરન બહુ ફલ કરહુ સંઘપતિ હીરાનંદ તુઅ.   ૫૭

—ઇતિશ્રી અધ્યાતમ બાવની સંપૂર્ણ—સંવત ૧૬૬૮ વર્ષે આસાઢ સુદી પંચમી દિને—લાભપુર મધ્યે—લિષતં ભોજિગ કિસનદાસ સાહ એણીદાસ પુત્ર—સાહ સંતોષી પઠનાર્થ.

[વિ. ધ. નાનો ચોપડો પા. ૧૧૧–૧૨૫]

(૪૩૩) ઉપદેશરાસ. સં. ૧૬૬૪.
(૪૩૪) વિક્રમરાસ. પ્રત લખ્યા સ. ૧૭૦૦

૨૧૭ મેઘરાજ ૨. (અં. ધર્મમૂર્તિ–ભાનુલબ્ધિ શિ.)

(૪૩૫) સત્તરભેદી પૂજા.

આદિ—

सर्व्वज्ञं जिनमानम्य नत्वा सद्गुरुमुत्तमं ।
कुर्व्वे पूजाविधिं सम्यक् भव्यानां सुखहेतवे ॥
વંદી ગોયમ ગણહરેં સમરૂં સરસતિ એક
કવિયણ વર આપે સદા, વારે વિઘન અનેક.   ૨

*   *   *   *

અંતે—

ગીત રાગ ધન્યાસી.

બોલી બોલીરે બોલી પૂજાની વિધિ નીકી
સતરભેદ આગમેં જિન ભાખી, શિવરમણી સિરટીકીરે.   બોલી. ૧

જીવાભિગમે જ્ઞાતા ધરમેં રાયપસેણી પ્રસીદ્ધી,
વિજયદેવ દ્રૂપદીએ પૂજ્યા સૂરીયાભેં પણિ કીધીરે. ૨
અંચલ ગચ્છે દિન દિન દીપે, શ્રી ધર્મમૂરતિ સુરિરાયાં,
તાસતણે પખેં મહીયલ વિચરેં, ભાનુલબ્ધિ ઉવઝાયાંરે. ૩
તાસ સીસ મેઘરાજ પયંપે, ચિરનંદો જાં ચંદારે,
એ પૂજા જે ભણુસેં ગણુસેં, તસ ઘર હોઇ આણંદારે, બોલી. ૪

—સં. ૧૮૩૦ વર્ષે શ્રા૦ શુ. ૧૫ ગુરૂવાસરે શ્રી નવાનગરે શ્રી અંચલગચ્છે શ્રી શાંતિનાથપ્રસાદાત્ સા૦ રૂપસી રત્નપાલ પ્રમુખ પઠનાર્થ. ૪–૧૪ મં.

[ધર્મમૂર્તિ સૂરિ અંચલગચ્છની પટ્ટાવલિમાં ૬૩ મા પટ્ટધર–૧૬૦૨ મા આચાર્ય અને ગચ્છનાયક પદ સં. ૧૬૭૦ માં સ્વર્ગવાસ પાટણ.]

(૪૩૬) ઋષભજન્મ.

આદિ—

વિણીય નયરી વિણીય નયરી નાભિ નિયગેહ,
મરૂદેવી ઉંઅરસરે રાયહંસ સારિત્થ સામીય,
રિસહેસર પઢમજિણુ પઢમ રાયવર વસહ ગામીય,
વસહ અલંકિઅ કણુયતણુ, જાયો જુગ આધાર,
તસુ પાય વંદી તસુતણો, કહિસું જનમ સુવિચાર. ૧

* * * *

અંતે—

૨૧૮ મૂલા વાચક (આં. ધર્મમૂર્ત્તિસૂરિ શિ.) સં. ૧૬૭૦ પહેલાં.

(૪૩૭)+ ચૈત્યવંદન. ૮ ઢાલનું ૩૨૦–૩૨૬ જૈ. પ્ર. વિધિપક્ષ પંચ પ્ર. સૂત્ર.

આદિ—

કેવલનાણિ શ્રી નિરવાણી, સાગર મહાજસ વિમલ તે જાણી,
સર્વાનુભૂતિ શ્રીધર ગુણખાણી, દત્ત દામોદર વંદો પ્રાણી. ૧

અંતે— કલસ.

છન્નુંએ જિનવર છન્નુંએ જિનવર,
અધો ઊર્ધ્વને લોક તીછેં જાણું એ,
સાસય અસાસય જૈન પડિમા તે સવે વખાણુંએ.
ગચ્છ વિધિપક્ષ પૂજ્ય પરગટ, શ્રી ધર્મમૂર્ત્તિ સૂરિંદુ એ,
વાચક મૂલા કહે ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ આણંદુએ.

૨૧૮ક. ક્ષેમકુશલ (મેઘમુનિ શિ.) ૧૬૭૨ પહેલાં.

વિમલાચલ સ્ત૦

શ્રી **હીરવિજય** સુરિંદ રાજિં, **વિજયસેન** સૂરીશ્વર,
શ્રી પંડિત **મેઘ** મુણિંદ સીસઇ, થુણ્યો **ક્ષેમકુશલ** કર. ૪૨

—ઇતિ શ્રીમત સકલતીર્થ મસ્તક મુકુટાયમાન વિમલાચલસ્ય કાલ-બદ્ધમાનેકવિંશતિ નામ સપ્તોદ્ધારં સંઘપતિ સિદ્ધસંખ્યાસૂચિત વિચારમય સ્તવન મહા મંગલમય મિતિ ભદ્રં સંપૂર્ણ, સમાપ્તં.

(વિજયસેનસૂરિ—આચાર્યપદ સં. ૧૬૨૮ સ્વ. ૧૬૭૨.)

૨૧૮ખ. હર્ષકીર્ત્તિસૂરિ (નાગોરી ત૦ ચંદ્રકીર્ત્તિસૂરિ શિ.)

વિજયશેઠ વિજયાશેઠાણી સ્વલ્પ પ્રબંધ. ૨૪ ટુંકનું કાવ્ય. સં. ૧૬૬૫ આસપાસ.

આદિ—

ભરતક્ષેત્રેરે સમુદ્રતીરે દક્ષિણ દિસે,
કચ્છ દેશમારે વિજયશેઠ શ્રાવક વસે;
શિયલ વ્રતરે અંધારા પક્ષનો લિયો,
બાલાપણેરે એહવો મન નિશ્ચય કિયો. ૧

* * * *

અંતે—

તેહના ગુણ ગાવે ભાવે જે નરનારિ,
તેતો વંછિત પામે સંપતિ લહેરશાલિ,
નાગોરિ તપ ગછ આચારજ સુરિરાય,
શ્રી ચંદ્રકીરતિ સુરિ પ્રણમુ તેહના પાય,
શ્રી હર્ષકીર્ત્તિસૂરિ પભણે તાસ પસાય. ૨૨

કલસ.

ઇમ કૃષ્ણપક્ષે શુક્લપક્ષે જેણિ શિયલ પાલ્યો નિરમલો,
તે દંપતિના ભાવ શુધ્ધે સદા શુભગુણ સાંભલો. ૨૩
જેમ દુરિત દોહગ દુરિ જાય સુખ થાયે બહુ પરે,
સકલ મંગલ મનહ વંછિત કુશલ નિત્ય ઘરે અવતરે. ૨૪

—પં. હર્ષવિલાસેન લેલિખીકૃતં—૨—૧૩.

—લિ. ઋ. ડાભા. ૨—૧૨ એ પ્રત મારી પાસે છે.

(પાર્શ્વચંદ્રગચ્છના રાજચંદ્રસૂરિ (જન્મ સં. ૧૬૦૬, આચાર્ય ૧૬૨૬ સ્વ. ૧૬૬૯) ના સમકાલીન રાજરત્નસૂરિ શિષ્ય ચંદ્રકીર્ત્તિસૂરિ હતા. તેના શિષ્ય આ હર્ષકીર્ત્તિસૂરિએ પોતાના ગુરુના નામની સારસ્વત વ્યાકરણની ટીકા, નવસ્મરણની ટીકા, સિંદુરપ્રકર ટીકા, શારદીય નામમાલા કોષ, ધાતુતરંગિણિ, યોગચિંતામણિ, વૈદ્યકસારોદ્ધાર, વૈદ્યક સારસંગ્રહ, શ્રુતબોધવૃત્તિ, તિજયપહુત્ત અને બૃહત્ શાંતિપર વૃત્તિઓ તેમજ સં. ૧૬૬૩ માં અનિતૂકારિકા વિવરણ અને સં. ૧૬૬૮ માં કલ્યાણ મંદિરસ્તવ વૃત્તિ આદિ અનેક ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે.)

---

૨૧૯ વિદ્યાકમલ.

(૪૩૮) ભગવતી ગીતા. સં. ૧૬૬૯ ની પહેલાં.

૨૧૯ક. શાંતિકુશલ (ત. વિજયદેવસૂરિ-વિનયકુશલ શિ.)

૧+ ગોડી પાર્શ્વનાથ સ્ત. સં. ૧૬૬૭.

આદિ—

સારદ નામ સોહામણું મનિ આણી હો અવિહડ રંગ,
પાસ તણો મહિમા કહૂં જસ તીરથ હો જિમ ગાજે ગંગ. ૧
ગોડી પરતા પૂરવિં ચિંતામણ હો તું લીલવિલાસ,
અંતરીક મોરે મને વરકાણે હો તું સોહે પાસ. ગો. ૨

× × × ×

અંતે—

અલખ નિરંજન તું લિખ્યો અતુલી બલ હો તલભાણ,
શાંતિકુશલ ઇમ વિનવઇ તું ઠાકુર હો સાહિબ સુલતાણ. ૩૦
તપગછ તિલક તડોવડિં પાય પ્રણમી હો વિજયસેનસૂરીસ,
સંવત સોલસતસઠે વીનવીઓ હો ગોડી જગદીસ. ૩૧

કલસ.

ત્રેવીસમો જિનરાજ જાણી હિઈ આંણી વાસના,
નર અમર નારી સેવ સારી ગાઇ ગુણ શ્રી પાસના,
વિનયકુશલ ગુરૂ ચરણ સેવક ગોડી નામઈ ગહગહઈ,
કલિકાલમાંહિં પાસ પરગટ સેવ કરતાં સુખ લહઈ. ૩૨

—પ્રા. તી. સં. પૃ. ૧૯૮-૨૦૦.

૨. ઝાંઝરીઆ મુનિની સઝાય. સં. ૧૬૭૭ વૈ. વ. ૧૧ બુધ સ્યાંણામાં (છાણી?)

અંતે—

સંવત સોલસત્તાતરે, સ્યાંણા નગર મઝારિ હો,
વઇશાખ વદિ એકાદસી, થુણિઉ મિં બુધવાર હો. ૧૦૦
વિજયદેવસૂરીસર, ગણધરપદ ગણધાર હો,
તપગચ્છ નાયક ગુણનિલઉ, જિનસાસનનઉ સિણગાર હો. ઝાં. ૧

વિનયકુશલ પંડિતવરૂ, પંડિત પદ સિરતાજ હો,
શાંતિકુશલ ભાવિઈં ભણુઈ, સફલ સફલ દિન આજ હો. ૨

—ઇતિ શ્રી ઝાંઝરિઆ ઋષિસઝાય સંપૂર્ણ. ગણિ શ્રી **ભાવકુશલ** શિષ્ય મુનિ હંસકુશલેનાલિખિ. ગણિ શ્રી ૫ શ્રી રૂચિકુશલ શિષ્ય ગણિ શ્રી રામકુશલ પઠનકૃતે સં. ૧૭૦૧ વર્ષે પોષ સુદિ ૧૫ દિને.

૩+ સનતકુમાર. સ. (સરસતિ સામિણિંદ પાએ લાગું) ૪૦૩ સ.
મા. ભી. (આ. ક.)

૪. ભારતી સ્તોત્ર. ૩૩ કડીનું.

આદિ—

સરસ વચન સમતા મન આંણી, ૐકાર પહિલો ધુરિ જાંણી.

અંતે— કલશ.

સુલલિત સરસ સાકર સમી, અધિક અનોપમ વાંણી,
વિનયકુશલ પંડિત તણી, કરી સેવ મેં લાધી વાંણી,
કવિ **શાંતકુશલ** ઊલટ ધરી, નિજ હીયડેં આણિ,
કીયો છંદ મનરંગઈ ૐકાર, સમરી શારદા વખાંણી,
તવ બોલી શારદા જો છંદ કીધો, ભલી ભગતેં વાચા માહરી,
હું તૂઠી મેં વર દીધો તૂં લીલા કરિસ, આસ ફલસી તાહરી. ૩૩

—ચેલા ખેતસી વાચનાર્થ. ૨-૧૫ મારી પાસે છે.

---

૨૧૯ ખ ગુણવિજય (ત૦ કમલવિજય અને વિદ્યાવિજય શિ૦)

૧-૭૨૦ જિનનામ સ્ત૦ સં. ૧૬૬૮ ચૈત્ર રવિ. જાલોરમાં.

આદિ—

સરસતિ સરસ વચન વરસતી, સજહંસ ગજગતિ મલ્હપતિ
સમરી સુણસ્યું જિન જગદીસ, સાતસયાં ઊપરિ વલી વીસ. ૧
ભરત ઐરાવત હુઈ દુઇ ક્ષેત્ર, જાણુકિ ભૂમિ ભામિની નેત્ર .
જંબૂ ધાતકિ પુષ્કર ખંડ, અઢી દીપ દશક્ષેત્ર અખંડ. ૨

અતીત અનાગત નઇ વર્ત્તતા, ચઉવીસી જિનવર વિહરતા,
ચોવીસીઇં જિન ચોવીસ, દસ ક્ષેત્ર ચોવીસી ત્રીસ. ૩

× × × ×

અંતે—

એ જિનનામ પ્રસાદથકી તુ ભ૦ પૂત્ર કલત્ર પરિવાર તુ
ભાગ સોભાગ સોહામણા તુ ભ૦ લહિઇ જય જય કાર તુ.
તપગચ્છપતિ ગુરૂ મલ્હપતો તુ ભ૦ સકલસૂરિ સિરતાજ તુ,
શ્રી વિજયસેન સૂરીસરૂ તુ ભ૦ શ્રી વિજયદેવ યુવરાજ તુ.
તસગચ્છિ ગુણરયણાયરૂ તુ ભ૦ સુવિહિત પંડિત સીહ તુ,
શ્રી ગુરૂ કમલવિજય જયુ તુ ભ૦ વિદ્યાવિજય બુધ લીહ તુ,
તાસ ગીસ ઇણિપરિ કહિ તુ ભ૦ ચૈત્રી દિન રવિવાર તુ,
સંવત સોલ અડસઠિ તુ ભ૦ ગઢ જાલોર મઝારિ તુ, ૭૯

કલસ.

ઇમ સાંધુ સિંધુર ભુવનબંધુર જિનધુરંધર ધ્યાઇયા,
કરકમલ જોડી માન મોડી ભગતિ જુગતિ ગાઇયા,
શ્રી કમલવિજય મુણિંદ વાચક ગુણવિજય કહિ જિનતણાં
નિત નામ ભણતાં શ્રવણિ સુણતાં ઘરે રંગ વધામણાં. ૮૦

—ઇતિશ્રી ઐરવત ક્ષેત્ર ૧૫ ચોવીસી સ્ત૦ પંચભરત પંચ ઐરવત ૩૦ ચોવીસી ૭૨૦ જિનનામ સ્તવનં લિખિતં શ્રી રવિવર્દ્ધન ગણિભિઃ

૨-સામાયક સ૦ આદિ–ગોયમ ગણહર પ્રણમી પાય.

અંતે—

સામાયિક કરજ્યો નિસદીસ, કહિ શ્રી કમલવિજય ગુરૂ સીસ. ૧૩

—ઉપરનાં બંનેની પ્રત ૭–૨૩ જૈ. એ. નં. ૧૧૫૦

૨૨૦ સંઘવિજય (ત૦ હીરવિજયસૂરિ-ઋષિમેઘજી અપર-નામ ઉદ્યોતવિજય-ગુણવિજય શિ.)

(૪૩૯) શ્રી ઋષભદેવાધિદેવજિનરાજ સ્ત. સં. ૧૬૬૯ આસો શુદ ૩.

આદિ— દૂહા.

સરસતિ ભગતિ ભારતી, કવિજન કેરી માય,
અમૃત વચન નિજ ભગતનઈ, આપો કરી પસાય.
શાસનદેવી ચિતિ ધરૂ, પ્રણમું નિજગુરૂ પાય,
પ્રથમ તીર્થંકર વર્ણવું, શ્રી રિસહેસર રાય. ૨
ભવ તેરહ સ્વામીતણા, હું સંષેપિ ભણેસ,
રચું તવન રલીયામણું, સફલ જન્મ કરેસ. ૩

* * * *

અંતે—

સંવત સશિ રસ કાય નિધાન, એ સંવત્સર કહો પરધાન,
આસો માશિ તૃતીઆ ઉજલી, કર્યું તવન પૂરણ મનિરલી. ૬૯
જિહાં ધ્રુ અવિચલ મેરૂ ગિરંદ, જિહાં ગ્રહ ગણુતારા રવિચંદ,
તિહાં લગઈ શ્રી ઋષભચરિત્ર, ભણુઇ ગણિઈં તસ જન્મ પવિત્ર. ૭૦

(કલશ.)

એ પ્રથમ નરપતિ પ્રથમ મુનિવર પ્રથમ ભિખ્યાચર હવો,
એ પ્રથમ જિનવર પ્રથમ કેવલી ભાવ આંણી મઈ સ્તવ્યો,
તપગછપતિ શ્રી વિજયસેનસૂરિ શ્રી વિજયદેવસૂરિ પટાધર,
ગણિ ગુણવિજય શિષ્ય સિંઘવિજય કહિ સયલ સંઘ મંગલ કર. ૭૧

—ઇતિશ્રી ઋષભદેવાધિદેવ જિનરાજ સ્તવનં સંપૂર્ણ. લિખિત સવત ૧૬૭૦ વર્ષે માઘ માસે શુકલપક્ષે પુર્ણિમાતિથૌ સૂર્યસુતદિવસે ગણિશ્રી ગુણવિજય શિષ્યગણિ સિંઘવિજયેન લિખિતં. શ્રી અણહિલ્લ-પત્તન મધ્યે શ્રી ષેતલવસહી પાટકે વાસ્તવ્ય સુશ્રાવક પુણ્ય પ્રભાવક શ્રી દેવગુરૂભક્તિકારક સાહ નાનજી પઠન કૃતેતિ ભદ્રં ભૂયાત્ શ્રી-૩-૧૫ (વિ. ધ.)

(સંઘવિજય ગણિએ કલ્પસૂત્રપર પ્રદીપિકાવૃત્તિ સં. ૧૬૭૪ માં રચી છે અને તેની સં. ૧૬૮૧ માં લખેલી પ્રત લીંબડી ભંડારમાં પત્ર ૧૫૫ અને ગ્રંથમાન ૩૩૦૦ ની ૧૨ મા દાબડામાં છે.

(૪૪૦) અમરસેન વૈરસેન રાજર્ષિ આખ્યાનક. સં. ૧૬૭૯ માગ. શુ. ૫.

આદિ—

સકલ સિદ્ધિ સુખ સંપદા, લહીઈં બુદ્ધિ વિનાણ,
પંચપરમેષ્ઠી પ્રણમીઈં, હુઈ ઘરિ કોડિ કલ્યાણ. ૧
શ્રી **આદીશ્વર શાંતિજિન, યદુપતિ નેમિ** જિણંદ,
પાસ વીર પ્રભુ પાય નમું, પંચતીરથ સુખ કંદ. ૨

× × × ×

અમરસેન વયરસેનનઈં પૂર્વે ભવ અધિકાર,
દાન પૂજાલાભ ગુરૂઈં કહ્યા, તેણઇ લહ્યાં સુખ અપાર, ૧૪

× × × ×

પ્રકરણ પુષ્પમાલા તણી, ગાથા ભણી સુજાણિ,
રસિક સંબંધ શ્રવણે સુણ્યો, રાસ રચ્યું શુભવાણિ. ૧૬

ઢાલ ૨૭ રાગ આસાઉરિ.

સરસતિ માત સાનિધિ કરી, રચ્યો સંબંધ રસિક
શાસ્ત્ર અનુસારઈં વર્ણવ્યો, નવિ ભણ્યો બોલ અલીક. ૪૮૯
પટ્ટપરંપર વીરનો ક્રમઈં હવો યુગહપ્રધાન,
શ્રી **હીરવિજય** સૂરીશ્વર અકબર નૃપ દીઈં માન. ૪૯૦
બિરૂદ જગગુરૂ તેણઈં દીઉં, તીરથ શેત્રુંજ ગિરિનારિ,
મુગતા ચાટ કારાવીઆ, જાત્ર કરઈં નરનારિ. ૪૯૧
છોડાવ્યો જેણઈં જીજીઓ, મુકાવ્યું જગિ દાંણ,
બંધ લાખ મેલ્હાવીઆ, **હીરગુરૂ** વચન પ્રમાંણ. ૪૯૨
ઉદય અધિક શ્રી ગુરૂતણો, રાજનગર મઝારિ,
સોલઅઠાવીસઈં આવીઆ, મેઘજી ઋષિ ઉદ્ધાર. ૪૯૩

લુંકામત મૂંકી કરી, કુમતિ કીઉ પરિત્યાગ,
મન વચન કાયા કરી, ધર્મ્મ તણો મનિ રાગ. ૪૯૪
જિનપ્રતિમા જિનસારિખી, કહી પ્રવચનિ અધિકાર,
સદ્દવહણા સાચી ધરી, આવી તસ હૃદય મઝારિ. ૪૯૫
આચારિજ પદનો ધણી, નહિ અભિમાન લગાર,
હીરગુરૂ ચરણે જઈ નમું, મનસ્યું કર્યો વિચાર. ૪૯૬
ભાષ્યા ગણ્યા સિદ્ધાંત સવિ, પંડિત બહુ શ્રુત જોડિ,
અઠાવીસ ઋષિસ્યું પરવરયા, આવી વંદઇ મન કોડિ. ૪૯૭
પુનરપિ ચારિત્ર આદરઈ, વિશુદ્ધ હીરગુર હાથિ,
પંચમહાવ્રત ઉચ્ચરઇ, અઠાવીસ ઋષિનઇ સાથિ. ૪૯૮
ઋષિ મેઘજી ઉદ્યોતવિજય, નામ અનોપમ દીધ,
ઋષિનો તે ગુણવિજય દીધૂં નામ પરસિદ્ધ. ૪૯૯
નામ થાપના અનુક્રમઈ કીધી શ્રી ગુરૂરાજિ
પાંમ્યો લાભ ગુરૂઇં અતિઘણો, સારયાં તસ બહુ કાજ. ૫૦૦
શ્રી હીરવિજય સૂરીશ્વર, ગુણવંત તસ તણો સીસ,
ગિરૂઓ ગુણવિજય ગણિ, ગુરૂઆણ વહઈ નિજ સીસ. ૫૦૧
તસ વિનયી વગતા વિબુધ, સંઘવિજય પભણુંતિ,
સરસ સંબંધ શ્રોતા સુણઇ, પૂરાઈ વક્તા મન ખાંતિ. ૫૦૨
સુખ સંપજઈ સુણતાં શ્રવણિ, તાસઇ તાસ ઉચાટ,
ભણઈ ગુણઈ મનિ ભાવસ્યું, તસ ધરિ હુઇ ગહટ્ટ. ૫૦૩
ચંદ્રકલા ઉદધિનિધિ વરસે મૃગશિર માસ,
શુદિ પંચમી ઉત્તરારકિં પૂરણ રચીઉ રાસ. ૫૦૪
કવિરાય ચતુરગુણી જિકે, પાય પ્રણમું કરજોડિ,
અધિક ન્યૂન જે મઈ કહ્યું, મુઝ મમ દેયો ખોડિ. ૫૦૫
વિનોદપણાંઈ અજાનપણઈ બોલ્યાં જેજે વચન,
અખરમતિ શુદ્ધ તે કરયો સંત સુજન્ન. ૫૦૬

ઢાલ અઠાવીસ માની. ૨૮. ઢાલ કડવાની જાતિ.

એહ રાસ કીધો લાભ લીધો સીધુ વંછિત કાજ,
જેગુઈ દાન દીધું હવું પ્રસિધું લાધું ત્રિભુવનરાજ. ૫૦૭

* * * *

અંતે—

કલશ–રાગ ધન્યાસી.

શ્રીવીરથી અનુક્રમિ પાટિ તપગછિ શુદ્ધ પરંપરા,
શ્રી વિજયદાન ગુરૂ હીર જેસંગજી, વિજયતિલક સૂરીશ્વરા.
તસ પટોધર ઉદયગિરિ જિમ ઉદયો અવિચલ દિનકરૂ,
અભિનવો ગૌતમ ભવિક વંદો, વિજયાણુંદ સૂરીસરૂ. ૫૧૮
સંપ્રતિ વિચરઇ યુગપ્રધાન ગુરૂ છત્રીસ ગુણ અંગઇ ધરઈ,
સાધુ પુરંદર મહિમામંદિર અમૃતવાણિ મુખિ ઉચરઈ,
શ્રી હીરવિજય સૂરીંદ સેવક ગુણવિજય ગણિ મુનિવરૂ
તસ સીસ સથુણ્યા રાજઋષિ દોય સકલ સંઘ મંગલ કરૂ. ૫૧૯

—મહોપાધ્યાય શ્રી ૫ શ્રી નંદિવિજય ગણિ શિષ્ય શિરોમણિ ગણિશ્રી ધનવિજયગણિ શિષ્ય મુ૦ ભક્તિવિજયેન લિખિતં સ્વવાચનાય સં. ૧૬૭૭ વૈ. વ. ૧૩ દિને શ્રી અમ્હદપુરે. ૨૦–૧૫ વિ. ધ.

(૪૪૧) સિંહાસનબત્રીસી.

અંતે—

તપગછ નાયક ગુણનિલૌ શ્રી હીરવિજય સૂરીંદ
જૈનધરમ દીપાવીયૌ જસ પય નમૈ સુરીંદ. ૯૦
લુંકાપતિ ઋષિ મેઘજી અઠાવીસ ઋષિ પરિવાર
આવી હીરગુરૂ વંદીયા આણી હર્ષ અપાર. ૯૧
કુમતિ તજી સુભમતિ ભજી સાર્યા આતમકાજ
ઉદ્યોતવિજય વિબુધ પદ દીઉ ધન ધન હીરગુરૂરાજ. ૯૨
અઠાવીસ માહે મુખ્ય સિસુ ગુણવિજય ગણિરાય,
તસ સીસઇ ઉદ્યમ કરી પ્રબંધ રચ્યૌ સુખદાય. ૯૩

(હીરવિજય સં. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા. તો તે સમયમાં.)

(ઉદયપુર ભં.)

—પ્રસિદ્ધ હીરવિજયસૂરિ પાસે મેઘજી ઋષિએ લોંકામતનો ત્યાગ કરી સં. ૧૬૨૮ માં દીક્ષા લીધી અને મેઘજીનું નામ ઉદ્યોતવિજય રાખ્યું. આ પ્રસંગે અમદાવાદના જૈનસંઘે મોટો ઉત્સવ કર્યો હતો. આ દીક્ષા અવસરે મેઘજીની સાથે તેના ત્રીશ (અઠાવીસ) શિષ્યોએ પણ તપાગચ્છની દીક્ષા લીધી તે પૈકી ગણો નામના શિષ્યનું ગુણવિજય નામ રાખ્યું. અને તેમના શિષ્ય તે કવિ સંઘવિજય. હીરવિજયસૂરિના એક શિષ્ય સંઘવિજય નામના હતા. તેનું સંસારપક્ષે સંઘજી નામ હતું. તે પાટણનો એક ગૃહસ્થ હતો. તેની સ્ત્રીથી એક પુત્રી થઇ હતી. પોતાને ૩૨ વર્ષની ઉમર થતા હીરવિજયસૂરિના ઉપદેશથી દીક્ષા લેવાનું મન થતાં સ્ત્રીની અનુમતિ છેવટે લઇ પોતાની પુત્રીનું લગ્ન કરી આપવા માટે ખોટી થયા વગર દીક્ષા લીધી અને તેની સાથે બીજા સાત જણાએ દીક્ષા લીધી. સંઘજીનું નામ સૂરિજીએ સંઘવિજય રાખ્યુ તેજ સંઘવિજય અને આપણા કવિ-ગુણવિજયના શિષ્ય બે જૂદા યા એકજ છે તે ખાત્રીથી કહી ન શકાય. કદાચ આપણા કવિનું નામ સિંઘવિજય-સિદ્ધવિજય પણ હોઇ શકે. તેથી મને તો બંને જૂદા હોવાનુ વધારે સંભવિત લાગે છે. જૂઓ સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ. ૨૧૦ અને ૨૨૫.)

---

૨૨૧ વિજયમેરૂ (ખ૦ રાજસાર-મણિરત્ન-હેમધર્મ શિ૦)

(૪૪૨) હંસરાજ વછરાજ પ્રબંધ. સં. ૧૬૬૯ લાહોરમાં.

આદિ— દુહા.

વીર જિણેસર ચરમ જિણ પ્રણમુ, પય અરવિંદ સદગુરૂ પય પ્રણમુ,
વલિ મનિ ધરિ પરમાણુંદ. ૧

જિનવર વદન નિવાસની, પ્રણમું સરસતિ દેવ
પુન્યતણા ફલ ગાઇસું, સાંનિધિ કરિ શ્રુતદેવ. ૨

પુણ્યે ધણ કણ સંપજે, પુણ્યે સુખ આનંદ
પુણ્યે અરિ કેશરિ નમે, પણમે સુરનર ઈંદ. ૩
પુણ્યે લખમી વસિ હુવે, દિન દિન અધિક પડૂર
પુણ્યે ગ્રહ પીડા ટલે, જાગ્યે પુણ્ય અંકૂર ૪
પુણ્ય તણા ફલ છે બહુ, પુણ્યે જસ વર ચિત્ત
હંસરાજ હછરાજવર, હંસાવલી ઢાલ ચરિત્ત. ૫
સરસ પ્રબંધ છે એહનો, વલિ અધિક ઢાલ રસાલ,
કવિયણ સુણતાં ગહગહી, ચ્યાર ખંડ સુવિશાલ. ૬
એ ચરિત્ર જલધર સમો, વચન અમૃત જલબિંદુ
મધુર સ્વરે તે ગાઇ જવું ભવિક મોર સુખ કંદ. ૭
રસ કલા કર સરંજિકા, સુગાતાં શ્રવણ સુહાય
સાંભલિજ્યો ગુણિયણજના, જો આવૈ તુમ દાય. ૮

× × × ×

અંતે—

ખરતરગચ્છ અતી દીપતો, શ્રી જિનચંદ સૂરિંદ
તાસ સીસ અતિ દીપતો, શ્રી જિનસિંહ મુણિંદ. ૧૦૩ શિ૦
સોલસઇં ઉગણહુત્તરઈં લાહોરનયર મઝાર
સાંતિનાથ સુપસાઉલઇં કીધો પ્રબંધ અપાર. ૪
વાચનાચારિજ દીપતો, રાજસાર સુણ જાણ
મણિરયણ કલાનિલો, શિષ્ય મુખ્ય સુજાણ. ૫ શિ૦
હેમધર્મ ગુણ સાંનિધઈં, મુઝ સદા સુખ આનદ,
વિનયમેરૂ મુનિવર કહઇ, સુણતાં શ્રાવકવૃંદ. ૬
ચ્યારિ ખંડ એ ચઉપઇ, સરસ પ્રબંધ ઉલ્હાસ,
કવિયણ જનમન ગહગહઈં, ગાવતાં લીલવિલાસ. ૭

—ચાર ખંડ ગ્રથાગ્ર ૯૯૦ પ્રમાણ. ૧૧–૧૮ સં. લા. વડોદરા.

૨૨૨ જ્ઞાન (દાસ.)

(૪૪૩) સ્ત્રીચરિત્ર રાસ. ૧૬૭૦ પહેલાં રત્નાગર પુરમાં.

અંતે—

નવરઈ એક નાટિક રચિઉં રત્નાગર પુરમાંહિં
પંતિ કરી નિરાખજ્યો આપ્યુ મનિ ઉચ્છાહિ. ૧૮

ન્યાન ભણઇ હો ભાઇઓ સ્ત્રીચરિત્ર અપાર
જે છયલ એહને છેતરઇ તે નર ધન્ય અવતાર. ૧૯

—સં. ૧૬૮૯ આસો વદ ૧૩ હસ્તાર્ક દિને પંડિત શ્રી દર્શન-વિજયગણિ શિ. મુ. પ્રીતિવિજય લિખિતં.

(ઇડરની બાઇઓનો ભં.)

—પ્રત લખ્યા સં. ૧૬૭૦ અમ.

(૪૪૪) યશોધર રાસ.—ડે.

---

૨૨૩ પરમાનંદ (ત૦ વિજયસેનસૂરિ શિ.)

(૪૪૫) નાના દેશદેશીભાષામય સ્ત૦ (સ. ૧૬૭૧ પહેલાં.)

આદિ—

એ ત્રિભુવનતારણ તીરથ પાસ ચિંતામણીરે,
કિ વિજય ચિંતામણીરે,
ચાલિ ચતુર પ્રિઉ યાત્રિ જઇઇ ઇમ ભણઇ ભામનીરે
પ્રિય સેજ વાલિ જો તારા વિકિ ધવલ ધુરંધરારે
તસ સીંગિ સોવન ષોલિ કિ, ઘમ ઘમ ઘૂઘરારે. ૧

* * * *

અંતે—

ઇમ સકલ તીરથ સબલ સમરથ પાસ ત્રિભુવનનુ ધણી,
તપગછિ જિણઇ જયકાર દીધુ તિણઇ વિજય ચિંતામણી,

ભારમલ્લરાજા વડ દવાજા કરી થાપ્યા જિનવર,
શ્રી વિજયસેન સૂરીંદ સેવક પંડિત પરમાણુંદ જયકર, ૭૭
૪-૧૫ (વિ. ધ.)

(કચ્છનું વિજયચિંતામણિ મંદિર.)
(વિજયસેનસૂરિ સ્વર્ગ ૧૬૭૧. તો તે પહેલાં.)

---

૨૨૪ અજ્ઞાતકવિ.

(૪૪૬) સુદયવચ્છવીર ચરિત્ર લ. સં. ૧૬૫૨ પહેલાં.
અંતે—

સુદયવછનું એહ ચરિત્ર, જે નર નિસૂણઈ સદા પવિત્ર,
તાહં તણુંઇ મનિ પૂજઇ આસ, લહઈ સિદ્ધિ સુહ લચ્છિ વિલાસ. ૬૧

—સંવત્ ૧૬૫૨ વર્ષે આસોજ માસે શુકલપક્ષે પ્રતિપદાયાં તિથૌ દેવાલીનગરે રાંણા શ્રી પ્રતાપસિંઘ વિજયરાજરે શ્રી સંડેર ગણે ભટ્ટારિક શ્રી યશોભદ્રસૂરિ સંતાને ગચ્છાધિપ ભટ્ટારક શ્રી ઇશ્વરસૂરિભિઃ ચિરંજીયાતઃ તત્ શિષ્ય ઉપાધ્યાય શ્રી વિજયસુંદર વા૦ શ્રી પદમરાજ લિષતં.
(વિ. ધ.)

---

૨૨૫ હીરનંદન (ખ૦ જિનસિંહસૂરિ શિ૦)

(૪૪૭) હરિશ્ચંદ્ર ચોપાઈ. સં. ૧૬૭૦ થી ૧૬૭૪ ની વચ્ચે.
આદિ—

શુભમતિ આપો સારદા, સરસ વચન સરસત્તિ,
બ્રહ્માણી સહુ વિઘન હરિ, ભલો કરે ભારતિ. ૧
ચઉવીસે જિણવર ચતુર, નાંમ હુવઇ નત નિધિ,
શ્રી ગૌતમ ગણધર સધર, સદા કરો સાંનિધિ. ૨
આદીસર જિણ ઉદય કરિ, શાંતિ જિણંદ સુષવાસ,
નિરમલ મતિ દ્યો નેમિજિણ, પરતા પૂરઉ પાસ. ૩

વિઘન હરે શ્રી વીરજિણુ, સુખ સંપદ દાતાર,
પંચતીરથ જગિ પરગડા, પ્રણમું પ્રહસમિ સાર. ૪
ખરતર ગછનાયક ખરા, જંગમ જુગપરધાન,
શ્રી જિનસિંહ સૂરીસરૂ, નમીયઇ સુગુણનિધાન. ૫
વિનયવંત વિદ્યાનિલા, ગણિ હીરનંદન ગાય,
ગુરૂ સુપસાયઇ ગાયસું, રંગઈ હરચંદરાય. ૬

× × × ×

અંતે—

છેલ્લું પાનું નથી. પા. ૩૬ પં. ૧૫ આ. ક.

---

૨૨૬ વિદ્યાચંદ (ત૦ વીપા શિષ્ય)

(૪૪૮) +શ્રી વિજયસેનસૂરિ નિર્વાણ રાસ. ૧૬૭૧ પછી.

આદિ—

સરસતિ મતિ દ્યઉ નિરમલી, મુખિ ઘઉ વચન વિલાસ,
ગાઉં તપગચ્છ રાજવી, વિજયસેન ગુણરાશિ. ૧
જગમાં જગગુરૂ હીરજી, હુઓ અધિક સોભાગ,
મહિમા મહીમાહિં ઘણુઉ, જિમ રામમુની મહાભાગ. ૨
તાસ પાટિ ઉદયાચલિઈ, ઉગ્યુ અભિનવ ભાણુ,
શ્રી વિજયસેન સૂરિસરૂ, જેહથી નિતસ્યુ વિહાણુ. ૩
ભાગ્ય વડું શ્રી પૂજ્યનૂં, કુણઈ ન ખંડી આણુ,
જિનશાસનમાં જાગતાં, હૂઆ અધિક મંડાણુ. ૪
ખરચ પ્રતિષ્ઠા પૂજણાં, સંઘ તીરથ ઉદ્ધાર,
રાસ-ભાસ-કવિ ગ્રંથથી, તે સુણજ્યો અધિકાર. ૫
છેહડઈ જે નિર્વાણનઉ, કહૂં લવલેશ વિચાર,
તાત માત ગુરૂ ગામનઈ, નામ થકી સંભાર. ૬

* * * *

અંતે— કલસ.

જગમાંહિ મહિમા ગુરૂતણુઉ જે, અતિઘણુઉ છઇ મઇં સુણ્યઉ,
દોઇ હાથ જોડી બુદ્ધિ થોડી, ઠામિ કોડી સઉ ગુણ્યઉ,
શ્રી વિજયદેવ સૂરિંદ નંદઉ ભાવિ વંદઉ વલી વલી,
વર વિબુધ વીપા સીસ વિદ્યાચંદ આશા સવિ ફલી. ૫૭

—૫૭ ટુંક આમાં છે. પ્ર. જૈ. એ. ગૂર્જ કાવ્ય સંચય.

૧ +રાવણુ મંદોદરીએ આપેલ ઉપદેશ સ૦ ૩૯૧ સ. મા. ભી.

---

૨૨૭ ગંગદાસ (ખ૦ જિનસિંહ–કીર્તિરત્નસૂરિ–હર્ષધર્મ–હર્ષવિશાલ–સાધુમંદિર–વિમલરંગ–લબ્ધિકલ્લોલ શિ.)

(૪૪૯) વંકચૂલ રાસ. સં. ૧૬૭૧ શ્રા૦ શુ. ૨ ગુરૂ પાતિ ગામમાં.

આદિ—

સંતિ જિણેસર ચિર જયતુ, સંતિકરણુ જિનરાજ,
વંકચૂલ રાજા તણુઉ, ચરિત કહિસુ હિતકાજ. ૧
સૂધઇ મન જે પાલિસ્યઇ, ગુરૂમુખ લેઇ નીમ,
વંકચૂલ જિમ પામિસ્યઇ, રિદ્ધિ વૃદ્ધિ નિસ્સીમ. ૨
ગુરૂવિણુ કો જાણુઈ નહી, ધરમાધરમ વિચાર,
સુઘટ ઘાટ સોનાર વિણુ, લાધ મિલઈ લોહાર. ૩
રૂપિ કિમઇ ન રંઝીયઈ, જઉ વિધિ રંજનહાર,
કંઠન કિમ પચઅરિયઇ, જઉ વરસઇ જલધાર. ૪
ચ્યારિ નીમ ચાવા ચતુર, લીધા ગુરૂનઈ પાસ,
ચમતકાર ચિત ઊપજઇ, સુણુતા મન ઉલ્હાસ. ૫

* * * *

અંત—

સંવત સોલઈકહુત્તરિ જાણિ, પાતિગામ સુઠામ વખાણિ,
શ્રાવણુ સુદિ બીજઇ ગુરૂવારિ, ગાયઉ વંકચૂલ સુખકાર. ૧૨૧

યુગવર શ્રી જિનચંદ્રસૂરિ પાટ, સેવઈ સુરનર મુનિવર થાટ,
પરવાદી ભંજન સિરિ સાટ, શુદ્ધ પરૂપઇ જિણવર વાટ. ૧૨૨
યુગવર શ્રી જિનસિંહ સૂરીશ, વિજયમાન પ્રતપઉ સુજગીસ,
રાયરાણા માનઈ જસુ આણ, એહના કેતા કરૂ વખાણ. ૧૨૩
ભૂમિતલ મોટા અવદાત, થૂભ મહેવઇ જસુ વિખાત,
આચારિજ આચારઈ ભલઉ, કીરતિરતન સૂરિ જગતિલઉ. ૧૨૪
હરષધરમ વાચક તસુ સીસ, વાચક હરષવિશાલ મુનીસ,
તસુ પાટઇ પરગટ ગુણનિલઉ, સાધુમંદિર વાચક સિરિતિલઉ. ૧૨૫
તાસુ વિનેય વિમલરંગ ગણી, વિનયવંતમાહિ મહિમા ધણી,
તિહનઉ સીસ વિનયગુણ જાણ, વાચક લબ્ધિકલ્લોલ પ્રધાન. ૧૨૬
તાસુ પ્રસાદઇ એહ રસાલ, વંકચૂલ ગાયઉ ગુણમાલ,
સુણતાં ભણતાં લીલવિલાસ, એહ સંબંધ કહ્યઉ ગંગદાસ. ૧૨૭
જિહાં સાગર જલ ગંગતરંગ, જિહાં કંચનગિરિ વર ઉત્તુંગ,
તિહાં લગિ નંદઉ એહ સંબધ, સુણતાં ટલઈ કરમહ બંધ. ૧૨૮

—સં. ૧૬૮૪ પોષ વદિ ૧૦ અર્કવાસરે. પૂર્ણિમાપક્ષે યુગપ્રધાન શ્રી ૪ યુગવર ભટ્ટારક લક્ષ્મીચંદ્રસૂરિ-પ્રથમ શિ. ગણિ શ્રી વીરવિમલ પ્રથમ વાચક વાચનાચાર્ય વા૦ શ્રી લબ્ધિવિજય તત્ શિષ્યાય શિ. સૌભાગ્યવિજય લષિતં-શ્રી સત્યપુરવરે. વિ. ધ. ૫-૧૪

---

૨૨૮ કૃપાસાગર (નેમિસાગર-વિદ્યાસાગર શિ.)

(૪૫૦)+ નેમિસાગર ઉ૦ નિર્વાણ રાસ. સં. ૧૬૭૨ માગ. શુ. ૧૨ ઉજ્જેણીમાં.

આદિ— વસ્તુ.

સકલ મંગલ સકલ મંગલ મૂલ ભગવંત,
શાંતિ જિણેસર સમરીઇ, રિદ્ધિવૃદ્ધિ સવિસિદ્ધિ કારણ,

મહિમંડલ મહિમાનિલો, પાપ વ્યાપ સંતાપ વારણુ,
ઉજેણીપુર જિન જયો, પ્રગટ અવંતી પાસ,
કામકુંભ જિમ પૂરવેં, કવિયણ કેરી આસ. ૧

નેમિસાગર ર નામ અભિરામ,
કામિતપૂરણુ અભિનવો કલ્પવેલિ સમ સદા કહીઈ,
જપતાં જગિ જસ વિસ્તરિં લલિત લીલ આનંદ લહીઈ,
વર વાચક પદવીધરૂ, અંગિકર્યું ગુરૂ આંણુ,
જિમ હુઉં તિમ કવિ કહિં, તેહતણૂં નિરવાંણુ. ૨

× × × ×

અંતે—

ઢાલ ૧૦ મી. રાગ ધન્યાશ્રી.

જય જય સાધુ શિરોમણી, નેમિસાગર વર નામોજી,
કામિતપૂરણુ સુરતરૂ, વાચકવૃંદ લલામોજી. ૧૨૯

× × × ×

સંવત સોલ બિહુત્તરઈ નયર ઉજેણી મઝારજી,
માગસિર શુદિ બારસ દિનેં થુણિઉ શ્રી અણુગારોજી. ૧૩૪

વાચક વિદ્યાસાગરૂ, તાસ પંચાયણુ સીસોજી,
વિબુધ કૃપાસાગર કહિં પૂરો સકલ જગીસોજી. ૧૩૫

—લિ૦ સં. ૧૭૭૦ શ્રાવણુ વદિ ૫ બુધે મુનિ જયસૌભાગ્યેન પા. ૬-૧૩ નં. ૩૪-સન ૧૮૭૭-૭૮ ડે. કો.

---

૨૨૯ રાજસાગર ઉ. (પીં. ધર્મસાગરસૂરિ-વિમલપ્રભસૂરિ-સૌભાગ્યસાગરસૂરિ શિ.)

(૪૫૧) લવકુશ રાસ. સં. ૧૬૭૨ જેઠ સુદિ ૩ બુધ.

અંતે—

સંવત સોલ વરસ બહુત્તરી જેઠ સુદી બુધવાર,
તિથિ ત્રીજનિં દિનિં રાસ પૂરણ એહવું મંગલકાર. ૨

નગર થિરપુર રૂઅડું, જિહાં કરઇ કમલાવાસ,
જિહા વસઈ વડ વ્યવહારીઆ મતિ ધર્મ ઉપરિ જાસ,
પીપલ ગચ્છિં ગુરૂ વડા શ્રી શાંતિસુરિ સુજાંણ,
પ્રતિબોધીઆ કુલ સાતસઈ શ્રીમાલપુર અહિઠાણ. ૩

તાસ અનુક્રમિ પાટિ પ્રગટયા શ્રી ધર્મસાગર સૂરિ,
શ્રી વિમલપ્રભ સૂરીસ પ્રણમું, હુઈ આણંદ પૂરિ,
વિબુધ વિદ્યા ધરમદાતા અધિક જસુ ઉપગાર,
જેણિ ટાલ્યા હિત કરી અગન્યાનના અંધકાર. ૪

જેણિં થાપ્યા સૂરિ શ્રી સૌભાગ્યસાગર પાટિ,
જિનવચન મારગ દાખવઇ પ્રીછવઇ પુણ્યહ વાટ,
વીનવઇ વાચક રાજસાગર રાસ એહ રંગિં મુદા,
નરનારિ ભાવિ સંભલઇ તસુ સંપજઈ ઘરિ સંપદા. ૫૦૫

—ઇતિશ્રી લવકુશ રાસ સંપૂર્ણઃ—ગ્રંથા. ૯૦૦ પત્ર ૧૨ હા. ભં. પાટણ ડાબડો ૮૩.

(૪૫૨) પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ. સં. ૧૬૯૮.
પત્ર ૧૫ હા. ભં. પાટણ ડા. ૮૩

૨૨૯ક. કીર્તિવિજય (ત૦ કાનજી શિ.)

વિજયસેનસૂરિ નિર્વાણ સજઝાય.

આદિ—

જવહરી સાચોરે અકબર સાહજીરે—એ ઢાલ.

સરસતિ ભગવતિ ચિત્ત ધરીરે, પ્રણમી નિજગુર પાયરે,

હીર પટોધર ગાયતાં રે મુઝ મનિ આણુંદ થાયરે,
તું મનમોહન જેસંગજીરે. ૧

× × × ×

અંતે— કલશ.

હીર પટોધર સંઘ સુખકર વિજયસેન સૂરીસરો,
મેં થુણ્યો સૂર સવાઇ અવિચલ બિરૂદ મહિમામંદિરો,
જસ પાટિ પ્રગટ પ્રતાપ દીપે વિજયદેવ દિવાકરો,
કાનજી પંડિત સીસ કીરતિવિજય વંછિતકરો. ૪૭

—૪–૯ માં.

(વિજયસેનસૂરિ–સ્વ૦ ૧૬૭૨ માં થયા ત્યાર પછી તે સમામાં આ થયેલ છે.)

---

૨૩૦ લાલવિજય (૧) (ત. વિજયદેવસૂરિ–શુભવિજય શિ.)

(૪૫૩) જ્ઞાતાધર્મ ઓગણીસ અધ્યયન સઝાય. સં. ૧૬૭૩
આષાઢ વદ ૪ રવિ છઠીઆડામાં.

અંતે—

સંવત સોલત્રિહુંતરિ સંવત્સરે, આદિતવારે આસાઢ માસે,
શુભવિજય શિષ્ય લાલવિજય એણિપરે કહે ભણે ગુણે
તે સુખીય થાશે. ૧૦

—ઇતિ પુંડરીક કુંડરીક રિષી સઝાય.

તપગચ્છિ પાટ પરંપર આવ્યા, સુધર્મ ગુરૂથી ભાવ્યા,
શ્રી વિજયદેવ સૂરીશ્વર રાજે, સોલત્રિહુંતરિ છાજે. ૬
આસાઢ વદિ ચોથે દિન આવે, છઠીઆડા માહે આવે,
રવિવારે એ અર્થ વિચારો સાંભળતાં સુખ થાયે. ૭
શુભવિજય પંડિત સુખકારી, તાસ પ્રસાદિ જાણી,
સઝાય એકવીસ આસ પુરો મુજ, લાલવિજય કહી વાણી. ૮

સિદ્ધાંત વાણી સરસ જાણી આદર આણી ભણીએ,
ભાવે ભવીયણુ કહે એમ કવિયણુ કાન દેઇને સુણીએ. ૯

—સર્વરસ સઝાય ગ્રંથાગ્ર ૭૫૦ પ્ર. કા.

(૪૫૪) નંદન મણિયાર રાસ. વિધા.

૧+ ધી સઝાય. ૧૦૨ સ. મા. ભી.

૨. સુદર્શન સ. સં. ૧૬૭૬ માગશર–કડીમાં.

આદિ—

શ્રી ગુરૂપદપંકજ નમી હું માગું વચન વિલાસ,
સુદર્શન શિયલ વખાણીઇ, હું છું તુમ્હ પાયે દાસ.

× × × ×

અંતે—

સંવત સોળ સિત્તોતરેં, માગશિર કડી મઝારિં,
શ્રી પાર્શ્વનાથ પસાઉલઇં, શીલે કામ કીધું ઉદાર. ૪૧
જે ગાવે વાંચે નિરમલા તે પામે સંપદા કોડિ,
શ્રી શુભવિજય શિષ્ય ઇમ ભણઇ, લાલવિજય નમે કરજોડિ. ૪૨

આ. ક.

—લિ. ઋ. વીરજી પઠનાર્થં ઋ. પ્રેમજી ૨–૧૪ મારી પાસે પ્રત છે.

૩. વિચાર સ. ૫ કડી.

આદિ—પ્રથમ ધરૂં સહગુરૂ નામ, જિમ મનવંછિજે કામ,

અંતે—શુભવિજય સીસ લાલવિજય કહે, સુયગડાંગ વૃત્તિથી લહઈ. ૫

૪. ભરતબાહુબલ સ. ૩૧ કડીની.

અંતે—

તપગચ્છનાયક સુંદરૂ રે, શ્રી વિજયસેન સૂરિરાય,
સોહગ તિહાં વાચકવરૂ રે, શ્રી કલ્યાણવિજય ઉવઝાય.

શ્રી કલ્યાણવિજય ઉવઝાયા સીસ, શુભવિજય પ્રણમે નિસિદીસ
લાલવિજય કહે ઇણિ ધ્યાને રહી, બાહુબલિની પરિ મુગતે જઇરે. ૩૧

—પત્ર ૨ શ્લો. ૩૦ દા. ૨૩ લીં.; ૨-૧૯ મારી પાસે છેલ્લું પાનું છે.

૫ કયવન્ના ઋષિ સ. ૧૪ કડીની.

અંતે—

એ હવે વિર આવ્યા, સાતે સ્ત્રી જૂઓ સાથે,
દીક્ષા લીધી તિહાં સાચા શ્રી ગુરૂ હાથે.
પાલે એકમન્નાં કરમ સર્વે તિહાં ટાલી,
કેવલ પામીને લહસ્યે મુગત લટકાલી
લટકાલી તિણેં મુગતજ પામી, તેતો દાંન પ્રભાવે,
ઉતમના ગુણ લેઇ દેઇ કર્યો સઝાય સુભભાવેં
શુભવિજય પંડિત પાય સેવી, લાલવિજે કહે પ્રાંણી,
ભાવસહિત દીઓ દાન ભલીપરેં, હીયડેં ઉલટ આંણી. ૧૪

(આમ દરેક કડી ૮ ટુંકની છે) લિ૦ શ્રી પુરબંદિરે. ૩-૧૧ મારી પાસે છેલ્લું ત્રીજું પાનું છે.

કલ્યાણસાગરસૂરિ. (આં.) જુઓ નં. ૪૪ પૃષ્ઠ ૪૭.

વીસ વિહરમાન સ્ત૦

પત્ર ૪ દા. ૨૩ લીં.

અગડદત્તરાસ. (સં. ૧૬૪૫ થી ૧૭૧૮ સુધીમાં.)

(અંચલગચ્છના પાટ પર ૬૪ મા કલ્યાણસાગરસૂરિ થયા. લોલાડો ગામે કોઠારી નાનિગની સ્ત્રી નામિલદેના કોડણ નામે પુત્ર સં. ૧૬૩૩ માં જન્મ્યા. સં. ૧૬૪૨ માં ધવલપુરે દીક્ષા લીધી. સં. ૧૬૪૯ માં અમદાવાદમાં આચાર્યપદ, સં. ૧૬૭૦ માં પાટણમાં ગચ્છેશપદ પામ્યા. તેમણે કચ્છદેશના અધિપતિને પ્રતિબોધ આપી આહેડ-શિકાર મૂકાવ-

રાવ્યો. તેમના ઉપદેશથી નવાનગરમાં સં. ૧૬૭૬ માં લાલન ગોત્રે ઓસવાલ જ્ઞાતિના શા. વર્દ્ધમાન પરમસીએ નવલાખ મહમુદી ખર્ચીને એક મોટો જિનપ્રાસાદ કરાવી તેમાં ૫૧ મોટાં બિંબ ભરાવ્યાં તથા ૪૪૧ બીજાં બિંબ ભરાવ્યાં તેમજ તે શેઠે શત્રુંજયપર એક મોટું જિનાલય કરાવ્યું ને બીજાં સાત દેરાસરની ત્યાં પ્રતિષ્ઠા કરાવી. વળી સં. ૧૬૭૫ ના વૈશાખ શુદ ૮ રવિએ નવાનગરવાસી ઓસવાલ જ્ઞાતિના નાગડાગોત્રના શા, રાજસીએ ૫૫૧ જિનબિંબ ભરાવી એક મોટું બાવનજિનાલયવાળું ચૈત્ય કરાવ્યું તેની પ્રતિષ્ઠામાં આ આચાર્ય હતા. તે રાજસીએ એક દેરાસર ઉપર નવ લાખ મહમુદી ખર્ચી. અને બીજા મોટા ૨૧ પ્રાસાદ કરાવ્યા તેનીપર ૮૪ લાખ કોરી ખર્ચી આ આચાર્ય આગરામાં ચોમાસું હતા ત્યાં એમના ઉપદેશથી કોનપાલ અને સોનપાલે ઘણું ધન સાતક્ષેત્રે વાવર્યું—શ્રી સમેતશિખરજીનો સંઘ કાઢયો ને યાત્રા કરી સં. ૧૬૭૧. આ આચાર્ય સં. ૧૭૧૮ માં ભુજમાં ૮૫ વર્ષની ઉમરે સ્વર્ગસ્થ થયા. વધુ વૃત્તાંત મોટી પટ્ટાવલિમાં તેમજ તેમનાપર ઉદયસાગરે રાસ સં. ૧૮૦૨ માં રચેલો પ્રગટ થયો છે. તેમાંથી જોઈ લેવું. પૃ. ૪૭–૫૨ કલ્યાણસાગર આપેલ છે તેજ આ અંચલગચ્છીય હોવા ઘટે તેથી આને જૂદો નંબર નથી આપ્યો.

---

૨૩૧ ઉદયમંદિર (આં. કલ્યાણસાગરસૂરિ–પુણ્યમંદિર શિ૦)

(૪૫૫) ધ્વજભુજંગ આખ્યાન સ. ૧૬૭૫ કા૦ શુ. ૧૩ સોમ.
સેરવાટપુરમાં

અંતે—

સંવત સોલપંચ્યોતરેં રે, કારતિક માસ મઝારિરે,
સુદ તેરસ અતિ ઉજલીરે, સોમ સુતન ભલો વારરે. ૧૦
વિધિપક્ષ ગચ્છગુરુ રાજીઓરે, સોહે નિર્મલ નાણુરે,
દિનદિન મહિમા દીપતોરે, જિમ ઉદયાચલે ભાણુરે. ૧૧

કલ્યાણસાયર સૂરીસરૂરે, સકલકલા ગુણ ઠાંમરે,
નાનિગનંદન સુંદરરે, મોહન (કોડણ) શ્રીગુર નામરે. ૧૨
તાસ પક્ષ પંડિતવરરે, પુન્યમંદિર મુનિરાયરે,
વિનઇ તેહના વીનવેરેં, ઉદયમંદિર ધરી સાયરે. ૧૩
રાસ રચ્યો ખંતે કરીરે, સેરવાટપુર માંહિરે,
નરનારી જે સાંભલેરે, તસ હોઈ અધિક ઉછાંહિરે. ૧૪

—સકલપંડિત શિરોરત્ન ભૂભામિનીભાલસ્થિતોપમાન પંડિતોત્તમ શ્રી ૨૧ શ્રી લબ્ધિવિજય ગણિ શિષ્ય સકલગણિગજેંદ્રગણિ સુંદરવિજય ભાઇશ્રી પં શ્રી શાંતિવિજય ગણિ લિખિતં મુનિશ્રી નેમવિજય વાચનાર્થે લિખિતં પુસ્તક શ્રી શાંતલપુર નગરે. (પત્ર ૭ પ્ર. કા.)

---

૨૩૨ ધર્મકીર્તિ (ખ૦ ધર્મનિધાન શિ.

(૪૫૬) નેમિરાસ સં. ૧૬૭૫ ફા. શુ. ૫ રવિ

આદિ— હું બલિહારી જાદવા એહની ઢાલ.

સરસતિ માતા મુઝ ભણી, દેજે અવિરલ બુદ્ધિ વિસાલકિ,
નેમિ તણા ગુણ ચિત્ત ધરી, પભણું રંગઇ અતિહિં રસાલ કિ. ૧
સીલસિરોમણિ નેમિજી, ગાઇસુ હું જિણવર સુખકારકિ,
સીલ સુજસ જગિ વિસ્તર્યંઉ, જાદવકુલનઉ એ સિણગારકિ. સીલ ૨

* * * *

અંતે—

ખરતરગછિ ગુરૂ ગુણનિલઉ, જુગપ્રધાન જિણચંદ મુણિંદ કિ,
પાઠક ધરમનિધાનજી, ધરમકીરતિ મનિ ધરિઅ આણંદકિ. ૭૦
સોલહસયપચહુત્તરઈ ફાગુણ સુદિ પંચમિ રવિવારકિ,
રાસ ભણ્યઉ જિણવર તણઉ, સયલ સંઘનઈ મંગલકારકિ. સી. ૭૧

—૩-૧૫ સેં લા. નં. ૨૨૩૩.

---

૨૩૩ વિવેકવિજય (ત. હીરવિજયસૂરિ-ઋદ્ધિવિજય-ચતુરવિજય શિ.)

(૪૫૭) રિપુમર્દન રાસ. ૧૬૭૫ (?) વડાવલીમાં

આદિ—

થંભણપુર વરપાસ જિણુ, હું પ્રણમું તુમ પાય,
વામાનંદન નામથી, પરમ પામું સુખદાય. ૧

સરસતિ ભગવતિ આપયો, મુઝનઈ બુદ્ધિ પ્રકાસ,
કાલિદાસ જિમ માઘ તિમ, તિમ દો વચનવિલાસ.

* + * *

અંતે—

ઢાલ આવો આવોરે સહીઓ ઉપાસરે આવો એ દેશી.

ગાયા ગાયારે ઉત્તમના ગુણુ ગાયા, સુખસંપતિ બહુ પાયારે,
ઉત્તમના ગુણુ સુણસેં ભણસેં તસ ઘર ઋદ્ધિ સવાયારે. ૧
દાન સીલ તપ ભાવના કહીઈ, એ જગમાં સહી ચ્યારેરે.
એ ચ્યારેથી અધિકો જાંણો, સીલ વડો સુખકારરે. ગા. ૨
શીલ પાલ્યું રિપુમર્દન રાજા, તો તસ રિદ્ધિ સવાઇરે,
ઇમ જાણીને સંજમ પાલો. પ્રાણી તુમે સહુ કોઇરે. ૩
સીલઉપદેશમાલાથી લીધો, એહનો સહી અધિકારરે.
પંડિત સોઈ શોધીને કરયો, જો હોવે ખોવટ લગાર. ૪
જેહવી બુદ્ધિ તેહવી ચતુરાઈ, આવે તેહવી વાંણીરે,
રંક જાણે હું ધનવંત સબલો, તે સવિ મથ્યા જાણીરે. ૫
અધિકું ઓછું જે મેં ભાખ્યું, તે મુઝ મિચ્છા દુક્કડ રે,
એક ધ્યાનેં કરી જોડયો, એહનો રાસ ઘણું અમુલકરે. ૬
સતરસહસ ગુજરાતી સોહાવઇ, પાટણ બારોસારરે,
ગામ વડાલવી અતિ ઘણું સારૂં, ધરમી લોક દાતારરે. ૭

સંભવનાથ તણેં પરસાદે, ચોપઇ સરસજ કીધીરે,
શ્રી જિનનો દીદાર લહીને મુઝ મનવંછિત સિદ્ધિરે; ૮
સંવત ચૈકસૈલાદિક રાગા, જ્ઞાની નામ ધરીજેરે,
માસ વ્યંક અજુઆલીતિથ સીવા, વાર ભલો ભૃગુ લીજેરે; ૧૦
સકલ ભટ્ટારક અનોપમ સોહે શ્રી હીરવિજય સૂરીરાયારે,
અકબરને બોધ દઇને, શ્રી જિનધર્મ પતાયારે. ૧૧
તાસરે સીસ અતિ ઘણું રૂડા, ઋદ્ધિવિજય સુખકારરે,
તાસરે સીસ પડિત ગુણભરીઆ, ચતુરવિજય શિષ્ય સારરે. ૧૨
રાગ ધનાસી ઢાલ સતાવીસ, રિપુમર્દન ગુણ ગાયારે.
વિવેકવિજય કહે સુણતાં સહુને, આણંદઋદ્ધિ સવાયારે. ૧૩

—૧૮–૧૫ ગ્રથમાન ૭૦૦ નં. ૩૭ દા. ૨૫ લીં.

---

૨૩૪ જયસોમ (ખ. પ્રમાંદમાણિક્ય ગણિ શિ.)

(૪૫૮) ભાવના સંધિ સ. ૧૬૭૬ વીકાનેરમાં.

આદિ—

આદીસર જિણવર તણાં, પદપંકજ પણમેવિ,
પભણિશુ બારહભાવના, સાનધિ કરિ શ્રુતદેવિ. ૧
દાન દયા જપતપ ક્રિયા, ભાવ પખઇ અપ્રમાણ,
લૂણ વિણા જિમ રસવતી, એ શ્રી જિનવરવાણિ. ૨
દાન શીલ તપ દોહિલા, કરતાં દૂસમકાલિ,
ભાવના ભાવઉ ભવિકજન, પુણ્યસરોવરપાલિ. ૩
અનિત્યપણઉ અશરણપણઉ, ભવસરૂપ એકત્વ,
અન્યથઉ વલિ અશુચિપણુ, આશ્રવ સંવરતત્ત્વ. ૪
નવમી નિર્જર ભાવના, ધર્મ્મ સુરલોક સભાવ,
બોધિ દુલભ પરભવ ઇસી, બારહ ભાવન ભાવિ. ૫

* * * *

અંતે— ઢાલ.

ઇણિપરિ બાહર ભાવન જાણી, આણુ જિનદત્તણી મનિ આણી,
અહનિસિ જેહ ધરઇ મનમાહિ, તે શ્રી જિનવરધર્મ આરાહઇ. ૭૦
રસવારિધિ રસ સહસ વરસઇ, વીકાનયરિ નયરિમન હરસઇ,
શ્રી જિનચંદ્રસૂરિ ગુરૂરાજઇ, એહ વિચાર ભણ્યઉ હિતકાજઇ. ૭૧
પ્રમોદમાણિક ગણિ સુહગુરૂ સીસ, ગણિ જયસોમ કહઇ સુજગીસ,
આદીસર સુરતરૂ સુપસાઇ એહ ભણતાં સવિ સુખ થાઅઇ. ૭૨

—૪-૧૧ ક. આ. (મારી પાસે છે.)

---

૨૩૫ મનોહરદાસ (વિજયગચ્છ ગુણસૂરિ—દેવરાજ —મુલ્લિદાસ શિ.)

(૪૫૯) યશોધર ચરિત્ર સં. ૧૬૭૬ શ્રાવણ વદ ૬ ગુરૂ દશપુર (મંદસોર)માં.

આદિ— વસ્તુ

ઋષભ જિણુવર ઋષભ જિણુવર નાભિનૃપનંદ,
મરૂદેવ્યા ઉવરયં રયણ કોડિ દેવ જસ સેવ સારય,
ઇંદ્રિ ચંદ્ર સેવયં સદા, અલિય વિઘન સવ દૂરિ વારઇ,
શ્રી શાંતીશ્વર શાંતિકર, પાસ જિણંદ દયાલ,
તસ પદપંકજ નમવિ કરિ, ચરિત રચિસ સુવિશાલ, ૧
વીર જિનવર વીર જિનવર પ્રણમિ વંદુ ભાય,
સાસનપતિ જિનવર જયો, ઇંદ્રિકોટિ સુગરણ નિરતર,
ભક્તિભાવ નિર્ભર સદા, નમઇ ચંદ્રનાગેંદ્ર ગણધર,
પુંડરીક ગોયમ પ્રમુખ, નમીઇ સકલમુણિંદ.
રાય જશોધર ચરિત વર, પભણિસુ પરમાણંદ. ૨

* * * *

અંતે—

શ્રી જિન વીર કહિઉં સંબંધ, ગોતમ આગલિ એહ પ્રબંધ,
હિંસ્યા તજી દયા આદરૂ, જિમ ભવસાયર હેલાં તરૂ. ૪૩

ગુરૂ મુખથી જાણ્યો જેહવઉ, તેહવઉ રચ્યો નહી કાંઇ નવઉ.
એ સંબંધ સદા સુખકાર, ભણતાં સુણતાં જયજયકાર. ૪૪
સંવત સોલછહુત્તરઈ સાર, શ્રાવણ વદિ પખિ ગુરૂવાર,
દશપુર નવફણ પાસ પસાય, રચ્યો ચરિત્ર સબંધ સુખદાય. ૪૫
વિજયગછિ ગુણસૂરિ સૂરીંદ, જસ દરસણ હુઇ પરમાણંદ,
શ્રી મુનિ દેવરાજ સુખકંદ, તાસ શિષ્ય મલિદાસ મુનીંદ. ૪૫
તસ પદપંકજ સેવક સદા. મનોહરદાસ કહઈ મુનિ મુદા,
જા મંદિર અવની થિર રહઇ, તાં લગિ એ ચરિત્ર ગહગહઈ. ૪૬
રાય જસોધરતણો ચરિત્ર, સાંભલતાં હુઈ પુણ્ય પવિત્ર,
એ ચરિત્ર નરનારી ભણઈ, તેહનઇ લિક્ષમી ઘર આંગણઈ. ૪૭

—સં. ૧૬૮૫ વરષે આસાઢ સુદિ ૯ રવિવારે લિખિતં રામપુરા મધ્યે. ૩૧-૧૨ સેં લા. વડોદરા નં. ૨૨૧૪.

---

૨૩૬ જ્ઞાનમેરૂ (ખ૦ સાધુકીર્ત્તિ-હેમસૂરિ શિ.)

(૪૬૦) ગુણકરંડ ગુણાવલી સં. ૧૬૭૬ આસો શુ ૧૩ વિગયપુરીમાં.

આદિ— રાગ અસાવરી.

પ્રણમુ ચોવીસે જિનપાય, વાલી ભાવિ વંદુ ગુરૂ પાય
પુન્યતણાં ફલ કહિસું હેવ, સાનિધિ કરયો શ્રી શ્રુતદેવ. ૧
પુન્યઇ ઘણા કણ કંચણ રિધ્ય, પુન્યઈ પાંમીજિ સર્વ સિધ્ય,
પુન્યઈ ઇઠ મિલિ સંયોગ, પુન્યઈ હોઇ મનવંછિત ભોગ. ૨

* * * *

અંતે—

૧૬ મી ઢાલ ધન્યાસીરાગ.

× × × ×

સંવત્ સોલ છોતિરઈ પ્રથમ મેહઇ આસો માસ,
વિગયપુર તેરસ્ય દિનઈ, સંઘ અનુમતિ ઉલ્હાસ. ૧૮૨

શ્રી ખરતરગચ્છ નાયક ભલા, શ્રી જિનરાજ સૂરીંદ,
શ્રી જિનભદ્ર સાખી વડા, જિહાં વડવડા મુણીંદ. ૧૮૩
શ્રી સાધુકીરતિ પાઠકવરૂ, નાણુ ચરણું ભંડાર;
શ્રી હેમસૂરિ વાચક વરૂ, તાસુ વિનય ગુણધાર. ૧૮૪
તસ પય પંકજ સેવક, જ્ઞાનમેરૂ કહિ એમ,
ઢાલ ધન્યાસી સોલમી, સુણતાં હોવઇ સર્વ પ્રેમ. ૧૮૫
ખંડ ત્રીજઈ તપ ગુણ કહ્યા, સુણીજે ભાવના ભાવંતિ,
રિધિ વૃધિ સંપદ સવે, મનવંછિત આવંતિ. ૧૮૬

—તૃતીયખંડે તપોધિકારે ગુણકરંડ ગુણાવલી અધિકાર—સં. ૧૭૦૨ પો. સુ. ૫ ભૃગૌ લિ. ૮-૧૩ (વિ. ધ.); પાનાં ૬-અમ.

—પંડિત ગજરત્ન લિખિતં સંવત ૧૭૧૧ વર્ષે શુભંભવતુ શ્રી જાલો (ર) મહાગઢ દુર્ગ મધ્યે લિષતં. ૫-૧૭ જૈ. એ. નં. ૧૧૩૯

૨૩૭ મતિસાગર-(આગમ ગ૦ ગુણમેરૂ શિ.)

(૪૬૧) સંગ્રહિણી-ઢાલબંધ સં. ૧૬૭૫ પોષ માસ.

આદિ—

અરિહતાદિક પંચ જે, પરમેષ્ટી પ્રધાન,
નમું નિરંજન ચિત્તસ્યું, માગુ અવિચલ માન. ૧
કાસ્મીરનિવાસિની, સરસતિ સમરૂં માય,
તાસ ચરણ ભાવઈ નમી, કરૂં કવિત્ત ઉચ્છાહિં. ૨
સદગુરૂ પદપંકજ વલી, વાંદું ભાવ સહીત;
તાસ તણે સુપસાઉલેં, વાધે અવિચલ મતિ. ૩
એક મનાં આરાહીઈ, શ્રી ઉદયરયણ સૂરીંદ,
તસ પટોધર દીપતાં, આગમ ગચ્છ દીણુંદ. ૪
શ્રી સૌભાગ્યસુંદર સૂરિની, અનુમતિ લહી ઉલ્લાસિ.
શ્રી સંગ્રહણી સત્રનું, રાસ રચું સુપ્રકાસ. ૫

પહેલું દ્વાર ચઉત્રીસ જે, અનુક્રમે કહું વિચારિ,
સાવધાન સહુ કો સુણો, બોલું સૂત્ર અનુસાર. ૬

* * * *

અંતે—

આગમ ગછિ મુનિવર મુગટ, શ્રી ઉદયરયણ સૂરિરાય,
શ્રી સોભાગસુંદર સૂરિગુરૂ, ધંધુકીઆ કહિવાય. ૪૩
તસુ પરિવારઇ ગહગહઇ પંડિત શ્રી ગુણમેરૂ,
સકલ કલાઇ દીપતા, મહિમા જસ ભડમેરૂ. ૪૪
તાસુ સીસ ભાવિઈ કરી, રચિઓ રાસ સુવિચાર,
સંવત સોલ પંચોતરઇ, પોષ માસ ઉદાર. ૪૫
પહિલુ અક્ષર મન તણું, બીજઓ યતિનું જાણિ,
મનસા ત્રીજુ આણુગો, ચુથઈ વઇરાગ આણિ. ૪૬
વઇરાગરનું પંચમુ, એહજિ કવિના નામ,
શ્રી જીરાઉલિમંડણું, કરૂ તેહનઇ પ્રણામ. ૪૭

—ઉપાધ્યાય શ્રી રતનસાગર ગણિ શિષ્ય પદમસાગર ગણિ શિષ્ય ધિર્મસાગર પઠનાર્થં. (ચેનસાગર ભં. ઉદયપુર.)

—સં. ૧૮૭૭ ના વર્ષે માહ સુદિ ૧૫ દિને ભૃગુવાસરે તૃતીય પ્રહરે શ્રી પાલણપુર નયરે શ્રી પાલવીયા પાર્શ્વનાથજી પ્રસાદાત્ લિખિતં ગ્રંથાગ્રથ ૮૨૩ શ્લોક-૨૮-૧૨ પ્ર. કા. નં. ૫૫૨.

૨૩૮ ગુણસાગર સૂરિ (વિજયગચ્છ-વિજય ઋષિ-ધર્મદાસ-ખેમજી-પદ્મસાગર સૂરિ શિ.)

(૪૬૨) ઢાલસાગર સં. ૧૬૭૬ શ્રાવણ શુ. ૩ સોમ કુકંટેશ્વર ગામમાં.

આદિ—

શ્રી જિન આદિ જિનેશ્વરૂ, આદિતણો દાતાર,
યુગલા ધર્મ નિવારણો, વરતાવણ વિવહાર. ૧

શાંતિ સકલ સુખદાયકો, શાંતિકરણ સંસાર,
અરતિ અસુખ દુખ આપદા, મારિ નિવારણહાર. ૨
નેમિનાથ મતિ નિરમલી, અનમન મારણ દેવ,
બાલ બ્રહ્મચારી પ્રભૂ, સુરનર સારઈ સેવ. ૩
પારસ પારસ સારિખઉ, સુખ સંપતિ દાતાર,
ક્ષુદ્રોપદ્રવ ટાલણો, નામિ સદા જયકાર. ૪
વીરસ્વામિ ત્રિભુવનતિલો, ગુણમણિનુ ભંડાર,
તીર્થંકર ચઉવીસમુ, શાસનનો સિણગાર. ૫
કાલ અતીતઇ જે હૂઆ, વર્તમાન જિન ઇસિ,
હોણહાર ને સહૂઅના, ચરણ નમું નિસદીસ. ૬
ગણહર ગૌતમ ગુણનિલો, લબ્ધિપાત્ર સુવિચાર,
પનરઈ સઇરે તિડોતરાં, દીધો જેણિ આહાર. ૭
કામધેનુ ગો શબ્દથી, તલઇ તરૂ સુરવૃક્ષ,
મમઈ જુ મણિ ચિંતામણી, ગૌતમ સ્વામિ પ્રત્યક્ષ. ૮
દેશિ દેશાંતર કાં ભમઈ, મૂરિષ લોગ અયાણ,
ધરિ બયઠાં હરિ પોરસો, ગૌતમ કેરો ધ્યાન. ૯
બ્રહ્માણી બ્રહ્માસુતા, સારદમાત પ્રણામ,
કરિ માગું મતિ નિર્મલી, જિમ પામું કવિ નામ. ૧૦
કવિવાણી વારૂ કહી, જસ તૂઠી તું માય,
તૂઝ તૂઠા વિણ બોલણો, મૂરિષમાંહિ કહાય. ૧૧
પઢઈ ગુણઈ મતિ આગલા, રાજસભા સનમાન,
લહઈ નિવાજ્યા તાહરા, મોટિમ મેરૂ સમાન. ૧૨
માત મયા કરિ સાંભલે, સેવકની અરદાસ,
તિમ કરિ જિમ પહુચઇ સહી, માહરા મનની આશ. ૧૩
ગુરૂ નમીયઇ ગુરૂતાભણી, ગુરૂવિણ ગુરૂતા નાહિ,
ગુરૂ જનનઇ પ્રગટઉ કરઈ, લોક ત્રિલોકાં માંહિ. ૧૪

ગુરૂ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર,
પાથરથી પ્રતિમા કીયા, પૂજા લહઇ અપાર. ૧૫
અંધકાર અજ્ઞાનતા, જ્ઞાન શલાઈ સાર,
ફેરિ કીયા જગિ દેખતા, ધનિ ગુરૂના ઉપગાર. ૧૬
તીર્થંકર ગણધર સહૂ, સારદ સગુરૂ સકામ,
સહૂ મિલી મુઝ આપિયો, કાવ્ય કલા અભિરામ. ૧૭
ઉત્પત્તિ શ્રી હરિવંશની હલધર કૃષ્ણનરેશ,
નેમ મદનયુગ પાંડવો, ચરિત્ર ભણું સુવિશેષ. ૧૮
યાદવ કથા સોહામણી, જે સુણિસી નરનારિ,
તીર્થનો ફલ પામસે, નહિ સંદેહ લગાર. ૧૯

× × × ×

અંતે—

ગચ્છ સ્વચ્છ પ્રણામસૂંરે, વિજયવંત વિશેષ
શ્રી વિજયગચ્છ રાજીયા, કાંઇ દીપેરે ગુરૂધર્મ નરેસ. કિ. ૧૯
વિજયઋષિ વિદ્યાબલીરે, ધર્મદાસ મુનીશ
ક્ષિમાસાગર એમજી, કાંઇ જેહનીરે જગમાંહિ જગીસ. ૨૦
પદ્મસાગર સૂરિજીરે, સુજસ જસુ ભરપૂર,
પાય પ્રણમી પ્રભૂતણા કાંઇ, પભણેરે ગુણસાગર સૂરિકિ. ૨૧
સંવત્સર સોલ છહોતરીરે માસ શ્રાવણ સુદિ
તિજ સોમ સમુત્તરા, કાંઇ વાસરકે વાર અવિરૂદ્ધ. ૨૨
કુર્કટેશ્વર નગરમાંરે, પાસ સામી પસાય
સંઘને ઉચ્છકપણુંઇ કાંઇ રચિયોરે મેં ચરિત સુભાય કે. ૨૩
ઢાલસાગર નામશ્રી, હરિવંશનો વિસ્તાર,
શુદ્ધ ભાવે સાંભલે, કાંઈ પામેરે સુખ સંપતિસાર કે. ૨૪
એકસો એકાવનેરે, ઢાલનો સોભાગ,
આદિતો આસાવરી, કાંઇ અંતેરે ધન્યાસી રાગ કે, ૨૫

જામ લગિ ગિરિ મેરૂજીરે, સકલ ગિરવર ઇસ,
તામ લગૈ હરિવંશ એ, કાંઇ થાજયોરે થિર વિસવાવીસ.

કલસ.

શ્રી હરિવંશ ગાયો સુજસ પાયો, જ્ઞાનબુદ્ધિ પ્રકાસનો
પાપ ત્રાઠો ગયો નાઠો, પુન્ય આયો આસનો
કરત પુત્ર કલત્ર કમલા પઢત સુણત સોહામણો,
પૂજ્યશ્રી ગુણસૂરિ જંપે, સંઘરંગ વધામણો. ૨

—ઢાલસાગર હરિવંશ પ્રબંધે નવમો અધિકાર-ગ્રંથાગ્રંથ શ્લો. ૫૭૫૦ લિ. ૧૭૫૮ માધવમાસોત્તમ માસે પૂર્ણિમા ગુરૂ ભાંણવડગ્રામે લિ૦

—લિખિતં મુનિ રાજચંદ્રેણ-પઠનાર્થં સંઘવી શ્રી નાનજી તત્પુત્ર સં, શ્રી હીરાનંદ, તદ્‌ભાર્યા અનેક ધર્માનુષ્ઠાન કાર્યા સંઘગુણિ મનરંગદે. શ્રીરસ્તુ, કલ્યાણમસ્તુ, લેખક પાઠકયો શુભં ભૂયાસ્તાં. ૧૦૧-૧૫ અનંત૦

—ઇતિશ્રી ઢાલસાગર હરિવંશ પ્રબંધે નવમોધિકાર સંપૂર્ણ: સં. ૧૭૨૯ કાર્તિક સિત ૧૩ દિને ગુરૂવારે પં. શ્રી ૫ વિજયહર્ષગણિ શિ૦ ગણિ સાધુવિજયેન લિખિતા પ્રતિરિયં. સ્વશિષ્ય મુનિ પદ્મવિજય વાચનાર્થં. ૮૦-૧૮ મો૦; ખં. ૧, ચં.

—સં. ૧૮૮૪ના આસો શુદિ ૨ શુકલપક્ષે લિપિતં ઋ. સુંદરજી સંઘજી સીષ ઋ. પ્રેમજી ત. ઋ. હીરાચંદજી. શ્રી. જેતપૂર મધ્યે રાસ પુરો લષો છે. પા. ૧૦૭-૧૪ મારી પાસે આ અધૂરી પ્રત છે. આ સિવાય બીજી બે પ્રતો છે પણ તેપણ અધુરી છે.

(૪૬૩) કૃતપુણ્ય (કયવન્ના) રાસ સં. ૧૬૭૬.

અંતે— ૨૦ મી ઢાલ.

* * * *

ઇમ સુણી વયરાગીઉજી, જેઠો નંદન થાપિ,
ઘરનઈ ભારિ ષેત સાતમઇ, એ ધન બહુલઉ આપિ. મ૦ ૨૮
વર્ધમાન જિન હાથિ લીધો, કયવન્નઈ વ્રતભાર,
સ્વર્ગ પંચમઈ હોઇ ચવીઈ, પામીસઇ ભવપાર. મ૦ ૨૯

ઢાલ ભલી પણુ વીસમીજી, દાન દીયાથી જોઇ,
શ્રી ગુણસાગર સૂરિજીરે, સુધરઇ છઈ ભવ દોઈ. મ૦ ૩૦

—પહેલાં બે પત્ર વગરની પ્રત મારી પાસે છે. ૮-૧૫ આમાં પ્રશસ્તિમાં રચ્યા સંવત નથી. છેલ્લો કલશ ઉડાડી દીધો લાગે છે. બીજી પ્રત લખ્યા સં. ૧૮૫૬ ની છે; રત્ન. ચં; ડે; લીં.

+શાંતિનાથ છંદ.

+શાંતિજિનવિનતિરૂપ સ્ત૦ ૧૭૪ જૈ. પ્ર.

---

૨૩૯ મતિસાર (ખ૦ જિનસિંહસૂરિ શિ.)

(૪૬૪)+ શાલિભદ્રમુનિ ચતુષ્પદિકા (રાસ) સં. ૧૬૭૮ આસો વદ ૬

આદિ— દૂહા.

સાસણનાયક સમરીયઇ, વર્દ્ધમાન જિનચંદ
અલિય વિઘન દૂરઈ હરઈ, આપઇ પરમાણુંદ. ૧

સહૂકો જિનવર સારિષા, પિણ તીરથધણી વિશેષ,
પરણીજઇ તે ગાઇયૈ, લોકનીતિ સંપેષિ. ૨

દાન શીલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર,
સરિષા છઈ તોપિણ ઇહાં, દાનતણુઉ અધિકાર. ૩

શાલિભદ્ર સુખસંપદા, પામે દાનપસાય
તાસુ ચરિત વષાણતાં, પાતિક દૂરે પુલાય. ૪

તાસ પ્રસંગે જે થઇ, ધન્નાની પણુ વાત,
સાવધાન થઇ સાંભલો, મત કરજો વ્યાઘાત. ૫

* * * *

અંતે—

સાધુચરિત કહિવા મન તરસ્યે, તિણુ એ ઉદ્યમ ભાખ્યો હરષેજી
સોલહસત અઠહુત્તર વરસ્યે, આસૂ વદિ છઠિ દિવસેજી.

—શાલિભદ્ર ધન્નો ઋષિરાસ. ૮

શ્રી જિનસિંહસુરિ સીસ મતિસારે, ભવિયણુનિ ઉપગારેજી,
શ્રી જિનરાજવચન અનુસારઇ, ચરિત કહ્યા સુવિચારજી. ૫૯
ઇણિપરિ સાધુતણા ગુણ ગાવૈ, જે ભવિયન મન ભાવેજી,
અલિય વિઘન તસ દૂરિ પલાયે, મનવંછિત સુખ પાવેજી, ૧૦
એહ સંબંધ ભવિક જે ભણસ્યે, એકમનાં સાંભલિસેજી,
દુખદોહગ સબ દૂરિ ગમસ્યે, મનવાંછિત ફલ લહિસ્યેજી. ૧૭

—સર્વગાથા ૫૨૬ જૈ. એ. નં. ૧૦૫૬; પાનાં ૨૯ ગુ. વિ; ૨૧–૧૩ લીં, પાનાં ૨૩ પ્ર. કા; ખં. ૧; ભા.; વી. પા.

—સં. ૧૭૨૨ વરસે શ્રાવણ વદિ ૧૩ દિને લિખિતં દે. લા. કમલવિજય મુનિ પાસેની.

—સં. ૧૭૪૬ આશો શુદ ૭ દિને લિ૦ પં. પેમાવિજયેન. શ્રીમાલગ્રામે પાર્શ્વનાથપ્રસાદાત્ ૧૫–૧૫ આ. ક.

—સં. ૧૭૯૨ કાર્તિક શુદ ૫ ગુરૂ પુન્યપુર નગરે પં. શ્રી કેસરસાગરજી શિ. વલ્લભસાગર શિ. મનોહરસાગરેણ લિખિતં. પ્ર. કા.

—ઇતિશ્રી શાલિભદ્ર મહામુની ચરિત્રાં બોહિત્થવંસીયાવતંસીયમાન નિસ્સમાન મહિમાનિધાન નિવિગાનયશોવિતાન સાવધાન પ્રધાન વિદ્વજ્જન દસિષ્ટાવધાના ધિગ ચતુર્દશ વિદ્યાસ્થાન શ્રી શત્રુંજયતીર્થાષ્ટમોદ્ધાર પ્રતિષ્ઠા વિધાન લબ્ધમાન યુગપ્રધાન* શ્રી જિનરાજસૂરીભિ રચયાંચક્રે સાહાણુહાખ્ય સ્વભ્રાતુરભ્યર્થનયા ચંદ્રાર્ક ચિરં નંદ્યાત્ લિ૦ સં. ૧૮૧૮ વર્ષે શાકે ૧૬૮૪ પ્રવર્ત્તમાને જ્યેષ્ટ સુદિ ૬ શનૌવાસરે વણોદ નગર મધ્યે શ્રી શાંતિજિન પ્રાસાદાત્ સકલ પંડિત પ્રવર પંડિત શ્રી પુન્યવિજય શિ. રત્નવિજય ગણિ શિ. લાલવિજયેન ૧૫–૧૫ ગારીયાધર ભં.

---

* આ કૃતિ જિનરાજસૂરિએ રચી એમ આમાં જણાવ્યું છે પણ ઘણી પ્રતમાં 'શ્રી જિનસિંહસૂરિ સીસ મતિસારે' એ સ્પષ્ટ છે, જ્યારે 'શ્રી જિનરાજ વચન અનુસારે' એ શબ્દોમાંનાં જિનરાજ ભ્રમથી કર્ત્તાતરીકે લેવાય છે એમ લાગે છે.

—લિખિતે ઋષ. સ્યામજી લુંકાગચ્છે. સં.૧૮૧૦ માઘમાસે શુકલ-પક્ષે તુતયાય્યાં શનૌ. શુભવેલાયાં કચ્છી દ. એ. પાઠશાલા મુંબઈ બં.

—૧૯-૧૫ અનંત. કે જેની આદિમાં શ્રી કુબેરાય નમઃ સકલ પંડિતોત્તમ પંડિત શ્રી ૧૦૮ શ્રી હસ્તિસાગરગણિચરણકમલેભ્યો નમઃ એમ લખ્યું છે.

+આ કૃતિ પ્રસિદ્ધ થઇ ગઈ છે જુઓ આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૧ લું.

(૪૬૫) ચંપકસેન રાસ ૧૬૭૫ પા. ૩.

(૪૬૬) ગુણધર્મ રાસ ૧૬૯૯ વિધા.

(૪૬૭) ચંદરાજા (ચો.) ૬૫૬ શ્લો. લીં.

૨૩૯ ક પ્રભસેવક (સુખશોધનગચ્છ)

(૪૬૭ ક) ભગવતી સાધુવંદના સં. ૧૬૭૭.

આદિ—

स्तवीमि वीरं जीतसूरमंडलं, प्रतापविस्तारितभूमि मंडलं
सुवर्णकान्ति नतदेवमंडलं चमत्कृतं तापिष राजमंडलं॥१

दहा—पंचम पंचम गणधरं नत्वा परमगणींदुं
वक्ष्ये भगवती भाषितान् मुनिवरान् मुनींदुं ॥२॥

સાધુ તણા ગુણ ગાવતાં, પામૂં સુખ અનંત,
દુષમ કાલિ આલંબનં, ભયભંજન ભગવંત. ૩

* * * *

અંતે— કલશ.

સાધૂતણા ગુણ ગાવત મુઝનિ જે પરમાનંદ સારં
તે મુઝ જાંણિ જીવ અનિ વલી કિઅેમ નાણી પારં
નિઃકારણ જગબંધૂ મિ ગાયા, મુનિ મુનિ સોલ સુશરદં
સુખશોધન ગછિ વદિ પ્રભસેવક, મંગલકારણ વરદં. ૫૯

૬-૭ (વિ. ધ.)

૨૪૦ સુધનહર્ષ (ત. હીરવિજયસૂરિ-ધર્મવિજય શિ.)

(૪૬૮) જંબૂદ્વીપ વિચારસ્તવ. સં. ૧૬૭૭ મકરસંક્રાંતિ પોસ સુદ ૧૩

આદિ—

ઢાલ આસાઉરી.

શ્રી જિન ચઉવીસઈ પ્રણમીનઈ, વલિ પ્રણમી ગુરૂ પાઈ રે,
બ્રહ્માણીનઈ કરીઅ વીનતી, મુઝનઈ તૂસો માઈ રે. ૧
જંબૂદ્વીપ વિચાર લિખેસ્યું, કિંપિ જાણવા કામિરે,
યથા પ્રકાસ્યો વીર જિણિંદિ, પૂછઈ ગૌતમ સ્વામિરે. જં. ૨

અંતે—

સંવત સોલ સત્યોતરઈ એ, સંક્રાંતિ મકરિ રવિ સંચરઈ એ,
પોસ બહુલ રવિ તેરસિએ, બલિ દશ વારુ મૂલિં વસિએ. ૭
હોઈ વૃદ્ધિ જિહથી સદાએ, તે પોગ વૃદ્ધિ નામા તદાએ,
લિખ્યો જંબૂદીવહતણોએ, ભવિ એ વિચાર ભાવિ ભણોએ. ૮
જે હોઇ શાસ્ત્ર વિરુદ્ધ એ, પંડિત તે કરયો શુદ્ધ એ,
વીનતડી અવધારયો એ, વલિ એ સ્તવન વિસ્તારયોરે, ૯
સાહ હીરજી ભણવા ભણિ એ, વલિ જ્ઞાનવૃદ્ધિ જાણી ઘણીએ,
જોડીઉ ક્ષેત્ર વિચાર એ, ધારયો કંઠિં જિમ હારએ. ૧૦
વિધ્ન દૂરિ જાઇં સદાએ, વલિ એ ભણતાં સુખ સંપદાએ,
બહુ પ્રગટઈ પુણ્યનો વૃંદએ, વલિ એ ભણતાં આણંદએ. ૧૧

ઢાલ ૧૩ ધન્યાસી રાગ.

હીરજી હીરલો હીરજી હીરલો, હીરજી હીરલો મુકુટ કેરો
શ્રી તપાગચ્છ તે મુકુટ સમ જાણઈ, ઝગમગઈ જેહ તેજિં ભલેરો.
—હીરજી હીરલો એ. ૧
માત નાથી ઉઅરિ ખાણિથી ઉપનો, શ્રી વિજયદાનસૂરિ હાથિ આયો,
શુદ્ધ જાણી મુકુટ મધ્યિ તે આપિઉ, તે ભણી મુકુટ તે બહુ સુહાયો. હી. ૨
શ્રી હુમાઉસુતરૂપો કુબ્બરો, તેણિં જસ કીર્તિ જિન શ્રવણિં નિસુણી,
દર્શનાર્થ સમાકારિતો યો ગુરૂ, નિજ સમિપે બવાંબોધિતરણી. હી. ૩

ધર્મઉપદેશ ગુરૂમુખથકી સાંભલી, પાપકી વાસના બહુત ટારી,
પવ પજૂસણિ સકલ નિજ દેસમાં, તિણિ નૃપિ જીવ હિંસા નિવારી. હી. ૪
તેહ ગુરૂ હીરના શિષ્ય સોહાકરા, ધર્મવિજયાભિધા વિબુધચંદા,
તાસ શિશુ ઇમિ કહઈ ક્ષેત્ર સુવિચારએ, ભાવિ ભણતાં સુદ્ધનહર્ષવૃંદા.
ભણતલાં સુણતલાં પુણ્યવૃંદા—હીરજી. ૫

(પત્ર ૫ પ્ર. કા.)

—પંડિત શ્રી ધનહર્ષ ગણિભિઃ કૃતં. સંવત ૧૭૧૮ વર્ષે આષાઢ વદિ ૮ રવિ દિને શ્રી બાઈ નાથબાઈ પઠનાર્થં. ૬-૧૦ જે. એ. નં. ૧૧૫૩.

દેવકુરૂક્ષેત્ર વિચાર સ્ત૦

આદિ— દૂહા.

આગમ સવિ તુઝથી હુઆ, વલી એ વેદ પુરાણ,
દેખાવઈ સવિ અર્થ તું સહસકિરણ જિમ ભાણ. ૧
જિનવર વિમલ મુખાંબુજિં, દીસઈ તાહરો વાસ,
વિષ્ણુ બ્રહ્મ શંકર નમઈ, સુરનર તાહરા દાસ. ૨
તું સરસતિ અવધારજે, હું છું સયાઅયાણ,
જં મુઝ મુખથી નીકલઈ, તં સવિ કરે પ્રમાણ. ૩

* * * *

અંતે—

હીરવિજયસૂરિ શિષ્ય સોહાકર, ધર્મવિજય બુધ ચંદ,
શિષ્ય તેહનો ઇણિપરિ જંપઈ, ધર્મ થકી આણંદરે—
ઋદ્ધિ વૃદ્ધિ ધનહર્ષ મહોદય, શિવપદ હોવઈ ધર્મિ
જનમન સકલ સમીહિત પૂગઈ, વલિ સુખ હોઈ ધર્મિરે.

—ત્રણ પાનામાં આ છે. આ અને ઉપરનું જંબુદ્વીપ વિચારસ્તવનની ભેગીપ્રત ૯ પાનાની પ્રત જૈ. એ. પાસે છે. નં. ૧૧૫૩.

(૪૬૯) મંદોદરી રાવણ સંવાદ.

સોનપુરમાં.

અંતે—

મહાસેન વહના હિમકર હરિ, વિક્રમ નૃપસંવત્સરિ
જેમ મધુ નામિં માસ કહિજઇ, તેથી ગુહ સુહ માસ લહિજઈ. ૮૩
તિથિ સંખ્યા ત્રિક વર્ગિં જાણે, યમી જનક વલિ બાર વખાણે,
શિતિ પક્ષિં ઉડુ યામક લહગે, સિદ્ધિયે ગ્રતે માટઈ કહગે. ૮૪
ઋષભદેવ કરઇ અનુભાવિં, શ્રી સેનાપુર નગરિં આવિ
છંદ રચ્યો મઇ એણુંઇ ટાણુઇ, ચતુર હોઈ તે તતખિણ જાણુઇ. ૮૫
+બુધ ૧૩

હીરવિજય સૂરીસર કેરો, ધર્મવિજય બુધ શિષ્ય ભલેરો.
તસ શિશુ સુધનહર્ષ ઇમિ કહવાઇ, ધર્મથકી સુખસંપદ લહવાઇ. ૮૪
ઇતિ શ્રી મંદોદરી રાવણ સંવાદ સંપૂર્ણ. (પ્ર. કા.)

પાછળથી માર્જીનમાં સુધારી મૂકેલ છે. કવિએ પોતેજ સુધારેલું લાગે છે.

---

૨૪૧ અમરચંદ્ર (ત. સહજકુશલ-સકલચંદ્ર-શાંતિચંદ્ર શિ.

(૪૭૦) કુલધ્વજકુમાર સં. ૧૬૭૮ માઘ સુદ ૧૫ રવિ સાંતલપુરમાં.

આદિ—

જિન શારદ ગુરૂપય નમી, અને છંડી વિકથા વાત
શ્રી શ્રી કુલધ્વજ ભૂપનો, પભણીસ વર અવદાત ૧
ભાવઈ ભવજલ જે તર્યો, પામ્યો શિવપુર ઠામ,
તિણિ કારણિ ભાવઇ કરી, કરયો સહુ પુણ્યકામ, ૨

* * * *

અંતે— ઢાલ મનમોહનજી.

શ્રી જિન વીરપરંપરા, મન મોહનમેરે અનુક્રમે હુઓ ગણધાર, મન૦
સૂરીસર જગચંદ હુઆ મ૦ મહિમાનિધિ અનગાર. ૨૬૩
વરસ બાર આંબિલ કરી મ૦ તપા ઇતિ બિરૂદ સુલદ્ધ મ૦
સંવત બારપંચ્યાસિઇ મ૦ એ વૃત્તાંત પ્રસિદ્ધ મ૦ ૨૬૪

અનુક્રમિ તપગણુ રાજીઓ મ૰ હેમવિમલ સૂરીરાય મ૰
તસ પટ્ટિં ગુરૂ દીપતો મ૰ જગિ જસ મહિમા સવાય મ૰ ૨૫૫
સંવત પનર બ્યાસીઈ મ૰ કીધો ક્રિયા ઉદ્ધાર મ૰
દુરગતિ પડતા લોકને મ૰ સમઝાવે સુવિચાર મ૰ ૨૫૬
આનંદવિમલ સૂરીસરૂ મ૰ ત્રિભુવન સુર સમાન મ૰
તસ પટ્ટે ગુરૂ ગાજતો મ૰ સૂરિસર વિજયદાન મ૰ ૨૫૭
તાસ પટોધર પરગડો મ૰ હીરવિજયસૂરી હીર મ૰
અકબર નરવર બૂઝવ્યો મ૰ વાણીસુધા રસખીર મ૰ ૨૫૮
તસ પટ્ટાંબરદિનમણી મ૰ શ્રી વિજયસેન સૂરીસ મ૰
વિદ્યાએ સુરગુરૂ જીત્યો મ૰ જગિ જસ અધિક જગીસ. મ૰ ૨૫૯
મન સ્યાદ્‌વાદ થાપી કરી મ૰ પામ્યો જિણેં જસવાદ મળ
અકબર ભૂપતિ દેખતાં મ૰ ઉતાર્યો દ્વિજનાદ મ૰ ૨૭૦
તસ પટ્ટિં પ્રભુ પ્રકટીઉં મ૰ શ્રી વિજયદેવ સૂરીંદ મ૰
સંપ્રતિ તપગચ્છ સાગરેં મ૰ ઉગ્યો અભિનવો ચંદ મ૰ ૨૭૧
શ્રી સહજકુશલ પંડિતવર, કુશલ હુઇં જસ નામિ
કુલટા કામની પરિઇં ભમઇ, જસ કીરતિ ઠામો ઠામિ. ૨૭૨

ઢાલ ગિરૂયારે ગુણ૰

તાસ સીસ ગુરૂ ચિર જયો, શ્રી સકલચંદ્ર ઉવઝાય
કવિકુલકમલ વિકાસવા, પ્રભુ પ્રકટ્યો એ દિનરાયરે. તાસ૰ ૨૭૩
તાસ સીસ વાચકવર, શાંતિચંદ્ર ગુરૂ સીસરે,
સુરગુરૂની પરિ જિણિ વિદ્યાઇં, રાખી જગમાં લીહરે. ૨૭૪
રાય નારાયણ રાજ સભાઇ, ઇડર નયર મઝારિરે
વાદીભૂષણ દિગપટ જીતી, પામ્યો જય જય કારરે. ૨૭૫
વડ તરૂઅર પરિ પુહવી પરગટ, જાણ્યુઇ સહુ સંસારરે
સીસ પરંપર જેહની જાગી, શત શાખા વિસ્તાર, ૭૬
જંબુદ્વીપ ઉપાંગની, પ્રમેયરત્ન મંજૂષારે.
વૃત્તી રચી રલીઆમણી, સકલશાસ્ત્ર શિરભૂષારે. ૭૭

તસ પદપંકજસેવા રસીઉ, ભમરતણી પરિં ભાસઈ,
અમરચંદ્ર કવિ ઇમ આનંદિ, કુલધ્વજ રાસ પ્રકાસઇ. ૭૮
સંવત વસુમુનિ રસ શશી, મધુમાસિ સિતપક્ષરે,
પૂર્ણિમાતિંથી રવિવારઇ, તુમ્હે જોઇ લેયો દક્ષરે. ૭૯
શ્રી *ગુણવિજયગણિ કવિજન કેરો, આગ્રહ અધિકો જાણીરે.
રાસ રચ્યો મઈ સાતલપુરમાં, મનમાં આનંદ આણીરે. ૨૮૦

—ઇતિ શ્રી કુલધ્વજ રાસ લિ. સકલ પં. નિત્યવિજયગણિ શિ૦ પં. અમરવિજયગણિલિઃ સ. ૧૭૬૮ વર્ષે વૈ. શુ. ૧૦,–૧૨–૧૭ ગ્રથમાન ૨૮૦ નં. ૩૩ દા. ૨૫ લીં. *ગુણવિજય માટે જુઓ પૃ. ૫૧૯.

(૪૭૧) સીતાવિરહ સં. ૧૬૭૯ બીજો આષાઢ શુદ ૧૫

આદિ—

સ્વસ્તિ શ્રી લંકાપુરી, જિહાં છે વર આરામ.
રામ લિખે સીતાપ્રતિં, વિરહ લેખ અભિરામ. ૧
નામાંકિત વલી મુદ્રિકા, આપે હનુમંત સાથિ,
લેખ સહિત તું આપજે, જનકસુતાને હાથિ. ૨

× × × ×

અંતે—

સંવત સોલ ઉગણ્યાસીઈ બીજે માસ આષાઢ રે
લેખ લિખ્યો મેં પુનિમ દિવસિં નક્ષ ઉત્તરાષાઢરે. ૫૯ સુ.
વકતા જનનેં મન રીઝવણું શ્રોતાને સુખકારી રે
વિરહીનેં મન દુખ ઓલ્હવણું, લિખ્યો લેખ વિસ્તારીરે ૬૦ સુ.
અમરચંદ્ર કવિ ઇણિપરિ બોલે, નરનારી સુણો સાચોરે.
વિરહ તણાં દુઃખ ટાળવા, લેખ અનોપમ વાંચોરે, સુગુણ ૬૧ સુ૦

—૨—૧૪ માં.

(સહજકુશલે સિદ્ધાંત હુંડી–સિદ્ધાંતશ્રુત હુંડિકા નામે સારો ગ્રંથ જૈન અંગ ઉપાંગ આદિનાં પ્રમાણો ટાંકી ભાષા ગદ્યમાં રચેલ છે અને તેમાં તેમણે પોતાના ગુરૂ તરીકે કુશલ માણિક્યનું નામ આપ્યું છે.

૨૪૨ કર્મસિંહ—(ઉપકેશ ગ. સિદ્ધસૂરિ—દેવકલ્લોલ—પદ્મસુંદર ગણિ—દેવસુંદર ગણિ—પુન્યદેવ શિ.)

(૪૭૨) નર્મદાસુંદરી ચોપઈ—સં. ૧૬૭૮ ચૈત્ર શુદ ૧૦ સોમ દશાડામાં.—અમ૦

---

૨૪૩ લલિતકીર્તિ—(ખ૦ કીર્ત્તિરત્ન—હર્ષવિશાલ—હર્ષધર્મ—વિનયરંગ—લબ્ધિકલ્લોલ શિ૦ જિનરાજસૂરિના વારામાં.)

(૪૭૩) અગડદત્ત મુનિરાસ ૧૬૭૯ જેઠ શુ. ૧૫ રવિ. ભુજમાં

આદિ— દૂહા.

નાભિ મહીપતિ સિરિતિલઉ, આદીસર અરિહંત
મન વચનઇ કાયા કરી, પણમી શ્રી ભગવંત. ૧
વચન સુધારસ વરસતી, સરસતી પ્રણમી પાય,
કાલિદાસ નઈ તઈ કીયઉ, મૂરખથી કવિરાય. ૨
હિતકારણ માતાપિતા, વલિ વિશેષ ગુરૂરાજ
એ તીનેઇ પ્રણમું સદા, સારઇ વંછિત કાજ. ૩
શ્રી ગૌતમ ગણધર પ્રમુખ, નિજ તીરથ સિણગાર
સેવકનઇ સાંનિધિ કરઇ, એ મોટઉ ઉપકાર. ૪
દ્રવ્યભાવ નિદ્રા તજી, જિણ જીતઉ પરમાદ,
અગડદત્ત ગુણ ગાવતાં, નાંખિ દીયઉ વિષવાદ. ૫
સાધુ તણા ગુણ ગાવતાં, રસના હોઇ પવિત્ર
નવનિધિ રિધિ સિધિ સંપઇ, કલ્યાણકારિયા પુત્ર. ૬
ભારંડ પંખીની પરઇ, જે વિચરઇ અણગાર,
અગડદત્ત રિષિની પરઇ, લહિસ્યઇ સુખ અપાર. ૭
રસિકતણા મન રંજીયઈ, સુણતાં એહ સંબંધ
ચતુરાઈ વાધઇ અધિક, ટલઈ કરમનઉ બંધ. ૮

સાહસીક સિરિસેહરઉ, જસુ મોટા અવદાત,
એકમણા થઇ સાંભલઉ, અગડદત્તની વાત. ૯

× × × ×

અંતે—

સંવત સોલ ઇગિણાસી વચ્છરઇરે શ્રી જીજનયર મઝારિ
જેઠ સુદિ પુનમ રલિયામણીરે દિનકર મોટો વીર
શ્રી ષરતર ગચ્છનાયક દીપતો રે શ્રી જિનરાજ સુરીંદ ૧૨ ઇમ.
તેહનઈ રાજઇ ઇણિ મુનિવર તણારે ગુણ ગાયા આણંદ. ૧૩ ઇમ.
સકલ આચારજ માહિ દીપતો રે કીરતિરતન સૂરીશ,
જેહની સાષા ગચ્છમાહિ ગહગહઈ રે પૂરઇ મનહ જગીશ. ૧૪ ઇમ.
હરષવિશાલા સુવાચક તેહનઈ રે પાટઇ ઉગ્યો ભાણ,
હરષધરમ વાચક વલિ તસુ તણારે સાધુમંદિર ગુણ જાણ. ૧૫ ઇમ.
તેહનો સીસ વિનય ગુણ આગલો રે વિમલરંગ મુનિ નાસ.
લબધિકલ્લોલ ગણિ વાચક તે સોભતારે તાસ સીસ ઉલ્લાસ. ૧૬ ઇમ.
ઇમ લલિતકીરતિ કહઇ ભવિયણ સાંભલોરે સાધુ તણા ગુણ ગાઇ,
રસના કીધ પવિત્ર મઇ આપણીરે લબધિકલ્લોલ સુપસાય. ૧૭ ઇમ.
સાંભલતાં ભણતાં ગુણ સાધુનારે, રોમ રોમ સુખ થાય,
નિતુ નિતુ રંગ વધામણા રે અવિચલ સંપદ થાય. ૧૮ ઇમ.

—સર્વ ગાથા ૩૦૩૯. શ્લોક સંખ્યા ૫૦૪૩. લિખિતા પં. ભક્તિવિશાલેન, સાધ્વી કનકમાલા શિ. કીર્ત્તિમાલા વાચનાર્થં. ૧૦–૧૭ મારી પાસે જૂની પ્રત છે.

—સં. સતરઇ બાવીસા વર્ષે શ્રાવણ શુદિ તેરસિ શુક્રઇ...... લિષ્યતં સેવક ડુંગસી. વિજયધર્મ સૂરિ ભંડાર; વિમળ.

૨૪૩ ક કલ્યાણમુનિ—(લોં. વરસિંહ—જસવંત—પકરાજ—કૃષ્ણદાસ શિ૦)

નેમિનાથ સ્ત૦ સં. ૧૬૭૩ આસો શુ. ૬ સિદ્ધપુરમાં.

અંતે—

શ્રી નેમિ જિનવર સયલ સુખકર દુખહરણ મંગલ મુદા
શ્રી રૂપ જીવજી પાટિધારક શ્રી વરસિંઘજી સુવર સદા.
શ્રી વરસિંહ પાટિ શ્રી જસવંત સોભર જિંગમ તિર્થ જાણીએ.
તાસ સીસ પવર મુનીવર શ્રીપકરાજ વષાણીએ,
તાસ પાટિ પંડિત સોભિ શ્રી કૃષ્ણદાસ મુનીસરા,
તાસ સીસ કલ્યાણ જંપઈ સકલસંઘ અણંદ કર્યા.
સંવત ૧૬ સોલ ત્રહુત્તરા વર્ષે આસો શુદિ છઠિ સારએ,
ગુરૂ સવારિ નેમ ગાઉં સિદ્ધપુર મઝારિએ.
ભાવ ભણસઇં જેહ સુણસઈં તે પામિ સુષ અવારએ,
કહિ મુની મન હરષ આણી સંઘ જઇ જઇકારએ.

—લક્ષ્ત્રં. ઋ. લષ્ટ્ર. વિ. ધ. ભં.

(લઘુવરસીંગજી ૧૬૨૯ માં ગાદીએ બેઠા ને ૧૬૬૨ માં દીલ્હીમાં સ્વર્ગસ્થ થયા તેની પાટે જસવંતજી થયા.)

---

૨૪૪ જિનોદયસૂરિ બીજા (ખ૦ ભાવહર્ષસૂરિ—જયતિલકસૂરિ શિ.)

(૪૭૪) +હંસરાજ વચ્છરાજનો રાસ સં. ૧૬૮૦ વિજયાદશમી રવિ

આદિ— દોહા—આશાવરી રાગ.

આદીશ્વર આદે કરી, ચઉવીસે જિણચંદ,
સરસતી મન સમરૂં સદા, શ્રી જયતિલક સૂરીંદ. ૧
સદ્‌ગુર પય પ્રણમી કરી, પામી ગુરૂ આદેશ,
પુણ્ય તણાં ફલ બોલશું, કહીશું હું લવલેશ. ૨

પુણ્યે શિવસુખ સંપજે, પુણ્યે સંપત્તિ હોય,
રાજ ઋદ્ધિ લીલા ઘણી, પુણ્યે પામે સોય. ૩
પુણ્યે ઉત્તમ કુલ હુવે, પુણ્યે રૂપ પ્રધાન,
પુણ્યે પૂરૂં આઉખું, પુણ્યે બુદ્ધિ નિધાન. ૪
પુણ્ય ઉપર સુણજો કથા, સુણતાં અચરિજ થાય,
હંસરાજ વત્સરાજ નૃપ, હુવા પુણ્ય પસાય. ૫

* * * *

અંતે—

ખંડ ૪—ઢાલ ૧૬ ધન્યાશ્રી.

* * * *

શ્રી ખરતર ગચ્છ ગુરૂનિલોજી, શ્રી ભાવહર્ષ સુરીંદ,
ગચ્છ ચોરાસી પરગડોજી, સાધુ માંહે મુણીંદ. ૬
તસ પાટે મહિમાનિલોજી, શ્રી જયતિલક સૂરિરાય,
મહોટા મહોટા ભૂપતિજી, પ્રણમે જેહના પાય. ૭
સંવત સોલ એંસીએ સમેજી, આસો શુદિ રવિવાર,
વિજયદશમીએ સંથુણ્યોજી, શ્રી સંઘને સુખકાર. ૮
એહ પ્રબંધ સોહામણોજી, કહે શ્રી જિનોદયસૂરિ,
ભણે ગુણે શ્રવણે સુણેજી, તિણ ઘરે આણંદ પૂર. ૯
ચાર ખંડ ચોપાઈ કરીજી, શ્રી સંઘ સુણવાકાજ,
પુણ્યે શિવસુખ પામિયાજી, હંસ અને વચ્છરાજ. ૧૦

—સર્વગાથા ૯૧૯ (પૃ. ૪૨ પ્ર. કા. લીં, રત્ન, ડે. ભા.)

—(લ. સં. ૧૮૭૧ ધો. સ. ભ°)

—સં. ૧૭૬૫ વર્ષે મૃગસિર માસે અષ્ટમ્યાં તિથૌ લિખિતં શ્રી વિજૈગચ્છે શ્રી પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી દયાસાગર સૂરિંદ્રજી તત્ શિષ્ય ઋષિ શ્રી ૨૭ શ્રી રાયચંદજી તત્ શિષ્ય લિપીકૃતં ચેલા સદારામજી આત્માર્થે (ઉદયપુર ભં.)

—સં. ૧૭૫૨ ચૈ. વ. ૮ ૩૨-૧૫ લીં; ૭૪-૧૩ તથા ૨૬-૧૬ અનંત.

—સં. ૧૭૮૫ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે ૧૨ તિથૌ શુક્રવાસરે નવાનગર મધ્યે લખીતં પુજ ઋષિ શ્રી ૫ આસકર્ણજી તત્ શિષ્ય શ્રી ૫ મેઘજી તત્ શિષ્ય મુનિ કૃષ્ણજી આત્માર્થે. પાનાં ૨૩-૧૯ રાજકોટ પૂ. અપાસરો. પ્ર૦ ભીમશી માણેક.

---

૨૪૫ કમલવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયસેનસૂરિ શિ.)

(૪૭૫) દંડક સ્તવન. સં. ૧૬૩૧

(૪૭૬) સીમંધર સ્વામિ વિજ્ઞપ્તિરૂપ સ્ત. સ. ૧૬૮૨ દીવાલી ગુરૂવાર ઝાલોરમાં વિજયદેવ રાજ્યે-કુલ ૧૦૫ પદ્ય.

(સાગર ભં. પાટણ.)

આદિ—

સ્વસ્તિ શ્રી પુ:કલવતીજી, વિજયઈ વિજય જયવત,
પ્રગટપુરી પુંડરિગિણીજી, જિહાં વિચરઈ ભગવંત. ૧
સોભાગી જિન સાંભલયો સંદેશ,
હું તઉ લેખ લિખું લવલેશ.
મુઝ તુઝ આધાર જિનેશ, સાહિબજી સુણજ્યો તુઝ સંદેશ. સો. ૧

* * * *

અંતે— ઢાલ

સંવત સોલઇ બ્યાસીઈરે, સુર ગુરૂવાર પ્રસંગિ,
દીવાલી દિવસઈ લિખ્યોરે, કાગલ, કાગલ મનનઈં રંગિ. ૮

કલશ.

સિરિ તવ ગણ ગયણુંગણ દિણયર સિરિ વિજયસેણ સૂરીણું,
સીસેણું સથુણિઉં, સહ રિસ કવિ કમલવિજએણું. ૧
ચઉતીસાઇ સયતિહી, અઠ મહા પાડિહેર પડિયુણ્ણો,
સુરરઇઅ સમવસરણો, તિહુઅણ જલલોઅણાણંદો. ૨
પુખલવઈંઇ વિજએ, સામી પુડરિગિણીઇ નયરીએ,
સીમંધર જિણચંદો, વિહરંતો દેઉ મે ભદ્દમ્. ૩

—ઇતિ શ્રી સીમંધર સ્વામી લેખરૂપં સ્તવન. લિ. માંડવદુર્ગે.
૫—૧૩ આ. ક; ૩—૧૬ ચા૦

બીજી પ્રતમાં નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

અંતે—

સંવત સોલ બ્યાસીઈ ૧૬૮૨ શ્રી જાલોર મઝારિ
ચૈત્ર ધવલ પંચમી દિનઈ બલવત્તર બુધવાર, ૧૦૦
અણ મફક્ડ જંતણુ કરણિ રિઉબલ ભંજણ કંર્જિ
વિજયસેન ગુરૂ પટ્ટધર વિજયદેવ ગુરૂ રંજિ. ૨
વિવિહ પરિ મિં વીનવ્યો સીમંધર સવિલાસ,
કમલવિજય કવિ ઇમ કહિ પૂરૂ પૂરણ આસ. ૩

—સવત ૧૬૯૪ વર્ષે માહ સુદિ ૧૨ બુધે વાલ્હો ગ્રામ મધ્યે મુ૦ કેસવ લિષતં. ગણિ શ્રી દેવવિજયજી તત્ શિષ્ય ગણિ દીપવિજય વાચનાર્થં (યતિ ગુલાબવિજય ભં. ઉદયપુર)

૨૪૬ રાયચંદ પહેલા–(પદ્મસાગર–ગુણસાગર શિ૦)

(૪૭૭) વિજયશેઠ વિજયાસતી રાસ. સં. ૧૬૮૨ કા, શુ, ૫. ગુરૂ સોપરગઢમાં,

અતે—

સંવત સોલ બયાસીયઇ કાતી સુદિ પંચમિ ગુરૂવાર તઓ,
શ્રી સોપરગઢ મઈ ભલઉ રાસ રચ્યો મન હર્ષ અપાર તઉ. ધ૦ ૮૮
(કલસ)
મન હર્ષ આંણી સરસ બાણી સીલ એમ વખાણીયો,
બહુ પાપ શઠા ગયા નાઠા પુન્ય પોતઈ આણીયો
શ્રી પદ્મસાગર પાટિ પ્રતપઈ શ્રી ગુણસાગર પ્રભુ સદા
રાયચંદ મુનિ તસુ પાય પ્રણમી રચ્યો પકૃત ધરિ મુદા.
—વિજયધર્મ૦ ભં.

૨૪૭ નારાયણ—(સમરચંદ શિ૦) રત્નસિંહ સૂરિનાશામાં.

(૪૭૮) અયમુત્તા કુમારરાસ. ૧૬૮૩ પોષ વદિ બુધ. કલ્પવલ્લીમાં.

આદિ— રાગ અસાઉરી.

વીર જિણંદ નમૂં સદા સુખ સંપત્તિકારી
શ્રી જિનવાણી શારદા નિજ મનિ સંભારી. ૧
ગચ્છનાયક ગણી રત્નસીંહ તસ ગુણ બલિહારી,
નેમ રાજિમતીનામા લઈ સોહે બંભચારી. ૨
લઘુ-વય સંયમ આદરી, જેણે કીર્ત્તિ વિસ્તારી
પ્રાતુ સમય નિત વંદીએ શુભ ગુણ ભંડારી. ૩
અમરચંદ મુનીશ્વરૂ, ગુરૂ પર ઉપગારી
ચરિત્ર રચૂં હું તેહનું ચરણે ચિત્ત ધારી. ૪
અઠમે અંગે કેવલી ભાખે સુવિચારી
કુમરે અઇમત્તુ ગાયસુ સુણજ્યો નરનારી. ૫

× × × ×

અંતે— ૨૧ ઢાલ છે—નાની નાની.

કલશ.

અરિહંતવાણી હૃદય આણી પૂરી પ્રતિ નિજ આસ એ
શ્રી રત્નસીંહ ગણિ ગચ્છનાયક પાય પ્રણમી તાસ એ. ૧૩૩
સંવત સોલ ત્રિહાસીઆ વર્ષે બુધિ વદિ પોસ માસ એ
કલ્પવલ્લીમાંહિ રંગે રચ્યો સુંદર રાસ એ. ૧૩૪
ચાવા ઋષિ શિષ્ય સમરચંદ મુનિ વિમલ ગુણ આવાસ એ
તસ શિષ્ય મુનિ નારાયણ જંપે ધરી મનિ ઉલ્હાસ એ. ૧૩૫

—૮—૧૧ લીં.; માણેક૦

(૪૭૯) અંતરંગ રાસ સં. ૧૬૮૩–લીં.

(૪૮૦) કુંડરિક પુંડરિક રાસ સં. ૧૬૮૩–અમ૦

(૪૮૧) શ્રેણિક રાસ.

આદિ—

પરમ પુરૂષ પ્રણમું સદા, શ્રી મહાવીર જિણુંદ,
ત્રિશલાનંદન જગગુરૂ સીદ્ધારથ કુલિ ચંદ. ૧
ષટ કલ્યાણિક જેહનાં સુણતાં પાતિક જાય,
વર્ણવતાં ધી વિસ્તરઈ મનવંછિત સુખ થાય. ૨
આષાઢી શુદિ છઠિ દિને હસ્તોતરા નક્ષત્ર,
પુંડરીક વિમાનથી સુરવર પુજ્ય પવિત્ર. ૩
દેવાનંદ માહણી તરત ઉયરઈ અવતાર,
લીધું ચમર જિનેશરઈ સુપન લહ્યાં દસ ચ્યાર. ૪
ઈંદ્રાદેસઈ દેવતા હરણેગમેસી નામિ,
આસોવદિ તેરસિ દિને કરસંપુટ ગ્રહી સ્વામિ. ૫
ત્રિસલા કુખઈ જિન ઠવ્યા પુહુતી સયલ જગીસ,
ચૈત્ર શુદિ તેરશિ દિને જનમ્યા શ્રી જગદીસ. ૬
માગશિર વદિ દસમી તણઇ, દિવસિઇ શ્રી મહાવીર;
એકાકી સયમ લીઉ મેરૂતણી પરિ ધીર. ૭
વૈશાકી શુદિ દસમી દિનિ પામ્યા કેવલજ્ઞાન,
સમવસરણ સુરવર રચ્યઉં બઇઠા શ્રીવર્દ્ધમાન. ૮
કાત્તિ વદિ પક્ષિ જાંણીઇ અમાવાશા અભિરામ.
સ્વાતિ તણિઇ યોગઈ પ્રભુ પામ્યા અવિચલ ઠાંમ. ૯
સો પરમેશ્વરનું સદા પ્રાતુ સમય અભિધાન,
જપતાં પાતિક પરજલિ, વાધઇ મહિમાવાંન. ૧૦
તારણનૌકા ભવદધિ ભવિક પ્રતિઈ ભગવંતિ,
ક્ષાયક સમકિત આપીઉં, જે દિઈ સુખ અનંત. ૧૧
અનંતાનુબંધી કહ્યા ચ્યારઇ જેહ કષાય,
મૂળથકી એ ટાલવા ઇમ ભાખિ જિનરાય. ૧૨

સમકિત મિશ્રજ મોહની મિથ્યા મોહની જેહ,
સાત ક્ષાયકી જે કરઇ, ક્ષાયક સમકિત તેહ. ૧૩

એ ક્ષાયક સમકીતથી શ્રી શ્રેણિક ભૂપાલ,
તીર્થંકર પદ પાંમસઇ, લહિસિ સુખ વિશાળ. ૧૪

પદ્મનાભ ઇતિ જેહનું હોસિઇ નામ ઉદાર.
અનાગત ચુવીસીઇ પ્રથમ જિણેસર સાર. ૧૫

ચુપઇ રાગ ગુડી.

પ્રથમ જિણેસર શ્રેણિક સાર, હોસઇ ભરતક્ષેત્ર મઝારિ
તેહતણું છઇ ચરિત્ર રસાલ ભણતાં સુણતાં મંગલમાલ. ૧૬

કહિસિ કવિતા અથાધારિ, કિંચિત નિજમતિથી વિસ્તારિ,
તે અધિકાર અછઇ જૂજૂઆ, આગઇ કવિજન મોટા હુઆ. ૧૭

તેણે રચ્યા છઇ ભલા પ્રબંધ, શ્રેણિક રાયતણા સમંધ,
તુહિ મુઝ મતિ હુઉ કોડ, શ્રોતા કોઇ મ દેયો ખોડિ. ૧૮

ચુહુટઇ વેચાઇ સુખડી, જે લિઇ તસ ભાજઇ ભૂખડી,
તિમ જેણઇ શ્રેણિકનૃપ તણાં, રચ્યાં ચરિત્ર અતિ સોહામણાં. ૧૯

તેણે પુન્ય ભર્યાં ભંડાર, મુઝનઇ પણ છઇ મોદ અપાર,
કોઇક શ્રોતા કહિસિઇ અસું, એહ કથાનું કારિજ કસું. ૨૦

પણિ તે જોયો હૃદય વિચારિ, ષટ દર્શનનાં શાસ્ત્ર ઉદાર,
સઘલિ નિજ મતિનઇ અનુસારિ, કથા કેલવી કહિવિ સારી. ૨૧

ધર્મકથા સુણતાં સુખ હોય, મનસુદ્ધિઇં કવિ ભાખે સોય,
આદિઅંત સુણસઇ જે એહ, ભાવ ભેદ સર્વ લહિસિ તેહ. ૨૨

* * * *

રાગ ધન્યાસી—વિરાગી ધનિધનિ રતનમુણિંદ એ ઢાલ.

શુભમતી સંજતી રત્નસીંહ ગછપતિ રતિપતિ વશિ કીયો હેવ,
ભવિક જણ રંજણ દુર્મતિગંજણ વંદણ યોગ્ય નરદેવ વિ૦ ૬૨

તાસપદ ઉદયઉ સમુહગુણ નિર્મલા વંદતાં પાતિક જાય,
ગ્રહગણ નક્ષત્ર પરિવારિ જિમ ઉડુપતિ સોહએ તિમ ગણિરાય.
વિ. ૮૯૩

સાસન સોહકર સમરચંદ મુનિવરા ધર્મધોરંધરા ધીર,
અતિહિ ઉદાર સહિકાર ગુણ તેહને નિતિ રમઈ કવિ મનકીર વિ. ૮૯૪
તાસ શિષ્ય ઋષિ નારાયણ હરખે ઇમ ભણ્યૂં વચન રસાલ,
જેહ ભાવિઈં ભણઈ મોદ આણી સુણઈ, તેહનઈ મંગલમાલ વિ. ૮૯૫
ખંડ પહિલા તણી રંગ આણી ભણી, ઉગણચાલીસમી ઢાલ,
દ્વિતીય ખંડઈ ચેલ્લણા તણી ભાખશું સરસ કથા સુવિશાલ. વિ. ૮૯૬

ચુપઈ.

શ્રેણિક અભયકુમાર ચરિત્ર, ભણતાં સુણતાં અતિહિ પ્રવિત્ર,
મુનિ નારાયણ કહિ શુભવાણિ, પ્રથમ સંપૂર્ણ જાણિ. ૮૯૭
—ઇતિ શ્રી શ્રેણિકકુમાર ચરિત્રે પ્રથમ ખંડ સમાપ્ત.

દૂહા.

શ્રી જિનનાયક ભાવશું વંદુ હું જગદાધાર,
વર્દ્ધમાન સ્વામી જયુ સેવક જનહિતકાર. ૧
ગચ્છનાયક ગુણ આગલા રતનાગર ગણિરાજ,
ચમલકમલ પદ તેહના પ્રણમુ પ્રેમઈ આજ. ૨
શ્રી શ્રેણિક મહિપતિની કથાનઇ વિષઇ સાર,
દ્વિતીયખંડ રચુ હવઈ સદ્ગુરનઇ આધારિ. ૩
સમરચંદ ઋષિ નિતિ નમુ સયમ સુખદાતાર,
તાસ પ્રસાદઈ વર્ણવું સરસ કથા સુવિચાર. ૪

*   *   *   *

અંતે— ૫૮ મી ઢાલ.

અઠાવનમી ઢાલ સુંદર, રાગ ધન્યાસી સાર,
જાણ ગુણ સહુ સાંભલુ, તિમ પુગઈ રે ભલુ ધર્મપ્રકારકિ ધન્ય. ૩૭

રત્નાગર ઋષિરાય સુંદર ભુવનભુષણ સ્વામિ,
યુગપ્રધાન જગિ દીપતા, સુષ લહીઇરે સહિ ગુરૂજનિ નામઇં. ૩૮
નેમ યદુપતિ જામલિ દુષ્કર મહાવ્રત ઘાટ,
શ્રી સદ્ગુરૂ સુપસાઉલિઈ, મિ રચીઉ રે ષંડ બીજુ સારરિ. ૩૯
સાસન સોહકર સમરચંદ મુનીવરા, ધર્મધોરંધર ધીર,
અતિ ઉદાર સહિક ગુણ તેહને નિતિ નિતિ મર કવી મનકીર. ૪૦
તસ શિષ્ય ઋષિ નારાયણ હરષસુ, ઇમ ભણિ વચન રસાલ,
જેહ ભાવિ ભણઇ મોદ આણી, તેહનઇ મંગલમાલ. ૪૧

—ઇતિ શ્રેણિક ખંડ બીજઉ સં. પઠનાર્થ શ્રીમાલી ગ્નાતી સાહા શ્રી ૫ નાવા ઘરે ભાર્યાબાઈ પૂજાનો બેટઉ શ્રી શ્રી ૫ આણંદજીની બહિન આર્યા શ્રી ૫ સોભાં લિખતં. ઘોલકઇ વાસ્તવ્ય પોરવાડ ગ્નાતી વડી શાષાયા પા. ઋક્ષિ શ્રી ૫ દેવરાજ સુત વિમલદાસ સંવત્ ૧૭૦૯ વર્ષે ફાગુણ વદિ ૧૧ સોમે પૂરૂં કીધૂ છઇ. ૩૪—૧૭ આ. ક.

---

૨૪૮ ગુણવિજય પહેલા(ત. વિજયસેનસૂરિ-કનકવિજયશિ.

(૪૮૨) પ્રિયંકરનૃપ ચોપઇ—સં. ૧૬૭૮ પાનાં ૧૫ અમ.

(૪૮૩) જયચંદ (જયતચંદ્ર) રાસ. સં. ૧૬૮૩ (૭) આસો શુ. ૯ ડીસામાં.

આદિ— દૂહા.

બ્રહ્મસુતા ભલ ભગવતી, બ્રહ્માણી વિખ્યાત,
કવિજનની જનની નમઉં, નિર્મલ જસ અવદાત. ૧
ઉતપતિ નૈષધકાવ્યની, વિગતિં સયલ કહેસિ,
નૃપ જયંતચંદ્રહ તણુઉ, સરસ પ્રબંધ રચેસિ. ૨

અંતે—

શ્રી તપગચ્છનો રાજીઓ, વિજયસેન સૂરિંદ,
વિજયદેવ સૂરીસરૂ, વિજયસિંહ મુનિચંદ. ૨૭૨

કોવિદ કનકવિજયતણાં, પ્રણમી પદ અરવિંદ,
ગણિ ગુણવિજય ભણિ મુદા, પામીયે પરમાનંદ. ૨૭૩
ગિરૂઆ ગ્રંથ નિહાળતાં, દીઠો જિમ સંબંધ,
રાસ રચ્યઉ એ રંગભરિ, બંધુ રચ્યઉ બંધ. ૨૭૪
સંવત સોલસિત્યાસીઈ, આસો મહીંનઈ એહ,
નવ દિવસે રચના કરી, ડીસઇ આંણીનેહ. ૨૭૫
નર હુંસી હરના ધણી, મૂબલ દિવનો દીજેહ,
ભણો ગણો સહુ સાંભલો, તોષ ધરીનઈ નેહ. ૨૭૬

—ઇતિ શ્રી કાશી દેશાધીશ શ્રી જયચંદ્ર રાસ.

(પ્ર. કા.)

(૪૮૪) +કોચર વ્યવહારી રાસ સં. ૧૬૮૩-(૮૭) આસો વ. ૯ ડીસામાં.

આદિ—

પંડિત કનકવિજય તણા, પ્રેમિં પ્રણમી પાય,
કવિ ગુણવિજય કહઈ મુદા, મુઝનિ હરષ ન માય. ૧
ઊલટ અતિઘણો ઉપનઉ, સુણયો સહુ નરનારિ,
રાસ રચઉં કોચરતણઉ, કરૂણાનઈ અધિકારી. ૨
વિશ્વાનંદી બ્રહ્મધૂ, કવિજન કેરી માય,
બ્રહ્માણી વાગીસરી, નવરંગી નિરમાય. ૩
ચંદકિરણ પરિં ચાહીઈ, અદ્દભુત ઉજ્જલ અંગ,
જાયઉ જેહનઈ હંસ બલ, બાહન વિમલવિહંગ. ૪
તે સરસતિ સમરી કરી, સદગુરનઇ આધારિ,
ગુણ ગાઉં કોચર તણા, કીધી જેણુ અમારિ. ૫
તપગચ્છપતિ ગૌતમ અવતાર, સુમતિસાધુ શુભમતિદાતાર,
વાસન ગુણમણિ કેરઉં હાટ, નૃપતિ નમઈ ચઉપનમઇ પાટિ. ૬

* * * *

અંતે— ધન્યાસી.

શ્રી તપગચ્છનાયક ગુરૂગિરૂઆ, વિજયસેન ગણધારરે,
સા હુકમાનંદન મનમોહન, મુનિજનનો આધારરે. ૧૧૮
તાસ વિનેય વિબુધકુલમંડન, કનકવિજય કવિરાયરે,
જસ અભિધાનિ જાગઈ શુભમતિ, દુર્મતિ કુરિત પલાઇરે. ૧૧૯
તસ પદ પંકજ મધુકર સરિખો, લહી સરસતિ સુપસાયરે,
ઇમ ગુણવિજય સુકવિ મનહરખિં, કોચરના ગુણ ગાયરે, ૧૨૦
સંવત **સોલસિત્યાસી** વરષે, ડીસાનયર મઝારિરે,
આસો વદિ નુંમિએ નિરૂપમ, કીધઉ રાસ ઉદારરે. ૧૨૧
ભણિઈ ગણિઈ ભાવ ધરીનઇ, અતિ રૂડો એ રાસરે,
પાતકવૃંદ પુરાતન વિઘટઇ, પુણ્ય પ્રકાસરે. ૧૨૨
ઉત્તમ ગુણ ગાતાં રંગિ, રસના પાવન થાયરે,
શુભ ભાવન આવઈ મનમાંહિં, વિઘન વિલય સવિ જાઇરે. ૧૨૩
મંગલમાલા લચ્છિ વિસાલા, લહીઈ લીલા ભોગરે,
ઇષ્ટ મિલઈ વલી ફલઇ મનોરથ, સિદ્ધિ સકલ સંયોગરે. ૧૨૪

—પ્ર. કા; પ્રસિદ્ધ ઐ. રા. સં. ભાગ ૧.

(૪૮૫) +**વિજયસેનસૂરિ નિર્વાણ સ્વાધ્યાય.** મેડતામાં

આદિ—

સરસતિ ભગવતિ ભારતીજી, ભગતિ ધરી મનિ માય,
પાય નમી નિજગુરૂ તણાજી, ગુણસ્યું તપગચ્છરાય;
જયંકર જેસંગજી ગુરૂરાય, નામિ નવનિધિ પામિઇજી,
દર્શનિ દારિદ્ર જાય, જયંકર જેસંગજી ગુરૂરાય.

* * * *

અંતે—

સઘલા પંડિત માંહિ વડો, શ્રી કમલવિજય ગુરૂસીંહ,
તાસ સીસ વિદ્યાવિજય, સુવિહિત પંડિત લીહોરે. ગુરૂ૦ ૫૧
વીર **હીર** દુઇ દીપતા, મેડતા નગર મઝાર,
તસ પસાય પામી કરી, ગાયો એ ગણધારોરે. ગુરૂ૦ ૫૨

કલશ.

ઇમ થુણ્યો ગણધર સાધુસિંધુર, ભૂવનઅધુર ગુણધરો
શ્રી વિજયસેન સૂરિંદ સુંદર, સકલ સંઘ સુહંકરો.
તસ પટ્ટ ભૂષણ દલિત દૂષણ, વિજયદેવ દિવામણી,
ગુણવિજય પંડિત ઇમ પયંપઇ, ચિરતપો તપગચ્છધણી. ૫૩

—૫૩ ટૂંક છે. પ્ર. જૈ. એ. ગૂર્જરકાવ્ય સંચય, તથા એ૦ સઝાયમાલા ભાગ ૧.

---

૨૪૯ કેશરાજ (વિજયગચ્છ—વિજયઋષિ-ધર્મદાસ-ક્ષમાસાગર-પદ્મસાગર-ગુણસાગર શિ૦)

(૪૮૬) +રામયશોરસાયન રાસ સં. ૧૬૮૩ આસો શુ. ૧૩ અંતરપુરમાં..

આદિ—

વેલાવલ રાગ—દૂહા.

શ્રી મુનિસુવ્રત સ્વામીજી, ત્રિભુવનતારણ દેવ,
તીર્થંકર પ્રભુ વીશમા, સુરનર સારે સેવ. ૧
પુત્ર સુમિત્ર નરિંદનો, પદ્માદેવી તસ માય,
જનમભોમિ જિનવરતણી, રાજગૃહી કહિવાય. ૨
અવતરિયા હરિવંશમેં, હરિ સાચવિયા સાર,
કલ્યાણક પાંચે ભલાં, નામ સદા જયકાર. ૩
ચરણકમળ તેહના નમી, રામ સુલક્ષમણરાય,
સીતા ને રાવણતણો, ચરિત્ર રચું સુખદાય. ૪
સુખદાઇ સહુ લોકને, 'રામકથા અભિરામ,
શ્રવણ સુણંત સરે સહી, મનના વંછિત કામ. ૫
'રા' ઉચ્ચરતાં મુખથકી, પાપ પુલાઇ જાય,
મતિ ફિરી આવે તેહથી, 'મ' મો કમાડી થાય. ૬
પાવનમેં પાવન મહા, કલિમલહરણ અપાર,

મોક્ષ પંથનો સાંભલો, સજ્જન જીવનો સાર. ૭
વીસમા થાનક ભલો, ખેમ કુશલકો ઠામ,
બીજ ધર્મતરૂવર તણો, શ્રી રામચંદ્રનું નામ. ૮
લક્ષ્મણ રાવણ રાજીયા, તીર્થંકર પદ પાય
મુગતિપુરી જઇ થાયસ્યૈ, સકલ જગતકા રાય. ૯
સત્યવતી સાચી સતી, શીલતણી અવદાત,
સ્વર્ગે પોહુંતી બારમેં, વસુધામેં વિખ્યાત. ૧૦

* * * *

અંતે— ઢાલ ૬૨

સંવત સોલે ત્રાસીયેરે, આછો આસૂ માસ,
તિથિ તેરસી અંતરપુરમાંહિ, આણી અતિહિ ઉલ્હાસ. ૪૯
વિજયગચ્છ ગચ્છનાયક ગિરિવો, ગોયમનો અવતાર,
વિજયવંત વિજય ઋષિરાજા, કીયો ધર્મ ઉદ્ધાર. ૫૦
ધર્મમુનિ ધર્મજનો ધોરી, ધર્મતણો ભંડાર,
ખિમા દયાગુણ કેરા નાયક, સાગરખેમ ઉદાર. ૫૧
શ્રીગુરૂ પદ્મ મુનીશ્વર મોટા, મોટા જેહનો વંશ,
ચઉરાસી ગચ્છમાંહિ જાણીતો, પ્રગટપણેં પરશંસ. ૫૨
તસ પાટોધર ગુણ કરી ગાજે, ગુણસાગર ગુણવંત,
કડસુતન કલપતરૂ કલિમેં, સૂરિ શિરોમણિ સંત. ૫૩
એ ગુરૂદેવ તણે સુપસાયેં, કીધી રચના જાણ,
ગ્રંથગુણે ગિરિમેરૂ સરીખો નવરસમાંહિ વખાણ. ૫૪
એવં બાસઠિ ઢાલ સુધારી, વચન રચન સુવિશાલ,
રામ યશોરે રસાયણ નામા, ગ્રંથ રચિઓ સુરસાલ. ૫૫
કવિજનતો કરજોડિને, પંડિતસું અરદાસ,
પાંચો આગે વાચેવોજો, હૂવે રાગ અભ્યાસ. ૫૬
અક્ષર ભાંગે ઢાલજ ભાગેં, રાગજ ભાંગે સોઇ,
વાંચતાંરે વચનને ભાંગેં, રસ નહી ઉપજે કોઇ. ૫૭

અક્ષર જાણી ઢાલજ જાણી, રાગજ જાણી એહ,
પાચ્યાં આગે વાંચતાં રે, ઉપજિસિ અતિનેહ. ૫૮
જામલગિ સાયરનો જલ ગાજે, જામ લગિ સૂરજચંદ,
કેશરાજ કહે તમ લગએ, ગ્રંથ કરો આનંદ. ૫૯

કલશ.

ઇમ રામ લક્ષ્મણ અંતે રાવણ, સતી સીતાની ચિરી,
કહી ભાખી ચરિત સાખી વચન રચના કરી ખરી,
સંઘ રંગ વિનોદ વક્તા અને શ્રોતા સુખ ભણી,
કેશરાજ મુનીંદ જંપે સદા હરખ વધામણી. ૧

—લ. સં. ૧૯૪૨ વૈશાખ શુ. ૯ વઢવાણ ઉપાધ્યાય નારણજી જેષ્ટારામ લખાવીતં મુનિ માણકચંદજી આત્મ પઠનાર્થં આમાં ઉપરની પ્રશસ્તિની કડી ૫૦ થી ૫૩ મી નથી. પત્ર-૫૬-૨૧ પો. સ. ભં. બીજી ત્યાંની પત્ર ૧૧૬ પં. ૧૪ આમાં પણ તેમજ છે. લ. સં. ૧૯૫૬ જેઠ શુ. ૬ બુધ લ. ભાવસાર પીતાંબર હરી રહેવાસી ગોંડલના.

(પ્રસિદ્ધ થયું છે—આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૨ જાું).

[આ કવિના ગુરૂ ગુણસાગરે શાંતિજિન વિનતિરૂપ છંદ ૨૧ કડીનો રચ્યો છે કે જેની આદિ

શારદામાય નમું શિરનામિ, હું ગાઉં ત્રિભુવનકો સ્વામી, છે અને અંતે એમ છેકે.

પદ્મસાગર ગુરૂરાજ પસાયા, શ્રી ગુણસાગર કે મન ભાયા.
નરનારી જે ચિત્તં ગાવે, તે મનોવાંછિત નિશ્ચં પાવે. ૨૧

આ સ્તવન જૈનપ્રબોધમાં તથા અન્યત્ર પ્રસિદ્ધ થયું છે.

—ગૌતમ પૃચ્છા બાલાવબોધના અંતે જણાવેલ છેકે સંવત્ ૧૭૬૩ વર્ષે શ્રી વિજૈગચ્છે શ્રી ભટ્ટારિક શ્રી પૂજ્ય શ્રી સુમતિસાગરસૂરિજી તત્ શિષ્ય ઋષિશ્રી વીરચંદજી, ઋષિશ્રી ભવાનીદાસજી ઋષિશ્રી બાલચંદજી તત્ શિષ્ય ઋષિશ્રી ચતુરાજી તત્ શિષ્ય ઋષિશ્રી મયાચંદજી. આસોજ

માસે કૃષ્ણપક્ષે દ્વાદશી તિથૌ રવિવાસરે ભીમચનગરે લિપીકૃતં પીતાંબર શ્રી મહારાજધિરાજ રાંણા શ્રી અમરસીંઘરાજ્યેઃ—ઉદયપુર ભં.

---

૨૫૦ સહજકીર્ત્તિ (ખ૦ ક્ષેમશાખા જિનસાગર-રત્નસાર-રત્નહર્ષ-હેમનંદન શિ૦)

(૪૮૭) શત્રુંજય માહાત્મ્ય રાસ. સં. ૧૬૮૪ આસણિકોટમાં

અંતે—

શ્રી ખરતરગચ્છસૂરિ જિણેસર, વીરપાટ દીપાવઈ,
ખરતર બિરદ લહિઉ ગુણસાયર, જસકપૂર મહકાવઈરે. ૬૯
અનુક્રમિ તસુ પાટઈ જસ ખાટયઉ, જુગપ્રધાન ગુણચાવઇ,
શ્રી જિનચંદ્ર સૂરીસર સદ્ગુરૂ, નામ મંત્ર જસુ ધ્યાવઇરે. ૭૦
શ્રી જિનસિંહ સિંહ જિમ દિપ્યઉ, તસુ પાટઈ ચિત લાવઈ,
અકબરસાહિ સભામન રંજી, જલનિધિ મીન છુડાવઈરે. ૭૧
વિજયમાન ગુણ જાણ ભટારક શ્રી જિનરાજ સુહાવઈ,
વિદ્યાબલ અતિસય બલ સબલઉ, સહુનઈ આણ મનાવઇરે. ૭૨
આચારિજપદ ધાર અમૃતરસ, મીઠાં વચન સુણાવઇ,
શ્રી જિનસાગર સાગર જિમ નિજ, ગુણ ગંભીર ગવાવઇરે. ૭૩
ષેમ સાખ દિનદિન ઉદયવંતા, મહિમા અધિક વધાવઈ,
રતનસાર વાચક ગુણનિધિ ગુરૂ, અતિસય અધિક જણાવઇરે. ૭૪
રતનહરષવાચક હેમનંદન, સીસ ભગતિ ચિત ઠાવઈ,
સહજકીરતિવાચક વિમલાચલ, ગિરિવર એમ મલ્હાવઇરે. ૭૫
સંવત સોલ ચઉરાસી વરસઈ, શ્રી નમિનાથ પ્રભાવઈ,
આસણિકોટ શ્રાવક બહુ સુખીયા, ધરમઈ ચિત્ત લગાવઇરે. ૭૬
વાચાસૂર અધિક ગુણવંતા, ધરમપક્ષ સમઝાવઈ,
અધિક આનંદ અધિક રંગરતીયાં, શ્રી જિન ધરમ વધાવઇરે. ૭૭
છઠેઇ ખંડઈ ઢાલ એ દશમી, પુણ્ય રેખહો પાવઇ,
સહજકીરતિ પુંડરીક મધુરસ, ગુણજલધર વરસાવઇરે. વિ૦ ૭૮

—ઇતિ શ્રી શત્રુંજય માહાત્મ્યે શ્રી પાર્શ્વનાથપંચકલ્યાણિક વર્ણન શ્રી ભાવશ્રેષ્ટિ જાવડા સંબંધ તત્કૃતોદ્ધાર વર્ણન કલ્કી સંબંધ તત્ સુતદત્તોદ્ધાર વર્ણન. પંચમારકાંત્ય સ્થિતિ વર્ણન. દુપ્રસહ નામાંન્ય યુગપ્રધાન વર્ણન. તત્ શ્રાવક વિમલવાહનવિહિતોદ્ધાર વર્ણનાધિકારો નામ ષષ્ઠઃ ખંડ સમાપ્ત. સં. ૧૮૪૫ ફા. શુ. ૫ દિને ચીરાલા મધ્યે.

(પૃ. ૧૨૮ પં.—૧૪ ગુ. વિ.)

પ્રીતિ છત્રીશી સં. ૧૬૮૮ વિજયદશમી સાંગાનેરમાં.

આદિ—

ઉપશમતરૂ છાયા રસ લીજઇ—એહની ઢાલ.

પ્રીતિ ન કિણિહી જીતી જાયઈ, ઇકઇવિણુ અરિહંતજી,
ભાવઈ કોડિ ઉપાય કરઉ કોઇ, લાગઈ મંત ન તંતજી. પ્રી. ૧

* * * *

અંતે

સંવત સોલવરસ અઠયાસી, જિહાં હુઉ સબલ સુકાલજી,
વિજયદસમિ સાંગારે (ને) ર પુરવરિ, એહ વિચાર રસાલજી. પ્રી ૩૫
પ્રીતિ છત્રીસી એ વયરાગિ, ભવિક ભણિ હિતકારજી,
વાચક સહજકીરતિ કહઇ ભાવઇ, શ્રી સંઘ જય જયકારજી. ૩૬

—ઇતિ શ્રી પ્રીતિ ષટ્ત્રિંશિકા-પં. રાજકીર્ત્તિ ગણિ-તત્ શિષ્ય પં. તિલકવિજય-તત્ શિષ્ય ગોદા લિખિતં. શ્રાવિકા સભલદે પઠનાર્થં.

૨—૧૫ પ્ર. કા. નં. ૮૦

---

૨૫૧ કલ્યાણ બીજા.

(૪૮૮) ધન્નાવિલાસ રાસ. સં. ૧૬૮૫ જેઠ સુદ ૫

આદિ—

પ્રથમ જિણેસર પ્રણમીઈ, પ્રથમ કરી જિણે આદિ
પ્રથમ ધર્મ્મ પ્રકાસીઉ, તે પ્રથમ નમું યુગાદિ. ૧

શાંતિ જિનેસર સોલમઈ, મરભ મિકી કરી શાંતિ
મારી નિવારી દેસથી, પસરી ઘરિ ઘરિ શાંતિ. ૨
યદુનંદન જગમાં જયો, બ્રહ્મચારિ શણગાર,
નાભિ નવનિધિ સંપજઇ, ધન ધન નેમિકુમાર. ૩

× × × ×

અંતે—

ઢાલ ૪૩ રાગ ધન્યાસી. સકલ મંગલતણી એ દેશી.

દાન કલ્પતરૂ દાનમણી સુંદર, દાનથી વંછિત ઋદ્ધિ વૃદ્ધિ,
દાનથી નરસુખ દાનથી સુરસુખ, દાનથી અનુક્રમે હોઇ સિદ્ધિ. ૧
દાનથી નરભવે દેવ ભોગીપણું, ભૂપ ક્રિયાણું જેણ કીધુ,
રાજછત્રંગણી નારિ ક્રમિ પરહરી, ભગનીપતિ વચનથી વ્રત લીધું. ૨
દાનથી ઋષભદેવો ત્રિભોવનધણી, સાધુનિ પ્રાગ ભવિ હવિષદાનૂં,
બાકલડા બહલિજુઓ દાનથી, ચંદનાઇં પણિ કેવલ લીનુ. ૩
દાનથી ધન્યનિ ઋદ્ધિ બહુલી હવી, દાન દીઉ ભવી ભાવ આણી,
ધન્યવિલાસનો તુર્ય પ્રસ્તાવ એ, ભણુત ગુણુત લહિ સુખ પ્રાણી. ૪
ધન્યવિલાસ કીઓ ચરીત્રાપરિ, અલ્પબુદ્ધિથિ હું પ્રેમ આણી,
ન્યનતા અધિકતા જે હુઇ એહમાંહિ, સોધયો પંડિતો પ્રીત આણી. ૫
ધન્યવિલાસના ચ્યાર પ્રસ્તાવ છે, ઢાલ ત્રહતાલીસ તસ પ્રમાણું,
શત એકાદશ ગ્રંથનો માઝનો, જિનપ્રસાદે સેવક કલ્યાણું. ૬
સંવત **સોલપંચ્યાસી** ૧૬૮૫ સંવત્સરિ જ્યેષ્ટ શુદિ પંચમી પુણ્યમાણું,
ધન્યવિલાસ થયો સંપૂર્ણ દિન દિન સંઘનિ મંગલમાલં.

—ઢાલ ૪૩ પ્રમાણું લિ૦ ગણિ લાલવિજયેન પં. શ્રી હર્ષવિજય-ગણિ શિષ્યેણ–વાવિનગરે ૨૨–૧૭ ગ્રંથ ૧૧૦૦ નં. ૩૩ દા. ૨૫ લીં; ડે૦

(આ કદાચ ૨૪૩ ક નં. નાં કલ્યાણમુનિ હોય. જુઓ પૃ. ૫૧૧)

૨૫૨ સ્થાનસાગર (આ. પુણ્યચંદ્ર-કનકચંદ્ર-વીરચંદ્ર શિ.)

(૪૮૯) અગડદત્ત રાસ સં. ૧૬૮૫ આશે વદ ૫ (ખંભાત) ત્રંબાવતીમાં.

આદિ—

શ્રી ગુડી પાર્શ્વનાથ નમઃ ઐં શ્રી ભગવત્યૈ નમઃ

શ્રી જિનપદપંકજ નમી, સમરી સરસતિ માય,
વીણાપુસ્તકધારિણી, પ્રણમઈ સુરનર પાય. ૧
હંસગામિનિ હંસવાહિની, આપો બુદ્ધિ વિલાસ,
જે નર સરસતિ પરિહર્યા, તે નર કહીઇ બાલ. ૨
સેવકનઇ સુપ્રસન્ન થઇ, આપો અવિરસ વાણિ,
કાલિદાસ કવિતા હુઈ, તે તુઝ શક્તિ પ્રમાણિ. ૩
ત્રિહું ભુવનિ જસ તાહરો, ગાવઈ સુરનર કોડિ,
અકલ અતુલ બલ તું સદા, નાવઇ કો તુઝ હોડિ. ૪
શ્રી ભારતી ચરણઇ નમી, લહી નિજ સુગુરૂ પસાય,
જ્ઞાનદષ્ટિ આપઈ સદા, પ્રણમઈ સવ સુખ થાઈ. ૫
મૂલ ગ્રંથમાંહિ કહિઉ, અધ્યયન ચઉથઈ જેહ,
અગડદત્ત નૃપ કેરડો, ચરિત સુણ્યુ ધરી નેહ. ૬
કુણ તે અગડદત્ત નૃપ, કિમ લીધુ ચારિત્ર,
તસ સંબંધ વખાણસિઉં, જિમ હોઇ જન્મપવિત્ર. ૭

* * * *

અંતે— ઢાલ ૩૯ રાગ ધન્યાસી દેશી ધમાલિની.

નયરી ત્રંબાવતી જાણીઇ, અલકાપુરીય સમાન,
દેવભુવન સોભઇ ભલાં, જાણ્યુ હો ઇંદ્ર વિમાન. ૭૫૫
મન રંગઈ ભવિયણ સાંભલો હો, એહ સંબંધ રસાલ,—મન.
ધવલિત ધવલગૃહ ભલાં, સોભિત માલિ અટાલિ,
કામિની જનમન મોહતી, સોહતિ ગજગતિ ચાલિ. મ૦ ૭૫૬
પુન્યવંત નર તિહાં વસઈ, પાલઇ નિજ આચાર,
જિન મંદિર નિત રૂયડાં, પૂજા રચઇ નરનારિ. મ૦ ૭૫૭

વડ વ્યવહારી જાણીઇ, ભૂપ દીઇ જસ માંન,
સાવત્થા સુત નાગજી, ઉત્તમ પુરૂષ પ્રધાન. મ૦ ૫૮
દૃઢ સમકિત નિત ચિત્ત ધરઈ, સારઇ જિણવર સેવ,
ભક્તિ કરઇ સાહમી તણી, કુમતિ તણી નહીં ટેવ. મ૦ ૫૯
રૂપવંત સોહઇ સદા, સુંદર સુત અભિરાંમ,
સકલ કલા ગુણ આગરૂ, સોહઈ જિસ્યો કાંમ. મ૦ ૬૦
મુનિસુવ્રત પસાઉલે, દિન અધિકુ નૂર,
વિધપક્ષ ગછિ સોહાવીઉ, પુન્યતણું કરિ પૂર. મ૦ ૬૧
તસ આગ્રહ જાણી ઘણો, ચરિત રચિઉ મનોહાર,
અગડદત્ત ઋષિરાયનો. એહ સંબંધ ઉદાર. મ૦ ૬૨
શ્રી ગોડીપાસ પસાઉલઇ, સીધાં વછિત કાંમ,
રાસ રચિઉ મહારિષિ તણો, સમવસરણ સુભ ઠામ. મ૦ ૬૩
વિહરમાન ગણધર ભલા. શ્રી કલ્યાણસાગર સૂરીરાય,
અંચલ ગછપતિ જાગિ જયો. દેષનિ પાતિગ જાય. મ૦ ૬૪
વિમલવંશ વાચકતણો, કીરતિ જસ સુપ્રકાસ.
પુન્યચંદ્ર વાચક વર, ધર્મ તણો મનિ વાસ. મ૦ ૬૫
તાસ સીસ સુંદર સોભાગી, પાલઈ સાધનો પંથ,
કનકચંદ્ર વાચક ગુણિ ભરીયા, મહામુનિ એહ નિગ્રંથ. મ૦ ૬૬
તાસ સીસ વિદ્યાના આગર, વાચક શ્રી વીરચદ,
તપ જપ સંજિમ કિરિયા પાલઇ, સુદર એહ મુણિંદ. મ૦ ૬૭
તસ પદપંકજ મધુકરની પરિ, રહઈ સદા એક ચિત્તિ,
વિનયવંત નઈ વિમલ મનઈ નિત, રંગી કરઇ ગુરૂ ભત્તિ. મ૦ ૬૮
તાસ તણુ સુપસાય લહીનઈ, ચરિત રચિઉ મન ભાય,
થાંનસાગર મુનિવર ઇમ જંપઇ, ભવિજન સુણઉ ચિત્ત લાય. મ૦ ૬૯
સંવત શશિરસ જાણીઇ, સિદ્ધિ તણી વલી સંખ,
મહાવ્રત પદ આગલિ ધરઉ, સમકરી ગુણો સવિ અંક. મ૦ ૭૦

અશ્વનિમાસિ મનોહર, પૂર્ણા તિથિ વલી જાણિ,
અસિત પંચમી એ સહી, ભૂસુત વાર વખાણિ. મ૦ ૭૧
એહ ચરિત જે સાંભલઈ, તેહ ઘરિ લીલવિલાસ,
સાધુ તણા ગુણ ગાઇતાં, પૂરઇ હો મનતણી આસ. મ૦ ૭૨

—સંવત્ ૧૬૮૫ વર્ષે જ્યેષ્ટમાસે સિતપક્ષે ત્રયોદશ્યાં રવિવાસરે લિખિતં રાધનપુરે મુનિ સ્થાનસાગરેણ પ્રવાચનાય ૨૪–૧૫ સેં. લા. વડોદરા નં. ૫૩૨૫; કવિની હસ્તલિખિત પ્રત છે.

૨૫૩ પુણ્યસાગર (પીંપલગચ્છ લક્ષ્મીસાગરસૂરિ-વિનયરાજ ને કર્મસાગર શિ.)

(૪૯૦) નયપ્રકાશ રાસ. સં. ૧૬૭૭
(૪૯૧) અંજનાસુંદરી રાસ. સં. ૧૬૮૯ શ્રાવણ શુ. ૫.

આદિ—

શ્રી ગૌતમ ગણધર પ્રમુખ, એકાદશ અભિરામ,
મનવાંછિત સુખ સંપજઈ, નિત સમરતાં નામ. ૧
પ્રથમ ઉદયમઈ મંડીઉ, મતિ દીસઈડતિમંદુ,
તિણ કારણિ પહિલા નમુ, શ્રી ગણધર સુખકંદ. ૨
સરસતિ પદપંકજ સદા, પૂજુ બે કરજોડિ,
કહણ કથા ઉધમ ઘણો, માત ! મ આણો ખોડિ. ૩
સેવકનિ સાનિધ કરી, દેગો અવિરલ વાણિ,
જિમ વેગો સિદ્ધિ સઢઇ, કાઇ મા રાખિસ કાણિ. ૪
વલિ પ્રણમું સદગુરૂ વડા, જેણથી થઉ સનાથ,
પાપ પડલ પાંછાં કર્યા, સૂત્ર શાસ્ત્ર દે હાથ. ૫
જગમાંહિ મોટોડછઇ, સહગુરૂનો ઉપગાર,
જાણિનઈ માનિ નહી, સાચા તેહ ગમાર. ૬
મનસુધિ સહુ પણમી કરી, કરસુ સતી વખાણ,
સુણજ્યો એકમના થઈ, જિમ હોઇ જન્મ પ્રમાણ. ૭

પવનંજઇ રાજા તણી, અંજનાસુંદરી નારિ,
તાસુ કથા સુણતાં થકા, હોસ્યઇ અલ્પ સંસાર.　　૮

સતિ શિરોમણિ અંજના, શીલવિભૂષણ દેહ,
નામ જપંતાં પ્રહ સમઈ, આપે રિદ્ધિ ઽછેહ.　　૯

તિણરો સખર સંબંધ છઇ, મીઠા સાકર દ્રાષ,
રસ લેજ્યો ભવીયણ તુમ્હે, ભાષે કવીઅણ ભાષ.　　૧૦

કિમ તિણ સુધો મન કરી, કીધો સીલયતન,
સવે રસ લેજ્યો ભવિઅણ તુમ્હે, સાંભલવા સુવચન.　　૧૧

અંતે—　　　૮ મી ઢાલ ફાગની.

(આહે) અંજના કેરીય ચુપઇ, પુરણ કીધી એહ,
જે નર ભણસીઇ ભાવસિઉ, મંગલ લહઇસ્યિ તેહ.
(આહે) સતીયાનિ સિરિ અંજના, વખાણિયે કવિરાય,
સાંભલતાં મન ઉલસઈ, હીયડઇ હર્ષ ન માય.　　૧

ષટ દરશનના ગ્રંથમિઈ, અંજના કેરી વાત,
પવનસુત હનુમંતરાય, પ્રકટ ઘણા અવદાત.
(આહે) ગુણયશના સુવખાણિયઈ, જાસુ વદઈ સંસાર,
આપરો નામ સોઇજ લહઈ, જે હોઇ મૂઢ ગમાર.　　૨

(આહા) જનમાંહિ ઠામિ ઠામિ, દીસઇં એ અધિકાર,
પણિ પરમારથ જુજીઆ, નામ તણા નિરધાર,
(આહે) શીલતરંગીણી ગ્રંથથી, એ રચીઉ સંકેત,
કાઇક કવીમતી કેલવી, તિનકા યુછઈ હેત.　　૩
(આહે) તે દુષણ મત કાઢજ્યો, ગ્રહજ્યો કવિ ગુણરંગ,
સો બિઇ તો મઈ આણીઉ, લાગઇ સરસ સુચંગ.
શ્રી મુનિસુવ્રત સામિરઈ, વારઈ હુઇંવાત,
ચ્યાર વહિ જિણ વરચીઆ, કુણ જાણઇ અવદાત.　　૪
(વાંચો જગબહુ વહી ગયા—પાઠાંતર).

શ્રી વડગછ ગુરૂ ગાઇઇ, શાંતિ સૂરિ ગણધાર,
ચક્કેસરી પદ્માવતી, ભગતિ કરઇ વારવાર.
ભંગક છેવટ્ટણુ (ભગવઅટણુ) ભાષીયુ, ધૂલીકોટ સંકેત,
કુટુંબ શ્રીમાલી સાતસઈ, ઊગાર્યો ગુણ હેત. ૬

ભોજ ચુરાસી રાજમઈ, જીત્યા વાદ વિશાલ,
શાસન જિન સોભાવીઉ, વાદી બિરૂદ વૈતાલ.
તિણ ગછ પીંપલ થાપીઉ, આઠ શાષા વિસ્તાર,
સંવત ૩૬ બાવીસઈ સમઈ હુઇ સુખકાર. ૭

તે ગછ દીસઇ દીપતુ, નયર સાચોર મઝારી,
વીર જિણેસરનુ તિહાં, તીરથ પ્રગટ ઉદાર.
તાસુ પાટી અનુક્રમઈ હુયા, શ્રી લક્ષ્મીસાગરસૂરી,
વિનયરાજ કરમસાગર, વાચક દોઇ સનુરા. ૮

તાસુ સીસ પુણ્યસાગર, વાચક પભણઇ એમ,
અંજનાસુંદરી ચુપઇ, પૂરણુ વધતઇ પ્રેમ.
સંવત સોલ નેવ્યાસીઈ, શ્રાવણ માસ રસાલ,
સુદી તીથિ પચમી નીરમલા, ઋદ્ધિવૃદ્ધિ મંગલ માલ. ૯

—ઇતિશ્રી અંજના સુંદરીની ચુપઇ સંપૂર્ણ
(અશુદ્ધ) ૩૮—૧૧ આ. ક., ઉદયપુર ભં—માણેક.

—ઇતિશ્રી અંજનાસુંદરી પવનંજય કુમાર સંબંધે પૂર્વ ભવ વર્ણન માતુલપુરે સમગમન પવનંજયગૃહાગમન અંજનાસુંદરીદર્શનાય વિલાપકરણાય ઋષભદત્તશુદ્ધિકરણાય ઋષભમાતુલપુરે સમાગમન અંજના· મિલન પુનઃ પવનંજય અંજનામિલન પુનઃ સાધુસમીપ દીક્ષા ગ્રહણાય સુરલોકગમનાધિકારવર્ણનો નામ તૃતીયખંડ સંપૂર્ણ. પંડિત શ્રી ૫ શ્રી અમૃતવિજયગણિ શિષ્ય મુનિ દેવવિજય પઠનાર્થ. ૧૨—૧૪ લીં૦

—પ્રથમ ખડે ઢાલ ૪ ગાથા ૧૮૨ દ્વિતીય ખંડે ઢાલે ૭ ગાથા ૨૦૭ તૃતીયખડે ગાથા ૨૪૩ ઢાલ ૮ સર્વ ઢાલ ૨૨ ગાથા સર્વ ૬૩૨

ગ્રથાગ્રંથ શ્લોક સંખ્યા ૯૦૫ સં. ૧૭૫૩ વર્ષે મા સુદિ ૮ દિને સંપૂર્ણું કીધો. શ્રી સોહીગ્રામ મધ્યે દેરવાં.લિ૦ ગણિ કેસરવિજયેન. ૧૭—૧૮ લીં.–ગ્રથાગ્ર ૯૩૯ રાજસુંદર લખીકૃતા (૧૭૦૦ ની આસપાસ. મ. બ)

બીજી પ્રતમાં પ્રશસ્તિ કંઇ જૂદી આપી છે તે નીચે પ્રમાણે છેઃ–

શ્રી જિનરાજસૂરિ પાટિ દિનકરા, આગમ અર્થ નિધાન,
શ્રી જિનરંગ સૂરીસર સત્યવર જાણે, સર્વ નિધાન.

તાસુ આદેશ સવત્ સોલ ચોરાસીઈ, ઉદેપૂરિ સોમાસિ,
જગતસંઘ રાણો ગાજે તિહાંકણિ, હાદુ ઉપતાં જસવાસ.

સંઘ કથન ધરી માઘ સુદિ તૃતીયા દિને શુભયોગે ગુરૂવાર
અવિછિન રસ ઇણિમે લેજયો જોઇને અધિકારે અધિકાર.

પુણ્યભુવન કહે ભાવ ધરી ઘણો, ગિરૂયાનો જસવાસ,
અધિક ઓછો ઇહાંકણિ જે કર્યો, હુવે મિછામિ દુક્કડ તાસ.

શીલ સમકિત ગુણુ દેહ પ્રતિધારને દિન પ્રતિ કોડિ કલ્યાણુ,
તિણિએ ભણે ગુણે સુણે ભાવસું, જીવિત જનમ પ્રમાણુ.

—લિ. ૧૭૪૫ આસો વ૦ ૧૩ ગુરૂ કલ્યાણુપુરમાં.
રાજકોટ પૂજ્યના અપાસરાનો ભંડાર.

આમાં કર્ત્તાનું નામ પુણ્યભુવન (ખ૦) આપેલ છે ને રચ્યા સાલ સં. ૧૬૮૪ માહ શુ. ૩ ગુરૂ, ઉદયપુરમાં જગતસિંહ રાજ્ય કરતા હતા ત્યારે, એમ જણાવ્યું છે. મને તો પુણ્યસાગર (પી. ગચ્છીય)ની પહેલી પ્રશસ્તિ વિશ્વસનીય ભાસે છે.

—મારી પાસે મોટા અને સારા અક્ષરવાળી ૨૭ પાનાની પ્રત છે, પણુ તેમાંથી કર્ત્તાનું નામ ઉડાડી દીધું છે. ૨૭—૧૨.

—પત્ર ૨૨ ગ્રથમાન ૬૦૦ નં. ૩૧ દા. ૨૫ લી. કે જેમાં કર્ત્તાનું નામ પુણ્યસાગર સ્પષ્ટ છે.

૨૫૩ ક લાભોદય

નેમિરાજિમતિ બારમાસ. ૧૫ કડી સં. ૧૬૮૯ આસો શુ. ૧૫

આદિ—

સખીરી સાંભલિ હે તૂં વાણી, ઈમ બોલે રાજુલ રાણી,
નેમજી મુઝ જીવન પ્રાંણી, તિણુ તોડી પ્રીતિ પુરાણી હોલાલ
નેમજી નેમજી કરતી, નેમજી નિજ ધ્યાન ધરતી હો લાલ. ૧

* * * *

અંતે—

સખીરી સંવત સોલસૈ નિવ્યાસી, આસૂ પુનિમ ઉજાસી,
ભણતાં ગુણતાં સુખ ખાસી, લાભોદય લીલ વિલાસી હો લાલ. ૧
નેમજી નેમજી કરતી.
—(મારી પાસે પ્રત છે.)

---

૨૫૪ શ્રીસાર (ખ૦ ખેમશાખા રત્નહર્ષ વાચક શિષ્ય)

(૪૯૨) આનંદ શ્રાવકસંધિ. સં. ૧૬૮૪ પુષ્કરણી નગરીમાં.

આદિ—

વર્દ્ધમાન જિનવર ચરણ, નમતાં નવ નિધિ હોય,
સંધિ કરૂં આણંદની, સાંભલિજ્યો સહુ કોઈ. ૧

* * * *

અંતે—

ઢાલ ૧૫ આશ્રવ કારણ એ જગિ જાણીયઈ—એહની.
ધન ધન સુધી શ્રાવક એહવા, નામૈ નવ નિધિ થાય,
સૈ મુખિ વીર વખાણ્યઉ જેહને, પ્રણમૈ સુરનર પાય. ૨૪૧ ધ.
નિરતા બારહ વ્રત પરિપાલીયા, ન લગાયા અતિચાર,
ભલીપરૈ વિધિસું શ્રાવકતણી, પ્રતિમા વહી ઇગ્યાર. ૨૪૨ ધ.
દાનસીલ તપ જપ નૈ ભાવના, કીધા ધરમ અનેક,
ઇણિપરિ માનવ ભવ સફલો કિયૌ, અહનિસિ ચિત્ત વિવેક. ૨૪૩ ધ.

માસ તણી કીધી સંલેષણા, સમરૈ જિનવર નામ.
સાઠ ભગતઇ છેદ્યા અણુસણે, સૂધે મન પરિણામ. ૨૪૪ ધ.
પાપ ઠાંમ આલોઇ પડિક્કમી, કાલ માસ કરિકાલ,
સૌધરમે દેવલોકઇ સાસતો, સુર અપચ્છર સુવિશાલ. ૨૪૫ ધ.
ઈંદ્રિ વિમાનથકી અતિ દીપતઉ, કૂણ અછે ઇસાણ,
આણંદ ગાથાપતિ હિવ ઊપનઉ, તિણ અરૂણાભવિમાન. ૨૪૬ ધ.
પલ્યોપમ ચિહુનૈં આઉષૌ, સુષ ભોગવૈ અપાર,
મહાવિદેહ તિહાંથી સીઝિસ્યૈ, કરિસ્યૈ એક અવતાર. ૨૪૭ ધ.
સાંભલિ જંબૂ સોહમ ઇમ કહૈ, સાતમ અંગ મઝાર,
પ્રથમ અધ્યયનૈ ભાષ્યા એહવા, વીરજિણંદ વિચાર. ૨૪૮ ધ.
જિમ જિમ ચરિત સુણીજૈ એહવા, તિમ તિમ મન થિર થાય,
થિર મન રાષ્યાં લાભ હુવૈ ઘણો, પાતક દૂરિ પલાય. ૨૪૯ ધ.
પુહકરણી નયરી અતિ દીપતી, શ્રાવક ચતુરસુજાણ,
આદીસર જિનવર સુપસાઉલે, રાજપ્રજા કલ્યાણ. ૨૫૦ ધ.
સંવત્ દિશીં સિદ્ધિ રસ સસિ ૧૬૮૪ તિણપુરીમઈ કીધી ચઉમાસિ,
એ સંબંધ કીયો રલિયામણઉ સુણતાં થાઇ ઉલ્લાસ. ૨૫૧ ધ.
રત્નહરષવાચક ગુરૂ માહરઉ, હેમનંદન સુખકાર,
હેમકીરતિ ગુરૂ બંધવનૈ કહૈ, પભણૈ મુનિ શ્રીસારિ. ૨૫૨ ધ.

ઇતિ શ્રી આણંદસંધિ સમાપ્ત.

(ભાવ૦ શુદ્ધ અક્ષરની પ્રત પા. ૭ પં-૧૮ અને બીજી પ્રત પા. ૧૮ પં-૯) ૧૫-૧૧. આ. ક. ૧૨-૧૩ આ. ક.

—સં. ૧૮૫૨ જેષ્ટવદિ ૧૧ દિને લિ૦ પં. અમૈંચદ ૧૦-૧૫ ઘો.

—સં. ૧૯૨૨ લિ. પં ગુણસોમ વાલોચર મધ્યે ૧૯-૧૧ ઘો.

—(વિ. ધ. ભંડાર)—સં. ૧૮૦૩ માગશર વદ ૧૧ પ્રે. ૨.

—લિ૦ શ્રી ૧૦૮ શ્રી પુજે મલુકચંદજી, તત્ સીષ પુજયે શ્રી મ્હાસીંઘજી, તત્ સીષ લિષતં અમોલકચંદ કાત્યાસની મધિ સહેર મેડતા સૌહી કોસ હોય, સંવત ૧૮૪૩ માસ અસૂઢ વદી ૬ વાર બુધવારિ કિસ્નપક્ષે

લિષતં કોઠારી કુસાલેચંદજી નાન્હો રાસદ્ધિ. અશુદ્ધ પ્રત. ૧૮-૧૧ અનંત.

(૪૯૩) મોતી કપાસીયા સંબંધ સંવાદ. સં. ૧૬૮૯ ફલોધીમાં

આદિ— દૂહા.

સુંદર રૂપ સોહામણો, આદિસર અરિહંત,
પરતા પૂરણ પ્રણમીયૈ, ભયભંજણ ભગવંત. ૧

જિણવર ચોવીસે નમી, સમરૂં સરસતિ માય,
એહ પ્રબંધ માંડયો સરસ, શ્રી સહગુરૂ સુપસાય. ૨

આદિનાથ આણંદસું, હથિણાઉર મઝારિ
વિચરઈ જિનવર ગોચરી, ન લહૈ સુદ્ધ આહાર. ૩

પાએ લાગી પદમણી, મોતીયડૈ ભરિ થાલ
મોતીસું કરે નિમંછણા, લોક સહુ સુવિસાલ. ૪

મોતી ગરવ્યઉ મહીયલઈ, હું મોટો સંસાર
મો સમવડિ કોઈ નહી, હું સગલઇ સિરદાર. ૫

* * * * *

અંતે—

ઢાલ ૮ રાગ ધન્યાશ્રી. ધન્ય ધન્ય આઈ કુમર વર સેજની. દેશી.

સંપ હુઓ મોતી કપાસીયેં, મિલીયા માહોમાહિં
વાદ એ ભગવંતે ભાજીઓ, ચતુર નરા ચિત્ત ચાહિ. સંપ. ૧૦૧

કપાસીયાને મોતી મળપતો, પાઈ લાગો આય
તું ગિરુઓ ભાઈ ભારીખમો, ખમજે મુજ અન્યાય. સંપ. ૧૦૨

તુમ કરીનિં સોભા છે માહરી, મુજ કરી તાહરી સોભ
બાંધી મૂઠી લાખ સવા લહે, ધર્મતણો છે લોભ, સંપ. ૧૦૩

ધર્મભાઈ હિવેં તૂં છે માહરો, આપો અવિહડ પ્રીતિ,
ઇણિ ભવિતો સ્યૂં હું વિરચીસ નહીં, માને મુજ પરતીત. સંપ. ૧૦૪

કપાસીઓ મોતી ઇણિ પરિ મલ્યા સયણ તણે સબંધ.
સંવત સોલનવ્યાસીઇ, કીધો એહ પ્રબંધ. સંપ. ૧૦૫

શ્રીફૂલવર્ધીપુર નગર સોહામણો, જિહાં શ્રાવક સુવિસાલ,
 ન્યાયવંત ચિહું ખખિ નિરમલાં, જીવદયા પ્રતિપાલ. સંપ. ૧૦૬
શ્રી ખેમસાખા વાચક દીપતા, રતનહરખ મુનિરાય,
 નામ લીયાં સુખ સંપજે, તિણિ સહગુરૂ સુપસાય, સંપ. ૧૦૭
એ સંબંધ સરસ સોહામણો, કીધૂં મુનિ શ્રીસાર,
 સુણતાં ખ્યાલ સને ઉપજે, ચતુર નરાં ચમતકાર. સંપ. ૧૦૮

૬-૧૩ ક. મુ. (પા. ૪. પ્રે. ૨.-વિધા.)-૬.

—સં. ૧૭૩૩ પોસ વદિ ૧૩ દિને શ્રી સિણધરી ગ્રામે પં. શ્રી ઉદયહર્ષ ગણિવરાણાં શિ૦ મતિવિમલેન લિ. ૩-૧૫.

(૪૯૪) સારબાવની સં. ૧૬૮૯ આસો શુદિ ૧૦ પાલીમાં.

(પ્રાસ્તાવિક કવિનોનું આ કાવ્ય મારવાડી ગૂજરાતી (પ્રાચીન ગૂજરાતીનું એક રૂપ) ભાષામાં છે. કાવ્યમાં દરેક ટુંકમાં અધાક્ષર કક્કાને અનુક્રમે લઇને એક એક કવિત રચ્યું છે. કવિનું અંતિમ લક્ષ્યબિંદુ 'ભક્તિ' અને 'ભગવંત' છે. મ૦ બ૦)

આદિ—

 ૐ ૐકાર અપાર પાર તસુ કોઇ ન લબ્ભોય,
 સવ્વકખર સિરતાજ મંત્ર ધુરિ કવિયણ ગબ્ભય,
 અર્ધચંદ આકારિ ઉવરિ મીડઉ જસુ સોહઈ,
 જે સેવઈ ચિત લાઇ તિકે તિહુઅણુ મન મોહઈ,
 સાધિક સિદ્ધ જોગી જતી, જાસુ ધ્યાન અહનિસિ કરઇ,
 કવિ સાર કહઈ ૐકાર જપિ, કાંઇ સયણુ ભુલ્લો ફિરઇ. ૧

× × × ×

 મહીયલિ ઉ નર અચલ, જિકો પર *તાત ન જાણઇ,
 મહીયલિ ઉ નર અચલ જિકો આપો ન વિખાંણઈ,
 મહીયલિ ઉ નર અચલ દીયઈ ઘર દેખે પગલા,
 મહીયલિ ઉ નર અચલ જિકો ×સાંસહે સગલા,

* તંત-નિંદા. × આશ્વાસન આપે.

એહવઉ પુરૂષ અવિચલ જિકો, આપદ સંપદ એક બલ,
કવિ સાર કહે જારે અજર, મહિ મંડલ સો નરઅચલ, ૪

*　　*　　*　　*

એ ઓછઉ આદમી, જિકો ઉપગાર ન જાંણઈ,
એ ઓછઉ આદમી, જિકો ત્રૂટી દિસિ તાંણઈ,
એ ઓછઉ આદમી, જિકો ગુણ પોતઇ ગાવઈ,
એ ઓછઉ આદમી, જિકો કહિનઈ નટિ જાવઇ,
ઓછો સુ પુઠિ કચપચ કરે, મુંહ મિલિયાં મુસકઇ નહી,
કવિ સાર કહઇ ઓછઉ તિકો, જિકો વાદ મંડઇ બહી. ૧૯

*　　*　　*

અંતે—

ક્ષિતિમંડન ક્ષિતિતિલક, સહર પાલીપુર સોહઈ,
ગઢમઢ મંદિર પઉલ, બાગ વાડી મન મોહઇ,
રાજ કરૈ જગનાથ સૂર સામંત સવાયો,
સોનિગિરઈ સુસમથ, સુજસ વસુધા વર્ત્તાયો,
સંવત સોલ નિવ્યાસીયઈ, આસુ સુદિ દસમી દિનઈ,
શ્રીસાર કવિત બાવન કહ્યા, સાંભલિજ્યો સાચઈ મનઈ. ૫૫
ભલે ૐ નમઃ સિદ્ધં, અ આ ઇ ઈ ભણિઉ ઊ,
ઋ ૠ લૃ લૄ વર્ણું, વલે એ ઐ નઈ ઓ ઔ,
ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ, ટ ઠ ડ ઢ ણ તથ દ ધ ન પ ફ બ ભ,
મ ય ર લ વ શ સ હ ળ ક્ષ તેમ અક્ષર સપ્રભઃ
બાવન એહ અક્ખર અકલ ક્રિયા કવિત ધુરિ સંકલી,
સુવિચાર સાર ઈમ ઉચ્ચરઇ, સાંભલતાં પૂગે રલી. ૫૬

—સં. ૧૭૩૦ વર્ષે આસોજ સુદિ ૫ તિથૌ શ્રી બૃહત શ્રી ખરતર ગચ્છે યુગપ્રધાન શ્રીજિનચંદ્રસૂરિ વિજયરાજ્યે મહોપાધ્યાય શ્રી શિવનિધાન ગણિવરાણાં તત્શિષ્ય વા૦ મતિસિંહગણિ તત્શિષ્ય વા૦ શ્રી

રત્નજય ગણિભિ તચ્છિષ્ય પ. રત્નવર્દ્ધનજી પં. દયાતિલકેન લેખિ. શ્રી સુરગ્રામે કોઠારી રાયપાલજી તત્પુત્ર વરદ્ધમાન કોઠારી પઠનાર્થમ.

(મ. બ. ની નોંધ.)

૧ ઉપદેશ સત્તરી=જીવઉત્પત્તિની સઝાય=તંદુલવેયાલી સૂત્ર સ૦
આદિ—

ઉત્પત્તિ જો જો આપણી મનમાંહિ વિમાસ
ગર્ભાવસિં જીવડો વસિયો નવ માસ.　　　　૧ ઉત્પત્તિ.

*　　*　　*　　*　　*

અંતે—　　　　કલશ.

એહ જૈન ધર્મ વિચાર સાંભલી લીયે સંયમ ભાર એ
વલિ સીહની પરે સદા પાલઇં નિયમ નિરતિચાર એ
સંસારના સુખ સકલ ભોગવિ તે લહઇ ભવ પાર એ
શ્રી રત્નહર્ષ સુસીસ રંગે ઇમિ **કહે શ્રીસાર** એ.　　　　૭૧

—લિ. ૧૮૨૧ માગ૦ વ. ૧૧ સોમ. ઋ. થિરપાલા. આર્યા માહુ વાચનાર્થ નાગોરી લુંકે ગચ્છે અકબરાબાદ મધ્યે. ૩–૧૪ (ચા.) ×–૫–૧૨ માં; ૩–૧૬ (મારી પાસે છે.) પ્ર, જૈ. પ્ર. ૩૯૩–૩૯૯.

૨ દશ શ્રાવક ગીત—કડી ૧૪ (આદિ–પહિ પહી પ્રણમુ દશે શ્રાવક જેમ પાતક જાઇરે......અંતે–સાતમઇ અંગઇ ઉપદિસ્યઉ એ, કહઇ મુનિ શ્રીસાર રે.)

—આની એક એક પાના વાળી બે પ્રત મારી પાસે છે.

૩ ફલોધીપાર્શ્વનાથ સ્ત.
આદિ—

પરતાપ પૂરણુ પ્રણમીયઇ, અરિગંજણુ અરિહંત,
સાચઉ સાહિબ તું સહી, ભયભંજણુ ભગવંત.　　　　૧
વામાનંદન વંદીયઇ, દઉલતિનઉ દાતાર,
કીડીથી કુંજર કરઇ, સેવક નઇ સાધાર.　　　　૨

*　　*　　*　　*　　*

અંતે— કલસ.

ઇચ્છા પૂરો આજ, સુપરિ સેવક સાધારઉ,
જિણવાર પાસ જિણંદ, સદા હું સેવક થારઉ,
કલ્પવૃક્ષથી અધિક, કૃપા મો ઉપરિ કીજઇ,
શ્રી અસસેન સુતન્ન, ધણી મુઝ દઉલતિ દીજઈ,
રતનહર્ષ સુપસાઉલઈ, શ્રીસાર એમજ ઉચ્ચરઈ
ફુલવર્ધી રાય મોટા ધણી, સેવકનઇ સાનિધિ કરઇ. ૨૧

—પં. સિદ્ધિવિલાસગણિ લિખતં. ૧-૧૫ (મારી પાસે છે.)

૪ વાસુપૂજ્ય રોહિણી સ્ત૦ સં. ૧૭૦૨,

આદિ—

સાસણ દેવિ સાંમણિએ, મૂઝ સાનિધ કીજે,
ભૂલો અક્ષર ભાતિ ભણીએ, સમઝાવી દિજે. ૧
મોટા તપ રોહિણિ તણોએ, તેહના ગુંણ ગાઉ,
જિમ સુખ સોહગ સંપદાએ, મનવંછિત પાઉ. ૨

× × × × ×

અંતે— કલસ.

ઇમ સગન દાય મુનિચંદ્ર વરણી, મહિમા ગુરૂ મૂખ સાંભલી,
વાસુપૂજ્ય અમને થયા સૂપ્રસન, ચિત્તની ચિંતા ટલી,
ઇણ પરિં રોહિણિં તપ આરાધઇ, જે ભવિયણ મંનનિ રલી,
શ્રીસાર જિનગુણ ગાવતાં હિવેં સકલ મન આસ્યા ફલી. ૨૭

—લ૦ જંબુસરે પં. દિપવિજયેન. ૨-૧૭.

—સં. ૧૮૪૨ ચૈત્ર સુદિ ૭ બુધે શ્રી સુરતિ બંદિરે લિખિતં પ્રમોદસાગર શ્રાવિકા વજીબાઈ પઠનાર્થં. ૩-૧૩) જૈ. એ.

૫ ગૌતમપૃચ્છાનો સ્ત૦

આદિ— (પ્રભુ પ્રણમુંરે પાસ જિણેસર થંભણો એ દેશી.)

પ્રભુ પ્રણમુરે પરમેસર ત્રિભુવનતિલો,
સુખદાય રે સાસણનાયક ગુણતિલો,

મુખ દીઠોરે મીઠો લાગે તાંહરો,
તિણુ મિલવારે ઉમાહ્યો મન માંહરો. ૧

અં. (કલશ.)

ઇમ વીર જિનવર તણે આગે, પ્રથમ ગણધર અટકલી,
ચાલીસ ને વલિ આઠ ઉપર પ્રશ્ન પૂછ્યા મન રલી,
નિધિ ૨ કલા યુગ ચંદ્ર વરસે, આદિજિન પારણુ દિને,
શ્રીસાર પાઠક તેહ વખાણે, સાંભલો સાચે મને. ૩૩

૨॥–૧૫ આ. ક.

૬ જિન પ્રતિમા સ્થાપન સ્ત૦

આદિ—

સમકિત દૃષ્ટિ જિનપ્રતિમા સેવા, ન કરો વાદવિવાદને ભાઈ,
જિનપૂજક પંચમ ગુણ ઠાણે, નવી પૂજે તે મિથ્યાતી રે ભાઇ. સ. ૧

* * * * *

અંતે—

હંસતણું પરે કરો પરિખ્યા, મકરો કૂડા વાદ રે ભાઇ,
કહે શ્રીસાર ધરો સમતા રસ, સુગુરૂતણો સુપસાયરે ભાઇ. સ. ૨૭

—લિ. ૧૭૧૨ આસો સુ. ૧૩. ૨॥–૧૧ આ. ક.

---

૨૫૪ ક બાલચંદ (રૂપજી–કુંવર–શ્રીમલ્લ–ગંગદાસ શિ.)

+બાલચંદ બત્રીશી ૧૬૮૫ દીવાલી અમદાવાદ.

આદિ—

સકલ પાતિક હર, વિમલ કેવલધર, જાકો વાસો શિવપુર
તાસુ લય લાઇયે.
નાદબિંદ રૂપરંગ, પાણિપાદ ઉત્તમંગ, આદિ અંત મધ્ય ભગા
જાકૂં નહિ પાઇયેં,
સંયેણુ સંઠાણુ જાણુ, નહિ કોઈ અનુમાન, તાહીકો કરત ધ્યાન
શિવપુર જાઇયેં,

ભણે મુનિ બાલચંદ સુનો હો ભવિક વૃંદ, અજર અમરપદ
પરમેસરકોં ધ્યાઇયેં. ૧

અંતે—

મહાનંદ સુખકંદ રૂપચંદ જાનિયેં,
શ્રીયરૂપ જીવગણિ કુંઅર શ્રીમલમુનિ, રતન સીસ જસ ધની
ત્રિભુવન માનિયેં,
વિમલશાસન જાસ મુનિ શ્રીય ગંગદાસ હસ્તદીક્ષિત તાસ
બત્રિશી વખાનિયેં,
બાણુ વસુ રસચંદ ૧૬૮૫ દીવાલી મંગલ વૃંદ, અહમ્મદાવાદ
ઈંદિ રંગ મન આનિયેં
ભણે મુનિ બાલચદ સુનોહો ભવિક વૃંદ, મહાનંદ સુખકંદ
*રૂપચંદ જાનિયેં. ૩૩

પ્ર. પૃ. ૩૦૩-૩૧૨ જૈ. પ્ર.

---

૨૫૫ વાના શ્રાવક (વિજયાનંદસૂરિનો શ્રાવક શિ૦)

(૪૯૫) +જયાનંદ રાસ સં. ૧૬૮૯ પોષ શુદિ ૧૩ ગુરૂ બારેજામાં
(અમદાવાદ પાસે)

ભટ્ટારક પ્રભુ શ્રીવિજયાનંદસૂરિ ગુરૂભ્યો નમઃ

આદિ— વસ્તુ

શાંતિજિનવર શાંતિ જિનવર નમીય બહુ ભત્તિ,
શ્રી સારદા સમરી સદા કરૂં, ચરિત્ર મનિ રંગ (પા રસ સુરંગ) આણીય.
જયાનંદ ગુણ વર્ણવું શ્રી વિજયાનંદ ગુરૂ લહીય વાણીય,
તાસ તણઈ સુપસાઉલઈ હુઉ મનિ ઉલ્હાસ,
સરસ કથા સુણયો સહુ, જિમ મનિ પુંહચઇ આસ. ૧

દૂહા

બ્રહ્માણી તુજ વીનવું આપે મતિ તું માય,
મુઝ મનિ આણંદ ઉપનો ગાઉં જયાનંદરાય. ૨

હંસાસનિ સેવું સદા, કવિયણની આધાર,
સરસ કથા જયાનંદની, આવી કરજો સાર. ૩

કમળ કમંડળ ધારિણી, વીણા પુસ્તક હાથ,
કવિયણને હિતકારિણી, નિશ્ચે આવે સાથ. ૪

તુજ સમવડ જગ કો નહીં, ત્રિહું ભુવને તુજ વાસ,
કવિજન આશા પૂરણી, તું સહી કરજે રાસ. ૫

તું જગદંબ ત્રિપુરા સતી, તું કવિયણની આસ,
સ્વપ્ને જે નરને મિલી, તેહને કિયો પ્રકાસ. ૬

કવણ જયા તે કિહાં હવો, કવણ ગામ કુણ ઠાણ,
શ્રી વિજયાનંદ મુખથકી, લહું તે મધુરી વાણ. ૭

કુણ સંવત્સર કુણ દિને, હુવો કેમ હુલ્લાસ,
સંવત સોળે છયાસિયે, ગુરુ બારેજે ચોમાસ. ૮

સંઘ સહુ આદર ઘણે, વાવે વિત્ત સુઠાંમ,
દિનદિન ઉત્સવ બહુ થયા, પસર્યા ઠામોઠામ. ૯

શ્રી જયાનદતણું ચરિત, શ્રી ગુરૂનેં ઉપદેશ,
સરસ કથા કવિયણ કહે, જેહના ગુણહ અશેષ. ૧૦

*   *   *   *

અંતે—

માતા ભારતિ તણઇ પસાય, મઈ સહી કવ્યું જયાનંદરાય,
શ્રી વિજયાણંદ ગુરૂ ઉપદેશ, કરી ચુપઇ એ લવલેસ. ૫૦
પંચમ ગણહર સોહમ સ્વામિ, જાય પાપ તસ લીધઈ નામિ,
તેહ તણ પટિ સહી દિનકાર, જગચંદ્રસૂરિ થયા ગણધાર. ૫૧
બાર વરસ આંબિલ તપ કરી, પુન્યતણ ભંડારજ ભરી,
ચિહુંહાલીસમઈ પાટઈ જયકાર, તપા બિરૂદ ધરાવિઉ સાર. ૫૨
અનુક્રમિં ગુરૂ ગછપતિ જેહ, શ્રી મુનિસુંદર કહીઈ તેહ,
એકાવનમઈ થાનકિ કહિયા, બિમાદયા વિદ્યાવંત લહિયા. ૫૩

તિણઇ ગુરૂઈ ગ્રંથજ કીધા ઘણા, કહતાં પાર ન આવઇ તેહ તણા,
શ્રી જયાનંદનું ચરિતજ સાર, કીધું શાસનનઇ હિતકાર. ૫૪
આઠ સહસ તે કીધું વલી, તે વાંચઇ સહુઈ મનિ રૂલી,
પટિ એકસઠિમઇ ઉદઉ ભાણુ, શ્રી વિજયાણુંદ ગુરૂ ગુણુની ખાણિ ૫૫
તસ મુખકમલથી એ લહી વાણિ, મઈ રાસ કર્યો સહિ જાણિ,
બારેજા વરનગર મઝારિ, અલ્પ બુદ્ધિ કર્યો ગુરૂ આધારિ. ૫૫
મુરખ માત્ર હું જાણું નહીં, સહગુરૂ વચને શક્તિજ થઇ,
ભણઇ ગુણઇ તસ નવઈ નિધાન, હર્ષેધરી કવિ બોલઈ વાન. ૫૭
જિહાં મહીઅલિ ધરઈ વલી મેર, ધ્રુ મંડલ ચાલઇ નહીં સેર,
જિહાં લગઈ તારા નઈ રવિચંદ્ર, તિહાં લગિ રાસ કરો આણુંદ. ૫૮
વસ્તુ પાંચ ચુપઈ કહું વલી, નવસઈ પંચ્યોતરિ મનની રૂલી,
દૂહા બિસઈ સતાવીસ જોઇ, બારસઈ સાત તે પૂરા હોઈ. ૫૯
એ કીધો મનનઈ કોડિ, સરખા સરખી જોયો જોડિ,
વિબુધ પૂરો કરેજ્યો સહી, કરજોડીનઈ વાણી કહી. ૬૦
સંવત ૧૬ **સોલ છયાસીઇ** ૮૬ જાણિ, પોસ સુદિ તેરસિ ચઢિઉ પ્રમાણ,
વાર ગુરૌ સર્વાંકજ સાર, ભણઈ ગુણઈ તસ જય જયકાર, ૬૧

—ઇતિ શ્રી જયાનંદ ચરિત્રે રાસ-પ્રબંધે વાના કવિ વિરચિતે ચક્રાયુધ દીક્ષાગ્રહણ મોક્ષપ્રાપ્તિ, શ્રીજયાનંદ રાજ્યપાલન દીક્ષાગ્રહણ નિર્વાણગમનો પંચમોલ્લાસઃ સમાપ્તઃ—ઉલાસ ૫ પ્ર૦ ૨૪૦ દ્વિ૦ ૨૭૦ ત્રિ૦ ૨૮૪ ચ૦ ૨૪૪ પં૦ ૧૬૧ એવ સર્વાંકે ૧૨૦૭ શુભં ભવતુ લેખકપાઠકયોઃ આ વાના કવિની સ્વહસ્ત લેખિત પ્રતિ લાગે છે. નં. ૩૨/૧૮૭૭-૭૮ ડે૦ કો. પાનાં ૭૧-૧૧.

+પ્ર. આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩જું.

[વિજયાણુંદ સૂરિનો જન્મ સં. ૧૬૪૨ માં મારવાડના રોહ ગામમાં થયો હતો. પિતાનું નામ શ્રીવંત પોરવાડ, માતાનું નામ સિણગારદે અને પોતાનું મૂળ નામ કલો હતાં. સં. ૧૬૫૧ માં હીર-

વિજય સૂરિએ દીક્ષા આપી કમલવિજય નામ રાખ્યું અને સોમવિજય ઉપાધ્યાયના શિષ્ય બનાવ્યા. સં. ૧૬૭૦ માં વિજયસેનસૂરિએ પંડિત પદ આપ્યું ને સં. ૧૬૭૬ ના પોષ સુદિ ૧૩ દિને વિજયતિલકસૂરિએ શિરોહીમાં આચાર્યપદ આપી વિજયાણંદ સૂરિ નામ સ્થાપ્યું.

વિજયદેવસૂરિ સાગરના પક્ષમાં ભળી જવાથી સોમવિજય ઉપાધ્યાય વગેરે સમુદાયે મળીને બીજા આચાર્ય નામે વિજયતિલકસૂરિને સ્થાપન કર્યા હતા, તેમની પાટે વિજયાણંદસૂરિ થયા. તેમને ચાલતા ક્લેશ તરફ અણગમો હતો તેથી સંપના સર્વ પ્રયત્નો કર્યા હતા અને કહેવા પ્રમાણે અમદાવાદમાં વિજયાણંદસૂરિએ વિજયદેવસૂરિને વંદના કરી મેળ કર્યો હતો. આ મેળ સં. ૧૬૮૧ ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ ને દિને થયો. આ રીતે સંપ કેટલોક વખત ચાલ્યો પણ પાછળથી મમત્વની મારામારીથી બંનેમાં ભેદ પડતાં વિજયાણંદસૂરિને પણ પોતાની પાટ ઉપર વિજયરાજસૂરિને સ્થાપવાની ફરજ પડી હતી. વિજયાણંદસૂરિએ તેર માસિક તપ, વીશ સ્થાનકપદની આરાધના, સિદ્ધચક્રની ઓળી અને છુટક છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપસ્યાઓ ઘણી કરી હતી. વળી તેમણે એક વખત ત્રણ માસનો તપ કરી ધ્યાન પણ કર્યું હતું. તેમણે છ આબુની, પાંચ શંખેશ્વરની, બે તારંગાની, બે અંતરીક્ષ પાર્શ્વનાથની બે સિદ્ધાચલની અને એક ગિરનારની એમ યાત્રાઓ કરી હતી. તેમજ તેમણે જિનબિંબોની પ્રતિષ્ઠાઓ પણ ઘણી કરી હતી. એકલા કપરવાડામાંજ એક સાથે અઢીસો બિંબોની પ્રતિષ્ઠા કરી હતી. છેવટે સં. ૧૭૧૧ ના આષાઢ વદિ ૧ ને મંગળવારે ખંભાતમાં સ્વર્ગસ્થ થયા હતા. ઋષભદાસ કવિએ પણ આ સૂરિની આજ્ઞા શિરોધાર્ય કરી હતી. આ વાના કવિને બદલે એક ઠેકાણે ભંડારની ટીપમાં ચાન્તક નામઆપ્યું તે બરાબર લાગતું નથી.)

---

૨૫૬ સુમતિહંસ (ખ૦ જિનચંદ્રસૂરિ–હર્ષકુશલ શિ૦)

(૪૯૬) મેઘકુમાર ચોપઇ સં. ૧૬૮૬ વિજયાદશમી. પીપાડીમાં.

અંત—

સંવત સોલઇસય છયાસીયઇરે, વિજયદશમિ સુપ્રકાસ,
રાજઇ શ્રી જિણચંદ્રસૂરિ રાજવીરે ખરતરગચ્છ સિણગાર,
વાંણી સરસ સુધારસ ઉપદિસઇરે ઇમ ગોયમ અવતાર, ૭ મે.
તાસ સીસ સદા ગુણગણનિધિરે શ્રી હરષ્યકુશલ સુષકાર.
વાદીગજ પંચાનન સારિ સારે રૂપઇં મદનકુમાર ૮ મે.
તાસ સીસ લવલેશ કરી કહઇરે સુમતહંસ મતિસાર,
વામાનંદન પાસ પસાઉ લઇને શ્રી પીપાડિ મઝારિ. ૯ મે.
સદગુર શ્રી જિનકુસલ સુરીસનીરે સાંનિધિ સંઘ મઝાર,
પરમપ્રમોદ ઉદય આણંદસુરે નંદઉ સહિ પરિવાર. ૧૧ મે.

—યતિ ચેતનસાગરજી ભં. ઉદયપુર.

---

૨૫૭ રાજસિંહ (ખ. નયરંગ વાચક–વિમલવિજય શિ.)

(૪૯૭) આરામશોભા ચોપાઈ સં. ૧૬૮૭ જેઠ શુ. ૯ બાહડમેરમાં

આદિ—

સકલ કલા ગુણ આગલા, આદીસ્વર અરિહંત,
નાભિરાય કુલસેહર, પ્રણમૂં શ્રી ભગવંત. ૧
શાંતિનાથ જિન સોળમુ, બાવીસમુ જિણ નેમિ,
પાર્શ્વ વીર જિન વિમલ ગુણ, નમતાં લહીએ ષેમ. ૨

× × × ×

અંતે— ઢાલ ૨૭ વંસી વાજઇ વેણ એહની.

સંવત સોલહ સત્યાસીઈ હો૦ જેઠ માષ સુષ વાસ ધ૦
ધવલી નુંમિ દિનઇ ભલઇ, હાં૦ દિ૦ કવિઉ પૂજ્યફૂલ પાસ. ધ૦ ૫

બાહડમેર નિત ગહગહઈ નિ૦ શ્રી સુમતિનાથ જિણરાઇ ધ૦
તસ પ્રસાદિ મઈ રચ્યું હાં એ૦ શ્રી સંઘનઇ સુખદાઇ ધ૦ ૬
શ્રી ખરતરગચ્છ રાજીઉ હાં રા૦ શ્રી જિનરાજ સૂરીંદ
વિજયમાન શ્રી પૂજ્યજી શ્રી૦ એહ રચ્યુ સુખકંદ. ધ૦ ૭
જિનભદ્રસૂરિ સાખા વડી શા૦ વાચક શ્રી નયરંગ. ધ૦
તાસ સીસ વાચકવરૂ, શ્રી વિમલવિનય અંતિચંગ. ધ૦ ૮
તાસ સીસ હરખિઈ ભણુઈ હાં રાજસંઘ આણંદ ધ.
એહ સંબંધ સોહામણું હાં શુ. વાચ્યમાન ચિરનંદ ધ. ૯
જે ગાવઈ ભાવઇ ભલઈ, ભણિ જે ચિતં સુહાઈ ધ.
તિહાં ધરિ સુખસંપતિ ઘણી, સં૦ દિન દિન અધિક દિખાઇ ધ. ૧૦
—ગ્રંથાગ્ર ૫૫૧ વિમલેન લિ૦ ૧૬-૧૬ વી. પા.

(૪૯૮) વિનયરાસ.

---

૨૫૮. લૂણુસાગર.

(૪૯૯) અંજનાસુંદરી સંવાદ. સં. ૧૬૮૯.

---

૨૫૯ ચંદ્રકીર્તિ. (ખ૦ કીર્તિરત્નસૂરિ–લાવણ્યસમય –પુણ્યધીર–જ્ઞાનકીર્ત્તિ–ગુણપ્રમોદ–સમયકીર્ત્તિ–વિનયકલ્લોલ–હર્ષકલ્લોલ શિ.) જિનરાજસૂરિ રાજ્યે.

